ized by Arya Samaj Foundation Chennai and eGangotri

महर्षि कृष्णद्वैपायन प्रणी

शुद्ध गुजराती भाषान्तर

द्रोणपर्व

स्तु साहित्य वर्धक कार्यालय
अमदावाद

In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

महर्षि कृष्णद्वैपायन वेदव्यास प्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર

भाग चोथो

द्रोणपर्व

सस्तुं साहित्य वर्धक कार्यालय

ભદ્રપાસે-અમદાવાદ અને કાલબાદેવી-મુંબઈ

સાતે ભાગનું મૂલ્ય રૂ૦ છત્રીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या..... ११ ११ क

पुस्तकालय-पञ्जिका-संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक क्रमांकीकरण ११८४-११८५

12065

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

महर्षि कृष्णद्वैपायन वेदव्यास प्रणीत

श्रीमहाभारत

શુદ્ધ ગુજરાતી ભાષાંતર

भाग चोथो

દ્રોણપર્વ

सस्तुं साहित्य वर्धक कार्यालयमाटे
शास्त्री गिरजाशंकर मयाशंकर-मु. अमदावाद
संपादक अने प्रकाशकः भिक्षु अखंडानंद
સ્થળઃ અમદાવાદ અને મુંબઈ

સાતે ભાગનું મૂલ્ય રૂા૦ છત્રીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન "
આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૪૬૪, પ્રત ૨૬૦૦

અમદાવાદ 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય' માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત
સંવત ૧૯૮૩–ઈ. સ. ૧૯૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

ખાસ સુધારી લેવા યોગ્ય અશુદ્ધિઓ

પૃષ્ઠ	વિ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૧	૧	૩૨	પમાડતાં	પમાડવા
૬૬	૧	૧૮	અથત્	અર્થાત્
૧૧૬	૧	૬	અશ્વમેધહાયજ્ઞ-મમાં	અશ્વમેધમહા-યજ્ઞમાં
૧૫૩	૧	૩	નિશ્વાસ	નિઃશ્વાસ
૧૫૮	૨	૩૬	વધ કર–	વધ
૧૬૫	૨	૫	હોઇ	હોય
૧૬૭	૧	૧	શવને એ	ને એ
૧૭૬	૨	૩૩	હતો	હતું
૧૮૦	૨	૩૩	શ્વાસોચ્ચ્વાસ	શ્વાસોચ્ચ્વાસ
૨૦૨	૧	૩૫	અપણા	આપણા
૨૧૫	૨	૧૨	પોતોજ	પોતેજ
૨૩૪	૨	૩૨	રણવિનાના	રથવિનાના
૨૩૭	૨	૧	જ્યારે થઈ	થઈ
૨૩૮	૧	૧૩	નારા યુદ્ધમાટે	યુદ્ધમાટે
૨૪૫	૧	૨૭	જાણે	જાણે છે
૨૫૧	૧	૨૪	અર્જુનને	અર્જુને
૨૫૩	૧	૬	ગાજવા	ગાજવા
૨૫૭	૧	૩૪	ચોમેદ	ચોમેર
૨૫૮	૧	૩૦	કર્ણનો	ભીમનો
૨૬૧	૨	૭	મોકલી, દીધા	મોકલી દીધા,
૨૬૪	૧	૮	કળીને	મળીને
૨૬૯	૨	૪	તેલ	તલ
૨૭૧	૧	૬	કૌશલ્યા	કૌશલ્ય
૨૮૧	૨	૩૬	ક્રીડા	ક્રીડા કરી
૨૯૪	૨	૨૮	આચ્છાદાન	આચ્છાદન
૩૦૦	૨	૧૬	વિસ્મિત	વિસ્મિત
૩૧૨	૧	૧૫	બલા	બધા
૩૨૪	૧	૨૩	૧–૪	૧૦૪
૩૬૯	૨	૭	સેનાની	સેનાને
૪૧૫	૨	૮	કુદડીઓવાળી	કુદડીઓવાળી
૪૩૨	૨	૬	અપણા	આપણા
૪૩૬	૨	૩૮	ચતુશ્ચક	ચતુશ્ચક્ર
૪૩૯	૧	૨૦	અસ્ત્રાચળ	અસ્તાચળ
૪૪૮	૨	૩–૪	પિતૃદેવાતક	પિતૃદેવતાક

અક્ષરો ભાગવા તૂટવાથી થયેલી અશુદ્ધિઓ

	૨	૨	સોરાથ	સારથિ
૮	૨	૧૬	જા	જો
૮	૨	૩૬	શત્રના	શત્રુના
૨૫	૧	૬	પુરુષશ્રેષ્ઠ	પુરુષશ્રેષ્ઠ
૩૦	૧	૨૭	સારાથને	સારથિને
૩૦	૨	૨૪	માયો	માર્યો
૩૬	૧	૩૪	પ્રાતજ્ઞા	પ્રતિજ્ઞા
૩૮	૧	૩	સન્ય	સૈન્ય
૩૮	૧	૩૧	ક્રોધાયમાન	ક્રોધાયમાન
૪૧	૧	૩૨	ધષ્ટદ્યુમ્નને	ધૃષ્ટદ્યુમ્નને
૪૩	૨	૨૮	સારાથને	સારથિને
૪૬	૧	૧	ધતરાષ્ટ્રે	ધૃતરાષ્ટ્ર
૪૭	૨	૧૦	ધષ્ટદ્યુમ્ન	ધૃષ્ટદ્યુમ્ન
૫૦	૨	૮	વૈડૂર્યમણિના	વૈડૂર્યમણિના
૬૨	૧	૪	ક્રોધાયમાન	ક્રોધાયમાન
૭૪	૧	૧૬	ધષ્ટકેતુ	ધૃષ્ટકેતુ
૭૪	૧	૩૪	છટેલાં	છૂટેલાં
૭૫	૧	૧૫	સન્યમાં	સૈન્યમાં
૭૫	૨	૮	ધમરાજસ્ય	ધર્મરાજસ્ય
૭૫	૨	૧૨	સન્ય	સૈન્ય
૮૧	૧	૩૦	યુ	યુદ્ધ
૮૭	૧	૨૬	શત્રપક્ષના	શત્રુપક્ષના
૧૧૧	૨	૧૨	બ્રહ્મણને	બ્રાહ્મણને
૧૧૭	૧	૧૯	સમાપ્ત	સમાપ્તિ
૧૨૯	૨	૨૩	રાત્મા	દુરાત્મા
૧૫૧	૨	૧૭	શુ ષસ્વ	શુશ્રૂષસ્વ
૧૫૫	૨	૩૭	કોપ્યે	કોપ્યો
૧૫૬	૧	૯	લોહીથા	લોહીથી
૧૬૮	૧	૩૩	છટી	છૂટી
૧૭૨	૨	૧૮	પુત્રે	પુત્રો
૧૮૪	૧	૨૧	છટવાનો	છૂટવાનો
૧૯૪	૧	૨	શબ્દથા	શબ્દથી
૧૯૫	૧	૫	ક્ષેમધૂતિના	ક્ષેમધૂર્તિના
૨૦૬	૨	૭	અજુન	અર્જુન
૨૧૦	૧	૩૧	સાત્યાક	સાત્યકિ
૨૧૭	૨	૩૧	ડખી	ડૂખી
૨૨૨	૧	૧૦	સાત્યાકએ	સાત્યકિએ
૨૨૮	૨	૧૫	છટી	છૂટી
૨૩૧	૧	૩૭	અરાવત	ઐરાવત
૨૩૧	૨	૧૨	સાત્યાક	સાત્યકિ
૨૩૩	૧	૨૫	કારવ	કૌરવ
૨૪૦	૨	૧૫	છટો	છૂટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ	વિ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૪૭	૧	૩૯	સન્ય તરફ	સૈન્ય તરફ
૨૫૧	૨	૬	**निघाषं**	**निर्घोषं**
૨૫૪	૨	૨૯	બન્ન	બન્ને
૨૫૭	૧	૧૨	છટતાં	છૂટતાં
૨૫૭	૨	૨૨	મર્મસ્થાનમ	મર્મસ્થાનમાં
૨૬૪	૧	૩૪	ક્રાધાયમાન	ક્રોધાયમાન
૨૬૯	૨	૩૦	શ્રષ્ઠ	શ્રેષ્ઠ
૨૭૭	૧	૨૮	સારાથને	સારથિને
૨૭૯	૧	૨૦	ૂબી	ડૂબી
૨૮૫	૧	૧૦	સવ	સર્વ
૨૯૪	પૃષ્ઠારંભે		પવ	પર્વ
૨૯૭	૧	૧૯	છટેલું	છૂટેલું
૨૯૭	૨	૨૭	રાક્રમી ઉત્તમાજા	પરાક્રમીઉત્તમૌજા
૩૧૮	૧	૨૦	સારાથ	સારથિ
૩૧૯	૨	૨૪	અતિક્રર	અતિક્રૂર
૩૨૭	૧	૩	સારાથઓ	સારથિઓ
૩૨૮	૧	૭	અતિરાદ્ર	અતિરૌદ્ર
૩૪૩	૧	૬	સારાથના	સારથિના
૩૪૭	૧	૨૯	દ્રોણાચાય	દ્રોણાચાર્ય
૩૪૯	૨	૨૨	સારાથ	સારથિ
૩૫૧	૨	૨૭	ત	તે
૩૫૫	૧	૧૯	સન્ય	સૈન્ય
૩૫૫	૨	૧૯	સારાથનું	સારથિનું
૩૫૭	૧	૧	વળા	વળી
૩૫૯	૨	૨૨	ચદા	ચદાઇ
૩૬૧	૨	૨૯	સન્ય	સૈન્ય
૩૬૩	૨	૧૬	સારાથને	સારથિને
૩૭૮	૨	૨૬	વાજ	વોજ
૩૮૪	૧	૧૭	નાહ	નહિ
૩૮૪	૧	૯	અંતાહત	અંતર્હિત
૪૦૧	૧	૩૦	મરણ શરણને	મરણને શરણ
૪૦૫	૨	૮	માણમય	મણિમય
૪૦૭	૨	૨૦	છટી	છૂટી
૪૦૭	૨	૨૩	દવી	દૈવી
૪૧૫	૨	૨૬	દ્રાણા-	દ્રોણા-
૪૧૭	૧	૫	સન્યો	સૈન્યો
૪૨૭	૨	૧૨	કયું	કર્યું
૪૩૪	૧	૨૬	ક્રર	ક્રૂર
૪૩૪	૨	૨૩	દ્યત	દ્યૂત
૪૩૬	૧	૨૩	રહ્યા	રહ્યો
૪૩૬	૨	૨૬	કયું	કર્યું
૪૪૧	૧	૭	વળા	વેળા
૪૪૧	૧	૧૪	સાત્યાકએ	સાત્યકિએ
૪૪૨	૧	૧૩	સારાથ	સારથિ

ગ્રંથસેવનનો મહિમા

(અનેક ઉત્તમ પુરુષોના ઉદ્ગાર)

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે."

"સ્વામી વિવેકાનંદ"

"પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખ-ચેનમાં રહેત. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે; તે ગમે તે જગ્યાએ એકાંત-વાસ સહેલાઇથી વેઠી શકે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે આંતરવિચાર પણ કરી શકશો."

"મહાત્મા ગાંધીજી"

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઇ પણ કામથી નથી મળતો." × × × "માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીયભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી." × × × "બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ-સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય." × × × "સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમલોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય-સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે."

"બંકિમચંદ્ર"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગરીબોને દરિદ્રતામાંથી છોડવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શકિત છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી." "મારડન"

"જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે અને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો એ આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણીભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વ-શક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો એ તે પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે."

"સ્વર્ગનાં રત્નો"

"પુસ્તકોનો સ્નેહ એ ઇશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવાસમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"ખોરાકવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્મોલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર, ઘર નહિ પણ નિર્મોલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે."

એક વિદ્વાન ઠીકજ કહે છે કે, "વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઈ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ."

"પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે."

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લૅડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવામાટે શું ન કરવું જોઇએ?"

"એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કેઃ-'માણસને લુગડાંલત્તાંની જેટલી જરૂર નથી, તેટલી પુસ્તકોની છે.' તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાંસુધી લુગડાં લેવાનું મુલ-તવી રાખતો. તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં હતાં. તે વાંચતો ત્યારે ત્યારે 'હું વધારે સારો થયો છું' એમ તેને લાગતું."

"એકાદ ઉત્તમ ગવૈયો ઇચ્છે ત્યારે જેમ પોતાના વાજીંત્રમાંથી ચહાય તે સ્વર કાઢી આનંદ લે છે; તેમ એક વાંચનાર પણ જ્યારે ઇચ્છે ત્યારે એકાદ ઉત્તમ ગ્રંથમાંથી પોતાને મનગમતો અ-વાજ કાઢી આનંદમગ્ન થઇ શકે છે."

"સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે, તે ઉપરથી પણ તેનાવિષે અનુમાન થાય છે."

"ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકાર વૃત્તિને વિસ્તારે છે; અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે."

"સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો."

"ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો એ ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કેઃ-' અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને વાપરો, એટલે તમારૂં કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કિંમતી છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुक्रमणिका

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
	द्रोणाभिषेक पर्व	
૧	ધૃતરાષ્ટ્ર પ્રશ્ન	૩
૨	કર્ણના વીરોદ્ગારો	૬
૩	ભીષ્મપ્રત્યે કર્ણનાં વચન... ...	૮
૪	ભીષ્મે કર્ણને યુદ્ધ કરવા આજ્ઞા આપી.	૧૦
૫	નવા સેનાપતિની યોજનાની ભાંજગડ	૧૦
૬	દ્રોણાચાર્યને દુર્યોધને આપેલું પ્રોત્સાહન	૧૧
૭	દ્રોણનો સેનાપતિપદે અભિષેક ...	૧૨
૮	દ્રોણવધનું સંક્ષિપ્ત કથન	૧૪
૯	ધૃતરાષ્ટ્રનો શોક	૧૬
૧૦	ધૃતરાષ્ટ્રના પ્રશ્નો...	૧૮
૧૧	ધૃતરાષ્ટ્રના મુખે શ્રીકૃષ્ણનાં કર્મોનું કીર્તન	૨૧
૧૨	દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા	૨૪
૧૩	અર્જુને યુધિષ્ઠિરને આપેલું આશ્વાસન	૨૫
૧૪	ઘોર યુદ્ધ અને તેમાં અભિમન્યુનું પરાક્રમ	૨૬
૧૫	શલ્યને રણમાંથી દૂર લઇ જવો ...	૩૦
૧૬	પહેલો દિવસ સમાપ્ત	૩૨
	संशप्तकवध पर्व	
૧૭	ત્રિગર્તોની પ્રતિજ્ઞા અને અર્જુનનું પ્રયાણ	૩૪
૧૮	ત્રિગર્તોના નાશનું મંગલાચરણ–સુધન્વા માર્યો ગયો	૩૬
૧૯	અર્જુનનાં દિવ્યાસ્ત્રો	૩૮
૨૦	કચ્ચરઘાણ	૪૦
૨૧	આ તે દ્રોણ કે સાક્ષાત્ કાળ? ...	૪૩
૨૨	કર્ણ અને દુર્યોધનની વાતચીત ...	૪૫
૨૩	ઘોડા, ધ્વજ આદિનું વર્ણન ...	૪૭
૨૪	ધૃતરાષ્ટ્રની ચિંતા	૫૧
૨૫	દ્વંદ્વયુદ્ધ	૫૨
૨૬	ભગદત્તનું યુદ્ધ	૫૫
૨૭	સંશપ્તકોનો સંહાર	૫૮
૨૮	કાળના મુખમાં ભગદત્ત ...	૬૦
૨૯	ભગદત્તનો વધ	૬૧
૩૦	માયાવી શકુની નાઠો	૬૪
૩૧	નીલ રાજાનો વધ	૬૫
૩૨	બીજો દિવસ સમાપ્ત–યુદ્ધનું ભયંકર સ્વરૂપ	૬૭
	अभिमन्युवध पर्व	
૩૩	અભિમન્યુના વધનો સંક્ષેપ ...	૭૧
૩૪	ચક્રવ્યૂહરચના (ચક્રાવો) ...	૭૨
૩૫	અભિમન્યુની પ્રતિજ્ઞા	૭૪
૩૬	અભિમન્યુની ચઢાઈ	૭૫
૩૭	અભિમન્યુનું પરાક્રમ	૭૭
૩૮	અભિમન્યુની વીરતા	૭૯
૩૯	દુઃશાસનની ચઢાઇ	૮૦
૪૦	દુઃશાસન મૂર્છામાં	૮૨
૪૧	કર્ણનું પલાયન	૮૩
૪૨	જયદ્રથને શંકરનું વરદાન ...	૮૫
૪૩	જયદ્રથની અદ્ભુત શક્તિ	૮૬
૪૪	રાજા વસાતીય રણમાં પડ્યો. ...	૮૭
૪૫	રણમાંથી દુર્યોધન નાઠો!	૮૮
૪૬	રાજકુમાર લક્ષ્મણ અને કાથરાજપુત્ર માર્યા ગયા.	૮૯
૪૭	બૃહદ્બલ પડ્યો	૯૧
૪૮	છ જણાએ મળીને અભિમન્યુને રથ-વિનાનો કર્યો	૯૨
૪૯	અભિમન્યુનો નાશ	૯૪
૫૦	રણભૂમિનો દેખાવ	૯૫
૫૧	યુધિષ્ઠિરનો વિલાપ	૯૭
૫૨	યુધિષ્ઠિર પાસે વ્યાસ અને રાજા અકંપનનું દૃષ્ટાંત	૯૮
૫૩	મૃત્યુની કથા	૧૦૦
૫૪	મૃત્યુ અને પ્રજાપતિનો સંવાદ ...	૧૦૧
૫૫	સૃંજયરાજાની કથા	૧૦૪
૫૬	સુહોત્રરાજાની કથા	૧૦૭
૫૭	પૌરવરાજાનું ચરિત્ર	૧૦૭
૫૮	શિબિરાજાનું ચરિત્ર	૧૦૮
૫૯	દશરથપુત્ર શ્રીરામચંદ્રનું ચરિત્ર ...	૧૦૯
૬૦	રાજા ભગીરથનું ચરિત્ર ...	૧૧૦
૬૧	દિલીપરાજાનું ચરિત્ર	૧૧૨
૬૨	રાજા માંધાતાનું ચરિત્ર	૧૧૨
૬૩	યયાતિરાજાનું ચરિત્ર	૧૧૪
૬૪	રાજા અંબરીષનું ચરિત્ર... ...	૧૧૪
૬૫	શશબિંદુ રાજાનું ચરિત્ર... ...	૧૧૫
૬૬	ગયરાજાનું ચરિત્ર	૧૧૬
૬૭	રંતિદેવનું ચરિત્ર	૧૧૭
૬૮	ભરતરાજાનું ચરિત્ર	૧૧૮
૬૯	પૃથુરાજાનું ચરિત્ર	૧૧૯
૭૦	પરશુરામનું ચરિત્ર	૧૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૭૧	સૃંજય રાજાના પુત્રને નારદે સજીવન કર્યો.	૧૨૨

प्रतिज्ञा पर्व

૭૨	અર્જુનનો શોક અને કોપ ...	૧૨૪
૭૩	અર્જુનની પ્રતિજ્ઞા	૧૨૮
૭૪	જયદ્રથની વ્યાકુળતા અને સ્વાર્થી દુર્યોધન	૧૩૦
૭૫	શ્રીકૃષ્ણવચન	૧૩૨
૭૬	શ્રીકૃષ્ણપ્રત્યે અર્જુનનાંવચનો ...	૧૩૩
૭૭	શ્રીકૃષ્ણે કરેલું સુભદ્રાનું આશ્વાસન	૧૩૫
૭૮	સુભદ્રાનો વિલાપ	૧૩૬
૭૯	શ્રીકૃષ્ણ અને દારુક	૧૩૮
૮૦	અર્જુનસ્વપ્ન	૧૪૦
૮૧	અર્જુનને પુનઃ પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ	૧૪૩
૮૨	યુધિષ્ઠિરની તૈયારી	૧૪૪
૮૩	શ્રીકૃષ્ણને પ્રાર્થના	૧૪૬
૮૪	અર્જુનની યુદ્ધાર્થે તૈયારી ...	૧૪૭

जयद्रथवध पर्व

૮૫	ધૃતરાષ્ટ્રના ઉદ્ગારો	૧૪૯
૮૬	ધૃતરાષ્ટ્રપ્રત્યે સંજયનાં વચનો ...	૧૫૧
૮૭	કૌરવોની વ્યૂહરચના	૧૫૨
૮૮	અર્જુન રણમાં દેખાયો. ...	૧૫૪
૮૯	અર્જુનનું યુદ્ધ	૧૫૫
૯૦	દુઃશાસનના સૈન્યનો પરાભવ ...	૧૫૭
૯૧	દ્રોણાચાર્યની સામે અર્જુન ...	૧૫૮
૯૨	શ્રુતાયુધ અને સુદક્ષિણનું સ્વર્ગગમન	૧૬૦
૯૩	અંબષ્ઠ પડ્યો !	૧૬૪
૯૪	દુર્યોધનને કવચબંધન	૧૬૭
૯૫	તીવ્ર ઘમસાણ	૧૭૦
૯૬	દ્વંદ્વયુદ્ધ	૧૭૩
૯૭	દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્ન	૧૭૪
૯૮	સાત્યકિનો સપાટો	૧૭૬
૯૯	અવંતિકુમાર વિંદ અને અનુવિંદ પડ્યા	૧૭૮
૧૦૦	આશ્ચર્યચકિત સૈન્યો	૧૮૧
૧૦૧	દુર્યોધન યુદ્ધ કરવા આવી પહોંચ્યો.	૧૮૩
૧૦૨	શ્રીકૃષ્ણ અને અર્જુનની વાતચીત	૧૮૫
૧૦૩	દુર્યોધનની હાર	૧૮૭
૧૦૪	કૌરવોનો ઘેરો !	૧૮૯
૧૦૫	મહારથીઓની ધ્વજાઓનું વર્ણન...	૧૯૧
૧૦૬	દ્રોણનો પાંડવોપર ધસારો અને યુધિષ્ઠિરનું પાછા હઠવું	૧૯૨
૧૦૭	ક્ષેમધૂર્તિ, વીરધન્વા, નિરમિત્ર અને વ્યાઘ્રદત્તનું પતન	૧૯૪
૧૦૮	રાક્ષસ અલંબુષની હાર... ...	૧૯૬
૧૦૯	રાક્ષસ અલંબુષનો વધ	૧૯૮
૧૧૦	યુધિષ્ઠિરનો ગભરાટ	૨૦૦
૧૧૧	સાત્યકિનાં વચનો	૨૦૪
૧૧૨	સાત્યકિનો કૌરવસેનામાં પ્રવેશ ...	૨૦૬
૧૧૩	સાત્યકિને કૃતવર્માનો ભેટો ...	૨૧૦
૧૧૪	ધૃતરાષ્ટ્રના શોકોદ્ગારો અને કૃતવર્માનું પરાક્રમ	૨૧૩
૧૧૫	જલસંધનો વધ	૨૧૭
૧૧૬	દુર્યોધનનો તથા કૃતવર્માનો પરાજય	૨૨૦
૧૧૭	સાત્યકિનું પરાક્રમ	૨૨૨
૧૧૮	સુદર્શનનો વધ	૨૨૪
૧૧૯	મ્લેચ્છોનો પરાજય	૨૨૫
૧૨૦	દુર્યોધન નાઠો !	૨૨૮
૧૨૧	સૈન્યની મધ્યમાં સાત્યકિ ...	૨૩૦
૧૨૨	દ્રોણાચાર્યનું પરાક્રમ	૨૩૨
૧૨૩	દુઃશાસનનો પરાજય	૨૩૬
૧૨૪	તુમુલ યુદ્ધ !	૨૩૭
૧૨૫	દ્રોણાચાર્યનું પરાક્રમ–બૃહત્ક્ષત્ર, ધૃષ્ટકેતુ, જરાસંધનો પુત્ર તથા ક્ષત્રધર્મા પડ્યા !	૨૪૦
૧૨૬	યુધિષ્ઠિરની ચિંતા	૨૪૩
૧૨૭	ભીમસેનનો કૌરવસેનામાં પ્રવેશ ...	૨૪૫
૧૨૮	ભીમસેનનો કૌરવ સૈન્યમાં પ્રવેશ અને યુધિષ્ઠિરનો હર્ષ	૨૪૯
૧૨૯	ભીમસેનનો કૌરવસૈન્યમાં પ્રવેશ અને કર્ણનો પરાજય	૨૫૧
૧૩૦	દુર્યોધનનું યુદ્ધ	૨૫૩
૧૩૧	કર્ણનો પરાજય	૨૫૫
૧૩૨	ભીમ અને કર્ણનું યુદ્ધ ...	૨૫૮
૧૩૩	ભીમ અને કર્ણનું યુદ્ધ (ચાલુ) ...	૨૬૦
૧૩૪	કર્ણનું પલાયન	૨૬૨
૧૩૫	ધૃતરાષ્ટ્રના બળાપા !	૨૬૩
૧૩૬	ભીમસેનનું યુદ્ધ	૨૬૫
૧૩૭	ભીમસેનનું યુદ્ધ (ચાલુ) ...	૨૬૭
૧૩૮	ભીમ અને કર્ણનો પુનઃ સમાગમ...	૨૭૦
૧૩૯	ભીમસેન અને કર્ણની ભયંકર ઝપાઝપી	૨૭૧
૧૪૦	અલંબુષનો વધ	૨૭૬
૧૪૧	સાત્યકિને અર્જુનનાં દર્શન ...	૨૭૭
૧૪૨	અર્જુને કરેલો ભૂરિશ્રવાનો બાહુચ્છેદ	૨૭૯
૧૪૩	ભૂરિશ્રવાનો વધ	૨૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય	વિષય	પૃષ્ઠાંક
૧૪૪	ભૂરિશ્રવાની ઉત્પત્તિ અને સાત્યકિની પ્રશંસા	૨૮૬
૧૪૫	સંકુલ યુદ્ધ	૨૮૭
૧૪૬	જયદ્રથનો વધ...	૨૯૧
૧૪૭	કર્ણ અને સાત્યકિનું યુદ્ધ ...	૨૯૮
૧૪૮	શ્રીકૃષ્ણે કરેલી અર્જુનની પ્રશંસા ...	૩૦૨
૧૪૯	યુધિષ્ઠિરનો આનંદ !	૩૦૫
૧૫૦	દુર્યોધનનો પશ્ચાત્તાપ	૩૦૮
૧૫૧	દ્રોણાચાર્યનાં વચનો	૩૦૯
૧૫૨	પુનઃ યુદ્ધારંભ	૩૧૧

घटोत्कचवध पर्व

૧૫૩	ચૌદમો દિવસ-યુધિષ્ઠિરથી દુર્યોધનનો પરાજય	૩૧૩
૧૫૪	ચૌદમો દિવસ-રાત્રિયુદ્ધની ભયંકરતા	૩૧૫
૧૫૫	ભીમસેનનું પરાક્રમ	૩૧૭
૧૫૬	મોટા મોટા મહારથીઓનું ઘમસાણો	૩૧૯
૧૫૭	સોમદત્ત, બાહ્લિક, નાગદત્ત આદિ કુરુઓનો વધ...	૩૨૮
૧૫૮	કર્ણ અને કૃપાચાર્યનો વચનકલહ	૩૩૦
૧૫૯	કર્ણને પોતાના અભિમાનનું મળેલું ફળ	૩૩૩
૧૬૦	અશ્વત્થામાનું પરાક્રમ	૩૩૮
૧૬૧	કાપાકાપી	૩૪૦
૧૬૨	સાત્યકિનો ધસારો	૩૪૧
૧૬૩	રાત્રિયુદ્ધ ચાલુ-દીવા પ્રકટાવ્યા! ...	૩૪૪
૧૬૪	સંકુલ યુદ્ધ	૩૪૬
૧૬૫	યુધિષ્ઠિરનું પલાયન	૩૪૮
૧૬૬	ભીમ અને દુર્યોધનનું યુદ્ધ ...	૩૫૦
૧૬૭	પાંડુપુત્ર સહદેવ તથા કૌરવપક્ષી રાક્ષસ અલંબુષ નાઠા !	૩૫૩
૧૬૮	નકુલપુત્ર શતાનીક વગેરે યોદ્ધાઓનું યુદ્ધ	૩૫૫
૧૬૯	રાત્રિયુદ્ધનું રૌદ્ર સ્વરૂપ	૩૫૭
૧૭૦	ધૃષ્ટદ્યુમ્નની દ્રોણાચાર્યપર ચઢાઇ ...	૩૫૯
૧૭૧	કચ્ચરઘાણ!	૩૬૨
૧૭૨	દ્રોણાચાર્ય અને કર્ણનો પાંડવોપર હલ્લો	૩૬૫
૧૭૩	ઘટોત્કચનું પ્રોત્સાહન	૩૬૭
૧૭૪	અલંબુષનો વધ-રાક્ષસે રાક્ષસને માર્યો	૩૭૦
૧૭૫	રાક્ષસ ઘટોત્કચનું યુદ્ધ	૩૭૨
૧૭૬	દુર્યોધન તરફથી અલાયુધનું રણે ચઢવું.	૩૭૭
૧૭૭	રાક્ષસ અલાયુધનું યુદ્ધ	૩૭૯
૧૭૮	અલાયુધનો નાશ	૩૮૧
૧૭૯	ઘટોત્કચનો વધ	૩૮૩
૧૮૦	પાંડવો શોકમાં ત્યારે શ્રીકૃષ્ણ આનંદમાં!	૩૮૬
૧૮૧	અર્જુનપ્રત્યે શ્રીકૃષ્ણનાં વચન ...	૩૮૮
૧૮૨	કર્ણે ઇંદ્રની શક્તિનો દુરૂપયોગ કર્યો તેનું કારણ શું ?	૩૯૦
૧૮૩	યુધિષ્ઠિરનો કોપ અને વ્યાસનાં સાંત્વનાવચનો	૩૯૨

द्रोणवध पर्व

૧૮૪	બન્ને પક્ષનાં સૈન્યો રણમાંજ નિદ્રામાં!	૩૯૫
૧૮૫	દ્રોણાચાર્ય અને દુર્યોધનની વાતચીત	૩૯૮
૧૮૬	પંદરમો દિવસ-દ્રોણાચાર્યનો હલ્લો-વિરાટ, દ્રુપદ વગેરેનું મરણ ...	૪૦૦
૧૮૭	નકુલનું યુદ્ધ	૪૦૩
૧૮૮	મોટા મોટા યોદ્ધાઓની ભેટ ...	૪૦૬
૧૮૯	સંકુલ યુદ્ધ	૪૦૮
૧૯૦	દ્રોણાચાર્યને અશ્વત્થામાના વધની શંકા	૪૧૧
૧૯૧	દ્રોણાચાર્યનું અંતિમ પરાક્રમ ...	૪૧૪
૧૯૨	દ્રોણાચાર્યનો વધ	૪૧૭

नारायणास्त्र मोक्षपर्व

૧૯૩	દ્રોણાચાર્યના વધના વૃત્તાંતનું અશ્વત્થામાને નિવેદન	૪૨૧
૧૯૪	ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન	૪૨૪
૧૯૫	અશ્વત્થામાનો ક્રોધ	૪૨૫
૧૯૬	અર્જુનનાં વચનો	૪૨૭
૧૯૭	ભીમસેન અને ધૃષ્ટદ્યુમ્નનાં અર્જુન પ્રત્યે વચનો	૪૩૦
૧૯૮	ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિની અન્યોન્યને ધમકી	૪૩૨
૧૯૯	નારાયણાસ્ત્રનો પ્રયોગ	૪૩૬
૨૦૦	નારાયણાસ્ત્રની શાંતિ અને અશ્વત્થામાનું પરાક્રમ	૪૩૯
૨૦૧	અશ્વત્થામાનું આગ્નેયાસ્ત્ર અને તેની નિષ્ફળતાના અંતે રણમાં વ્યાસ ભગવાન (શતરુદ્રીય સ્તોત્રારંભ)	૪૪૪
૨૦૨	શ્રી શંકરમાહાત્મ્ય-વ્યાસ અને અર્જુન	૪૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

श्रीमहाभारत

७-द्रोणपर्व

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

श्रीकृष्णद्वैपायनप्रणीत

श्रीमहाभारत

૭-द्रोणपर्व

द्रोणाभिषेक पर्व

અધ્યાય ૧ લો

ધૃતરાષ્ટ્રપ્રશ્ન

मंगलाचरण–नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥१॥

ભગવાન નારાયણને, નરોમાં ઉત્તમ નર ભગવાનને તથાદેવી સરસ્વતીને નમસ્કાર કરી ઇતિહાસ આદિ માંગલિક શાસ્ત્રનો આરંભ કરવો.

जनमेजय उवाच–तमप्रतिमसत्वौजो बलवीर्यपराक्रमम् ।
हतं देवव्रतं श्रुत्वा पांचाल्येन शिखंडिना ॥१॥

જનમેજયે પૂછયું:—હે બ્રહ્મર્ષિ વૈશંપાયન! દ્રુપદના પુત્ર શિખંડીએ અતુલ માનસિક બળ, શરીરની દૃઢતા, ઓજસ્, ઉત્સાહ આદિના કારણભૂત વીર્ય અને શત્રુઓનો પરાભવ કરવાના સામર્થ્યરૂપ પરાક્રમવાળા પોતાના પિતા દેવવ્રત ભીષ્મને હણાયેલા સાંભળ્યા, ત્યારે શોકથી વ્યાકુળ નેત્રવાળા વીર્યવાન રાજા ધૃતરાષ્ટ્રે શું કર્યું? તેમજ હે તપોધન ભગવન્! ભીષ્મ, દ્રોણ વગેરે મહારથીઓદ્વારા મહાધનુર્ધર પાંડવોનો પરાજય કરી રાજ્યની કામનાવાળા તેના મહાન ઐશ્વર્યવાન પુત્ર દુર્યોધને શું કર્યું? તે મને કહો.[૧–૪]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય! પોતાના પિતાને માર્યા ગયેલા સાંભળી ચિંતા અને શોકગ્રસ્ત થયેલા કુરુપુત્ર રાજા ધૃતરાષ્ટ્રને શાંતિ મળી નહિ[૫] અને નિરંતર દુઃખનોજ વિચાર કરવા લાગ્યા. એટલામાં તેમની પાસે વિશુદ્ધ હૃદયનો સંજય, રાત્રે છાવણીમાંથી આવી પહોં–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચ્યો. એ રીતે હસ્તિનાપુરમાં થઇને પોતાની પાસે આવેલા તે સંજયને અંબિકાના પુત્ર રાજા ધૃતરાષ્ટ્રે પૂછ્યું.[૬,૭] તેના ઉત્તરમાં ભીષ્મનું મરણ સાંભળીને દુઃખી થયેલા મનવાળા રાજા ધૃતરાષ્ટ્ર, પોતાના પુત્રોના વિજયની ઇચ્છાથી આતુરની પેઠે અત્યંત વિલાપ કરવા લાગ્યા;[૮] અને સંજયપ્રત્યે કહેવા લાગ્યા કે, હે તાત સંજય ! ભયંકર પરાક્રમવાળા મહાત્મા ભીષ્મનો શોક કરી કાળથી પ્રેરાયેલા કૌરવોએ શું કર્યું ? શત્રુઓથી દુરાધર્ષ એવા મહાત્મા શૂરવીર ભીષ્મ તે રણમાં હણાયા ત્યારે શોકસાગરમાં ડૂબી ગયેલા કૌરવોએ શું કર્યું ?[૯,૧૦] હે સંજય ! ઉગ્ર થયેલું મહાત્મા પાંડવોનું તે મહાસૈન્ય, ત્રણેય લોકને પણ તીવ્ર ભય ઉત્પન્ન કરે તેવું છે.[૧૧] આ તરફ દુર્યોધન રાજાના સૈન્યમાં તેવો મહારથી પુરુષ કોણ છે કે જેનો આશ્રય કરી યોદ્ધાઓ, તે મહાભયંકર રણસંગ્રામમાં ત્રાસ ન પામે ?[૧૨] હે સંજય ! કુરુશ્રેષ્ઠ તે ભીષ્મપિતામહ જ્યારે રણમાં રોળાયા, ત્યારે કુરુપક્ષના રાજાઓએ શું કર્યું ? તે મને કહે.[૧૩]

સંજયે કહ્યું:—હે રાજન્ ! તે રણમાં પિતામહ ભીષ્મ જ્યારે પડયા, ત્યારે તમારા પુત્રોએ જે કર્યું તે હું તમને કહું છું, તે એકાગ્ર મનથી સાંભળો.[૧૪] સત્ય પરાક્રમવાળા ભીષ્મપિતામહ જે સમયે રણભૂમિ ઉપર પડયા, તે સમયે તમારા પુત્રો અને પાંડવો જૂદા જૂદા વિચાર કરવા લાગ્યા.[૧૫] તેઓ ક્ષાત્રધર્મનો વિચાર કરી વિસ્મય પામી ગયા હતા અને હર્ષ પણ પામ્યા હતા. વળી પ્રસંગવશાત્ પોતાના ધર્મની નિંદા કરીને અમાપ કર્મવાળા મહાત્મા ભીષ્મને પ્રણામ કરી હે પુરુષવ્યાઘ્ર ! તેઓએ મજબૂત ગાંઠાવાળાં બાણોવડે ઉશીકાંવાળી વીરશય્યા તે ભીષ્મમાટે રચી.[૧૬,૧૭] ભીષ્મના રક્ષણમાટે ચારે બાજુ રક્ષકો મૂકી, પરસ્પર વાતચીત કરી, ગંગાપુત્ર ભીષ્મની સંમતિ લઇ તથા તેમની પ્રદક્ષિણા કરી ક્રોધથી લાલચોળ નેત્રવાળા તે ક્ષત્રિયો, પરસ્પર મળીને પુનઃ યુદ્ધમાટે નીકળી પડયા; કારણ કે તેઓ કાળવડેજ પ્રેરાયેલા હતા.[૧૮,૧૯] ત્યારપછી તરેહ તરેહનાં વાજીંત્રોના નાદ તથા રણભેરીના રણકાર સાથે તમારા પુત્રોનાં તથા શત્રુઓનાં સૈન્યો પણ નીકળી પડયાં.[૨૦] હે રાજેન્દ્ર ! જે વેળા સૂર્યનારાયણ નમી ગયા હતા તે વેળા ગંગાપુત્ર ભીષ્મ પડયા; છતાં પણ ક્રોધવશ થયેલા, કાળથી નષ્ટ થયેલાં ભાનવાળા, ભરતવંશના શ્રેષ્ઠ રાજાઓ, ગંગાપુત્ર મહાત્મા ભીષ્મનું વચન નહિ માનીને હથિયારો લઈ લઇને ઉતાવળા ઉતાવળા યુદ્ધ કરવા બહાર પડયા.[૨૧,૨૨] તમારા પુત્રના તથા તમારા પોતાના મોહને લીધે ભીષ્મપિતામહનો વધ થયો છતાં મૃત્યુને સ્વાધીન થયેલા તે કુરુવંશના રાજાઓ બીજા સર્વ રાજાઓની સાથે યુદ્ધ કરવા સજ્જ થયા.[૨૩] તે સમયે ભીષ્મપિતામહવિનાના થઈ પડેલા તે સર્વ રાજાઓ, શીકારી જાનવરોથી ભરપૂર વનમાં ગોવાળવિનાનાં બકરાંઓ જેમ મનમાં અત્યંત ઉદાસ થાય, તેમ તેઓ મનમાં અત્યંત ઉદાસ થઇ ગયા.[૨૪] નક્ષત્રવિનાનું જેમ આકાશ, વાયુવિનાનું જેમ વાદળ, ધાન્યરહિત થયેલી જેમ પૃથ્વી, વ્યાકરણના સંસ્કારવિનાની જેમ વાણી, બલિના કેદ થયા પછી જેમ તેની ઉદાસીન સેના, પતિ મરી ગયા પછી વિધવા થયેલી વસ્ત્રાલંકારવિનાની સૌંદર્યવતી સ્ત્રી, જળવિનાની સૂકાયેલી નદી, જંગલમાં વરૂઓએ ઘેરી લીધેલી અને માર્યા ગયેલા પતિવાળી વિખૂટી પડેલી મૃગલી, શરભે* મારી નાખેલા સિંહવાળી પર્વતની મહાન ગુફા જેમ નિસ્તેજ થઈ પડે, તેમ કૌરવોની સેના ભીષ્મના પડયા પછી નિસ્તેજ, ઉદાસ ને શૂન્ય થઇ પડી. ભરતશ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મ જ્યારે રણમાં પડયા, ત્યારે ભરતવંશીઓની તે સેના, સમુદ્રમાં ચારે બાજુ પવનના ઝપાટાથી ડોલાયમાન થયેલી નૌકાની પેઠે અસ્તવ્યસ્ત થઈ ગયેલી દેખાતી હતી તથા બળવાન શૂરા પાંડવોએ બાણપ્રહારની કુશળતા દર્શાવી અત્યંત પીડિત કરેલી જણાતી

* શરભ એ પુરાણકથામાં વર્ણવેલું પ્રાણી છે. એને આઠ પગ હોય છે ને સિંહથી પણ વધારે બળવાન હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી.[૨૫–૨૯] તે સમયે તે સેનામાં ઘોડા, રથ અને હાથીઓનો મોટો ખળભળાટ થઇ રહ્યો હતો, લગભગ ઘણા મનુષ્યો મરણ પામ્યા હતા તથા સર્વે નાસીપાસ થઇ ગયા હતા.[૩૦] તે સેનામાં સર્વ રાજાઓ તથા અનેક પ્રકારના સૈનિકો ત્રાસ પામી ગયા હતા અને પિતામહ ભીષ્મવિનાના થઇ ગયેલા હોવાથી જાણે પાતાલમાં ડૂબી જતા હોય તેમ દુઃખી જણાતા હતા.[૩૧] તે વખતે કૌરવોએ કર્ણનું સ્મરણ કર્યું, કારણ કે તે ભીષ્મના જેવોજ પરાક્રમી હતો; તેથી આપત્તિમાં આવી પડેલા મનુષ્યનું મન જેમ બંધુપ્રત્યે જાય, તેમ સઘળા કૌરવોનું મન, સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અને વિદ્યા તથા તપથી અગ્નિસમાન તેજસ્વી એવા કર્ણપ્રત્યે ગયું. ભરતવંશના તે સર્વ રાજાઓ, આપણા હિતેચ્છુ અને શરીરનો પણ ત્યાગ કરનાર કર્ણને 'કર્ણ ! ઓ કર્ણ !' એમ પોકારવા લાગ્યા; કારણ કે ભીષ્મપિતામહ યુદ્ધે ચઢયા હતા તે દશ દિવસસુધી, પોતાના અમાત્યો અને બંધુઓસહિત મહાયશસ્વી કર્ણ લડયો ન હતો. 'તે કર્ણને તુરત બોલાવો, વખત ન લગાડો' એમ સર્વ રાજાઓ સહાય કરવામાટે બૂમરાણ કરી રહ્યા હતા. પુરુષશ્રેષ્ઠ, બળવાન અને પરાક્રમશાળી મહારથીઓની ગણત્રીના સમયે, મહાબાહુ તે કર્ણને ભીષ્મપિતામહે સર્વ ક્ષત્રિયોના દેખતાં બેગણો મહારથી હતો છતાં અર્ધરથીતરીકે ગણેલો હતો. ખરી રીતે તે કર્ણ, શૂરવીરોમાં માન્ય હતો અને રથી તથા અતિરથીઓની સંખ્યામાં પણ મુખ્ય હતો. વળી અસુરો તથા મોટા દેવોના રાજાઓને પણ યુદ્ધમાં જીતવાની હિંમત કરે તેવો હતો;[૩૨–૩૭] છતાં પણ તેને જ્યારે ભીષ્મે અર્ધરથી ગણ્યો, ત્યારે હે રાજન્ ! કર્ણે તેજ વખતે ક્રોધથી ગંગાપુત્ર ભીષ્મને કહ્યું હતું કેઃ– "હે ભીષ્મ ! તમે જ્યાંસુધી જીવતા હશો ત્યાંસુધી હું લઢીશ નહિ.[૩૮] જો કદાચ તમે યુદ્ધમાં પાંડવોને મારી નાખશો તો હું દુર્યોધનની રજા લઈ વનમાં ચાલ્યો જઇશ;[૩૯] અથવા જો પાંડવોથી માર્યા ગયેલા તમે સ્વર્ગ ભણી જશો તો હું કેવળ એક રથનીજ મદદ લઇ, તમે જેઓને મહારથી માનો છો તે બધાનો સંહાર કરીશ."[૪૦] એમ કહીને મહાબાહુ મહાયશસ્વી કર્ણે તમારા પુત્રની સંમતિ લઇ દશ દિવસ સુધી યુદ્ધ કર્યું ન હતું.[૪૧] યુદ્ધમાં ભયંકરતા દર્શાવી અસંખ્ય પરાક્રમવાળા પિતામહ ભીષ્મે પાંડુપુત્ર યુધિષ્ઠિરના સૈન્યમાં ઘણા યોદ્ધાઓનો ઘાણ વાળી નાખ્યો હતો;[૪૨] પણ છેવટે મહાન તેજવાળા તથા સત્ય પ્રતિજ્ઞાવાળા તે શૂરવીર ભીષ્મ તે રણમાં પડયા, ત્યારે તરવાની ઇચ્છાવાળા મનુષ્યો જેમ વહાણનું સ્મરણ કરે, તેમ તમારા પુત્રો કર્ણનું સ્મરણ કરવા લાગ્યા.[૪૩] સર્વ રાજાઓસહિત તમારા પુત્રો તથા તમારા સૈનિકો 'ઓ કર્ણ' એ પ્રમાણે કર્ણને બોલાવવા લાગ્યા અને "આ તારે પરાક્રમ કરવાનો સમય છે" એમ કહેવા લાગ્યા. એ રીતે સર્વ મહાબળવાન યોદ્ધાઓ ત્યાં એકઠા મળીને શરીરનો પણ ત્યાગ કરનાર એવા [illegible] વીર કર્ણને વારંવાર બોલાવી રહ્યા હતા.[૪૫] હે રાજન્ ! આપણા પક્ષના સર્વેનું મન, આપત્તિકાળમાં મનુષ્યોનું મન જેમ પોતાના બંધુપ્રત્યે જાય, તેમ પરશુરામે શિક્ષિત કરેલા તથા અસ્ત્રવિદ્યામાં અસહ્ય પરાક્રમવાળા તે કર્ણપ્રત્યે ગયું.[૪૬] હે રાજન્ ! ગોવિંદ જેમ નિરંતર દેવોનું ભયથી રક્ષણ કરવામાં સમર્થ છે, તેમ તે કર્ણ આપણ સર્વનું તે મહાભયંકર રણમાં રક્ષણ કરવા સમર્થ છે.[૪૭]

વૈશંપાયને કહ્યું:–હે જનમેજય ! તે પ્રમાણે કર્ણનાં વારંવાર વખાણ કરતા સંજયપ્રત્યે સર્પસમાન નિઃશ્વાસ મૂકીને રાજા ધૃતરાષ્ટ્રે આ પ્રમાણે પૂછ્યું.[૪૮]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–હે સંજય ! આપણા પક્ષના સર્વનું મન જ્યારે કર્ણપ્રત્યે ગયું, ત્યારે તમે બધા પોતાના શરીરનો પણ ત્યાગ કરનાર શૂરવીર સૂતપુત્ર કર્ણને મળ્યા હતા ?[૪૯] તેમજ સત્ય પરાક્રમવાળા તે કર્ણે, તે સમયે ગભરાટમાં પડી ગયેલા તથા રક્ષણની ઇચ્છા કરનારા તમારા બધાઓના મનોરથને નિષ્ફળ તો કર્યા ન હતા ?[૫૦] ભીષ્મના માર્યા જવાથી કૌરવો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની અંદર જે ન્યૂનતા આવી પડી હતી તેને ધનુર્ધરોમાં શ્રેષ્ઠ કર્ણે તે યુદ્ધમાં શું પૂર્ણ કરી હતી ?[૫૧] શત્રુઓને ભય ઉપજાવનાર તે કર્ણે ભીષ્મની ખાલી પડેલી જગ્યાને શું પૂરી હતી ? હે સંજય ! તે કર્ણ, લોકમાં પુરુષવ્યાઘ્ર કહેવાય છે.[૫૨] શૂરવીર કર્ણે રણસંગ્રામમાં પોતાના પ્રાણનો તથા સુખનો કૌરવોના રક્ષણમાટે ત્યાગ કરી, પીડાયેલા તથા વિશેષે કરી આક્રંદ કરી રહેલા પોતાના બાંધવોની તથા મારા પુત્રોની વિજયની આશાને સફળ કરી હતી કે શું ?[૫૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં "ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન" એ વિષયનો અધ્યાય ૧ લો સમાપ્ત

અધ્યાય ૨ જો

કર્ણના વીરોદ્ગારો

॥ संजय उवाच ॥

हतं भीष्ममथाधिरथिर्विदित्वा ।
भिन्नां नावमिवात्यगाधे कुरूणाम् ॥
सोदर्यवत् व्यसनात्सूतपुत्रः
संतारयिष्यंस्तव पुत्रस्य सेनाम् ॥१॥

સંજયે કહ્યું:–હે રાજા ! અધિરથનો પુત્ર કર્ણ, અનુચરોના મુખથી ભીષ્મને હણાયલા જાણી અતિ અગાધ મહાસાગરમાં ભાંગી પડેલી નૌકાની પેઠે કૌરવોની સેનાને બંધુની પેઠે દુઃખમાંથી તારવાની ઇચ્છા કરી તમારા પુત્રની સેના તરફ આવી પહોંચ્યો.[૧] હે રાજા ! ત્યાં આવી તેણે યોદ્ધાઓના મુખથી પુરુષોમાં ઇંદ્રસરખા તથા અસ્ખલિત વ્રતવાળા શાંતનુકુમાર મહારથી ભીષ્મને રણમાં પડેલા સાંભળ્યા, એટલે ધનુર્ધરોમાં શ્રેષ્ઠ તથા શત્રુઓનો સંહાર કરનાર પોતે કૌરવસેના પાસે આવ્યો.[૨] મહારથીઓમાં શ્રેષ્ઠ ભીષ્મપિતામહ જ્યારે માર્યા ગયા, ત્યારે પિતા જેમ પુત્રોને તારવામાટે આવી પહોંચે, તેમ કર્ણ સમુદ્રમાં ડૂબવાની તૈયારીમાં રહેલી નૌકાની પેઠે રણમાં ખળભળી ઉઠેલી તમારા પુત્રની સેનાને તથા સર્વ કૌરવોને તારવાની ઇચ્છાથી આવી પહોંચીને તેણે આ પ્રમાણે કહ્યું:–" હે વીરો ! સદા કૃતજ્ઞ તથા બ્રાહ્મણોના શત્રુઓનો સંહાર કરનારા પિતામહ ભીષ્મવિષે, ચંદ્રવિષે જેમ લાંછન સનાતન કાળનું છે, તેમ ધીરજ, બુદ્ધિ, પરાક્રમ, તેજ, સત્ય, સ્મરણશક્તિ, વીરપુરુષોના ગુણો, દિવ્ય અસ્ત્રો, નમ્રતા, પ્રિય વાણી અને ઈર્ષ્યારહિતપણું વગેરે ગુણો સર્વ કાળમાટે હતા. શત્રુવીરોનો સંહાર કરનારા તે ભીષ્મ પણ જ્યારે આ રણમાં રોળાયા, ત્યારે હવે હું સર્વ વીરોને પણ રોળાયેલાજ માનું છું.[૪,૫] જો કે કર્મના અનિત્ય યોગથી આ જગતમાં કોઇ પણ વસ્તુ સ્થિર તો નથીજ, તોપણ મહાવ્રતધારી ભીષ્મ જ્યારે આજે માર્યા ગયા, ત્યારે "આવતી કાલે સૂર્યનો ઉદય થશે" એમ કયો પુરુષ સંશયરહિત થઇને શ્રદ્ધા કરશે ? અર્થાત્ મૃત્યુનો જય કરનાર પિતામહનું પણ જો મૃત્યુ થયું તો આપણે બધાને જીવવાની આશા તો શાનીજ હોય ?[૬] વસુ નામના દેવોસમાન વીર્યવાળા તથા પ્રભાવશાળી એવા શાંતનુકુમાર ભીષ્મ જ્યારે તે વસુ નામના દેવોની પાસે ચાલ્યા ગયા, ત્યારે હવે તમે બધા તમારાં ધન, પુત્ર, પૃથ્વી અને આ સમગ્ર સેનાનો શામાટે શોક કરો છો ?"[૭]

સંજયે કહ્યું:–હે રાજા ધૃતરાષ્ટ્ર ! મહાન પ્રભાવવાળા, સમગ્ર લોકના રાજા તથા મહાન શત્રુઓને પણ શિક્ષા કરનાર અમાપ પરાક્રમવાળા પિતામહ ભીષ્મ જ્યારે રણમાં પડ્યા તથા સમગ્ર ભરતવંશી રાજાઓનો રણમાં પરાજય થયો, ત્યારે અત્યંત દુઃખી થયેલા મનવાળા કર્ણે અશ્રુધારા વર્ષાવી લાંબો નિઃશ્વાસ મૂક્યો.[૮] કર્ણનું પૂર્વોક્ત વચન સાંભળી સર્વ સૈનિકોસહિત તમારા પુત્રો પરસ્પર મોટા શબ્દથી પોકાર કરી રહ્યા અને નેત્રોદ્વારા દુઃખનાં અશ્રુઓને વારંવાર વહેવડાવવા લાગ્યા.[૯] પુનઃ જ્યારે મહાન રણસંગ્રામ ચાલુ થઇ ગયો અને સર્વ રાજાઓ સેનાઓની અંદર દાખલ થઈ ગયા, ત્યારે સર્વ મહારથીઓમાં શ્રેષ્ઠ કર્ણે સર્વ મહારથીઓપ્રત્યે હર્ષ ઉપજાવનારૂં આ પ્રમાણેનું વચન કહ્યું:–[૧૦] "અનિત્ય એવું આ જગત હંમેશાં મૃત્યુ સામેજ દોડી જતું હોય તેમ વિચાર કરતાં આજે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે કે, આ સર્વ દૃશ્યમાન પદાર્થો અસ્થિર છે. જો એમ ન હોય તો તમારા જેવા વીર પુરુષો પાસે ઉભા છતાં, પર્વતસમાન પ્રકાશવાળા કુરુશ્રેષ્ઠ ભીષ્મ, આ રણસંગ્રામમાં કેમ પડ્યા? પૃથ્વીપર ઉદય પામેલો જાણે બીજો સૂર્ય હોય તેવા શાંતનુકુમાર મહારથી ભીષ્મ જ્યારે આ રણમાં પડ્યા; ત્યારે હવે આ સર્વ રાજાઓ, વૃક્ષો જેમ પર્વતને ઉથલાવી પાડનાર પવનને સહન કરવા સમર્થ નથી તેમ અર્જુનને સહન કરવા સમર્થ નથી,[૧૨] તોપણ ગભરાવાનું કંઈ કારણજ નથી. કારણ કે માર્યા ગયેલા આગેવાનવાળાં, દુઃખિત સ્વરૂપવાળાં તથા શત્રુઓએ નાશ પમાડેલા ઉત્સાહવાળાં આ કૌરવોનાં સૈન્યોનું જેમ પૂર્વે તે મહાત્મા ભીષ્મે રક્ષણ કર્યું હતું, તેમ હું પણ આ યુદ્ધમાં રક્ષણ કરીશ. આ બધો ભાર આજે મારાપર સ્થાપિત થયો છે તથા હું આ સર્વ જગતને હવે અનિત્ય જોઉં છું. રણકુશળ ભીષ્મપિતામહ જેવા જ્યારે આ રણમાં પડયા ત્યારે હું હવે આવે પ્રસંગે ભય શામાટે કરૂં?[૧૪] આ રણમાં ઘૂમીને હું તે કુરુશ્રેષ્ઠ પાંડવોને સીધી ગતિવાળાં બાણોથી યમરાજાને ઘેર દાખલ કરી દઇશ અને આ જગતમાં ઉજ્જવલ યશનો પ્રકાશ કરીને સ્થિતિ કરીશ અથવા શત્રુઓથી માર્યો જઇ પૃથ્વીપર શયન કરીશ.[૧૫] યુધિષ્ઠિર ધીરજ, બુદ્ધિ, સત્ય અને પરાક્રમવાળા છે; ભીમસેન સો હાથીના સમાન પરાક્રમવાળો છે તથા અર્જુન દેવના રાજા ઇંદ્રનો પુત્ર છે તેમ જુવાન પણ છે. દેવો પણ તેના બળને સહેલાઇથી જીતી શકે તેમ નથી.[૧૬] વળી આ રણવિષે જે પાંડવસેનામાં સાક્ષાત્ યમરાજા સરખા નકુલ અને સહદેવ છે તથા સાત્યકિ અને કૃષ્ણ પણ છે, તે સૈન્ય સામે કોઇ કાયર પુરુષ તો જઈ શકેજ નહિ; અને જો કદાચ જાય તો મૃત્યુના મુખમાંથી જીવતો પાછો ફરેજ નહિ;[૧૭] છતાં હું કંઇ કાયર પુરુષ નથી. શૂરવીર પુરુષો, વૃદ્ધિ પામેલા તપનો તપથીજ બાધ કરે છે તથા બળનો બળથીજ બાધ કરે છે. મારૂં મન શત્રુઓનું નિવારણ કરવામાં તથા મારૂં પોતાનું રક્ષણ કરવામાં પર્વતસમાન સ્થિર થયેલું છે.[૧૮] (હવે કર્ણ પોતાના સારથિપ્રત્યે કહે છેઃ—) હે સારથ! એ પ્રમાણે મારૂં મન અનુકૂળ છે જેથી હું આજે શત્રુઓ સામે જઇને તેઓના પ્રભાવનો બાધ કરી તેઓને જીતીશ. મારે મારા આ મિત્રોનો દ્રોહ સહન નહિ કરવો જોઇએ. જે સમયે સન્યમાં ભંગાણ પડે, તે સમયે જે આવીને ઉભો રહે તેજ ખરો મિત્ર છે.[૧૯] આજે હું સત્પુરુષોને યોગ્ય શ્રેષ્ઠ કાર્ય કરીશ અને મારા પ્રાણોનો ત્યાગ કરી ભીષ્મની પાછળ જઇશ; યુદ્ધમાં સર્વ શત્રુઓના સમુદાયોને હણી નાખીશ અથવા તે શત્રુઓને હાથે માર્યો જઇ વીરલોકમાં જઇશ.[૨૦] જ્યારે કોઈ પણ "મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો" આવો પોકાર કરે ત્યારે તેને માટે, રડતાં સ્ત્રીબાળકો માટે નષ્ટ થયેલા પુરુષાર્થવાળા માટે અને દુર્યોધન માટે મારે યુદ્ધ કરવુંજ જોઇએ એમ હું સમજું છું; માટે હે સારથિ! આપણા રાજા દુર્યોધનના શત્રુઓને આજે હું જીતીશ.[૨૧] વળી આ ભયંકર સ્વરૂપવાળા રણસંગ્રામમાં કૌરવોની રક્ષા કરી, પાંડુપુત્રોનો સંહાર કરી, સર્વ શત્રુઓના સમુદાયોનો નાશ કરી તથા છેવટે મારા પ્રાણોનો પણ ત્યાગ કરી હું દુર્યોધનને રાજ્ય આપીશ."[૨૨]

"મણિ અને રત્નોથી પ્રકાશતું અને દેદીપ્યમાન સુવર્ણનું વિચિત્ર કવચ તું મને પહેરાવ તથા સૂર્યસમાન પ્રભાવાળા મસ્તકે ધારણ કરવાના ટોપને પણ પહેરાવ; અને ધનુષ્ય તેમજ અગ્નિ અને ઝેરી નાગ જેવાં બાણોને પણ મને ધારણ કરાવ.[૨૩] વળી બાણોથી ભરેલા સોળ ભાથાઓને મારી પાછળ બાંધી દે, દિવ્ય ધનુષ્યો લાવ તથા તરવાર, શક્તિ, ભારે ગદાઓ અને સુવર્ણથી મઢેલા વિચિત્ર નાળવાળા શંખને લાવ.[૨૪] આ સોનાની અદ્ભુત સાંકળને, કમળના ચિહ્નવાળા જયસૂચક દિવ્ય ધ્વજને તથા સારી રીતે ગુંથેલી અને ઝાલરવાળી એવી અદ્ભુત માળાને માંગલિક ડાંગરસહિત કોમળ વસ્ત્રોથી લૂછી ચકચકિત કરીને લાવ.[૨૫] વળી હે સારથિ! ઉજ્જવળ વાદળસમાન વર્ણવાળા પુષ્ટ, મંત્રવડે પવિત્ર જળથી સ્નાન કરાવેલા શ્રેષ્ઠ ઘો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાઓને કે જેઓ ચાલવામાં ઉતાવળા છે તથા રંગબેરંગી સુવર્ણના અલંકારોથી સુશોભિત છે તેઓને તું જલદી રથમાં જોડી લાવ.[૨૬] વળી સૂર્ય-ચંદ્રસમાન પ્રકાશવાળાં રત્નોથી જડેલા તથા સુવર્ણની માળાઓથી વીંટાયેલા અને યુદ્ધની અંદર ઉપયોગી થઇ પડે તેવા પદાર્થોથી યુક્ત એવા ઉત્તમ રથને ઘોડાઓ જોડીને તું શીઘ્ર લાવ.[૨૭] વેગવાળાં અદ્ભુત ધનુષ્યો, સારી રીતે બાંધેલી ઉત્તમ દોરીઓ, બાણોથી ભરેલા મોટા મોટા ભાથાઓ તથા કવચોને પણ લાવ; અને યુદ્ધપ્રયાણમાટે યોગ્ય એવું આખું દહીંથી ભરેલું કાંસાનું તથા સોનાનું વીરપાત્ર પણ શીઘ્ર લાવ. વળી એક વિજયમાળા લાવીને મારા શરીરપર બાંધ-મને પહેરાવ અને વિજયને માટે રણભેરીઓ વગડાવ.[૨૮,૨૯] હે સારથિ! જે સ્થળે અર્જુન, ભીમ, યુધિષ્ઠિર, નકુલ અને સહદેવ ઉભા છે તે સ્થળે તું મને લઇ ચાલ. આ યુદ્ધમાં ભેટીને હું તેઓને હણી નાખીશ અથવા શત્રુઓને હાથે માર્યો જઇને ભીષ્મની પાસે પહોંચી જઇશ.[૩૦] આ વાત અવશ્ય ખરી છે કે, જે સૈન્યમાં સત્ય અને ધૈર્યવાળો રાજા યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ, સાત્યકિ અને બીજા સંજય યોદ્ધાઓ સામે ઉભા છે, તે સૈન્યને આપણા પક્ષના બીજા રાજાઓ જીતી શકે તેમ નથી.[૩૧] સર્વનો સંહાર કરનાર સાક્ષાત્ મૃત્યુદેવ સદા સાવધાન થઇને પણ જો કદાચ અર્જુનનું રક્ષણ કરશે, તોપણ હું આ યુદ્ધમાં અર્જુન સામે જઇને તેનો નાશ કરીશ અથવા ભીષ્મને માર્ગે યમરાજા પાસે ચાલ્યો જઇશ.[૩૨] તે શૂરવીર પાંડવોના મધ્યમાં હું અવશ્ય જઇશ. તે માટે હું અત્યારેજ કહી દઉં છું કે, જેઓ મિત્રદ્રોહી હોય, દુર્બળ ભક્તિવાળા હોય અને પાપી હોય તેઓ મને સહાય કરનારા ન થાઓ."[૩૩]

સંજયે કહ્યું:—હે રાજન્! એ પ્રમાણે કહીને દેવગણોથી પૂજાતા ઇંદ્રની પેઠે કૌરવોથી પૂજાતો ઉગ્ર ધનુર્ધારી, મહારથીશ્રેષ્ઠ મહાત્મા કર્ણ સમૃદ્ધિવાળા, મજબૂત દાંડીયુક્ત સુવર્ણજડિત પતાકાવાળા તથા વાયુસમાન વેગવાળા ઉત્તમ ઘોડાઓથી જોડેલા સુંદર રથપર બેસીને વિજય કરવામાટે ત્યાંથી ચાલી નીકળ્યો અને જે સ્થળે ભરતશ્રેષ્ઠ પિતામહ ભીષ્મ પડયા હતા તે સ્થળની રણભૂમિપર જઇ પહોંચ્યો.[૩૪] સૂર્યસમાન અમાપ તેજવાળો કર્ણ, સુવર્ણ, મોતી, મણિ અને રત્નોની માળાવાળા, *વરૂથવાળા, ધ્વજાવાળા, મેઘસમાન શબ્દવાળા તથા શ્રેષ્ઠ ઘોડાઓથી જોડાયેલા મહાન રથમાં અગ્નિસમાન કાંતિવાળો દેખાતો હતો. વળી અગ્નિસમાન પ્રભાવાળા તે સુંદર રથમાં બેઠેલો અધિરથનો પુત્ર ધનુર્ધર મહારથી કર્ણ, વિમાનમાં બેઠેલો સાક્ષાત્ ઇંદ્ર હોય તેવો શોભી રહ્યો હતો.[૩૬,૩૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં "કર્ણનું નિર્યાણ" એ વિષયનો અધ્યાય ૨ જો સમાપ્ત

અધ્યાય ૩ જા

ભીષ્મપ્રત્યે કર્ણનાં વચન

॥ संजय उवाच ॥

शरतल्पे महात्मानं शयानममितौजसम् ।
महावातसमूहेन समुद्रमिवशोषितम् ॥१॥

સંજયે કહ્યું:—હે રાજન્ ધૃતરાષ્ટ્ર! કર્ણ, રથમાં બેસીને જે સ્થળે ભીષ્મ પડેલા હતા ત્યાં ગયો અને તેણે ત્યાં પિતામહને બાણશય્યાપર સૂતેલા જોયા. અમાપ તેજવાળા, પ્રલયકાળના મહાન વાયુએ સૂકવી નાખેલા સમુદ્રની પેઠે જણાતા, સર્વ ક્ષત્રિયોના મહાન કાળસરખા એવા મહાધનુર્ધર મહાત્મા ભીષ્મને અર્જુને દિવ્ય અસ્ત્રોથી પાડી નાખેલા જોઇને અગાધસમુદ્રનો પાર નહિ પામવાથી, કોઇ છાછરા બેટની ઇચ્છા કરનારા મનુષ્યોની પેઠે તમારા પુત્રોની જયની આશા, સુખ અને કવચો એકીસાથે ભાંગી ગયાં હતાં.[૧-૩] તે પિતામહ યમુનાના પ્રવાહની પેઠે બાણોના સમૂહથી વ્યાપ્ત થયેલા હતા. ઇંદ્રદેવે પોતાના વજ્રથી જાણે અસહ્ય મૈનાક પર્વતને પૃથ્વીપર પાડી દીધો હોય તથા આકાશમાંથી

* શત્રુના પ્રહારમાંથી રથનું રક્ષણ કરવા માટે રથને ફરતું કરેલું લોઢા વગેરેનું આવરણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વીપર પડેલો સૂર્ય હોય, તેમજ પૂર્વે અકસ્માત્ વૃત્રાસુરે જીતેલો જાણે ઇંદ્ર હોય, તેમ યુદ્ધની અંદર આ ભીષ્મનું જે પતન થયું હતું તે સર્વ સૈન્યને મોહ ઉપજાવનારૂં હતું. સર્વ સૈન્યોમા શ્રેષ્ઠ, સર્વ ધનુર્ધરોમાં ચિહ્નરૂપ, અર્જુનનાં બાણોથી વ્યાપ્ત, વીરશય્યામાં સૂતેલા, પુરુષશ્રેષ્ઠ મહાન વ્રતવાળા તમારા વીર પિતા ભીષ્મને જોઇને અધિરથનો પુત્ર ભરતવંશીઓમાં મહાતેજસ્વી એવો કર્ણ,રથમાંથી ઝટપટ ઉતરી, ઘણોજ દુઃખી થઇને તથા હાથ જોડી વંદન કરીને અશ્રુઓના ભરાવાથી ગળગળે કંઠે-તૂટક અક્ષરે કહેવા લાગ્યોઃ-" હે ભરતવંશી પિતામહ ! હું કર્ણ આપની પાસે આવેલો છું. પવિત્ર અને કલ્યાણકારક વાણીથી આપ મારી સામે બોલો તથા કૃપાદૃષ્ટિથી મને જુઓ. અહો! ઘણી શોકની વાત છે કે,આ જગતમાં કોઇ પણ મનુષ્યને તેનાં શુભ કૃત્યોનું ફળ મળતું નથી;કારણ કે ધર્મપરાયણ આપ જેવા વડીલ આ સ્થિતિએ પૃથ્વીપર પડેલા છો. હે કુરુશ્રેષ્ઠ ! કોશનો સંગ્રહકરવામાં,હિતચિંતક વિચારોમાં,સૈન્યોની વ્યૂહરચનામાં તથા અનેક જાતની યુદ્ધકળાઓમાં આપના સરખો બીજો કોઇ પણ પુરુષ મને કુરુવંશના રાજાઓમાં દેખાતો નથી; કે જે પુરુષ, શુદ્ધ બુદ્ધિથી યુક્ત થઇ કૌરવોને આ આવી પડેલા ભયમાંથી તારે. અનેક યોદ્ધાઓનો સંહાર કરી હવે આપ જ્યારે પિતૃલોક ભણી સીધાવશો, ત્યારે હાય, અફસોસ ! આજ દિવસસુધી ક્રોધાવેશમાં ભરપૂર બનેલા પાંડવો વાઘો જેમ મૃગલાંઓનો ઘાણ વાળી નાખે તેમ બિચારા કૌરવોનો ઘાણ વાળી નાખશે. હે ભરતશ્રેષ્ઠ ! હવે અર્જુનના ગાંડીવની ગર્જનાના વીર્યને જાણનારા કૌરવો, વજ્રને ધારણ કરનારા ઇંદ્રનાથી જેમ અસુરો ત્રાસ પામે તેમ ત્રાસ પામશે. હવે વજ્રની પેઠે ગાંડીવ ધનુષ્યમાંથી છૂટેલાં બાણોનો શબ્દ, કૌરવોને તથા બીજા રાજાઓને ત્રાસ પમાડી દેશે. હે વીર ! પ્રદીપ્ત થયેલી મહાન જ્વાળાઓવાળો અગ્નિ, જેમ વૃક્ષોને બાળી મૂકે,તેમ અર્જુનનાં બાણો હવે ધૃતરાષ્ટ્રના પુત્રોને બાળી મૂકશે. વાયુ અને અગ્નિ બન્ને એકત્ર થઇ જે જે સ્થળે વનમાં પ્રસરે છે તે તે સ્થળે લતાઓ, ઘાસ અને વૃક્ષોને બાળી મૂકે છે. જેમ અગ્નિ પ્રકટ થયો હોય તેમજ અર્જુન પ્રકટ થયો છે અને જેમ વાયુ અગ્નિની સાથે હોય તેમ કૃષ્ણ અર્જુનની સાથેછે-અર્થાત્ તેઓ બન્ને જણા અગ્નિ અને વાયુજેવા છે તેમાં સંશય નથી; માટેજ તેઓ કૌરવોને બાળી મૂકશે. હે ભરતવંશના પુરુષવ્યાઘ્ર! કૃષ્ણના પાંચજન્ય શંખની ગર્જનાને તથા અર્જુનના ગાંડીવધનુષ્યના ટંકારને સાંભળીને હવે સર્વ સૈન્યો ત્રાસ પામી જશે. હે વીર ! શત્રુઓનો સંહાર કરનાર કપિધ્વજ અર્જુનના રણભૂમિપર ઉછળી રહેલા રથના શબ્દને સહન કરવાને હવે તમારાવિના બીજા કોઇ પણ રાજાઓ સમર્થ થશે નહિ. જે અર્જુનનાં દિવ્ય કર્મોનું મોટા શૂરવીર પુરુષો પણ કથન કર્યા કરે છે તે અર્જુન સામે યુદ્ધ કરવામાટે તમારાવિના હવે બીજો કોઇ પણ રાજા સમર્થ નથી. વળી જે અર્જુને નિવાત-કવચ આદિ મહાન રાક્ષસોની સાથે તથા મહાત્મા શ્રીશંકર સાથે પણ યુદ્ધ કરેલું છે અને તે શંકર પાસેથીજ પાપાત્મા પુરુષોને દુર્લભ એવું વરદાન પણ પ્રાપ્ત કરેલું છે; વળી આપ જેવા વીર્યશાળી પુરુષે કે જેણે પૂર્વે ક્ષત્રિયોનો સંહાર કરનાર તથા દેવો અને દાનવોના પણ ગર્વને ખંડન કરનાર મહાભયંકર પરશુરામને પણ જીતેલા છે,તેણે પણ જે અર્જુનને પૂર્વે જીત્યો નથી તે અર્જુનને આ રણસંગ્રામમાં બીજો કયો પુરુષ જીતી શકશે ? ૪-૨૪ તેવા યુદ્ધકુશળ અર્જુનને જો કે હું સહન કરી શકું તેમ નથી, તોપણ જો આપની આજ્ઞા થાય તો આંખોને આંજી નાખનાર ઝેરી સર્પની પેઠે અતિ ભયંકર તે શૂરા અર્જુનને અસ્ત્રના બળથી હણી નાખવા શક્તિમાન થઇશ. "૨૫

ઇતિ૦ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેક પર્વમાં
'કર્ણનું વાક્ય' એ વિષયનો
અધ્યાય ૩ જો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪ થો

ભીષ્મે કર્ણને યુદ્ધ કરવા આજ્ઞા આપી.

॥ संजय उवाच ॥

तस्य लालप्यमानस्य कुरुवृद्धः पितामहः॥
देशकालोचितं वाक्यमब्रवीत्प्रीतमानसः॥१॥

સંજયે કહ્યું:–હે રાજા ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણે બોલતા તે કર્ણને કુરુઓના વડીલ પિતામહ ભીષ્મે પ્રસન્નચિત્ત થઇ દેશ અને કાળને યોગ્ય વાકય કહ્યું:–[૧] "હે કર્ણ! નદીઓને જેમ સમુદ્ર આશ્રયસ્થાન છે, નક્ષત્રોને જેમ સૂર્યનો આશ્રય છે, સત્યને જેમ સત્પુરુષોનો આશ્રય છે, બીજોને જેમ રસાળ પૃથ્વીનો આશ્રય છે અને સર્વ ભૂતોને જેમ મેઘનો આશ્રય છે, તેમ સર્વ મિત્રોનો તું આશ્રય થા. દેવો જેમ ઇંદ્રની પાછળ જીવે છે, તેમ તારા બાંધવો તારી પાછળ જીવો.[૨,૩] તું શત્રુઓના માનનું ખંડન કરનારો થા, મિત્રોનો આનંદ વધારનારો થા તેમજ દેવતાઓનો જેમ વિષ્ણુ આધાર છે તેમ તું કૌરવોનો આધાર થા.[૪] હે કર્ણ! તેં પ્રથમ રાજપુર જઇને દુર્યોધનના જયની ઇચ્છાથી પોતાના બાહુબળના પરાક્રમથી કાંબોજ યોદ્ધાઓને જીતેલા છે,[૫] તેમજ ગિરિવ્રજમાં રહેલા નગ્નજિત્ વગેરે રાજાઓને તથા અંબષ્ઠોને, વિદેહોને અને ગાંધારોને પણ તેં જીતેલા છે.[૬] વળી હે કર્ણ! હિમાલયરૂપ કિલ્લામાં ભરાઇ રહેનારા રણસંગ્રામમાં મહાભયંકર એવા ભીલોને પણ તેં દુર્યોધનને વશ કરી દીધા છે.[૭] તેં યુદ્ધમાં ઉત્કલ, મેકલ, પૌંડ્ર, કલિંગ, આંધ્ર, નિષાદ, ત્રિગર્ત અને બાહ્લિક આદિ ઘણા યોદ્ધાઓને પણ જીત્યા છે.[૮] હે કર્ણ! મહાતેજસ્વી એવા તેં દુર્યોધનનું હિત ઇચ્છી તે તે સંગ્રામોમાં અનેક વીરોને જીતેલા છે.[૯] હે તાત! જ્ઞાતિ, કુળ અને બાંધવોસહિત એવો દુર્યોધન જેમ સર્વ કૌરવોનો આધાર છે તેમ તું પણ સર્વ કૌરવોનો આધાર થા.[૧૦] જા, હું તને કહું છું કે તું તારા શત્રુઓ જોડે સુખેથી યુદ્ધ કર. યુદ્ધમાં કૌરવોને પણ યોગ્ય શિક્ષણ આપ અને દુર્યોધનને જય અપાવ.[૧૧] જેમ દુર્યોધન અમારો પૌત્ર છે, તેમ તું પણ અમારા પુત્ર સરખોજ છે. જે પ્રમાણે અમે ધર્મથી તે દુર્યોધનના પૂજ્ય છીએ, તે પ્રમાણેજ અમે ધર્મથી તારા પણ પૂજ્ય છીએ.[૧૨] હે પુરુષશ્રેષ્ઠ કર્ણ! યોનિના સંબંધ કરતાં એટલે એકજ ઉદરમાં જન્મ આદિના સંબંધ કરતાં સત્પુરુષોનો સત્પુરુષોની સાથેનો જે સબંધ તેને લોકમાં વિદ્વાનો ઉત્તમ કહે છે;[૧૩] માટે તું સત્યપ્રતિજ્ઞાવાળો થઇને તથા "આ મારૂં છે" એમ નિશ્ચય કરીને દુર્યોધનની પેઠે કૌરવોના સૈન્યનું પાલન કર."[૧૪] ભીષ્મપિતામહનાં એ વચન સાંભળી, તેમના ચરણમાં વંદન કરી સૂર્યનો પુત્ર કર્ણ સર્વ ધનુર્ધરોની પાસે ગયો.[૧૫] ત્યાં તેણે મનુષ્યોના સમુદાયનું અતુલ મહાન સ્થાન જોયું અને વ્યૂહરચનામાં ગોઠવાયેલા તથા અસ્ત્રશસ્ત્રથી સજ્જ થયેલા સૈન્યને ધીરજ આપી.[૧૬] સર્વ સૈન્યોના મોખરામાં મહાબાહુ કર્ણને આવેલો જોઇ દુર્યોધન વગેરે સર્વ કૌરવો હર્ષમાં આવી ગયા.[૧૭] યુદ્ધ કરવામાટે આવી ઉભેલા મહાત્મા કર્ણને જોઇ કૌરવોએ સિંહનાદની ગર્જનાઓથી, બાહુઓને ઠોકવાથી તથા અનેક પ્રકારના ધનુષ્યોના શબ્દોથી તે કર્ણનું સન્માન કર્યું.[૧૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં "કર્ણનું આશ્વાસન" એ વિષયનો અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો

નવા સેનાપતિની યોજનાની ભાંજગડ

॥ संजय उवाच ॥

रथस्थं पुरुषव्याघ्रं दृष्ट्वा कर्णमवस्थितम् ॥
हृष्टो दुर्योधनो राजन्निदं वचनमब्रवीत् ॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્ ધૃતરાષ્ટ્ર! રથમાં બેઠેલા પુરુષવ્યાઘ્ર કર્ણને પોતાની સામે ઉભેલો જોઇ હર્ષમાં આવી ગયેલો રાજા દુર્યોધન આવું વચન બોલ્યો:–[૧] "હે કર્ણ! હવે તારા રક્ષણતળે રહેલા મારા સૈન્યને હું સનાથ–અર્થાત નેતા માનું છું. હવે આપણે આગળ ઉપર શું યોગ્ય અને હિતકારક કરવું જોઇએ તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું વિચાર કર.[૨]

કર્ણે કહ્યું:–હે પુરુષોમાં વ્યાઘ્રસમાન દુર્યોધન રાજા! અમારા બધામાં અતિશય ડાહ્યા તમેજ છો, માટે તેના સંબંધમાં તમેજ કહો. મુખ્ય સ્વામી જેવું કાર્ય જોઈ શકે છે તેવું બીજો જોઇ શકતો નથી.[૩] હે રાજન્! અમે બધા તમારાં વચનને સાંભળવા ઇચ્છીએ છીએ. તમે ન્યાયવિનાનું વચન નહિ બોલો એવો મારો નિશ્ચય છે.[૪]

દુર્યોધને કહ્યું:–વય, પરાક્રમ અને શાસ્ત્રથી યુક્ત એવા ભીષ્મપિતામહ આપણી સેનાના નાયક હતા. હે કર્ણ! મહાયશસ્વી તે મહાત્મા પિતામહે સર્વ યોદ્ધાઓને સાથે રાખી દશ દિવસસુધી યુદ્ધ કરી મારા શત્રુઓનો સંહાર કરી અમારૂં રક્ષણ કરેલું હતું.[૫,૬] અતિ અશક્ય કર્મને કરનારા તે ભીષ્મ જ્યારે સ્વર્ગે ગયા, ત્યારે હવે તેમના પછી સેનાના નાયકતરીકે તું કોને માને છે.[૭] હે યુદ્ધ કરવામાં શ્રેષ્ઠ કર્ણ! નાવિકવિનાની નાવ જેમ એક મુહૂર્તવાર પણ જળમાં ટકી શકતી નથી, તેમ નાયકવિનાની સેના પણ એક મુહૂર્તવાર યુદ્ધમાં ટકી શકતી નથી.[૮] જેમ નાવિકવિનાની નૌકા ગમે તેમ જાય છે તથા સારથિવિનાનો રથ જેમ ગમે તેમ જાય છે તેમજ સેનાપતિવિનાનું સૈન્ય પણ ઇચ્છા પ્રમાણે નાસભાગ કરે છે.[૯] જેમ કોઇ આગેવાનવિનાનો સઘળો કાફલો કષ્ટને પામે છે, તેમ નાયક વિનાની સેના પણ સર્વ કષ્ટોને પામે છે;[૧૦] માટે તું મારા આ સર્વ મહાત્મા પુરુષોમાં શાંતનુપુત્ર ભીષ્મ પછી સેનાપતિ થાય તેવા યોગ્ય પુરુષને શોધી કાઢ.[૧૧] આ યુદ્ધમાં તું જે પુરુષને સેનાના નાયકતરીકે કહીશ તેને અમે બધા એકત્ર થઈને નીમીશું એમાં સંશય નથી.[૧૨]

કર્ણે કહ્યું:–આ સર્વ મહાન પુરુષો મહાત્માઓ છે અને સર્વે સેનાપતિપદને યોગ્યજ છે, એમાં કંઇ વિચારવા જેવું નથી.[૧૩] આ બધા વીરપુરુષો કુળ, શરીર, જ્ઞાન, બળ, પરાક્રમ અને બુદ્ધિથી યુક્ત છે, શાસ્ત્રોને જાણનારા છે, બુદ્ધિમાન છે અને યુદ્ધમાં પાછી પાની ન કરે તેવા છે;[૧૪] પરંતુ તેઓ બધાને એકી સાથે સેનાપતિ તરીકે નીમી શકાય નહિ. એટલે જેનામાં કંઇક અંશે વિશેષ ગુણો હોય તેનેજ સેનાપતિ કરવો જોઇએ.[૧૫] અન્યોન્યની સ્પર્ધા કરનારા આ રાજાઓમાંથી કોઇ એકને જો તું સેનાપતિ કરીશ તો અવશેષ રહેલા બીજા બધા ઉદાસ મનવાળા થઇ જશે અને તારૂં હિત કરનારા છે તોપણ અવશ્ય લક્ષ્યપૂર્વક યુદ્ધ નહિ કરે;[૧૬] માટે સર્વ યોદ્ધાઓના ગુરુ, વૃદ્ધ, શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા આ આચાર્ય દ્રોણને સેનાપતિ કરવા યોગ્ય છે;[૧૭] તેમજ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, દુર્ધર્ષ દ્રોણાચાર્ય જ્યાંસુધી હયાત છે ત્યાંસુધી બીજો કયો પુરુષ સેનાપતિ થાય એવો છે? કારણકે એ આચાર્ય, નીતિમાં બૃહસ્પતિ અને શુક્રાચાર્ય જેવા છે.[૧૮] હે ભરતવંશી દુર્યોધન રાજા! આ સર્વ રાજાઓમાં તેવો કોઇ પણ યોદ્ધો નથી કે જે યુદ્ધની અંદર આગળ સેનાપતિ થઇને પ્રયાણ કરનાર દ્રોણાચાર્યની પાછળ ન જાય?[૧૯] વળી આ દ્રોણાચાર્ય સેનાપતિઓમાં શ્રેષ્ઠ છે, શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે અને હે રાજન્! તમારા ગુરુ પણ છે;[૨૦] માટે હે દુર્યોધન! પૂર્વે અસુરોને જીતવાની ઇચ્છાવાળા દેવોએ જેમ કાર્તિકસ્વામીને સેનાપતિ કર્યા હતા, તેમ તમે પણ આ દ્રોણાચાર્યને શીઘ્ર સેનાપતિ કરો.[૨૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં
'કર્ણનું વાક્ય' એ વિષયનો
અધ્યાય ૫ મો સમાપ્ત

અધ્યાય ૬ ઠ્ઠો

દ્રોણાચાર્યને દુર્યોધને આપેલું પ્રોત્સાહન

॥ संजय उवाच ॥

कर्णस्य वचनं श्रुत्वा राजा दुर्योधनस्तदा ।
सेनामध्यगतं द्रोणमिदं वचनमब्रवीत् ॥१॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્ર રાજા! એ પ્રમાણેનું કર્ણનું વચન સાંભળી રાજા દુર્યોધન તે સમયે સેનાની મધ્યમાં રહેલા દ્રોણાચાર્યને આ વચન કહેવા લાગ્યો.[૧] દુર્યોધને કહ્યું:–હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્ય! ઉત્તમ બ્રાહ્મણવર્ણ, શ્રેષ્ઠ કુળમાં જન્મ, શસ્ત્ર, વય, બુદ્ધિ, પરાક્રમ, દક્ષતા, અજેયપણું, અર્થજ્ઞાન, નીતિ, જય, તપ, કૃતજ્ઞતા—આ સર્વ ગુણોથી આપ વૃદ્ધ છો; જેથી આપસમાન બીજો કોઇ પણ પુરુષ આ રાજાઓનો યોગ્ય રક્ષક નથી;[૨,૩] માટે હે બ્રાહ્મણશ્રેષ્ઠ! ઇન્દ્ર જેમ દેવોનું રક્ષણ કરે, તેમ તમે અમારૂં રક્ષણ કરો. તમારી આગેવાની હેઠળ અમે શત્રુઓને જીતવા ઇચ્છીએ છીએ.[૪] રુદ્રોના મધ્યમાં જેમ કાપાલી, વસુઓના મધ્યમાં જેમ પાવક, યક્ષોમાં જેમ કુબેર, દેવોમાં જેમ ઇન્દ્ર, બ્રાહ્મણોમાં જેમ વસિષ્ઠ, તેજોમાં જેમ સૂર્ય, પિતૃઓમાં જેમ ધર્મરાજા, જળચરોમાં જેમ વરુણદેવ, નક્ષત્રોમાં જેમ ચંદ્રમા, દૈત્યોમાં જેમ શુક્રાચાર્ય તેમ તમે સેનાપતિઓમાં શ્રેષ્ઠ છો; માટે અમારા સેનાપતિ થાઓ.[૫-૭] હે નિર્દોષ આચાર્ય! આ અગીઆર અક્ષૌહિણી સેનાઓ આપને વશ રહેનારી થાઓ અને તેઓને વ્યૂહરચનામાં ગોઠવી દઇ ઇન્દ્ર જેમ દાનવોનો સંહાર કરે, તેમ શત્રુઓનો સંહાર કરો.[૮] જેમ પૂર્વે દેવોની આગળ કાર્તિકેસ્વામી ચાલ્યા હતા, તેમ આપ અમારી આગળ ચાલો અને ગાયના નાના નાના વાછરડાઓ જેમ મહાન વૃષભની પાછળ જાય, તેમ અમે બધા આ યુદ્ધમાં આપની પાછળ ચાલીશું.[૯] ઉગ્ર ધનુષવાળો મહાધનુર્ધર અર્જુન પોતાના દિવ્ય ધનુષ્યનો ટંકાર કરીને પણ આપને આગળ રહેલા જોઇ પ્રહાર કરશે નહિ.[૧૦] હે પુરુષવ્યાઘ્ર! જો આપ મારા સેનાપતિ થશો તો હું અવશ્ય આ યુદ્ધમાં પરિવાર અને બાંધવોસહિત યુધિષ્ઠિર રાજાને જીતીશ.[૧૧]

સંજયે કહ્યું:—દુર્યોધને એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે મોટા સિંહનાદોથી તમારા પુત્રને હર્ષ પમાડતા સર્વ રાજાઓ "દ્રોણાચાર્યનો જય થાઓ! જય થાઓ!" એ પ્રમાણે કહેવા લાગ્યા;[૧૨] અને બીજા સૈનિકો પણ હર્ષયુક્ત થઇ, દુર્યોધનને આગળ કરી તથા મોટા યશની ઇચ્છા રાખી તે બ્રાહ્મણોત્તમ દ્રોણાચાર્યના માનને વધારવા લાગ્યા. ત્યારપછી હે રાજા ધૃતરાષ્ટ્ર! દ્રોણાચાર્યે દુર્યોધનને આ પ્રમાણે કહ્યું.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'દ્રોણનું પ્રોત્સાહન' એ વિષયનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

દ્રોણનો સેનાપતિપદે અભિષેક

॥ દ્રોણ ઉવાચ ॥

वेदं षडंगं वेदाहमर्थविद्यां च मानवीम् ।
त्रैयम्बकमथेष्वस्त्रं शस्त्राणि विविधानि च ॥

દ્રોણાચાર્યે કહ્યું:—હું વેદોને, વેદોનાં છ અંગોને, મનુએ કહેલી અર્થવિદ્યાને, શિવે આપેલાં અસ્ત્રને તથા એ ઉપરાંત અનેક જાતનાં શાસ્ત્રોને જાણું છું.[૧] જયની ઇચ્છા રાખનારા તમે જે જે ગુણો મારામાં કહ્યા તે બધાને દેખાડવાની ઇચ્છાથી હું પાંડવોસામે યુદ્ધ કરીશ;[૨] પણ હે રાજા દુર્યોધન! દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને આ રણસંગ્રામમાં હું કોઇ રીતે પણ મારી શકીશ નહિ; કારણ કે તે પુરુષશ્રેષ્ઠને મારો વધ કરવામાટેજ ઉત્પન્ન કરવામાં આવ્યો છે.[૩] હું સોમક યોદ્ધાઓનો નાશ કરતો પાંડવોનાં સૈન્યો સામે બરાબર યુદ્ધ કરીશ, પણ પાંડવો મારી સામા હર્ષયુક્ત થઇને યુદ્ધ નહિ કરે.[૪]

સંજયે કહ્યું:—હે રાજન્! દ્રોણાચાર્યે જ્યારે એ રીતે કહ્યું, ત્યારે તમારા પુત્ર દુર્યોધને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક દ્રોણાચાર્યને સેનાપતિતરીકે નીમ્યા.[૫] જેમ પૂર્વે ઇંદ્ર આદિ દેવોએ કાર્તિકેસ્વામીનો સેનાપતિપદે અભિષેક કર્યો હતો, તેમ દુર્યોધનઆદિ રાજાઓએ દ્રોણાચાર્યનો સેનાપતિપદે અભિષેક કર્યો.[૬] એ રીતે જ્યારે દ્રોણાચાર્યને સેનાપતિ કરવામાં આવ્યા, ત્યારે કૌરવસેનામાં વાદિત્રોના ઘોષથી તથા શંખોના મહાન શબ્દથી હર્ષ પ્રકટ થઇ રહ્યો.[૭] પુણ્યાહવાચનના ઘોષથી, સ્વસ્તિવાચનના માંગલિક શબ્દોથી, ભાટચારણોના સ્તુતિસૂચક ગીતશબ્દોથી, ઉત્તમ બ્રાહ્મણોના જય જય શબ્દોથી તથા સૌભાગ્યવતી સ્ત્રીઓનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્યથી વિધિપૂર્વક દ્રોણાચાર્યનો સત્કાર કરી કૌરવો, પાંડવોને જીતેલા માનવા લાગ્યા.[૮,૯]

સંજયે કહ્યું:–મહારથી દ્રોણાચાર્યે સેનાપતિપદ પ્રાપ્ત કરી, સૈન્યોને વ્યૂહરચનામાં ગોઠવી દઇ યુદ્ધ કરવાની ઇચ્છાથી તમારા પુત્રોની સાથે પ્રયાણ કર્યું.[૧૦] સિંધુરાજ, કલિંગરાજ અને તમારો પુત્ર વિકર્ણ કવચ ધારણ કરી દ્રોણાચાર્યના જમણે પડખે રહ્યા.[૧૧] તેઓની પાછળ પાછળ ચકચકિત ભાલાંઓથી યુદ્ધ કરનારા ગંધારદેશના ઉત્તમ ઘોડેસ્વારો સાથે રાજા શકુનિ જતો હતો.[૧૨] કૃપાચાર્ય, કૃતવર્મા, ચિત્રસેન અને વિવિંશતિ દુઃશાસનને આગળ કરી સાવધાનીપૂર્વક દ્રોણાચાર્યના ડાબા પડખાનું રક્ષણ કરતા હતા;[૧૩] અને તેઓની પાછળ પાછળ સુદક્ષિણ વગેરે કાંબોજ યોદ્ધાઓ તથા યવનોસહિત શક યોદ્ધાઓ મહાન વેગવાળા ઘોડાઓ સાથે જતા હતા.[૧૪] મદ્રો, ત્રિગર્તો, અંબષ્ઠો, પાશ્ચિમાત્યો, ઔદિચ્યો, માલવો, શિબિઓ, શૂરસેનો, મલદસહિત શૂદ્રો, સૌવીરો, કિતવો, પ્રાચ્યો અને દાક્ષિણાત્ય યોદ્ધાઓ, એ સર્વે તમારા પુત્ર દુર્યોધનને આગળ કરી, સૂતપુત્ર કર્ણની પાછળ જતા હતા.[૧૫,૧૬] એ રીતે પોતપોતાનાં સૈન્યને હર્ષ ઉપજાવતા તેઓ, તમારા પુત્રોસાથે યુદ્ધ કરવામાટે નીકળી પડયા હતા. સર્વ યોદ્ધાઓમાં મુખ્ય અને સૈન્યોમાં બળનો આવેશ કરતો સૂર્યનો પુત્ર કર્ણ સર્વ ધનુર્ધરોના મોખરામાં ચાલતો હતો. તે કર્ણનો મહાપ્રચંડ, હાથીની શૃંખલાના ચિહ્નવાળો મહાધ્વજ, કૌરવોના સૈન્યને હર્ષ ઉપજાવતો હતો તથા સૂર્યસમાન પ્રભાવાળો દીસતો હતો. કર્ણને જોઇને કોઇપણ, ભીષ્મને માટે શોક કરતું ન હતું. સર્વ રાજાઓ અને કૌરવો શોકરહિત થયા હતા. આનંદમાં આવી ગયેલા અનેક યોદ્ધાઓ તે રણભૂમિપર માંહોમાંહે મોટેથી કહેવા લાગ્યા:–[૧૭,૨૦] "કર્ણને યુદ્ધ કરવા આવેલો જોઈ પાંડવો, રણમાં ઉભાજ નહિ રહે; કારણ કે કર્ણ, યુદ્ધમાં ઇન્દ્રસહિત દેવોને પણ જીતવા સમર્થ છે[૨૧] તો પછી તુચ્છ વીર્યપરાક્રમવાળા પાંડવોને જીતે એમાં શી નવાઈ ? મહાબાહુ ભીષ્મે પાંડવોનું રણમાં રક્ષણ કર્યું છે, પણ કર્ણ તો પોતાનાં તીક્ષ્ણ બાણોથી તે પાંડવોનો યુદ્ધમાં નાશજ કરશે." હે રાજા ! એ પ્રમાણે માંહોમાંહે વાતો કરતા તથા હર્ષિત દેખાવવાળા તે યોદ્ધાઓ કર્ણનું સન્માન કરતા તથા પ્રશંસા કરતા કરતા યુદ્ધમાટે નીકળી પડયા. તે સમયે દ્રોણાચાર્યે આપણા સૈન્યનો શકટવ્યૂહ રચ્યો હતો.[૨૨–૨૪] તેમજ હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર રાજા! શત્રુપક્ષના સૈન્યનો પ્રસન્ન ચિત્રવાળા મહાત્મા ધર્મરાજાએ ક્રૌંચવ્યૂહ રચ્યો હતો.[૨૫] તેઓના સૈન્યના મોખરામાં પુરુષશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અને અર્જુન, વાનરના ચિહ્નવાળી ધ્વજા ફરકાવતા ઉભા હતા.[૨૬] સર્વ સૈન્યોનાં ચિહ્નરૂપ, સર્વ ધનુર્ધરોના આશ્રયભૂત તથા આકાશમાર્ગમાં રહેલો અમિત તેજવાળા અર્જુનનો ભવ્ય ધ્વજ, પ્રલયકાળે પ્રજ્વલિત થયેલો સૂર્ય જેમ પૃથ્વીને પ્રદીપ્ત કરે, તેમ મહાત્મા યુધિષ્ઠિર રાજાના સૈન્યને દીપાવી રહ્યો હતો.[૨૭,૨૮] બુદ્ધિમાન અર્જુનનો તે રથધ્વજ સર્વ સ્થળે પ્રકાશ કરતો દેખાતો હતો. યોદ્ધાઓમાં શ્રેષ્ઠ અર્જુનને, ધનુષ્યોમાં શ્રેષ્ઠ ગાંડીવને, પ્રાણીઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણને તથા ચક્રોમાં શ્રેષ્ઠ સુદર્શનને–આ ચારેય તેજોને વહન કરતો શ્વેત અશ્વોવાળો અર્જુનનો રથ, ઉદય પામેલા કાલચક્રની પેઠે શત્રુઓની આગળ આવીને ઉભો રહ્યો. એ પ્રમાણે તે બન્ને મહાત્માઓ–શ્રીકૃષ્ણ અને અર્જુન પોતાના બળવાન સૈન્યના મોખરામાં આવીને ઉભા રહ્યા.[૨૯–૩૧] તમારાં સૈન્યોના મોખરામાં ઉભેલો કર્ણ તથા શત્રુઓના સૈન્યના મોખરામાં ઉભેલો અર્જુન એ બન્ને જણા પરસ્પર જયની ઇચ્છા રાખતા હતા તથા અન્યોન્યનો વધ કરવા તલપી રહ્યા હતા. તે બન્ને જણા તે સમયે એકબીજાની સામે તાકી તાકીને જોતા હતા. તેટલામાં તો એકાએક મહારથી દ્રોણાચાર્યે શત્રુઓ સામે પ્રયાણ કર્યું, કે જેથી ભયંકર આર્ત્તનાદવડે પૃથ્વી કંપી ગઇ. રેશમના ઢગસમાન દેખાતી વાયુએ ઉરાડેલી તીવ્ર રજના ગોટેગોટ ઉછળવા લાગ્યા કે જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યસહિત આકાશ ઢંકાઈ ગયું. આકાશમાં વાદળાં ન હતાં છતાં માંસ, હાડકાં અને લોહીનો વરસાદ વરસવા લાગ્યો.[૩૨-૩૫] હે રાજા! તે સમયે ગીધ, બાજ, બગલાં, કંક, કાગડા વગેરે હજારો માંસાહારી પક્ષીઓ તમારી સેનાપર પડવા લાગ્યાં.[૩૬] શિયાળવાં ભય આપનારા દારુણ શબ્દોની કીકિયારીઓ કરવા લાગ્યાં અને માંસ ખાવાની તથા લોહી પીવાની ઇચ્છાથી ઘણે ભાગે તમારીજ સેનાની ડાબી બાજુએ જવા લાગ્યાં. ભયંકર ગર્જનાવાળી, પ્રદીપ્ત અને પ્રકાશમાન ઉલ્કા થરથરાટ કરતી રણાંગણમાં પડી, કે જેના વિશાળ પૂછડાથી સર્વ પ્રદેશ વ્યાપ્ત થઇ ગયો. હે રાજન્! જે વેળા સેનાપતિએ પ્રયાણ કર્યું,તે વેળા સૂર્યના પર વિજળીયુક્ત મેઘવાળો મહાન પરિવેષ (મંડલ) થઇ રહ્યો. આવી રીતે બીજા અનેક અતિ દારુણ ઉત્પાતો યુદ્ધમાં વીરપુરુષોના જીવિતનો ક્ષય સૂચવનારા પ્રકટ થઇ રહ્યા હતા. ત્યારપછી પરસ્પરનો વધ કરવા ઇચ્છતાં કૌરવ અને પાંડવસૈન્યોની વચ્ચે યુદ્ધની શરૂઆત થઇ ગઇ કે જેના શબ્દથી આખું જગત વ્યાપ્ત થઈ ગયું. અન્યોન્ય અત્યંત કોપાયમાન થયેલા તથા જયની લાલસાથી તીવ્ર પ્રહાર કરતા તે કૌરવો અને પાંડવો તીક્ષ્ણ શસ્ત્રોથી એકબીજાને મારવા મચી પડયા. મહાધનુર્ધર અને મહાતેજસ્વી તે દ્રોણાચાર્ય, પાંડવોની મોટી સેનાપ્રત્યે એકદમ વેગથી ધસી આવ્યા તથા સેંકડો તીક્ષ્ણ શસ્ત્રો વરસાવવા લાગ્યા. હે રાજન્! એ પ્રમાણે દ્રોણાચાર્યને પોતાની સામે ધસી આવેલા જોઇ, પાંડવો અને સૃંજયો. પણ જૂદી જૂદી બાણવૃષ્ટિ કરી તેના ધસારાને સ્વીકારી લેવા લાગ્યા. દ્રોણાચાર્યે પાંડવોની સેનાને એકદમ ખળભળાવી મૂકી તેમાં સખત ભંગાણ પાડયું. વાયુ જેમ વાદળાંને વીંખી નાખે તેમ તેણે પાંડવોની મહાસેનાને પાંચાલોસહિત વીંધી નાખી. તે યુદ્ધમાં અનેક પ્રકારનાં દિવ્ય અસ્ત્રોને પ્રકટ કરી દ્રોણાચાર્યે પાંડવ અનેસૃંજય યોદ્ધાઓને એક ક્ષણવારમાં ગભરાવી મૂકયા. એ રીતે ઇંદ્રવડે વધ કરાતા દાનવોની પેઠે દ્રોણાચાર્યથી વધ કરતા ધૃષ્ટદ્યુમ્ન વગેરે પાંચાલ યોદ્ધાઓ કંપી ઉઠયા. તે પછી દિવ્ય અસ્ત્રોને જાણનાર દ્રુપદ રાજાનો પુત્ર મહારથી ધૃષ્ટદ્યુમ્ન, બાણોનો વરસાદ વરસાવી દ્રોણના સૈન્યને અનેક પ્રકારે ભેદવા લાગ્યો. બળવાન ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યની બાણવૃષ્ટિને પોતે મૂકેલી બાણવૃષ્ટિથી ખાળી દઇને સર્વ કૌરવોને પણ મારવા માંડયા. તે વેળા મહાધનુર્ધર દ્રોણાચાર્યે પોતાના સૈન્યને વશ કરી યુદ્ધમાં બરાબર સ્થિર કરી ધૃષ્ટદ્યુમ્ન સામે ધસારો કર્યો. એકદમ ક્રોધાયમાન થયેલો ઇન્દ્ર જેમ દાનવોપર બાણોની વૃષ્ટિ કરે, તેમ તે દ્રોણાચાર્યે ધૃષ્ટદ્યુમ્નપ્રત્યે બાણોની વૃષ્ટિ છોડવા માંડી. ત્યારે દ્રોણનાં બાણોથી કંપાયમાન થયેલા પાંડવ અને સૃંજય યોદ્ધાઓમાં વારંવાર ભંગાણ પડવા લાગ્યું. જેમ સિંહના ભયથી કંપાયમાન થયેલાં મૃગનાં ટોળાંમાં મોટું ભંગાણ પડે,તેમ બળવાન દ્રોણાચાર્ય પાંડવોના સૈન્યમાં ઉંબાડિયાંની પેઠે એવા ઘૂમતા હતા કે જેથી હે રાજન્! તે બધાને આશ્ચર્ય જેવું લાગતું હતું.[૩૭,૫૩] આકાશમાં ઘૂમી રહેલા નગરસરખા, શાસ્ત્રોક્ત વિધિએ તૈયાર કરેલા, વાયુમાં ફરકતી પતાકાવાળા, સર્વને હર્ષ ઉપજાવનારા, હણહણાટ કરતા ઘોડાવાળા, સ્ફુટિકસમાન ઉજ્જવળ ધ્વજાવાળા તથા શત્રુઓને ત્રાસ પમાડનારા શ્રેષ્ઠ રથપર બેઠેલા દ્રોણાચાર્યે શત્રુઓની સેનાનો સંહાર કરી મૂકયો.[૫૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેક પર્વમાં
'દ્રોણનું પરાક્રમ' એ વિષયનો
અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય ૮ મો

દ્રોણવધનું સંક્ષિપ્ત કથન

॥ संजय उवाच ॥

तथा द्रोणमभिघ्नन्तं साश्वसूतरथद्विपान् ।
व्यथिताः पांडवा दृष्ट्वा न चैनं पर्यवारयन् ॥

સંજયે કહ્યું:—એ રીતે આચાર્યવડે ઘોડાઓ, સારથિઓ, રથો અને હાથીઓસહિત પોતાના સૈન્યનો સંહાર થઇ રહેલો જોઈ ગભ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાટમાં પડી ગયેલા પાંડવો તેમને અટકાવી શકયા નહિ.[૧] ત્યાર પછી યુધિષ્ઠિરરાજાએ ધૃષ્ટદ્યુમ્ન તથા અર્જુનને આજ્ઞા કરી કે, તમે બરાબર સાવધાન થઇ દ્રોણાચાર્યને ચોતરફથી આગળ વધતા અટકાવો.[૨] એ રીતે આજ્ઞા થતાં અર્જુન તથા ધૃષ્ટદ્યુમ્ને પોતાના અનુયાયીઓસહિત દ્રોણાચાર્ય સામે ધસારો કર્યો. એ જોઇ બીજા સર્વ મહારથીઓ પણ ત્યાં આવી પહોંચ્યા.[૩] કેકયકુમારો, ભીમસેન, અભિમન્યુ, ઘટોત્કચ, રાજા યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, મત્સ્યરાજ દ્રુપદરાજાના પુત્રો, હર્ષમાં આવી ગયેલા દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટકેતુ, સાત્યકિ, ક્રોધાયમાન થયેલો ચેકિતાન તથા મહારથી યુયુત્સુ વગેરે યોદ્ધાઓ તથા બીજા પાંડવોના અનુયાયી રાજાઓ, હે રાજન્! પોતપોતાનાં કુળ અને વીર્યને અનુસરતાં અનેક પ્રકારનાં પરાક્રમો કરવા લાગ્યા.[૪–૬] એ રીતે રણમાં પાંડવોએ રક્ષણ કરાતી તે સેનાને જોઇને દ્રોણાચાર્ય ક્રોધથી ડોળા ફાડીને નિરખવા લાગ્યા.[૭] રણસંગ્રામમાં અતિ દુર્જય એવા તે દ્રોણાચાર્યે તીવ્ર કોપ કરીને વાયુ જેમ વાદળાંને વિખેરી નાખે,તેમ પાંડવોના સૈન્યને વિખેરી નાખ્યું.[૮] આચાર્ય દ્રોણ પોતે વૃદ્ધ હતા છતાં પણ એક યુવાનની પેઠે રથીઓમાં, ઘોડેસ્વારોમાં, પાળાઓમાં અને હાથીસ્વારોમાં આમતેમ ચારેબાજુ ઉન્મત્તની પેઠે ઘૂમવા લાગ્યા.[૯] તે દ્રોણાચાર્યના વાયુસમાન વેગવાળા, લોહીથી રેબઝેબ શરીરવાળા, લાલ વર્ણના ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા ઘોડાઓ, હે રાજા! થાકયાવિના ચાલ્યાજ કરતા હતા.[૧૦] ક્રોધાયમાન થયેલા કાળની પેઠે ધસી આવતા નિયમિત વ્રતવાળા તે દ્રોણાચાર્યને જોઇ પાંડવપક્ષના યોદ્ધાઓ, આમતેમ ચારેબાજુ પલાયન કરવા લાગ્યા.[૧૧] નાસભાગ કરતા વારંવાર પાછું વાળીને જોતા અને વળી ઉભા રહેતા તે યોદ્ધાઓનો પરમ દારુણ ભયંકર શબ્દ થઇ રહ્યો.[૧૨] તે શબ્દ શૂરવીર પુરુષોને હર્ષ ઉપજાવતો હતો પણ બીકણ પુરુષોનો ભય વધારતો હતો. વળી તે શબ્દે આકાશ તથા પૃથ્વીના વિવરને ચારેબાજુથી પૂરી દીધું હતું. તે પછીથી તે દ્રોણાચાર્ય, યુદ્ધમાં પોતાનું નામ સંભળાવી સંભળાવીને ભયંકર સ્વરૂપ કરવા લાગ્યા અને શત્રુઓપર સેંકડો બાણો છોડવા લાગ્યા.[૧૪] હે રાજા! તે પ્રમાણે તે દ્રોણાચાર્ય પોતે વૃદ્ધ હતા છતાં પણ એક બળવાન તરુણની પેઠે પાંડવોનાં સૈન્યોમાં કાળની પેઠે ઘૂમવા લાગ્યા.[૧૫] તેણે અનેક યોદ્ધાઓનાં મસ્તકો કાપી નાખ્યાં, અનેકના સારાં સારાં આભૂષણોવાળા ઉગ્ર હાથોને પણ છેદી નાખ્યા તથા મોટા મોટા રથોની બેઠકોને શૂન્ય કરીને ગર્જના કરી મૂકી.[૧૬] હે રાજા! તેના હર્ષનાદથી અથવા બાણના વેગથી ટાઢથી પીડાતી ગાયોની પેઠે રણમાં યોદ્ધાઓ થરથરી ઉઠતા હતા.[૧૭] દ્રોણના રથના ઘોષથી, દોરીના ટંકારવથી તથા ધનુષ્યના શબ્દથી આકાશમાં મોટો પડઘો પડતો હતો.[૧૯] વળી એના ધનુષ્યમાંથી નીકળતાં હજારો બાણો સર્વ દિશાઓમાં વ્યાપ્ત થઇને હાથી, ઘોડા, રથ અને પાળાઓપર પડતાં હતાં.[૧૯] તે અરસામાં પાંડવ અને પંચાળ યોદ્ધાઓ, ધનુષ્યના મહાવેગવાળા, અસ્ત્રોથી બળતા અગ્નિ જેવા તે દ્રોણાચાર્યની પાસે આવી પહોંચ્યા;[૨૦] પણ તેઓને હાથી, ઘોડાઓ અને પાળાઓસહિત તેણે યમરાજાને ઘેર મોકલી દેવા માંડયા અને થોડા સમયમાં તો પૃથ્વીને લોહીના કીચડવાળી કરી મૂકી.[૨૧] પરમ દિવ્ય અસ્ત્રોને વિસ્તારતા અને અવિચ્છિન્નપણે બાણોને ફેંકી રહેલા તે દ્રોણાચાર્યે સર્વ દિશાઓમાં શરમંડપનો દેખાવ ખડો કરી દીધો.[૨૨] વાદળાંમાં જેમ વિજળી ચમકતી હોય, તેમ પાળાઓમાં, રથોમાં, ઘોડાઓમાં અને હાથીઓમાં–સર્વ સ્થળે તેમનો રથધ્વજ ફરકી રહેલો દેખાતો હતો.[૨૩] મહા ઉગ્ર પરાક્રમવાળા તે આચાર્ય કેકયોના પાંચ વીરોને તથા પાંચાળ રાજાને બાણોવડે હરાવી દઇ, હાથમાં ધનુષ્ય-બાણ લઇ યુધિષ્ઠિર રાજાના સૈન્ય તરફ ધસ્યા. તેવામાં ભીમસેન, અર્જુન, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, શૈબ્યનો પુત્ર કાશીરાજ અને શિબિ, એ બધાઓએ તે દ્રોણાચાર્યને ધસી આવતા જોઇ મોટી ગર્જના કરી બાણોની વૃષ્ટિ કરી મૂકી;[૨૫] પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામેથી દ્રોણાચાર્યના ધનુષ્યમાંથી છૂટેલાં સુવર્ણથી ચકચકિત મોઢીયાંવાળાં બાણો, તે યોદ્ધાઓનાં શરીરો ભેદી નાખીને તથા તેઓના હાથી, ઘોડા અને પાળાઓ વગેરેને પણ વીંધી નાખીને લોહીથી ખરડાયેલાં પીછાંવાળાં થઈ પૃથ્વીમાં પેસી ગયાં.[૨૬] તે સમયે અનેક યોદ્ધાઓના સમૂહોથી, રથોથી તથા બાણોથી ચીરાઇ ગયેલા હાથીઘોડાઓથી છવાઈ ગયેલી તે રણભૂમિ પ્રલયકાળના મેઘથી છવાઇ ગયેલા આકાશની પેઠે જણાતી હતી.[૨૭] તમારા પુત્રોની આબાદીને ઇચ્છીને દ્રોણાચાર્યે તે યુદ્ધમાં સાત્યકિને, ભીમસેનને, અર્જુનને, ધૃષ્ટદ્યુમ્નને, અભિમન્યુને, દ્રુપદરાજાને, કાશીરાજાને તથા બીજા ઘણા વીરોને હંફાવી દીધા હતા.[૨૮] હે કૌરવેન્દ્ર રાજન્! મહાત્મા દ્રોણાચાર્ય, તે યુદ્ધમાં આવાં બીજાં કેટલાંએક પરાક્રમો કરીને તથા પ્રલયકાળના સૂર્યની પેઠે લોકોને બરાબર તપાવીને પછીથી આ મનુષ્યલોકમાંથી સ્વર્ગલોકમાં ગયા હતા.[૨૯] એ રીતે સુવર્ણના રથવાળા તે આચાર્યે રણમાં પાંડવોના સેંકડો અને હજારો યોદ્ધાઓને હણી નાખ્યા હતા અને છેવટે પોતે ધૃષ્ટદ્યુમ્નના હાથે પડયા હતા. યુદ્ધમાં પાછા ન હઠે તેવા એક અક્ષૌહિણીથી કંઇક અધિક યોદ્ધાઓને માર્યા પછીજ તે ધીર દ્રોણ, પરમ ગતિને પામ્યા હતા.[૩૧] હે રાજન્! ક્રૂર કર્મોવાળા અશુભ પાંચાળોસહિત પાંડવોએ અતિ દુષ્કર કર્મ કર્યા પછીજ તે સુવર્ણના રથવાળા દ્રોણાચાર્યને મારી શકયા હતા.[૩૨] જ્યારે આચાર્ય યુદ્ધમાં માર્યા ગયા હતા ત્યારે હે રાજન્! સર્વ સૈન્યોનો તથા સર્વ ભૂતોનો મહાન શબ્દ આકાશમાં થઇ રહ્યો હતો. આકાશ, પૃથ્વી, દિશા અને વિદિશાઓને ગજાવી મૂકનારો "અરે ધિક્કાર છે" એવો સર્વ ભૂતોનો શબ્દ અતિ તીવ્ર થઇ રહ્યો હતો.[૩૪] દેવતાઓ, પિતરો અને એમના પૂર્વકાળના બાંધવો રણભૂમિપર મરણ પામેલા મહારથી દ્રોણાચાર્યને જોઇ રહ્યા હતા.[૩૫] તે વેળા પાંડવો તો જય મેળવીને સિંહનાદો કરતા હતા કે જે મહાન સિંહનાદોથી આખી પૃથ્વી કંપી ઉઠી હતી.[૩૬]

અધ્યાય ૯ મો

ધૃતરાષ્ટ્રનો શોક

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

किं कुर्वाणं रणे द्रोणं जघ्नुः पांडवसृंजयाः ।
तथा निपुणमस्त्रेषु सर्वशस्त्रभृतामपि ॥१॥

ધૃતરાષ્ટ્ર પૂછયું:—સર્વ શસ્ત્રધારીઓમાં તથા સર્વ અસ્ત્રોમાં મહાનિપુણ એવા પણ દ્રોણાચાર્યને પાંડવો અને સૃંજયોએ મારી નાખ્યા તો તે, રણસંગ્રામમાં શું કરતા હતા?[૧] શું તે વેળા તેમનો રથ ભાંગી ગયો હતો? અથવા બાણો ફેંકતાં ફેંકતાં એમનું ધનુષ્ય ભાંગી ગયું હતું કે તે પોતે તે સમયે પ્રમાદી બની ગયા હતા, કે જેથી તે મૃત્યુને પામ્યા?[૨] હે તાત! શત્રુઓથી દુરાધર્ષ, સોનેરી અગ્રભાગવાળાં અનેક બાણોને છોડી રહેલા, ચાલાક હાથવાળા, બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ અનેક પ્રકારનાં તરેહ તરેહનાં યુદ્ધ કરનાર, ઘણા દૂર પ્રદેશ સુધી પણ બાણો છોડી શકનાર, ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર તથા જાત જાતનાં દિવ્ય અસ્ત્રના યુદ્ધમાં પાર પામનાર, દિવ્ય અસ્ત્રોને ધારણ કરનાર, અસ્ખલિત પ્રભાવવાળા, રણમાં સાવધાન રહી દારુણ કર્મ કરનાર એવા પણ મહારથી દ્રોણાચાર્યને દ્રુપદરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન કેવી રીતે મારી શકયો?[૩-૫] અવશ્ય પુરુષાર્થના કરતાં દૈવજ બળવાન છે એમ મારૂં માનવું છે; કારણકે તેવા શૂરવીર દ્રોણાચાર્યને મહાત્મા ધૃષ્ટદ્યુમ્ન મારી ગયો.[૬] વળી જે વીરની અંદર ચાર પ્રકારનાં અસ્ત્રો આશ્રય કરીને રહેલાં હતાં તે મોટા ધનુર્ધરોના આચાર્ય દ્રોણને તું મારી પાસે મરાયેલા કહે છે; માટેજ દૈવ, પુરુષાર્થ કરતાં બળવાન છે. અરેરે! સુવર્ણના રથવાળા, વ્યાઘ્રચર્મને ધારણ કરનારા અને સુવર્ણનાં આભૂષણોવાળા આચાર્ય દ્રોણને મરણ પામેલા સાંભળી આજે હું શોકના વેગને રોકી શકતો નથી.[૮] હે સંજય! અવશ્ય પારકાંના દુઃખથી કોઇપણ મરી જતું નથી; કારણકે હું પોતેજ દ્રોણાચાર્યને મરણ પામેલા સાંભળી મંદબુદ્ધિવાળો મરી જતો નથી—પણ જીવું છું.[૯] અવશ્ય હું તો દૈવનેજ શ્રેષ્ઠ માનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું, પુરુષાર્થને તો નકામોજ માનું છું. અરે હાય! મારૂં હૃદય વજ્રથીજ બનેલું હોવું જોઇએ; કારણ કે આજે દ્રોણાચાર્યને મરણ પામેલા સાંભળીને પણ તે સો ટુકડા થઇ ચીરાઈ જતું નથી. ગુણ મેળવવાની ઇચ્છાવાળા બ્રાહ્મણો અને રાજપુત્રો બ્રહ્માસ્ત્ર તથા અનેક જાતના દૈવાસ્ત્રો માટે જે આચાર્યની ઉપાસના કરતાહતા તે આચાર્યનું મૃત્યુએ કેવી રીતે હરણ કર્યું? સમુદ્રના શોષણની પેઠે, મેરુપર્વતના ચલનની પેઠે તથા સૂર્યના પતનની પેઠે, હું દ્રોણાચાર્યના મરણને સહન કરી શકતો નથી. તે આચાર્ય દુષ્ટોને શિક્ષા કરનારા હતા અને ધાર્મિકોનું રક્ષણ કરનારાહતા.[૧૦–૧૩] શત્રુઓને તપાવનાર જે આચાર્યે દુર્યોધન જેવા કૃપણને માટે પોતાના પ્રાણોનો ત્યાગ કર્યો છે અને વળી જે આચાર્યના પરાક્રમપર મારા મંદબુદ્ધિના પુત્રોની જીતની આશા રહેલી હતી; જે નીતિશાસ્ત્રમાં તથા બુદ્ધિમાં બૃહસ્પતિ અને શુક્રાચાર્ય જેવા હતા તે દ્રોણાચાર્ય કેમ માર્યા ગયા? લાલરંગના, કદાવર, સોનેરી ઝૂલોથી ઢંકાયેલા વાયુસમાન વેગવાળા, રણમાં સર્વપ્રકારનાં શસ્ત્રોનું ઉલ્લંઘન કરનાર, બળવાન, હણહણાટ કરનારા, દમવાળા, સિંધુદેશમાં ઉત્પન્ન થયેલા, સારી રીતે રથને લઇ જનારા અને મજબુત એવા તે આચાર્યના રથમાં જોડેલા ઘોડાઓ, તે સમયે રણસંગ્રામમાં શું વિહ્વલ થઈ ગયા હતા? તે ઘોડાઓ યુદ્ધમાં હાથીઓની ગર્જનાઓને, શંખ અને દુંદુભિઓના શબ્દોને, ધનુષ્યની દોરીઓના ટંકારવને, બાણોની તથા શસ્ત્રોની વૃષ્ટિને સહન કરનારા હતા; વળી તેઓ શત્રુઓને જીતવામાટે પ્રથમથીજ સૂચવનારા હતા; શ્વાસને રોકનારા હતા તેમ વ્યથાને સહન કરનારા હતા; આવા વેગવાન દ્રોણાચાર્યના રથને લઇ જનારા તે ઘોડાઓ, શું રણમાં પાછા હઠયા હતા? હે તાત સંજય! સુવર્ણના રથમાં જોડેલા તથા વીરપુરુષે સજ્જ કરેલા તે ઘોડાઓ, પાંડવોની સેનાને કેમ તરી શકયા નહિ? સુવર્ણથી મઢેલા ઉત્તમ રથપર બેસીને સત્ય પરાક્રમવાળા દ્રોણાચાર્યે યુદ્ધમાં શું કર્યું હતું? સર્વ લોકના ધનુર્ધરો જે આચાર્યની વિદ્યાનો આશ્રય કરે છે તે સત્ય પ્રતિજ્ઞાવાળા બળવાન દ્રોણે યુદ્ધમાં શું કર્યું હતું? સ્વર્ગમાં શ્રેષ્ઠ ઇંદ્રની પાછળ જેમ દેવતાઓ જાય, તેમ ધનુર્ધરોમાં મુખ્ય રૌદ્રકર્મ કરવાવાળા તે દ્રોણાચાર્યની પાછળ કયાકયા મહારથીઓ યુદ્ધમાં સાથે ચાલ્યા હતા. અરે, પણ યુદ્ધમાં દિવ્ય અસ્ત્રોને છોડનારા મહા બળવાન તે સુવર્ણના રથવાળા દ્રોણાચાર્યને જોઇ પાંડવો તો હમેશાં પલાયનજ કરી જતા હતા; અથવા એમ બન્યું હશે કે પોતાના ભાઈઓ તથા સર્વ સન્યને સાથે લઈ ધર્મરાજાએ ધૃષ્ટદ્યુમ્નરૂપ બાંધવાની દોરીયુક્ત થઈ તે દ્રોણાચાર્યને ચોતરફથી ઘેરી લીધા હશે; અને અવશ્ય અર્જુને સીધી ગતિવાળાં બાણો મૂકી દ્રોણાચાર્યની મદદમાં રહેલા બીજા સર્વ મહારથીઓને અટકાવી રાખ્યા હશે અને ત્યારપછીજ પાપકર્મ કરનારો ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્ય પર ચઢી આવ્યો હશે. તેજસ્વી એવા તે આચાર્યનો વધ કરવામાં અર્જુનના રક્ષણતળે રહેલા દુષ્ટ ધૃષ્ટદ્યુમ્ન સિવાય બીજો કોઇ પુરુષ મારા જોવામાં આવતો નથી. અર્જુનઆદિ સર્વ યોદ્ધાઓથી વીંટાઇને તે અધમ શૂરા ધૃષ્ટદ્યુમ્ને ન બની શકે તેવું પરાક્રમ કરવામાં આસક્ત થયેલા આચાર્યને કેકય, ચેદિ, કારૂષ, મત્સ્ય અને બીજા રાજાઓદ્વારા ગભરાવી નાખીને કીડીઓથી ગભરાયલા સર્પની પેઠે મારી નાખ્યા હશે એમ હું માનું છું. જે દ્રોણાચાર્ય, ઇતિહાસ જેમાં પાંચમો છે તેવા અંગસહિત ચારેય વેદોને ભણીને નદીઓને જેમ સમુદ્ર આશ્રયભૂત છે તેમ બ્રાહ્મણોના આશ્રયભૂત હતા; વળી જે શત્રુતાપન દ્રોણ, બ્રાહ્મણોના તથા ક્ષત્રિયોના પણ આધારહતા.[૧૪,૩૦] હાય અફસોસ! તે વૃદ્ધ બ્રાહ્મણ શસ્ત્રથી મરણ પામ્યા. જે વેળા પ્રથમ હું દ્વેષ કરી પાંડવોને દુઃખ દેતો હતો તે વેળા દયા કરવાને અયોગ્ય એવા તે કુંતાના પુત્રોપર તે દયા કરતા હતા, તે કર્મનું તેમને છેવટે ફળ તો આજ મળ્યું ને! જેના કર્મની પાછળ સર્વ ધનુર્ધારીઓ આજીવિકા કરે છે, તે સત્ય પ્રતિજ્ઞાવાળા પુણ્યશાળી પોતાના ગુરુને રાજ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મીની ઇચ્છાથી પાંડવોએ કેમ માર્યા? સ્વર્ગમાં ઇન્દ્રની પેઠે જે પૃથ્વીમાં શ્રેષ્ઠ હતા, મહા ધૈર્યવાળા હતા અને મહાબળવાન હતા, તે દ્રોણાચાર્યને નાનાં માછલાંઓ જેમ મોટા મગરમચ્છને મારી નાખે તેમ, પાંડવો કેમ મારી શકયા? હાથની ચાલાકીવાળો, બળવાન, મજબૂત ધનુષ્યવાળો અને શત્રુઓનો સંહાર કરનારો એવો પણ કોઈ પુરુષ વિજયની ઇચ્છાથી જો દ્રોણાચાર્ય સામે જાય તો અવશ્ય તે જીવતો ન રહે. જ્યારે તે જીવતા હતા ત્યારે, આ બે ઘોષોએ તેમને કદી છોડયા ન હતા. એક તો વેદ પઠનની ઇચ્છાવાળા બ્રાહ્મણોના વેદઘોષે તથા ધનુર્ધારીઓની પ્રત્યંચાના ઘોષે. એવા અદીન, પુરુષોમાં વ્યાઘ્ર જેવા, લજ્જાવાળા પરાજય નહિ પામનારા તથા સિંહ અને હાથીસમાન પરાક્રમવાળા તે દ્રોણાચાર્યના નાશને હું સહન કરી શકતો નથી. હે સંજય! શત્રુઓથી દુરાધર્ષ, તિરસ્કાર ન કરવાયોગ્ય, યશ અને બળવાળા તે દ્રોણાચાર્યને મોટા મોટા પુરુષોની સમક્ષ યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ન કેવી રીતે મારી ગયો? દ્રોણનું સમીપમાં રક્ષણ કરનારા કયા યોદ્ધાઓ તેમની આગળ રહી લડતા હતા? તથા દુષ્પ્રાપ્ય ગતિને પામનારા કયા યોદ્ધાઓ તેમની પાછળ રહ્યા હતા? તે મહાત્મા દ્રોણના રથના જમણા પૈડાંનું તથા ડાબા પૈડાંનું કોણ રક્ષણ કરતા હતા? વીર દ્રોણાચાર્ય જ્યારે યુદ્ધમાં લડતા હતા ત્યારે કયા કયા પુરુષો તેમની આગળ રહેલા હતા અને કયા કયા પુરુષો તેમને માટે પોતાનાં શરીરોનો ત્યાગ કરી સર્વના વિરોધી મૃત્યુને પામી ગયા? તેમના યુદ્ધમાં કયા કયા પુરુષોએ ઉત્કૃષ્ટ ધૈર્ય ધર્યું હતું? શું તેમનું રક્ષણ કરનારા મંદબુદ્ધિના ક્ષત્રિયોએ રણમાં ભયથી તેમનો ત્યાગ તો કર્યો ન હતો? અને પછીથી એકલા પડેલા તેમને શત્રુઓએ મારી નાખ્યા હતા કે શું? પરમ આપત્તિને પામીને પણ રણમાં શત્રુના ભયથી કદીપણ તે આચાર્ય પાછી પાની કરી પોતાની પૂંઠ બતાવેજ નહિ, તેવા તો તે શૂરવીર હતા; છતાં શત્રુઓએ તેમને કેવી રીતે માર્યા? હે સંજય! આર્ય પુરુષનું કર્તવ્ય એજ છે કે મહાકષ્ટકારક આપત્તિમાં યથાશક્તિ પરાક્રમ કરવું જોઇએ, તે કર્તવ્ય તેમનામાં હતું. હે તાત સંજય! મારૂં મન મુંઝાય છે, માટે હાલ તુરતમાં કથા બંધ રાખ. ફરીથી જ્યારે મને બરાબર ભાન આવશે ત્યારે હું તને પૂછીશ.[૩૧-૪૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'ધૃતરાષ્ટ્રનો શોક' એ વિષયનો અધ્યાય ૯ મો સમાપ્ત

અધ્યાય ૧૦ મો

ધૃતરાષ્ટ્રના પ્રશ્નો

॥ વૈશંપાયન ઉવાચ ॥

एतत्पृष्ट्वासूतपुत्रं हृच्छोके नार्दितो भृशम् ।
जये निराशः पुत्राणां धृतराष्ट्रोऽपतत्क्षितौ॥

વૈશંપાયને કહ્યું:-હે જનમેજય રાજા! એ પ્રમાણે સંજયને પૂછીને હૃદયના શોકથી અત્યંત પીડાયેલા તથા પોતાના પુત્રોના વિજયમાં નિરાશ થયેલા ધૃતરાષ્ટ્ર, પૃથ્વીપર ગબડી પડયા.[૧] બેભાન થઇ પૃથ્વીપર ઢળી પડેલા તે ધૃતરાષ્ટ્ર રાજાને દાસીઓ અત્યંત ઠંડાં જળ છાંટવા લાગી તથા સુગંધી વાયુથી પંખો નાખવા લાગી.[૨] એ ધૃતરાષ્ટ્રરાજાને પડી ગયેલા જોઇ સર્વ રાણીઓ પણ ત્યાં આવી તેમને વીંટાઈ વળી અને પોતાના હાથવડે પંપાળવા લાગી.[૩] રુદન કરતી તે સુંદર સ્ત્રીઓએ ધીમે ધીમે રાજાને પૃથ્વીપરથી ઉઠાડીને આસનપર બેસાડયા.[૪] મૂર્છાથી વ્યાપ્ત થયેલા તે ધૃતરાષ્ટ્રરાજા પવન નાખવા છતાં પણ આસનપર આવીને ચેષ્ટાવિનાનાજ બેસી રહ્યા હતા.[૫] ત્યારપછી ધીમે ધીમે ભાનમાં આવીને થરથરાટ ધ્રૂજતા તે ધૃતરાષ્ટ્રરાજાએ પુનઃ સંજયને યથાયોગ્ય પ્રશ્ન કર્યા.[૬]

ધૃતરાષ્ટ્રે કહ્યું:-પોતાના તેજથી અંધકારનો નાશ કરી ઉદય પામતા સૂર્યની પેઠે રણસંગ્રામમાં ધસી આવતા, મદોન્મત્ત હાથીની પેઠે ક્રોધાયમાન થયેલા, બળવાન, પ્રસન્ન મુખવાળા તથા હાથીસમાન ગતિવાળા અજાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુ–યુધિષ્ઠિરરાજાને ચઢી આવેલા જોઇને કયો યોદ્ધો તેમને દ્રોણાચાર્યની પાસેથી દૂર લઇ ગયો હતો? જેમ કોઈ અજીત હાથીને હાથણી સાથેના સંગમકાળે બીજા હાથીઓ અટકાવી શકતા નથી તેમ તે વીર પુરુષશ્રેષ્ઠે રણમાં ઘણા વીરોને મારી નાખ્યા છે.[૭,૯] મહાપરાક્રમવાળો ધૈર્યવાળો, તથા સત્યપ્રતિજ્ઞાવાળો તે એકલો યુધિષ્ઠિર રાજાજ, પોતાની ઘોર દૃષ્ટિથી દુર્યોધનનાં સમગ્ર સૈન્યને બાળી શકે તેમ છે.[૧૦] આંખોને આંજી નાખનારા, વિજય મેળવવામાં આસક્ત થયેલા, અસ્ખલિત ધૈર્યવાળા, ઇંદ્રિયોને વશ રાખનારા, તથા લોકોમાં બહુ માનીતા થઇ પડેલા તે મહાધનુર્ધર યુધિષ્ઠિરરાજાને કયા શૂરવીરોએ અટકાવ્યો હતો? [૧૧] મોટાં ધનુષને ધારણ કરનાર, અસ્ખલિત પ્રભાવવાળા, દુરાધર્ષ તે પુરુષવ્યાઘ્ર યુધિષ્ઠિરરાજાની સામે, મારા પુત્રો માંહેનો કોણ થયો હતો? [૧૨] કોણે એકદમ બળપૂર્વક આવીને દ્રોણસામે ધસારો કર્યો હશે? વળી મહાબળવાન, પ્રચંડ શરીરવાળો, મહાન ઉત્સાહવાળો અને બળમાં દશ હજાર હાથીસમાન એવો જે ભીમસેન શત્રુઓમાં મહાન પરાક્રમ કરી શકે તેવો છે, તે ધસી આવતા ભીમસેનને આપણા માંહેના કયા શૂરવીરોએ રોકયો હતો? [૧૩,૧૪] વળી મેઘસમાન એવો મહારથી, પરમવીર્યવાળો, મેઘ જેમ તુમુલ વિજળીઓના કડાકાને છોડે તેમ તથા ઇંદ્ર જેમ વરસાદ છોડે તેમ બાણોના સમૂહોને છોડતો, હાથના તળીયાંના તથા રથની નેમિના ઘોષથી સર્વ દિશાઓને ગજાવી મૂકતો, ધનુષ્યરૂપી વિજળીના ઝબકારાવાળો, ભયંકર, રથના ઘેરાવારૂપ વાદળવાળો, નેમિની ગર્જનાવાળો, બાણોના શબ્દથી મનોહર, રોષથી મેઘનો પણ જય કરનાર, મનના અભિપ્રાયસમાન શીઘ્ર વેગવાળો, મર્મમાં પ્રહાર કરનારો, બાણોને ધારણ કરનારો, મનુષ્યોનાં લોહીરૂપ જળથી સર્વ દિશાઓને રેલછેલ કરતો, આખી પૃથ્વીને લોહીથી છાઈ દેતો, ભયંકર શબ્દવાળો, રૌદ્ર, ગાંડીવધનુષ્યને ધારણ કરનારો–એવો અર્જુન જ્યારે આપણી સેનામાં ધસી આવ્યો; અને ગીધનાં પીછાંવાળાં, પત્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં બાણો દુર્યોધન વગેરેનાપર વરસાવવા મંડી પડયો, ત્યારે તમારા બધાના મનમાં શું થયું હતું? શ્રેષ્ઠ વાનરના ચિહ્નની ધ્વજાવાળો તે અર્જુન આકાશને બાણોથી વ્યાપ્ત કરતો જ્યારે ધસી આવ્યો, ત્યારે તેને જોનારાઓને કેમ લાગ્યું હતું? ભયંકર કર્મને કરતો તે અર્જુન જોસભેર જ્યારે ધસી આવ્યો, ત્યારે તેના ગાંડીવના શબ્દથી આપણું સૈન્ય નાસી ગયું તો નહતું?[૨૨] વાયુ જેમ વેગથી મેઘોને છિન્ન ભિન્ન કરી નાખે તેમ, બાણોવડે રાજાઓને છિન્ન ભિન્ન કરી નાખનારા અર્જુને બાણોવડે તમારા પ્રાણોને દૂર કરી દીધા નહતા ને?[૨૩] ગાંડીવધનુર્ધર અર્જુનને રણમાં સહન કરવાને કયો પુરુષ યોગ્ય છે? જેને સેનાના મોખરામાં આવેલા સાંભળીને સર્વ મનુષ્યનાં હૃદય ચીરાઇ જાય![૨૪] જે વેળા અર્જુન ત્યાં આવી પહોંચ્યો હશે તે વેળા આપણી સેના કંપી ગઇ હશે; તથા મોટા મોટા વીર પુરુષોને પણ ભય થયું હશે! તે સમયે કયા કયા પુરુષોએ દ્રોણનો ત્યાગ નહોતો કર્યો અને કયા કયા ક્ષુદ્ર પુરુષો ભયથી નાસી ગયા હતા? [૨૫] વળી તે વખતે કયા કયા વીર પુરુષો પોતાના શરીરનો ત્યાગ કરી સર્વના વૈરી મૃત્યુને વશ થયા હતા? અર્જુન, યુદ્ધમાં દેવોને પણ જીતનારો છે. [૨૬] શ્વેત અશ્વવાળા તે અર્જુનના વેગને તથા વર્ષાકાળના મેઘની ગર્જનાસમાન ગાંડીવધનુષ્યના ઘોષને મારા પુત્રો સહન કરી શકશે નહિ.[૨૭] જેના શ્રીકૃષ્ણ હાંકનાર છે અને જેમાં બેસી અર્જુન યુદ્ધ કરનાર છે, તે અર્જુનના રથને હું માનું છું કે, દેવો કે અસુરો પણ જીતી શકે નહિ. અતિ સુકુમાર, તરુણ, શૂરવીર, દેખાવડો, બુદ્ધિમાન, યુદ્ધમાં સત્ય પરાક્રમવાળો, મોટો શબ્દ કરી સર્વ સૈનિકોને વ્યથા ઉપજાવનારો પાંડુપુત્ર નકુલ, જ્યારે દ્રોણ સામે ધસી આવ્યો ત્યારે કયા શૂરવીરોએ તેને રોકી રાખ્યો હતો?[૨૯,૩૦] ક્રોધાયમાનસર્પનીપેઠે ફૂંફાડા મારતો, શત્રુઓનો વિનાશ કરતો, શ્રેષ્ઠ વ્રતવાળો, અમોઘ બાણવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બો, લજ્જાવાળો તથા પરાજય નહિ પામનારો સહદેવ જ્યારે દ્રોણ સામે ધસી આવ્યો ત્યારે કયા શૂરવીરોએ તેને અટકાવ્યો હતો ?[૩૧,૩૨] જેણે સૌવીરરાજાની મહાન સેનાનો પરાજય કરી, કામના કરવાયોગ્ય, સર્વાંગ સુંદરી ભોજાને પોતાની રાણી તરીકે સ્વીકારી છે, વળી પુરુષોમાં શ્રેષ્ઠ જે મહાત્મામાં સત્ય, ધૈર્ય, શૌર્ય, અને બ્રહ્મચર્ય હમેશાં સ્થિર થઇને રહેલાં છે, વળી જે બળવાન, સત્યકર્મી, અદીન, અજીત, અને યુદ્ધમાં શ્રીકૃષ્ણસમાન છે તથા શસ્ત્ર વિદ્યામાં અને અસ્ત્રવિદ્યામાં જે અર્જુનના ઉપદેશથી શ્રેષ્ઠ થયેલો છે તેમજ સર્વ દિવ્ય અસ્ત્રોમાં જે અર્જુનસમાન છે, તે સાત્યકિને દ્રોણાચાર્ય પાસેથી કયા વીર પુરુષે હઠાવ્યો હતો ? વળી તે સાત્યકિ યાદવોમાં શ્રેષ્ઠ છે, સર્વ ધનુર્ધરોમાં એક્કો છે, વીર છે, અસ્ત્રોમાં, યશમાં તથા પરાક્રમમાં રામના સરખો છે. કેશવની અંદર જેમ ત્રૈલોક્ય વસી રહેલું છે, તેમ સત્ય ધૈર્ય, બુદ્ધિ, શૌર્ય અને ઉત્તમ બ્રહ્માસ્ત્ર એ બધાં સાત્યકિમાં વસી રહેલાં છે. આવા પ્રકારના ગુણોથી યુક્ત દેવતાઓથી પણ ન અટકાવી શકાય એવા તે મહાધનુર્ધર સાત્યકિસામે આવીને કયા શૂરવીરોએ તેને અટકાવ્યો હતો ?[૩૩-૩૯] પંચાળ યોદ્ધાઓમાં ઉત્તમ વીર, પોતાના ઉત્તમ કુંટુંબીઓમાં પ્રિય થઇ પડેલા, હમેશાં ઉત્તમ કર્મ કરનાર, યુદ્ધમાં ઉત્તમ તેજવાળા, અર્જુનનું હિત કરવામાં જોડાયેલા, મારૂં અહિત કરવામાં સજ્જ થયેલા યમ, કુબેર, સૂર્ય, ઇંદ્ર અને વરુણસમાનમહારથી તરીકેપ્રસિદ્ધ થયેલા, દ્રોણસામે યુદ્ધકરવા તૈયારથયેલા તથા તુમુલ યુદ્ધમાં પણ પ્રાણોને ઝંપલાવનાર ધૃષ્ટદ્યુમ્નને કયા પુરુષોએ અટકાવ્યો હતો ?[૪૦-૪૨] વળી જે ધૃષ્ટકેતુ પોતે એકલોજ ચેદી યોદ્ધાઓમાંથી જુદો પડીને પાંડવોનો આશ્રિતથયેલોછે, તે જ્યારે દ્રોણાચાર્ય સામે ચઢી આવ્યો ત્યારે તેને કોણે રોકયો હતો ?[૪૩] જે વીર કેતુમાને અપરાંત નામના ગિરિદ્વાર ાં દુર્જય એવા રાજપુત્રને મારી નાખ્યો છે, તે કેતુમાનને દ્રોણાચાર્ય પાસેથી કોણે હઠાવ્યો ?[૪૪] વળી જે પુરુષવ્યાઘ્ર, સ્ત્રી અને પુરુષમાં રહેલા ગુણો તથા અવગુણોને જાણે છે તથા જે મહાત્મા ભીષ્મનાં મૃત્યુનું કારણ થયેલો છે અને જે યુદ્ધમાં ઉત્સાહયુક્ત મનવાળો છે તે દ્રુપદરાજાનો પુત્ર શિખંડી, જ્યારે દ્રોણ સામે ચઢી આવ્યો ત્યારે તેને કયા શૂરવીરોએ રોકી રાખ્યો હતો ?[૪૫,૪૬] જે વીરની અંદર અર્જુનના કરતાં પણ અધિક સર્વ ગુણો છે, જેની અંદર દિવ્ય અસ્ત્રો, સત્ય અને બ્રહ્મચર્ય સર્વદા રહેલું છે તથા જે વીર્યમાં શ્રીકૃષ્ણસમાન છે, બળમાં અર્જુનસમાન છે, તેજમાં સૂર્યસમાન છે, અને બુદ્ધિમાં બૃહસ્પતિસમાન છે તે મહાત્મા અભિમન્યુ ફાડેલા મુખવાળા કાળની પેઠે જ્યારે દ્રોણ સામે ધસી ગયો, ત્યારે કયા વીરોએ તેને અટકાવી રાખ્યો હતો ? [૪૭,૪૯] બુદ્ધિમાન, શત્રુવીરોનો સંહાર કરનાર સુભદ્રાનો તરુણ પુત્ર અભિમન્યુ જ્યારે દ્રોણસામે દોડી આવ્યો, ત્યારે તમારૂં મન કેવું થયું હતું ?[૫૦] પુરુષોમાં વ્યાઘ્રજેવા દ્રૌપદીના પાંચેય પુત્રો નદો જેમ સમુદ્રતરફ ધસે તેમ, જ્યારે દ્રોણસામે ધસી આવ્યા હતા ત્યારે તેમને યુદ્ધમાં કયા વીર પુરુષોએ અટકાવ્યા હતા?[૫૧] ક્ષત્રંજય, ક્ષત્રદેવ, ક્ષત્રવર્મા અને માનદ નામના ધૃષ્ટદ્યુમ્નના વીરપુત્રો જ્યારે બાળક હતા, ત્યારે રમત ગમત છોડી દઇને અસ્ત્રો શિખવામાટે ઉત્તમ વ્રત ધારણ કરી ભીષ્મની પાસે રહ્યા હતા, તેઓને દ્રોણપર ધસારો કરતાં કોણે અટકાવ્યા હતા?[૫૩] વળી મહાધનુર્ધર જે ચેકિતાનને યાદવો યુદ્ધમાં એકલો હોય તોપણ સૌથી અધિક માને છે, તેને દ્રોણ સામેથી કોણે પાછો હઠાવ્યો હતો? જેણે કલિંગોની કન્યાનું યુદ્ધમાં હરણ કર્યું હતું, તે વૃદ્ધક્ષેત્રના પુત્ર અદીનાત્મા અનાધૃષ્ટિને દ્રોણપર ચઢાઇ કરતાં કોણે વાર્યો હતો ?[૫૫] જે પાંચ કેકય રાજકુમારો ધાર્મિક, સત્ય પરાક્રમવાળા, લાલરંગનાં કવચો, આયુધો અને ધ્વજાવાળા છે અને તેથીજ જે ઇન્દ્રગોપસરખા દેખાય છે, તે જયની ઇચ્છાવાળા, વીર અને પાંડવોની માસીના છોકરા જ્યારે દ્રોણને મારી નાખવા ચઢી આવ્યા, ત્યારે તેમને કોણે અટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યા હતા ? ૫૬–૫૭ યુદ્ધ કરનારાઓમાં મુખ્ય, ધનુર્ધરોમાં શ્રેષ્ઠ, સત્યપ્રતિજ્ઞાવાળા, મહાબળવાન અને શૂરવીર એવા જે યુયુત્સુને વારણાવત નગરમાં મારી નાખવાની ઇચ્છાથી છ મહિનાસુધી ક્રોધાયમાન થઇ યુદ્ધ કરનારા રાજાઓ જીતી શક્યા નહતા; તે પુરુષવ્યાઘ્રને દ્રોણાચાર્ય સામેથી કોણે વાર્યો હતો ?[૫૮,૫૯] જેણે વારાણસી નગરીમાં સ્ત્રીઓમાં લુબ્ધ એવા કાશીરાજના પુત્રને યુદ્ધમાં ભાલાનો પ્રહાર કરી રથપરથી ઢોળી પાડયો હતો, તે મહાધનુર્ધર, પાંડવોના ગુપ્ત વિચારોનો આશ્રય, દુર્યોધનનો અનર્થ કરવામાં યુક્ત, દ્રોણનો વધ કરવા જન્મેલ તથા રણમાં ચોતરફથી યોદ્ધાઓનો સંહારકર્તા ધૃષ્ટદ્યુમ્નને દ્રોણાચાર્યની સામે આવતાં કયા વીરોએ અટકાવ્યો હતો ? [૬૦–૬૨]હમેશાં દ્રુપદરાજાના ખોળમાંજ ઉછરીને મોટા થયેલા, અતિશય અસ્ત્રવેત્તા અને શસ્ત્રોથી રક્ષિત રહેલા શિખંડીના પુત્રને દ્રોણ સામેથી કોણે વાર્યો હતો ?[૬૩] જે મહારથીએ પોતાના મહાન રથના ઘોષથી આખી પૃથ્વીને ચામડાંની પેઠે વીંટી લીધી હતી; વળી જેણે સારાં અન્નપાન તથા સંપૂર્ણ દક્ષિણાવાળા દશ અશ્વમેધ યજ્ઞોને તથા સર્વ પ્રકારની છૂટવાળા કેટલાએક સર્વમેધ નામના યજ્ઞોને કર્યા હતા અને જેણે પુત્રની પેઠે પ્રજાઓનું પાલન કરેલું છે, તેમજ જે ઉશીનરના પુત્રે યજ્ઞમાં ગંગાપ્રવાહમાં જેટલી રેતી છે તેટલી સંખ્યાવાળી સમગ્ર ગાયોનું દાન કરેલું છે અને આવું દુષ્કર કર્મ કરવાથી જેને માટે દેવોએ પણ કહ્યું છે કે:–"કોઇ પણ પૂર્વકાળના મનુષ્યોએ આવું કર્મ કરેલું નથી. સ્થાવર જંગમાત્મક ત્રણેય લોકમાં આવો બીજો પુરુષ જન્મેલો નથી તેમ હવે જન્મશે પણ નહિ. આ ઉશીનરના પુત્ર શૈબ્યસમાન બીજો કોઇ પુરુષ પૃથ્વીની ધૂરાને ધારણ કરનારો અમારા જોવામાં આવ્યો નથી. મનુષ્યલોકમાં વસનારાઓ આની ગતિને પામશે નહિ," તેનો પૌત્ર શૈબ્યરાજા, ફાડેલા મુખવાળા કાળની પેઠે બરાબર સજ્જ થઈ દ્રોણનીસામે ધસી આવ્યો, ત્યારે તેને કોણે વાર્યો હતો?[૭૦] શત્રુઓનો નાશ કરનાર મત્સ્યરાજ વિરાટનું રથસૈન્ય જ્યારે દ્રોણસામે ચઢી આવ્યું, ત્યારે કયા વીરોએ તેને અટકાવ્યું હતું ?[૭૧] તુરતજ ભીમસેનથી ઉત્પન્ન થયેલો, મહાન બળ અને પરાક્રમવાળો, માયાવી રાક્ષસ ઘટોત્કચ કે જે વીરથી મને મોટું ભય લાગે છે અને જે પાંડવોના જયની ઇચ્છાવાળો છે તથા મારા પુત્રોને એક કંટકરૂપ છે,તે મહાત્મા ઘટોત્કચને દ્રોણાચાર્ય પાસેથી કોણે વાર્યો હતો ?[૭૨,૭૩] હે સંજય ! આ પૂર્વે કહેલા પુરુષો અને તે સિવાયના બીજા અનેક પુરુષો જે પાંડવોને માટે યુદ્ધમાં પ્રાણોનો ત્યાગ કરનારા છે,તેઓને રણમાં અજીત શું હોય ?[૭૪] વળી જે પાંડવોને પુરુષોમાં વાઘજેવા શાર્ઙ્ગ ધનુષ્યધારી શ્રીકૃષ્ણ આશ્રયભૂત છે, જે શ્રીકૃષ્ણ તેમનું હિત કરવા હમેશાં તત્પર રહે છે, તેઓનો પરાજય કેમ હોય ?[૭૫] લોકોના ગુરુ, લોકોના નાથ, સનાતન અને દિવ્યસ્વરૂપી, એવા સાક્ષાત્ નારાયણ પ્રભુ જેઓના રણમાં નાથ છે, તે પાંડવોનો પરાજય કેમ હોઇ શકે ?[૭૬] વિદ્વાન પુરુષો જે શ્રીકૃષ્ણનાં દિવ્યકર્મોનું ગાન કર્યા કરે છે તે કર્મોનું અત્યારે હું મારા આત્માને સ્થિર કરવામાટે ભક્તિપૂર્વક કીર્તન કરીશ."

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'ધૃતરાષ્ટ્રના પ્રશ્નો' એ વિષયનો અધ્યાય ૧૦ મો સમાપ્ત

અધ્યાય ૧૧ મો

ધૃતરાષ્ટ્રના મુખે શ્રીકૃષ્ણનાં કર્મોનું કીર્તન

॥ धृतराष्ट्र उवाच ॥

शृणु दिव्यानि कर्माणि वासुदेवस्य संजय ।
कृतवान्यानिगोविंदोयथानान्यःपुमान्क्वचित् ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સંજય ! તું શ્રીકૃષ્ણનાં દિવ્ય કર્મો સાંભળ. શ્રીકૃષ્ણે જે કર્મો કરેલાં છે તે કર્મોને હજીસુધી બીજા કોઇ પુરુષે કોઇપણ સ્થળે કરેલાં નથી.[૧] હે સંજય ! નંદ ગોપને ઘેર ઉછરીને મોટા થતા મહાત્મા શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાંજ પોતાનું બાહુબળ ત્રણે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચ લોકમાં પ્રસિદ્ધ કર્યું છે.[૨] તેમણે ઉચ્ચૈઃશ્રવા નામના ઇંદ્રના ઘોડાસમાન બળવાળા અને વેગમાં વાયુસમાન, યમુનાના વનમાં વસનાર, ઘોડાઓના રાજા કેશી નામના દૈત્યને મારી નાખ્યો છે.[૩] વળી તે શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાંજ ગાયોના મૃત્યુની પેઠે જન્મેલા ઘોરકર્મ કરવાવાળા, બળદના રૂપને ધારણ કરનારા વૃષભાસુરને બે હાથવતીજ મારી નાખ્યો છે. તે ઉપરાંત કમળસમાન નેત્રવાળા તે કેશવ ભગવાને પ્રલંબાસુરને, નરકાસુરને, જંભાસુરને, પીઠાસુરને તથા સાક્ષાત્ કાળસરખા મહાસુર મુરૂને પણ મારી નાખ્યો છે;[૫] તથા જરાસંધના રક્ષણતળે રહેલા મહાતેજસ્વી કંસરાજાને પણ ચાણુર આદિ તેનું રક્ષણ કરનારા પરિવારની સાથે કેવળ બાહુના પરાક્રમથીજ શ્રીકૃષ્ણે રણમાં રોળી પાડયો છે.[૬] રણમાં પરાક્રમી, સમગ્ર અક્ષૌહિણી સેનાના સ્વામી ભોજરાજ કંસના વચેટભાઇ વીર્યવાન સુનામાને પણ (કે જે સુનામા શૂરસેન દેશનો મહાબળવાન રાજા હતો) સૈન્યસહિત શત્રુઓનો સંહાર કરનારા શ્રીકૃષ્ણે માત્ર બળદેવનેજ સાથે રાખી યુદ્ધમાં મારી નાખ્યો હતો.[૭,૮] દુર્વાસા નામના પરમ ક્રોધી બ્રહ્મર્ષિનું તે શ્રીકૃષ્ણે પોતાની સ્ત્રીસહિત એટલું બધું આરાધાન કર્યું છે કે જેથી તેણે પ્રસન્ન થઇ તેમને વરદાનો આપ્યાં છે;[૯] તેમજ કમળસરખા નેત્રવાળા તે શ્રીકૃષ્ણ, સ્વયંવરમાં સર્વરાજાઓને જીતીને ગાંધાર રાજાની પુત્રીને પરણ્યા છે.[૧૦] તે સમયે જે રાજાઓ ઈર્ષ્યા કરી તેમની સામા થયા હતા તેઓને, તે શ્રીકૃષ્ણે પોતાના વિવાહસંબંધી રથમાં ઉત્તમ ઘોડાઓની પેઠે જોડયા હતા અને ચાબુકના પ્રહારથી ઘાયલ કરી મૂકયા હતા.[૧૧] સમગ્ર અક્ષૌહિણી સેનાના સ્વામી મહાબાહુ જરાસંધને યુક્તિ કરી બીજાદ્વારા–ભીમદ્વારા–તે જનાર્દને મારી નખાવ્યો છે.[૧૨] વળી તે બળવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં અર્ઘ (મહાન રાજાની પૂજા) માટે વાદવિવાદ કરતા રાજાઓના સેનાપતિ પરાક્રમી શિશુપાલને પશુની પેઠે મારી નાખ્યો છે.[૧૩] વળી માધવે શાલ્વની રક્ષા હેઠળ રહેલાં, દુરાસદ, આકાશચારી સૌભનામના દૈત્યના નગરને પરાક્રમ કરી સમુદ્રમાં પટકી પાડયું છે.[૧૪] તેમણે રણસંગ્રામમાં અંગ, વંગ, કલિંગ, માગધ, કાશી, કોસલ, વાત્સ્ય, ગાર્ગ્ય, કરૂષ અને પૌણ્ડ્રદેશના રાજાઓને પણ જીતી લીધેલા છે;[૧૫] તેમજ આવંત્યો, દાક્ષિણાત્યો, પર્વતવાસીઓ, દાશેરકો, કાશ્મીરકો, ઔરસિકો, પિશાચો, સમુદ્રલો, કાંબોજો, વાટધાનો, ચોલ, પાંડય, ત્રિગર્તો, માલવો અને દરદો વિગેરે અતિદુર્જય રાજાઓને તથા જુદી જુદી દિશાઓમાંથી આવેલા ખશ અને વશક જાતના રાજાઓને; તેમજ અનુયાયીઓ સહિત યવનરાજાને પણ તે કમલનયન શ્રીકૃષ્ણે યુદ્ધમાં જીતી લીધાછે.[૧૮] વળી પૂર્વે સમુદ્રમાં પ્રવેશ કરી ત્યાં પાણીનીઅંદર રહેલા તથા સર્વજળચરોથી સેવાતા વરુણદેવને પણ તેમણે યુદ્ધમાં જીત્યા છે.[૧૯] પાતાળમાં વસનારા પંચજન નામના દૈત્યનો યુદ્ધમાં નાશ કરીને તે હૃષીકેશે પાંચજન્ય નામનો દિવ્ય શંખ મેળવ્યો છે.[૨૦] મહાબળવાન એવા તે શ્રીકૃષ્ણે, અર્જુનને સાથે રાખી ખાંડવવનમાં અગ્નિને તૃપ્ત કરી તેની પાસેથી અગ્ન્યાસ્ત્ર સુદર્શનચક્ર મેળવ્યું છે;[૨૧] તેમજ ગરુડપર આરૂઢ થઇ અમરાવતીમાં ત્રાસ વર્તાવી ઇંદ્રનાજ ઘરમાંથી તે વીરે, પારિજાત નામનું દિવ્ય વૃક્ષ આણેલું છે.[૨૨] તેમનાં પરાક્રમને જાણનારા ઇંદ્રે તે બધું મુંગે મોઢે સહન કર્યું છે. હે સંજય! વધારે શું કહું? પણ હજી સુધી અમે તેમ સાંભળ્યું નથી કે રાજાઓમાં અમુક રાજાને શ્રીકૃષ્ણે જીત્યો નથી.[૨૩] હે સંજય! તે કમલાક્ષે, મારી સભામાં જે મહાન્ આશ્ચર્ય કર્યું હતું તે કરવાને બીજો કયો પુરુષ યોગ્ય છે?[૨૪] જે સમયે પ્રસન્ન થયેલા મેં ભક્તિપૂર્વક સર્વના ઈશ્વર તે શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં હતાં, તે સમયેજ સર્વશાસ્ત્ર પ્રત્યક્ષની પેઠે મારા જાણવામાં આવી ગયું.[૨૫] હે સંજય! પરાક્રમ તથા બુદ્ધિથી યુક્ત એવા તે હૃષીકેશનાં કર્મોનો અંત પામી શકાય તેમ નથી.[૨૬]

તથા ગદ, સાંબ, પ્રદ્યુમ્ન, વિદૂરથ, અવગાહ, અનિરૂદ્ધ, ચારૂદેષ્ણ, સારણ, ઉલ્મુક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશઠ, ઝિલ્લી, વીર્યવાન્, બભ્રુ, પૃથુ, વિપૃથુ, શમીક અને અરિમેજય આ અને આ સિવાયના બીજા યાદવવીરો બળવાન અને સચોટ પ્રહાર કરનારા છે. યાદવવીર મહાત્મા શ્રી કેશવ, જો કદાચ તેઓને બોલાવે અને તેઓ યુદ્ધમાં ઉભા રહી જો પાંડવસૈન્યનો આશ્રય કરે, તો હે સંજય ! આપણું સર્વ સૈન્ય મોટા સંશયમાં આવી પડે એવો મારો નિશ્ચય છે.[૨૭–૩૦] જે સ્થળે જનાર્દન હોય તે સ્થળે દશહજાર હાથીના બળવાળા, કૈલાસપર્વતના શિખરસમાન ઉજ્જવળ, વનમાળાધારી તથા હલધારી વીર બલરામ હોયજ.[૩૧] હે સંજય ! જે વાસુદેવને બ્રાહ્મણો સર્વના પિતા કહે છે, તે વાસુદેવ પાંડવો માટે યુદ્ધ કરશે કે શું ?[૩૨] હે તાત સંજય ! જો કદાચ તે શ્રીકૃષ્ણ, પાંડવો માટે યુદ્ધ કરવા તૈયાર થાય તો તેમની સામે યુદ્ધ કરનાર આપણા સૈન્યમાંનો કોઈ પુરુષ પણ ત્યાં રહેનાર નથી.[૩૩] જો કદાચ દૈવયોગે કૌરવો પાંડવોને જીતે તો અવશ્ય તે પાંડવો માટે શ્રીકૃષ્ણ પોતાનું ઉત્તમ શસ્ત્ર ગ્રહણ કરેજ;[૩૪] અને તે પછી તે પુરુષવ્યાઘ્ર મહાબાહુ કૃષ્ણ, સર્વ રાજાઓને તથા કૌરવોને રણમાં રગદોળી નાખીને કુંતીને પૃથ્વી સોંપે.[૩૫] જેના શ્રીકૃષ્ણ સારથિ છે તથા જેના અર્જુન યોદ્ધા છે તે રથની સામે યુદ્ધમાં બીજો શત્રુનો કયો રથ ઉભો રહે?[૩૬] અરેરે! કોઈ પણ ઉપાયે કૌરવોનો જય થાય એમ મને દેખાતુંજ નથી; માટે હવે તો જે પ્રમાણે યુદ્ધ થયું હોય તે સર્વ મારી પાસે કહી સંભળાવ.[૩૭] અર્જુન શ્રીકૃષ્ણનો આત્મા છે અને શ્રીકૃષ્ણ અર્જુનનો આત્મા છે. અર્જુનમાં હમેશાં વિજય રહેનારો છે તથા શ્રીકૃષ્ણમાં શાશ્વત કીર્તિ રહેલી છે.[૩૮] સર્વ લોકમાં પણ અર્જુન સદા અજીત છે તથા શ્રીકૃષ્ણમાં મુખ્યત્વે કરીને લગભગ અમાપ ગુણો રહેલા છે.[૩૯] દૈવયોગથી મોહ પામેલો તથા મૃત્યુના પાશમાં સપડાયેલો દુર્યોધન મોહને લીધેજ તે કૃષ્ણને આ લોકમાં સાક્ષાત્ કેશવતરીકે ઓળખી શકતો નથી.[૪૦] યાદવવંશી શ્રીકૃષ્ણને તથા પાંડુના પુત્ર તે અર્જુનને દુર્યોધન જાણતો નથી કે તે બન્નેજણા પૂર્વકાળના દેવ મહાત્મા નર નારાયણ છે.[૪૧] તે બન્ને એકજ સ્વરૂપવાળા છે, પણ મનુષ્યો તેમને પૃથ્વીમાં બે સ્વરૂપે થયેલા જુએ છે. દુરાધર્ષ અને યશસ્વી એવા તેઓ બન્નેજણા આપણી સેનાનો નાશ કરવા ઈચ્છે તો કેવળ મનથીજ તેનો સંહાર કરી શકે તેમ છે, પણ પોતે મનુષ્યાવતારી હોવાથી તેવી ઈચ્છા કરતા નથી. હે તાત! મહાત્મા ભીષ્મનો તથા દ્રોણાચાર્યનો નાશ થયો તે પરથી લોકોને મોહ ઉપજાવનારો યુગનો ફેરફાર જાણે થઇ ગયો તેમ લાગે છે. બ્રહ્મચર્યથી, વેદાધ્યયનથી, અનેક યાજ્ઞિક ક્રિયાઓથી કે અસ્ત્રવિદ્યાથી પણ કોઇ પુરુષ, મૃત્યુનું વારણ કરી શકતો નથી. અરે, ઘણી શોકની વાત છે કે, હે સંજય ! લોકમાં માનવંતા થયેલા, અસ્ત્રકુશળ, યુદ્ધદુર્મદ એવા પણ વીર ભીષ્મ અને દ્રોણને યુદ્ધમાં માર્યા ગયેલા સાંભળીને પણ હું કેમ જીવું છું ? પૂર્વે યુધિષ્ઠિરની જે રાજ્યલક્ષ્મીની અમે ઈર્ષ્યા કરતા હતા તેજ રાજ્યલક્ષ્મીને આજે ભીષ્મના તથા દ્રોણના વધથી ત્યાંજ રહેવામાટે અમે અનુમતિ આપીએ છીએ. અવશ્ય મારેં લીધેજ આ કૌરવોનો નાશ આવી પડયો છે. હે સૂત ! કાળના પ્રભાવથી પરિપક્વ થયેલાં ફળોની પેઠે જીવોના વધના નિમિત્તમાં ઘાસ પણ વજ્રજેવાં થઇ જાય છે. આજે લોકમાં રાજા યુધિષ્ઠિર આ અનંત ઐશ્વર્યને પામ્યો છે કે જેના કોપથી મહાત્મા ભીષ્મ અને દ્રોણ પણ રણમાં રોળાઇ પડયા છે. સ્વભાવથીજ ધર્મે યુધિષ્ઠિરનો આશ્રય કર્યો છે અને અધર્મે મારા પુત્રોનો આશ્રય કર્યો છે. જે કારણથીજ આ ક્રૂર કાળ મારો સર્વ નાશ કરવામાટે ઉપસ્થિત થયો છે. હે તાત ! મનસ્વી પુરુષોએ ચિંતવેલા અર્થો દૈવયોગે કોઇ જુદાંજ પરિણામવાળા થાય છે એવો મને નિશ્ચય થાય છે, જેથી અમારા ઉપર કાઢયું કઢાય નહિ તેવું મહાન કષ્ટ આવી પડેલું છે કે જે કષ્ટનો પાર નથી તથા જેને વિચારવું પણ મુશ્કેલ છે; માટે તે યુદ્ધમાં જે પ્રમાણે બન્યું હોય તે પ્રમાણે મને કહી સંભળાવ.[૫૦,૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૨ મો

દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા

॥ संजय उवाच ॥

हंत ते कथयिष्यामि सर्वं प्रत्यक्षदर्शिवान् ।
यथा सन्यपतद्द्रोणः सूदितः पांडुसृंजयैः॥१॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા! ઘણી ખુશીની સાથે હું તમને તે કથા કહું છું. પાંડવો અને સૃંજયોએ મારી નાખેલા દ્રોણાચાર્ય જે પ્રકારે યુદ્ધમાં પડયા હતા તે બધું મેં પ્રત્યક્ષ જોયું છે.[૧] સેનાપતિપદને પ્રાપ્ત કરી મહારથી દ્રોણાચાર્યે સર્વ સૈન્યોના મધ્યમાં તમારા પુત્રને આ વાક્ય કહ્યું:–[૨]"હે રાજા દુર્યોધન! કૌરવોમાં શ્રેષ્ઠ ભીષ્મપિતામહ પછી તેં મને સેનાપતિપદમાં આજે સ્થાપિત કર્યો છે;[૩] માટે હે ભરતવંશી રાજા! તે કર્મનું યોગ્ય ફળ તું પામ. બોલ, તારી શી કામના હું સંપૂર્ણ કરૂં? તારી ઇચ્છામાં આવે તે માગી લે."[૪]તે સાંભળી દુર્યોધનરાજા કર્ણ, દુઃશાસન આદિની સાથે વિચાર કરી જય કરનારાઓમાં શ્રેષ્ઠ દુર્ધર્ષ આચાર્યને કહેવા લાગ્યો.[૫] "જો તમે મને વર આપતા હો તો હું એજ માગું છું કે, રથીઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજાને જીવતો પકડી અહીં મારી પાસે લાવો." તે પછી કૌરવોના આચાર્યે, તમારા પુત્રનું એ વચન સાંભળી સર્વ સેનાને હર્ષ ઉપજાવતાં આ વચન બોલ્યા:–[૭]"હે રાજન્! કુંતાનો પુત્ર ધન્યવાદને પાત્ર છે કે જેને પકડવામાટે તું ઇચ્છે છે; પણ અતિ દુર્ધર્ષ એવા તેને મારી નાખવામાટે તું માગતો નથી.[૮] હે પુરુષવ્યાઘ્ર! શામાટે તું તેના વધની ઇચ્છા કરતો નથી? હે દુર્યોધન! અવશ્ય મને એમ લાગે છે કે, એ કામ તું મારી પાસેથી કરાવા ઇચ્છતો નથી[૯] અથવા ધર્મરાજાનો કોઇ શત્રુ નથી, તેથીજ તું તેને જીવતો ઇચ્છે છે. ખરેખર આવી ઇચ્છાથી તું તારા કુળની રક્ષા કરે છે[૧૦] અથવા હે ભરતશ્રેષ્ઠ! યુદ્ધમાં પાંડવોને જીતીને તથા તેમને રાજ્ય પાછું સોંપીને અન્યોન્ય ભ્રાતૃસ્નેહ કરવા ઇચ્છે છે?[૧૧] કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરને ધન્ય છે, તેનો જન્મ ફળીભૂત છે અને તે અજાતશત્રુ કહેવાય છે તે પણ સત્ય છે; કારણ કે તું એનાપર આટલો બધો સ્નેહ રાખે છે."[૧૨] હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર રાજા! દ્રોણાચાર્યે એ પ્રમાણે જ્યારે કહ્યું,ત્યારે તમારા પુત્રના હૃદયમાં હમેશાં રહેનારો જે ભાવ હતો તે એકાએક બહાર નીકળી ગયો.[૧૩] કારણ કે બૃહસ્પતિસરખા પુરુષો પણ પોતાનો આકાર છૂપાવી શકતા નથી, જેથી હે રાજન્! તમારો પુત્ર આનંદમાં આવી જઇ આ પ્રમાણે બોલી ઉઠયો:–[૧૪] "હે આચાર્ય! કુંતીના પુત્ર યુધિષ્ઠિરનો વધ કરવાથી યુદ્ધમાં મારો વિજય નથી થવાનો. જો કદાચ યુધિષ્ઠિરને મારી નાખવામાં આવે તો પાંડવો અમને બધાને અવશ્ય મારી નાખે.[૧૫] તે સર્વ પાંડવોને રણમાં દેવો પણ હણી શકે તેમ નથી. જેઓ કોઇ તેઓમાંથી બાકી રહે તેઓ અમને બાકી રહેવા દેજ નહિ.[૧૬] સત્ય પ્રતિજ્ઞાવાળા યુધિષ્ઠિરને મારી પાસે લાવવાનો મારો આશય એ છે કે, ફરીથી તેને જુગારમાં જીતીને જંગલમાં કાઢીએ કે જેની પાછળ તેને અનુસરનારા પાંડવો પણ જંગલમાં ચાલ્યા જશે.[૧૭] એમ કરવાથી સ્ફુટ રીતે મારો દીર્ઘકાલસુધી વિજય રહેશે; માટે હું ધર્મરાજને કોઇ રીતે પણ મારવા ઇચ્છતો નથી."[૧૮] આવો તેનો કુટિલ અભિપ્રાય જાણીને અર્થતત્વને જાણનારા બુદ્ધિમાન દ્રોણાચાર્યે મનમાં વિચાર કરી તે દુર્યોધનને છલપૂર્વક આ પ્રમાણે વર આપ્યો.[૧૯]

દ્રોણાચાર્યે કહ્યું:–"જો આ યુદ્ધમાં વીર અર્જુન પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજાનું રક્ષણ નહિ કરે તો તું માની લેજે કે યુધિષ્ઠિર પોતાને વશ થયોજ છે.[૨૦] હે તાત દુર્યોધન! ઇન્દ્રસહિત દેવાસુરો પણ રણમાં અર્જુનને જીતી શકે તેમ નથી; માટે હું એ અર્જુનની સમક્ષ યુધિષ્ઠિરને પકડી લાવવાનો ઉત્સાહ કરી શકતો નથી. અવશ્ય તે અર્જુન મારો શિષ્ય છે તથા અસ્ત્ર કર્મમાં હું પોતેજ તેનો પહેલો ગુરુ છું; તથાપિ તે તરુણ છે, પુણ્યશાળી છે અને જય મેળવવો અથવા મરવું એવા નિશ્ચયવાળો છે.[૨૨] વળી તેણે ઇન્દ્ર અને રુદ્ર પાસેથી દિવ્ય અસ્ત્રો મેળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્યાં છે તથા તારાપર ક્રોધપૂર્ણ પણ છે; માટે હે રાજન્! તે અર્જુનની સમક્ષ હું યુધિષ્ઠિરને કેદ કરવા ઉત્સાહ કરી શકતો નથી.[૨૩] જો કોઇ ઉપાયે તે અર્જુનને યુદ્ધમાંથી દૂર કરી શકાય તો તારે સમજી લેવું કે ધર્મરાજા જીતાયોજ છે.[૨૪] હે પુરુષશ્રેષ્ઠ! જો તું એમ માનતો હોય કે યુધિષ્ઠિરને કેદ પકડવાથીજ જય થશે પણ મારી નાખવાથી જય થશે નહિ તો આ ઉપાયથીજ તેને પકડી શકાશે.[૨૫] જો અર્જુનને યુદ્ધમાંથી દૂર કરવામાં આવશે તો આજેજ હું સત્ય ધર્મપરાયણ રાજા યુધિષ્ઠિરને કેદ પકડી તારે સ્વાધીન કરીશ એમાં સંશય નથી;[૨૬] પરંતુ આ સંગ્રામમાં એક મુહૂર્તવાર પણ મારી આગળથી જો કુંતાના પુત્ર પુરુષવ્યાઘ્ર અર્જુનને દૂર કરવામાં આવશે, તોજ એ કાર્ય બની શકશે;[૨૭] કારણ કે અર્જુનની સમીપમાં તો ઇન્દ્રસહિત દેવ અને અસુરો પણ યુદ્ધમાં યુધિષ્ઠિરને કેદ પકડી શકે તેમનથી."[૨૮]

સંજયે કહ્યું:–એ રીતે દ્રોણાચાર્યે રાજા યુધિષ્ઠિરને પકડવાની છળપૂર્વક પ્રતિજ્ઞા કરી ત્યારે અતિમૂર્ખા તમારા પુત્રો યુધિષ્ઠિરને કેદ પકડાયલો માની બેઠા.[૨૯] તમારો પુત્ર દુર્યોધન, દ્રોણાચાર્યને પાંડવોપર પ્રીતિ રાખનારા સમજતો હતો, તેથી તેમની પ્રતિજ્ઞાને સ્થિર કરવામાટે યુધિષ્ઠિરને પકડવા સંબંધી વિચારને તેણે બધે ફેલાવી દીધો.[૩૦] હે શત્રુઓનું દમન કરનાર ધૃતરાષ્ટ્ર રાજા! ત્યારપછી દુર્યોધને પણ તે યુધિષ્ઠિરને કેદ કરવાની દ્રોણની પ્રતિજ્ઞાને સર્વ સૈન્યોમાં જાહેર કરી દીધી.[૩૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં
'દ્રોણની પ્રતિજ્ઞા' એ વિષયનો
અધ્યાય ૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩ મો

અર્જુને યુધિષ્ઠિરને આપેલું આશ્વાસન

॥ संजय उवाच ॥

सांतरे तु प्रतिज्ञाते राज्ञो द्रोणेन निग्रहे ।
ततस्ते सैनिकाःश्रुत्वा तं युधिष्ठिरनिग्रहम् ॥

સંજયે કહ્યું:–હે ભરતવંશી ધૃતરાષ્ટ્રરાજા! યુધિષ્ઠિરને પકડવા માટેની દ્રોણાચાર્યે છળભરેલી પ્રતિજ્ઞા જ્યારે કરી ત્યારે તે સાંભળીને સર્વ સૈનિકો ચોતરફ સિંહનાદો કરવા લાગ્યા અને બાહુઓ ઠોકવા લાગ્યા; પણ તે દ્રોણાચાર્યે કરેલી પ્રતિજ્ઞાને ધર્મરાજાએ પોતાના હિતેચ્છુ ગૂઢ ચારોદ્વારા તુરત જાણી લીધી અને પોતાના સર્વ ભાઈઓને તથા બીજા બધાઓને એકઠા કરી તેણે અર્જુનને આ પ્રમાણે વચન કહ્યું:–"હે પુરુષવ્યાઘ્ર! દ્રોણાચાર્યે આજે જે કરવા ધાર્યું છે તે તારા સાંભળવામાં આવ્યું ને? જે કરવાથી તે સત્ય ન થાય તેવી નીતિ તમે રચો. શત્રુસંહારક દ્રોણાચાર્યે છળવાળી પ્રતિજ્ઞા કરી છે. હે મોટા ધનુષ્યવાળા અર્જુન! તે છળનો ભાર તેમણે તારા પર સ્થાપ્યો છે; માટે હે મહાબાહુ! આજે તું મારી પાછળ રહીને યુદ્ધ કરજે કે જેથી દુર્યોધન દ્રોણાચાર્યદ્વારા પોતાની ઇચ્છાને સંપૂર્ણ ન કરી શકે." તે સાંભળી અર્જુને કહ્યું:–"હે રાજન્! આચાર્યનો વધ કરવામાટે જેમ હું કદી ઇચ્છતો નથી તેમ તમારો પરિત્યાગ કરવામાટે પણ હું કદી ઇચ્છતો નથી. હે પાંડવ! કદાચ યુદ્ધમાં હું મારા પ્રાણોનો ત્યાગ કરૂં પણ કદી આચાર્યપર વિરૂદ્ધ વર્તન કરનારો નજ થાઉં. તમને કેદ પકડી દુર્યોધન રાજ્યની ઇચ્છા કરે છે, પણ આ મનુષ્યલોકમાં દુર્યોધન તે ઇચ્છાને કદી પામવાનો નથી. જો કદાચ નક્ષત્રોસહિત આકાશ નીચે તૂટી પડે, પૃથ્વીના ટુકડા થઇ જાય તો પણ હું જ્યાંસુધી જીવતો છું ત્યાંસુધી દ્રોણાચાર્ય તમને કદી પકડી શકે તેમ નથી. આ રણમાં ઇન્દ્ર પોતે પણ જો કદાચ તેને સહાય કરશે અથવા દેવોસહિત વિષ્ણુ પણ કદાચ આ યુદ્ધમાં ઉતરી આવશે તોપણ હું જ્યાંસુધી જીવતો છું, ત્યાં સુધી દ્રોણાચાર્ય તમને કેદ પકડી શકશે નહિ; માટે તમારે ભય કરવો યોગ્ય નથી.[૧–૧૨] ભલે, દ્રોણાચાર્ય સર્વ અસ્ત્રધારીઓમાં તથા શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે, તોપણ હું તમને છાતી ઠોકીને કહું છું કે તમારે ભય કરવો નહિ. હે રાજેન્દ્ર! વળી બીજું પણ હું તમને કહું છું કે હમેશાં મારી પ્રતિજ્ઞા નિશ્ચળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. મને યાદ નથી કે હું કદી જુઠું બોલ્યો હોઉં, મને યાદ નથી કે હું કદી પરાજય પામ્યો હોઉં અને મને યાદ નથી કે મેં પ્રતિજ્ઞા કરીને તે જુઠી કરી હોય.”૧૩,૧૪

સંજયે કહ્યું:–હે મહારાજ! તે પછી પાંડવોની છાવણીમાં શંખો, ભેરીઓ, મૃદંગો, અને આનકો વાગવા લાગ્યાં.૧૫ મહાત્મા પાંડવોનો સિંહનાદ થઇ રહ્યો તથા ધનુષ્યની દોરીના ટંકારવો અને હાથના તળીયાંના આકાશને ફાડી નાખે તેવા અતિ ભયંકર શબ્દો થવા લાગ્યા.૧૬ મહાતેજસ્વી પાંડવોના શંખોનો શબ્દ સાંભળીને તમારા સૈન્યોમાં પણ વાદિંત્રો વાગવા લાગ્યાં.૧૭ તે પછી હે ભરતવંશી રાજા! તમારા તથા શત્રુઓનાં સૈન્યો વ્યૂહરચનામાં ગોઠવાયાં અને ધીમે ધીમે અન્યોન્ય સામે યુદ્ધ કરવા ધસવા લાગ્યાં;૧૮ પછી કૌરવો અને પાંડવોનું તથા દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્નનું જોતાં રૂવાં ઉભાં થઇ જાય તેવું તુમુલયુદ્ધ ચાલુ થયું.૧૯ તે યુદ્ધમાં સૃંજયો દ્રોણના સૈન્યનો નાશ કરવા મથી રહ્યા હતા,છતાંપણનાશ કરવા સમર્થ થયા નહિ; કારણ કે તે સૈન્ય આચાર્ય દ્રોણના રક્ષણતળે હતું. તેમજ અર્જુનના રક્ષણતળે રહેલી પાંડવોની સેનાને તમારા પુત્રના સચોટ પ્રહાર કરનારા મહાન રથીઓ પણ મથી શક્યા નહિ.૨૧ પરસ્પર રક્ષણ કરાતી તે બન્ને સેનાઓ–રાત્રિના સમયે કરેલા પત્ર સંકોચવાળી પુષ્પભરેલી બે વનરાજીની પેઠે સ્થિર થઈ રહી હતી.૨૨ ત્યારપછી હે રાજન્! સુવર્ણના રથવાળા દ્રોણાચાર્ય, સૂર્યની પેઠે શોભી રહેલા રથમાં બેસી સેનાના મોખરામાં આમતેમ ઘૂમવા લાગ્યા.૨૩ રથમાં બેસી યુદ્ધ કરવા સજ્જ થયેલા શીઘ્ર પરાક્રમી દ્રોણચાર્યને તે એકજ હતા; છતાં પાંડવો અને સૃંજયો ત્રાસથી જાણે અનેક હોય તેમ માનવા લાગ્યા.૨૪ હે મહારાજ! તે દ્રોણાચાર્યે છોડેલાં ઘોર બાણો, સર્વ દિશામાં જતાં દેખાવા લાગ્યાં અને પાંડવોની સેનાને ત્રાસ પમાડવા લાગ્યાં.૨૫ તે સમયે દ્રોણાચાર્ય પણ દિવસના મધ્યભાગમાં આવેલા સેંકડો કિરણોથી વીંટાયલા સૂર્યની પેઠે અતિ તીવ્ર દેખાવા લાગ્યા.૨૬ યુદ્ધમાં ક્રોધાયમાન થયેલા મહેન્દ્રને જેમ દાનવ ન જોઈ શકે તેમ યુદ્ધમાં ક્રોધાયમાન થયેલા તે દ્રોણાચાર્યને પણ પાંડવોમાંહેનો કોઇ યોદ્ધો જોઈ શકતો ન હતો.૨૭ એ રીતે પાંડવોના સૈન્યને મોહિત કરી નાખી પ્રતાપી દ્રોણાચાર્યે, તીક્ષ્ણ બાણોથી ધૃષ્ટદ્યુમ્નનાં સૈન્યને એકદમ વિંધવા માંડયું.૨૮ તે દ્રોણાચાર્યે, સર્વ દિશાઓને રૂંધી દઇ સીધી ગતિવાળાં બાણોથી આકાશને પણ ઢાંકી દીધું અને જે સ્થળે ધૃષ્ટદ્યુમ્ન હતો તેજ સ્થળે પાંડવોની સેનાને સંહારવા માંડી.૨૯

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'અર્જુને કરેલું યુધિષ્ઠિરને આશ્વાસન'એ વિષયનો અધ્યાય ૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪ મો

ઘોરયુદ્ધ અને તેમાં અભિમન્યુનું પરાક્રમ

॥ संजय उवाच ॥

ततः स पांडवानीके जनयन् सुमहद् भयम्।
व्यचरत् पृतनां द्रोणो दहन् कक्षमिवानलः॥

સંજયે કહ્યું:–તે પછી પાંડવોના સૈન્યમાં અતિ મહાન ભય ઉત્પન્ન કરતા દ્રોણાચાર્ય, ઘાસને બાળી નાખતા અગ્નિની પેઠે સેનામાં ઘૂમવા લાગ્યા.૧ પ્રજ્વલિત થયેલા સાક્ષાત્ અગ્નિની પેઠે સૈન્યોને બાળી મૂકતા, ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્યને જોઇને સૃંજયયોદ્ધાઓ કંપી ઉઠયા.૨ અવિચ્છિન્નપણે યુદ્ધમાં ધનુષ્યને ખેંચી રહેલા શીઘ્ર પરાક્રમી એ દ્રોણાચાર્યના ધનુષ્યની દોરીનો ટંકારવ વજ્રના કડાકાની પેઠે તીવ્ર સંભળાતો હતો.૩ ચાલાક હાથવાળા તે દ્રોણાચાર્યે છોડેલાં ભયંકર બાણો રથીઓને, ઘોડેસ્વારોને, હાથીઓને, ઘોડાઓને તથા પાળાઓને વિંધી નાખતાં હતાં.૪ ગ્રીષ્મઋતુની અંતમાં એકાએક ચઢી આવેલો મેઘ જેમ ભયંકર ગર્જના કરી કરાઓની વૃષ્ટિ કરી મૂકે તેમ, તીક્ષ્ણ બાણોને વર્ષાવી રહેલા તે દ્રોણાચાર્યે,શત્રુઓને મહાન ભય ઉપજાવી દીધો.૫ હે રાજન્! સેનામાં ચારેબાજુ ઘૂમી ઘૂમીને શત્રુઓને ગભરાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેતા તે આચાર્યે, સર્વસ્થળે અલૌકિક ત્રાસ વર્તાવી દીધો.[૬] વાદળાંમાં જેમ વિજળી ઝબકે તેમ, સુવર્ણથી મઢેલું તેમનું ધનુષ્ય રથરૂપ મેઘમાં વારંવાર ભમતું દેખાતું હતું.[૭] સત્યવાળા, બુદ્ધિમાન, ધર્મનિષ્ઠ એવા તે વીર દ્રોણાચાર્યે, તે વખતે પ્રલયકાળની પેઠે ઘોર અને રૌદ્ર સ્વરૂપવાળી નદી ત્યાં રણભૂમિપર ચલાવી મૂકી.[૮] તે નદી ક્રોધના વેગથી ઉત્પન્ન થયેલી હતી, સેંકડો રાક્ષસોનાં ટોળાંઓથી વ્યાપ્ત હતી, સૈન્યોના સમૂહોથી ચારેબાજુ ભરચક હતી, ધ્વજાઓરૂપ વૃક્ષોને તાણી જનારી હતી, લોહીરૂપ પાણીવાળી હતી, રથરૂપ ઘુમરીઓવાળી હતી, હાથી, ઘોડાઓરૂપ કાંઠાવાળી હતી, કવચોરૂપ નાનાં નાનાં હોડીયાંઓથી યુક્ત હતી તથા માંસના કાદવથી ભરેલી હતી.[૯,૧૦] વળી તે નદીમાં મેદ, મજ્જા અને હાડકાંરૂપ રેતી હતી, પાઘડીઓના ઢગોરૂપ ફીણ હતાં, સંગ્રામરૂપ મેઘે તે નદીને પરિપૂર્ણ કરી હતી, નાનાં નાનાં ભાલાંઓરૂપ તેમાં માછલાં હતાં, મનુષ્યો અને હાથીઓથી તે નદી યુક્ત હતી, બાણોના વેગવાળા પ્રવાહને વહેનારી હતી, શરીરોરૂપ લાકડાં તે નદીમાં ચારેબાજુ અથડાતાં હતાં તથા રથોરૂપ કાચબાઓથી તે નદી વ્યાપ્ત હતી.[૧૧,૧૨] વળી તે નદી મસ્તકોરૂપ કમળોવાળી હતી, તરવારોરૂપ મત્સ્યોથી ભરેલી હતી, રથો અને હાથીઓરૂપ મોટા ધરાઓવાળી હતી તથા અનેક પ્રકારનાં આભરણોથી સુશોભિત જણાતી હતી.[૧૩] મોટા મોટા રથોરૂપ તેમાં સેંકડો ઘૂમરીઓ હતી તથા પૃથ્વીની રજરૂપી તેમાં મોટી તરંગમાળા હતી. મહા પરાક્રમવાળા શૂરવીર પુરુષોને તે નદી તરવી સહેલી હતી પણ કાયર પુરુષોને તરવી અશક્ય હતી.[૧૪] વળી તે નદી સેંકડો શરીરથી સાંકડી થઈ ગઇ હતી. ગીધડાં અને કાગડા વગેરે માંસાહારી પક્ષીઓ તેનું સેવન કરતાં હતાં તથા હજારો મહારથીઓને તે નદી યમને ઘેર લઇ જતી હતી.[૧૫] ત્રિશૂળોરૂપ સર્પોથી ભરેલી, પ્રાણીઓરૂપી ઘોડાઓથી સેવાયેલી, કપાઈ પડેલા ક્ષત્રિયોરૂપ મોટા હંસોવાળી, મુકુટોરૂપ પક્ષીઓને આશ્રય થઇ પડેલી તે નદીમાં ચક્રોરૂપ કાચબા હતા, બાજુબંધોરૂપ મગરમચ્છો હતા, ઝીણાં ઝીણાં બાણોરૂપ માછલાં હતાં તથા બગલાં, ગીધડાં અને શીયાળવાંના ભયંકર ટોળાંઓ તે નદીનું સેવન કરતાં હતાં.[૧૬,૧૭] હે શ્રેષ્ઠ રાજા ! બળવાન્ દ્રોણાચાર્યે રણમાં રોળી નાખેલાં સેંકડો પ્રાણીઓને તે નદી પિતૃલોક ભણી લઇ જતી હતી.[૧૬] હે રાજન્ ! તે દ્રોણાચાર્યે સેંકડો કલેવરોથી વ્યાપ્ત, કેશરૂપ શેવાળ અને લીલાં ઘાસવાળી તથા કાયરોનો ત્રાસ વધારનારી ભયંકર નદી તે રણભૂમિપર ચાલુ કરી દીધી હતી.[૧૯]

એ રીતે પોતાનાં સૈન્યોમાં કેર વર્તાવતા તે મહારથી દ્રોણાચાર્યની સામે યુધિષ્ઠિર વગેરેએ ચારેબાજુથી ધસારો કર્યો;[૨૦] પણ તે શૂરાઓને ધસી આવતા જોઇ દૃઢ પરાક્રમવાળા તમારા પુત્રોએ ચોતરફથી તેઓને રોકવા માંડયા. ખરેખર તે સમયનો દેખાવ રૂવાં ઉભાં કરી નાખે તેવો હતો.[૨૧] સેંકડો જાતની માયા (કપટ) ને કરી જાણનારા શકુનિએ સહદેવ સામે ધસારો કર્યો; અને સારથિ, ધ્વજા તથા રથસહિત તે સહદેવને તીક્ષ્ણ બાણોથી વિંધી નાખ્યો.[૨૨] ત્યારે અત્યંત ક્રોધાયમાન થયેલા માદ્રીના પુત્ર સહદેવે તે શકુનિના ધ્વજને, ધનુષ્યને,સારથિને તથા ઘોડાઓને બાણોવડે છેદી નાખીને બીજાં સાઠ બાણોવડે શકુનિને પણ વિંધી નાખ્યો.[૨૩] એટલે શકુનિ હાથમાં ગદા લઇને પોતાના રથપરથી કૂદી પડયો અને તેણે ગદાવડે સહદેવના સારથિને રથપરથી ગબડાવી પાડયો.[૨૪] હે રાજન્ ! એ રીતે મહાબળવાન એવા તેઓ બન્નેજણા જ્યારે રથવિનાના થઇ પડયા,ત્યારે હાથમાં ગદા લઇને શિખરવાળા બે પર્વતોની પેઠે રણમાં ખેલવા લાગ્યા.[૨૫] દ્રોણાચાર્યે પાંચાળરાજાને દશબાણોથી વિંધી નાખ્યો, એટલે તેણે પણ આચાર્યને ઘણાં બાણોનો પ્રહાર કર્યો; ત્યારે પુનઃ પણ આચાર્યે તેનાથી અધિક બાણોથી તેને વિંધી નાખ્યો.[૨૬] વીર ભીમસેને વીસ તીક્ષ્ણ બાણોથી વિવિંશતિને વિંધી નાખ્યો;છતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કંપ્યો નહિ, એ ઘણું આશ્ચર્ય જેવું થયું હતું.[૨૭] પછી વિવિંશતિએ ભીમસેનને એકદમ ઘોડા, ધ્વજ અને ધનુષ્યવિનાનો કરી નાખ્યો, એ જોઈ સર્વ સૈન્યો વિવિંશતિનાં વખાણ કરવા લાગ્યાં.[૨૮] હે મહારાજ! પણ વીર ભીમસેને યુદ્ધભૂમિપર શત્રુના તે પરાક્રમને સહન કર્યું નહિ; તેથી તેણે ગદાના પ્રહારથી તેના સુશિક્ષિત ઘોડાઓને છુંદી નાખ્યા.[૨૯] હે રાજન્! ત્યારે માર્યા ગયેલા ઘોડાવાળા રથ પરથી ઉતરી પડી મહાબળવાન તે વિવિંશતિ, હાથમાં ઢાલ લઇને એક મદોન્મત્ત હાથી જેમ બીજા મદોન્મત્ત હાથી સામે ધસે તેમ, ભીમસેન સામે ધસી ગયો.[૩૦] વીર શલ્યરાજા, પોતાના પ્રિય ભાણેજ નકુલને જાણે લાડ લડાવતો હોયની અને જાણે ખીજવતો હોયની તેમ, મંદહાસ્ય કરી બાણોથી વિંધવા લાગ્યો.[૩૧] એટલે પ્રતાપી નકુલે પણ તેના ઘોડા, છત્ર, ધ્વજા, સારથિ અને ધનુષ્યને પટકી પાડી યુદ્ધભૂમિપર શંખનાદ કરી મૂક્યો.[૩૨] ધૃષ્ટકેતુએ, કૃપાચાર્યે છોડેલાં અનેક પ્રકારનાં બાણો છેદી નાખી સિત્તેર બાણોથી તેને વિંધી નાખ્યો અને તે ઉપરાંત બીજાં ત્રણ બાણોવડે તેના રથધ્વજને પણ ઉરાડી પાડયો;[૩૩] ત્યારે બ્રાહ્મણ કૃપાચાર્યે પણ મોટી બાણવૃષ્ટિ કરીને રણમાં આગળ વધતા તે ધૃષ્ટકેતુને અટકાવી રાખ્યો તથા ક્રોધાયમાન થયેલા તેને સારી રીતે પ્રહાર કર્યો. સાત્યકિએ કૃતવર્માને છાતીના મધ્યભાગમાં એક નારાચબાણથી માર માર્યો અને પુનઃ જાણે હસતો હોય તેમ મોં મલકાવીને સિત્તેર બાણોનો તેને પ્રહાર કર્યો.[૩૫] કૃતવર્માએ પણ તીક્ષ્ણ એવાં સિત્તોતેર બાણોથી એકદમ તેને વિંધી નાખ્યો, છતાં પણ શીઘ્ર ગતિવાળો વાયુ જેમ પર્વતને કંપાવી શકતો નથી, તેમ તે સાત્યકિને કંપાવી શકયો નહિ.[૩૬] પાંડવસેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને સુશર્માને મર્મસ્થાનોમાં અત્યંત પ્રહાર કર્યો; એટલે સુશર્માએ પણ તેને હાંસડીના ભાગમાં તોમરનો પ્રહાર કર્યો.[૩૭] તે યુદ્ધમાં સૂર્યના પુત્ર કર્ણને મહાન વીર્યવાળા મત્સ્ય યોદ્ધાઓસહિત વિરાટરાજાએ આગળ વધતો અટકાવી રાખ્યો હતો, તે ઘણું આશ્ચર્ય જેવું હતું;[૩૮] પણ તે વેળા સૂતપુત્ર કર્ણનું પરાક્રમ ઘણું દારુણ દેખાતું હતું; કારણકે નમેલાં પર્વવાળાં બાણોથી તેણે સમગ્ર સૈન્યને ખાળી રાખ્યું હતું.[૩૯] દ્રુપદરાજા પોતે ભગદત્ત સાથે યુદ્ધમાં જોડાયો હતો. હે મહારાજ! તે બન્નેનું યુદ્ધ ઘણું અદ્ભુત સ્વરૂપવાળું હતું.[૪૦] પુરુષશ્રેષ્ઠ ભગદત્તરાજાએ મજબૂત ગાંઠાવાળાં બાણોથી સારથિ, ધ્વજ અને રથસહિત રાજા દ્રુપદને વિંધી નાખ્યો,[૪૧] એટલે ક્રોધાયમાન થયેલા દ્રુપદરાજાએ નમેલાં પર્વવાળાં એક બાણથી મહારથી ભગદત્તને તત્કાળ છાતીમાં પ્રહાર કર્યો.[૪૨] બીજી તરફથી અસ્ત્રવિદ્યામાં કુશળ તથા લોકમાં ઉત્તમ યોદ્ધાતરીકે પ્રસિદ્ધ થયેલા ભૂરિશ્રવા અને શિખંડી ભૂતોને ત્રાસ ઉપજાવનાર યુદ્ધ કરી રહ્યા હતા.[૪૩] હે રાજન્! તે રણમાં વીર્યવાન ભૂરિશ્રવાએ દ્રુપદરાજાના મહારથી પુત્ર શિખંડીને બાણોના મહાન સમૂહથી છાઇ દીધો હતો;[૪૪] તેથી ક્રોધાયમાન થયેલા શિખંડીએ, હે ભરતવંશી રાજા! નેવું બાણો મૂકીને ભૂરિશ્રવાને કંપાવી દીધો.[૪૫] વળી પેલી તરફ પરસ્પર જયની ઇચ્છાવાળા તથા મહાભયાનક કર્મ કરવાવાળા રાક્ષસ ઘટોત્કચ અને અલંબુષ એ બન્ને જણા અતિ અદ્ભુત યુદ્ધ કરી રહ્યા હતા.[૪૬] ગર્વિષ્ઠ થયેલા તથા જોનારને અતિ વિસ્મય કરનારા તેઓ બન્ને જણા સેંકડો માયાઓને ઉત્પન્ન કરી અન્યોન્યથી માયાદ્વારા અંતર્હિત થઇ ઘમ્યા કરતા હતા.[૪૭] પૂર્વે જેમ દેવ અને અસુરોના યુદ્ધસમયે મહાબળવાન એવા બળ દૈત્યે તથા ઇંદ્રે અતિ ભયંકર યુદ્ધ કર્યું હતું, તેમ ચેકિતાન અને અનુવિંદ પણ અતિ ભયંકર યુદ્ધ કરી રહ્યા હતા.[૪૮] હે રાજન્! જેમ પૂર્વે વિષ્ણુએ હિરણ્યાક્ષ દૈત્યજોડે અતિ તીવ્ર યુદ્ધ કર્યું હતું, તેમ કુમાર લક્ષ્મણ ક્ષત્રદેવની સાથે યુદ્ધ કરી રહ્યો હતો.[૪૯]

તે પછી ફૂદતા ઘોડાવાળા અને શાસ્ત્રોક્તવિધિએ તૈયાર કરેલા રથમાં બેસીને ગર્જના કરતો પૌરવરાજા સુભદ્રાના પુત્ર અભિમન્યુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે ધસી ગયો.[૫૦] તેને પોતાની સામે આવતો જોઈ શત્રુનું દમન કરનાર મહાબળવાન અભિમન્યુ પણ યુદ્ધ કરવાની ઇચ્છાથી ઉતાવળો ઉતાવળો તેનાપર ચઢી ગયો અને તેની સાથે યુદ્ધ કરવા મંડી પડયો.[૫૧] પૌરવરાજાએ બાણોના સમૂહથી અભિમન્યુને છાઇ દીધો, એટલે અર્જુનપુત્રે પણ તેના ધ્વજને, છત્રને તથા ધનુષ્યને પૃથ્વીપર પાડી દીધાં;[૫૨] અને બીજાં સાત બાણોથી તે પૌરવરાજાને વિંધીને પાંચ બાણોથી તેના ઘોડાઓને તથા સારથિને પણ વીંધી નાખ્યા.[૫૩] તે પછી સેનાને હર્ષ ઉપજાવતા તથા સિંહની પેઠે વારંવાર ગર્જના કરતા અર્જુનના પુત્રે પૌરવરાજાનો નાશ કરે તેવું બાણ ગ્રહણ કર્યું.[૫૪] ભયંકર દેખાવવાળાં તે બાણને ધનુષ્યમાં સાંધેલું જાણી પૌરવરાજાએ બે બાણો છોડી અભિમન્યુના તે બાણસહિત ધનુષ્યને છેદી નાખ્યું.[૫૫] શત્રુવીરોનો સંહાર કરનાર સુભદ્રાપુત્રે તે કપાયેલા ધનુષ્યને ફેંકી દઇ હાથમાં ઢાલ લઇ ચળકાટ કરતી તરવાર મ્યાનમાંથી બહાર કાઢી.[૫૬] રૂપેરી તારાઓવાળી ઢાલ હાથમાં લઈ ચાલાક હાથવાળાની પેઠે તરવાર ફેરવીને અનેક માર્ગોમાં ઘૂમી રહેલા તે અભિમન્યુએ પોતાનું પરાક્રમ દેખાડવા માંડયું.[૫૭] ભ્રામિત, ઉદ્ભ્રાંત, આધૂત અને પુનરુત્થાન નામની પટા ખેલવાની કળાઓને પ્રદર્શિત કરતા તે અભિમન્યુની ઢાલ અને તરવારમાં કોઇપણ જાતની વિશેષતા જોવામાં આવતી ન હતી–અર્થાત્ તે બન્ને તરવાર અને ઢાલ એકાકાર થઇ જતાં હતાં.[૫૮] એકાએક ગર્જના કરતો તે અભિમન્યુ પૌરવરાજાના રથની ઇષા (રથનો એક વિભાગ)પર કૂદીને તેનાપર ચઢી બેઠો અને તેણે પૌરવરાજાના કેશને પકડી પાડયા.[૫૯] પગની લાત મારીને એના સારથિને તથા તરવારથી રથની ધ્વજાને પૃથ્વીપર પાડી દઇ, સમુદ્રને ખળભળાવી દઇ ગરુડ જેમ સર્પને ફેંકી દે તેમ પૌરવરાજાને તેણે ફેંકી દીધો.[૬૦] તે સમયે સિંહે પાડી દીધેલા બેભાન આખલાની પેઠે તૂટી ગયેલી ચોટલીવાળા તે પૌરવરાજાને ત્યાં ઉભેલા સર્વ રાજાઓ જોઈ રહ્યા હતા.[૬૧] એ રીતે અભિમન્યુને વશ થયેલા તથા અનાથની પેઠે આકર્ષણ કરાતા તે પૌરવરાજાને પૃથ્વીપર પછડાયેલો જોઇ જયદ્રથરાજા સહન કરી શક્યો નહિ.[૬૨] તે મોરનાં પીંછાઓવાળી તથા સેંકડો ઘુઘરીઓવાળી ઢાલને તથા તરવારને હાથમાં લઇ મોટી ગર્જના કરીને રથપરથી કૂદી પડયો.[૬૩] એ રીતે સિંધુરાજ જયદ્રથને પોતાની સામે આવતો જોઇ, અભિમન્યુએ પૌરવરાજાને છોડી દીધો અને બાજપક્ષીની પેઠે પોતે રથપરથી એકદમ કૂદી પડયો;[૬૪] તથા શત્રુઓએ ફેંકેલાં ભાલાં, પટ્ટિશ અને તરવાર વગેરે શસ્ત્રોને પોતાની તરવારથી છેદવા લાગ્યો તથા ઢાલથી રોકવા લાગ્યો.[૬૫] એ પ્રમાણે સર્વ સૈન્યોને પોતાનું બાહુબળ દર્શાવીને ઢાલ–તરવાર હાથમાં ઉંચાં કરીને પુનઃ તે બળવાન શૂરો અભિમન્યુ, પોતાના પિતાના મહાન શત્રુ વૃદ્ધક્ષત્રના પુત્ર જયદ્રથ સામે, સિંહ જેમ હાથી સામે ધસે તેમ ધસી ગયો.[૬૬,૬૭] પછી તે બન્ને જણા સામસામા આવી જઇને તરવાર, દાંત અને નખના આયુધવાળા થઈ વાઘ તથા કેસરીસિંહની પેઠે હર્ષિત થયા હોય તેમ અન્યોન્યને પ્રહાર કરવા લાગ્યા.[૬૮] તરવાર અને ઢાલને એકબીજાપર પાડવામાં, ઘા કરવામાં તથા ઉપર નીચે ફેરવવામાં કોઈપણ મનુષ્ય તે બન્ને પુરુષસિંહોમાં અંતર જોઇ શકતો ન હતો.[૬૯] તે બન્નેનું તરવારનું ફેંકવું,તરવારનો શબ્દ, જૂદાં જૂદાં શસ્ત્રોને વાપરી દેખાડવું તથા બહાર અને અંદરના ભાગમાં હથિયારોના ઘા વગેરે બધું એકસરખું જ દેખાતું હતું.[૭૦] બાહ્ય અને આભ્યંતર પટા ખેલવામાં ઉત્તમ રીતે ઘૂમી રહેલા તેઓ બન્ને મહાત્મા પાંખોવાળા પર્વતસરખા દેખાતા હતા.[૭૧] તે પછી પોતાની સામે તરવારનો ઘા કરી રહેલા યશસ્વી અભિમન્યુની ઢાલના છેડાના ભાગમાં જયદ્રથરાજાએ તરવારનો પ્રહાર કર્યો.[૭૨] સિંધુરાજ જયદ્રથે ઘણા જોસપૂર્વક મારેલી તે મોટી તરવાર,અભિમન્યુની સોનેરી પતરાથી મઢેલી ચળકતી ઢાલમાં અથડાઇને ભાંગી પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રીતે પોતાની તરવારને ભાંગી પડેલી જાણી જયદ્રથરાજા, એકદમ છ પગલાં પાછળ કૂદી આંખના પલકારા જેટલા સમયમાં તો પોતાના રથપર બેઠેલો દેખાયો.[૭૪] એ પ્રમાણે અભિમન્યુની સામેના સંગ્રામથી મુક્ત થયેલા અને ઉત્તમ રથપર બેઠેલા તે જયદ્રથની આસપાસ ચારેબાજુ સર્વ રાજાઓ વીંટાઇ વળ્યા.[૭૫] તે પછી હાથમાં ઢાલ અને તરવાર ઉંચાં કરી મહાબળવાન અર્જુનપુત્ર,જયદ્રથને જોઇ ગર્જના કરવા લાગ્યો;[૭૬] અને તે સિંધુરાજનો ત્યાગ કરી શત્રુસંહારક સુભદ્રાપુત્ર, સૂર્ય જેમ ભુવનને તપાવે તેમ તેના સૈન્યને તપાવવા લાગ્યો.[૭૭]

તે સમયે શલ્યરાજાએ તદ્દન લોઢાની બનાવેલી અને સુવર્ણથી સુશોભિત જણાતી, પ્રદીપ્ત અગ્નિશિખાની પેઠે ભયંકર એવી શક્તિ તે અભિમન્યુના પર ફેંકી.[૭૮] ગરુડ જેમ ઉડતા સર્પને કૂદીને પકડી પાડે, તેમ અભિમન્યુએ પણ એકદમ કૂદીને તે શક્તિ પકડી પાડી તથા તરવારને ખુલ્લી કરી.[૭૯] અમિત તેજવાળા તે અભિમન્યુની એ ચાલાકી તથા પરાક્રમ જોઈને સર્વ રાજાઓ સિંહની ગર્જનાની પેઠે ગર્જના કરવા લાગ્યા.[૮૦] પછી તેજ શલ્યની શક્તિને શત્રુસંહારક સુભદ્રાપુત્રે પોતાના બાહુબળથી છોડી કે જે શક્તિ વૈડૂર્યમણિથી જડેલી તથા તીક્ષ્ણ હોઇને કાંચળીવિનાના સર્પની પેઠે તે શલ્યરાજાના રથપર આવીને તેના સારાથને મારી નાખી, તે શલ્યરાજાને પણ તેણે રથપરથી નીચે ગબડાવી નાખ્યો.[૮૧] તે જોઈ વિરાટ, દ્રુપદ, ધૃષ્ટકેતુ, યુધિષ્ઠિર, સાત્યકિ, કેકયકુમારો, ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ અને દ્રૌપદીના પાંચ પુત્રો–એ બધા "ધન્ય, ધન્ય" એમ કહેવા લાગ્યા. તે ઉપરાંત યુદ્ધમાંથી પલાયન નહિ કરનાર તે અભિમન્યુને હર્ષ ઉપજાવનારા અનેક પ્રકારના બાણના શબ્દો તથા પુષ્કળ સિંહનાદો સર્વ સૈન્યમાં પ્રકટ થઈ રહ્યા; પણ તમારા પુત્રો શત્રુઓનાં તે વિજયનાં લક્ષણોને સહન કરી શક્યા નહિ.[૮૩–૮૫] હે મહારાજ ! તે પછી તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ એકત્ર થઇ મેઘો જેમ પર્વતને છાઇ દે, તેમ તે અભિમન્યુને તીક્ષ્ણ બાણોથી ચારે તરફથી એકાએક છાઇ દેવા લાગ્યા;[૮૬] એટલામાં તમારા પુત્રોનું પ્રિય ઇચ્છતો શત્રુસંહર્તા શલ્યરાજા, પોતાના સારથિના થયેલા પરાભવને જોઇને ક્રોધપૂર્વક અભિમન્યુ સામે ધસી ગયો.[૮૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'અભિમન્યુનું પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૧૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫ મો

શલ્યને રણમાંથી દૂર લઈ જવો

॥ धृतराष्ट्र उवाच ॥

बहूनि सुविचित्राणि द्वन्द्वयुद्धानि संजय ।
त्वयोक्तानि निशम्याहं स्पृहयामि सचक्षुषाम्॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સંજય ! તેં અનેક પ્રકારનાં અદ્ભુત દ્વંદ્વયુદ્ધ મારી પાસે કહ્યાં, કે જે સાંભળીને હું ચક્ષુવાળાં મનુષ્યોનાં દૃષ્ટિસુખને ઇચ્છું છું–અર્થાત્ મને પણ ચક્ષુદ્વારા જોવાની ઇચ્છા થઇ જાય છે.[૧] લોકમાં આશ્ચર્યરૂપ એવા આ કૌરવપાંડવના દેવ–અસુરસમાન યુદ્ધને મનુષ્યો ગાયાજ કરશે.[૨] આ ઉત્તમ યુદ્ધને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી, માટે તું મને શલ્ય અને અભિમન્યુના યુદ્ધને કહી સંભળાવ.

સંજયે કહ્યું:–પોતાના સારથિને માર્યે ગયેલો જોઇ શલ્યરાજા, કેવળ લોઢાની બનાવેલી ગદાને ઉંચી કરી ક્રોધપૂર્વક ગર્જના કરી રથપરથી ઉતરી પડયો.[૪] પ્રજ્વલિત પ્રલયાગ્નિસમાન તથા દંડધારી કાળસમાન તે શલ્યરાજાને જોઇને ભીમસેન હાથમાં મોટી ગદા લઇ તેની સામે ચઢી આવ્યો.[૫] અભિમન્યુ પણ વજ્રસમાન મોટી ગદા હાથમાં લઈ "આવી જા, આવી જા," એમ કહેવાલાગ્યો;પણ ભીમસેને તેને બળાત્કારે રોકી રાખ્યો.[૬] એ પ્રમાણે અભિમન્યુને અટકાવીને પ્રતાપી ભીમસેન, શલ્ય પાસે આવીને પર્વતની પેઠે સ્થિર થઇ યુદ્ધ કરવા ઉભો રહ્યો;[૭] તેમજ મદ્રરાજ શલ્ય પણ મહાબળવાન ભીમસેનને પોતાની આગળ આવેલો જોઈ, સિંહ જેમ હાથી સામે ધસી જાય તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધસી ગયો.[૮] પછી સર્વ સૈન્યોની અંદર અનેક પ્રકારનાં રણવાદિત્રોના તથા હજારો શંખોના શબ્દો થઇ રહ્યા અને સાથે સાથે સિંહનાદો તથા ભેરીઓના મહાશબ્દો પણ થવા લાગ્યા.[૯] એકબીજા સામે જોઇને એકબીજા સામે દોડી રહેલા કૌરવોના તથા પાંડવોના "વાહ, વાહ," એ પ્રમાણેના સેંકડો શબ્દો સંભળાવા લાગ્યા. હે ભરતવંશી ધૃતરાષ્ટ્રરાજા ! એ યુદ્ધમાં શલ્યરાજાસિવાય બીજો કોઈ પણ રાજા ભીમસેનના વેગને સહન કરવા ઉત્સાહ કરી શકે તેવો ન હતો;[૧૧] તથા મહાત્મા શલ્યની ગદાના વેગને ભીમસેનસિવાય બીજો કયો યોદ્ધો સહન કરવા ઉત્સાહ કરે ?[૧૨] સોનેરી પટ્ટાઓથી બાંધેલી ભીમસેનની મોટી ગદા જ્યારે ચારેબાજુ ઘૂમતી હતી, ત્યારે તે મનુષ્યોને આનંદ કરનારી થઇ પડી હતી;[૧૩] તેમજ મંડલાકારે અનેક પ્રકારની યુદ્ધરીતિએ ચોતરફ ઘૂમી રહેલા તે શલ્યરાજાની મોટા વિજળીના ઝબકારાસરખી દેખાતી ગદા પણ શોભી રહેલી હતી.[૧૪] ગદાના અગ્રભાગને ગોળાકારે ફેરવતા તે શલ્ય અને ભીમસેન બન્ને જણા ગર્જના કરતા બે આખલાઓની પેઠે મંડલાકારે ઘૂમવા લાગ્યા. મંડલાકારે ગોળ ઘૂમવામાં તથા એકબીજાના ગદાપ્રહારને છટકાવવામાં તે બન્ને પુરુષસિંહોનું યુદ્ધ લગભગ સરખુંજ થઇ રહ્યું હતું.[૧૬] ભીમસેને શલ્યરાજાની મોટી ગદામાં જ્યારે સખત પ્રહાર કર્યો, ત્યારે તે મહારૌદ્ર ગદા અગ્નિની જવાળાઓ કાઢતી ભાંગી પડી;[૧૭] તેમજ શત્રુએ ભાંગી નાખેલી ભીમસેનની ગદા પણ વર્ષાકાળમાં સાયંકાળે પતંગિયાંથી વીંટાયલા વૃક્ષની પેઠે શોભતી હતી.[૧૮] હે ભરતવંશી રાજા ! તે યુદ્ધમાં શલ્યરાજાએ ફેંકેલી ગદા આકાશને પ્રદીપ્ત કરતી વારંવાર અગ્નિ કાઢવા લાગી;[૧૯] તેમજ ભીમસેને પોતાના શત્રુપર ફેંકેલી ગદા, આકાશમાંથી પડતી મોટી ઉલ્કાની પેઠે તેના સૈન્યને તપાવવા લાગી.[૨૦] તે બન્ને ગદાધારીઓની શ્રેષ્ઠ ગદાઓ, પરસ્પર સામે અથડાઇને ફુંફાડા મારતી નાગકન્યાઓની પેઠે અગ્નિને બહાર કાઢવા લાગી.[૨૨] જેમ બે મોટા વાઘો નખના પ્રહાર કરે તથા જેમ બે મોટા હાથીઓ દંતૂશળોના પ્રહાર કરે, તેમ તેઓ બન્ને જણા હાથમાં ગદાના અગ્રભાગને ધારણ કરી સામસામા ઘૂમી રહ્યા હતા.[૨૨] તે પછી ગદાના અગ્રભાગથી ઘાયલ થયેલા અને તેથીજ એક ક્ષણવારમાં લોહીથી રેબઝેબ થયેલા તે બન્ને મહાત્માઓ પુષ્પોથી ખીલેલા ખાખરાઓની પેઠે દેખાતા હતા.[૨૩] તે બન્ને પુરુષસિંહોનો પરસ્પર ગદાપ્રહારનો ઇંદ્રના વજ્રસરખો શબ્દ સર્વ દિશાઓમાં સંભળાતો હતો.[૨૪] મદ્રરાજ શલ્યે ડાબા જમણા બન્ને પડખામાં ગદાવડે ઘાયલ કરેલો ભીમસેન, ભેદાતા પર્વતની પેઠે લગારે કંપ્યો ન હતો;[૨૫] તેમજ ભીમસેનની ગદાના વેગથી પ્રહાર કરતો મહબળવાન શલ્યરાજા પણ વજ્રોથી ભેદાતા પર્વતની પેઠે ધૈર્યથી સ્થિર ઉભો રહ્યો હતો.[૨૬] વળી પાછા પણ મોટા વેગથી ગદાઓ ઉંચી કરી તે બન્ને જણા સામસામા આવી ગયા અને મધ્યમાર્ગમાં રહી મંડલાકારે ઘૂમવા લાગ્યા.[૨૭] પછી મદોન્મત્ત હાથીની પેઠે આઠ પગલાં કૂદી તેઓ બન્ને જણાએ એકાએક ગદાના લોખંડી દાંડાથી અન્યોન્યને પ્રહાર કર્યો.[૨૮] એ રીતે પરસ્પર વેગથી લગભગ થાકી ગયેલા તથા એકબીજાની ગદાવડે અત્યંત ઘાયલ થયેલા તે બન્ને વીરો, ઇંદ્રધ્વજની પેઠે એકીસાથે પૃથ્વીપર પછડાઈ પડયા.[૨૯] તે સમયે વિહ્વલ થઇ શ્વાસોચ્છ્વાસ લેતા શલ્યરાજાની પાસે મહારથી કૃતવર્મા એકદમ આવી પહોંચ્યો.[૩૦] હે મહારાજ ! સર્પની પેઠે તરફડતા તે શલ્યરાજાને ગદાથી પીડાયેલો જોઈ તથા મૂર્છાવશ થયેલો જોઇ મહારથી કૃતવર્મા એકદમ પોતાના રથમાં બેસાડી તુરત તેને રણમાંથી દૂર લઈ ગયો.[૩૧,૩૨] ભીમસેન પણ મદમત્તની પેઠે જરા વિહ્વલ થઈ ગયો હતો, પણ એક નિમેષકાળમાં પુનઃ ઉભો થઇ ગયો અને તે મહાબાહુ હાથમાં ગદા લઇ ત્યાં દેખાવા લાગ્યો.[૩૩] હે રાજન્ ! ત્યારપછી મદ્રરાજને યુદ્ધમાંથી નાસી ગયેલો જોઇ તમારા પુત્રો હાથી, ઘોડા, પાળા અને રથોસહિત ધ્રૂજવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા.[૩૪] વિજયી બનેલા પાંડવોથી પીડાતા તમારા પુત્રો ભયભીત થઈ વાયુના સપાટામાં આવેલા મેઘોની પેઠે દિશાઓમાં પલાયન કરી ગયા.[૩૫] હે રાજન્! કૌરવોને જીતીને મહારથી પાંડવો, પ્રદીપ્ત થયેલા અગ્નિની પેઠે રણમાં શોભવા લાગ્યા.[૩૬] હર્ષિત થયેલા તે પાંડવો મોટા મોટા સિંહનાદો કરવા લાગ્યા, શંખો ફૂંકવા લાગ્યા તથા ભેરીઓ, મૃદંગો અને આનકોને વગાડવા લાગ્યા.[૩૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'શલ્યનું અપમાન' એ વિષયનો અધ્યાય ૧૫ મો સમાપ્ત

અધ્યાય ૧૬ મો

પહેલો દિવસ સમાપ્ત

॥ संजय उवाच ॥

तद्बलं सुमहद्दीर्णं त्वदीयं प्रेक्ष्य वीर्यवान् ।
दधारे कोरणे राजन् वृषसेनोऽस्त्रमायया ॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્! તમારા મહાન સૈન્યને એ રીતે નાસભાગ કરતું જોઈ પરાક્રમી વૃષસેન (કર્ણનો પુત્ર) એકલોજ અસ્ત્રની કુશળતાથી સર્વને રોકી રહ્યો હતો.[૧] વૃષસેને છોડેલાં બાણો પાળા, ઘોડા, રથ અને હાથીઓને ચીરી નાખી, દશે દિશાઓમાં જતાં દેખાતાં હતાં.[૨] હે મહારાજ! વૃષસેનનાં પ્રજ્વલિત હજારો બાણો ઉનાળામાં પ્રખર થયેલા સૂર્યનાં હજારો કિરણોની પેઠે સર્વ સ્થળે ફરતાં હતાં.[૩] હે મહારાજ! તેણે ઘાયલ કરેલા રથીઓ અને ઘોડેસ્વારો, વાયુએ એકાએક ભાંગી નાખેલાં વૃક્ષોની પેઠે ટપોટપ પૃથ્વીપર પડવા લાગ્યા.[૪] હે રાજન્! તે મહારથીએ સેંકડો અને હજારો રથીઓ તથા હાથીઓને રણભૂમિપર પટકી પાડયા હતા.[૫] નિર્ભય થઇને રણમાં ઘૂમી રહેલા તે એકલાને જોઈને સર્વ રાજાઓએ એકત્ર થઇ ચારેબાજુથી તેને ઘેરી લીધો.[૬] વળી નકુલનો પુત્ર શતાનીક વૃષસેન સામે ધસી આવ્યો અને તેણે મર્મને ભેદી નાખે તેવાં દશ નારાચ બાણોથી એને વિંધી નાખ્યો;[૭] પણ કર્ણના પુત્ર વૃષસેને તે શતાનીકનું ધનુષ્ય કાપી નાખી ધજાને પણ ઉરાડી પાડી. તે જોઇ પોતાના ભાઈનું રક્ષણ કરવામાટે દ્રૌપદીના પુત્રો ધસી આવ્યા;[૮] અને તેઓએ બાણોના સમૂહથી કર્ણના પુત્રને એકદમ અદશ્ય કરી દીધો. તેવામાં તો ગર્જના કરી રહેલા તે દ્રૌપદીના પુત્રોસામે અશ્વત્થામા વગેરે મહારથીઓ દોડી આવ્યા;[૯] અને હે મહારાજ! મેઘો જેમ પર્વતોને છાઈ દે, તેમ એકદમ અનેક પ્રકારનાં બાણોવડે દ્રૌપદીના તે મહારથી પુત્રોને તેઓએ છાઇ દીધા.[૧૦] તે જોઇ પુત્રોનું રક્ષણ કરવા ઇચ્છતા પાંડવો, પાંચાલો, કેકયો, મત્સ્યો અને સૃંજયો હથિયારો ઉગામી ઉગામી ત્વરાપૂર્વક તેઓ સામે યુદ્ધ કરવા આવી ઉભા.[૧૧] તે સમયે તમારા પક્ષના યોદ્ધાઓની સાથે પાંડવોનું, દાનવોની સાથે જેવું દેવોનું યુદ્ધ થયું હતું તેવું રૂવાં ખડાં કરી દે તેવું મહાઘોર યુદ્ધ થયું.[૧૨] પરસ્પરનો અપરાધ કરનારા તથા પરસ્પરની સામે જોઇ રહેલા તે વીર કૌરવો તથા પાંડવો એ રીતે કોપાયમાન થઇને યુદ્ધ કરી રહ્યા હતા.[૧૩] અમાપ તેજવાળા તે કૌરવપાંડવોનાં શરીરો ક્રોધને લીધે આકાશમાં યુદ્ધ કરી રહેલા ગરુડ અને સર્પોનાં શરીરો જેવાં દેખાતાં હતાં.[૧૪] ભીમસેન, કર્ણ, કૃપાચાર્ય, દ્રોણ, અશ્વત્થામા, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ વગેરે યોદ્ધાઓથી તે રણપ્રદેશ ઉદય પામેલા કાળસૂર્યના સરખો ભયંકર ભાસતો હતો.[૧૫] તે સમયે પૂર્વે મહાબળવાન દાનવોનું મહાબળવાન દેવો સાથે જે પ્રમાણે યુદ્ધ થયું હતું તે પ્રમાણે અન્યોન્ય પ્રહાર કરનારા તે કૌરવપાંડવોનું તુમુલ યુદ્ધ થઇ રહ્યું હતું.[૧૬] તે પછી ઉછળતા સમુદ્રસમાન ગર્જના કરતું યુધિષ્ઠિરનું મહાસૈન્ય, નાસી ગયેલા મહારથીઓવાળા તમારા સૈન્યનો સંહાર કરવા લાગ્યું.[૧૭] પોતાના સૈન્યમાં એ પ્રમાણે ભંગાણ પડેલું જોઇ તથા શત્રુઓએ પોતાના સૈન્યને પીડિત કરી નાખેલું જોઇ "હે શૂરા યોદ્ધાઓ! તમે નાસભાગ ન કરો" એ પ્રમાણે કહી દ્રોણાચાર્યે સર્વને હિંમત આપી.[૧૮] પછી લાલ રંગના ઘોડાવાળા તે દ્રોણાચાર્ય ચાર દાંતવાળા હાથીની પેઠે ક્રોધા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમાન થઇ પાંડવોના સૈન્યમાં પ્રવેશ કરી યુધિષ્ઠિર સામે ધસી ગયા.[૧૯] તેમને પોતાની સામા આવતા જોઇ કંકપક્ષીનાં પીછાંવાળાં તીક્ષ્ણ બાણોવડે યુધિષ્ઠિર તેમને વિંધવા લાગ્યા; પણ દ્રોણાચાર્યે તે રાજાનું ધનુષ્ય કાપી નાખી પોતે આગળ ધસારો કરવો ચાલુજ રાખ્યો.[૨૦] એ વેળા યુધિષ્ઠિરરાજાના ચક્રનું રક્ષણ કરનાર પાંચાલના કુમારે, કાંઠો જેમ સમુદ્રને રોકી રાખે, તેમ દ્રોણાચાર્યને આગળ વધતા રોકી રાખ્યા. બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણને, કુમારે એ પ્રમાણે રોકી રાખેલા જોઇ સર્વ સૈન્યોમાં સિંહનાદો થવા લાગ્યા; તથા સર્વે "સારૂં કર્યું, સારૂં કર્યું" એમ કહેવા લાગ્યા.[૨૨] ત્યારપછી ક્રોધાયમાન થયેલા કુમારે સિંહની પેઠે વારંવાર ગર્જના કરી તે મહારણમાં દ્રોણાચાર્યને એક બાણથી છાતીમાં વિંધી નાખ્યા.[૨૩] વળી મહાબળવાન, શ્રમને જીતનાર તથા ફોરા હાથવાળા તે કુમારે અનેક હજાર બાણોથી દ્રોણાચાર્યને અટકાવીજ રાખ્યા;[૨૪] પણ બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણે શ્રેષ્ઠ વ્રતવાળા તથા મંત્રાસ્ત્રોમાં કરેલા પરિશ્રમવાળા તે શૂરવીર ચક્રરક્ષક કુમારને પોતાનાં શસ્ત્રોના બળથી મારી નાખી પૃથ્વીપર પાડી દીધો. પછી તમારા સૈન્યનું રક્ષણ કરનારા બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્ય, પાંડવસૈન્યના મધ્યમાં આવી સર્વ દિશાઓમાં ઘૂમવા લાગ્યા;[૨૬] અને શિખંડીને બાર બાણોથી,ઉત્તમૌજાને વીસ બાણોથી, નકુલને પાંચ બાણોથી, સહદેવને સાત બાણોથી, યુધિષ્ઠિરને બાર બાણોથી, દ્રૌપદીના પુત્રોને ત્રણત્રણ બાણોથી,સાત્યકિને પાંચ બાણોથી તથા વિરાટરાજાને દશ બાણોથી વિંધી નાખી મુખ્ય મુખ્ય યોદ્ધાઓ સામે જોસભેર ધસારો કરી તથા તેઓને રણમાં ગભરાવી દઈ તેમણે કુંતીપુત્ર યુધિષ્ઠિરને પકડી લેવાની ઇચ્છાથી આગળ વધવું ચાલુ રાખ્યું.[૨૭–૨૯] હે રાજન્! તેવામાં યુગંધરે, ક્રોધાતુર મહારથી દ્રોણાચાર્યને વાયુથી ઉછળી રહેલા સમુદ્રની પેઠે આગળ વધતા અટકાવ્યા;[૩૦] પણ તે દ્રોણે, નમેલાં પર્વવાળાં બાણોથી યુધિષ્ઠિરને વિંધી નાખી એક ભલ્લ નામના બાણથી યુગંધરને રથની બેઠકપરથી નીચે ઢોળી પાડયો.[૩૧] તે પછી વિરાટ, દ્રુપદ, કેકયકુમારો, સાત્યકિ, શિબિ, પાંચાલયોદ્ધો વ્યાઘ્રદત્ત અને વીર્યવાન સિંહસેનઆ અને બીજા અનેક યોદ્ધાઓ યુધિષ્ઠિરનું રક્ષણ કરવાની ઇચ્છાથી અનેક બાણો વર્ષાવી દ્રોણાચાર્યના માર્ગને ઘેરી વળ્યા.[૩૨,૩૩] પાંચાલના વ્યાઘ્રદત્તે, તીક્ષ્ણ પચાસ બાણોનો પ્રહાર કરી દ્રોણાચાર્યને વિંધી નાખ્યા, ત્યારે હે રાજન્! ત્યાં રહેલા સૈનિકોએ હાહાકાર કરી મૂક્યો;[૩૪] તેમજ મહારથીઓને ત્રાસ પમાડતો સિંહસેન પણ મહારથી દ્રોણને એકાએક વિંધી નાખી ખડખડાટ હસવા લાગ્યો.[૩૫] એટલે આંખોના ડોળા ફાડી, ધનુષ્યની દોરીનો ટંકાર કરી તથા હાથનાં તળીઆંનો મહાન શબ્દ કરી દ્રોણાચાર્ય તે સિંહસેનસામા ધાયા; અને બે ભલ્લજાતિનાં બાણો મૂકી સિંહસેનના કુંડળસહિત મસ્તકને ધડથી જુદું પાડી દીધું તથા બળવાન તે આચાર્યે વ્યાઘ્રદત્તનો પણ શિરચ્છેદ કર્યો.[૩૭] ઉપરાંત બાણોનો વરસાદ વરસાવી પાંડવોના સર્વ મહારથીઓને હાંકી કાઢી,અંત લાવનાર સાક્ષાત્ મૃત્યુની પેઠે યુધિષ્ઠિરના રથ પાસે આવી તે ઉભા રહ્યા.[૩૮] એ રીતે નિયમિત વ્રતવાળા તે આચાર્ય જ્યારે સમીપમાં આવી ઉભા રહ્યા, ત્યારે યુધિષ્ઠિરના સૈન્યમાં યોદ્ધાઓનો "રાજા મુઓ, મુઓ" એ પ્રમાણેનો મહાન કોલાહલ મચી રહ્યો.[૩૯] દ્રોણાચાર્યનું એ પરાક્રમ જોઈને આપણા પક્ષના સર્વ સૈનિકો કહેવા લાગ્યા કે, આજે રાજા દુર્યોધન કૃતાર્થ થશે.[૪૦] અવશ્ય આ મુહૂર્તમાં દ્રોણાચાર્ય, યુધિષ્ઠિરને કેદ પકડી હર્ષયુક્ત થઇ દુર્યોધનરાજાની પાસે આવી પહોંચશે.[૪૧] તમારા સૈનિકો એ પ્રમાણે વાતચીત કરતા હતા, તેટલામાં તો રથના ગડગડાટથી પૃથ્વીને ગજાવી મૂકતો અર્જુન એકદમ વેગથી ત્યાં આવી પહોંચ્યો;[૪૨] અને લોહીરૂપ જળવાળી, રથોરૂપ ઘુમરીઓવાળી, શૂરવીરોનાં હાડકાંઓથી વ્યાપ્ત થયેલી, પ્રેતોરૂપ કાંઠાનું હરણ કરનારી, બાણોના સમૂહરૂપ ફીણવાળી, અને ઝીણાં ઝીણાં ભાલાંઓરૂપ માછલાંઓથી ભરેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે રણભૂમિપર વહેતી ઘોર નદીને તરી જઈ, અર્જુને વેગપૂર્વક કૌરવોને ત્યાંથી હાંકી કાઢયા.[૪૩,૪૪] બાણોનાં મહાન સમૂહથી જાણે સર્વને મોહ પમાડતો હોય તેમ, એકદમ સર્વ પ્રદેશને છાઇ દેતો અર્જુન, દ્રોણાચાર્યના સૈન્યપર ચઢી આવ્યો.[૪૫] અવિચ્છિન્નપણે બાણોનું સંધાન કરી શીઘ્રતાપૂર્વક છોડતો તે યશસ્વી અર્જુન, ક્યારે બાણ સાંધે છે અને ક્યારે ફેંકે છે તે કોઈ જોઇ શકતું ન હતું.[૪૬] હે મહારાજ ! તે સમયે દિશાઓ, અંતરિક્ષ, આકાશ અને પૃથ્વી એમાંનું કંઈપણ દેખાતું ન હતું. જાણે બધું બાણમય થયું હોય તેમ લાગતું હતું.[૪૭] હે રાજન્ ! ગાંડીવધનુર્ધારી અર્જુને સર્વ સ્થળે બાણોનો મોટો અંધકાર વ્યાપ્ત કરી દીધો, ત્યારે તે રણભૂમિપર કંઇ પણ દેખાતું ન હતું.[૪૮] એટલામાં સૂર્ય પણ અસ્ત થયો, સર્વ પ્રદેશ અંધકારથી છવાઇ ગયો અને તે રણમાં શત્રુ કે મિત્ર ઓળખાતો ન હતો;[૪૯] એટલે દ્રોણ અને દુર્યોધન આદિએ પોતાનાં સૈન્યોને યુદ્ધમાંથી પાછાં વાળી લીધાં. પોતાના શત્રુઓને ત્રાસ પામેલા તથા યુદ્ધ કરવામાં મનવિનાના જાણી અર્જુને પણ પોતાનાં સૈન્યોને ધીમે ધીમે છાવણી તરફ પાછાં વાળ્યાં. તે સમયે હર્ષમાં આવી ગયેલા પાંડવ તથા સૃંજય યોદ્ધાઓ અર્જુનનાં વખાણ કરવા લાગ્યા.[૫૦,૫૧] ઋષિઓ જેમ સુંદર વાણીથી સૂર્યની સ્તુતિ કરે છે, તેમ પાંચાલયોદ્ધાઓ પણ મનગમતી વાણીથી અર્જુનની સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે પોતાના શત્રુઓને જીતીને હર્ષિત થયેલો અર્જુન પણ શ્રીકૃષ્ણની સાથે સર્વ સૈન્યોની પાછળ પાછળ પોતાની છાવણીભણી જવા લાગ્યો.[૫૨,૫૩] તે વેળા ઇંદ્રનીલમણિ, પદ્મરાગમણિ, સુવર્ણ, રૂપું, હીરા, પ્રવાલમણિ અને સ્ફાટિકમણિ વગેરેથી અદ્ભુત ભાસતા રથમાં બેઠેલો પાંડુપુત્ર અર્જુન, નક્ષત્રોથી અદ્ભુત ભાસતા આકાશના મધ્યમાં આરૂઢ થયેલા ચંદ્રની પેઠે શોભતો હતો.[૫૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણાભિષેકપર્વમાં 'પ્રથમ દિવસના યુદ્ધની સમાપ્તિ' એ વિષયનો અધ્યાય ૧૬ મો સમાપ્ત

દ્રોણાભિષેકપર્વ સમાપ્ત

संशप्तकवध पर्व

અધ્યાય ૧૭ મો
ત્રિગર્તોની પ્રતિજ્ઞા અને અર્જુનનું પ્રયાણ*

॥ संजय उवाच ॥

ते सेने शिविरंगत्वान्यविशेतां विशांपते ।
यथाभागं यथान्यायं यथा गुल्मं च सर्वशः। १

સંજયે કહ્યું:-હે ધૃતરાષ્ટ્ર રાજા ! તે બન્ને પક્ષની સેનાઓ પોતપોતાની છાવણીમાં જઇને યથાયોગ્ય વિભાગ પ્રમાણે તથા પોતપોતાનાં પ્રથમથી નિયત કરેલાં સ્થાન પ્રમાણે સર્વ સ્થળે વિશ્રાંતિ લેવા લાગી.[૧] સૈન્યોને પાછાં વાળી પરમ દુઃખી મનવાળા દ્રોણાચાર્યે દુર્યોધનને જોઈ લજ્જાપૂર્વક આ પ્રમાણે કહ્યું:-[૨] "મેં તને પ્રથમજ કહેલું હતું કે, જ્યાંસુધી અર્જુન યુદ્ધમાં ઉભો હશે ત્યાંસુધી દેવો પણ યુધિષ્ઠિરને પકડી શકે તેમ નથી.[૩] અતિશય યત્ન કરી રહેલા તમારા બધાની સમક્ષજ અર્જુને યુદ્ધમાં જે પરાક્રમ કરી દેખાડયું છે, તે પરથીજ તું મારાં વચનપર શંકા કરીશ નહિ. હું તને ખરૂંજ કહું છું કે, કૃષ્ણ અને અર્જુન યુદ્ધમાં અજિત છે.[૪] કોઇપણ યોગે કરી-ઉપાયે કરી જો શ્વેત ઘોડાવાળા અર્જુનને યુદ્ધમાંથી દૂર કર-

* પ્રતિજ્ઞા કરી યુદ્ધમાંથી પાછું ન હઠાવનારૂં સૈન્ય સંશપ્તક કહેવાય છે. તેવાં ત્રિગર્તોના સંશપ્તકસૈન્યનો વધ આ પર્વમાં દર્શાવાશે, માટે આ પર્વનું નામ "संशप्तकवध पर्व" એવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં આવશે તો હે રાજન્! એ યુધિષ્ઠિર તારે સ્વાધીન થશે;[૫] માટે આપણામાંનો કોઇ યોદ્ધો અર્જુનને યુદ્ધ કરવામાટે આહ્વાન કરી અન્ય પ્રદેશમાં ખેંચી જાય તેવી ગોઠવણ કરો. અવશ્ય અર્જુન તે આહ્વાન કરનારને જીત્યાવિના પાછો કદી ફરશે નહિ.[૬] એ સમયનો લાભ લઇ અર્જુનની ગેરહાજરીમાં હું પાંડવસેનામાં ભંગાણ પાડી ધૃષ્ટદ્યુમ્નના દેખતાં યુધિષ્ઠિરરાજાને પકડીશ. હે દુર્યોધનરાજા! અર્જુનવિનાના થયેલા તે ધર્મરાજા મને સમીપમાં આવેલો જોઇ જો યુદ્ધ કરવું નહિ છોડે તો તારે સમજવું કે, યુધિષ્ઠિર પકડાયોજ છે.[૮] જો એ પ્રમાણે થશે તો હે મહારાજ! આજે ધર્મપુત્ર યુધિષ્ઠિરને તેના પરિવારસહિત હું તારે સ્વાધીન કરીશ, એમાં સંશય નથી;[૯] માટે કોઈપણ ઉપાયે અર્જુન સંગ્રામમાંથી જો દૂર થાય અને યુધિષ્ઠિરરાજા એક મુહૂર્તકાળસુધી પણ જો યુદ્ધમાં ઉભો રહે તો તેનું પરિણામ પાંડવોના પર વિજય મેળવવા કરતાં પણ અધિક ઉત્તમ આવે એમ હું ધારૂં છું."[૧૦]

સંજયે કહ્યું:-હે રાજન્! દ્રોણાચાર્યનું તે વચન સાંભળી ત્રિગર્તરાજા પોતાના ભાઇઓસહિત વચમાં બોલી ઉઠયો:-[૧૧]"હે રાજા દુર્યોધન! ગાંડીવધનુર્ધારી અર્જુન, હમેશાં અમારો પરાભવ કર્યા કરે છે. અમે નિરપરાધી છીએ છતાં તેણે અમારો અપરાધ કર્યો છે.[૧૨] તેણે કરેલા અમારા પરાભવોનું જ્યારે અમે સ્મરણ કરીએ છીએ,ત્યારે ક્રોધરૂપ અગ્નિથી અમે બળી જઇએ છીએ તથા રાત્રિમાં સુખેથી ઉંઘી શકતા પણ નથી;[૧૩] માટે તે અર્જુન, અસ્ત્રસંપન્ન થઈ જો અમારી નજરે ચઢે તો તો બહુજ સારૂં થાય અને અમે અમારા મનમાં જે કરવું ધારીએ છીએ તે પણ કરી શકીએ.[૧૪] અમેજ આજે તેને યુદ્ધમાંથી બહાર કાઢી મારી નાખીશું, કે જેથી તમારૂં પ્રિય થશે અને અમારો યશ પણ થશે.[૧૫] આજે આ પૃથ્વી અર્જુનવિનાની થાઓ અથવા ત્રિગર્તોવિનાની થાઓ. આ અમારી પ્રતિજ્ઞા સત્ય છે તે કદીપણ મિથ્યા થશે નહિ."[૧૬]હે ભરતવંશી ધૃતરાષ્ટ્રરાજા! એ પ્રમાણે સત્યરથ, સત્યવર્મા, સત્યવ્રત, સત્યેષુ તથા સત્યકર્મા નામના ત્રિગર્તરાજના પાંચ ભાઇઓ, અર્જુનસામે યુદ્ધ કરવા જવામાટેની પ્રતિજ્ઞા કરી દશહજાર રથીયોદ્ધાઓ સાથે ત્યાંથી નીકળી પડયા.[૧૭-૧૮] માલવો અને તુંડીકેરો પણ ત્રીસહજાર રથોસાથે યુદ્ધ કરવા તૈયાર થયા તથા ત્રિગર્તદેશમાં આવેલા પ્રસ્થલ નગરનો રાજા પુરુષવ્યાઘ્ર સુશર્મા પણ માવેલ્લક, લલિત્થ અને મદ્રક યોદ્ધાઓની સાથે બીજા દશહજાર રથો લઇ પોતાના ભાઇઓ સાથે ચાલી નીકળ્યો.[૧૯,૨૦] વળી જૂદા જૂદા દેશોમાંથી બીજા ઉત્તમ દશહજાર રથીઓ પણ તે પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાટે ત્યાં આવી પહોંચ્યા.[૨૧]પછી અગ્નિનું પૂજન કરી બધાએ જૂદો જૂદો હોમ કરી દર્ભ, તરેહ તરેહનાં વસ્ત્રો તથા કવચો ધારણ કર્યાં.[૨૨]શરીરે પ્રથમ ઘીનું લેપન કરી, સ્નાનાદિ કરીને દર્ભ, વસ્ત્રો તથા કવચો પહેરી કેડે મૂંજ ઘાસની મેખલા (કંદોરો) બાંધી તે વીરપુરુષોએ યાચકોને સેંકડો અને હજારોની સંખ્યામાં દક્ષિણા આપી.[૨૩] યજ્ઞ કરનારા, પુત્રોવાળા, પવિત્ર લોકને યોગ્ય, કૃતાર્થ તથા શરીરની દરકાર નહિ કરનારા તે વીર નરો, પોતાના આત્માને યશ અને વિજયસાથે યોજવા માગતા હતા. બ્રહ્મચર્ય અને વેદાધ્યયન જેમાં મુખ્ય છે તેવાં કર્મોદ્વારા તથા સારી રીતે જેમાં દક્ષિણાદાન અપાય છે તેવા યજ્ઞોદ્વારા જે દિવ્યલોક પ્રાપ્ત કરી શકાય છે, તે દિવ્યલોકમાં તે વીર ક્ષત્રિયો, નીતિમય યુદ્ધ કરી શીઘ્ર જવા ઇચ્છતા હતા.[૨૫] તેઓએ બ્રાહ્મણોને તૃપ્ત કરી તેમને સોનામહોરોનું, ગાયોનું તથા વસ્ત્રોનું દાન આપી પુનઃ પરસ્પર સંભાષણ કર્યું.[૨૬]અગ્નિને પુનઃ પ્રજ્વલિત કરી તેની સાક્ષીમાં રણવ્રત (મારીએ કે મરીએ)નો સ્વીકાર કરી, દૃઢ નિશ્ચયવાળા તે શૂરવીરોએ પ્રતિજ્ઞા કરીને સર્વ ભૂતોના સાંભળતાં ઉંચે સ્વરે બોલી અર્જુનનો વધ કરવાના સંબંધમાં શપથ લીધા[૨૭,૨૮] કે, જો યુદ્ધમાં અમે અર્જુનનો નાશ કર્યાવિના પાછા ફરીએ અથવા તેનાથી પીડા પામી જો અમે યુદ્ધમાંથી પાછા હઠીએ તો વ્રતરહિત પુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુષોને, બ્રહ્મહત્યારાઓને, દારૂડીઆને, ગુરુપત્નીસાથે વ્યભિચાર કરનારાઓને, બ્રાહ્મણધન ચોરનારાઓને,રાજપિંડનો અપહાર કરનારાને, શરણે આવેલાનો ત્યાગ કરનારાને,પોતાની પાસે યાચના કરનારને મારી નાખનારાને, બીજાઓનાં ઘર બાળનારાઓને, ગોહત્યારાઓને, અપકાર કરનારાઓને, બ્રાહ્મણનો દ્વેષ કરનારાઓને, ઋતુકાળે મોહથી પોતાની સ્ત્રીપાસે નહિ જનારાઓને, શ્રાદ્ધદિવસે મૈથુન કરનારાઓને, આપઘાત કરનારાઓને, પારકી થાપણ ઓળવનારાઓને, શાસ્ત્રનો નાશ કરનારાઓને, નપુંસક સાથે યુદ્ધ કરનારાઓને, નીચ પુરુષોને અનુસરનારાઓને, નાસ્તિકોને, અગ્નિ, માતા અને પિતાનો ત્યાગ કરનારાઓને તથા બીજી જાતનાં પાપ કરનારા પુરુષોને જે દુઃખદાયી ઘોર લોકની પ્રાપ્તિ થાય છે, તે લોકની અમને પણ પ્રાપ્તિ થાઓ;[૨૯-૩૫] પણ જો કદાચ આ યુદ્ધમાં અમે અતિ દુષ્કર કર્મ કરીએ તો અમને ઇષ્ટલોકની પ્રાપ્તિ થાઓ.[૩૬] એમ કહીને હે રાજન્ ! તે વીર ત્રિગર્તો, યુદ્ધ કરવા નીકળી પડયા અને દક્ષિણદિશામાં તેઓએ અર્જુનને પણ યુદ્ધ કરવા બોલાવ્યો.[૩૭] જ્યારે તે પુરુષવ્યાઘ્રોએ શત્રુનગરને જીતનાર અર્જુનને યુદ્ધ કરવા બોલાવ્યો,ત્યારે તે અર્જુને ધર્મરાજાપ્રત્યે આવું અસ્ખલિત વાક્ય કહ્યું:-[૩૮]"હે રાજન્ ! આ સંશપ્તકો મને યુદ્ધ કરવા બોલાવે છે. મને જો કોઇ યુદ્ધ કરવા બોલાવે છે, તો હું પાછો ફરતો નથી એ મારૂં વ્રત છે.[૩૯] આ સુશર્મા પોતાના ભાઇઓસહિત મને યુદ્ધ કરવા આહવાન કરે છે; માટે પરિવારસહિત એ સુશર્માનો વધ કરવામાટે મને રજા આપો.[૪૦] હે પુરુષશ્રેષ્ઠ ! મને જો તેઓ આહ્વાન કરે છે, તો પછી હું હવે અહીં રહી શકતો નથી. હું ખરેખર તમારી પાસે પ્રતિજ્ઞા કરૂં છું કે, હું યુદ્ધમાં શત્રુઓનો સંહાર કરીશ."[૪૧]

યુધિષ્ઠિરે કહ્યું:-"હેતાત! દ્રોણાચાર્યજે કરવા ધારે છે,તે તો તેં બરાબર સાંભળ્યું છે ને? ગમે તે ઉપાયે તેનું ધાર્યું સત્ય ન થાય તેમ તું કર.[૪૨] હે મહારથ! દ્રોણાચાર્ય બળવાન,શૂરવીર,અસ્ત્રકુશળ અને યુદ્ધના શ્રમને જીતનાર છે. તેમણે મને પકડવામાટેની પ્રતિજ્ઞા કરી છે."તે સાંભળી અર્જુને કહ્યું:-"હે રાજન્ ! આજના યુદ્ધમાં આ સત્યજિત્ તમારૂં રક્ષણ કરશે. જ્યાંસુધી પાંચાલપુત્ર તે સત્યજિત્ જીવતો છે, ત્યાંસુધી દ્રોણાચાર્યની ઇચ્છા સંપૂર્ણ થશે નહિ.[૪૪] હે પ્રભુ! જો કદાચ તે પુરુષવ્યાઘ્ર સત્યજિત્ યુદ્ધમાંમાર્યો જાય તો તમે બધા એકત્ર થઇને પણ યુદ્ધમાં કદી ઉભા રહેશો નહિ."[૪૫]

સંજયે કહ્યું:-તે સાંભળી યુધિષ્ઠિરરાજાએ અર્જુનને જવામાટે આજ્ઞા આપી. તે સમયે યુધિષ્ઠિરરાજા અર્જુનને ભેટી પડયા, પ્રેમદૃષ્ટિથી જોવા લાગ્યા અને એને આશિષો આપવા લાગ્યા.[૪૬] તે પછી બળવાન અર્જુન,ભૂખ્યો સિંહ જેમ પોતાની ભૂખ શાંત કરવામાટે મૃગોનાં ટોળાં તરફ દોડી જાય, તેમ યુધિષ્ઠિરને ત્યજી દઇ ત્રિગર્તો તરફ દોડી ગયો.[૪૭] એ રીતે જ્યારે અર્જુન યુદ્ધમાંથી દૂર થયો, ત્યારે દુર્યોધનનું સૈન્ય પરમ હર્ષયુક્ત થઈ ગયું અને અર્જુનની ગેરહાજરીમાં ધર્મરાજાને કેદ કરવા અત્યંત ક્રોધાયમાન થયું.[૪૮] એવામાં તે બન્ને સેનાઓ વર્ષાઋતુમાં જળપ્રવાહથી ભયંકરથયેલી ગંગા અને સરયૂનદી જેમ વેગથી એકઠી મળે, તેમ ઘણા જોસથી એકમેકની સામે મળી.[૪૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં 'ધનંજયનું પ્રયાણ' એ વિષયનો અધ્યાય ૧૭ મો સમાપ્ત

અધ્યાય ૧૮ મો

ત્રિગર્તોના નાશનું મંગલાચરણ-સુધન્વા માર્યો ગયો

॥ संजय उवाच ॥

ततः संशप्तका राजन् समे देशे व्यवस्थिताः।
व्यूह्यानीकं रथैरेवचन्द्राकारंमुदायुताः ॥१॥

સંજયે કહ્યું:-હે રાજન્ ! ત્યારપછી હર્ષમાં આવી ગયેલા સંશપ્તકયોદ્ધાઓ પોતાના સૈન્યને રથોવડે ચંદ્રાકારે ગોઠવીને સપાટ પ્રદેશમાં ઉભા રહ્યા.[૧] હે રાજા ! અર્જુનને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે આવતો જોઇ તે પુરુષવ્યાઘ્રોએ મોટા શબ્દથી હર્ષનાદો કરી મૂક્યા.[૨] તેઓનો તે શબ્દ સર્વ દિશાઓ,વિદિશાઓ અને આકાશમાં વ્યાપ્ત થઇ ગયો. આખા લોકમાં તે શબ્દ ફેલાઇ ગયો, તેથી ત્યાં તેનો પડઘો પડયો નહિ.[૩] એ રીતે ઘણા હર્ષમાં આવી ગયેલા તે ત્રિગર્તોને જાણીને જરા મંદ હાસ્ય કરી અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો:–[૪] "હે દેવકીપુત્ર! આ યુધ્ધમાં મરવાની ઇચ્છાથી આવેલા આ ત્રિગર્તભાઇઓને તો તમે જુઓ, કે જેઓ આ રડવાના સમયે પણ હર્ષયુક્ત થયેલા છે![૫] અથવા અવશ્ય ત્રિગર્તોને આ હર્ષનો કાળજ ઉપસ્થિત થયો છે, કારણકે પાપી પુરુષોને દુર્લભ એવા ઉત્તમોત્તમ દિવ્ય લોકોને તેઓ પામશે."[૬] એ પ્રમાણે શ્રીકૃષ્ણને કહીને મહાબાહુ અર્જુન વ્યૂહરચનામાં ગોઠવાયેલી ત્રિગર્તોની સેનાનજીક આવી પહોંચ્યો.[૭] પછી તેણે સુવર્ણથી મઢેલા પોતાના દેવદત્ત નામના શંખને હાથમાં લઇ સર્વ દિશાઓ પૂરી દેનારા મોટા ઘોષવાળા તે શંખને ઘણા જોરથી ફુંકયો.[૮] તે શબ્દથી ત્રાસ પામેલી સંશપ્તકોની સેના જાણે પથ્થરની બનેલી હોય તેમ કેવળ જડ થઇને ઉભી રહી.[૯] તેઓના ઘોડાઓની આંખો ફાટી ગઇ, કાન તથા ડોક સ્તબ્ધ થઇ ગયાં, તેઓના ચરણો પણ જકડાઇ ગયા તથા પૂંઠેથી અને આગળથી લોહી અને મૂત્ર ઝરવા લાગ્યાં.[૧૦] ત્યારપછી ભાનમાં આવી સેનાને બરાબર સ્થિર કરી તેઓ બધા એકીસાથે અર્જુનસામે કંકપક્ષીનાં પીછાંવાળાં બાણો ફેંકવા લાગ્યા.[૧૧] પરાક્રમી અર્જુને તે હજારો બાણોને માત્ર પંદર બાણોથીજ પોતાની પાસે આવતાં પહેલાં શીઘ્ર છેદી નાખ્યાં;[૧૨] અને પોતે દશ દશ તીક્ષ્ણ બાણોથી તેઓને વિંધી નાખી, પુનઃ ત્રણ ત્રણ બાણોનો તેઓને પ્રહાર કર્યો.[૧૩] એટલે હે રાજન્! તેઓએ એકેક જણાએ પાંચપાંચ બાણોનો અર્જુનને પ્રહાર કર્યો; ત્યારે પરાક્રમી અર્જુને પણ તેઓને બબ્બે બાણોથી સામો પ્રહાર કર્યો.[૧૪] વળી ક્રોધાયમાન થયેલા તે ત્રિગર્તોએ કૃષ્ણસહિત અર્જુનને, મેઘો જેમ વૃષ્ટિવડે તળાવને ભરી દે, તેમ તીક્ષ્ણ બાણોથી ઢાંકીજ દીધો.[૧૫] એ રીતે વનમાં પ્રફુલ્લિત થયેલાં વૃક્ષોપ્રત્યે જેમ ભમરાઓ આવી પડે, તેમ અર્જુનપ્રત્યે હજારો બાણો પડવા લાગ્યાં.[૧૬] તેવામાં વળી સુબાહુએ પર્વતસરખાં ત્રીસ બાણોથી અર્જુનને મુકુટપ્રદેશમાં ગાઢ વિંધી નાખ્યો.[૧૭] સુવર્ણનાં મોઢીયાંવાળાં તથા સીધી ગતિવાળાં તે મુકુટમાં રહેલાં બાણોવડે અર્જુન, સુવર્ણનો મુકુટ ધારણ કરી ઉદય પામેલા સૂર્યની પેઠે શોભવા લાગ્યો.[૧૮] તે યુદ્ધમાં અર્જુને એક ભલ્લજાતના બાણથી સુબાહુના હાથે પહેરવાના મોજાને છેદી નાખ્યું; અને તેને પણ બાણોનો વરસાદ વરસાવી છાઇ દીધો.[૧૯] ત્યારે સુશર્મા, સુરથ, સુધર્મા, સુધનુ અને સુબાહુએ, અર્જુનને દશ દશ બાણોનો પ્રહાર કર્યો.[૨૦] એટલે વાનરની ધ્વજાવાળા અર્જુને તેઓ બધાને જૂદાં જૂદાં બાણોવડે વિંધી નાખ્યા તથા ભલ્લબાણોથી તેઓના ધ્વજોને અને તેમણે છોડેલાં બાણોને છેદી નાખ્યાં.[૨૧] વળી સુધન્વાનું ધનુષ્ય કાપી તેના ઘોડાઓને પણ બાણોથી મારી નાખ્યા; એટલુંજ નહિ પરંતુ શિરસ્ત્રાણ (ટોપ) સહિત તેના મસ્તકને પણ તેણે ધડપરથી ઉડાડી દીધું.[૨૨] એ રીતે જ્યારે તે વીર સુધન્વા રણમાં પડયો,ત્યારે તેના અનુયાયી યોદ્ધાઓ ત્રાસ પામી દુર્યોધનના સૈન્ય તરફ ભયથી પલાયન કરવા લાગ્યા.[૨૩] તે પછી અત્યંત ક્રોધાયમાન થયેલો અર્જુન, નાસભાગ કરતી તે સેનાને, સૂર્ય જેમ કિરણોદ્વારા અંધકારનો નાશ કરે, તેમ અવિચ્છિન્ન બાણોથી નાશ કરવા લાગ્યો.[૨૪] અર્જુન જ્યારે ક્રોધાયમાન થયો, ત્યારે ત્રિગર્તોના સૈન્યમાં ભંગાણ પડયું, તે ચારેબાજુ પલાયન કરવા લાગ્યું તથા તેઓને પોતાને પણ ભય લાગ્યો.[૨૫] નમેલાં પર્વવાળાં બાણોવડે જ્યારે અર્જુન તેઓનો સંહાર કરવા લાગ્યો, ત્યારે ત્રાસ પામેલા મૃગોની પેઠે તેઓ ત્યાં ને ત્યાંજ મોહિત થઇ ગયા,[૨૬] ત્યારે ત્રિગર્તરાજ સુશર્મા ક્રોધાયમાન થઇ પોતાના તે મહારથીઓને કહેવાલાગ્યો:–"હે શૂરા યોદ્ધાઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાસીને ક્યાં જાઓ છો ? તમારે ભય ધરવો યોગ્ય નથી.[૨૭] સર્વ સૈન્યની સમક્ષ ઘોર શપથો લઇ પ્રતિજ્ઞા કરી, હવે દુર્યોધનના સન્યમાં જઇ મુખ્યત્વે કરી તમે શું કરશો ?[૨૮] યુદ્ધમાં આમ નાસવાથી લોકમાં આપણે હાંસીપાત્ર કેમ નહિ થઇએ ? ગભરાઓ નહિ, આપણે બધા એકત્ર થઇ પોતપોતાના બળ પ્રમાણે યુદ્ધ કરીશું, માટે પાછા ફરો."[૨૯] હે રાજન્ ! સુશર્માએ એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે તેઓ બધા વારંવાર હર્ષના કોલાહલ કરવા લાગ્યા અને એકબીજાને હર્ષ ઉપજાવતા તે વીરો, શંખધ્વનિઓ કરવા લાગ્યા.[૩૦] પછી તે સંશપ્તકો પુનઃ પાછા ફર્યા અને તેઓમાંની નારાયણ તથા ગોપાલ નામની ટુકડીઓ "મૃત્યુ થતાં પણ હઠવું નહિ" એવો નિશ્ચય કરી યુદ્ધમાટે સજ્જ થઇ.[૩૧]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં 'સુધન્વાનો વધ' એ વિષયનો અધ્યાય ૧૮ મો સમાપ્ત

અધ્યાય ૧૯ મો

અર્જુનનાં દિવ્યાસ્ત્રો

॥ संजय उवाच ॥

दृष्ट्वा तु संनिवृत्ताँस्तान् संशप्तक गणान् पुनः ।
वासुदेवं महात्मानमर्जुनः समभाषत ॥१॥

સંજયે કહ્યું:-તે સંશપ્તકયોદ્ધાઓની ટુકડીઓને પુનઃ યુદ્ધ કરવામાટે પાછી ફરેલી જોઇ અર્જુન, મહાત્મા શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો:-[૧] "હે હૃષીકેશ ! આપણા ઘોડાઓને સંશપ્તકોની ટુકડીઓ સામે હંકારો. મને લાગે છે કે, તેઓ જીવતાં સંગ્રામ છોડશે નહિ.[૨] આજે તમે મારાં અસ્ત્રોનું, બાહુનું તથા ધનુષ્યનું બળ જુઓ. ક્રોધાયમાન થયેલા રુદ્રદેવ જેમ પશુઓનો સંહાર કરે, તેમ હું આ સંશપ્તકોને રણમાં રોળી નાખીશ."[૩] તે સાંભળી કૃષ્ણે મંદ હાસ્ય કરી, અર્જુનને માંગલિક આશીર્વચનથી પ્રસન્ન કરી, જ્યાં જ્યાં અર્જુને જવા માટે ઇચ્છા કરી, ત્યાં ત્યાં રથને હાંકવા માંડયો. શ્વેતવર્ણના ઘોડાઓથી લઇ જવાતો તે રથ, આકાશમાં વહેતા વિમાનની પેઠે રણભૂમિપર અત્યંત શોભી રહ્યો હતો.[૫] હે રાજન્ ! પૂર્વે દેવો અને અસુરોના યુદ્ધસમયે ઇંદ્રનો રથ જેમ ગોળાકારે ઘૂમતો હતો, તેમ અર્જુનનો રથ પણ તે રણમાં જવાઆવવાનાં અનેક મંડળો કરી ઘૂમી રહ્યો હતો.[૬] ત્યારપછી ક્રોધાયમાન થયેલી સંશપ્તકોની નારાયણ નામની ટુકડી અનેક પ્રકારનાં આયુધો હાથમાં લઈ બાણોના સમૂહોથી છાઇ દઇ અર્જુનને ઘેરી વળી.[૭] હે ભરતશ્રેષ્ઠરાજા ! એક મુહૂર્તકાળમાં તેઓએ કુંતીપુત્ર અર્જુનને કૃષ્ણસહિત અદૃશ્ય કરી દીધો.[૮] તે જોઈ અર્જુન ક્રોધાયમાન થઇ ગયો, તેણે પણ યુદ્ધમાં બમણું પરાક્રમ કરી દેખાડવામાટે પોતાના ગાંડીવધનુષ્યને એકદમ હાથમાં ઉઠાવ્યું.[૯] ઉપરાંત ક્રોધસૂચક ભ્રમર ચઢાવી પોતાનો દેવદત્ત નામનો મહાન શંખ વગાડયો[૧૦] અને શત્રુસમુદાયોનું નિકંદન કાઢનારૂં વિશ્વકર્માદેવનું અસ્ત્ર અર્જુને સાંધ્યું, કે જેના પ્રભાવથી જૂદાં જૂદાં અનેક હજાર રૂપો ત્યાં પ્રકટ થયાં.[૧૧] પોતાના સરખાં અનેક રૂપોથી મોહિત થયેલા તે યોદ્ધાઓ, એકબીજાને અર્જુન માનીને પોતાનાઓનેજ હણવા મંડી પડયા.[૧૨] "આ અર્જુન છે, આ ગોવિંદ છે, આ બન્ને પાંડવ તથા યાદવો સાથે રહ્યા" આવી રીતે બોલતા તે યોદ્ધાઓ અત્યંત મૂઢ થઇ જઇ તે યુદ્ધમાં અન્યોન્યનોજ નાશ કરવા લાગી પડયા.[૧૩] એ રીતે તે પરમ દિવ્યઅસ્ત્રથી મોહિત થયેલા તે ત્રિગર્તો પરસ્પર પ્રહાર કરી નાશ પામ્યા. તે રણમાં યોદ્ધાઓ પુષ્પોથી ભરેલા ખાખરાઓની પેઠે શોભતા હતા.[૧૪] તે વિશ્વકર્માનું અસ્ત્ર, શત્રુઓએ છોડેલાં હજારો બાણોને ભસ્મ કરી નાખી તેઓને યમરાજાને ઘેર પહોંચાડવા લાગ્યું.[૧૫] તે જોઇ અર્જુન જરા હસ્યો અને વળી પણ તેણે લલિત્થ, માવેલ્લક અને ત્રિગર્તયોદ્ધાઓને બાણો મૂકી ગભરાવી નાખ્યા.[૧૬] એ રીતે વીર અર્જુન, તે ક્ષત્રિયોનો સંહાર કરતો હતો, છતાંપણ તેઓ કાળથી પ્રેરાઈને અર્જુનપર અનેક પ્રકારના બાણસમૂહો છોડીજ રહ્યા હતા.[૧૭] ઘોર બાણવૃષ્ટિથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણપ્રદેશ એટલો બધો ઢંકાઇ ગયો હતો કે જેથી તે સ્થળે અર્જુન, તેનો રથ, શ્રીકૃષ્ણ અથવા રથની ધ્વજા એમાંનું કંઈપણ નજરે પડતું ન હતું;[૧૮] તેથી તે સર્વ યોદ્ધાઓ ત્યાં અર્જુનને તથા શ્રીકૃષ્ણને નહિ જોઇને માંહોમાંહે મોટેથી કહેવા લાગ્યા કે, "અર્જુન તથા કૃષ્ણ માર્યા ગયા, માર્યા ગયા;" અને પ્રસન્ન થઇ તેઓ પોતાનાં વસ્ત્રો ઉંચાં કરવા લાગ્યા.[૧૯] વળી હે રાજા! તેઓ ભેરી, મૃદંગ, શંખ આદિ હજારો વાદિત્રો વગાડવા લાગ્યા અને ત્યાં ઉગ્ર સિંહનાદો કરવા લાગ્યા.[૨૦] શ્રીકૃષ્ણ પણ તે વેળા અતિશ્રમથી ઉત્પન્ન થયેલા પરસેવાથી રેબઝેબ થઇ ગયા હતા. તેમણે પણ અતિ ખિન્ન થઈ અર્જુનને કહ્યું:–"હે અર્જુન! હું તને જોઈ શકતો નથી. તું કયાં છે? હે શત્રુહંતા વીર! તું જીવે છે ને?"[૨૧] તેમનું તે વાકય સાંભળી અર્જુને સત્વર વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કરી શત્રુઓએ ફેંકેલી તે બાણવૃષ્ટિને દૂર કરી નાખી. તે વાયવ્યાસ્ત્રના પ્રતાપથી ત્યાં એવો પ્રચંડ વાયુ વાવા લાગ્યો કે જેણે સૂકાં પાંદડાંના ઢગોની પેઠે ઘોડા, હાથી અને રથોસહિત સંશપ્તક યોદ્ધાઓને ચારેબાજુ ઉડાડવા માંડયા.[૨૩] હે રાજન્! જે વેળા તે પ્રચંડ વાયુ તેઓને ઉડાડી રહ્યો હતો, ત્યારે તે શત્રુ યોદ્ધાઓ, પ્રાતઃકાળે વૃક્ષપરથી ઉડતાં પક્ષીઓની પેઠે બહુ શોભતા હતા.[૨૪] એ પ્રમાણે તેઓને વ્યાકુળ કરી નાખી અર્જુને ઝપાટાભેર તીક્ષ્ણ બાણો મૂકી સેંકડો અને હજારોનો ઘાણ વાળી નાખ્યો.[૨૫] વળી ભલ્લજાતનાં બાણોવડે અર્જુને શત્રુઓનો શિરચ્છેદ કર્યો, કેટલાએકના હથિયારોસહિત હાથ કાપી નાખ્યા અને હાથીની સુંઢસરખી સાથળોને પણ બાણોવડે પૃથ્વીપર પાડી દીધી; એટલુંજ નહિ પણ કેટલાએકની પીઠના ભાગ ચીરી નાખ્યા અને કેટલાએકને પગ, હાથ, પડખાં અને આંખોમાં પણ ખોડવાળા કરી નાખ્યા તથા આકુળવ્યાકુળ કરી મૂકયા. એ પ્રમાણે અર્જુને શત્રુઓને શરીરના અનેક પ્રકારના અવયવોથી રહિત કરી મૂકયા;[૨૭] તેમજ મોટાં મોટાં ગંધર્વનગરોસમાન આકારવાળા તથા શાસ્ત્રોકત વિધિએ તૈયાર કરેલા રથોને પણ બાણોવડે ટુકડા કરી નાખી શત્રુઓને ઘોડા, રથ અને હાથીઓવિનાના કરી નાખ્યા.[૨૮] એ રીતે અર્જુને છેદી નાખેલા રથો તથા ધ્વજો, તે રણભૂમિપર જ્યાં ત્યાં ઠુંઠાં તાલવૃક્ષોનાં વનની પેઠે શોભી રહ્યાં હતાં.[૨૯] ઉપર રહેલા યોદ્ધાઓસહિત તથા ઉપર રહેલી પતાકાઓ, અંકુશો અને ધ્વજાઓસહિત મોટા મોટા હાથીઓ, અર્જુનનાં બાણોથી હણાઇને ઇંદ્રના વજ્રથી ચૂર્ણ થયેલા વૃક્ષોવાળા પર્વતોની પેઠે તે રણભૂમિપર ધડાધડ પડવા લાગ્યા.[૩૦] વળી અર્જુનનાં બાણોથી માર્યા ગયેલા અને તેથીજ નીકળી પડેલાં આંતરડાં તથા નેત્રોવાળા ઘોડાઓ ચામર, મુકુટ, કવચો અને ઘોડેસ્વારોસહિત રણભૂમિપર પડવા લાગ્યા[૩૧] તથા કપાયેલી તરવાર, ઢાલ, કવચ, ઋષ્ટિ અને શકિતઓવાળા પાળાઓ, બિચારા મરણ પામીને પૃથ્વીપર શયન કરી રહ્યા હતા.[૩૨] એ રીતે જ્યાં ત્યાં માર્યા ગયેલા, મરણ પામતા, પડતા, પડેલા, ઘૂમી રહેલા તથા નાસભાગ કરતા યોદ્ધાઓથી તે યુદ્ધભૂમિ ક્રૂર ભાસતી હતી.[૩૩] એ વેળા રણભૂમિપર જે રજ ઉડી રહી હતી તે લોહીની વૃષ્ટિથી શાંત થઇ ગઇ હતી અને સમગ્ર રણભૂમિ, સેંકડો મસ્તકવિનાના ધડથી વ્યાપ્ત હોવાથી ભયાનક દીસતી હતી.[૩૪] પ્રલયકાળે પશુઓનો સંહાર કરી રહેલા રુદ્રની રૌદ્ર અને બીભત્સ ક્રીડાની પેઠે અર્જુનનું તે યુદ્ધરમખાણ, રૌદ્ર અને બીભત્સ દેખાતું હતું.[૩૫] અર્જુને સંહાર કરાતા તે રથીસ્વારો તથા હાથીસ્વારો, એટલા બધા ગભરાઇ ગયા હતા કે જેથી બેભાન થઇ તે અર્જુન સામાજ આવી મરણ પામી ઇંદ્રના પરોણા થતા હતા.[૩૬] હે ભરતવંશના શ્રેષ્ઠ રાજા! મરણ પામેલા તે મહારથીઓથી છવાઇ ગયેલી તે આખી રણભૂમિ, જાણે ચોતરફથી પ્રેતમય થઇ હોય તેવી દેખાતી હતી.[૩૭] એ રીતે જે સમયે અર્જુન મદોન્મત્ત થઇ ત્રિગર્તોની સેનાનો સંહાર કરી રહ્યો હતો તે સમયે સૈન્યને વ્યૂહરચનામાં ગોઠવી દ્રોણાચાર્યે યુધિષ્ઠિરસામે ચઢાઇ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચોટ પ્રહાર કરનારા પાંડવયોદ્ધાઓ પણ યુધિષ્ઠિરનું રક્ષણ કરવા માટે સૈન્યને વ્યૂહરચનામાં ગોઠવી દઈ ઉતાવળા ઉતાવળા તે દ્રોણાચાર્ય સામા ધસી ગયા. તે વેળા તે બન્ને સૈન્યોવચ્ચે મહાન તુમુલ યુદ્ધ થઇ રહ્યું.[૩૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધપર્વમાં "અર્જુન અને સંશપ્તકોનું યુદ્ધ" એ વિષયનો અધ્યાય ૧૯ મો સમાપ્ત

અધ્યાય ૨૦ મો

કચ્ચરઘાણ

॥ संजय उवाच ॥

परिणाम्य निशां तां तु भारद्वाजो महारथः ।
उक्त्वा सुबहु राजेन्द्र वचनं वै सुयोधनम्॥१॥

સંજયે કહ્યું:—હે રાજેન્દ્ર! તે રાત્રિ ગાળીને બીજે દિવસે મહારથી દ્રોણાચાર્યે દુર્યોધનને ઘણાંએક વચનો કહીને અર્જુન તથા સંશપ્તકોનો સામસામે ભેટો કરાવ્યો હતો કે જેથી અર્જુન, સંશપ્તકોનો વધ કરવામાટે ચાલી નીકળ્યો હતો.[૧,૨] તે પછી પોતાના સૈન્યની વ્યૂહરચના કરી આચાર્ય,ધર્મરાજાને પકડવાની ઇચ્છાથી પાંડવોની સેનાપ્રત્યે ધસી ગયા.[૩] એ વેળા દ્રોણાચાર્યે પોતાની સેનાનો ગરુડવ્યૂહ કર્યો હતો. તે જોઇ યુધિષ્ઠિરરાજાએ પોતાની સેનાનો મંડલાર્ધ નામનો વ્યૂહ રચ્યો.[૪] કૌરવસેનાના ગરુડવ્યૂહના મસ્તકના પ્રદેશમાં પોતાના ભાઇઓસહિત દુર્યોધનરાજા ઉભો રહ્યો હતો અને ચક્ષુના સ્થાનમાં કૃતવર્મા તથા ધનુર્ધરોમાં શ્રેષ્ઠ અશ્વત્થામા ઉભા હતા.[૫]

ભૂતશર્મા, ક્ષેમશર્મા, વીર્યવાન કરકાક્ષ, કલિંગો, સિંહલો, પ્રાચ્યો, શૂરદેશના યોદ્ધાઓ, આભીરો, દાશરકો, શકો, યવનો, કાંબોજો, હંસપથો, શૂરસેનો, દરદો, મદ્રો, કેકયો વગેરે યોદ્ધાઓ હાથી, ઘોડા, રથ અને પાળાઓસહિત કવચો પહેરીને તે વ્યૂહની ગ્રીવા-(ડોક)ના સ્થાનમાં ઉભા હતા. વળી ભૂરિશ્રવા, શલ્ય, સોમદત્ત અને બાહ્લિક રાજા વગેરે વીરો, અક્ષૌહિણી સેનાસહિત એ વ્યૂહના જમણા પડખાનો આશ્રય કરી ઉભા હતા. અવંતિના કુમાર વિંદ અને અનુવિંદ તથા કંબોજનો રાજા સુદક્ષિણ એ વ્યૂહના ડાબા પડખાનો આશ્રય કરી દ્રોણપુત્ર—અશ્વત્થામાની આગળ ઉભા હતા. એ વ્યૂહની પીઠના ભાગમાં કલિંગો, અંબષ્ઠો, માગધો, પૌંડ્રો, મદ્રકો, ગાંધારો, શકુનો, પ્રાચ્યો, પર્વતવાસીઓ અને વસાતિઓ ઉભા હતા; તેમજ તે વ્યૂહના પૂછડાના ભાગમાં અનેક જાતના દેશોમાં ઉત્પન્ન થયેલી મોટી સેનાને સાથે રાખી સૂર્યનો પુત્ર કર્ણ પોતાના પુત્ર, જ્ઞાતિ અને બાંધવોસહિત ઉભો હતો. વળી જયદ્રથ, ભીમરથ, સંપાતિરાજા, ઋષભ, જયરાજા, ભૂમિંજય, વૃષરાજા, કાથરાજા અને મહાબળવાન નિષધરાજા વગેરે બ્રહ્મલોકમાં પણ વખણાયેલા યુદ્ધકુશળ યોદ્ધાઓ, હે રાજન્! તે વ્યૂહના વક્ષઃસ્થળ(છાતી)ના પ્રદેશમાં મોટી સેનાસહિત ઉભા હતા. એ રીતે દ્રોણાચાર્યે પાળા, ઘોડા, રથ અને હાથીઓવડે રચેલો તે ગરુડવ્યૂહ જ્યારે ચાલવા લાગ્યો, ત્યારે વાયુથી ઉછળતા મહાસાગર સરખો જણાતો હતો. તે વ્યૂહની પાંખોના અગ્રભાગમાંથી તથા પાંખોમાંથી, ગ્રીષ્મઋતુમાં વિજળી અને ગર્જનાસહિત મેઘો જેમ સર્વ દિશાઓમાંથી બહાર પડે, તેમ યુદ્ધ કરવાની ઇચ્છાવાળા યોદ્ધાઓ બહાર પડતા હતા. હે રાજન્! તે વ્યૂહના મધ્યભાગમાં બરાબર ગોઠવેલા હાથીપર બેઠેલો પ્રાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત,ઉદયકાળના સૂર્યની પેઠે શોભતો હતો. તેણે પુષ્પની માળા તથા મસ્તકપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું, જેથી પૂનમને દિવસે કૃત્તિકા નક્ષત્રસાથે યુક્ત થયેલો ચંદ્રમા હોય તેવો તે દેખાતો હતો. કાળા આંજણના ઢગસરખો તેનો મદાંધ હાથી, મહામેઘોએ અતિવૃષ્ટિ કરી સાફ કરેલા મહાન પર્વતસરખો દીપતો હતો. ઇંદ્ર જેમ દેવગણોથી યુક્ત હોય છે, તેમ તે ભગદત્તરાજા અનેક પ્રકારનાં હથિયારોવાળા તથા આભૂષણોવાળા અનેક દેશના રાજાઓથી અને પર્વતવાસીઓથી યુક્ત હતો. તે પછી શત્રુઓએ જીતવાને અશક્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા મનુષ્યોનું અતિક્રમણ કરનાર શત્રુઓની તે વ્યૂહરચના જોઇ, યુધિષ્ઠિરરાજા રણભૂમિ-પર ધૃષ્ટદ્યુમ્નને આ પ્રમાણે કહેવા લાગ્યા:– "પારેવાના રંગસરખા ઘોડાવાળા હે સમર્થ ધૃષ્ટદ્યુમ્ન! આજે હું બ્રાહ્મણ દ્રોણાચાર્યને હાથે જે રીતે કેદ ન પકડાઉં,તેવી નીતિ તમે રચો."૭–૨૧

તે સાંભળી ધૃષ્ટદ્યુમ્ને કહ્યું:–"હે સુંદર વ્રતધારી રાજા ! દ્રોણ ગમે તેટલો પ્રયાસ કરશે,તોપણ તમે તેને સ્વાધીન થશો નહિ. આજે હું પરિવારસહિત દ્રોણાચાર્યને અટકાવી રાખીશ. હે કુરુવંશના રાજા ! હું જ્યાંસુધી જીવતો છું, ત્યાંસુધી તમારે ઉદ્વેગ કરવો યોગ્ય નથી. દ્રોણાચાર્ય મને કોઈ પણ રીતે રણમાં જીતી શકે તેમ નથી." ૨૩

સંજયે કહ્યું:–એમ કહી બાણોનો વરસાદ વરસાવતો કબૂતરીરંગના ઘોડાવાળો બળવાન ધૃષ્ટદ્યુમ્ન, પોતે જાતેજ દ્રોણાચાર્ય સામે ધસી ગયો.[૨૪] પોતાના કાળસમાન દેખાવવાળા તે ધૃષ્ટદ્યુમ્નને ઉભેલો જોઇ દ્રોણાચાર્યનું મન એક ક્ષણવાર અતિ ઉદાસ થઈ ગયું;[૨૫] પણ એવામાં તો શત્રુઓનો સંહાર કરનાર તમારો પુત્ર ધૃષ્ટદ્યુમ્નને જોઇ દ્રોણાચાર્યનું પ્રિય કરવાની ઈચ્છાથી તેને આગળ વધતો રોકવા લાગ્યો.[૨૬] હે ભરતવંશી રાજા ! તે સમયે તમારા શૂરા પુત્ર દુર્મુખ અને ધૃષ્ટદ્યુમ્ન વચ્ચે અતિ ભયંકર તુમુલ ઝપાઝપી થઈ રહી;[૨૭] પણ ધૃષ્ટદ્યુમ્ને અનેક બાણોથી દુર્મુખને તત્કાળ છાઇ દીધો;એટલુંજ નહિ પણ બીજાં મોટાં બાણોના જથ્થાથી દ્રોણાચાર્યને પણ રોકી રાખ્યા.[૨૮] એ રીતે દ્રોણાચાર્યને રોકી રાખેલા જોઈ અતિ પ્રયત્ન કરતો તમારો પુત્ર અનેક પ્રકારનાં બાણો મૂકી ધૃષ્ટદ્યુમ્નને અત્યંત મોહ પમાડતાં લાગ્યો.[૨૯] એ પ્રમાણે જ્યારે ધૃષ્ટદ્યુમ્ન તથા તમારો પુત્ર યુદ્ધ કરવામાં રોકાયા હતા, ત્યારે દ્રોણાચાર્યે યુધિષ્ઠિરરાજાના સૈન્યને અનેક પ્રકારે મથી નાખ્યું.[૩૦] વાયુ જેમ વાદળાંઓને ચારે બાજુ છિન્ન ભિન્ન કરી નાખે, તેમ દ્રોણાચાર્યે યુધિષ્ઠિર રાજાના સૈન્યને ઠેકઠેકાણેથી છિન્ન ભિન્ન કરી નાખ્યું.[૩૧] એક મુહૂર્તવારસુધી તો તે યુદ્ધનો દેખાવ જોવામાં મધુર લાગે તેવો રહ્યો, પણ તે પછી તો થોડા અરસામાં હે રાજન્ ! ઉન્મત્તની પેઠે મર્યાદાવિના તે યુધ્ધ ચાલવા લાગ્યું.[૩૨] હે રાજા ! તે યુદ્ધમાં પોતાનો અથવા પારકો કોઇ જણાતો ન હતો. કેવળ અનુમાનથી અને સંજ્ઞાથીજ તે યુદ્ધ થઈ રહ્યું હતું.[૩૩] મુકુટોમાં, કંઠીઓમાં, આભૂષણોમાં અને કવચોમાં ઝળહળતાં કિરણો સૂર્યસમાન કાંતિવાળાં પ્રકાશતાં હતાં.[૩૪] વળી ફરકતી પતાકાઓવાળા રથ, હાથી અને ઘોડાઓનું સ્વરૂપ આકાશમાં બગલાંઓની પંક્તિથી વિચિત્ર વાદળની કાંતિસમાન દેખાતું હતું.[૩૫] હે રાજન્! પાળાઓ પાળાઓનો સંહાર કરવા લાગ્યા, ઘોડેસ્વારો ઘોડેસ્વારોનો સંહાર કરવા લાગ્યા, રથીઓ રથીઓનો સંહાર કરવા લાગ્યા તથા હાથીસ્વારો હાથીસ્વારોનો સંહાર કરવા લાગ્યા.[૩૬] ક્ષણવારમાં તો ઉપર ફરકતી પતાકાઓવાળા હાથીઓનો બીજા મોટા મોટા હાથીઓ સાથે તુમુલ અને ઘોર સંગ્રામ થઇ રહ્યો. પરસ્પર અથડાયેલા શરીરોના અવયવોવાળા તથા અન્યોન્યનું આકર્ષણ કરી રહેલા તે હાથીઓના દંતૂશળો પરસ્પર ઘસાવાથી ધૂમાડાસહિત અગ્નિ ઉત્પન્ન થતો હતો.[૩૮] ફરકતી પતાકાઓવાળા તથા દાંતોમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિવાળા તે હાથીઓ, આકાશમાં ચઢી આવેલા વિજળીના ઝબકારાવાળા મેઘોની પેઠે દેખાતા હતા.[૩૯] સામસામા એકબીજાને ઉપાડી ઉપાડીને ફેંકી દેતા, ગર્જના કરતા અને આસપાસ પછડાતા હાથીઓવડે છવાયેલી તે રણભૂમિ, મેઘોથી છવાયેલા શરદ્ઋતુના આકાશની પેઠે જણાતી હતી.[૪૦] બાણ, તોમર અને ઋષ્ટિઓના પ્રહારથી માર્યા જતા હાથીઓની ગર્જનાઓ, પ્રલયકાળે મેઘોની ગર્જનાઓની પેઠે ત્યાં સંભળાતી હતી.[૪૧] તોમરોના પ્રહારોથી જખમી થયેલા તથા બાણોથી કપાઇ ગયેલા કેટલાએક મહાન હાથીઓ ત્રાસ પામી ગયા હતા; અને વળી કેટલાએક હાથીઓ તો બીજાઓના શબ્દ સાંભળીનેજ નાસભાગ કરતા હતા.[૪૨] ત્યારે બીજા કેટલાએક હાથીઓ સામા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુપક્ષના હાથીઓનાં દંતૂશળોથી ઘાયલ થઈ ઉત્પાતકાળના મેઘોની પેઠે ઘોર દુઃખિત શબ્દ કરતા હતા.[૪૩] કેટલાએક મહાન હાથીઓએ પાછા હઠાવી દીધેલા હાથીઓ, તીક્ષ્ણ અંકુશોથી પ્રેરાઇને પોતાને હઠાવનારા હાથીઓનો પરાજય કરી પુનઃ સ્વસ્થાને આવતા હતા.[૪૪] કેટલાએક માવતોએ બાણ અને તોમરોથી પ્રહાર કરેલા શત્રુપક્ષના માવતો,હાથીઓપરથી પૃથ્વીપર પછડાઈ પડતા હતા કે જેથી તેઓના હાથમાંથી હથિયારો અને અંકુશો પણ છૂટી પડતાં હતાં.[૪૫] વળી માવતવિનાના થયેલા કેટલાએક હાથીઓ, ગર્જના કરી ચારે બાજુ સામસામા આવી જઇ વિખરાઇ ગયેલાં વાદળાંની પેઠે પૃથ્વીપર પડતા હતા.[૪૬] પોતાનાપર મરણ પામેલા અથવા હાથમાંથી હથિયાર છૂટી પડી પૃથ્વીપર પડેલા કેટલાએક યોદ્ધાઓને ઉંચકી લઈ જતા હાથીઓ, જાણે બીજા હાથીઓને જોવા અસમર્થ હોય તેમ, ફાવે તે દિશાઓમાં જવા લાગ્યા.[૪૭] તે સમયના યુદ્ધમાં તોમર, ઋષ્ટિ અને ફરસીઓથી ઘાયલ થયેલા તથા ઘાયલ થતા કેટલાએક હાથીઓ દુઃખની ચીસો પાડીને રણભૂમિપર પડતા હતા.[૪૮] તે હાથીઓનાં પર્વતસમાન શરીરો ચારે બાજુ પૃથ્વીપર પછડાતાં હતાં તેથી રણભૂમિ ધ્રૂજી ઉઠતી હતી તથા ગાજી ઉઠતી હતી.[૪૯] માવતો અને પતાકાઓસહિત મરણ પામેલા તે હાથીઓવડે રણભૂમિ ચારે બાજુ છવાયેલા પર્વતોની પેઠે શોભતી હતી.[૫૦]એ રણમાં હાથીપર બેઠેલા માવતોને રથીયોદ્ધાઓએ ભલ્લજાતનાં બાણોનો પ્રહાર કરી હૃદય ચીરી નાખી પૃથ્વીપર પાડી દીધા હતા, કે જેથી તેઓના હાથમાંથી અંકુશો અને તોમરો છૂટી પડયાં હતાં. વળી નારાચબાણોથી ઘાયલ થયેલા કેટલાએક હાથીઓ, ક્રૌંચપક્ષીની પેઠે ચીસો પાડી પોતાના તથા પારકા યોદ્ધાઓને છુંદી નાખી દશે દિશાઓમાં નાસભાગ કરતા હતા.[૫૨] હે રાજન્ ! હાથી, ઘોડા, રથ અને યોદ્ધાઓના શરીરના ઢગોથી વ્યાપ્ત થયેલી તે રણભૂમિ, માંસ અને લોહીના કાદવવાળી થઇ ગઇ હતી; તેમજ હાથીઓએ દંતૂશળોથી ઉંચકીને ઉછાળેલા મહારથીઓના રથો કેટલાએક પૈડાંવાળા રહ્યા હતા અને કેટલાએક તો પૈડાંવિનાના થઇ પડયા હતા.[૫૪] રથીયોદ્ધાવિનાના રથો, સ્વારવિનાના ઘોડાઓ તથા માર્યા ગયેલા માવતોવાળા હાથીઓ ભયાતુર થઇને દિશાઓમાં મરજીમાં આવે ત્યાં જતા હતા.[૫૫] તે યુદ્ધ એટલું બધું તુમુલ થઇ પડયું હતું કે જેમાં કંઇ જણાતું જ ન હતું; અને તેથીજ તે યુદ્ધમાં પિતા પુત્રને મારી નાખતો હતો તથા પુત્ર પિતાને મારી નાખતો હતો.[૫૬] સળગતા દાવાનળથી વ્યાપ્ત થયેલા મહાન વૃક્ષોની પેઠે કેવળ લાલ રંગના થયેલા યોદ્ધાઓ, તે રણભૂમિપર લોહીના કાદવમાં ઘુંટીસુધી ખુંચી જતા હતા. યોદ્ધાઓનાં વસ્ત્રો, કવચો, છત્રો અને પતાકાઓ કેવળ લોહીથીજ છંટાયેલાં દેખાતાં હતાં, તેથી સર્વ સ્થળે લાલજ જોવામાં આવતું હતું.[૫૮] તે રણભૂમિપર મરણ પામી પડેલા ઘોડા, રથીઓ અને પાળાઓના ઢગોને આમતેમ પુનરાવૃત્તિ કરી ઘૂમતા રથોની નેમિઓ (ચક્રધારાઓ) ચૂરેચૂરા કરી નાખતી હતી.[૫૯] હાથીઓના સમુદાયરૂપ વેગવાળો, મરણ પામેલા યોદ્ધાઓરૂપ શેવાળવાળો તથા રથોના સમૂહોરૂપ ભયંકર ઘુમરીઓવાળો તે સૈન્યરૂપ સાગર, અતિશય શોભી રહ્યો હતો.[૬૦] તે સૈન્યસાગરમાં વિજયરૂપ ધનની ઈચ્છા રાખનારા યોદ્ધાઓરૂપ વહાણવટીઓ, પોતાનાં વાહનોરૂપ મોટી નૌકાઓથી પ્રવેશ કરી ડૂબી જતા હતા; છતાં પણ મોહ-ગભરાટ પામતા ન હતા.[૬૧] સુંદર નિશાનવાળા તે યોદ્ધાઓ, બાણોની વૃષ્ટિથી ઢંકાઇ ગયા હતા; છતાં પણ તેઓમાંનો એક પણ પોતાના મૂળ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ મોહ પામ્યો ન હતો-અર્થાત્ કોઇની પણ મુખશોભા ઉતરી ગઈ ન હતી.[૬૨] એ પ્રમાણે ઘોર સ્વરૂપવાળું તે ભયંકર યુદ્ધ જે સમયે ચાલી રહ્યું હતું તે સમયે દ્રોણાચાર્ય, શત્રુઓને મોહ પમાડી યુધિષ્ઠિરતરફ ધસી જતા હતા.[૬૩]

અધ્યાય ૨૦ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૧ મો

આ તે દ્રોણ કે સાક્ષાત્ કાળ ?

॥ संजय उवाच ॥

ततो युधिष्ठिरो द्रोणं दृष्ट्वान्तिकमुपागतम् ।
महता शरवर्षेण प्रत्यगृह्णादभीतवत् ॥ १ ॥

સંજયે કહ્યું:–તે પછી દ્રોણાચાર્યને લગભગ પોતાની પાસે આવેલા જોઇ યુધિષ્ઠિરરાજા મોટી બાણવૃષ્ટિ કરી નિર્ભયની પેઠે તેમની સામા થયા. જે સમયે દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને પકડવા ચઢી આવ્યા, તે સમયે યુધિષ્ઠિરરાજાના સૈન્યમાં, બધાથી મોટા હાથીને પકડવા આવેલા સિંહને જોઇ જેમ બીજા હાથીઓ કોલાહલ કરી મૂકે, તેમ યોદ્ધાઓએ કોલાહલ કરી મૂક્યો.[૨] દ્રોણને જોઈ સત્ય પરાક્રમવાળો શૂરો સત્યજિત્ પણ યુધિષ્ઠિરનું રક્ષણ કરવાની ઇચ્છાથી આચાર્ય સામે ધસી ગયો.[૩] તે અરસામાં મહાબળવાન એવા તે આચાર્ય અને સત્યજિત્ બન્ને જણા ઇંદ્ર અને બલિરાજાની પેઠે તે સૈન્યને ખળભળાવી દઈ યુદ્ધ કરવા લાગ્યા.[૪] પરમ અસ્ત્રવિદ્યાને દર્શાવતા, સત્યપરાક્રમવાળા મહાધનુર્ધર સત્યજીતે તીક્ષ્ણ અગ્રભાગવાળાં બાણોથી દ્રોણાચાર્યને વીંધી નાખ્યા;[૫] તથા એમના સારથિને સાક્ષાત્ કાળસમાન સર્પસરખાં ઝેરી પાંચ બાણોનો પ્રહાર કર્યો કે જેથી સારથિ મૂર્છાવશ થયો.[૬] વળી એકદમ બીજાં દશ બાણો મૂકી તેમના ઘોડાઓને પણ વિંધી નાખ્યા; એટલુંજ નહિ પણ બીજાં દશ દશ બાણોથી ક્રોધપૂર્વક તેના પૃષ્ઠરક્ષકને તથા સારથિને પણ વિંધી નાખ્યા;[૭] તેમજ મંડળાકારે ફરીને સેનાના મોખરામાં ઘૂમી રહેલા તે સત્યજીતે ક્રોધ કરી શત્રુસંહર્તા દ્રોણના ધ્વજને પણ છેદી નાખ્યો.[૮] યુદ્ધમાં તે શત્રુના ચરિત્રને જોઇ શત્રુઓનું દમન કરનારા દ્રોણાચાર્યે સમયને યોગ્ય મનમાં વિચાર કર્યો, (કે આને તો મારવોજ પડશે.)[૯] પછી મર્મને ભેદી નાખનારાં તીક્ષ્ણ દશ બાણોથી સત્યજિત્ને વિંધી નાખી આચાર્યે તુરતજ બાણસહિત તેના ધનુષ્યના કકડા કરી નાખ્યા;[૧૦] પણ પ્રતાપી તે સત્યજીતે તત્કાળ બીજું ધનુષ્ય ઉઠાવી હે રાજન્! કંકપક્ષીનાં પીછાંવાળાં ત્રીસ બાણોથી દ્રોણને પ્રહાર કર્યો.[૧૧] એ રીતે યુદ્ધમાં દ્રોણાચાર્યને જાણે સત્યજિત્ ગળી જતો હોયની તેવો દેખાવ તે સમયે થઇ રહ્યો હતો; એટલામાં તો અધુરામાં પૂરૂં કરવામાટે, પાંચાલવંશના વૃકે તીક્ષ્ણ સો બાણોનો પ્રહાર કરી દ્રોણને દુભવી નાખ્યા.[૧૨] એ પ્રમાણે મહારથી દ્રોણને યુદ્ધમાં બાણોવડે ઢંકાઇ ગયેલા જોઈ પાંડવો હર્ષની કીકિયારીઓ કરવા લાગ્યા અને પોતાનાં વસ્ત્રોને ઉડાડવા લાગ્યા.[૧૩] હે રાજન્! વળી પણ પરમ ક્રોધાયમાન થયેલા બળવાન વૃકે, દ્રોણાચાર્યને છાતીમાં સાઠ બાણોનો પ્રહાર કર્યો તે ઘણું આશ્ચર્ય જેવું થયું હતું.[૧૪] એ રીતે બાણવૃષ્ટિથી ઢંકાઇ ગયેલા દ્રોણાચાર્યે ક્રોધથી ડોળા ફાડીને મહાન વેગ કર્યો.[૧૫] તેમણે સત્યજિત્નું તથા વૃકનું ધનુષ્ય કાપી નાખી બીજાં છ બાણોવડે સારથિ અને ઘોડાસહિત વૃકને હણી નાખ્યો.[૧૬] તે પછી સત્યજીતે ઘણા વેગવાળું બીજું ધનુષ્ય લઇ બાણોવડે દ્રોણાચાર્યને સારથ, ઘોડા અને ધ્વજસહિત વિંધી નાખ્યા.[૧૭]

એ પ્રમાણે તે યુદ્ધમાં તે પાંચાલવંશના સત્યજિત્વડે પીડી નખાયેલા દ્રોણાચાર્યે તે સહન કર્યું નહિ; જેથી તે સત્યજિત્નો નાશ કરવામાટે સત્વર બાણો છોડવા માંડયાં.[૧૮] હજારો બાણો વરસાવીને આચાર્યે સત્યજિત્ના ઘોડાઓને, ધ્વજને, ધનુષ્યમુષ્ટિને તથા પૃષ્ઠરક્ષક અને સારથને છાઇ દીધો.[૧૮] વળી વારંવાર તેના ધનુષ્યને છેદી નાખવા લાગ્યા, છતાંપણ પરમ અસ્ત્રકુશળ સત્યજિત્ લાલરંગના ઘોડાવાળાએવા તે આચાર્ય સામે લડી રહ્યો હતો.[૨૦] તે મહાન સંગ્રામમાં સત્યજિત્ને તે પ્રમાણે ઘણો વૃદ્ધિ પામેલો જોઇ આચાર્યે અર્ધચંદ્રાકાર બાણવડે તે મહાત્માનું મસ્તક કાપી નાખ્યું.[૨૧]

એ રીતે પાંચાલોનો શ્રેષ્ઠ મહારથી તે સત્યજિત્ જ્યારે યુદ્ધમાં માર્યો ગયો, ત્યારે દ્રોણથી ત્રાસ પામેલો યુધિષ્ઠિરરાજા, ઘોડા દોડાવીને ત્યાંથી નાસી ગયો.[૨૨] તેવામાં યુધિષ્ઠિરનું રક્ષણ કરવા ઇચ્છતા પાંચાલો, કેકયો, મત્સ્યો, ચેદિઓ, કા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂષો અને કોસલો દ્રોણાચાર્યને જોઇને ધસી આવ્યા;[૨૩] પણ અગ્નિ જેમ રૂના ઢગનો નાશ કરે, તેમ શત્રુઓના સમુદાયનો સંહાર કરનારા આચાર્ય, યુધિષ્ઠિરને પકડવાની ઇચ્છાથી તે સૈન્યોનો સંહાર કરવા લાગ્યા.[૨૪] એ રીતે વારંવાર સૈન્યોનો ઘાણ વાળી નાખતા તેમને જોઇને વિરાટરાજાનો નાનો ભાઈ શતાનીક ત્યાં ચઢી આવ્યો.[૨૫] ત્યાં આવી તેણે સૂર્યના કિરણસરખાં ચકચકિત અને સરાણીઆપર ઘસીને તીક્ષ્ણ કરેલાં છ બાણોવડે સારથિ અને ઘોડાસહિત દ્રોણને વિંધી નાખી અત્યંત ગર્જના કરી મૂકી.[૨૬] ન બની શકે તેવું કામ કરી બતાવવાની ઇચ્છાથી ભયંકર પરાક્રમ કરી રહેલા તે શતાનીકે, સેંકડો બાણોથી મહારથી દ્રોણને ઢાંકી દીધા;[૨૭] પણ અતિશય ગર્જના કરી રહેલા તે શતાનીકના કુંડળસહિત મસ્તકને આચાર્યે ક્ષુરજાતિના બાણવડે ધડથી જૂદું પાડી દીધું. તે જોઇ સર્વ મત્સ્યયોદ્ધાઓ ત્યાંથી નાઠા.[૨૮] એ રીતે મત્સ્યયોદ્ધાઓપર વિજય મેળવી દ્રોણાચાર્યે ચેદી, કરૂષ, કેકય, પાંચાલ, સૃંજય અને પાંડવયોદ્ધાઓને પણ વારંવાર જીતવા માંડયા.[૨૯] ક્રોધાયમાન થઈ સન્યોનો સંહાર કરી રહેલા વીર દ્રોણને જોઈ,વનને બાળી રહેલા અગ્નિને જોઇ જેમ વનચરો કંપી ઉઠે તેમ સૃંજયયોદ્ધાઓ કંપી ઉઠયા.[૩૦] હાથમાં ઉત્તમ ધનુષ્ય લઈ ઝપાટાભેર બાણો છોડી શત્રુઓનો સંહાર કરી રહેલા તે આચાર્યની પ્રત્યંચાનો ટંકારવ સર્વ દિશાઓમાં સંભળાતો હતો.[૩૧] તેમનાં બાણોએ હાથી, ઘોડા, પાળા, રથી અને હાથીસ્વારોનો દાટ વાળી નાખ્યો હતો; કારણકે તેઓ ફોરા હાથવાળા આચાર્ય પાસેથી છૂટીને ઘણાં ભયંકર થઇ જતાં હતાં.[૩૨] ગ્રીષ્મઋતુના અંતમાં અતિશય ગર્જના કરતો મેઘ વાયુના ઝપાટા સાથે જેમ પથ્થરસમાન વૃષ્ટિ કરે, તેમ શત્રુઓને ભય ઉપજાવતા તે આચાર્ય બાણોની વૃષ્ટિ કરી રહ્યા હતા.[૩૩] પોતાના મિત્રોને આનંદ કરાવતા, મહાધનુર્ધર, બળવાન અને શૂરવીર તે આચાર્યે પાંડવસૈન્યને ખળભળાવી દઈ,સર્વ દિશામાં ઘૂમવા માંડયું.[૩૪] અમિત તેજવાળા તે દ્રોણાચાર્યનું સુવર્ણથી મઢેલું ધનુષ્ય, વાદળમાં ઝબકતી વિજળીની પેઠે સર્વ દિશાઓમાં અમારા જોવામાં આવતું હતું.[૩૫] હે ભરતવંશી રાજા ! યુદ્ધમાં તે એટલા બધા જોસથી ઘૂમી રહ્યા હતા કે જેથી તેમના ધ્વજપર હિમાલયના શિખરસમાન આકારવાળી સુંદર વેદિકા અમારા જોવામાં આવતી હતી.[૩૬] દેવદાનવોથી પૂજાયેલા વિષ્ણુએ જેમ પૂર્વકાળમાં દૈત્યોનું નિકંદન કાઢી નાખ્યું હતું, તેમ દ્રોણાચાર્યે પાંડવસૈન્યનું મહાનિકંદન કાઢી નાખ્યું.[૩૭] શૂરવીર, સત્ય વાણીવાળા, બુદ્ધિમાન, બળવાન, સત્ય પરાક્રમી અને મહાપ્રતાપી તે દ્રોણાચાર્યે તે રણભૂમિપર બીકણોને ત્રાસ ઉપજાવે તેવી ભયંકર નદી ચલાવી મૂકી. તે નદી પ્રલયકાળસમાન રૌદ્ર હતી, કવચોરૂપ તરંગવાળી હતી, ધ્વજાઓરૂપ ઘૂમરીઓવાળી હતી, મનુષ્યોરૂપ કાંઠાઓને તોડી પાડનારી હતી, હાથી અને ઘોડાઓરૂપ મોટાં ઝુંડોવાળી હતી, તરવારોરૂપ માછલાંવાળી હતી, તરવી કઠણ હતી, વીરપુરુષોનાં હાડકાંરૂપ રેતીવાળી હતી, મહાભયંકર અને ભેરી,મુરજ આદિ વાદિત્રોરૂપ કાચબાઓવાળી હતી, ઢાલ અને કવચોરૂપ નાનાં હોડીઆંવાળી હતી તથા કેશરૂપ શેવાળ અને લીલા ઘાસના ભેટવાળી હતી. વળી તે નદી બાણોરૂપ પ્રવાહવાળી, ધનુષ્યરૂપ ઝરણવાળી, ભુજાઓરૂપ સર્પોવાળી, રણભૂમિપર વહેનારી, તીવ્ર અને કૌરવ તથા સૃંજયોથી ચાલુ થયેલી હતી. તે નદીમાં મનુષ્યોનાં મસ્તકોરૂપ પથ્થર હતા, શક્તિઓરૂપ માછલાં હતાં, ગદાઓરૂપ જળ તરવાના ત્રાપા હતા, પાઘડીઓ તથા વસ્ત્રોરૂપ ફીણ હતાં અને વીખરાઇ પડેલાં આંતરડાંરૂપ સર્પો હતા. તે નદી વીરપુરુષોને તાણી જતી હતી, માંસ અને લોહીના કાદવવાળી હતી અને તેથીજ મહાઉગ્ર દીસતી હતી; તેમાં હાથીઓરૂપ મોટાં ઝુંડો હતાં તથા ધ્વજાઓરૂપ મોટાં વૃક્ષો હતાં. ક્ષત્રિયોને ડૂબાડનારી, ક્રૂર યોદ્ધાઓનાં શબોથી ભરપૂર, ઘોડેસ્વારોરૂપ મગરમચ્છવાળી, ઉ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરી ન શકાય તેવી, કાળસન્મુખ જનારી, રાક્ષસોનાં ટોળાંથી સેવાયેલી તે નદી કુતરાં, શિયાળવાં વગેરે માંસાહારી પ્રાણીઓથી યુક્ત હતી અને ચારેબાજુ મહાભયંકર રાક્ષસોને આશ્રય થઇ પડી હતી.[૩૮-૪૫] એ રીતે સાક્ષાત્ કાળની પેઠે સૈન્યોનો નાશ કરી રહેલા તે મહારથી આચાર્યપર યુધિષ્ઠિર વગેરે યોદ્ધાઓ ચોતરફથી ચઢી આવ્યા.[૪૬] તે શૂરવીરોએ એકત્ર થઇ ચારેબાજુથી તેમને ઘેરી લીધા, જેથી ભુવનને તપાવી રહેલો સૂર્ય, ચારેબાજુ કિરણોથી ઘેરાયેલો હોય તેવા તે શોભતા હતા. તે સમયે તમારા પક્ષના રાજાઓ અને રાજપુત્રો પણ આયુધો ઉગામીને મહાધનુર્ધર તે શૂરા આચાર્યનું રક્ષણ કરવામાટે તેમની ચારેબાજુ વીંટળાઇ ગયા.[૪૮] પછી શિખંડીએ દ્રોણાચાર્યને નમેલાં પર્વવાળાં પાંચ બાણોનો, ક્ષત્રવર્માએ વીસ બાણોનો, વસુદાને પાંચ બાણોનો, ઉત્તમૌજાએ ત્રણ બાણોનો, ક્ષત્રદેવે સાત બાણોનો, સાત્યકિએ સો બાણોનો, યુધામન્યુએ સાઠ બાણોનો, યુધિષ્ઠિરે બાર બાણોનો, ધૃષ્ટદ્યુમ્ને દશ બાણોનો તથા ચેકિતાને ત્રણ બાણોનો પ્રહાર કર્યો;[૪૯] એટલે સત્ય પ્રતિજ્ઞાવાળા દ્રોણાચાર્યે મદોન્મત્ત હાથીની પેઠે રથીઓના સૈન્યનું ઉલ્લંઘન કરી દૃઢસેનને રણમાં ઢોળી પાડયો.[૫૨] પછી નિર્ભયની પેઠે એકદમ યુધિષ્ઠિરરાજા પાસે પહોંચી જઇ ત્યાં યુદ્ધ કરી રહેલા ક્ષેમરાજાને નવ બાણોથી વિંધી નાખ્યો કે જેથી તે મરણ પામી રથપરથી પડી ગયો.[૫૩] વળી સર્વ સૈન્યના મધ્યમાં આવી સર્વ દિશાઓમાં ઘૂમી રહેલા તે આચાર્ય, તે સમયે ઉલટા બીજાઓનું રક્ષણ કરતા હતા; પણ પોતાને બીજાઓના રક્ષણની જરૂર ન હતી.[૫૪] પછી તેમણે શિખંડિને બાર બાણોથી તથા ઉત્તમૌજાને વીસ બાણોથી પ્રહાર કરી એક ભલ્લબાણથી વસુદાનને યમલોકમાં મોકલી દીધો.[૫૫] ઉપરાંત ક્ષત્રવર્માને એંશી બાણોથી તથા સુદક્ષિણને છવ્વીસ બાણોથી વિંધી નાખી એક ભલ્લબાણનો પ્રહાર કરી ક્ષત્રદેવને રથની બેઠકપરથી ગબડાવી પાડયો;[૫૬] અને યુધામન્યુને ચોસઠ બાણોથી તથા સાત્યકિને ત્રીસ બાણોથી વિંધી નાખી દ્રોણાચાર્ય, સત્વર યુધિષ્ઠિરસામા ધસી ગયા.[૫૭] તે વેળા રાજાઓમાં શ્રેષ્ઠ એવા યુધિષ્ઠિર, ઉતાવળીઆ ઘોડાઓને દોડાવી પોતાના ગુરુ પાસેથી નાઠા કે તુરત પાંચાલ્ય નામનો વીર યોદ્ધો દ્રોણસામે આવી ઉભો;[૫૮] પણ તેને દ્રોણાચાર્યે ધનુષ્ય, ઘોડા અને સારથિસહિત મારી નાખ્યો કે જેથી તે મરણ પામી આકાશમાંથી ખરતા તારાની પેઠે રથપરથી રણભૂમિપર ઢળી પડયો.[૫૯] પાંચાલોનો યશસ્વી તે રાજપુત્ર એ રીતે જ્યારે માર્યો ગયો, ત્યારે તે સ્થળે "દ્રોણને મારો, મારો," એ પ્રમાણે મહાન શબ્દ થઈ રહ્યો[૬૦] તથા પાંચાલો, મત્સ્યો અને કેકયો અત્યંત કોપાયમાન થઇ ગયા; પણ બળવાન દ્રોણાચાર્યે તે સર્વ પાંડવસૃંજય યોદ્ધાઓને ગભરાવી દીધા.[૬૧] વળી સાત્યકિ, ચેકિતાન, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, વાર્ધક્ષેમિ, ચૈત્રસેનિ, સેનાબિંદુ અને સુવર્ચસ્, આ બધા યોદ્ધાઓસિવાયના બીજા અનેક યોદ્ધાઓને-કે જેઓ જૂદા જૂદા દેશના રાજાઓ હતા તે સર્વને-કૌરવોથી વીંટાયેલા દ્રોણાચાર્યે, તે યુદ્ધમાં જીતી લીધા.[૬૨,૬૩] હે રાજન્! એ પ્રમાણે તે મહારણમાં જય મેળવી તમારા પક્ષના યોદ્ધાઓ ચારે બાજુ નાસભાગ કરતા પાંડવપક્ષના યોદ્ધાઓનો સંહાર કરવા મંડી પડયા.[૬૪] હે ભારત! મહાત્મા દ્રોણ એ રીતે જ્યારે સંહાર કરી રહ્યા હતા, ત્યારે ઇંદ્રથી સંહારાતા દાનવોની પેઠે પાંચાલ, કેકય અને મત્સ્યયોદ્ધાઓ ધ્રૂજી રહ્યા હતા.[૬૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધપર્વમાં 'દ્રોણનું યુદ્ધ'એ વિષયનો અધ્યાય ૨૧ મો સમાપ્ત

અધ્યાય ૨૨ મો

કર્ણ અને દુર્યોધનની વાતચીત

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

भारद्वाजेन भग्नेषु पांडवेषु महामृधे ।
पांचालेषु च सर्वेषु कश्चिदन्योऽभ्यवर्तत ॥१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધતરાષ્ટ્રે પૂછયું:-હે સંજય! તે મહાન યુદ્ધમાં જે દ્રોણાચાર્યે પાંડવોના સૈન્યમાં ભંગાણ પાડયું તે વેળા બીજો કયો પુરુષ તેમની સામે યુદ્ધ કરવા વળ્યો હતો?[૧] બધા ભલે નાસી જાય, છતાંપણ જે પુરુષ ક્ષત્રિયોનો યશ કરનારી, કાયરપુરુષોએ નહિ સેવેલી પણ મહાન પુરુષોએ સેવેલી આર્યબુદ્ધિનો આશ્રય કરી યુદ્ધમાં પાછો ન હઠે, તે પુરુષ વીરનરોમાં મુખ્ય છે. અહો! ઘણી આશ્ચર્યની વાત છે કે તે પાંડવસૈન્યમાં તેવો કોઇ પણ પુરુષ નહોતો! કે જે દ્રોણાચાર્યને ઉભેલા જોઇ ત્યાંથી પાછો ન હઠે.[૨,૩] બગાસાં ખાતા વાઘના જેવા, મદોન્મત્ત હાથીસરખા, પ્રાણોનો ત્યાગ કરીને પણ યુદ્ધમાં સજ્જ થનારા, તરેહ તરેહનાં યુદ્ધ કરનારા, મહાધનુર્ધર, પુરુષોમાં વ્યાઘ્રસમાન, શત્રુઓનો ભય વધારનારા, કૃતજ્ઞ, સત્યમાં આસક્ત, દુર્યોધનનું હિત ઇચ્છનારા, શૂરવીર દ્રોણાચાર્યને તે રીતે સૈન્યમાં ઉભેલા જોઇ કયા કયા શૂરવીર પુરુષો યુદ્ધ કરવા પાછા ફર્યા? તે મને કહે.[૪-૬]

સંજયે કહ્યું:-તત્કાળ પ્રાણોનું હરણ કરનાર દ્રોણના ધનુષ્યમાંથી છૂટેલ બાણોરૂપ પ્રવાહથી સિંધુનદીના મહાન પ્રવાહથી ખેંચાઇને તણાઇ જતાં વહાણોની પેઠે યુદ્ધમાંથી ચલાયમાન થયેલા તથા દ્રોણનાં બાણોએ હાંકી કાઢેલા તે પાંચાલ, પાંડવ, મત્સ્ય, સંજય, ચેદી અને કેકયયોદ્ધાઓને જોઇને કૌરવો સિંહનાદો કરવા લાગ્યા તથા અનેક પ્રકારનાં વાદિત્રો વગાડવા લાગ્યા; અને વળી તેઓના રથ, હાથી અને પાળાઓને ચારેબાજુથી સારી રીતે રોકવા લાગ્યા.[૭-૯] એ વેળા સૈન્યના મધ્યમાં રહેલો તથા પોતાનાં વિશ્વાસુ માણસોથી વીંટાયેલો રાજા દુર્યોધન, તેઓને જોઇને હર્ષપૂર્વક મંદ હાસ્ય કરી કર્ણને કહેવા લાગ્યો.[૧૦]

દુર્યોધને કહ્યું:—"હે રાધાપુત્ર! તું જો તો ખરો! આ પાંચાલયોદ્ધાઓને દ્રોણાચાર્યનાં બાણોએ કેવા હાંકી કાઢયા છે! સિંહ જેમ વનનાં મૃગોને ત્રાસ પમાડે, તેમ દૃઢ ધનુષ્યવાળા દ્રોણે, તેઓને ત્રાસ પમાડયો છે.[૧૧] મહાન વાયુ જેમ વૃક્ષોને ભાંગી નાખે, તેમ દ્રોણાચાર્યે તેઓને એવા ભાંગી નાખ્યા છે કે જેથી તેઓ કદી પણ પુનઃ યુદ્ધ કરવાની ઇચ્છા કરશે નહિ, એમ હું માનું છું.[૧૨] મહાત્મા દ્રોણે, સોનેરી મોઢીયાંવાળાં બાણોથી તેઓને એટલા બધા પીડી નાખ્યા છે કે જેથી તેઓ આકુળવ્યાકુળ થઇ અનેક માર્ગે નાસાનાસ કરે છે.[૧૩] વળી કૌરવોએ તથા મહાત્મા દ્રોણાચાર્યે ઘેરી લીધેલા આ પાંચાલયોદ્ધાઓ તથા બીજાઓ પણ અગ્નિથી ઘેરાયેલા હાથીઓની પેઠે ટોળાં વળી ગોળાકારે ઉભા છે.[૧૪] ખરેખર, તેઓ આ સમયે ભ્રમરોની પેઠે આચાર્યનાં તીક્ષ્ણ બાણોથી વ્યાપ્ત થયા છે અને તેથીજ નાસી જવા તત્પર થઇ એકબીજાની બાજુમાં ભરાઇ રહ્યા છે.[૧૫] જો તો ખરો! આ મહાક્રોધી ભીમસેન, પોતાના રક્ષક પાંડવ તથા સંજય યોદ્ધાઓવિનાનો એકલો થઇ ઉભો છે. તેને મારા યોદ્ધાઓ ચારેબાજુથી ઘેરી વળ્યા છે. તે જોઇ મને ઘણોજ આનંદ થાય છે.[૧૬] અવશ્ય આજે આ પાંડુનો પુત્ર દુર્બુદ્ધિ ભીમસેન, સમગ્ર લોકને દ્રોણમય દેખે છે અને રાજ્ય તથા જીંદગીથી નિરાશ થયો છે."[૧૭]

તે સાંભળી કર્ણે કહ્યું:—"હે પુરુષવ્યાઘ્ર દુર્યોધન! આ મહાબાહુ ભીમસેન જ્યાંસુધી જીવતો છે, ત્યાંસુધી કદી પણ યુદ્ધનો ત્યાગ કરે તેમ નથી અને આ સિંહનાદોને સહન કરશે નહિ.[૧૮] વળી પાંડવો યુદ્ધમાંથી પાછા હઠે, એમ હું તો માનતોજ નથી; કારણકે તેઓ શૂરા, બળવાન, અસ્ત્રકુશળ અને યુદ્ધ કરવામાં મદોન્મત્ત છે.[૧૯] વળી ઝેર, અગ્નિ, જુગાર અને વનવાસ વગેરે દુઃખોનું સ્મરણ કરનારા પાંડવો યુદ્ધનો કદીપણ ત્યાગ કરશે નહિ, એમ હું નિશ્ચય માનું છું.[૨૦] મોટી ભુજાવાળો તથા અમાપ તેજવાળો કુંતાપુત્ર આ ભીમસેન, જે વેળા યુદ્ધ કરવા મચી પડશે, ત્યારે આપણા સારાસારા મહારથીઓને (વીણી વીણીને) મારશે.[૨૧] વળી તે વેળા તે ભીમસેન તરવાર, ધનુષ્ય, શક્તિ, ઘોડા, હાથી, પાળા, રથ અને છેવટ લોઢાની લાકડીઓથી પણ આપણા સૈન્યમાં સંખ્યાબંધ યોદ્ધાઓનો સંહાર કરી નાખશે. સાત્યકિ વગેરે મહારથીઓ તથા પાંચાલ, કે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કય, મત્સ્ય અને વિશેષે કરીને શૂરા, બળવાન અને પરાક્રમી પાંડવમહારથીઓ, તે ભીમસેનને અનુસરે છે. કોપાયમાન થયેલો ભીમસેન જ્યારે પ્રેરણા કરશે, ત્યારે તેઓ પણ આપણા સૈન્યનો સંહાર કરી નાખશે.[૨૩,૨૪] જો, હાલમાં પણ તેઓ ભીમનું રક્ષણ કરી સૂર્યસામે વાદળાંની પેઠે ચોતરફથી દ્રોણાચાર્ય સામા ચઢી ગયા છે.[૨૫] જો આપણા તરફથી રક્ષા કરવામાં નહિ આવે તો નિયમિત વ્રતવાળા દ્રોણને,એકત્ર થયેલા તેઓ,મરણ પામવા ઇચ્છતાં પતંગીઆં જેમ દીવાને અસ્થિર કરી મૂકે તેમ ગભરાવી નાખશે. ખરેખર,તેઓ બધા અસ્ત્રકુશળ અને દ્રોણ જેવાને પણ અટકાવવાને પૂરા છે; માટે હું માનું છું કે, આ સમયે દ્રોણના પર મોટો બોજો આવી પડયો છે;[૨૭] માટે ચાલો, આપણે બધા જ્યાં દ્રોણ ઉભા છે ત્યાં જઈ પહોંચીએ. કે જેથી વરૂઓ જેમ મોટા હાથીને ન મારી જાય, તેમ નિયમિત વ્રતવાળા દ્રોણને તેઓ મારી ન જાય."[૨૮]

સંજયે કહ્યું:-હે રાજન્ ! એ પ્રમાણે કર્ણનું વચન સાંભળી રાજા દુર્યોધન, પોતાના ભાઇઓસહિત જ્યાં આગળ દ્રોણાચાર્યનો રથ હતો ત્યાં જઈ પહોંચ્યો.[૨૯] ત્યાં તો દ્રોણાચાર્યને મારી નાખવાની ઈચ્છાથી અનેક પ્રકારના રંગવાળા ઘોડાઓપર ચઢી આવેલા પાંડવોનો મહાન કોલાહલ મચી રહ્યો હતો.[૩૦]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ સંશપ્તકવધપર્વમાં
'દ્રોણનું યુદ્ધ' એ વિષયનો
અધ્યાય ૨૨ મો સમાપ્ત

અધ્યાય ૨૩ મો

ઘોડા, ધ્વજ આદિનું વર્ણન

॥ धृतराष्ट्र उवाच ॥

सर्वेषामेव मे ब्रूहि रथ चिह्नानि संजय ॥
ये द्रोणमभ्यवर्तन्त क्रुद्धा भीमपुरोगमाः॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય ! ભીમસેન વગેરે જે યોદ્ધાઓ ક્રોધાયમાન થઈ દ્રોણપર ચઢી આવ્યા હતા તે બધાના રથોનું, ઘોડાઓનું તથા ધ્વજાઓનું તું મારી પાસે વર્ણન કર.[૧]

સંજયે કહ્યું:-રીંછના જેવા રંગવાળા ઘોડાઓ દોડાવી ભીમસેન જ્યારે દ્રોણપર ચઢી આવ્યો, ત્યારે તેને જોઇ રૂપેરી રંગના ઘોડાઓવાળો શૂરવીર સાત્યકિ પણ ચઢી આવ્યો.[૨] ત્યારે વળી દુરાધર્ષ યુધામન્યુ, ક્રોધાવિષ્ટ થઇ પોતેજ પોતાના કાબરચિત્રા રંગના ઘોડાઓને ઘણી ઝડપથી દોડાવતો દ્રોણના રથસામે આવી પહોંચ્યો;[૩] અને કબૂતરી રંગના તથા સુવર્ણના અલંકારવાળા ઘણી ઉતાવળી ચાલના ઘોડાઓ લઇ પાંચાલરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન પણ ત્યાં ચઢી આવ્યો હતો;[૪] તેમજ પોતાના પિતાનું રક્ષણ કરવા ઇચ્છતો નિયમિત વ્રતવાળો ક્ષત્રધર્મા પોતાના પિતાને ઉત્કૃષ્ટ સિદ્ધિનો લાભ થાય એમ ઇચ્છીને લાલ કમળસમાન રંગવાળા ઘોડાઓને લઇ ત્યાં ધાઇ આવ્યો હતો.[૫] ત્યારે વળી શિખંડીનો પુત્ર ક્ષત્રદેવ કમળનાં પાંદડાંસમાન રંગવાળા, નિર્મળ નેત્રવાળા તથા સારી રીતે શણગારેલા ઘોડાઓને પોતે જાતેજ દોડાવતો ત્યાં આવી પહોંચ્યો હતો;[૬] અને કાંબોજદેશમાં ઉત્પન્ન થયેલા તથા પોપટનાં પીછાંસમાન રંગવાળા સુંદર ઘોડાઓ રથમાં બેઠેલા નકુલને વહેતા, તમારા પક્ષના યોદ્ધાઓ સામે ધસી આવ્યા.[૭] હે ભરતવંશી રાજા ! મેઘસમાન શ્યામ રંગના ઘોડાઓ ઉત્તમૌજાને વહેતા હતા, કે જે ઉત્તમૌજા ક્રોધાયમાન થયેલા અસહ્ય દ્રોણાચાર્યનું લક્ષ્ય કરી યુદ્ધમાટે આવ્યો હતો;[૮] તથા તેતરસમાન કાબરા રંગના વાયુસમાન વેગવાળા ઘોડાઓ, ઉગામેલા આયુધવાળા સહદેવને એ તુમુલ યુદ્ધમાં વહી રહ્યા હતા.[૯] હાથીદાંતસમાન ધોળા રંગના તથા કાળા વાળવાળા અને વાયુસમાન વેગવાળા ઘોડાઓએ, પુરુષવ્યાઘ્ર યુધિષ્ઠિરરાજાને એ યુદ્ધમાં દાખલ કર્યા હતા. તે યુધિષ્ઠિરરાજાની પાછળ સોનેરી ઉત્તમ ઝુલોથી ઢંકાયેલા તથા વેગમાં વાયુસરખા ઘોડાઓને લઇને સર્વ સૈન્યો યુદ્ધમાટે ચઢી આવ્યાં હતાં.[૧૧] વળી રાજા યુધિષ્ઠિર પછી તુરતજ પાંચાલદેશનો રાજા દ્રુપદ હતો કે જે સુવર્ણમય છત્રવાળો તથા તે સર્વના રક્ષણતળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલો હતો અને લલાટના મધ્યમાં રહેલા ધોળા રંગના ચાંદલાવાળા તથા યુદ્ધમાં સર્વ જાતના શબ્દોને સહન કરનારા ઘોડાઓથી યુક્ત મહાધનુર્ધર તે દ્રુપદરાજા, શાંત ભયવાળો થઇને રાજાઓના મધ્યભાગમાં રહેલો હતો. તેની પાછળ સર્વ મહારથીઓ સાથે વિરાટ્રાજા સત્વર ચાલતો હતો અને તેની પાછળ કેકયકુમારો, શિખંડી અને ધૃષ્ટકેતુ પોતાનાં સૈન્યોથી વીંટાઇને ચાલતા હતા. શત્રુઓનો સંહાર કરનાર વિરાટ્રાજાના ઘોડાઓ, પાટલિલતાના પુષ્પસમાન (ગુલાલ સમાન) રંગવાળા હોઇને તેને રણભૂમિપર લઇ જતા હતા અને ઘણા સુશોભિત દેખાતા હતા. હળદરસમાન રંગવાળા તથા સુવર્ણની માળાવાળા વેગવાન ઘોડાઓ, વિરાટરાજાના પુત્ર ઉત્તરને સત્વર લઈ જતા; તેમજ સુવર્ણસમાન કાંતિવાળા, લાલ ધ્વજાવાળા, સુવર્ણની માળાવાળા તથા યુદ્ધમાં કુશળ પાંચેય કેકયભાઇઓ, ઇંદ્રગોપક કીડા જેવા લાલ રંગના ઘોડાઓ દોડાવી તથા કવચ ધારણ કરી વરસતા મેઘોની પેઠે રણભૂમિપર દેખાતા હતા. માટીનાં કાચાં વાસણસમાન ભુખરા રંગના અને તુંબુરૂએ આપેલા દિવ્ય ઘોડાઓ, અમિત તેજવાળા પાંચાળપુત્ર શિખંડીને રણભૂમિતરફ ઉંચકી જતા. પાંચાલોના બાર હજાર મહારથીઓ પણ તે યુદ્ધમાં આવેલા હતા, કે જેઓમાંથી છ હજાર શિખંડીની પાછળ ચાલતા હતા. હે રાજન્ ! પુરુષોમાં સિંહસમાન શિશુપાલના પુત્રને સારંગ નામના મૃગ જેવાં શરીરે નિશાનવાળા ઘોડાઓ, રમતમાં ને રમતમાં યુદ્ધભૂમિપર લઇ જતા; અને વળી અતિશય બળથી ઉદય પામેલો, ચેદિમાં શ્રેષ્ઠ અને દુર્જય એવો રાજા ધૃષ્ટકેતુ, કાંબોજ દેશમાં ઉત્પન્ન થયેલા કાબરચિત્રા રંગના ઘોડાઓ લઈ યુદ્ધ કરવા ચઢી આવ્યો હતો; તેમજ કેકયદેશના સુકુમાર બૃહત્ક્ષત્ર રાજાને પરાળના ધૂમાડાસમાન ભૂરા રંગના સિંધુદેશના ઉત્તમ ઘોડાઓ, સત્વર રણમાં ઉંચકી જતા હતા. વળી સુંદર આંખોવાળા, કમળસમાન રંગવાળા, બાહ્લિક દેશમાં ઉત્પન્ન થયેલા તથા સારીરીતે શણગારેલા ઘોડાઓ, શિખંડીના શૂરા પુત્ર રૂક્ષદેવને રણભૂમિપર લઇ જતા હતા; અને સુવર્ણના અલંકારોથી ઢંકાયેલા, ધોળા તથા પીળા રંગના ઢેળવાયલા ઘોડાઓ, શત્રુઓનું દમન કરનાર સેનાબિંદુ રાજાને યુદ્ધમાટે લઇ જતા હતા;તથા ધોળી કેશવાળી અને રૂવાંવાળા, ચામડી, ગુહ્યસ્થાન, નેત્ર, હોઠ અને ખરીના ભાગમાં કાળા રંગના અને તેથીજ કૌંચપક્ષીસરખા વર્ણવાળા-ઉત્તમ ઘોડાઓ, કાશીરાજ અભિભૂના સુકુમાર, યુવાન, મહારથી પુત્રને રણભૂમિપર લાવતા હતા. હે રાજન્ ! ધોળા રંગના, ડોકે કાળા, મનસમાન વેગવાળા તથા હાંકનારની ઇચ્છાને અનુસરનારા ઘોડાઓ રાજપુત્ર પ્રતિવિંધ્યને યુદ્ધભૂમિપર લઈ જતા હતા.[૧૪-૨૭] અર્જુનનો જે સુતસોમ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો તેને અડદનાં પુષ્પસમાન જરા ધોળા તથા પીળા રંગના ઘોડાઓ રણભૂમિપર લઇ જતા હતા.[૨૮] તે હજારો ચંદ્રસમાન સૌમ્ય હતો અને પૂર્વે કૌરવોના ઉદયેન્દુ નામના ઇંદ્રપ્રસ્થ નગરમાંજ સોમયાગના મધ્યમાં સોમવલ્લીના ફીણથી ઉત્પન્ન થયો હતો, તેથીજ તેનું નામ સુતસોમ એવું રાખવામાં આવ્યું હતું.[૨૯] નકુલના પ્રશંસનીય પુત્ર શતાનીકને શાલપુષ્પના સરખા લાલ અને પીળા રંગના અને બાલસૂર્યસરખા દેખાતા ઘોડાઓ, યુદ્ધભૂમિપર લઇ જતા હતા.[૩૦] સોનેરી જોતરાવાળા તથા મરકતમણિ (લીલો મણિ) સમાન વર્ણવાળા ઘોડાઓ દ્રૌપદીના પુત્ર પુરુષવ્યાઘ્ર શ્રુતકર્માને રણમાં વહી જતા હતા;[૩૧] તેમજ શાસ્ત્રના ભંડારસમાન શ્રુતકીર્તિ, કે જે દ્રૌપદીનોજ પુત્ર હતો અને યુદ્ધમાં અર્જુન સરખો હતો તેને બપૈયાના પીછાંસમાન રંગવાળા ઘોડાઓ લઇ જતા હતા.[૩૨] યુદ્ધમાં જેને શ્રીકૃષ્ણથી તથા અર્જુનથી પણ અધિક પરાક્રમી કહે છે, તે કુમાર અભિમન્યુને પીંગળા રંગના ઘોડાઓ, રણમાં લઇ જતા હતા;[૩૩] તથા કૌરવોમાંથી જે એકજ જૂદો પડી પાંડવોનો આશ્રિત થયેલો છે, તે યુયુત્સુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચંડકાય ઘોડાઓ રણમાં આગળ લઇ જતા હતા, કે જેઓનો રંગ પરાળના જેવો હતો. વળી સારી રીતે શણગારેલા તથા શ્યામવર્ણના ઘોડાઓ, બળવાન વાર્ધક્ષેમિને અતિ તુમુલ યુદ્ધમાં આગળ લઈ જતા હતા.[૩૪,૩૫] સુવર્ણથી અદ્ભુત છાતીનાં બખ્તરોવાળા, કાળા રંગના પગવાળા તથા સારથિની ઇચ્છાને અનુસરનારા ઘોડાઓ કુમાર સૌચિત્તને યુદ્ધમાં લઇ જતા હતા;[૩૬] અને સોનેરી રંગની પીઠવાળા, ગોરા અને પીળા રંગના, સુવર્ણની માળાવાળા તથા ક્ષમાગુણવાળા ઘોડાઓ શ્રેણિમાનને રણમાં લઇ જતા હતા;[૩૭] તેમજ સુવર્ણની માળાને ધારણ કરનારા, સારી રીતે શણગારેલા અને યુદ્ધમાં પાછા નહિ હઠનારા ગૌરવર્ણના ઘોડાઓ, વખાણવાયોગ્ય પુરુષશ્રેષ્ઠ કાશીરાજને યુદ્ધમાં લઇ જતા હતા.[૩૮] અસ્ત્રોમાં, ધનુર્વેદમાં તથા બ્રાહ્મણોના વૈદિકશાસ્ત્રમાં પાર પામેલો સત્યધૃતિ જ્યારે રણમાં આવ્યો, ત્યારે તેને લાલ રંગના ઘોડા વહી રહ્યા હતા.[૩૯] જે પાંચાલોના સેનાપતિએ વધ કરવામાટે દ્રોણાચાર્યને પોતાના ભાગમાં કલ્પ્યા હતા, તે ધૃષ્ટદ્યુમ્નને કબૂતરી રંગના ઘોડાઓ વહેતા હતા.[૪૦] તે ધૃષ્ટદ્યુમ્નની પાછળ સત્યધૃતિ, સૌચિત્તિ, યુદ્ધદુર્મદ શ્રેણિમાન, વસુદાન અને કાશીના રાજાનો પુત્ર અભિભૂ જતા હતા.[૪૧] યમ અને કુબેરસરખા તેઓ બધા, કાંબોજદેશમાં ઉત્પન્ન થયેલા, વેગવાળા અને સુવર્ણની માળાવાળા ઘોડાઓને રથમાં જોડી, શત્રુઓનાં સૈન્યને બીવડાવી રહ્યા હતા.[૪૨] વળી કાંબોજદેશમાં ઉત્પન્ન થયેલા છ હજાર પ્રભદ્રક યોદ્ધાઓ કે જેઓ સુવર્ણસમાન ચળકતા રથો અને ધ્વજાવાળા હતા અને ધનુષ્ય પહોળું કરી, છોડેલાં બાણોવડે શત્રુઓને ધ્રૂજાવી દેનારા હતા, તે ઉગામેલાં હથિયારોવાળા યોદ્ધાઓ, મૃત્યુને સમાન ગણી ધૃષ્ટદ્યુમ્નની પાછળ પાછળ ચાલતા હતા.

સુવર્ણની ઉત્તમ માળાવાળા, પીંગળા અને ધોળા રંગના તથા ઉત્સાહયુક્ત મનવાળા ઉત્તમ ઘોડાઓ, ચેકિતાનને રણમાં વહેતા હતા. શત્રુનગરને જીતનારો અર્જુનનો મામો કુંતીભોજ ઇંદ્રધનુષ્યસમાન રંગવાળા ઉત્તમ ઘોડાઓ દોડાવી યુદ્ધ કરવા આવી પહોંચ્યો.[૪૬] આકાશસમાન વાદળી રંગના તારાસરખા અદ્ભુત દેખાતા ઘોડાઓ, રોચમાન રાજાને રણભૂમિપર લઈ જતા હતા;[૪૭] તેમજ કાબરા રંગના, પગે કાળા અને સોનેરી સાજવાળા શ્રેષ્ઠ ઘોડાઓ જરાસંધના પુત્ર સહદેવને રણમાં વહી જતા હતા.[૪૮] કમળના ડાંડલાસમાન રંગના તથા વેગમાં બાજ જેવા ચિત્રવિચિત્ર ઉત્તમ ઘોડાઓ, સુદામા રાજાને યુદ્ધમાં લઈ જતા હતા. ધોળા અને લાલ વર્ણના તથા ધોળી કેશવાળીવાળા ઘોડાઓ, પાંચાલવંશના ગોપતિના પુત્ર સિંહસેનને રણમાં વહેતા હતા. પાંચાલોનો પુરુષવ્યાઘ્ર જનમેજય, કે જે લોકપ્રસિદ્ધ હતો તેના ઉત્તમ ઘોડાઓ સરસવનાં ફૂલસમાન રંગવાળા હતા.[૫૧] અડદના સરખા વર્ણવાળા, સુવર્ણની માળાવાળા, ધોળી પીઠવાળા, પ્રચંડ શરીરવાળા તથા રંગબેરંગી મુખવાળા ઉતાવળી ચાલના ઘોડાઓ, પાંચાલ્યને સત્વર વહેતા હતા. શૂરા, સુંદર મસ્તકવાળા, કાસડાસરખા દેખાતા અને કમળના કેસરાસમાન રંગવાળા ઘોડાઓ, રાજા દંડધારને રણભૂમિમાં લઇ જતા હતા. મેલા લાલ રંગના તથા મલિન ધોળા રંગની પીઠવાળા અને જાણે તોફાની હોય તેવા દેખાતા ઘોડાઓને રથમાં જોડી વ્યાઘ્રદત્તરાજા, યુદ્ધ કરવા ચઢી આવ્યો હતો;[૫૪] અને વિચિત્ર માળાથી શોભતા તથા કાળા મસ્તકવાળા સુંદર ઘોડાઓ, પાંચાલવંશના પુરુષવ્યાઘ્ર સુધન્વાને યુદ્ધમાં લઇ જતા હતા;[૫૫] તથા ઇંદ્રના વજ્રસમાન સ્પર્શવાળા, ઇંદ્રગોપક કીડાસમાન વર્ણવાળા, શરીરમાં વિચિત્ર અવકાશવાળા અને અદ્ભુત દેખાવના ઘોડાઓ, રાજા ચિત્રાયુધને યુદ્ધમાં લઇ જતા હતા.[૫૬] વળી સુવર્ણની માળાને ધારણ કરનારા અને ચકવાકપક્ષીની પેઠે ધોળાશ પડતા રંગયુક્ત પેટવાળા ઘોડાઓ, કોશલદેશના રાજાના પુત્ર સુક્ષત્રને વહી રહ્યા હતા.[૫૭] કાબરચિત્રા, ઘણા કેળવાયેલ, સુવર્ણની માળાવાળા, ઉંચા અને સુંદર ઘોડાઓ, યુદ્ધમાં સત્ય ધૈર્યવાળા ક્ષેમિરાજાને વહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા હતા.[૫૮] શુકલ નામનો રાજા ધ્વજા, કવચ, ઘોડા અને ધનુષ્ય, એ બધાં ધોળા રંગનાં લઇ યુદ્ધ કરવા આવ્યો હતો;[૫૯] અને રુદ્રસમાન તેજવાળા સમુદ્રસેનના પુત્ર ચંદ્રસેનને ચંદ્રસરખા રંગવાળા ઘોડાઓ રણમાં લઈ જતા હતા;[૬૦] તેમજ નીલકમળ સમાન વર્ણવાળા, સોનેરી સાજથી શોભતા અને અદ્ભુત માળાઓવાળા ઘોડાઓ, ચિત્રવિચિત્ર રથવાળા શૈલ્યરાજાને વહેતા હતા.[૬૧] વટાણાના ફુલસરખા રંગવાળા અને ધોળી તથા લાલ કેશવાળીવાળા ઉત્તમ ઘોડાઓ યુદ્ધમાં મદોન્મત્ત એવા રથસેન રાજાને રણમાં લઇ જતા હતા.[૬૨] વળી જે રાજાને લોકો સર્વ મનુષ્યોના કરતાં અધિક શૂરવીર કહે છે,તે પટચ્ચર નામનાઅસુરોનો નાશ કરનારા સમુદ્રપ્રદેશના રાજાને પોપટીઆ રંગના ઘોડાઓ વહી જતા હતા;[૬૩] તેમજ તરેહ તરેહનાં કવચો, આયુધો અને ધ્વજાવાળા ચિત્રાયુધ નામના રાજાને ખાખરાનાં પુષ્પસમાન રંગવાળા ઘોડાઓ યુદ્ધભૂમિપર લઇ જતા હતા.[૬૪] નીલરાજા ધ્વજા, કવચ, ધનુષ્ય, રથ અને ઘોડા, એ બધું શ્યામ વર્ણનુંજ સાથે લઈ રણમાં ચઢયો હતો;[૬૫] તેમજ ચિત્ર નામનો રાજા, અનેક પ્રકારનાં રત્નોનાં ચિહ્નવાળાં રંગબેરંગી કવચો, રથ, ધનુષ્ય, ઘોડા, ધ્વજા અને પતાકાઓ સાથે યુદ્ધમાં ધસી આવ્યો હતો.[૬૬] આકાશી રંગસમાન વર્ણવાળા ઉત્તમ ઘોડાઓ, રોચમાનના પુત્ર હેમવર્ણને રણમાં લઈ જતા હતા;[૬૭] તથા યુદ્ધમાં યોગ્ય, સારૂં કામ કરી શકે તેવા, ધોળા રંગની પીઠવાળા, ધોળા વૃષણવાળા અને તેથીજ કુકડાંનાં ઇંડાંસરખા દેખાતા ઘોડાઓ દંડકેતુ રાજાને યુદ્ધભૂમિપર ખેંચી જતા હતા.[૬૮] રણમાં જ્યારે પોતાના પિતાનો શ્રીકૃષ્ણે નાશ કર્યો અને પાંડયરાજાઓનું કપાટનગર ભાંગતા સર્વ બંધુઓ જ્યારે નાસી ગયા ત્યારે, જેણે ભીષ્મ, દ્રોણ, પરશુરામ તથા કૃપાચાર્ય પાસેથી અસ્ત્રો સંપાદન કરી રૂક્મિ, કર્ણ, અર્જુન અને શ્રીકૃષ્ણની સમાનતા પ્રાપ્ત કરી હતી અને પછીથી જેણે દ્વારકાનો સંહાર કરવા તથા સમગ્ર પૃથ્વીનો જય કરવા ઈચ્છા કરી હતી; પણ જ્યારે પોતાના ડાહ્યા મિત્રોએ હિત ઈચ્છી તેમ કરતાં પોતાને અટકાવ્યો, ત્યારે વૈરની પરંપરાનો ત્યાગ કરી, જે પોતાના રાજ્યનું પાલન કરે છે, તે પાંડયવંશનાં પરાક્રમ તથા ધનનો આશ્રય બળવાન સાગરધ્વજરાજા, ચંદ્રનાં કિરણોસમાન ઉજ્જવલ તથા વૈડૂર્યમણિના સાજવાળા ઘોડાઓને રથમાં જોડી પોતાના ધનુષ્યનો ટંકાર કરતો દ્રોણસામે ધસી આવ્યો હતો. [૬૯–૭૩] અરડુસાના પુષ્પસમાન રંગવાળા ઘોડાઓ, પાંડયરાજાના અનુયાયી એક લાખ ચાળીસહજાર મુખ્ય યોદ્ધાઓને રણમાં વહી જતા હતા.[૭૪] વળી અનેક પ્રકારનાં સ્વરૂપવાળા તથા જૂદી જૂદી આકૃતિ અને મુખવાળા ઘોડાઓ, રથીયોદ્ધાઓમાં મુખ્ય વીર ઘટોત્કચને વહેતા હતા.[૭૫] જેણે એકત્ર થયેલા સમગ્ર ભારત રાજાઓના મતનો ત્યાગ કરી તથા પોતાનાં સર્વ ઈચ્છિતનો ત્યાગ કરી ભક્તિપૂર્વક યુધિષ્ઠિરરાજાનો આશ્રય લીધો હતો, તે મોટી ભુજાવાળા, સુવર્ણના રથમાં બેઠેલા અને લાલચોળ આંખોવાળા બૃહન્તરાજાને અરટ્ટ દેશમાં ઉત્પન્ન થયેલા પ્રચંડ શરીરવાળા તથા મહાન બળવાળા ઘોડાઓ રણમાં લઇ જતા હતા. [૭૬,૭૭] વળી સોનેરી રંગના ઘોડાઓપર સ્વાર થયેલા કેટલાએક ઉત્તમ ઘોડેસ્વારો,સૈન્યના મધ્યમાં રહેલા ધર્મને જાણનારા રાજા યુધિષ્ઠિરની પાછળ ચારે બાજુ ચાલતા હતા;[૭૮] તેમજ દેવસરખા રૂપવાળા ઘણા પ્રભદ્રક યોદ્ધાઓ, જૂદા જૂદા અનેક રંગવાળા સારા ઘોડાઓપર સ્વાર થઈ યુદ્ધ કરવામાટે ચઢી આવ્યા હતા.[૭૯] હે રાજેન્દ્ર ! ભીમસેનસહિત બરાબર સાવધ રહેલા તથા સોનેરી ધ્વજાવાળા તે સર્વ યોદ્ધાઓ ઇન્દ્રસહિત દેવોસરખા દેખાતા હતા.[૮૦] યુદ્ધમાં આવેલા તે સર્વ યોદ્ધાઓના કરતાં ધૃષ્ટદ્યુમ્ન, અધિક કાંતિવાળો દેખાતો હતો;પણ દ્રોણાચાર્ય તો સર્વ સૈન્યોમાં સર્વથી અધિક દીપતા હતા.[૮૧] તે દ્રોણાચાર્યનો કાળા મૃગના ચામડાનો બનાવેલો પતાકાવાળો ધ્વજ અને કેવળ સુવર્ણનું બનાવેલું સુંદર કંમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડલું અત્યંત શોભતાં હતાં;[૮૨] તેમજ વૈડૂર્યમણિના નેત્રવાળા દેદીપ્યમાન મોટા સિંહનાં નિશાનવાળા ભીમસેનના શોભી રહેલા ધ્વજને હું જોઇ રહ્યો હતો.[૮૩] મહાતેજસ્વી કુરુરાજ પાંડુપુત્ર યુધિષ્ઠિરનો, ચંદ્ર અને ગ્રહગણોથી યુક્ત સોનેરી ધ્વજ પણ મારા જોવામાં આવ્યો હતો. એ ધર્મરાજાના રથની ધ્વજાપર નંદ અને ઉપનંદ નામના બે દિવ્ય મૃદંગો હતા, કે જેઓ એની મેળે યંત્રદ્વારા વાગ્યા કરતા હતા અને સુંદર શબ્દ કરી સર્વનો હર્ષ વધારતા હતા.[૮૫] નકુલના રથપર સોનેરી પીઠવાળા શરભના ચિહ્નવાળો અતિ ઉગ્ર મહાન ધ્વજ ફરકતો અમારી દૃષ્ટિએ પડતો હતો કે, જે સામે ઉભેલાને ભયભીત કરી મૂકતો હતો;[૮૬] તેમજ વળી રૂપેરી હંસના નિશાનવાળો તથા ઘંટડીઓ અને પતાકાવાળો સહદેવનો રથધ્વજ, શોભાયમાન દેખાતો હતો અને તે શત્રુઓને દુર્ધર્ષ હોઇ શોક વધારતો હતો.[૮૭] દ્રૌપદીના પુત્રોના ધ્વજમાં અનુક્રમે ધર્મ, વાયુ, ઇંદ્ર અને મહાત્મા બે અશ્વિનીકુમારોની પ્રતિમાઓ શોભી રહી હતી.[૮૮] કુમાર અભિમન્યુના ધ્વજમાં સુવર્ણનું શાર્દૂલપક્ષી ચિતરેલું હતું કે જેથી હે રાજન્! તે શ્રેષ્ઠ ધ્વજ, તપાવેલા સુવર્ણસમાન ઉજ્જવળ દીસતો હતો.[૮૯] હે રાજેન્દ્ર! ઘટોત્કચના ધ્વજમાં ગીધપક્ષી શોભી રહ્યું હતું અને તેના ઘોડાઓ પણ પૂર્વે રાવણની પેઠે સ્વેચ્છાગમન કરી શકે તેવા હતા.[૯૦] ધર્મરાજા યુધિષ્ઠિરપાસે માહેન્દ્ર નામનું દિવ્ય ધનુષ્ય હતું અને હે રાજા! ભીમસેન પાસે વાયવ્ય નામનું દિવ્ય ધનુષ્ય હતું.[૯૧] ત્રૈલોક્યનું રક્ષણ કરવામાટે બ્રહ્મદેવે જે આયુધ સરજ્યું હતું, તે અજર નામનું દિવ્ય ધનુષ્ય અર્જુનમાટેજ હતું.[૯૨] નકુલપાસે વૈષ્ણવ નામનું ધનુષ્ય હતું, સહદેવપાસે અશ્વિનીકુમારસંબંધી ધનુષ્ય હતું અને ઘટોત્કચપાસે દિવ્ય અને ભયંકર પૌલસ્ત્ય ધનુષ્ય હતું.[૯૩] હે ભરતવંશી રાજા! દ્રૌપદીના પાંચ પુત્રોની પાસે રૌદ્ર, આગ્નેય, કૌબેર, યામ્ય અને ગિરીશ, આ પાંચ ઉત્તમ ધનુષ્યો હતાં.[૯૪] રોહિણીના પુત્ર બળરામે રુદ્રદેવની શક્તિવાળું જે ઉત્તમ ધનુષ્ય મેળવ્યું હતું તે તેમણે પ્રસન્ન થઇ મહાત્મા અભિમન્યુને આપ્યું હતું.[૯૫] આ મેં વર્ણવ્યા તે અને એ સિવાયના બીજા અનેક શૂરવીરોના સુવર્ણભૂષિત ધ્વજો તે રણભૂમિપર શત્રુઓના શોકની વૃદ્ધિ કરે તેવા દેખાતા હતા.[૯૬] હે મહારાજ! તે દ્રોણનું સૈન્ય જ્યાં ત્યાં ધ્વજાઓથી વ્યાપ્ત હતું, કાયર પુરુષોએ સેવવાયોગ્ય ન હતું. વળી તે સૈન્ય તે વેળા ચિત્રમાં ચિતરેલું હોય તેવું લાગતું હતું.[૯૭] તે સમયે રણમાં દ્રોણપ્રત્યે ધસી જતા યોદ્ધાઓનાં નામો તથા ગોત્રોચ્ચારો સંભળાતા હતા, તેથી જાણે સ્વયંવર થઇ રહ્યો હોય તેવું જણાતું હતું.[૯૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં 'ઘોડા, ધ્વજ આદિનું વર્ણન' એ વિષયનો અધ્યાય ૨૩ મો સમાપ્ત

અધ્યાય ૨૪ મો

ધૃતરાષ્ટ્રની ચિંતા

॥ धृतराष्ट्र उवाच ॥

व्यथयेयुरिमे सेनां देवानामपि संजय ।
आहवे ये न्यवर्तन्त वृकोदरमुखा नृपाः ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય! આ જેઓ ભીમસેન વગેરે રાજાઓ યુદ્ધમાં દ્રોણ સામે પાછા ફર્યા હતા તેઓ દેવોની સેનાને પણ ગભરાવી દે તેવા છે.[૧] આ જગતનો પુરુષવર્ગ, દૈવસાથે સંબંધવાળો થઇનેજ ઉત્પન્ન થાય છે. અવશ્ય તે દૈવમાંજ જૂદાં જૂદાં સર્વ પ્રયોજનો દેખાય છે;[૨] કારણકે જે યુધિષ્ઠિર લાંબા કાળસુધી જંગલમાં જટા અને મૃગચર્મ ધારણ કરી લોકથી છાનો ભટકતો હતો,[૩] તેજ યુધિષ્ઠિર આજે રણમાં મોટી સેનાને આમતેમ ફેરવી રહ્યો છે, તે બધું દૈવયોગેજ થઈ રહ્યું છે; અને મારા પુત્રને પ્રથમ જે રાજ્ય હતું, તે પણ દૈવયોગેજ હતું;[૪] માટેજ પુરુષ ભાગ્ય સાથે જોડાઇનેજ ઉત્પન્ન થાય છે અને દૈવની ઇચ્છાએજ આકર્ષાય છે, નહિ કે પોતાની ઇચ્છાએ. યુધિષ્ઠિર જુગારના વ્યસનને પામી પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખી થયો હતો તેણેજ આજે દૈવયોગે સહાયકો મેળવ્યા છે.[૬] હે સૂત ! " આજે કેકયો અને કાશીદેશના રાજાઓ મારે વશ થયા છે. ચેદિઓ અને બીજા વંગોએ પણ મારો આશ્રય કર્યો છે. હે પિતા! આ સમગ્ર પૃથ્વી મારી છે પણ યુધિષ્ઠિરની નથી. " આ પ્રમાણે પ્રથમ મંદ બુદ્ધિનો દુર્યોધન મને કહ્યા કરતો.[૭,૮] તેજ દુર્યોધનની સેનાના મધ્યભાગમાં સારી રીતે રક્ષણમાં રહેલા દ્રોણાચાર્યને યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ને મારી નાખ્યા, તો તેમાં દૈવવિના બીજું શું કારણ હોય ?[૯] અરે ! સર્વ રાજાઓના મધ્યમાં મોટી ભુજાવાળા, સદા યુદ્ધને પ્રિય કરનારા, સર્વ જાતનાં અસ્ત્રોના પારને પામેલા દ્રોણાચાર્યનું મૃત્યુ કેમ થયું ?[૧૦] મને ઉપરાઉપરી એટલાં બધાં કષ્ટો આવી પડેલાં છે કે જેથી હું પરમ મોહને પામ્યો છું; તેમાં પણ ભીષ્મ અને દ્રોણને માર્યા ગયેલા સાંભળી હું જીવવાનો પણ ઉત્સાહ કરતો નથી.[૧૧] મને પુત્રના ફંદામાં ફસાયલો જોઇ વિદુરે જે કહ્યું હતું, તે બધું દુર્યોધનસહિત મેં પ્રાપ્ત કર્યું છે.[૧૨] હજી પણ દુર્યોધનનો ત્યાગ કરી જો હું મારા બાકી રહેલા પુત્રોને બચાવવાની ઇચ્છા કરૂં તો કેવળ મારૂં ઘાતકીપણુંજ કહેવાય, પણ બધાઓનું મરણ તો ન નીપજે ![૧૩] અહા ! હવે મને ખાત્રી થાય છે કે, જે પુરુષ ધર્મનો ત્યાગ કરી અર્થપરાયણજ રહે છે તે પુરુષ આ લોકથી તો હીન થાયજ છે; પણ મુવાપછી એ નારકી આદિ ક્ષુદ્રભાવને પામે છે.[૧૪] હે સંજય! સર્વશ્રેષ્ઠ દ્રોણાચાર્ય જેવા પણ જ્યારે આ યુદ્ધમાં માર્યા ગયા, ત્યારે હવે ભાંગી પડેલા ઉત્સાહવાળા આ સમગ્ર રાષ્ટ્ર(દેશ)નો નાશજ થશે એમ મને દેખાય છે.[૧૫] જે ક્ષમાશીલ ઉત્તમ પુરુષોપર (ભીષ્મ અને દ્રોણપર)આપણે બધા હમેશાં જીવી રહ્યા હતા, તે બન્ને મહાન પુરુષો પણ જ્યારે ગત થઇ ગયા, ત્યારે હવે આ રાષ્ટ્ર કેમ બાકી રહેશે ?[૧૬] માટે હવે તો જે પ્રમાણે યુદ્ધ થયું હોય તે પ્રમાણે બરાબર મનેકહી સંભળાવ. કયા કયા યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હતું? કયા કયા યોદ્ધાઓએ સખ્ત પ્રહાર કર્યા હતા અને કયા કયા ક્ષુદ્ર પુરુષો ભયથી નાસી ગયાહતા? મહારથીઓમાં શ્રેષ્ઠ એવા અર્જુને શું શું કર્યું હતું, તે પણ મને કહે. એક તે અર્જુનથી તથા અમારા કટ્ટા શત્રુ ભીમસેનથી અમને ઘણો ભય છે.[૧૮] હે સંજય ! પાંડવપક્ષના યોદ્ધાઓ જ્યારે પાછા ફર્યા, ત્યારે મારી બાકી રહેલી સેનાનો અતિ દારુણ સંહાર કેવી રીતે થયો હતો ?[૧૯] વળી જ્યારે તેઓ યુદ્ધ કરવા પાછા ફર્યા, ત્યારે હે તાત ! તમારૂં મન કેવું થઈગયું હતું અને મારામાંના કયા શૂરાઓએ તેઓમાંના કોને કોને આગળ વધતા અટકાવ્યા હતા ? તે બધું મને કહે.[૨૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં "ધૃતરાષ્ટ્રનું વાક્ય" એ વિષયનો અધ્યાય ૨૪ મો સમાપ્ત

અધ્યાય ૨૫ મો

દ્વંદ્વયુદ્ધ

॥ संजय उवाच ॥

महद्भैरवमासीन्नः सन्निवृत्तेषु पांडुषु ।
दृष्ट्वा द्रोणं छाद्यमानं तैर्भास्करमिवांबुदैः ॥१॥

સંજયે કહ્યું:—જ્યારે પાંડવો યુદ્ધ કરવા પાછા ફર્યા, ત્યારે મેઘો જેમ સૂર્યને ઢાંકી દે,તેમ તેઓએ ઢાંકી દીધેલા દ્રોણને જોઇ અમને મહાન ભય થઇ રહ્યો.[૧] તેઓએ ઉડાડેલી તીવ્ર રજે તમારી સેનાને ઢાંકી દીધી; જેથી સર્વ પ્રદેશ દેખાતો બંધ પડયો અને અમે તો માનીજ બેઠા કે, દ્રોણાચાર્ય માર્યા ગયા.[૨] ક્રૂર કર્મ કરવા ઇચ્છતા તે શૂરા મહાધનુર્ધરોને જોઇ દુર્યોધન રાજાએ તત્કાળ પોતાના સૈન્યને આજ્ઞા કરી કે, હે રાજાઓ! શક્તિ, ઉત્સાહ, બળ અને સંયોગો પ્રમાણે પાંડવોની સેનાને તમે આગળ વધતી અટકાવો.[૪] તે આજ્ઞા થયા પછી તમારો પુત્ર દુર્મર્ષણ ભીમસામે ધસી ગયો. અને તેને સમીપમાં જોઇ તેનો જીવ લેવાની ઇચ્છાથી બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો.[૫] ક્રોધાયમાન થયેલા મૃત્યુની પેઠે દેખાતા તેણે યુદ્ધમાં બાણોવડે ભીમસેનને ઢાંકી દીધો; ત્યારે ભીમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેને પણ બાણોવડે તેને વ્યથિત કરી નાખ્યો. તે સમયે તેઓ બન્નેનું મહાતુમુલ યુદ્ધ થઇ રહ્યું હતું.[૬] પોતાના રાજા દુર્યોધનની જ્યારે આજ્ઞા થઇ; ત્યારે ડાહ્યા, શૂરા અને સચોટ પ્રહાર કરનારા તે યોદ્ધાઓ, રાજ્ય અને મૃત્યુના ભયનો ત્યાગ કરી યુદ્ધમાં શત્રુઓ સામે પ્રસ્થાન કરી ગયા.[૭] તેઓમાંથી કૃતવર્માએ હે રાજા! દ્રોણાચાર્ય સામે ભેટો કરવા ઇચ્છતા અને રણને શોભાવનાર શૂરા સાત્યકિને આગળ આવતાં અટકાવી રાખ્યો.[૮] ત્યારે મદોન્મત્ત હાથી જેમ બીજા મદોન્મત્ત હાથીને રોકે, તેમ ક્રોધાયમાન થયેલા સાત્યકિએ ક્રોધાવિષ્ટ થયેલા કૃતવર્માને બાણોના સમૂહથી અટકાવી રાખ્યો. એટલે કૃતવર્માએ પણ પુનઃ તેને રોકી રાખ્યો;[૯] તેમજ સાવધ રહેલા, ઉગ્ર ધનુષ્યધારી સિંધુરાજે (જયદ્રથે), તીક્ષ્ણ બાણો મૂકી, મહાધનુર્ધર ક્ષત્રવર્માને દ્રોણપાસે આવતો અટકાવ્યો.[૧૦] ત્યારે ક્ષત્રવર્માએ સિંધુરાજની ધ્વજા અને ધનુષ્ય કાપી નાખી ક્રોધપૂર્વક બીજાં દશ બાણોથી તેનાં સર્વ મર્મસ્થાનોમાં પ્રહાર કર્યો;[૧૧] એટલે સિંધુરાજે ચાલાક હાથવાળાની પેઠે તત્ક્ષણ બીજું ધનુષ્ય ઉઠાવી કેવળ લોખંડી બાણો છોડી ક્ષત્રવર્માને વિંધી નાખ્યો.[૧૨] પાંડવોમાટે પ્રયત્ન કરી રહેલા ભરતવંશના શૂરા મહારથી યુયુત્સુને સુબાહુએ બરાબર સજ્જ થઇ દ્રોણ પાસેથી ખાળી રાખ્યો. ત્યારે યુયુત્સુએ પોતાની સામે બાણો ફેંકી રહેલા સુબાહુના ભુંગળસમાન બન્ને હાથોને તીક્ષ્ણ અને પાણી પાયેલાં ક્ષુર નામનાં બે બાણોથી ધનુષ્યબાણસહિત છેદી નાખ્યા.[૧૪] પાંડવોના મોટા ધર્માત્મા રાજા યુધિષ્ઠિરને, ખળભળી ઉઠેલા સમુદ્રનેજેમ કાંઠો રોકી રાખે તેમ મદ્રરાજાએ દ્રોણસામે જતા અટકાવ્યા;[૧૫] ત્યારે ધર્મરાજાએ મર્મને ભેદી નાખે તેવાં અનેક બાણોથી તેને છાઇ દીધો. એટલે સામેથી મદ્રરાજાએ પણ ચોસઠ બાણોથી તેમને વિંધી નાખી અત્યંત ગર્જના કરી મૂકી.[૧૬] જ્યારે તે અત્યંત ગર્જના કરવા લાગ્યો; ત્યારે પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિરે ક્ષુર જાતનાં બે બાણો મૂકી તેની ધ્વજા તથા ધનુષ્યને કાપી નાખ્યાં, તે જોઇ માણસો કોલાહલ કરવા લાગ્યા.[૧૭] તેમજ સૈન્યને સાથે લઇ ધસી આવતા રાજા દ્રુપદને સૈન્યસહિત રાજા બાહ્લિકે બાણો મૂકી ખાળી રાખ્યો. સેનાસહિત સામસામા ચઢી આવેલા તે બન્ને વૃદ્ધ રાજાઓનું, મદોન્મત્ત બે યૂથપતિ હાથીઓની પેઠે ઘોર યુદ્ધ થઇ રહ્યું હતું.[૧૯] અવંતીના કુમાર વિંદ અને અનુવિંદ સૈન્યને સાથે લઇ મત્સ્યદેશના રાજા વિરાટને, ઇંદ્ર અને અગ્નિ પૂર્વે જેમ બલિરાજાને રોકી રહ્યા હતા, તેમ રોકવા લાગ્યા.[૨૦] મત્સ્ય અને કેકય યોદ્ધા વચ્ચેનું તે યુદ્ધ, દેવ અને અસુરોના યુદ્ધની પેઠે અત્યંત આકુળ થઈ રહ્યું હતું કે જેમાં ઘોડેસ્વારો, રથીઓ અને હાથીસ્વારો નિર્ભય જણાતા હતા.[૨૧] નકુલનો પુત્ર શતાનીક જ્યારે બાણોનો વરસાદ વરસાવી દ્રોણ સામે જતો હતો, ત્યારે જેનું બીજું નામ ભૂતકર્મા હતું, તેવા સભાપતિ નામના રાજાએ તેને દ્રોણ તરફ જતાં વારી રાખ્યો;[૨૨] ત્યારે નકુલના પુત્રે તીક્ષ્ણ એવાં ત્રણ ભલ્લબાણોવડે ભૂતકર્માને બાહુ અને મસ્તકવિનાનો કરી નાખ્યો.[૨૩] જે વેળા અર્જુનનો પરાક્રમી અને વીર પુત્ર સુતસોમ, જથાબંધ બાણો છોડતો દ્રોણ સામે ચઢી આવ્યો,ત્યારે વિવિંશતિએ તેને અટકાવ્યો;[૨૪] એ વખતે ક્રોધાયમાન થયેલા સુતસોમે મનમાં દંશ રાખી પોતાના કાકા વિવિંશતિને બાણોથી ભેદી નાખ્યો અને પોતે લગાર પણ ત્યાંથી દૂર ખસ્યો નહિ.[૨૫] એટલામાં ભીમરથે તીક્ષ્ણ એવાં છ લોખંડી બાણોવડે શાલ્વને ઘોડા અને સારથિસહિત યમરાજાને ઘેર મોકલી દીધો.[૨૬] હે મહારાજ ! તમારો પૌત્ર શ્રુતકર્મા મયૂર (મોર) સમાન રંગવાળા ઘોડા દોડાવીને દ્રોણસામે જ્યારે ધસી આવતો હતો, ત્યારે ચિત્રસેનના પુત્રે તેને અટકાવી રાખ્યો. તે બન્ને દુરાધર્ષ એવા તમારા પૌત્રો પરસ્પરનો વધ કરવા ઇચ્છી પોતાના પિતાઓનું કાર્ય સિદ્ધ કરવામાટે ઉત્તમ યુદ્ધ કરવા લાગ્યા.[૨૮] તે મહાયુદ્ધમાં આગળ આવી ઉભેલા પ્રતિવિંધ્યને પોતાના પિતાનું માન જાળવતો અશ્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્થામા બાણોવડે રોકવા લાગ્યો;[૨૯] ત્યારે પ્રતિવિંધ્યે ક્રોધાયમાન થયેલા, સિંહના પૂછડાના ચિહ્નવાળા અને પોતાના પિતામાટે સામે આવી ઉભેલા તે અશ્વત્થામાને તીક્ષ્ણ બાણોથી વિંધી નાખ્યો.[૩૦] હે પુરુષશ્રેષ્ઠ રાજા! બીજની વાવણીના સમયે લોકો જેમ બીજ વાવે છે, તેમ દ્રૌપદીના બધા પુત્રોએ અશ્વત્થામાને બાણોની વૃષ્ટિથી ઢાંકી દીધો.[૩૧] અર્જુનથી દ્રૌપદીવિષે ઉત્પન્ન થયેલો મહારથી શ્રુતકીર્તિ, દ્રોણ સામે જ્યારે ધસી આવતો હતો, ત્યારે દુઃશાસનના પુત્રે તેને આગળ વધતો અટકાવ્યો. કૃષ્ણસમાન બળીઓ દ્રૌપદીનો પુત્ર શ્રુતકીર્તિ અતિ તીક્ષ્ણ એવાં ત્રણ ભલ્લબાણોથી દુઃશાસનના પુત્રનાં ધનુષ્ય, ધ્વજ અને સારથિનો નાશ કરી દ્રોણ સામે આગળ ચાલ્યો.[૩૩] જે બન્ને સૈન્યોના મધ્યમાં અતિશય શૂરો મનાયેલો છે, તે પટચ્ચર દૈત્યોનો સંહાર કરનાર સમુદ્રદેશનો રાજા જ્યારે યુદ્ધ કરવા ચઢી આવ્યો, ત્યારે તેને લક્ષ્મણે અટકાવી રાખ્યો.[૩૪] હે ભરતવંશી રાજા! તે જોઈ તે રાજાએ લક્ષ્મણનું ધનુષ્ય તથા ધ્વજને ઉડાડી દઈ તેનાપર સંખ્યાબંધ બાણો છોડવા માંડયાં, જેથી તે વેળા પોતે ઘણો શોભતો હતો.[૩૫] મહાબુદ્ધિમાન અને યુવાન વિકર્ણે દ્રુપદરાજાના તરુણપુત્ર શિખંડીને આગળ આવતાં અટકાવી રાખ્યો;[૩૬] એટલે શિખંડીએ બાણોના સમૂહથી તેને ઢાંકી દીધો, પણ તમારો પુત્ર ઘણો બળવાન હતો જેથી તે બાણજાળનો નાશ કરી દઇ રણમાં દીપવા લાગ્યો.[૩૭] તે મહા રણમાં વીર ઉત્તમૌજા, દ્રોણસામે જતો હતો તેવામાં સન્મુખ ઉભેલા અંગદે તેને બાણોના સમૂહથી નિવાર્યો. તે બન્ને પુરુષસિંહોનો તે સમયે તુમુલ મારો ચાલુ થયો, કે જે સર્વ સૈનિકોને તથા તે બન્ને જણાને પ્રીતિ વધારતો હતો.[૩૯] મહાધનુર્ધર અને બળવાન દુર્મુખે દ્રોણસામે જતા વીર પુરુજિત્ને વાછરડાના દાંતસરખા આકારવાળાં બાણોથી ખાળી રાખ્યો;[૪૦] ત્યારે તેણે દુર્મુખને નારાચ નામના બાણથી ભ્રમરના મધ્યભાગમાં પ્રહાર કર્યો, કે જેના પ્રહારથી તેનું મુખ દાંડલાવાળા કમળસરખું શોભતું હતું. લાલ ધ્વજાવાળા પાંચ કેકયભાઇઓ જ્યારે દ્રોણપર ચઢી આવ્યા, ત્યારે કર્ણે બાણોની વૃષ્ટિ કરી તેમને વાર્યા.[૪૨] કર્ણની તે બાણવૃષ્ટિથી અત્યંત પીડાયેલા તેઓએ પણ બાણોનો વરસાદ વરસાવી કર્ણને છાઇ દીધો, છતાંપણ તેણે વારંવાર બાણોના ઢગલા છોડી તેઓને ઢાંકીજ દીધા.[૪૩] પરસ્પરનાં બાણોથી વ્યાપ્ત થયેલા તેઓ બધા ઘોડા, સારથિ અને રથસહિત એટલા બધા ઢંકાઇ ગયા કે જેથી તે સ્થળે કર્ણ કે પેલા પાંચ ભાઇઓમાંનો એક પણ જોવામાં આવતો ન હતો.[૪૪] દ્રોણ તરફ ધાઇ આવતા નીલ, કાશીરાજ અને જયત્સેન, એ ત્રણ જણાને દુર્જય, જય અને વિજય નામના તમારા ત્રણ પુત્રોએ વારી રાખ્યા.[૪૫] તે સમયે સિંહ, વાઘ અને જરખ જનાવરનું રીંછ, પાડો અને બળદ સાથે જેમ ઘોર યુદ્ધ થાય, તેમ તેઓનું પ્રેક્ષકવર્ગને પ્રીતિ વધારનારૂં ઘોર યુદ્ધ થઇ રહ્યું હતું.[૪૬] ક્ષેમધૂર્તિ અને બૃહંત નામના બન્ને ભાઇઓ, તે યુદ્ધમાં દ્રોણપર ચઢી આવતા સાત્યકિને તીક્ષ્ણ બાણોથી વિંધવા લાગ્યા.[૪૭] જેમ વનમાં મદોન્મત્ત બે હાથીઓનું સિંહની સાથે યુદ્ધ થાય, તેમ તેઓ બન્નેનું તે સાત્યકિ સાથે અતિ અદ્ભુતસરખું યુદ્ધ થઇ રહ્યું હતું.[૪૮] યુદ્ધને અભિનંદન આપનાર રાજા અંબષ્ઠને ક્રોધયુક્ત થઈ બાણો ફેંકી રહેલા ચેદીરાજે દ્રોણ આગળથી અટકાવ્યો;[૪૯] ત્યારે અંબષ્ઠરાજાએ હાડકાં ભાંગી નાખે તેવા શંકુપ્રહારથી ચેદિરાજને ઘાયલ કર્યો, કે જેથી તે ધનુષ્યબાણ ત્યજી દઈ ધરણીપર ઢળી પડયો.[૫૦] ક્રોધાવેશી સ્વરૂપવાળા યાદવવંશનાવાર્ધક્ષેમિને મહાધનુર્ધર કૃપાચાર્યે ઝીણી જાતનાં બાણોથી આગળ વધતાં અટકાવ્યો.[૫૧] તરેહ તરેહની યુદ્ધથી રીતિ પ્રમાણે લડી રહેલા તે બન્ને વાર્ધક્ષેમિ તથા કૃપાચાર્યને જેઓ જોઇ રહ્યા હતા, તેઓ તે બન્નેના યુદ્ધમાં એટલા બધા આસક્ત મનવાળા થઇ ગયા કે જેથી બીજી કોઇ જાતની ક્રિયાને જાણી શક્યા નહિ.[૫૨] દ્રોણાચાર્યનો યશ વધારતો સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા, યુદ્ધ કરવાં સજ્જ થયેલા રાજા મણિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનને આવતો અટકાવવા લાગ્યો;[૫૩] એટલે તે મણિમાને ભૂરિશ્રવાના અદ્ભુત ધનુષ્યને, ધ્વજને, પતાકાને, સારથિને તથા છત્રને તત્ક્ષણ રથપરથી નીચે ગબડાવી પાડયાં.[૫૪] ત્યારે એકદમ રથપરથી કૂદી પડી યજ્ઞસ્તંભના નિશાનવાળી ધ્વજાવાળા શત્રુસંહારક ભૂરિશ્રવાએ તેને ઘોડા, સારથિ, ધ્વજ અને રથસહિત ઉત્તમ તરવારવડે કાપી નાખ્યો;[૫૫] અને પછી તત્કાળ પોતાના રથમાં બેસી હાથમાં બીજું ધનુષ્ય લઇ ઘોડાઓને પોતેજ હંકારી તેણે હે રાજન્! પાંડવોની સેનાનો સંહાર કરવા માંડયો. અસુરોપ્રત્યે ધસી જતા ઇંદ્રની પેઠે દ્રોણસામે જતા દુર્જય પાંડયરાજાને, સમર્થ વૃષસેને બાણોના સમૂહથી નિવાર્યો;[૫૭] એટલામાં તો ગદા, પરિઘ, તરવાર, પટ્ટિશ, લોઢાની લાકડીઓ, પથ્થર, લઠ્ઠીઓ, ભુશુંડીઓ, ભાલાંઓ, તોમરો, બાણો, મુસલો, મુદ્ગરો, ચક્રો, ભિંદિપાલો, ફરશીઓ, ધૂળ, વાયુ, અગ્નિ, જળ, ભસ્મ, માટીનાં ઢેફાં, ઘાસ અને ઝાડોથી સર્વને ગભરાવતો, વિંધતો, ઝુડી નાખતો, મારી નાખતો, નસાડી મૂકતો અને ઉછાળી મૂકતો ઘટોત્કચ, દ્રોણાચાર્યને પહોંચી વળવાની ઇચ્છાથી સેનાને ત્રાસ પમાડતો પમાડતો ત્યાં આવી પહોંચ્યો.[૫૮–૬૦] ત્યારે તે રાક્ષસને યુદ્ધસંબંધી અનેક હથિયારોવડે રાક્ષસ અંલબુષ, ક્રોધ કરી સારી રીતે પ્રહાર કરવા લાગ્યો.[૬૧] પૂર્વે શંબરાસુર અને ઇંદ્રનું જેવું યુદ્ધ થયું હતું, તેવુંજ તે બન્ને મહાન રાક્ષસોનું યુદ્ધ થઇ રહ્યું હતું.[૬૨] એ પ્રમાણે તમારા પક્ષના તથા તે પાંડવપક્ષના યોદ્ધાઓના પરસ્પર ભેટા વખતે રથ, હાથી અને ઘોડાઓનાં સેંકડો દ્વંદ્વયુદ્ધો ત્યાં થઇ રહ્યાં હતાં. હે રાજા! તમારૂં કલ્યાણ થાઓ. બાકી, મેં આવો સંગ્રામ પૂર્વે કદી જોયો નથી અને સાંભળ્યો પણ નથી, કે જે દ્રોણનું રક્ષણ કરવામાટે તથા મૃત્યુ કરવામાટે મચી પડેલા તે બન્ને પક્ષના યોદ્ધાઓવચ્ચે થયો હતો.[૬૩,૬૪]

હે પ્રભુ! એ યુદ્ધ ઘોર, આશ્ચર્યજનક અને રૌદ્ર હતું. ઉપરાંત તે સ્થળે બીજાં પણ અનેક યુદ્ધો થયાં હતાં.[૬૫]

અધ્યાય ૨૫ મો સમાપ્ત

અધ્યાય ૨૬ મો

ભગદત્તનું યુદ્ધ

॥ धृतराष्ट्र उवाच ॥

तेष्वेवंसन्निवृत्तेषु प्रत्युद्यातेषु भागशः ।
कथं युयुधिरे पार्था मामकाश्च तरस्विनः॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–એ પ્રમાણે જ્યારે તે પાંડવો યુદ્ધ કરવા પાછા ફર્યા અને વિભાગ પ્રમાણે સામા ધસી આવ્યા, ત્યારે તે બળવાન મારા પુત્રો અને કુંતાના પુત્રો કેવી રીતે લડયા?[૧] વળી અર્જુને સંશપ્તકોના સૈન્યસામે કેવું પરાક્રમ કર્યું હતું અને સંશપ્તકોએ પણ અર્જુનસામે કેવું પરાક્રમ કર્યું હતું? તે હે સંજય! તું મને કહે.

સંજયે કહ્યું:–તે પ્રમાણે જ્યારે તેઓ યુદ્ધ કરવા પાછા ફર્યા અને વિભાગ પ્રમાણે સામા દોડી આવ્યા, ત્યારે તમારો પુત્ર દુર્યોધન પોતેજ હાથીઓનું સૈન્ય સાથે લઇ ભીમપર ચઢી આવ્યો.[૩] જ્યારે તેણે પોતેજ યુદ્ધ કરવામાટે બોલાવ્યો, ત્યારે ભીમસેન હાથી સામે જેમ હાથી ધસી જાય અને બળદ સામે બળદ ધસી જાય, તેમ હાથીઓના સૈન્યસામે ધસી ગયો. ભીમસેન યુદ્ધ કરવામાં કુશળ હતો અને બાહુબળથી યુક્ત પણ હતો, જેથી હે રાજા! તેણે થોડા સમયમાં હાથીઓની સૈન્યરચનાને વિંખી નાખી.[૫] દુર્યોધનના તે હાથીઓ પ્રમાણમાં મોટા પર્વતસરખા હતા અને ચારેબાજુથી મદને ઝરતા હતા; પણ ભીમસેનનાં નારાચબાણોથી તેઓ ત્યાંથી નાસવા લાગ્યા અને મદરહિત થઇ ગયા.[૬] જેમ અતિ ઉદ્ધત વાયુ વાદળોને છિન્નભિન્ન કરી નાખે, તેમ પવનપુત્ર ભીમસેને તે સૈન્યોને છિન્નભિન્ન કરી નાખ્યાં.[૭] ઉદય પામેલો સૂર્ય જેમ જગતમાં પોતાનાં કિરણોથી શોભે છે, તેમ ભીમસેન તે હાથીઓપર બાણો છોડતો શોભી રહ્યો હતો.[૮] ભીમસેનનાં બાણોથી ઘાયલ થઇ લોહીથી રેબઝેબ થયેલા તે હાથીઓ આકાશમાં સૂર્યનાં કિરણોથી મિશ્ર થયેલાં અનેક પ્રકારનાં વાદળોસમાન શોભતા હતા.[૯] એવી રીતે હાથીઓનો સંહાર કરી રહેલા વાયુના પુત્ર તે ભીમસેન સામે આવીને ક્રોધા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમાન થયેલો દુર્યોધન, તીક્ષ્ણ બાણોથી વિંધવા લાગ્યો;[૧૦] એટલે લોહીસમાન લાલ ચક્ષુવાળો ભીમસેન, રાજા દુર્યોધનને તેજ ક્ષણે મારી નાખવાની ઇચ્છાથી સજેલાં બાણોથી વિંધવા મંડયો.[૧૧] તે સમયે આખા શરીરમાં બાણોથી વ્યાપ્ત થયેલા દુર્યોધને ક્રોધાયમાન થઈ સૂર્યનાં કિરણસમાન નારાચબાણોથી મોં મલકાવી પાંડુપુત્ર ભીમસેનને વિંધી નાખ્યો.[૧૨] ત્યારે પાંડવે (ભીમે) બે ભલ્લબાણોથી, રત્નોથી અદ્ભુત દેખાતા તેના ધ્વજમાં રહેલા નિશાનરૂપ મણિમય હાથીને તથા ધનુષ્યને એકદમ કાપી નાખ્યાં.[૧૩] હે રાજન્! એ પ્રમાણે ભીમસેન દુર્યોધનને પીડતો હતો, તે જોઈ હાથીપર બેઠેલો અંગરાજા ભીમને ક્ષોભ પમાડવાની ઇચ્છાથી સામે આવી પહોંચ્યો.[૧૪] મેઘસમાન ગર્જના કરી પોતાનીસામે ધસી આવતા તે હાથીને ભીમે ગંડસ્થળમાં નારાચબાણોનો પ્રહાર કરી અત્યંત વિંધી નાખ્યો.[૧૫] ભીમસેને છોડેલાં બાણો, તે હાથીનું શરીર ચીરીનાખી પૃથ્વીમાં ખુંચી જતાં હતાં. તે પછી વજ્રથી ભેદાયેલા પર્વતની પેઠે તે હાથી પૃથ્વીપર પડવા લાગ્યો.[૧૬] તે હાથી જેવો પડવાની તૈયારીમાં હતો તેજ અરસામાં તેનાપર બેઠેલા અને નીચે પડવાની તૈયારીમાં રહેલા મ્લેચ્છરાજાનું, શીઘ્ર પરાક્રમ કરનાર ભીમસેને એક ભલ્લબાણથી મસ્તક કાપી નાખ્યું. એ પ્રમાણે તે વીર મ્લેચ્છરાજા જ્યારે રણમાં પડયો, ત્યારે ગભરાયેલા ઘોડા, હાથી અને રથવાળી તથા પાળાઓને છુંદી નાખતી તેની સેના નાસભાગ કરવા લાગી.[૧૮] તે સૈન્યોમાં એ પ્રમાણે જ્યારે ભંગાણ પડયું તથા ચારેબાજુ જ્યારે નાસભાગ થઇ રહી, ત્યારે પ્રાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત, પોતાનો હાથી લઇ ભીમસેન સામે ધસી આવ્યો.[૧૯] જે હાથીપર (ઐરાવતપર) બેસી ઇંદ્રે દૈત્યો અને દાનવોને જીત્યાહતા, તેજ હાથીના વંશના હાથીપર બેસી ભગદત્તરાજા, ભીમસામે લડવા આવ્યો હતો.[૨૦] તે મહાન હાથી એકાએક ભીમસામે દોડયો અને ભીમને જાણે છુંદી નાખવા ઇચ્છતો હોય, તેમ આગળના બે પગ ઉંચા કરી સૂંઢને સંકોચી લઇ તથા ક્રોધપૂર્વક ડોળા ફાડી તેણે ભીમના રથના ઘોડાસહિત તદ્દન ચૂરા કરી નાખ્યા.[૨૧,૨૨] ભીમસેન પણ પગપાળો એકદમ દોડી તે હાથીના શરીરના અવયવોના ભાગમાં ભરાઇ પેઠો, પણ ત્યાંથી નાસી ગયો નહિ; કારણ કે તે અંજલિકાવેધ(હાથીને રમાડવાની કળા)ને જાણતો હતો.[૨૩] એ રીતે હાથીનાં ગાત્રોમાં ભરાઇ જઇ તે ભીમસેન વારંવાર હાથવડે તેને મારવા લાગ્યો અને પોતાને મારી નાખવા ઇચ્છતા તે હાથીને ખેલાવવા લાગ્યો.[૨૪] ભીમસેન ક્યાં ભરાયો છે, તે જાણવાની ઇચ્છાથી દશહજાર હાથીઓસમાન બળવાળો તે મહાન હાથી, તે સમયે કુંભારના ચાકડાની પેઠે સત્વર ચક્કર ચક્કર ફરવા લાગ્યો.[૨૫] પછી ભીમસેન પણ બહાર નીકળી તે સુપ્રતીક નામના ભગદત્તના હાથી આગળ આવી ઉભો; એટલે હાથી, ભીમને સુંઢમાં લઇ બે ઢીંચણવતી તેને મારવા લાગ્યો અને પ્રથમ ડોકમાં પકડી સુંઢમાં વિંટી તેને મારી નાખવાની તેણે ઇચ્છા કરી; પરંતુ ભીમસેન, તેની સુંઢમાં ગોળાકારે ફરી છટકી ગયો તથા ફરી તે હાથીના શરીરતળે ભરાઈ પેઠો અને તેની સામે પોતાના સૈન્યનો કોઇ બીજો હાથી લડવા આવે તેની રાહ જોવા લાગ્યો.[૨૭,૨૮] તે પછી સમય આવતાં ભીમસેન પણ તે હાથીના શરીરતળેથી નીકળી જઈ એકદમ વેગથી નાસી ગયો; એટલે હે રાજા ! સર્વ સૈન્યમાં મોટો કોલાહલ થઇ રહ્યો કે, હાથીએ ભીમસેનને મારી નાખ્યો. હે રાજન્! પાંડવોની સેના પણ તે હાથીથી ત્રાસ પામી ગઇ હતી, જેથી એકદમ જે સ્થળે ભીમસેન ઉભો હતો તે સ્થળે નાસી ગઇ. તે પછી યુધિષ્ઠિરરાજા ભીમસેનને માર્યો ગયેલો માની ધૃષ્ટદ્યુમ્નસહિત ભગદત્તને ઘેરી વળ્યા. શત્રુઓને તપાવનારા તે મહારથીઓ ભગદત્તને ઘેરી લઇ સેંકડો અને હજારો તીક્ષ્ણ બાણો વરસાવવા લાગ્યા; પણ પર્વતપ્રદેશના રાજા ભગદત્તે અંકુશવડે બાણોના મારાને દૂર કર્યો અને હાથીદ્વારા પાંડવ અને પાંચાલયોદ્ધાઓને ખુંદવા લાગ્યો. હે રાજન્! ભગદત્તરાજા વૃદ્ધ હતો, છતાંપણ તેણે હાથીપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસી જે પરાક્રમ કરી દેખાડયું હતું,તે અદ્‌ભુત સરખુંજ અમારા જોવામાં આવતું હતું. તેવામાં દશાર્ણદેશનો રાજા, વક્ર ગતિ કરી જાણનાર ઉતાવળી ચાલના મદ ઝરતા હાથીપર બેસી, ભગદત્ત સામે ચઢી આવ્યો. પછી ભયંકર સ્વરૂપવાળા તે બન્ને હાથીનું પૂર્વકાળમાં પાંખોવાળા અને ઉપર ઉગેલાં વૃક્ષોવાળા બે પર્વતોનું જેવું યુદ્ધ થયું હતું તેવું યુદ્ધ થવા લાગ્યું. ભગદત્ત રાજાના હાથીએ જરા દૂર પાછા ખસી જઇ દશાર્ણરાજાના હાથીનું જમણું પડખું ચીરી નાખ્યું અને તેને પૃથ્વીપર પટકી પાડયો. એટલે ભગદત્તરાજાએ સૂર્યનાં કિરણસરખાં ઉજ્જવળ સાત તોમરબાણોવડે હાથીપર બેઠેલા અને ખસી ગયેલા આસનવાળા પોતાના શત્રુને મારી નાખ્યો. તે જોઇ યુધિષ્ઠિરે ભગદત્તને વિંધી નાખ્યો તથા મોટું રથસૈન્ય લઇ ચારે બાજુથી તેને ઘેરી લીધો. તે સમયે હાથીપર બેઠેલો તથા મહારથીઓવડે ચારેબાજુ ઘેરાયેલો તે ભગદત્ત, પર્વતના વનપ્રદેશમાં સળગતા અગ્નિસરખો શોભતો હતો. ઉગ્ર ધનુષ્યને ધારણ કરનારા તે મહારથીઓનું ચારેબાજુ ગોળ મંડળ જોઇ તે હાથી બાણવૃષ્ટિ કરી રહેલા તેઓના મધ્યમાં કુદકી ફરવા લાગ્યો. પછી ભગદત્તરાજાએ પોતાના હાથીને વશ કરી તેને એકાએક યુયુધાનના રથસામે દોડાવ્યો. તે મહાન હાથીએ, સાત્યકિના (યુયુધાનના) રથને ઉંચકી વેગપૂર્વક દૂર ફેંકી દીધો; પણ તે પહેલાં યુયુધાન રથપરથી કૂદી પડયો હતો. રથને દૂર ફેંકી દીધેલો જોઈ તેના સારથિએ સિંધુદેશમાં ઉત્પન્ન થયેલા મોટા ઘોડાઓને બરાબર સ્થિર કરી જે સ્થળે સાત્યકિ ઉભો હતો તે સ્થળે આવી તે ઉભો રહ્યો; એટલે તે સાત્યકિ પોતાના રથપર કૂદી બેઠો. એ અરસામાં તે હાથી પણ સત્વર મહારથીઓના ઘેરામાંથી બહાર નીકળી ગયો અને સર્વ રાજાઓને ત્રાસ પમાડવા લાગ્યો. તે હાથીએ સર્વ રાજાઓને એટલો બધો ત્રાસ પમાડી દીધો, કેજેથી તેઓ યુદ્ધભૂમિપર રહેલા તે એકજ હાથીને સેંકડો હાથી માનવા લાગ્યા. જેમ પૂર્વે ઇન્દ્રે ઐરાવત હાથીપર બેસી દાનવોને હાંકી કાઢયા હતા, તેમ ભગદત્તરાજાએ પોતાના હાથીપર બેસી પાંડવયોદ્ધાઓને હાંકીજ કાઢયા. એ યુદ્ધમાં રાજા ભગદત્ત પાંડવોને હાંકી કાઢતો હતો, ત્યારે હાથી અને ઘોડાઓનો મહાન શબ્દ થઈ રહ્યો હતો. તે સાંભળી ક્રોધાયમાન થયેલો ભીમસેન, પુનઃ ભગદત્ત સામે યુદ્ધ કરવા દોડી આવ્યો; પણ તેના ધસી આવતા ઘોડાઓને ભગદત્તના હાથીએ પોતાની સૂંઢમાંથી પાણી ઉડાડી ભડકાવી દીધા; જેથી તે ઘોડાઓ ભીમસેનને રણમાંથી દૂર લઇ ગયા. તે જોઇ રથમાં બેઠેલો કૃતિનો પુત્ર રુચિપર્વા, બાણોની વૃષ્ટિથી સંહાર કરતો જાણે સાક્ષાત્ કાળ હોય, તેમ ભગદત્ત સામે ધાઇ આવ્યો; ત્યારે સુંદર અવયવોવાળા પર્વતરાજ ભગદત્તે નમેલા પર્વવાળા એક બાણથી રુચિપર્વાને યમલોકમાં રવાના કરી દીધો. એ રીતે તે વીર રુચિપર્વા જ્યારે રણમાં પડયો, ત્યારે અભિમન્યુ, દ્રૌપદીનો પુત્ર, ચેકિતાન, ધૃષ્ટકેતુ અને યુયુત્સુ આદિ યોદ્ધાઓ જળ વર્ષાવતા મેઘોની પેઠે બાણોની ધારા વરસાવી હાથીને પીડવા લાગ્યા;[૨૯–૫૪] અને તે હાથીને મારી નાખવાની ઇચ્છાવાળા તેઓ ભયંકર ગર્જનાઓ–કીકિયારીઓ કરવા લાગ્યા, ત્યારે ચાલાક ભગદત્તે પગની પાની,અંકુશ અને અંગુઠાનો પ્રહાર કરી હાથીને આગળ હાંકયો; એટલે સૂંઢ પહોળી કરી કાન તથા નેત્રો સ્તબ્ધ કરી તે હાથીએ એકદમ આગળ વધી ઘોડાઓપર પગ મૂકી યુયુત્સુના સારથિને મારી નાખ્યો. હે રાજન ! યુયુત્સુ તો એકદમ રથ છોડી દૂર નાસી ગયો. તે પછી પાંડવયોદ્ધાઓ બાણોવડે તે હસ્તિરાજપર પ્રહાર કરવા લાગ્યા; અને તેને મારી નાખવાની ઇચ્છાથી બાણો છોડી છોડીને ભયંકર ગર્જનાઓ કરવા લાગ્યા. તે સાંભળી તમારો પુત્ર દુર્યોધન ગભરાઇ ગયો અને અભિમન્યુના રથ સામે કૂદી આવ્યો.[૫૭,૫૮] તે સમયે ભગદત્તરાજા હાથીપર બેસી બાણો છોડી રહ્યો હતો, જેથી જગતમાં પોતાનાં કિરણોને ફેલાવતો સૂર્ય હોય તે પ્રમાણે તે શોભતો હતો.[૫૯] તે ભગદત્તને અભિમન્યુએ બાર બાણોથી, યુયુત્સુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દશ બાણોથી, દ્રૌપદીના પુત્રોએ ત્રણ ત્રણ બાણોથી તથા ધૃષ્ટકેતુએ પણ ત્રણ બાણોથી વિંધી નાખ્યો.[૬૦] એ વેળા શત્રુઓએ જોસપૂર્વક મારેલાં બાણોથી વ્યાપ્ત થયેલો તે ભગદત્તનો હાથી, સૂર્યનાં કિરણોથી વ્યાપ્ત થયેલા મહાન મેઘસરખો શોભતો હતો.[૬૧]

હાંકનાર માવતની હોંશિયારી અને પ્રયત્નથી પ્રેરાયેલો તથા શત્રુઓનાં બાણોથી પીડાયેલો તે ભગદત્તનો હાથી, શત્રુઓને સુંઢવતી ઉપાડી ઉપાડી જમણી ડાબી તરફ ફેંકવા લાગ્યો.[૬૨] જેમ ગોવાળીઓ લાકડીવડે પશુઓને વનમાં હાંકી કાઢે, તેમ ભગદત્તરાજા શત્રુઓની સેનાને વારંવાર ઘેરી લઈ હાંકી કાઢવા લાગ્યો. બાજપક્ષીના ઝપાટામાં આવેલા કાગડાઓનો જે પ્રમાણે શબ્દ થાય, તે પ્રમાણે સર્વ દિશામાં નાસભાગ કરતી પાંડવોની સેનાનો અતિ તીવ્ર શબ્દ થઇ રહ્યો હતો.[૬૪] હે રાજા! ઝીણા અંકુશથી પ્રહાર કરાતો તે હસ્તિરાજ, પૂર્વકાળમાં પાંખોવાળો પર્વત જેમ ભય ઉપજાવતો હતો,તેમ શત્રુઓમાં ભય ઉપજાવતો હતો અને ખળભળી ઉઠેલો સમુદ્ર જેમ વેપારીઓને જીવિતમાં હતાશ કરે, તેમ શત્રુઓને પોતાના જીવિતમાં હતાશ કરવા લાગ્યો.[૬૫] તે પછી ભયથી નાસભાગ કરતા હાથી, રથ, ઘોડા અને રાજાઓએ ત્યાં અતિ ભયંકર કોલાહલ મચાવી પાડયો હતો; કે જે કોલાહલ પૃથ્વી, આકાશ અને દશે દિશાઓમાં વ્યાપ્ત થઇ રહ્યો હતો.[૬૬] જેમ પૂર્વે દેવોના શ્રેષ્ઠ રક્ષણતળે રહેલી દેવસેનામાં બલિરાજાએ પ્રવેશ કર્યો હતો, તેમ ભગદત્તરાજા પણ તે મહાન હાથીને સાથે લઇ શત્રુઓની સેનામાં દાખલ થયો હતો.[૬૭] તે સમયે રણભૂમિમાં સર્વ સ્થળે તીવ્ર વાયુ વાવા લાગ્યો, ધૂળના ગોટાથી આકાશ ભરાઈ ગયું અને સૈનિકો પણ ઢંકાઇ ગયા; તથા તે યુદ્ધમાં સર્વ મનુષ્યો, ચારેબાજુ દોડાદોડ કરતા તે એકજ હાથીને સંખ્યાબંધ હાથીસરખો માનવા લાગ્યા.[૬૮]

અધ્યાય ૨૬ મો સમાપ્ત

અધ્યાય ૨૭ મો

સંશપ્તકોનો સંહાર

॥ संजय उवाच ॥

यन्मां पार्थस्य संग्रामे कर्माणि परिपृच्छसि ।
तच्छृणुष्व महाबाहो पार्थो यदकरोद्रणे ॥१॥

સંજયે કહ્યું:-હે મોટી ભુજાવાળા ધૃતરાષ્ટ્ર રાજા! યુદ્ધમાંનાં અર્જુનનાં કર્મોનો તમે મને પ્રશ્ન પૂછયો છે; માટે હવે અર્જુને રણમાં જે કરી દેખાડયું હતું, તે તમે સાંભળો.[૧]

રાજા ભગદત્ત એ પ્રમાણે અનેક ક્રિયાઓ કરી રહ્યો હતો, જેથી આકાશમાં ધૂળના ગોટા ઉડવા લાગ્યા અને તેના હાથીની ગર્જના સંભળાવા લાગી. તે સાંભળી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું:-[૨]"હે મધુસૂદન! પ્રાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત, જાણે યુદ્ધ કરવા નીકળી પડયો હોય તેમ લાગે છે. અવશ્ય આ જે શબ્દ સંભળાય છે તે તેનોજ છે.[૩] એ ભગદત્ત, યુદ્ધ કરવામાં ઇન્દ્રથી ઉતરે તેવો નથી. હાથીપર બેસી યુદ્ધ કરવામાં તે કુશળ છે;અને સમગ્ર પૃથ્વીમાંના હાથીસ્વારોમાં તે મુખ્ય છે, એમ મારૂં માનવું છે;[૪] તેમજ તેનો હાથી પણ સર્વ હાથીઓમાં શ્રેષ્ઠ છે તથા કોઇ પણ હાથી યુદ્ધમાં તેની સામે ટક્કર ઝીલે તેવો નથી અને સર્વ શસ્ત્રોને ઉલ્લંઘી જઇ તેણે યુદ્ધમાં સારાં સારાં કામ કર્યાં છે; ઉપરાંત પરિશ્રમને જીતનારો છે.[૫] હે નિષ્પાપ શ્રીકૃષ્ણ! તેનો હાથી હથિયારોના મારાને સહન કરનારો છે તથા અગ્નિનો સ્પર્શ પણ તેને અસર કરી શકતો નથી; માટે તે ભગદત્ત રાજા એકલોજ આજે યુધિષ્ઠિરરાજાના સૈન્યનો નાશ કરી નાખશે.[૬] આપણા બન્નેસિવાય બીજો કોઇપણ પુરુષ, તેને જીતવા સમર્થ નથી; માટે જે સ્થળે ભગદત્તરાજા હોય તે સ્થળે આપણે સત્વર ચાલો.[૭] અવશ્ય તે રાજા, પોતાના હાથીના બળથી ગર્વિષ્ઠ થઈ ગયો છે તથા પરિપક્વ થયેલી અવસ્થાથી પણ રૂઢ અહંકારવાળો થયો છે; માટે હવે તેને હું ઇન્દ્રના પ્રિય પરોણાતરીકે સ્વર્ગમાં મોકલી દઇશ."[૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુનનાં એ વચનથી શ્રીકૃષ્ણે જે સ્થળે ભગદત્તરાજા પાંડવોની સેનામાં ભંગાણ પાડી રહ્યો હતો તે સ્થળે જવામાટે રથને હાંકયો.[૯] એ રીતે અર્જુન જેવો તે તરફ પ્રયાણ કરવા તત્પર થયો, તેવામાં પાછળથી યુદ્ધમાટે આહ્વાન કરતા ચૌદ હજાર સંશપ્તક મહારથીઓ ચઢી આવ્યા;[૧૦] તેમજ દશહજાર ત્રિગર્તોના મહારથીઓ તથા ચાર હજાર વાસુદેવ ટુકડીના અનુચરો પણ યુદ્ધ કરવા ચઢી આવ્યા.[૧૧] હે રાજન્! તે સમયે એક તરફ ભગદત્ત, સેનાનો સંહાર કરી રહ્યો હતો અને બીજી તરફ સંશપ્તક યોદ્ધાઓ યુદ્ધ કરવામાટે આહ્વાન કરી રહ્યા હતા. તે જોઈ અર્જુનનું મન (આ તરફ જાઉં કે આ તરફ જાઉં તેમ) બે પ્રકારે વિભક્ત થઇ ગયું.[૧૨] કયું કામ પ્રથમ કરવાથી આજે મને કલ્યાણકારક થઈ પડે, આવો વિચાર કરતાં અર્જુન મુંઝાયો કે, આ તરફ પાછો ફરૂં કે યુધિષ્ઠિર તરફ જાઉં? શું કરૂં?[૧૩] આમ બુદ્ધિથી વિચાર કરતાં છેવટે અર્જુન, સંશપ્તકોનો સંહાર કરવામાંજ સ્થિર નિશ્ચયવાળો થયો.[૧૪] હે રાજા! પછી વાનરના ચિહ્નવાળી ધ્વજાવાળો તે ઇંદ્રપુત્ર અર્જુન, પોતે એકજ હતો છતાં હજારો રથીઓનો સંહાર કરવા એકદમ પાછો ફર્યો.[૧૫] અર્જુનનો નાશ કરવાના ઉપાયમાં દુર્યોધન અને કર્ણનો પણ એવોજ નિશ્ચય હતો કે, એક તરફથી સંશપ્તકોનું અર્જુન સામે યુદ્ધ કરાવવું તથા બીજી તરફથી ભગદત્તનું યુધિષ્ઠિરના સૈન્યસામે યુદ્ધ કરાવવું. આવા નિશ્ચયથીજ દુર્યોધને આવા બે સંયોગો ગોઠવ્યા હતા.[૧૬] અર્જુન પણ તેઓની એ બે પ્રકારની ગોઠવણીથી ડોલાયમાન થઇ ગયો હતો, પણ તેણે છેવટ સંશપ્તકોનો નાશ કરવાનો નિશ્ચય કરી તે ડોલાયમાન બુદ્ધિને ત્યજી હતી.[૧૭] હે રાજન્! તેવામાં તો સંશપ્તક મહારથીઓ સેંકડો અને હજારોનમેલાં પર્વવાળાં બાણોઅર્જુનપર છોડવા લાગ્યા.[૧૮] તેઓનાં બાણોથી હે રાજા! કુંતીનો પુત્ર અર્જુન, જનાર્દન શ્રીકૃષ્ણ, ઘોડા કે રથ, એમાંનું કંઇપણ દેખાતું નહતું, બધા બાણોથી વ્યાપ્ત થઇ ગયા.[૧૯] તે સમયે શ્રીકૃષ્ણ પણ ગભરાઇ ગયા અને પરસેવાથી તરબોળ થઇ ગયા. તે જોઈ અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી લગભગ તે બધાં બાણોનો નાશ કરી નાખ્યો;[૨૦] અને બીજાં અનેક બાણોના પ્રહારથી બાણ, દોરી, અને ધનુષ્યસહિત સેંકડો હાથો તથા ધ્વજો, ઘોડાઓ, સારથિઓ અને સંખ્યાબંધ મહારથીઓને પણ રણભૂમિપર ટપોટપ પાડવા લાગ્યો.[૨૧] અર્જુનનાં બાણોથી માર્યા ગયેલા અને સ્વારવિનાના થઇ ગયેલા અનેક હાથીઓ પણ પૃથ્વીપર પછડાવા લાગ્યા, કે જેઓનું શરીર મોટાં વૃક્ષો, પર્વતનાં શિખરો તથા મેઘસમાન પ્રચંડ હતું અને તેઓ પોતે પણ સારી રીતે સજ્જ કરાયલા હતા.[૨૨] અર્જુનનાં બાણોથી કેટલાએક હાથીઓની ઝુલો છિન્નભિન્ન થઇ ગઇ હતી, કેટલાએકનાં આભૂષણો પણ કપાઇ પડયાં હતાં, ત્યારે કેટલાએક હાથીઓ તો અત્યંત આકુળવ્યાકુળ થઇ સ્વારોસહિત રણમાં પડતા હતા.[૨૩] અર્જુને ભલ્લજાતનાં બાણોથી ઉડાડી નાખેલા મનુષ્યોના હાથો ઋષ્ટિ, ભાલા, તરવાર, હસ્તિનખ, મુદ્ગર અને ફરશીઓસહિત પૃથ્વીપર પડવા લાગ્યા.[૨૪] હે રાજા! બાલસૂર્ય, કમળ અને ચંદ્રસમાન સ્વરૂપવાળાં મસ્તકો અર્જુનનાં બાણોથી કપાઇ કપાઇને પૃથ્વીપર રોળાવા લાગ્યાં.[૨૫] જે સમયે અર્જુન ક્રોધાતુર થઈ શત્રુઓનો સંહાર કરવા મચી પડયો હતો, તે સમયે અનેક પ્રકારનાં માંસાહારી પક્ષીઓવડે તે સેના શોભી રહી હતી અને ઝળહળી રહી હતી.[૨૬] હાથી જેમ કમલિનીને ક્ષોભ પમાડે, તેમ સેનાને ક્ષોભ પમાડી રહેલા તે અર્જુનપ્રત્યે અંતરિક્ષમાં ઉભેલા ભૂતગણો "ધન્ય, ધન્ય" એ પ્રમાણેના શબ્દો કહી વખાણવા લાગ્યા.[૨૭] ઇંદ્રના સરખું તે અર્જુનનું પરાક્રમ જોઈ પરમ વિસ્મય પામેલા શ્રીકૃષ્ણ પણ તે સમયે હાથ જોડી અર્જુનને કહેવા લાગ્યા:–[૨૮] "હે અર્જુન! આજના રણમાં તેં જે કર્મ કર્યું છે તે ઇંદ્ર, યમ કે કુબેર પણ કરવાને અશક્ય છે, એમ મને લાગે છે. આ યુદ્ધમાં સેંકડો અને હજારો સંશપ્તક યોદ્ધાઓને તેં એકીસાથે રગદોળી નાખ્યા છે; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં નજરે જોયા છે."[૩૦]એ રીતે જેઓ સામે આવીને ઉભા હતા તેઓમાંના ઘણાખરા સંશપ્તકોનો સંહાર કરી નાખી "હવે ભગદત્ત તરફ ચાલો" એ પ્રમાણે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યુ.[૨૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં "સંશપ્તકોનો વધ" એ વિષયનો અધ્યાય ૨૭ મો સમાપ્ત

અધ્યાય ૨૮ મો

કાળના મુખમાં ભગદત્ત

॥ संजय उवाच ॥

यियासतस्तस्यकृष्णः पार्थस्याश्वान्मनोजवान्।
संप्रेषीद्धेमसंछन्नान् द्रोणानीकाय सत्वरन् ।१।

સંજયે કહ્યું:-એ પ્રમાણે અર્જુને જ્યારે ભગદત્ત તરફ જવાની ઇચ્છા કરી, ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનના મનસમાન વેગવાળા તથા સુવર્ણના સાજથી ઢંકાયેલા ઘોડાઓને ઘણી ઝડપથી દ્રોણના સૈન્યતરફ હાંક્યા.[૧]દ્રોણાચાર્યે દુઃખી કરેલા પોતાના ભાઇઓને સહાય કરવામાટે કુરુશ્રેષ્ઠ અર્જુને એ પ્રમાણે જ્યારે પ્રયાણ કર્યું, ત્યારે સુશર્મા પોતાના ભાઇઓ સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી તેની પાછળ પડયો. તે જોઇ અજિત યોદ્ધાઓને પણ જીતનાર ધોળા ઘોડાવાળા અર્જુને શ્રીકૃષ્ણપ્રત્યે કહ્યું:-"હે અચ્યુત! એક તરફ પોતાના ભાઇઓસહિત આ સુશર્મા મને યુદ્ધ કરવા બોલાવે છે,[૩] તો બીજી તરફ યુધિષ્ઠિરના સૈન્યનો સંહાર થઇ રહ્યો છે. ખરેખર, આજે મારૂં મન આ સંશપ્તકોને લીધે બે સ્થળે વહેંચાઇ ગયું છે.[૪] શું હું તે સંશપ્તકોનો નાશ કરૂં કે શત્રુઓથી પીડાતા પોતાના સ્વજનોનું રક્ષણ કરૂં? આના સંબંધમાં તમારો શું મત છે? કયા કાર્યમાં મારૂં કલ્યાણ રહેલું છે? તે તમે જાણો છો,માટે મને કહો."[૫]અર્જુને એ રીતે જ્યારે શ્રીકૃષ્ણને કહ્યું, ત્યારે તેમણે જે સ્થળે ત્રિગર્તોનો રાજા અર્જુનને બોલાવી રહ્યો હતો તે સ્થળે રથને પાછો વાર્યો.[૬] પછી અર્જુને ત્યાં જઈ સાત બાણોનો પ્રહાર કરી સુશર્માને વિંધી નાખ્યો તથા બીજાં બે ક્ષુર બાણથી તેના ધ્વજ અને ધનુષ્યને પણ કાપી નાખ્યાં;[૭] એટલુંજ નહિ પણ વધારામાં બીજાં છ બાણો મૂકી ત્રિગર્તરાજના ભાઇને ઘોડા અને સારથિસહિત યમરાજાને ઘેર મોકલી દીધો.[૮] ત્યારે સુશર્માએ સર્પસમાન લોખંડી શક્તિ અર્જુન તરફ ફેંકી અને એક તોમર શ્રીકૃષ્ણતરફ ફેંક્યું. તેની શક્તિને ત્રણ બાણોથી છેદી નાખી તથા તોમરની પણ એજ દશા કરી નાખીને અર્જુને જથાબંધ બાણો છોડી સુશર્માને મુંઝાવીજ દીધો અને તેને પાછો હાંકી કાઢયો.[૧૦] પછી સંખ્યાબંધ બાણો વરસાવી ઇન્દ્રની પેઠે તમારી સેના તરફ ધસી આવતા ઉગ્ર સ્વરૂપવાળા તે અર્જુનને હે રાજન્! તમારા યોદ્ધાઓમાંનો કોઇપણ વારી શકયો નહિ.[૧૧] એ રીતે બાણોથી સર્વ મહારથીઓને ઠોકતો તે અર્જુન, ઘાસને બાળતા અગ્નિની પેઠે કૌરવો તરફ આવી પહોંચ્યો.[૧૨] બુદ્ધિમાન કુંતાના પુત્ર અર્જુનના તે અસહ્ય વેગને સહન કરવા, પ્રજાઓ જેમ અગ્નિના વેગને સહન કરવા સમર્થ ન થાય તેમ, તેઓ કોઇ સમર્થ થઈ શકયા નહિ.[૧૩] હે રાજન્! એ પ્રમાણે બાણોની વૃષ્ટિથી સર્વ સૈન્યને ઘેરી લેતો તે અર્જુન ગરુડપક્ષીની ચોટ પ્રમાણે ભગદત્ત સામે આવી પહોંચ્યો.[૧૪] જે સમયે ભરતવંશીઓ નિષ્પાપ હતા, તે સમયે યુદ્ધમાં શત્રુઓને અશ્રુપાત કરાવનારૂં જે કલ્યાણકારક ધનુષ્ય અર્જુને નમાવી દીધું હતું, તેજ ધનુષ્યને દુષ્ટ જુગારમાં રમાડનાર તમારા પુત્ર દુર્યોધનનો તથા સર્વ ક્ષત્રિયોનો નાશ કરવા અર્જુને હાથમાં લીધું.[૧૫,૧૬] હે મહારાજ! અર્જુને તે સેનાને એટલી બધી ખળભળાવી દીધી, કે જેથી કોઇ એક નાનું વહાણ જેમ પર્વત સામે અથડાઇને ભાંગી પડે, તેમ તે સેના ભાંગી પડી-વીખરાઈ ગઇ.[૧૭]આમ અર્જુનને આવ્યો જાણી દશહજાર ધનુર્ધરો, "રણમાં મારવું કે મરવું" એવો ક્રૂર નિશ્ચય કરી જય કે પરાજય તરફ લક્ષ્ય રાખી યુદ્ધ કરવા સજ્જ થઇ ગયા.[૧૮] તે સર્વ મહારથીઓ, હૃદયનો ત્રાસ દૂર કરી અર્જુનને ઘેરી વળ્યા. અર્જુને પણ યુદ્ધનો મોટો ભાર માથે લીધો; કારણકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધમાં સર્વ જાતનો ભાર સહન કરવા તે સમર્થજ હતો.[૧૯] જેમ ક્રોધાયમાન થયેલો સાઠ વરસનો મદ ઝરતો હાથી, કમળના વનને ખુંદી નાખે, તેમ અર્જુને અત્યંત પ્રયત્ન કરી તમારી સેનાને ખુંદી નાખી;[૨૦] ત્યારે સેનાનો સંહાર થતો જોઇ ભગદત્તરાજા પોતાના હાથી સાથે એકાએક અર્જુનપર ચઢી આવ્યો.[૨૧] પુરુષવ્યાઘ્ર અર્જુન પણ પોતાનો રથ દોડાવી તત્કાળ તેની સામે થયો. પછી તે રથસ્વાર અને હાથીસ્વારની તુમુલ ઝપાઝપી ચાલુ થઇ.[૨૨] વીર ભગદત્ત અને અર્જુન, શાસ્ત્ર પ્રમાણે રચેલા તથા ગોઠવાયેલા રથ અને હાથીવડે તે સંગ્રામમાં ઘૂમવા લાગ્યા.[૨૩] પછી મેઘસરખા હાથીપરથી, ઇંદ્રની પેઠે ભગદત્તરાજા અર્જુનપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો.[૨૪] પરાક્રમી ઇંદ્રપુત્ર અર્જુને પણ બાણોની વૃષ્ટિ કરી તેનાં સર્વ બાણોને પોતાની પાસે આવ્યા પહેલાં વચમાંથીજ કાપી નાખ્યાં.[૨૫] હે રાજા! ત્યારે પ્રાગ્જ્યોતિષના રાજા ભગદત્તે અર્જુનની તે બાણવૃષ્ટિનું નિવારણ કરી બીજાં કેટલાંએક બાણોથી કૃષ્ણ અને અર્જુનને પ્રહાર કર્યો;[૨૬] એટલુંજ નહિ પણ બીજા મહાન બાણસમૂહથી તેઓને ઢાંકી દઇ પોતાના હાથીને અર્જુન તથા શ્રીકૃષ્ણનો નાશ કરવામાટે આગળ હાંક્યો.[૨૭] કાળની પેઠે ક્રોધાયમાન થયેલા તે હાથીને પોતાની સામે ધસી આવતો જોઇ શ્રીકૃષ્ણે અર્જુનના રથને સત્વર તેની જમણી બાજુ હાંકી વાળ્યો.[૨૮] એ સમયે તે હસ્તિરાજને તેના સ્વારસહિત મૃત્યુને સ્વાધીન કરવાનો બરાબર લાગ હતો, છતાંપણ ક્ષાત્રધર્મનું સ્મરણ કરી અર્જુને તેમ કરવા ઇચ્છ્યું નહિ. હે રાજા! તે હાથીએ તો સીધા ધસી જઇ કેટલાએક હાથી, રથ અને ઘોડાઓને ચગદી નાખી મૃત્યુલોકમાં મોકલી દીધા હતા. તે જોઇ અર્જુન કોપી ઉઠ્યો.[૩૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં
"ભગદત્તનું યુદ્ધ" એ વિષયનો
અધ્યાય ૨૮ મો સમાપ્ત

અધ્યાય ૨૯ મો

ભગદત્તનો વધ

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

तथाक्रुद्धःकिमकरोद्भगदत्तस्य पांडवः ।
प्राग्ज्योतिषो वा पार्थस्य तन्मे शंस यथातथम्॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–અર્જુન જ્યારે તે પ્રમાણે કોપ્યો ત્યારે તેણે ભગદત્તને શું કર્યું, અને ભગદત્તે અર્જુનને શું કર્યું? તે તું મને યથાર્થ કહે.

સંજયે કહ્યું:–ભગદત્ત સાથે યુદ્ધ કરવા આસક્ત થયેલા કૃષ્ણ અને અર્જુનને જોઇ સર્વ ભૂતો "આ બન્ને જણા મૃત્યુની દાઢમાં આવ્યા છે" એમ માનવા લાગ્યા.[૨] હે રાજા! ભગદત્તરાજા હાથીપરથી, રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુનપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો.[૩] વળી પણ તેણે સંપૂર્ણ ધનુષ્ય ખેંચી છોડેલાં, પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં અને સોનેરી અગ્રભાગવાળાં ગજવેલનાં બનાવેલાં બાણોથી દેવકીના પુત્રને વિંધી નાખ્યા.[૪] અગ્નિના સ્પર્શસમાન તીક્ષ્ણ એવાં તે બાણો ભગદત્ત પાસેથી છૂટી, દેવકીપુત્રને વિંધી નાખી પૃથ્વીમાં ખુંચી ગયાં.[૫] ત્યારે અર્જુને તેના ધનુષ્યને કાપી નાખી પરિવારનો નાશ કરી, જાણે ભગદત્તરાજાને રમાડતો હોય, તેમ તે યુદ્ધ કરવા લાગ્યો.[૬] એટલે ભગદત્તે સૂર્યનાં કિરણસમાન ચકચકિત ચૌદ તોમરો અર્જુન સામે ફેંક્યાં, પણ અર્જુને તેઓના બબ્બે કકડા કરી કાપી નાખ્યા.[૭] પછી ઇંદ્રના પુત્રે બાણોનો મોટો ઢગ છોડી તેના હાથીનું કવચ તોડી નાખ્યું, કે જે છિન્નભિન્ન થઇ પૃથ્વીપર પડી ગયું.[૮] કપાઇ પડેલા કવચવાળો તે હાથી બાણોવડે અત્યંત ઘાયલ થઇ ગયો અને ધારાઓ પડવાથી સાફ થયેલા વાદળવિનાના મોટા પર્વતસરખો શોભવા લાગ્યો.[૯] તેવામાં પ્રાગ્જ્યોતિષરાજાએ સુવર્ણના દાંડાવાળી લોખંડી શક્તિ શ્રીકૃષ્ણ સામે ફેંકી, પણ અર્જુને તેના બે કકડા કરી છેદી નાખી[૧૦] અને તેના છત્રને તથા ધ્વજને પણ છેદી નાખી બીજાં દશ બાણોથી એકદમ તે પર્વતના રાજાને વિંધી નાખ્યો અને આશ્ચર્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચકિત કરી નાખ્યો.[૧૧] કંકપક્ષીનાં પીછાંવાળાં તથા સુંદર મોઢીઆંવાળાં અર્જુનનાં બાણોથી જ્યારે તે અત્યંત વિંધાઇ ગયો, ત્યારે અર્જુનનાપર અત્યંત ક્રોધાયમાન થઈ ગયો[૧૨] અને તેણે અર્જુનના મસ્તકપર તોમરો છોડયાં તથા ગર્જના કરી મૂકી. તે તોમરોએ અર્જુનના મુકુટને ફેરવી નાખ્યો.[૧૩] ત્યારે ફરી ગયેલા પોતાના મુકુટને બરાબર ગોઠવતાં ગોઠવતાં અર્જુને ભગદત્તરાજાને કહ્યું કેઃ-"તું આ લોકને હવે છેલ્લીવાર બરાબર જોઇ લેજે; કારણકે ફરી તે તને જોવા મળશે નહિ." એ પ્રમાણેનું અર્જુનનું વચન સાંભળી તે અત્યંત ક્રોધાતુર થઇ ગયો અને પ્રકાશિત ધનુષ્ય હાથમાં લઇ કૃષ્ણસહિત અર્જુનના પર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો.[૧૫] એટલે અર્જુને તેનું ધનુષ્ય છેદી નાખી, ભાથાઓને પણ કાપી નાખી, ઝપાટાભેર બોતેર બાણો છોડી તેનાં સર્વ મર્મસ્થાનોમાં પ્રહાર કર્યો.[૧૬] તે પ્રહારથી ભગદત્તરાજા વિંધાઇ ગયો અને અત્યંત વ્યથાતુર થયો. વૈષ્ણવાસ્ત્રને પ્રકટ કરવાની ઇચ્છાથી તેણે અંકુશને મંત્ર્યું તથા ક્રોધ કરી અર્જુનની છાતી સામે ફેંક્યું પણ ખરૂં.[૧૭] ભગદત્તે છોડેલું તે અસ્ત્ર સર્વનો નાશ કરી નાખે તેવું હતું, તેથી કેશવે અર્જુનને ઢાંકી દઇ પોતાની છાતીમાં ગ્રહણ કરી લીધું.[૧૮] તે સમયે ચમત્કાર એ થયો કે તે અસ્ત્ર, કેશવના વક્ષઃસ્થળપર આવી વૈજયંતી માળાના સ્વરૂપે થઇ ગયું. તે અસ્ત્રની બનેલી માળા કમળની અદ્ભુત કળીઓવાળી હતી; સર્વ ઋતુઓમાં ઉત્પન્ન થનારાં પુષ્પોથી ભરપૂર હતી; અગ્નિ, સૂર્ય અને ચંદ્રના વર્ણસમાન કાંતિવાળી હતી તથા અગ્નિસમાન ઉજ્જવળ એવી કુંપળોયુક્ત હતી. કમળની પાંખડીઓવાળી તથા વાયુથી કંપાયમાન પત્રોવાળી તે વૈજયંતી માળાવડે અળસીનાં પુષ્પસમાન શ્યામ વર્ણના તે શ્રીકૃષ્ણ, અધિક શોભવા લાગ્યા.

તે પછી પોતાને ઉદ્દેશી યોજેલા અસ્ત્રને શ્રીકૃષ્ણે ઝીલેલું જોઇ અર્જુન ઉદાસ મનવાળો થઇ કેશવને કહેવા લાગ્યોઃ-[૧૯-૨૧] "હે કમળસમાન નેત્રવાળા શ્રીકૃષ્ણ! તમે પ્રથમ કહ્યું છે કેઃ-'હું યુદ્ધ કરીશ નહિ પણ અર્જુનનો સારથિ માત્ર થઈશ' આમ કહીને પોતાની પ્રતિજ્ઞાનું તમે રક્ષણ કરતા નથી.[૨૨] જો કદાચ હું વ્યસનોમાં આસક્ત હોઉં, કોઇ જાતના સંકટમાં આવી પડયો હોઉં અથવા અસ્ત્રોનું નિવારણ કરવા અસમર્થ હોઉં તો તમારે મારૂં રક્ષણ કરવામાટે આમ કરવું તે ઠીક છે; પણ જો હું બરાબર સાવધ થઇને ઉભો છું, તો તમારે આમ કરવું નહિ જોઈએ.[૨૩] જ્યાંસુધી મારા હાથમાં ધનુષ્યબાણ છે, ત્યાંસુધી હું દેવો, દૈત્યો, મનુષ્યો અથવા આ સમગ્ર લોકોને પણ જીતવા સમર્થ છું, એ પણ તમારા જાણવામાંજ છે; છતાં તમે આમ કેમ કર્યું ?"[૨૪]

અર્જુનનું તે વચન સાંભળી વાસુદેવે અર્થવાળો પ્રત્યુત્તર આપ્યો કેઃ-"હે નિર્દોષ અર્જુન! આ એક પૂર્વકાળની ગુહ્ય ઐતિહાસિક વાત છે તે તું સાંભળ.[૨૫] હું હમેશાં લોકોનું રક્ષણ કરવામાટે ચાર મૂર્તિ ધારણ કરી સજ્જ રહું છું. મારા આત્માનો વિભાગ કરી હું લોકોનું હિત કરૂં છું.[૨૬] મારી એક મૂર્તિ પૃથ્વીપર રહી બદરિકાશ્રમમાં નારાયણસ્વરૂપે તપશ્ચર્યા કર્યા કરે છે; પરમાત્મસ્વરૂપ મારી બીજી મૂર્તિ જગત સારૂં યા નરસું જે કંઈ કર્મ કરે છે તેને સાક્ષીતરીકે જોયા કરે છે; ક્ષેત્રજ્ઞ (જીવ)સ્વરૂપ મારી ત્રીજી મૂર્તિ લોકનો આશ્રય કરી માનુષી કર્મો કર્યા કરે છે અને ચોથી જલશાયિની મારી મૂર્તિ સમુદ્રમાં હજારો વર્ષની નિદ્રામાં શયન કરે છે.[૨૭,૨૮] જે આ છેલ્લી જલશાયિની મૂર્તિ કહી તે હજારો વર્ષ પછી નિદ્રામાંથી જાગ્રત થાય છે અને તે સમયે વર આપવા યોગ્ય પોતાના ભક્તોને શ્રેષ્ઠ વરો આપે છે.[૨૯] તે મારી ચોથી મૂર્તિને જાગ્રત થવાનો સમય જ્યારે આવી પહોંચ્યો, ત્યારે પૃથ્વીદેવીએ પોતાના પુત્ર નરકાસુરમાટે મારી પાસે જે વર માગ્યો હતો તે તું સાંભળઃ-[૩૦] "મારો પુત્ર વૈષ્ણવાસ્ત્રસંપન્ન થાય અને તે અસ્ત્રના પ્રભાવથી દેવો અને દાનવોથી પણ તે અવધ્ય થાય-આ વર આપવા તમે યોગ્ય છો."[૩૧] પોતાના પુત્રમાટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગેલો પૃથ્વીદેવીનો તે વર સાંભળી મેં તેને અમોઘ વૈષ્ણવાસ્ત્ર પ્રથમ આપ્યું અને પછીથી કહ્યું કે:–"હે પૃથ્વિ ! આ મારૂં અસ્ત્ર હમેશાં અમોઘ થાઓ, તે અસ્ત્ર નરકાસુરનું રક્ષણ કરશે અને તેને કોઈ પણ મારી શકશે નહિ.[૩૨,૩૩] આ અસ્ત્રથી રક્ષાયલો તારો પુત્ર, શત્રુઓના સૈન્યને પીડનારો થશે તથા સર્વ લોકમાં સર્વદા દુરાધર્ષ રહેશે."[૩૪] એ રીતનો વર મેળવી કૃતાર્થ થયેલી મનસ્વિની તે પૃથ્વીદેવી સ્વસ્થાને ગઈ અને તે અસ્ત્રના પ્રભાવથી નરકાસુર પણ શત્રુઓને તપાવનારો તથા દુરાધર્ષ થઈ પડયો.[૩૫] કાળે કરી તે નરકાસુર પાસેથી મારૂં અસ્ત્ર આ ભગદત્તરાજા પાસે આવ્યું. હે અર્જુન! ઇંદ્ર અને રુદ્રસહિત આ સર્વ લોકોમાં તેવો એકપણ પુરુષ નથી કે જે આ વૈષ્ણવાસ્ત્રથી મરણ ન પામે;[૩૬] માટેજ મેં તારૂં રક્ષણ કરવા એ દિવ્ય અસ્ત્રને વચમાંથી ઝીલી લીધું છે. હે અર્જુન ! હવે તે ભગદત્ત, તે પરમ અસ્ત્રથી રહિત થયો છે, માટે તું તે મહાસુરનો સુખેથી વધ કર.[૩૭] મેં પૂર્વે લોકોનું હિત કરવામાટે જેમ નરકાસુરને માર્યો હતો, તેમ તું પણ દેવોનો દ્વેષ કરનાર તારા કટ્ટા શત્રુ આ ભગદત્તને મારી નાખ."[૩૮]

મહાત્મા કેશવે અર્જુનને એ પ્રમાણે કહ્યું, ત્યારે તેણે તીક્ષ્ણ બાણોથી ભગદત્તને એકાએક છાઈ દીધો.[૩૯] વળી મોટી ભુજાવાળા તથા મોટા મનવાળા તે અર્જુને, ફરીથી ગભરાયાવિના હાથીના ગંડસ્થળમાં નારાચબાણનો પ્રહાર કર્યો.[૪૦] તે બાણ પર્વતપર જેમ વજ્ર પડે તેમ તે હાથીના ગંડસ્થળપર પડી સર્પ જેમ રાફડામાં પેસી જાય, તેમ મોઢીઆંસહિત તેમાં (ગંડસ્થળમાં)પેસી ગયું.[૪૧] એ રીતે બાણપ્રહારથી ઘાયલ થયેલો તે હાથી,ભગદત્તની વારંવાર પ્રેરણા થયા છતાં, જેમ દરિદ્ર પુરુષનું વચન તેની સ્ત્રી ન માને તેમ તેનું વચન માનતો ન હતો–તેના કહ્યા પ્રમાણે કરતો ન હતો;[૪૨] પણ પોતાનાં ગાત્રોનો સંકોચ કરી દાંતવડે પૃથ્વીનો ટેકો લઇ ઉભો રહ્યો અને છેવટે મોટી દુઃખની ગર્જના કરી તે મહાન હાથીએ પોતાના પ્રાણ ત્યજ્યા.[૪૩] તે પછી શ્રીકૃષ્ણ અર્જુનપ્રત્યે પુનઃ કહેવા લાગ્યાઃ–"હે અર્જુન! આ ભગદત્તરાજા અતિશય વયોવૃદ્ધ છે,આખા શરીરે પળિયાંથી વ્યાપ્ત થઇ ગયો છે, તેનાં નેત્રો કરચલીઓથી ઢંકાયલાં રહે છે;છતાં પણ તે ઘણો શૂરો અને અતિ દુર્જય છે. આ રાજા, પોતાનાં નેત્રો બરાબર ઉઘાડાં રહે માટે હમેશાં પાટો બાંધી રાખે છે. (માટે તે પાટો પ્રથમ તોડી પાડવો જોઇએ.)"[૪૫] અર્જુને શ્રીકૃષ્ણનાં વાક્ય પ્રમાણે બાણવડે તે પાટાને તોડી પાડયો એટલે તુરતજ તે રાજાનાં નેત્રો ફંધાઇ ગયાં.[૪૬] પ્રતાપી ભગદત્ત રાજા,પોતાનાં નેત્રોને ખુલ્લાં રાખનાર પાટાનો છેદ થતાં સઘળા જગતને અંધકારમય માનવા લાગ્યો. પછી અર્જુને મજબૂત ગાંઠાવાળું અર્ધચંદ્રાકાર બાણ મારી રાજા ભગદત્તનું હૃદય ચીરી નાખ્યું. જ્યારે અર્જુને એ પ્રમાણે હૃદય ચીરી નાખ્યું, ત્યારે ભગદત્તે પ્રાણોનો ત્યાગ કરી પોતાના હાથમાંથી ધનુષ્યબાણને પણ તજ્યાં. તેના મસ્તકપર બાંધેલો સુંદર ફેંટો, કમળના નાળમાં પ્રહાર કરવાથી નીચે ખરી પડતાં કમળપરનાં પાંદડાંની પેઠે નીચે પડી ગયો;[૪૭–૪૯] તેમજ સુવર્ણની માળા ધારણ કરનારો તે રાજા પોતે પણ, સુવર્ણના અલંકારવાળા તથા પર્વતસમાન ઉંચા તે હાથીપરથી જેમ મોટા પર્વતપરથી વાયુના ઝપાટાથી ભાંગી પડેલું પુષ્પપૂર્ણ કરેણનું ઝાડ નીચે ગબડી પડે, તેમ પૃથ્વીપર ગબડી પડયો.[૫૦] એ રીતે તે સંગ્રામમાં ઇંદ્રસમાન પરાક્રમવાળા ઇંદ્રના મિત્ર રાજા ભગદત્તને મારી નાખી, અર્જુન જયની ઇચ્છાવાળા તમારા પક્ષના બીજા રાજાઓને પણ બળવાન વાયુ જેમ વૃક્ષોને ભાંગી નાખે,તેમ ભાંગી નાખવા લાગ્યો–મારવા લાગ્યો.[૫૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં 'ભગદત્તનો વધ' એ વિષયનો અધ્યાય ૨૯ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૦ મો
માયાવી શકુની નાઠો

॥ संजय उवाच ॥

प्रियमिन्द्रस्य सततं सखायमामितौजसम् ।
हत्वा प्राग्ज्योतिषं पार्थः प्रदक्षिणमवर्तत ॥१

સંજયે કહ્યું:—ઇંદ્રના પ્રિય મિત્ર અમાપ તેજવાળા ભગદત્તરાજાને માર્યા પછી અર્જુન દક્ષિણદિશા તરફ ગયો.[૧] તેવામાં શત્રુઓના નગરને જીતનારા ગાંધારરાજાના પુત્ર વૃષક અને અચલ નામના બેભાઇઓ યુદ્ધમાં અર્જુનને પીડવા લાગ્યા.[૨] તેઓ બંને વીરો અર્જુનની પાસે આગળપાછળ આવી ઉભા અને હાથમાં ધનુષ્ય લઇ મહાવેગવાળાં તીક્ષ્ણ બાણોથી અત્યંત વિંધવા લાગ્યા;[૩] એટલે અર્જુને ગાંધારરાજા સુબલના પુત્ર વૃષકના ઘોડા, સારથિ, ધનુષ્ય, છત્ર, રથ અને ધ્વજનાં તીક્ષ્ણ બાણોવડે તલ તલ જેવડા ટુકડા કરી નાખ્યા.[૪] વળી અર્જુન, બાણોના સમૂહોથી તથા અનેક જાતનાં હથિયારોથી સૌબલ વગેરે ગાંધારયોદ્ધાઓને પણ આકુળવ્યાકુળ કરવા લાગ્યો;[૫] તેમજ ક્રોધાયમાન થયેલા અર્જુને આયુધો ઉગામીને યુદ્ધ કરવા ચઢી આવેલા પાંચસો વીર ગાંધારોને મૃત્યુલોકમાં રવાના કરી દીધા.[૬] ત્યારપછી મોટી ભુજાવાળો વૃષક, મરણ પામેલા ઘોડાવાળા પોતાના રથમાંથી એકદમ ઉતરી પડી પોતાના ભાઇના રથપર ચઢી ગયો અને પોતે બીજું ધનુષ્ય ગ્રહણ કર્યું.[૭] એક રથપર બેઠેલા તે બન્ને વૃષક અને અચલ ભાઇઓ બાણોનો વરસાદ વરસાવી અર્જુનને વારંવાર વિંધવા લાગ્યા.[૮] હે મહારાજ ! એ રીતે તમારા બન્ને સાળાઓ, વૃત્ર અને બલદૈત્ય જેમ ઇંદ્રને સખત પ્રહાર કરે, તેમ અર્જુનને સખત પ્રહાર કરવા લાગ્યા.[૯] બરાબર તાકીને પ્રહાર કરનારા તે બન્ને ગાંધારપુત્રો, ગ્રીષ્મઋતુના વચલા બે મહિનાઓ ઉષ્ણકિરણોથી જેમ લોકને તપાવે છે, તેમ અર્જુનને પ્રહાર કરતા હતા.[૧૦] હે રાજન્ ! તેઓ બન્ને જણા એકજ રથમાં એકબીજાના અંગનો સ્પર્શ કરી અડોઅડ બેઠા હતા, જેથી અર્જુને એકજ બાણથી તેઓ બન્નેને મારી નાખ્યા.[૧૧] હે રાજા ! સિંહસમાન પરાક્રમી, લાલ નેત્રોવાળા, મોટી ભુજાવાળા તથા અન્યોન્ય એકજ લક્ષણવાળા તે બન્ને વીરભાઇઓ રથપરથી નીચે ઢળી પડયા.[૧૨] બંધુજનોને પ્રિય એવાં તેઓનાં બન્ને શરીરો દશે દિશામાં પવિત્ર યશ પહોંચાડીને રથપરથી ધરણીપર ઢળી પડયાં હતાં.[૧૩] યુદ્ધમાં પાછી પાની નહિ કરનારા પોતાના તે બન્ને મામાઓને યુદ્ધમાં માર્યા ગયેલા જોઇ, હે રાજા ! તમારા પુત્રો દુઃખનાં ઘણાં અશ્રુઓ સારવા લાગ્યા.[૧૪] પોતાના ભાઇઓને મરણ પામેલા જોઈ સેંકડો માયા રચવામાં કુશળ શકુનિ, શ્રીકૃષ્ણ અને અર્જુનને મોહિત કરવામાટે પોતાની માયા રચવા લાગ્યો.[૧૫] તેની માયાના પ્રભાવથી લાઠીઓ, લોઢાની લાકડીઓ, પથ્થરો, તોપો, શક્તિઓ, ગદાઓ, પરિઘો, તરવારો, ત્રિશૂલો, મુદ્ગરો, પટ્ટિશો, લાકડીઓ, છરાઓ, ક્ષુરપ્રો, બંદુકની ગોળીઓ, વાછરડાના દાંતસરખા આકારનાં બાણો, હાડકાંનાં ફળાંવાળાં બાણો, બન્ને તરફ ધારવાળી તરવારો, નખરો, મુસલો, ફરશીઓ, ચક્રો, સાદાં બાણો, ભાલાંઓ તથા એ સિવાયનાં બીજાં પણ અનેક જાતનાં હથિયારો દશે દિશાઓમાંથી આવી અર્જુનપ્રત્યે પડવા લાગ્યાં.[૧૬,૧૮] વળી ગધેડાં, ઉંટ, પાડા, સિંહ, વાઘ, રોઝ, ચિત્રા, રીંછ, કૂતરા, ગીધ, વાંદરાં, સર્પો, અનેક જાતના રાક્ષસો તથા અનેક પ્રકારનાં પક્ષીઓ ભૂખ્યાં ક્રોધપૂર્વક અર્જુનપ્રત્યે ધસવા લાગ્યાં. તે પછી દિવ્ય અસ્ત્રને જાણનારો કુંતાનો શૂરો પુત્ર અર્જુન, અનેક બાણો છોડી એકાએક તેઓને પ્રહાર કરવા મંડી પડયો.[૨૧] શૂરા અર્જુને સારાં સારાં મજબૂત બાણોથી તેઓને એવાં તો મારવા માંડયાં કે જેથી ચારે તરફથી માર મરાતાં તે પ્રાણીઓ મોટા અવાજે બૂમાબૂમ કરી ત્યાંથી નાસી ગયાં.[૨૨] તે પછી અર્જુનના રથસામે એકદમ અંધકાર છવાઇ ગયો અને તે અંધકારમાંથી આવતી ક્રૂર વાણીઓ, અર્જુનનો તિરસ્કાર કરવા લાગી.[૨૩] મહારણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકટ થયેલો તે અંધકાર એટલો બધો ઘોર અને ભૈરવ હતો કે જેથી સર્વને ભય કરનાર થઈ પડતો હતો; પરંતુ અર્જુને ઉત્તમ તૈજસ્ અસ્ત્રનો પ્રયોગ કરી તે અંધકારનો નાશ કર્યો. જ્યારે તે અંધકારનો નાશ થયો ત્યારે ભયાનક એવા જળપ્રવાહો ત્યાં પ્રકટ થયા, એટલે અર્જુને તે જળપ્રવાહનો નાશ કરવામાટે સૂર્યાસ્ત્રનો પ્રયોગ કર્યો.[૨૫] તે અસ્ત્રે પોતાના પ્રભાવથી તે સર્વ જળ સૂકવી નાખ્યું. એ રીતે તે સમયે શકુનિએ અનેક જાતની માયાઓ કરી; પણ અર્જુને પોતાના અસ્ત્રના બળથી તે સર્વ માયાનો હસતાં હસતાં નાશ કરી નાખ્યો. જ્યારે પોતાની સર્વ માયાઓ નાશ પામી, ત્યારે અર્જુનનાં બાણોનો માર ખાઈ ત્રાસ પામેલો શકુનિ, સામાન્ય મનુષ્યની પેઠે વેગવાળા ઘોડાઓ દોડાવી ત્યાંથી નાઠો. પછી અસ્ત્રોને જાણનાર અર્જુન, શત્રુઓપર પોતાની ઝડપ દેખાડવા લાગ્યો અને કૌરવોની સેનાપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. તમારા પુત્રની સેનાપર અર્જુને એટલો બધો બાણોનો મારો ચલાવ્યો કે જેથી તે સેના પર્વતમાં અથડાયલી ગંગાનદીની પેઠે બે ભાગમાં વહેંચાઇ ગઈ. તે સેનામાંના કેટલાએક રાજાઓ દ્રોણાચાર્યને શરણે ગયા અને કેટલાએક રાજાઓ અર્જુનના બાણથી પીડાઇને દુર્યોધનને શરણે ગયા. ધૂળથી ઢંકાઇ ગયેલા તે સૈન્યમાં અમે અર્જુનને જોઇ શકતા ન હતા. માત્ર દક્ષિણ દિશામાં તેના ગાંડીવધનુષ્યનો ટંકાર મારા સાંભળવામાં આવતો હતો. શંખ, દુંદુભિ અને બીજાં રણવાદિત્રોના શબ્દને ઢાંકી દઈ કેવળ ગાંડીવનો ટંકારજ આકાશમાં પહોંચતો હતો. તેવામાં વળી પાછો દક્ષિણદિશામાં તરેહ તરેહનાં યુદ્ધ કરનારા યોદ્ધાઓનો અને અર્જુનનો સંગ્રામ થવા લાગ્યો. હું તો તે સમયે દ્રોણાચાર્યની પાછળજ હતો. હે ભરતવંશી રાજા! એ વેળા યુધિષ્ઠિરનાં સૈન્યો પણ તમારા પુત્રોનાં સૈન્યોને જ્યાં ત્યાં પ્રહાર કરી રહ્યાં હતાં. જેમ વાયુ સમય આવતાં વાદળોને છિન્નભિન્ન કરી નાખે છે, તેમ અર્જુન પણ તમારી સેનાને છિન્નભિન્ન કરી રહ્યો હતો. અનેક બાણોને વરસાવી ધસી આવતા ઇંદ્રને જેમ કોઇ ન વારી શકે, તેમ ઉગ્ર સ્વરૂપને ધારણ કરનારા તે અર્જુનને પણ મહાધનુર્ધર પુરુષવ્યાઘ્રો વારી શક્યા નહિ.[૨૬–૩૭] વળી અર્જુનના પ્રહારથી તમારા સૈનિકો એટલા બધા વ્યથિત થઇ ગયા હતા કે જેઓ આમતેમ નાસાનાસ કરી ઘણેભાગે પોતાનાજ યોદ્ધાઓનો નાશ કરી રહ્યા હતા.[૩૮] અર્જુને છોડેલાં, શરીરને ભેદી નાખનારાં કંકપક્ષીનાં પીછાંવાળાં બાણો પતંગની પેઠે દશે દિશાઓને ઢાંકી દઇ પડતાં હતાં.[૩૮] હે રાજા! અર્જુનનાં બાણો ઘોડાને, રથી યોદ્ધાને, હાથીને તથા પાળાને પણ વિંધી નાખી, રાફડામાં જેમ સર્પો પેસી જાય, તેમ પૃથ્વીમાં પેસી જતાં હતાં.[૩૯] અર્જુન હાથી, ઘોડા અને પાળાઓપર એક એકજ બાણ ફેંકતો હતો; છતાંપણ તેઓ એકજ બાણથી ઘાયલ થઇ મરણ પામી પૃથ્વીપર પડતા હતા. માર્યા ગયેલા મનુષ્યોથી તથા હાથીઓથી અને ચારેબાજુ બાણોથી ઘાયલ થઇ પડેલા ઘોડાઓથી તે રણભૂમિમાં વિચિત્ર દેખાવ થઇ રહ્યો હતો. વળી જ્યાં ત્યાં માંસ ભક્ષણ કરવા આવેલાં કૂતરાં, શિયાળવાં તથા કાગડાઓના ભયંકર શબ્દો સંભળાતા હતા.[૪૧] અર્જુનના બાણથી પીડાયલો પિતા પુત્રને, મિત્ર મિત્રને તથા પુત્ર પિતાને ત્યાં રણમાં મૂકીનેજ નાસી જતો હતો. ટુંકામાં તે યુદ્ધમાં યોદ્ધાઓ એટલા બધા ગભરાઈ ગયા હતા કે જેથી તેઓ પોતાનુંજ રક્ષણ કરવાની બુદ્ધિવાળા થઈ પોતાનાં વાહનોને પણ ત્યજી જતા હતા.[૪૨]

અધ્યાય ૩૦ મો સમાપ્ત

અધ્યાય ૩૧ મો

નીલ રાજાનો વધ

॥ धृतराष्ट्र उवाच ॥

तेष्वनीकेषु भग्नेषु पांडुपुत्रेण संजय ।
चलितानां द्रुतानां च कथमासीन्मनो हि वः॥

ધૃતરાષ્ટ્ર પૂછયું:–હે સંજય! પાંડુપુત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુને જ્યારે તે સૈન્યોમાં ભંગાણ પાડયું ત્યારે આમતેમ નાસભાગ કરી ચલિત થયેલા તમારા બધાનું મન કેવું થઇ ગયું હતું ? કોઇ સ્થળે પણ સ્થિતિને નહિ જોનારાં સૈન્યોમાં જે વેળા ભંગાણ પડયું હશે તે વેળા તેઓને પુનઃ શત્રુઓ સામે ગોઠવવાં અશક્ય થયાં હશે, માટે તેના સંબંધમાં જે બન્યું હોય તે મને કહે.[૨]

સંજયે કહ્યું:-સૈન્યોમાં એટલું બધું ભારે ભંગાણ પડયું હતું, તોપણ હે રાજા! તમારા પુત્રનું પ્રિય કરવા ઇચ્છિતા વીરપુરુષો પોતાના યશનું લોકમાં રક્ષણ કરી, દ્રોણની પાછળ જવા લાગ્યા.[૩] અસ્ત્રો ઉગામાયાં, યુધિષ્ઠિરરાજા પણ સામા આવી ખડા થયા હતા. એ રીતના ભયંકર મામલામાં પણ તે યોદ્ધાઓ નિર્ભયની પેઠે આર્ય પુરુષોને યોગ્ય કર્મો કરવા લાગ્યા;[૪] એટલુંજ નહિ પણ અમિત તેજવાળા ભીમસેન, સાત્યકિ અને વીર ધૃષ્ટદ્યુમ્નની વચમાં પડયા-અથત્ તેઓ યુધિષ્ઠિરને સહાય કરવા જતા હતા, પણ તમારા પક્ષના વીરોએ તેમને રોક્યા.[૫] શત્રુઓપર ક્રૂર વર્તન કરનારા પાંચાલો "દ્રોણને મારો, દ્રોણને મારો" એ પ્રમાણે પોતાના સૈનિકોને પ્રેરણા કરવા લાગ્યા. ત્યારે આ તરફથી તમારા પુત્રો "દ્રોણનો વધ થવા ન દો" એ પ્રમાણે સર્વ કૌરવોને પ્રેરણા કરવા લાગ્યા.[૬] "દ્રોણને મારો, દ્રોણને મારો" એ પ્રમાણે કેટલાએક યોદ્ધાઓ તે રણભૂમિપર કહી રહ્યા હતા, ત્યારે વળી બીજાઓ "દ્રોણનું રક્ષણ કરો, રક્ષણ કરો" એ પ્રમાણે કહી રહ્યા હતા. એ રીતે કૌરવ અને પાંડવો વચ્ચે ત્યાં દ્રોણના નામનોજ જુગાર ચાલી રહ્યો હતો. દ્રોણાચાર્ય જે જે પાંચાલ યોદ્ધાઓની ટુકડી સામે યુદ્ધ કરતા હતા ત્યાં ત્યાં પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્ન ધસી આવતો હતો.[૮] સંગ્રામ જ્યારે ભયંકર સ્વરૂપવાળો થઇ ગયો, ત્યારે ભયાનક શબ્દ કરતા વીરપુરુષો પોતાની પંક્તિમાંથી જૂદા પડી જઇ શત્રુ યોદ્ધાઓસામા આવી જતા હતા.[૯] તે યુદ્ધમાં પાંડવોને શત્રુઓ કંપાવી શકયા નહિ, પણ પાંડવો તો પૂર્વે પોતાને થયેલાં દુઃખોનું સ્મરણ કરી શત્રુઓનાં સૈન્યોને કંપાવા લાગ્યા.[૧૦] જો કે તેઓ લજ્જાવાળા હતા તો પણ ક્રોધને આધીન થઇ પરાક્રમથી પ્રેરાઇને તે મહારણમાં દ્રોણનો વધ કરવામાટે પ્રાણોની પણ દરકાર નહિ કરી યુદ્ધ કરવા ચઢી આવ્યા હતા.[૧૧] તે તુમુલ યુદ્ધમાં પોતાના પ્રાણોનું પણ કરી યુદ્ધરૂપ રમતને રમી રહેલા એ મહાતેજસ્વી યોદ્ધાઓની પરસ્પરની અથડામણ લોઢા અને પથ્થરસરખી થઈ રહી હતી.[૧૨] હે મહારાજ! કોઇપણ વૃદ્ધ પુરુષોને પૂર્વે તેવા પ્રકારનો સંગ્રામ કદી થયો હોય તેવું સ્મરણ નથી તથા તે વૃદ્ધોએ તેવો સંગ્રામ કદી જોયો હોય કે સાંભળ્યો હોય તેમ પણ નથી.[૧૩] એ વીરોના સંહારસમયે આમતેમ ઘૂમતાં સૈન્યોના અતિશય ભારથી પીડાયલી પૃથ્વી કંપવા લાગી.[૧૪] આમતેમ ઉછળી રહેલા યુધિષ્ઠિર રાજાના સૈન્યરૂપ સમુદ્રનો અતિભયંકર શબ્દ આકાશને સ્તબ્ધ કરી દઇ પુનઃ તે સૈન્યમાંજ દાખલ થતો હતો.[૧૫] યુદ્ધમાં ઘૂમી રહેલા દ્રોણાચાર્યે હજારો તીક્ષ્ણ બાણોથી પાંડવોનાં સૈન્યોમાં ભંગાણ પાડવા માંડયું.[૧૬] અદ્ભુત પરાક્રમવાળા દ્રોણાચાર્ય, તે સૈન્યોને જ્યારે મારી નાખતા હતા, ત્યારે સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન જાતે આવીને તેને અટકાવતો હતો.[૧૭] તે સમયે દ્રોણનું તથા ધૃષ્ટદ્યુમ્નનું અતિ અદ્ભુત યુદ્ધ થઇ રહ્યું હતું. કે જે યુદ્ધની કોઇપણ જાતની ઉપમાજ નથી એમ મારૂં નિશ્ચય માનવું છે.[૧૮] તેવામાં બાણોરૂપ તણખાવાળો તથા ધનુષ્યરૂપ જ્વાળાવાળો નીલરાજારૂપ અગ્નિ, ઘાસની પેઠે કૌરવોની સેનાને બાળવા મંડી પડયો. એ રીતે સૈન્યોને બાળી રહેલા તે નીલપ્રત્યે પ્રતાપી અશ્વત્થામા મધુર વાણીથી હસીને આ પ્રમાણે પ્રથમજ કહેવા લાગ્યો:-[૨૦] "હે નીલરાજા! બાણોની જ્વાળાથી બિચારા આ યોદ્ધાઓને ઘણા બાળવાથી તારા હાથમાં શું આવવાનું છે ? આવ, મારી એકની સાથેજ લડ અને ક્રોધ કરી મને જલદી પ્રહાર કર."[૨૧] તે સાંભળી ખીલેલાં કમળસમાન મુખવાળા નીલે કમળના સમૂહસમાન આકારવાળા તથા કમળનાં પત્રસમાન નેત્રવાળા અશ્વત્થામાને બા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણોથી વિંધી નાખ્યો.[૨૨] એ રીતે જ્યારે તે નીલરાજાએ અશ્વત્થામાને વિંધી નાખ્યા ત્યારે તેમણે પણ તીક્ષ્ણ ત્રણ ભલ્લબાણોથી પોતાના શત્રુના ધનુષ્યને, ધ્વજને તથા છત્રને કાપી નાખ્યું. ત્યારે તે નીલરાજા હાથમાં ઢાલ, તરવાર લઇ પક્ષીની પેઠે એકદમ પોતાના રથપરથી નીચે કૂદી પડયો, અને તેણે અશ્વત્થામાના મસ્તકને ધડથી જૂદું પાડવા ઇચ્છા કરી.[૨૪] પણ હે નિર્દોષ રાજા! અશ્વત્થામાએજ મંદહાસ્ય કરી, એક ભલ્લબાણવડે તે નીલરાજાના ઉંચી નાસિકાવાળાં તથા કુંડલયુકત મસ્તકને ધડથી જૂદું પાડી દીધું.[૨૫] સંપૂર્ણ ચન્દ્રસમાન મુખવાળો, કમળનાં પત્રસમાન નેત્રવાળો અને ઉત્પલપત્રસમાન કાંતિવાળો તથા અત્યંત ઉંચો તે નીલરાજા, મરણ પામી પૃથ્વીપર ગબડી પડયો.[૨૬] અતિ ઉજ્જવલ તેજવાળા તે નીલરાજાને આચાર્યના પુત્રે જ્યારે મારી નાખ્યો, ત્યારે અત્યંત આકુળ થયેલી પાંડવોની સેના અત્યંત વ્યથાતુર થઈ ગઇ.[૨૭] હે રાજા! તે સમયે પાંડવપક્ષના સર્વ મહારથીઓ વિચાર કરવા લાગ્યા કે, આ સમયે જો અર્જુન હોય તો આપણા બધાનું રક્ષણ કરે; પણ તે કયાંથી રક્ષણ કરે? કારણ કે તે બળવાન અર્જુન, દક્ષિણદિશામાં બાકી રહેલા સંશપ્તકોનો તથા નારાયણી ટુકડીનો નાશ કરી રહ્યો છે.[૨૮,૨૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં
'ધૃતરાષ્ટ્રના પ્રશ્નો' એ વિષયનો
અધ્યાય ૩૨ મો સમાપ્ત

અધ્યાય ૩૨ મો
બીજો દિવસ સમાપ્ત–યુદ્ધનું ભયંકર સ્વરૂપ

॥ संजय उवाच ॥

प्रतिघातं तु सैन्यस्य नामृष्यत वृकोदरः ।
सोऽभ्याहनद् गुरुं षष्ट्या कर्णं च दशभिःशरैः॥

સંજયે કહ્યું:–દ્રોણાચાર્યથી થતો સૈન્યનો નાશ ભીમસેનથી સહન થઇ શક્યો નહિ. તેણે પોતાના ગુરુને સાઠ બાણોનો તથા કર્ણને દશ બાણોનો પ્રહાર કર્યો.[૧] ત્યારે દ્રોણાચાર્યે તેનો જીવ લેવાની ઇચ્છાથી સીધી ગતિવાળાં તથા તીક્ષ્ણ ધારવાળાં સજેલાં બાણોનો તેના મર્મસ્થાનમાં પ્રહાર કર્યો;[૨] તથા સતત પ્રહાર કરવાની ઇચ્છાથી આચાર્યે બીજાં પણ છવ્વીસ બાણોનો પ્રહાર કર્યો. તે અરસામાં તો કર્ણે બાર બાણોથી, અશ્વત્થામાએ સાત બાણોથી અને દુર્યોધનરાજાએ છ બાણોથી એ ભીમસેનને છાઇ દીધો. મહાબળવાન ભીમસેને પણ તેઓ બધાને સામો પ્રહાર કરી વિંધી નાખ્યા. તેમાં દ્રોણને પચાસ બાણોથી, કર્ણને દશ બાણોથી, દુર્યોધનને બાર બાણોથી તથા અશ્વત્થામાને આઠ બાણોથી પ્રહાર કરી, તુમુલ શબ્દ કરીને તેણે રણમાં તેઓ સામે ધસારો કર્યો. તે ભીમસેન જ્યારે પ્રાણોનો ત્યાગ કરવાની અણીપર આવી ગયો અને શત્રુઓએ તેને જ્યારે મરણતુલ્ય અવસ્થાએ પહોંચાડી દીધો, ત્યારે યુધિષ્ઠિરરાજાનું લક્ષ્ય તે તરફ ગયું અને તેમણે ભીમનું રક્ષણ કરવામાટે યોદ્ધાઓને આજ્ઞા કરી કે,'જાઓ ભીમને બચાવો.'તે આજ્ઞા થતાંજ અમાપ તેજવાળા સાત્યકિ, નકુલ અને સહદેવ વગેરે મહાન પુરુષો એકઠા થઇ ક્રોધપૂર્વક ભીમસેન પાસે આવી પહોંચ્યા.[૩–૮] પછી મહાધનુર્ધરોના રક્ષણતળે રહેલા અને મહાપરાક્રમી એ ભીમસેન વગેરે રથીઓ દ્રોણાચાર્યના સૈન્યમાં ભંગાણ પાડવામાટે એકી સાથે ચઢી આવ્યા.[૯] રથીઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય પણ નિર્ભય થઇને રણમાં યુદ્ધ કરવા આવેલા તે અતિ બળવાન અને વીર મહારથીઓ સામા ટક્કર ઝીલવા લાગ્યા.[૧૦] પાંડવો પણ મૃત્યુના બાહ્ય ભયનો ત્યાગ કરી તમારા પક્ષના યોદ્ધાઓ સામે જઇ પહોંચ્યા. પછી ઘોડેસ્વારો ઘોડેસ્વારોનો તથા રથીઓ રથીઓનો સંહાર કરવા મચી પડયા.[૧૧] તે વેળા રણભૂમિપર શક્તિઓ અને તરવારોનો મારો ચાલુ થયો. કોઇ કોઈ સ્થળે ફરશીઓથી પણ યુદ્ધ થવા લાગ્યું અને તીક્ષ્ણ પરિણામવાળું તરવારોનું પણ મહાન યુદ્ધ થતું હતું.[૧૨] જ્યારે હાથીઓનો ધસારો ચાલુ થયો, ત્યારે તો અતિ દારુણ યુદ્ધ દેખાઇ રહ્યું. કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોદ્ધો હાથીપરથી નીચે મસ્તકે પૃથ્વીપર ઢળી પડયો, ત્યારે બીજો ઘોડાપરથી તેજ પ્રમાણે ગબડી પડયો.[૧૩] હે રાજન્! બાણથી ઘાયલ થયેલો કોઈ રથીયોદ્ધો પોતાના રથપરથી પૃથ્વીપર પછડાઇ પડતો હતો. તે રણમાં શત્રુ સાથેના યુદ્ધમાં કવચરહિત થઇ પૃથ્વીપર પડેલા કોઈ યોદ્ધાના મસ્તકને દોડાદોડ કરતો હાથી છાતી દબાવીને ભાંગી નાખતો હતો, ત્યારે બીજા હાથીઓ પણ રણભૂમિપર પડેલા કેટલાએક યોદ્ધાઓને છુંદી નાખતા હતા.[૧૫] કેટલાએક હાથીઓ પોતાના દંતૂશળોને પૃથ્વીમાં ભરાવી અનેક રથીઓને ચીરી નાખતા હતા, ત્યારે બીજા કેટલાક હાથીઓ દાંતોમાં ભરાયેલાં પુરુષોનાં આંતરડાં સાથે રણમાં આમતેમ ભમતા હતા અને સેંકડો મનુષ્યોનો ઘાણ વાળી નાખતા હતા. લોઢાનાં કવચોને ધારણ કરી જ્યાં ત્યાં પડેલા પાળા, ઘોડા, રથીઓ અને હાથીઓને બીજા કેટલાએક હાથીઓ સૂંઢવતી ઉંચકીને જાડાં નલજાતનાં ઘાસની પેઠે પછાડવા લાગ્યા. વળી ઘણા રાજાઓ ગીધપક્ષીનાં પીછાંરૂપ ઓછાડવાળી પથારીએ કાળના યોગે ઘણા દુઃખથી સૂતા હતા. એ યુદ્ધ એટલું બધું મર્યાદાવિનાનું થઇ રહ્યું, કે જેમાં પિતા પોતાના રથને દોડાવી પુત્રને મારી નાખતો હતો; તેમજ મોહને લીધે પુત્ર પિતાને મારી નાખતો હતો. એ યુદ્ધમાં ઘણા રથો ભાંગી ગયા, ધ્વજાઓ ચીરાઈ ગઇ, છત્રો પૃથ્વીપર પડી ગયાં અને ભાંગી ગયેલાં રથનાં અર્ધાં ધુસરાં લઇને ઘોડાઓ ચારેબાજુ નાસતા હતા. કપાયેલા બાહુઓ તરવારસહિત પડયા હતા. કુંડળોસહિત મસ્તકો ઠેકઠેકાણે કપાઇ પડયાં હતાં. કોઇ બળવાન હાથી યોદ્ધાઓના રથોને ફેંકી દઈ પૃથ્વીપર ભુક્કા કરી નાખતો હતો, ત્યારે કોઇ રથીયોદ્ધો નારાચબાણથી હાથીને પ્રહાર કરી ભૂમિપર પટકી પાડતો હતો. હાથીના તીવ્ર પ્રહારથી કેટલાએક ઘોડા પોતાના સ્વારોસહિત પછડાઇ પડતા હતા. એ પ્રમાણે તે યુદ્ધ મર્યાદાવિનાનું થઇ અતિ દારુણ થઇ રહ્યું હતું. 'ઓ પિતા! ઓ પુત્ર! ઓ મિત્ર! તું કયાં છે, ઉભો રહે, કયાં દોડી જાય છે, માર, પકડ, એને હણી નાખ' વગેરે અનેક પ્રકારની વાણી, સિંહનાદની ગર્જનાઓ સાથે તે રણભૂમિપર ઉંચેથી સંભળાતી હતી. તે સ્થળે મનુષ્યો, ઘોડા અને હાથીઓનું લોહી એકઠું થઈ ઘન થઈ ગયું હતું અને તે લોહીને લીધે પૃથ્વીની ઉડતી રજ શાંત થઇ હતી. તે આ ભયંકર દેખાવ જોઇ કાયર મનુષ્યોના મનમાં ભય પેસી ગયો હતો, જેથી તેઓ મૂર્ચ્છિત થયા હતા. એક વીર સામે બીજા વીર પાસે આવી જઇ, પોતાના રથનાં પૈડાંથી શત્રુના રથનાં પૈડાંને આગળ જતાં થોભાવી દઇ, બાણ મારવાનો સમય નહિ દેખતાં ગદાના પ્રહારથી પોતાના પ્રતિસ્પર્ધીનું મસ્તક ઉડાવી દેતો હતો. કોઈ કોઇ સ્થળે તો સામસામા ચોટલી પકડીને કેટલાએક યોદ્ધાઓ યુદ્ધ કરતા હતા, તો કોઈ સ્થળે અતિદારુણ મુષ્ટિયુદ્ધ ચાલતું હતું. યુદ્ધ કરવાનાં સાધનવિનાના થઈ ગયેલા કેટલાએક શૂરવીરો સાધનની ઇચ્છા કરી નખ અને દાંતોવડે પણ મચી પડયા હતા. કોઇ વીરપુરુષ પોતાના શત્રુના પ્રહાર કરવા ઉંચા કરેલા હાથને તરવાર, ધનુષ્ય, બાણ તથા અંકુશસહિત છેદી નાખતો હતો. કોઇ સ્થળે એક યોદ્ધો બીજાને મોટેથી બોલાવી રહ્યો હતો, ત્યારે વળી પેલો બીજો યોદ્ધો યુદ્ધમાંથી વિમુખ થઇ નાસી જતો હતો.[૨૪-૨૯] કોઈ શૂરો નર પોતાની સામે આવી યુદ્ધ કરતા શત્રુના મસ્તકને ધડથી જૂદું પાડતો હતો. તે જોઇ કોઈ કાયર પુરુષ બૂમ પાડી પલાયન કરી જતો હતો; અને તેની બૂમ સાંભળી કોઈ બીજો પુરુષ અત્યંત ત્રાસ પામી જતો હતો. કોઇ યોદ્ધો પોતાનાંજ માણસોને તીક્ષ્ણ બાણોથી મારી નાખતો હતો, ત્યારે બીજો કોઇ પોતાના શત્રુઓનેજ વીણી વીણીને મારતો હતો. નારાચબાણના પ્રહારથી ઘાયલ થયેલો કોઇ હાથી, પર્વતના શિખરની પેઠે તથા ઉનાળામાં નદીની ભેખડની પેઠે ધબાક કરતો પૃથ્વીપર પડતો હતો. ઝરણ ઝરતા પર્વતની પેઠે કોઈ મદ ઝરતા હાથીએ પાદપ્રહારથી કોઈ રથીયોદ્ધાને ઘોડા અને સારથિસહિત મારી નાખ્યો હતો; અને પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સ્થળે હજી ઉભોજ હતો. લોહીથી છંટાયેલા અસ્ત્રકુશળ કેટલાએક શૂરાઓને પ્રહાર કરતા જોઇ કેટલાએક દુર્બળ હૃદયના બીકણોને મૂર્છા આવી જતી હતી. સંક્ષેપમાં કહીએ તો તે સર્વ યુદ્ધપ્રદેશ, ખળભળી ઉઠયો હતો. મારફૂટ સિવાય બીજું કંઇપણ ત્યાં જણાતું ન હતું. સર્વ પ્રદેશ સૈન્યની રજથી ઢંકાઇ ગયો હતો અને લગાર પણ મર્યાદાનું તો નામજ ન હતું. તે વેળા સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન "આ સમયજ ખરો છે માટે ઉતાવળ કરો" એમ કહીને હમેશાં સ્વભાવથીજ ત્વરાવાળા પાંડવયોદ્ધાઓને યુદ્ધમાં ઉતાવળા કરી રહ્યો હતો. બાહુબળશાળી પાંડવો પણ તેની આજ્ઞાને માન્ય કરી હંસો જેમ સરોવરમાં પડે, તેમ દ્રોણાચાર્યના રથપ્રત્યે તૂટીજ પડયા. "પરસ્પર નિર્ભય થઇ ધસારો કરો, પકડો, કાપી નાખો" આ પ્રમાણેના તુમુલ શબ્દો દ્રોણના રથસામે સંભળાઇ રહ્યા હતા. તે પછી દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, જયદ્રથ, અવંતીના કુમાર વિંદ અને અનુવિંદ તથા શલ્ય એ યોદ્ધાઓ, જોસભેર ધસી આવતાં તે પાંડવસૈન્યોને વારવા લાગ્યા; પણ આર્યધર્મ પ્રમાણે યુદ્ધ કરવા સજ્જ થયેલા તે પાંડવયોદ્ધાઓને તેઓ અટકાવી શક્યા નહિ;એટલુંજ નહિ પણ તેઓને પહોંચી વળવું પણ ભારે થઈ પડયું. જો કે પાંડવો અને પાંચાલો બાણોથી સખ્ત પીડાતા હતા, છતાંપણ તેઓએ દ્રોણને છોડયાજ નહિ; તે જોઇ દ્રોણાચાર્યને અત્યંત ક્રોધ ચઢયો. તેમણે સેંકડો બાણો છોડી ચેદિ, પાંચાલ અને પાંડવયોદ્ધાઓનો મોટો સંહાર કરી નાખ્યો. હે રાજન્! સર્વ દિશાઓમાં તે દ્રોણાચાર્યના ધનુષ્યની દોરીનો ટંકાર સંભળાતો હતો. તે ટંકાર લગભગ વજ્રપાતસરખો હતો અને ઘણા મનુષ્યોને ત્રાસ પમાડતો હતો. એજ અરસામાં સંખ્યાબંધ સંશપ્તકોને જીતીને અર્જુન, જે સ્થળે દ્રોણાચાર્ય પાંડવોને ખૂંદી રહ્યા હતા તે સ્થળે આવી પહોંચ્યો. બાણોના ઓઘરૂપ મોટી ઘુમરીઓવાળા તથા લોહીરૂપ જળવાળા મોટા મોટા ધરાઓને તરી જઇ સંશપ્તકોનો સંહાર કરી આખરે અર્જુન ત્યાં દેખાયો. સૂર્યસમાન તેજસ્વી અને યશસ્વી તે અર્જુનનો ચિહ્નભૂત વાનરધ્વજ તે જગ્યાએ તેજથી દેદીપ્યમાન અમારા જોવામાં આવ્યો. તે અર્જુનરૂપ પ્રલયકાળનો સૂર્ય, સંશપ્તકોના સૈન્યરૂપ સમુદ્રને પોતાનાં અસ્ત્રોરૂપ કિરણોથી સૂકાવી દઇ કૌરવોને પણ તપાવવા લાગ્યો. પ્રલયકાળે ઉદય પામેલો ધૂમકેતુ જેમ સર્વ ભૂતોને તપાવે, તેમ અર્જુન પણ પોતાનાં શસ્ત્રોના તેજથી સર્વ કૌરવોને બાળવા લાગ્યો. તેણે હજારો બાણોથી મારી નાખેલા-નંખાતા હાથી, ઘોડા અને રથી યોદ્ધાઓ દુઃખથી પીડાઇને છૂટા કેશે પૃથ્વીપર ઢળવા લાગ્યા. અર્જુનનાં બાણોથી ઘાયલ થયેલા કેટલાએક યોદ્ધાઓ ત્યાં બરાડા પાડવા લાગ્યા, બીજા કેટલાએક નાસી ગયા અને કેટલાએક તો મરણ પામી પડવા લાગ્યા. તેઓમાંના કેટલાએક પડી જઇ ઉભા થતા હતા, કેટલાએક ત્રાસને લીધે પુનઃ પછડાતા હતા અને કેટલાએક તો મુઠ્ઠીઓ વાળીને નાસી જતા હતા. તેઓ બધાને જો અર્જુને મારવા ધાર્યા હોત તો મારી શકત; પણ વીરપુરુષોનાં વ્રતનું સ્મરણ કરનાર તેણે કોઇને માર્યા નહિ. ભાંગી પડેલા રથવાળા તથા આશ્ચર્યચકિત થઇ લગભગ નાસભાગ કરતા તે કૌરવો "ઓ કર્ણ, ઓ કર્ણ, હા, હા," એ પ્રમાણે બૂમો પાડવા લાગ્યા. પોતાનું શરણ ઇચ્છતા તે કૌરવોની બૂમો સાંભળી અધિરથનો પુત્ર કર્ણ, "ડરશો નહિ, ડરશો નહિ" એમ સર્વને અભય આપવાની પ્રતિજ્ઞા કરી, અર્જુન સામે જઇ પહોંચ્યો. હે ભરતવંશી રાજા! સર્વ ભરતવંશીઓને હર્ષ ઉપજાવતા રથીશ્રેષ્ઠ અને અસ્ત્રવેત્તાઓમાં ઉત્તમ એવા તે કર્ણે અર્જુન પાસે જતાંવેંતજ અગ્ન્યાસ્ત્ર પ્રકટ કર્યું,પણ અર્જુને પ્રદીપ્ત ધનુષ્ય ધારણ કરનાર તે કર્ણનાં બળબળતાં બાણોને બાણના જથાથી તોડી પાડયાં; તેમજ કર્ણ પણ અર્જુનનાં ઝળહળતાં બાણોને તથા અસ્ત્રને સામેથી અસ્ત્ર છોડી વારવા લાગ્યો અને ગર્જનાપૂર્વક બાણો છોડવા લાગ્યો. એવામાં ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન અને મહારથી સાત્યકિ કર્ણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે આવીને સીધી ગતિવાળાં ત્રણ ત્રણ બાણો મૂકી તેને વિંધવા લાગ્યા; ત્યારે રાધાના પુત્રે બાણોની વૃષ્ટિથી અર્જુનના અસ્ત્રનું નિવારણ કરી ત્રણ બાણોવડે તે ત્રણેયનાં ધનુષ્યો કાપી નાખ્યાં. પોતાનાં આયુધો કપાઈ જતાં તેઓ ઝેરવિનાના સર્પોની પેઠે જરાવાર શાંત થઇ ઉભા રહ્યા અને પછી તે શૂરાઓએ પોતાના રથમાં રહેલી શક્તિઓ ફેંકીને સિંહની પેઠે ગર્જના કરી. તેઓના જોસદાર હાથમાંથી છૂટેલી સર્પસમાન ઝેરી અને ભડભડાટ બળતી તે મહાન શક્તિઓ, કર્ણના રથસામે સડસડાટ કરતી જવા લાગી; પણ બળવાન કર્ણે સીધી ગતિવાળાં ત્રણ ત્રણ બાણોથી તે શક્તિઓને કાપી નાખી, ગર્જના કરી મૂકી; અને અર્જુનસામે બાણો છોડવા માંડયાં. અર્જુને પણ સાત બાણોથી રાધાપુત્રને વિંધી નાખી બીજાં તીક્ષ્ણ બાણો મૂકી તેના નાનાભાઇને મારી નાખ્યો; એટલુંજ નહિ પરંતુ સીધાં જનારાં બીજાં છ બાણોનો પ્રહાર કરી કર્ણના શત્રુંજય નામના બીજા ભાઇને પણ મારી નાખી એક ભલ્લબાણથી તેના ત્રીજા ભાઇ વિપાટનો પણ શિરચ્છેદ કર્યો. એ રીતે એકલા અર્જુને સર્વ કૌરવોના દેખતાં તથા કર્ણની સમક્ષ તેના (કર્ણના) ત્રણ ભાઇઓને મારી નાખ્યા. તેવામાં ભીમસેન ગરુડપક્ષીની પેઠે પોતાના રથપરથી કૂદી પડયો અને હાથમાં તરવાર લઈ તેણે કર્ણના પક્ષના પંદર યોદ્ધાઓને કાપી નાખ્યા. પાછો ઝટપટ પોતાના રથમાં બેસી જઇ, બીજું ધનુષ્ય હાથમાં લઇ, દશ બાણોવડે કર્ણને તથા પાંચ બાણોવડે તેના સારથિ અને ઘોડાઓને પણ વિંધી નાખ્યા. ધૃષ્ટદ્યુમ્ને પણ હાથમાં ઉત્તમ તરવાર તથા પ્રકાશિત ઢાલ લઇ ચંદ્રવર્મા તથા નિષધના રાજા બૃહત્ક્ષત્રને મારી નાખ્યો; અને પાછો તુરત પોતાના રથમાં બેસી જઈ બીજું ધનુષ્ય હાથમાં લઇ તોંતેર બાણો છોડી કર્ણને વિંધી નાખ્યો તથા રણમાં મોટી ગર્જના કરી મૂકી. ચંદ્રસમાન કાંતિવાળા સાત્યકિએ પણ બીજું ધનુષ્ય લઈ કર્ણને ચોસઠ બાણોનો પ્રહાર કર્યો તથા સિંહસરખી ગર્જના પણ કરી. ઉપરાંત સારી રીતે તાકીને છોડેલાં બે ભલ્લબાણોથી કર્ણનું ધનુષ્ય કાપી નાખી પુનઃ ત્રણ બાણોવડે તેના બે હાથમાં તથા છાતીમાં પ્રહાર કર્યો. તે વેળા દુર્યોધન, દ્રોણાચાર્ય અને રાજા જયદ્રથે સાત્યકિરૂપ સમુદ્રમાં ગળકીયાં ખાતા કર્ણને ઉગાર્યો; તેમજ તમારા પક્ષના સેંકડો પાળા, ઘોડેસ્વારો, રથીઓ અને હાથીસ્વારો શત્રુઓપર બાણો ફેંકી ફેંકી પ્રહાર કરતા કર્ણપાસે દોડી આવ્યા. પેલી તરફથી ધૃષ્ટદ્યુમ્ન, ભીમસેન, અભિમન્યુ, અર્જુન, નકુલ અને સહદેવ—એ સર્વેએ સાત્યકિનું રક્ષણ કર્યું.

એ રીતે તમારા પુત્રો અને પાંડવોવચ્ચે પ્રાણોની પણ દરકાર કર્યાવિના કેવળ સર્વ ધનુર્ધરોના નાશને માટે મહાભયંકર રણસંગ્રામ થઇ રહ્યો હતો. તે યુદ્ધમાં પાળા રથ, હાથી અને ઘોડા હાથી, ઘોડા, રથ અને પાળાઓ સાથે લડી રહ્યા હતા; તેમજ રથીઓ હાથી, પાળા અને ઘોડાઓ સાથે લડતા હતા તથા રથો અને પાળાઓ રથો અને હાથીઓ સાથે મચી પડયા હતા. કોઈ કોઈ સ્થળે ઘોડા ઘોડાઓની સાથે, હાથીઓ હાથીઓની સાથે, રથીઓ રથીઓની સાથે તથા પાળાઓ પાળાઓની સાથે યુદ્ધમાં જોડાયેલા દેખાતા હતા. એ પ્રમાણે તે મહાન પાંડવો સાથે નિર્ભય થયેલા તમારા પુત્રોનું યમરાજાની રાજધાનીને વધારનારૂં તથા રાક્ષસોને હર્ષ ઉપજાવનારૂં અતિગહન યુદ્ધ થઇ રહ્યું હતું.[૩૧-૭૫] એ સંગ્રામમાં પાળા, રથ, ઘોડા અને હાથીઓએ અનેક હાથી, રથ, પાળા અને ઘોડાઓનો દાટ વાળી નાખ્યો હતો; તેમજ હાથીઓએ હાથીઓનો, રથીઓએ ઉંચાં કરેલાં આયુધોવાળા રથીઓનો, ઘોડાઓએ ઘોડાઓનો તથા પાળાઓએ પાળાઓનો સંહાર વાળ્યો હતો.[૭૬] વળી રથીઓએ હાથીઓનો, મહાન હાથીઓએ મહાન ઘોડાઓનો, ઘોડેસ્વારોએ ઉત્તમ રથીઓનો અને શ્રેષ્ઠ રથીઓએ ઘોડેસ્વારોનો નાશ કર્યો હતો. રણભૂમિપર મરણ પામેલા તથા છિન્નભિન્ન થયેલાં આભૂષણો અને કવચોવાળા અનેક યોદ્ધાઓમાં કોઇની જીભ બહાર નીકળી પડી હતી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇના દાંત બહાર નીકળી પડયા હતા તો કોઇનાં નેત્રો બહાર નીકળી પડેલ હતાં.[૭૭] તે રણમાં અનેક પ્રકારનાં સાધનોવાળા શત્રુયોદ્ધાઓએ સારાં સારાં હથિયારોથી મારી નાખેલા ઘણા યોદ્ધાઓ ભયંકર દેખાવે પૃથ્વીપર પડયા હતા. કેટલાએક તો ઘોડા અને હાથીના પગની ઠોકરોમાં આવી આમતેમ પછડાતા હતા અને બીજા કેટલાએક તો મોટા મોટા રથોનાં પૈડાંતળે છુંદાઇ જઇ અત્યંત આકુળવ્યાકુળ થતા હતા. માંસાહારી પશુપક્ષીઓને તથા રાક્ષસોને આનંદ ઉપજાવનાર તે દારુણ મનુષ્યોનો સંહાર થઇ રહ્યો હતો, કે જેમાં કોપાયમાન થયેલા તે બળવાન યોદ્ધાઓ પોતાના બાહુબળથી એકબીજાનો સંહાર કરતા ઘૂમી રહ્યા હતા.[૭૯] હે ભરતવંશના રાજા! લગભગ બન્ને સૈન્યોનો અત્યંત સંહાર જ્યારે થઈ ગયો અને સૂર્ય જ્યારે અસ્તાચલ પર્વતપ્રત્યે આરૂઢ થયો, ત્યારે લોહીથી રેબઝેબ થયેલા એકબીજાના અવયવોને જોતાં જોતાં તે બન્ને સૈન્યો ધીમે ધીમે છાવણી તરફ વળ્યાં.[૮૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ સંશપ્તકવધ પર્વમાં 'બીજા દિવસની સમાપ્તિ' એ વિષયનો અધ્યાય ૩૨ મો સમાપ્ત

સંશપ્તકવધ પર્વ સમાપ્ત

अभिमन्युवध पर्व

અધ્યાય ૩૩ મો

અભિમન્યુના વધનો સંક્ષેપ

॥ संजय उवाच ॥

पूर्वमस्मासु भग्नेषु फाल्गुनेनामितौजसा ।
द्रोणे च मोघसंकल्पे रक्षिते च युधिष्ठिरे॥१॥

સંજયે કહ્યું:-અતુલ તેજવાળા અર્જુને આપણી સેનાઓમાં પ્રથમજ ભંગાણ પાડયું અને દ્રોણનો સંકલ્પ વ્યર્થ કરી રાજા યુધિષ્ઠિરનું રક્ષણ કર્યું.[૧] વળી તમારા પુત્રોનો યુદ્ધમાં પરાજય કર્યો, કે જેથી તેઓનાં કવચો તૂટી ગયાં, તેઓ બધા ધૂળથી ભરાઇ ગયા અને અતિ ઉદ્વિગ્ન થઇ દશે દિશાઓ જોઈ રહ્યા હતા.[૨] તે પછી દ્રોણાચાર્યની સંમતિ પ્રમાણે સૈન્યોને પાછાં વાળી તેઓ છાવણીતરફ જવા લાગ્યા.અવશ્ય તે દિવસના રણમાં તેઓ તાકી તાકીને મારનારા શૂરા પાંડવોનાં બાણોથી ભેદાઇ ગયા હતા અને અત્યંત તિરસ્કારપાત્ર બન્યા હતા.[૩] જ્યારે બીજાં સર્વ મનુષ્યો અર્જુનના અતુલ ગુણોનાં વખાણ કરતા હતા તથા શ્રીકૃષ્ણની અર્જુનપ્રત્યેની મિત્રતાનું કીર્તન કરતા હતા,ત્યારે સર્વ જાણે જૂઠાં તહોમતવાળા થયા હોય, તેમ કેવળ વિચારપરંપરાને લીધે મુંગાજ થઇ ગયા હતા. તે દિવસની રાત્રિ વીતી અને જ્યારે સવાર થયું, ત્યારે દુર્યોધન વિનય અને અભિમાન સાથે દ્રોણાચાર્યને કહેવા લાગ્યો. તે સમયે દુર્યોધન શત્રુઓની વૃદ્ધિથી અત્યંત દુઃખી મનવાળો અને ક્રોધપૂર્ણ થઇ ગયો હતો. બોલવામાં ચતુર એવા તેણે સર્વ યોદ્ધાઓના સાંભળતાં આચાર્યને કહ્યું કે:-[૪-૬] "હે ઉત્તમ બ્રાહ્મણ! અવશ્ય અમે તો આપના શત્રુપક્ષમાંજ છીએ ખરૂં ને? કારણકે આજે યુધિષ્ઠિર આપની લગભગ પાસે આવી ચઢયો હતો; છતાં આપે તેને પકડયો નહિ.[૭] જો કદાચ તમે ધારો અને શત્રુને પકડવાની ઇચ્છા કરો તો તમારી આંખે ચઢેલો તે શત્રુ કદીપણ છૂટી શકેજ નહિ. ભલે પછી દેવોસહિત પાંડવો પણ તેનું રક્ષણ કર્યા કરે.[૮] મારાપર પ્રસન્ન થઈ આપ યુધિષ્ઠિરને પકડી લાવવાનો મને વર આપી બેઠેલા હતા, છતાંપણ પાછળથી ફરી ગયા છો; પરંતુ તે જરાયે યોગ્ય નથી. કારણકે આપ જેવા આર્યપુરુષો ભક્તોની આશાનો ભંગ કોઇપણ રીતે કરતા નથી."[૯] તે સાંભળી દ્રોણાચાર્ય અપ્રસન્ન થયા અને તેમ પોતાના રાજાને કહ્યું:-"હું સદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારૂં પ્રિય કરવામાંજ આસક્ત રહું છું, છતાં તારે મને અપ્રિયકર ગણવો ઉચિત નથી.[૧૦] અર્જુનના રક્ષણતળે રહેલા શત્રુને દેવો, અસુરો, ગંધર્વો, યક્ષો, સર્પો, રાક્ષસો કે અરે, સમગ્ર ભુવનના લોકો પણ જીતવાને સમર્થ નથી.[૧૧] અરે, તું સમજતો નથી કે, જગતના સ્રષ્ટા ગોવિંદ જે સ્થળે છે તથા અર્જુન જ્યાં સેનાપતિ છે, ત્યાં સાક્ષાત્ શંકર પ્રભુસિવાય કોનું બળ ચાલી શકે?[૧૨] હે તાત! આજે હું એક સત્ય વાત કહું છું અને તેમાં લગાર પણ અન્યથા થવાનું નથી. તે એજ કે, આજે કોઇએક મહારથીને હું અવશ્ય પાડીશ.[૧૩] આજે હું એવી વ્યૂહરચના કરવાનો છું કે જેને દેવો પણ ભેદી શકે નહિ, માટે હે રાજન્! કોઈ પણ ઉપાયે અર્જુનને રણમાંથી દૂર કરો;[૧૪] કારણકે તે અર્જુનને યુદ્ધના સંબંધમાં કંઈપણ અજાણ્યું કે ન બની શકે તેવું નથી. તેણે આમતેમ સર્વ સ્થળેથી સમગ્ર જ્ઞાન મેળવ્યું છે."[૧૫] જ્યારે દ્રોણાચાર્યે એ પ્રમાણે કહ્યું, ત્યારે સંશપ્તકોની ટુકડીઓએ ફરીથી યુદ્ધ કરવામાટે અર્જુનને દક્ષિણદિશામાં આવવાનું કહેણ મોકલ્યું.[૧૬] તે પછી અર્જુનનો તેઓના શત્રુઓસાથે એવો રણસંગ્રામ મચ્યો હતો કે જેને કોઇએ ક્યાંય જોયો નહિ હોય અને સાંભળ્યો પણ નહિ હોય.[૧૭] આ તરફ હે રાજન્! દ્રોણાચાર્યે રચેલો વ્યૂહ એવો પ્રકાશમાન દેખાતો હતો કે જાણે મધ્યદિવસે ચઢેલો બળતો સૂર્ય હોયની! તેમ તેની સામે કોઈનાથી જોઇ પણ શકાતું ન હતું.[૧૮] હે ભારત! તે અભેદ્ય ચક્રવ્યૂહને (ચક્રાવાને) પોતાના વડીલ પિતા યુધિષ્ઠિરની આજ્ઞાથી અભિમન્યુએ અનેક સ્થળેથી છિન્નભિન્ન કરી નાખ્યો હતો.[૧૯] તે અભિમન્યુએ ન બની શકે તેવું પરાક્રમ કરી હજારો વીરોનો સંહાર કરી નાખ્યો હતો; પણ આખરે દ્રોણ, અશ્વત્થામા, કૃપાચાર્ય, કર્ણ, ભોજ અને શલ્ય-એ છ યોદ્ધાઓએ તેને એ વ્યૂહમાં ઘેરી લીધો હતો અને દુઃશાસનના પુત્રના હાથમાં અનાયાસે તે આવી પડયો હતો.[૨૦] હે રાજા! તે સ્થળે શત્રુઓને તપાવનારા અભિમન્યુએ પોતાના પ્રાણોને ત્યજ્યા હતા, કે જેથી આપણે હર્ષમાં આવી ગયા હતા અને પાંડવો શોકાતુર થયા હતા. હે રાજન્! તે દિવસે જ્યારે અભિમન્યુ માર્યો ગયો, ત્યારે આપણે યુદ્ધમાંથી પાછા ફર્યા હતા.[૨૧]

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય! પુરુષોમાં સિંહસમાન અર્જુનના તે બાલવયના પુત્રને રણમાં માર્યો ગયેલો સાંભળી મારૂં હૃદય અત્યંત ફાટી જાય છે.[૨૨] અહો! અફસોસ! ધર્માચાર્યોએ ક્ષાત્રધર્મની દારુણ રચના કરી છે, કે જેમાં રાજ્ય મેળવવાની ઇચ્છાવાળા શૂરવીરોએ પોતાના બાળકપર પણ શસ્ત્રો ચલાવ્યાં છે.[૨૩] હે સંજય! અત્યંત સુખી જીંદગી ગાળનાર તે બાળક અભિમન્યુ નિર્ભય થઇને જ્યારે રણમાં ઘૂમી રહ્યો હતો ત્યારે અસ્ત્રકુશળ ઘણા વીર પુરુષોએ એકત્ર થઇ તેને કેવી રીતે માર્યો હતો? તે મને કહે.[૨૫] હે સંજય! રથીઓની સૈન્યરચનાને તોડી પાડનાર બળવાન અભિમન્યુ જે રીતે યુદ્ધમાં ખેલ્યો હોય, તે મને કહે.

સંજયે કહ્યું:-હે રાજેન્દ્ર! અભિમન્યુને રણમાં કેવી રીતે પાડવામાં આવ્યો, રથસૈન્યને તોડી પાડનાર અભિમન્યુ યુદ્ધમાં કેવી રીતે ખેલ્યો તથા તે મહાન સંહારમાં દુઃસાધ્ય એવા કેટલા વીરોને તેણે મારી નાખ્યા, ઇત્યાદિ જે તમે પ્રશ્ન કર્યા તેના પ્રત્યુત્તરમાં હું સર્વ કહું છું તે તમે સાવધાન થઇને સાંભળો.[૨૬,૨૭] તે અભિમન્યુ સાથેના યુદ્ધમાં, ગુલ્મ (ઝાડી), ઘાસ અને વૃક્ષવાળા વનમાં સળગી ઉઠેલા દાવાનળથી ત્રાસ પામેલાં વનચર પ્રાણીઓની પેઠે તમારા પક્ષના યોદ્ધાઓને ભય થયો હતો.[૨૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'અભિમન્યુના વધનું સંક્ષેપ કથન' એ વિષયનો અધ્યાય ૩૩ મો સમાપ્ત

અધ્યાય ૩૪ મો

ચક્રવ્યૂહરચના (ચક્રાવો)

॥ संजय उवाच ॥

समरेऽत्युग्रकर्माणः कर्मभिर्व्यजितश्रमाः ।
सकृष्णाः पांडवाः पंच देवैरपि दुरासदाः॥१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા ! યુદ્ધમાં અતિઉગ્ર પરાક્રમ કરનારા અને પરાક્રમથીજ સ્પષ્ટ દેખાતા પરિશ્રમવાળા કૃષ્ણસહિત પાંચ પાંડવો દેવોથી પણ ગાંજ્યા જાય તેવા નહોતા. ધૈર્ય, પરાક્રમ, વંશ, બુદ્ધિ, કીર્તિ (બીજાઓ સત્પુરુષોતરીકે જે વખાણ કરે તે), યશ (પારકાના ચિત્તને ચમત્કાર પમાડનાર ગુણસમુદાય) અને શોભા–આ બધા ગુણોની સમાનતાવાળો યુધિષ્ઠિર સિવાયનો બીજો કોઇપણ પુરુષ થયો નથી અને થશે પણ નહિ.[૨] વળી રાજા યુધિષ્ઠિર સત્યધર્મમાં આસક્ત છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરનારો છે અને બ્રાહ્મણોની પૂજા આદિ ગુણોથી સદા સ્વર્ગમાંજ પ્રાપ્ત થયેલો કહેવાય છે.[૩] હે રાજન્ ! પ્રલયકાળનો યમ, વીર્યવાન પરશુરામ અને રથમાં બેઠેલો ભીમસેન, એ ત્રણેય લોકમાં સરખાજ કહેવાય છે.[૪] પ્રતિજ્ઞાપાલન અને પરાક્રમ કરવામાં ચતુર એવા ગાંડીવ ધનુર્ધારી અર્જુનની તો આખી પૃથ્વીમાં મને ઉપમાજ જોવામાં આવતી નથી.[૫] વડીલોપર પૂજ્યભાવ, કરેલાં કર્મોનું ગોપન, વિનય, ઇંદ્રિયોનો સંયમ, સૌન્દર્ય અને શૌર્ય, આ છ ગુણો નકુલમાં નિયત રહેલા છે.[૬] વીર સહદેવ શાસ્ત્ર, ગંભીરતા, મીઠાશ, સત્ય, રૂપ અને પરાક્રમમાં અશ્વિનીકુમાર દેવસરખો છે.[૭] શ્રીકૃષ્ણમાં જે વિશાળ ગુણો રહેલા છે તથા પાંડવોમાં જે ગુણો છે, તે બધા ગુણો એકલા અભિમન્યુમાં દેખાય છે.[૮] તે પરાક્રમમાં યુધિષ્ઠિરસરખો છે, ચારિત્રમાં શ્રીકૃષ્ણસરખો છે, કર્મોમાં ભયંકર કર્મ કરનાર ભીમસેનસરખો છે, રૂપમાં, પરાક્રમમાં તથા શાસ્ત્રમાં અર્જુનસરખો છે અને વિનયમાં સહદેવ અને નકુલસરખો છે.[૯,૧૦]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સૂત ! સુભદ્રાનો પુત્ર અભિમન્યુ કદીપણ પરાજય પામે તેવો નથી; છતાં યુદ્ધમાં કેમ માર્યો ગયો, તેનું સંપૂર્ણ વર્ણન મને સાંભળવાની ઇચ્છા છે.[૧૧]

સંજયે કહ્યું:–હે મહારાજ ! જરા સ્થિર થાઓ અને દુર્ધર એવા પણ શોકને ધારી રાખો. હું તમને તમારા સંબંધીઓનો મહાન નાશ કહું છું તે સાંભળો.[૧૨]

હે મહારાજ ! આચાર્યે ચક્રવ્યૂહ રચ્યો અને તેમાં ઇંદ્રસરખા સર્વરાજાઓને ગોઠવ્યા. તે વ્યૂહના આરાઓને સ્થળે સૂર્યસરખા તેજસ્વી રાજકુમારોને ગોઠવ્યા હતા. તે સમયે ત્યાં સર્વ રાજપુત્રોનો સમૂહ એકઠો થયો હતો. તેઓ બધાએ એકત્ર રહેવાનો સંકેત કર્યો હતો. તેઓ બધાની ધ્વજાઓ સુવર્ણજડિત હતી, બધાએ લાલ વસ્ત્રો તથા લાલ આભૂષણો પહેર્યાં હતાં, તેઓની પતાકા લાલ રંગની હતી, સૌએ સોનાની માળાઓ ધારણ કરી હતી, ચંદન અને અગરનું શરીરે લેપન કર્યું હતું, પુષ્પોની માળાઓ પહેરી હતી અને બધાએ વસ્ત્રો પણ ઘણાં બારીક પહેર્યાં હતાં.[૧૫,૧૬] તેઓ બધા રાજપુત્રો એકત્ર થઇને અભિમન્યુ સામે યુદ્ધ કરવા દોડી ગયા હતા. તેઓની કુલ સંખ્યા દશહજારની હતી અને બધાના હાથમાં મજબૂત ધનુષ્યો હતાં.[૧૭] તેઓ બધા પ્રિય દેખાવવાળા કુમાર લક્ષ્મણને આગળ કરી ચાલતા હતા. વળી તેઓ એકબીજાના દુઃખમાં સમાન હતા. સાહસમાં પણ અન્યોન્ય સરખાજ હતા તથા અન્યોન્યની સ્પર્ધા કરનારા અને અન્યોન્યના હિતમાં આસક્ત હતા. હે રાજેન્દ્ર ! દુર્યોધન રાજા તો એ વ્યૂહના મધ્યભાગમાં ઉભો હતો. તે સમયે કર્ણ, દુઃશાસન અને કૃપાચાર્ય, એ ત્રણ મહારથીઓ તેને વિંટાઇ વળ્યા હતા. તેના મસ્તકપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું હતું, તેથી સાક્ષાત્ શ્રીમાન ઇન્દ્રસરખો તે દેખાતો હતો. વળી આસપાસ ચામરો અને પંખાઓ ઢોળાતા હતા જેથી ઉદય પામતા સૂર્યસરખો તે શોભતો હતો. તે સૈન્યના મોખરામાં સૈન્યના નાયક દ્રોણાચાર્ય તથા સિંધુરાજ શ્રીમાન જયદ્રથ, મેરુપર્વતની પેઠે અડગ ઉભા હતા. હે મહારાજ ! સિંધુરાજની પાસે અશ્વત્થામાને આગળ કરી દેવસમાન કાંતિવાળા તમારા ત્રીસ પુત્રો તથા કપટી શકુનિ, શલ્ય અને ભૂરિશ્રવા વગેરે મહારથીઓ શોભી રહ્યા હતા. એ રીતે વ્યૂહરચના થઇ રહ્યા પછી તમારા અને શત્રુપક્ષના યોદ્ધાઓ વચ્ચે મરણ થાય તોપણ પાછા ન હઠવું એવા નિશ્ચયવાળું અને જોતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂવાં ખડાં થઈ જાય તેવું તુમુલ યુદ્ધ ચાલુ થયું હતું.[૧૮-૨૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'ચક્રવ્યૂહની રચના' એ વિષયનો અધ્યાય ૩૪ મો સમાપ્ત

અધ્યાય ૩૫ મો

અભિમન્યુની પ્રતિજ્ઞા

॥ संजय उवाच ॥

तदनीकमनाधृष्यं भारद्वाजेन रक्षितम् ।
पार्थाः समभ्यवर्तन्त भीमसेनपुरोगमाः॥१॥

સંજયે કહ્યું:-દ્રોણાચાર્યના રક્ષણતળે રહેલા તે અજિત કૌરવસૈન્યપર ભીમસેન આદિ પાંડવોએ ચઢાઇ કરી.[૧] સાત્યકિ, ચેકિતાન, ધૃષ્ટદ્યુમ્ન, પરાક્રમી કુંતિભોજ, મહારથી દ્રુપદ, અભિમન્યુ, ક્ષત્રધર્મા, વીર્યવાન બૃહત્ક્ષત્ર, ચેદિરાજા ધૃષ્ટકેતુ, નકુલ, સહદેવ, ઘટોત્કચ, પરાક્રમી યુધામન્યુ, અજિત શિખંડી, દુરાધર્ષ ઉત્તમૌજા, મહારથી વિરાટ્, કોપાયમાન થયેલા દ્રૌપદીના પુત્રો, વીર્યવાન એવો શિશુપાલનો પુત્ર, મહાન વીર્યવાળા કેકયકુમારો અને તે સિવાયના બીજા હજારો અસ્ત્રકુશળ અને યુદ્ધપ્રિય યોદ્ધાઓ પોતપોતાની ટુકડીઓ સાથે દ્રોણસામે યુદ્ધ કરવાની ઇચ્છાથી એકદમ ધાયા.[૨-૬] સમીપમાં આવી રહેલા તે યોદ્ધાઓને જોઇ, અતિ વીર્યવાન દ્રોણાચાર્ય લગારે ગભરાયા નહિ, પણ બાણોના મોટા જથાથી તેઓને આગળ વધતા અટકાવવા લાગ્યા. જેમ પાણીનો મોટો પ્રવાહ દુર્ભેદ્ય પર્વત પાસે આવીને આગળ વધી શકે નહિ, તેમ તે પાંડવ યોદ્ધાઓ પણ દ્રોણ પાસે આવી આગળ વધી શકયા નહિ; પણ જળાશયો જેમ કાંઠા આગળ અટકી જાય, તેમ તેઓ દ્રોણ આગળ આવી અટકી ગયા.[૮] હે રાજન્ ! દ્રોણના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોએ પાંડવોને એટલા બધા પીડી નાખ્યા કે જેથી તેઓ તેમનીસામા ઉભા રહીજ શકયા નહિ. તે સમયે દ્રોણાચાર્યના બાહુઓનું બળ અમને ઘણું અદ્ભુત જોવામાં આવ્યું; કારણકે પાંચાલોસાથે મળેલા સૃંજયો એમની સામા થઇ શકયા નહિ.[૧૦] ક્રોધપૂર્વક ધસી આવતા દ્રોણાચાર્યને જોઈ તેમને અટકાવવા માટે યુધિષ્ઠિરરાજા ઘણા વિચારો કરવા લાગ્યા. વિચાર કરતાં કરતાં તેમને જણાયું કે, આ દ્રોણને અમારામાંનો કોઈપણ વારી શકે તેમ લાગતું નથી. આમ વિચાર કરી છેવટે તે અસહ્ય મોટો બોજો સુભદ્રાના પુત્ર અભિમન્યુપર મૂકવાનો તેમણે નિશ્ચય કર્યો;[૧૨] કારણકે તે શ્રીકૃષ્ણથી કે અર્જુનથી ઉતરે તેવો ન હતો, પણ અતુલ તેજવાળો હતો. પછી શત્રુવીરોનો સંહાર કરનારા તે અભિમન્યુપ્રત્યે યુધિષ્ઠિરે આ વચન કહ્યું:-[૧૩]"હે તાત અભિમન્યુ! તારો પિતા અર્જુન, સંશપ્તકો સાથેના યુદ્ધમાંથી પાછો ફરી આપણો જે પ્રમાણે તિરસ્કાર ન કરે તે પ્રમાણે આ સમયે તું કર. અમે બધા આ ચક્રવ્યૂહનો ભેદ કરવાનું જાણતા નથી.[૧૪] માત્ર તું, અર્જુન, શ્રીકૃષ્ણ અથવા પ્રદ્યુમ્નજ આ વ્યૂહને ભેદી શકે; પરંતુ હે મોટી ભુજાવાળા અભિમન્યુ ! એ ચાર જણા સિવાયનો પાંચમો પુરુષ આ વ્યૂહને ભેદી શકે તેવો છેજ નહિ.[૧૫] હે તાત અભિમન્યુ ! તારા કાકાઓ, મામાઓ અને આ સઘળાં સૈન્યો આ સમયે તારી પાસે ચક્રવ્યૂહનું ભેદન કરાવવા માગે છે; માટે તું તેઓ બધાની તે ઇચ્છા પૂર્ણ કર. એકદમ અસ્ત્ર હાથમાં લઈ દ્રોણની સૈન્યરચનાને તોડી નાખ. જો આ વખતે તું આ કાર્ય નહિ કરે તો રણમાંથી આવીને અર્જુન આપણ બધાની નિંદા કરશે."[૧૬,૧૭]

તે સાંભળી અભિમન્યુ બોલ્યો:-"મારા પિતાઓનો યુદ્ધમાં જય ઇચ્છી હું આ અતિ ઉગ્ર અને દૃઢ એવા દ્રોણના સૈન્યમાં હાલજ દાખલ થાઉં છું.[૧૮] મને મારા પિતાએ ચક્રવ્યૂહને તોડી નાખવાનો ઉપાય શીખવ્યો છે, પણ તેમાંથી પુનઃ પાછા આવવાનો ઉપાય શીખવ્યો નથી, જેથી તેવો કોઇ આપત્તિનો પ્રસંગ જો આવી પડે તો હું તેમાંથી નીકળી શકીશ નહિ".

યુધિષ્ઠિરે કહ્યું:-"હે યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ અભિમન્યુ! તું પ્રથમ આ સૈન્યની વ્યૂહરચનાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોડી નાખ અને અમને તેમાં દાખલ થવાનું દ્વાર કરી આપ. હે તાત ! જે માર્ગે તેમાં તું ચાલીશ તે માર્ગે અમે બધા તારી પાછળ પાછળ ચાલીશું.[૨૦] હે તાત ! યુદ્ધમાં અર્જુન-સરખા એવા તારી પાછળ આ યુદ્ધમાં અમે દાખલ થઇ ચારેબાજુથી તારૂં રક્ષણ કરતા ચાલ્યા આવીશું."[૨૧]

ભીમસેને કહ્યું:–"હું, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, પાંચાલો, કેકયો, મત્સ્યો તથા પ્રભદ્રક યોદ્ધાઓ તારી પાછળજ આવીશું. એક વખત જેવો તું વ્યૂહ તોડીશ કે તુરત તે તે સ્થળે ઉભેલા સારા સારા યોદ્ધાઓનો અમે સંહાર કરી નાખીશું."

અભિમન્યુએ કહ્યું:–"જેમ પતંગિયું બળતા અગ્નિમાં પ્રવેશ કરે, તેમ હું ક્રોધપૂર્વક આ જીત્યું ન જીતાય તેવા દ્રોણના સન્યમાં પ્રવેશ કરૂં છું.[૨૪] હું આજે એવું કર્મ કરી દેખાડીશ, કે જે મારા બન્ને વંશને–મામાને (શ્રી કૃષ્ણને) તથા પિતાને પ્રીતિ કરનાર થઇ પડશે. આજના સંગ્રામમાં હું એક બાળક, ટોળાબંધ આ શત્રુઓના સૈન્યને હાંકી કાઢીશ, તે સર્વ પ્રાણીઓ એક વખત તો જોઈ રહેશે.[૩૬] આજના યુદ્ધમાં કોઇપણ શત્રુ જો મારે હાથે જીવતો જાય તો હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, હું અર્જુન અને સુભદ્રાથી જન્મ્યો નહિ હોઉં.[૨૭] એક રથનીજ સહાય લઇ આ યુદ્ધમાં સમગ્ર ક્ષત્રિયોનાં મંડળને આઠ વિભાગમાં જો હું ન કરૂં તો અર્જુનનો પુત્રજ નહિ."[૨૮]

યુધિષ્ઠિરે કહ્યું:–"હે સુભદ્રાના પુત્ર ! સાધ્ય, રુદ્ર અને વાયુસરખા તથા પરાક્રમમાં વસુ, અગ્નિ અને સૂર્યસરખા અને પુરુષોમાં વ્યાઘ્રસમાન એવા મહાબળવાન ધનુર્ધરોના રક્ષણતળે રહેલા અજિત દ્રોણાચાર્યના આ સૈન્યને ભેદી નાખવાનો તું ઉત્સાહ કરે છે અને આ પ્રમાણે પ્રતિજ્ઞાવચન બોલે છે, માટે હું તને આશીર્વાદ આપું છું કે,તારૂં બળ વૃદ્ધિ પામો."

સંજયે કહ્યું:–પોતાના વડીલ કાકા યુધિષ્ઠિરનું વચન સાંભળી અભિમન્યુએ પોતાના સારથિને આજ્ઞા કરી કે:–"હે સુમિત્ર ! આપણા ઘોડાઓને રણમાં દ્રોણના સૈન્યતરફ જલદી હાંક."

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'અભિમન્યુની પ્રતિજ્ઞા' એ વિષયનો અધ્યાય ૩૫ મો સમાપ્ત

અધ્યાય ૩૬ મો

અભિમન્યુની ચઢાઇ

॥ संजय उवाच ॥

सौभद्रस्तद्वचः श्रुत्वा धमराजस्य धीमतः।
अचोदयत यंतारं द्रोणानीकाय भारत ॥१॥

સંજયે કહ્યું:–હે ભરતવંશના રાજા ! બુદ્ધિમાન ધર્મરાજાનું તે વચન સાંભળી:અભિમન્યુએ પોતાના રથને દ્રોણાચાર્યના સન્ય તરફ હાંકવા આજ્ઞા કરી.[૧] "ચાલ, હવે રથને ઝટ ચલાવ" એ પ્રમાણે જ્યારે અભિમન્યુએ કહ્યું, ત્યારે હે રાજન્ ! તેના સારથિએ તેને આ વચન કહ્યું:–[૨] "હે આયુષ્મન્ ! પાંડવોએ આપનાપર મોટો ભાર મૂક્યો છે; માટે હું કહું છું કે, એક ક્ષણવાર બુદ્ધિસાથે વિચાર કર્યાપછી તમે યુદ્ધ કરવા યોગ્ય છો.[૩] લગાર વિચાર કરો. આચાર્ય દ્રોણ અતિકુશળ છે, તેમણે ઉત્તમ ઉત્તમ અસ્ત્રોમાં ઘણોજ પરિશ્રમ કર્યો છે અને તમે અત્યંત સુખમાંજ ઉછરી મોટા થયા છો તથા યુદ્ધકુશળ નથી[૪] તે સાંભળી અભિમન્યુ હસ્યો અને સારથિપ્રત્યે કહેવા લાગ્યો:–"ઓ સારથિ! આ દ્રોણ અથવા સમગ્ર ક્ષત્રિયો તે કોણ માત્ર છે ? રે ! ઐરાવત હાથીપર બેઠેલા સર્વ દેવગણોસહિત ઇંદ્ર સામે અથવા સર્વ ભૂતગણોથી પૂજાયેલા સાક્ષાત્ રુદ્ર કે શંકર સામે પણ હું રણના મોખરામાં રહી યુદ્ધ કરૂં તો પછી આ ક્ષત્રિયો સામે યુદ્ધ કરવું,તેમાં મને કંઇ આશ્ચર્ય નથી. આ શત્રુઓનું સૈન્ય મારી સોળમી કળાને પણ યોગ્ય નથી. હે સારથિ ! વધારે શું કહું; પરંતુ જગજેતા મારા મામા શ્રીકૃષ્ણ અથવા મારા પિતા અર્જુન પણ જો કદાચ યુદ્ધમાં મારી સામા આવે તોએ મને ભય થશે નહિ; તો પછી આ બિચારા ક્ષત્રિયોનું શું ગજું ?" એ રીતે અભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન્યુએ સારથિના વચનનું ખંડન કરી નાખ્યું અને કહ્યું કે, "સત્વર દ્રોણના સૈન્ય તરફ ચાલ, વખત નહિ ગાળ." એ સાંભળી સારથિ મનમાં પ્રસન્ન તો થયો નહિ, પણ તેણે ત્રણ વર્ષની અવસ્થાવાળા અને સુવર્ણનાં આભૂષણવાળા ઘોડાઓને રણમાં હાંકયા. અભિમન્યુના સારથિ સુમિત્રે દ્રોણના સૈન્યસામે જ્યારે ઘોડાઓને હાંકયા, ત્યારે તે ઘોડાઓ હે રાજન્ ! મહાવેગ અને પરાક્રમવાળા દ્રોણસામે ધસી ગયા. એ રીતે અભિમન્યુને ધસી આવતો જોઇ દ્રોણ આદિ સર્વ કૌરવયોદ્ધાઓ તેની સામા થયા અને પાંડવયોદ્ધાઓ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.[૭-૧૧] જેમ સિંહનું બાળક હાથીઓપર ચઢી આવે, તેમ કરેણના વૃક્ષના ચિહ્નવાળી સુંદર ધ્વજાવાળો, સુવર્ણના કવચવાળો અને અર્જુન કરતાં પણ ચઢિયાતો અર્જુનનો પુત્ર, યુદ્ધ કરવાની ઇચ્છાથી દ્રોણ આદિ મહારથીઓપર ચઢી આવ્યો.[૧૨] વ્યૂહનું રક્ષણ કરવામાં સજ્જ રહેલા તેઓ પણ અભિમન્યુપર બાણોનો મારો ચલાવવા લાગ્યા, જેથી તે સ્થળે સમુદ્રમાં ગંગાના મેળાપસ્થળે જેવી મોટી ઘૂમરી પડે છે તેવી બાણોની ગોળાકાર ઘૂમરી થઇ રહી.[૧૩] હે રાજન્ ! પછી તો અન્યોન્ય પ્રહાર કરી લડી રહેલા તે શૂરાઓનો અતિ દારુણ સંગ્રામ ચાલુ થયો.[૧૪]

અતિ ભયંકર એવો તે સંગ્રામ જે સમયે ચાલુ થયો, તે સમયે અભિમન્યુએ દ્રોણાચાર્યની સમક્ષ તે વ્યૂહને ભેદી નાખી અંદર પ્રવેશ કર્યો. સંખ્યાબંધ શત્રુઓનો સંહાર કરતા મહાબળવાન અભિમન્યુને વ્યૂહમાં પેઠેલો જોઇ અનેક હાથી, ઘોડા, રથ અને પાળાઓ આયુધો ઉગામી ઉગામીને તેને ઘેરી વળ્યા.[૧૬] અનેક પ્રકારનાં વાદિત્રોના શબ્દોથી, સિંહનાદોથી, એક બીજાને મારેલી હાંકોથી "મારો, મારો" એવી ગર્જનાઓથી, હુંકારોથી, સિંહસરખી ઘોષણાઓથી "ઉભો રહે, ઉભો રહે" એ પ્રમાણેના શબ્દોથી, ઘોર એવા કોલાહલથી, "જા નહિ, ઉભો રહે, મારી સામે આવી જા, ઓ મારા શત્રુ ! હું આ રહ્યો" ઇત્યાદિ પ્રલાપને વારંવાર કરવાથી, હાથીઓના ગર્જારવથી, ધનુષ્યની દોરીઓના ટંકારોથી, સમયે સમયે યોદ્ધાઓના ખડખડાટ હાસ્યથી, તાળીઓના અવાજથી અને રથનાં પૈડાંઓના ઘડઘડાટથી પૃથ્વીને ગજાવી મૂકતા કૌરવયોદ્ધાઓ અર્જુનના પુત્ર સામા ધાયા.[૧૭-૧૯] હે રાજન્ ! પોતાની સામા ધાઈ આવતા તે વીરોને જોઇ ત્વરાપૂર્વક યુદ્ધ કરનારો, મહાબળવાન, સત્વર અસ્ત્રો ફેંકનારો અને મર્મવેત્તા અભિમન્યુ, મર્મને ભેદી નાખે તેવાં બાણોથી સર્વને હણવાજ લાગ્યો.[૨૦] અનેક જાતનાં તીક્ષ્ણ બાણોવડે તેઓનો જેમ જેમ સંહાર થતો હતો, તેમ તેમ ઉલટા બેભાન થઇને પતંગિયાં જેમ અગ્નિમાં પડે, તેમ તેઓનાં ટોળેટોળાં અભિમન્યુ સામે આવવા લાગ્યાં.[૨૧] ઋત્વિજો યજ્ઞમાં જેમ દર્ભવડે વેદિકાને ઢાંકી દે, તેમ અભિમન્યુએ તેઓનાં શરીર અને શરીરના અવયવોવડે રણભૂમિને ઢાંકી દીધી.[૨૨] ઘોના ચામડાનાં મોજાંવાળા, ધનુષ્યબાણને ધારણ કરનારા, ઢાલ, તરવાર, અંકુશ અને બાણોવાળા, તોમર અને ફરશીઓવાળા, ગદા, લોઢાની ગોળીઓ, ભાલાં, બન્ને તરફ ધારવાળી તરવારો, તોમરો, પટ્ટિશો, ભિંદિપાલો, પરિઘો, શક્તિઓ અને સારાં સારાં કંપન નામનાં હથિયારોવાળા, વળી ચાબૂકો, મોટા મોટા શંખો, ઝીણા ઝીણા છરાઓ અને અંકુશોને ધારણ કરનારા, મુદ્ગર, ગોફણો, પાશ, પરિઘ તથા પત્થરોવાળા, કેયૂર અને બાજુબંધ આદિ આભૂષણોવાળા; તેમજ સુંદર ચંદનના લેપનવાળા તમારા યોદ્ધાઓના હજારો હાથોને અર્જુનના પુત્રે એકદમ કાપી નાખ્યા.[૨૬] હે મહારાજ ! લોહીથી ખરડાયેલા સુશોભિત તે હાથોવડે રણભૂમિ ગરુડે મારી નાખેલા પાંચ મોઢાવાળા સર્પોથી જાણે છવાયેલી હોય, તેમ શોભતી હતી;[૨૭] તેમજ વળી સારી નાસિકા, મુખ અને ચોટલીઓવાળાં, લગારે ઘાયલ નહિ થયેલાં, સુંદર કુંડળોવાળાં, ક્રોધથી દંસેલા હોઠવાળાં, પુષ્કળ લોહીને ઝરતાં, સુંદર મુકુટો અને પાઘડીઓવાળાં, મણિ અને રત્નોથી શોભતાં, દાંડલાવિનાના કમળસરખાં, સૂર્ય અને ચંદ્રસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન કાંતિવાળાં, તે તે સમયે હિત અને પ્રિય-વચન બોલનારાં તથા પવિત્ર ગંધવાળાં અનેક શત્રુઓનાં મસ્તકોથી અર્જુનપુત્રે રણભૂમિને છાઇ દીધી.[૨૮–૩૦] ગંધર્વના નગરસમાન આકારવાળા, શાસ્ત્રોક્ત વિધિથી તૈયાર કરેલા અનેક રથોને ઇષરૂપ મુખવિનાના, ત્રણ વેણુરહિત ઉંટડા, દાંડા, જંઘા અને કૂબર આદિ અવયવોવિના કરી નાખ્યા હતા. વળી નેમિ અને દાંતાવિનાના, પૈડાં, ઉપસ્કર અને મધ્યભાગથી હીન થયેલા, ભાંગી પડેલા ઉપકરણોવાળા, પાડી નાખેલા પાથરણવાળા તથા માર્યા ગયેલા યોદ્ધાઓવાળા હજારો રથોના ટુકડા કરતો તે અભિમન્યુ,સર્વ દિશાઓમાં દેખાતો હતો.[૩૩] તેણે શત્રુઓના હાથીઓને,હાથીસ્વારોને,પતાકાઓને, અંકુશોને,ધ્વજાઓને, ભાથાઓને, કવચોને, કેડે બાંધવાના દોરાઓને, ડોકે બાંધવાના કંઠાઓને, ઝુલોને, ઘંટડીઓને, સૂંઢોને, દંતૂશળોના અગ્રભાગોને,છત્રોને, માળાઓને તથા હાથીઓને પગલે ચાલનારા યોદ્ધાઓને તીક્ષ્ણ ધારવાળાં બાણોવડે કાપી નાખ્યા હતા;[૩૪,૩૫] તેમજ વનાયુ દેશના, પર્વતપ્રદેશના, કાંબોજદેશના, બાહ્લિક દેશના, સ્થિર કેશવાળી, કાન અને નેત્રવાળા, વેગવાળા, સારી રીતે વહેનારા તથા શક્તિ, ઋષ્ટિ અને ભાલાંઓથી યુદ્ધ કરનારા સુશિક્ષિત યોદ્ધાઓની સ્વારીવાળા ઘણા ઘોડાઓને તેણે કાપી નાખ્યા કે જે ઘોડાઓનાં ચામર વગેરે નાશ પામ્યાં હતાં, તેમનાં ઉપસ્કરો છિન્નભિન્ન થઇ ગયાં હતાં, તેઓની જીભ અને નેત્રો નીકળી પડયાં હતાં, આંતરડાં અને બરોળો પણ બહાર નીકળી પડી હતી, સ્વારો માર્યા ગયા હતા, ઘંટડીઓ તૂટી ગઇ હતી, રાક્ષસોને તેઓ આનંદ ઉપજાવી રહ્યા હતા, તેઓનાં ઉપરનાં જીનો તથા કવચો પણ કપાઇ ગયાં હતાં, વિષ્ઠા, મૂત્ર અને લોહીથી તેઓ ખરડાઇ ગયા હતા. એ રીતે ઉત્તમ ઉત્તમ ઘોડાઓનો સંહાર કરતો તે અભિમન્યુ રણમાં દીપી રહ્યો હતો.[૩૬] પોતે એકલોજ વિષ્ણુની પેઠે અચિન્ત્ય અને અતિદુષ્કર પરાક્રમ કરી, પૂર્વકાળમાં મહાતેજસ્વી શંકરે ઘોર અસુરોના સૈન્યને જે રીતે નાશ પમાડયું હતું, તે રીતે કૌરવોના મહાન ચતુરંગી સૈન્યને નાશ પમાડી દીધું.[૪૦] એ મહારણમાં શત્રુઓથી સહન ન થઇ શકે તેવું પરાક્રમ કરી અર્જુનપુત્ર અભિમન્યુએ તમારા પક્ષના અનેક પાળાઓનો સંહારજ કરી નાખ્યો. કાર્તિકસ્વામીએ જેમ પૂર્વે રાક્ષસી સેનાનો ઘોર નાશ કરી નાખ્યો હતો, તેમ એકલા અભિમન્યુએ તીક્ષ્ણ બાણોના પ્રહારથી અત્યંત સંહારી નાખેલી જોઇ તમારા પુત્રો દશે દિશાઓને જોવા લાગ્યા.[૪૧–૪૩] તેઓનાં મોઢાં સૂકાઇ ગયાં હતાં, નેત્રો ચોતરફ ચકરવકર ફરતાં હતાં, શરીરે પરસેવાના રેલા ચાલી નીકળ્યા હતા, તેઓ રણમાંથી નાસી જવાનોજ ઉત્સાહ કરી રહ્યા હતા અને શત્રુઓનો જય કરવામાં તદ્દન ઉત્સાહરહિત થયા હતા.[૪૪] અન્યોન્યનાં ગોત્ર અને નામનો ઉચ્ચાર કરી બૂમાબૂમ કરતા અને કેવળ જીવવાનીજ ઇચ્છાવાળા તે કૌરવયોદ્ધાઓ માર્યા ગયેલા પુત્રો, પિતાઓ, ભાઇઓ, બંધુઓ તથા સંબંધીઓનો ત્યાગ કરી ઘોડાઓ અને હાથીઓને દોડાવી સત્વર પ્રયાણજ કરી ગયા.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં
'અભિમન્યુનું પરાક્રમ' એ વિષયનો
અધ્યાય ૩૬ મો સમાપ્ત

અધ્યાય ૩૭ મો
અભિમન્યુનું પરાક્રમ

॥ संजय उवाच ॥

तां प्रभग्नां चमूंदृष्ट्वा सौभद्रेणामितौजसा ।
दुर्योधनो भृशं क्रुद्धः स्वयं सौभद्रमभ्ययात् ॥

અમાપ તેજવાળા અભિમન્યુએ હરોળમાંથી તોડી નાખેલી તે સેનાને જોઇને દુર્યોધન અત્યંત કોપાયમાન થઇ ગયો અને પોતે જાતેજ અભિમન્યુ સામે ધસ્યો.[૧] રાજા દુર્યોધનને યુદ્ધ કરવામાટે અભિમન્યુપ્રત્યે ધસી ગયેલો જોઇ, દ્રોણાચાર્ય સર્વ યોદ્ધાઓને કહેવા લાગ્યા કેઃ– "આપણા રાજાનું રક્ષણ કરો;[૨] કારણકે પરાક્રમી અભિમન્યુ, આપણા બધાના દેખતાં સારા સારા યોદ્ધાઓને પ્રથમજ મારે છે, માટે તેની સામા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્વર ધસો, ડરશો નહિ, કુરુરાજનું રક્ષણ કરો." એ પ્રમાણે આચાર્યની આજ્ઞા થતાંજ કૃતજ્ઞ, બળવાન અને વિજયી એવા દુર્યોધનના મિત્રો તેનું રક્ષણ કરવામાટે તમારા વીરપુત્ર દુર્યોધનની આસપાસ વિંટાઇ વળ્યા.[૪] દ્રોણાચાર્ય, અશ્વત્થામા, કૃપાચાર્ય, કર્ણ, કૃતવર્મા, શકુનિ, બૃહદ્બલ, મદ્રરાજ, ભૂરિ, ભૂરિશ્રવા, શલ, પૌરવ, વૃષસેન વગેરે યોદ્ધાઓ, તીક્ષ્ણ બાણોનો મોટો વરસાદ વરસાવી અભિમન્યુને છાઇ દેવા લાગ્યા.[૫,૬] અભિમન્યુને મોહ પમાડીને મુખમાંથી જેમ કોળીઓ ઝુંટવી લે, તેમ તે વીરોએ દુર્યોધનને છોડાવ્યો, પણ અર્જુનનો પુત્ર તે સહન કરી શક્યો નહિ.[૭] બાણોના મોટા જથાથી ઘોડા અને સારથિઓસહિત તે મહારથીઓને વિમુખ કરી નાખી અભિમન્યુ સિંહના જેવી ગર્જના કરવા લાગ્યો.[૮] માંસમાં લુબ્ધ થયેલા સિંહના નાદસરખા અભિમન્યુના સિંહનાદને સાંભળીને અત્યંત ક્રોધાતુર થયેલા દ્રોણ આદિ મહારથીઓ પણ તેના પરાક્રમને સહન કરી શક્યા નહિ.[૯] હે રાજન્! તેઓ બધાએ મોટા રથસમુદાયથી એને ઘેરી લઇ હે રાજન્! અનેક પ્રકારનાં ચિહ્નોવાળાં સંખ્યાબંધ બાણો છોડવા માંડયાં,[૧૦] પણ તમારા પૌત્રે (અભિમન્યુએ) તીક્ષ્ણ બાણોવડે તેઓનાં બાણોના વચમાંથીજ ટુકડા કરી નાખ્યા; ઉપરાંત તેઓ બધાને સામેથી ઘાયલ પણ કર્યા, તે ઘણું આશ્ચર્યજનક હતું.[૧૧] સર્પસમાન ઝેરી બાણોથી જ્યારે અભિમન્યુએ તેઓને કોપાવ્યા, ત્યારે તેઓ બધા અજિત અભિમન્યુને મારી નાખવાની ઇચ્છાથી ચોતરફથી ઘેરી વળ્યા.[૧૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! સમુદ્રની પેઠે ફેલાયેલા તમારા સૈન્યસમુદ્રને એકલો અભિમન્યુ, કાંઠાની પેઠે બાણોવડે ખાળી રહ્યો હતો.[૧૩] એ રણમાં અન્યોન્યનો સંહાર કરી રહેલા તે શૂરા યોદ્ધાઓમાંથી અભિમન્યુ કે તેના શત્રુપક્ષમાંના કોઇએ પણ પીઠ બતાવી ન હતી.[૧૪] એ રીતે ઘોર અને ભયંકર એવા તે સંગ્રામમાં દુઃસહે નવ બાણોથી, દુઃશાસને બાર બાણોથી, કૃપાચાર્યે ત્રણ બાણોથી, દ્રોણાચાર્યે સર્પસમાન ઝેરી સત્તર બાણોથી, વિવિંશતિએ સિત્તેર બાણોથી, કૃતવર્માએ સાત બાણોથી, બૃહદ્બલે આઠ બાણોથી, અશ્વત્થામાએ સાત બાણોથી, ભૂરિશ્રવાએ ત્રણ બાણોથી, મદ્રરાજે છ બાણોથી, શકુનિએ બે બાણોથી અને દુર્યોધનરાજાએ ત્રણ બાણોથી અભિમન્યુને વિંધી નાખ્યો.[૧૫-૧૮] હે મહારાજ! પ્રતાપી અભિમન્યુએ પણ હાથમાં ધનુષ્ય લઇ જાણે નૃત્ય કરતો હોય, તેમ સીધાં જનારાં ત્રણ ત્રણ બાણો છોડી તેઓ બધાને વિંધી નાખ્યા;[૧૯] છતાં પણ તમારા પુત્રો જ્યારે તેને ત્રાસ પમાડવા લાગ્યા, ત્યારે અભિમન્યુ કોપ્યો અને તેણે પોતે કરેલા મોટા અસ્ત્રાભ્યાસનું બળ તથા પોતાનું સ્વાભાવિક બળ દર્શાવવાનો આરંભ કર્યો.[૨૦] તેવામાં ગરુડ અને વાયુસમાન વેગવાળા તથા હાંકનારના કહ્યા પ્રમાણે કરનારા-કહ્યાગરા અને કેળવાયલા ઘોડાઓને દોડાવતો રાજા અશ્મકનો પુત્ર સત્વર અભિમન્યુને અટકાવવા લાગ્યો. તેણે દશબાણના પ્રહારથી અભિમન્યુને વિંધી નાખ્યો અને "ઉભો રહે, ઉભો રહે" એમ તે કહેવા લાગ્યો. ત્યારે અભિમન્યુએ મંદ હાસ્ય કરી દશ બાણોવડે તેના ઘોડા, સારથિ, ધ્વજ, બાહુ, ધનુષ્ય અને મસ્તકને પૃથ્વીપર પાડી દીધાં. એ રીતે વીર અશ્મકેશ્વરને અભિમન્યુએ જ્યારે મારી નાખ્યો, ત્યારે સર્વ સૈન્ય ખળભળી ઉઠયું અને પલાયન કરવા તત્પર થયું. તે સમયે કર્ણ, કૃપાચાર્ય, દ્રોણ, અશ્વત્થામા, શકુનિ, શલ, શલ્ય, ભૂરિશ્રવા, કાથ, સોમદત્ત, વિવિંશતિ, વૃષસેન, સુષેણ, કુંડભેદી, પ્રતર્દન, વૃન્દારક, લલિત્થ, પ્રબાહુ, દીર્ઘલોચન અને ક્રોધાયમાન થયેલો દુર્યોધન-એ સર્વ યોદ્ધાઓ બાણોનો વરસાદ વરસાવી અભિમન્યુને છાઇ દેવા લાગ્યા.[૨૨-૨૬] મહાધનુર્ધર એવા તે યોદ્ધાઓએ અભિમન્યુને સીધી ગતિવાળાં બાણોથી જ્યારે અત્યંત વિંધી નાખ્યો, ત્યારે તેણે કવચ અને કાયાને ભેદી નાખનારૂં એક બાણ કર્ણમાટે ઉઠાવ્યું અને ફેંક્યું કે તુરત તે બાણ કર્ણના કવચ અને શરીરને ભેદી નાખી સર્પ જેમ રાફડામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસી જાય, તેમ પૃથ્વીમાં પેસી ગયું.[૨૮] એ રીતના તે અત્યંત પ્રહારથી વ્યથા પામેલો કર્ણ, ભૂકંપસમયે જેમ પર્વત ડગી જાય, તેમ રણમાં વિહ્વળ થઇ ડગી ગયો.[૨૯] વળી બળવાન અભિમન્યુએ ક્રોધપૂર્વક બીજાં પણ તીક્ષ્ણ બાણો મૂકી દીર્ઘલોચન, સુષેણ તથા કુંડભેદી નામના ત્રણ રાજાઓને મારી નાખ્યા.[૩૦] તે પછી કર્ણે પચીસ નારાચબાણોથી, અશ્વત્થામાએ વીસ તથા કૃતવર્માએ સાત બાણોનો અભિમન્યુને પ્રહાર કર્યો;[૩૧] ત્યારે આખે શરીરે બાણોથી વ્યાપ્ત થયેલો ઇન્દ્રના પુત્રનો પુત્ર, ક્રોધાવિષ્ટ થયો અને પાશધારી કાળની પેઠે સૈન્યમાં ઘૂમી રહેલો દેખાયો.[૩૨] ઘૂમતાં ઘમતાં તેણે બાણોની વૃષ્ટિ કરી પાસે રહેલા શલ્યને ઢાંકી દીધો; એટલુંજ નહિ પણ તે મહાબાહુ તમારા સૈન્યને ત્રાસ પમાડી ગાજી ઉઠયો.[૩૩] હે રાજન્! તે અસ્ત્રવેત્તાના મર્મને ભેદનારાં તથા સીધાં જનારાં બાણોના પ્રહારથી શલ્યરાજા વિંધાઇ ગયો અને રથની બેઠકપર બેસી મૂર્ચ્છિત થયો.[૩૪] એ પ્રમાણે યશસ્વી અભિમન્યુએ તે શલ્યરાજાને વિંધી નાખેલો જોઇ, સઘળું સૈન્ય દ્રોણાચાર્યના દેખતાં નાસવા લાગ્યું.[૩૫] સોનેરી મોઢીઆંવાળાં અભિમન્યુનાં બાણોથી વ્યાપ્ત થયેલા મહાબાહુ શલ્યને જોઈ સિંહથી ત્રાસ પામેલા મૃગોની પેઠે તમારા પુત્રો પણ નાસવા લાગ્યા.[૩૬] એ વેળા રણમાં પ્રાપ્ત કરેલા યશના કારણથી અંતરિક્ષમાં રહેલા પિતરો, દેવો, ચારણો, સિદ્ધો અને યક્ષો તથા પૃથ્વીપર રહેલાં સઘળાં ભૂતો, અભિમન્યુનાં વખાણ કરવા લાગ્યાં. તે સાંભળી ઘી નાખવાથી જેમ અગ્નિ વધારે દીપે, તેમ તે ઘણો વધારે દીપવા લાગ્યો.[૩૭]

અધ્યાય ૩૭ મો સમાપ્ત

અધ્યાય ૩૮ મો

અભિમન્યુની વીરતા

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

तथा प्रमथमानं तं महेष्वासानजिह्मगैः ।
आर्जुनिं मामकाः संख्ये के त्वेनं समवारयन्॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–તે રીતે સીધાં જનારાં બાણોથી મોટા મોટા ધનુર્ધરોને ત્રાસ પમાડતા તે અભિમન્યુને મારા કયા કયા યોદ્ધાઓએ યુદ્ધમાં આગળ વધતાં અટકાવ્યો ?[૧]

સંજયે કહ્યું:–હે રાજન્! કુમાર અભિમન્યુ જે રીતે રણમાં ખેલ્યો હતો અને દ્રોણના રક્ષણતળે રહેલા રથસૈન્યને તેણે જે રીતે તોડી નાખ્યું હતું, તે તમે સાંભળો.[૨] એ રણમાં અભિમન્યુનાં બાણોથી શલ્યરાજાને માર પડેલો જોઇ તેનો નાનો ભાઇ, ક્રોધ કરી બાણો ફેંકતો ફેંકતો તેની સામે ચઢી આવ્યો. તેણે દશ બાણોથી ઘોડા અને સારથિસહિત અભિમન્યુને વિંધી નાખ્યો; અને ઉપરાંત મોટા શબ્દથી "ઉભો રહે, ઉભો રહે" એમ ગર્જના કરી.[૪] ત્યારે ચાલાક હાથવાળા અર્જુનના પુત્રે, જથાબંધ બાણો છોડી તેના મસ્તકને, ડોકને, હાથને, પગને, ધનુષ્યને, ઘોડાઓને, છત્રને, ધ્વજાને, સારથિને, રથના દાંડાને, રથમાં બિછાવેલી શય્યાને, પૈડાંને, ધુંસરીને, ભાથાને, અનુકર્ષને (રથના નીચેના ભાગમાં રહેલા લાકડાને), પતાકાને, આસપાસ રથનાં પૈડાંનું રક્ષણ કરનારા બે યોદ્ધાઓને તથા એ સિવાયનાં બીજાં સર્વ સાધનોને કાપી નાખ્યાં; પણ એ બધું ક્યારે બન્યું તે કોઇ જોઈ શક્યું નહિ અને જોતજોતામાં તો શલ્યરાજાનો નાનો ભાઇ, છિન્નભિન્ન થયેલાં આભરણો અને વસ્ત્રોવાળો થઈ મરણ પામી પૃથ્વીપર પડયો. વાયુ જેમ મોટા પર્વતના ભુક્કા કાઢી નાખે, તેમ અમાપ તેજવાળા અભિમન્યુએ તેના ભુક્કા કાઢી નાખ્યા હતા. તે જોઈ ત્રાસ પામેલા તેના અનુચરો, સર્વ દિશાઓમાં નાસવા લાગ્યા.[૫–૮] હે ભરતવંશના રાજા! અર્જુનના પુત્રનું તે અદ્ભુત પરાક્રમ જોઇ ચારે બાજુ સર્વ ભૂતો "ધન્ય, ધન્ય" એવો શબ્દ કરી સર્વ પ્રદેશને ગજાવી મૂકતા હતા.[૯] એ પ્રમાણે શલ્યનો નાનો ભાઇ રણમાં રોળાયો, ત્યારે પોતાનાં કુળ, રહેઠાણ અને નામોને સંભળાવતા મદોન્મત્ત તેના સૈનિકો, અનેક જાતનાં હાથયારો હાથમાં લઇ રથ, ઘોડા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથી અને પાળાઓની સાથે ક્રોધપૂર્વક અભિમન્યુસામા દોડી ગયા. તેઓ બધા બાણના મહાન શબ્દથી, રથની નેમિઓના ધડધડાટથી, હુંકારથી, કીકિયારીઓથી, મારો મારો એવા કોલાહલથી, ગર્જનાવાળા સિંહનાદોથી, ધનુષ્યની દોરીના ટંકારવોથી તથા હથેળીનું રક્ષણ કરનાર ચામડાનાં મોજાંના શબ્દથી બધું ગજાવી મૂકતા હતા; તેમજ "આજે તું અમારી પાસેથી જીવતો છૂટવાનો નથી" એમ બોલતા હતા.[૮-૧૩] તે પ્રમાણે બોલતા એ સૈનિકોને જોઈ જાણે હસતો હોય તેમ મોં મલકાવીને અભિમન્યુએ તેઓમાંથી જે જે પ્રથમ પ્રહાર કરતા હતા, તેને તેને બાણોવડે સતાવવા માંડયા.[૧૪] તરેહ તરેહનાં નાનાં નાનાં અસ્ત્રોને પ્રથમ વાપરી દેખાડતો તે શૂરો અભિમન્યુ પ્રથમ તો ધીમે ધીમે યુદ્ધ કરતો હતો;[૧૫] તથા શ્રીકૃષ્ણ અને અર્જુન પાસેથી તેણે જે જે અસ્ત્ર મેળવ્યાં હતાં તેનેપણ તે શ્રીકૃષ્ણ અને અર્જુનપેઠે વાપરતોહતો. પોતાપર આવી પડેલા મોટા ભારને તથા ભયને દૂર ફેંકી દઇ વારંવાર બાણોનું સંધાન કરતો તે અભિમન્યુ એકજ સ્થિતિએ દેખાતો હતો.[૧૭] જેમ શરદ્ઋતુના સમયે અતિ પ્રદીપ્ત થયેલું સૂર્યમંડળ સર્વ દિશાઓમાં દેખાય છે, તેમ ચળકાટ કરતું એનું ધનુષ્ય-મંડળ, સર્વ દિશાઓમાં દેખાતું હતું.[૧૮] વર્ષાકાળમાં મોટા કડકડાટ શબ્દવાળા મેઘનો જેમ દારુણ શબ્દ સંભળાય છે, તેમ એના ધનુષ્યની દોરીનો શબ્દ તથા હથેળીનો શબ્દ ઘણો દારુણ સંભળાતો હતો.[૧૯] લજ્જાવાન, ક્રોધી, સન્માન કરનાર અને સુંદર દેખાવનો તે સુભદ્રાપુત્ર, વીર પુરુષોનું માન જાળવીને બાણરૂપ અસ્ત્રોથી પણ લડતો હતો.[૨૦] હે મહારાજ! વર્ષાઋતુ વીત્યા પછી શરદ્ઋતુમાં ભગવાન સૂર્ય જેમ અતિ તીવ્ર થઇ પડે છે, તેમ અભિમન્યુ પણ પ્રથમ મૃદુ થઈ પાછળથી દારુણ થઇ પડયો હતો.[૨૧] તે સમયે અભિમન્યુ એટલો બધો ક્રોધાયમાન થયો હતો કે જેથી સૂર્ય જેમ કિરણો છોડે, તેમ સુવર્ણનાં મોઢીઆંવાળાં તથા પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં ઘણી જાતનાં સેંકડો બાણો છોડી રહ્યો હતો.[૨૨] મહાન યશવાળા તેણે દ્રોણાચાર્યના દેખતાં ક્ષુરપ્ર (અસ્ત્રા જેવાં બાણો), વત્સદંત (વાછરડાના દાંત સરખા આકારનાં બાણો), વિપાઠ (મધ્યમાં જાડાં બાણો), નારાચ, અર્ધ ચંદ્રાકાર, ભલ્લ, અને અંજલિક બાણોવડે રથીઓના સૈન્યને ઢાંકી દીધું હતું.[૨૩] એ રીતે કૌરવોનું સૈન્ય જ્યારે બાણોથી ખૂબ પીડાયું ત્યારે ત્યાંથી નાઠું.[૨૪]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'અભિમન્યુનાં પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૩૮ મો સમાપ્ત

અધ્યાય ૩૯ મો

દુઃશાસનની ચઢાઈ

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

द्वैधी भवति मे चित्तं भिया तुष्ट्या च संजय।
मम पुत्रस्य यत्सैन्यं सौभद्रः समवारयत्॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય! ભય અને સંતોષથી મારૂં ચિત્ત બે પ્રકારે વિભક્ત થઇ જાય છે, કારણકે સુભદ્રાના પુત્રે મારા પુત્રના સૈન્યને અટકાવ્યું છે.[૧] હે સંજય! પૂર્વે જેમ કાર્તિકસ્વામીએ અસુરોની સાથે યુદ્ધક્રીડા કરી હતી, તેમ કુમાર અભિમન્યુએ મારા સૈન્યસાથે જે રીતે ક્રીડા કરી હોય, તે બધું તું મને કહે.[૨]

સંજયે કહ્યું:-હે ધૃતરાષ્ટ્રરાજા! એકલા અભિમન્યુસાથે તમારા પક્ષના અનેક યોદ્ધાઓનો જે તુમુલ રણસંગ્રામ થયો હતો અને તેમાં જે અતિ દારુણ સંહાર થયો હતો, તેનું હું તમારી પાસે વર્ણન કરૂં છું, તે સાંભળો.[૩]

રથપર બેઠેલો ઉત્સાહી અભિમન્યુ, શત્રુઓનું દમન કરનારા અને ઉત્સાહવાળા તમારા પક્ષના સર્વ રથીયોદ્ધાઓપર બાણવૃષ્ટિ કરી રહ્યો હતો.[૪] બળતાં ઉંબાડીઆંની પેઠે ધૂમીને તેણે દ્રોણ, કર્ણ, કૃપાચાર્ય, શલ્ય, અશ્વત્થામા, ભોજ, બૃહદ્બલ, દુર્યોધન, ભૂરિશ્રવા, મહાબળવાન શકુનિ અને તે ઉપરાંત અનેક રાજા, રાજપુત્રો તથા સર્વ સૈન્યોને બાણોથી પ્રહાર કરવા માંડયો હતો.[૬] હે ભરતવંશના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા! ઉત્તમ અસ્ત્રોવડે તે પ્રતાપી અને તેજસ્વી અભિમન્યુ એવી રીતે શત્રુઓને પ્રહાર કરતો હતો, કે જેથી તે સર્વ દિશાઓમાં ઘૂમતો દેખાતો હતો.[૭] અતુલ તેજવાળા અભિમન્યુનું તે ચરિત્ર જોઇ તમારાં હજારો સૈન્યો કંપી ઉઠયાં. તે સમયે રણકુશળ તે અભિમન્યુને જોઇ મહાબુદ્ધિમાન અને પ્રતાપી એવા દ્રોણાચાર્ય, હર્ષથી પ્રફુલ્લિત નેત્રવાળા થઇ તમારા પુત્રનાં મર્મોની ઘટના કરતા હોય તેમ કૃપાચાર્યને સંબોધી બોલ્યાઃ–[૯,૧૦]"પાંડવોનો આ પ્રસિદ્ધ યુવાન અભિમન્યુ, પોતાના સર્વ મિત્રોને તથા રાજા યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, ભીમસેન અને મધ્યમાં રહેલા બીજા સંબંધીઓને આનંદ પમાડતો આપણા સૈન્યમાં ઘૂમી રહેલો છે.[૧૧,૧૨] આ યુદ્ધમાં બીજા કોઇ પણ ધનુર્ધરને આના સરખો હું માનતો નથી. જો કદાચ તે ઇચ્છા કરે તો આ સઘળી સેનાનો સંહાર કરી નાખે, પણ શામાટે તેવી ઇચ્છા તે નહિ કરતો હોય?"[૧૩] એ રીતનું દ્રોણાચાર્યનું તે પ્રીતિવચન સાંભળી તમારો પુત્ર દુર્યોધન, અભિમન્યુપ્રત્યે ક્રોધાયમાન થઇ ગયો અને દ્રોણસામે જોઈ જાણે હાસ્ય કરતો હોય તેવો દેખાવ કરી કર્ણ,બાહ્લિકરાજા,દુઃશાસન,શકુનિ તથા બીજા મહારથીઓને ઉદ્દેશી કહેવા લાગ્યો કેઃ-"સર્વરાજાઓના આચાર્ય આ દ્રોણ,અતિશય બ્રહ્મવેત્તા છે; પણ અફસોસ! તેઓશ્રી અર્જુનના મૂઢ પુત્રને મારવા ઇચ્છતા નથી.[૧૪–૧૬] આ આપણા આચાર્ય, હાથમાં શસ્ત્ર લઈ જો યુદ્ધ કરવા બરાબર સજ્જ થાય તો સાક્ષાત્ કાળ પણ તેમની સામે યુ ન કરે, તો પછી બીજો સામાન્ય મનુષ્ય તે કોણ માત્ર? આ હું તમને ખરૂંજ કહું છું.[૧૭] તે આવા બળીઆ છે, છતાં અભિમન્યુને મારતા નથી; તેનું કારણ એ છે કે, અર્જુન પોતાનો શિષ્ય છે અને અભિમન્યુ શિષ્યનો પુત્ર છે, તેથી તેનાપર પણ શિષ્યબુદ્ધિ રાખી ગુરુમહારાજ તેનું રક્ષણ કરે છે; કારણ કે ધર્માત્મા પુરુષોને શિષ્યો, પુત્રો અને તેઓના પુત્રો (શિષ્ય અને પુત્રના પુત્રો) ઘણા પ્રિય હોય છે.[૧૮] આ મૂર્ખ અભિમન્યુ પણ દ્રોણાચાર્ય પોતાનું રક્ષણ કરે છે, એ વાતને નહિ સમજી પોતાનું પરાક્રમ માની બેઠો છે અને પોતે આપોઆપ મોટો થઇ પડયો છે; માટે હે વીર યોદ્ધાઓ! તેને હવે મારી નાખો, વખત ન લગાડો."[૧૯] રાજા દુર્યોધને એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે તે સર્વ યોદ્ધાઓ એકદમ કોપાયમાન થઇ અભિમન્યુને મારી નાખવાની ઇચ્છાથી દ્રોણના દેખતાં તેનાપર ચઢી ગયા;[૨૦] પણ તે સમયે દુર્યોધનનું વચન સાંભળી દુઃશાસન બોલી ઉઠયોઃ–'હે મહારાજ! હુંજ તે અભિમન્યુનો વધ કરીશ. પાંડવો અને પાંચાલોના દેખતાં રાહુ જેમ સૂર્યને ગળી જાય છે, તેમ હું તેને ગળી જઇશ.' વળી પાછો પણ દુઃશાસન મોટી બૂમ પાડી દુર્યોધનપ્રત્યે કહેવા લાગ્યો કેઃ–'અતિ અભિમાની એવા કૃષ્ણ અને અર્જુન, અભિમન્યુને મરણ પામેલો સાંભળી અવશ્ય આ જીવલોકમાંથી પ્રેતલોકમાં ચાલ્યા જશે.[૨૧–૨૪] એ રીતે જ્યારે તેઓ બન્ને મરણ પામશે, ત્યારે તે સાંભળી બાકી રહેલા પાંડવો પણ પોતાના મિત્રવર્ગસહિત એકજ દિવસે જીવિતનો ત્યાગ કરશે; કારણકે તેઓ બધા પાંડુના ક્ષેત્રજ પુત્રો નપુંસક છે,[૨૫] માટે તમારો આ શત્રુ જ્યારે માર્યો જશે ત્યારે તેની પાછળ તમારા બીજા શત્રુઓ પણ એની મેળે મરણ પામશે; તેથી હે રાજા! મારૂં કલ્યાણ થાય તેવું તમે ચિંતન કરો. હું હમણાં તમારા શત્રુઓનો નાશ કરૂં છું.'[૨૬]

હે રાજા ધૃતરાષ્ટ્ર! એમ કહી તમારો પુત્ર દુઃશાસન ગર્જી ઉઠયો અને ક્રોધાયમાન થઇ અભિમન્યુસામે જઇ ચઢયો તથા બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો.[૨૭] અતિ ક્રોધ કરી પોતાની સામે ધસી આવેલા તમારા પુત્રને, શત્રુદમન અભિમન્યુએ, છવ્વીસ તીક્ષ્ણ બાણોનો પ્રહાર કર્યો.[૨૮] દુઃશાસન પણ ક્રોધાયમાન થયેલા મદ ઝરતા હાથીની પેઠે અભિમન્યુ સામે લડવા લાગ્યો; તેમજ અભિમન્યુ તેની સામે લડતો હતો.[૨૯] તેઓ બન્ને જણા રથશિક્ષામાં કુશળ હોવાથી ગોળાકાર તરેહ તરેહનાં મંડળો કરી રથવડે રણમાં ઘૂમવા લાગ્યા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ કરવા લાગ્યા.[૩૦] તે સમયે બીજા મનુષ્યો પણવ, મૃદંગ, કકચ, મોટા આનક, ભેરી અને ઝાલરોના અતિ તીવ્ર શબ્દો તથા સાથે સાથે શંખ વગાડી સિંહનાદો પણ કરવા લાગ્યા.[૩૧]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં
'દુઃશાસનનું યુદ્ધ' એ વિષયનો
અધ્યાય ૩૯ મો સમાપ્ત

અધ્યાય ૪૦ મો

દુઃશાસન મૂર્છામાં

॥ संजय उवाच ॥

शरविक्षतगात्रस्तु प्रत्यमित्रमवस्थितम् ।
अभिमन्युः स्मयन्धीमान् दुःशासनमथाब्रवीत्

સંજયે કહ્યું:—બાણોથી ઘવાયેલાં અંગોવાળા અભિમન્યુએ પોતાની સામે આવી ઉભેલા શત્રુ દુઃશાસનને હસતાં હસતાં આ વાક્ય કહ્યું:—[૧] "આજના યુદ્ધમાં અભિમાની, શૂરવીર, ક્રૂર, ધર્મનો ત્યાગ કરનાર તથા હમેશાં નિંદા કરવામાં તત્પર એવા તને મારી સામે આવેલો હું જોઉં છું, તે બહુ સારૂં થયું.[૨] તેં પૂર્વે સભામાં રાજા ધૃતરાષ્ટ્રના સાંભળતાં કઠોર વાક્યોથી ધર્મરાજા યુધિષ્ઠિરને કોપાવ્યાછે, તેમજ વિજયથી ઉન્મત્ત બની જઈ ભીમસેનને પણ તેં નહિ કહેવાનાં ઘણાં વચનો કહ્યાં છે; અને શકુનિએ કપટદ્યુત (ખોટા પાસા)ના બળરૂપી પોતાના બળનો આશ્રય કરી મારા સર્વ પિતાઓને કોપવ્યા છે, પણ તે મહાત્મા યુધિષ્ઠિરના કોપથી તને મારા હાથે મરવાનું આ યોગ્ય ફળ આજે આવી મળ્યું છે. પારકાના દ્રવ્યનું હરણ કરી લેવાનું, ક્રોધનું, અશાંતિનું, લોભનું, અજ્ઞાનનું, દ્રોહનું, અત્યાચારનું તથા ઉગ્ર ધનુષ્યને ધારણ કરનારા મારા પિતાઓના રાજ્યને છીનવી લેવાનું આ યોગ્ય ફળ, મારી સામે યુદ્ધ કરી કાળધર્મને પામવા સ્વરૂપે આજે તને પ્રાપ્ત થયું છે. હે દુષ્ટ બુદ્ધિના દુઃશાસન! તે મહાત્માઓના કોપથી પૂર્વે કરેલાં અધર્મકૃત્યોનું ઉગ્રફળ આજે તું પામજે.[૩-૭] સર્વ સૈન્યના દેખતાં આજે હું તને મારાં બાણોથી શિક્ષા કરીશ અને તે રીતે મારા પિતાઓના કોપના ઋણમાંથી આજે હું મુક્ત થઇશ.[૮] હે કુરુવંશજ દુઃશાસન! આજે તારાપર ક્રોધાયમાન થયેલી દ્રૌપદીના, મારા પિતાની ઇચ્છાના તથા ભીમસેનના ઋણમાંથી હું આ યુદ્ધમાં મુક્ત થઇશ.[૯] યાદ રાખજે કે, જો તું યુદ્ધ નહિ છોડી જાય તો આજે હું તને જીવતો છોડીશ નહિ." આમ કહીને શત્રુવીરોનો સંહાર કરનાર મહાબાહુ અભિમન્યુએ કાળ, અગ્નિ અને વાયુસમાન તેજસ્વી તથા દુઃશાસનનો નાશ કરે તેવું બાણ પોતાના ધનુષ્યમાં સાંધ્યું. તે બાણ, છૂટતાંની સાથેજ હાંસડીના ભાગમાં દુઃશાસનને ઘાયલ કરી સર્પ જેમ રાફડામાં પેસી જાય, તેમ મૂળસહિત પૃથ્વીમાં પેસી ગયું. તુરત પાછાં પચ્ચીસ બાણોનો તેણે દુઃશાસનને પ્રહાર કર્યો.[૧૦-૧૨] વળી પુનઃ ધનુષ્યને કાનસુધી જોરપૂર્વક ખેંચી, અગ્નિસમાન તીવ્ર સ્પર્શવાળાં બાણોથી જ્યારે તે દુઃશાસન અત્યંત વિંધાઈ ગયો, ત્યારે વ્યથિત થઈ રથની બેસણીપર બેસી ગયો.[૧૩] હે મહારાજ! જોતજોતામાં તો તેને મોટી મૂર્છા આવી ગઇ, જેથી તેના સારથિએ દુઃશાસનને બેભાન થયેલો તથા અભિમન્યુનાં બાણોથી પીડાયેલો જાણી સત્વર રણમાંથી દૂર કર્યો. એ સ્થિતિએ પહોંચેલા તેને જોઇને પાંડવો, દ્રૌપદીના પુત્રો, રાજા વિરાટ, પાંચાલો અને કેકયો સિંહનાદો કરવા લાગ્યા. પાંડવપક્ષના સૈનિકો પણ હર્ષમાં આવી જઈ અનેક જાતનાં વાદિત્રો વગાડવા લાગ્યા અને અભિમન્યુનું તે પરાક્રમ જોઇ સર્વે વિસ્મય પામ્યા. ગર્વિષ્ઠ અને પોતાના કટ્ટા શત્રુ દુઃશાસનને એ રીતે પરાજય પામેલો જોઇ ધર્મ, વાયુ, ઇંદ્ર અને બે અશ્વિનીકુમારોની પ્રતિમાવાળી ધ્વજાઓને ફરકાવતા દ્રૌપદીના મહારથી પુત્રો, સાત્યકિ, ચેકિતાન, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, કેકયો, ધૃષ્ટકેતુ, મત્સ્યો, પાંચાલો, સૃંજયો અને યુધિષ્ઠિર આદિ પાંડવયોદ્ધાઓ આનંદમાં આવી જઇ દ્રોણના સૈન્યનો નાશ કરવામાટે ત્વરાથી ધસી ગયા. તે પછી તમારા પક્ષના યોદ્ધાઓનું શત્રુઓ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન યુદ્ધ થવા લાગ્યું.[૧૪–૨૧] એ પ્રમાણે વિજયની ઇચ્છા રાખનારા તથા યુદ્ધમાં કદી પાછા નહિ હઠનારા તે શૂરાઓનો અતિભયંકર સંગ્રામ જ્યારે ચાલી રહ્યો હતો, ત્યારે હે મહારાજ ! દુર્યોધન, રાધાપુત્ર કર્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો:–"હે કર્ણ ! તું જો તો ખરો ! રણમાં સૂર્યની પેઠે તપી શત્રુઓનો સંહાર કરનાર વીર દુઃશાસન, અભિમન્યુના સપાટામાં કેવો સપડાયો છે?" દુર્યોધન એ પ્રમાણે કહી રહ્યો હતો તેવામાં બલોત્કટ સિંહની પેઠે અત્યંત કોપાયમાન થયેલા આ પાંડવો, યુદ્ધ કરવા સજ્જ થઇ અભિમન્યુનું રક્ષણ કરવા દોડયા. તે સમયે તમારા પુત્રનું હિત કરનારો કર્ણ, ક્રોધયુક્ત થઈ દુરાસદ અભિમન્યુપર તીક્ષ્ણ બાણો વરસાવવા લાગ્યો; અને અવજ્ઞાપૂર્વક તેના અનુચરોને પણ પરમ તીક્ષ્ણ બાણોથી વિંધવા લાગ્યો. ત્યારે અભિમન્યુએ પણ તોંતેર બાણોથી રાધાપુત્રને વિંધી નાખ્યો. હે રાજન્ ! ઉદાર મનવાળા તે અભિમન્યુને દ્રોણસામે જવાની લગની લાગી રહી હતી. તે સમયે તમારો કોઇ પણ રથી, અર્જુનપુત્રને દ્રોણસામે જતાં અટકાવી શકયો નહિ; કારણકે તે સંખ્યાબંધ રથીઓને ઘાયલજ કરી દેતો હતો. તે જોઇ વિજયની ઇચ્છાવાળો તથા સર્વ ધનુર્ધરોમાં મુખ્યતાનું અભિમાન ધરાવનારો કર્ણ, પોતાનાં ઉત્તમ અસ્ત્રોનો પ્રયોગ કરી બતાવી સેંકડો બાણોથી અભિમન્યુને વિંધવા લાગ્યો. એ રીતે અસ્ત્રો જાણનારાઓમાં શ્રેષ્ઠ, પરશુરામનો પ્રતાપી શિષ્ય કર્ણ, રણમાં શત્રુઓ જેનો પરાભવ નથી કરી શકતા એવા અભિમન્યુને જૂદાં જૂદાં અસ્ત્રોથી પીડવા લાગ્યો. અસ્ત્રોની વૃષ્ટિ કરી રાધાપુત્ર, એ પ્રમાણે અભિમન્યુને પીડતો હતો છતાં દેવસરખો તે અભિમન્યુ, યુદ્ધમાં લગારે વ્યાકુળ થયો નહિ;પરંતુ પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં અને નમેલાં પર્વવાળાં અણીદાર ભલ્લજાતિનાં બાણોથી તેણે અનેક યોદ્ધાઓનાં ધનુષ્યો કાપી નાખ્યાં; એટલુંજ નહિ પણ જરા હસીને ધનુષ્યના મંડળમાંથી છોડેલાં સર્પસમાન ઝેરી બાણોવડે છત્ર, ધ્વજા અને સારથિને વિંધી નાખી સત્વર કર્ણને ગભરાવી મૂકયો, પણ કર્ણ તદ્દન ગભરાઇ જાય તેવો ન હતો. તેણે પણ મજબૂત ગાંઠાવાળાં બાણો અભિમન્યુસામે ફેંકવા માંડયાં. ત્યારે અર્જુનના પુત્રે સ્વસ્થ થઇને તેનાં બધાં બાણો ઝીલી લીધાં. પછી પરાક્રમી વીર અભિમન્યુએ એક બાણવડેજ એક મુહૂર્તકાળમાં કર્ણના ધ્વજને અને ધનુષ્યને કાપી નાખી ધરણીપર ઢોળી પાડયાં. એ રીતે સંકટમાં આવી પડેલા કર્ણને જોઇ તેનો નાનોભાઇ, પોતાનું મજબૂત ધનુષ્ય ઉંચું કરી ઝડપથી અભિમન્યુપર ચઢી આવ્યો. તે સમયે પાંડવો અને તેમના અનુચરો હર્ષનાદો કરી, વાદિત્રો વગાડવા લાગ્યા અને અભિમન્યુનાં વખાણ કરવા લાગ્યા.[૩૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધપર્વમાં 'કર્ણ અને દુઃશાસનના પરાભવનો સંબંધ' એ વિષયનો અધ્યાય ૪૦ મો સમાપ્ત

અધ્યાય ૪૧ મો

કર્ણનું પલાયન

॥ संजय उवाच ॥

सोऽतिगर्जन् धनुष्गाणिर्ज्यां विकर्षन्पुनःपुनः।
तयोर्महात्मनोस्तूर्णं रथांतरमवापतत् ॥१॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્ર રાજા ! ધનુષ્યની દોરી ખેંચી વારંવાર મોટી ગર્જના કરતો કર્ણનો નાનોભાઈ હાથમાં ધનુષ્ય લઈ તુરત તે બન્ને–મહાત્મા કર્ણ અને અભિમન્યુના રથોની વચ્ચે આવી ઉભો રહ્યો.[૧] આવતાંવેંતજ દશ બાણો છોડીને હસતાં હસતાં અજિત અભિમન્યુને છત્ર, ધ્વજ અને સારથિસહિત તેણે વિંધી નાખ્યો.[૨] પોતાના પિતા અને પિતામહની પરંપરાએ ચાલ્યું આવતું અને મનુષ્યોએ કરવાને અશક્ય એવું અદ્ભુત પરાક્રમ કરી રહેલા અભિમન્યુને એ પ્રમાણે કર્ણના નાના ભાઇએ બાણોનો પ્રહાર કરી વિંધી નાખેલો જોઇ તમારા પક્ષના યોદ્ધાઓ આનંદમાં આવી ગયા.[૩] પછી મંદ મંદ હસતા અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિમન્યુએ ધનુષ્ય ખેંચી છોડેલા એકજ બાણવડે તેના મસ્તકને છેદી નાખ્યું કે જે પવનના ઝપાટાથી પર્વતપરથી પડેલાં કરેણનાં વૃક્ષની પેઠે રથપરથી નીચે ગબડી પડયું. હે રાજન્! એ પ્રમાણે પોતાના ભાઇને મરણ પામેલો જોઈ કર્ણ ઘણો દુઃખી થયો.[૪,૫] અભિમન્યુ, કંકપક્ષીનાં પીછાંવાળાં બાણોવડે કર્ણને પણ યુદ્ધમાંથી વિમુખ કરી દઇ સત્વર બીજા ધનુર્ધરો સામે ધસ્યો;[૬] અને હાથી, ઘોડા, રથ અને પાળાવાળાં કૌરવોનાં વિશાળ સૈન્યને, તીવ્ર તેજવાળા મહારથી અભિમન્યુએ ક્રોધ કરી ભેદી નાખ્યું.[૭] તે સમયે અભિમન્યુ, જ્યારે અનેક બાણોથી કર્ણને કનડવા લાગ્યો, ત્યારે તે પોતાના વેગવાળા ઘોડાઓ દોડાવી રણમાંથી નાસી ગયો કે તુરત સૈન્યમાં મોટું ભંગાણ પડયું.[૮] હે રાજન્! આકાશમાં જાણે તીડ ઉડી રહ્યાં હોય તથા મેઘધારા પડતી હોય તેમ ઉડી રહેલાં અભિમન્યુનાં બાણોથી સર્વ પ્રદેશ ઢંકાઇ ગયો હતો અને ત્યાં કંઇ પણ દેખાતું ન હતું.[૯] તેણે તીક્ષ્ણ બાણોથી તમારા યોદ્ધાઓને એવા તો માર્યા કે જેથી હે રાજન્! સિંધુરાજાસિવાય કોઇપણ યોદ્ધો તે સ્થળે ઉભો રહ્યો ન હતો.[૧૦] તે પછી પુરુષોમાં શ્રેષ્ઠ એવા સુભદ્રાના પુત્રે પોતાનો શંખ વગાડ્યો અને ઝપાટાભેર ભરતવંશીઓની સેનામાં પ્રવેશ કર્યો.[૧૧] વ્યૂહમાં દાખલ થઇ સજેલાં બાણોવડે તેણે રથ, હાથી અને મનુષ્યોનો એટલો બધો ઘાણ વાળી નાખ્યો હતો કે જેથી રણભૂમિ સંખ્યાબંધ મસ્તકવિનાનાં ધડોથી વ્યાપ્ત થઇ ગઇ હતી.[૧૨] ઘાસમાં પ્રકટ થયેલા અગ્નિની પેઠે પોતાના બળથી શત્રુઓનો સંહાર કરતો તે અર્જુનપુત્ર, હે ભરતવંશી રાજા! સૈન્યોના મધ્યમાં ઘૂમતો હતો.[૧૩] તે સમયે અભિમન્યુના ધનુષ્યમાંથી છૂટેલાં તીક્ષ્ણ બાણોથી કપાઇ ગયેલા-ઘાયલ થયેલા યોદ્ધાઓ જીવિતની ઇચ્છાથી સામે આવેલા પોતાના માણસોનોજ સંહાર કરતા કરતા નાસી જતા હતા.[૧૪] ઘોર અને રૌદ્રકર્મ કરવાવાળાં, વિપાઠ નામનાં અભિમન્યુનાં અનેક તીક્ષ્ણ બાણો રથ, હાથી અને ઘોડાઓનો પ્રાણ લઇ સણસણાટ કરતાં પૃથ્વીમાં પેસી જતાં હતાં.[૧૫] આયુધોવાળા, હાથનાં મોજાંવાળા, ગદાઓવાળા તથા બાજુબંધોવાળા સુવર્ણના અલંકારથી શોભતા કપાઇ પડેલા બાહુઓ, રણભૂમિપર ઠેકઠેકાણે દેખાતા હતા.[૧૬] બાણો, ધનુષ્યો, તરવારો, મરેલાં કલેવરો અને કુંડળ તથા પુષ્પમાળા ધારણ કરનારાં હજારો મસ્તકો જ્યાં ત્યાં પૃથ્વીપર પડયાં હતાં.[૧૭]

સામાનવાળા રથના આધારરૂપ કાષ્ઠો, સારી સારી ઇષો, ભાંગી તૂટી ગયેલી ધરીઓ, છિન્ન ભિન્ન થયેલાં પૈડાંઓ, અનેક પ્રકારનાં ધુંસરાંઓ, આમતેમ પડેલી શક્તિ, ધનુષ્ય, તરવાર અને મોટી મોટી ધ્વજાઓ, ચારેબાજુ વીખરાઇ પડેલી ઢાલો, ધનુષ્યો અને બાણો તથા માર્યા ગયેલા ક્ષત્રિયો, ઘોડાઓ અને હાથીઓથી હે રાજા! એક ક્ષણવારમાં રણભૂમિનું સ્વરૂપ નજરે ન ગમે તેવું અતિ દારુણ થઈ ગયું.[૨૦] સંહાર કરાતા રાજપુત્રોનો તથા અન્યોન્ય આક્રંદ કરતા યોદ્ધાઓનો બીકણોના ભયમાં વધારો કરે તેવો મહાન શબ્દ ત્યાં પ્રકટ થઇ રહ્યો હતો.[૨૧] હે ભરતવંશના શ્રેષ્ઠ રાજા! તે શબ્દે સર્વ દિશાઓને ગજાવી મૂકી હતી. એ વેળા પણ સારા સારા ઘોડેસ્વારો, રથીઓ અને હાથીસ્વારોનો સંહાર કરતો અભિમન્યુ તમારી સેનામાં આગળ આગળ ધસ્યોજ જતો હતો.[૨૨] ઘાસમાં પ્રકટ થયેલા અગ્નિની પેઠે તેણે બળથી શત્રુઓનો નાશ કરી નાખ્યો હતો અને પોતે ભારતી સેનાના મધ્યભાગમાં ઘૂમતો દેખાતો હતો.[૨૩] હે ભારત! સર્વ દિશા અને વિદિશામાં ફરતા તે અભિમન્યુને ઉડતી ધૂળથી ઢંકાઇ ગયેલા સૈન્યમાં તે સમયે અમે જોઇ શકતા ન હતા.[૨૪] વળી ક્ષણવારમાં હાથીસ્વારો, ઘોડેસ્વારો અને પાળાઓના આયુષ્યનું હરણ કરતો તે અભિમન્યુ, મધ્યાહ્નકાળના સૂર્યની પેઠે શત્રુઓની ટુકડીઓને તપાવી રહેલો અમારા જોવામાં આવતો હતો.

હે મહારાજ! યુદ્ધ કરવામાં ઇંદ્રસરખો તે અર્જુનનો પુત્ર, સૈન્યના મધ્યભાગમાં ઘણોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીપતો હતો.[૨૫,૨૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં
'કર્ણનું પલાયન' એ વિષયનો
અધ્યાય ૪૧ મો સમાપ્ત

અધ્યાય ૪૨ મો

જયદ્રથને શંકરનું વરદાન

॥ धृतराष्ट्र उवाच ॥

बालमत्यंतसुखिनं स्वबाहुबलदर्पितम् ।
युद्धेषु कुशलं वीरं कुलपुत्रं तनुत्यजम् ॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–બાળક, અત્યંત સુખી, પોતાના બાહુબળથી ગર્વિષ્ઠ, યુદ્ધમાં કુશળ, વીર, કુળવાનનો પુત્ર, શરીરની પણ દરકાર નહિ કરનાર એવો અભિમન્યુ, ત્રણ વર્ષના ઘોડાઓને લઇ જ્યારે કૌરવસૈન્યોમાં દાખલ થયો; ત્યારે યુધિષ્ઠિરના સૈન્યમાંથી કયો બળવાન યોદ્ધો તેની પાછળ પાછળ ચાલતો હતો ? [૧,૨]

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા! યુધિષ્ઠિર,ભીમસેન,શિખંડી, સાત્યકિ,નકુલ, સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, દ્રુપદ, કેકયો, કોપાયમાન થયેલો ધૃષ્ટકેતુ અને બીજા મત્સ્યયોદ્ધાઓ તથા અભિમન્યુના મામાઓ સાથે તેઓ બધાને માર્ગે ચાલનારા તેના પિતાપક્ષના યોદ્ધાઓ, રક્ષણ કરવાની ઇચ્છાથી પોતપોતાનાં સૈન્યોને બરાબર ગોઠવી દઇ પ્રહાર કરતા કરતા રણમાં ધસી આવ્યા હતા.

એ પ્રમાણે તે શૂરાઓને ચઢી આવેલા જોઇ તમારા પક્ષના લડવૈયાઓ, રણમાંથી હઠી જઇ પીઠ દેખાડવા લાગ્યા.[૩–૫] એ રીતે તમારા પુત્રના મહાન સૈન્યને નાસભાગ કરતું જોઇ તમારો તેજસ્વી જમાઇ જયદ્રથ, સૈન્યને સ્થિર કરવાની ઇચ્છાથી પાંડવોસામે ધસી આવ્યો.[૬] હે મહારાજ ! સિંધુરાજાના પુત્ર રાજા જયદ્રથે પોતાના પુત્ર અભિમન્યુનું રક્ષણ કરવા આવેલા પાંડવોને સૈન્યસહિત અટકાવી રાખ્યા.[૭] ઉગ્ર ધનુષ્યવાળા મહાધનુર્ધર તે વૃદ્ધક્ષત્રના પુત્ર જયદ્રથે એ વેળા દિવ્ય અસ્ત્રો પ્રકટ કર્યાં હતાં, જેથી નીચાણના પ્રદેશમાં આવી જેમ હાથી પોતાના શત્રુઓને ખાળી રાખે, તેમ તેણે પાંડવોને ખાળી રાખ્યા હતા.[૮]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સંજય ! સિંધુરાજ જયદ્રથપર ઘણો મોટો ભાર આવી પડેલો હું માનું છું; કારણકે તેણે એકલાએ ક્રોધાયમાન થઈ પોતાના પુત્રનું રક્ષણ કરવા આવેલા પાંડવોને વારી રાખ્યા.[૯] જો કે સિંધુરાજમાં બળ અને શૌર્ય અતિ અદ્ભુત છે, એમ હું માનું છું; તોપણ તે મહાત્માનું મુખ્ય પરાક્રમ અને વીર્ય તું મને કહે.[૧૦] સિંધુરાજે તેવું કયું દાન આપ્યું હતું, તેવો કયો યજ્ઞ કર્યો હતો અથવા તેવું કયું તપ તપ્યું હતું કે જેથી તેણે એકલાએ પાંડવોને વારી રાખ્યા ?[૧૧]

સંજયે કહ્યું:–જે સમયે જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું હતું, તે સમયે ભીમસેને તેનો પરાજય કર્યો હતો. એ અપમાનનો બદલો લેવા માટે તેણે અભિમાનથી વરની ઇચ્છા કરી ઘણું મોટું તપ કરવા માંડયું હતું.[૧૨] પ્રિય એવા ઇંદ્રિયોના વિષય તરફથી ઇંદ્રિયોને પાછી વાળી લઇ તેણે ભૂખ, તરસ, તાપ વગેરે સહન કર્યાં હતાં;અને તે એટલો બધો શરીરે કૃશ થઇ ગયો હતો કે જેથી બધી નાડીઓ કેવળ ખુલ્લી થઇ ગઈ હતી.[૧૩] સનાતન બ્રહ્મ–ૐકારનું ઉચ્ચારણ કરી દેવ શંકરનું તેણે આરાધન કરવા માંડયું કે જે આરાધનથી પ્રસન્ન થઈ ભક્તોના પર અનુકંપાવાળા ભગવાન શંકરે છેવટે તેનાપર કૃપા કરી હતી;[૧૪] અને સ્વપ્નમાં આવી ભગવાન શંકરે જયદ્રથને કહ્યુંહતું કે:–'હે જયદ્રથ!હું તારાપર પ્રસન્ન થયો છું,માટે બોલ,તારી શી ઇચ્છા છે? વર માગ.'[૧૫] દેવેશ શંકરે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે જિતેંદ્રિય રાજા જયદ્રથે હાથ જોડી નમસ્કાર કરી શંકરને કહ્યું કે:–[૧૬]'યુદ્ધમાં હું એકલોજ કેવળ રથનીજ મદદ લઇ ભયંકર વીર્ય અને પરાક્રમવાળા સઘળા પાંડવોને વારી શકું, એ મારી ઇચ્છા છે.'[૧૭] હે ભરતવંશી રાજા ! જયદ્રથે ભગવાન શંકરને એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે તે બોલ્યા:–'હે સૌમ્ય ! હું તને વર આપું છું કે, કુંતાના પુત્ર અર્જુનસિવાયના ચાર પાંડુપુત્રોનું તું યુદ્ધમાં વારણ કરીશ.' શંકરનાં એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચન સાંભળી રાજા જયદ્રથે દેવેશને "બહુ-સારૂ'" એમ કહેતાં તે જાગ્યો.[૧૮,૧૯] તે વરદાનના પ્રભાવથી અને દિવ્ય અસ્ત્રના બળથી એકલા જયદ્રથે પાંડવોની સેનાને આગળ વધતી અટકાવી. તેના ધનુષ્યની પણછના ટંકારથી શત્રુપક્ષના ક્ષત્રિયોને ભય થઇ રહ્યો અને તમારા સૈન્યને પરમ હર્ષ થયો.[૨૧] યુદ્ધનો સઘળો ભાર રાજા જયદ્રથપર આવી પડેલો જોઇ હે રાજન્! સર્વ ક્ષત્રિયો મોટો કોલાહલ કરી યુધિષ્ઠિરના સૈન્ય તરફ ધસી ગયા.[૨૨]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'જયદ્રથનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૪૨ મો સમાપ્ત

અધ્યાય ૪૩ મો

જયદ્રથની અદ્ભુત શક્તિ

॥ संजय उवाच ॥

यन्मां पृच्छसि राजेन्द्र सिंधुराजस्य विक्रमम् ।
शृणु तत्सर्वमाख्यास्ये यथापांडूनयोधयत्॥१॥

સંજયે કહ્યું:–હે રાજેંદ્ર! તમે સિંધુરાજના પરાક્રમનો મને પ્રશ્ન કર્યો છે, માટે હવે સાંભળો. જે પ્રમાણે તેણે પાંડવોસામે યુદ્ધ કર્યું હતું, તે બધું હું તમને કહું છું.[૧] તે રાજાને વશ રહેનારા, સારી ચાલના, મત્ત, પ્રચંડ શરીરવાળા તથા વાયુસમાન વેગવાળા સિંધુદેશના ઘોડાઓ રણમાં વહી જતા હતા.[૨] શાસ્ત્રોક્તવિધિએ તૈયાર કરેલો તે રાજાનો રથ ગંધર્વના નગરસરખો લાગતો હતો. તે રથપર વરાહના ચિહ્નવાળો રૂપેરી મહાન ધ્વજ શોભી રહ્યો હતો.[૩] શ્વેત છત્ર, પતાકા, ચામર અને પંખા વગેરે રાજચિહ્નોથી આકાશમાં ઉદય પામેલા ચંદ્રની પેઠે તે શોભતો હતો.[૪] મોતી, હીરા, મણિ અને સુવર્ણથી સુશોભિત એવું તેનું લોખંડી રથવેષ્ટન (રથની રક્ષામાટે કરેલું લોઢાનું આસપાસ ફરતું પતરૂં) નક્ષત્રોથી ઢંકાયેલા આકાશની પેઠે શોભતું હતું.[૫] તે જયદ્રથે પોતાનું મોટું ધનુષ્ય પહોળું કરી અનેક બાણો ફેંકવા માંડયાં અને અર્જુનના પુત્રે વ્યૂહના જે જે ભાગો તોડી નાખ્યા હતા, તેને પાછા પૂરી દીધા.[૬] તેણે સાત્યકિને ત્રણ બાણોથી, ભીમસેનને આઠ બાણોથી, ધૃષ્ટદ્યુમ્નને સાઠ બાણોથી, વિરાટને દશ બાણોથી, દ્રુપદરાજાને તીક્ષ્ણ પાંચ બાણોથી, શિખંડીને સાત બાણોથી, કેકયકુમારોને પચીસ બાણોથી, દ્રૌપદીના પુત્રોને ત્રણત્રણ બાણોથી અને યુધિષ્ઠિરને સિત્તેર બાણોથી વિંધી નાખી બાકીના બીજા યોદ્ધાઓને પણ મોટા બાણના જથાથી પાછા હઠાવ્યા, એ ઘણું અદ્ભુતસરખું હતું.[૬–૯] પછી પ્રતાપી રાજા ધર્મપુત્રે "ઉભો રહેજે, હમણાંજ તારૂં ધનુષ્ય કાપી નાખું છું" એમ કહી તીક્ષ્ણ અને પાણીદાર ભલ્લબાણ મૂકી હસતાં હસતાં તેનું ધનુષ્ય કાપી નાખ્યું;[૧૦] પણ નિમિષમાત્રમાં તેણે બીજું ધનુષ્ય લઈ દશ બાણોવડે યુધિષ્ઠિરને વિંધી નાખ્યો અને બીજાઓને પણ ત્રણ ત્રણ બાણોનો પ્રહાર કર્યો.[૧૧] તેની તે સ્ફુર્તિ જાણીને ભીમસેને ત્રણ ત્રણ ભલ્લબાણોવડે તેનાં ધનુષ્ય, ધ્વજા અને છત્રને પૃથ્વીપર એકદમ પાડી દીધાં;[૧૨] પણ હે રાજા! બળવાન જયદ્રથે વળી પણ બીજું ધનુષ્ય લઇ સજ્જ કર્યું અને ભીમના ધ્વજને, ધનુષ્યને તથા ઘોડાઓને પાડી નાખ્યા.[૧૩] કેસરીસિંહ જેમ પર્વતના શિખરપર ચઢી જાય, તેમ ભીમસેન મરણ પામેલા ઘોડાવાળા પોતાના મોટા રથપરથી કૂદી પડી સાત્યકિના રથપર ચઢી ગયો.[૧૪] તે સમયે સિંધુરાજ જયદ્રથનું માનવામાં પણ ન આવે તેવું અદ્ભુત પરાક્રમ જોઈ હર્ષ પામેલા તમારા સર્વ યોદ્ધાઓ "વાહ, વાહ! વાહ, વાહ!" એ પ્રમાણે કહેવા લાગ્યા.[૧૫] એકલો જયદ્રથ રાજા પોતાનાં અસ્ત્રના તેજથી ક્રોધાયમાન થયેલા પાંડવોને અટકાવી રહ્યો હતો; જેથી સર્વ ભૂતો તેના પરાક્રમનાં વખાણ કરતા હતા.[૧૬] અભિમન્યુએ પ્રથમ ઉત્તરદિશા તરફ લડનારા હાથીઓને હણી નાખી પાંડવોને વ્યૂહમાં દાખલ થવાનો જે માર્ગ બતાવ્યો હતો તેને પણ રાજા જયદ્રથે અટકાવી દીધો.[૧૭] મત્સ્ય, પાંચાલ, કેકય અને પાંડવ આદિ વીર યોદ્ધાઓ વ્યૂહમાં દાખલ થવાનો ઘણો પ્રયત્ન કરતા હતા; છતાં તેઓ સિંધુરાજ સામા થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્યા નહિ.[૧૮] જે જે યોદ્ધો દ્રોણના સૈન્યને તોડી નાખવા પ્રયત્ન કરતો હતો, તે તે યોદ્ધાની પાસે જઇને વરદાન મેળવનાર જયદ્રથરાજા તેને અટકાવી દેતો હતો.[૧૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'જયદ્રથનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૪૩ મો સમાપ્ત

અધ્યાય ૪૪ મો

રાજા વસાતીય રણમાં પડયો.

॥ संजय उवाच ॥

सैंधवेन निरुद्धेषु जयगृद्धिषु पांडुषु ।
सुघोरमभवद् युद्धं त्वदीयानां परैःसह ॥१॥

સંજયે કહ્યું:–એ પ્રમાણે જયની ઇચ્છાવાળા પાંડવોને સિંધુરાજ જયદ્રથે જે સમયે અટકાવી રાખ્યા હતા, તે સમયે તમારા યોદ્ધાઓનું શત્રુઓસાથે અતિ ઘોર યુદ્ધ થઇ રહ્યું હતું.[૧] મગરમચ્છ જેમ સાગરને ખળભળાવી દે, તેમ સત્યપ્રતિજ્ઞાવાળો અને ગાંજ્યો ન જાય તેવો તેજસ્વી અભિમન્યુ સેનામાં પ્રવેશ કરી તેને ખળભળાવી દેતો હતો.[૨] બાણવૃષ્ટિ કરી તે પ્રમાણે સૈન્યને ક્ષોભ પમાડતા શત્રુદમન અભિમન્યુસામે મુખ્ય મુખ્ય મહારથીઓ ધસી આવ્યા.[૩] તે વેળા અભિમન્યુ અને તે મહારથીઓ વચ્ચે દારુણ રસાકસી થઇ રહી. અમિત તેજવાળા તેઓ બધા બાણોની વૃષ્ટિ કરી રહ્યા હતા.[૪] શત્રપક્ષના મહારથીઓની ટુકડીએ અભિમન્યુને તે પ્રમાણે ઘેરી લીધો હતો, છતાં તેણે વૃષસેનના સારથિને મારી નાખી તેનું ધનુષ્ય પણ કાપી નાખ્યું; એટલુંજ નહિ પણ સીધાં જનારાં બીજાં કેટલાંએક બાણો મારી બળવાન અભિમન્યુએ વૃષસેનના ઘોડાઓને પણ વિંધી નાખ્યા, જેથી વાયુસમાન વેગવાળા તે ઘોડાઓ વૃષસેનને એકદમ રણમાંથી દૂર લઈ ગયા. તે સંધિનો લાભ લઇ અભિમન્યુના સારથિએ વૃષસેનના ઘોડાઓએ જે રસ્તો ખુલ્લો કર્યો હતો, તે રસ્તે રથને મહારથીઓના ઘેરામાંથી બહાર કાઢયો. તે જોઈ સર્વ મહારથીઓ "શાબાશ, શાબાશ" એમ કીકિયારીઓ કરવા લાગ્યા.[૭] એ રીતે મહારથીઓના ઘેરામાંથી બહાર નીકળી અભિમન્યુ સિંહની પેઠે કોપાયમાન થઇ બાણોવડે શત્રુઓનો સંહાર કરતો કરતો વસાતીય રાજાની સમીપમાં જઇ પહોંચ્યો, એટલે તે રાજાએ સત્વર તેની સામે ધસારો કર્યો.[૮] એકદમ તેણે સોનેરી મૂળવાળાં સાઠ બાણોવડે અભિમન્યુને ઢાંકી દીધો અને વધારામાં કહ્યું કે,"મારા જીવતાં તું યુદ્ધમાંથી આજે જીવતો છૂટવાનો નથી." તે સાંભળી અભિમન્યુએ લોખંડી કવચવાળા તે રાજાને એકદમ ઉંડું પેસી જાય તેવું તીક્ષ્ણ બાણ મારી હૃદયમાં વિંધી નાખ્યો,કે જેથી તે પ્રાણરહિત થઈ પૃથ્વી ઉપર પડયો.[૧૦] હે રાજન્! વસાતીયને એ પ્રમાણે મરણ પામેલો જોઇ મોટા મોટા ક્ષત્રિયો તમારા પૌત્રને (અભિમન્યુને) મારી નાખવાની ઇચ્છાથી ચારે બાજુ ઘેરી વળ્યા.[૧૧] તે સમયે અનેક જાતનાં પોતાનાં ધનુષ્યોનો ટંકાર કરતા તે શત્રુઓ સાથે અભિમન્યુનું અતિ ભયંકર યુદ્ધ થઇ રહ્યું. ક્રોધાયમાન થયેલા અર્જુનપુત્રે તેઓના ધનુષ્યસહિત બાણોને તથા પુષ્પમાળા અને કુંડળોને ધારણ કરનારાં મસ્તકોને કચાકચ કાપી નાખ્યાં.[૧૩] આખી રણભૂમિમાં ઠેકઠેકાણે તરવારો, હાથમાં પહેરવાનાં મોજાં, પટ્ટિશો અને ફરશીઓને ધારણ કરનારા કપાઈ પડેલા બાહુઓ નજરે પડતા હતા કે જેઓ સુવર્ણના અલંકારોથી સુશોભિત હતા;[૧૪] એટલુંજ નહિ પણ પુષ્પની માળાઓથી, અલંકારોથી, વસ્ત્રોથી, પાડી નાખેલી મોટી ભુજાઓથી, કવચોથી, ઢાલોથી, હારોથી, મુકુટોથી, છત્રોથી, ચામરોથી, ઉપસ્કરોથી, રથનાં મુખ્ય મુખ્ય કાષ્ઠોથી, ઇષોથી, દાંડાઓથી, ધરીઓથી, ભાંગી ગયેલાં પૈડાંઓથી, છિન્નભિન્ન થયેલી ધુંસરીઓથી, રથના નીચેના ભાગનાં લાકડાંઓથી,પતાકાઓથી, સારથિઓથી, ઘોડાઓથી, ભાંગી પડેલા રથોથી અને માર્યા ગયેલા હાથીઓથી રણભૂમિ છવાઈ ગઇ હતી.[૧૫–૧૭] વળી જયની લાલસાવાળા અને મરણ પામેલા શૂરા ક્ષત્રિયો કે જેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂદા જૂદા દેશોના રાજા હતા તેઓવડે ઢંકાઇ ગયેલી રણભૂમિ ઘણી દારુણ થઈ પડી હતી.[૧૮] ક્રોધ કરી રણમાં સર્વ દિશા અને વિદિશામાં ઘૂમી રહેલા અભિમન્યુનું સ્વરૂપ તે સમયે દેખાતું ન હતું.[૧૯] માત્ર સુવર્ણનું કવચ અને તેણે ધારણ કરેલા અલંકારો તથા ધનુષ્યમાંથી છૂટતાં બાણોજ કેવળ અમારા જોવામાં આવતાં હતાં.[૨૦] સૂર્યની પેઠે સૈન્યના મધ્યમાં રહી બાણોવડે યોદ્ધાઓના પ્રાણોનું હરણ કરતા તે અભિમન્યુને કોઇ પણ યોદ્ધો તે વેળા પોતાનાં નેત્રોવડે જોઇ શકતો ન હતો.[૨૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં "અભિમન્યુનાં પરાક્રમ"એ વિષયનો અધ્યાય ૪૪ મો સમાપ્ત

અધ્યાય ૪૫ મો

રણમાંથી દુર્યોધન નાઠો !

॥ संजय उवाच ॥

आददानस्तु शूराणामायूंष्यभवदार्जुनिः ।
अंतकः सर्वभूतानां प्राणान् काल इवागते॥१॥

સંજયે કહ્યું:-શૂરાઓનાં આયુષ્યને લઇ લેતો અર્જુનપુત્ર, અંતસમયે પ્રાણોનું હરણ કરતો સાક્ષાત્ યમરાજ હોય, તેમ સર્વ ભૂતોનો કાળજ થઇ પડયો હતો.[૧] ઇન્દ્રસરખો પરાક્રમી અર્જુનનો બળવાન પુત્ર અભિમન્યુ, તે સમયે શત્રુઓની સેનાને ડોલાયમાન કરતો દેખાતો હતો.[૨] હે રાજેન્દ્ર! પરશુરામસરખા તે અભિમન્યુએ વ્યૂહમાં પ્રવેશ કરી ભયંકર વાઘ જેમ મૃગને પકડે, તેમ સત્યશ્રવાને પકડયો.[૩] સત્યશ્રવા જ્યારે પકડાયો, ત્યારે તેને છોડાવવામાટે ઉતાવળ કરતા અનેક મહારથીઓ મોટાં મોટાં શસ્ત્રો હાથમાં લઇ અભિમન્યુપર ચઢી ગયા.[૪] "હું પહેલો, હું પહેલો" એ પ્રમાણે અન્યોન્યની સ્પર્ધા કરતા મોટા મોટા ક્ષત્રિયો, અર્જુનના પુત્રને મારી નાખવાની ઇચ્છાથી રણમાં આવી પહોંચ્યા;[૫] પણ અભિમન્યુએ, આમતેમ દોડતા તે ક્ષત્રિયોનાં સૈન્યોને, સમુદ્રમાં મગરમચ્છ જેમ નાનાં નાનાં માછલાંઓને પકડી પાડે તેમ પકડી પાડયાં.[૬] જે કોઇ યોદ્ધાઓ યુદ્ધમાંથી પાછા નહિ હઠીને તેની પાસે જતા હતા, તેઓ સમુદ્રની પાસેથી નદીઓ જેમ પાછી ન ફરે, તેમ પાછા ફરતા ન હતા; પણ યમલોકમાં સીધાવી જતા હતા.[૭] વાયુના વેગના ભયમાં આવી પડેલી તથા મોટા ઝૂડના હાથમાં સપડાયેલી સમુદ્રમાં રડવડતી નૌકાની પેઠે અભિમન્યુના સપાટામાં સપડાયેલી કૌરવોની સેના થરથર ધ્રૂજતી હતી.[૮] તે વેળા રૂક્મરથ નામનો મદ્રરાજનો બળવાન પુત્ર પોતે નિર્ભય થઇને તે ભયભીત થયેલી સેનાનું આશ્વાસન કરતો બોલ્યો કે:-'ઓ શૂરાઓ! તમે ડરો નહિ. મારી હયાતીમાં આ અભિમન્યુ તે વળી કોણમાત્ર છે? હું એને જીવતો પકડીશ, એમાં લગારે સંશય નથી.'[૧૦] એમ કહીને સારી રીતે સજ્જ કરેલા શોભાયમાન રથમાં બેસી તે પરાક્રમી રૂક્મરથ અભિમન્યુસામે ધસ્યો.[૧૧] તેણે ત્રણ બાણો મારી અભિમન્યુને છાતીમાં વિંધી નાખ્યો; એટલુંજ નહિ પણ બીજાં ત્રણ ત્રણ બાણોવડે તેના ડાબા-જમણા હાથમાં પ્રહાર કરી તે ગાજી ઉઠયો;[૧૨] પણ અર્જુનના પુત્રે તેનું ધનુષ્ય, જમણી-ડાબી ભુજા અને સુંદર નેત્રવાળું તથા સુંદર ભ્રમરવાળું મસ્તક એકદમ પૃથ્વીપર પાડી દીધું.[૧૩] અભિમન્યુને જીવતો પકડવા ઇચ્છનાર તે શલ્યરાજાના અભિમાની પુત્ર રૂક્મરથને યશસ્વી અભિમન્યુએ મારી નાખેલો જોઇ હે રાજન્! યુદ્ધ કરવા મદોન્મત્ત થયેલા, યુદ્ધમાં સચોટ પ્રહાર કરનારા, સોનેરી ધ્વજાવાળા અને મહાબળવાન એવા રૂક્મરથના મિત્ર રાજપુત્રો, મોટા તાડવૃક્ષ જેવડાં ધનુષ્યો ખેંચી ખેંચીને બાણોનો વરસાદ વરસાવી અભિમન્યુને ચારેબાજુથી ઘેરી વળ્યા![૧૩-૧૬] એ પ્રમાણે યુદ્ધશિક્ષાના બળવાળા તથા અત્યંત ક્રોધાયમાન થયેલા તરુણ રાજપુત્રોએ બાણોના ઢગોથી રણશૂરા અર્જિત અભિમન્યુને ઢાંકી દીધેલો જોઇ દુર્યોધન હર્ષમાં આવી ગયો અને એને યમરાજાના ભુવનમાં પહોંચી ગયેલો માની બેઠો.[૧૭,૧૮] એક નિમેષકાળમાં તો તે રાજપુત્રોએ સુવર્ણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળવાળાં અનેક જાતનાં સજેલાં બાણોવડે અર્જુનપુત્રને અદૃશ્ય કરી દીધો. શાહુડી જેમ તેનાં પીછાંથી ઢંકાઇ જાય છે, તેમ સારથિ, ઘોડા અને ધ્વજસહિત તેનો રથ તથા તે પોતે બાણોથી ઢંકાઇ ગયેલો અમને દેખાતો હતો.[૨૦] હે ભરતવંશી રાજા! બાણોના પ્રહારોથી અત્યંત વિંધાયલો તે અભિમન્યુ, અંકુશોથી વિંધાયલા હાથીની પેઠે એકદમ ક્રોધવશ થઇ ગયો; અને તેણે ગાંધર્વાસ્ત્ર તથા અકલિત રથશિક્ષા પ્રકટ કરી.[૨૧] અર્જુને તપ તપી પૂર્વે તુંબુરૂ આદિ ગંધર્વો પાસેથી જે અસ્ત્ર મેળવ્યું હતું, તે અસ્ત્રવડે અભિમન્યુએ શત્રુઓને મોહિત કર્યા.[૨૨] હે રાજન્! એ પ્રમાણે ઘણાં અસ્ત્રોનો પ્રયોગ કરી અભિમન્યુ, ઉંબાડીઆંની પેઠે યુદ્ધમાં એક સ્વરૂપે, સેંકડો સ્વરૂપે અને હજારો સ્વરૂપે દેખાતો હતો.[૨૩] હે રાજા! રથશિક્ષા અને અસ્ત્રોની માયાથી શત્રુઓને મોહ પમાડી શત્રુતાપન અભિમન્યુએ, રાજાઓનાં શરીરોના સેંકડો ટુકડા કરી નાખ્યા.[૨૪] એ યુદ્ધમાં તીક્ષ્ણ બાણોએ હરણ કરેલા પ્રાણીઓના પ્રાણો પરલોકભણી વિદાય થતા હતા અને તેમનાં શરીરો રણભૂમિમાં રોળાતાં હતાં.[૨૫] અર્જુનના પુત્રે તે બધા રાજકુમારોનાં ધનુષ્યોને, સારથિઓને, ધ્વજાઓને, બાજુબંધસહિત બાહુઓને તથા મસ્તકોને પાણીદાર બાણોથી કચાકચ કાપી નાખ્યાં.[૨૬] જેમ મહાન વાયુ ફળ આપવાની તૈયારીમાં રહેલી પાંચ વર્ષની આંબાવાડીને મૂળમાંથી ઉખેડી ભાંગી નાખે, તેમ અભિમન્યુએ સેંકડો રાજપુત્રોને રણમાં રોળી નાખ્યા.[૨૭] ક્રોધાયમાન સર્પસરખા, અતિશય કોમળ અને સુખ ભોગવવાને યોગ્ય એવા રાજકુમારોને અભિમન્યુએ એકલાએ હણી નાખેલા જોઇ દુર્યોધન ભયભીત થઈ ગયો.[૨૮] રથીઓ, હાથીઓ, ઘોડાઓ અને પાળાઓને પણ ટપોટપ રણમાં મરણ પામતા જોઈ, ક્રોધવશ થયેલો દુર્યોધન તત્કાળ અભિમન્યુપર ચઢી આવ્યો.[૨૯] પછી તેઓ બન્ને વચ્ચે સંગ્રામ થવા લાગ્યો, પણ તે અપૂર્ણજ રહ્યો; કારણ કે અભિમન્યુનાં સેંકડો બાણોનો માર ખાઈ તમારો પુત્ર ત્યાંથી નાસી ગયો.[૩૦]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'દુર્યોધનનો પરાજય' એ વિષયનો અધ્યાય ૪૫ મો સમાપ્ત

અધ્યાય ૪૬ મો

રાજકુમાર લક્ષ્મણ અને કાથરાજપુત્ર માર્યા ગયા.

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

यथा वदसि मे सूत एकस्य बहुभिः सह ।
संग्रामं तुमुलं घोरं जयं चैव महात्मनः ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સંજય! તું મને કહે છે કે, એકલા અભિમન્યુનો અનેક યોદ્ધાઓની સાથે તુમુલ અને ઘોરસંગ્રામ થઇ રહ્યો અને તેમાં તે મહાત્માનો વિજય થયો હતો.[૧] આ પ્રમાણેનું અભિમન્યુનું પરાક્રમ જો કે ન મનાય તેવું આશ્ચર્યજનક છે, તોપણ છેવટે માનવુંજ પડે છે કે, તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથીજ; કારણકે તેઓને હમેશાં ધર્મનોજ આશ્રય છે.[૨] એ રીતે જ્યારે દુર્યોધન નાસી ગયો અને સેંકડો રાજપુત્રો જ્યારે રણમાં રોળાયા, ત્યારે મારા પક્ષના યોદ્ધાઓએ અભિમન્યુને માટે શો ઉપાય કર્યો? તે મને કહે.[૩]

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્ર રાજા! દુર્યોધન જ્યારે રણમાંથી નાઠો, ત્યારે તેના અનુયાયી યોદ્ધાઓનાં મુખ સૂકાઈ ગયાં, નેત્રો ચકરવકર થવા લાગ્યાં, શરીરે પરસેવાના રેલા ઉતરવા લાગ્યા, રૂવાં ઉભાં થઇ ગયાં, અને પલાયન કરવાને તેઓ તત્પર થઇ ગયા; પણ શત્રુઓનો જય કરવામાં તદ્દન નિરુત્સાહ થયા.[૪] મરણ પામેલા ભાઇઓને, પિતાઓને, પુત્રોને, મિત્રોને, સંબંધીઓને તથા બાંધવોને ત્યજી દઇને પોતાના હાથી–ઘોડાઓને દોડાવી દોડાવી તેઓ ત્યાંથી નાસી જવા લાગ્યા.[૫] એ રીતે સૈનિકોમાં ભંગાણ પડેલું જોઇ દ્રોણાચાર્ય, અશ્વત્થામા, બૃહદ્બલ, કૃપાચાર્ય, દુર્યોધન, કર્ણ, કૃતવર્મા અને શકુનિ અત્યંત ક્રોધાતુર થઇ અજિત અભિમન્યુસામા દોડયા; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ બધાને હે રાજન્! તમારા પૌત્રે (અભિમન્યુએ) લગભગ પાછા હઠાવ્યા.[૬,૭] તે સમયે માત્ર એકલો લક્ષ્મણકુમારજ અભિમન્યુ સામે ધસી ગયો હતો, કે જે કુમાર નાનપણથીજ સુખચેનમાં મોટો થયો હતો, ગર્વને લીધે નિર્ભય હતો, અસ્ત્રશસ્ત્રને જાણનારો અને મહાતેજસ્વી હતો.[૮] તેની પાછળજ એનો પિતા દુર્યોધન પુત્રપ્રેમને લીધે યુદ્ધ કરવા પાછો ફર્યો હતો અને તે દુર્યોધનની પાછળ બીજા મહારથીઓ પણ પાછા વળ્યા હતા.[૯] તેઓ સઘળા યોદ્ધાઓ, મેઘો જેમ પર્વતપર જળધારાનો અભિષેક કરે, તેમ અભિમન્યુપર બાણોનો અભિષેક કરવા લાગ્યા; પણ વાયુ જેમ મેઘોને છિન્નભિન્ન કરી વીખેરી નાખે, તેમ એકલા અભિમન્યુએ તેઓ બધાને વીખેરી નાખ્યા;[૧૦] અને સુંદર દેખાવના, પિતાની સમીપમાં ઉભેલા, શૂરવીર, ઉંચા કરેલા ધનુષ્યવાળા, અત્યંત સુખમાં ઉછરેલા અને કુબેરના પુત્રસમાન સુંદર એવા તમારા પૌત્ર લક્ષ્મણસામે મદોન્મત્ત હાથી જેમ બીજા મદોન્મત્ત હાથીસામે ધસી જાય, તેમ તે ધસી ગયો.[૧૧,૧૨] એ રીતે લક્ષ્મણ સાથે ભેટો કરીને શત્રુસંહારક અભિમન્યુએ સજેલાં તીક્ષ્ણ બાણોવડે તેના બે બાહુઓમાં તથા છાતીમાં પ્રહાર કર્યો;[૧૩] એટલુંજ નહિ પણ હે મહારાજ! દંડથી પ્રહાર કરાયેલા સર્પની પેઠે કોપાયમાન થયેલા તમારા પૌત્રે (અભિમન્યુએ) તમારા પૌત્રને (લક્ષ્મણને) કહ્યું કે:–[૧૪] 'આ લોકને તું સારી રીતે નિહાળી લે, હવે તું પરલોકપ્રત્યે પ્રયાણ કરવાનો છે. આ સમયેજ તારા બાંધવોની સમક્ષ તને હું યમરાજાને ઘેર મોકલી દઉં છું.'[૧૫] એપ્રમાણે કહી શત્રુવીરોનો સંહાર કરનાર મહાબાહુ અભિમન્યુએ કાંચળીવિનાના સર્પસરખું સુસવાટ કરતું ભલ્લજાતિનું બાણ તેની તરફ ફેંકયું.[૧૬] અભિમન્યુના હાથમાંથી છૂટતાંની સાથેજ તે બાણે, સુંદર દેખાવવાળાં તથા સુંદર નાસિકા, ભ્રમર અને કેશવાળા લક્ષ્મણના કુંડળસહિત મસ્તકને ઉડાડી નાખ્યું.[૧૭] કુમાર લક્ષ્મણને એ રીતે હણાયલો જોઇ યોદ્ધાઓ હાહાકાર કરવા લાગ્યા. દુર્યોધન પણ પોતાનો પ્રિય પુત્ર માર્યો જવાથી કોપી ઉઠયો અને મોટી બૂમ પાડી ક્ષત્રિયોને કહેવા લાગ્યો કે, 'આને હવે મારી નાખો, મારી નાખો.' એ સાંભળી તુરતજ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, બૃહદ્બલ, કૃતવર્મા અને હાર્દિક્ય, એ છ મહારથીઓએ ચારેબાજુથી અભિમન્યુને ઘેરી લીધો; પણ અર્જુનના પુત્રે તેજદાર બાણો મૂકી તેઓને પાછા હઠાવી દીધા અને પોતે ક્રોધપૂર્વક ઘણી ઝડપથી સિંધુરાજના મહાન સૈન્યસામે ધસી ગયો. તેવામાં કલિંગો, નિષાદો અને પરાક્રમી કાથરાજનો પુત્ર, મનમાં દંશ રાખી મોટા હાથીસ્વારોના સૈન્યને સાથે લઇ તે અભિમન્યુના માર્ગને ચોતરફથી ઘેરી વળ્યા. હે રાજન્! તે સ્થળે અત્યંત ઝપાઝપીવાળું યુદ્ધ થવા લાગ્યું.[૧૮,૨૨] તે પછી સદા ગતિમાન વાયુ જેમ મેઘમંડળોને આકાશમાં સેંકડો સ્થળેથી છિન્નભિન્ન કરી નાખે, તેમ અર્જુનપુત્રે તે પ્રગલ્ભ હાથીસૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું.[૨૩] તે વેળા કાથરાજાએ બાણોના ઢગોથી અભિમન્યુને ઢાંકી દીધો. એજ અરસામાં દ્રોણ આદિ બીજા મહારથીઓ પણ યુદ્ધ કરવા ચઢી આવ્યા. આવતાંવેંતજ પરમ અસ્ત્રોને ફેંકી રહેલા તે યોદ્ધાઓએ અભિમન્યુસામે ધસારો કર્યો. તે જોઇ અભિમન્યુએ બાણોવડે સત્વર તેઓને અટકાવ્યા અને પુષ્કળ બાણોના જથાથી કાથપુત્રને પણ ગભરાવ્યો; એટલુંજ નહિ પણ તેને મારી નાખવાની ઇચ્છાથી કેટલાંએક બીજાં બાણો મૂકી તેનાં ધનુષ્ય, બાણ, બાજુબંધ, બે હાથ, મુકુટસહિત મસ્તક, છત્ર, ધ્વજા, સારથિ, રથ અને ઘોડાઓને પૃથ્વીપર પાડી દીધા. કુળ, શીલ, શાસ્ત્ર, બળ, કીર્તિ અને અસ્ત્રોથી યુક્ત એવો તે કાથપુત્ર જ્યારે રણમાં પડયો, ત્યારે બધા વીરો લગભગ રણમાંથી વિમુખ થયા.[૨૪–૨૭]

ઇતિ૦ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં "લક્ષ્મણનો વધ" એ વિષયનો અધ્યાય ૪૬ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૭ મો

બૃહદ્બલ પડયો.

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

तथा प्रविष्टं तरुणं सौभद्रमपराजितम् ।
कुलानुरूपं कुर्वाणं संग्रामेष्वपराजितम् ॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–હે સંજય! યુવાન,અજિત અને યુદ્ધમાં પોતાના કુળને છાજે તેવું પરાક્રમ કરનાર સુભદ્રાનો પુત્ર, અતિબળવાન અને ત્રણ વર્ષની અવસ્થાના ઉત્તમ ઘોડાઓવડે જાણે આકાશમાં ઉછળતો હોય, તેમ વ્યૂહમાં જ્યારે દાખલ થયો, ત્યારે આપણા પક્ષના કયા શૂરવીરોએ તેને વાર્યો હતો ? ૧,૨

સંજયે કહ્યું:–વ્યૂહમાં દાખલ થઈ અર્જુનના પુત્ર અભિમન્યુએ તીક્ષ્ણ બાણો મારી તમારા પક્ષના લગભગ સર્વ રાજાઓને નસાડી મૂકયા હતા.[૩] તેવામાં દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, બૃહદ્બલ, કૃતવર્મા અને હાર્દિકય, એ છ મહારથીઓએ તેને ઘેરી લીધો હતો.[૪] હે મહારાજ ! સિંધુરાજપર યુદ્ધનો ઘણો ભાર આવી પડયો હતો. તે જોઇ તમારૂં સૈન્ય યુધિષ્ઠિર તરફ ધસી ગયું હતું[૫] અને બીજા મહાબળવાન વીરો તો, તાડવૃક્ષના જેવડાં પોતાનાં મોટાં મોટાં ધનુષ્યોને ખેંચીને બાણરૂપ જળધારા છોડીને વીર અભિમન્યુપર વરસાવી રહ્યા હતા;[૬]પણ શત્રુવીરોનો સંહાર કરનાર સુભદ્રાપુત્ર, સર્વ વિદ્યામાં નિષ્ણાત થયેલા તે સર્વ મોટા ધનુર્ધરોને બાણો મૂકી રણમાં આગળ વધતા અટકાવી રહ્યો હતો.[૭] અર્જુનના પુત્રે દ્રોણાચાર્યને પચાસ બાણોથી, બૃહદ્બલને વીસ બાણોથી,કૃતવર્માને એંશી બાણોથી,કૃપાચાર્યને સાઠ બાણોથી અને અશ્વત્થામાને સુવર્ણના મૂળવાળાં, મોટા વેગવાળાં તથા કાનસુધી જોસભેર ખેંચી છોડેલાં દશ બાણોથી વિંધી નાખ્યા;[૮] તેમજ કર્ણને સર્વ શત્રુઓના મધ્યમાં કાનજેવા આકારવાળા પાણીદાર તીક્ષ્ણ બાણથી કાનમાં વિંધી નાખ્યો.[૧૦] વળી તેણે કૃપાચાર્યના રથના ઘોડાઓ, પૃષ્ઠરક્ષકો તથા સારથિને મારી નાખી બીજાં દશ બાણો છોડી એને પણ છાતીમાં વિંધી નાખ્યો.[૧૧]તે પછી બળવાન અભિમન્યુએ કૌરવોની કીર્તિને વધારનારા વીર વૃંદારકને તમારા વીરપુત્રોની સમક્ષ મારી નાખ્યો.[૧૨] એ રીતે નિર્ભય થઇને પોતાના સારા સારા શત્રુ યોદ્ધાઓનો નાશ કરનાર તે અભિમન્યુને અશ્વત્થામાએ પચીસ ક્ષુદ્રક બાણોનો પ્રહાર કર્યો.[૧૩] અભિમન્યુએ પણ સર્વ કૌરવોના દેખતાં અશ્વત્થામાને તીક્ષ્ણ બાણોનો સામો પ્રહાર કર્યો,ત્યારે વળી પાછા અશ્વત્થામાએ ઘણાં તેજદાર અને તીક્ષ્ણ ધારવાળાં ઉગ્ર સાઠ બાણોનો તેને પ્રહાર કર્યો;પણ મૈનાકપર્વતને જેમ કંપાવી ન શકાય તેમ તે કંપાવી શકાયો નહિ.[૧૫] તે પછી મહાતેજસ્વી અને બળવાન એવા અભિમન્યુએ સુવર્ણના મૂળવાળાં સીધી ગતિનાં તોંતેર બાણોવડે પોતાના શત્રુ અશ્વત્થામાને વિંધી નાખ્યો. ત્યારે પોતાના પુત્રનું ખેંચીને દ્રોણાચાર્યે સો બાણો અભિમન્યુને માર્યાં અને અશ્વત્થામાએ પણ પોતાના પિતાનું રક્ષણ કરવાની ઇચ્છાથી આઠ બાણોનો તેને પ્રહાર કર્યો.[૧૭] કર્ણે બાવીસ ભલ્લ બાણોનો પ્રહાર કર્યો. કૃતવર્માએ વીસ, બૃહદ્બલે પચાસ અને કૃપાચાર્યે દશ બાણોનો તેને માર માર્યો.[૧૮] એ પ્રમાણે સર્વ તરફથી તીક્ષ્ણ બાણોથી અભિમન્યુ પીડાતો હતો, છતાંપણ તેણે દશ દશ બાણોથી તે દરેકને સામા વિંધી નાખ્યા.[૧૯] કોસલદેશના રાજાએ કાન જેવા આકારના બાણથી તેને હૃદયમાં પ્રહાર કર્યો;ત્યારે તેણે તેના ઘોડા, ધ્વજ, ધનુષ્ય અને સારથિને પૃથ્વીપર પટકી પાડયા. એ પ્રમાણે જ્યારે કોસલરાજા રથવિનાનો થઇ ગયો, ત્યારે તેણે હાથમાં ઢાલ–તરવાર લઈ અર્જુનપુત્રના કુંડળસહિત મસ્તકને ધડથી જુદું પાડવાની ઇચ્છા કરી;[૨૧] પણ તેવામાં અભિમન્યુએજ કોસલદેશના રાજા રાજપુત્ર બૃહદ્બલને એક બાણનો પ્રહાર કરી હૃદયમાં વિંધી નાખ્યો, જેથી હૃદય ચીરાઇ જતાં તે રણમાં પડયો.[૨૨] વળી તેણે દશહજાર મહાન્ રાજાઓ કે જેઓ હાથમાં તરવાર–ધનુષ્ય ધારણ કરી અમંગળ વાણી બોલતા હતા તેઓને કાપી નાખ્યા.[૨૩] એ પ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણે બૃહદ્બલને મારી નાખી અભિમન્યુ રણમાં ઘૂમવા લાગ્યો અને મોટું ધનુષ્ય ધારણ કરી બાણરૂપી જળની વૃષ્ટિ કરી તમારા યોદ્ધાઓને આગળ વધતા અટકાવી રહ્યો હતો.[૨૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'બૃહદ્બલનો વધ' એ વિષયનો અધ્યાય ૪૭ મો સમાપ્ત

અધ્યાય ૪૮ મો

છ જણાએ મળીને અભિમન્યુને રથવિનાનો કર્યો.

॥ संजय उवाच ॥

स कर्णं कर्णिना कर्णे पुनर्विव्याध फाल्गुनिः।
शरैः पंचाशता चैनमविध्यत् कोपयन् भृशम्॥

સંજયે કહ્યું:-ફરીથી અર્જુનના પુત્રે કર્ણિ નામના એક બાણથી કર્ણના કાનને વિંધી નાખ્યો તથા તેને અત્યંત કોપાયમાન કરવા બીજાં પચાસ બાણોનો તેને પ્રહાર કર્યો. હે ભરતવંશી રાજા! કર્ણે પણ સામેથી પચાસ બાણો તેને માર્યાં, જેથી બાણોથી વ્યાપ્ત શરીરવાળો તે અભિમન્યુ ઘણો શોભાયમાન દેખાતો હતો.[૨] અભિમન્યુએ પણ કર્ણને લોહીની ધારા વહેતો કરી મૂક્યો, ત્યારે કર્ણ પણ બાણોથી ઢંકાઇને લોહીલોહાણ થતાં ઘણો શોભતો હતો.[૩] તે બન્ને મહાત્માઓ બાણોથી વિચિત્ર અંગવાળા થઈ ગયા હતા અને શરીરે લોહીથી ખરડાયલા હતા; જેથી પુષ્પોથી ભરેલા બે ખાખરાનાં વૃક્ષોસરખા તે શોભતા હતા.[૪] તે પછી અભિમન્યુએ તરેહ તરેહનું યુદ્ધ કરનારા કર્ણના શૂરા છ પ્રધાનોને ઘોડા, સારથિ, ધ્વજ અને રથસહિત હણી નાખ્યા;[૫] તેમજ લગારે ગભરાયાવિના બીજા મોટા મોટા ધનુર્ધરોને દશ દશ બાણોથી વિંધી નાખ્યા. તે ઘણું આશ્ચર્યકારક જણાતું હતું.[૬] વળી મગધરાજાના તરુણ પુત્ર અશ્વકેતુને સીધાં જનારાં છ બાણો મારી ઘોડા અને સારથિસહિત હણી નાખી ધરણીપર ઢોળી પાડયો;[૭] એટલુંજ નહિ પરંતુ હાથીના ચિહ્નવાળી ધ્વજાવાળા માર્તિકાવત દેશના રાજા ભોજને એક ક્ષુરપ્ર બાણથી કાપી નાખી અભિમન્યુ ગર્જના કરવા લાગ્યો અને બાણો છોડવા લાગ્યો.[૮] એવામાં દુઃશાસનના પુત્રે ચાર બાણોવડે ચાર ઘોડાઓને, એક બાણવડે સારથિને તથા દશ બાણોવડે અર્જુનના પુત્રને વિંધી નાખ્યો.[૯] તે જોઇ અભિમન્યુએ સાત બાણોથી દુઃશાસનના પુત્રને વિંધી નાખ્યો અને ક્રોધથી લાલચોળ નેત્ર કરી મોટે સાદેથી તેને આ વાક્ય કહ્યું:-[૧૦]"ઓ દુઃશાસનના પુત્ર! તારો પિતા તો કાયરપુરુષની પેઠે રણસંગ્રામ છોડીને નાસી ગયો છે અને તું પણ વળી યુદ્ધ કરી જાણે છે તે બહુ સારૂં છે; પરંતુ આજે તું જીવતો છૂટવાનો નથી."[૧૧] એ પ્રમાણેનું વચન કહી સરાણપર ઘસી સાફ કરેલું નારાચ બાણ તેના તરફ તેણે ફેંકયું; પણ અશ્વત્થામાએ ત્રણ બાણો મૂકી વચમાંથીજ તેને કાપી નાખ્યું.[૧૨] ત્યારે અભિમન્યુએ તેના ધ્વજને કાપી નાખી શલ્યરાજાને ત્રણ બાણોનો પ્રહાર કર્યો, એટલે હે રાજા! શલ્યે પણ નહિ ગભરાતાં ગીધપક્ષીનાં પીછાંવાળાં નવ બાણોનો તેના હૃદયમાં પ્રહાર કર્યો, તે ઘણું નવાઈ જેવું લાગતું હતું. એટલે અર્જુનના પુત્રે તેની ધ્વજાને ઉડાડી નાખી તેના બન્ને પૃષ્ઠરક્ષકોને તથા સારથિને મારી નાખ્યો; વળી તેને પણ લોખંડી છ બાણોથી વિંધી નાખ્યો. એટલે તે એકદમ બીજા રથપર ચઢી ગયો. પછી અભિમન્યુએ શત્રુંજય, ચંદ્રકેતુ, મેઘવેગ, સુવર્ચસ્ અને સૂર્યભાસ નામના પાંચ રાજાઓને મારી નાખી શકુનિને વિંધી નાખ્યો. ત્યારે શકુનિએ પણ તેને ત્રણ બાણોથી વિંધી નાખી દુર્યોધનપ્રત્યે કહ્યું કે:-"આપણે બધા મળીને હવે આને મારી નાખીએ; કારણકે આ તો આપણામાંના એકેકને વીણી વીણીને મારી નાખે છે." તેવામાં સૂર્યના પુત્ર કર્ણે પણ દ્રોણનેપૂછયું કે:-"આ અભિમન્યુ પ્રથમજ સારા સારા સઘળા યોદ્ધાઓને મારી નાખે છે, માટે એના નાશનો ઉપાય અમને કહો." તે સાંભળી મહાધનુર્ધર દ્રોણાચાર્ય તેઓ સર્વપ્રત્યે કહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વા લાગ્યા:–[૧૩–૧૮] "આ કુમાર સર્વ દિશામાં ઘૂમી રહ્યો છે, તોપણ લગારે તેને મારવાનો અવકાશ તમારા જોવામાં આવે છે?[૧૯] પુરુષોમાં સિંહસરખા આ પાંડુવંશના કુમારની ઝડપ તો તમે જુઓ! એના રથના માર્ગમાં કેવળ ધનુષ્યનું મંડળજ દેખાય છે.[૨૦] તે ઝટપટ બાણો સાંધે છે અને તેજ પ્રમાણે પાછો છોડે છે. તે બાણોના પ્રહારોથી મારા પ્રાણોને પીડા કરે છે અને મને પોતાને પણ મુંઝવે છે;[૨૧] તોપણ શત્રુવીરોનો સંહારક તે સુભદ્રાપુત્ર મને હર્ષ ઉપજાવે છે. રણમાં ઘૂમતો આ કુમાર મને અત્યંત પ્રસન્ન કરે છે.[૨૩] કોપાયમાન થયેલા સર્વ મહારથીઓ એને મારવાનો લાગ જોઇ શકતા નથી. સર્વ દિશાઓમાં બાણો છોડી રહેલા ચાલાક હાથવાળા આ કુમારમાં અને ગાંડીવધનુર્ધારી અર્જુનમાં મને કોઇ જાતની વિશેષતા દેખાતી નથી. (બન્નેની સમાનતાજ મને દેખાય છે.)" એ સાંભળી અભિમન્યુના બાણપ્રહારથી ખોખરા થયેલા કર્ણે દ્રોણપ્રત્યે પુનઃ કહ્યું:–[૨૩,૨૪] "મારા સરખાએ રણમાં ઉભા રહેવુંજ જોઇએ. એ કારણથી અભિમન્યુનાં બાણોથી પીડાઇને પણ હું અહીં ઉભો રહ્યો છું. બીજો તો કયારનોએ નાસી ગયો હોય; કારણકે આ તેજસ્વી કુમારનાં બાણો પરમ દારુણ, અગ્નિસરખાં ચળકતાં તથા અતિ ઘોર છે. ખરેખર, આ બાણો આજે મારા હૃદયને ચીરી નાખે છે."

કર્ણનાં એ વચનના ઉત્તરમાં આચાર્ય મંદ હાસ્ય કરી ધીમે રહીને બોલ્યા કે:–[૨૫,૨૬] "આનું કવચ તો તોડયું તૂટે તેમ પણ નથી. વળી એ પોતે યુવાન અને પરાક્રમી પણ છે. આના પિતાને મેં કવચ ધારણ કરવાનો જે ઉપદેશ કર્યો છે, તેને શત્રુઓનાં નગરને જીતનારો આ અભિમન્યુ, અવશ્ય સંપૂર્ણરીતે જાણે છે; પણ કદાચ એનું ધનુષ્ય, દોરી, રથની રાશ, ઘોડા, બન્ને પૃષ્ઠરક્ષક અને સારથિને જો કાપવા ધાર્યો હોય તો બરાબર સાંધેલાં બાણોવડે કાપી શકાય તેમ છે; માટે હે મહાધનુર્ધર રાધાપુત્ર! એ કામ કરવા તારામાં જો શક્તિ હોય તો કર.[૨૭–૨૯] એ કામ કર્યા પછી એને રણમાંથી વિમુખ કરી દઇ પાછળથી પ્રહાર કર. બાકી તો જ્યાંસુધી એના હાથમાં ધનુષ્ય છે ત્યાંસુધી દેવો કે દાનવો પણ એને જીતી શકે તેમ નથી;[૩૦] માટે જો તારી ઇચ્છા હોય તો એને રથ અને ધનુષ્યવિનાનો કરી નાખ." આચાર્યનું એ વચન સાંભળી સૂર્યના પુત્ર કર્ણે સત્વર ચાલાક હાથે બાણો ફેંકી રહેલા તે અભિમન્યુના ધનુષ્યને બાણો મૂકીને કાપી નાખ્યું. ભોજે ઘોડાઓને મારી નાખ્યા અને કૃપાચાર્યે તેના બન્ને પૃષ્ઠરક્ષકોને તથા સારથિને મારી નાખ્યા.[૩૧,૩૨] બાકીના બીજા યોદ્ધાઓ કપાયેલા ધનુષ્યવાળા એ અભિમન્યુપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. એ રીતે નિર્દય હૃદયના છ મહારથીઓએ એકઠા મળી એકલા બાળક અભિમન્યુને રથવિનાનો કરી નાખી, તે સમયને ઉતાવળ કરવાનો સમજી, સત્વર બાણોનો વરસાદ વરસાવી તેને છાઇ દેવા લાગ્યા. પોતાનું ધનુષ્ય કપાઇ ગયું હતું અને રથ પણ વ્યર્થ થઇ પડયો હતો; છતાં પોતાના વીરધર્મનું પાલન કરી શ્રીમાન અભિમન્યુ, હાથમાં ઢાલતરવાર લઈ આકાશમાં કૂદ્યો અને પોતાની લઘુતા તથા બળપૂર્વક સર્વતોભદ્ર આદિ મંડળથી ગરુડની પેઠે અદ્ધરનો અદ્ધરજ અત્યંત ઘૂમવા લાગ્યો. "આ તરવાર લઇને મારા ઉપરજ પડે છે" આમ ધારી ઉંચે જોઇ રહેલા તથા યુદ્ધમાં બરાબર લાગ જોતા યોદ્ધાઓ, મહાધનુર્ધર તે અભિમન્યુને વિંધવા લાગ્યા. શત્રુઓને જીતનારા મહાતેજસ્વી દ્રોણાચાર્યે ઘણી ઝડપથી એક ક્ષુરપ્ર બાણ મૂકી અભિમન્યુની મુઠ્ઠીમાં રહેલી મણિમય મૂઠવાળી તરવારને કાપી નાખી અને કર્ણે તીક્ષ્ણ બાણોથી તેની ઉત્તમ ઢાલને તોડી પાડી.[૩૩–૩૮] એ રીતે તરવાર અને ઢાલવિનાનો થયેલો તથા બાણોથી વ્યાપ્ત શરીરવાળો તે અભિમન્યુ, આકાશમાંથી પુનઃ પૃથ્વીપર આવી ઉભો રહ્યો અને હાથમાં ચક્ર ઉંચું કરી ક્રોધપૂર્વક દ્રોણસામે દોડયો.[૩૯] ચક્રની કાંતિનાં રજકણોથી ઉજ્જવલ શોભતાં શરીરવાળો અભિમન્યુ, તે સમયે હાથમાં ઉ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્જવલ ચક્ર ધારણ કરી અત્યંત શોભતો હતો. તે એટલો બધો રૌદ્ર જણાતો હતો કે જેથી તેણે, એક ક્ષણવાર સાક્ષાત્ શ્રીકૃષ્ણનું અનુકરણ કર્યું હતું.[૪૦] મોટા મોટા રાજાઓના મધ્યમાં રહેલો અમિત બળવાળો તે સમર્થ અભિમન્યુ, રણમાં ઘણોજ શોભતો હતો. તેનાં વસ્ત્રો ઝરતાં લોહીથી તદ્દન એકરંગનાં થઇ ગયાં હતાં. ચઢાવેલી ભ્રમરથી તે આકુળ થયેલો જણાતો હતો અને મોટા મોટા સિંહનાદો કરી રહ્યો હતો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં "અભિમન્યુને રથવિનાનો કર્યો" એ વિષયનો અધ્યાય ૪૮ મો સમાપ્ત

અધ્યાય ૪૯ મો

અભિમન્યુનો નાશ

॥ संजय उवाच ॥

विष्णोः स्वसुर्नंदकरः स विष्ण्वायुधभूषणः।
रराजातिरथः संख्ये जनार्दन इवापरः ॥१॥

સંજયે કહ્યું:-શ્રીકૃષ્ણની બહેનનો પુત્ર અને શ્રીકૃષ્ણના ચક્રાયુધથી શોભતો અતિરથી અભિમન્યુ, રણમાં જાણે બીજા શ્રીકૃષ્ણ હોય તેવો શોભતો હતો.[૧] વાયુએ ઉરાડેલા વાળથી સુંદર તથા ઉગામેલા ઉત્તમ આયુધવાળા અભિમન્યુનું દેવોએ પણ જોવાને અશકય એવું શરીર જોઇને અત્યંત ભયભીત થયેલા રાજાઓએ તે ચક્રના અનેક ટુકડા કરી નાખ્યા. પોતાનું ચક્ર પણ એ રીતે કપાયું, ત્યારે અભિમન્યુએ હાથમાં મહાન ગદા ઉઠાવી. અભિમન્યુને શત્રુઓએ ધનુષ્ય, રથ, તરવાર અને ચક્રવિનાનો કરી નાખ્યો;છતાં હાથમાં ગદા લઈ તેણે અશ્વત્થામાપર ઘા કર્યો.[૪] વજ્રસમાન બળબળતી ગદાને પોતાની સામે ઉગામેલી જોઇ પુરુષશ્રેષ્ઠ અશ્વત્થામા રથની બેઠકપરથી ત્રણ પગલાં દૂર ખસી ગયો.[૫] તે ગદાના પ્રહારથી અશ્વત્થામાના ઘોડાઓનો, બે પૃષ્ઠરક્ષકોનો તથા સારથિનો નાશ કરી નાખી બાણોથી વ્યાપ્ત શરીરવાળો તે સુભદ્રાનો પુત્ર,તે સમયે શાહુડીજેવો દેખાતો હતો.[૬] તે પછી સુબલના પુત્ર કાલિકેયના તેણે ચૂરા કરી નાખ્યા તથા એના અનુચર સિત્તોતેર ગાંધાર યોદ્ધાઓને પણ મારી નાખ્યા. વળી પણ દશ વસાતીય યોદ્ધાઓનો તેણે સંહાર કરી નાખ્યો તથા કેકયોના સાત રથીઓનો અને દશ હાથીઓનો પણ ઘાણ કાઢી નાખ્યો. વળી તેણે દુઃશાસનના પુત્રના ઘોડાઓસહિત રથના ભુક્કા કરી નાખ્યા, એટલે હે રાજા! તે એકદમ ક્રોધાયમાન થયો અને હાથમાં ગદા ઉંચી કરી અભિમન્યુસામે ધસ્યો[૧૫] તથા "ઉભો રહેજે, ઉભો રહેજે" એમ કહેવા લાગ્યો. પછી તે બન્ને વીર પિત્રાઈ ભાઇઓ એકબીજાનો નાશ કરવાની ઇચ્છાથી હાથમાં ગદા ઉંચી કરી, પૂર્વે જેમ શંકર અને અંધકાસુર પ્રહાર કરતા હતા તેમ પ્રહાર કરવા લાગ્યા. ગદાના અગ્રભાગથી એકબીજાને પ્રહાર કરી શત્રુઓને તપાવનારા તેઓ બન્ને જણા ઇંદ્રની ધ્વજાની પેઠે રણના મધ્યમાં પડી ગયા. કૌરવોની કીર્તિને વધારનારો દુઃશાસનનો પુત્ર પ્રથમ ઉઠયો અને તેણે તુરતજ ઉભા થતા અભિમન્યુના મસ્તકપર ગદાનો પ્રહાર કર્યો. ગદાના જોસદાર પ્રહારથી તથા યુદ્ધના અત્યંત પરિશ્રમથી બેભાન થયેલો શત્રુસંહારક સુભદ્રાનો પુત્ર મૂર્ચ્છિત થઇને ધરણીપર ઢળી પડયો. હે રાજા! એ પ્રમાણે ઘણાએ ભેગા થઇને એકલા અભિમન્યુને યુદ્ધમાં મારી નાખ્યો. કમલિનીને ખૂંદી નાખનાર વનના હાથીને જેમ પારધીઓ મારી નાખે, તેમ કૌરવસેનાને ક્ષોભ પમાડનાર વીર અભિમન્યુને પારધી જેવા કૌરવયોદ્ધાઓએ મારી નાખ્યો હતો અને તેથીજ તે રણમાં ઘણો શોભતો હતો. શિશિરઋતુના અંતમાં વનને બાળી મૂકીને શાંત થયેલા અગ્નિની પેઠે રણમાં પડેલા તે અભિમન્યુની ચારેબાજુ તમારા પક્ષના યોદ્ધાઓ વિંટાઈ વળ્યા.[૧૬] પર્વતનાં શિખરોને તોડી પાડી શાંત પડેલા વાયુસરખા, ભારતીય સેનાને તપાવી અસ્ત પામેલા સૂર્યસરખા, રાહુએ ગ્રસ્ત કરેલા ચંદ્રસરખા, સૂકાયેલા સાગર સરખા, પૂર્ણ ચંદ્રસમાન મુખવાળા અને કાનછેરીઆંથી ઢંકાયલાં નેત્રોવાળા તે અભિમન્યુને પૃથ્વીપર પડેલો જોઈ તમારા પક્ષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારથીઓ પરમ હર્ષયુક્ત થઈ સિંહની પેઠે વારંવાર ગર્જનાઓ કરવા લાગ્યા.[૧૭–૧૯] હે રાજા! તે સમયે તમારા યોદ્ધાઓને પરમ હર્ષ થયો હતો, પણ બીજા વીરોના નેત્રમાંથી અશ્રુજળ ટપકતું હતું.[૨૦] હે રાજા! આકાશમાંથી ચંદ્રના બિંબની પેઠે પૃથ્વી ઉપર તૂટી પડેલા વીર અભિમન્યુને રણમાં પડેલો જોઇ અંતરિક્ષમાં રહેલાં દેવી પ્રાણીઓ ઉંચેથી નિંદાસૂચક શબ્દો કહેવા લાગ્યાં કેઃ–[૨૧] 'દ્રોણ, કર્ણ આદિ કૌરવોના છ મહારથીઓના હાથે આ એકલો અભિમન્યુ માર્યો જઇ આ સમયે રણમાં સૂતો છે. આને અમે ધર્મતરીકે માનતા નથી.' [૨૨]

એ વીર મરણ પામી પડયો હતો;છતાંપણ રણભૂમિ, નક્ષત્રગણોની માળાવાળું આકાશ જેમ પૂર્ણ ચંદ્રથી શોભે તેમ તેનાથી ઘણી શોભતી હતી.[૨૩] એ વેળા રણભૂમિ, સુવર્ણનાં પુંખવાળાં બાણોથી ભરપૂર હતી અને સર્વ સ્થળે લોહીલોહાણ દીસતીહતી. કુંડળસહિત શોભતાં શૂરાઓનાં મસ્તકોથી,વિચિત્ર ભાલાંઓથી,પતાકાઓથી, ચામરોથી, હાથીની ઝુલોથી, ફાટી તૂટી ગયેલાં કિંમતી વસ્ત્રોથી, ઝળહળતી કાંતિવાળા હાથી, ઘોડા અને મનુષ્યોના અલંકારોથી, કાંચળીવિનાના સર્પો જેવી પાણીદાર અતિ તીક્ષ્ણ ધારવાળી તરવારોથી, છિન્નભિન્ન થયેલાં અનેક પ્રકારનાં ધનુષ્યોથી, શક્તિ, ઋષ્ટિ, પ્રાસ, કંપન આદિ અનેક જાતનાં જૂદાં જૂદાં આયુધોથી તે રણભૂમિ છવાઇ ગઇ હતી.[૨૪–૨૭] અભિમન્યુએ પાડી નાખેલા, કોઇ સ્થળે મરણ પામેલા, કોઇ સ્થળે શ્વાસોશ્વાસ લેતા અને કોઇ સ્થળે લોહીલોહાણ થઈ પડેલા સ્વારસહિત ઘોડાઓથી તે ભૂમિ વિષમ દેખાતી હતી;[૨૮] તેમજ તેણે પર્વતોની પેઠે તોડી પાડેલા અને બાણોથી કાપી નાખેલા અંકુશ, માવત, આયુધ અને ધ્વજાવાળા હાથીઓથી, જ્યાં ત્યાં પડેલા ઘોડાવિનાના થયેલા સારથઓ અને યોદ્ધાઓથી, હાથીઓનો સંહાર કરનારા અને ક્ષોભ પામેલા મોટા ધરાઓસરખા ઉત્તમ રથીયોદ્ધાઓથી તથા અનેક જાતનાં આયુધો અને અલંકારોવાળા માર્યા ગયેલા પાળાઓના ઢગોથી તે રણભૂમિ, બીકણોને ત્રાસ ઉપજાવનારી તથા ઘોર સ્વરૂપવાળી થઇ ગઈ હતી.[૨૯–૩૧]

ચંદ્ર અને સૂર્યસમાન પ્રભાવવાળા તે અભિમન્યુને પૃથ્વીપર પડેલો જોઇ તમારા પક્ષના યોદ્ધાઓને પરમ પ્રીતિ થતી હતી અને પાંડવયોદ્ધાઓને પરમ વ્યથા થતી હતી.[૩૨] હે રાજન્! યુવાવસ્થાને નહિ પામેલો બાળક અભિમન્યુ જ્યારે મરાયો, ત્યારે ધર્મરાજાના દેખતાં સર્વ સેના નાસભાગ કરવા લાગી.[૩૩] અભિમન્યુના પડવાથી પોતાના સૈન્યને નાસભાગ કરતું જોઇ યુધિષ્ઠિરરાજા, સૈનિકોને આ પ્રમાણે વચન કહેવા લાગ્યાઃ–[૩૪]"હે વીરો! આ શૂરો અભિમન્યુ સ્વર્ગમાં ગયો છે. મરતાંસુધી પણ તે રણમાંથી પાછો હઠયો ન હતો, માટે તમે પણ ઉભા રહો, નાસો નહિ, ડરો માં. આપણે રણમાં શત્રુઓને જીતીશું."[૩૫] એમ કહીને મહાતેજસ્વી ધર્મરાજા યુધિષ્ઠિરે પોતાના દુઃખી સૈનિકોનું દુઃખ દૂર કર્યું.[૩૬]

અર્જુનના પુત્રે યુદ્ધમાં સૂર્યસમાન આકારવાળા પોતાના શત્રુ રાજપુત્રોનો પ્રથમ સંહાર કરી તથા શ્રીકૃષ્ણ અને અર્જુનસમાન ગુણવાળા તેણે કુલ દશહજાર સૈનિકોનો તથા મહારથી કોસલરાજનો નાશ કરી, સ્વર્ગલોકમાં પ્રયાણ કર્યું હતું;[૩૭,૩૮] એટલુંજ નહિ પણ હજારો રથ, ઘોડા, પાળા અને હાથીઓનો પણ સંહાર કરીને તે સંગ્રામથી તૃપ્ત થયો ન હતો. હે રાજા! પુણ્યકર્મને કરનારો તે અભિમન્યુ શોક કરવા યોગ્ય નથી; કારણ કે તે પોતાના પુણ્યથી જીતાયેલા પુણ્યશાળીઓના અવિનાશી દિવ્ય લોકમાં સીધાવ્યો છે.[૩૯]

અધ્યાય ૪૯ મો સમાપ્ત

અધ્યાય ૫૦ મો

રણભૂમિનો દેખાવ

॥ संजय उवाच ॥

वयं तु प्रवरं हत्वा तेषां तैः शरपीडिताः ।
निवेशायाभ्युपायामः सायाह्ने रुधिरोक्षिताः॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજયે કહ્યું:—હે રાજા! અમે શત્રુઓના ઉત્તમ પુરુષ અભિમન્યુનો નાશ કરી બાણથી પીડાઇને લોહીથી રેબઝેબ થઈ ગયા હતા અને સાયંકાળ થતાં આરામ લેવામાટે છાવણી તરફ જવા લાગ્યા.[૧] હે મહારાજ! જતાં જતાં તે સમયે અમે જોયું કે, શત્રુઓ ઘણા ઉદાસ થઈ ગયા છે અને બેભાન થઇ ગયા છે, તેઓ પણ ધીમે ધીમે રણભૂમિમાંથી છાવણી તરફ ગમન કરે છે. લાલ કમળના મુકુટસરખા સૂર્યનારાયણ, અસ્તાચળ પર્વતપાસે જઇને નીચા નમી ગયા અને શિયાળના શબ્દથી અશુભ જણાતો અદ્ભુત સાયંકાળ થઇ ગયો છે.[૩] સારી સારી તરવારો, શક્તિ, ઋષ્ટિ, કવચો, ઢાલો અને તરેહ તરેહના અલંકારોની પ્રભાઓને હરણ કરતા સૂર્યદેવ, આકાશ અને પૃથ્વીને એકજ સ્વરૂપમાં જાણે લાવતા હોય, તેમ પોતાની પ્રિયમૂર્તિ અગ્નિમાં પ્રવેશ કરે છે.[૪] વજ્રથી પાડી નાખેલા મોટાં વાદળો અથવા પર્વતોનાં શિખરોસમાન દેખાતા અનેક હાથીઓ, ધ્વજા, અંકુશ, કવચ અને માવતો સાથે પૃથ્વીપર પડયા છે કે જેથી વ્યાપ્ત થયેલી રણભૂમિ અગમ્ય સ્વરૂપ થઇ ગઇ છે. હે રાજા! માર્યા ગયેલા ધણીઓવાળા, ભાંગી ભુક્કો થયેલા પાદરક્ષક અને ઉપકરણોવાળા, નાશ પામેલા ઘોડા તથા સારથિવાળા અને ધ્વજા-પતાકાવિનાના થયેલા મોટા મોટા રથો, જ્યાં ત્યાં ચૂર્ણ થઇને પડયા હતા; જેથી રણભૂમિ જાણે શત્રુઓએ ઉજ્જડ કરેલા નગરોવાળી હોય, તેમ લાગતી હતી. વળી તૂટીને છિન્નભિન્ન થયેલાં આભૂષણોવાળા, બહાર નીકળી પડેલી જીભ, દાંત, આંતરડાં અને નેત્રોવાળા અનેક ઘોડાઓ પોતાના સ્વારોસહિત મરણ પામી પડયા હતા અને ઠેકઠેકાણે રથોના ઢગો પણ નજરે પડતા હતા, કે જેથી પૃથ્વીનું સ્વરૂપ વિપરીત અને ઘોર દેખાતું હતું. અનેક પુરુષો કે જેઓનાં કવચો, અલંકારો અને વસ્ત્રો છિન્નભિન્ન થઈ ગયાં હતાં તથા જેઓનાં હથિયારો, હાથીઓ, ઘોડાઓ, રથો અને અનુચરોનો નાશ થયો હતો. આ પુરુષો મહાકિંમતી શય્યાના પાથરણને યોગ્ય હતા; છતાં તે સમયે અનાથની પેઠે પૃથ્વીપર મરણ પામી સૂતા હતા.[૮] એજ અરસામાં કૂતરા, શિયાળવા, કાગડા, બગલા, ગરુડ, વરૂઓ, વાઘો, લોહીનું પાન કરનારા પક્ષીઓ, રાક્ષસો અને અતિ દારુણ પિશાચોનાં ટોળેટોળાં ઘણાં હર્ષિત થઈ થઇને રણમાં ધસી આવતાં દેખાયાં અને આવતાંવેંતજ અનેક શબોની ચામડી તોડી તોડીને લોહી અને વસાનું પાન કરવા લાગ્યાં તથા ચરબી અને માંસનું ભક્ષણ કરવા લાગ્યા. વળી તેઓ શબોની સામસામે ખેંચાખેંચ કરી હૃદયમાં રહેલી ચરબીને બહાર કાઢી ખાઇ જતાં હતાં તથા આનંદને લીધે ખડખડાટ હસતાં અને ગાન કરતાં હતાં.[૯,૧૦] તે સમયે મહાન યોદ્ધાઓએ રણભૂમિપર ભયંકર અને ઉતરી ન ઉતરાય તેવી ઘોર વૈતરણી નદી ચાલુ કરી દીધી હતી, તે નદી શરીરોના સમૂહને ખેંચતી હતી. લોહીરૂપ જળવાળી હતી, રથોરૂપ ત્રાપાવાળી હતી, હાથીઓરૂપ મોટા પર્વતોથી સાંકડી હતી, મનુષ્યોનાં મસ્તકોરૂપ પથ્થરવાળી હતી, માંસરૂપ કાદવવાળી હતી અને ભાંગી-તૂટી ગયેલાં અનેક પ્રકારનાં શસ્ત્રોરૂપ માળાવાળી હતી. વળી તે નદી રણના આંગણામાંજ વહેતી હતી તથા જીવતાં અને મરેલાં બન્નેને ખેંચી જનારી હોવાથી સર્વને અત્યંત ભયકારક દેખાતી હતી.[૧૧,૧૨] તે નદીમાં દુષ્ટ દૃષ્ટિવાળાં પિશાચોનાં ટોળાં, લોહીનું પાન કરતાં માંસ ભક્ષણ કરતાં હતાં અને અતિશય આનંદમાં આવી જઇ ભયંકર કીકિયારીઓ કરતાં હતાં. કૂતરાં, શિયાળવાં અને બીજાં માંસાહારી પક્ષીઓ કે જેઓ પ્રાણીઓનો ક્ષય કરનારાં હોય છે, તેઓ બધાંએ નદીની સમીપમાં આવી માંસ ભક્ષણ કરી રહ્યાં હતાં.[૧૩] એ પ્રમાણે ઉગ્ર દેખાવવાળાં તથા યમરાજાની રાજધાનીને વધારનારાં અને નાચી રહેલાં ધડોથી વ્યાપ્ત એવા સમરાંગણને જોતા જોતા મનુષ્યો સાયંકાળે ધીમે ધીમે છાવણી તરફ વળ્યા. તે સમયે મનુષ્યો, એ રણમાં પડેલા ઇંદ્રસરખા મહાબળવાન અભિમન્યુને, સદ્દોગૃહની વેદિકામાં રહેલો હવ્યપદાર્થવિના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો જાણે અગ્નિ હોય તેવો જોઇ રહ્યા હતા. તેનાં મહાકિંમતી આભૂષણો છિન્નભિન્ન થઇ ગયેલાં નજરે પડતાં હતાં.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં "ત્રીજા દિવસની યુદ્ધભૂમિનું વર્ણન" એ વિષયનો અધ્યાય ૫૦ મો સમાપ્ત

અધ્યાય ૫૧ મો

યુધિષ્ઠિરનો વિલાપ

॥ संजय उवाच ॥

हते तस्मिन् महावीर्ये सौभद्रे रथयूथपे ।
विमुक्तरथसन्नाहाः सर्वे निक्षिप्तकार्मुकाः॥१॥

સંજયે કહ્યું:–મહાન વીર્યવાળો અને રથીયોદ્ધાઓની ટુકડીઓનો નાયક તે અભિમન્યુ જ્યારે રણમાં માર્યો ગયો, ત્યારે સર્વ યોદ્ધાઓ પોતપોતાના રથમાંથી ઉતરી પડી કવચ અને ધનુષ્યોને કોરે મૂકી રાજા યુધિષ્ઠિરની આસપાસ વિંટળાઇને બેઠા. તેઓ બધા તે દિવસના યુદ્ધનોજ વિચાર કરતા હતા અને તેઓનાં મન પણ અભિમન્યુમાંજ લાગેલાં હતાં. પોતાનો વીર ભત્રીજો મહારથી અભિમન્યુ મરણ પામ્યો, તેથી યુધિષ્ઠિરરાજા અત્યંત દુઃખી થઇ ગયા અને વિલાપ કરવા લાગ્યા:–[૧] "અરે, હાય! મારૂં પ્રિય કરવાની ઇચ્છાથી કેસરીસિંહ જેમ ગાયોનાં ટોળાંમાં પેસે, તેમ દ્રોણાચાર્યના દુર્ભેદ્ય વ્યૂહને તોડી નાખી એ અભિમન્યુ શત્રુઓના સૈન્યમાં પેઠો હતો.[૪] જેની સામા યુદ્ધ કરવા આવેલા મોટા મોટા શૂરા ધનુર્ધરો કે જેઓ અસ્ત્રકુશળ અને યુદ્ધદુર્મદ છે, તેઓ પણ પરાજય પામી પાછા હઠયા હતા.[૫] આપણા કટ્ટા શત્રુ દુઃશાસનને પણ જે કુમારે યુદ્ધ કરવા સામે આવતાંજ બાણોવડે મૂર્ચ્છિત કરી નાખી નસાડી મૂક્યો હતો,[૬] તેજ વીર અભિમન્યુ, દુસ્તર એવા દ્રોણના સૈન્યરૂપ મહાસાગરને તરી જઇ, હાય અફસોસ! આખરે દુઃશાસનના પુત્ર આગળ આવી યમરાજાને ઘેર પહોંચી ગયો.[૭] અરે, પણ તેનું મરણ થતાં હવે હું કુંતાના પુત્ર અર્જુનને કેમ જોઇ શકીશ અથવા પોતાના પ્રિય પુત્રને નહિ જોતી મોટા ભાગ્યવાળી સુભદ્રાને કેમ મળી શકીશ?[૮] અહા! શ્રીકૃષ્ણ અને અર્જુનને આપણે આવું અર્થવિનાનું, ક્લેશકારક અને અયુક્ત સ્વરૂપવાળું અભિમન્યુનું મરણ કેમ કહી શકીશું?[૯] હું હમેશાં સુભદ્રા, કેશવ અને અર્જુનના પ્રિયને તથા જયને ઇચ્છનારો છું, તેજ મેં આ સમયે તેઓનું અપ્રિય કર્યું છે![૧૦] અથવા જગતની કહેવત ખરી છે કે, લોભી માણસ દોષોને સમજતોજ નથી; પણ તે તો લોભ અને મોહને લીધે પ્રવૃત્તિ કર્યાજ કરે છે. જેમ મધ મેળવવાની ઇચ્છાવાળો મનુષ્ય વૃક્ષ આદિ સ્થળપરથી પોતાના અધઃપાતને જોતોજ નથી, તેમ મેં પણ રાજ્ય મેળવવાની લાલસાથી મારા અધઃપાતને જોયોજ નહિ.[૧૧] અરેરે! જેને સારાં સારાં ભોજનમાં, યાનોમાં, શયનોમાં તથા ભૂષણોમાં આગળ કરવો જોઇએ, તેજ બાળક અભિમન્યુને અહો! ધિક્કારની વાત છે કે, આપણે યુદ્ધમાં આગળ કર્યો.[૧૨] તેના જેવો તરુણ બાળક કે જે યુદ્ધરીતિમાં તદ્દન અકુશળ હોય, તે સારા ઘોડાની પેઠે આવાં વિષમ સંકટભરેલાં દ્રોણનાં સૈન્યમાં ક્ષેમકુશળ ક્યાંથી રહે?[૧૩] હવે જો આપણે બધા એની પાછળ મરણ પામી આ રણભૂમિપર શયન નહિ કરીએ તો અવશ્ય કોપથી પ્રદીપ્ત થયેલા અર્જુનની ક્રૂર દૃષ્ટિથી બળી મરીશું.[૧૪] અર્જુન કંઇ જેવો તેવો નથી; પણ તે લોભરહિત છે, બુદ્ધિમાન છે, લજ્જાવાન છે, ક્ષમાવાન છે, રૂપવાન છે, બળવાન છે, શરીરે દેખાવડો છે, માન આપનારો છે, વીર છે, સર્વને પ્રિય છે અને સત્યપરાક્રમી છે.[૧૫] ઉગ્ર પરાક્રમવાળા જે અર્જુનનાં પરાક્રમોનાં દેવતાઓ પણ વખાણ કર્યા કરે છે, વળી તે પરાક્રમીએ નિવાતકવચ અને કાલકેય નામના અસુરોનો સંહાર કર્યો છે,[૧૬] હિરણ્યપુરમાં વસનારા પૌલોમ જાતના ઇંદ્રના શત્રુઓનો જેણે તેમની ટુકડીઓસહિત નાશ કર્યો છે, શત્રુઓ પણ જો અભયની ઇચ્છા રાખે તો તેઓને તે અભય આપનારો છે, આવા સમર્થ અર્જુનના બળવાન પુત્રનું, ઘણી શોકની વાત છે કે, આપણે રક્ષણ કરી શક્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી.[૧૮] અરેરે! ધૃતરાષ્ટ્રના મહાબળવાન પુત્રોપર તો હવે મોટામાં મોટો ભય આવી પડયો છે. પુત્રોના ભયથી કોપાયમાન થયેલો અર્જુન જરૂર કૌરવોને ભસ્મ કરી નાખશે;[૧૯] અને ક્ષુદ્ર સહાયવાળો તથા પોતાનાજ પક્ષનો ક્ષય કરનારો ક્ષુદ્ર દુર્યોધન, અવશ્ય એ (કૌરવોનો નાશ) જોઈને શોક કરતો કરતો જીવિતનો ત્યાગ કરશે.[૨૦] અતુલ વીર્ય અને પુરુષાર્થવાળા આ અર્જુનના પુત્રને રણમાં માર્યો ગયેલો જોઇ હવે મને વિજય મેળવવો રુચિકર નથી, રાજ્યની તૃષ્ણા નથી, અમરતા પણ રુચતી નથી તથા દેવોની સાથેજ એક સ્થળે રહેઠાણ પણ મને ગમતું નથી."

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'યુધિષ્ઠિરનો વિલાપ' એ વિષયનો અધ્યાય ૫૧ મો સમાપ્ત

અધ્યાય ૫૨ મો

યુધિષ્ઠિર પાસે વ્યાસ અને રાજા અકંપનનું દૃષ્ટાંત

॥ संजय उवाच ॥

अथैनं विलपंतं तं कुंतीपुत्रं युधिष्ठिरम् ।
कृष्णद्वैपायनस्तत्र आजगाम महानृषिः॥१॥

સંજયે કહ્યું:—તે પછી કુંતાનો પુત્ર રાજા યુધિષ્ઠિર એ પ્રમાણે વિલાપ કરતો હતો તેવામાં કૃષ્ણદ્વૈપાયન નામના મહાન ઋષિ(વ્યાસ), ત્યાં આવી પહોંચ્યા.[૧] તેમને આવેલા જોઇ રાજા યુધિષ્ઠિરે ન્યાયપૂર્વક પૂજન કર્યું અને પછી સુખાસને બેઠેલા તેમને પોતાના ભત્રીજાના નાશના શોકથી સંતાપ પામેલા યુધિષ્ઠિર રાજા, આ પ્રમાણે કહેવા લાગ્યા:—[૨]"હે ભગવન્! આ રણમાં યુદ્ધ કરતા સુભદ્રાના પુત્રને અધર્મયુક્ત એવા મહાધનુર્ધર અનેક મહારથીઓએ ઘેરી લઇ મારી નાખ્યો છે.[૩] અભિમન્યુ બાળક હતો, એટલુંજ નહિ પણ બુદ્ધિથી બાળકજ હતો. જો કે તે શત્રુવીરોનો સંહાર કરનાર હતો, પણ યુદ્ધમાં વિશેષે કરી ઉપાયોપર આધાર રાખ્યાવિનાજ લડયા કરતો હતો.[૪] મેં તેને કહ્યું હતું કે, આ યુદ્ધમાં તું અમને દ્વાર ઉત્પન્ન કરી આપ. એવું કહેતાંની સાથેજ તે અંદર પેઠો અને અમને બધાને તો સિંધુરાજ જયદ્રથે અટકાવી રાખ્યા.[૫] ખરેખર, યુદ્ધપર આજીવિકા કરનારા ક્ષત્રિયોએ સમાન રીતેજ યુદ્ધ કરવું જોઇએ; (સરખે સરખા જોડે યુદ્ધ કરવું જોઇએ.) પણ આ શત્રુઓએ જે યુદ્ધ કર્યું છે તે અસમ છે, (કારણ કે તેઓ એક બાળક અભિમન્યુસામે એકઠા મળી લડયા છે.) તેથી મને ઘણો સંતાપ થાય છે અને શોકનાં અશ્રુઓથી હું નહાઈ રહ્યો છું. વારંવાર વિચાર કરતાં પણ મને શાંતિ મળતી નથી."[૭]

સંજયે કહ્યું:—એ રીતે શોકને લીધે વ્યાકુળ ચિત્તવાળા થઈ વિલાપ કરતા તે યુધિષ્ઠરપ્રત્યે ભગવાન વેદવ્યાસ આવું વચન બોલ્યા.[૮]

વ્યાસે કહ્યું:—"હે મહાબુદ્ધિમાન! હે સર્વ શાસ્ત્રકુશળ! હે ભરતવંશના શ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજા! તારા જેવા મહાન પુરુષો સંકટોમાં કદી મોહ પામતા નથી.[૯] આ શૂરો અભિમન્યુ, રણમાં અનેક શત્રુઓનો સંહાર કરી સ્વર્ગમાં ગયો છે. આ પુરુષોત્તમે મહાન પુરુષને છાજે તેવું કર્મ કર્યું છે.[૧૦] હે યુધિષ્ઠિર! વિધિનું—અર્થાત્ ભાવિનું કોઇપણ ઉલ્લંઘન કરી શકતો નથી. હે ભરતવંશી રાજા! દેવ, દાનવ અને ગંધર્વોનો પણ મૃત્યુ નાશ કરેજ છે.[૧૧] તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું:—"આ મહાબળવાન રાજાઓ, કે જેઓ સેનાના મધ્યમાં મરણ પામી પૃથ્વીપર સૂતા છે, તેઓ બધા આ સમયે "મૃત" એવી સંજ્ઞાને પામ્યા છે.[૧૨] વળી જેઓ દશહજાર હાથીસમાન બળવાળા તથા વાયુસમાન વેગવાળા હતા, તે આ સમાન રૂપવાળા પુરુષોને બીજા તેઓના જેવાજ પુરુષોએ રણમાં રોળી નાખ્યા છે.[૧૩] પ્રાણીઓના સંગ્રામમાં કોઇ સ્થળે પણ તેઓને મારે તેવો કોઈ મારા જોવામાંજ આવતો નથી. આવા તો તેઓ પરાક્રમી, તપસ્વી અને બલિષ્ઠ હતા.[૧૪] "અન્યોન્યનો પરાજયજ કરવો" આવોજ વિચાર હમેશાં જેઓના હૃદયમાં રહ્યા કરતો, તેજ આ પ્રાજ્ઞ પુરુષો આ વેળા આયુષ્યરહિત થઇ પૃથ્વીપર સૂતા છે;[૧૫] માટે મને લાગે છે કે, "મરણ પામ્યા" એ શબ્દજ આ રાજાઓના વિષયમાં પણ સાર્થક થયો છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણકે અમે હવે કહીએજ છીએ કે, ભયંકર પરાક્રમવાળા આ રાજાઓ લગભગ મરણ પામ્યા છે.[૧૬] કોપાયમાન થયેલા શૂરા રાજપુત્રો શત્રુઓના ઝપાટામાં આવી જઈ નિશ્ચેષ્ટ અને નિરભિમાની થઇ કાળના મુખમાં સપડાયા છે, માટે આ બાબતમાં મને સંશય થયો છે કે, "મરણ પામ્યા" એ સંજ્ઞા ક્યાંથી આવી? કોનું મૃત્યુ અને તે મૃત્યુ વળી ક્યાંથી ઉત્પન્ન થયું? તથા તે પ્રજાઓનો સંહાર કેમ કરે છે? હે દેવસમાન પિતામહ! મારા એ સંશયનું સમાધાન કરનાર વૃત્તાંત, આપ મને કહો."

સંજયે કહ્યું:–કુંતીપુત્ર યુધિષ્ઠિરરાજાએ એ પ્રમાણે જ્યારે પ્રશ્ન કર્યો, ત્યારે ભગવાન વ્યાસમુનિએ તેને શોક દૂર કરનારૂં આ વાક્ય કહ્યું.

વ્યાસે કહ્યું:–હે રાજા! આ તારા પ્રશ્નના સંબંધમાં એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે, કે જે પૂર્વે અકંપનરાજાને કથારૂપે નારદે કહ્યો હતો. મને નિશ્ચય ખાત્રી છે કે, તે અકંપનરાજા પણ આ લોકમાંજ અતિ અસહ્ય મોટા પુત્રદુઃખને પામ્યો હતો.[૧૮–૨૧] તે અકંપન રાજાનું આખ્યાન અને મૃત્યુની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે હું તને કહી સંભળાવું છું, કે જે સાંભળવાથી સ્નેહબંધનરૂપ આશ્રયવાળા દુઃખથી તું મુક્ત થઇશ.[૨૨] સમગ્ર પાપોના ઢગોનો નાશ કરનાર, આયુષ્યની વૃદ્ધિ કરનાર, શોકનો નાશ કરનાર તથા પુષ્ટિદાયક એવું તે ધન્ય આખ્યાન હું તને કહું છું, તે મારી પાસેથી તું સાંભળ.[૨૩] વેદાધ્યયનની પેઠે એ આખ્યાન પવિત્ર છે, શત્રુઓના સમૂહોનો નાશ કરનાર છે અને મંગળોનું પણ મંગળ છે.[૨૪] હે મહારાજ! આયુષ્માન પુત્રોની, રાજ્યની તથા લક્ષ્મીની ઇચ્છા રાખનારા મહાન રાજાઓએ તે આખ્યાનનું પ્રાતઃકાળમાં નિત્ય શ્રવણ કરવું જોઇએ.[૨૫]

હે તાત! પૂર્વે સત્યયુગના સમયમાં અકંપન નામનો એક રાજા હતો. તે એક વખતે લડાઇના મોખરામાં શત્રુઓથી ઘેરાઇને તેઓને વશ થયો.[૨૬] તે રાજાને બળમાં નારાયણસરખો હરિ નામનો પુત્ર હતો, કે જે શ્રીમાન, અસ્ત્રકુશળ, બુદ્ધિમાન અને યુદ્ધમાં ઇંદ્રસરખો બળીયો હતો.[૨૭] તે પણ યુદ્ધમાં અનેક શત્રુઓથી ઘેરાઇ ગયો. જો કે તેણે યોદ્ધાઓ તથા હાથીઓપર હજારો બાણો છોડી કોઈનાથી ન બને તેવું અદ્ભુત પરાક્રમ કર્યું, પણ છેવટે શત્રુઓને તપાવનાર તે હરિકુમારને, હે યુધિષ્ઠિર! સેનાના મધ્યમાં શત્રુઓએ મારી નાખ્યો.[૨૮,૨૯] પોતાના પુત્રનું મરણ સાંભળી શોકગ્રસ્ત થયેલા રાજા અકંપને તેની મરણક્રિયા કરી, પણ રાત્રિદિવસ શોક કરતાં તેને પોતાને જરાયે સુખચેન મળ્યું નહિ.[૩૦] રાજા અકંપનને પુત્રના દુઃખથી ઘણો શોક થઈ રહ્યો છે, એ વાત જાણીને દેવર્ષિ નારદ એની પાસે આવ્યા.[૩૧] મહાભાગ્યશાળી રાજાએ તે દેવર્ષિપ્રવરને આવેલા જોઇ વિધિપૂર્વક પૂજા કરી અને પ્રાસંગિક વાતચીત કરી[૩૨] તથા સર્વ યથાવત્ વૃત્તાંત કે જેમાં શત્રુઓએ પોતાનો પરાજય કર્યો હતો અને પોતાના પ્રિય પુત્રનું મરણ થયું હતું તે બધું દેવર્ષિ નારદ આગળ તેણે કહી સંભળાવ્યું. વળી રાજા બોલ્યો કે:–'મારો પુત્ર મહાન વીર્યવાળો તથા ઇંદ્ર અને વિષ્ણુસમાન કાંતિવાળો હતો, છતાં એ બળવાન મારા પુત્રને એકઠા મળેલા શત્રુઓએ યુદ્ધમાં પરાક્રમ કરી મારી નાખ્યો છે;[૩૪] માટે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ હે ભગવન્ નારદ! એ મૃત્યુ કોણ છે, તેનું વીર્ય, બળ અને પુરુષાર્થ કેવા પ્રકારનાં છે? આના સંબંધમાં મને યથાર્થ સ્વરૂપ સાંભળવાની ઇચ્છા થઈ છે.'[૩૫]

તે રાજાનું એ વચન સાંભળી વર આપનારા સમર્થ ઋષિ નારદ, પુત્રશોકનો નાશ કરનારૂં આ મહાન આખ્યાન તેને કહેવા લાગ્યા.

નારદે કહ્યું:–હે મોટી ભુજાવાળા રાજા! મોટા વિસ્તારવાળું આ એક આખ્યાન છે કે જે પૂર્વે બનેલું મારા સાંભળવામાં આવ્યું છે; તે હું તને કહું છું, સાંભળ.[૩૭]

મહાતેજસ્વી પિતામહ બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિના આરંભકાળે પ્રજાઓને સરજી. દિનપ્રતિદિન તે પ્રજાઓથી આ જગત ભરપૂર થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયું;પણ કોઇનો સંહાર થતો ન હતો. હે રાજા! એ પ્રમાણે સંહારવિના કેવળ વૃદ્ધિનેજ પામતા આ જગતને જોઇને પ્રભુ બ્રહ્મદેવને તેનો સંહાર કરવાપ્રત્યેની ચિંતા થવા લાગી. તેમણે ખૂબ વિચાર કર્યો, છતાંપણ આ જગતનો સંહાર કરવાનો કોઇ પણ ઉપાય તે શોધી શકયા નહિ. હે મહારાજ ! આથી તો તે ક્રોધાયમાન થઇ ગયા અને તે ક્રોધને લીધેજ તેમનાં શ્રોત્ર આદિ છિદ્રોમાંથી અગ્નિ પ્રકટ થયો. અંતરપ્રદેશસહિત સર્વ દિશાઓને તે અગ્નિ બાળી મૂકવા લાગ્યો અને સર્વ સ્થળે વ્યાપ્ત થઇ ગયો. સ્વર્ગ અને પૃથ્વી કેવળ તે અગ્નિની જ્વાળાઓથી ભરાઈ ગયાં. એ રીતે ભગવાન પ્રભુ બ્રહ્મદેવે સર્વ ચરાચર જગતને બાળી મૂકયું. સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓનો વીર્યવાન બ્રહ્મદેવે મોટા ક્રોધના વેગથી ત્રાસ પમાડતા હોય, તેમ સંહાર કરી નાખ્યો. તે જોઈ નિશાચરોના પતિ જટાધારી રુદ્રદેવ, બ્રહ્મદેવને શરણે ગયા. પ્રજાઓનું હિત ઇચ્છતા આવેલા તે રુદ્રદેવને જોઇ, મહાવિચારશીલ પરમ દેવ બ્રહ્મા બોલી ઉઠયા કેઃ-'હે પુત્ર રુદ્ર! તું સ્વેચ્છાથી ઉત્પન્ન થયો છે અને વર મેળવવાને પાત્ર છે ! માટે તારી જે ઇચ્છા હોય તે દર્શાવ. હું તારૂં સર્વ પ્રિય કરીશ.' ૩૮-૪૫

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'યુધિષ્ઠિર પાસે વ્યાસ અને રાજા અકંપનનું દૃષ્ટાંત' વિષે અ૦ પર મો સમાપ્ત

અધ્યાય ૫૩ મો

મૃત્યુની કથા

॥ स्थाणुरुवाच ॥

प्रजासर्गनिमित्तं हि कृतोयत्नस्त्वया विभो ।
त्वया सृष्टाश्च वृद्धाश्च भूतग्रामाः पृथग्विधाः॥१

રુદ્રદેવે પૂછયુંઃ-હે વ્યાપક દેવ ! પ્રજાઓ ઉત્પન્ન કરવામાટે તમે ભારે પ્રયત્ન કર્યો છે. તમે અનેક પ્રકારનાં ભૂતગ્રામોને સરજ્યાં છે અને તે વૃદ્ધિને પણ પામ્યાં છે.[૧] હે પ્રભુ ! તે બધી પ્રજા આ સમયે આપના ક્રોધથી ચોતરફથી બળી જાય છે, તે જોઇ મને દયા ઉત્પન્ન થઇ છે; માટે હે ભગવન્ ! મારાપર પ્રસન્ન થાઓ.[૨]

બ્રહ્માએ કહ્યુંઃ-આ સર્વ જગત આ પ્રમાણે બળી જાય તેવી મારી ઈચ્છા ન હતી. પૃથ્વીદેવીનું હિત કરવાની ઇચ્છાથીજ મને ક્રોધ ચઢયો હતો.[૩] હે મહાદેવ ! આ પૃથ્વીદેવી જ્યારે ઘણા ભારથી પીડાઇ ગઇ, ત્યારે તેણે મને સંહાર કરવામાટે પ્રેરણા કરી.[૪] મેં ઘણા ઘણા વિચારો કરતાં પણ આ અનંત જગતનો સંહાર કરવાનો ઉપાય જાણ્યોજ નહિ; તેથી આખરે મને ક્રોધ ચઢયો.[૫]

રુદ્રદેવે કહ્યુંઃ-હે પૃથ્વીપતિ ! જગતનો સંહાર કરવામાટે તમે ક્રોધ કરો નહિ; પણ પ્રસન્ન થાઓ અને સ્થાવર-જંગમ પ્રજાઓનો નાશ ન કરો.[૬] હે ભગવન્! તમારી કૃપાથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં આ જગત સર્વ કાળે જેવું છે તેવું ને તેવું રહે તે પ્રમાણે તમે કરો, પણ એનો સમૂળગો નાશ નહિ કરવો જોઇએ.[૭] હે ભગવન્ ! તમે ક્રોધથી પ્રદીપ્ત થયા અને તે ક્રોધથી અગ્નિ પ્રકટ થયો, કે જે અગ્નિ પથ્થરો, શિખરો, વૃક્ષો, નદીઓ, તળાવો અને ઘાસ તથા લતાઓ આદિ સર્વ સ્થાવર-જંગમ જગતનો સંહાર કરી રહ્યો છે;[૮-૯] અને તેથીજ આ સર્વ સ્થાવર-જંગમ જગત ભસ્મ થઈ ગયું છે; માટે હે ભગવન્ ! તમે પ્રસન્ન થાઓ અને હવે પછી આવો ક્રોધ નહિ કરવામાટેનો મને વર આપો.[૧૦] હે દેવ ! તમે સરજેલાં આ સર્વ ભૂતો નાશ પામી જાય છે, માટે આ કાર્યથી તમે નિવૃત્ત થાઓ અને આ તેજનો તમારામાંજ લય થાઓ.[૧૧] હે દેવ! પ્રજાઓનું હિત ઇચ્છી અતિશય વિચાર કરો તથા જે રીતે આ સર્વ પ્રાણીઓનો તદ્દન સંહાર ન થઇ જાય તેવું કંઇ કરો, કે જેથી આ બધી પ્રજાઓ ક્ષીણ સંતાનવાળી થઇને અભાવને ન પામે. હે આદિદેવ ! આપે મને લોકના સ્રષ્ટા તરીકે આ લોકમાં નીમ્યો છે, માટે હે જગતના નાથ! આ સ્થાવર-જંગમ જગતનો નાશ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય એ કારણથી હું આપને પ્રસન્ન કરવામાટે આમ કહી રહ્યો છું.[૧૨-૧૪]

નારદે કહ્યું:-રુદ્રદેવનું એ વચન સાંભળી પ્રજાનું હિત કરવામાટે બ્રહ્મદેવે તે પ્રકટ થયેલા તેજનો પોતાનામાં લય કર્યો.[૧૫] એ રીતે અગ્નિનો ઉપસંહાર કરી લોકમાં પૂજાયેલા તે ભગવાને સંસારમાં કર્મોની સૃષ્ટિનું કારણ તથા કર્મોથી મુક્ત થવાનું કારણ રુદ્રદેવને કહી સંભળાવ્યું.[૧૬] એ વેળા જ્યારે તે બ્રહ્મદેવ ક્રોધથી ઉત્પન્ન થયેલા અગ્નિનો ઉપસંહાર કરતા હતા, ત્યારે તે મહાત્માની સમગ્ર ઇંદ્રિયોનાં છિદ્રોમાંથી એક સ્ત્રી પ્રકટ થઇ.[૧૭] હે રાજેંદ્ર! તે સ્ત્રી રંગે કાળી અને કંઇક રતાશપર હતી; તેની જીભ, મુખ અને નેત્રો પિંગળાં અને લાલ રંગનાં હતાં તથા તેણે ઝળહળતાં બે કુંડળો પહેર્યાં હતાં.[૧૮] બ્રહ્મદેવની ઇંદ્રિયોનાં છિદ્રોમાંથી નીકળીને તે સ્ત્રી દક્ષિણદિશામાં જઇને ઉભી રહી અને જગતના નિયંતા એ બંને દેવને જોઇને મંદ મંદ હસવા લાગી.[૧૯] હે રાજા! લોકોના સંહર્તા દેવ બ્રહ્માએ તે સ્ત્રીને પોતાની પાસે બોલાવી કહ્યું કેઃ-"હે મૃત્યુદેવિ! તું આ પ્રજાનો નાશ કરજે. સંહારબુદ્ધિથીજ તું મારા ક્રોધમાંથી પ્રકટ થઈ છે. માટે તું આ સર્વ સ્થાવર-જંગમ પ્રજાનો સંહાર કર.[૨૧] તું જો મારી આજ્ઞા પ્રમાણે વર્તીશ તો પરમ કલ્યાણને પામીશ." બ્રહ્મદેવે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે કમળસરખાં નેત્રવાળી તે મૃત્યુ નામની સ્ત્રી અત્યંત વિચારમાં પડી ગઇ અને તે અબળા મધુર સ્વરે રડવા લાગી. પિતામહે તેનાં અશ્રુઓને પોતાના બે હાથમાં ઝીલી લીધાં તથા પ્રજાઓનું હિત કરવામાટે તે દેવ તેને વિનવવા લાગ્યા.[૨૨,૨૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં
'મૃત્યુનું કથન' એ વિષયનો
અધ્યાય ૫૩ મો સમાપ્ત

અધ્યાય ૫૪ મો

મૃત્યુ અને પ્રજાપતિનો સંવાદ

॥ नारद उवाच ॥

विनीय दुःखमबला आत्मन्येव प्रजापतिम् ।
उवाच प्रांजलिर्भूत्वा लतेवा वर्जिता पुनः॥१॥

નારદે કહ્યું:-મૃત્યુ નામની તે સ્ત્રી દુઃખને પોતાના અંતરાત્મામાં દબાવી દઇને હાથ જોડી લતા પેઠે નમ્ર થઇ બ્રહ્મદેવને પુનઃ કહેવા લાગી.[૧]

મૃત્યુએ કહ્યું:-હે વક્તાઓમાં શ્રેષ્ઠ દેવ! આપે મને આવી સ્ત્રી કેમ ઉત્પન્ન કરી? જાણવા છતાં આપે કહેલું તે અહિત ક્રૂર કર્મ હું કેમ કરૂં?[૨] હે ભગવન્! હું અધર્મથી ડરૂં છું, આપ મારાપર પ્રસન્ન થાઓ. હું લોકોના પ્રિય પુત્રો, મિત્રો, ભાઇઓ, માતાઓ, પિતાઓ અને પતિઓનો સંહાર કરીશ,તેથી તેઓ મારૂં અનિષ્ટ ચિંતવશે. હે દેવ! હું જ્યારે લોકોને મારી નાખીશ,ત્યારે તેમનાં દીન સંબંધીઓ રડી રડીને અશ્રુપાત કરશે. ખરેખર, હું તેઓથી ડરૂં છું.[૪] હે ભગવન્! તેમનાથી ભય પામીને હું આપને શરણે આવી છું, માટે હે દેવાધિદેવ! હું યમરાજને ઘેર કદી નહિ જાઉં.[૫]

હે લોકના પિતામહ! વિનયપૂર્વક દંડવત્ પ્રણામ કરી તથા કાંતિથી ઉગ્ર નખવાળા બે હાથ જોડી પ્રાર્થનાપૂર્વક આપની પાસેથી એજ કામનાની ઇચ્છા રાખું છું.[૬] હે પ્રજાના નિયંતા ભગવન્! જો આપની કૃપા હોય તો મને તપ તપવાનીજ ઇચ્છા છે, માટે હે પ્રભુ! મને આપ એજ વર આપો.[૭] આપની આજ્ઞા મેળવી હું પવિત્ર ધેનુકાશ્રમમાં જઇશ અને ત્યાં તમારૂંજ આરાધન કરવામાં આસક્ત રહી તીવ્ર તપ તપીશ;[૮] પણ હે દેવના દેવ! વિલાપ કરતાં પ્રાણીઓના પ્રિય પ્રાણોનું હરણ કરવા હું સમર્થ નહિ થાઉં, માટે મને તે અધર્મથી બચાવી લ્યો.[૯]

બ્રહ્માએ કહ્યું:-હે મૃત્યુદેવિ! પ્રજાના સંહારના કારણતરીકેજ મેં તારો પ્રથમથીજ સંકલ્પ કર્યો છે; માટે જા, તું પ્રજાઓનો સંહારજ કર્યા કર, એમાં તારે વિચાર કરવો નહિ.[૧૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા એ સંકલ્પ પ્રમાણેજ થશે, એમાં જરાએ ફેરફાર થવાનો નથી. એટલું ખરૂં કે, એમ કરવાથી પણ તું લોકમાં નિંદાઇશ નહિ, માટે જા, મારા કહેવા પ્રમાણે કર.[૧૧]

નારદે કહ્યું:-પ્રજાપતિએ જ્યારે એમ કહ્યું, ત્યારે તે મૃત્યુદેવી પ્રસન્ન થઇ અને હાથ જોડી ભગવાન સામે ઉભી રહી;[૧૨] પણ તેણે પ્રજાઓનું હિત ઇચ્છી સંહાર કરવાની બુદ્ધિ કરી નહિ.[૧૨] તેજ સમયે પ્રજાના ઈશ્વરેશ્વર બ્રહ્મદેવ થોડીવાર શાંત રહ્યા અને પછી આપોઆપ એકદમ પ્રસન્ન થયા; અને મંદ હાસ્ય કરી ક્રોધનો ત્યાગ કરીને તેમણે સર્વ લોકો તરફ જોયું કે, તુરત સર્વ જગત પ્રથમ હતું તેવું દેખાયું.[૧૩,૧૪] એ પ્રમાણે અજિત ભગવાન બ્રહ્મદેવનો ક્રોધ જ્યારે ઉતરી ગયો, ત્યારે તે કન્યા પણ તે બુદ્ધિમાનની પાસેથી ચાલી ગઈ.[૧૫] હે રાજેન્દ્ર! તે સમયે મૃત્યુદેવીએ પ્રજાઓનો સંહાર કરવાની પ્રતિજ્ઞા કરી ન હતી; પણ તે ઝટપટ ત્યાંથી ધેનુકાશ્રમ ભણી ચાલી ગઇ હતી.[૧૬] ત્યાં જઇ તે પરમ તીવ્ર ઉત્તમ વ્રતનું આચરણ કરવા લાગી અને દયાને લીધે પ્રજાઓનું હિત ઇચ્છી એકવીસ× પદ્મ વર્ષસુધી એક પગે ઉભી રહી. તે વેળા તેણે પોતાને પ્રિય એવા સર્વ વિષયો તરફથી ઇંદ્રિયોને આકર્ષી લીધી હતી.[૧૭,૧૮] હે રાજા! તે પછી વળી બીજાં એકવીસ પદ્મ વર્ષસુધી એક પગે ઉભી તેણે પરમ તીવ્ર વ્રત આચર્યું.[૧૯] હે તાત! દશહજાર પદ્મ વર્ષસુધી તે મૃત્યુદેવી મૃગોની સાથેજ ફરી અને પછી પવિત્ર, શીતળ અને નિર્મળ જળવાળી નંદા નદી ઉપર જઇ નિયમ ધારણ કરી તથા પાપરહિત થઈ આઠ હજાર વર્ષસુધી તે નંદા નદીના જળમાં ઉભી રહી. એ રીતે મૃત્યુદેવીએ ઘોર તપશ્ચર્યા કરી.[૨૦,૨૧] તે પછી દિનપ્રતિદિન નિયમોમાં આગળ વધતી તેણે, પવિત્ર કૌશિકીનદીપર જઈ માત્ર વાયુ તથા જળનોજ આહાર લઈ તપશ્ચર્યા કરવા માંડી.[૨૨] ઉપરાંત વળી પવિત્ર હૃદયની તે કન્યા પંચગંગા, વેતસક આદિ ક્ષેત્રોમાં અનેક પ્રકારનાં તપો કરી પોતાના દેહને કૃશ કરવા લાગી.[૨૩] ત્યાંથી પાછી ગંગાતીરે તથા મહામેરુ આદિ સ્થળે જઇ પથ્થરની પેઠે અડગ રહી પ્રાણાયામ કરવામાં તે તત્પર રહી હતી. વળી હિમાલયનાં શિખરપર જ્યાં પ્રથમ દેવોએ યજ્ઞ કર્યા હતા ત્યાં પોતાના પગના અંગુઠાપર તે પરમકલ્યાણી, એક નિખર્વ (દશહજાર કરોડ વર્ષ) પર્યંત ઉભી રહી હતી.[૨૫] એ સિવાય પુષ્કર, ગોકર્ણ, નૈમિષ તથા મલય વગેરે પરમ પવિત્ર ક્ષેત્રોમાં પોતાને પ્રિય એવા માનસિક નિયમો ધારણ કરી તે દેહને ક્ષીણ કરવા લાગી.[૨૬] તે બીજા કોઈ દેવનું આરાધન કરતી ન હતી. કેવળ બ્રહ્મદેવમાંજ દૃઢ ભક્તિવાળી હતી અને ધર્માનુષ્ઠાનથી તેમનેજ પ્રસન્ન કરતી હતી. એ રીતના તેના તપશ્ચરણથી લોકોના ઉત્પત્તિકારણ અવિનાશી ભગવાન બ્રહ્મા પ્રસન્ન થયા અને સૌમ્ય મનથી તે દેવીને કહેવા લાગ્યા:-[૨૮] 'હે મૃત્યુદેવિ! આટલાં બધાં તપ તું શામાટે કરે છે?'

તે સાંભળી મૃત્યુદેવી ભગવાન પિતામહપ્રત્યે બોલી:-[૨૯] 'હે સર્વના નિયંતા દેવ! હું આ શાંતિમાં રહેલી પ્રજાને રોકકળ કરતી કરી નાખી હણીશ નહિ. હે પ્રભુ! આપની પાસેથી હું આ વર ઇચ્છું છું.[૩૦] અધર્મથી ભયભીત થઇ હું તપ આદરી બેઠી છું, માટે હે મહાભાગ અવિનાશી! મને ભય પામેલીને અભય આપો.[૩૧] હું દુઃખી અને નિરપરાધિની સ્ત્રીજાતિ છું. હું આપની પાસે યાચના કરૂં છું કે, આપ મારો આધાર થાઓ.' એ સાંભળી ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણનારા બ્રહ્મદેવ, તેને કહેવા લાગ્યા:-[૩૨] 'હે મૃત્યુદેવિ! આ પ્રજાઓનો સંહાર કરતાં તને જરાએ અધર્મ થવાનો નથી. હે ભદ્રે! મારૂં કહેલું કદી મિથ્યા થશે નહિ,[૩૩] માટે હે કલ્યાણિ! તું આ ચારેય પ્રકારની સર્વ પ્રજાનો સંહાર કર. સનાતન ધર્મ સર્વથા તને પવિત્ર કરશે.[૩૪] લોકપાળ યમ અને વ્યાધિઓ તારા સહાયક થશે અને તે ઉપરાંત હું તથા બીજા દેવો તને વર આપીશું,[૩૫] જેથી કરી તું પાપથી મુક્ત થઇશ અને ખ્યાતિ પા-

× સો કરોડ વર્ષનું એક પદ્મ અથવા એક અબજ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીશ.' મહારાજ બ્રહ્મદેવે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે હાથ જોડીને મસ્તકથી પ્રણામ કરી મૃત્યુદેવી, એ વ્યાપક દેવને આ પ્રમાણેનું વાક્ય કહેવા લાગીઃ–'હે પ્રભુ ! જો એમજ છે અને વળી જો આ કામ મારાવિના બીજા કોઇથી ન બની શકે તેવું છે, તો હું આપની આજ્ઞાને મસ્તકે ચઢાવું છું; પણ હું જે કહેવા માગું છું તે આપ સાંભળો. લોભ, ક્રોધ, અસૂયા, ઈર્ષ્યા, દ્રોહ, નિર્લજ્જપણું, મોહ અને પરસ્પરમાં તીક્ષ્ણ વાણીનો પ્રયોગ–આ બધી વસ્તુઓ પ્રાણીઓના દેહનો નાશ કરે તેવો વર હું માગું છું.'

બ્રહ્માએ કહ્યુંઃ–'હે મૃત્યુદેવિ ! તારી ઇચ્છા પ્રમાણે બધું તેમજ થશે, પણ હવે તું સારી રીતે પ્રજાઓનો સંહાર કરજે. એમ કરવાથી તને અધર્મ લાગશે નહિ અને હે શુભે ! હું પણ તારૂં અનિષ્ટ ચિંતવીશ નહિ.[૩૬–૩૯] જે તારાં નેત્રોનાં અશ્રુબિંદુઓ મારા હાથમાં પડેલાં છે તે પ્રાણીઓને પોતાનામાંથીજ જન્મેલા રોગો થશે. તે રોગોજ મનુષ્યોને નિર્જીવ કરી નાખી મારી નાખશે, જેથી તને અધર્મ થશે નહિ, ડર માં.[૪૦] તને અધર્મ થશે નહિ; એટલુંજ નહિ પણ તું પ્રાણીઓના ધર્મરૂપ અને ધર્મની ઈશ્વરી થઈશ. ધર્મવાળી તથા નિત્ય ધર્મને ધારણ કરનારી તું છે, માટે હવે સુખેથી આ સર્વ પ્રાણીઓનો સંહાર કર.[૪૧] કામ તથા ક્રોધનો ત્યાગ કરી તું સર્વ પ્રાણીઓના પ્રાણોનો નાશ કર. એમ કરવાથી તને અનંત ધર્મ થશે અને અધર્મથીજ મિથ્યાચારી મનુષ્યોને મારી નાખશે,[૪૨] માટે તું તારા આત્માને આત્માથીજ પવિત્ર કર. પ્રાણીઓ અસત્યને લીધે પોતાના આત્માને પાપમાં ડૂબાડશે, માટે તારે તો સમીપમાં આવેલા કામ અને ક્રોધનો ત્યાગ કરી જીવોનો સંહાર કર્યા કરવો.'[૪૩]

નારદે કહ્યુંઃ–મૃત્યુ નામની તે સ્ત્રી બ્રહ્મદેવના એ ઉપદેશથી તથા શાપથી ભયભીત થઇ "બહુ સારૂં" એ પ્રમાણે તેમનાપ્રત્યે બોલી; અને પછીથી કામ તથા ક્રોધનો ત્યાગ કરી હમેશાં કોઇનાપર આસક્તિ રાખ્યાવિના અંતકાળે પ્રાણીઓના પ્રાણનું હરણ કર્યા કરે છે.[૪૪] આ સ્વરૂપની મૃત્યુદેવી છે. સર્વ વ્યાધિઓ તેનાથીજ ઉત્પન્ન થયેલા છે અને વ્યાધિનેજ રોગ જાણવો, કે જેનાથી પ્રાણી પીડાય છે. આયુષ્ય તથા કર્મભોગ પૂરો થતાં સર્વ પ્રાણીઓનું મૃત્યુ થાયજ છે, માટે હે અકંપન રાજા ! તું વ્યર્થ શોક ન કર.[૪૫] હે રાજાઓમાં સિંહસરખા અકંપન ! આયુષ્યને અંતે સર્વ પ્રાણીઓ (જીવો) પોતાની ઇંદ્રિયો સાથે પરલોકમાં જઈ જેમ વૃત્તિમાન થાય છે અને પાછા ફળોનો ઉપભોગ કરી ત્યાંથી પ્રત્યાગમન કરે છે, તેમજ પ્રાણવાળા ઈન્દ્રાદિ દેવો પણ મનુષ્યોની પેઠેજ પરલોકમાં ગમન કરે છે. (અહીં કહેવાનો ભાવ એ છે કે, આયુષ્યકર્મનો ક્ષય થતાં જેઓ કર્મદેવો છે તેઓ પરલોકમાં પ્રયાણ કરી પુનઃ પાછા ફરે છે; પરંતુ જેઓ આજાન દેવો છે તેઓ ઉપર ઉપરના પરલોકમાં પ્રયાણ કરે છે, પણ ત્યાંથી પુનઃ પાછા ફરતા નથી; કારણ કે તેઓ ક્રમમુક્તિને યોગ્ય છે. ખરી રીતે જોતાં પ્રાણવાયુજ ગમનાગમન કર્યા કરે છે અને તે ગમનાગમનનો પ્રાણવાયુની ઉપાધિવાળા જીવમાં તો કેવળ ઉપચારજ–સ્થૂળ વ્યવહાર પ્રમાણે આરોપજ કરવામાં આવે છે; કારણ કે પ્રાણથી ભિન્ન રહેલા જીવને તે ગમનાગમન કદી સંભવેજ નહિ. આવા આશયથી હવે પછીના ૪૭ મા શ્લોકમાં કહે છેઃ–) અતિ ભયાનક, ભયંકર શબ્દવાળો તથા મહાતેજસ્વી એવો પ્રાણવાયુ, ચેતન(જીવ)ના દેહોનુંજ ભેદન કરી શકે છે–મરણ લાવી શકે છે, પણ તે ચેતનનું પોતાનું નહીંજ; કારણ કે એ ચેતન, સર્વવ્યાપક છે અને તેથીજ ગમનાગમનથી રહિત છે. અનંત તેજવાળા તથા ઉગ્ર એવા તેને, કદી પણ જવું–આવવું પડતુંજ નથી.[૪૭] હે રાજસિંહ ! સર્વ દેવો પણ મર્ત્ય એવી સંજ્ઞાથી યુક્ત છે–અર્થાત્ બ્રહ્મા આદિ દેવોને પણ મરણધર્મ તો સ્વાભાવિકજ છે; માટે તું પુત્રનો શોક મા કર. તારો પુત્ર સ્વર્ગમાં જઈ મ્હાલી રહ્યો છે અને સુંદર એવા વીરલોકને પામીને નિત્ય આનંદમાંજ છે તથા દુઃખનો ત્યાગ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુણ્યવાન પુરુષોની સંગતિવાળો થયો છે. બ્રહ્મદેવે, પ્રજાઓનો અંતકાળ પ્રાપ્ત થતાં સંહાર કરનારી આ મૃત્યુદેવીનું પોતે જાતેજ નિર્માણ કરેલ છે. કહેવાનો આશય એ છે કે, પોતેજ પોતાનો જાણે મૃત્યુ હોય તેવી માત્ર ભ્રાંતિ છે; તોપણ "મનુષ્યોના પ્રાણનું હરણ કરનાર મૃત્યુ, મનુષ્યથી ભિન્ન છે" આવા પ્રકારની કલ્પના કેવળ મૂર્ખાઓએજ કરેલી છે. ૪૮,૪૯ સર્વ પ્રાણીઓ પોતેજ પોતાનો નાશ કરે છે; પણ મૃત્યુ, હાથમાં લાકડી લઇ કોઇને મારતું નથી, આમ સમજીને તથા બ્રહ્મદેવથી નિર્માણ થયેલા મૃત્યુનો નિશ્ચય જાણીને ધીર પુરુષો, મરેલાઓનો શોક કરતા નથી. દેવે સરજેલી સૃષ્ટિનું સ્વરૂપ આવા પ્રકારનુંજ છે, એમ જાણીને હે રાજા! નાશ પામેલા પુત્રથી ઉદ્ભવેલા શોકનો તું સત્વર ત્યાગ કર.[૫૦]

વ્યાસે કહ્યું:-નારદે કહેલાં એ અર્થવાળાં વાક્યને સાંભળી અકંપન રાજા, પોતાના મિત્ર નારદને કહેવા લાગ્યો:-[૫૧]'હે ભગવન્ ઋષિરાજ! મારો શોક દૂર થયો છે તથા હું પ્રસન્ન પણ થયો છું. તમારી પાસેથી આ ઇતિહાસનું શ્રવણ કરી હું કૃતાર્થ થયો છું અને આપને પ્રણામ કરૂં છું.'[૫૨] રાજાનાં એ વચન સાંભળી આત્મસંયમી એવા ઋષિશ્રેષ્ઠ દેવર્ષિ નારદ તત્કાળ નંદનવન તરફ ચાલ્યા ગયા.[૫૩] આ ઇતિહાસનું શ્રવણ કરવાથી તથા બીજાને શ્રવણ કરાવવાથી પુણ્ય, યશ, સ્વર્ગ, ધન અને આયુષ્યની વૃદ્ધિ થાય છે.[૫૪]

સંજયે કહ્યું:-હે ધૃતરાષ્ટ્ર રાજા! વ્યાસ ભગવાને કહેલો એ ઇતિહાસ સાંભળીને રાજા યુધિષ્ઠિરને પણ ક્ષાત્રધર્મનું બરાબર જ્ઞાન થયું તથા શૂરવીરોની પરમ ગતિ પણ જાણવામાં આવી.[૫૫] વળી પણ વ્યાસ ભગવાને યુધિષ્ઠિર પ્રત્યે કહ્યું કે:-"મહાન વીર્યવાળો મહારથી અભિમન્યુ, સર્વ ધનુર્ધરોની આગળ રહી શત્રુઓનો સંહાર કરી સ્વર્ગલોકમાં ગયો છે;[૫૬] કારણ કે એ મહાધનુર્ધર મહારથી, રણમાં સામો રહીને લડતો હતો અને છેવટે તરવાર, ગદા, શક્તિ અને ધનુષ્યથી માર્યો ગયો છે.[૫૭] પાપવિનાનો તે ચંદ્રવંશી રાજપુત્ર, પુનઃ તે ચંદ્રમાં લીન થયો છે; માટે હે પાંડવ! પરમ ધૈર્ય ધારણ કરી, પ્રમાદનો ત્યાગ કરી સત્વર પોતાના ભાઇઓસહિત યુદ્ધ કરવા સજ્જ થા."[૫૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'મૃત્યુ અને પ્રજાપતિનો સંવાદ' એ વિષયનો અધ્યાય ૫૪ મો સમાપ્ત.

અધ્યાય ૫૫ મો

સૃંજય રાજાની કથા

॥ संजय उवाच ॥

श्रुत्वा मृत्युसमुत्पत्तिं कर्माण्यनुपमानि च ॥
धर्मराजः पुनर्वाक्यं प्रसाद्यैनमथाब्रवीत् ॥१॥

સંજયે કહ્યું:-મૃત્યુની ઉત્પત્તિનું તથા તેનાં અનુપમ કર્મોનું શ્રવણ કરી ધર્મરાજા, વ્યાસ ભગવાનને પ્રસન્ન કરી પુનઃ આ વચન બોલ્યા:-હે બ્રહ્મન્! પવિત્ર કર્મ કરનારા, ઇંદ્રસમાન પરાક્રમવાળા, નિર્દોષ, મૌનવ્રતને ધારણ કરનારા એવા મહાન રાજર્ષિઓ, સત્યલોક આદિ પવિત્ર-શ્રેષ્ઠ સ્થાનમાં વસે છે;[૨] માટે તેવા પુરાણ (પ્રાચીન) રાજર્ષિઓનાં કર્મોને સત્ય વચનમાં કહી ફરી પણ આપ મારૂં આશ્વાસન કરો અને મારા ધૈર્યમાં વૃદ્ધિ કરો.[૩] પુણ્યકર્મ કરનારા તે પ્રાચીન રાજર્ષિઓમાંના કોણે કોણે કેટલી કેટલી દક્ષિણાઓ આપી હતી, તે પણ આપ મને કહો.[૪]

વ્યાસે કહ્યું:-શૈબ્યરાજાનો પુત્ર સૃંજય નામનો એક રાજા પૂર્વકાળમાં થઇ ગયો. તેના પર્વત અને નારદ નામના બે ઋષિઓ મિત્ર હતા.[૫] તેઓ બન્ને જણા એક દિવસે તે રાજાને મળવામાટે તેને ઘેર આવ્યા. રાજાએ વિધિ પ્રમાણે તેઓનું પૂજન કર્યું અને પછી તેઓ બન્ને જણા ત્યાં સુખેથી રહ્યા.[૬] એક સમયે તે રાજા પોતાના બન્ને મિત્રો સાથે સુખેથી બેઠો હતો; તેવામાં પવિત્ર હાસ્યવાળી તથા સુંદર વર્ણવાળી સૃંજયરાજાની કન્યા ત્યાં આવી ચઢી.[૭] આવીને તેણે યથાવિધિ પ્રણામ કર્યા; એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ પણ યોગ્ય એવા આઠ પ્રકારના આશીર્વાદોથી તેને અભિનંદન આપ્યું. પછી તે કન્યા એક બાજુ ઉભી રહી.[૮] એ વેળા તે કન્યાને જોઇને પર્વતઋષિ, હસતાં હસતાં આ પ્રમાણે કહેવા લાગ્યા કે, "ચંચળ કટાક્ષવાળી તથા સર્વ લક્ષણોથી યુક્ત આ કન્યા કોની છે?[૯] અહો! આ તે શું સૂર્યની કાંતિ છે કે અગ્નિની શિખા છે? અથવા લક્ષ્મી, લજ્જા, કીર્તિ, ધૃતિ, પુષ્ટિ કે સાક્ષાત્ સિદ્ધિ છે? અથવા શું ચંદ્રની પ્રભા છે?"[૧૦] દેવોના ઋષિ પર્વત, એ પ્રમાણે જ્યારે કહેતા હતા, ત્યારે સૃંજય રાજા બોલ્યોઃ– "હે ભગવન્! આ મારી કન્યા છે અને તે મારી પાસેથી કોઈ યોગ્ય વરને ઇચ્છે છે."[૧૧] તે સાંભળી વચમાંજ નારદઋષિ બોલી ઉઠયા કેઃ– "હે રાજા! તારે અતિ મહાન કલ્યાણ પામવાની જો ઇચ્છા હોય તો આ કન્યાને તું મને મારી સ્ત્રી કરવામાટે આપ."[૧૨] હર્ષમાં આવી જઇ સૃંજયે નારદને કહ્યું કે, 'હું આપને આ કન્યા આપીશ.' એ સાંભળી પર્વતે અત્યંત ક્રોધાયમાન થઇ નારદને કહ્યુંઃ–[૧૩] 'હે વિપ્ર! હું પ્રથમથીજ આને મારા હૃદયથી વરી ચૂક્યો છું; છતાં તેં એની માગણી કરી, માટે તું સ્વેચ્છા પ્રમાણે સ્વર્ગમાં જઇ શકીશ નહિ.'[૧૪] પર્વતે જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે નારદે પણ તેને પ્રત્યુત્તર વચન કહ્યુંઃ–'મન, વાણી, બુદ્ધિ, જળપૂર્વક પ્રદાન અને વૈદિક મંત્રપુરઃસર આ છ પ્રકારે હસ્તમેળાપથાયછે–વરવધૂતરીકે સ્ત્રીપુરુષ જોડાય છે, પરંતુ આ છએ લક્ષણોના પર પણ કોઇ જાતનો દૃઢ નિશ્ચય માનવામાં આવતોનથી, પણ સ્ત્રીપુરુષનું ભાર્યાત્વ અને પતિત્વ સંપાદન કરવામાં નિશ્ચિત ખરો આધાર સપ્તપદીપર રહેલો છે. આ રીતનાં સાત લક્ષણો વિવાહસિદ્ધિનાં જે માનવામાં આવ્યાં છે, તેનું તો હજી કંઇ ઠેકાણું નથી; છતાં તેં મને શાપપ્રદાન કરી સ્વર્ગગતિથી ભ્રષ્ટ કર્યો છે, માટે હું પણ તને સામો શાપ આપું છું કે, તું પણ મારાવિના સ્વર્ગે જઇ શકીશ નહિ.'[૧૫,૧૬] તે બન્ને જણા અન્યોન્યને એ રીતે શાપ આપી ત્યાં બેસી રહ્યા.

સૃંજયરાજા પણ ખાન, પાન, આચ્છાદન આદિથી પવિત્રતાપૂર્વક અને યત્નપૂર્વક યથાશક્તિ બ્રાહ્મણોની સેવા કરવા લાગી ગયો; કારણ કે તે રાજાને પુત્ર મેળવવાની કામના હતી. સમય જતાં વેદવેદાંગના પારને પામેલા તથા તપ અને સ્વાધ્યાયમાં આસક્ત એવા સારા સારા બ્રાહ્મણો, તે રાજાપર પ્રસન્ન થયા. તેઓ એક દિવસે રાજાને પુત્ર આપવાની ઇચ્છાથી એકઠા મળી દેવર્ષિ નારદપ્રત્યે કહેવા લાગ્યા કે, આ રાજાને ઈચ્છિત પુત્ર આપો.[૧૮–૨૦] બ્રાહ્મણોનાં તે કથનથી "તથાસ્તુ" એમ કહી નારદઋષિએ સૃંજયરાજાને કહ્યુંઃ–'હે રાજર્ષિ! બ્રાહ્મણો તારાપર પ્રસન્ન થયા છે, જેથી તને પુત્ર આપવા ઇચ્છે છે; માટે તને જેવા પુત્રની ઇચ્છા હોય તે વર માગ. તારૂં કલ્યાણ થાઓ.' "જેવી આજ્ઞા" એમ કહી હાથ જોડી રાજાએ ગુણવાન, યશવાન, કીર્તિમાન, તેજસ્વી અને શત્રુઓનું દમન કરે તેવો પુત્ર માગ્યો; અને વધારામાં માગ્યું કે, મને જે પુત્ર થાય તેનું મૂત્ર, વિષ્ઠા, ગળફા તથા પરસેવો પણ કેવળ સુવર્ણજ હોવું જોઇએ.[૨૧–૨૩] રાજાની ઇચ્છાને અનુસરી નારદે તેવોજ પુત્ર તેને આપ્યો, કે જેનું નામ રાજાએ સુવર્ણષ્ઠીવિ એ પ્રમાણેનું રાખ્યું. વરદાનને લીધે તે રાજકુમાર, રાજાને ઘેર અખૂટ ધનની વૃદ્ધિ કરવા લાગ્યો, જેથી રાજાએ પોતાની સર્વ ઈષ્ટ વસ્તુઓને સુવર્ણનીજ બનાવડાવી. ઘર, કિલ્લાઓ, દુર્ગો અને બ્રાહ્મણોનાં મકાનોને પણ રાજાએ સુવર્ણનાંજ કરાવ્યાં.[૨૪,૨૫] તે રાજાની શય્યા, આસનો, વાહનો, થાળીઓ, તપેલાંઓ, બીજાં વાસણો, રાજમહેલો અને જે કંઇ બાહ્ય ઉપસ્કરો–તે બધાં કાળે કરીને કેવળ સુવર્ણમય થઈ વૃદ્ધિ પામવા લાગ્યાં. આ વાત ચોર લોકોના સાંભળવામાં આવી, પણ ન મનાય તેવી હોવાથી તેઓએ ત્યાં આવીને તેજ પ્રમાણે પ્રત્યક્ષ જોયું. પછી એકઠા મળી રાજાને મારી નાખવાનો તેઓ ઘાટ ઘડવા લાગ્યા. કેટલાએક ચોરોએ લાંબો વિચાર કરી પોતાના સાથીઓને કહ્યું કે, 'આ બધા સુવર્ણની મૂળ ખાણ રાજાનો પુત્ર છે, માટે એ રાજકુમારનેજ આપણે પકડી લાવીએ તો ઘણું સારૂં થાય; તેથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતનોજ પ્રયત્ન આપણે કરીએ.' આવો વિચાર કરી તે લોભી લૂંટારાઓ રાજમહેલમાં પેઠા અને રાજપુત્ર કુમાર સુવર્ણષ્ઠીવિને જોરજુલમથી લઇ ગયા. ઘોર જંગલમાં એને લઇ જઇ ઉપાય અને બુદ્ધિવિનાના તે દ્રવ્યલોભી ચોરોએ રાજકુમારને મારી નાખી તેના શરીરને કાપી અંદર તપાસી જોયું, પણ કંઇ ધન મળ્યું નહિ. ઉલટું રાજકુમારનું મરણ થતાં વરદાનથી પ્રાપ્ત થતું ધન પણ નાશ પામ્યું. [૨૬-૩૧] તે ચમત્કારી રાજપુત્રને પૃથ્વીપર મરણ પામેલો જોઇ એ મૂર્ખ ચોરો પણ સામસામા લડી મુવા અને દુષ્કર્મ કરનારા તેઓ અસંભાવ્ય ઘોર નરકમાં ગયા.

મહાતપસ્વી રાજા સૃંજય પણ તપાસ કરતાં હાથ આવેલા તે વરથી મળેલા પુત્રને મરણ પામેલો જોઇ ઘણો દુઃખી થયો; તથા કરુણાજનક શબ્દે બહુ વિલાપ કરવા લાગ્યો. પુત્રના શોકથી બેભાન થયેલા રાજાને વિલાપ કરતો સાંભળી દેવર્ષિ નારદ તેની પાસે આવ્યા અને દુઃખથી વિવેકવિનાના થયેલા તેને હે યુધિષ્ઠિર રાજા ! આ પ્રમાણે કહેવા લાગ્યા.

મરુત્તરાજાની કથા

હે સૃંજય રાજા ! તું પોતે પણ આ લોકમાં કામનાઓથી અતૃપ્ત રહીનેજ મરી જવાનો છે. હે સૃંજય ! જેને ઘેર અમે તથા બીજા અનેક બ્રહ્મવાદીઓ રહેતા હતા તે અવિક્ષિતનો પુત્ર મરુત્તરાજા પણ મરણ પામ્યો છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે. બૃહસ્પતિની સ્પર્ધા કરી સંવર્ત નામના મુનિએ જેને યજ્ઞો કરાવ્યા હતા, જે રાજર્ષિને સમર્થ ભગવાન શ્રી શંકરે તેણે જ્યારે અનેક યજ્ઞો કરવાની ઇચ્છા કરી ત્યારે સુવર્ણમય હિમાલયનું એક શિખર તથા કેટલું-એક ધન આપ્યું હતું, જેના યજ્ઞની સમાપ્તિસમયે બૃહસ્પતિ આદિ ઇંદ્રસહિત દેવગણો તથા સર્વ પ્રજાપતિઓ ત્યાં આવી બેસતા હતા. જેના યજ્ઞમંડપનો સર્વ સામાન કેવળ સુવર્ણનોજ હતો.

સર્વ બ્રાહ્મણો તથા અન્ય ત્રૈવર્ણિક વર્ણો તે રાજાના યજ્ઞમાં પોતાના મનના અભિપ્રાયને અનુસરનારાં પવિત્ર ભોજનો સ્વેચ્છા પ્રમાણે જમતા હતા.[૪૧] દૂધ, દહીં, ઘી, મધ, ભક્ષ્ય, ભોજ્ય અને ભાત ભાતનાં સુંદર વસ્ત્રો તથા આભૂષણો, તે રાજાના સર્વ યજ્ઞોમાં વેદપારંગત બ્રાહ્મણોને ઇચ્છામાં આવે તેમ મળતાં હતાં; એટલુંજ નહિ પણ એ મરુત્તરાજાને ઘેર વાયુદેવો ભોજન પીરસનારા હતા. અવિક્ષિતના પુત્ર એ મરુત્તરાજર્ષિના સભાસદો વિશ્વેદેવો હતા. તે વીર્યવાન રાજાના રાજ્યમાં યોગ્ય વૃષ્ટિ થવાથી ધાન્યસંપત્તિ પણ પુષ્કળ થતી હતી. વળી તેણે વિધિપૂર્વક આપેલાં હવ્યોથી દેવોને તૃપ્ત કર્યા હતા; તથા ઋષિઓ, પિતૃઓ અને દેવોને પણ સુખેથી જીંદગી ગાળનારા કર્યા હતા. વળી તેણે બ્રહ્મચર્ય પાળ્યું હતું, વેદાધ્યયન કર્યું હતું તથા સર્વદા સર્વ પ્રકારનાં દાનો આપ્યાં હતાં. બ્રાહ્મણોને તેમની ઇચ્છાનુસાર શયન, આસન, ખાન, પાન તથા કોઇનાથી આપ્યા ન અપાય તેવા સુવર્ણના ઢગલા અને એ સિવાય બીજું અમિત દાન તેણે આપ્યું હતું. રે ! ઇંદ્ર પણ હમેશાં જે રાજાનું શુભ ચિંતવતો હતો, તે મરુત્તરાજા પણ પોતાની પ્રજાને સુખી કરી અંતે શ્રદ્ધાયુક્ત થઈ જીતેલા પુણ્યશાળી પુરુષોના અક્ષયલોકમાં ચાલ્યો ગયો. તે રાજાએ પ્રજાઓ, ખંડીઆ રાજાઓ, અમાત્યો, સ્ત્રીઓ, પુત્રો અને બાંધવોસહિત યુવાવસ્થામાં એકહજાર વર્ષસુધી રાજ્ય કર્યું હતું. હે સૃંજય ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં ઘણોજ આગળ ગયેલો તે મરુત્તરાજા પણ જો મરી ગયો તો પછી તારે શોક કરવો યોગ્ય નથી; કારણકે તે મરુત્તરાજાના કરતાં તું ઘણોજ નિર્ગુણ છે તથા તારો પુત્ર તો વળી તારા કરતાં પણ અધિક નિર્ગુણ, યજ્ઞાદિ નહિ કરનારો અને અકુશળ હતો, માટે હે શ્વિત્યના પુત્ર સૃંજયરાજા ! તું શોક મા કર.[૪૨-૫૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૫૫ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૫૬ મો

સુહોત્રરાજાની કથા

॥ संजय उवाच ॥

सुहोत्रं नाम राजानं मृतं सृंजय शुश्रुम ।
एकवीरमशक्यं तममरैरभिवीक्षितुम् ॥१॥

નારદે કહ્યું:–હે સૃંજય ! સુહોત્ર નામનો રાજા પણ મરણ પામ્યો, એમ અમે સાંભળીએ છીએ. તે રાજા જગતમાં એક વીર હતો. દેવો પણ તેની સામે જોઇ શકતા નહિ.[૧] જે રાજાએ ધર્મથી રાજ્ય મેળવીને યાજ્ઞિક બ્રાહ્મણોને તથા પુરોહિતોને પોતાના કલ્યાણવિષે પ્રશ્ન કર્યો હતો અને પછીથી તેઓએ દર્શાવેલા મતમાંજ તે રહેતો હતો.[૨] પ્રજાઓનું પાલન, ધર્મ, દાન, યજ્ઞ અને શત્રુઓનો જય આ રાજકીય આચારોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી સુહોત્રરાજા, પોતાના રાજ્યમાં ધર્મથીજ ધનની આવક ઇચ્છતો હતો.[૩] તે રાજા ધર્મથી દેવોનું આરાધન કરતો હતો, બાણોથી શત્રુઓને જીતતો હતો તથા પોતાના ગુણોથી સર્વનું રંજન કરતો હતો.[૪] મ્લેચ્છ અને જંગલી લોકોવિનાની આખી પૃથ્વીપર તે રાજ્ય ભોગવતો હતો. એ રાજાના સંબંધમાં અમે એટલું બધું સાંભળ્યું છે કે, એના રાજ્યકાળમાં દરેક વર્ષે મેઘ સુવર્ણની વૃષ્ટિ કરતો હતો; નદીઓ પણ સુવર્ણનાં મત્સ્ય, ગ્રાહ (ઝુડ) આદિને વહેતી હતી અને તે નદીઓનો સર્વ મનુષ્યો ઉપયોગ કરતા હતા. મેઘ પણ પાણીની ધારાઓમાં સુવર્ણનાં ઝુડ, કરચલાં, માછલાં ઇત્યાદિ અનેક પ્રકારના સુવર્ણમયજ પદાર્થોને વરસતો હતો; એટલુંજ નહિ પણ તેની વિવિધ કામનાઓને તે વરસતો હતો.આમ થવાથી તેના રાજ્યમાં અઢળક સુવર્ણ થઇ પડયું હતું. રે ! એક કોસસુધીની લંબાઈની વાવો પણ તેના સમયમાં સુવર્ણનીજ હતી. તે વાવોમાં હજારો નાનાં નાનાં અને કુબડાં માછલાં, મગરો તથા કાચબાઓને કેવળ સુવર્ણનાજ બનેલા જોઈ તે રાજાને આશ્ચર્ય થતું હતું.[૫–૮] એ રાજર્ષિએ કુરુજાંગલ દેશમાં યજ્ઞ કરી તે અપરિમિત સુવર્ણનું બ્રાહ્મણોને દાન કરી દીધું હતું.[૯] વળી તેણે સો અશ્વમેધ યજ્ઞ, સો રાજસૂય યજ્ઞ, પુષ્કળ દક્ષિણાવાળા પવિત્ર ક્ષત્રિય યજ્ઞો અને તે ઉપરાંત કેટલાએક નિત્ય, નૈમિત્તિક અને કામ્ય યજ્ઞો પણ કર્યા હતા, જેથી તે ઇષ્ટગતિને પામ્યો. હે સૃંજય રાજા ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં અતિશય ચઢિયાતો તે સુહોત્ર રાજા પણ જો મરી ગયો તો તેનાથી ઉતરતો, યજ્ઞયાગાદિ નહિ કરનારો તથા અકુશળ એવો જે તારો પુત્ર તેનો તું શામાટે શોક કરે છે ?

એ રીતે હે યુધિષ્ઠિર રાજા ! દેવર્ષિ નારદ સૃંજય રાજાને ઉપદેશ આપી રહ્યા હતા.[૧૦–૧૨]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૫૬ મો સમાપ્ત

અધ્યાય ૫૭ મો

પૌરવરાજાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

राजानं पौरवं वीरं मृतं सृंजय शुश्रुम ।
सहस्रं यः सहस्राणां श्वेतानश्वानवासृजत् ॥१॥

નારદે કહ્યું:–હે સૃંજયરાજા ! વીર પૌરવરાજાને પણ અમે મરણ પામેલો સાંભળીએ છીએ. જેણે એક હજારવાર એકેક હજાર ધોળા ઘોડાઓનું દાન કર્યું હતું.[૧] હે રાજર્ષિ ! તેના અશ્વમેધયજ્ઞમાં દેશે દેશમાંથી આવેલા વેદનાં છ અંગોને જાણનારા તથા કર્મકાંડવિધિને જાણનારા વિદ્વાનોની સંખ્યા અગણિત હતી.[૨] તેઓ બધા બ્રાહ્મણો વેદસ્નાત, વિદ્યાસ્નાત અને વ્રતસ્નાત હતા, દાન દેવાવાળા હતા તથા સુંદર દેખાવના હતા. તેઓને ભોજનમાં ઉત્તમ ભિક્ષા આપવામાં આવતી હતી, પાથરવાને સારાં બિછાનાં, રહેવાને સારાં ઘરો તથા સુંદર શય્યા, આસન અને ભોજન રાજા તરફથી અપાતાં હતાં. વળી તે બ્રાહ્મણોને નટો, નર્તકો, ગવૈયાઓ તથા સુવર્ણના અગ્રભાગવાળાં આરાર્તિક પાત્રો હાથમાં લઇ નિત્ય રમતગમત કરવામાં તત્પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેનારા મશ્કરાઓ હર્ષ ઉપજાવતા હતા.[૪] તે રાજા દરેક યજ્ઞમાં સમયને યોગ્ય દક્ષિણાઓ આપતો હતો. તેણે એક હજાર સુવર્ણસમાન કાંતિવાળા મદ ઝરતા હાથીઓ, ધ્વજા અને પતાકાઓસહિત સુવર્ણરથો દાનમાં આપ્યા હતા. વળી સુવર્ણાલંકારોથી શોભતી તથા રથ, ઘોડા અને હાથીઓપર બેસાડેલી એક લાખ કન્યાઓને ઘર, ખેતર અને ગાયોસહિત તેણે બ્રાહ્મણોને આપી હતી. એ રાજાએ કેટલાએક મહાત્મા બ્રાહ્મણોને સુવર્ણની માળાવાળી, સુવર્ણની શીંગડીઓવાળી,રૂપાથી જડેલી ખરીઓવાળી તથા કાંસાનાં દોહવાનાં પાત્રોસહિત સેંકડો ગાયો તેનાં વાછરડાંઓ સાથે દાનમાં આપી હતી; એટલુંજ નહિ પણ તે ગાયોનું રક્ષણ કરનારા હજારો અનુચરો પણ સાથે સાથે તેણે આપ્યા હતા. વળી તે રાજાએ દાસીઓ, દાસો, ગધેડાં, ઉંટો, બકરાં, ઘેટાં, અનેક જાતનાં રત્નો તથા જૂદા જૂદા અન્નના પર્વતો પણ તે વિસ્તારવાળા યજ્ઞમાં બ્રાહ્મણોને દક્ષિણાતરીકે આપ્યા હતા. આધુનિક સમયમાં પણ જેઓ પુરાણોને જાણનારા છે, તેઓ એ રાજાના સંબંધમાં એક ગાથાનું ગાન કરે છેઃ-[૫-૧૦]

अंगस्य यजमानस्य स्वधर्माधिगताः शुभाः ।
गुणोत्तरास्तु क्रतवस्तस्यासन् सार्वकामिकाः॥

અર્થાત્-"યજ્ઞ કરનાર અંગરાજ પૌરવના સઘળા યજ્ઞો, સ્વધર્મપૂર્વક સિદ્ધ થઈ શુભ ફળ આપનારા,અધિક ગુણવાળા તથા સર્વમનોરથોને પૂર્ણ કરનારા હતા."[૧૧] હે સૃંજય રાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં અને તારા પુત્રના કરતાં ઘણો ચઢિયાતો તથા અધિક પુણ્યશાળી તે પૌરવરાજા પણ જો મરી ગયો, તો તું તારા પુત્રનો શોક ન કર; કારણ કે હે ક્ષત્રિયના પુત્ર ! તારો પુત્ર તે પૌરવરાજાના સરખો યજ્ઞ-યાગ કરનારો કે કુશળ ન હતો.[૧૨]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૫૭ મો સમાપ્ત

અધ્યાય ૫૮ મો

શિબિરાજાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

शिबिमौशीनरंचापि मृतं सृंजय शुश्रुमः ।
य इमां पृथिवीं सर्वां चर्मवत् पर्यवेष्टयत् ॥१॥

નારદે કહ્યું:-હે સૃંજય રાજા ! ઉશીનરના પુત્ર શિબિરાજાને પણ અમે મરણ પામેલો સાંભળીએ છીએ,કે જેણે આખી પૃથ્વીને ચામડાની પેઠે પોતાની સત્તાથી આસપાસ વ્યાપ્ત કરી ઘેરી લીધી હતી;[૧] એટલુંજ નહિ પણ પર્વત, બેટ, સમુદ્ર અને વનસહિત આખી પૃથ્વીને પોતાના રથના ઘોષથી ગજાવી મૂકી હતી. તે શિબિરાજા, પોતાના મુખ્ય મુખ્ય શત્રુઓનો સંહાર કરી સંપૂર્ણરીતે શત્રુજિત થયો હતો. તેણે સંપૂર્ણ દક્ષિણાવાળા અનેક જાતના યજ્ઞો કર્યા હતા. પોતે વીર્યવાન તથા બુદ્ધિમાન હોઈને પુષ્કળ દ્રવ્ય મેળવ્યું હતું; એટલુંજ નહિ પણ યુદ્ધમાં તે રાજા, રાજ્યાભિષેક પામેલા સર્વ રાજાઓના મધ્યમાં ઘણો માનીતો થઈ પડયો હતો. વળી તેણે આખી પૃથ્વીનો વિજય કરી ઘણા અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. એ યજ્ઞોમાં સર્વ મનુષ્યોને ખાવાપીવાની છૂટ આપવામાં આવી હતી, જેથી તે યજ્ઞો અધિક ફળવાળા થયા હતા. જ્યારે તે દાન આપવા બેસતો ત્યારે હજારો કરોડ સોનામહોરો આપી દેતો. હાથી, ઘોડા, પશુઓ, ધાન્ય, મૃગો, ગાયો, બકરાં અને ઘેટાંઓસહિત અનેક પ્રદેશની પવિત્ર પૃથ્વીનું પણ તે બ્રાહ્મણોને દાન કરતો. વધારે શું કહું ? પણ વરસાદની જેટલી ધારાઓ છે, આકાશમાં જેટલા તારાઓ છે, ગંગાનદીમાં જેટલી રેતી છે, મેરુપર્વતના જેટલા મોટા મોટા પથ્થરો છે અને મહાસાગરમાં જેટલાં રત્નો તથા પ્રાણીઓ છે, તેટલી ગાયોનું દાન ઉશીનરના પુત્ર શિબિએ પોતાના યજ્ઞમાં કર્યું હતું. તે રાજાની સમાનતાની ધુંસરીને વહી શકે તેવો કોઇપણ ઉત્તમ નર ભૂત, ભવિષ્ય કે વર્તમાનકાળમાં પ્રજાપતિને હજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી સૃષ્ટિમાં મળ્યો નથી.[૨–૮] તે રાજાના વિવિધ યજ્ઞો સર્વ ઇચ્છિત વસ્તુઓથી પરિપૂર્ણ હતા. યજ્ઞમંડપમાં પશુબંધનના સ્તંભો, આસનો, મંદિરો, આસપાસના કિલ્લાઓ અને તોરણો સુદ્ધાં કેવળ સુવર્ણમય હતાં. ઠેકઠેકાણે પવિત્ર અને સ્વાદિષ્ટ અન્નપાન રાખવામાં આવતાં હતાં. માત્ર દશ દશ હજારોજ નહિ પણ દશદશ લાખ સુધીની સંખ્યાવાળા બ્રાહ્મણો તેના યજ્ઞમંડપમાં બિરાજતા હતા અને પ્રિય કથાઓ કહેતા હતા. અનેક જાતના ભક્ષ્ય પદાર્થો સાથે દૂધ તથા દહીંના તો મોટા ઘરા ત્યાં ભરપૂર રહેતા હતા; એટલુંજ નહિ પણ તે ઘરાઓ છલકાઇ જઇને ત્યાં મોટી મોટી નદીઓ વહેતી હતી. વળી તેના યજ્ઞસ્થળમાં ઘોળા અન્નના મોટા પર્વતો ખડકવામાં આવતા હતા અને સર્વ મનુષ્યોને ઉચ્ચ સ્વરથી કહેવામાં આવતું કે, "હે મનુષ્યો! જેને જે ભાવે તે ખાઓ અને પીઓ." એ રાજાનાં પુણ્યકર્મથી ભગવાન શંકર તેનાપર પ્રસન્ન થયા હતા અને તેનાં દ્રવ્ય, શ્રદ્ધા, કીર્તિ તથા ક્રિયાઓ સદા અક્ષય રહે તેવો તેમણે તે રાજાને વર આપ્યો હતો. ઉપરાંત સર્વ ભૂતોને પ્રિય થઇ પડવાનો તથા આખરે સ્વર્ગપ્રાપ્તિનો પણ વર શંકરે તેને આપ્યો હતો.[૯–૧૩] આટલા બધા ઇષ્ટ વર મેળવીને શિબિરાજા સમય થતાં સ્વર્ગે સીધાવ્યો હતો, માટે શ્વિત્યના પુત્ર હે સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારાપુત્ર કરતાં ઘણે દરજ્જે ચઢિયાતો તે શિબિરાજા પણ જ્યારે મરણ પામ્યો, ત્યારે તું તારા પુત્રનો શોક મા કર; કારણ કે તારો પુત્ર તેના જેવો યજ્ઞ–યાગ કરનાર અથવા અતિકુશળ ન હતો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૫૮ મો સમાપ્ત

અધ્યાય ૫૯ મો

દશરથપુત્ર શ્રીરામચંદ્રનું ચરિત્ર

॥ નારદ ઉવાચ ॥

रामं दाशरथिं चैव मृतं सृंजय शुश्रुम ।
यं प्रजा अन्वमोदंत पिता पुत्रा निवौरसान् ॥

નારદે કહ્યું:–હે સૃંજયરાજા! દશરથના પુત્ર રામચંદ્રને પણ અમે મરણ પામેલા સાંભળીએ છીએ, કે જેમને પિતા જેમ પોતાના ઔરસ (સગા) પુત્રોને ચાહે, તેમ પ્રજા ચાહતી હતી.[૧] અમિત તેજવાળા તે રામચંદ્રમાં અસંખ્ય ગુણો હતા. પોતાના પિતાની આજ્ઞા થતાં ચૌદ વર્ષસુધી પોતાની સ્ત્રી સીતાસાથે અસ્ખલિત રીતે તે વનમાં વસ્યા હતા. મનુષ્યોમાં શ્રેષ્ઠ અને લક્ષ્મણના મોટાભાઇ તે રામચંદ્રે તપસ્વીઓનું રક્ષણ કરવામાટે ચૌદ હજાર રાક્ષસોનો જનસ્થાન નામના વનમાં સંહાર કર્યો હતો. તે વનમાં જ્યારે તે વસતા હતા; ત્યારે રાવણ નામના એક રાક્ષસે, લક્ષ્મણસહિત એ રામને મોહિત કરી નાખી તેની સ્ત્રી સીતાનું હરણ કર્યું હતું. પોતાનો અપરાધ કરનાર તથા શત્રુઓથી નહિ જીતાયેલ એ રાવણનો, પૂર્વે શંકરે જેમ અંધકાસુરનો નાશ કર્યો હતો, તેમ ક્રોધાયમાન થઇ રણમાં તેમણે નાશ કર્યો હતો. એ રાવણ કંઇ જેવો તેવો ન હતો. દેવો તથા અસુરો પણ તેનો વધ કરી શકયા ન હતા. બ્રાહ્મણોને તો તે બરાબર કંટકરૂપજ હતો; છતાં પણ મોટી ભુજાવાળા રામચંદ્રે, રણમાં પરિવારસહિત તેનો નાશ કર્યો હતો. પ્રજાઓપર અનુગ્રહ કરવાથી દેવો પણ તેનું સારૂં સન્માન કરતા હતા; એટલુંજ નહિ પણ તેમણે આખા જગતને કીર્તિથી વ્યાપ્ત કરી દીધું હતું, જેથી મોટા મોટા દેવર્ષિઓ પણ તેની સેવા કરતા હતા. સર્વ ભૂતોપર દયા રાખનારા તે રામચંદ્રે અનેક પ્રકારનું રાજ્ય સંપાદન કરી, ધર્મપૂર્વક પ્રજાઓનું પાલન કરી, છેવટે અશ્વમેધ નામનો મહાન યજ્ઞ કર્યો હતો, કે જેમાં સર્વ લોકોને ખાવાપીવાની તદ્દન છૂટ આપવામાં આવી હતી તથા દક્ષિણાયનના સૂર્ય થતી વેળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યને પ્રસન્ન કરવામાટે જે ત્રણ વખત અર્ચન થાય છે, તે અર્ચનમધ્યેના જારૂથ્ય નામનો યજ્ઞ પણ સાથે સાથે કરવામાં આવ્યોહતો. વળી તેમણે યજ્ઞમાં અનેક પ્રકારના હવ્યોનું દાન કરી ઇંદ્રને પ્રસન્ન કર્યો હતો. માત્ર તેમણે એક અશ્વમેધયજ્ઞજ કર્યો હતો તેમ ન હતું; પરંતુ બીજા અનેક જાતના યજ્ઞો પણ તેમણે કર્યા હતા. તે રામરાજાએ ક્ષુધા અને તૃષાનો જય કર્યો હતો. પ્રજાઓના સર્વ રોગોનો પણ નાશ કર્યો હતો. તે પોતે પણ સર્વગુણસંપન્ન હતા તથા પોતાના તેજથી સદા દેદીપ્યમાન દીસતા હતા; એટલું જ નહિ પણ દશરથના પુત્ર તે રામચંદ્ર ઋષિઓ, દેવો તથા મનુષ્યોમાં અથવા જગતનાં સર્વ ભૂતોમાં ગુણ આદિથી અધિક હોઇને શોભતા હતા. રાજા રામચંદ્ર જ્યારે રાજ્યનું પાલન કરતા હતા, ત્યારે ઋષિઓ, દેવો તથા મનુષ્યોનો પૃથ્વીપર સાથેજ વાસ હતો. પ્રાણીઓના પ્રાણ, કોઇ રોગ આદિના કારણથી તે સમયે જતા ન હતા. રાજ્યમાં કોઇ સ્થળે પણ અતિશ્વાસ અને નિઃશ્વાસ આદિ રોગો હતાજ નહિ. અગ્નિઆદિ તેજસ્વી પદાર્થો સદાકાળ પ્રજ્વલિત રહેતા હતા અને કોઇ સ્થળે પણ અનર્થો થતા ન હતા; તેમજ સર્વ પ્રજાઓનાં આયુષ્યો લાંબાં હતાં. યુવાન મનુષ્યનું મરણ થતુંજ નહિ. ચારેય વેદોના નિત્ય અધ્યયનથી દેવતાઓ પૃથ્વીપર આવ-જા કર્યા કરતા. સ્થળે સ્થળે દેવાન્ન તથા પિતૃ અન્નનો પાક થતો હતો. તળાવ, કૂવા, બગીચા વગેરે પુણ્યકર્મનો તો પારજ ન હતો; અને યજ્ઞ-યાગ પણ થતા હતા. વળી એ રામના રાજ્યમાં કોઇ પ્રદેશમાં ડાંસ કે મચ્છરો બીલકુલ હતાજ નહિ. શિકારીઓનો તથા સર્પોનો પણ અભાવજ હતો.[૨-૧૬] કોઇ પ્રાણી જળમાં ડૂબી મરતું ન હતું, કોઇનું અકાળ મૃત્યુ થતું ન હતું, અગ્નિ કોઇને બાળતો ન હતો. તે સમયના બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો કે શૂદ્રો અધર્મ તરફ રુચિવાળા ન હતા, લોભી ન હતા અથવા મૂર્ખ પણ ન હતા; પરંતુ સદાચારી, યજ્ઞાદિ કર્મો કરનારા તથા બુદ્ધિમાન હતા. વળી જનસ્થાનમાં રાક્ષસોએ જ્યારે પિતૃપૂજન તથા દેવપૂજનનો નાશ કર્યો હતો, ત્યારે સમર્થ રામચંદ્રે તે રાક્ષસોનો સંહાર કરી પુનઃ પિતૃઓને તથા દેવોને તેમની પૂજા અપાવી હતી. એમના રાજ્યકાળમાં પુરુષોને હજાર હજાર પુત્રો હતા. દરેકનાં આયુષ્યો પણ એક એક હજાર વર્ષનાં હતાં. મોટાભાઇઓ નાનાભાઇઓનાં શ્રાદ્ધ કરતા ન હતા—અર્થાત્ મોટાભાઇઓની પહેલાં નાનાભાઇઓનું મરણ થતું ન હતું. રાજા રામચંદ્ર, રંગે શ્યામ હતા, યુવાન હતા, લાલાશ પડતી આંખોવાળા હતા, મદોન્મત્ત હાથીસરખા પરાક્રમી હતા, તેમના બાહુઓ ઢીંચણ સુધી લાંબા તથા સુંદર હતા. સિંહસમાન તેમની કાંધ હતી અને પોતે મહાબળવાન હતા. તેમણે સર્વ ભૂતોનાં મનને પ્રિય થઇ પછી અગીઆરહજાર વર્ષસુધી રાજ્ય કર્યું હતું. 'રામ, રામ અને રામ' એ પ્રમાણેજ પ્રજાઓમાં વાતો થઇ રહી હતી. તેઓ જ્યારે રાજ્યગાદીપર હતા, ત્યારે આખું જગત સુંદર થઇ રહ્યું હતું. આઠ પ્રકારે પોતાનો રાજવંશ-સ્થાપી આખરે રામચંદ્ર ચારેય પ્રકારની પ્રજાઓને સાથે લઇ સ્વર્ગે સીધાવ્યા હતા. હે ચિત્યના પુત્ર સૃંજય રાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્રના કરતાં ઘણે દરજ્જે અધિક અને અતિશય પુણ્યશાળી તે રામરાજા પણ જ્યારે મરી ગયા, ત્યારે તું તારા પુત્રનો શોક ન કર; કારણકે તારો પુત્ર તેમનાસમાન યજ્ઞયાગાદિ કરનારો અથવા અતિ કુશળ ન હતો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૫૯ મો સમાપ્ત

અધ્યાય ૬૦ મો

રાજા ભગીરથનું ચરિત્ર

॥ નારદ ઉવાચ ॥

भगीरथं च राजानं मृतं सृंजय शुश्रुम।
येन भागीरथी गंगा चयनैः कांचनैश्चिता॥१॥

નારદે કહ્યું:—હે સૃંજય રાજા! રાજા ભગી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથને પણ અમે મરણ પામેલો સાંભળીએ છીએ. તે રાજાએ પોતાની પુત્રીતરીકે થયેલી ગંગાનદીના બન્ને તીરોને યાજ્ઞિક સ્થંડિલોથી વ્યાપ્ત કરી દીધા હતા.[૧] વળી જેણે સર્વ રાજાઓ તથા રાજપુત્રોનું અતિક્રમણ કરી એકહજાર વાર સુવર્ણના અલંકારોથી સુશોભિત એવી એકેક હજાર કન્યાઓનું બ્રાહ્મણોને દાન કર્યું હતું.[૨] તે કન્યાદાન કરતી વેળા સર્વ કન્યાઓને રથમાં બેસાડી હતી. બધા રથોને ચાર ચાર ઘોડાઓ જોડયા હતા. એકેક રથની પાછળ સો સો હાથીઓ હતા અને તે બધા વળી સુવર્ણની માળાઓવાળા હતા. એ હાથીઓની પાછળ એકેક હજાર ઘોડાઓ જતા હતા, એકેક ઘોડાની પાછળ સો સો ગાયો જતી હતી અને તે ગાયોની પાછળ ઘણાં ઘેટાં તથા બકરાં ચાલતાં હતાં.[૩,૪] ગંગાતટે યજ્ઞોમાં એ રાજા જ્યારે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપવા બેસતો,ત્યારે તે સ્થળે એટલાં બધાં માણસો આવી મળતાં કે જેઓના ભારથી ગંગાનો કિનારો નેતરની છડીની પેઠે નમી જતો;અને ગંગાનદી પોતાના મૂળ સ્થળપરથી ચાલી નીકળી તે રાજાના ખોળામાં આવી બેસતી–અર્થાત્ દક્ષિણાના ભારથી જ્યારે કિનારો નમી જતો ત્યારે પ્રવાહનું પાણી છેક રાજાના ખોળાસુધી આવી વહેતું.[૫] એ રીતે ગંગા જ્યારે રાજાના ખોળામાં આવી બેઠી,તેથી તે ઉર્વશી એવી સંજ્ઞાને પ્રથમ પામી અને તેજ કારણથી રાજાની છોકરીતરીકે થઇ. તે રાજાના પૂર્વજોનો નરકમાંથી ઉદ્ધાર કરનારી પુત્રી અથવા પુત્રપણાને પામી; તથા જગતમાં તેજ દિવસથી આરંભીને ભાગીરથી નામે ઓળખાવા લાગી.[૬] વળી તે દિવસથી આરંભીને સૂર્યસમાન તેજવાળા ગંધર્વો પ્રસન્ન થઇ પિતૃ, દેવ તથા મનુષ્યોના સાંભળતાં સુંદરવાણીથી આ પ્રમાણેની ગાથાઓ ગાવા લાગ્યા.[૭]

भगीरथं यजमानं ऐक्ष्वाकुं भूरिदक्षिणम् ।
गंगा समुद्रगा देवी वव्रे पितरमीश्वरम्॥८॥

ઘણી દક્ષિણાઓ આપી યજ્ઞ કરનારા ઇક્ષ્વાકુવંશના રાજા ભગીરથને સમુદ્ર તરફ વહેતી ગંગાદેવીએ પોતાના પિતાતરીકે સ્વીકાર્યો.[૮]

तस्य सेन्द्रैः सुरगणैर्देवैर्यज्ञः स्वलंकृतः ।
सम्यक् परिगृहीतश्च शांतविघ्नो निरामयः॥

સારી રીતે શણગારેલા, વિઘ્નોની શાંતિવાળા તથા નિર્દોષ એવા તે રાજાના યજ્ઞનો ઇન્દ્ર આદિ દેવગણોએ રૂડી રીતે સ્વીકાર કર્યો હતો.[૯]

यो य इच्छेत विप्रो वै यत्र यत्रात्मनः प्रियम्
भगीरथस्तदा प्रीतस्तत्र तत्राददद्वशी ॥१०॥

જે કોઈ બ્રાહ્મણ પોતાના મનને પ્રિય એવી જે વસ્તુની ઇચ્છા જે પ્રદેશમાં કરતો હતો, તે વસ્તુનું જિતેન્દ્રિય રાજા ભગીરથ પ્રસન્ન થઇ તે બ્રાહ્મણને તેજ પ્રદેશમાં દાન કરી દેતો હતો;[૧૦] એટલુંજ નહિ પણ જે કોઇ બ્રાહ્મણને જે કંઇ ધન આદિ પ્રિય હોય તે રાજાને ન આપવા યોગ્ય ન હતું. આવો ભગીરથરાજા પણ બ્રાહ્મણોના પ્રસાદથી બ્રહ્મલોકમાં સીધાવી ગયો.[૧૧] કર્મયજ્ઞ તથા યોગયજ્ઞ જેઓની પ્રાપ્તિના દ્વારરૂપ છે, એવા અને કિરણોદ્વારા દિશાઓને વ્યાપ્ત કરી પ્રતિદિન પ્રાતઃકાળમાં ઉદય પામનારા સૂર્યને તથા તેના અંતર્યામી દેવને મરીચિપ આદિ ઋષિઓ,જેકારણથી ઉપાસના કરવા ઇચ્છે છે તેજ કારણથી આ લોકમાં ઉદય પામેલા ભગીરથરાજાને પણ તેજ ઋષિઓ ઉપાસના કરવા ઇચ્છતા હતા; કારણ કે સૂર્ય તથા ભગીરથરાજા બન્ને ત્રણેય જગતમાં એકસરખાજ પ્રકાશમાન છે, તેમજ સૂર્યમંડળના અંતર્યામી દેવ તથા ભગીરથરાજા બન્ને, ત્રણેય જગતના એકસરખાજ ઈશ્વર–નિયંતા છે. કહેવાનો ભાવ એ છે કે, સૂર્યના દર્શનથી પાપનો નાશ આદિ જે ફળ પ્રાપ્ત થાય છે, તેજ ફળ આ ભગીરથરાજાના દર્શનથી પણ થાય છે; તથા સૂર્યમંડળના અંતર્યામી દેવનું ઉપાસન કરવાથી સત્ય સંકલ્પ આદિ જે ફળ પ્રાપ્ત થાય છે, તેજ ફળ આ ભગીરથરાજાનું ઉપાસન કરવાથી પણ પ્રાપ્ત થાય છે–આવી માન્યતાથી મરીચિપ આદિ ઋષિઓને પણ આ ભગીરથરાજા દર્શન કરવાયોગ્ય તથા ઉપાસના કરવાયોગ્ય થયો હતો.[૧૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે શ્વિત્યના પુત્ર સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણો ચઢિયાતો અને ઘણોજ પુણ્યશાળી તે ભગીરથરાજા પણ જ્યારે મરી ગયો, ત્યારે તું તારા પુત્રનો શોક ન કર; કારણ કે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનારો અથવા અતિકુશળ ન હતો. ૧૩,૧૪

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૦ મો સમાપ્ત

અધ્યાય ૬૧ મો
દિલીપ રાજાનું ચરિત્ર

नारद उवाच ॥

दिलीपं चेदैलविलं मृतं सृंजय शुश्रुम ।
यस्य यज्ञशतेष्वासन् प्रयुतायुतशो द्विजाः॥१॥

નારદે કહ્યું:-હે સૃંજયરાજા! ઇલવિલાનો પુત્ર દિલીપરાજા પણ મરણ પામ્યો, એમ આપણે સાંભળીએ છીએ, કે જેના સેંકડો યજ્ઞોમાં, કર્મકાંડમાં તથા જ્ઞાનકાંડમાં પરિપૂર્ણ થયેલા અને યજ્ઞયાગાદિ કરનારા દશ દશ લાખ જેટલી સંખ્યાના બ્રાહ્મણો પોતાના પુત્ર-પૌત્રોસહિત આવતા હતા. તે રાજાએ આરંભેલા યજ્ઞમાં ધનપૂર્ણ આખી પૃથ્વીનું બ્રાહ્મણોને દાન કરી દીધું હતું.[૧,૨] દિલીપરાજાના યજ્ઞમાં શાસ્ત્રોક્ત સર્વ વિધિમાર્ગ કેવળ સુવર્ણનોજ હતો; અને તેને ધર્મનું નિમિત્ત સમજી ઇંદ્રસહિત દેવો પણ ત્યાં આવ્યા હતા.[૩] તેના યજ્ઞમાં પર્વતસમાન ઉંચા એવા એકહજાર હાથીઓ આસપાસ ચાલતા હતા અને આખો યજ્ઞમંડપ તદ્દન સુવર્ણનોજ બાંધેલો હોવાથી પરમ દેદીપ્યમાન દેખાતો હતો. વળી તે સ્થળે છએ જાતના રસોની મોટી મોટી નીકો વહેતી હતી તથા ખાવાના પદાર્થોના તો મોટા પર્વતો ગોઠવી દેવામાં આવ્યા હતા; એટલુંજ નહિ પણ હે રાજા! તેના યજ્ઞમંડપમાં એકહજાર વામના તથા કેવળ સુવર્ણના બનાવેલા પશુબંધનના સ્થંભો પણ ઘણા સ્થાપવામાં આવ્યા હતા. એ સ્થંભોપરની માંકડી તથા પરમાંકડી પણ સુવર્ણનીજ હતી. છ હજાર અપ્સરાઓ જેની પાસે સાત પ્રકારે નૃત્ય કર્યા કરતી હતી, કે જેમાં વિશ્વાવસુ ગંધર્વ પોતેજ પ્રીતિથી વીણા વગાડતો હતો. સર્વ ભૂતો એ રાજાને સત્યશીલ માનતાં હતાં. વળી તેના યજ્ઞમાં સર્વ પ્રાણીઓ ગોળ, ભાત, પાપડ આદિ પદાર્થોનું ભક્ષણ કરી-મદોન્મત્ત થઇ રસ્તાઓમાં સૂઇ રહેતાં હતાં. વળી તે રાજાના સંબંધમાં એક કહેવત તો એવી છે કે, બીજા રાજાઓ જેની તુલના કરી શકે તેમ નથીજ. તે એજ કે, એ રાજા જ્યારે પાણીમાં યુદ્ધ કરતો, ત્યારે તેના રથનાં પૈડાં પાણીમાં ડૂબી જતાં નહિ; એટલુંજ નહિ પણ દૃઢ ધનુષ્યવાળા તથા યજ્ઞોમાં પુષ્કળ દક્ષિણા દેનારા એ સત્યવાદી દિલીપરાજાનાં જે મનુષ્યો દર્શન કરતા તેઓ પણ સ્વર્ગલોકને જીતી લેતા હતા-તેઓને પણ સ્વર્ગજ મળતું. જેનું બીજું નામ ખટ્વાંગ હતું, એવા તે દિલીપરાજાની રાજધાનીમાં આ પાંચ શબ્દો કદી નાશ પામતા નહિ-વેદાધ્યયનનો ઘોષ, ધનુષ્યની દોરીનો ઘોષ અને પીણાં પીઓ, ભોજન કરો તથા ખાઓનો ઘોષ.

હે શ્વિત્યના પુત્ર રાજા સૃંજય! ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણોજ અધિક અને અતિશય પુણ્યવાન એવો તે દિલીપરાજા પણ જો મરણવશ થયો,તો તું તારા પુત્રનો શોક મા કર; કારણ કે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનારો અથવા અતિ કુશળ ન હતો.૪-૧૨

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૧ મો સમાપ્ત

અધ્યાય ૬૨ મો
રાજા માંધાતાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

मांधाता च द्यौवनाश्वोमृतः सृंजय शुश्रुम ।
देवासुरमनुष्याणां त्रैलोक्यविजयी नृपः ॥

નારદે કહ્યું:-હે સૃંજયરાજા! યુવનાશ્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો પુત્ર માંધાતા પણ મરી ગયો, એમ આપણે સાંભળીએ છીએ, કે જે રાજાએ દેવો, અસુરો અને મનુષ્યોનો જય કરી ત્રણે લોકપર વિજય મેળવ્યો હતો.[૧] તે રાજાને અશ્વિનીકુમાર દેવોએ એના પિતાના પેટમાંથી બહાર કાઢયો હતો. એમ બન્યું કે એક દિવસે રાજા યુવનાશ્વ મૃગયા રમવા ગયો. ફરતાં ફરતાં તે તરસ્યો થયો. એ સમયે એના ઘોડાઓ પણ થાકી ગયા હતા, રાજાએ આસપાસ દૃષ્ટિ કરી પણ કોઈ સ્થળે પાણી જોવામાં આવ્યું નહિ;પરંતુ એક દિશામાં ધૂમાડો નીકળતો જોયો. એટલે તેને અનુસરી તુરત રાજા તે સ્થળે જઈ પહોંચ્યો. જઈને જોયું તો ત્યાં યજ્ઞ થઇ રહ્યો હતો. પછી તૃષાતુર રાજાએ પાણીમાટે તપાસ કરી. એટલામાં દહીં છાંટેલા ઘીનું પાત્ર એના હાથમાં આવી ગયું અને તેને પોતે પી ગયો. મંત્રના પ્રભાવવાળું તે દહીંમિશ્ર ઘીથી યુવનાશ્વરાજાના પેટમાં પુત્રનો ગર્ભ રહ્યો. આ વાતની વૈદ્યશ્રેષ્ઠ દેવ અશ્વિનીકુમારને જાણ થઇ, એટલે તેઓએ રાજાનું પેટ ચીરી એક બાળકને બહાર કાઢયો. ત્યારે પિતાના ખોળામાં સૂતેલા અને દેવસરખા તેજસ્વી તે બાળકનેજોઇ ત્યાં આવેલા દેવો માંહોમાંહે કહેવા લાગ્યા કેઃ–'આ બાળક કોને ધાવશે?' એના ઉત્તરમાં ઇંદ્રે કહ્યું કે,આ બાળક મને ધાવશે.' આમ કહી ઇંદ્રે તે બાળકના મુખમાં પોતાની આંગળી આપી, એટલે તુરત તે આંગળીમાંથી દૂધ અને ઘી પ્રકટ થયાં. ઇંદ્રે આ બાળક "मां धास्यति–મને ધાવશે" એમ કહી તેનાપર દયા કરી હતી, જેથી બધા દેવોએ એકઠા મળી તે બાળકનું માંધાતા એવું અદ્ભુત નામ પાડયું. તે પછી મહાત્મા યુવનાશ્વના પુત્રના મુખમાં ઇંદ્રનો હાથ,દૂધ તથા ઘીની ધારા ઝરવા લાગ્યો, જેથી તે બાળક ઇંદ્રનો હાથ ધાવતાં એક દિવસમાંજ મોટો વધી ગયો. બાર દિવસમાં તો તે બાર વરસ જેવડો થઈ ગયો. પછી વીર્યવાન માંધાતાએ એકજ દિવસમાં આખી પૃથ્વીને જીતી લીધી. તે પોતે ધર્માત્મા, ધૃતિમાન, વીર, સત્ય પ્રતિજ્ઞાવાળો તથા જિતેન્દ્રિય થયો. એક મનુષ્યતરીકે અવતરેલા માંધાતાએ જનમેજયને, સુધન્વાને, ગયને, પૂરૂને, બૃહદ્રથને, અસિતને તથા નૃગને જીતી લીધા હતા. જે સ્થળેથી સૂર્ય ઉદય પામે છે તથા જે સ્થળે અસ્ત પામે છે,ત્યાંસુધીની બધી ભૂમિ યુવનાશ્વના પુત્ર રાજા માંધાતાની કહેવાતી. તેણે સો અશ્વમેધ તથા સો રાજસૂય યજ્ઞો કર્યા હતા અને તેની દક્ષિણામાં તેણે બ્રાહ્મણોનેપદ્મરાગમણિનીતથાસુવર્ણનીખાણોવાળા મત્સ્યદેશનું દાન કરી દીધું હતું. તે દેશનો સો યોજનસુધી તો વિસ્તાર હતો, અને તેમાં એક યોજન ઉંચા પર્વતો હતા. ઉપરાંત અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભક્ષ્ય તથા ભોજ્ય અન્નના પર્વતો પણ તેણે બ્રાહ્મણોને દાનમાં આપ્યા હતા. તે અન્નના પર્વતો એટલા બધા મોટા હતા કે બ્રાહ્મણોને આપતાં બાકી રહેલા જેઓને ખાનારાં માણસો, કાળે કરીને ઓછાં ઓછાં થતાં હતાં; પણ એ પર્વતોમાં જરાયે ઉણપ થતી ન હતી.[૨–૧૪] ભક્ષ્ય, અન્ન તથા પાનના મોટા મોટા ઢગો અને ભોજ્ય અન્નના પર્વતો એ રાજાના યજ્ઞોમાં શોભી રહ્યા હતા. ઘીના તો મોટા ધરાઓ ભર્યા હતા. દાળનો આસપાસ કાદવ થઇ જતો હતો. વળી તે પર્વતોની ચારે બાજુ દહીંરૂપ ફીણવાળી તથા ગોળરૂપ જળવાળી મધ–દૂધને વહેતી સુંદર નદીઓ વિંટાઇ વળી હતી. એ રાજાના યજ્ઞોમાં દેવો, અસુરો, મનુષ્યો, યક્ષો, ગંધર્વો, સર્પો, પક્ષીઓ તથા વેદવેદાંગના પારને પામેલા બ્રાહ્મણો અને ઋષિઓ આવ્યા હતા. તેઓમાંથી કોઇપણ અવિદ્વાન તો નજ હતા. સમુદ્રસુધીની ધનપૂર્ણ પૃથ્વી બ્રાહ્મણોને અર્પણ કરી દઈ રાજા માંધાતા મરણ પામ્યો હતો. પોતાના યશથી દશેય દિશાઓને વ્યાપ્ત કરી દઇ રાજા માંધાતા આખરે પુણ્યશાળીને પ્રાપ્ત થનારા દિવ્ય લોકોમાં ગયો હતો. હે શ્વિત્યના પુત્ર સૃંજય રાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારાથી તથા તારા પુત્રથી ઘણોજ આગળ વધેલો તે રાજા પણ જ્યારે કાલધર્મને પામ્યો, ત્યારે તું તારા પુત્રનો શોક મા કર; કારણ કે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગ કરનાર અથવા અતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુશળ ન હતો.[૧૫-૨૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૨ મો સમાપ્ત

અધ્યાય ૬૩ મો

યયાતિરાજાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

ययातिं नाहुषं चैव मृतं संजय शुश्रुम ।
राजसूयशतैरिष्ट्वासोऽश्वमेधशतेन च ॥१॥

નારદે કહ્યું:—હે સંજયરાજા! નહુષના પુત્ર યયાતિરાજાને પણ આપણે મરણ પામેલો સાંભળીએ છીએ; કે જે રાજાએ સો રાજસૂય યજ્ઞો, સો અશ્વમેધ યજ્ઞો, એક હજાર પુંડરીક યજ્ઞો, સો વાજપેય યજ્ઞો, એક હજાર અતિરાત્ર યજ્ઞો તથા ચાતુર્માસ્ય અને અગ્નિષ્ટોમ આદિ અનેક યજ્ઞો કર્યા હતા. કે જેમાં તેણે પુષ્કળ દક્ષિણા આપી હતી.[૧,૨] તેણે પૃથ્વીમાં બ્રાહ્મણોનો દ્વેષ કરનારા મ્લેચ્છોનું જે કંઈ ધન હતું તે બધું લૂંટી લઈ બ્રાહ્મણોને સ્વાધીન કર્યું હતું. એ યયાતિરાજા જ્યારે યજ્ઞોનો આરંભ કરતો; ત્યારે નદીઓમાં પવિત્ર સરસ્વતી નદી, સમુદ્રો તથા પર્વતોસહિત બીજી નદીઓ તે નહુષના પુત્રને માટે ઘી તથા દૂધ દૂઝી આપતી હતી.[૪] જ્યારે દેવો અને અસુરો વચ્ચે યુદ્ધ થવાનો પ્રસંગ આવી લાગ્યો, ત્યારે તેણે દેવોને સહાય કરી હતી અને તે યુદ્ધમાં જીત મેળવી પૃથ્વીના ચાર વિભાગ કરી હોતા, અધ્વર્યુ આદિ ચાર ઋત્વિજોને વહેંચી આપી હતી.[૫] એ રીતે તેણે અનેક યજ્ઞો કરી, શુક્રાચાર્યની પુત્રી દેવયાનીમાં તથા શર્મિષ્ઠામાં ધર્મપૂર્વક ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરી, પોતાની ઇચ્છામાં આવે તેમ સર્વ દેવોના વનમાં બીજા ઇંદ્રની પેઠે વિહાર કર્યો હતો.[૬,૭] વિષયોનો ઉપભોગ કરવા છતાંપણ સર્વ વેદોને જાણનારો તે રાજા જ્યારે શાંતિ ન પામ્યો, ત્યારે તે આ ગાથા ગાઈને પોતાની સ્ત્રીસહિત વનમાં ચાલ્યો ગયો હતો.

यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः।
नालमेकस्य तत्सर्वमिति मत्वा शमं व्रजेत् ॥

આખી પૃથ્વીમાં જે કંઇ ડાંગર, જવ, સુવર્ણ, પશુઓ અને સ્ત્રીઓ છે, તે બધાંનો એકજ પુરુષ જો કદાચ ઉપભોગ કરે, તોપણ તે વસ્તુઓ તેને પરિપૂર્ણ થઇ શકતી નથી; પણ ઉલટી અપૂર્ણ થઈને તૃષ્ણાનેજ વધારે છે, આમ માનીને દરેકે વિષયોનો ત્યાગ કરી શાંતિ મેળવવી જોઇએ.[૯]

એ પ્રમાણે વિષયોનો ત્યાગ કરી, શાંતિનો સ્વીકાર કરી અને પોતાના પુત્ર પૂરુને રાજ્યગાદીપર બેસાડી યયાતિરાજા વનમાં ચાલ્યો ગયો હતો.[૧૦] હે શ્વિત્યના પુત્ર સંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્રના કરતાં ઘણોજ વૃદ્ધિ પામેલો યયાતિરાજા પણ જો મરણ પામ્યો, તો તું તારા પુત્રનો શોક મા કર; કારણ કે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનારો અથવા અતિનિપુણ ન હતો.[૧૧]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૩ મો સમાપ્ત

અધ્યાય ૬૪ મો

રાજા અંબરીષનું ચરિત્ર

॥ नारद उवाच ॥

नाभागमंबरीषं च मृतं संजय शुश्रुम ।
यः सहस्रं सहस्राणां राज्ञां चैकस्त्वयोधयत्॥

નારદે કહ્યું:—હે સંજયરાજા! નાભાગનો પુત્ર અંબરીષરાજા પણ મરણ પામ્યો એમ આપણે સાંભળીએ છીએ, કે જે રાજા પોતે એકલોજ એક લાખ રાજાઓ જોડે યુદ્ધ કરતો હતો.[૧] યુદ્ધમાં એ રાજાનો પરાજય કરવાની ઇચ્છાથી ચોબાજુથી શત્રુઓ તેની સામા ચઢી આવ્યા હતા. તેઓ બધા અસ્ત્રોને જાણનારા, મહાભયંકર તથા અનેક બાણો છોડીને અમંગળ વાણી બોલતા હતા;[૨] પણ તે અંબરીષરાજાએ શારીરિક બળ, ચતુરાઇ તથા યુદ્ધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ સાથેના અસ્ત્રબળથી તેઓના અસ્ત્રોના, છત્રોના, આયુધોના, રથોના તથા ભાલાઓના ટુકડા કરી નાખી પોતે જરા પણ ન ઘવાતાં તેઓ સામે યુદ્ધ કરતો હતો.[૩] ત્યારે તે શત્રુઓ કવચો ઉતારી જીવવાની ઇચ્છાથી એ રાજાની પ્રાર્થના કરવા લાગ્યા અને "અમે તમારે શરણે આવ્યા છીએ" એમ બોલીને તે રાજાને શરણે આવ્યા હતા.[૪] હે નિર્દોષ રાજા! પોતાને શરણે આવેલા તે શત્રુઓને વશ કરી તથા આખી પૃથ્વીને જીતી લઇ તેણે શાસ્ત્રોક્ત વિધિએ સેંકડો યજ્ઞો કર્યા હતા.[૫] તેના યજ્ઞમાં મનુષ્યો સદા સર્વરસસંપન્ન ભોજનો કરતા હતા અને યથાવિધિ પૂજાયેલા તથા પરમ તૃપ્ત થયેલા બ્રાહ્મણો લાડુ, પુરીઓ, માલપુડા, સ્વાદિષ્ટ પુરણભરેલી પુરણપુરીઓ, દહીંની મલાઇ, મોટી મોટી દ્રાક્ષો, ઉત્તમ પકવાન્નો, જાત જાતની દાળો, તરેહ તરેહનાં પીણાંઓ, પુડલાઓ, ગોળમિશ્ર ભાત, પીવાના પદાર્થો, કોમળ અને સુગંધીદાર મિષ્ટાન્ન, ઘી, મધ, દૂધ, પાણી, રસભર્યું દહીં તથા સ્વાદિષ્ટ ફળ અને મૂળ વગેરેનું ભોજન કરતા હતા.[૬-૯] વળી બીજા હજારો મનુષ્યો યજ્ઞમાં માદક પદાર્થોને પોતાને સુખ થાય એવા હેતુથી ઇચ્છાનુસાર પીતા હતા અને ગીત વાદિત્ર આદિથી અંબરીષરાજાની સ્તુતિયુક્ત એવી ગાથાઓ ગાતા હતા; તેમજ મદોન્મત્ત થઇ હર્ષપૂર્વક નૃત્ય કરતા હતા.[૧૦,૧૧] ત યજ્ઞોમાં અંબરીષરાજાએ દશલાખ યજ્ઞો કરનારા એક લાખ ખંડીયા રાજાઓને પણ દક્ષિણામાં આપી દીધા હતા. તે બધા રાજાઓ સુવર્ણનાં કવચોને ધારણ કરનારા, શ્વેતછત્રથી શોભાયમાન,સુવર્ણના રથમાં બેઠેલા તથા પાછળ ચાલનારા પરિવારોસહિત હતા. એ રાજાએજ્યારે મોટો વિશાળ યજ્ઞ કર્યો, ત્યારે દંડ તથા કોશ(ખજાના)ના સમુદાયવાળા સેંકડો રાજ્યાભિષેકપામેલા રાજાઓ તથા રાજપુત્રોને બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દીધા હતા. તે વેળા પ્રસન્ન થયેલા મહર્ષિઓએ આ પ્રમાણે અનુમોદન આપતા કહ્યું હતું કેઃ—

नैवं पूर्वे जनाश्चक्रुर्न करिष्यंति चापरे ।
यदंबरीषो नृपतिः करोत्यमित दक्षिणः ॥

અમાપ દક્ષિણા આપનાર અંબરીષરાજા, જે રીતે આ કર્મ કરી રહ્યો છે તેવું પૂર્વકાળમાં થઇ ગયેલા કોઇ મનુષ્યોએ કર્યું નથી, તેમ હવે ભવિષ્યકાળમાં બીજા કોઇ કરશે પણ નહિ.[૧૨-૧૬] હે ચિત્યપુત્ર સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં અતિશ્રેષ્ઠ અને ઘણો પુણ્યશાળી તે અંબરીષરાજા પણ જ્યારે મરણ પામ્યો; ત્યારે તું તારા પુત્રનો શોક મા કર; કારણકે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનાર અથવા અતિ ચતુર ન હતો.[૧૭]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૪ મો સમાપ્ત

અધ્યાય ૬૫ મો
શશબિંદુ રાજાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

शशबिंदुं च राजानं मृतं सृंजय शुश्रुम ।
ईजे स विविधैर्यज्ञैः श्रीमान्सत्यपराक्रमः॥१॥

નારદે કહ્યું:—હે સૃંજયરાજા! આપણે સાંભળીએ છીએ કે, શશબિંદુરાજા પણ મરણ પામ્યો. સત્યપરાક્રમી શ્રીમાન એ શશબિંદુરાજાએ અનેક જાતના યજ્ઞો કર્યા હતા.[૧] એ મહાત્માને એકલાખ સ્ત્રીઓ હતી અને એકેક સ્ત્રીને એકેક હજાર પુત્રો થયા હતા.[૨] તે બધા કુમારો પરાક્રમી, એક લાખ લાખ યજ્ઞો કરનારા તથા વેદના પારને પામેલા હતા.[૩] વળી તેઓ સુવર્ણના કવચને ધારણ કરનારા, મોટાં મોટાં ધનુષ્યવાળા અને તેઓ બધા અશ્વમેધ યજ્ઞને કરી ચૂક્યા હતા.[૪] તેઓના પિતા રાજેંદ્ર શશબિંદુએ તેઓ બધાને બ્રાહ્મણોને દાનમાં આપી દીધા હતા. એકએકની પાછળ સો સો રથો દાનમાં દીધેલા ચાલતા હતા. વળી એકેક રાજપુત્રની પાછળ સુવર્ણના અલંકારોથી શણગારેલી સો સો કન્યાઓ ચાલતી હતી અને તે કન્યાઓની પાછળ સો સો હાથીઓ ચાલતા હતા;[૩-૬] એટલુંજ નહિ પણ વળી તે એકેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથીની પાછળ સો સો રથો, એકેક રથની પાછળ સુવર્ણની માળાવાળા બળવાન ઘોડાઓ, એકેક ઘોડાની પાછળ એકેક હજાર ગાયો અને એકેક ગાયની પાછળ પચાસ પચાસ ઘેટાંઓ દાનમાં આપેલાં ચાલતાં હતાં. મહાભાગ રાજા શશબિંદુએ અશ્વમેધહાયજ્ઞમમાં બ્રાહ્મણોને આટલું બધું ધન આપી દીધું હતું; છતાં તેને મન તે અપૂર્ણજ હતું.[૮] એ મહાન અશ્વમેધ યજ્ઞમાં વૃક્ષના બનાવેલા જેટલા યજ્ઞસ્થંભો હતા, તેટલાજ વળી સુવર્ણના યજ્ઞસ્થંભો પણ હતા.[૯] એના અશ્વમેધ યજ્ઞમાં એક કોશસુધીની ઉંચાઇવાળા ભક્ષ્ય અન્નપાનના મોટા પર્વતો જેવડા ઘણા ઢગો હતા; પણ છેવટે યજ્ઞની સમાપ્તિમાં તેઓમાંના માત્ર તેર ઢગો બાકી રહ્યા હતા. એ શશબિંદુરાજા, સંતુષ્ટ અને પુષ્ટ મનુષ્યોથી ભરેલી, શાંત થયેલાં વિઘ્નોવાળી તથા રોગચારાવિનાની આ સઘળી પૃથ્વીનો લાંબા કાળસુધી ઉપભોગ કરી આખરે સ્વર્ગે ગયો.[૧૧] હે ચિત્યપુત્ર સૃંજયરાજા ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણોજ અધિક અને અતિશય પુણ્યવાન તે રાજા પણ જ્યારે મરણ પામી ગયો, ત્યારે તું તારા પુત્રનો શોક મા કર; કેમકે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનારો કે અતિચતુર નહોતો.[૧૨]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૫ મો સમાપ્ત

અધ્યાય ૬૬ મો

ગયરાજાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

गयं चामूर्तरयसं मृतं सृंजय शुश्रुम ।
यो वै वर्षशतं राजा हुतशिष्टाशनोऽभवत् ॥१॥

નારદે કહ્યું:-હે સૃંજયરાજા! અમૂર્તરયસનો પુત્ર ગયરાજા પણ મરી ગયો એમ આપણે સાંભળીએ છીએ, કે જે રાજા એકસો વર્ષસુધી હોમ કરતાં બાકી રહેલા અન્નનુંજ ભોજન કરતો હતો.[૧] તેના તપથી, બ્રહ્મચર્યથી, વ્રતથી, નિયમથી તથા ગુરુઓની તેનાપરની કૃપાથી અગ્નિદેવ એ રાજાપર પ્રસન્ન થયો હતો; અને જેથી તેણે અગ્નિદેવ પાસેથી આ પ્રમાણે વર માગ્યા હતા:-"હું વેદો જાણવાની ઇચ્છા કર્યા કરૂં; બીજાઓની હિંસા કર્યાવિના કેવળ સ્વધર્મથીજ અક્ષય ધન મને મળ્યા કરે;[૨,૩] બ્રાહ્મણોને દાન આપવાની મને નિત્ય શ્રદ્ધા રહે; પરપુરુષનો સંગ નહિ કરનારી મારી સજાતીય સ્ત્રીઓમાં મારે ત્યાં પુત્રજન્મ થાય;[૪] અન્નદાન કરવામાં મને અક્ષય શ્રદ્ધા રહે; મારૂં મન હમેશાં ધર્મમાંજ રમણ કરે તથા હે અગ્નિદેવ! ધર્મકાર્યોમાં હું હમેશાં અવિઘ્ન રહું."[૫] "બહુ સારૂં, એ પ્રમાણે બધું થશે" એમ કહીને અગ્નિ ત્યાંજ અંતર્ધાન થઇ ગયો. ગયરાજાએ વરદાનના પ્રભાવથી તે બધું પ્રાપ્ત કર્યું હતું; તથા તેણે ન્યાયપૂર્વક શત્રુઓને પણ જીત્યા હતા.[૬]

તે ગયરાજાએ તે તે સમયને અનુસરતા દર્શયજ્ઞો, પૌર્ણમાસ યજ્ઞો, આગ્રયણ યજ્ઞો, ચાતુર્માસ્ય યજ્ઞો તથા બીજા પણ અનેક જાતના સંપૂર્ણ દક્ષિણાદાનવાળા યજ્ઞો શ્રદ્ધાપૂર્વક સો વર્ષસુધી કર્યા હતા. વળી સો વર્ષસુધી નિત્ય પ્રાતઃકાળમાં ઉઠીને એકલાખ સાઠહજાર ગાયોનું, દશહજાર ઘોડાઓનું તથા એકલાખ સોનામહોરોનું દાન તેણે કર્યું હતું.[૭-૯] દરેક નક્ષત્રોમાં તે તે નક્ષત્રોમાં અપાતી દક્ષિણાઓ પણ તેણે આપી હતી; અને ચંદ્ર તથા અંગિરાની પેઠે જાત જાતના યજ્ઞો કર્યા હતા.[૧૦] તે રાજાએ અશ્વમેધ મહાયજ્ઞમાં મણિમય રેતવાળી સુવર્ણની પૃથ્વી બનાવીને બ્રાહ્મણોને દાનમાં આપી દીધી હતી.[૧૧] તેના યજ્ઞમંડપમાં પશુઓને બાંધવાના સ્થંભો તદ્દન સુવર્ણના હતા; અને વળી તેઓ બધા રત્નથી જડેલા હોઇને સર્વ ભૂતોનાં મનને હરણ કરનારા હતા.[૧૨] યજ્ઞસમયે ગયરાજાએ પ્રસન્ન થયેલા બ્રાહ્મણોને તથા સર્વ ભૂતોને સર્વ મનોરથોની સમૃદ્ધિ કરનારૂં અન્ન આપ્યું હતું;[૧૩] એટલુંજ નહિ પણ તે રાજાએ પોતાની યજ્ઞસંપત્તિથી સમુદ્ર, વન, બેટો, નદીઓ, નદો, જંગલો, નગરો, જૂદાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂદાં રાજ્યો, સ્વર્ગ તથા આકાશમાં જે જે અનેક જાતના પ્રાણીસમુદાયો વસતા હતા, તેઓ બધાને તૃપ્ત કર્યા હતા; જેથી તેઓ કહી રહ્યા હતા કે, "ગયરાજાના યજ્ઞસરખો બીજો એકે યજ્ઞ થયો નથી." ૧૪,૧૫

એ રાજાના યજ્ઞમંડપની વેદિકા, છત્રીસ યોજન લાંબી તથા ત્રીસ યોજન પહોળી હતી અને પશ્ચિમ તથા પૂર્વમાં તે વેદિકા ચોવીસ યોજન લાંબી હતી, તેમજ તે કેવળ સુવર્ણનીજ બનાવેલી હતી;[૧૬] એટલુંજ નહિ પણ યજમાન ગયરાજાની તે વેદિકા મોતી, હીરા તથા મણિઓથી જડેલી હતી. તેણે બ્રાહ્મણોને વસ્ત્રો, અલંકારો તથા મોંમાગી બીજી કેટલીએક દક્ષિણાઓ આપી હતી. આવો તો તે સમર્થ દાતા હતો. પોતાના યજ્ઞમાં એણે મોટા મોટા અન્નના પર્વતો જમાડી દીધા હતા, તોપણ આખરે યજ્ઞની સમાપ્તિના સમયે બ્રાહ્મણોને આપી દેતાં તથા સર્વ પ્રાણીઓના ભોજનની સમાપ્ત થતાં પચીસ અન્નના પર્વતો બાકી રહ્યા હતા.[૧૭–૧૮] એ રાજાએ જ્યારે અશ્વમેધ યજ્ઞ કર્યો, ત્યારે ઘૃત આદિ પદાર્થોને વહેતી અનેક રસોની નદીઓ ચાલી રહી હતી. વસ્ત્રો, અલંકારો તથા ચંદનના જૂદા જૂદા પ્રકારના મોટા ઢગો કરવામાં આવ્યા હતા.[૧૯] જેના પ્રભાવથી ગયરાજા ત્રણેય લોકમાં પ્રસિદ્ધ થયો, તે અક્ષય સુખ આપનાર વટવૃક્ષ અને પવિત્ર બ્રહ્મસરોવર છે.[૨૦] હે શ્વિત્યપુત્ર સૃંજય-રાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્રના કરતાં અતિશય ઉત્તમ અને અતિશય પુણ્યશાળી તે ગયરાજા પણ જ્યારે મરણ પામ્યો, ત્યારે તું તારા પુત્રનો શોક ન કર; કેમકે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનાર અથવા અતિકુશળ નહોતો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં "સોળ રાજાઓનાં વૃત્તાંત" એ વિષયનો અધ્યાય ૬૬ મો સમાપ્ત

અધ્યાય ૬૭ મો

રંતિદેવનું ચરિત્ર

॥ नारद उवाच ॥

सांकृतिं रंतिदेवं च मृतं सृंजय शुश्रुम ।
यस्य द्विशतसाहस्रा आसन्सूदा महात्मनः ॥

નારદે કહ્યું:–સંકૃતિના પુત્ર રંતિદેવને પણ આપણે મરણ પામેલો સાંભળીએ છીએ, કે જે મહાત્માને ત્યાં બેલાખ જેટલા તો રસોઇઆજ હતા.[૧] તે રસોઈઆ, રાજાને ઘેર પરોણાતરીકે આવેલા બ્રાહ્મણઅતિથિઓને રાત્રિદિવસ પક્વ–અપક્વ અમૃતસરખું ઉત્તમ ભોજન પીરસતા હતા.[૨] એ રાજા ન્યાયપૂર્વક ધનોપાર્જન કરી બ્રાહ્મણોને દાન કરી દેતો હતો અને પોતે વેદાધ્યયન કરી શત્રુઓને વશ કરતો હતો.[૩] પ્રશંસાપાત્ર વ્રતવાળા તથા વિધિપુરઃસર યજ્ઞો કરનારા તે રાજાની પાસે પશુઓ, યજ્ઞમાં બલિદાનમાટે તૈયાર થઈ સ્વર્ગ મેળવવામાટે પોતાની મેળે આવી પ્રાર્થના કરતાં હતાં.[૪] એ રાજાના રસોડામાં તથા અગ્નિહોત્રશાળામાં એટલાં બધાં પશુઓનાં બલિદાન અપાતાં હતાં કે જેઓનાં ચામડાંના મોટા ઢગમાંથી લોહીની નદી વહેતી હતી અને તેજ કારણથી એ નદીનું ચર્મણ્વતી એવું નામ રાખવામાં આવ્યું હતું.[૫] તે રાજા, બ્રાહ્મણોને ચળકતી સોનામહોરો હમેશાં આપતો અને તે સમયે પોતે કહેતો કે:–"હે બ્રાહ્મણો! આવો, આવો, હું તમને સોનામહોરો આપું." આમ કહીને તે હજારો સોનામહોરો આપ્યાજ કરતો અને વળી થોડી વાર વિશ્રાંતિ લઇ પુનઃ સોનામહોરોનુંજ દાન કર્યા કરતો.[૭] હજારો કરોડ સોનામહોરો આપીને પણ તે રાજા કહેતો કે:–"આજે તો મેં ઘણું ઓછું દાન કર્યું છે." એક દિવસમાંજ તે રાજા જેટલું દાન કરતો તેટલું દાન બીજો કયો પુરુષ આખી જીંદગીમાં પણ કરી શકશે?[૮] દાન આપતાં આપતાં એ રાજા કહેતો કે, બ્રાહ્મણના હાથ સાથે વિયોગ થતાં મને નિત્યકાળનું મહાન દુઃખ થશે, એમાં સંદેહ નથી.[૯] પખવાડીએ પખવાડીએ સો ગાયોની પાછળ ચાલનારા એક હજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુવર્ણભૂષિત બળદોને તથા સાડાઆઠસો તોલા સુવર્ણ જેટલા ધનને એ રાજા બ્રાહ્મણોને દાનમાં આપી દેતો હતો. આવું દાન તેણે સો વર્ષ સુધી કર્યું હતું. ઉપરાંત ઋષિઓને અગ્નિહોત્રનાં સાધનો, યજ્ઞોનાં સાધનો, કમંડલો, ઘડાઓ, થાળીઓ, તપેલીઓ, શય્યાઓ, આસનો, રથ આદિ વાહનો, મોટી મોટી હવેલીઓ, ઘરો, જાત જાતનાં વૃક્ષો,અન્ન અને બીજાં અનેક જાતનાં ધન તેણે દાનમાં આપ્યાં હતાં. બુદ્ધિમાન રંતિદેવના રાજ્યમાં સર્વ પદાર્થો લગભગ સુવર્ણનાજ હતા. એ રીતની મનુષ્યોનું ઉલ્લંઘન કરનારી રંતિદેવની અઢળક સમૃદ્ધિ જોઈને પુરાણ જાણનારા મનુષ્યો આવી એક ગાથા ગાતા હતાઃ-

नैतादृशं दृष्टपूर्वं कुबेरसदनेष्वपि ।
धनं च पूर्यमाणं नः किंपुनर्मनुजेष्वपि ॥

કુબેરના ઘરમાં પણ આવું ભરચક ધન અમે પ્રથમ કદી જોયું નથી તો બિચારા મનુષ્યોની તો શી વાત![૧૫] "ખરેખર,આ રાજાના રાજ્યકાળમાં આખી પૃથ્વી સુવર્ણનાં ઘરોરૂપ સારવાળી થઇ ગઇ છે," આમ કહીને લોકો તે સમયે આશ્ચર્ય પામતા હતા. સંકૃતિના પુત્ર રંતિદેવને ત્યાં જે રાત્રે અતિથિ આવી વસતો, તે રાત્રે એકવીસહજાર બળદોનું બલિદાન અપાતું હતું. ઝળહળતા મણિજડિત કુંડળોને ધારણ કરનારા રસોઇઆ, એ રાજાના મહેલમાં બૂમો પાડી કહેતા હતા કેઃ-"હે અતિથિઓ! ભોજન પુષ્કળ છે,માટે ખૂબ ખાઓ. આજકાલ પ્રથમના જેવું માંસ નથી; પણ ઘણું ઉત્તમ છે." રાજા રંતિદેવ પાસે જે કંઇ સુવર્ણના પદાર્થો હતા, તે બધા તે સમયે પોતે આરંભેલા યજ્ઞમાં બ્રાહ્મણોને દાનતરીકે આપી દીધા હતા. તે રાજાએ આપેલાં હવ્યોને દેવતાઓ પ્રત્યક્ષ આવી લઇ જતા હતા;[૧૬-૧૯] તેમજ પિતૃઓ પણ પોતાનાં હવ્યાન્નોને પ્રત્યક્ષ આવી લઇ જતા હતા અને યોગ્ય સમયે આવેલા સારા બ્રાહ્મણો પણ એ રાજા પાસેથી પોતાના સર્વ અભિલાષોને પામતા હતા.

હે શ્વિત્યપુત્ર સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણોજ ચઢીઆતો અને અતિશય પુણ્યશાળી તે રાજા રંતિદેવ પણ જો મૃત્યુવશ થયો, તો તું તારા પુત્રનો શોક ન કર; કેમકે તારો પુત્ર તેના જેવા યજ્ઞયાગાદિ કરનાર અથવા અતિશય ચતુર નહોતો.[૨૦,૨૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૭ મો સમાપ્ત

અધ્યાય ૬૮ મો

ભરતરાજાનું ચરિત્ર

॥ नारद उवाच ॥

दौष्यंतिं भरतं चापि मृतं सृंजय शुश्रुम ।
कर्माण्यसुकराण्यन्यैः कृतवान् यः शिशुर्वने ॥

નારદે કહ્યુંઃ-હે સૃંજયરાજા ! આપણે સાંભળીએ છીએ કે, દુષ્યંતરાજાનો પુત્ર ભરત રાજા પણ મરણધર્મને પામી ગયો છે, કે જેણે બાલ્યાવસ્થામાંજ વનમાં રહી બીજાઓથી ન બને તેવાં પરાક્રમો કર્યાં હતાં.[૧] બળવાન ભરત રાજા, પોતાની બાલ્યાવસ્થામાં બરફસરખા શ્વેત તથા નખ અને દાઢોરૂપ આયુધવાળા કેટલાએક સિંહોને બળથી વીર્યહીન કરી નાખી ઘસડતો હતો અને બાંધતો હતો;[૨] તેમજ ક્રૂર, અતિઉગ્ર અને લાખના ઢગોવાળા મનશીલના પથ્થરોસમાન શરીરે રાતા-પીળા રંગના વ્યાઘ્રોને દમન કરી પોતાને વશ કરતો હતો.[૩] વળી પોતે અતિબળવાન હોવાથી સર્પાદિ ક્રૂર સ્વભાવનાં પ્રાણીઓને તથા પ્રચંડ શરીરવાળા મોટા મોટા હાથીઓને પણ દાંતોમાં પકડીને પાછા હઠાવી દેતો અને મોઢાં સૂકાવી દઇ પોતાને તાબે કરતો હતો.[૪] બળવાન પાડાઓને પણ ઘણા જોસથી ઘસડતો હતો; તેમજ અતિગર્વિષ્ઠ સેંકડો સિંહોને પણ બળાત્કારે ખેંચી લાવતો હતો.[૫] કોઇ સમયે તો કેટલાએક બળવાન મૃગોને, ગેંડાઓને તથા એ સિવાયનાં બીજાં કેટલાંએક શિકારી જનાવરોને પોતાના પ્રાણોને સંકટમાં નાખીને પણ તે બાંધતો અને પછી તેઓને સારી રીતે હેરાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી છોડી મૂકતો.[૬] એ ભરતરાજાનાં એવાં કામ જોઇને બ્રાહ્મણોએ એનું બીજું નામ સર્વદમન પાડયું હતું અને બનતાંસુધી તેઓ એને એ નામેજ બોલાવતા. એની માતા શકુંતલા તો તેને વારંવાર અટકાવતી તથા કહેતી પણ ખરી કે, "હે પુત્ર! તું જંગલી પ્રાણીઓને ન મારીશ."[૭] પરાક્રમી એ ભરતરાજાએ યમુના નદીને તીરે સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા, સરસ્વતીતટે ત્રણસો યજ્ઞો કર્યા હતા અને ગંગાકિનારે તેણે ચારસો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. વળી તેણે સંપૂર્ણ ઉત્તમ દક્ષિણા આપી એક હજાર અશ્વમેધ યજ્ઞો, સો રાજસૂય યજ્ઞો તથા એ સિવાયના બીજા કેટલાએક મહાયજ્ઞો કર્યા હતા;[૯] એટલુંજ નહિ પણ અગ્નિષ્ટોમ યજ્ઞ, અતિરાત્ર યજ્ઞ, વિશ્વજિત્ યજ્ઞ તથા હજારો મંત્રોથી સારી રીતે વિંટાયેલા હજારો વાજપેય નામના યજ્ઞો પણ તેણે કર્યાહતા.[૧૦] શકુંતલાના પુત્ર રાજા ભરતે બ્રાહ્મણોને ધનથી તૃપ્ત કરી પોતાની માતાના પાલક પિતા કણ્વઋષિને એક હજાર પદ્મની સંખ્યા જેટલું સુવર્ણ દાનમાં આપ્યું હતું, જેથી પોતે મહાન યશસ્વી થયો હતો. તે રાજાના યજ્ઞમાં પશુઓને બાંધવાનો સ્તંભ તદ્દન સુવર્ણનો હતો; તેમજ તેની ઉંચાઈ સો વામની હતી. સારા સારા બ્રાહ્મણોને સાથે લાવી ઇંદ્રસહિત દેવોએ એના યજ્ઞમાં આવી તે સ્તંભને ઉંચો કરી સ્થાપ્યો હતો. તેણે સુવર્ણના સાજવાળા ઘોડા, હાથીઓ, રથો, ઉંટો, ઘેટાં, બકરાં, દાસીઓ, દાસો, પુષ્કળ ધાન્ય, વાછરડાંવાળી દૂઝણી ગાયો, ગામો, ઘરો, ખેતરો અને બીજા અનેક જાતના સરસામાનો કરોડો, સેંકડો અને દશ દશ હજારોની સંખ્યામાં બ્રાહ્મણોને દાનતરીકે આપ્યા હતા.[૧૧–૧૫] હે ચિત્યપુત્ર સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્રના કરતાં ઘણોજ અધિક અને અતિશય પુણ્યશાળી, ચક્રવર્તી, અદીન મનવાળો, શત્રુઓને જીતનારો; તેમજ બીજાઓથી અજિત એવો તે ભરતરાજા પણ જ્યારે મરી ગયો, ત્યારે તું તારા પુત્રનો શોક ન કર; તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગ કરનાર કે અતિકુશળ ન હતો.[૧૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંત' એ વિષયનો અધ્યાય ૬૮ મો સમાપ્ત

અધ્યાય ૬૯ મો

પૃથુરાજાનું ચરિત્ર

॥ નારદ ઉવાચ ॥

पृथुं वैन्यं च राजानं मृतं सृंजय शुश्रुम ।
यमभ्यषिंचन् साम्राज्ये राजसूये महर्षयः॥१॥

નારદે કહ્યું:–હે સૃંજયરાજા! વેનનો પુત્ર પૃથુરાજા પણ મરી ગયો એમ અમે સાંભળીએ છીએ; કે જેનો રાજસૂય યજ્ઞમાં મહર્ષિઓએ સામ્રાજ્યપદે અભિષેક કર્યો હતો.[૧] સર્વનો પરાભવ કરનાર એ પૃથુરાજાએ યત્ન કરીને પણ આખી પૃથ્વીને પ્રસિદ્ધ કરી હતી, માટે તેનું પૃથુ એવું નામ પડયું હતું; અને પ્રજાઓએ તે સમયે ધાર્યું કે, "આ આપણું ભયથી રક્ષણ કરશે" માટેજ એ પૃથુરાજાને ક્ષત્રિય એવી સંજ્ઞા પ્રાપ્ત થઈ હતી.[૨] વેનના પુત્ર પૃથુને જોઇ સર્વ પ્રજા "અમે આ પૃથુના પર રાજી થયા છીએ" આમ કહેવા લાગી, તેથીજ એનું રાજા એવું પ્રજાઓના અનુરાગપરથી નામ પડયું હતું. વેનપુત્ર પૃથુના રાજ્યકાળમાં, પૃથ્વીમાં ખેડયાવિના પાક થતો હતો. સર્વની કામનાઓને તે પૃથ્વીજ પરિપૂર્ણ કરતી હતી. સર્વ ગાયો પણ ઇચ્છિત વસ્તુઓને આપતી હતી તથા પ્રત્યેકનાં પાત્રમાં મધ દૂઝતી હતી.[૪] તદ્દન સુવર્ણનાજ દર્ભો ઉગતા હતા કે જેઓનો સ્પર્શ સુખકારક તથા સુખાવહ હતો. પ્રજાઓ તે દર્ભોનાંજ વસ્ત્રો પહેરતી હતી અને શયન પણ તેપરજ કરતી હતી.[૫] ફળો પણ અમૃતસરખાં સ્વાદિષ્ટ અને મીઠાં થતાં હતાં. તે સમયે આહારમાં પણ તે ફળોજ લેવાતાં હતાં. કોઈ નિરાહાર ન રહેતું.[૬] મનુષ્યો રોગવિનાના, સર્વ પ્રયોજનો સિદ્ધ કરનારા તથા સર્વના તરફથી નિર્ભય હતા. તેઓ પોતાની ઇચ્છામાં આવે તેમ વૃક્ષોની ઘટાઓમાં અથવા પહાડોની ગુફાઓમાં ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતા હતા;[૭]કારણકે તે સમયે જૂદા જૂદા દેશો-નો કે નગરોનો વિભાગ ન હતો; જેથી જેઓને જેમ સુખ પડે, તેમ પોતપોતાંની ઇચ્છાનુસાર પ્રજા આનંદમાં રહેતી હતી.[૮] એ પૃથુરાજા જ્યારે સમુદ્રમાં પ્રયાણ કરતો હતો, ત્યારે પાણી થંભી જતું હતું. રે! પર્વતો પણ માર્ગ આપ-તા હતા અને કોઇ સ્થળે પણ તેની ધ્વજાનો ભંગ થતો ન હતો.[૯]એ રાજા એક સમયે જ્યારે સુખેથી બેઠો હતો, ત્યારે સર્વે વનસ્પતિઓ, પર્વતો, દેવો, અસુરો, મનુષ્યો, સર્પો, સપ્તઋ-ષિઓ, યક્ષો, ગંધર્વો, અપ્સરાઓ અને પિતરો તેની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, "તું અમારો સમ્રાટ્ છે, ક્ષત્રિય છે, રાજા છે, રક્ષક છે અને પિતા છે.[૧૦,૧૧] હે મહારાજ! તમે અમારા પ્રભુ હોઇને અમને ઇચ્છિત વરો આપો, કે જેથી અમે ચિરકાળની તૃપ્તિને પા-મીએ તથા સુખેથી રહીએ."[૧૨] "તથાસ્તુ" એમ કહી વેનપુત્ર પૃથુરાજાએ પોતાના હાથમાં પિ-નાક નામનું ધનુષ્ય તથા અતુલ ઘોર બાણો લીધાં અને જરા વિચાર કરી પૃથ્વીપ્રત્યે કહ્યું:- "હે પૃથ્વિ! આવ, સત્વર આવ. આ સર્વ પ્રજા-ઓને માટે તેમની ઇચ્છામાં આવે તે વસ્તુરૂપ દૂધ દૂઝી આપ. પછીથી હું તેઓને ઇચ્છિત અન્ન આપીશ અને તારૂં પણ કલ્યાણ થશે."[૧૪]

તે સાંભળી પૃથ્વી બોલી:-"હે વીર! તારે મને દુહિતાતરીકે કલ્પવી યોગ્યછે."'"બહુસારૂં" એમ કહી જિતેન્દ્રિય પૃથુરાજાએ પણ તેને દોહવામાટે સર્વ સામગ્રી તૈયાર કરી.[૧૫]

તે સમયે સર્વ ભૂતસમૂહો પૃથ્વીને દોહવા લાગ્યા. પ્રથમ વનસ્પતિઓ દોહવાની ઇચ્છાથી આવી ઉભી રહી.[૧૬] સર્વપર વહાલ રાખનારી પૃથ્વી પણ ગાયના સ્વરૂપે દૂઝવા સજ્જ થઇ, પણ તે વાછરડાની, દોહનારની તથા દોહવાના પાત્ર-ની ઇચ્છા કરવા લાગી; એટલે વનસ્પતિઓએ પુષ્પભરેલા શાલ(સાગ)વૃક્ષને વાછરડો બના-વ્યો, પીંપળાના વૃક્ષને દોહનાર બનાવ્યો અને ઉંબરાના વૃક્ષરૂપ સુંદર પાત્રમાં કાપેલા ભાગમાં અંકુરો ફૂટવારૂપ દૂધ દોહ્યું. પર્વતોએ ઉદયાચલ પર્વતને વાછરડો બનાવ્યો, મહાગિરિ મેરુને દોહનાર બનાવ્યો તથા પથ્થરરૂપ પાત્રમાં રત્નો અને ઔષધિઓરૂપ દૂધ દોહ્યું. દેવોએ ઇંદ્રને વાછરડો બનાવ્યો, વિષ્ણુને દોહનાર બનાવ્યા તથા મનરૂપ પાત્રમાં બલકર અને પ્રિય એવું અમૃતરૂપ દૂધ દોહ્યું.[૧૬-૧૯] અસુરોએ વિરોચ-નને વાછરડો બનાવી, દ્વિમૂર્ધાને દોહનાર બનાવી, કાચાં પાત્રમાં માયારૂપ દૂધને દોહી લીધું.[૨૦] મનુષ્યોએ સ્વાયંભુવ મનુને વાછરડો બનાવી, પૃથુરાજાને દોહનાર બનાવી, પૃથ્વીના તળિયારૂપ પાત્રમાં ખેતી અને ધાન્યરૂપ દૂધને દોહી લીધું. સર્પોએ તક્ષકનાગને વાછરડો બનાવી, ધતરાષ્ટ્ર નામના નાગને દોહનાર બનાવી, તુંબડારૂપ પાત્ર-માં ઝેરરૂપ દૂધ દોહ્યું.[૨૨] સપ્તઋષિઓએ સોમ-રાજાને વાછરડો બનાવી, બૃહસ્પતિને દોહનાર બનાવી, વેદરૂપ પાત્રમાં પરબ્રહ્મરૂપ દૂધ દોહ્યું.[૨૩] યક્ષોએ શંકરને વાછરડો બનાવી, કુબેરને દોહ-નાર બનાવી, કાચા પાત્રમાં અંતર્ધાનરૂપ દૂધ દોહ્યું.[૨૪] ગંધર્વો અને અપ્સરાઓએ, ચિત્રરથ-ને વાછરડો બનાવી તથા ભગવાન વિશ્વરુચિને દોહનાર બનાવી કમળરૂપ પાત્રમાં પવિત્ર ગંધ-રૂપ દૂધને દોહ્યું.[૨૫]પિતરોએ વૈવસ્વતને વાછરડો બનાવી, સર્વના કાળ યમરાજાને દોહનાર બનાવી, રૂપાના પાત્રમાં સ્વધારૂપ દૂધને દોહ્યું.[૨૬] એ પ્ર-માણે સર્વ ભૂતોએ પૃથ્વીમાંથી પોતાની ઇચ્છામાં આવે તે પદાર્થોને દૂધરૂપે દોહી લીધા, કે જેથી હજુસુધી પણ તેઓ તે તે વાછરડા અને દોહ-વાનાં પાત્રથી નિત્ય તેજ રીતે વર્તી રહ્યા છે.[૨૭]

વેનના પુત્ર પ્રતાપી પૃથુરાજાએ અનેક પ્રકારના યજ્ઞો કરી સર્વ ભૂતોને મનમાન્યા સર્વ કામોથી તૃપ્ત કર્યા હતા.[૨૮] એ રાજાએ પૃથ્વીના સર્વ પદાર્થોને સુવર્ણનાજ કર્યા હતા અને તે-ઓનું અશ્વમેધ મહાયજ્ઞમાં બ્રાહ્મણોને દાન કરી દીધું હતું;[૨૯] એટલુંજ નહિ પણ એણે છાસઠ હજાર સુવર્ણના હાથીઓ બનાવડાવી બ્રાહ્મણોને દાનમાં આપી દીધા હતા;[૩૦] તેમજ આ આખી પૃથ્વીને મણિ અને રત્નોથી વિભૂષિત કરી, ત-દ્દન સુવર્ણથી પરિપૂર્ણ કરી બ્રાહ્મણોને દાનમાં આપી દીધી હતી.[૩૧]

હે ધ્રિત્યપુત્ર સંજયરાજા! ધર્મ, જ્ઞાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણોજ શ્રેષ્ઠ અને અતિશય પુણ્યવાન તે પૃથુરાજા પણ જ્યારે મરી ગયો, ત્યારે તું તારા પુત્રનો શામાટે શોક કરે છે? કારણકે તારો પુત્ર તેના જેવો યજ્ઞયાગાદિ કરનાર અથવા અતિશય ચતુર ન હતો.[૩૨,૩૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતો' એ વિષયનો અધ્યાય ૬૯ મો સમાપ્ત

અધ્યાય ૭૦ મો
પરશુરામનું ચરિત્ર

॥ नारद उवाच ॥

रामो महातपाः शूरो वीरलोकनमस्कृतः ।
जामदग्न्योऽप्यतियशा अवितृप्तो मरिष्यति ॥

નારદે કહ્યું:–મહાતપસ્વી, શૂરવીર, વીરલોકોથી નમસ્કાર કરાયેલા અને અતિ યશસ્વી જમદગ્નિના પુત્ર પરશુરામ પણ આ જગતમાં અતૃપ્ત રહીનેજ મરણ પામશે.[૧] જેમણે આ સમગ્ર પૃથ્વીને સુખી કરી પુનઃ સત્યયુગનો ધર્મ પ્રવર્તાવ્યો છે, તેમને અઢળક લક્ષ્મી મળી હતી; છતાં તેમના મનમાં જરાએ વિકાર થયો ન હતો.[૨] કાર્તવીર્યના પુત્ર એવા ક્ષત્રિયોએ પોતાના પિતાનો તથા વત્સનો જ્યારે નાશ કર્યો, ત્યારે રણમાં પોતાની પ્રશંસા નહિ કરનારા એ પરશુરામે યુદ્ધમાં શત્રુઓથી નહિ જીતાયેલા કાર્તવીર્યનો વધ કર્યો હતો.[૩] તે સમયે મૃત્યુનેજ અવધિ કરીને ચઢી આવેલા ચોસઠકરોડ ક્ષત્રિયોનો માત્ર એક ધનુષ્યથીજ તેમણે પરાજય કર્યો હતો.[૪] વળી તેઓના મધ્યમાં બ્રાહ્મણોનો દ્વેષ કરનારા ચૌદ હજાર ક્ષત્રિયોને તથા બીજા કેટલાએક ક્ષત્રિયોને તો તેમણે કેદ કર્યા હતા; અને દંતકૂર દેશના રાજાનો નાશ કર્યો હતો.[૫] તેણે એક હજાર ક્ષત્રિયોને મુસલથી મારી નાખ્યા હતા, એક હજારને તરવારથી કાપી નાખ્યા હતા, એક હજારને બાંધી બાંધીને માર્યા હતા તથા એક હજારને પાણીમાં ઉંધે માથે લટકાવીને મારી નાખ્યા હતા.[૬] વળી તેણે એક હજાર ક્ષત્રિયોના દાંત પાડી નાખ્યા હતા, એક હજારનાં કાન તથા નાક કાપી લીધાં હતાં અને સાત હજાર ક્ષત્રિયોને કડવો ધૂમાડો પાઇ મારી નાખ્યા હતા.[૭] બાકીના જે વધ્યા હતા તેઓને બાંધી બાંધીને માથાં ફોડી નાખીને યમલોકમાં મોકલી દીધા હતા. તેમણે ગુણાવતીનગરીની ઉત્તરે તથા ખાંડવવનની દક્ષિણે પર્વતની પાસે લાખો ક્ષત્રિયોને રણમાં રોળી નાખ્યા છે.[૮] પિતાના વધથી ક્રોધાયમાન થયેલા બુદ્ધિમાન પરશુરામે પોતાની ફરશીથી દશ હજાર ક્ષત્રિયોને મારી નાખ્યા છે. તેઓ હજીસુધી પણ રથ, હાથી અને ઘોડાઓસહિત મરણ પામેલા સૂઈ રહ્યા છે. તે બધા ક્ષત્રિયોએ પરશુરામને અતિ કઠોર વાણીના ઉચ્ચારો સંભળાવ્યા હતા, જેથી તેણે તે સહન કર્યા નહિ.[૯–૧૦] જ્યારે સારા સારા બ્રાહ્મણો "હે ભૃગુવંશના પરશુરામ! અમારૂં રક્ષણ કરવા ધાઓ!" આવી બૂમો પાડી બોલાવતા હતા, ત્યારે બ્રાહ્મણોનો દ્વેષ કરનારા કાશ્મીર, દરદ, કુંતી, ક્ષુદ્રક, માલવ, અંગ, વંગ, કલિંગ, વિદેહ, તામ્રલિપ્ત, રક્ષીવાહ, વીતિહોત્ર, ત્રિગર્ત, માર્તિકાવર્ત, શિબિ અને એ સિવાયના બીજા અનેક દેશના હજારો ક્ષત્રિયોને પ્રતાપી પરશુરામે પોતાનાં તીક્ષ્ણ બાણોથી મારી નાખ્યા હતા;[૧૧–૧૩] એટલુંજ નહિ પણ બીજા હજારો લાખો કરોડો ક્ષત્રિયોનાં ઇંદ્રગોપ કીડાના જેવા રંગનાં અથવા બપોરીયાના વૃક્ષસમાન લાલ રંગના લોહીના પ્રવાહોથી મોટાં તળાવો ભરી દઇ પરશુરામે અઢારે દ્વીપોને પોતાને સ્વાધીન કર્યા હતા;[૧૪,૧૫] અને પછીથી તેણે સંપૂર્ણ ઉત્તમ દક્ષિણાદાનવાળા સેંકડો પવિત્ર યજ્ઞો કર્યા હતા. એ યજ્ઞોમાં બત્રીસ હાથ ઉંચી શાસ્ત્રોક્ત વિધિએ બનાવેલી, સેંકડો જાતનાં રત્નોથી જડેલી, સેંકડો પતાકાઓની પંક્તિવાળી તથા ગામડાના અને જંગલના પશુઓના સમુદાયોથી ભરપૂર એવી તદ્દન સુવર્ણની વેદિકા તૈયાર કરાવી હતી. તેમણે આરંભેલા અશ્વમેધ મહાયજ્ઞમાં કશ્યપઋષિએ આ સઘળી પૃથ્વીનો પ્રતિગ્રહ કર્યો હતો; તથા સુવર્ણના અલંકારો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા એક લાખ હાથીઓનો પણ તે ઋષિએ દાન-તરીકે પ્રતિગ્રહ કર્યો હતો. પરશુરામે જ્યારે પૃથ્વીનું દાન કરી દીધું, ત્યારે તે પૃથ્વીમાં ચોર-લૂંટારાઓનું તો નામજ ન હતું, પણ સત્પુરુષો અને ઇષ્ટજનોથી તે પૃથ્વી વ્યાપ્ત હતી.[૧૬-૧૯] સમર્થ પરશુરામે એકવીસ વાર પૃથ્વીને તદ્દન ક્ષત્રિયોવિનાની કરી હતી અને પછીથી સેંકડો યજ્ઞો કરી તે પૃથ્વીનું બ્રાહ્મણોને દાન કરી દીધું હતું.[૨૦] સાત દ્વીપવાળી આખી પૃથ્વીને કશ્યપ નામના બ્રાહ્મણે પરશુરામ પાસેથી દાનમાં લીધી હતી; અને પછીથી તે બ્રાહ્મણે પરશુરામ-ને કહ્યું હતું કે, મારી આજ્ઞાથી તમે હવે આ પૃથ્વીમાંથી નીકળી ચાલ્યા જાઓ.[૨૧] બ્રાહ્મણ-ની આજ્ઞા માથે ચઢાવી કશ્યપનાં વચન પ્રમાણે પૃથ્વીપરથી નીકળી જઇ સમુદ્રને એક બાણ-પાત જેટલા પ્રદેશમાં હઠાવી દઇ, તે માર્ગે મહા-ન પર્વત મહેન્દ્રપર યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા તે પરશુરામ જઇ વસ્યા છે. આવી રીતે સેંકડો ગુણોથી યુક્ત, ભૃગુઓની કીર્તિને વધા-રનારા અને અતિ યશસ્વી તે જમદગ્નિપુત્ર પ-રશુરામ મહાતેજસ્વી છે; છતાં કાળે કરી મરી જશે. હે ક્ષત્રિયપુત્ર સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યમાં તારા કરતાં અતિશય ચઢિયાતા તથા અતિશય પુણ્યશાળી તે પરશુ-રામ પણ જો મરી જશે, તો તું તારા પુત્રનો શોક ન કર; કારણકે તારો પુત્ર તેના જેવો યજ્ઞ યાગ કરનાર કે અતિશય નિપુણ ન હતો. પુરુષોમાં શ્રેષ્ઠ હે સૃંજયરાજા! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐ-શ્વર્ય, એ ચાર ભદ્રોમાં તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણાજ અધિક અને એ સિવાયનાં સેંકડો કલ્યાણોમાં પણ તારા કરતાં તથા તારા પુત્ર કરતાં ઘણા ચઢિયાતા એ પૂર્વોક્ત રાજાઓ પણ મરી ગયા અને એના જેવાજ બીજાઓ પણ કે જેઓ આજકાલ જીવે છે, તેઓ પણ મરી જશેજ.[૨૨-૨૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંત' એ વિષ-યનો અધ્યાય ૭૦ મો સમાપ્ત

અધ્યાય ૭૧ મો

સૃંજયરાજાના પુત્રને નારદે સજીવન કર્યો.

॥ વ્યાસ ઉવાચ ॥

पुण्यमाख्यानमायुष्यं श्रुत्वा षोडश राजिकम्।
अव्याहरन्नरपतिस्तूष्णीमासीत्स सृंजयः॥१॥

વ્યાસે યુધિષ્ઠિરરાજાને કહ્યું:-હે યુધિષ્ઠિર રાજા! પૂર્વોક્ત સોળ રાજાઓનું આયુષ્યની વૃદ્ધિ કરનારૂં પવિત્ર આખ્યાન સાંભળ્યા પછી શાંત થયેલો રાજા સૃંજય, કંઇ બોલ્યાવિના બેસી રહ્યો હતો.[૧] એ રીતે શાંત બેઠેલા રાજાને જોઇ ભગવાન નારદ તેને કહેવા લાગ્યા:-"હે મહાતેજસ્વી રાજા! તારી પાસે મેં જે આ સોળ રાજાઓનાં આખ્યાનો કહ્યાં તેને તેં સાંભળ્યાં કે નહિ? અથવા તે મારો પ્રયત્ન શૂદ્ર જાતિની સ્ત્રી સાથે વિવાહ કરનાર બ્રાહ્મણના શ્રાદ્ધની પેઠે વ્યર્થ થયો છે?" નારદે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે સૃંજયરાજા હાથ જોડી બોલી ઉઠયો:-"હે મહાબાહો નારદ! ધન્યવાદને પાત્ર અને ઉ-ત્તમ એવાં એ યજ્ઞોમાં દક્ષિણાદાન કરનારા પ્રા-ચીન રાજર્ષિઓનાં આખ્યાનો સાંભળતાંજ સૂ-ર્યના તેજથી જેમ અંધકારનો નાશ થાય, તેમ વિસ્મયપૂર્વક મારો શોક દૂર થયો છે. હવે હું પાપવિનાનો તથા શોક-વ્યથાવિનાનો થઇ ગયો છું. બોલો, હવે હું શું કરૂં?"[૨-૫]

નારદે કહ્યું:-"તારો શોક દૂર થયો છે, તે બહુ સારૂં થયું. બોલ, હવે તારી શી ઇચ્છા છે? તને રુચે તે વર માગ. તું જે જે માગીશ તે તે તને આવી મળશે; કારણ કે અમે અસત્ય બો-લનારા નથી."[૬]

સૃંજયે કહ્યું:-"આપ મારાપર પ્રસન્ન થયા છો, તેથીજ હું પ્રસન્ન થઇ ગયો છું. આપ જેના-પર પ્રસન્ન થાઓ છો, તેને આ લોકમાં કંઇ દુર્લભ નથી."[૭]

નારદે કહ્યું:-"હું તને તારો પુત્રજ સજીવન કરી આપું છું. પ્રોક્ષિત પશુની પેઠે લૂંટારાઓ-એ તેને નકામો મારી નાખ્યો છે, માટે હું તેનો કષ્ટદાયક નરકમાંથી ઉદ્ધાર કરીશ."[૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાસજીએ કહ્યું:–આમ કહેતાંની સાથેજ પ્રસન્ન થયેલા ઋષિએ આપેલો અને કુબેરના પુત્રસમાન અદ્ભુત કાંતિવાળો સૃંજયરાજાનો પુત્ર ત્યાં પ્રકટ થયો.[૯] પોતાના પુત્રને મળીને રાજા ઘણો પ્રસન્ન થયો અને પછી તેણે સંપૂર્ણ ઉત્તમ દક્ષિણાવાળા કેટલાએક પવિત્ર યજ્ઞો કર્યા.[૧૦] હે યુધિષ્ઠિર રાજા! સૃંજય રાજાનો પુત્ર કૃતાર્થ થયો ન હતો, યુદ્ધ કરવા સજ્જ થયો ન હતો, તેણે એકે યજ્ઞ કર્યો ન હતો તેમજ કોઈ જાતની સંતતિવાળો પણ ન હતો અને લૂંટારાઓથી ભયભીત થઇ મરણ પામ્યો હતો, જેથી નારદે તેને પુનઃ સજીવન કર્યો હતો;[૧૧] પણ તમારા ભાઇનો પુત્ર શૂરો અભિમન્યુ તો વીર હતો, કૃતાર્થ હતો, હજારો શત્રુઓને મારીને મુઓ છે અને તેમાં પણ સૈન્યના મોખરામાં મુઓ છે;[૧૨] માટે એ તમારો પુત્ર બ્રહ્મચર્યથી, બુદ્ધિથી, શાસ્ત્રથી અને યજ્ઞોથી મનુષ્યો જે લોકમાં જાય છે, તે અવિનાશી લોકમાં ગયો છે.[૧૩] વિદ્વાનો પવિત્ર કર્મ કરીને હમેશાં સ્વર્ગલોકની ઇચ્છા કરે છે, પણ સ્વર્ગમાં વસનારા જીવો સ્વર્ગલોકમાંથી આ લોકમાં આવવાની કદી ઇચ્છા કરતા નથી.[૧૪] અર્જુનનો પુત્ર પણ રણમાં માર્યો જઈ સ્વર્ગલોકમાં ગયો છે, માટે હવે તેને અહીં ફરી લાવી શકાય તેમ નથી; કારણ કે ન મળે તેવી ઇષ્ટ વસ્તુને કદી લાવી શકાતી નથી.[૧૫] ધ્યાન કરવાથી પવિત્ર દર્શનવાળા યોગી લોકો જે ગતિને પામે છે, ઉત્તમ યજ્ઞ કરનારા મનુષ્યો જે ગતિને પામે છે તથા મહાઉગ્ર તપ કરીને તપસ્વીઓ જે ગતિને પામે છે, તે અક્ષય ગતિને તમારો પુત્ર પામ્યો છે.[૧૬] અહીં મરણ પામી અભિમન્યુ દિવ્ય સંપત્તિને પામ્યો છે. અમૃતમય કિરણોથી એ વીર, ચંદ્રની પેઠે શોભી રહ્યો છે; અને બ્રાહ્મણોએ માન્ય કરેલા ચંદ્રના શરીરને તે પામ્યો છે, માટે તે જરાપણ શોક કરવાયોગ્ય નથી;[૧૭] તેથી હે નિર્દોષ રાજા! આમ સમજીને આત્માને સ્થિર કરી શત્રુઓનો નાશ કર અને ધીરજ ધર. આપણે બધા જે જીવતા છીએ તેઓનોજ શોક કરવાનો છે, પણ સ્વર્ગે ગયેલાઓનો શોક ન હોય.[૧૮] હે મહારાજ! શોક કરનાર મનુષ્યને તો ઉલટો દુઃખમાં વધારોજ થાય છે, માટે સમજુ માણસે તો શોકનો ત્યાગ કરી કલ્યાણ મેળવવાનોજ પ્રયત્ન કરવો જોઇએ. અતિશય માન, આનંદ તથા સુખની પ્રાપ્તિની અભિલાષા રાખનારા સમજુ પુરુષો કદી શોક કરતા નથી; કારણ કે તેઓ આમ સમજે છે કે, શોક એ કોઈ વાસ્તવિક પદાર્થ નથી, પણ એક માનસિક વૃત્તિ છે.[૨૦] હે સમજુ રાજા! ઉઠ, ઉભો થા. શત્રુઓને જીતવાનો પ્રયત્ન કર, પણ શોક મા કર. તેં મૃત્યુની ઉત્પત્તિ હાલજ સાંભળી છે, અનુપમ તપ તપ્યાં છે, સર્વ ભૂતોપર સમભાવ રાખવાનું પણ તું જાણે છે અને વિભૂતિઓનાં ચંચળ સ્વરૂપને પણ તું સમજે છે. સૃંજયરાજાનો મરણ પામેલો પુત્ર શા કારણથી સજીવન થયો અને આ અભિમન્યુ કયા કારણથી પુનઃ સજીવન થઈ શકે તેમ નથી, એ પણ તારા જાણવામાં હવે આવ્યું છે; માટે હે મહારાજ! આમ સમજીને પણ તું શોક ન કર. હું હવે જાઉં છું. આમ કહીને ભગવાન વ્યાસમુનિ ત્યાંજ અંતર્ધાન થઇ ગયા.[૨૧–૨૩] વાણીના સ્વામી, વાદળવિનાના આકાશસમાન કાંતિવાળા તથા બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ ભગવાન વેદવ્યાસ, યુધિષ્ઠિરનું આશ્વાસન કરીને ત્યાંજ જ્યારે અંતર્ધાન થઇ ગયા; ત્યારે વિદ્વાન યુધિષ્ઠિરરાજા, ઇંદ્રસરખા તેજસ્વી અને ન્યાયપૂર્વક ધનોપાર્જન કરનારા પૂર્વકાળના મહાન રાજાઓની એ યજ્ઞસંપત્તિ સંભારીને મનમાંજ તેનું પૂજન કરવા લાગ્યા તથા શોકરહિત થયા, તોપણ દીન થઇને મનમાં વિચાર કરવા લાગ્યા કે, હું અર્જુનને શો ઉત્તર આપીશ?[૨૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ અભિમન્યુવધ પર્વમાં 'સોળ રાજાઓનાં વૃત્તાંતોની સમાપ્તિ' એ વિષયનો અધ્યાય ૭૧ મો સમાપ્ત

અભિમન્યુવધ પર્વ સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रतिज्ञा पर्व

અધ્યાય ૭૨ મો

અર્જુનનો શોક અને કોપ

॥ संजय उवाच ॥

तस्मिन्नहनि निर्वृत्ते घोरे प्राणभृतांक्षये ।
आदित्येऽस्तंगते श्रीमान्संध्याकाल उपस्थिते॥

સંજયે કહ્યું:–તે દિવસે જ્યારે પ્રાણીઓનો ઘોર સંહાર બંધ પડયો, સૂર્યનો અસ્ત થયો અને સંધ્યાકાળ આવી પહોંચ્યો; ત્યારે સર્વ સૈનિકો પોતપોતાના આશ્રમ તરફ ચાલ્યા ગયા હતા. હે ભરતશ્રેષ્ઠ રાજા ! પેલી તરફથી વાનરના ચિહ્નવાળી ધ્વજા ફરકાવતો શ્રીમાન અર્જુન પણ પોતાનાં દિવ્ય અસ્ત્રોથી સંખ્યાબંધ સંશપ્તકોનો સંહાર કરી પોતાના જયશીલ રથમાં બેસી છાવણી તરફ પાછો વળ્યો હતો. રસ્તામાં જતાં જતાં એકાએક વિજયી અર્જુનના કંઠમાં આંસુ ભરાઇ આવ્યાં, જેથી તેણે શ્રીગોવિંદપ્રત્યે આ પ્રમાણે કહ્યું:–[૧–૩]

"હે કેશવ ! આજે મારૂં હૃદય કેમ ધડકે છે? વાણી કેમ સ્ખલિત થાય છે ? આસપાસ અનિષ્ટસૂચક અપશુકનો થઈ રહ્યાં છે અને મારૂં અંગ પણ જાણે થરથરે છે.[૪] મારા હૃદયમાં કંઇ એવું અનિષ્ટ ઘૂસી ગયું છે કે તે નીકળતું જ નથી. પૃથ્વીપર તથા સર્વ દિશાઓમાં થઈ રહેલા આ ઉત્પાતો મને ત્રાસ પમાડે છે. તે ઉત્પાતો કંઇ થોડા થતા નથી પણ અનેક પ્રકારના દેખાય છે અને તે બધા અવશ્ય કંઇક અશુભ સૂચવે છે. મારા વડીલ ભાઇ રાજા યુધિષ્ઠિર પોતાના અમાત્યોસહિત કુશળ તો હશે ને ?"[૬]

તે સાંભળી શ્રીવાસુદેવે કહ્યું:–"અવશ્ય તારા વડીલભાઈ પોતાના અમાત્યોસહિત કુશળક્ષેમ હશે, માટે શોક મા કર; પણ મને લાગે છે કે, તે સિવાયનું બીજુ કંઇ અનિષ્ટ ત્યાં હોવું જોઇએ."[૭]

સંજયે કહ્યું:–તે પછી વીરોનો સંહાર કરી તે બન્ને વીરોએ, સાયંસંધ્યોપાસન કર્યું અને પુનઃ રથમાં બેસી રણસંગ્રામની વાતો કરતા કરતા પોતાની છાવણી તરફ આવવા લાગ્યા.[૮] અર્જુન અને શ્રીકૃષ્ણ, સંશપ્તકોના વધરૂપ અતિ દુષ્કર કર્મ કરી જેવા પોતાની છાવણીમાં આવી પહોંચ્યા, તેવામાં તે સ્થળે તો સર્વ નિસ્તેજ અને આનંદરહિત દેખાવ નજરે પડયો.[૯] આખી છાવણીનો આકાર નષ્ટ થયો હતો. તે જોઇ શત્રુવીરોનો સંહાર કરનાર અર્જુન ગભરાયલા હૃદયે શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો:–[૧૦]"હે જનાર્દન ! આજે આપણી છાવણીમાં માંગલિક વાદિત્રો વાગતાં નથી, દુંદુભિઓના ઘોષો પણ સંભળાતા નથી તેમજ આડંબર સાથે શંખનાદો પણ કોઇ સ્થળે સાંભળવામાં આવતા નથી.[૧૧] વળી શમ્યા નામના તાલના શબ્દની સાથે વીણાઓ વાગતી નથી અને મારા સૈન્યમાં ભાટચારણો પણ સ્તુતિયુક્ત એવાં સુંદર મંગલ ગીતો ગાતા નથી કે ભણતા પણ નથી. આ યોદ્ધાઓ પણ મને જોઇને નીચે મોઢે પાછા ચાલ્યા જાય છે તથા પ્રથમની પેઠે યુદ્ધમાં કરેલાં પરાક્રમોનું મારી પાસે કથન પણ કરતા નથી; તેથી હું આપને પૂછું છું કે,હે માધવ ! મારા ભાઇઓ આજે કુશળક્ષેમ તો હશે ને ? આ મારાં સ્વજનોને ગભરાયેલાં જોઇ મારા મનનો અભિપ્રાય શુદ્ધ રહેતો નથી, જેથી પાંચાલરાજા, વિરાટરાજા અને બીજા સર્વ યોદ્ધાઓનું, હે માનદ અચ્યુત ! ક્ષેમકુશળ હશે કે ? સુભદ્રાનો પુત્ર અભિમન્યુ પોતાના ભાઇઓસહિત હસતો હસતો આજે રણમાંથી આવેલા મારી સામે હર્ષપૂર્વક દોડી આવતો નથી."[૧૬]

સંજયે કહ્યું:–એ પ્રમાણે વાતચીત કરતા તેઓ બન્ને જણા પોતાની છાવણીની અંદર પેઠા અને ત્યાં અત્યંત ગભરાયેલા તથા બેભાન જેવા થયેલા પાંડવોને તેઓએ જોયા.[૧૭] આવી સ્થિતિમાં રહેલા પોતાના ભાઇઓને તથા પુત્રોને જોઇ, અર્જુનનું મન ઉદાસ થઇ ગયું અને વિશેષમાં અભિમન્યુને નહિ જોતાં તે આ વચન કહેવા લાગ્યો:–"આજે તમારા બધાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખની કાંતિ નિસ્તેજ દેખાય છે. આસપાસ જોતાં છતાં હું અભિમન્યુને જોતો નથી; તેમજ તમે બધા આજે મારી સામે આનંદ પણ કરતા નથી.[૧૯] મેં સાંભળ્યું હતું કે, આજે દ્રોણાચાર્યે ચક્રવ્યૂહ રચ્યો છે. તેને ભેદી શકે તેવો તમારામાં કોઈપણ બાળક અભિમન્યુ સિવાય નથી. મેં તેને ચક્રવ્યૂહમાં દાખલ થવાનો ઉપદેશ આપ્યો હતો, પણ બહાર નીકળવાનો ઉપાય કહ્યો નથી. આજે તે બાળકને તમે શત્રુઓના સૈન્યમાં શું દાખલ તો નહોતો કર્યો ને? મહાધનુર્ધર શત્રુવીરસંહારક અભિમન્યુ,શત્રુઓના સન્યને ભેદી નાખી શું આજના યુદ્ધમાં માર્યો તો ગયો નથી ને ?[૨૨] લાલ આંખોવાળો, મોટી ભુજાવાળો, પર્વતમાં જન્મેલા સિંહસરખો અને પરાક્રમમાં સાક્ષાત્ ભગવાન ઉપેન્દ્ર સરખો તે અભિમન્યુ બોલો, બોલો, તે શું યુદ્ધમાં મરણ પામ્યો છે ?[૨૩] અરે ! અતિ સુકુમાર, મહાધનુર્ધર તે ઇન્દ્રના પુત્રનો પુત્ર મને હમેશાં પ્રિય હતો. બોલો, તે શું યુદ્ધમાં માર્યો ગયો ? [૨૪] દ્રૌપદી, કેશવ અને માતા કુંતાને નિત્યપ્રિય તે સુભદ્રાના વહાલા પુત્રને કાળથી મોહિત થયેલા કયા પુરુષે મારી નાખ્યો ? તે કહો.[૨૫] પરાક્રમ, શાસ્ત્ર અને માહાત્મ્યમાં યાદવોના વીર મહાત્મા શ્રીકૃષ્ણસરખો તે અભિમન્યુ રણમાં કેમ માર્યો ગયો ?[૨૬] અરે! મેં સતત લાડ લડાવેલા તે સુભદ્રાના પ્રિય પુત્ર શૂરા અભિમન્યુને જો હું નહિ દેખું તો ખરેખર, હું પણ મૃત્યુગૃહે ચાલ્યો જઈશ.[૨૭] અહા ! કોમળ અને સુંદર વાંકડીયા કેશવાળા, બાળક, બાલમૃગસમાન નેત્રવાળા, મદોન્મત્ત હાથીસમાન પરાક્રમી, તાજા જન્મેલા સિંહના બાળકસમાન, મુખ મલકાવીને ભાષણ કરનાર, ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર, સદા ગુરુઓના વચનને અનુસરનાર, બાલ્યાવસ્થામાં પણ અતુલ કર્મ કરનાર, મીઠું મીઠું બોલનાર, મત્સરરહિત, મહા ઉત્સાહવાળા, મોટી ભુજાવાળા, કમળસમાન દીર્ઘ નેત્રવાળા, ભકતોપર દયા કરનાર, દાન્ત, નીચને નહિ અનુસરનાર, કૃતજ્ઞ, જ્ઞાનસંપન્ન, અસ્ત્રકુશળ, યુદ્ધમાં પાછી પાની નહિ કરનાર, યુદ્ધને અભિનંદન આપનાર, હમેશાં શત્રુઓનો ભય વધારનાર,પોતાનાં સ્વજનોનું પ્રિય અને હિત કરવામાં તત્પર રહેનાર, પિતાઓના જયને ઇચ્છનાર, યુદ્ધમાં પ્રથમ પ્રહાર નહિ કરનાર અને યુદ્ધમાં નાશ પામેલા ગભરાટવાળા મારા પુત્ર અભિમન્યુને જો હું નહિ દેખું તો અવશ્ય હું યમલોકમાં ચાલ્યો જઇશ. જે વેળા રથીઓની ગણના કરવામાં આવી હતી,તે વેળા તેને મહારથીતરીકે ગણ્યો હતો, યુદ્ધમાં તે મારાથી અધિક ગુણવાળો હતો, તરુણ હતો, બાહુબળશાળી હતો તથા પ્રદ્યુમ્નને, કેશવને અને મને નિત્ય પ્રિય હતો.એ મારા અભિમન્યુ પુત્રને જો હું નહિ જોઉં તો હું પણ મૃત્યુગૃહે વિદાય થઇશ. અરેરે ! સુંદર નાસિકાવાળું, સુંદર લલાટવાળું તથા સુંદર નેત્ર, ભ્રમર અને હોઠવાળું તે અભિમન્યુનું મુખ જો મારા જોવામાં નહિ આવે, તો મારા હૃદયમાં કેમ શાંતિ થશે ? અહા ! તેનો શબ્દ, વીણાના શબ્દની પેઠે સુખકારક હતો, રમ્ય હતો અને પુંસ્કોકિલના ધ્વનિસમાન હતો. તે શબ્દ નહિ સાંભળતાં મારા હૃદયમાં હવે શી રીતે શાંતિ રહેશે ? દેવતાઓમાં પણ દુર્લભ તે વીરનું અપ્રતિમ રૂપ નહિ નિહાળતાં હવે મારા હૃદયમાં કેમ શાંતિ વળશે ? વડીલોને વંદન કરવામાં ચતુર અને પિતાઓના આજ્ઞાપાલનમાં આસક્ત એવા મારા વહાલા પુત્રને જો હું નહિ જોઉં, તો મારા હૃદયમાં કેમ શાંતિ થશે ! અહો ! અતિકોમળ વીર અભિમન્યુ મહાકિંમતી શયનને સદા યોગ્ય હતો,તેજ નાથવાળાઓમાં શ્રેષ્ઠ, આજે રણભૂમિમાં અનાથની પેઠે સૂતો છે ! પ્રથમ જ્યારે તે શયન કરતો, ત્યારે ઉત્તમ સ્ત્રીઓ તેની સેવા કરતી હતી, તેજ બાણોથી વિંધાયેલાં અંગવાળા અભિમન્યુને આજે અમંગલ શિયાળવીઓ ઉપાસે છે ! જે અભિમન્યુ પહેલાં સૂતો હોય, ત્યારે ભાટચારણો માંગલિક ગાનતાનથી તેને જગાડતા હતા, તેજ અભિમન્યુને આજે શીકારી જનાવરો વિકરાળ શબ્દોથી જાગ્રત કરે છે ! અરેરે, છત્રની છાયાને યોગ્ય એવા તેના સુંદર મુખને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે રણસંગ્રામની રજ ભૂખરૂં કરી નાખશે! હાય, ઓ પુત્ર! હું હીનભાગી નિરંતર પુત્રનું દર્શન કરતાં પણ હજી અતૃપ્તજ રહ્યો છું; તેટલામાં તો કાળ તને બળાત્કારે લઇ જાય છે! ખરેખર, યમરાજાની નગરી હવે પુણ્યશાળી પુરુષોનીજ ગતિરૂપ થઇ પડી હશે; કારણકે પોતાની પ્રભાથીજ મૂળથી મોહક અને સુંદર એવી તે નગરી આજે હે પુત્ર! તારાથી અત્યંત શોભી રહી હશે! અને એ વાત પણ નિઃશંક છે કે, યમ, વરુણ, ઇંદ્ર અને કુબેર પોતાને ત્યાં આવેલા તારાસરખા નિર્ભય પ્રિય અતિથિનું બરાબર પૂજન કરશે."

એ રીતે ભાગી પડેલા વહાણવાળા વેપારીની પેઠે અનેક પ્રકારે વિલાપ કરી મહાન દુઃખાવેશવાળો તે અર્જુન, યુધિષ્ઠિરને આ પ્રમાણે પ્રશ્ન કરવા લાગ્યોઃ-"હે કુરુનંદન! તે અભિમન્યુ, યુદ્ધમાં શત્રુઓનો બરાબર સંહાર કરી રણના મોખરામાં મહાન યોદ્ધાઓસામે લડતાં લડતાં સ્વર્ગે ગયો છે ને? અવશ્ય અનેક સાવધ મહાન પુરુષોસાથે યુદ્ધ કરતો તે અભિમન્યુ જ્યારે સહાયવિનાનો થયો હશે, ત્યારે તેણે સહાયને માટે મારૂં સ્મરણ કર્યું હશે. કર્ણ, દ્રોણ, કૃપાચાર્ય આદિ શત્રુ યોદ્ધાઓનાં અનેક જાતનાં પાણીદાર અગ્રભાગવાળાં તીક્ષ્ણ બાણોથી પીડાઇને મારો પુત્ર અલ્પ ચેતનવાળો થયો હશે; અને તે સમયે "મારો પિતા જો અહીં હોત તો મારૂં રક્ષણ કરત," આમ વારંવાર તે વિલાપ કરતો હશે! આ પછી હું માનું છું કે, તે ઘાતકી યોદ્ધાઓએ તેને પૃથ્વીપર પાડી દીધો હશે; અથવા એમ નજ બને! કારણ કે તે અભિમન્યુ મારાથી ઉત્પન્ન થયો હતો, શ્રીકૃષ્ણનો ભાણેજ હતો અને સુભદ્રા જેવી વીરાંગનામાં પેદા થયો હતો; માટે એમ બોલવાને તે યોગ્યજ નથી. અહાહા! મારૂં હૃદય ખરેખર વજ્રના સત્વમયજ હોવું જોઇએ; કારણકે આ સમયે મોટી ભુજાવાળા તથા લાલ નેત્રવાળા એ મારા પુત્રને નહિ જોવા છતાં તે ચીરાઇ જતું નથી. અરે! તે ઘાતકી કૌરવધનુર્ધરોએ, એક બાળકના પર મર્મને ભેદી નાખે તેવાં બાણો કેમ ફેંકયાં હશે? શું તેઓએ વિચાર પણ નહિ કર્યો હોય કે, આ શ્રીકૃષ્ણનો ભાણેજ છે તથા અર્જુનનો પુત્ર છે? જે વેળા હું શત્રુઓનો સંહાર કરી છાવણીમાં આવતો, ત્યારે અદીન મનવાળો જે અભિમન્યુ મારીસામે આવી મને અભિનંદન આપતો, તે આજે મારા જોવામાં કેમ આવતો નથી? અરે! પણ હા, તેને તો શત્રુઓએ રણમાં પાડી નાખ્યો છે; અને લોહીલોહાણ થઇ તે બિચારો તો ધરણીપર સૂતો છે, છતાં પણ પતન પામેલા સૂર્યની પેઠે તે પોતાનાં અંગોથી રણભૂમિને શોભાવી રહ્યો છે. હાય અફસોસ! મને સુભદ્રાના સંબંધમાં ઘણોજ શોક થાય છે; કારણ કે રણમાં પલાયન નહિ કરનારા પોતાના પુત્રને મરણ પામેલો સાંભળી શોકાર્ત થઇને તે જરૂર મરી જશે. અભિમન્યુને નહિ જોતી સુભદ્રા અને દ્રૌપદી દુઃખાર્ત થઇને જ્યારે મને પૂછશે, ત્યારે તેઓ બન્નેને હું શો ઉત્તર આપીશ? અરે! એ તો ઠીક, પણ શોકથી કૃશ થયેલી વહુને (અભિમન્યુની સ્ત્રીને) રોકકળ કરતી જોઇને પણ મારા હૃદયના હજારો ટુકડા જો નહિ થઇ જાય તો મારે સમજવુંજ જોઇશે કે, મારૂં હૃદય કેવળ વજ્રસારમય છે. જ્યારે હું સંશપ્તકોસામે યુદ્ધ કરી રહ્યો હતો, ત્યારે મેં ગર્વમાં આવી ગયેલા કૌરવોનો સિંહનાદ સાંભળ્યો હતો અને શ્રીકૃષ્ણે પણ યુયુત્સુને વીરોને ઠપકો આપતાં સાંભળ્યો હતો. તે યુયુત્સુ કહેતો હતો કેઃ-"હે મહારથીઓ! તમે બધા અર્જુનને પહોંચવા તો અસમર્થ છો, તોપછી આ એક બાળકને મારી નાખી શું ખુશ થાઓ છો? અરે, ઓ અધર્મજ્ઞ યોદ્ધાઓ! હવે તમે બધા એ અર્જુનનું બળ જોઇ લેજો. શ્રીકૃષ્ણ અને અર્જુનનું અપ્રિય કરી ખરૂં જોતાં આ સમયે તમારે શોક કરવાનોજ સમય આવી પહોંચ્યો છે, છતાં પ્રસન્ન થઇ સિંહની પેઠે શું ગર્જનાઓ કરી રહ્યા છો? આ તમારાં પાપી કર્મનું ફળ હવે તમને તુરત આવી મળશે. શું ઘણા કાળસુધી તીવ્ર અધર્મ કર્યા કરશો, છતાં તમને તેનું કંઇ પણ ફળ નહિ મળે? ના, એમ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજશો." આમ કહી મહાબુદ્ધિમાન વૈશ્યાનો પુત્ર (તે નામની દાસીનો પુત્ર) યુયુત્સુ, કોપ અને દુઃખથી યુક્ત થઇ, શસ્ત્રનો ત્યાગ કરી, રણમાંથી ખસી ગયો હતો. (કૃષ્ણસામે જોઇને) હે કૃષ્ણ! તમે પણ આ વાત હાલ રસ્તામાંજ કહી છે, પણ તે સમયે રણમાં કેમ ન કહી? જો તે સમયે આ પ્રમાણે તમે મને કહ્યું હોત તો તેજ ક્ષણે હું તે ક્રૂર સર્વ મહારથીઓને બાળી નાખત."

સંજયે કહ્યું:—હે ધૃતરાષ્ટ્રરાજા! એ રીતે પોતાના પુત્રના શોકથી પીડાતો અર્જુન આંસુભર્યાં નેત્રે થોડીવાર વિચારમાં પડી જતો હતો; અને પાછો તીવ્ર શોકગ્રસ્ત થઇ જ્યારે પોતાના પુત્રનીજ પીડાથી દુઃખી થઈ રહ્યો હતો, ત્યારે શ્રીકૃષ્ણ તેનાપ્રત્યે કહેવા લાગ્યા:— "હે અર્જુન! આમ શોક ન કર. યુદ્ધમાં પાછા નહિ હઠનારા દરેક શૂરવીરોનો આજ માર્ગ છે; તેમાં પણ વળી જેઓની યુદ્ધથીજ આજીવિકા છે, તે ક્ષત્રિયોનો તો ખાસ કરી આજ માર્ગ છે. હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અર્જુન! યુદ્ધમાંથી પાછા નહિ ફરનારા શૂરાઓને માટે સર્વ શાસ્ત્રોને જાણનારા ધર્માચાર્યોએ આ ગતિનુંજ નિર્માણ કર્યું છે.[૬૮] મોખરામાં રહી લડનારા શૂરા યોદ્ધાઓનું મરણ અવશ્ય યુદ્ધમાંજ થાય છે. આપણો અભિમન્યુ પુણ્યવંતોના અક્ષયલોકમાં ગયો છે, એમાં સંશય નથી.[૬૯] હે ભરતશ્રેષ્ઠ! "સંગ્રામમાં શત્રુઓની સન્મુખ રહી મૃત્યુ પામવું જોઇએ," આવી ઇચ્છા સર્વ વીરોને હોય છે;[૭૦] ત્યારે તે અભિમન્યુ તો મહાબળવાન વીર રાજપુત્રોને રણમાં રોળી નાખીને, સૈન્યના મોખરામાં વીરપુરુષો જેવા મૃત્યુની ઇચ્છા કરે, તેવા મૃત્યુને પામ્યો છે;[૭૧] માટે હે પુરુષવ્યાઘ્ર! તું શોક ન કર, કારણ કે પ્રાચીન ધર્માચાર્યોએ ક્ષત્રિયોને માટે સનાતન કાળનો આવોજ ધર્મ બાંધ્યો છે, કે ક્ષત્રિયોનો રણમાંજ નાશ થવો જોઇએ.[૭૨] હે ભરતવંશના શ્રેષ્ઠ અર્જુન! તું આમ શોકાવિષ્ટ થઈ ગયો છે, તેથી આ તારા ભાઇઓ, રાજાઓ અને સર્વ સુહૃદો પણ દીન થઈ ગયા છે;[૭૩] માટે હે માન આપનારા અર્જુન! આ બધાને તું સામયુક્ત વચનથી ધીરજ આપ; કારણ કે તેં જાણવાનું બધું જાણ્યું છે, તેથી આમ શોક કરવો તને છાજતો નથી."

અદ્ભુત કર્મવાળા શ્રીકૃષ્ણે એ પ્રમાણે જ્યારે અર્જુનનું આશ્વાસન કર્યું, ત્યારે તે ગળગળા થઈ ગયેલા પોતાના ભાઇઓને આ પ્રમાણે કહેવા લાગ્યો:—[૭૫] "લાંબી ભુજાવાળો, વિશાળ ખભાવાળો તથા દીર્ઘ કમળસમાન નેત્રવાળો તે અભિમન્યુ જે રીતે રણમાં માર્યો ગયો હોય તે બધું હું સાંભળવા ઇચ્છું છું.[૭૬] (માટે તે મને કહો.) મારા પુત્રનાજેઓ વૈરી છે, તેઓ બધાને હાથી, રથ, ઘોડા અને પરિવારસહિત હું મારી નાખીશ તે તમે જોશો."[૭૭] અહો! ઘણી આશ્ચર્ય જેવી વાત બની છે કે, તમે બધા અસ્ત્રકુશળ અને શસ્ત્રધારીયોદ્ધાઓની મધ્યમાં અભિમન્યુ, વજ્રધર સાક્ષાત્ ઇંદ્રસામે પણ યુદ્ધમાં ભેટ્યો હોય તોપણ કેમ મરણ પામે?[૭૮] અરે હાય! પણ આ પ્રમાણે જો મેં પ્રથમથીજ જાણ્યું હોત કે, પાંડવો તથા પાંચાલો મારા પુત્રનું રક્ષણ કરવા અસમર્થ છે, તો હું પોતેજ તેનું રક્ષણ કરત.[૭૯] અરે! તમે બધા રથોમાં બેઠેલા હશો અને બાણોની વૃષ્ટિ કરી રહ્યા હશો, છતાં શત્રુઓએ કેવી રીતે તમને ગભરાવી દઈ અભિમન્યુને મારી નાખ્યો?[૮૦] અફસોસ! અફસોસ! તમારામાં પુરુષાર્થજ નથી અથવા પરાક્રમ પણ નથીજ; કારણ કે જ્યાં તમારા બધાના દેખતાં અભિમન્યુ રણમાં રોળાયો![૮૧] અથવા તમને બધાને મારે શામાટે કહેવું જોઇએ? મારે તો મારા આત્માનેજ નિંદવો જોઇએ; કારણ કે હું તમને બધાને અતિશય દુર્બળ, ભીરુ અને શિથિલ નિશ્ચયવાળા જાણતો હતો, છતાં અહીંથી યુદ્ધ કરવા નીકળી પડ્યો.[૮૨] તમે બધા મારા પુત્રનું રક્ષણ ન કરી શક્યા તે પરથી હવે મને સ્પષ્ટ દેખાય છે કે, આ તમારાં કવચો, શસ્ત્રો અને આયુધો કેવળ શોભાનાંજ છે; તેમજ તમારી વાણી પણ સભામાંજ મોટે ઘાંટે બોલવા માટે છે."[૮૩]

આમ કહી અર્જુન બોલતો બંધ થયો. તે વખતે તે હાથમાં ધનુષ્ય લઇને તથા કેડે ઉત્તમ તરવાર લટકાવીને ઉભો હતો. એનું સ્વરૂપ એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ભયંકર દેખાતું હતું કે જેથી તે સમયે કોઈ પણ તેની સામે જોઈ શકતું ન હતું.[૮૪] અર્જુન પુત્રના શોકથી એટલો બધો તપી ગયો હતો, કે જેથી તે ક્રોધાયમાન કાળસરખો જણાતો હતો. તે વારંવાર નિઃશ્વાસ મૂકતો હતો અને તેનું મુખ પણ અશ્રુઓથી ભરાઈ ગયું હતું. શ્રીકૃષ્ણ અને પાંડુના જ્યેષ્ઠપુત્ર યુધિષ્ઠિરસિવાય બીજા કોઇપણ સુહૃદો અર્જુનસામે ભાષણ કરવાને કે જોવાને પણ સમર્થ ન હતા.[૮૫,૮૬] શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર સર્વ અવસ્થામાં અર્જુનનું હિત કરનારા હતા,એના મનના અભિપ્રાયને અનુસરનારાહતા; અને તે અર્જુન પણ તેઓના તરફ ઘણી માનની લાગણીથી વર્તતો હતો તેમજ તેઓ બન્નેને તે ઘણો પ્રિય પણ હતો, જેથી તેઓ બન્ને અર્જુનને કહેવામાટે યોગ્યહતા.[૮૭] તે પછી પુત્રના શોકથી અત્યંત પીડાયેલા મનવાળા તથા ક્રોધાયમાન થયેલા કમળનયન તે અર્જુનને, રાજા યુધિષ્ઠિરે આ વચન કહ્યું.[૮૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞાપર્વમાં 'અર્જુનનો કોપ' એ વિષયનો અધ્યાય ૭૨ મો સમાપ્ત

અધ્યાય ૭૩ મો

અર્જુનની પ્રતિજ્ઞા

॥ युधिष्ठिर उवाच ॥

त्वयि याते महाबाहो संशप्तकवलं प्रति ।
प्रयत्नमकरोत्तीव्रमाचार्यो ग्रहणे मम ॥१॥

યુધિષ્ઠિરે કહ્યું:–"હે મહાબાહો અર્જુન ! જ્યારે તું સંશપ્તકોના સૈન્યસામે યુદ્ધ કરવા ગયો, ત્યારે આચાર્ય મને પકડવામાટે તીવ્ર યત્ન કરવા લાગ્યા.[૧] રથીઓના સન્યને ચક્રાકારમાં ગોઠવી, આચાર્ય જ્યારે રણમાં ભારે પ્રયત્ન કરવા લાગ્યા, ત્યારે અમે પણ સૈન્યને વ્યૂહમાં ગોઠવી દઈ તેમને ચારે તરફથી વારવા લાગ્યા.[૨] આપણા પક્ષના રથીઓ તેમને વારી રહ્યા હતા અને હું પણ સારી રીતે રક્ષાતો હતો; તેવામાં એકદમ તીક્ષ્ણ બાણોનો મારો ચલાવી અમને બધાને પીડી નાખી દ્રોણાચાર્ય અમારી સામા ચઢી આવ્યા.[૩] એ સમયે અમે એટલા બધા પીડાયા હતા, કે જેથી દ્રોણના સૈન્યસામે જોવાને પણ સમર્થ થયા ન હતા. જ્યારે એમના સૈન્યસામે અમે જોઇ પણ શકતા ન હતા, ત્યારે તેને ભેદવાને તો ક્યાંથીજ સમર્થ થઇએ ?[૪] પછી અમે બધાએ અતુલ વીર્યવાળા તારા પુત્ર અભિમન્યુને કહ્યું કે:–'હે સમર્થ પુત્ર! આ દ્રોણના સૈન્યને તોડી નાખ.'[૫] અમારી પ્રેરણા થતાંજ વીર્યવાન ઉત્તમ ઘોડાની પેઠે તેણે અસહ્ય એવો ભાર ઉઠાવવાનો આરંભ કર્યો.[૬] તારી અસ્ત્રશિક્ષાથી તથા પોતાના સાહજિક વીર્યથી યુક્ત એ બાળક, દ્રોણના સૈન્યના અમુક ભાગને તોડી નાખી ગરુડ જેમ સાગરમાં દાખલ થાય, તેમ શત્રુઓના સૈન્યમાં દાખલ થયો.[૭] અમે બધા પણ તેની પાછળ પાછળ જે સ્થળેથી તેણે સેનામાં પેસારો કર્યો હતો, તે સ્થળેથી અંદર દાખલ થવાની ઇચ્છાથી ચાલતા હતા.[૮] તેવામાં સિંધુદેશના ક્ષુદ્ર રાજા જયદ્રથે હે તાત! અમને બધાને રુદ્રના વરદાનના પ્રભાવથી આગળ વધતા અટકાવ્યા. તે પછી દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, કોસલરાજા અને કૃતવર્મા, એ છ મહારથીઓએ સુભદ્રાના પુત્રને ચોતરફથી ઘેરી લીધો.[૧૦] બાળક અભિમન્યુ યુદ્ધમાં સર્વ મહારથીઓથી ઘેરાયો હતો, છતાં પોતાની શક્તિ પ્રમાણે પરમ પ્રયત્ન કરી રહ્યો હતો; પરંતુ પેલા ઘણાઓએ ભેગા થઇને તેને રથવિનાનો કરી નાખ્યો.[૧૧] પછી દુઃશાસનના પુત્રે તે મહારથીઓએ રથવિનાના કરેલા અભિમન્યુને પોતે મરણસુધીના સંશયમાં આવી પડયો હતો,છતાં તેમાંથી બચી જઈ ગદાના પ્રહારથી મારી નાખ્યો.[૧૨] અભિમન્યુએ રણમાં હજારો પાળા, રથ, ઘોડા અને હાથીઓનો સંહાર કરી નાખ્યો છે. ઉપરાંત આઠ હજાર રથી યોદ્ધાઓનો, નવસો હાથીઓનો, બે હજાર રાજપુત્રોનો, બીજા કેટલાએક અપ્રસિદ્ધ ઘણા વીરોનો તથા બૃહદ્બલરાજાનો પણ તેણે યુદ્ધમાં નાશ કરી નાખ્યો છે. આવું પરાક્રમ કર્યા પછી પરમ ધર્માત્મા અભિમન્યુ મૃત્યુ પામ્યો છે. એ પ્રમાણે તે પુરુષવ્યાઘ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગલોકને પામી ગયો અને એથીજ અમારો શોક વધી પડયો છે."

ધર્મરાજાએ કહેલું એ વચન સાંભળી અર્જુન "હા પુત્ર!" એમ નિઃશ્વાસ નાખી બેભાન થઇ ધરણીપર ઢળી પડયો. તે જોઇ સર્વનાં મોં ઉતરી ગયાં અને અર્જુનને વીંટાઇ વળી સ્થિર નેત્રે દીનતાપૂર્વક એકબીજાની સામે જોઇ રહ્યા. તે પછી ભાનમાં આવી, ક્રોધપૂર્ણ થયેલો અર્જુન જાણે જ્વર આવ્યો હોય, તેમ થરથર ધ્રૂજવા લાગ્યો, વારંવાર નિઃશ્વાસ નાખવા લાગ્યો અને હાથેહાથ ઘસી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રુદન કરવા લાગ્યો.[૧૩–૧૯] પછી ઉન્મત્તની પેઠે સર્વના તરફ જોઇને આ પ્રમાણે બોલ્યોઃ–"હું તમારા બધાની પાસે સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે, આવતી કાલે હું જયદ્રથનો વધ કરીશ. જો મરણના ભયથી ત્રાસ પામી તે કૌરવોને નહિ ત્યજી જાય, આપણે શરણે નહિ આવે, પુરુષોત્તમ શ્રીકૃષ્ણને શરણે નહિ જાય અથવા હે મહારાજ! તમારે શરણે જો નહિ આવે તો જરૂર આવતી કાલે હું જયદ્રથનો વધ કરીશ.[૨૦,૨૧] તેણે કૌરવોનું પ્રિય કરવા ધાર્યું છે, મારો સ્નેહ તે ભૂલી ગયો છે અને આ બાળકનો વધ કરવામાં તે કારણભૂત બન્યોછે;માટે એ પાપી જયદ્રથનો આવતી કાલે હું અવશ્ય વધ કરીશ.[૨૨] તેનું રક્ષણ કરવાની ઇચ્છાથી જે કોઇ કાલે મારી સામે યુદ્ધ કરશે, અરે હે રાજન્! ભલે તે પછી દ્રોણાચાર્ય કે કૃપાચાર્ય હશે તોપણ,તેઓને હું બાણો મૂકી ઢાંકી દઇશ. હે પુરુષશ્રેષ્ઠો! આવતી કાલના યુદ્ધમાં જો હું જયદ્રથનો વધ ન કરૂં તો શૂરવીર પુરુષોને પ્રિય એવા પુણ્યશાળીઓને મળતા દિવ્યલોકને હું ન પામું.[૨૪] જો હું આવતી કાલે જયદ્રથનો વધ ન કરૂં તો માતાપિતાનો ઘાત કરનારા, ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરનારા, ચાડીઆ, સત્પુરુષોની અસૂયા કરનારા, નિંદા કરનારા, થાપણ ઓળવનારા, વિશ્વાસઘાત કરનારા, બીજાએ ભોગવેલી સ્ત્રીનો સ્વીકાર કરનારા, પાપની પ્રશંસા કરનારા, બ્રહ્મહત્યારા, ગોહત્યારા તથા યજ્ઞયાગાદિ માટે નહિ પણ કેવળ પોતાને માટેજ રાંધેલા દૂધપાક, જવનું અન્ન, શાક, 'કૃસર' (દૂધ, તલ અને ચોખાની ખીચડી), શિરો, પુડા તથા માંસનું ભક્ષણ કરનારા પુરુષોને નરક આદિ જે લોકની પ્રાપ્તિ થાય છે, તેને હું પામું; તેમજ આવતી કાલે જો હું જયદ્રથને ન મારૂં તો વેદનું અધ્યયન કરનાર, અત્યંત વ્રતધારી ઉત્તમ બ્રાહ્મણનું અપમાન કરનાર, વૃદ્ધ સત્પુરુષો અને વડીલોનું અપમાન કરનાર, ગાય અથવા બ્રાહ્મણને પગથી સ્પર્શ કરનાર અને પાણીમાં બડખા, વિષ્ઠા અને મૂત્ર નાખનાર મનુષ્યોની જે કષ્ટકારક ગતિ થાય તે ગતિ મારી પણ થાય.[૨૫–૩૧] વળી જો હું આવતીકાલે જયદ્રથનો નાશ ન કરૂં તો નગ્નસ્નાન કરનારાની તથા અતિથિને નિરાશ કરનારાની જે ગતિ થાય; અને લાંચીયાઓની, મિથ્યાભાષીઓની, ઠગારાઓની, પોતાનાં નામ તથા જાતને છુપાવનારાઓની, બીજાપર ખોટો દોષારોપ કરનારાઓની, સેવક, પુત્ર, સ્ત્રી અને આશ્રિતની આજ્ઞા પ્રમાણે વર્તનારા તથા બાળક, અતિથિ આદિનો ભાગ નહિ કાઢીને મિષ્ટાન્ન ખાનારા મનુષ્યોની જે ઘોર ગતિ થાય તે ગતિ મારી પણ થાઓ.[૩૨–૩૪] વળી જો હું આવતી કાલે જયદ્રથનો વધ ન કરૂં તો જે કોઇ રાત્મા પુરુષ, પોતાના વચનપરના વિશ્વાસે રહેલા આશ્રિત સત્યપુરુષનો ત્યાગ કરી તેનું પોષણ ન કરે, ઉપકારી પુરુષની નિંદા કરે, યોગ્ય પાડોશીને શ્રાદ્ધભોજન ન આપે; પણ શૂદ્રજાતની સ્ત્રી અથવા રજસ્વલા થયેલી કન્યાસાથે વિવાહ કરનારા અપાત્રને શ્રાદ્ધભોજન આપે, દારૂ પીએ, મર્યાદા તોડે, કૃતઘ્ની થાય અને પોતાના શોકની નિંદા કરે તેવા નીચ પુરુષો જે ગતિમાં જાય, તે ગતિમાં હું પણ જાઉં.[૩૫–૩૭] આવતી કાલે જો હું જયદ્રથને નહિ મારૂં તો ડાબે હાથે ભોજન કરનારા, ખોળામાં અન્ન મૂકી ખાનારા, ખાખરાનાં આસનપર બેસનારા,તિંદુવૃક્ષનું દાતણ કરનારા, બીજાઓનો પ્રાણ લેનારા, પ્રાતઃકાળમાં શયન કરનારા, જેઓ બ્રાહ્મણ હોઇને ટાઢથી ભય પામે છે તથા જેઓ ક્ષત્રિય હોઇને રણસંગ્રામથી ડરે છે, તેઓ બધાની જે ગતિ થાય તે ગતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી પણ થાઓ; તેમજ જે ગામમાં એક-જ કૂવો હોય અને વેદનો ઘોષ તો જરાપણ ન હોય તેવા ગામમાં છ મહિના વસનારા, શાસ્ત્રની નિંદા કરનારા, દિવસે મૈથુન કરનારા, દિવસે શયન કરનારા, ઘરમાં આગ લગાડનારા, ઝેર આપનારા, અગ્નિહોત્ર અને અતિથસત્કારવિનાના, ગાયોને પાણી પાવાના સ્થળે વિઘ્ન કરનારા, રજસ્વલા સ્ત્રીસાથે સંભોગ કરનારા, પૈસા લઈ કન્યાદાન કરનારા, અનેક પ્રકારના યજ્ઞો કરાવનારા તથા કૂતરાં જેવી વૃત્તિ કરનારા બ્રાહ્મણો જેવા, મુખમાં મૈથુન કરનારા, તથા 'બ્રાહ્મણને આપીશ' એમ કહીને લોભથી નહિ આપનારા પુરુષોની જે ગતિ થાય, તે ગતિ મારી પણ થાઓ. જો હું આવતીકાલે જયદ્રથનો વધ નહિ કરૂં, તો જે કોઇ ધર્મવિરુદ્ધ વર્તનારાઓને મેં અહીં નથી ગણાવ્યા અને જેઓને ગણાવ્યા છે, તેઓની ગતિને હું સત્વર પામું.

આ રાત્રિ વીત્યાપછી આવતીકાલસુધીમાં જો હું જયદ્રથનો વધ ન કરૂં તો આ મારી એક બીજી પ્રતિજ્ઞા પણ તમે સાંભળો.[૪૬] જો હું આવતીકાલે સૂર્યોસ્તસુધીમાં એ પાપીને ન મારી શકું તો અહીંજ હું બળબળતા અગ્નિમાં પ્રવેશ કરીશ.[૪૭] રે! વધારે શું કહું? પણ અસુરો, દેવો, મનુષ્યો, પક્ષીઓ, સર્પો, પિતરો, રાક્ષસો, બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ અથવા આ જગતમાં જે કોઇ ચરાચર પ્રાણી છે, તેઓમાંનાં કોઇપણ મારા એ શત્રુનું રક્ષણ કરવા સમર્થ નથી.[૪૮] જો કદાચ તે રસાતલમાં પેસી જશે, ક્યાંય આકાશમાં પ્રવેશ કરી જશે, દેવનગરમાં જઈ દાખલ થશે અથવા દૈત્યોના નગરમાં ભરાઇ પેસશે, તોપણ એ અભિમન્યુના શત્રુનું મસ્તક આવતીકાલે હું સો બાણોથી છેદી પાડીશ." એમ કહીને તેણે ગાંડીવધનુષ્યને ડાબી જમણી બાજુ ફેરવી ટંકાર કર્યો, જેથી તેનો શબ્દ બીજા શબ્દોને દબાવી દઇ છેક આકાશસુધી પહોંચ્યો. અર્જુને જ્યારે એપ્રમાણે પ્રતિજ્ઞાકરી, ત્યારે જનાર્દને પોતાનો પાંચજન્ય નામનો શંખ વગાડયો અને ક્રોધાયમાન થયેલા અર્જુને દેવદત્ત નામનો શંખ વગાડયો. શ્રીકૃષ્ણના મુખવાયુથી અત્યંત પરિપૂર્ણ થયેલા પાંચજન્ય શંખનો તે સમયે એવો ઘોષ બહાર નીકળ્યો, કે જેણે પ્રલયકાળની પેઠે આકાશપાતાળસહિત આખા જગતને તથા સર્વ દિક્પાલોને કંપાવી દીધા.[૫૨] મહાત્મા અર્જુને જેવી પ્રતિજ્ઞા કરી કે તુરત તે સ્થળે હજારો વાદિત્રોના ઘોષો પ્રગટ થયા અને પાંડવોનો સિંહનાદ પણ થઇ રહ્યો.[૫૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં 'અર્જુનની પ્રતિજ્ઞા' એ વિષયનો અધ્યાય ૭૩ મો સમાપ્ત

અધ્યાય ૭૪ મો

જયદ્રથની વ્યાકુળતા અને સ્વાર્થી દુર્યોધન

॥ संजय उवाच ॥

श्रुत्वा तु तं महाशब्दं पांडूनां जयगृद्धिनाम्।
चारैः प्रवेदिते तत्रं समुत्थाय जयद्रथः॥१॥

સંજયે કહ્યું:—હે ધૃતરાષ્ટ્રરાજા! વિજયની લાલસાવાળા પાંડવોના મહાન શબ્દને સાંભળીને તથા ગુપ્તચરોએ જણાવેલી અર્જુનની પ્રતિજ્ઞાના સંબંધની વાત પણ જાણીને જયદ્રથરાજાનું હૃદય શોકથી મૂઢ થઇ ગયું; અને અગાધ મોટા શોકસાગરમાં ગળકીયાં ખાતો હોય તેમ દુઃખથી વ્યાપ્ત થઈ, તે એકદમ ઉભો થયો અને ઘણો વિચાર કર્યા પછી રાજાઓની સભામાં ગયો. ત્યાં જઈ સર્વ રાજાઓની પાસે વિલાપ કરવા લાગ્યો અને અભિમન્યુના પિતાના ભયથી બેબાકળો થઈ સર્વને આ પ્રમાણે કહેવા લાગ્યો:—"હે વીરો! પાંડુરાજાની સ્ત્રી કુંતાવિષે કામી થયેલા ઇન્દ્રથી ઉત્પન્ન થયેલો દુર્બુદ્ધિ અર્જુન, મને એકલાને યમરાજાને ઘેર મોકલી દેવા ધારે છે; માટે તમારૂં કલ્યાણ થાઓ. જીવવાની ઇચ્છાથી હું મારે ઘેર ચાલ્યો જઇશ;[૧-૫] અથવા હે મહાન ક્ષત્રિયો! તમારા અસ્ત્રના બળથી તમે મારૂં રક્ષણ કરો. અર્જુને મારો વધ કરવાની પ્રતિજ્ઞા કરી છે, માટે તમે બધા મને અભય આપો.[૬] દ્રોણાચાર્ય, દુર્યોધન, કૃપાચાર્ય, કર્ણ, મદ્રરાજા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહ્લિકરાજા અને દુઃશાસન આદિ બીજા વીરો, જો કદાચ હું કાળના મુખમાં સપડાયો હોઉં, તોપણ મારૂં રક્ષણ કરવા સમર્થ છે; તો પછી એકલો અર્જુન, મને મારવાની ઇચ્છા કરે છે તો તમે બધા એકત્ર થયેલા રાજાઓ મારૂં કેમ રક્ષણ ન કરી શકો?[૮] પાંડવોના હર્ષનાદ સાંભળી મને ઘણોજ ભય લાગે છે અને હે રાજા! મરણવશ થયેલાની પેઠે મારાં સર્વ અવયવો નરમ પડી ગયાં છે.[૯] જરૂર, ગાંડીવધનુર્ધારી અર્જુને મારો વધ કરવાની પ્રતિજ્ઞા કરી છે અને તેથીજ પાંડવો અત્યારે શોક કરવાના સમયે હર્ષના કોલાહલો કરી રહ્યા છે![૧૦] હે રાજાઓ! દેવો, ગંધર્વો, અસુરો, સર્પો કે રાક્ષસો પણ અર્જુનનું ધાર્યું અન્યથા કરવા ઉત્સાહ કરતા નથી, તોપછી બીજાઓની તો શી વાત?[૧૧] માટે હે પુરુષશ્રેષ્ઠો! મને રજા આપો. તમારૂં બધાનું કલ્યાણ થાઓ. અહીંથી જઇને હું કોઇક સ્થળે ગુપ્ત ભરાઈ રહીશ કે જ્યાં પાંડવો મને જોઇ શકશે નહિ."[૧૨] આ રીતે વિલાપ કરતા તથા ભયથી વ્યાકુળ ચિત્તવાળા એ જયદ્રથરાજાને પોતાના કાર્યની મહત્તા તરફ ધ્યાન આપી રાજા દુર્યોધન કહેવા લાગ્યોઃ–"હે પુરુષવ્યાઘ્ર! તમારે ભય કરવાનું કંઇ કારણ નથી. હે પુરુષશ્રેષ્ઠ! વીર ક્ષત્રિયોના મધ્યમાં ઉભેલા તમારી સામે યુદ્ધ કરવાની કોણ ઇચ્છા કરે તેમ છે?[૧૩–૧૪] હું, સૂર્યપુત્ર કર્ણ, ચિત્રસેન, વિવિંશતિ, ભૂરિશ્રવા, શલ, શલ્ય, અજિત વૃષસેન, પુરુમિત્ર, જય, ભોજ, કાંબોજરાજ, સુદક્ષિણ, મહાબાહુ સત્યવ્રત, વિકર્ણ, દુર્મુખ, દુઃશાસન, સુબાહુ, ઉંચા આયુધવાળો કલિંગરાજા, અવંતીકુમાર વિંદ અને અનુવિંદ, દ્રોણાચાર્ય, અશ્વત્થામા અને શકુનિ–આ બધા યોદ્ધાઓ અને એ સિવાયના બીજા અનેક દેશના રાજાઓ પોતપોતાના સૈન્યસહિત તમારૂં રક્ષણ કરશે; માટે તમારા મનના સંતાપને દૂર કરો;[૧૫–૧૮] તેમજ હે અમાપ કાંતિવાળા સિંધુરાજ! તમે પોતે પણ રથીઓમાં શ્રેષ્ઠ છો અને શૂરવીર છો, તોપછી તમને પાંડવો તરફથી ભય કેમ દેખાય છે? વળી મારી અગીઆર અક્ષૌહિણી સેનાઓ તમારૂં રક્ષણ કરવામાટે બરાબર સાવધાન થઇને યુદ્ધ કરશે, માટે હે સિંધુરાજ! તમે ભયને દૂર કરો."[૨૦]

સંજયે કહ્યું:–હે રાજન્! એ પ્રમાણે તમારા પુત્રે જયદ્રથરાજાનું આશ્વાસન કર્યું અને પછી તે રાત્રે દુર્યોધન તથા જયદ્રથ બન્ને જણા દ્રોણાચાર્ય પાસે ગયા.[૨૧] હે રાજા! ત્યાં જઇ બન્ને જણા આચાર્યના પગમાં પડયા અને નમ્રતાપૂર્વક પાસે બેસી જયદ્રથે આચાર્યને આ પ્રમાણે પૂછયુંઃ–[૨૨]"હે આચાર્ય! લક્ષ્ય ભેદવામાં, દૂર રહેલા નિશાનને પાડી નાખવામાં, ઝડપથી બાણ ફેંકવામાં તથા દૃઢ લક્ષ્યને વિંધવામાં મારામાં તથા અર્જુનમાં કોઇ જાતની વિશેષતા છે? કે અમે બન્ને સરખા છીએ? તે આપ કહો.[૨૩] અર્જુનમાં તેવી શી વિશેષ વિદ્યા રહેલી છે? તે હું યથાર્થ રીતે જાણવા ઇચ્છું છું, માટે મારૂં અને અર્જુનનું સમાનપણું અથવા કોઇનામાં કંઇ વિશેષપણું જે હોય તે આપ મને કહો."[૨૪]

દ્રોણાચાર્યે કહ્યું:–" હે તાત! તારા અને અર્જુનના વિદ્યાગુરુ તો એકજ છે, પણ પુષ્કળ અભ્યાસને લીધે તથા દુઃખ વેઠીને પણ ગુરુકુળમાં વસવાને લીધે અર્જુન તારા કરતાં અધિક છે;[૨૫] પણ હે તાત! આ યુદ્ધમાં તારે અર્જુનથી ભય રાખવાનું કંઇપણ કારણ નથી. હું તારૂં તે ભયથી રક્ષણ કરીશ, એમાં સંશય નથી.[૨૬] મારા હાથના રક્ષણતળે રહેલા પુરુષને દુઃખ દેવા દેવો પણ સમર્થ થઇ શકતા નથી; અને હું આવતીકાલે એવી વ્યૂહરચના કરીશ કે જેને અર્જુન ઉલ્લંઘી જશે નહિ,[૨૭] માટે હે મહારથ! તું યુદ્ધ કર, ડર મા; અને સ્વધર્મનું પાલન કર. તથા પોતાના બાપદાદાઓને માર્ગે ચાલ.[૨૮] વિધિ પ્રમાણે વેદાધ્યયન કરી તેં સારી રીતે અગ્નિ હોમ્યા છે અને યજ્ઞો પણ તેં ઘણા કર્યા છે, તો મૃત્યુ તને ભયંકર ન થવું જોઇએ. ભાગ્યહીન મનુષ્યોને દુર્લભ એવું (યુદ્ધમાં મરણરૂપ)મહાભાગ્ય પામીને તું પોતાના બાહુના વીર્યથી જીતેલા ઉત્તમ દિવ્ય લોકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામી શકીશ.[૩૦] કૌરવો, પાંડવો, યાદવો અને બીજા મનુષ્યો, રે! મારા પુત્રસહિત હું સુદ્ધાં સૌ આપણે, અધ્રુવ-નાશવંત છીએ, તેનો પણ તું વિચાર કર.[૩૧] બળવાન કાળ, અનુક્રમે આપણ બધાને હણી નાખશે અને આપણે બધા પોતપોતાનાં કર્મો સાથે પરલોકે જવાના છીએ. તપસ્વીઓ તપ તપીને જે દિવ્ય લોકોને પામે છે, તેજ દિવ્ય લોકોને ક્ષાત્રધર્મનો આશ્રય કરનાર વીર ક્ષત્રિયો પણ પામે છે."[૩૩] એ પ્રમાણે દ્રોણાચાર્યે જયદ્રથરાજાને સમજાવીને ધીરજ આપી, એટલે તેણે પણ અર્જુન તરફના ભયનો ત્યાગ કર્યો તથા યુદ્ધ કરવાનું મન કર્યું.[૩૪] તે પછી હે રાજા! તમારાં સૈન્યોમાં પણ સિંહનાદોના શબ્દો સાથે વાદિત્રોનો ઉગ્રધ્વનિ થઇ રહ્યો.[૩૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં 'જયદ્રથનું આશ્વાસન' એ વિષયનો અધ્યાય ૯૪ મો સમાપ્ત

અધ્યાય ૭૫ મો

શ્રીકૃષ્ણવચન

॥ संजय उवाच ॥

प्रतिज्ञाते तु पार्थेन सिंधुराजवधे तदा ।
वासुदेवो महाबाहुर्धनंजयमभाषत ॥१॥

સંજયે કહ્યું:-સિંધુરાજ જયદ્રથનો વધ કરવાની જે સમયે અર્જુને પ્રતિજ્ઞા કરી, તે સમયે મોટી ભુજાવાળા વસુદેવપુત્ર શ્રીકૃષ્ણ, અર્જુનને કહેવા લાગ્યા:-[૧]"હે અર્જુન! તેં પોતાના ભાઇઓની સંમતિ લીધાવિના એકદમ વાણીથી પ્રતિજ્ઞાજ કરી નાખી કે, "હું સિંધુરાજનો વધ કરીશ;" પણ તેં આ એક મોટું સાહસ કર્યું છે.[૧] મારી સાથે પણ વિચાર કર્યાવિના તેં આ મોટામાં મોટો ભાર ઉપાડી લીધો છે, તો આપણે લોકોના હાંસીપાત્ર કેમ નહિ થઇએ?[૩] મેં દુર્યોધનની છાવણીમાં આપણા દૂતોને મોકલ્યા હતા. તેઓએ સત્વર આવીને આપણને આ પ્રમાણે ખબર આપી છે.[૪] હે સમર્થ અર્જુન! તેં સિંધુરાજનો વધ કરવાની જ્યારે પ્રતિજ્ઞા કરી, ત્યારે અહીં આપણી છાવણીમાં વાદિત્રોના શબ્દોસાથે મહાન સિંહનાદો થઇ રહ્યા હતા અને તે કૌરવોએ સાંભળ્યા હતા.[૫] તે શબ્દ સાંભળીને કૌરવો અને જયદ્રથરાજા ઘણા ભયભીત થઇ ગયા અને "આ અકસ્માત્ સિંહનાદો કોઇ કારણવિના ન હોય" આવો વિચાર કરી બરાબર સાવધ થઇ ગયા.[૬] હે મોટી ભુજાવાળા અર્જુન! તે સમયે કૌરવોમાં પણ અતિ મહાન કોલાહલ થઇ રહ્યો તથા હાથી, ઘોડા, પાળા અને રથોનો પણ અતિ ભયંકર શબ્દ મચી રહ્યો.[૭] "અભિમન્યુનો વધ સાંભળી અર્જુન ઘણો અકળાયો હશે, જેથી રાત્રેજ ક્રોધપૂર્વક યુદ્ધ કરવા નીકળી પડશે" આવો વિચાર કરી સર્વ કૌરવસૈનિકો યુદ્ધ કરવા સજ્જ થઇ ગયા.[૮] હે કમળનેત્ર અર્જુન! પછીથી તેઓએ યત્નપૂર્વક બરાબર તપાસ કરી અને તારી સત્યવચનીની સિંધુરાજનો વધ કરવાની સત્યપ્રતિજ્ઞા, તેઓના સાંભળવામાં આવી.[૯] એ સાંભળતાંજ સર્વનાં મન ઉદાસ થઇ ગયાં અને ક્ષુદ્ર મૃગોની પેઠે બધા ત્રાસ પામી ગયા; તેમાં પણ દુર્યોધનના મંત્રીઓ તથા રાજા જયદ્રથનો તો ગભરાટ વધીજ પડયો.[૧૦] સૌવીર અને સિંધુદેશનો રાજા જયદ્રથ અત્યંત દીન અને દુઃખી થઇ ગયો તથા પોતાના મંત્રીઓ સાથે ઉઠીને પોતાના અલાયદા તંબુમાં ગયો. ત્યાં જઇ સર્વ કલ્યાણકારક ક્રિયાનો વિચાર કરી, રાજાઓની સભામાં જઇ, દુર્યોધનપ્રત્યે આવું વાક્ય તે કહેવા લાગ્યો:-"આ અર્જુન, મને પોતાના પુત્રનો હંતા સમજી આવતીકાલે મારી સામે ચઢી આવશે. સેનાની મધ્યમાં મારો વધ કરવાની તેણે પ્રતિજ્ઞા કરી છે.[૧૩] અર્જુનની પ્રતિજ્ઞાને દેવો, ગંધર્વો, અસુરો, સર્પો અને રાક્ષસો પણ અન્યથા કરવાને ઉત્સાહ ધરાવતા નથી;[૧૪] માટે તમે બધા મારૂં રક્ષણ કરો કે જેથી યુદ્ધમાં તમારા બધાનાં મસ્તકોપર પગ મૂકી પોતાના લક્ષ્યરૂપ મને તે ન પકડી પાડે, તેવો કોઇ આ બાબતમાં ઉપાય ઘડો.[૧૫] હે કુરુનંદન દુર્યોધનરાજા! જો કદાચ યુદ્ધમાં તમારા કોઇનાથી મારૂં રક્ષણ ન કરી શકાય તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો મને રજા આપો, એટલે હું મારે ઘેર ચાલ્યો જઇશ" ૧૬ જયદ્રથરાજાએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે દુર્યોધનનું મન એકદમ ઉદાસ થઇ ગયું અને તેણે પોતાના મસ્તકને નીચું નમાવી દીધું; તથા તે જયદ્રથરાજાપર આવી પડેલા દુઃખદ પ્રસંગનો વિચાર કરવા લાગ્યો.૧૭ દુર્યોધનને એ પ્રમાણે દુઃખી થયેલો જોઇ સિંધુરાજા પોતાનું હિત વિચારી આ પ્રમાણે કોમળ વચન બોલ્યોઃ–૧૮ "મારૂં રક્ષણ કરી શકે તેવા વીર્યવાળો એકપણ ધનુર્ધર તમારામાં મને દેખાતો નથી, કે જે આ મહાન યુદ્ધમાં અર્જુનનાં અસ્ત્રોનો સામેથી અસ્ત્રો મૂકી નાશ કરી શકે.૧૯ શ્રીકૃષ્ણની સહાયવાળા તથા ગાંડીવધનુષ્યને ધૂણાવતા અર્જુનની આગળ સાક્ષાત્ ઇંદ્ર પણ જો ન ઉભો રહે, તો તમારામાંથી કોણ ઉભો રહી શકે તેમ છે? ૨૦ સાંભળવામાં આવે છે કે, અર્જુને પૂર્વે મહાન વીર્યવાળા પ્રભુ શ્રીશંકર જોડે પણ હિમાલયની તળેટીમાં પગપાળા યુદ્ધ કર્યું છે.૨૧ વળી ઇંદ્રની પ્રેરણા થતાં તેણે એક રથની સહાય લઇનેજ હિરણ્યપુરમાં વસનારા હજારો દાનવોનો સંહાર કરી નાખ્યો છે.૨૨ હું તો આ પ્રમાણે નિશ્ચય માનું છું કે, બુદ્ધિમાન શ્રીકૃષ્ણ સાથે રહેલો અર્જુન, (જો ધારે તો) દેવોસહિત ત્રણેય લોકોનો સંહાર કરી નાખે તેમ છે;૨૩ માટે હે દુર્યોધન રાજા! જો તમે મારૂં માનતા હો તો મને અહીંથી જવાની રજા આપો અથવા પોતાના પુત્રને સાથે રાખી વીર મહાત્મા દ્રોણાચાર્ય મારૂં રક્ષણ કરે તેવી કબૂલાત આપો, એવી મારી ઇચ્છા છે."૨૪ હે અર્જુન! તે સાંભળી રાજા દુર્યોધને જાતેજ જયદ્રથનું રક્ષણ કરવા માટે આચાર્યની ઘણી ઘણી પ્રાર્થનાઓ કરી; અને આખરે દ્રોણાચાર્યેજ તેને માટે યોગ્ય ઉપાય કર્યો છે તથા બધા રથો સજ્જ કરવામાં આવ્યા છે.૨૫ કર્ણ, ભૂરિશ્રવા, અશ્વત્થામા, દુર્જય વૃષસેન, કૃપાચાર્ય અને મદ્રરાજા, આ છ મહારથીઓને એ જયદ્રથરાજાની આગળ ચાલતા કરવામાં આવ્યા છે.૨૬ દ્રોણાચાર્યે અર્ધશકટાકાર તથા અર્ધપદ્માકાર વ્યૂહ રચ્યો છે અને પદ્મ(કમળ)ની કળીના મધ્યભાગમાં એક સૂચીમુખ નામનો વ્યૂહ રચ્યો છે. તે વ્યૂહની પાસે પેલા છ મહારથી વીરોના રક્ષણતળે રહેલો અતિદુર્મદ સિંધુરાજા ઉભો રહેશે. હે પાર્થ! એ છ મહારથીઓ ધનુષ્યમાં, અસ્ત્રમાં, વીર્યમાં, માનસિક બળમાં તથા શારીરિક બળમાં ઘણા અસહ્ય થઇ પડે તેવા છે અને તેઓ દૃઢ નિશ્ચયવાળા પણ છે. એ છ મહારથીઓને જીત્યાવિના જયદ્રથ કદી હાથમાં આવે તેમ નથી. હે પુરુષવ્યાઘ્ર અર્જુન! એ છ મહારથીઓમાંના એકેકના વીર્યનો તો તું વિચાર કર! તોપછી તે બધા જ્યારે એકત્ર થઇને આવશે, ત્યારે તેઓ બધાને જીતવા સહેલ નથી;૨૭–૩૦ માટે આપણું હિત કરવામાટે તથા ધારેલું કાર્ય સિદ્ધ કરવામાટે મંત્રને જાણનારા મંત્રીઓસાથે તથા આપણા સુહૃદોસાથે આ સંબંધનો ફરી પણ હું વિચાર કરીશ."૩૧

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં
'શ્રીકૃષ્ણનું વાક્ય' એ વિષયનો
અધ્યાય ૭૫ મો સમાપ્ત

અધ્યાય ૭૬ મો

શ્રીકૃષ્ણપ્રત્યે અર્જુનનાં વચનો

॥ अर्जुन उवाच ॥

षड्रथान्धार्तराष्ट्रस्य मन्यसे यान्बलाधिकान्
तेषां वीर्यं ममार्धेन न तुल्यमिति मे मतिः॥१

અર્જુને કહ્યું:–"હે શ્રીકૃષ્ણ! દુર્યોધનના છ મહારથીઓ કે જેઓને તમે અધિક બળવાન માનો છો, પણ તેઓ બધાનું વીર્ય મારા અર્ધા વીર્ય જેટલું છે, એમ હું નિશ્ચય માનું છું.૧ હે મધુસૂદન! જયદ્રથનો વધ કરવા ઇચ્છીને આવતીકાલે હું સર્વનાં અસ્ત્રોનો મારાં અસ્ત્રોથી કેવો નાશ કરૂં છું, તે તમે જોશો.૨ રે! દ્રોણાચાર્યના દેખતાંજ હું પરિવારસહિત વિલાપ કરતા સિંધુરાજાના મસ્તકને પૃથ્વીપર પાડી દઇશ.૩

હે મધુદૈત્યનો નાશ કરનાર શ્રીકૃષ્ણ! કદાચ ધારો કે સાધ્યો, રુદ્રો, વસુઓ, અશ્વિની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારો, ઇંદ્રસહિત દેવો,ઇશ્વરસહિત વિશ્વેદેવાઓ, પિતરો, ગંધર્વો, ગરુડો, સાગરો, સ્વર્ગ, આકાશ, પૃથ્વી-આ બધી દિશાઓ અથવા બધા દિક્પાલો તથા ગામમાં વસનારાં કે જંગલમાં વસનારાં હરકોઈ સ્થાવરજંગમ પ્રાણીઓ સિંધુરાજનું રક્ષણ કરશે; તોપણ બાણોવડે હું તેનો રણમાં નાશ કરીશ, તે તમે આવતીકાલે જોશો. હે કૃષ્ણ! હું સત્યના તથા આ મારા આયુધના સોગંદ ખાઇને કહું છું કે, જો કદાચ મહાધનુર્ધર દ્રોણાચાર્ય, દુષ્ટ બુદ્ધિવાળા એ પાપી જયદ્રથનું રક્ષણ કરશે તો પ્રથમજ તે દ્રોણાચાર્યસામે પણ હું યુદ્ધ કરવા ચઢી જઇશ.[૮] દુર્યોધન આ યુદ્ધરૂપ દ્યૂતના વિજયનો આધાર અવશ્ય તે દ્રોણાચાર્યપર રાખી રહ્યો છે, માટે તે દ્રોણાચાર્યનીજ સેનાના આગળના ભાગને તોડી નાખી હું જયદ્રથસામે ધસી જવાનો છું. આવતીકાલના યુદ્ધમાં વજ્રોથી જેમ પર્વતોનાં શિખરોને તોડી પાડવામાં આવે, તેમ મોટા મોટા ધનુર્ધરોને હું પાણીદાર તીક્ષ્ણ બાણોથી ચીરી-તોડી પાડીશ, તે તમે જોશો.[૧૦] મારાં તીક્ષ્ણ બાણોથી છિન્નભિન્ન થઈને પડતા અને પડેલા પાળાઓ, હાથીઓ તથા ઘોડાઓનાં શરીરોમાંથી લોહીનાં ઝરણો વહેશે.[૧૧] મારા ગાંડીવધનુષ્યમાંથી સડસડાટ છૂટેલાં તથા વેગમાં મન અને વાયુસરખાં બાણો હજારો મનુષ્યો, હાથીઓ તથા ઘોડાઓને શરીર અને પ્રાણવિનાના કરી નાખશે.[૧૨] આવતીકાલના યુદ્ધમાં સર્વ મનુષ્યો મેં યમ, કુબેર, વરુણ, ઇંદ્ર અને રુદ્ર પાસેથી જે દિવ્ય અસ્ત્રો મેળવ્યાં છે, તેને જોશે.[૧૩] વળી સિંધુરાજાનું રક્ષણ કરનારા યોદ્ધાઓનાં અસ્ત્રોને મારૂં બ્રહ્માસ્ત્ર એ રણમાં કેવી રીતે નાશ કરી નાખશે, તે પણ તમે જોઇ રહેશો;[૧૪] એટલુંજ નહિ પણ હે કેશવ! આવતીકાલના યુદ્ધમાં મારાં બાણોના વેગથી કચાકચ કપાઈ પડતાં રાજાઓનાં મસ્તકોથી આખી રણભૂમિને હું છાઇ દઇશ, તે પણ તમારા જોવામાં આવશે.[૧૫] તે યુદ્ધમાં હું રાક્ષસોને તૃપ્ત કરીશ, શત્રુઓને હાંકી કાઢીશ, સુહૃદોને આનંદિત કરીશ અને સિંધુરાજાનો નાશ કરીશ.[૧૬] અમારા અનેક અપરાધો કરનાર, અમારોજ નીચ સંબંધી તથા પાપાચરણી દેશમાં ઉત્પન્ન થયેલો રાજા જયદ્રથ આવતીકાલે મારા હાથે મરણ પામી, પોતાના સંબંધીઓને રડાવશે.[૧૭] હરકોઇ પ્રાણીનું દૂધ અને હરકોઇ જાતના અન્નનું ભક્ષણ કરનાર પાપાચારી રાજા જયદ્રથને તેના સહાયક રાજાઓની સાથે હું બાણોથી ભેદી નાખીશ, તે તમે જોશો.[૧૮] હે કૃષ્ણ! આવતીકાલના પ્રભાતમાં એવું કર્મ કરી દેખાડીશ,કે જેથી દુર્યોધન એક વખત એમજ માની બેસશે કે, આ અર્જુનસરખો લોકમાં બીજો એક પણ ધનુર્ધર નથી.[૧૯] હે પુરુષોત્તમ! હે હૃષીકેશ! મારા હાથમાં આ દિવ્ય ગાંડીવધનુષ્ય છે; હું પોતેજ જ્યાં યુદ્ધ કરનારો છું અને તમે મારા સારથિ છો તો પછી હું કેમ ન જીતી શકું?[૨૦] હે ભગવન્! તમારી કૃપાથી રણમાં શું મને ન મળે તેવું છે? હે હૃષીકેશ! તમે મને શત્રુઓથી અસહ્ય જાણો છો, છતાં કેમ નિંદો છો?[૨૧] હે જનાર્દન! ચંદ્રમાં જેમ લાંછન સ્થિર છે અને સમુદ્રમાં જેમ જળ સ્થિર છે, તેમ આ મારી પ્રતિજ્ઞાને પણ તમે સત્યજ જાણજો.[૨૨] તમે મારાં અસ્ત્રોનું, મારા દૃઢ ધનુષ્યનું, મારા બે બાહુઓના બળનું અને મારૂં પોતાનું પણ અપમાન ન કરો.[૨૩] જે જે સંગ્રામમાં હું યુદ્ધ કરવા જાઉં છું ત્યાં ત્યાં મને કોઇએ જીત્યો નથી, પણ મેં બધાને જીત્યા છે. તે સત્યપરથી તમારે સમજી લેવું કે, આ યુદ્ધમાં પણ જયદ્રથ માર્યો ગયો છે.[૨૪] બ્રાહ્મણમાં સત્ય સ્થિર હોય છે, સત્ય પુરુષોમાં ઉત્તમ નમ્રતા સ્થિર હોય છે, યજ્ઞોમાં લક્ષ્મી સ્થિર હોય છે; તેમજ નારાયણમાં જય સ્થિર હોય છે.[૨૫]

સંજયે કહ્યું:-એ પ્રમાણે આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણને અર્જુને પોતાના મનમાં હતું તે કહીને ગર્જના કરતાં પુનઃ કેશવ પ્રભુને કહ્યું:-[૨૬] 'હે શ્રીકૃષ્ણ! રાત્રિ વીત્યા પછી પ્રભાત થતાંજ મારો રથ તૈયાર રહે તેમ તમે કરજો; કારણકે આપણે મહાન કાર્ય ઉઠાવ્યું છે.'[૨૭]

અધ્યાય ૭૬ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૭૭ મો

શ્રીકૃષ્ણે કરેલું સુભદ્રાનું આશ્વાસન

॥ संजय उवाच ॥

तां निशां दुःखशोकार्तौ निःश्वसंताविवोरगौ
निद्रां नैवोपलेभाते वासुदेवधनंजयौ ॥१॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા! દુઃખ અને શોકથી પીડાતા તથા સર્પની પેઠે મોટા નિઃશ્વાસ મૂકતા શ્રીકૃષ્ણને તથા અર્જુનને તે રાત્રે નિદ્રા આવીજ નહિ.[૧] નરનારાયણને એ પ્રમાણે ક્રોધાયમાન થયેલા જાણી ઇંદ્રસહિત દેવો પણ ગભરાઇ જઈ વિચારમાં પડી ગયા કે, હવે શું થશે?[૨] તે સમયે અતિદારુણ, કર્કશ અને ઘોર ઉત્પાતને સૂચવનારા વાયરા વાવા લાગ્યા તથા સૂર્યમંડળમાં ધડસહિત મંડળ દેખાવા લાગ્યું.[૩] કડાકાઓની સાથે અને વિજળીઓના ઝબકારા સાથે શુષ્ક વજ્રપાતો થવા લાગ્યા; તેમજ પર્વતો, વનો અને જંગલો સાથે પૃથ્વી કંપવા લાગી.[૪] હે મહારાજ! મગરમચ્છોના નિવાસભૂત સમુદ્રો ખળભળવા લાગ્યા તથા સમુદ્ર તરફ જનારી નદીઓ અવળી પોતાના પ્રવાહ સામે વહેવા લાગી.[૫] રાક્ષસોના હર્ષમાટે તથા યમરાજાની રાજધાનીમાં વધારો કરવા માટે રથો, ઘોડા, મનુષ્યો અને હાથીઓ ઉપરનીચે થઈ રહ્યા.[૬] હાથી, ઘોડા આદિ વાહનોનાં મળમૂત્ર છૂટી ગયાં અને તેઓ રડવા લાગ્યાં. હે ભરતશ્રેષ્ઠ રાજા! જોતાં રૂંવાં ઉભાં થઈ જાય તેવા તે દારુણ ઉત્પાતોને જોઇને તથા મહાબળવાન અર્જુનની ઉગ્ર પ્રતિજ્ઞા સાંભળીને તમારા સર્વ સૈનિકો બેબાકળા થઇ ગયા.[૭–૯]

તે પછી મોટી ભુજાવાળા ઇંદ્રપુત્રે શ્રીકૃષ્ણને કહ્યું કે:–"હે માધવ! પુત્રના શોકથી પીડાતી તમારી દુઃખી બહેન સુભદ્રાનું, ઉત્તરાનું તથા તેની સખીઓનું તમે આશ્વાસન કરો; અને તે સર્વને શોકરહિત કરો. ઓ પ્રભુ! સામ તથા સત્યથી યુક્ત વચનો કહી, તે સર્વને તમે ધૈર્ય આપો."[૯,૧૦] તે સાંભળી વાસુદેવ પોતે અત્યંત ઉદાસ મનવાળા હતા, છતાં અર્જુનના તંબુ–ગૃહમાં જઇ પુત્રના શોકથી પીડાતી પોતાની દુઃખી બહેન સુભદ્રાનું આશ્વાસન કરવા લાગ્યા.[૧૧]

શ્રી વાસુદેવે કહ્યું:–"હે યાદવકુળમાં જન્મેલી બહેન સુભદ્રા! વહુસહિત તું હવે કુમાર અભિમન્યુનો શોક મા કર. હે ભીરુ! સર્વ પ્રાણીઓની કાલનિર્મિત આવીજ સમાપ્તિ થયા કરે છે.[૧૨] ધીર ક્ષત્રિયના કુળમાં જન્મેલા તારા પુત્રનું આ મરણ વિશેષે કરીને યોગ્યજ છે, માટે શોક મા કર.[૧૩] પોતાના પિતાસમાન પરાક્રમવાળો તારો ધીર મહારથી પુત્ર, ક્ષાત્રધર્માનુસાર વીર પુરુષોને ઇષ્ટ ગતિને પામ્યો છે, એ આપણા એક સુદૈવનીજ વાત છે.[૧૪] તેણે રણમાં અતિ ઘણા શત્રુઓને જીતી મૃત્યુ પાસે વિદાય કરી દીધા છે; અને પછીથીજ તે, સર્વ કામનાઓને દૂઝનારા પુણ્યવંતોના અક્ષયલોકોમાં સિધાવ્યો છે.[૧૫] તપથી, બ્રહ્મચર્યથી, શાસ્ત્રથી અને બુદ્ધિથી સત્પુરુષો જે ગતિને ઇચ્છે છે, તે ગતિને તારો પુત્ર પામ્યો છે.[૧૬] હે ભદ્રે! તું વીરમાતા છે, વીરપત્ની છે, વીરકન્યા છે અને વીર બાંધવોવાળી છે, માટે તું પુત્રનો શોક મા કર; કારણકે તારો પુત્ર પરમ ગતિને પામ્યો છે.[૧૭] બાળકનો ઘાત કરાવનાર એ પાપી સિંધુરાજા, તેના સુહૃદ્‌ગણો તથા બાંધવોસાથે આ અપરાધનું ફળ પામશે.[૧૮] હે વરારોહે! આ રાત્રિ વીત્યા પછી પ્રભાતમાંજ પાપકર્મ કરનારો એ સિંધુરાજા, દેવનગરી અમરાવતીમાં ભરાઇ પેસશે, તોપણ અર્જુનથી મુક્ત થશે નહિ.[૧૯] આવતીકાલેજ તું સાંભળીશ કે, રણમાં કપાયેલું સિંધુરાજાનું મસ્તક સમંતપંચક (કુરુક્ષેત્રમાં આવેલું તે નામનું એક તીર્થ)થી બહાર પડયું છે; માટે તું શોક મા કર અને રડ નહિ.[૨૦] જે ગતિને અમે પોતે પણ પામવાના છીએ તથા બીજા શસ્ત્રપર આજીવિકા કરનારા ક્ષત્રિયો પામે છે, તે સત્પુરુષોની ગતિને ક્ષત્રિયધર્મને માન આપી તારો શૂરવીર પુત્ર પામ્યો છે.[૨૧] હે વરાંગના! વિશાળ વક્ષઃસ્થળવાળો, મોટી ભુજાવાળો, રણમાં પાછો નહિ હઠનારો અને રથોના ભુક્કા કાઢી નાખનારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારો પુત્ર સ્વર્ગે ગયો છે; માટે તું સંતાપનો ત્યાગ કર.[૨૨] વીર્યવાન તારો પુત્ર, પિતૃપક્ષ તથા માતૃપક્ષને બરાબર અનુસર્યો છે. હજારો શત્રુઓનો સંહાર કર્યા પછી તે શૂરો મહારથી રણમાં માર્યો ગયો છે.[૨૩] હે રાજપત્નિ ! તારી વહુને ધીરજ આપ. હે ક્ષત્રિયપુત્રિ ! ઘણો શોક મા કર. આવતીકાલેજ અતિમહાન પ્રિય સાંભળીને હે નંદિનિ ! તું શોકરહિત થઇશ. અર્જુને જે પ્રતિજ્ઞા કરી છે, તે કદી અન્યથા થવાની નથી. તારો સ્વામી જે કંઇ કરવા ધારે છે, તે કદી નિષ્ફળ થતું નથી.[૨૫] રે ! વધારે શું કહેવું ? પણ મનુષ્યો, પિશાચો, સર્પો, રાક્ષસો, પક્ષીઓ, દેવો કે અસુરો રણમાં રહેલા સિંધુરાજનું કદાચ રક્ષણ કરશે; તોપણ આવતીકાલના પ્રભાતે તેનું રક્ષણ કરનારાઓની સાથે તે (જયદ્રથ) આ જગતમાં રહેવાનો નથી."[૨૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં 'સુભદ્રાનું આશ્વાસન' એ વિષયનો અધ્યાય ૭૭ મો સમાપ્ત

અધ્યાય ૭૮ મો

સુભદ્રાનો વિલાપ

॥ संजय उवाच ॥

एतच्छ्रुत्वा वचस्तस्य केशवस्य महात्मनः।
सुभद्रा पुत्रशोकार्ता विललाप सुदुःखिता॥१॥

સંજયે કહ્યું:—મહાત્મા કેશવનું એ વચન સાંભળી અતિ દુઃખી થયેલી તથા પુત્રના શોકથી વિહ્વળ બનેલી સુભદ્રા વિલાપ કરવા લાગી:— "હા પુત્ર ! મારા મંદ ભાગ્યે તારા પિતાસરખો પરાક્રમી છતાં તું રણમાં જઇને કેવી રીતે મરણ પામ્યો ?[૨] હે વત્સ ! કાળા કમળસરખું શ્યામ, સુંદર દાઢોવાળું તથા સુંદર નેત્રવાળું તારૂં રણની રજભરેલું મુખ હવે મને દેખાશે ?[૩] ખરેખર, રણમાંથી પાછી પાની નહિ કરનાર, સુંદર મસ્તક, ડોક અને બાહુઓવાળા, વિશાળ વક્ષઃસ્થળવાળા અને પાતળા પેટવાળા શૂરવીર તને આજે રણમાં પડેલો બધાં જુએ છે ! સુંદર અને પુષ્ટ અવયવોવાળા, સુંદર નેત્રોવાળા તથા શસ્ત્રોના ઘાથી વ્યાપ્ત થયેલા તને સર્વ ભૂતો ઉદય પામેલા ચંદ્રની પેઠે જોઇ રહ્યા છે ! જે તારૂં પૂર્વકાળનું શયન સુંદર ઓછાડોથી ઓછાડવામાં આવતું હતું, તે સુખને તું યોગ્ય છે; છતાં આજે બાણોથી વિંધાઇને રણભૂમિપર કેમ સૂતો છે ?[૬] મહાન ભુજાવાળા જે વીરની પૂર્વે સુંદર સ્ત્રીઓ સેવા કરતી હતી, તેનો તેજ તું આજે રણમાં પડીને શિયાળવીઓથી કેમ સેવાય છે ?[૭] અરેરે ! પ્રથમ હર્ષમાં આવેલા ભાટચારણો જેની સ્તુતિ કરતા હતા, તેનેજ આજે ગર્જના કરતા ઘોર રાક્ષસગણો ઉપાસી રહ્યા છે ![૮] હે સમર્થ પુત્ર ! પાંડવો, વીર યાદવો તથા વીર પાંચાલો જેવા તારાપર નાથ હતા; છતાં અનાથની પેઠે તને આજે કોણે મારી નાખ્યો ? [૯] ઓ નિર્દોષ પુત્ર ! હું મંદભાગિની હજી પુત્રનું દર્શન કરવામાં અતૃપ્તજ રહી છું, તેટલામાં તો આજે તારા વિયોગથી અવશ્ય હું યમમંદિરે ચાલી જઇશ.[૧૦] હા પુત્ર ! વિશાળ નેત્રોવાળું, સુંદર કેશવાળું, સુંદર વાક્ય બોલતું, સુગંધદાર અને કોઈ જાતના ઘાવિનાનું તારૂં મુખ ફરી હું ક્યારે જોઇશ ?[૧૧] ભીમસેનના બળને ધિક્કાર હજો ! અર્જુનના ધનુર્ધરપણામાં ધિક્કાર પડજો ! વીર યાદવોના વીર્યને ધિક્કાર છે ! પાંચાલોના બળને પણ ધિક્કાર છે ! કેકયો, ચેદિઓ, મત્સ્યો અને સૃંજયોને પણ ધિક્કાર છે, કે જેઓ રણમાં રહેલા તારા જેવા વીરનું રક્ષણ કરવા સમર્થ થયા નહિ ! હાય ! આજે હું અભિમન્યુને નથી જોતી તેથી આ સઘળી પૃથ્વી જાણે શૂન્ય થઇ ગઈ હોય, તેમ મને નિસ્તેજ દેખાય છે અને મારાં નેત્રો શોકથી વ્યાકુળ થઈ જાય છે.[૧૪] અરે, ઓ દીકરા ! વાસુદેવનો ભાણેજ અને ગાંડીવધનુર્ધારીનો પુત્ર વીર અતિરથી તને આજે રણમાં પાડી નાખેલો હું કેમ જોઇ શકું ? [૧૫] હે વત્સ ! આવ, આવ. તને તૃષા લાગી હશે, માટે મારા ખોળામાં બેસી દૂધભર્યા મારા સ્તનનું સત્વર પાન કર. હું મંદભાગિની તારાં દર્શન કરવામાં અતૃપ્ત છું.[૧૬] હા વીર ! સ્વપ્નમાં દેખાયેલા ધનની પેઠે તું મને દેખાવ દઇનેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ પામ્યો છે. અહો ! આ પરથીજ સિદ્ધ થાય છે કે, મનુષ્યજન્મ પાણીના પરપોટાની પેઠે ચંચળ અને અનિત્ય છે.[૧૭] અરે ! બીજું તો ઠીક, પણ આ તારી તરુણી ભાર્યા કે જે તારા વિરહની વેદનાથી વ્યાપ્ત થઇ ગઇ છે, તેનું વાછરડાવિનાની ગાયની પેઠે હું કેવી રીતે રક્ષણ કરી શકીશ ?[૧૮]

અહો ! હે પુત્ર ! તું અકાળે ચાલી નીકળ્યો છે; કારણ કે તારા દર્શનમાં લુબ્ધ થયેલી મને તેં ફળકાળે ત્યજી છે.[૧૯] ખરૂં છે કે, કાળની ગતિ વિદ્વાનોને પણ જાણવી અતિગહન છે; કારણકે શ્રીકૃષ્ણસરખા તારા પર નાથ હતા, છતાં તું અનાથની પેઠે યુદ્ધમાં માર્યો ગયો છે.

ઓ ! મારા પ્રિયપુત્ર ! યજ્ઞ કરનારા, દાનશીલ, પુણ્યાત્મા, બ્રહ્મચર્ય પાળવાવાળા, પવિત્ર તીર્થોમાં સ્નાન કરનારા, કૃતજ્ઞ, દાતા, ગુરુસેવા કરનારા તથા હજારો દક્ષિણા દેનારા બ્રાહ્મણો જે ગતિને પામે તે ગતિને તું પામજે. પૂંઠ નહિ દેખાડીને યુદ્ધ કરનારા તથા શત્રુઓને મારીને મરણ પામેલા શૂરા પુરુષો જે ગતિએ જાય તે ગતિએ તું જજે.[૨૩] હજારો ગાયોનું દાન કરનારા, યજ્ઞયાગ કરનારા અને ઉપયોગી સામાનથી ભરેલા ઘરનું દાન કરનારા પુરુષોની જે શુભગતિ થાય છે, તે ગતિ તારી પણ થાઓ.[૨૪] હે પુત્ર ! શરણે આવેલા બ્રાહ્મણોને ધનભંડારનું દાન કરી દેનારા તથા અભિમાનનો ત્યાગ કરનારા પુરુષો જે ગતિએ જાય છે, તે ગતિએ તું જજે.[૨૫] તીક્ષ્ણ વ્રતવાળા મુનિઓ બ્રહ્મચર્યથી જે ગતિને પામે છે તથા પતિવ્રતા સ્ત્રીઓ જે ગતિને પામે છે, તે ગતિને તું પામજે.[૨૬] શુભ ચરિત્રોથી તથા ચાર વર્ણાશ્રમોનાં સુરક્ષિત પુણ્યથી પવિત્ર થયેલા રાજાઓની જે શાશ્વતગતિ થાય છે, તે ગતિ તારીપણ થજો.[૨૭] હે પુત્ર ! દીનપર દયા રાખનારા, અતિથિ આદિનો નિરંતર સંવિભાગ કરનારા તથા ચાડીચુગલી નહિ કરનારા પુરુષો જે ગતિને પામે છે તે ગતિને તું પામજે.[૨૮] હે પુત્ર ! ધર્મશીલ સંન્યાસીઓની, ગુરુની સેવા કરનારાઓની તથા અતિથિઓને નિરાશ નહિ કરનારાઓની જે ગતિ થાય છે, તે ગતિ તારી પણ થજો.[૨૯] કષ્ટદાયક સંકટોમાં શોકરૂપ અગ્નિથી જેઓ બળી ગયા હોય છે; છતાં આત્મહત્યા કરતા નથી તે પુરુષોને જે ગતિ મળે, તે ગતિ તને મળજો.[૩૦] વળી જેઓ હમેશાં માતાપિતાની સેવા કર્યા કરે છે તથા જેઓ પોતાનીજ સ્ત્રીમાં આસક્ત રહે છે, તેઓની ગતિને તું પામજે.[૩૧] હે પુત્ર! જે બુદ્ધિમાનો ઋતુકાળે પોતાની સ્ત્રીસાથે ગમન કરે છે તથા પરસ્ત્રીથી વિમુખ રહે છે ! તે પુરુષોની ગતિને તું પામજે.[૩૨] જેઓ મત્સરનો ત્યાગ કરી સર્વ ભૂતોને સમદૃષ્ટિથી જુએ છે, બીજાઓના મર્મને ભેદી નાખતા નથી તથા ક્ષમાવાળા છે, તેઓને મળનારી ગતિ તને મળો.[૩૩] માંસમદિરાનો ત્યાગ કરનારા, મદ, દંભ અને અસત્યથી નિવૃત્ત થયેલા તથા બીજાઓને સંતાપ નહિ કરનારા પુરુષો જે ગતિએ જાય, તે ગતિએ તું જજે. હે પુત્ર ! લજ્જાવાળા, સર્વશાસ્ત્રને જાણનારા, જ્ઞાનમાં તૃપ્ત રહેનારા એવા જિતેન્દ્રિય સત્યપુરુષો જે ગતિને પામે છે તે ગતિને તું પણ પામજે."

આ પ્રમાણે શોકથી કૃશ થયેલી સુભદ્રા વિલાપ કરી રહી હતી, તેવામાં વિરાટરાજાની પુત્રી ઉત્તરાસાથે દ્રૌપદી ત્યાં આવીપહોંચ્યાં.[૩૬] પછી તો હે રાજન્ ! તે ત્રણેય સ્ત્રીઓ અત્યંત રોકકળ કરીને વિલાપ કરવા લાગી અને ઘણીજ દુઃખી થઇ ગઈ અને ઉન્મત્તની પેઠે બેભાન થઇ પૃથ્વીપર પછડાઈ પડી.[૩૭] દુઃખને દૂર કરનારા ઉપચારો જેઓ જાણે છે તેવા અત્યંત દુઃખી થઇ ગયેલા શ્રીકૃષ્ણે જૂદી જૂદી જાતનાં હિતકારક વચનો કહી તથા પાણી છાંટી સુભદ્રાનું સાંત્વન કર્યું;[૩૮] પણ સુભદ્રા તો તદ્દન નિર્જીવ જેવી થઇ ગઇ હતી, અને મર્મને વિંધી નાખે તેવા વિલાપ કરતી હતી. પોતાની બહેનને આ સ્થિતિમાં જોઇ શ્રીકૃષ્ણ,આ પ્રમાણે પુનઃ કહેવા લાગ્યાઃ–[૩૯] "હે સુભદ્રા ! તું પુત્રનો શોક કર મા. હે દ્રૌપદિ! તમે આ ઉત્તરાને ધીરજ આપો. ક્ષત્રિયશ્રેષ્ઠ અભિમન્યુ, વિશ્વપ્રસિદ્ધ ગતિને પામ્યો છે.[૪૦] હે સુંદરમુખિ ! આપણા કુળમાં બીજા જે જે વીરપુરુષો છે, તે બધા યશસ્વી અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિમન્યુની ગતિને પામો. (ઉલટું આપણે શોક નહિ કરતાં આમ ઇચ્છવું જોઇએ.)[૪૧] તારા મહારથી પુત્રે એકલાએ આજે જેવું પરાક્રમ કર્યું છે, તેવુંજ પરાક્રમ અમે બધા કરીએ તથા આપણા સુહૃદો કરો. (આવી મનમાં આકાંક્ષા રાખ.)"[૪૨]એ પ્રમાણે પોતાની બહેન સુભદ્રાને, દ્રૌપદીને તથા ઉત્તરાને કહી તથા શાંત પાડી શત્રુદમન મહાબાહુ શ્રીકૃષ્ણ અર્જુનનીજ પાસે આવ્યા.[૪૩] તે પછી હે રાજન્! તેમણે સર્વ રાજાઓને, બંધુઓને તથા અર્જુનને પોતપોતાના તંબુઓમાં જવાની આજ્ઞા આપી; જેથી તેઓ સૌ સૌના નિવાસમાં ગયા અને પોતે પણ અંતઃપુરમાં દાખલ થયા.[૪૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં 'સુભદ્રાનો વિલાપ' એ વિષયનો અધ્યાય ૭૮ મો સમાપ્ત

અધ્યાય ૭૯ મો

શ્રીકૃષ્ણ અને દારુક

॥ संजय उवाच ॥

ततोऽर्जुनस्य भवनं प्रविश्याप्रतिमं विभुः ।
स्पृष्ट्वांभः पुंडरीकाक्षः स्थंडिले शुभलक्षणे ॥

સંજયે કહ્યું:–તે પછી કમળસરખાં નેત્રવાળા વિશ્વવ્યાપક શ્રીકૃષ્ણ અર્જુનના અપ્રતિમ ભવન (તંબુ)માં દાખલ થયા. ત્યાં જઇ તેમણે ઉદકસ્પર્શ કરી શુભ ચિહ્નોવાળી વેદિકાપર વૈડૂર્યમણિસરખા દર્ભોની સુંદર શય્યા બિછાવી અને તે શય્યાને માંગલિક પુષ્પમાળા તથા ડાંગરથી વિધિપુરઃસર શણગારી તથા તેની આસપાસ મંડળાકારે ઉત્તમ આયુધો મૂકી દીધાં. પછી અર્જુને સ્નાન કર્યું, એટલે નમ્ર સ્વભાવના સેવકોએ તેની પાસે તેને બતાવીને મહાદેવને અર્પણ કરવાનો રાત્રિસંબંધી બલિ તૈયાર કર્યો. આ પછી અર્જુને પ્રસન્ન મનથી ચંદન તથા પુષ્પમાળાઓ હાથમાં લઇ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું અને તે તૈયાર કરેલો રાત્રિસંબંધી બલિ મહાદેવને અર્પણ કર્યો. પછી ગોવિંદે હસતાં હસતાં અર્જુનપ્રત્યે કહ્યું:–[૧–૫] "હે પાર્થ! હવે તું સૂઇ જા. તારૂં કલ્યાણ થાઓ. હું તારા કલ્યાણમાટે જાઉં છું." આમ કહી દ્વારપાળોને તંબુના દરવાજાપર ગોઠવી દઇ તથા હથિયારબંધ રક્ષકપુરુષોની ત્યાં ગોઠવણ કરી પોતાના સારથિ દારુકની સાથે શ્રીમાન કેશવે પોતાની છાવણીમાં પ્રવેશ કર્યો. ત્યાં જઈ અનેક કાર્યોનો વિચાર કરતા કરતા ઉજ્જવલ શયનમાં સૂતા. સૂતાં સૂતાં અર્જુનને માટે શોક તથા દુઃખનો નાશ કરનાર અને તેજ તથા કાંતિને વધારનાર સર્વ વિચારો તથા યોજનાઓ મનમાં ગોઠવવા લાગ્યા; એટલુંજ નહિ પણ દેવાધિદેવ, સર્વનું કલ્યાણ ઇચ્છનારા, વિશાળ યશવાળા અને અર્જુનનું પ્રિય કરનારા તે સાક્ષાત્ વિષ્ણુએ મનને બરાબર સ્થિર કરી, તે સંબંધી યોગ્ય યોજના ઘડી કાઢી.[૬–૯]

હે રાજન્! તે રાત્રે પાંડવોની છાવણીમાં કોઇને નિદ્રા આવી ન હતી. સર્વ મનુષ્યોને ઉજાગરો થયો હતો.[૧૦] તેઓ માંહોમાંહે વાતો કરતા હતા કે, "પુત્રના શોકથી તપી જઈ મહાત્મા ગાંડીવધનુર્ધારી અર્જુને સિંધુરાજાનો વધ કરવાની જે પ્રતિજ્ઞા કરી છે, તે સાહસ કર્યું છે. શત્રુવીરોનો નાશ કરનાર મહાબાહુ અર્જુન એ પ્રતિજ્ઞા કેવી રીતે સફળ કરશે? ખરેખર! મહાત્મા અર્જુને એક કષ્ટદાયક કર્મ કરવાનો નિશ્ચય કર્યો છે; કારણ કે જયદ્રથરાજા પણ મહાપરાક્રમી છે, છતાં અર્જુન પોતાની પ્રતિજ્ઞા સંપૂર્ણ કરે એમ આપણે ઇચ્છીએ છીએ.[૧૨,૧૩] પુત્રના શોકના સંતાપમાં ને સંતાપમાં તેણે બહુ ભારે પ્રતિજ્ઞા કરી છે. ઇશ્વરકૃપાથી તે પરિપૂર્ણ થાય તો સારૂં; કારણકે તે સિંધુરાજાના ભાઇઓ પણ ઘણા પરાક્રમી છે, તેમ તેની પાસે સૈન્યો પણ ઘણાં છે.[૧૪] વળી ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને આ બધી વાત તે જયદ્રથને જણાવી પણ દીધી છે. અર્જુન આવતીકાલના યુદ્ધમાં જયદ્રથનો વધ કરી તથા શત્રુઓનો સંહાર કરી પોતાની પ્રતિજ્ઞાને પાર કરે તથા પુનઃ નિર્વિઘ્ને પાછા આવે તો ઘણુંજ સારૂં થાય. જો આવતીકાલે અર્જુન જયદ્રથનો વધ નહિ કરી શકે, તો અગ્નિમાં પ્રવેશ કરશે.[૧૫,૧૬] અર્જુને જે પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞા કરીછે,તેને અસત્ય કરવાનેપોતે જરાપણ સમર્થ નથી. આમ હોવાથી જો કદાચ અર્જુનનું મરણ થાય તો રાજા ધર્મપુત્ર કેમ રહેશે ?[૧૭] યુધિષ્ઠિરરાજાએ આ યુદ્ધમાં વિજય મેળવવામાટે અર્જુનપર સર્વ આધાર રાખ્યો છે. આપણે આજ દિવસસુધીમાં જે પુણ્ય કર્યું હોય, દાન આપ્યું હોય તથા હવન–હોમ કર્યા હોય તે બધાનાં ફળથી અર્જુન યુદ્ધમાં શત્રુઓને જીતો."

હે રાજન્ ! આમ કહી તેઓ બધાએ અર્જુનના વિજયની ઇચ્છા રાખી માંહોમાહે વાતો કરીને મહાદુઃખે એ રાત્રિ ગાળી હતી. તેજ રાત્રિમાં શ્રીકૃષ્ણ મધરાત્રે જાગી ગયા હતા અને અર્જુનની પ્રતિજ્ઞાનું સ્મરણ કરી દારુકપ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–"હે દારુક! પોતાના પુત્રના વધથી વિહ્વળ થયેલા અર્જુને એકાએક પ્રતિજ્ઞા કરી છે કે, "આવતીકાલ થતાં હું જયદ્રથનો વધ કરીશ." આ વાત સાંભળતાંજ દુર્યોધન પોતાના મંત્રીઓ સાથે " યુદ્ધમાં જયદ્રથનો કેમ કરવાથી વધ ન થાય ?" એ બાબતનો વિચાર ચલાવશે અને એવી યોજના કરશે કે, પોતાની સર્વ અક્ષૌહિણી સેનાઓ જયદ્રથનું રક્ષણ કરશે. ઉપરાંત સર્વ અસ્ત્રવિદ્યાના પારને પામેલા દ્રોણાચાર્ય પણ પોતાના પુત્રને સાથે રાખી સિંધુરાજનું રક્ષણ કરશે.એ દ્રોણાચાર્ય કંઇ જેવા તેવા નથી; કારણકે દૈત્યો અને દાનવોના ગર્વનો નાશ કરનાર એવો અતુલ વીર ઇંદ્ર પણ દ્રોણાચાર્યના રક્ષણતળે રહેલાનો યુદ્ધમાં વધ કરવાને હિમ્મત ધરી શકતો નથી; તેથી મારે પોતાનેજ આવતીકાલે એવું કરવું પડશે કે જેથી કુંતાનો પુત્ર અર્જુન સૂર્યાસ્તની પહેલાંજ જયદ્રથનો વધ કરી શકશે. હે દારુક ! મને મારી સ્ત્રીઓ, મિત્રો, જ્ઞાતિભાઇઓ, બાંધવો કે બીજો હરકોઈ સંબંધી કુંતાનાપુત્ર અર્જુનથી વધારે પ્રિય નથી. એક મુહૂર્તકાળસુધી પણ હું અર્જુનવિનાનો આ લોક જોઈ શકું નહિ; માટે આવતીકાલે જયદ્રથનો વધ ન થાય અને અર્જુન અગ્નિમાં બળી મરે તેમ કદી બનશે નહિ. અરે, હું જાતેજ આવતીકાલે કર્ણ,દુર્યોધન આદિ સર્વ રાજાઓને જીતી લઈ તેમના હાથીઘોડાસહિત બધાનો અર્જુનને માટે નાશ કરી નાખીશ. આવતીકાલના મહાન રણમાં ત્રણેય લોકો મારૂં પરાક્રમ ભલે જોઈ રહે.[૧૮,૨૯] હે દારુક ! આવતીકાલના યુદ્ધમાં અર્જુનને માટે પરાક્રમ કરી હું હજારો રાજાઓને તથા સેંકડો રાજપુત્રોને તેમના ઘોડા, હાથી અને રથસહિત રણમાંથી હાંકી કાઢીશ. હે દારુક ! આવતીકાલે મારૂં ચક્ર રાજાઓની સેનાનો કેવો સંહાર કરે છે, તે તું જોજે.[૩૦,૩૧] એકદમ ક્રોધાયમાન થઇ હું અર્જુનમાટે સર્વ સેનાને રણમાં રગદોળી નાખીશ. દેવો, ગંધર્વો, પિશાચો, સર્પો, રાક્ષસો અને સર્વ લોકો મને અર્જુનના મિત્રતરીકે આવતીકાલે બરાબર જાણશે. જે અર્જુનનો દ્વેષ કરે છે,તે મારો પણ દ્વેષ કરે છે. જે અર્જુનને અનુસરે છે,તે મને પણ અનુસરે છે. આવો તું તારી બુદ્ધિથી સંકલ્પ કરજે કે, અર્જુન મારૂં–શ્રીકૃષ્ણનું અર્ધું અંગ છે.

માટે આ રાત્રિ વીત્યા પછી પ્રભાત થતાંજ આપણા ઉત્તમરથને શાસ્ત્રોક્ત વિધિએ સાવધાનીપૂર્વક બરાબર તૈયાર કરી સત્વર લાવજે. હે સૂત ! તે રથમાં કૌમોદકી ગદા, દિવ્ય શક્તિ, ચક્ર, ધનુષ્ય, બાણો તથા બીજાં લડાયક સાધનો મૂકજે, તેમજ રથની બેઠકપર ઉપરના ભાગમાં યુદ્ધમાં રથને શોભાવનાર મારા વીર ગરુડધ્વજની યોજના કરજે તથા સૂર્ય અને અગ્નિસમાન પ્રભાવવાળી વિશ્વકર્માએ બનાવેલી દિવ્યસુવર્ણની શેરોવાળું છત્ર પણ ઉપર ધરાવજે. બલાહક,મેઘપુષ્પ, શૈબ્ય અને સુગ્રીવ નામના ચારે ઘોડાઓને બરાબર શણગારી રથમાં જોડજે; અને તું પોતે પણ કવચ ધારણ કરી બરાબર સજ્જ થઇને ઉભો રહેજે. પછી હે દારુક ! ઋષભ નામના સ્વરથી પૂર્ણ તથા ભયંકર નાદવાળા મારા પાંચજન્ય નામના શંખનો ઘોષ જ્યારે તું સાંભળે કે તુરત મારી પાસે આવજે. હે દારુક ! મારી ફોઇના પુત્ર ભાઇ અર્જુનના ક્રોધને તથા સર્વ દુઃખોને હું એકજ દિવસમાં દૂર કરી દઇશ. હું સર્વ ઉપાયે પ્રયત્ન કરીશ, કે જેથી અર્જુન યુદ્ધમાં કૌરવોના દેખતાં જયદ્રથરાજાનો વધ કરશે.હે સારથિ ! અર્જુન જેનો જેનો વધ કરવા પ્રયત્ન કરશે, ત્યાં ત્યાં તેનો અવશ્ય વિજય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે, એમ હું ઇચ્છું છું."

તે સાંભળી દારુકે કહ્યું:-"હે પુરુષવ્યાઘ્ર! તેનો અવશ્ય જય થવાનો છે. પરાજય તો ક્યાંથીજ થાય? કારણકે તમે તેનું સારથિપણું સ્વીકાર્યું છે.[૪૩] મને તમે જે પ્રમાણે આજ્ઞા આપી છે, તે પ્રમાણે હું બધું કરીશ. અર્જુનના વિજયમાટે આ રાત્રિ સુપ્રભાતવાળી થાઓ."

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં "કૃષ્ણ અને દારુકનું સંભાષણ" એ વિષયનો અધ્યાય ૭૯ મો સમાપ્ત

અધ્યાય ૮૦ મો

અર્જુનસ્વપ્ન

॥ संजय उवाच ॥

कुंतिपुत्रस्तु तं मंत्रं स्मरन्नेव धनंजयः ।
प्रतिज्ञामात्मनो रक्षन् मुमोहाचिंत्यविक्रमः॥

સંજયે કહ્યું:-અચિંત્ય પરાક્રમવાળો તથા પોતાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરનારો અર્જુન, "જયદ્રથનો વધ કેવી રીતે કરવો" એ વિચારનું સ્મરણ કરતાં કરતાંજ મોહમાં પડી ગયો-નિદ્રાવશ થઇ ગયો.[૧] શોકથી સંતાપ પામેલા તથા એ બાબતનોજ વિચાર કરતા મહાતેજસ્વી કપિધ્વજ અર્જુનને એક સ્વપ્ન દેખાયું; અને તેમાં તેણે શ્રીકૃષ્ણને પોતાની પાસે આવેલા જોયા.[૨] ધર્માત્મા અર્જુન, સર્વ અવસ્થામાં શ્રીકૃષ્ણને જોતાં તેમની સામે ભક્તિ અને પ્રેમપૂર્વક ઉભો થઈ જતો; જેથી તે સમયે તે તુરત ઉભો થયો અને ગોવિંદને આસન આપી પોતે આસનપર નહિ બેસતાં સામે ઉભો રહ્યો. તે પછી મહાતેજસ્વી શ્રીકૃષ્ણ આસનપર બિરાજ્યા અને પોતે અર્જુનનો નિશ્ચય જાણી લઇને તેનાપ્રત્યે આ પ્રમાણે બોલ્યા:-"હે પાર્થ! તું મનમાં ખેદ ન કર; કારણકે કાળ દુર્જય છે. તે કાળજ સર્વ ભૂતોને અવશ્ય ભાવિ કર્તવ્યમાં પ્રવર્તાવે છે.[૬] હે મનુષ્યશ્રેષ્ઠ! શામાટે તને શોક થાય છે? તે મને કહે. હે વિદ્વાનોમાં શ્રેષ્ઠ અર્જુન! તારે શોક નહિ કરવો જોઇએ; કારણકે શોક કાર્યનો નાશ કરે છે,[૭] માટે તારે જે કાર્ય કરવાનું હોય તેને કર્મદ્વારા કર્યા કર. હે ધનંજય! કોઇપણ જાતનું કર્મ નહિ કરનાર-નિરુદ્યમી પુરુષનો શોક તેના શત્રુરૂપે થઇ પડે છે.[૮] શોક કરનારો માણસ શત્રુઓને આનંદિત કરે છે, બાંધવોને કૃશ કરે છે અને તે પોતે પણ પ્રતિદિન ક્ષીણ થતો જાય છે; માટે તારે શોક કરવો યોગ્ય નથી."[૯]

એ પ્રમાણે જ્યારે ભગવાન વાસુદેવે કહ્યું, ત્યારે વિદ્વાન અર્જુને યોગ્ય અર્થવાળું આ પ્રમાણેનું વચન કહ્યું:-"હે કેશવ! મેં જયદ્રથનો વધ કરવામાટે મહાન પ્રતિજ્ઞા કરી છે. તે દુરાત્મા મારા પુત્રનો નાશ કરનારને આવતી કાલે હું મારીશ;[૧૧] પણ મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવામાટે કૌરવો, સિંધુરાજ જયદ્રથને સર્વ મહારથીઓના રક્ષણતળે સર્વ સૈન્યની પાછળ રાખશે.[૧૨] હે માધવ! અતિ દુર્જય એવી અગીઆર અક્ષૌહિણી સેનાઓ તેઓની પાસે હજી કેટલીએક સેના માર્યા ગયા છતાં પણ બાકી છે. હે કૃષ્ણ! તે અક્ષૌહિણી સેનાથી તથા સર્વ મહારથીઓથી વિંટાયેલા દુષ્ટાત્મા સિંધુરાજાને જોઇ પણ કેમ શકાશે?[૧૪] (જ્યારે તે જોવા પણ નહિ મળે ત્યારે) તેનો નાશ કરી મારી પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ થઈ શકશે? અર્થાત્ તેમ બનવું ઘણું અશક્ય છે. જ્યારે મારા જેવા પુરુષની પ્રતિજ્ઞાનો ભંગ થાય, ત્યારે જીવી પણ કેમ શકાય?[૧૫] હે વીર! દુઃખના દ્વારરૂપ આ મારી પ્રતિજ્ઞાના સંબંધમાં મારા મનમાં સંશય ઘોળાયા કરે છે; અને વળી આજકાલ સૂર્યની ગતિ પણ ઉતાવળી છે, માટેજ હું તમને પૂછું છું."[૧૬]

એ રીતે અર્જુનના શોકનું કારણ જાણી ગરુડના ચિહ્નવાળી ધ્વજાવાળા શ્રીકૃષ્ણ, ઉદકસ્પર્શ કરી પૂર્વાભિમુખે બેઠા;[૧૭] અને મહાતેજસ્વી તથા કમળસરખાં નેત્રવાળા કૃતકૃત્ય શ્રીકૃષ્ણ અર્જુનના હિતાર્થે તથા જયદ્રથના વધાર્થે આ પ્રમાણે બોલ્યા:-"હે પાર્થ! પાશુપત નામનું એક સનાતન પરમ અસ્ત્ર છે, કે જે અસ્ત્રથી પૂર્વે દેવ મહેશ્વરે યુદ્ધમાં સર્વ દૈત્યોનો સંહાર કર્યો હતો.[૧૯] એ અસ્ત્રનું જો તને હમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણાં જ્ઞાન હોય, તો તું કાલે જયદ્રથનો વધ કરી શકીશ; અને જો તે અસ્ત્રનું તને જ્ઞાન ન હોય તો તું મનથી મહાદેવને શરણે જા.[૨૦] હે ધનંજય! તે દેવનું મનમાં ધ્યાન ધરી શાંત થઇને બેસી રહે. એમ કરવાથી તેની તારાપર કૃપા થશે કે જે કૃપાથી શિવભક્ત એવો તું તે મહાન અસ્ત્રને પામીશ." [૨૧] શ્રીકૃષ્ણનાં એ વચન સાંભળી અર્જુન ઉદકસ્પર્શ કરી પૃથ્વીપર એકાગ્ર થઇને બેઠો અને મનથી મહેશ્વરને શરણે ગયો.[૨૨] આમ ધ્યાન કરતાં કરતાં શુભ લક્ષણવાળો બ્રાહ્મમુહૂર્તકાળ (પરોઢિયું) થઇ ગયો; એટલે અર્જુન પોતાને શ્રીકૃષ્ણ સાથે આકાશમાં જતો જોવા લાગ્યો.[૨૩] જોતજોતામાં તો હિમાલયના પવિત્ર શિખર–મણિમાન પર્વતને તે નિહાળવા લાગ્યો. એ પર્વત અનેક જ્યોતિર્ગણોથી વ્યાપ્ત તથા સિદ્ધચારણોના આશ્રયરૂપ હતો.[૨૪] વાયુસમાન વેગવાળી ગતિએ અર્જુન, શ્રીકૃષ્ણની સાથે છેક આકાશમાં પહોંચી ગયો હતો, ત્યારે વ્યાપક શ્રી કેશવે તેનો જમણો હાથ પકડયો હતો.[૨૫] ધર્માત્મા અર્જુન, અદ્ભુત દેખાવના અનેક પદાર્થોને જોતો જોતો આગળ જતો હતો. પછી થોડા સમયમાં ઉત્તરદિશામાં ઉજ્જવલપર્વત એની નજરે પડયો.[૨૬] કુબેરના ઉપવનમાં કમળોથી શોભતું સરોવર તથા પુષ્કળ જળભરેલી ઉત્તમ નદી ગંગાને પણ તેણે જોઈ.[૨૭] એ નદી સદાકાળ પુષ્પફળવાળાં વૃક્ષોથી યુક્ત હતી. સ્ફાટિકમણિનાજ પથ્થરો ત્યાં જોવામાં આવતા હતા. તેનો કિનારો સિંહ અને વ્યાઘ્રોથી વ્યાપ્ત હતો તથા અનેક જાતનાં મૃગોથી પણ તેના આસપાસના પ્રદેશો ભરપૂર હતા. તે નદીના તીરે તીરે પવિત્ર આશ્રમો દેખાતા હતા, જેથી તે ઘણી સુંદર અને મનમોહક જણાતી હતી. ત્યાંથી વળી આગળ જતાં કિન્નરોનાં ગાનતાનથી ગાજી રહેલા મંદરાચળ પર્વતના પ્રદેશો તેની દૃષ્ટિએ પડયા. એ પ્રદેશો સુવર્ણ તથા રૂપાનાં શિખરોથી પ્રકાશી રહ્યા હતા, જાત જાતની ઔષધિઓ ત્યાં ઝળહળી રહી હતી અને પુષ્પભરેલાં મંદાર વૃક્ષો ત્યાં શોભી રહ્યાં હતાં.[૨૮–૩૦] તેવામાં તો સ્નિગ્ધ કાજળના ઢગસમાન આકૃતિવાળો કાલપર્વત તેની નજરે આવી ચઢયો. તે પછી બ્રહ્મતુંગપર્વત, બીજી કેટલીક નદીઓ, બીજા કેટલાએક દેશો, ઉંચા શિખરવાળો શતશૃંગ પર્વત, શર્યાતિરાજાનું વન, પવિત્ર અશ્વશિરામુનિનું સ્થાન તથા આથર્વણ મુનિના સ્થાનને પણ તેણે જોયું.[૩૧,૩૨] ત્યાંથી આગળ જતાં પ્રથમ વૃષદંશ નામનો મહાન પર્વત અને પછી મહામંદર નામના પર્વતને પણ તેણે જોયો. તે પર્વતમાં જતાં શ્રીકૃષ્ણની સાથે રહેલા અર્જુને સુંદર ઝરણાંઓવાળી, સુવર્ણ તથા બીજી કેટલીક ધાતુઓથી સુશોભિત ચંદ્રનાં કિરણોથી પ્રકાશમાન સ્વરૂપવાળી તથા નગરોરૂપ માળાવાળી પૃથ્વીને તે જોવા લાગ્યો. વળી અનેક પ્રકારની ખાણોવાળા તથા અદ્ભુત આકારવાળા સમુદ્રોને, આકાશ, સ્વર્ગ અને બીજી કેટલીક પૃથ્વીને જોતો જોતો તથા વિસ્મય પામતો અર્જુન છોડેલા તીરની પેઠે શ્રીકૃષ્ણની સાથે આકાશમાર્ગે જતો હતો.[૩૩–૩૬] તેવામાં તો ગ્રહો, નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય અને અગ્નિસમાન કાંતિવાળા એક ઝળહળતા પર્વતને અર્જુને જોયો.[૩૬] તે પર્વતપાસે આવીને, છેક શિખરની ટોચપર બેઠેલા, નિત્ય તપ કરનારા એવા મહાત્મા શ્રીમહેશ્વરનાં તેણે દર્શન કર્યાં. તે દેવ હજારો સૂર્યોની પેઠે પોતાના તેજથી દીપી રહ્યા હતા. ત્રિશૂળધારી અને જટાધારી હતા, રંગે ગૌર હતા, વલ્કલવસ્ત્રોને ધારણ કરનારા હતા, હજારો નેત્રોથી વિચિત્ર શરીરવાળા હતા, મહાઓજસ્વી હતા, પાર્વતી અને કાંતિમાન ભૂતગણોસહિત હતા.[૩૭–૪૦] તેમની આસપાસ ગીત અને વાદિત્રોના મધુર શબ્દો થઈ રહ્યા હતા, કેટલાએક ભૂતગણો તેમને પ્રસન્ન કરવામાટે નૃત્ય, ગોળ કૂદડી અને હાથની તાળીઓ તથા હાસ્ય વગેરે કરી રહ્યા હતા.[૪૧] વળી તેઓ પવિત્ર ચંદનથી તેમની સેવા કરતા હતા. બ્રહ્મવાદી મહર્ષિઓ દિવ્ય સ્તોત્રોથી તેમની સ્તુતિ કરતા હતા. સર્વ ભૂતોના રક્ષક એવા તે દેવે અસ્ખલિત એવું ધનુષ્ય હાથમાં ધારણ કર્યું હતું.

ધર્માત્મા વાસુદેવે તેમનાં દર્શન કરી અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુંનની સાથે ૐકારરૂપ સનાતનબ્રહ્મનું ઉચ્ચારણ કરતાં કરતાં પોતાના મસ્તકને છેક પૃથ્વીસુધી નમાવ્યું.[૪૩] લોકોના ઉપાદાનકારણભૂત, જગતના સ્રષ્ટા, અજન્મા, અવિકારી, અસ્ખલિત ઇચ્છાવાળા, મનની પ્રવૃત્તિ અને નિવૃત્તિના કારણભૂત, સર્વના ઉત્પત્તિસ્થાન, આકાશ અને વાયુના મૂળસ્વરૂપ,તેજોના અધિષ્ઠાન, જળધારાઓના તથા આખી પૃથ્વીના ઉત્પાદક, સર્વના મૂળભૂત, પ્રધાન (પ્રકૃતિ) સ્વરૂપ, દેવ, દાનવ, યક્ષો અને મનુષ્યોની સિદ્ધિનું નિધાન, યોગદર્શી પુરુષોના પરમ આશ્રયભૂત, પ્રત્યક્ષ બ્રહ્મતત્ત્વ, બ્રહ્મવેત્તાઓના રહસ્યભૂત, ચરાચર જગતના સ્રષ્ટા અને સંહર્તા, કાળસમાન કોપવાળા, ઐશ્વર્યાદિક ઇંદ્રના ગુણોનું તથા પ્રતાપાદિક સૂર્યના ગુણોનું ઉદયસ્થાન એવા તે મહાત્મા શંકરને શ્રીકૃષ્ણે તે સમયે વાણી, મન, બુદ્ધિ અને કર્મથી વંદન કર્યું.[૪૪-૪૭] સૂક્ષ્મ અધ્યાત્મપદની ઇચ્છાવાળા પુરુષો જેનું શરણ લે છે, તે કેવળ કારણસ્વરૂપ અજન્મા દેવનું શ્રીકૃષ્ણે તથા અર્જુને શરણ લીધું.[૪૮] અર્જુન પણ તે દેવને સર્વ ભૂતોના આદિતરીકે તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ઉત્પાદકતરીકે જાણીને વારંવાર વંદન કરવા લાગ્યો.[૪૯]

તે પછી એ બન્ને નરનારાયણને ત્યાં આવેલા જોઇ મનમાં પ્રસન્ન થયેલા શ્રી શંકરે હસતા હોય તેમ તેમનાપ્રત્યે કહ્યું:-[૫૦] "હે નરશ્રેષ્ઠો ! તમે ભલે આવ્યા. હવે તમારો થાક જો ઉતરી ગયો હોય તો ઉઠો; અને હે વીરો ! તમારા મનનું જે ઇષ્ટ હોય તે જલદી કહો.[૫૧] તમે જે કાર્યમાટે અહીં આવ્યા હો તે કાર્ય હું સાધી આપીશ. તમારૂં શું કાર્ય છે ? તમારૂં કલ્યાણ થાય તેવો વર તમે માગી લ્યો. હું તે બધું તમને આપીશ."[૫૨]

તે વચન સાંભળી મહાબુદ્ધિમાન અને અનિંદ્ય મહાત્મા શ્રીવાસુદેવ અને અર્જુન ઉભા થઇ, હાથ જોડી ભક્તિપૂર્વક દિવ્ય સ્તોત્રથી શ્રીમહેશ્વરની સ્તુતિ કરવા લાગ્યા:-[૫૩,૫૪]

नमो भवाय शर्वाय रुद्राय वरदाय च ।
पशूनां पतये नित्यमुग्राय च कपर्दिने ॥

સર્વના પ્રભુ, સર્વના સંહર્તા, રુદ્ર, વરદાતા, પશુઓના પતિ, ઉગ્ર અને જટાધારી શ્રીમહેશ્વરને અમારા નમસ્કાર હો.[૫૫]

महादेवाय भीमाय त्र्यंबकाय च शांतये ॥
ईशानाय मखघ्नाय नमोऽस्त्वन्धकघातिने ॥

મહાન દેવ, ભીમ, ત્રિનેત્ર, શમપ્રધાન, અસ્ખલિત ઇચ્છાવાળા, પ્રજાપતિ દક્ષના યજ્ઞનો નાશ કરનારા તથા અંધકાસુરનો સંહાર કરનારા શ્રી શંકરને અમારા નમસ્કાર હો.[૫૬]

कुमारगुरवे तुभ्यं नीलग्रीवाय वेधसे ।
पिनाकिने हविष्याय सत्याय विभवे सदा ॥

કાર્તિકસ્વામીના પિતા, નીલકંઠ, પ્રજાઓના વિધાતા, પિનાકધનુર્ધર, હવિષ્ય યોગ્ય હોવાથી હાવિષ્ય, સત્યસ્વરૂપ તથા સર્વવ્યાપક શ્રી શંકરને અમારા નમસ્કાર હો.[૫૭]

विलोहिताय धूम्राय व्याधायानपराजिते ।
नित्यं नीलशिखंडाय शूलिने दिव्यचक्षुषे ॥
होत्रे पोत्रे त्रिनेत्राय व्याधाय वसुरेतसे ।
अचिंत्यायांबिकाभर्त्रे सर्वदेवस्तुताय च
वृषध्वजाय मुंडाय जटिने ब्रह्मचारिणे
तप्यमानाय सलिले ब्रह्मण्यायाजिताय च
विश्वात्मने विश्वसृजे विश्वमावृत्य तिष्ठते ।
नमो नमस्ते सेव्याय भूतानां प्रभवे सदा ॥

વિલોહિત, ધૂમ્ર, મૃગસ્વરૂપી બ્રહ્મદેવની પાછળ પારધીના સ્વરૂપને ધારણ કરનાર, અપરાજિત, નિત્ય નીલકેશ, ત્રિશૂળધારી, દિવ્ય દૃષ્ટિવાળા, હોતાસ્વરૂપ, યજ્ઞિય ઋત્વિજસ્વરૂપ, ત્રિનેત્ર, વ્યાધસ્વરૂપ, અગ્નિમાં વીર્યક્ષેપ કરવાથી વસુરેતા, અચિંત્ય પાર્વતીપતિ, સર્વના પોષક, સર્વ દેવોવડે સ્તુતિ કરાયેલા, વૃષભધ્વજ, દીક્ષિત હોવાથી મુંડ, જટાધારી, વીર્યનું ધારણ કરનાર હોવાથી બ્રહ્મચારી, જળમાં તપશ્ચર્યા કરનાર, બ્રહ્મવેત્તા, અજિત, વિશ્વસ્વરૂપ, વિશ્વના સ્રષ્ટા, આખા વિશ્વમાં વ્યાપ્ત થઇને રહેલા, સેવવાયોગ્ય અને સર્વ ભૂતોના પ્રભુ એવા આપને સદા અમારા નમસ્કાર હો, નમસ્કાર હો.[૫૮-૬૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रह्मवक्त्राय सर्वाय शंकराय शिवाय च ।
नमोऽस्तु वाचस्पतये प्रजानां पतये नमः ॥

વેદપૂર્ણ મુખવાળા, સર્વવ્યાપક, સુખકારક, મંગલસ્વરૂપ, વાણીના પતિ તથા પ્રજાઓના સ્વામી શ્રી શંકરને અમારા નમસ્કાર હો.

नमो विश्वस्य पतये महतां पतये नमः ।
नमः सहस्रशिरसे सहस्रभुजमृत्यवे ॥

વિશ્વના પતિ, મહત્તત્ત્વાદિકના પતિ, હજાર મસ્તકવાળા, હજાર ભુજાઓવાળા તથા મૃત્યુસ્વરૂપ એવા શ્રીમહેશ્વરને અમારા નમસ્કાર હો.[૬૩]

सहस्रनेत्रपादाय नमोऽसंख्येयकर्मणे ।
नमो हिरण्यवर्णाय हिरण्यकवचाय च ।
भक्तानुकंपिने नित्यं सिध्यतां नोवरः प्रभो ॥

હજાર નેત્રો અને પગોવાળા, અસંખ્ય પરાક્રમો કરનારા, સુવર્ણસમાન વર્ણવાળા, સુવર્ણના કવચને ધારણ કરનારા, ભક્તોપર અનુકંપા રાખનારા શ્રીમહેશ્વરને અમારા નમસ્કાર હો. હે પ્રભુ ! અમારો વર નિત્ય સિદ્ધ થાઓ."[૬૪]

સંજયે કહ્યું:–અર્જુનસહિત શ્રીકૃષ્ણે એ પ્રમાણે મહાદેવની સ્તુતિ કરીને અસ્ત્રપ્રાપ્તિમાટે તેમને પ્રસન્ન કર્યા.[૬૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં
'અર્જુનનું સ્વપ્ન' એ વિષયનો
અધ્યાય ૮૦ મો સમાપ્ત

અધ્યાય ૮૧ મો

અર્જુનને પુનઃ પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ

॥ संजय उवाच ॥

ततः पार्थः प्रसन्नात्मा प्रांजलिर्वृषभध्वजम् ।
ददर्शोत्फुल्लनयनः समस्तं तेजसां निधिम् ॥१

સંજયે કહ્યું:–તે પછી પ્રસન્ન ચિત્તવાળો અર્જુન હાથ જોડીને સમગ્ર તેજના ભંડાર વૃષભધ્વજ શંકરનાં પ્રફુલિત નેત્રે દર્શન કરવા લાગ્યો.[૧] પોતાના નિત્ય નિયમ પ્રમાણે તેણે વાસુદેવે અર્પણ કરેલો જે બલિ રાત્રિમાં અર્પણ કર્યો હતો તેને ત્યાં મહાદેવની પાસે રહેલો જોયો.[૨] પછી અર્જુને મનથી શ્રીકૃષ્ણનું તથા શંકરનું પૂજન કરી "હું દિવ્ય અસ્ત્રની ઇચ્છા રાખું છું" એમ શ્રી શંકરને કહ્યું.[૩] અર્જુનનું એ પ્રમાણેનું વર મેળવવામાટેનું વચન સાંભળીને શ્રી મહેશ્વર હસીને તેઓ બન્નેને કહેવા લાગ્યા:–"હે નરશ્રેષ્ઠો ! તમે ભલે આવ્યા. તમારા મનનું ઇષ્ટ મેં જાણી લીધું છે. જે ઇચ્છાથી તમે અહીં આવ્યા છો, તે હું તમને આપું છું.[૫] હે શત્રુઓનો નાશ કરનારા વીરો! અહીં સમીપમાં અમૃતમય એક દિવ્ય સરોવર છે; તેમાં મેં મારાં દિવ્ય ધનુષ્યબાણ પૂર્વે મૂકેલાં છે,[૬] જે ધનુષ્યબાણથી મેં યુદ્ધમાં સર્વ દૈત્યોનો સંહાર કર્યો હતો. હે કૃષ્ણ તથા અર્જુન ! તે સરોવરમાંથી તમે એ ઉત્તમ ધનુષ્યબાણને લઇ આવો."[૭] "બહુ સારૂં" એમ કહીને તે બન્ને વીરો, મહાદેવના ગણોની સાથે સેંકડો દિવ્ય ઐશ્વર્યોથી યુક્ત એવાં તે દિવ્ય સરોવર તરફ ચાલી નીકળ્યા.[૮] એ બન્ને નરનારાયણ ઋષિ, મનમાં લેશ પણ નહિ ગભરાઇને મહાદેવે બતાવેલા એ પવિત્ર સરોવરે ગયા, કે જે સરોવર સવ અર્થોને સાધનારૂં હતું.[૯] સૂર્યમંડળસમાન પ્રકાશી રહેલા એ સરોવરે જઇને અર્જુન અને શ્રીકૃષ્ણે જળની અંદર એક ભયંકર સર્પ જોયો.[૧૦] વળી તેજ સ્થળે એક હજાર મસ્તકવાળો બીજો સર્પ પણ તેઓના જોવામાં આવ્યો. તે સર્પ મોટી મોટી જવાળાઓને મુખમાંથી બહાર કાઢતો હતો અને અગ્નિસમાન તેજસ્વી હતો.[૧૧] તે પછી તેઓ બન્નેએ તે સરોવરના જળનું આચમન કર્યું અને મનથી શિવને નમસ્કાર કરી તે બન્ને સર્પની પાસે ઉભા રહ્યા.[૧૨] એ સમયે વેદને જાણનારા તેઓ બન્ને, વેદના શતરુદ્રીય ભાગને મુખેથી ભણતા હતા; તથા સર્વ પ્રકારે અપ્રમેય શ્રી શંકરનું મનથી ધ્યાન ધરી પ્રણામ કરતા હતા.[૧૩] તે પછી શ્રી રુદ્રદેવના માહાત્મ્યથી એ બન્ને સર્પોએ પોતાનું સર્પાકાર સ્વરૂપ છોડી દીધું અને તે જોડું શત્રુઓનો નાશ કરે તેવાં ધનુષ્ય અને બાણના સ્વરૂપમાં થઇ ગયું.[૧૪] તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ પ્રસન્ન થયેલા તેઓ બન્નેએ ઉત્તમ કાંતિવાળા એ ધનુષ્યબાણને હાથમાં લીધાં તથા ત્યાંથી ઉપાડી તેને મહાત્મા શ્રીશંકરને અર્પણ કર્યાં.[૧૫] તે વેળા વૃષભધ્વજ શ્રી શંકરના એક પડખામાંથી પિંગળા નેત્રવાળા, તપનું ક્ષેત્ર અને બળવાન એવો એક નીલલોહિત બ્રહ્મચારી બહાર નીકળ્યો.[૧૬] તેણે એ ધનુષ્ય હાથમાં લઈ વીરાસને બેસી તથા ટટાર ઉભા રહી મંત્રવિધિપૂર્વક તે ઉત્તમ ધનુષ્યને બાણસંધાનપૂર્વક ખેંચ્યું.[૧૭]

આ વખતે અચિંત્ય પરાક્રમવાળા અર્જુને, જે પ્રકારે એ ધનુષ્યની પ્રત્યંચાનું આકર્ષણ કરવામાં આવ્યું હતું, જે પ્રકારે મુઠ્ઠીમાં ધનુષ્યને ધારણ કરવામાં આવ્યું હતું અને જે પ્રકારે પગને રાખીને ઉભા રહેવું પડે છે, તે બધું સંપૂર્ણ રીતે જોઈ લીધું; તથા મહાદેવે ભણેલા મંત્રનું શ્રવણ કરી એ અસ્ત્રને ગ્રહણ કર્યું.[૧૮]

પછી અતિ બળવાન તે નીલલોહિત પ્રભુએ ધનુષ્યમાં સાંધેલા બાણને પુનઃ તે સરોવરમાંજ છોડી મૂક્યું તથા તે ધનુષ્યને પણ ત્યાંજ પુનઃ ફેંકી દીધું.[૧૯] એ સમયે શ્રી શંકરને પ્રસન્ન થયેલા જાણીને અર્જુનને, પૂર્વે હિમાલયના વનમાં શંકરે જે વર આપ્યો હતો તથા દર્શન દીધાં હતાં, તે બધું સ્મરણમાં આવ્યું;[૨૦] અને તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, "તે વર મને ફલિતાર્થ થાઓ." અર્જુનના માનસિક અભિપ્રાયને શ્રી શંકર ભગવાન જાણી ગયા અને પ્રસન્ન થઇ તેમણે અર્જુનને એ વર આપ્યો, ત્યારે પોતાની પ્રતિજ્ઞાને સંપૂર્ણ કરવામાં સમર્થ તથા દિવ્ય એવા એ ઘોર પાશુપતાસ્ત્રને શ્રી શંકર પાસેથી મેળવી દુરાધર્ષ અર્જુન, હર્ષનાં રોમાંચવાળો થઈ ગયો તથા પોતાના કાર્યને પરિપૂર્ણ થયેલું માનવા લાગ્યો. પછી તેઓ બન્ને જણાએ હર્ષપૂર્વક મહેશ્વરને પોતાનાં મસ્તક નમાવી વંદન કર્યું અને શ્રી શંકરની આજ્ઞા થતાં તેજ ક્ષણે પરમ આનંદયુક્ત થઇને વીર અર્જુન તથા કેશવ પોતાની છાવણીમાં આવી પહોંચ્યા.[૨૨-૨૪] મોટા મોટા અસુરોનો સંહાર કરનાર શ્રી શંકરે પોતાનું દિવ્ય અસ્ત્ર આપી એ પ્રમાણે જ્યારે અનુમતિ આપી, ત્યારે જયદ્રથનો વધ કરવા ઇચ્છતા અર્જુન અને શ્રીકૃષ્ણ, જંભાસુરનો વધ કરવા ઇચ્છતા ઇંદ્ર અને વિષ્ણુની પેઠે પ્રસન્ન થઇ ગયા. (આવા દેખાવનું અર્જુને સ્વપ્ન જોયું.)[૨૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં "અર્જુનને પુનઃ પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ" એ વિષયનો અધ્યાય ૮૧ મો સમાપ્ત

અધ્યાય ૮૨ મો
યુધિષ્ઠિરની તૈયારી

॥ संजय उवाच ॥

तयोः संवदतोरेवं कृष्णदारुकयोस्तथा ।
साऽत्यगाद्रजनी राजन्नथ राजान्वबुध्यत ॥१॥

સંજયે કહ્યું:—હે રાજન્! (પેલી તરફ) શ્રીકૃષ્ણ અને દારુક તે પ્રમાણે વાતચીત કરી રહ્યા હતા એટલામાં રાત્રિ વીતી ગઈ અને યુધિષ્ઠિરરાજા પણ જાગ્યા.[૧] એ સમયે હાથના તાલપૂર્વક ગાનારા ગવૈયાઓ, સ્તુતિપાઠકો, મધુપર્ક વેળાએ ગુણગાન કરનારા મધુપર્કિકો, પ્રભાતમાં જાગ્રત કરનારા બંદીજનો અને ભાટચારણો પુરુષશ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજાની સ્તુતિ કરવા લાગ્યા,[૨] નર્તકો નૃત્ય કરવા લાગ્યા તથા મધુર સ્વરવાળા ગવૈયાઓ કુરુવંશની સ્તુતિના અર્થવાળાં મંગળ ગીતો ગાવા લાગ્યા.[૩] સારી રીતે શિક્ષિત થયેલા કેટલાએક કુશળ પુરુષો અત્યંત હર્ષમાં આવી જઈ ઝાલરો, ભેરીઓ, પણવો, આનકો, શીંગડીઓ, નાની નાની ઢોલકીઓ, શંખો તથા મોટો શબ્દ કરનારા દુંદુભિઓ વગેરે વાદિત્રો વગાડવા લાગ્યા.[૪,૫] મેઘસમાન ઘોષ કરતો એ મહાન શબ્દ છેક આકાશમાં અથડાયો અને તેણે મહાન રાજા યુધિષ્ઠિરને જાગ્રત કર્યા.[૬] મહાકિંમતી શયનમાં સુખેથી સૂતેલા રાજા યુધિષ્ઠિર જાગ્યા અને ઉઠીને પોતાનાં નિત્યકર્મ કરવામાટે સ્નાનગૃહમાં ગયા.[૭] ત્યાં શ્વેતવસ્ત્રને ધારણ કરનારા, પોતે સ્નાન કરી સજ્જ થયેલા, તરુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વયના એકસો આઠ સ્નાન કરાવનારાઓ હાથમાં જળભર્યા સુવર્ણના કળશો લઇ લઇને તૈયાર ઉભા હતા.[૮] એક સાદું વસ્ત્ર પહેરી રાજા ભદ્રાસનપર બેઠા અને મંત્રેલા ચંદનયુક્ત જળથી સ્નાન કરવા લાગ્યા.[૯] બળવાન અને સુશિક્ષિત પુરુષોએ સર્વ ઔષધિ આદિના ઘૂંટેલા વિલેપનથી રાજાના શરીરને સારી રીતે મસળ્યું. તે પછી ઉત્તમ પદાર્થોથી સુવાસિત સુગંધદાર જળથી રાજાને ન્હવરાવ્યા.[૧૦] ન્હાઇ રહ્યા પછી માથાનું જળ સૂકાઇ જાય માટે યુધિષ્ઠિર રાજાએ રાજહંસસમાન શ્વેત તથા સુંવાળો પટકો લઈ મસ્તકપર વિંટયો.[૧૧] આ પછી શરીરે ચંદનનો લેપ કરી પુષ્પની માળા તથા ઉત્તમ વસ્ત્રો પહેરી પૂર્વાભિમુખે હાથ જોડી તે મહાબાહુ ઉભા રહ્યા;[૧૨] અને સત્પુરુષોના માર્ગને અનુસરી જાપ જપવા લાગ્યા. તે પછી પ્રદીપ્ત અગ્નિવાળી અગ્નિશાળામાં નમ્રતાપૂર્વક તેઓ દાખલ થયા. ત્યાં જઈ દર્ભસહિત સમિધોથી,મંત્રથી તથા પવિત્ર આહુતિઓથી અગ્નિદેવનું પૂજન કરી તે હોમગૃહમાંથી રાજા બહાર નીકળ્યા.[૧૪] પુરુષવ્યાઘ્ર યુધિષ્ઠિરરાજાએ પોતાના તંબુના બીજા ખંડમાં આવી વેદવેત્તા વૃદ્ધબ્રાહ્મણોનાં દર્શન કર્યાં;[૧૫] અને બીજા જિતેન્દ્રિય, વેદવ્રતનિષ્ઠ, અવભૃથસ્નાન કરનારા તથા એકેક હજાર અનુચરોવાળા, સૂર્યની ઉપાસના કરનારા, એક હજાર અને આઠ બ્રાહ્મણોનાં પણ તેમણે દર્શન કર્યાં.[૧૬] પછી અક્ષત, પુષ્પ, મધ, ઘી અને સારાં સારાં માંગલિક ફળોથી તે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી યુધિષ્ઠિરે તેઓમાંના એકેક બ્રાહ્મણને એકેક સોનામહોર, શણગારેલા સો સો ઘોડા, વસ્ત્રો તથા બીજી કેટલીક ઇષ્ટ દક્ષિણાઓ આપી;[૧૭,૧૮] એટલુંજ નહિ પણ પિંગળા રંગની, સુવર્ણનાં શિંગડાંવાળી, રૂપાની ખરીઓવાળી તથા વાછરડાંવાળી એવી કેટલીક દૂઝણી ગાયોનું પણ તે બ્રાહ્મણોને દાન કરી, રાજાએ તેઓ બધાની પ્રદક્ષિણા કરી.[૧૯] તે પછી સાથીયા, કોડીયાં, સુવર્ણનાં સંપુટ, અર્ઘ્યપાત્રો, માળા, જળભર્યા કળશો, પ્રજ્વલિત અગ્નિપૂર્ણ અક્ષતપાત્રો, બીજોરૂં, ગોરોચન, સારી રીતે શણગારેલી સુંદર કન્યાઓ, દહીં, ઘી, મધ, જળ, માંગલિક પક્ષીઓ તથા એ સિવાયના બીજા કેટલાએક મંગલ પદાર્થોનું પણ પૂજન, દર્શન અને સ્પર્શન કરી કુંતાપુત્ર રાજા યુધિષ્ઠિર આગળના–બહારના ખંડમાં ગયા.[૨૦–૨૨] મહાબાહુ રાજા યુધિષ્ઠિર જેવા ત્યાં જઇને ઉભા રહ્યા કે તુરત પરિચારકો સુવર્ણનું સર્વતોભદ્ર દિવ્ય આસન લાવ્યા. તે આસનમાં વૈડૂર્યમણિ જડ્યા હતા, મહામૂલ્યવાન બિછાનાથી તે બિછાવ્યું હતું, ઉપર ઓછાડ પાથર્યો હતો અને વિશ્વકર્માનું બનાવેલું હોઇને તે દિવ્ય સમૃદ્ધિવાળું હતું.[૨૩,૨૪] મહાત્મા યુધિષ્ઠિરરાજા એ આસનપર બેઠા, એટલે અનુચરો મહાકિંમતી અને ઝળહળતાં આભૂષણો ત્યાં લાવ્યા અને રાજાને પહેરાવ્યાં.[૨૫] હે મહારાજ ! મોતીનાં આભૂષણોને ધારણ કરનારા મહાત્મા કુંતાપુત્રનું તે સમયે એવું સ્વરૂપ દેખાતું હતું કે જેથી શત્રુઓને તે જોઇને શોકમાં વૃદ્ધિ થયાવિના રહે નહિ.[૨૬] વળી તે સમયે ચંદ્રનાં કિરણોસમાન ઉજ્જ્વલ અને સુવર્ણના દાંડાવાળાં સુંદર ચામરો ઢોળવામાં આવતાં હતાં; જેથી વિજળીઓથી જેમ મેઘ શોભે તેમ તે શોભી રહ્યા હતા,[૨૭] ભાટચારણો તેમની સ્તુતિ કરતા હતા, બંદીજનો ઉપરાઉપરી આવી તેમને વંદન કરતા હતા અને ગંધર્વો ગાનતાન કરી રહ્યા હતા. એ પ્રમાણે કુરુપુત્ર યુધિષ્ઠિર ત્યાં બેસી રહ્યા હતા;[૨૮] તેવામાં એક મુહૂર્ત જેટલો સમય ગયા પછી રથોનો મહાન ઘોષ સંભળાવા લાગ્યો. રથચક્રોના ઘડઘડાટની સાથે રથીઓના ઘોડાઓની ખરીઓના ખડખડાટ પણ કાને પડવા લાગ્યા. હાથીના કંઠે બાંધેલા ઘંટાઓના રણકારોથી, શંખોના નાદથી તથા પાળાઓના પગરવથી પૃથ્વી કંપવા લાગી.[૩૦] તે પછી કેડે ગોળાકાર લટકાવેલી તરવારને ધારણ કરનારો તથા કવચ પહેરી સજ્જ થયેલો તરુણ દ્વારપાળ, રાજાના અંતઃપુરમાં દાખલ થઇ પૃથ્વીપર બે ઘુંટણ મૂકી વંદનીય યુધિષ્ઠિરરાજાને મસ્તકથી પ્રણામ કરવા લાગ્યો; અને નિવેદન કરવા લાગ્યો કેઃ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" બહાર શ્રીકૃષ્ણ પધાર્યા છે. " એ સાંભળતાંજ પુરુષવ્યાઘ્ર મહાત્મા યુધિષ્ઠિર બોલ્યા કેઃ-"તે ભલે પધાર્યા, એમને અંદર લાવો તથા અર્ઘ્ય અને આસન આપો."પછી પરમપૂજ્ય શ્રીકૃષ્ણને દ્વારપાળે અંદર પ્રવેશ કરાવ્યો, એટલે ધર્મરાજા યુધિષ્ઠિરે ઉત્તમ આસનપર તેમને બેસાડીને વિધિપુરઃસર તેમનું પૂજન કર્યું.[૩૧-૩૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં
'યુધિષ્ઠિરની તૈયારી' એ વિષયનો
અધ્યાય ૮૨ મો સમાપ્ત

અધ્યાય ૮૩ મો

શ્રીકૃષ્ણને પ્રાર્થના

॥ संजय उवाच ॥

ततो युधिष्ठिरो राजा प्रतिनंद्य जनार्दनम् ।
उवाच परमप्रीतः कौन्तेयो देवकीसुतम् ॥१॥

સંજયે કહ્યુંઃ-હે ધૃતરાષ્ટ્રરાજા! તે પછી પરમ પ્રસન્ન થયેલા કુંતાપુત્ર રાજા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને પ્રસન્ન કરી કહ્યું કેઃ-"હે કૃષ્ણ! આપે રાત્રિ સુખેથી વીતાવી છે ને? હે અચ્યુત! તમારી સર્વ જ્ઞાનેંદ્રિયો પ્રસન્ન તો છે ને?"[૨] શ્રીકૃષ્ણે પણ તેનો યોગ્ય પ્રત્યુત્તર આપી સામેથી પોતે પણ તેવોજ પ્રશ્ન કર્યો. એ રીતે તેઓ બન્ને જણા એકબીજાના કુશળપ્રશ્નો પૂછતા હતા તેવામાં દ્વારપાળે અંદર આવી જણાવ્યું કે, સર્વ પ્રધાનમંડળ તથા રાજવર્ગ આપને મળવા આવ્યા છે. તે સાંભળી રાજાએ દ્વારપાળને આજ્ઞા કરી કે, તે સર્વને અંદર આવવા દે. આજ્ઞા થતાંજ વિરાટ, ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, ચેદીરાજ, ધૃષ્ટકેતુ, મહારથી દ્રુપદ, શિખંડી, નકુળ, સહદેવ, ચેકિતાન, કેકયરાજકુમારો, કુરુપુત્ર યુયુત્સુ, પંચાલવંશનો ઉત્તમૌજા, યુધામન્યુ, સુબાહુ અને દ્રૌપદીના બધા પુત્રો-આ બધા રાજાઓ તથા બીજા ક્ષત્રિયો, ક્ષત્રિયશ્રેષ્ઠ મહાત્મા યુધિષ્ઠિરરાજા પાસે આવી રહ્યા અને પછી સુંદર આસનોપર તેઓ બેઠા.[૩-૭] મહાબળવાન તથા મહાતેજસ્વી વીર મહાત્મા શ્રીકૃષ્ણ અને સાત્યકિ એકજ આસનપર બેઠા.[૮] તે સમયે રાજા યુધિષ્ઠિરે, સર્વના સાંભળતાં કમળનયન શ્રી મધુસૂદનને સંબોધીને આ પ્રમાણે મિષ્ટ વચન કહ્યુંઃ-[૯]

" હે શ્રીકૃષ્ણ! દેવો જેમ ઇંદ્રનો આશ્રય કરી યુદ્ધમાં વિજયની આશા રાખે છે, તેમ અમે તમારો આશ્રય કરી યુદ્ધમાં વિજય મેળવવાની તથા ચિરકાળ ટકે તેવાં સુખોની આશા રાખીએ છીએ.[૧૦] આપ બધું જાણોજ છો કે, અમારા રાજ્યનો વિનાશ થયો છે, શત્રુઓએ અમારો તિરસ્કાર કર્યો છે તથા અમે અનેક જાતનાં દુઃખો સહ્યાં છે.[૧૧] હે સર્વના ઇશ! હે ભક્તવત્સલ શ્રી મધુસૂદન! અમારા બધાના સુખનો તથા જીવનનો મૂળ આધાર આપનાપરજ રહેલો છે;[૧૨] માટે હે યાદવવંશજ શ્રીકૃષ્ણ! આપ અમારાપર એવી કોઇ કૃપા કરો કે જેથી મારૂં મન સદા તમારામાંજ સ્થિર થાય અને આજે અર્જુને લીધેલી પ્રતિજ્ઞા સત્ય થાય.[૧૩] હે માધવ! આ દુઃખ અને માંહોમાંહેની ઇર્ષ્યારૂપ સમુદ્રમાંથી અમને આપ તારો. અમારે એ સમુદ્રને તરી જઇ પાર જવાની ઇચ્છા છે, તો તેમાં આપ અમને વહાણરૂપ થાઓ.[૧૪] હે કૃષ્ણ! શત્રુનો વધ કરવા સજ્જ થયેલો એક રથી યોદ્ધો પોતે જે કામ ન કરી શકે, તે કામ પ્રયત્ન કરનારો તેનો સારથિ કરી શકે છે.[૧૫] હે જનાર્દન! જેમ સર્વ આપત્તિઓમાં આપ યાદવોનું રક્ષણ કરો છો, તેમ હે મહાબાહો! અમારૂં પણ આ સંકટમાંથી રક્ષણ કરવા આપ યોગ્ય છો.[૧૬] હે શંખચક્રગદાધારી શ્રીકૃષ્ણ! આ સમયે પાંડવો, કૌરવોરૂપ અગાધ સમુદ્રમાં ડૂબી રહ્યા છે અને તેઓનીપાસે તરવાનું સાધન-વહાણ પણ નથી; તો આપ તેઓને વહાણરૂપ થઇ એ સમુદ્રમાંથી તારો.[૧૭] હે દેવના દેવ! હે ઇશ! હે આદિઅંતરહિત સનાતન! હે સૃષ્ટિસંહર્તા! હે વિષ્ણો! હે જીષ્ણો(જેતા)! હે હરે! હે કૃષ્ણ! હે વૈકુંઠ! હે પુરુષોત્તમ! હું આપને નમસ્કાર કરૂં છું.[૧૮] નારદે તમને પુરાણ ઋષિશ્રેષ્ઠ (નારાયણ) કહ્યા છે, વર આપનાર કહ્યા છે, શાર્ઙ્ગધર શ્રી વિષ્ણુસ્વરૂપ કહ્યા છે તથા સર્વ ભૂતોના કરતાં શ્રેષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યા છે, તો હે માધવ! હવે તે સત્ય કરો."[૧૯]

કમલનયન શ્રીકૃષ્ણને ધર્મરાજાએ સભામાં જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે બોલવામાં ચાલાક એવા તેમણે (શ્રીકૃષ્ણે) મેઘસમાન ગંભીર સ્વરે યુધિષ્ઠિરપ્રત્યે કહ્યું કેઃ–[૨૦]"દેવોસહિત આ સર્વ લોકોમાં પૃથાપુત્ર અર્જુન જેવો કોઇ પણ ધનુર્ધર નથી.[૨૧] પરાક્રમી, અસ્ત્રસંપન્ન, વીર્યવાન, મહાબળવાન, યુદ્ધકુશળ અને સદા અમર્ષવાન (ક્રોધી) અર્જુન તેજને લીધે મનુષ્યોમાં શ્રેષ્ઠ છે.[૨૨] યુવાન, વૃષભ(સાંઢ) સમાન કાંધવાળો, લાંબી ભુજાઓવાળો, મહાબળવાન, સિંહસમાન શ્રેષ્ઠ ગતિવાળો તે શ્રીમાન અર્જુન તમારા શત્રુઓનો સંહાર કરશે;[૨૩] તોપણ હું એવો ઉપાય કરીશ, કે જેથી કુંતાપુત્ર અર્જુન, અગ્નિ જેમ લાકડાંને બાળી નાખે તેમ દુર્યોધનનાં સૈન્યોને બાળી નાખશે.[૨૪] આજે પાપકર્મ કરનારા તથા અભિમન્યુનો ઘાત કરાવનાર એ ક્ષુદ્ર જયદ્રથરાજાને અર્જુન પોતાનાં બાણોવડે જ્યાં ગયા પછી પુનઃ દર્શન થવું અશકય છે તે માર્ગમાં ફેંકી દેશે.[૨૫] ગીધો, બાજપક્ષીઓ, અતિ ભયંકર શિયાળો તથા રાક્ષસો આજે તે જયદ્રથરાજાના માંસનું ભક્ષણ કરશે.[૨૬] કદાચ દૈવયોગે ઇંદ્રસહિત સર્વ દેવો આવીને એ રાજાનું રક્ષણ કરશે, તોપણ આજના યુદ્ધમાં માર્યો જઇ તે યમરાજાની રાજધાનીમાં પહોંચી જશે.[૨૭] હે રાજન્! અર્જુન આજે સિંધુરાજાનો વધ કરીને તમારી પાસે આવશે, માટે તમે શોક તથા સંતાપથી રહિત થાઓ; અને ઉપરાંત હું તમને આશીર્વચન કહું છું કે, તમે હવે સમૃદ્ધિઓથી પૂજાતા થાઓ."[૨૮]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં "શ્રીકૃષ્ણનાં વચનો" એ વિષયનો અધ્યાય ૮૩ મો સમાપ્ત

અધ્યાય ૮૪ મો

અર્જુનની યુદ્ધાર્થે તૈયારી

॥ संजय उवाच ॥

तथा तु वदतां तेषां प्रादुरासीद्धनंजयः ।
दिदृक्षुर्भरतश्रेष्ठं राजानं ससुहृद्गणम् ॥ १ ॥

સંજયે કહ્યું:–તેઓ બધા એ પ્રમાણે વાર્તાલાપ કરી રહ્યા હતા; એટલામાં અર્જુન મિત્રગણસહિત ભરતશ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિરનાં દર્શન કરવામાટે ત્યાં આવી પહોંચ્યો.[૧] આવીને તંબુના એક સુંદર ખંડમાં બેઠેલા રાજા યુધિષ્ઠિરને વંદન કરી, અર્જુન તેમની આગળ ઉભો રહ્યો, એટલે પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિરરાજા ઉભા થઇને પ્રેમપૂર્વક તેને ભેટી પડયા.[૨] મસ્તક સુંઘી બે હાથે આલિંગન દઇ, રાજાએ અર્જુનને ઉત્તમ આશિષો આપી તથા હસીને આ પ્રમાણે કહ્યું[૩]:–"હે અર્જુન! આજે તારા મુખની કાંતિ નિહાળીને તથા શ્રીકૃષ્ણની પ્રસન્નતા જોઇને જણાય છે કે, આજના યુદ્ધમાં તારો અવશ્ય મહાન વિજય થશે."[૪] તે સાંભળી અર્જુન બોલ્યોઃ–" હે રાજા! તમારૂં કલ્યાણ થાઓ."[૪] આજની રાત્રિમાં આવેલા એક સ્વપ્નમાં શ્રીકેશવના પ્રસાદથી મેં એક ઉત્તમ અને મહાન આશ્ચર્ય જોયું છે,તે સાંભળો."એ પ્રમાણે અર્જુને પોતાના સુહૃદોને ધીરજ આપવામાટે "મહેશ્વર સાથે સમાગમ" આદિ સર્વ વૃત્તાંત પોતે જે પ્રમાણે જોયું હતું, તે પ્રમાણે સર્વને કહી સંભળાવ્યું.[૬] સાંભળતાંની સાથેજ સર્વે વિસ્મય પામ્યા અને પૃથ્વીસુધી મસ્તક નમાવી શ્રી મહેશ્વરને પ્રણામ કરવા લાગ્યા; તથા બધા એકસાથે બોલી ઉઠયા કે, " બહુ સારૂં થયું, બહુ સારૂં થયું."[૭] તે પછી ધર્મપુત્ર યુધિષ્ઠિરે પોતાના સર્વ સુહૃદોને યુદ્ધાર્થે સજ્જ થવાની આજ્ઞા આપી; એટલે તુરતજ બધા તૈયાર થઇ ઉતાવળા ઉતાવળા હર્ષભેર યુદ્ધ કરવા નીકળી પડયા.[૮] સાત્યકિ, શ્રીકૃષ્ણ અને અર્જુન પણ યુધિષ્ઠિરરાજાને વંદન કરી આનંદભેર તેમના તંબુમાંથી બહાર નીકળ્યા.[૧૦] દુરાધર્ષ સાત્યકિ અને શ્રીકૃષ્ણ એકજ રથમાં સાથે બેસીને અર્જુનના તંબુ તરફ જવા લાગ્યા. ત્યાં જઇને શ્રીકૃષ્ણે એક સારથિની પેઠે રથીશ્રેષ્ઠ અર્જુનના વાનરધ્વજવાળા રથને તૈયાર કર્યો. એ સમયે મેઘસમાન ગર્જના કરતો અર્જુનનો તૈયાર કરેલો રથ, તપેલા સુવર્ણસમાન કાંતિવાળો હોઇને બાલસૂર્યસરખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોભી રહ્યો હતો. પછી પુરુષસિંહ શ્રીકૃષ્ણે સમગ્ર સામગ્રી તૈયાર કરી, નિત્યકર્મ કરીને સજ્જ થયેલા અર્જુન પાસે રથને લાવીને ખડો કર્યો; એટલે સર્વ લોકના પુરુષોમાં શ્રેષ્ઠ અર્જુને મુકુટ, સુવર્ણસમાન પ્રકાશિત કવચ, ધનુષ્ય અને બાણ ધારણ કરી તે રથની પ્રદક્ષિણા કરી. એ વેળા તપોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ તથા વયોવૃદ્ધ એવા કર્મનિષ્ઠ જિતેન્દ્રિય બ્રાહ્મણો, વિજયસૂચક આશીર્વાદો આપી અર્જુનની સ્તુતિ કરતા હતા. મહારથી અર્જુન પણ યુદ્ધસંબંધી વિજયપ્રદ મંત્રોથી પ્રથમજ મંત્રેલા પોતાના ઉત્તમ રથપર, સૂર્ય જેમ ઉદયાચલ પર્વતપર ચઢે તેમ ચઢી બેઠો. એ સમયે સુવર્ણનાં પતરાંથી મઢેલા રથમાં સુવર્ણસમાન ઝળહળતું કવચ ધારણ કરી બેઠેલો રથીશ્રેષ્ઠ અર્જુન, મેરુપર્વતપર આરૂઢ થયેલા કાંતિમાન નિર્મળ સૂર્યસરખો શોભતો હતો. અર્જુન રથપર ચઢયો, કે તુરતજ શર્યાતિરાજાના યજ્ઞમાં આવતા ઇંદ્રદેવની પાછળ જેમ અશ્વિનીકુમારો રથપર ચઢયા હતા, તેમ શ્રીકૃષ્ણ અને સાત્યકિ અર્જુનના રથપર ચઢી બેઠા. પછી વૃત્રાસુરનો વધ કરવા પ્રયાણ કરતા ઇંદ્રના ઘોડાઓની લગામ જેમ માતલિ સારથિએ પકડી હતી, તેમ જયદ્રથનો વધ કરવા પ્રયાણ કરતા અર્જુનના ઘોડાઓની લગામને સારથિઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણે પકડી. શ્રીકૃષ્ણ અને સાત્યકિસાથે પોતાના ઉત્તમ રથમાં બેઠેલો અર્જુન, બુધ અને શુક્ર સાથે રહેલા અંધકારનો નાશ કરનારા ચંદ્રની પેઠે શોભતો હતો. પૂર્વે તારકાસુરનો વધ કરવામાટે મિત્રાવરુણ દેવોસાથે ઇંદ્રે જેમ પ્રયાણ કર્યું હતું, તેમ શત્રુસમુદાયોનો નાશ કરનાર અર્જુને શ્રીકૃષ્ણ અને સાત્યકિની સાથે સિંધુરાજ જયદ્રથનો વધ કરવા પ્રયાણ કર્યું. એ રીતે અર્જુને જ્યારે પ્રયાણ કર્યું, ત્યારે વાદિત્રોના ઘોષો થવા લાગ્યા અને સ્તુતિપાઠકો માંગલિક સુંદર સ્તોત્રોથી વીર અર્જુનની સ્તુતિ કરવા લાગ્યા. બંદીજનોના વિજયસૂચક આશીર્વાદોવાળો બ્રાહ્મણોનાં પુણ્યાહવાચનથી મિશ્ર તથા વાદિત્રોના ઘોષથી યુક્ત એવો તે સ્તુતિપાઠકોનો શબ્દ તેઓને પ્રીતિ કરનાર થઇ પડયો હતો. એ સમયે પવિત્ર ગંધને લાવતો વાયુ, મધુર રીતે વાવા લાગ્યો; અને તે અર્જુનને હર્ષ ઉપજાવી શત્રુઓને સૂકાવી નાખતો હતો. વળી હે રાજન્! તે ક્ષણે અર્જુનનો વિજય સૂચવનારાં અનેક પ્રકારનાં શુભ શકુનો પ્રગટ થઈ રહ્યાં હતાં, કે જેઓ પાંડવોને અનુકૂળ હોઇને તમારા પુત્રોને પ્રતિકૂળ થઇ પડયાં હતાં. એ પ્રમાણે પોતાના વિજયને સૂચવનારાં શુભ શકુનો જોઈને અર્જુન પોતાને અનુકૂળ રહેનાર મહાધનુર્ધર સાત્યકિને આ પ્રમાણે વચન કહેવા લાગ્યો:—[૧૦-૨૬] "હે શિનિશ્રેષ્ઠ સાત્યકિ! આજના યુદ્ધમાં મારો અવશ્ય વિજય થશે, એમ મને દેખાય છે; કારણકે પ્રથમથીજ આ શુભ ચિહ્નો આપણને જોવામાં આવે છે,[૨૭] માટે જે સ્થળે સિંધુરાજા હોય તે સ્થળે હું જવા ધારૂં છું; કારણકે તે યમલોકમાં પ્રયાણ કરવામાટે મારા પરાક્રમની રાહ જોઇ રહ્યો હશે.[૨૮] જેમ જયદ્રથરાજાનો વધ કરવો તે આજે મારૂં એક મહાન કાર્ય છે, તેમ ધર્મરાજાનું રક્ષણ કરવું તે આજે તમારૂં એક મહાન કાર્ય છે;[૨૯] માટે હે મહાબાહો! આજે તમે રાજા યુધિષ્ઠિરનું રક્ષણ કરજો. આજ દિવસસુધી જે રીતે મેં તેમનું રક્ષણ કર્યું છે, તે રીતે આજે તમારે તેમનું રક્ષણ કરવું પડશે. લોકમાં તેવો કોઇ પણ પુરુષ મને દેખાતો નથી કે જે યુદ્ધમાં તમારો પરાજય કરી શકે. રે! સાક્ષાત્ ઇંદ્ર પોતે પણ તમને જીતી શકે તેમ નથી; કારણ કે તમે યુદ્ધમાં શ્રીકૃષ્ણસમાન છો.[૩૧] મને તમારામાં તથા મહારથી પ્રદ્યુમ્નમાં ઘણો વિશ્વાસ છે. હે પુરુષશ્રેષ્ઠ! હું આ કાર્ય તમને સોંપ્યા પછીજ તદ્દન નિરપેક્ષ થઈ સિંધુરાજાનો વધ કરવા શક્તિમાન થઈશ.[૩૨] હે યદુવંશી સાત્યકિ! મારી બાબતમાં તમારે કોઇપણ રીતે દરકાર કરવી નહિ. તમારે સર્વ પ્રકારે રાજા યુધિષ્ઠિરનુંજ રક્ષણ કરવા તત્પર રહેવું;[૩૩] કારણકે જે સ્થળે મહાબાહુ શ્રીકૃષ્ણ રહેલા છે તથા હું રહેલો છું, તે સ્થળે અવશ્ય કોઇ જાતનું સંકટ આવતું નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુને જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે શત્રુવીરોનો સંહાર કરનાર સાત્યકિ "બહુ સારૂં, એ બાબતમાં નિશ્ચિંત રહેવું" એમ કહીને જે સ્થળે રાજા યુધિષ્ઠિર હતા, તે સ્થળે ચાલ્યો ગયો.[૩૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ પ્રતિજ્ઞા પર્વમાં 'અર્જુનનું વાક્ય' એ વિષયનો અધ્યાય ૮૪ મો સમાપ્ત

પ્રતિજ્ઞા પર્વ સમાપ્ત

जयद्रथवध पर्व

અધ્યાય ૮૫ મો

ધૃતરાષ્ટ્રના ઉદ્ગારો

॥ धृतराष्ट्र उवाच ॥

श्वोभूते किमकार्षुस्ते दुःखशोकसमन्विताः ।
अभिमन्यौ हते तत्र के वाऽयुद्ध्यंत मामकाः१

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સંજય ! અભિમન્યુનો વધ થયા પછી બીજે દિવસે દુઃખ અને શોકથી યુક્ત થયેલા પાંડવોએ શું કર્યું ? અને મારા પક્ષના કયા કયા યોદ્ધાઓ તેમની સાથે લડયા ?[૧] અર્જુનનાં પરાક્રમોને પ્રથમથીજ જાણનારા કૌરવો તેનો અપરાધ કરી નિર્ભય કેમ રહ્યા હતા? તે તું કહે.[૨] પુત્રના શોકથી તપી ગયેલા અને ક્રોધાયમાન કાળસરખા પુરુષવ્યાઘ્ર અર્જુનને, મારા પુત્રો યુદ્ધ કરવા આવતો કેમ જોઈ શક્યા?[૩] વાનરના ચિહ્નવાળી ધ્વજાને ફરકાવતા તથા પુત્રશોકથી દુઃખી થયેલા અર્જુનને યુદ્ધમાં મહાન ધનુષ્ય ધૂણાવતો જોઇ મારા પુત્રોએ શું કર્યું?[૪] હે સંજય ! આજના સંગ્રામમાં દુર્યોધનના સંબંધમાં શું નવીન બન્યું છે ? આજે જ્યાં ત્યાં મહાન વિલાપના શબ્દો કાને પડે છે, પણ આનંદની વાર્તા તો જરાપણ સંભળાતી નથી.[૫] અરે! સિંધુરાજાના મંદિરમાં પ્રથમ મનનું આકર્ષણ કરનારા તથા કાનને સુખ આપનારા પ્રિય શબ્દો સંભળાતા હતા, પણ આજે તે કંઇ સંભળાતું નથી.[૬] મારા પુત્રોની છાવણીમાં સર્વ તરફ સ્તુતિ કરતા ભાટચારણો, સ્તુતિપાઠકો અને નૃત્ય કરનારાઓના શબ્દો પ્રથમ સંભળાતાં હતા અને તે મહાન શબ્દથી મારા કાન ગાજી ઉઠતા હતા, તે શબ્દો પણ આજે મારે કાને અથડાતા નથી અને જાણે તેઓ બધા દીન થઇ ગયા હોય, તેમ આજે મને લાગે છે.[૭,૮] હે તાત સંજય ! સત્યધૃતિ અને સોમદત્તના ઘરમાં હું જ્યારે પ્રથમ બેઠો હોઉં, ત્યારે ઉત્તમ શબ્દ સાંભળતો હતો. અરેરે ! અફસોસ ! તે ને તેજ હું–પુણ્યહીન, મારા પુત્રોના ઘરને વિલાપના શબ્દોથી ગાજી ઉઠેલું તથા ઉત્સાહવિનાનું આજે જોઉં છું.[૯,૧૦] તેમજ વિવિંશતિ, દુર્મુખ, ચિત્રસેન, વિકર્ણ અને એ સિવાયના બીજા મારા પુત્રોના નિવાસસ્થાનમાં પણ આજે કોઈ જાતનો શબ્દ સંભળાતો નથી.[૧૧] બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો શિષ્યવૃત્તિ ધારણ કરી જેનું હમેશાં સેવન કરે છે, વળી જે મારા પુત્રોના કાર્યમાં નિરંતર તત્પર રહે છે અને વળી જે વિતંડાવાદ કરી, અનેક જાતનાં ભાષણો કરી તથા પરસ્પર વાર્તાલાપ કરી મનગમતાં અનેક જાતનાં ગાયનોથી રાત્રિદિવસ રમણ કર્યા કરે છે; તથા અનેક કૌરવો, પાંડવો અને યાદવો જેની ઉપાસના કરે છે તે મહા ધનુર્ધર દ્રોણપુત્ર અશ્વત્થામાને ઘેર પણ પૂર્વની પેઠે કોઇ જાતનો શબ્દ આજે સંભળાતો નથી.[૧૨–૧૪] વળી મોટા ધનુષ્યવાળા એ દ્રોણપુત્રની પાસે પ્રથમ ગવૈયાઓ તથા નૃત્ય કરનારાઓ ઘણો વખત બેસી રહેતા, તેઓનો પણ આજે શબ્દ સંભળાતો નથી.[૧૫] અવંતીકુમાર વિંદ અને અનુવિંદની છાવણીમાં તથા કૈકેયોની છાવણીમાં પ્રથમ જે મહાન શબ્દ સાંભળવામાં આવતો હતો, તે પણ આજે સંભળાતો નથી.[૧૬] અરે, તેઓને ત્યાં તો પ્રથમ સંખ્યાબંધ નર્તકો નૃત્ય કરતા હતા તથા તાલપૂર્વક ગાયનો ગાઇને ગવૈયાઓ આનંદ કરતા હતા, તેઓનો પણ આજે જરાયે શબ્દ સંભળાતો નથી. યજ્ઞ કરનારા અનેક યાજકો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ સોમદત્તના પુત્ર શ્રુતનિધિની ઉપાસના કર્યા કરતા હતા, તેઓનો પણ આજે શબ્દ સંભળાતો નથી. અરે, પણ દ્રોણાચાર્યને ઘેર તો ધનુષ્યની પ્રત્યંચાનો ટંકારવ, વેદાધ્યયનનો ઘોષ, તોમરો, તરવારો અને રથોનો ઘોષ અવિચ્છિન્ન રીતે પ્રથમ થયા કરતો; એટલુંજ નહિ પણ અનેક દેશમાં બનેલાં ગીતોનો તથા જાત જાતનાં વાદિત્રોનો મહાન શબ્દ પણ નિરંતર થયા કરતો હતો, તેમાંનું આજે હું કંઈ સાંભળતો નથી.

જે સમયે આ ઘોર સંહારની શાંતિ કરવાની ઈચ્છાથી સર્વ ભૂતોપરની અનુકંપાને લીધે જનાર્દન શ્રી અચ્યુત (કૃષ્ણ) અહીં મારી સભામાં આવ્યા હતા, તે સમયે શ્રીકૃષ્ણની સમક્ષ અને તેમના ગયા પછી પણ તે દિવસથી આરંભી હમેશાં હું દુર્યોધનને કહ્યા કરતો કેઃ– " ઓ પુત્ર ! આ શ્રીકૃષ્ણ જે ઉપાય બતાવે તે પ્રમાણે તું પાંડવોસાથે સલાહસંપ કર. તેઓની સાથે સલાહ કરવી તે બરાબર સમયોચિત છે, એમ હું માનું છું; માટે હે દુર્યોધન ! તું મારૂં વચન ન ઉથાપીશ.[૧૭–૨૩] શ્રીકૃષ્ણ બન્ને પક્ષમાં શાંતિ ઈચ્છે છે અને તારા હિતમાટેજ કહે છે; છતાં તું જો તેમનું અપમાન કરીશ તો યાદ રાખજે કે, રણમાં તારો વિજય થવાનો નથી."[૨૪] મેં એ રીતે ઘણુંએ કહ્યું છતાં તે દુર્યોધને નજ માન્યું. સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણે પણ તેને સમજાવવામાટે ઘણાં અનુકૂળ વચનો કહ્યાં હતાં; છતાં મારા પુત્રે ઉદ્ધતાઈથી ન માન્યાં તે નજ માન્યાં.[૨૫] પછી તો તે દુષ્ટ બુદ્ધિના દુર્યોધને મારો ત્યાગ કર્યો–મને કંઈ પૂછપરછ કરવાનું બંધજ કર્યું અને કાળને વશ થઇ દુઃશાસન તથા કર્ણના મત પ્રમાણે વર્તવા લાગ્યો.[૨૬] પાંડવો તથા કૌરવો જુગાર રમે એવી મારી ઇચ્છા હતીજ નહિ. વિદુર પણ જુગારને પ્રસન્ન કરતો ન હતો. રે ! સિંધુરાજને, ભીષ્મને, શલ્યને, ભૂરિશ્રવાને, પુરુમિત્રને, જયને, અશ્વત્થામાને, કૃપાચાર્યને કે દ્રોણાચાર્યને–કોઇને પણ તેઓ જુગાર રમે એવી ઇચ્છા હતીજ નહિ.[૨૭,૨૮] અરેરે ! આ બધા પુરુષોનો મત લઇ મારો પુત્ર જો તે પ્રમાણે વર્તે, તો હજીપણ પોતાના જ્ઞાતિજનો, મિત્રો અને સુહૃદોસહિત ચિરકાળસુધી નિર્ભય થઇને જીવી શકે.[૨૯] સરળ સ્વભાવના, મધુર બોલનારા, જ્ઞાતિ અને બંધુઓસાથે પ્રિય ભાષણ કરનારા, કુળવાન, બુદ્ધિમાનોને માન્ય એવા પાંડવો સુખ પામશે.[૩૦] અરે, પણ એમાં શી નવાઈ છે? કારણકે ધર્મની પરવા રાખનારો પુરુષ સર્વ સ્થળે નિત્ય સુખ પામે છે; અને મરણપછી પણ તે પુરુષ કલ્યાણને તથા ઇશ્વરકૃપાને પામી શકે છે.[૩૧] ખરેખર, તે પાંડવો પૃથ્વીને ભોગવવા સમર્થ છે તેમ તેઓ પૃથ્વીને મેળવવામાં પણ સામર્થ્યવાળા છે. સમુદ્રસુધીની આખી પૃથ્વી તેઓના બાપદાદાઓનીજ છે.[૩૨] વળી પણ મેં દુર્યોધનને કહ્યું હતું કેઃ–" હે તાત ! આપણાથી છૂટા થઇને પણ પાંડવો હમેશાં ધર્મમાર્ગમાંજ રહેશે. મારા તેવા જ્ઞાતિભાઇઓ પણ છે કે જેઓનું પાંડવો સાંભળશે. વળી શલ્ય, સોમદત્ત, મહાત્મા ભીષ્મ, દ્રોણ, વિકર્ણ, બાહ્લિક, કૃપાચાર્ય અને એ સિવાયના બીજા ભરતવંશના જે મહાત્માઓ તારામાટે પાંડવોને જે કહેશે, તે બધું તેઓ તેમના કહ્યા પ્રમાણેજ કરશે.[૩૪,૩૫] મેં ગણાવેલા શલ્ય આદિ મહાત્માઓમાં તું કોને તેવો માને છે, કે જે પાંડવોને અધર્મી કહે ? વળી કૃષ્ણ પણ ધર્મનો ત્યાગ કરે તેવા નથી અને સર્વ પાંડવો તો હમેશાં શ્રી કૃષ્ણનેજ અનુસરનારા છે.[૩૬] હું પણ કદાચ એ વીરોને જો ધર્મયુક્ત વચન કહીશ, તો તેઓ કદી અન્યથા કરશે નહિ; કારણકે પાંડવો ધર્માત્મા છે."[૩૭]

હે સંજય ! એ રીતે હું તે દુર્યોધન આગળ ઘણીવાર પ્રલાપ કર્યા કરતો અને યોગ્ય વચન કહ્યા કરતો, પણ મારા મૂઢ પુત્રે મારૂં કાંઈ સાંભળ્યું નહિ; માટે મારે માનવું પડે છે કે, સમય પલટાયો છે.[૩૮] જે સ્થળે ભીમસેન, અર્જુન, યાદવવીર સાત્યકિ, પાંચાલવંશનો ઉત્તમૌજા, દુર્જય યુધામન્યુ, દુરાધર્ષ ધૃષ્ટદ્યુમ્ન, અજિત શિખંડી, અશ્મકો, કેકયો, ક્ષાત્રધર્મને અનુસરનારો સૌમકિ, ચૈદ્ય, ચેકિતાન, કાશીરાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો પુત્ર અભિમૂ, દ્રૌપદીના પાંચ પુત્રો, મહારથી દ્રુપદ, પુરુષવ્યાઘ્ર નકુળ અને સહદેવ તથા સર્વને યોગ્ય સલાહ આપનાર શ્રીકૃષ્ણ--આ સર્વ યોદ્ધાઓ છે,તેસ્થળે આ લોકમાં જીવવાની ઇચ્છાવાળો કયો પુરુષ કદી યુદ્ધ કરે ? ૩૯–૪૨ આ શત્રુપક્ષના યોદ્ધાઓ જે વેળા દિવ્ય અસ્ત્રોને પ્રકટ કરવા માંડે, ત્યારે મારા પક્ષમાં દુર્યોધન, કર્ણ, સુબલપુત્ર શકુનિ અને ચોથા દુઃશાસન સિવાય પાંચમો કયો પુરુષ સહન કરી શકે તેમ છે ? ખરેખર! એ ચાર સિવાયનો પાંચમો મને તો કોઇ જોવામાં આવતો નથી. જે પાંડવોના મધ્યમાં, હાથમાં ઘોડાઓની લગામ પકડી શ્રીકૃષ્ણ રથમાં બિરાજ્યા છે; તથા બરાબર સજ્જ થયેલો અર્જુન જેઓના તરફથી યુદ્ધ કરનારો છે, તે પાંડવોનો કદી પરાજય નથી. આવા પ્રકારના તે તે મારા પ્રલાપોને એ દુર્યોધને ધ્યાનમાં લીધાજ નહિ.[૪૩–૪૫] હાય, અફસોસ! પુરુષોમાં સિંહસરખા ભીષ્મ અને દ્રોણને પણ તું યુદ્ધમાં માર્યા ગયેલા કહે છે, માટે હું માનું છું કે, ભાવિ ભાવનું અનુસંધાન કરી કહેવાયલાં વિદુરનાં વાક્યોની આ પ્રત્યક્ષ ફળપ્રાપ્તિ જોઇને મારા પુત્રો હવે શોક કરે છે. વળી શિનિપુત્ર સાત્યકિએ તથા અર્જુને પરાભવ પમાડેલી પોતાની સેનાને જોઇને તથા રથોની બેઠકોને માર્યા ગયેલા રથીઓથી શૂન્ય થયેલી જોઇને હવે મારા પુત્રો શોક કરે છે, એમ હું માનું છું. જેમ ઉનાળામાં પવનથી ફૂંકાયલો મહાન અગ્નિ સૂકા ઘાસને બાળી ભસ્મ કરે, તેમ અર્જુન મારી સેનાને બાળી ભસ્મ કરશે. હે સંજય ! તું ઘણો કુશળ છે, માટે તે સર્વ વૃત્તાંત યથાર્થ રીતે મને કહે.[૪૬–૪૯] હે તાત ! અભિમન્યુ જ્યારે હણાયો, ત્યારે તમે બધા અર્જુનનો તે અપરાધ કરી, જ્યારે છાવણી તરફ જવા લાગ્યા ત્યારે તમારા મનમાં શું શું થતું હતું ? નિઃશંક, ગાંડીવ ધનુર્ધારીનો મહાન અપકાર કરી હવેના યુદ્ધમાં મારા પુત્રો તેનાં પરાક્રમોને સહન કરવા સમર્થ થશે નહિ.[૫૧] આવા સંકટના સમયમાં પણ દુર્યોધન, કર્ણ, દુઃશાસન અને શકુનિએ શત્રુઓ-સામે યોગ્ય કૃત્ય કરવાની શી ઘટના ઘડી છે?[૫૨] હે સંજય ! મારા મંદ બુદ્ધિના પુત્ર દુર્યોધનના ઘણા અન્યાયોથી મારા સઘળા પુત્રોનું યુદ્ધમાં શું થયું હતું, તે તું મને કહે;[૫૩] અને લોભને અનુસરનારો, દુષ્ટબુદ્ધિ, ક્રોધથી વિકૃત સ્વરૂપવાળો, રાજ્યની લાલસાવાળો તથા રાગથી વિવેકરહિત થયેલો દુર્યોધન, એ યુદ્ધમાં અનીતિથી વર્ત્યો હતો કે નીતિથી વર્ત્યો હતો, તે પણ તું મને કહે.[૫૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'ધૃતરાષ્ટ્રનાં વાક્યો' એ વિષયનો
અધ્યાય ૮૫ મો સમાપ્ત

અધ્યાય ૮૬ મો

ધૃતરાષ્ટ્રપ્રત્યે સંજયનાં વચનો

॥ संजय उवाच ॥

हंत ते संप्रवक्ष्यामि सर्वं प्रत्यक्षदर्शिवान् ।
शु पस्व स्थिरो भूत्वा तव ह्यपनयो महान् ॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા ! મેં બધું પ્રત્યક્ષ જોયું છે,માટે હું તમને કહું છું તે સ્થિર થઇને સાંભળો. ખરૂં જોતાં આ પાંડવોના સંબંધમાં તમારી મોટી અનીતિ થયેલી છે.[૧] હે ભરતશ્રેષ્ઠ રાજા ! પાણી વહી ગયા પછી પાળ બાંધવી તે જેમ વૃથા છે, તેમ તમારો આ વિલાપ પણ હવે નિષ્ફળ છે; માટે શોક ન કરો.[૨] હે ભરતવંશના શ્રેષ્ઠ રાજા ! કાળે નિર્માણ કરેલી અદ્ભુત યોજના ઓળંગી શકાય તેમ નથી, માટે હવે શોક ના કરો. આ પ્રમાણેનું ભાવિ પ્રથમથીજ નિર્માણ થયેલું હોવું જોઇએ.[૩] જો તમે પ્રથમથીજ કુંતાપુત્ર રાજા યુધિષ્ઠિરને તથા તમારા પુત્રોને જુગાર ખેલતા અટકાવ્યા હોત, તો આ સમયે તમને આ સંકટ આવત નહિ.[૪] અરે, જ્યારે યુદ્ધ કરવાનો સમય આવી પહોંચ્યો હતો, ત્યારે પણ ક્રોધાયમાન થયેલા પાંડવ–કૌરવ બન્નેને જો તમે અટકાવ્યા હોત તો આ સમયે આ સંકટ ન આવત.[૫] રે ! તમારી આજ્ઞામાં નહિ રહેનારા દુર્યોધનને પ્રથમજ "આને કેદ પકડો" એ પ્રમાણે જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌરવોને તમે આજ્ઞા આપી હોત,તો આ વખતે આ સંકટ ન આવત;[૬] અને એમ કરવાથી પાંડવો, પાંચાલો, યાદવો કે બીજા કોઇ રાજાઓને પણ તમારી બુદ્ધિની વિષમતાનો અનુભવ ન થાત.[૭] અરે! એક પિતાને છાજે તેવું કર્તવ્ય કરી જો તમારા પુત્રને તમે સન્માર્ગે દોર્યો હોત અને ધર્મપૂર્વક જો વર્ત્યા હોત તો આ સંકટ ન આવત.[૮] તમે લોકમાં અતિશય બુદ્ધિમાન થઇને પણ સનાતનધર્મનો ત્યાગ કર્યો અને દુર્યોધન, કર્ણ તથા શકુનિને અનુસર્યા.[૯] હે રાજન્! તે તમારા પાંડવોપ્રત્યેના પ્રલાપો મેં બધા સાંભળ્યા છે. તમે આંતરિક દૃષ્ટિએ તો ધનલોભીજ હતા, જેથી તમારાં તે વચનો વિષમિશ્ર મધ જેવાં હતાં.[૧૦] તે સમયે શ્રીકૃષ્ણ રાજા યુધિષ્ઠિરને, ભીષ્મને કે દ્રોણાચાર્યને બહુ માનતા ન હતા, પણ તમનેજ બહુ માનતા હતા;[૧૧]પરંતુ જ્યારે તેમને ખબર પડી કે, તમે રાજધર્મથી ભ્રષ્ટ થયા છો, ત્યારથી શ્રીકૃષ્ણ તમને પ્રથમની પેઠે બહુ માનતા નથી.[૧૨] પુત્રોને રાજ્ય પ્રાપ્ત થાય એવી કામનાવાળા હે રાજા! જે સમયે તમારા પુત્રો પાંડવોને ન કહેવાનાં વચનો કહેતા હતા,તે સમયે તમે તેની ઉપેક્ષા કરી છે;અને તમારા પુત્રોને એ પ્રમાણે બોલવાજ દીધા હતા, તેનું આ પરિણામ આવી પહોંચ્યું છે, માટે હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. હવે શોક ના કરો.[૧૩] હે નિર્દોષ! આ યુદ્ધના પરિણામે તમારા બાપદાદાઓનું રાજ્ય સંશયમાં આવી પડ્યું છે-તમારા હાથમાં રહેશે કે પાંડવોના હાથમાં જશે, એનો હવે કંઇ નિશ્ચય રહ્યો નથી; પણ પ્રથમજ જો તમે એ પ્રમાણે અનીતિ ન કરી હોત તો પાંડવોએ જીતેલી સમગ્ર પૃથ્વી તમારે સ્વાધીન થાત.[૧૪] રાજા પાંડુએ રાજ્ય જીત્યું હતું અને તેથીજ કૌરવોની તે પ્રમાણે કીર્તિ થઇ હતી. પાછળથી ધર્માચારી પાંડવોએ ફરી તે કીર્તિમાં ઘણો વધારો કર્યો હતો;[૧૫] પણ અફસોસ! તે બિચારા પાંડવોનું તેવું કર્મ પણ તમારી પાસે નિષ્ફળ થયું છે, કારણ કે આખું રાજ્ય પચાવી પાડવાની ઇચ્છાથી તમે તેઓને પોતાના પિતાના રાજ્યથી ભ્રષ્ટ કર્યા છે.[૧૬] હે રાજા! આ વખતે જ્યારે ખરેખરો કટોકટીનો સમય આવી પહોંચ્યો છે, ત્યારે હવે તમે તમારા પુત્રોની નિંદા કરો છો અને તેઓના દોષો કહો છો; પણ આજે તે બધું ઘટતું નથી-નકામું છે-નિષ્ફળ છે.[૧૭] આ રણમાં યુદ્ધ કરતા રાજાઓ પોતાના જીવિતનું રક્ષણ કરતા નથી. મોટા મોટા ક્ષત્રિયો પાંડવોની સેનામધ્યે પ્રવેશ કરી તમારામાટે યુદ્ધ કરી રહ્યા છે.[૧૮] જે સેનાનું શ્રીકૃષ્ણ, અર્જુન, સાત્યકિ અને ભીમસેન રક્ષણ કરી રહ્યા છે, તે સેનાસામે કૌરવો સિવાય બીજો કોણ લડી શકે તેમ છે?[૧૯] જેઓમાં અર્જુન જેવો યોદ્ધો છે, શ્રીકૃષ્ણ જેવો મંત્રી છે, ઉપરાંત સાત્યકિ અને ભીમસેન જેવા પણ જેઓમાં યોદ્ધા છે, તે પાંડવસૈન્યોને કૌરવો તથા તેને પગલે ચાલનારા રાજાઓ સિવાય બીજો કયો ધનુર્ધારી મનુષ્ય યુદ્ધમાં સહન કરવાને સમર્થ છે? અવસરને ઓળખનારા રાજાઓ જેટલું કરી શકે, તેટલું ક્ષાત્રધર્મમાં લીન થયેલા શૂરા કૌરવો પણ કરી રહ્યા છે.[૨૨] પુરુષવ્યાઘ્ર પાંડવોની સાથે કૌરવોનું અતિ સંકટભર્યું યુદ્ધ જે પ્રમાણે થઇ રહ્યું છે, તે સર્વ હું તમને યથાર્થ કહું છું, માટે સાંભળો.[૨૦-૨૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સંજયનાં વાક્યો' એ વિષયનો અધ્યાય ૮૬ મો સમાપ્ત

અધ્યાય ૮૭ મો

કૌરવોની વ્યૂહરચના

॥ संजय उवाच ॥

तस्यां निशायां व्युष्टायां द्रोणः शस्त्रभृतां वरः।
स्वान्यनीकानि सर्वाणि प्राक्रामद्व्यूहितुं ततः॥

સંજયે કહ્યું:-રાત્રિ વીતી અને પ્રભાત થયું, એટલે શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે પોતાનાં સર્વ સૈન્યોને વ્યૂહમાં ગોઠવવાનો આરંભ કર્યો. હે રાજન્! તે સમયે પરસ્પરનો વધ કરવા ઇચ્છતા ક્રોધાયમાન થયેલા શૂરાઓ ક્રોધમાં આવી જઇ ગર્જનાઓ કરતા હતા અને તેઓ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની વિચિત્ર વાણી પણ ત્યાં સંભળાતી હતી.[૨] કેટલાએક વીરો પોતાનું ધનુષ્ય પહોળું કરી પ્રત્યંચાનો ટંકારવ કરી નિશ્વાસ મૂકીને ઉંચેથી બોલતા હતા કેઃ–"હમણાં તે અર્જુન ક્યાં છે?"[૩] બીજા કેટલાએક યોદ્ધાઓ સુંદર મૂઠોવાળી, તીક્ષ્ણ ધારવાળી, હાથમાં બરાબર પકડેલી તથા આકાશ જેવી નિર્મળ પાણીદાર ખુલ્લી તરવારો ઉછાળી રહ્યા હતા.[૪] એ પ્રમાણે યુદ્ધ કરવાનાં મનવાળા હજારો યોદ્ધાઓ યુદ્ધશિક્ષાપ્રમાણે તરવારો તથા ધનુષ્યના માર્ગોમાં–તરેહ તરેહની યુદ્ધરીતિઓમાં ઘમી રહ્યા હતા;[૫] ત્યારે વળી બીજા કેટલાએક યોદ્ધાઓ ઘંટડીઓવાળો ચંદનચર્ચિત તથા સુવર્ણ અને હીરાઓથી સુશોભિત એવી ગદાઓ ઉંચી કરી પૂર્વની પેઠે અર્જુન વિષે પ્રશ્ન પૂછતા હતા.[૬] બળથી મદોન્મત્ત બનેલા કેટલાએક બાહુશાળી વીરો ઉંચા કરેલા ઇંદ્રધ્વજસમાન પરિઘોથી આકાશને વ્યાપ્ત કરી દેતા હતા.[૭] વળી તરેહ તરેહની પુષ્પમાળાઓથી શોભતા બીજા કેટલાએક શૂરા લડવૈયાઓ યુદ્ધ કરવાના મનથી ત્યાં ત્યાં ઉભા હતા.[૮] તે સમયે "અરે! તે અર્જુન ક્યાં છે? ગોવિંદ ક્યાં છે? પેલો અભિમાની ભીમસેન ક્યાં છે? અને તેઓના સુહૃદો ક્યાં છે?" આવા પ્રકારની તિરસ્કારસૂચક વાણીથી તેઓ રણમાં શત્રુઓનું આહ્વાન કરી રહ્યા હતા.[૯] તે પછી પોતાનો શંખ ફૂંકી ઘોડાઓને દોડાવતા દ્રોણાચાર્ય પોતે ઘણી ઝડપથી તે યોદ્ધાઓને આમતેમ વ્યૂહમાં ગોઠવતા ઘૂમી રહ્યા હતા.[૧૦] યુદ્ધને શોભાવનારાં તે સૈન્યો બરાબર ગોઠવાઇ ગયાં, એટલે હે મહારાજ! દ્રોણાચાર્યે જયદ્રથને કહ્યું[૧૧]:–"તું, ભૂરિશ્રવા, મહારથી કર્ણ, અશ્વત્થામા, શલ્ય તથા વૃષસેન, એ પાંચ યોદ્ધાઓ સાથે એક લાખ ઘોડેસ્વારો, સાઠહજાર રથીઓ, ચૌદ હજાર મદ ઝરતા હાથીઓ અને એકવીસ હજાર કવચધારી પાળાઓને લઇને મને છોડી છ કોશ દૂર પાછળ ઉભો રહેજે.[૧૨–૧૪] ત્યાં તું ઉભો રહીશ એટલે ઇંદ્રસહિત દેવો પણ તારો પરાભવ કરવા શક્તિમાન નથી, તો પછી પાંડવોના શા ભાર છે? માટે હે સિંધુરાજ! ધૈર્ય રાખજે."[૧૫] એ પ્રમાણે જ્યારે દ્રોણાચાર્યે કહ્યું, ત્યારે સિંધુરાજાને પણ ધીરજ આવી અને ગાંધારયોદ્ધાઓ તથા તે મહારથીઓની સાથે દ્રોણાચાર્યે દર્શાવેલા સ્થાને તે જઇ ઉભો રહ્યો.[૧૬] હે રાજેન્દ્ર! કવચધારી તથા હાથમાં ભાલાને ધારણ કરનારા સુસજ્જિત સ્વારો જેઓનાપર બેઠા હતા તેવા સિંધુરાજાના ઘોડાઓ, તેની પાછળ પાછળ સુંદર ગતિએ ચાલતા હતા. તેઓની કુલ સંખ્યા ચુંવોતેર હજારની હતી. બધા સુવર્ણનાં આભૂષણોથી સુશોભિત હતા. તે ઘોડાઓનાં મસ્તકોપર ચામરાકારની કલંકીઓ હતી અને તેઓ બધા સિંધુદેશમાં જન્મેલા હતા;[૧૭,૧૮] એટલુંજ નહિ પણ ભયંકર સ્વરૂપવાળા, કવચને ધારણ કરનારા, સંગ્રામમાં રૌદ્ર કર્મ કરનારા તથા કુશળ સ્વારોથી આરૂઢ થયેલા મદોન્મત્ત પંદરસો હાથીઓને સાથે લઈ તમારો પુત્ર દુર્મર્ષણ જયદ્રથનું રક્ષણ કરવામાટે સર્વ સૈન્યોના અગ્રભાગમાં યુદ્ધ કરવા ઉભો રહ્યો હતો.[૧૯,૨૦] વળી તમારા પુત્ર દુઃશાસન તથા વિકર્ણ પણ સિંધુરાજાનું રક્ષણ કરવામાટે સૈન્યના મોખરામાં ગોઠવાયા હતા.[૨૧] તે દિવસે દ્રોણાચાર્યે "ચક્રશકટ" નામનો વ્યૂહ રચ્યો હતો. તેની લંબાઈ ચોવીસ કોશની હતી તથા પાછળના ભાગમાં તેનો વિસ્તાર દશ કોશનો હતો.[૨૨] એની રચના દ્રોણાચાર્યે જાતેજ કરી હતી. ત્યાં અનેક વીર રાજાઓને રથ, ઘોડા અને પાળાઓના સમુદાયોસાથે તેમાં ગોઠવ્યા હતા.[૨૩] વળી તે વ્યૂહના પાછળના ભાગમાં એક પદ્માકાર વ્યૂહ તેમણે રચ્યો હતો, કે જેની અંદર અતિ દુર્ભેદ્ય એવો એક બીજો "સૂચીવ્યૂહ" પણ રચવામાં આવ્યો હતો. તે વ્યૂહ પદ્મવ્યૂહના મધ્યમાં ઘણો ગૂઢ હતો. એ પ્રમાણે વ્યૂહરચના કરી દ્રોણાચાર્ય, આગળ ઉભા રહ્યા હતા. મહાધનુર્ધર કૃતવર્મા, સૂચીવ્યૂહના મોખરામાં ઉભો રહ્યો હતો.[૨૫] તેના પછી હે રાજા! અનુક્રમે કાંબોજરાજ સુદક્ષિણ, જળસંધ, દુર્યોધન અને કર્ણ ઉભા રહ્યા હતા.[૨૬] તેઓના પછી વળી યુદ્ધમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા ન હઠે તેવા એક લાખ યોદ્ધાઓ શકટ-વ્યૂહના મુખનું રક્ષણ કરતા ઉભા રહ્યા હતા; અને તેઓ બધાની પાછળ મહાન સૈન્યથી વિંટાયલો રાજા જયદ્રથ સૂચીવ્યૂહની બાજુમાં ઉભો રહ્યો હતો.[૨૮] હે રાજેન્દ્ર ! એ શકટ-વ્યૂહના મુખમાંજ દ્રોણાચાર્ય જાતે ઉભા રહ્યા હતા; અને તેની પાછળ રાજા ભોજ દ્રોણાચાર્યનું રક્ષણ કરતો ઉભો હતો.[૨૯] સૌની આગળ ક્રોધાયમાન કાળની પેઠે દ્રોણાચાર્ય પોતાના ધનુષ્યનો ટંકાર કરતા ઉભા હતા. તેમનું કવચ શ્વેત વર્ણનું હતું, વસ્ત્રો તથા પાઘડી પણ શ્વેત હતી, તેમનું વક્ષઃસ્થળ વિશાળ હતું અને ભુજાઓ છેક ઢીંચણસુધી મોટી હતી.[૩૦] એ સમયે ફરકતી પતાકાવાળા, લાલ રંગના ઘોડાઓવાળા, વેદિકા અને કાળા મૃગચર્મના નિશાનવાળી ધ્વજાવાળા દ્રોણાચાર્યના રથને જોઇને કૌરવો ઘણા હર્ષમાં આવી ગયા.[૩૧] ખળભળી ઉઠેલા સમુદ્રસમાન દેખાતા દ્રોણાચાર્યે રચેલા વ્યૂહને જોઇને, સિદ્ધચારણોના સંઘોને અતિ મહાન વિસ્મય થઇ રહ્યો હતો; અને બીજાં સર્વ ભૂતો પણ એમજ માનવા લાગ્યાં, કે આ વ્યૂહ પર્વતો, સમુદ્રો, વનો તથા અનેક જાતના પ્રદેશોથી વ્યાપ્ત એવી સઘળી પૃથ્વીનો અવશ્ય ગ્રાસ કરી જશે.[૩૩] અનેક રથો, મનુષ્યો, ઘોડાઓ, પાળાઓ તથા હાથીઓના શત્રુઓને ભય ઉપજાવનારા શબ્દોથી ગાજી રહેલા, અદ્ભુત સ્વરૂપવાળા તથા શત્રુઓના હૃદયને ચીરી નાખે તેવા એ શકટવ્યૂહને દ્રોણાચાર્યે તૈયાર કરેલો જોઈ રાજા દુર્યોધનને ઘણો આનંદ થયો.[૩૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'કૌરવોની વ્યૂહરચના' એ વિષયનો અધ્યાય ૮૭ મો સમાપ્ત

અધ્યાય ૮૮ મો

અર્જુન રણમાં દેખાયો.

॥ संजय उवाच ॥

ततो व्यूढेष्वनीकेषु समुत्क्रुष्टेषु मारिष ।
ताड्यमानासु भेरीषु मृदंगेषु नदत्सु च ॥१॥

સંજયે કહ્યું:–તે પછી સૈન્યો જ્યારે બરાબર ગોઠવાઈ ગયાં ત્યારે હે રાજા ! ચોતરફ ધૂમાધૂમ થઈ રહી હતી, ભેરીઓ વાગી રહી હતી, મૃદંગો ગાજી રહ્યાં હતાં, શંખો ચારેબાજુ ફૂંકાઇ રહ્યા હતા અને સાંભળતાં રુવાં ખડાં થઇ જાય તેવો કોલાહલ સર્વ સ્થળે મચી રહ્યો હતો; તેમજ યુદ્ધ કરવાની ઇચ્છાવાળા ભરતયોદ્ધાઓ ધીમે ધીમે સજ્જ થતા હતા. રૌદ્ર મુહૂર્ત થયું તે વેળાએ અર્જુન રણમાં દેખાયો.[૧-૩] હે ભરતવંશી રાજા ! તે રણમાં હજારો બગલા તથા કાગડાઓ અર્જુનના આગળના ભાગમાં આવી ક્રીડા કરવા લાગ્યા.[૪] આપણે જ્યારે યુદ્ધમાટે પ્રયાણ કર્યું, ત્યારે આપણી જમણી બાજુએ મૃગો અને ઘોર શબ્દવાળી તથા અમંગળ દેખાવની શિયાળવીઓ શબ્દ કરવા લાગી.[૫] કડકડાટ શબ્દ કરતી બળબળતી હજારો ઉલ્કાઓ પડવા લાગી. એ ઘોર ભય ઉપસ્થિત થતાં સઘળી પૃથ્વી કંપવા લાગી.[૬] પૃથ્વીની રેતને ઉરાડતા કર્કશ વાયરા સુસવાટ કરતા ચારેબાજુ વાવા લાગ્યા. એ રીતે કુંતાપુત્ર અર્જુન રણમાં આવ્યો કે તુરત ભયંકર ઉત્પાતો દેખાવા લાગ્યા.[૭]

તે સમયે નકુળના પુત્ર શતાનીકે તથા પૃષત્પુત્ર ધૃષ્ટદ્યુમ્ને પાંડવોનાં સૈન્યોની વ્યૂહરચના કરી હતી, કારણકે તેઓ બન્ને વ્યૂહરચના કરવામાં ઘણા કુશળ હતા.[૮] તે પછી ત્રણહજાર ઘોડાઓ તથા દશહજાર પાળાઓને સાથે લઇ તમારો પુત્ર દુર્મર્ષણ, સર્વ સૈન્યોના અગ્રભાગમાં પંદરસો ધનુષ્ય જેટલી જગ્યામાં ઉભો રહી આ પ્રમાણે બોલ્યો:–[૯,૧૦] "આજે કિનારો જેમ સમુદ્રને અટકાવી રાખે, તેમ સર્વને તપાવી રહેલા તથા યુદ્ધમાં મદોન્મત્ત બનેલા ગાંડીવધનુર્ધર અર્જુનને હું આગળ વધતો અટકાવી રાખીશ.[૧૧] એક મોટો પથ્થર જેમ બીજા પથ્થરસામે ભરાય, તેમ આજના રણમાં ક્રોધાયમાન થયેલો અર્જુન મારીસામે ધસશે તે તમે જુઓ.[૧૨] હે રથીઓ ! તમે બધા સંગ્રામની આકાંક્ષા રાખી ત્યાં ઉભા રહો. હું એકલોજ આજે મારી કીર્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા માનમાં વધારો કરી આ એકત્ર થયેલા પાંડવોસામે યુદ્ધ કરીશ.” ૧૩

એમ કહીને હે મહારાજ ! મહાબુદ્ધિમાન તે વીર હાથમાં મોટું ધનુષ્ય લઇ બીજા કેટલાએક ધનુર્ધરો સાથે ત્યાં મોખરામાં ઉભો રહ્યો.૧૪ તેવામાં ક્રોધાયમાન થયેલા કાળસરખો, વજ્રધારી ઇંદ્રસરખો, દંડધારી, અસહ્ય અને કાળપ્રેરિત મૃત્યુના જેવો, શોભાવ્યા ન શોભે તેવા ત્રિશૂળધારી મહાદેવસરખો, પાશધારી વરુણ જેવો, પ્રજાઓને બાળી નાખનારી જ્વાળાયુક્ત પ્રલયાગ્નિસરખો, ક્રોધ, અમર્ષ અને બળથી ક્ષુબ્ધ થયેલો, નિવાત–કવચ દૈત્યોનો નાશ કરનારો, વિજયનામધારી, સર્વ સ્થળે જય કરનારો, સત્યમાં રહેલો, પોતાની મહાન પ્રતિજ્ઞાને પાળવા ઇચ્છતો, કવચધારી, તરવારધારી, સુવર્ણમય મુકુટધારી, ઉજ્જવળ એવી પુષ્પમાળા તથા ઉજ્જવળ વસ્ત્રને ધારણ કરનારો, સુંદર બાજુબંધધારી, સુંદર કુંડળધારી, નારાયણને અનુસરનારો તથા પોતાના ગાંડીવ ધનુષ્યને ધૂણાવતો નરસ્વરૂપ અર્જુન, યુદ્ધમાં ઉદય પામેલા સૂર્યની પેઠે દેખાયો.૧૪–૧૯

હે રાજન્ ! સૈન્યના અગ્રભાગમાં લગભગ બાણપાત જેટલા પ્રદેશમાં પોતાના રથને ઉભો રાખી પ્રતાપી અર્જુને પોતાનો શંખ વગાડયો. હે રાજા ! અર્જુનની સાથે રહેલા ધીર શ્રીકૃષ્ણે પણ પોતાના પાંચજન્ય નામના શંખને જોરથી વગાડયો.૨૧ તે બન્નેના શંખનાદથી હે રાજા ! તમારા સૈન્યમાં કેટલાએકનાં રુવાં ખડાં થઇ ગયાં અને કેટલાએક તો મૂર્છાવશ પણ થઇ ગયા.૨૨ જેમ વજ્રના કડાકાથી સર્વ ભૂતો ત્રાસ પામે છે, તેમ તેઓના શંખનાદથી તમારા સૈનિકો ત્રાસ પામ્યા.૨૩ સર્વ વાહનોનાં મળમૂત્ર છૂટી ગયાં. આ પ્રમાણે વાહનોસહિત આખું સૈન્ય વિહ્વળ થઇ ગયું.૨૪ હે રાજન્ ! અર્જુનના તથા શ્રીકૃષ્ણના શંખધ્વનિથી કેટલાએક યોદ્ધાઓ બેબાકળા થઇ ગયા, કેટલાએક બેભાન થઇ ગયા અને કેટલાએક ત્રાસ પામી ગયા;૨૫ એટલામાં વળી અર્જુનની ધ્વજામાં રહેલા વાનરે ધ્વજાનો આશ્રય કરનારાં બીજાં પ્રાણીઓ સાથે મોં ફાડીને મોટી હુંકાર ગર્જના કરી મૂકી અને તમારા સૈનિકોને ભયભીત કરી મૂક્યા.૨૬ તે પછી શંખો, ભેરીઓ, મૃદંગો તથા આનકો ફરી વગાડવામાં આવ્યાં અને તેથી તમારાં સર્વ સૈન્યો હર્ષમાં આવી ગયાં.૨૭ અનેક જાતનાં વાદિત્રોના શબ્દોથી, યુદ્ધગર્જનાઓથી, બાહુસ્ફોટના શબ્દોથી, ઉંચેથી કરેલા સિંહનાદોથી તથા આમતેમ દોડાદોડ કરતા મોટા રથોના ગડગડાટથી કાયરોને ભયભીત કરનારો તે તુમુલ શબ્દ જ્યારે થઈ રહ્યો હતો, ત્યારે અત્યંત ખુશ થયેલા અર્જુને શ્રીકૃષ્ણપ્રત્યે કહ્યું.૨૮,૨૯

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
‘અર્જુનનો રણમાં પ્રવેશ’ એ વિષયનો
અધ્યાય ૮૮ મો સમાપ્ત

અધ્યાય ૮૯ મો

અર્જુનનું યુદ્ધ

॥ अर्जुन उवाच ॥

चोदयाश्वान् हृषीकेश यत्र दुर्मर्षणः स्थितः ।
एतद्भित्त्वा गजानीकं प्रवेक्ष्याम्यरिवाहिनीम्

અર્જુને કહ્યું:–“ હે હૃષીકેશ ! જ્યાં દુર્મર્ષણ ઉભો છે, ત્યાં આપણા ઘોડાઓને હાંકો. આ હાથીઓના સૈન્યને તોડી નાખી હું શત્રુઓની સેનામાં દાખલ થઇશ.”૧

અર્જુનના એ કથનપરથી મહાબાહુ કેશવે જ્યાં દુર્મર્ષણ ઉભો હતો ત્યાં પોતાના ઘોડાઓને હાંક્યા,૨ એટલે એકલા અર્જુનનો તથા અનેક શત્રુઓનો અતિ દારુણ તુમુલ પ્રહાર ચાલુ થયો, કે જેમાં રથીઓ, હાથીઓ તથા પાળાઓનો સંહાર થઇ રહ્યો હતો. મેઘ જેમ જળધારાની વૃષ્ટિ કરી મૂકે, તેમ અર્જુને બાણોનો વરસાદ વરસાવવા માંડયો; અને મેઘ જેમ પર્વતોને ઢાંકી દે તેમ તેણે શત્રુઓને ઢાંકી દીધા.૪ ત્યારે શત્રુપક્ષના રથીઓ પણ ચાલાક હાથવાળાની પેઠે અનેક બાણો છોડી શ્રીકૃષ્ણ અને અર્જુનને એકદમ છાઈ દેવા માંડ્યા. એ રીતે શત્રુઓએ પોતાને યુદ્ધમાં આગળ વધતો અટકાવ્યો, ત્યારે મહાબાહુ અર્જુન કોપ્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી તો તેણે રથીઓનાં મસ્તકોને બાણો મૂકી મૂકીને ધડપરથી પાડવાજ માંડયાં.[૬] જોતજોતામાં ચકરવકર નેત્રોવાળાં, દંશેલા હોઠવાળાં તથા કુંડળો અને માથે પહેરવાનાં ટોપવાળાં મસ્તકોથી રણભૂમિ ઢંકાઇ ગઇ.[૭] ચારેબાજુ એદાનમેદાન થયેલાં ઘોળાં કમળોના વનની પેઠે રણભૂમિપર વીખરાઇ પડેલા યોદ્ધાઓનાં મસ્તકો ત્યાં શોભતાં હતાં.[૮] સુવર્ણસમાન ચળકતાં કવચોવાળા તથા લોહીથી રેબઝેબ થયેલા યોદ્ધાઓ, એકબીજાસામે ભરાયેલા વિજળીવાળા મેઘોની પેઠે દેખાતાં હતા.[૯] હે રાજન્! તે સમયે પૃથ્વીપર કપાઇને પડતાં મસ્તકોનો, ઋતુમાં પરિપક્વ થઇને પૃથ્વીપર પડતાં તાલવૃક્ષનાં ફળોના જેવો શબ્દ થઇ રહ્યો હતો.[૧૦] એ રણમાં મસ્તકવિનાનું કોઇ ધડ, ધનુષ્યને પૃથ્વીપર ટેકવીને ઉભું હતું; તો વળી બીજું કોઇ ધડ, તરવાર ખેંચીને તથા એક હાથ ઉંચો કરીને ઉભું હતું.[૧૧] રણમાં ઘૂમતા મહાન પુરુષોને પૃથ્વીપર પડેલાં મસ્તકોની ખબર પડતી ન હતી. તેઓ તો કેવળ અર્જુનના પરાક્રમને સહન નહિ કરી યુદ્ધમાં વિજય મેળવવાનીજ લાલસાવાળા હતા.[૧૨] આખી રણભૂમિ ઘોડાઓનાં મસ્તકોથી, હાથીની સૂંઢોથી અને યોદ્ધાઓના બાહુઓ તથા મસ્તકોથી છવાઇ ગઇ હતી.[૧૩] હે પ્રભો! તમારાં સૈન્યોમાં રહેલા યોદ્ધાઓને મન આ સઘળું જગત અર્જુનમય થઈ રહ્યું હતું; જેથી તેઓ બકતા હતા કે:—"આ અર્જુન ક્યાંથી આવ્યો? અરે, આ રહ્યો વળી બીજો અર્જુન અને આ રહ્યો વળી ત્રીજો અર્જુન" ઇત્યાદિ.[૧૪] આમ બેભાન થઇ પોતાના યોદ્ધાઓને પણ અર્જુનરૂપે દેખી તેઓ અન્યોન્યનો સંહાર કરવા લાગ્યા. ખરેખર! કાળથી મોહિત થયેલા તે યોદ્ધાઓ જગતને અર્જુનમય માનવા લાગ્યા.[૧૫] રણભૂમિપર શયન કરી પડેલા કેટલાએક વીરો લોહીલોહાણ થઇને તરફડતા હતા, કેટલાએક ગાઢ વેદનાથી બેભાન થઈ જતા હતા; ત્યારે વળી કેટલાએક બીજા યોદ્ધાઓ પોતાના બાંધવોને બોલાવી રહ્યા હતા.[૧૬] ભિંદિપાલ, ભાલાં, શક્તિ, ઋષ્ટિ, ફરસી, નિર્વ્યૂહ, તરવાર, ધનુષ્ય, તોમર, બાણ, કવચ, અલંકારો, ગદાઓ તથા બાજુબંધોને ધારણ કરનારા મોટા પરિઘસરખા અને મોટા સર્પસમાન દેખાતા બાહુઓ એ રણમાં તીક્ષ્ણ બાણોથી કપાઇ પડીને ચારેબાજુ તરફડતા હતા, ઉડાઉડ કરતા હતા અને આમતેમ અથડાતા હતા. વળી થોડીવાર શાંત પડી રહી એકદમ વેગ કરતા હતા.[૧૭-૧૯] જે જે યોદ્ધો અર્જુન સામે યુદ્ધ કરવા જતો હતો, તેના તેના શરીરમાં કાળસરખું બાણ પેસી જતું હતું.[૨૦] રથોના માર્ગમાં ઘૂમી રહેલો અર્જુન, ધનુષ્ય ક્યારે ખેંચે છે, તેમાં બાણસંધાન ક્યારે કરે છે અને પાછું તે બાણ ક્યારે છોડે છે? ઇત્યાદિનો અંતર જરાયે કોઇના જોવામાં આવતું ન હતું. પાંડુપુત્ર અર્જુન, એટલી બધી ઝડપથી બાણોનું સંધાન કરતો હતો અને એટલી બધી ઉતાવળથી બાણો ફેંકતો હતો, કે જેથી શત્રુપક્ષના યોદ્ધાઓ વિસ્મય પામતા હતા.[૨૨] અર્જુન હાથીને હાથીસ્વારને, ઘોડાને, ઘોડેસ્વારને, રથીને તથા રથીયોદ્ધાને બાણોવડે વિંધી નાખતો હતો;[૨૩] એટલુંજ નહિ પણ યુદ્ધ કરનારા, યુદ્ધમાંથી નિવૃત્ત થનારા, નિવૃત્ત થયેલા અથવા આગળના ભાગમાં આવી ઉભેલા એકપણ યોદ્ધાને જીવવતો છોડતો ન હતો.[૨૪] આકાશના મધ્યભાગમાં ઉદય પામેલો સૂર્ય જેમ મહાન અંધકારનો નાશ કરે છે, તેમ અર્જુને કંકપક્ષીનાં પીછાંવાળાં બાણોવડે હાથીઓના સૈન્યનો સંહાર કરી નાખ્યો.[૨૫] જ્યાં ત્યાં છિન્નભિન્ન થઈ પડેલા હાથીઓથી તમારૂં સૈન્ય, પ્રલયકાળે આસપાસ પડેલા પર્વતોથી છવાયેલી પૃથ્વીસરખું દેખાતું હતું.[૨૬] મધ્યાહ્નકાળના સૂર્યને જેમ પ્રાણીઓ સદા જોઇ શકતાં નથી, તેમ ક્રોધાયમાન થયેલા અર્જુનને યુદ્ધમાં શત્રુઓ જોઇ શકતા ન હતા.[૨૭] હે શત્રુતાપન રાજા! એ રીતે અર્જુનના બાણપ્રહારથી તમારૂં સૈન્ય જ્યારે અત્યંત પીડાયું, ત્યારે તેમાં ભંગાણ પડયું અને ગભરાઇ જઈ નાસભાગ કરવા લાગ્યું.[૨૮] જેમ મહાન વાયુ મેઘમંડળને વીખેરી નાખે, તેમ અર્જુને તે સૈન્યને હાંકી કાઢયું. તે એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું કે તેને જોવા પણ તે સમર્થ થયું નહિ.[૨૯] અર્જુનનાંબાણોથી પીડાયેલા તમારા ઘોડેસ્વારો અને રથીઓ ચાબૂકોથી, ધનુષ્યની અણીઓથી, હુંકારોથી સારીરીતે વાપરેલી સોટીઓથી, પાનીના પ્રહારથી તથા ઉગ્ર વાણીથી ઘોડાઓને એકદમ હાંકી જઇ પલાયન કરતા હતા. પાળાઓ પણ નાસભાગ કરતા હતા. બીજા કેટલાએક હાથીસ્વારો પણ પાની, અંગુઠો તથા અંકુશના પ્રહારથી હાથીને સત્વર હાંકીને રણમાંથી વિદાય થયા હતા.કેટલાએક યોદ્ધાઓ તો અર્જુનનાં બાણોથી એટલા બધા ગાંડા બની ગયા હતા, કે ઉલટા તે અર્જુન સામેજ ધસી જતા હતા. એ રીતે હે રાજા! તમારા સૈનિકો ઉત્સાહવિનાના તથા ભ્રમિત મનવાળા થઈ ગયા હતા.[૨૯–૩૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'અર્જુનનું યુદ્ધ' એ વિષયનો
અધ્યાય ૮૯ મો સમાપ્ત

અધ્યાય ૯૦ મો

દુઃશાસનના સૈન્યનો પરાભવ

॥ धृतराष्ट्र उवाच ॥

तस्मिन्प्रभग्ने सैन्याग्रे वध्यमाने किरीटिना ।
के तु तत्र रणे वीराः प्रत्युदीयुर्धनंजयम् ॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–અર્જુને બાણોનો મારો ચલાવી જ્યારે તે સૈન્યના મોખરામાં ભંગાણ પાડયું, ત્યારે કયા કયા યોદ્ધાઓ અર્જુનસામે ધસી ગયા હતા ?[૧] અથવા શું તેઓ બધા વ્યર્થ નિશ્ચયવાળા થઇને દ્રોણના આશ્રયમાં રહેલા નિર્ભય કિલ્લારૂપ શકટવ્યૂહમાં પેસી ગયા હતા?[૨]

સંજયે કહ્યું:–હે નિર્દોષ રાજા! તે રીતે અર્જુને જ્યારે તમારા સૈન્યમાં ભંગાણ પાડયું અને સર્વ વીરોનો સંહાર કરવા માંડયો તથા અર્જુન જ્યારે ઉત્તમ બાણો મૂકીને સર્વને પ્રહાર કરવા લાગ્યો, ત્યારે સર્વનો ઉત્સાહ ભાંગી પાડયો હતો અને સર્વે પલાયન કરવાનોજ અવસર ખોળતા હતા. ખરેખર! એ સંગ્રામમાં અર્જુનને કોઇ જોવાને પણ સમર્થ ન હતો.[૩,૪] હે રાજન્! તે પછી તમારો પુત્ર દુઃશાસન તે સ્થિતિમાં આવેલા સૈન્યને જોઇને અત્યંત ક્રોધાયમાન થઈ ગયો અને અર્જુનસામે યુદ્ધ કરવા ચઢી આવ્યો.[૫] તે વેળા તેણે સુવર્ણસમાન ઝળહળતું કવચ પહેર્યું હતું. મસ્તકપર તદ્દન સુવર્ણનો ટોપ ધારણ કર્યો હતો. હે મહારાજ! શૂરો અને તીવ્ર પરાક્રમવાળો તે દુઃશાસન, હાથીઓના મોટા સૈન્યનેલઇને પૃથ્વીને જાણે ગળી જતો હોય તેમ અર્જુનને ઘેરી વળ્યો.[૬,૭] હાથીઓની કંઠે બાંધેલા ઘંટોના શબ્દથી, શંખોના નાદથી, ધનુષ્યની પ્રત્યંચાના શબ્દથી તથા હાથીઓની ગર્જનાઓથી પૃથ્વી, દિશાઓ અને આકાશ વ્યાપ્ત થઈ ગયું. એક મુહૂર્તકાળ સુધી તો તે શબ્દ ક્રૂર અને ભયંકર થઇ રહ્યો હતો.[૮,૯] એ રીતે અંકુશોના પ્રહારથી પ્રેરાયેલા તથા લાંબી લાંબી સૂંઢોવાળા તે હાથીઓને એકદમ ઝડપથી પાંખોવાળા પર્વતોનીપેઠે પોતાની સામા ધસી આવતા જોઇ પુરુષસિંહ અર્જુને નિર્ભય થઇને મહાન સિંહનાદ કર્યો; તથા શત્રુઓના તે હાથીસૈન્યનો બાણોવડે નાશ કરવા માંડયો.[૧૦,૧૧] વળી પવને ઉછાળેલા મોટા મોટા તરંગવાળા મહાસાગર સરખા તે હાથીસૈન્યમાં અર્જુને એક મગરમચ્છની પેઠે પ્રવેશ કર્યો.[૧૨] પ્રલયકાળે દિશાઓમાં નિયમવિરુદ્ધ ચાલનારા પ્રચંડ સૂર્યની પેઠે શત્રુનગરોને જીતનારો અર્જુન, તે હાથીસૈન્યમાં સર્વ દિશાઓમાં દેખાતો હતો.[૧૩] ઘોડાઓની ખરીઓના શબ્દથી, રથની નેમિના ઘોષથી, અર્જુનના સિંહનાદના શબ્દથી, ધનુષ્યની પણછના ટંકારવથી, તરેહતરેહનાં વાદિત્રોના શબ્દથી, પાંચજન્યના ઘોષથી, દેવદત્ત(શંખ)ના નાદથી તથા ગાંડીવના ટંકારથી હાથીસ્વારો તથા હાથીઓના વેગ નરમ પડી ગયા અને અર્જુનનાં સર્પસમાન ઝેરી બાણોથી છિન્નભિન્ન થઇ તેઓ બેભાન થઈ ગયા.[૧૪–૧૬] એ યુદ્ધમાં હાથીઓનાં સર્વ અંગોમાં ગાંડીવધનુષ્યમાંથી છૂટેલાં અનેક લાખો તીક્ષ્ણ બાણો પેસી ગયાં હતાં,[૧૭] જેથી અર્જુનથી પ્રહાર કરાતા તે હાથીઓ ચીસો પાડી કપાયેલી પાંખોવાળા પર્વતોની પેઠે ધડાધડ પૃથ્વીપર પછડાવા લાગ્યા.[૧૮] વળી દાંતનાં મૂળોમાં, ગંડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થળોમાં તથા કેડોમાં બાણોથી વિંધાઇ ગયેલા તે હાથીઓ, ક્રૌંચપક્ષીની પેઠે વારંવાર કીકિચારીઓ કરતા હતા; તેમજ તે હાથીઓની કાંધપર બેઠેલા હાથીસ્વારોનાં મસ્તકોને પણ અર્જુન મજબૂત ગાંઠાવાળાં ભલ્લજાતનાં બાણોવડે કચાકચ કાપી નાખતો હતો.[૨૦] કપાયલા તે કુંડળસહિત મસ્તકો જ્યારે પૃથ્વીપર પડતાં હતાં, ત્યારે એવો દેખાવ થઇ રહ્યો હતો કે જાણે અર્જુન રણદેવીને કમળોનો ઉપહાર કરતો હોયની ![૨૧] એ વેળા કવચરહિત થયેલા, ઘવાઇને વ્યાકુળ થયેલા તથા લોહીથી નાહી રહેલા હાથીસ્વારો યંત્રવડે જકડાયેલા હોય તેમ ભમતા હાથીઓપર એ રણભૂમિમાં લટકી રહ્યા હતા;[૨૨] તેમજ બરાબર તાકીને મૂકેલા એકજ બાણથી બે ત્રણ જણા કપાઇ જઇને ધરણીપર ઢળી પડતા હતા.[૨૩] ત્યારે કેટલાએક હાથીઓ નારાચબાણોથી અત્યંત વિંધાઇ જઇને મુખથી લોહી ઓકતા હતા; અને વૃક્ષવાળા પર્વતોની પેઠે પોતાના સ્વારસહિત પૃથ્વીપર પટકાતા હતા.[૨૪] એ સમયે અર્જુને ભલ્લજાતનાં બાણોવડે રથીયોદ્ધાઓનાં ધનુષ્યોની પણછોને ધ્વજાઓને, ધનુષ્યોને, ધુંસરાંઓને તથા ઇષોને તદ્દન ફૂટીજ નાખ્યાં હતાં.[૨૫] અર્જુન, ગોળાકાર ધનુષ્ય પકડી રણમાં નૃત્ય કરતો હોય તેમ દેખાતું હતું; પણ તે બાણ ક્યારે સાંધે છે, ધનુષ્ય ક્યારે ખેંચે છે, બાણ ક્યારે છોડે છે તથા ભાથામાંથી બાણ બહાર ક્યારે કાઢે છે, તે કંઇ દેખાતું ન હતું.[૨૬] એક મુહૂર્તકાળમાં તો નારાચબાણોથી અત્યંત વિંધાઇ ગયેલા હાથીઓ મુખેથી લોહી ઓકતા પૃથ્વીપર પડવા લાગ્યા.[૨૭] હે મહારાજ ! તે ભયંકર ઝપાઝપીમાં ચારેબાજુ અસંખ્ય ધડો ઉભાં રહેલાં નજરે પડતાં હતાં.[૨૮] એ રણમાં સ્થળે સ્થળે ધનુષ્યવાળા, હાથનાં મોજાંવાળા, તરવારોવાળા, બાજુબંધોવાળા, અનેક સુવર્ણના અલંકારોથી શોભતા હાથો, કપાઇ પડેલા દેખાતા હતા.[૨૯] સામાનવાળી રથની બેઠકો, ઇષો, દાંડાઓ, ઉંટડાઓ, છિન્નભિન્ન થયેલાં પૈડાંઓ, ધરીઓ, ભાંગી પડેલાં ધુંસરાંઓ, ઢાલો તથા ધનુષ્યોને ધારણ કરનારા લડવૈયાઓ, આમતેમ વીખરાઇ પડેલી માળાઓ, અલંકારો, વસ્ત્રો, પડી ગયેલા મોટા ધ્વજો, માર્યા ગયેલા હાથીઓ, ઘોડાઓ તથા ઠેકઠેકાણે પડેલા ક્ષત્રિયોથી રણભૂમિ ક્રૂર દેખાવવાળી જણાતી હતી.[૩૦-૩૨]

એ પ્રમાણે દુઃશાસનના સૈન્યનો લગભગ અર્જુને નાશ કર્યો, ત્યારે હે મહારાજ ! અવશેષ રહેલું બીજું સૈન્ય પોતાના સેનાપતિસહિત ગભરાઇને નાઠું.[૩૩] દુઃશાસન પણ અર્જુનનાં બાણોથી પીડાઇને સૈન્યસહિત ભયભીત થઇને "દ્રોણાચાર્ય પોતાનું રક્ષણ કરશે" એવી ઇચ્છાથી શકટવ્યૂહસામે ચાલ્યો ગયો.[૩૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દુઃશાસનના સૈન્યનો પરાભવ' એ વિષયનો અધ્યાય ૯૦ મો સમાપ્ત

અધ્યાય ૯૧ મો
દ્રોણાચાર્યની સામે અર્જુન

॥ संजय उवाच ॥

दुःशासनबलं हत्वा सव्यसाची महारथः।
सिंधुराजं परीप्सन्वै द्रोणानीकमुपाद्रवत् ॥१॥

સંજયે કહ્યું:—દુઃશાસનના સૈન્યનો સંહાર કરી મહારથી અર્જુન, સિંધુરાજને પહોંચી વળવાની ઇચ્છાથી દ્રોણના સૈન્યસામે ધસ્યો.[૧] વ્યૂહના મોખરામાં ઉભેલા દ્રોણાચાર્ય પાસે આવીને અર્જુન શ્રીકૃષ્ણની સંમતિ પ્રમાણે બે હાથ જોડીને આ વચન બોલ્યો:—[૨] "હે બ્રહ્મન્ ! મારૂં કલ્યાણ થાય એમ આપ ચિંતવો અને મને "સ્વસ્તિ" એ પ્રમાણે આશીર્વચન કહો. આપની કૃપાથી આ દુર્ભેદ્ય સેનામાં પ્રવેશ કરવા હું ઇચ્છું છું.[૩] આપ મારા પિતાસમાન છો તથા ધર્મરાજ અને આ શ્રીકૃષ્ણસમાન પૂજ્ય છો ! આ હું સત્ય કહું છું.[૪] હે નિર્દોષ તાત ! આપે જેમ અશ્વત્થામાનું રક્ષણ કરવું જોઇએ, તેમજ મારૂં પણ સદા રક્ષણ કરવું જોઇએ.[૫] હે મનુષ્યોમાં શ્રેષ્ઠ પ્રભુ ! આજના રણમાં આપની કૃપાથી હું સિંધુરાજાનો વધ કરવા ઇચ્છું છું, એ મારી પ્રતિજ્ઞાનું આપ ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણ કરો."[૬]

સંજયે કહ્યું:-અર્જુને જ્યારે એ પ્રમાણે વિનીતભાવે કહ્યું, ત્યારે આચાર્ય હસતા હસતા બોલ્યા:-"હે અર્જુન! મને જીત્યાવિના તું જયદ્રથને જીતી શકીશ નહિ."[૭] એટલું કહીને આચાર્યે મંદ હાસ્ય કરી અર્જુનને રથ, ઘોડા, ધ્વજ અને સારથિસહિત તીક્ષ્ણ બાણોવડે છાઈ દીધો;[૮] ત્યારે અર્જુને દ્રોણાચાર્યનાં બાણોનું વારણ કરી ઘોર સ્વરૂપવાળાં અતિશય મહાન બાણોવડે દ્રોણસામે ધસારો કર્યો.[૯] હે રાજન્! દ્રોણાચાર્યનું રણમાં માન જાળવી તથા ક્ષાત્રધર્મને અનુસરી નવ બાણોવડે તેણે આચાર્યને વિંધી નાખ્યા;[૧૦] એટલે દ્રોણાચાર્યે પણ બાણો મૂકી તે અર્જુનનાં બાણો કાપી નાખ્યાં તથા તેઓ બન્ને જણાને ઝેર તથા અગ્નિની જ્વાળાસરખાં બાણોથી વિંધી નાખ્યા.[૧૧] તે જોઈ અર્જુને બાણોવડે તેમના ધનુષ્યને કાપી નાખવાની ઈચ્છા કરી; તથા મહાત્મા અર્જુન એ બાબતનો વિચાર કરવા લાગ્યો.[૧૨] એવામાં તો વીર્યવાન વીર દ્રોણાચાર્યે મનમાં જરાએ ગભરાયાવિના બાણોવડે અર્જુનના ધનુષ્યની દોરી તોડી નાખી; ઉપરાંત તેના ઘોડા, ધ્વજ અને સારથિને વિંધી નાખ્યા તથા અર્જુનને પણ હસતાં હસતાં બાણોવડે ઢાંકી દીધો. એજ ક્ષણે અર્જુને તત્કાળ ધનુષ્યમાં દોરી ચઢાવી લીધી અને પોતે સર્વ જાતનાં અસ્ત્રો જાણનારામાં શ્રેષ્ઠ હતો; છતાં આચાર્યને વિશેષ ગણી જાણે એકજ બાણ લીધું હોય, તેમ એકદમ છસો બાણો લઇને વળી બીજાં એકહજાર સાતસો અમોઘ બાણો લઇને દ્રોણાચાર્યના સૈન્યસામે તેણે ફેંક્યાં; તથા બીજાં દશ દશ હજારની સંખ્યાવાળાં બાણો પણ છોડયાં, કે જેથી તેમની સેનાનો સંહાર થઇ ગયો.[૧૩-૧૬] બળવાન અને તરેહ તરેહનાં યુદ્ધ કરવામાં કુશળ એવા અર્જુને સારી રીતે છોડેલાં તે બાણોથી ઘણા મનુષ્યો, ઘોડાઓ તથા હાથીઓ વિંધાઇ ગયા અને મરણ પામીને પૃથ્વીપર પડયા.[૧૭] ઘણા રથીયોદ્ધાઓ તે બાણોથી સારથિ, ઘોડા અને ધ્વજવિનાના થઈ ગયા; એટલુંજ નહિ પણ નાશ પામેલા હથિયારોવાળા તથા જીવિતવાળા થઇને તેઓ પોતાના મોટા મોટા રથોપરથી એકાએક બાણપીડિત થઇ ધરણીપર ઢળી પડયા.[૧૮] વળી વજ્રથી ચૂર્ણ થયેલા પર્વતોસરખા, આકાશમાંથી વીખરાઈ પડેલા મેઘોસરખા તથા અગ્નિથી બળી ગયેલાં ઘરોસરખા મોટા મોટા હાથીઓ રણમાં પડવા લાગ્યા. પાણીના ધસારાથી હિમાલયના પૃષ્ઠભાગમાં ઘસડાઇ પડેલા હંસોની પેઠે અર્જુનનાં બાણોથી હજારો ઘોડાઓ મરણ પામીને પડવા લાગ્યા.[૨૦] પ્રલયકાળના સૂર્યનાં પ્રચંડ કિરણો મોટા મોટા અદ્ભુત જળપ્રવાહોનો નાશ કરે, તેમ અર્જુનનાં બાણોએ સંખ્યાબંધ રથો, ઘોડા, હાથી અને પાળાઓનો નાશ કરી નાખ્યો.[૨૧] એ પ્રમાણે જ્યારે અર્જુનરૂપી સૂર્યનાં બાણોરૂપી કિરણો, કૌરવોના યોદ્ધાઓને યુદ્ધમાં તપાવી રહ્યાં હતાં; ત્યારે મેઘ જેમ સૂર્યનાં કિરણોને ઢાંકી દે, તેમ દ્રોણાચાર્યરૂપી મેઘે બાણોની વૃષ્ટિના વેગથી તેઓને ઢાંકી દીધા.[૨૨] તે પછી શત્રુઓના પ્રાણોનું ભોજન કરનાર તથા જોસભેર ખેંચીને છોડેલા એક નારાચબાણથી દ્રોણાચાર્યે અર્જુનને છાતીમાં પ્રહાર કર્યો.[૨૩] તે બાણના પ્રહારથી પૃથ્વીકંપસમયે જેમ પર્વત ધ્રૂજી ઉઠે, તેમ અર્જુનનાં સર્વ અંગો વિહ્વળતાથી ધ્રૂજી ઉઠયાં; પણ પુનઃ ધૈર્ય ધારણ કરી અર્જુને દ્રોણાચાર્યને બાણો મૂકી વિંધી નાખ્યા; એટલે વળી દ્રોણાચાર્યે પાંચ બાણોથી વાસુદેવને પ્રહાર કર્યો તથા પુનઃ તોંતેર બાણોથી અર્જુનને અને બીજાં ત્રણ બાણોથી તેના ધ્વજને વિંધી નાખ્યાં. વળી હે રાજન્! પોતાના શિષ્યને વિશેષ ગણતા પરાક્રમી દ્રોણાચાર્યે એક નિમેષકાળમાં બાણોની વૃષ્ટિથી અર્જુનને અદૃશ્ય કરી દીધો.[૨૬] એ સમયે અવિચ્છિન્ન રીતે પડતાં દ્રોણાચાર્યનાં બાણો તથા મંડળાકાર થયેલું એમનું અદ્ભુત ધનુષ્યજ અમારા જોવામાં આવતું હતું, પણ બીજું કંઈ દેખાતું ન હતું.[૨૭] હે રાજન્! એ યુદ્ધમાં દ્રોણાચાર્યે છોડેલાં તથા કંકપક્ષીનાં પીછાંવાળાં તે અનેક બાણો વાસુદેવ અને શ્રીકૃષ્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે જતાં હતાં.[૨૮] એ રીતનું દ્રોણાચાર્ય તથા અર્જુનનું યુદ્ધ જોઇને તે સમયે મહાબુદ્ધિમાન શ્રીવાસુદેવ, જયદ્રથનો વધ કરવારૂપ મહાન કાર્યનો વિચાર કરવા લાગ્યા;[૨૯] અને પછી અર્જુનપ્રત્યે આવું વચન કહેવા લાગ્યા:-"હે પાર્થ! ઓ પાર્થ! હે મહાબાહુ! આપણે સમય નહિ ગાળવો જોઇએ, દ્રોણાચાર્યને છોડી દઇ આપણે આગળ ચાલીએ; કારણકે આજે આપણે કરવા ધારેલું એ કાર્યજ (જયદ્રથવધ) ઘણું મોટું છે." તે સાંભળી અર્જુને પણ "જેવી તમારી ઇચ્છા" એ પ્રમાણે શ્રીકૃષ્ણપ્રત્યે કહ્યું.[૩૦,૩૧]

તે પછી અર્જુન, મહાબાહુ દ્રોણાચાર્યને પ્રદક્ષિણા કરી આગળ ચાલ્યો અને બાણો છોડતો છોડતો જવા લાગ્યો.[૩૨] તે જોઈ દ્રોણાચાર્યે પોતે અર્જુનને કહ્યું:-"હે અર્જુન! ક્યાં ચાલ્યો? તું તો રણમાં શત્રુને જીત્યાવિના કદી અટકતોજ નથી!"[૩૩] ત્યારે અર્જુને કહ્યું:-"આપ મારા ગુરુ છો પણ શત્રુ નથી. હું આપનો શિષ્ય છું અને પુત્રસમાન છું. આ લોકમાં તેવો કોઈ પુરુષ નથી કે જે યુદ્ધમાં આપનો પરાજય કરે."

સંજયે કહ્યું:-એમ કહેતો કહેતો જયદ્રથનો વધ કરવામાં ઉત્સુક બનેલો મહાબાહુ અર્જુન સત્વર તમારા સૈન્યસામે ધસી ગયો.[૩૫] તેના રથચક્રની રક્ષા કરનારા મહાત્મા યુધામન્યુ અને ઉત્તમૌજા પણ તમારા સૈન્યમાં પ્રવેશ કરતા તે અર્જુનની પાછળ પાછળ જવા લાગ્યા. તે વેળા હે મહારાજ! જય, યદુવંશી કૃતવર્મા, કાંબોજરાજ તથા શ્રુતાયુષે અર્જુનને અટકાવ્યો. વળી તેઓના અનુયાયી દશહજાર રથીયોદ્ધાઓ-અભીષાહો, શૂરસેનો, શિબિઓ, વસાતિઓ, માવેલ્લકો, લલિત્થો, કેકયો, મદ્રકો, નારાયણો, ગોપાલો તથા પૂર્વે સંગ્રામમાં કર્ણે જીતેલા અને શૂરવીરોમાં માન્ય થયેલા કાંબોજયોદ્ધાઓ દ્રોણાચાર્યને આગળ કરી હર્ષભેર સૈન્યમાં દાખલ થતા યૂથપતિ હાથીસરખા મહાધનુર્ધર અર્જુનને આગળ વધતો અટકાવવા લાગ્યા, કે જે અર્જુન, પુત્રના શોકથી તપી જઇને ક્રોધાયમાન કાળસરખો દેખાતો હતો, યુદ્ધમાં પ્રાણોની પરવા નહિ રાખીને તરેહ તરેહનાં યુદ્ધ કરવા સજ્જ થયો હતો અને તે પુરુષોમાં વ્યાઘ્રસમાન પરાક્રમી હતો.[૩૭-૪૨] તે પછી અન્યોન્યનો પરાજય કરવાની ઇચ્છાવાળા તે યોદ્ધાઓ તથા અર્જુન વચ્ચે રોમાંચ થાય તેવું તુમુલ યુદ્ધ ચાલુ થયું.[૪૩] જયદ્રથનો વધ કરવાની ઇચ્છાથી ધસી આવેલા પુરુષશ્રેષ્ઠ અર્જુનને, ઉત્પન્ન થયેલા રોગને જેમ ઔષધક્રિયાઓ નિવારે છે, તેમ એકત્ર થયેલા સર્વ કૌરવયોદ્ધાઓ નિવારવા લાગ્યા.[૪૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દ્રોણનો અતિક્રમ' એ વિષયનો અધ્યાય ૯૧ મો સમાપ્ત

અધ્યાય ૯૨ મો

શ્રુતાયુધ અને સુદક્ષિણનું સ્વર્ગગમન

॥ संजय उवाच ॥

सन्निरुद्धस्तु तैः पार्थो महाबलपराक्रमः ।
द्रुतं समनुयातश्च द्रोणेन रथिनां वरः ॥१॥

સંજયે કહ્યું:-હે ધૃતરાષ્ટ્રરાજા! મહાબળવાન અને પરાક્રમી રથીશ્રેષ્ઠ અર્જુનને એ રીતે સર્વ યોદ્ધાઓએ અટકાવી રાખ્યો અને દ્રોણાચાર્ય પણ તત્કાળ ત્યાં ધસી આવ્યા.[૧] રોગોનો સમુદાય જેમ દેહને તપાવે, તેમ કિરણોને ફેંકી રહેલા સૂર્યની પેઠે તીક્ષ્ણ બાણોને ફેંકતા અર્જુને તે સૈન્યને તપાવવા માંડયું.[૨] એ યુદ્ધમાં ઘોડાઓ વિંધાઇ ગયા, રથો ભાંગી પડયા, સ્વારોસહિત હાથીઓ પડવા લાગ્યા, છત્રો છિન્નભિન્ન થઇ ગયાં અને કેટલાએક રથો પૈડાંવિનાના થઈ પડયા.[૩] બાણોથી પીડાયેલાં સૈન્યો ચોતરફ નાસાનાસ કરવા લાગ્યાં. એ રીતે યુદ્ધ એટલું બધું તુમુલ થઇ રહ્યું હતું કે જેમાં કંઇ પણ જણાતું ન હતું.[૪] હે રાજન્! યુદ્ધમાં પોતાને અટકાવી રહેલા તે શત્રુઓની સેનાને અર્જુને સીધાં જનારાં બાણો મૂકીને વારંવાર કંપાવી દીધી.[૫] પોતાની પ્રતિજ્ઞાને સત્ય કરવાના સ્વભાવવાળો શ્વેત ઘોડાવાળો અર્જુન, પોતાની પ્રતિજ્ઞાને સત્ય કરવાની ઇચ્છાથી લાલ રંગના ઘોડાવાળા મહારથી દ્રોણસામે ધસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો.[૬] આચાર્ય દ્રોણે પણ મર્મને ભેદી નાખે તેવાં સીધી ગતિવાળાં પચીસ બાણોથી પોતાના મહાધનુર્ધર શિષ્યને પ્રહાર કર્યો.[૭] સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન પણ તેમનાં બાણોના વેગને નાશ કરનારાં બાણો છોડતો છોડતો સત્વર તેમની સામે દોડી ગયો.[૮] તે સમયે અર્જુને આચાર્યસામે શીઘ્ર ગતિવાળાં ભલ્લ જાતિનાં બાણો છોડયાં હતાં, માટે મોટા મનવાળા આચાર્યે પણ સામેથી ભલ્લજાતિનાં બાણો છોડીને બ્રહ્માસ્ત્ર પ્રકટ કરી અર્જુનને વિંધી નાખ્યો. એ યુદ્ધમાં દ્રોણાચાર્યનું શસ્ત્રાચાર્યપણું અમને આશ્ચર્યસરખું દેખાતું હતું; કારણ કે અર્જુન તરુણ હતો તથા ઘણો પ્રયત્ન કરતો હતો, છતાં તે આચાર્યને સામા વિંધી શકયો નહિ.[૧૦] હજારો જળધારાને ઝરતો મહાન મેઘ હોય, તેવા દેખાતા દ્રોણાચાર્યરૂપી મેઘે અર્જુનરૂપ પર્વતપર બાણોનો વરસાદ વરસાવવા માંડયો હતો.[૧૨] હે રાજન્! આચાર્યની તે બાણવૃષ્ટિને તેજસ્વી અર્જુને બ્રહ્માસ્ત્રથીજ સ્વીકારી લીધી હતી તથા પોતે બીજાં કેટલાંએક બાણો મૂકી તેમનાં બાણોનો નાશ કર્યો.[૧૨] એ વેળા દ્રોણાચાર્યે પચીસ બાણોથી અર્જુનને પ્રહાર કર્યો તથા બીજાં સિત્તેર બાણોથી શ્રીકૃષ્ણને છાતીમાં તથા બે બાહુઓમાં માર માર્યો.[૧૩] બુદ્ધિમાન અર્જુન તો સંખ્યાબંધ તીક્ષ્ણ બાણો છોડી રહેલા દ્રોણાચાર્યનો તે યુદ્ધમાં હસતાં હસતાં માત્ર અટકાવજ કરતો હતો.[૧૪] જ્યારે દ્રોણાચાર્યે શ્રીકૃષ્ણ તથા અર્જુનપર બાણોનો સખ્ત મારો ચલાવ્યો, ત્યારે પ્રલયકાળે ઉદય પામેલા દુરાધર્ષ અગ્નિસમાન એવા તે આચાર્યને તેઓ છોડી ચાલ્યા.[૧૫] દ્રોણાચાર્યનાં ધનુષ્યમાંથી છૂટેલાં તીક્ષ્ણ બાણોનો એ રીતે ત્યાગ કરી મુકુટધારી અર્જુન કૃતવર્માના સૈન્યનો નાશ કરવા લાગ્યો;[૧૬] અને મૈનાકપર્વતસરખા દ્રોણાચાર્યનો ત્યાગ કરી વચમાંજ ઉભેલા કૃતવર્મા તથા કાંબોજરાજ સુદક્ષિણપર તે ચઢી ગયો.[૧૭] તે વેળા પુરુષવ્યાઘ્ર કૃતવર્માએ પણ મનમાં લેશમાત્ર નહિ ગભરાઇને કંકપક્ષીનાં પીછાંવાળાં દશ બાણો છોડી દુર્ધર્ષ અર્જુનને તત્કાળ વિંધી નાખ્યો.[૧૮]

એ સમયે હે રાજન્! અર્જુને સો બાણો મૂકી તેને વિંધી નાખ્યો અને બીજાં ત્રણ બાણો મૂકી જાણે તેને મોહિત કરતો હોય, તેમ પ્રહાર કર્યો.[૧૯] મંદ મંદ હસતા કૃતવર્માએ પણ અર્જુન તથા વાસુદેવ પ્રત્યેકને પચીસ પચીસ બાણોનો પ્રહાર કર્યો.[૨૦] એ જોઈ અર્જુને અગ્નિની જ્વાળાસરખાં તથા ક્રોધાયમાન થયેલા સર્પસરખાં તોંતેર બાણો મૂકી કૃતવર્માને વિંધી નાખ્યો તથા તેનું ધનુષ્ય પણ કાપી નાખ્યું.[૨૧] હે ભરતવંશી રાજા! મહારથી કૃતવર્માએ એકદમ બીજું ધનુષ્ય હાથમાં લીધું તથા સત્વર પાંચ બાણોનું સંધાન કરી અર્જુનને છાતીમાં વિંધી નાખ્યો.[૨૨] વળી પણ બીજાં પાંચ તીક્ષ્ણ બાણો અર્જુનને માર્યાં, એટલે અર્જુને પણ તેની છાતીમાં નવ બાણોનો પ્રહાર કર્યો.[૨૩] એ પ્રમાણે અર્જુનને કૃતવર્માના રથ સામેજ આસક્ત થઈ ગયેલો જોઈને શ્રીકૃષ્ણે મનમાં વિચાર કર્યો કે, આમ સમય ગાળી નાખવો તે તો ઠીક નહિ.[૨૪]

તે પછી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું:–"અરે ઓ અર્જુન! તું કૃતવર્માપર દયા ન રાખ. તેની સાથેના સંબંધનો આ સમયે ત્યાગ કરી, એને જલદી હંફાવી દઈ ઘાયલ કર."[૨૫] તે સાંભળી અર્જુને ઘણાંએક બાણો છોડી કૃતવર્માને મૂર્ચ્છિત કરી નાખ્યો અને પોતે વેગવાળા ઘોડાઓથી કાંબોજ યોદ્ધાઓની સેનાસામે ચાલ્યો ગયો. અર્જુને જ્યારે તે સેનામાં પ્રવેશ કર્યો, ત્યારે હાદિક્ય ક્રોધ્યો અને તે હાથમાં બાણસહિત ધનુષ્ય ધૂણાવતો ધૂણાવતો અર્જુનના ચક્રરક્ષક બે પાંચાલકુમારો સામે આવી ગયો.[૨૭] વળી કૃતવર્મા પણ અર્જુનના પગલે પગલે ચાલતા તે પાંચાલવંશના બે ચક્રરક્ષકોને નજીકમાં પડનારાં બાણો મૂકી આગળ વધતા અટકાવવા લાગ્યો;[૨૮] એટલુંજ નહિ પણ ભોજ નામધારી એ કૃતવર્માએ ત્રણ તીક્ષ્ણ બાણોથી યુધામન્યુને વિંધી નાખ્યો તથા ચાર તીક્ષ્ણ બાણોથી ઉત્તમૌજાને વિંધી નાખ્યો,[૨૯] ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ બન્ને જણાએ પણ દશ દશ બાણો મૂકી એને વિંધી નાખ્યો. ઉપરાંત બીજાં ત્રણ ત્રણ બાણો મૂકી એની ધ્વજાને તથા ધનુષ્યને કાપી નાખ્યાં, એટલે ક્રોધપૂર્ણ થયેલા કૃતવર્માએ એકદમ બીજું ધનુષ્ય લઇ તે બન્ને વીરોને ધનુષ્યવિનાના કરી નાખ્યા અને બાણોની વૃષ્ટિથી છાઇ દીધા; પણ તેઓએ બીજાં ધનુષ્ય સજ્જ કરી કૃતવર્માપર પ્રહાર કરવા માંડયો.[૩૦-૩૨] એ સમયનો લાભ લઈ અર્જુન, શત્રુઓની સેનામાં દાખલ થઇ ગયો; પરંતુ તેના એ ચક્રરક્ષકોને તે સેનામાં દાખલ થવાનું દ્વાર મળ્યું નહિ. જો કે તે બન્ને પુરુષશ્રેષ્ઠો કૌરવોનાં સૈન્યોમાં ઘણો પ્રયત્ન કરી રહ્યા હતા પણ કૃતવર્માએ તેઓને અટકાવીજ રાખ્યા. તે પછી ધોળા ઘોડાવાળો શત્રુસૂદન અર્જુન, એ યુદ્ધમાં કૌરવોનાં સૈન્યોને પીડવા લાગ્યો અને કૃતવર્મા પોતાના સપાટામાં આવ્યો હતો છતાં તેણે તેને માર્યો નહિ. એ રીતે સેનામાં ધસી આવતા અર્જુનને જોઇને શૂરો રાજા શ્રુતાયુધ અત્યંત ક્રોધાયમાન થઈ હાથમાં મોટું ધનુષ્ય ધૂણાવતો ધૂણાવતો તેનીસામે ધસી ગયો; અને તુરત તેણે ત્રણ બાણોથી અર્જુનને તથા સિત્તેર બાણોથી શ્રીકૃષ્ણને પ્રહાર કરી એક ક્ષુરપ્રબાણથી અર્જુનના રથની ધ્વજામાં પણ પ્રહાર કર્યો. તે પછી અર્જુને મજબૂત ગાંઠાવાળાં નેવું બાણો ક્રોધપૂર્વક તેને માર્યાં. હે રાજન્! હાથી જેમ અંકુશોના પ્રહારને સહન ન કરે, તેમ તે શ્રુતાયુધે પણ અર્જુનના તે પરાક્રમને સહન કર્યું નહિ,[૩૩,૩૮] જેથી સિત્તોત્તેર બાણો મૂકી તેણે અર્જુનને પ્રહાર કર્યો; એટલે ક્રોધવશ થયેલા અર્જુને તેના ધનુષ્ય તથા ભાથાના ટુકડા કરીને નમેલાં પર્વવાળાં સાત બાણોથી તેને છાતીમાં પ્રહાર કર્યા. આથી ક્રોધપૂર્ણ થયેલા તે રાજાએ બીજું ધનુષ્ય લઇ અર્જુનને નવ બાણોનો એ બાહુઓમાં તથા છાતીમાં પ્રહાર કર્યો. હે ભરતવંશી રાજા! તે જોઈ મંદ મંદ હસતા શત્રુદમન અર્જુને અનેક હજાર બાણોથી શ્રુતાયુધને ગભરાવી મૂકયો અને વળી તે મહારથીએ સત્વર તેના ઘોડાઓનો તથા સારથિનો વધ કર્યો; એટલુંજ નહિ પણ મહાબળવાન તે અર્જુને એ રાજાને સિત્તેર નારાચબાણોથી વિંધી નાખ્યો. એ સમયે વીર્યવાન રાજા શ્રુતાયુધે માર્યા ગયેલા ઘોડાઓવાળા પોતાના રથનો ત્યાગ કર્યો અને તે હાથમાં ગદા ઉંચી કરી અર્જુનસામે રણમાં ધસ્યો. રાજા શ્રુતાયુધ કોઇ સામાન્ય યોદ્ધો ન હતો. એ વીર વરુણદેવનો પુત્ર હતો. શીતળ જળથી ભરેલી મહાનદી પર્ણાશા એની માતા (ઉત્પત્તિક્ષેત્ર) હતી.

એક સમયે હે રાજન્! તેની માતા પર્ણાશા, પોતાના પુત્રના કારણથી વરુણદેવપ્રત્યે કહેવા લાગી કેઃ-"આ મારો પુત્ર લોકમાં શત્રુઓથી અવધ્ય થાય તેવું કરો." તે સાંભળી વરુણદેવે કહ્યું:-"હું તારાપર પ્રસન્ન થયો છું અને તારા પુત્રનું હિત કરનારૂં આ દિવ્ય અસ્ત્ર વરમાં હું તેને આપું છું, કે જે અસ્ત્રથી તારો પુત્ર અવધ્ય થશે. હે નદીઓમાં શ્રેષ્ઠ પર્ણાશા! મનુષ્યને માટે અમરપણું કદી છેજ નહિ. જન્મેલા સર્વ પ્રાણીએ અવશ્ય મરણવશ થવું જોઇએ છે; પરંતુ એટલું તો હું તને કહું છું કે, આ તારો પુત્ર રણમાં શત્રુઓથી સદા દુરાધર્ષ થશે; કારણકે આ અસ્ત્રમાં તેવો દિવ્ય પ્રભાવ રહેલો છે, માટે તું મનમાંથી સંતાપ દૂર કર."આમ કહીને વરુણદેવે મંત્રપૂર્વક તેને ગદા આપી હતી, જે ગદાને મેળવીને શ્રુતાયુધ સર્વ લોકમાં અસહ્ય થઇ પડયો હતો; પણ ભગવાન વરુણદેવે ગદા આપતાં આપતાં તેને કહ્યું હતું કેઃ-"હે સમર્થ શ્રુતાયુધ! જે પુરુષ તારી સામે યુદ્ધ ન કરતો હોય, તેનાપર તું આ ગદા કદી છોડીશ નહિ; છતાં તું જો તે પ્રમાણે કરીશ તો ઉલટી તે ગદા તારાપરજ આવી પડશે અને તારો પોતાનોજ નાશ કરશે."[૩૯-૫૧] કાળ નજીક આવવાથી શ્રુતાયુધ, વરુણના એ વાક્ય પ્રમાણે વર્ત્યો નહિ અને તેણે વીરોનો નાશ કરનારી તે ગદાનો પોતાની સામે યુદ્ધ નહિ કરનારા શ્રીકૃષ્ણને પ્રહાર કર્યો.[૫૨] વીર્યવાન શ્રીકૃષ્ણે તે ગદાને પોતાના પુષ્ટ ખભાપર ઝીલી લીધી; પણ વાયુ જેમ વિંધ્યાચળ પર્વતને ડગાવી શકતો નથી, તેમ તે ગદા શ્રીકૃષ્ણને ડગમગાવી શકી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પોતાને માટે અયોગ્ય સ્થાનમાં જઇ પડેલી તે ગદા, આભિચારિકી દેવતાની પેઠે શ્રીકૃષ્ણથી પાછી વળી; અને ક્રોધાતુર થઇ સામા ઉભેલા વીર શ્રુતાયુધનોજ તેણે નાશ કર્યો.[૫૪] એ રીતે વીર શ્રુતાયુધનો નાશ કરી તે ગદા પૃથ્વીપર જઈ પડી. ગદા શ્રીકૃષ્ણ પાસેથી પાછી ફરી તથા શ્રુતાયુધ માર્યો ગયો. તે બધું જોઇ કૌરવનાં સૈન્યોમાં મોટો હાહાકાર થઈ રહ્યો, કારણકે પોતાનાજ અસ્ત્રથી શત્રુદમન શ્રુતાયુધને સર્વ સૈનિકોએ મરણ પામેલો નજરે જોયો હતો.[૫૫,૫૬] હે ધૃતરાષ્ટ્રરાજા! શ્રીકૃષ્ણ પોતાની સામા યુદ્ધ કરતા ન હતા; છતાં શ્રુતાયુધે તેનાપર ગદા ફેંકી હતી. તે કારણથી તે ગદાએજ તેનો વધ કર્યો હતો અને વરુણદેવે એ બાબતમાં પ્રથમથીજ તેને કહ્યું હતું, તોપણ તેણે તેમના કહેવા પ્રમાણે વર્તન ન કર્યું, જેથી સર્વ ધનુર્ધરોના દેખતાં શ્રુતાયુધ મરણ પામીને પૃથ્વીપર પડયો. પર્ણાશાનો પ્રિય પુત્ર શ્રુતાયુધ એ પ્રમાણે જ્યારે રણમાં પડયો, ત્યારે વાયુએ ભાંગી નાખેલા અનેક શાખાઓવાળા મોટા વનસ્પતિસરખો તે શોભતો હતો.[૫૭–૫૯] શ્રુતાયુધને મરણ પામેલો જોઇ, સર્વ સૈન્યો તથા સેનાપતિઓ ચારેબાજુ નાસવા લાગ્યા.[૬૦]

તે પછી કાંબોજરાજનો શૂરો પુત્ર સુદક્ષિણ પોતાના વેગવાળા ઘોડા દોડાવતો દોડાવતો શત્રુસૂદન અર્જુનસામે ચઢી આવ્યો.[૬૧] હે ભરતવંશી રાજા! અર્જુને તેને સાત બાણો માર્યાં, કે જે તે શૂરવીરને ભેદી નાખી પૃથ્વીમાં પેસી ગયાં.[૬૨] ગાંડીવમાંથી છૂટેલાં તીક્ષ્ણ બાણોથી જ્યારે તે અત્યંત વિંધાઇ ગયો, ત્યારે તેણે કંકપક્ષીનાં પીછાંવાળાં દશ બાણો મૂકી અર્જુનને સામો વિંધી નાખ્યો.[૬૩] વળી તેણે ત્રણ બાણોથી વાસુદેવને તથા પાંચ બાણોથી અર્જુનને વિંધી નાખ્યો. હે રાજા! તે જોઇ અર્જુને તેના ધનુષ્ય તથા ધ્વજને ઉડાડી નાખ્યા; ઉપરાંત અતિ તીક્ષ્ણ ભલ્લજાતનાં બે બાણોથી સુદક્ષિણને પ્રહાર કર્યો, ત્યારે તેણે અર્જુનને ત્રણ બાણોથી વિંધી નાખી સિંહનાદ કર્યો; એટલુંજ નહિ પણ તે શૂરવીર સુદક્ષિણે સર્વપારસવી નામની એક ઘોર શક્તિ, કે જે આસપાસ ઘંટડીઓવાળી હતી તેને ક્રોધ કરી ગાંડીવધનુર્ધારીપર ફેંકી. બળબળતી મોટી ઉલ્કાસરખી તથા અગ્નિના તણખાઓવાળી તે શક્તિ મહારથી અર્જુન પાસે આવીને તેને ઘાયલ કરી પૃથ્વીપર પડી.[૬૭] શક્તિના સખ્ત પ્રહારથી મહાતેજસ્વી અર્જુનને મૂર્છા આવી ગઇ, પણ થોડા સમયમાં પાછો સાવધ થઇ ક્રોધપૂર્વક ગલોફાં ચાટતાં ચાટતાં તેણે કંકપક્ષીનાં પીછાંવાળાં ચૌદ નારાચબાણો છોડયાં; અને અચિંત્ય પરાક્રમવાળા એ અર્જુને ઘોડા, ધ્વજ, ધનુષ્ય અને સારથિસહિત સુદક્ષિણને વિંધી નાખ્યો. વળી બીજાં અનેક બાણો મૂકી તેના રથના ટુકડેટુકડા કરી નાખ્યા; એટલુંજ નહિ પણ નિષ્ફળ સંકલ્પ તથા પરાક્રમવાળા કાંબોજરાજ સુદક્ષિણને વિશાળ ધારાવાળા એક બાણથી હૃદયમાં વિંધી નાખ્યો, જેથી તેનું કવચ તૂટી ગયું, અંગો છિન્નભિન્ન થઇ ગયાં તથા મુકુટ અને બાજુબંધ પણ ઉડી પડયાં વળી યંત્રથી છૂટી પડેલા ઇન્દ્રધ્વજની પેઠે અને પર્વતના શિખરપર ઉગેલું, મોટી મોટી શાખાઓવાળું અને ઉનાળામાં વાયુના ઝપાટાથી ભાગી પડેલું કરેણવૃક્ષ જેમ પડે, તેમ સુંદર શયનને યોગ્ય શૂરો રાજા સુદક્ષિણ, અર્જુનના સન્મુખ રણ ઉપર પડયો.[૬૮–૭૩] મહાકિંમતી આભૂષણોને ધારણ કરનારો તથા લાલ નેત્રવાળો તે સુદક્ષિણ અર્જુનના કર્ણાકાર બાણથી જ્યારે રણમાં પડયો, ત્યારે તે શિખરવાળા મહાન પર્વતસરખો દેખાતો હતો.[૭૪] અગ્નિસમાન ઝળહળતી સુવર્ણમાળાને મસ્તકે ધારણ કરનાર કાંબોજરાજાના પુત્ર સુદક્ષિણને જ્યારે અર્જુને રણમાં પાડયો અને પૃથ્વીપર મરણ પામીને તે મહાબાહુ જ્યારે શોભી રહ્યો હતો, ત્યારે તમારા પુત્રનાં સર્વ સૈન્યો પલાયન કરવા લાગ્યાં. તેઓ મરણ પામેલા કાંબોજકુમાર સુદક્ષિણને જોઇ જોઇને નાસતાં હતાં.[૭૫,૭૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'શ્રુતાયુધ અને સુદક્ષિણનો વધ' એ વિષયનો અધ્યાય ૯૨ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૯૩ મો

અંબષ્ઠ પડયો!

॥ संजय उवाच ॥

हते सुदक्षिणे राजन्वीरे चैव श्रुतायुधे ।
जवेनाभ्यद्रवन्पार्थं कुपिताः सैनिकास्तव॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્! એ પ્રમાણે વીર સુદક્ષિણ તથા શ્રુતાયુધ રણમાં માર્યા ગયા, ત્યારે કોપાયમાન થયેલા તમારા સૈનિકો વેગપૂર્વક અર્જુનસામા ધસ્યા.[૧] તેઓમાંના અભીષાહો, શૂરસેનો, શિબિઓ તથા વસાતિઓ, હે રાજન્! અર્જુનપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા;[૨] પણ અર્જુને અનેક બાણો મૂકીને તેઓની લગભગ છ હજાર જેટલી સંખ્યાનો નાશ કરી નાખ્યો, જેથી તેઓ ભયભીત થઈને વાઘ પાસેથી જેમ ક્ષુદ્ર મૃગો નાસી જાય, તેમ નાસી ગયા.[૩] રણમાં શત્રુઓનો સંહાર કરી રહેલા તથા તેઓને જીતવા ઇચ્છતા અર્જુનને તે નાસી ગયેલા યોદ્ધાઓ પાછા વળીને ચારેબાજુથી ઘેરી વળ્યા.[૪] અર્જુને પણ પોતાની સામે ધસી આવતા તે શત્રુઓનાં મસ્તકોને તથા બાહુઓને ગાંડીવ ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે સત્વર કાપવા માંડયાં.[૫] ત્યાં પાડી નાખેલાં અનેક મસ્તકોથી રણભૂમિ અવકાશ(જગ્યા)વિનાની થઈ ગઈ; તથા આકાશમાં ઉડતા કાગડાઓ, ગીધો અને બગલાઓથી તે સ્થળે વાદળાના જેવી છાયા થઈ રહી.[૬] એ રીતે જ્યારે તે યોદ્ધાઓનો સંહાર થઈ રહ્યો હતો ત્યારે શ્રુતાયુ અને અચ્યુતાયુ નામના બે વીર નરો અર્જુન સામા આવી યુદ્ધ કરવા લાગ્યા.[૭] તે બન્ને યોદ્ધાઓ બળવાન, શત્રુઓસામા સ્પર્ધા કરે તેવા વીર, સારા કુળમાં જન્મેલા તથા બાહુશાળી હતા. અર્જુનસામે આવતાંજ તેઓ બન્ને બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા.[૮] હે મહારાજ! એ બન્ને ધનુર્ધરો સત્વર બાણો છોડનારા હતા, મહાન યશની ઇચ્છા રાખનારા હતા તથા તમારા પુત્રને માટે અર્જુનનો વધ કરવા ધારતા હતા.[૯] જેમ બે મહામેઘો તળાવને જળથી પૂર્ણ કરી દે, તેમ તેઓ બન્નેએ નમેલાં પર્વવાળાં એકહજાર બાણોથી અર્જુનને સર્વાંગે ઢાંકી દીધો.[૧૦] વળી ક્રોધાયમાન થયેલા મહારથી શ્રુતાયુએ પાણીદાર અને તીક્ષ્ણ એવા એક તોમરનો અર્જુનને પ્રહાર કર્યો.[૧૧] બળવાન શત્રુના એ તોમરથી શત્રુસંહારક અર્જુન અત્યંત વિંધાઈ ગયો; અને એ રણમાં કેશવને ગભરાટમાં નાખતો પરમ મૂર્ચ્છાવશ થઈ ગયો. એજ સમયે વળી અધુરામાં પૂરૂં કરવા મહારથી અચ્યુતાયુએ અતિતીક્ષ્ણ ત્રિશૂળનો અર્જુનને પ્રહાર કર્યો. ખરેખર, તે પ્રહાર મહાત્મા અર્જુનને ઘા પર ક્ષાર નાખવા જેવો કષ્ટદાયક થઈ પડયો હતો. એ ત્રિશૂળથી પણ અત્યંત વિંધાઈ જઈને અર્જુન ધ્વજાના દાંડાને વળગી પડયો હતો.[૧૪] હે રાજા! એ સમયે અર્જુનને મરણ પામેલો માની તમારાં સૈન્યોમાં મહાન સિંહનાદો થઈ રહ્યા હતા.[૧૫] અર્જુનને બેભાન થયેલો જોઈ શ્રીકૃષ્ણને પણ ઘણો સંતાપ થવા લાગ્યો અને સુંદર વાણીથી તે વેળા અર્જુનને ધીરજ આપવા લાગ્યા.[૧૬] એ સમયે પણ તાકી તાકીને મારનારા તે બન્ને મહારથીઓએ બાણોનો વરસાદ વરસાવી વાસુદેવ તથા અર્જુનને રથ, ઉંટડો, પૈડાં, ઘોડા, ધ્વજ અને પતાકાસહિત અદૃશ્ય કરી દીધા, તે ઘણું નવાઈ જેવું બન્યું હતું.[૧૭,૧૮] હે ભરતવંશના રાજા! પછી અર્જુનને ધીમે ધીમે શાંતિ વળી. એ વખતે તેને એમજ લાગતું હતું કે, જાણે પોતે યમરાજાના નગરમાં જઈને અહીં પાછો આવ્યો હોયની![૧૯] તેણે મૂર્ચ્છામાંથી જાગ્રત થઈ જોયું તો પોતાનો રથ કેશવસહિત બાણોના જથાથી ઢંકાઈ ગયો હતો તથા બળતા અગ્નિસરખા પોતાના બન્ને શત્રુઓને પણ તેણે પોતાની સામા ઉભેલા જોયા.[૨૦] એટલે તુરત મહારથી અર્જુને ઇંદ્રનું અસ્ત્ર પ્રકટ કર્યું, કે જેમાંથી નમેલા પર્વવાળાં હજારો બાણો પ્રકટ થઈને તે બન્ને ધનુર્ધરોને પ્રહાર કરવા લાગ્યાં તથા તેઓ બન્નેએ છોડેલાં બાણોનો પણ નાશ કરવા લાગ્યાં. અર્જુનનાં બાણોથી કપાઈ ગયેલાં તેઓનાં બાણો છેક આકાશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉછળવા લાગ્યાં. ૨૧–૨૨ અર્જુને પોતાનાં બાણોના વેગથી શત્રુઓનાં બાણોનો સત્વર નાશ કરી નાખ્યો; એટલુંજ નહિ પણ ત્યાં ઉભેલા બીજા મહારથીઓ સામે પણ યુદ્ધ કરતો કરતો પોતે આગળ વધવા લાગ્યો.[૨૩] જોતજોતામાં તો અર્જુનનાં બાણોના સમુદાયોએ તે બન્ને નરવીરોને બાહુ અને મસ્તકવિનાના કરી નાખ્યા; અને વાયુએ ભાંગી નાખેલાં બે વૃક્ષોની પેઠે તેઓ ધરણીપર ઢળી પડયા.[૨૪] સમુદ્રનું સૂકાઇ જવું જેમ લોકોને આશ્ચર્યજનક થઇ પડે છે, તેમ શ્રુતાયુ અને અચ્યુતાયુનું મરણ લોકોને આશ્ચર્યજનક થઇ પડયું.[૨૫] પછી અર્જુને તેઓ બન્નેની પાછળ ચાલનારા બીજા પચાસ યોદ્ધાઓને પણ મારી નાખ્યા અને તે કૌરવોની સેનામાં સારા સારા યોદ્ધાઓને મારતો મારતો આગળ ચાલ્યો.[૨૬] હે ભારત ! પોતાના પિતા શ્રુતાયુને તથા અચ્યુતાયુને મરણ પામેલા સાંભળી તેઓના બન્ને પુત્રો નિયતાયુ તથા દીર્ઘાયુ અત્યંત ક્રોધાયમાન થઇને અર્જુનસામા ચઢી આવ્યા અને પોતાના પિતાના મરણથી ખિન્ન થઇ અનેક જાતનાં બાણો છોડવા લાગ્યા. ત્યારે પરમ ક્રોધાયમાન થયેલા અર્જુને દૃઢ ગાંડવાળાં બાણો મૂકી મૂકીને એક મુહૂર્તકાળમાં તો તેઓ બન્નેને યમરાજાને ઘેર મોકલી દીધા.[૨૯] એ રીતે અર્જુન, હાથી જેમ પદ્મસરોવરને ડહોળી નાખે તેમ શત્રુઓના સૈન્યને ડહોળી નાખતો હતો; છતાં મોટા મોટા ક્ષત્રિયો પણ તેને વારી શક્યા નહિ.[૩૦] હે રાજન્ ! તેવામાં ક્રોધવશ થયેલા હજારો અંગદેશના યોદ્ધાઓ મોટું હાથીસૈન્ય લઈ અર્જુનને ઘેરી વળ્યા. તે બધા યોદ્ધાઓ સારી રીતે કેળવાયલા હતા અને હાથીઓપર સ્વાર થયા હતા.[૩૧] વળી દુર્યોધનની આજ્ઞા પ્રમાણે બીજા પૂર્વદેશના તથા દક્ષિણદેશના કલિંગ વગેરે રાજાઓ પણ મોટા પર્વતસરખા હાથીઓ લઈ લઇને અર્જુનપર ચઢી આવ્યા.[૩૨] તેઓને પોતાની સામે ધસી આવતા જોઇ અર્જુને ગાંડીવધનુષ્યમાંથી અનેક બાણો છોડવા માંડયાં તથા અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી તેઓનાં મસ્તકો અને બાહુઓને કાપવા માંડયાં. તે ક્ષણે તેઓનાં મસ્તકોથી તથા બાજુબંધવાળા બાહુઓથી છવાઈ ગયેલી રણભૂમિ, જાણે સુવર્ણના પથ્થરવાળી તથા પુષ્કળ રત્નોથી વિંટાયેલી હોઈ તેવી શોભતી હતી.[૩૪] બાણોથી કપાતા બાહુઓ અને કચાકચ કપાઇ પડતાં મસ્તકો વૃક્ષોપરથી પડતાં પક્ષીઓની પેઠે રણભૂમિપર પડતાં દેખાતાં હતાં.[૩૫] હજારો હાથીઓ બાણોથી વિંધાઇ ગયા હતા અને તેઓના શરીરમાંથી લોહી ઝરતું હતું, તેથી વર્ષાકાળમાં જાણે ગેરૂવાળા જળનાં ઝરણોને ઝરતા મોટા પર્વતો હોય, તેવા તેઓ દેખાતા હતા.[૩૬] અર્જુનનાં તીક્ષ્ણ બાણોથી મરણ પામેલા ઘણા મ્લેચ્છયોદ્ધાઓ હાથીઓની પીઠપરજ સૂઈ રહ્યા હતા. તેઓનો દેખાવ ઘણો વિકૃત લાગતો હતો.[૩૭] હે રાજન્ ! તેઓએ જૂદા જૂદા વેષ ધારણ કર્યા હતા, અનેક શસ્ત્રોથી તેઓ સજ્જ થયેલા હતા અને તેઓનાં શરીરો લોહીથી ખરડાઇ ગયાં હતાં. એ રીતે તરેહ તરેહનાં બાણોથી મરણ પામેલા તે યોદ્ધાઓ રણમાં શોભતા હતા.[૩૮] અર્જુનનાં બાણોથી માર્યા ગયેલા હજારો હાથીઓ લોહી ઓકતા પડયા હતા, હજારોનાં અંગો છિન્નભિન્ન થઈ ગયાં હતાં અને હજારો હાથીઓ પોતાના સ્વારોસહિત તથા પાછળ ચાલનારા પાયદળોસહિત ચીસો પાડતા હતા. કેટલાએક પૃથ્વીપર પછડાતા હતા, કેટલાએક દિશાઓમાં ઘૂમતા હતા અને વળી બીજા કેટલાએક હાથીઓ તો અત્યંત ત્રાસ પામીને પોતાનાજ સૈનિકોને ખૂંદી નાખતા હતા;[૩૯,૪૦] એટલુંજ નહિ પણ તે હાથીઓ વચમાં યુદ્ધ કરતા બીજા હાથીઓને પણ કચડી પાડતા હતા અને વળી તીક્ષ્ણ ઝેરસરખા આસુરી માયાને જાણનારા ઘોર દૃષ્ટિવાળા યવનો, પારદો, બાહ્લિકો તથા મદોન્મત્ત હાથીસમાન પરાક્રમવાળા દ્રાવિડો ત્યાં અર્જુન સામા યુદ્ધ કરી રહ્યા હતા. તેઓ બધા રંગે કાગડા જેવા દુરાચારી, સ્ત્રીલુબ્ધ અને કલહપ્રિય હતા. ઉપરાંત વસિષ્ઠઋષિની નંદિની નામની ગાયમાંથી વિશ્વામિત્રના યુદ્ધપ્રસંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયેલા અને કાળસમાન પ્રહાર કરનારા મ્લેચ્છો, દાર્વાતિસારો, દરદો અને હજારો પુંડ્રો અર્જુન સામા યુદ્ધ કરતા હતા. તેઓ બધાઓનાં એટલાં બધાં લાખો ટોળે ટોળાં હતાં, કે જેઓની ગણના કરવી અશક્ય હતી.[૪૪] અનેક જાતનાં યુદ્ધ કરવામાં કુશળ એવા તે સર્વ મ્લેચ્છો અર્જુનપર તીક્ષ્ણ બાણો વરસાવી તેને ઢાંકી દેતા હતા.[૪૫] અર્જુને પણ તેઓનાપર એટલી બધી બાણવૃષ્ટિ કરી મૂકી કે જે આકાશમાંથી ઉડી આવતાં તીડોના સમૂહ સરખી થઈ રહી હતી.[૪૬] એ પ્રમાણે વાદળની છાયાની પેઠે અર્જુને રણમાં પોતાના અસ્ત્રના તેજથી બાણોની છાયા કરી દઇને, મસ્તકે મુંડેલા, અર્ધા બોડા, જટાધારી, અપવિત્ર તથા મુખપર લાંબી લાંબી દાઢીઓવાળા સેંકડો મ્લેચ્છોનો સંહાર કરી નાખ્યો. તેણે પર્વતોમાં વસનારા ભીલોનાં સેંકડો ટોળાંને વિંધી નાખ્યાં અને કેટલાએક પર્વતોની ગુફાઓમાં વસનારા ભીલો તો ભયભીત થઇને રણમાંથી નાસી ગયા. એ સમયે બગલાંઓ, કંકપક્ષીઓ તથા વરૂ વગેરે પ્રાણીઓ તીક્ષ્ણ બાણોથી રણભૂમિપર પડેલા હાથીઓ, ઘોડાઓ, ઘોડેસ્વારો તથા મ્લેચ્છોનાં લોહીનું હર્ષભેર પાન કરતા હતા.

અર્જુને જોતજોતામાં તો એ રણભૂમિપર લોહીની ઉગ્ર નદી ચલાવી મૂકી. એ નદી પાળા, ઘોડા, રથો અને હાથીઓથી એટલી બધી ઢંકાઈ ગઇ હતી, કે જેથી પૂલની પેઠે મનુષ્યો તે પરથી ચાલ્યા જતા હતા. એ નદીમાં બાણોના જથારૂપ વહાણ હતાં, કેશરૂપ શેવાળ અને લીલું ઘાસ હતું, લોહીના ઓઘરૂપ મોટા તરંગો હતા અને કપાયલી આંગળીઓરૂપ નાનાં નાનાં માછલાંઓ હતાં.પ્રલયકાળસમાન તે નદી ઘોર દેખાતી હતી અને હાથીઓથી સાંકડી થઈ ગઈ હતી.

રાજપુત્રોનાં તથા હાથી, ઘોડા, રથીઓ અને સ્વારોનાં શરીરોમાંથી નીકળતા લોહીથી રણભૂમિ એટલી બધી ભરપૂર થઈ ગઇ હતી કે વર્ષાકાળમાં મેઘની વૃષ્ટિ થતાં જેમ કોઈ નીચું-ઉંચું સ્થળ નજરે નથી પડતું અને સર્વ જળમય થઇને સપાટ પ્રદેશજ દેખાય છે, તેમ ત્યાં પણ કોઈ ઉચ્ચનીચ પ્રદેશ દેખાતો ન હતો; પરંતુ સર્વ પ્રદેશ લોહીથી છવાઇ ગયો હતો. ક્ષત્રિયશ્રેષ્ઠ અર્જુને એ રણમાં સાતહજાર ઘોડેસ્વાર એવા ઉત્તમ વીર ક્ષત્રિયોને મૃત્યુલોક તરફ વિદાય કર્યા હતા. વળી શાસ્ત્રોક્ત વિધિએ સજ્જ કરેલા અનેક હજાર હાથીઓ અર્જુનનાં બાણોથી વિંધાઈ જઇને વજ્રથી છિન્નભિન્ન થયેલા પર્વતોની પેઠે રણભૂમિપર શયન કરી રહ્યા હતા. જેમ કોઇ મદોન્મત્ત હાથી નળ નામના ઘાસના વનને ખુંદી નાખે, તેમ અર્જુન ઘોડાઓ, રથો અને હાથીઓનો સંહાર વાળતો રણમાં ઘૂમતો હતો. વાયુથી ફુંકાયલો અગ્નિ જેમ પુષ્કળ વૃક્ષો, લતા અને ઝાડીઓવાળાં તથા સુકાયેલાં લાકડાં, ઘાસ અને ખડવાળાં જંગલોને બાળી ભસ્મ કરે, તેમ શ્રીકૃષ્ણરૂપ વાયુથી ફુંકાયલો તથા બાણોરૂપ જ્વાળાવાળો અર્જુનરૂપ અગ્નિ ક્રોધાયમાન થઇ તમારી સેનારૂપ જંગલને બાળી ભસ્મ કરતો હતો. રથોની બેઠકોને ખાલી કરતો અને મનુષ્યોથી પૃથ્વીને છાઈ દેતો તે અર્જુન, એ યુદ્ધમાં હાથમાં ધનુષ્ય લઇ જાણે નૃત્ય કરતો હોય તેવો દેખાતો હતો. વજ્રસરખાં બાણો છોડી રણભૂમિને મુખ્યત્વે લોહીથી વ્યાપ્ત કરતો અર્જુન, ક્રોધવશ થઈ કૌરવોની સેનામાં દાખલ થયો; તેવામાં શ્રુતાયુ નામના અંબષ્ઠે અર્જુનને આગળ જતો અટકાવ્યો.[૫૨-૬૦]

હે રાજન્ ! અંબષ્ઠ એ રીતે પ્રયત્ન કરતો હતો, એ અરસામાં અર્જુને કંકપક્ષીનાં પીછાંવાળાં તીક્ષ્ણ બાણો મૂકી તેના ઘોડાઓને તત્કાળ પાડી નાખ્યા.[૬૧] વળી બીજાં કેટલાંએક બાણોથી તેના ધનુષ્યના પણ ટુકડા કરી નાખ્યા. એ પ્રમાણે અર્જુને તેની આગળ પોતાનું પરાક્રમ કરી દેખાડયું. તે જોઇ કોપથી ચકરવકર નેત્રવાળા અંબષ્ઠે હાથમાં ગદા લઇને મહારથી અર્જુન તથા શ્રીકૃષ્ણસામે ધસારો કર્યો. હે ભરતવંશી રાજા ! પ્રહાર કરવામાટે ગદાને હાથમાં ઉંચી કરી તેણે અર્જુનના રથને આગળ વધતો અટકાવ્યો તથા શ્રી કેશવને પણ ગદાનો પ્રહાર કર્યો. પોતાના મિત્ર શ્રી કેશવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શવને એ પ્રમાણે ગદાથી મારેલા જોઇ શત્રુવીરોનો સંહાર કરનાર અર્જુન અત્યંત ક્રોધાયમાન થઈ ગયો; અને હે ભારત ! તેણે સુવર્ણનાં પૂછવાળાં સંખ્યાબંધ બાણો છોડી, મેઘ જેમ ઉદય પામેલા સૂર્યને ઢાંકી દે, તેમ મહારથી અંબષ્ઠને ગદાસહિત રણમાં ઢાંકી દીધો. વળી બીજાં કેટલાંએક બાણોથી તે મહાત્માની ગદાના પણ ટુકડા કરી નાખ્યા, તે ઘણું અદ્ભુત લાગતું હતું. પોતાની ગદા આ પ્રમાણે ટુકડા થઇ પડેલી જોઇ અંબષ્ઠે એક બીજી ગદા ઉઠાવી અને તેણે અર્જુનને તથા વાસુદેવને વારંવાર પ્રહાર કરવા માંડયા. પછી અર્જુને અસ્ત્રાની ધાર જેવા આકારનાં બે ક્ષુરપ્રબાણોથી, ઇંદ્રધ્વજસમાન આકારવાળા ઉંચી કરેલી ગદાસહિત તેના બન્ને બાહુઓને ભચ ભચ કાપી નાખ્યા;એટલુંજ નહિ પણ બીજા એક બાણથી તેનું મસ્તક પણ ઉડાડી દીધું. હે રાજન્ ! યંત્રમાંથી છુટી ગયેલાં બંધનવાળો ઇંદ્રધ્વજ જેમ કડકડાટ કરતો પૃથ્વીપર પડે, તેમ તે અંબષ્ઠ પણ માર્યો જઈ પૃથ્વીને ગજાવતો નીચે પડયો. તે સમયે રથીઓના સૈન્યથી ઘેરાયેલો તથા સેંકડો હાથી અને ઘોડાઓથી વિંટાયેલો અર્જુન, મેઘોથી ઢંકાયેલા સૂર્યસમાન દેખાતો હતો.[૬૨–૭૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'અંબષ્ઠનો વધ' એ વિષયનો
અધ્યાય ૯૩ મો સમાપ્ત

અધ્યાય ૯૪ મો
દુર્યોધનને કવચબંધન

॥ संजय उवाच ॥

ततः प्रविष्टे कौन्तेये सिंधुराजजिघांसया ।
द्रोणानीकं विनिर्भिद्य भोजानीकं च दुस्तरम्॥

સંજયે કહ્યું:–તે પછી કુંતાનો પુત્ર અર્જુન સિંધુરાજનો વધ કરવાની ઇચ્છાથી દુસ્તર એવા દ્રોણાચાર્યના સૈન્યને તથા કૃતવર્માના સૈન્યને તોડી નાખી જ્યારે સૈન્યમાં દાખલ થયો; અને વળી હે રાજન્ ! કાંબોજરાજના પુત્ર સુદક્ષિણને તથા પરાક્રમી શ્રુતાયુધને અર્જુને જ્યારે રણમાં રોળી નાખ્યા; તથા છિન્નભિન્ન થયેલાં સૈન્યો ચારેબાજુ જ્યારે નાસભાગ કરવા લાગ્યાં, ત્યારે તમારો પુત્ર દુર્યોધન પોતાના સન્યમાં ભંગાણ પડેલું જોઇ, પોતે એકલો રથમાં બેસી ઉતાવળો ઉતાવળો દ્રોણાચાર્ય પાસે ગયો અને ત્યાં જઈ આ પ્રમાણે કહેવા લાગ્યો:–"હે આચાર્ય ! તે પુરુષવ્યાઘ્ર અર્જુન આ મહાસેનાનો નાશ કરી અંદર આવી પહોંચ્યો છે.[૧–૪] આ દારુણ મનુષ્યોના સંહારમાં અર્જુનનો નાશ કરવામાટે હવે પછી આપણે શું કરવું જોઇએ તેનો તમે બુદ્ધિ સાથે વિચાર કરો. એવો કોઇ ઘાટ ઘડો કે જેથી પુરુષવ્યાઘ્ર જયદ્રથ આ યુદ્ધમાં ન માર્યો જાય. તમારૂં કલ્યાણ થશે. તમેજ અમારા મુખ્ય આધાર છો.[૬] કોપરૂપી વાયુથી ફુંકાયલો આ અર્જુનરૂપ અગ્નિ, સળગી ઉઠેલો અગ્નિ જેમ ઘાસને બાળી નાખે, તેમ મારી સેનારૂપ ઘાસને બાળી રહ્યો છે.[૭] હે શત્રુતાપન આચાર્ય ! કુંતાનો પુત્ર અર્જુન સૈન્યને તોડી નાખી જ્યારે અંદર દાખલ થયો છે;ત્યારેજ જયદ્રથના રક્ષક યોદ્ધાઓ, પરમ સંશયમાં આવી પડયા છે.[૮] હે બ્રહ્મયજ્ઞોમાં શ્રેષ્ઠ ! દરેક રાજાઓની બુદ્ધિ ખરેખર આવાજ નિશ્ચયવાળી હતી કે,અર્જુન જીવતો રહી કદી પણ દ્રોણાચાર્યનું ઉલ્લંઘન કરી આગળ વધી શકશે નહિ;[૯] પણ અફસોસ ! હે મહાતેજસ્વી આચાર્ય ! તમારા દેખતાંજ એ અર્જુન તમારૂં ઉલ્લંઘન કરી આગળ વધી ગયો છે. ખરેખર, હવે મને લાગે છે કે,અવ્યવસ્થિત થયેલું આ મારૂં સર્વ સૈન્ય અવશેષ રહેવાનું નથી. હે બ્રહ્મન્ ! હું પ્રથમથીજ જાણું છું કે, તમે પાંડવોનું હિત કરવામાં સદા તત્પર રહો છો; છતાં પણ કાર્યની મહત્તાનો વિચાર કરતાં પાછો હું મોહવશ થઈ જાઉં છું.[૧૧] ઓ બ્રહ્મન્ ! હું મારી શક્તિ પ્રમાણે આપની ઉત્તમ આજીવિકા ચલાવી આપું છું તથા યથાશક્તિ હું આપને પ્રસન્ન પણ કરૂં છું તોપણ આપ કંઇ સ્મરણમાંજ લેતા નથી–ધ્યાનમાંજ લેતા નથી ! હે અતુલ પરાક્રમવાળા આચાર્ય ! અમે સદાના તમારા ભક્ત છીએ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં તમે અમને અનુસરતા નથી અને અમારૂં અપ્રિય કરવા તત્પર થયેલા પાંડવોને તમે પ્રસન્ન કરો છો.(આ ઠીક કહેવાય કે?) અહો! આશ્ચર્ય છે કે, અમારા આધારે આજીવિકા ચલાવનારા તમે અમારૂંજ અપ્રિય કરવા તત્પર થયા છો. ખરેખર, મધ ચોપડેલા અસ્ત્રાની પેઠે હું આપને વાસ્તવિક સ્વરૂપે જાણી શકતો નથી.[૧૪] અરે! પણ તમે મને પ્રથમથીજ અર્જુનને અટકાવી રાખવા બાબતનો વર ન આપ્યો હોત,તો મેં બિચારા સિંધુરાજાને પોતાને ઘેર જતાં પણ ન અટકાવ્યો હોત.[૧૫] મેં મૂર્ખાએ તમારા તરફથીજ સિંધુરાજાના રક્ષણની આશા રાખી હતી અને તેથીજ સિંધુરાજાને ધીરજ આપી હતી; પણ હવે મને સ્પષ્ટ દેખાય છે કે, મેં પોતેજ અજ્ઞાનથી તેને બિચારાને મૃત્યુને સ્વાધીન કરી દીધો છે.[૧૬] અરે, મૃત્યુની દાઢમાં સપડાયેલો મનુષ્ય કદાચ મુક્ત થાય,પણ આ રણમાં અર્જુનને વશ થયેલો રાજા કદી મુક્ત થવાનો નથી,[૧૭] માટે હે લાલ ઘોડાવાળા આચાર્ય! તેવો કોઇ ઉપાય કરો,કે જેથી સિંધુરાજા અર્જુનના સપાટામાંથી છૂટે. મારા દુઃખીઆરાના બકવાદોપરથી આપ ક્રોધ કરશો નહિ પણ ગમે તે પ્રકારે સિંધુરાજાનું રક્ષણ કરો." [૧૮]

તે સાંભળી દ્રોણાચાર્યે કહ્યું:-"હે રાજન્! મને તારાપર ક્રોધ આવતો નથી; કારણકે તું મને અશ્વત્થામાસરખોજ પ્રિય છે, એ હું તને સત્ય કહું છું, તે તું માન.[૧૯] હવે અર્જુનના સંબંધમાં સાંભળ. તેના સારથિ શ્રીકૃષ્ણ ઘણા ઉત્તમ છે,એના ઉત્તમ ઘોડાઓ પણ ઝડપથી ચાલનારા છે, તેથી થોડો માર્ગ કરીને અર્જુન સત્વર આગળ ધસતો જાય છે.[૨૦] અરે! પણ તું દેખતો નથી કે, અર્જુનનાં બાણોના સમુદાયો એકદમ ઝડપથી છટી રથની પાછળ એક કોશ જેટલા દૂર પ્રદેશમાં જઈ પડે છે, આવો તો તે બાણાવળી છે.[૨૧] હવે હું તો વૃદ્ધ થયો છું, સત્વર પ્રયાણ કરવામાં લગભગ અશક્ત થયો છું, વળી મારો બીજો એક એવો વિચાર પણ છે કે, સર્વ ધનુર્ધરોના દેખતાં મારે યુધિષ્ઠિરરાજાને પકડવો. હે મોટી ભુજાવાળા દુર્યોધન! ક્ષત્રિયોના મધ્યમાં મેં એવી પ્રતિજ્ઞા પણ કરી છે,કે જેથી હે રાજા! આ સમયે વ્યૂહનો મોખરો છોડીને હું અર્જુનસામે યુદ્ધ કરીશ નહિ; કારણ કે આ પાંડવોનું સૈન્ય સેનાના મોખરાસુધી આવી પહોંચ્યું છે અને યુધિષ્ઠિરરાજા પણ આ વખતે અર્જુનથી છૂટો થઇ બરાબર મોખરામાં ઉભો છે,[૨૨-૨૪] તેથી તુંજ આ વખતે તારા શત્રુ અર્જુન જોડે સહાયકો રાખીને યુદ્ધ કર. તારો તે શત્રુ સમાનકુળનો અને સમાન પરાક્રમવાળો છે; અને તું પણ આ જગતનો રાજા છે,માટે ડરમા.[૨૫] અરે! તું રાજા છે, શૂરો છે, યુદ્ધકુશળ છે,સેનાઓનો નાયકછે,શત્રુઓનાં નગરોને જીતનારો છે અને વીર છે; માટે તું પોતેજ જે સ્થળે પૃથાનો પુત્ર અર્જુન છે, તે સ્થળે જા."[૨૬]

દુર્યોધને કહ્યું:-"જે અર્જુન તમારૂં ઉલ્લંઘન કરીને પણ આગળ વધી આવ્યો અને વળી જે સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે, તે અર્જુન સામે હે આચાર્ય! હું કેવી રીતે યુદ્ધ કરી શકું?[૨૬] વજ્રધારી ઇંદ્રને પણ કદાચ રણમાં જીતી શકાય, પણ શત્રુઓનાં નગરોને જીતનાર અર્જુનને તો યુદ્ધમાં જીતી શકાય નહિજ.[૨૮] જેણે ભોજ-કૃતવર્માને તથા દેવસરખા આપને પણ પોતાનાં અસ્ત્રોના પ્રતાપથી જીતી લીધા તથા શ્રુતાયુને, સુદક્ષિણને, રાજા શ્રુતાયુધને, અંબષ્ઠને, અચ્યુતાયુને તથા હજારો મ્લેચ્છોને રણમાં મારી નાખ્યા, તે શસ્ત્રકુશળ દુરાધર્ષ અર્જુનસામે હું કેવી રીતે યુદ્ધ કરી શકું? કે જે અર્જુન આ સમયે યુદ્ધમાં અગ્નિસમાન બળી રહ્યો છે.[૨૮-૩૧] શું! આપ અર્જુનનું તથા મારૂં યુદ્ધ યોગ્ય માનો છો? બોલો, બોલો, હું દાસની પેઠે આપને વશ રહેનારો છું. મારા યશની રક્ષા કરો."[૩૨]

દ્રોણાચાર્યે કહ્યું:-"હે કુરુરાજા! તું સત્ય કહે છે. ખરેખર, અર્જુન અજિત છે; પણ આજે હું તેવો એક ઉપાય ઘડીશ કે જેથી તું એ અર્જુનને યુદ્ધમાં સહી શકીશ.[૩૩] અરે! આજે વાસુદેવના દેખતાં તારીસામે યુદ્ધ કરવામાં તલ્લીન થયેલા અર્જુનને આ લોકના સર્વ ધનુર્ધરો ભલે આશ્ચર્ય પામીને જોયા કરે?[૩૪] હે રા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્! હું તને આ સુવર્ણસમાન પ્રકાશતું કવચ પહેરાવું છું, જેથી રણમાં બાણો કે અસ્ત્રો તારાપર પ્રહાર કરી શકશે નહિ.[૩૫] અરે! દેવો, અસુરો, યક્ષો, સર્પો, રાક્ષસો કે ત્રણેય લોકો પણ કદાચ તારી સામા યુદ્ધ કરશે, તોએ તું આજે નિર્ભય છે.[૩૬] આ તારા કવચપર શ્રીકૃષ્ણ, અર્જુન કે બીજો કોઇ શસ્ત્રધારી બાણોનો પ્રહાર કરવા શક્તિમાન થશે નહિ;[૩૭] માટે તું આ કવચ પહેરીને સત્વર આજે રણમાં ક્રોધાયમાન થયેલા અર્જુનસામે જા. એ તને આજે સહી શકશે નહિ."[૩૮]

સંજયે કહ્યું:–એમ કહીને દ્રોણાચાર્યે ઉદકસ્પર્શ કર્યો અને વિધિ પ્રમાણે મુખથી મંત્રનો જાપ કરતાં કરતાં પ્રકાશમાન તથા અતિઅદ્ભુત એવું તે કવચ દુર્યોધનને પહેરાવ્યું. તે મહાન રણમાં તમારા પુત્રનો વિજય થાય એટલા માટે તથા સર્વ લોકોને વિદ્યાવડે વિસ્મય પમાડવામાટે અતિશય બ્રહ્મવેત્તા આચાર્ય દ્રોણે, તમારા પુત્રને કવચબંધન કર્યું હતું.[૪૦] પછી તે આ પ્રમાણે બોલ્યા.

દ્રોણે કહ્યું:–"હે ભરતવંશી દુર્યોધનરાજા! પરબ્રહ્મ તારૂં કલ્યાણ કરો. બ્રહ્મા, બ્રાહ્મણો તથા શ્રેષ્ઠ સર્પો પણ તારૂં કલ્યાણ કરો.[૩૯–૪૧] યયાતિ, નહુષ, ધુંધુમાર, ભગીરથ–આદિ સર્વ રાજર્ષિઓ હમેશાં તારૂં કલ્યાણ કરો.[૪૨] આ મહારણમાં એક પગવાળાં, બે પગવાળાં, એથી વધારે પગવાળાં તથા પગવિનાનાં પ્રાણીઓથી નિત્ય તારૂં કલ્યાણ થાઓ.[૪૩] હે નિષ્પાપ રાજા! સ્વાહા, સ્વધા, ઇંદ્રાણી, લક્ષ્મી અને અરુંધતી તારૂં કલ્યાણ કરો.[૪૪] હે રાજા! અસિત, દેવલ, વિશ્વામિત્ર, અંગિરા, વસિષ્ઠ અને કશ્યપ તારૂં કલ્યાણ કરો.[૪૫] ધાતા, વિધાતા, લોકપાલ, દિશાઓ, દિક્પાલો અને છ મુખવાળા કાર્તિકસ્વામી તને કલ્યાણ આપો.[૪૬] ભગવાન સૂર્ય તારૂં કલ્યાણ કરો અને ઐરાવત, વામન, અંજન અને સાર્વભૌમ નામના ચાર દિશાઓના હાથીઓ, પૃથ્વી, આકાશ અને સર્વ ગ્રહો તારૂં કલ્યાણ કરો.[૪૭] હે રાજન્! પૃથ્વીની નીચે રહીને જે હમેશાં પૃથ્વીનું ધારણ કરે છે, તે સર્પોમાં શ્રેષ્ઠ શેષનાગ તને કલ્યાણ આપો.[૪૮]

હે ગાંધારીના પુત્ર! પૂર્વે વૃત્રાસુર નામના દૈત્યે યુદ્ધમાં પરાક્રમ કરીને મોટા મોટા દેવોનાં શરીરોને હજારો સ્થળે ઘાયલ કર્યાં હતાં.[૪૯] તે સમયે વૃત્રાસુર નામના મહાન દૈત્યથી ભય પામેલા તથા નષ્ટ થયેલા તેજ અને બળવાળા ઇંદ્રસહિત દેવતાઓ બ્રહ્માને શરણે ગયા[૫૦] અને કહેવા લાગ્યા કે:–"હે દેવોમાં શ્રેષ્ઠ પિતામહ! અમે બધા દેવો વૃત્રાસુરથી દુઃખી દુઃખી થઇ ગયા છીએ, માટે તમે અમારા આધારરૂપ થાઓ. એ મહાન ભયથકી અમારૂં રક્ષણ કરો."[૫૧] દેવોએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે વિષ્ણુભગવાન બ્રહ્મદેવની પાસે બેઠા હતા. એ વિષ્ણુની સમક્ષ ખિન્ન થયેલા દેવોપ્રત્યે બ્રહ્મદેવે આવું સત્ય વાક્ય કહ્યું:–[૫૨]

"ઇન્દ્રસહિત દેવોનું તથા બ્રાહ્મણોનું મારે રક્ષણ કરવું જોઇએ. વિશ્વકર્માના અતિ દુર્ધર તેજમાંથી એ વૃત્રાસુર ઉત્પન્ન થયો છે.[૫૩] હે દેવો! પૂર્વે વિશ્વકર્માએ દશલાખ વર્ષસુધી ઉગ્ર તપ તપ્યું હતું; અને પછી શ્રીમહેશ્વર પાસેથી વર મેળવીને વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો હતો.[૫૪] તે તમારો બળવાન શત્રુ તે મહેશ્વરની કૃપાથીજ હણવાને યોગ્ય થશે; પણ શંકર ભગવાનના સ્થાને ગયાવિના તેને હણી શકાશે નહિ, માટે આપણે તે મહેશ્વરનાં દર્શન કરવાં જોઇએ.[૫૫] શંકર ભગવાનનાં દર્શન કરીને તમે તે વૃત્રાસુરને જીતી શકશો; માટે શીઘ્ર મંદરાચળ પર્વતે તમે જાઓ, કે જ્યાં તપનું ઉત્પત્તિક્ષેત્ર, દક્ષપ્રજાપતિના યજ્ઞનો નાશ કરનાર, સર્વ ભૂતોના નિયંતા અને ભગદેવના નેત્રોનો નાશ કરનાર પિનાકધારી શ્રીશંકર રહે છે."

એ પ્રમાણે બ્રહ્મદેવના કથનપરથી તે બધા દેવો બ્રહ્મદેવને સાથે લઇ મંદરાચળપર ગયા. ત્યાં જઇ તેઓએ તેજના સમુદાય અને કરોડો સૂર્યસમાન કાંતિવાળા શ્રી મહેશ્વરનાં દર્શન કર્યાં. સર્વ દેવોને પોતાના દર્શનાર્થે ત્યાં આવેલા જોઈ મહેશ્વર બોલ્યા:–"હે દેવો! તમે ભલે આવ્યા. બોલો તમારૂં હું શું પ્રિય કરૂં? સર્વ પ્રાણીને મારૂં દર્શન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમેશાં સફળજ થાય છે, માટે તમારા અભિલાષો પણ પૂર્ણ થાઓ."

શ્રીશંકરે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે દેવોએ તેમના પ્રત્યે કહ્યું કેઃ-"હે મહેશ્વર! વૃત્રાસુરે અમારા તેજનું હરણ કર્યું છે, માટે તમે અમારૂં શરણ થાઓ. હે દેવ! અમારાં શરીર તરફ તો જરા દૃષ્ટિ કરો! વૃત્રાસુરના પ્રહારોથી તે કેવાં છિન્નભિન્ન થઇ ગયાં છે? માટે અમે તમારે શરણે આવ્યા છીએ. તમે અમારી ગતિ થાઓ."૫૬-૬૦

તે સાંભળી શ્રી મહાદેવે કહ્યુંઃ-"હે દેવો! તમારા કહેવા પ્રમાણે મેં પ્રથમથીજ જાણી લીધું છે. તે વૃત્રાસુર અતિ મહાબળવાન એક કૃત્યા-(મરકી) રૂપજ છે. તે વિશ્વકર્માના તેજથી ઉત્પન્ન થયેલી છે અને એટલી બધી ઘોર છે કે, અકુશળ સામાન્ય પુરુષો તો તેનું અતિ દુઃખે વારણ કરી શકે તેમ છે.[૬૧] હવે અવશ્ય મારે સર્વ દેવોને સહાય કરવી પડશે. હે ઇન્દ્ર! તું મારા શરીરમાંથી ઉત્પન્ન થયેલા આ તેજસ્વી કવચને ગ્રહણ કર અને મનમાંજ ઉચ્ચારણ કરવાયોગ્ય આ મંત્રથી તું તારા શરીરપર પહેર. હે દેવોના રાજા! દેવોનો ઘાત કરનાર તે મહાન દૈત્યનો નાશ કરવામાટે આ કવચ ઘણું સમર્થ છે."૬૨-૬૩

એમ કહીને વર આપનાર શ્રીશંકરે તે કવચ અને તે મંત્ર ઇન્દ્રને આપ્યાં. પછી તે કવચથી રક્ષિત થયેલો ઇન્દ્ર દૈત્યોની સેનાપ્રત્યે ગયો. તે સમયના મહાન રણમાં ઇંદ્રનાપર અનેક જાતનાં જૂદાં જૂદાં શસ્ત્રો પડતાં હતાં; છતાં તેણે ધારણ કરેલા કવચના બંધારણનો એકપણ સાંધો કોઇનાથી ભેદી શકાયો નહિ. પછી દેવોના પતિ ઇન્દ્રે એ રણમાં વૃત્રાસુરનો વધ કર્યો હતો. સમય જતાં ઇંદ્રે એ મંત્ર તથા કવચને અંગિરાને આપ્યાં હતાં. અંગિરાએ મંત્રોને જાણનારા પોતાના પુત્ર બૃહસ્પતિને તે મંત્ર તથા કવચબંધન કહ્યું હતું. બૃહસ્પતિએ બુદ્ધિમાન અગ્નિવેશ્યને તે મંત્ર-કવચ આપ્યાં હતાં અને અગ્નિવેશ્યે મને આપ્યાં હતાં. હે શ્રેષ્ઠ રાજા! તેજ મંત્રસહિત કવચને આજે તારા શરીરનું રક્ષણ કરવામાટે હું તને પહેરાવી આપું છું."૬૪-૬૮

સંજયે કહ્યુંઃ-દ્રોણાચાર્યે મહાતેજસ્વી તમારા પુત્ર દુર્યોધનને એ પ્રમાણે કહીને પુનઃ ધીમેથી આ પ્રમાણે કહ્યુંઃ-'હે ભરતવંશી દુર્યોધન! જેમ પૂર્વકાળના રણસંગ્રામસમયે બ્રહ્મદેવે વિષ્ણુને કવચબંધન કર્યું હતું તથા તેજ બ્રહ્મદેવે તારકાસુર સાથેના સંગ્રામસમયે જેમ ઇન્દ્રને દિવ્ય કવચબંધન કર્યું હતું; તેમજ હું પણ આ સમયે તે બ્રહ્મદેવે સૂચવેલા ઉપદેશ પ્રમાણેજ તને કવચબંધન કરૂં છું.'૬૯-૭૧ આમ કહીને મંત્રના વિધિપૂર્વક આચાર્યે દુર્યોધનને કવચબંધન કર્યું; અને તે મહાન યુદ્ધમાં પોતાના રાજાને મોકલ્યો.[૭૨] મહાત્મા દ્રોણાચાર્યે એ પ્રમાણે સજ્જ કરેલો મહાબાહુ દુર્યોધન, યુદ્ધમાં સચોટ પ્રહાર કરનારા એક હજાર ત્રિગર્ત રથીયોદ્ધાઓને, વીર્યશાળી અને મદ ઝરતા એક હજાર હાથીઓને, એક લાખ ઘોડેસ્વારોને તથા બીજા કેટલાએક મહારથીઓને સાથે લઈ અનેક વાદિત્રોના ઘોષની સાથે, પૂર્વે બલિરાજા જેમ ઇંદ્રના રથ તરફ પ્રયાણ કરી ગયો હતો, તેમ અર્જુનના રથ તરફ પ્રયાણ કરી ગયો. અગાધ સમુદ્રની પેઠે દુર્યોધનને અર્જુન સામે પ્રયાણ કરતો જોઈ હે ભારત! તમારા સૈન્યમાં મોટા મોટા સિંહનાદો થઇ રહ્યા.[૭૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દુર્યોધનકવચબંધન' એ વિષયનો અધ્યાય ૯૪ મો સમાપ્ત

અધ્યાય ૯૫ મો

તીવ્ર ઘમસાણ!

॥ संजय उवाच ॥

प्रविष्टयोर्महाराज पार्थवार्ष्णेययो रणे ।
दुर्योधने प्रयाते च पृष्ठतः पुरुषर्षभे ॥ १ ॥

સંજયે કહ્યુંઃ-હે મહારાજ! પેલી તરફથી અર્જુન તથા શ્રીકૃષ્ણ જ્યારે રણમાં પેઠા અને તેઓની પાછળ પુરુષશ્રેષ્ઠ દુર્યોધન જ્યારે પ્રયાણ કરી ગયો; ત્યારે પાંડવો, સોમકયોદ્ધાઓ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની સાથે મોટા મોટા શબ્દો કરીને વેગપૂર્વક દ્રોણાચાર્યસામે ધસી ગયા અને પછી તેઓનું યુદ્ધ ત્યાં ચાલુ થયું. ૧,૨ કૌરવોના તથા પાંડવોના વ્યૂહના મોખરામાંજ તે તીવ્ર યુદ્ધ થઈ રહ્યું હતું, તે એટલું બધું તુમુલ હતું કે જોનારને રોમાંચ કરે તેવું આશ્ચર્યકારક લાગતું હતું. ૩ હે રાજન્! તેવું યુદ્ધ અમે કદી જોયું નથી કે સાંભળ્યું પણ નથી. બરાબર મધ્યાહ્નકાળે તે યુદ્ધ થતું હતું. ૩,૪ ધૃષ્ટદ્યુમ્ન આદિ પાંડવો પોતાનાં સૈન્યોને વ્યૂહમાં ગોઠવી દઇ પ્રહાર કરવા લાગી પડયા હતા અને તેઓ બધા દ્રોણાચાર્યના સૈન્યને બાણોની વૃષ્ટિ કરી ઢાંકી દેવા લાગ્યા હતા. ૫ અમે બધા પણ સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યને આગળ કરી ધૃષ્ટદ્યુમ્ન આદિ પાંડવોપર બાણોનો વરસાદ વરસાવતા હતા. ૬ તે સમયે બન્ને સૈન્યના રથોની હરોળથી સુશોભિત દેખાતા મોખરાઓ, હેમંત પછી શિશિરઋતુમાં એકદમ વાયુ સાથે ચઢી આવેલા બે મોટા મેઘોસરખા શોભતા હતા. ૭ વર્ષાઋતુમાં જળપ્રવાહથી ઉદ્ધત બનેલી ગંગા અને યમુના નદી સામસામે મળીને જેમ મહાન વેગ કરે છે, તેમ તે બન્ને સેનાઓ સામસામે ભેટીને મહાન વેગ કરવા લાગી. ૮ એ મહારૌદ્ર સંગ્રામરૂપી મહાન મેઘ, અનેકજાતનાં શસ્ત્રોરૂપી પૂર્વના વાયુવાળો હતો. હાથીઓ, ઘોડા અને રથોથી ચારેબાજુ વિંટાટાયેલો હતો તથા ગદાઓરૂપ વિજળીઓવાળો હતો. ૯ દ્રોણાચાર્યરૂપ પવનના ઝપાટાથી ઉદ્ધત બનેલો તથા બાણોરૂપ હજારો ધારાઓવાળો કૌરવસૈન્યરૂપ મહામેઘ, પાંડવોની સેનારૂપ ઉછળતા અગ્નિપર વરસવા લાગ્યો. ૧૦ ઉનાળાની આખરમાં અંદર દાખલ થયેલો મહાન વાયુ જેમ સમુદ્રને ખળભળાવી દે છે, તેમ બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્ય પાંડવોનાં સૈન્યોને ખળભળાવતા હતા. ૧૧ તેઓ બધા પણ, કોઇએક પૂલને તોડી પાડવા ઇચ્છતા જળના પ્રબળ પ્રવાહો જેમ તે મોટા પૂલ સામે ધસી જાય, તેમ સર્વ પ્રયત્ન કરીને પણ દ્રોણાચાર્યસામાજ ધસી ગયા હતા. ૧૨ પણ કોઇ એક પર્વત જેમ જળના ઓઘને રોકી રાખે, તેમ દ્રોણાચાર્યે ક્રોધાયમાન થયેલા પાંડવો, પાંચાલો અને કેકયોને રણમાં આગળ વધતા રોકી રાખ્યા હતા. તે પછી આપણા પક્ષના મહાબળવાન અને રણશૂરા બીજા રાજાઓ પણ ચોતરફથી ઘેરી લઇને પાંચાલોને અટકાવી રહ્યા હતા. ૧૪ તે પછી પુરુષવ્યાઘ્ર ધૃષ્ટદ્યુમ્ન, પાંડવ યોદ્ધાઓને સાથે રાખી શત્રુઓની સેનામાં ભંગાણ પાડવામાટે વારંવાર દ્રોણાચાર્યને પ્રહાર કરવા લાગ્યો. ૧૫ જે પ્રમાણે દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નપર બાણોનો વરસાદ વરસાવતા હતા, તેજ પ્રમાણે ધૃષ્ટદ્યુમ્ન પણ દ્રોણાચાર્યપર બાણોનો વરસાદ વરસાવતો હતો. ૧૬ તરવારરૂપ પૂર્વના વાયરાવાળો, શક્તિ, ભાલાં અને બે તરફ ધારવાળી તરવારોથી યુક્ત, ધનુષ્યની દોરીરૂપ વિજળીઓવાળો તથા ધનુષ્યના ટંકારરૂપ ગર્જનાવાળો ધૃષ્ટદ્યુમ્નરૂપ મેઘ; સર્વ દિશાઓમાં બાણોની ધારાઓરૂપ કરાનો વરસાદ છોડી રહ્યો હતો અને સંખ્યાબંધ સારા સારા રથીઓ તથા ઘોડેસ્વારોનો સંહાર કરી સેનાને રણમાંથી હાંકી કાઢતો હતો. ૧૭,૧૮ દ્રોણાચાર્ય પાંડવોની જે જે રથોની ટુકડીને બાણોથી છાઇ દેતા હતા; ત્યાં ત્યાં ધૃષ્ટદ્યુમ્ન, બાણોનો મારો ચલાવી દ્રોણાચાર્યને હઠાવતો હતો. હે ભરતવંશી રાજા! યુદ્ધમાં એ પ્રમાણે પ્રયત્ન કરતા દ્રોણાચાર્યના સૈન્યમાં ધૃષ્ટદ્યુમ્નનો ભેટો થતાં ત્રણ પ્રકારે ભંગાણ પડયું. ૨૦ કેટલાએક સૈનિકો કૃતવર્મા તરફ ચાલ્યા ગયા, વળી બીજા કેટલાએક જલસંધ તરફ ચાલ્યા ગયા અને પાંડવોના હાથનો માર ખાતા કેટલાએક યોદ્ધાઓ તેમની પોતાની પાસેજ ચાલ્યા આવ્યા. ૨૧ રથીઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય જેમ જેમ સૈન્યોને એકઠાં કરતા હતા, તેમ તેમ મહારથી ધૃષ્ટદ્યુમ્ન એ સૈન્યોને ફૂટીજ નાખતો હતો. ૨૨ ગોવાળવિનાનાં પશુઓને જંગલમાં જેમ શિકારી પ્રાણીઓ મારી નાખે, તેમ કૌરવસૈનિકોને પાંડવો અને સૃંજયો મારતા હતા. ૨૩ તે તુમુલ સંગ્રામમાં મનુષ્યો એમજ માનવા લાગ્યા કે, ધૃષ્ટદ્યુમ્ને મોહિત કરેલા યોદ્ધાઓને કાળ ગળી જાય છે. જેમ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટરાજાનું રાજ્ય દુષ્કાળ, રોગ અને લૂંટારાઓના ઉપદ્રવવાળું હોય છે, તેમ પાંડવોએ તમારી સેનાને મહાસંકટમાં પાડી નાખી હતી.*[૨૫] સૂર્યનાં કિરણોથી મિશ્ર થયેલાં શસ્ત્રો તથા કવચોના ઝગઝગાટને લીધે અને સૈન્યમાં ઉડતી રજને લીધે એ સમયે સર્વની દૃષ્ટિ સ્ખલિત થઇ ગઇ હતી–ત્યાં કંઇ દેખાતુંજ ન હતું.[૨૬] એ પ્રમાણે જ્યારે પાંડવોથી વધ કરાતાં પોતાનાં સૈન્યોમાં ત્રણ પ્રકારે ભંગાણ પડયું, ત્યારે દ્રોણાચાર્ય કોપ્યા અને બાણો મૂકી મૂકીને તેમણે પાંચાલોનો સંહાર કરવા માંડયો.[૨૭] સૈન્યોને ખુંદી છુંદી નાખતા તથા બાણોથી ઘોર સંહાર કરતા દ્રોણાચાર્યનું એ વેળાનું સ્વરૂપ પ્રલયકાળના બળબળતા અગ્નિસરખું થઇ રહ્યું હતું.[૨૮] એ મહારથી, માત્ર એકેક બાણથીજ રથ, હાથી, ઘોડા અને પાળાઓને ચીરી નાખતા હતા.[૨૯] હે રાજા! પાંડવોનાં સૈન્યોમાં તેવો કોઈપણ યોદ્ધો ન હતો, કે જે એ રણમાં દ્રોણના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોને સહન કરે.[૩૦] હે ભરતવંશી રાજા! જાણે સૂર્યના તાપથી તપી ગયું હોય, તેમ દ્રોણાચાર્યનાં બાણોથી સંતપ્ત થયેલું ધૃષ્ટદ્યુમ્નનું સૈન્ય જ્યાં ત્યાં નાસભાગ કરી ભમવા લાગ્યું;[૩૧] તેમજ ધૃષ્ટદ્યુમ્ને હાંકી કાઢેલું તમારૂં સૈન્ય પણ અગ્નિએ ચોતરફથી બાળીને સૂકાવી નાખેલા વનસરખું થઇ ગયું હતું.[૩૨] એ રીતે દ્રોણાચાર્યનાં તથા ધૃષ્ટદ્યુમ્નનાં બાણોથી તે બન્ને સૈન્યો ખૂબ પીડાયાં હતાં; છતાં પ્રાણોની પરવા કર્યાવિના ઉલટાં આગળ વધી વધીને શક્તિ પ્રમાણે યુદ્ધ કરતાં હતાં.[૩૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! એ રણમાં યુદ્ધ કરતા તમારા તથા શત્રુપક્ષના સૈનિકોમાં તેવો એક પણ યોદ્ધો ન હતો, કે જેણે ભયથી રણનો ત્યાગ કર્યો હોય.[૩૪] એ સમયે વિવિંશતિ, ચિત્રસેન અને મહારથી વિકર્ણ–એ ત્રણ ભાઇઓએ કુંતાપુત્ર ભીમસેનને આગળ વધતો અટકાવ્યો હતો.[૩૫] તમારા એ ત્રણેય પુત્રોની પાછળ અવંતીકુમાર વિંદ અને અનુવિંદ તથા વીર્યવાન ક્ષેમધૂર્તિ ચાલતા હતા.[૩૬] કુલવાનનો પુત્ર, તેજસ્વી, મહારથી બાહ્લિક રાજાએ પોતાની સેનાને તથા અમાત્યોને સાથે રાખી દ્રૌપદીના પુત્રોને આગળ જતા અટકાવ્યા.[૩૭] શિબિદેશના ગોવાસન નામના રાજાએ લગભગ એક હજાર યોદ્ધાઓને સાથે લઈ કાશીરાજ અભિભૂના પરાક્રમી પુત્રને આગળ જતાં અટકાવ્યો.[૩૮] બળબળતા અગ્નિસરખા કુંતાપુત્ર યુધિષ્ઠિરરાજાને મદ્રદેશના રાજા શલ્યે ઘેરી લીધા હતા.[૩૯] શૂરવીર દુઃશાસન, પોતાના સૈન્યને બરાબર ગોઠવી દઇને ક્રોધપૂર્વક મહારથી સાત્યકિસામે યુદ્ધ કરવા દોડી ગયો.[૪૦] હું પણ મારા પોતાના સૈન્યસાથે સજ્જ થઇને તથા કવચ ધારણ કરીને ચારસો ધનુર્ધરો સાથે ચેકિતાનનું વારણ કરતો હતો.[૪૧]+ ધનુષ્ય, શક્તિ અને તરવારોને ધારણ કરનાર સાતસો ગાંધારયોદ્ધાઓસહિત શકુનિ, માદ્રીના પુત્રે (નકુલ અથવા સહદેવ) ને આગળ વધતા અટકાવતો હતો.[૪૨] પોતાના મિત્રને માટે હથિયારો ઉંચકનારા મહાધનુર્ધર અવંતિકુમારો વિંદ અને અનુવિંદ, પોતાના પ્રાણોની પણ દરકાર નહિ કરીને મત્સ્યરાજા વિરાટસામા ચઢી ગયા હતા.[૪૩] સેનાને રૂંધી રાખનાર, પરાક્રમી અને અજિત દ્રુપદના પુત્ર શિખંડીને બરાબર સજ્જ થયેલો બાહ્લિકરાજા વારી રહ્યો હતો, ક્રોધાયમાન સ્વરૂપવાળા પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્નને ક્રૂર એવા પ્રભદ્રક યોદ્ધાઓસાથે તથા સૌવીર યોદ્ધાઓસાથે અવંતીરાજ અટકાવી રહ્યો હતો.[૪૫] ક્રોધાયમાન થઇ ક્રૂર કર્મો કરવાવાળા શૂરા રાક્ષસ ઘટોત્કચને યુદ્ધ કરવા ધસી આવતો જોઇ, અલાયુધ સત્વર તેની સામો ધસી ગયો. મહારથી કુંતીભોજ મહાન સૈન્યને સાથે રાખી ક્રોધાયમાન થયેલા રાક્ષસ અલંબુષને અટકાવી રહ્યો હતો.[૪૭]

હે ભરતવંશી રાજા! સિંધુરાજ જયદ્રથ તો સર્વ સૈન્યની પાછળજ ઉભો હતો. કૃપાચાર્ય

* રાજાઓની અનીતિનાં કારણથીજ રાજ્યમાં રોગો, લૂંટારાઓ અને દુષ્કાળોના ઉપદ્રવો વધી પડે છે. આ સમજ અતિ પ્રાચીનકાળની છે,

+ આ શ્લોકપરથી જણાય છે કે, સંજય કેવળ કથાકારજ ન હતો; પણ તે એક યોદ્ધો હોઇને તેણે ભારતયુદ્ધમાં ભાગ પણ લીધો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે મહાધનુર્ધર રથીઓ તેનું રક્ષણ કરતા હતા.[૪૮] દ્રોણપુત્ર અશ્વત્થામા તથા સૂતપુત્ર કર્ણ એ બન્ને મહાન યોદ્ધાઓ સિંધુરાજના રથનાં જમણાં–ડાબાં પૈડાંનું રક્ષણ કરતા હતા;[૪૯] અને ભૂરિશ્રવા આદિ મહારથીઓ જયદ્રથના પાછળના ભાગમાં રક્ષણ કરતા હતા. એ રીતે કૃપાચાર્ય, વૃષસેન, શલ, અજિત શલ્ય આદિ મહાધનુર્ધરો, યુદ્ધ કરવામાં કુશળ અને નીતિમાન સર્વ યોદ્ધાઓ, જયદ્રથનું રક્ષણ કરીને યુદ્ધ કરતા હતા.[૫૦,૫૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
" સંકુલ યુદ્ધ " એ વિષયનો
અધ્યાય ૯૫ મો સમાપ્ત

અધ્યાય ૯૬ મો

દ્વંદ્વયુદ્ધ

॥ संजय उवाच ॥

राजन् संग्राममाश्चर्यं शृणु कीर्तयतो मम ।
कुरूणां पांडवानां च यथा युद्धमवर्तत ॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્! કૌરવો તથા પાંડવોનું જે પ્રમાણે આશ્ચર્યભર્યું યુદ્ધ થયું હતું, તે હું તમને કહું છું, માટે સાંભળો.[૧] એ રણમાં દ્રોણાચાર્યના સૈન્યમાં ભંગાણ પાડવા ઇચ્છતા પાંડવો, વ્યૂહના મોખરામાં ઉભેલા દ્રોણાચાર્ય સામા આવીને યુદ્ધ કરવા મચી પડયા હતા.[૨] પોતાના વ્યૂહનું રક્ષણ કરતા દ્રોણાચાર્ય પણ મહાન યશની ઇચ્છા રાખીને પોતાના સૈનિકો સાથે પાંડવોસામા યુદ્ધ કરતા હતા.[૩] એ સમયે અવંતિકુમાર વિંદ અને અનુવિંદે તમારા પુત્રનું હિત ઇચ્છી ક્રોધપૂર્વક દશ બાણો મૂકી વિરાટરાજાને પ્રહાર કર્યો.[૪] :હે મહારાજ! પોતાના અનુયાયીઓસહિત રણમાં આવી ઉભેલા એ બન્ને પરાક્રમી યોદ્ધાઓ સામે વિરાટરાજા પણ પરાક્રમ કરીને યુદ્ધ કરવા લાગ્યો.[૫] વનમાં જેમ બે મદોન્મત્ત હાથીઓ સામે એક સિંહનું યુદ્ધ થાય, તેમ તે બન્ને અવંતિકુમારોનું તથા વિરાટરાજાનું લોહીની છોળોવાળું દારુણ યુદ્ધ થઇ રહ્યું હતું.[૬] યજ્ઞસેનના મહાબળવાન પુત્રે યુદ્ધમાં વેગથી ધસી આવતા બાહ્લિકરાજાને મર્મસ્થાનોનાં હાડકાં તોડી નાખે તેવાં ઘોર તીક્ષ્ણ બાણોનો પ્રહાર કર્યો.[૭] ત્યારે બાહ્લિક પણ અત્યંત ક્રોધાતુર થઇ ગયો અને તેણે પણ પથ્થરપર ઘસેલાં મજબૂત ગાંઠવાળાં તથા સુવર્ણનાં મૂળવાળાં નવ બાણોનો તેને પ્રહાર કર્યો.[૮] તેઓ બન્ને વચ્ચે પણ એટલું બધું ઘોર યુદ્ધ ચાલ્યું કે તે રણભૂમિનો ઘણોખરો પ્રદેશ બાણો અને શક્તિથી વ્યાપ્ત થઇ ગયો, ભીરુઓને ત્રાસ થઈ ગયો; પણ શૂરાઓનો તો હર્ષ વધ્યો.[૯] તેઓ બન્નેએ એ સમયે એટલાં બધાં બાણો છોડયાં હતાં, કે જેથી આકાશ તથા સર્વ દિશાઓ ઢંકાઇ ગઈ હતી અને તે સ્થળે કંઇ પણ જાણવામાં આવતું ન હતું.[૧૦] જેમ એક હાથી બીજા હાથીસામે યુદ્ધ કરે, તેમ એ યુદ્ધમાં પોતાના સૈન્યસહિત શિબિરાજ ગોવાસન, કાશીરાજના મહારથી પુત્ર જોડે યુદ્ધ કરતો હતો.[૧૧] દ્રૌપદીના પાંચ મહારથી પુત્રો સાથે ક્રોધાતુર થઈ યુદ્ધ કરતો બાહ્લિકરાજા, પાંચ ઇંદ્રિયો સાથે યુદ્ધ કરતાં મનસરખો રણમાં શોભતો હતો.[૧૨] હે મનુષ્યોમાં શ્રેષ્ઠ રાજા! પાંચ ઇંદ્રિયોના વિષયો જેમ દેહ સાથે યુદ્ધ કરે, તેમ દ્રૌપદીના પાંચે પુત્રો ચારેબાજુથી બાણોનો મારો ચલાવી બાહ્લિકરાજા સાથે તીક્ષ્ણ યુદ્ધ કરવા લાગ્યા;[૧૩] તેવામાં વળી તમારા પુત્ર દુઃશાસને યાદવવંશી સાત્યકિને દૃઢ ગાંઠવાળાં નવ તીક્ષ્ણ બાણોનો પ્રહાર કર્યો.[૧૪] મહાધનુર્ધર અને બળવાન એ દુઃશાસનના બાણપ્રહારથી સત્ય પરાક્રમવાળો સાત્યકિ ગાઢ વિંધાઇ ગયો અને સત્વર જરા મૂર્છા પામી ગયો;[૧૫] પરંતુ થોડા સમયમાં પુનઃ ટટાર થઇ સાત્યકિએ તમારા મહારથી પુત્રને કંકપક્ષીનાં પીછાંવાળાં દશ બાણોથી તત્કાળ વિંધી નાખ્યો. તેઓ બન્ને જણા એકબીજાનાં બાણોથી પીડાઇને ઘણા ઘવાઇ ગયા હતા, તેથી હે રાજન્! રણભૂમિપર પુષ્પથી ભરેલા બે ખાખરા હોય તેવા શોભતા હતા.[૧૭] એ વેળા ક્રોધાવશ થયેલો રાક્ષસ અલંબુષ પણ કુંતીભોજનાં બા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણોથી ઘવાઇ ગયો હતો, તેથી પુષ્પયુક્ત પલાશ વૃક્ષસરખો અત્યંત શોભતો હતો.[૧૮] તે પછી એ રાક્ષસે રાજા કુંતીભોજને અનેક લોખંડી બાણોથી વિંધી નાખ્યો અને તમારા સૈન્યના મોખરામાં તેણે ભયંકર ગર્જના કરી મૂકી. એ પ્રમાણે તે બન્ને શૂરાઓ પરસ્પર યુદ્ધ કરતા હતા અને સર્વ સૈન્યો ઇંદ્ર અને જંભાસુરની પેઠે તેઓને જોઇ રહ્યાં હતાં.[૨૦] હે ભારત! યુદ્ધમાં ઉતાવળથી ચઢી આવેલા તથા પ્રથમથીજ વૈર વધારનારા શકુનિને ક્રોધાયમાન થયેલા માદ્રીના બન્ને પુત્રો નકુલ તથા સહદેવ, બાણોથી અત્યંત ગભરાવવા લાગ્યા.[૨૧] હે રાજન્! તે સમયે મહાન જનસંહાર થઇ રહ્યો હતો. ખરી રીતે આ સંહારનું મૂળકારણ તમે પોતેજ છો; અને તમે પોતેજ આને ઉત્પન્ન કર્યો છે તથા કર્ણે વૃદ્ધિ પમાડયો છે. તમારા પુત્રોએ ક્રોધમૂલક અગ્નિને આજ દિવસસુધી રાખી મૂકયો હતો, જે આજે આ સઘળી પૃથ્વીને બાળી નાખવા પ્રજ્વલિત થયો છે. ચાંડુના બન્ને પુત્રોએ શકુનિને બાણોવડે એટલો બધો ગભરાવી નાખ્યો, કે જેથી તે યુદ્ધમાં કરવાનું પરાક્રમ પણ જાણી શક્યો નહિ—હવે શું કરવું તેની તેને ખબરજ પડી નહિ.[૨૪] એ રીતે તેને રણથી વિમુખ થયેલો જોઇ માદ્રીના બન્ને મહારથી પુત્રો,જેમ બે મહામેઘો પર્વતપર વૃષ્ટિ કરે, તેમ વારંવાર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૨૫]

પોતાનાપર અનેક નમેલાં પર્વવાળાં બાણોનો જ્યારે સખત મારો થવા લાગ્યો, ત્યારે શકુનિ પોતાના વેગવાળા ઘોડાઓને દોડાવતો દોડાવતો દ્રોણાચાર્યના સૈન્ય તરફ નાસી ગયો. પેલી તરફથી ઘટોત્કચ, વેગપૂર્વક ધસી આવેલા શૂરા રાક્ષસ અલાયુધ સામે મધ્યમ વેગ ધારણ કરી યુદ્ધ કરવા ચઢી ગયો.[૨૭] હે મહારાજ! પૂર્વે રામ અને રાવણનું જેવું યુદ્ધ થયું હતું, તેવું જ તેઓ બન્નેનું વિચિત્ર સ્વરૂપવાળું યુદ્ધ થઇ રહ્યું હતું.[૨૮] તે પછી રાજા યુધિષ્ઠિરે મદ્રરાજાને પચાસ બાણોથી વિંધી નાખી પુનઃ સાત બાણોનો પ્રહાર કર્યો.[૨૯] હે રાજા! તે પછી તો તેઓ બન્નેનું પૂર્વકાળે થયેલા શંબરાસુર તથા ઇંદ્રના યુદ્ધસરખું અતિ અદ્ભુત યુદ્ધ થવા લાગ્યું.[૩૦] વિવિંશતિ, ચિત્રસેન અને તમારો પુત્ર વિકર્ણ મોટી સેનાને સાથે રાખી ભીમસેનસામે યુદ્ધ કરતા હતા.[૩૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દ્વંદ્વયુદ્ધ' એ વિષયનો અ૦ ૯૬ મો સમાપ્ત

અધ્યાય ૯૭ મો

દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્ન

॥ संजय उवाच ॥

तथा तस्मिन् प्रवृत्ते तु संग्रामे लोमहर्षणे ।
कौरवेयाँस्त्रिधा भूतान् पांडवाः समुपाद्रवन् ॥

સંજયે કહ્યું:—તે પ્રમાણે રૂવાં ઉભાં થઇ જાય તેવો સંગ્રામ મચી રહ્યો હતો તે સમયે ત્રણ ભાગમાં વહેંચાઇ ગયેલા કૌરવ સૈનિકોસામે પાંડવોએ ધસારો કર્યો.[૧] એ યુદ્ધમાં ભીમસેન, મહાબાહુ જલસંધસામે ચઢી ગયો હતો; અને યુધિષ્ઠિરરાજા સૈન્યને સાથે લઇ કૃતવર્માસામે ચઢી ગયા હતા.[૨] હે મહારાજ! અનેક બાણોની વૃષ્ટિને છોડી રહેલો તથા સાક્ષાત્ સૂર્યસરખો શોભતો ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણાચાર્ય સામે ધસી ગયો હતો.[૩] તે પછી તો પરસ્પર ક્રોધાયમાન થયેલા કૌરવ અને પાંડવપક્ષના સર્વ યોદ્ધાઓનું જોસભેર યુદ્ધ ચાલુ થયું;[૪] અને મહાભયંકર સંહાર શરૂ થયો તથા સર્વ સૈન્યો મિશ્ર થઇને નિર્ભયતાથી સામાસામાં યુદ્ધ કરવા લાગ્યાં.[૫] એ સમયે બળવાન દ્રોણાચાર્ય, બળવાન પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્નસાથે ભેટો કરીને બાણોના ઢગલે ઢગલા ફેંકવા લાગ્યા, તે ઘણું આશ્ચર્ય સરખું થઇ રહ્યું હતું.[૬] ચારેબાજુ છિન્નભિન્ન થયેલાં કમળોના વનની પેઠે, દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્ને રણભૂમિને મનુષ્યોનાં અનેક મસ્તકોથી ભરચક કરી દીધી.[૭] જ્યાં ત્યાં સૈન્યોમાં યોદ્ધાઓનાં વસ્ત્રો, અલંકારો, શસ્ત્રો, કવચો અને આયુધો વીખરાઇ પડયાં હતાં.[૮] સુવર્ણસમાન ઝળહળતા કવચોવાળા તથા લોહીથી રેબઝેબ થયેલા યોદ્ધાઓ, ચારેબાજુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢી આવેલા વીજળીઓવાળા મેઘોસમાન દેખાતા હતા.[૯] વળી કેટલાએક મહારથીઓ, તાલવૃક્ષસમાન મોટાં પોતાનાં ધનુષ્યોને ખેંચી ખેંચીને હાથી, ઘોડા અને પાળાઓને રણમાં ટપોટપ પાડી રહ્યા હતા.[૧૦] એ સંપ્રહારમાં ઘણા મહાત્મા શૂરવીરોની તરવારો, ઢાલો, ધનુષ્યો, મસ્તકો અને કવચો ઠેકઠેકાણે રઝળતાં હતાં.[૧૧] હે મહારાજ ! એ ભયંકર કસાકસીમાં ચારેબાજુ સંખ્યાબંધ માથાવિનાનાં ધડો ઉભાં થયેલાં દેખાતાં હતાં.[૧૨] ગીધડાં, કાગડા, બગલાં, બાજ, કંકપક્ષીઓ તથા શિયાળવાં વગેરે અનેક માંસભક્ષક પ્રાણીઓ નજરે પડતાં હતાં.[૧૩] હે રાજા ! તેઓ માંસભક્ષણ કરતાં હતાં, લોહી પીતાં હતાં, કેશો ખેંચતાં હતાં તથા મરણ પામેલાં પ્રાણીઓની મજ્જા (ચરબી) કાઢતાં હતાં.[૧૪] વળી મનુષ્યો, હાથીઓ અને ઘોડાઓનાં મસ્તકોને, શરીરોને તથા શરીરોના બીજા અવયવોને સામાસામી ખેંચતાણ પણ કરતાં હતાં.[૧૫]તે સમયે રણદીક્ષાથી દીક્ષિત થયેલા અનેક રણશાળી યોદ્ધાઓ, રણમાં વિજયની ઇચ્છા રાખી તીવ્ર યુદ્ધ કરતા હતા.[૧૬] વળી કેટલાએક સૈનિકો, એ રણમાં અનેક પ્રકારનાં તરવારોનાં યુદ્ધ પણ કરતા હતા અને કેટલાએકતો ક્રોધથી યુદ્ધના રંગમાં આવી જઇને ઋષ્ટિઓથી, શક્તિઓથી, ભાલાંઓથી, ત્રિશૂળોથી, તોમરોથી, પટ્ટિશોથી, ગદાઓથી, પરિઘોથી અને એ સિવાયનાં બીજાં ઘણીજાતનાંઆયુધોથી તથા છેવટે હાથના મુક્કાઓથી પણ અન્યોન્યને પ્રહાર કરતા હતા.[૧૭,૧૮] રથીઓ રથીઓ જોડે, ઘોડેસ્વારો ઘોડેસ્વારો જોડે,હાથીઓ મોટા મોટા હાથીઓ જોડે તથા પાળાઓ પાળાઓ જોડે યુદ્ધ કરવા મચી પડયા હતા.[૧૯] મદ ઝરતા હાથીઓની પેઠે મદોન્મત્ત બનેલા કેટલાએક યોદ્ધાઓ અન્યોન્યને બોલાવી બોલાવીને પ્રહાર કરતા હતા.[૨૦]

હે રાજા! મર્યાદાવિનાનું તે યુદ્ધ એ પ્રમાણે જ્યારે ચાલી રહ્યું હતું, ત્યારે ધૃષ્ટદ્યુમ્ને પોતાના ઘોડાઓને દ્રોણાચાર્યના ઘોડાઓસામે અથડાવી દીધા.[૨૧] વાયુસમાન વેગવાળા તથા એકબીજા સાથે મિશ્ર થયેલા તે લાલ રંગના (દ્રોણના) ઘોડાઓ તથા કબૂતરી રંગના (ધૃષ્ટદ્યુમ્નના) ઘોડાઓ, તે સમયે રણમાં રૂડી રીતે શોભતા હતા.[૨૨] હે રાજન્ ! લાલ રંગના ઘોડાઓ સાથે મળેલા તે કબૂતરી રંગના ઘોડાઓ, વિજળીઓવાળા મેઘોસમાન શોભતા હતા.[૨૩] પછી દ્રોણાચાર્યને સમીપમાં આવેલા જોઇ વીર ધૃષ્ટદ્યુમ્ને ધનુષ્યનો ત્યાગ કર્યો અને હે ભારત ! ઢાલ–તરવાર હાથમાં લીધી.[૨૪] કોઇનાથી ન બની શકે તેવું કામ કરી દેખાડવા ઇચ્છતો શત્રુવીરોનો સંહારક ધૃષ્ટદ્યુમ્ન, પોતાના રથની ઈષપર થઇને દ્રોણાચાર્યના રથમાં દાખલ થયો;[૨૫] અને ધુંસરીના મધ્યભાગમાં તેનાબંધનના સ્થળપર તે ઉભો રહ્યો તથા ઘોડાઓના અર્ધા ભાગમાં તેણે પ્રહાર કર્યો. ધૃષ્ટદ્યુમ્નનાં એ પરાક્રમનાં સર્વ સૈન્યો વખાણ કરવા લાગ્યાં.[૨૬] લાલ ઘોડાઓપર ચઢી આવીને તરવારના પટા ખેલી રહેલા એ ધૃષ્ટદ્યુમ્નને મારવામાટે દ્રોણાચાર્યને લગારે અંતર દેખાયો નહિ, તે ઘણું અદ્‌ભુત થયું હતું. માંસની લાલસાવાળો બાજપક્ષી જેમ વનમાં ઝડપ નાખે, તેમ દ્રોણાચાર્યને મારી નાખવાની ઇચ્છાથી ધૃષ્ટદ્યુમ્ને એકદમ ઝડપ નાખી હતી. તે પછી આચાર્યે એક સો બાણો મારીને તેની ઢાલને ઝુંટવી લીધી અને બીજાં દશ બાણો મારીને તેની તરવારને પણ ભાંગી નાખી તથા બીજાં ચોસઠ બાણો મૂકી બળવાન આચાર્યે દ્રુપદના પુત્રના ઘોડાઓને પણ મારી નાખ્યા; એટલુંજ નહિ પણ બીજાં બે ભલ્લ જાતનાં બાણોવડે તેના બે પૃષ્ઠરક્ષકોને પણ મારી નાખી, છત્ર તથા ધ્વજને પણ ઉડાડી પાડયાં.[૨૯,૩૦] વળી એકદમ ઝડપથી ધનુષ્યને કાનસુધી ખેંચીને, ઇંદ્ર જેમ વજ્ર ફેંકે તેમ તેના જીવિતનો નાશ કરનારૂં એક બીજું બાણ પણ ફેંક્યું.[૩૧] એજ અરસામાં સાત્યકિએ તીક્ષ્ણ ચૌદ બાણોનો પ્રહાર કરી આચાર્યના તે બાણને વચમાંથીજ કાપી નાખ્યું; અને હે રાજા ! સિંહના પંજામાં સપડાયલા મૃગને જેમ છોડાવે તેમ પુરુષસિંહ આચાર્યના સપાટામાં સપડાયેલા ધૃષ્ટદ્યુમ્નને તેણે છોડાવ્યો.[૩૨,૩૩]એ રીતે વચમાંથી બચાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેનાર સાત્યકિને તથા ધૃષ્ટદ્યુમ્નને જોઇને દ્રોણાચાર્યે સત્વર છવ્વીસ બાણોનો તેઓનાપર પ્રહાર કર્યો.[૩૪] તે સમયે સંજય યોદ્ધાઓને ગળી જતા દ્રોણાચાર્યને સાત્યકિએ તીક્ષ્ણ બાણો મૂકી છાતીમાં વિંધી નાખ્યા.[૩૫] એ પ્રમાણે સાત્યકિએ જ્યારે દ્રોણસામે ધસારો કર્યો, ત્યારે વિજયની ઇચ્છાવાળા સર્વ પાંચાળ રથીઓ, ધૃષ્ટદ્યુમ્નને સત્વર રણમાંથી બહાર લઈ ગયા.[૩૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્નનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૯૭ મો સમાપ્ત

અધ્યાય ૯૮ મો

સાત્યકિનો સપાટો

॥ धृतराष्ट्र उवाच ॥

बाणे तस्मिन्निकृत्ते तु धृष्टद्युम्ने च मोक्षिते।
तेन वृष्णिप्रवीरेण युयुधानेन संजय ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય! યાદવવીર સાત્યકિએ દ્રોણાચાર્યના બાણને વચમાંથીજ કાપી નાખીને જ્યારે ધૃષ્ટદ્યુમ્નને છોડાવ્યો, ત્યારે સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ મહાધનુર્ધર દ્રોણાચાર્યે કોપાયમાન થઇ સાત્યકિપર શું કર્યું હતું તે મને કહે.[૧,૨]

સંજયે કહ્યું:-જ્યારે સાત્યકિએ વચમાં પડી ધૃષ્ટદ્યુમ્નને છોડાવ્યો; ત્યારે ક્રોધરૂપ ઝેરવાળો, પહોળાં કરેલાં ધનુષ્યરૂપ, વિકાસેલા મુખવાળો, તીક્ષ્ણ ધારાવાળાં બાણોરૂપ દાંતવાળો, ઉજ્જ્વલ વર્ણનાં નારાચોરૂપ દાઢોવાળો તથા ક્રોધ અને અમર્ષથી લાલચોળ નેત્રવાળો નરવીર દ્રોણાચાર્યરૂપ મહાન સર્પ, હર્ષભેર ફુંફાડા મારતો મારતો આકાશમાં ઉડતા હોય તથા પર્વતને ફૂદી જતા હોય તેમ મહાવેગવાળા લાલ ઘોડાઓ દોડાવીને સુવર્ણનાં મુખવાળાં બાણો ફેંકતો ફેંકતો સાત્યકિપર ચઢી આવ્યો.[૩-૫] ત્યારે અવિચ્છિન્ન બાણોરૂપ મોટી વૃષ્ટિવાળો, રથના ઘોષરૂપ ગર્જનાવાળો, ધનુષ્યના આકર્ષણરૂપ ધારાવાળો, નારાચોરૂપ વિજળીના ઝબકારાવાળો, શક્તિ અને તરવારરૂપ વિજળીને ધારણ કરનારો, ક્રોધના વેગથી ઉદય પામેલો તથા ઘોડાઓરૂપ વાયુના વેગથી પ્રેરાયેલો દ્રોણાચાર્યરૂપ વાર્યો ન વરે તેવો મહાન મેઘ જ્યારે ચઢી આવ્યો; ત્યારે તેને જોઇને શત્રુનગરોને જીતનારો યુદ્ધદુર્મદ શૂરો સાત્યકિ હસતાં હસતાં પોતાના સારથિને કહેવા લાગ્યો:-"હે સારથિ! આ બ્રાહ્મણ શૂરવીર છે, પણ પોતાના કર્મમાંથી ભ્રષ્ટ થયો છે. રાજા દુર્યોધનને એક આશ્રયભૂત થઇને તેનાં દુઃખનો તથા ભયનો નાશ કરવા સજ્જ થયો છે. સર્વ રાજપુત્રોનો તે આચાર્ય હોઇને નિરંતર પોતાને શૂરવીર માની બેઠો છે, માટે શીઘ્ર આપણા વેગવાળા ઘોડાઓને હર્ષભેર તેના તરફ ચલાવ." તે વચન સાંભળતાંજ સારથિની પ્રેરણાથી વાયુસમાન વેગવાળા તથા રૂપેરી રંગના સાત્યકિના ઉત્તમ ઘોડાઓ વેગપૂર્વક દ્રોણાચાર્યસામા દોડી ગયા.[૧૧] તે પછી શત્રુઓને તપાવનારા તે બન્ને-દ્રોણ અને સાત્યકિ, યુદ્ધ કરવા મંડી પડયાં; અને અનેક હજારો બાણોવડે પરસ્પરને પ્રહાર કરવા મચી પડયા.[૧૨] એ બન્ને પુરુષશ્રેષ્ઠોએ આકાશને બાણોના સમુદાયોથી ઢાંકી દીધું તથા દશે દિશાઓને બાણોથી પૂરી દીધી.[૧૩] ગ્રીષ્મઋતુની આખરે મેઘો જેમ જળધારા વરસાવે તેમ તે બન્ને વીરો એકબીજાપર બાણધારા વરસાવવા લાગ્યા. જોતજોતામાં સૂર્ય દેખાતો બંધ પડયો, વાયુ પણ વાતો ન હતો, ચારેબાજુ બાણોની જાળ પથરાઇ ગઈ, ઘોર અંધકાર થઇ રહ્યો અને બીજા શૂરાઓનો પણ તે સમયે કોઈ ઉપાય ચાલ્યો નહિ; કારણકે દ્રોણ અને સાત્યકિનાં બાણોથી સઘળો લોક અંધકારમય થઇ ગયો હતો. શીઘ્ર અસ્ત્રોને છોડી જાણતા એ બન્ને પુરુષસિંહ-દ્રોણ અને સાત્યકિ-ની બાણવૃષ્ટિમાં કોઇ જાતનું અંતર દેખાતું ન હતો-કોની બાણવૃષ્ટિ અધિક છે તેની જરાએ ખબર પડતી ન હતી. બાણોની ધારાઓની સામસામેની અથડામણથી ઉત્પન્ન થયેલો શબ્દ ઇંદ્રે છોડેલાં વજ્રોના સરખો તીવ્ર થતો હતો. હે ભરતવંશી રાજા! નારાચબાણોથી કપાઈ પડતાં બાણોનું સ્વરૂપ ઝેરી દાઢોવાળા સર્પોથી ઢંસાયેલા સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્પોસરખું શોભતું હતું. યુદ્ધ કરવામાં કુશળ એવા તેબન્નેની હથેળીઓમાં અથડાયેલી ધનુષ્યોની પ્રત્યંચાઓનો ઘોષ, વજ્રના પ્રહારથી ભાંગી ભૂકો થતાં પર્વતોનાં શિખરોસમાન પ્રચંડ સંભળાતો હતો. હે રાજન્! તે સમયે તેઓ બન્નેના રથો, ઘોડા અને સારથિઓ સુવર્ણનાં ખુંખવાળાં બાણોથી છિન્નભિન્ન થઇ ગયા હતા, જેથી વિચિત્ર સ્વરૂપના દેખાતા હતા. હે રાજા! કાંચળીવિનાના સર્પની પેઠે ચળકાટ કરતાં સીધી ગતિનાં નારાચબાણોની અતિ દારુણ વૃષ્ટિ ત્યાં થઇ રહી હતી. એ રીતે યુદ્ધ કરતાં કરતાં બન્નેનાં છત્રો પડી ગયાં, બન્નેની ધ્વજાઓ પડી ગઈ, બન્ને જણા લોહીથી ન્હાઈ રહ્યા; છતાં તેઓ બન્ને જણા વિજયની ઈચ્છા રાખીને જીવિતનો નાશ કરી નાખે તેવાં બાણોથી અન્યોન્યને વિંધી રહ્યા હતા. તેઓ બન્નેનાં ગાત્રોમાંથી લોહી ઝરતું હતું, જેથી તેઓ મદ ઝરતા બે હાથીસરખા દીસતા હતા. હે મહારાજ! તે સમયે સૈન્યમાં કોઇ સ્થળે પણ ગર્જનાઓ, સિંહનાદો, શંખનાદો કે દુંદુભિઓના ઘડઘડાટો થતા ન હતા; સર્વ શાંત હતું, કોઇપણ કાંઇ બોલતું ન હતું, સૈન્યો બધાં થંભી ગયાં હતાં, યોદ્ધાઓ યુદ્ધ કરતા બંધ પડયા હતા,[૧૪–૨૫] સર્વ મનુષ્યો આશ્ચર્યમાં ગરક થઇ ગયા હતા અને તેઓ બન્નેનાં દ્વંદ્વયુદ્ધને જોઇ રહ્યા હતા. રથીઓ, હાથીસ્વારો, ઘોડેસ્વારો તથા પાયદળો તે બન્ને પુરુષશ્રેષ્ઠોને વિંટાઇ વળી સ્થિર નેત્રે જોઇ રહ્યા હતા. હાથીઓનાં સૈન્યો તથા ઘોડેસ્વારોનાં સૈન્યો સ્થિર થઇ ગયાં હતાં; તેમજ રથોની સેનાઓ પણ વ્યૂહાકારમાં ગોઠવાઇને એમ ને એમજ ઉભી રહી હતી. તે હસ્તીસેના, અશ્વસેના અને રથસેના, મોતી તથા પરવાળાંથી વિચિત્ર અને મણિ તથા સુવર્ણથી શોભતા ધ્વજોથી, અલંકારોથી, તરેહ તરેહના સુવર્ણનાં કવચોથી, વૈજયંતીના કરતાં જૂદાજ આકારની પતાકાઓથી, રંગબેરંગી કામળીઓથી, શરીરપર ધારણ કરેલી ઝીણી શાલોથી, નિર્મળ અને તીક્ષ્ણ શસ્ત્રોથી, ઘોડાઓના સામાનોથી, હાથીઓનાં મસ્તકોપર ધારણ કરાવેલી સુવર્ણની તથા રૂપાની ગંડસ્થળપર લટકતી માળાઓથી તથા દંતભૂષણોથી ગ્રીષ્મઋતુની આખરે (વર્ષાકાળમાં) બગલાં, પતંગિયાં, ઇંદ્રધનુષ્ય તથા વિજળીઓવાળા મેઘોના સમુદાયોની પેઠે દેખાતી હતી. મહાત્મા સાત્યકિના તથા દ્રોણાચાર્યના તે યુદ્ધને આપણા પક્ષના તથા યુધિષ્ઠિરપક્ષના સર્વ યોદ્ધાઓ સ્થિર થઇને જોઈ રહ્યા હતા. અરે! વિમાનોમાં બેસીને આવેલા બ્રહ્મા, સોમ આદિ દેવો પણ તે નિહાળી રહ્યા હતા; એટલુંજ નહિ પણ સિદ્ધ, ચારણ, વિદ્યાધર અને મહાસર્પોનાં ટોળે ટોળાં એ યુદ્ધ નિરખી રહ્યાં હતાં. તે બન્ને પુરુષસિંહો યુદ્ધમાં આગળ વધવું, પાછા હઠવું તથા તરેહ તરેહનાં અસ્ત્રોથી પ્રહાર કરવો ઈત્યાદિ, એટલી બધી ચાલાકીથી કરતા હતા કે જેથી તેઓ બધા વિસ્મય પામી ગયા હતા. મહાબળવાન એવા તે બન્ને (દ્રોણ અને સાત્યકિ) અસ્ત્રોમાં એકબીજાના હાથની ચતુરાઈ દેખાડતા દેખાડતા અન્યોન્યને બાણોવડે વિંધી રહ્યા હતા.[૨૬–૩૫]

તે પછી સાત્યકિએ રણમાં મહાતેજસ્વી તે દ્રોણાચાર્યનાં બાણોને અતિ દૃઢ બાણોવડે કાપી નાખ્યાં તથા તેમના ધનુષ્યને પણ તત્કાળ છેદી નાખ્યું. એક નિમેષ જેટલા કાળમાં તો દ્રોણાચાર્યે એક બીજું ધનુષ્ય લીધું અને સજ્જ કર્યું. તેને પણ સાત્યકિએ કાપી નાખ્યું. વળી પાછા સત્વર દ્રોણાચાર્ય, હાથમાં બીજું ધનુષ્ય લઇને ઉભા રહ્યા; એટલે તે ધનુષ્યના પણ સાત્યકિએ ટુકડા કરી નાખ્યા. દ્રોણાચાર્ય જેમ જેમ ધનુષ્યને સજ્જ કરતા ગયા, તેમ તેમ સાત્યકિ તીક્ષ્ણ બાણો છોડી કાપતોજ ગયો. દૃઢ ધનુર્ધારી સાત્યકિએ એમ કરતાં કરતાં બરાબર એક સો ધનુષ્યના ટુકડા કરી નાખ્યા.[૨૬–૩૯] દ્રોણાચાર્ય ધનુષ્ય ક્યારે લઇને સજ્જ કરતા હતા તથા સાત્યકિ ક્યારે તે કાપી નાખતો હતો, તે અંતર કોઈના જોવામાં આવતું ન હતું. હે રાજેન્દ્ર! એ પ્રમાણે તે યુદ્ધમાં સાત્યકિનું મનુષ્યોથી ન બને તેવું અદ્‌ભુત પરાક્રમ જોઇને દ્રોણાચાર્ય પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યા:–"આ સમયે સાત્યકિમાં જે આ અસ્ત્રબળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવામાં આવે છે, તેજ અસ્ત્રબળ પરશુરામમાં, કાર્તવીર્યમાં, અર્જુનમાં તથા પુરુષવ્યાઘ્ર ભીષ્મમાં છે." આમ મનમાં વિચાર કરી દ્રોણાચાર્ય સાત્યકિના પરાક્રમને મનમાંજ ધન્યવાદ આપવા લાગ્યા અને ઇન્દ્રના સરખી તેની ઝડપ જોઇને અસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા તે ઉત્તમ બ્રાહ્મણ સંતોષ પામ્યા. હે રાજા! યુદ્ધમાં શીઘ્ર ગતિથી ઘૂમનાર તે સાત્યકિની બાણ મૂકવાની છૂટને ઇન્દ્રસહિત દેવો, ગંધર્વો, સિદ્ધો કે ચારણો જાણી શક્યા ન હતા. તેઓ બધા તો તે દ્રોણાચાર્યનું કર્મ છે, એમ સમજતા હતા. તે પછી હે ભારત! ક્ષત્રિયોનો સંહાર કરનારા તથા અસ્ત્રજ્ઞોમાં શ્રેષ્ઠ એવા તે દ્રોણાચાર્યે, એક બીજું ધનુષ્ય લઇને સાત્યકિસામા લડવા માંડયું; પણ સાત્યકિ તેનાં સર્વ અસ્ત્રોનો પોતાની અસ્ત્રમાયાથી નાશ કરતો હતો; અને તદુપરાંત તીક્ષ્ણ પ્રહાર પણ કરતો હતો, એ ઘણું આશ્ચર્ય સરખું જણાતું હતું. તે રણમાં સાત્યકિનું મનુષ્યોથી ન અને તેવું તથા યુક્તિથી યુક્ત એવું અસાધારણ પરાક્રમ જોઇને યુક્તિને જાણનારા તમારા પક્ષના યોદ્ધાઓ પણ તેને વખાણ્યાવિના રહ્યા નહિ; કારણકે દ્રોણાચાર્ય જે જાતનું અસ્ત્ર ફેંકતા હતા, તેજ જાતનું અસ્ત્ર સાત્યકિ પણ ફેંકતો હતો. શત્રુઓને તપાવનારા આચાર્ય પણ નિર્ભય થઇને તેની સામા યુદ્ધ કરી રહ્યા હતા. પછી હે મહારાજ! ધનુર્વેદના પારને પહોંચેલા આચાર્યને ઘણોજ ક્રોધ ચઢયો અને સાત્યકિનો નાશ કરવામાટે શત્રુઓનો નાશ કરી નાખે તેવું અને મહાઘોર દિવ્ય આગ્નેયાસ્ત્ર તેમણે પ્રકટ કર્યું; ત્યારે મહાધનુર્ધર સાત્યકિએ પણ તે અસ્ત્રને ઓળખી જઈ સામે વારુણાસ્ત્રનો પ્રયોગ કર્યો. એ રીતે દિવ્ય અસ્ત્રોને ધારણ કરનારા તેઓ બન્નેને જોઇને સૈન્યમાં મોટો હાહાકાર થઈ રહ્યો અને આકાશચારી પ્રાણીઓ પણ આકાશમાં જતાં આવતાં બંધ થયાં. તેઓ બન્નેએ બાણોમાં સ્થાપિત કરેલાં તે વારુણાસ્ત્ર અને આગ્નેયાસ્ત્રનો હજુ નાશ થયો ન હતો; તેવામાં સૂર્ય મધ્યાહ્નથી નમી ગયો. તે પછી રાજા યુધિષ્ઠિર, વીર ભીમસેન, નકુલ, સહદેવ, વિરાટ, કેકય, મત્સ્યયોદ્ધાઓ તથા શાલ્વની સેનાઓ ધૃષ્ટદ્યુમ્નને આગળ કરી એકદમ ત્યાં આવી પહોંચ્યા અને ચારે બાજુથી સાત્યકિનું રક્ષણ કરવા લાગ્યા. આપણી તરફથી પણ હજારો રાજપુત્રો દુઃશાસનને આગળ કરી શત્રુઓથી ઘેરાયેલા દ્રોણાચાર્યનું રક્ષણ કરવા લાગ્યા. હે રાજન્! તે વેળા તમારા તથા શત્રુઓના ધનુર્ધરોનું યુદ્ધ થવા લાગ્યું.[૪૦-૫૬] સઘળી યુદ્ધભૂમિ ધૂળથી ઢંકાઇ ગઈ, સર્વ પ્રદેશમાં બાણોની જાળ પથરાઇ ગઇ અને સર્વ આકુળવ્યાકુળ થઇ ગયા. સૈન્યની ઉડેલી રજથી એટલો બધો અંધકાર છવાઇ ગયો કે જેથી કંઈ જાણવામાં આવતું ન હતું. એ રીતે મર્યાદાવિનાનું તે યુદ્ધ ચાલી રહ્યું હતું.[૫૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં "દ્રોણ અને સાત્યકિનું યુદ્ધ" એ વિષયનો અધ્યાય ૯૮ મો સમાપ્ત

અધ્યાય ૯૯ મો

અવંતિકુમાર વિંદ અને અનુવિંદ પડયા.

॥ संजय उवाच ॥

विवर्तमाने त्वादित्ये तत्रास्तशिखरं प्रति ।
रजसा कीर्यमाणे च मंदीभूते दिवाकरे ॥१॥

સંજયે કહ્યું:-તે તે સમયે સૂર્યનારાયણ અસ્તાચળના શિખરપ્રત્યે જવા ધીમે ધીમે ઉતરતા હતા અને ધૂળથી વ્યાપ્ત થઈને જાણે નિસ્તેજ થયા હોય તેમ લાગતું હતું.[૧] બન્ને સૈન્યમાંના કેટલાએક યોદ્ધાઓ ઉભા હતા, કેટલાએક યુદ્ધ કરતા હતા, કેટલાએક પાછા હઠતા હતા, કેટલાંએક નાસભાગ કરતા હતા અને કેટલાએક શત્રુઓને જીતતા હતા. એ પ્રમાણે કરતા કરતા તેઓનો તે દિવસ ધીમે ધીમે વહી રહ્યો હતો.[૨] વિજયની ઇચ્છાવાળાં સૈન્યો એ પ્રમાણે જ્યારે યુદ્ધ કરવામાં તલ્લીન થયાં હતાં, ત્યારે વાસુદેવ અને અર્જુન જયદ્રથરાજા તરફ જઇ રહ્યા હતા.[૩] જનાર્દન જે માર્ગે રથને લઇ જતા હતા, તે માર્ગે અર્જુન તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને રથ ચાલ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય તે પ્રમાણેનો રસ્તો કરી આપતો હતો.[૪] હે રાજન્! મહાત્મા અર્જુનનો રથ જ્યાં જ્યાં જતો હતો, ત્યાં ત્યાં તમારી સેનામાં તુરત ભંગાણ પડતું હતું.[૫] વીર્યવાન શ્રીકૃષ્ણ, રથને ઉત્તમ, મધ્યમ અને અધમ મંડળોમાં ઘૂમાવીને પોતાની રથશિક્ષાને દર્શાવતા હતા.[૬] એ વેળા પોતાના નામના ચિહ્નવાળાં, પાણી પાયેલાં, કાળાગ્નિસરખાં, ઝીણા ચામડાના અગ્રભાગથી ગુંથેલાં, મજબૂત ગાંઠવાળાં, આગળના ભાગમાં પહોળા તથા દૂર પ્રદેશસુધી પહોંચનારાં અર્જુનનાં વાંસનાં અને લોખંડનાં ઉગ્ર બાણો, અનેક શત્રુઓને ગળી જતાં હતાં અને માંસાહારી પક્ષીઓની સાથે પ્રાણીઓના રુધિરનું પાન કરતાં હતાં.[૮] રથમાં બેઠેલો અર્જુન, પોતાના રથના આગળના ભાગમાં એક કોશ જેટલા પ્રદેશસુધી બાણો ફેંકતો હતો. તેનાં તે બાણો રથ, જ્યારે એક કોશ આગળ નીકળી જતો હતો ત્યારે શત્રુઓનો નાશ કરતાં હતાં, એટલો બાણોના વેગ કરતાં રથનો વેગ ઘણો હતો;[૯] કારણ કે ગરુડ તથા વાયુસમાન વેગવાન સુંદર ગતિના ઘોડાઓને જોસભેર ચલાવી જગતને વિસ્મય પમાડતા શ્રીકૃષ્ણ આગળ વધ્યે જતા હતા.[૧૦] હે રાજા! સૂર્યનો, ઇન્દ્રનો, રુદ્રનો કે કુબેરનો પણ રથ તે પ્રમાણેની શીઘ્ર ગતિએ જતો નથી.[૧૧] હે રાજન્! મનના અભિપ્રાયસમાન શીઘ્ર ગતિવાળો અર્જુનનો રથ જે પ્રમાણે રણમાં જતો હતો, તે પ્રમાણે પૂર્વકાળમાં બીજા કોઈનો રથ ગતિ કરી શકતો નહિ.[૧૨] હે ભારત! શત્રુવીરોનો સંહાર કરનાર કેશવે રણના મધ્યપ્રદેશમાં આવીને પોતાના ઘોડાઓને સત્વર સેનાની મધ્યમાં હાંક્યા.[૧૩] બરાબર રથીઓના મધ્યમાં આવીને અર્જુનના ઘોડાઓ મહાકષ્ટે રથને આગળ લઇ જતા હતા, કારણ કે તેઓ ભૂખ્યા અને તરસ્યા થયા હતા;[૧૪] એટલુંજ નહિ પણ યુદ્ધકુશળ અનેક યોદ્ધાઓએ તેઓને ઘણા ઘાયલ પણ કરી નાખ્યા હતા, છતાં તે ઘોડાઓ વારંવાર તરેહ તરેહનાં મંડળોમાં ઘૂમતા હતા[૧૫] અને હજારો મોટા પર્વતોસરખા મરણ પામી પડેલા હાથીઓ, ઘોડાઓ, રથો અને યોદ્ધાઓની ઉપર થઇ થઇને પસાર થતા હતા.[૧૬] હે રાજા! એ અરસામાં અવંતિકુમાર વિંદ અને અનુવિંદ એ બન્ને વીર ભાઇઓ પોતાની સેનાસહિત, થાકી ગયેલા ઘોડાઓવાળા અર્જુનપર ચઢી આવ્યા.[૧૭] હર્ષભેર આવીને તુરતજ તેઓએ ચોસઠ બાણોથી અર્જુનને, સિત્તેર બાણોથી શ્રીકૃષ્ણને તથા સો બાણોથી તેના ઘોડાઓને વિંધી નાખ્યા;[૧૮] એટલે હે મહારાજ! ક્રોધાયમાન થયેલા અર્જુને મર્મભાગોને ઉદ્દેશી, મજબૂત ગાંઠવાળાં તથા મર્મને ભેદી નાખે તેવાં નવ બાણોનો તેઓનાપર પ્રહાર કર્યો.[૧૯] ત્યારે તેઓ બન્ને, એકી સાથે બાણસમૂહ છોડી શ્રીકૃષ્ણસહિત અર્જુનને રણમાં છાઇ દેવા લાગ્યા અને સિંહનાદ કરવા લાગ્યા;[૨૦] પણ ધોળા ઘોડાવાળા અર્જુને બે ભલ્લ જાતનાં બાણો મારી તેઓનાં અદ્ભુત ધનુષ્યોને કાપી નાખ્યાં તથા સુવર્ણથી ઉજ્જવળ એવા તેઓના ધ્વજોને પણ સત્વર રણમાં પાડી નાખ્યા.[૨૧] હે રાજન્! પછી તેઓ બન્નેએ બીજાં ધનુષ્યો લઇને અતિશય ક્રોધપૂર્વક બાણો મૂકી અર્જુનને પીડવા માંડયો;[૨૨] એટલે પાંડુપુત્ર અર્જુન તેઓનાપર અત્યંત ગુસ્સે થઇ ગયો અને તેણે ફરી પણ તેઓનાં ધનુષ્યોને છેદી નાખ્યાં;[૨૩] એટલુંજ નહિ પણ સરાણપર ઘસી તીક્ષ્ણ કરેલાં તથા સુવર્ણનાં પુંખવાળાં બીજાં કેટલાંએક બાણો છોડી તત્કાળ તેઓના ઘોડા, સારથિ અને પૃષ્ઠરક્ષકોને તેણે મારી નાખ્યા.[૨૪] વળી તે ઉપરાંત એક ક્ષુરપ્રબાણથી મોટાભાઇ વિંદના મસ્તકને ધડથી જુદું પાડ્યું, જેથી વાયુએ ભાંગી નાખેલા વૃક્ષની પેઠે તે મરણ પામીને પૃથ્વીપર પડ્યો.[૨૩-૨૫] પોતાના મોટાભાઇ વિંદને મરણ પામેલો જોઈ, મહાબળવાન અને પ્રતાપી અનુવિંદ, માર્યા ગયેલા ઘોડાઓવાળા રથનો ત્યાગ કરી હાથમાં ગદા લઇ યુદ્ધ કરવા ધસી આવ્યો; અને પોતાના ભાઈના વધનું સ્મરણ કરતો તે મહારથી, હાથમાં ગદા લઇ રણમાં નૃત્ય કરતો હોય તેમ ઘૂમવા લાગ્યો.[૨૬-૨૭] તે પછી ક્રોધવશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ અનુવિંદે શ્રીકૃષ્ણના લલાટમાં ગદાનો પ્રહાર કર્યો; પણ તે પ્રહારે મૈનાકપર્વતની પેઠે શ્રીકૃષ્ણને લગારે કંપાવ્યા નહિ.[૨૮] તે જોઇ અર્જુને છ બાણોનો પ્રહાર કરી અનુવિંદની ડોક, પગ, હાથ અને મસ્તકને કચાકચ કાપી નાખ્યાં, જેથી તે પણ મોટા પર્વતની પેઠે પૃથ્વીપર પડયો.[૨૯] હે રાજન્! એ પ્રમાણે તે બન્નેને માર્યા ગયેલા જોઇ તેના પાળાઓ એકદમ ક્રોધાયમાન થઇ ગયા અને સેંકડો બાણો વરસાવવા લાગ્યા;[૩૦] પણ હે ભરતશ્રેષ્ઠ રાજા! અર્જુને બાણો મૂકી મૂકીને તેઓ બધાનો સંહાર કરી નાખ્યો; અને તે ઉનાળામાં વનને બાળીને શાંત થયેલા અગ્નિસરખો શોભવા લાગ્યો.[૩૧] એ રીતે મહાસંકટે તે વિંદ-અનુવિંદની સેનાનું ઉલ્લંઘન કરી અર્જુન, મેઘમંડળથી મુક્ત થઈ ઉદય પામેલા સૂર્યસમાન રણમાં શોભતો હતો.[૩૧,૩૨] તે સમયે તેને જોઇને કૌરવસૈનિકો પ્રથમ તો ત્રાસ પામી ગયા, પણ પાછા હર્ષમાં આવી જઈ ચોતરફથી અર્જુનસામા ધસી ગયા;[૩૩] અને સિંધુરાજાને દૂર જોઇને તથા અર્જુનને થાકી ગયેલો જોઈને મોટો સિંહનાદ કરી ચોતરફથી તેઓ તેને ઘેરી વળ્યા.[૩૪] એ પ્રમાણે એકીસાથે ધસી આવેલા તે કૌરવોને જોઇને પુરુષશ્રેષ્ઠ અર્જુન, મંદ મંદ હસીને શ્રીકૃષ્ણપ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યોઃ-"આપણા ઘોડાઓ બાણોથી ઘવાઈ ગયા છે અને થાકી પણ ગયા છે. વળી સિંધુરાજા હજી દૂર છે, માટે અહીં આપણે કયું મોટું કામ પ્રથમ કરવું જોઇએ અને આપને કયું કામ ગમે છે? તે મને કહો. હે કૃષ્ણ! તમે અતિશય બુદ્ધિમાન છો, માટે તમે જે સત્ય હોય તે કહો. ખરેખર, આ રણમાં તમારી આગેવાની હેઠળ પાંડવો શત્રુઓને જીતશે.[૩૭] મને તો જે એક મહત્ત્વનું કાર્ય પ્રથમ દેખાય છે, તે તમે સાંભળો. હે માધવ! ઘોડાઓને છોડી નાખી સુખેથી તમે તેઓનાં શરીરોમાં ખુંચી ગયેલાં બાણોને ધીમે ધીમે ખેંચી કાઢો." અર્જુને જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે કેશવ બોલ્યાઃ-"હે પાર્થ! તારા કથનને અનુસરતોજ મારો મત છે." ૩૯

અર્જુન બોલ્યોઃ-"હે કેશવ! હું સર્વ સૈન્યોને અહીં અટકાવી રાખીશ, માટે તમે હવે પછીનું આપણું કર્તવ્યકર્મ તમને જેમ યોગ્ય લાગે તેમ કરો." ૪૦

સંજયે કહ્યુંઃ-એમ કહી અર્જુન જરાએ ગભરાયાવિના રથની બેઠકપરથી ઉતરી પડયો અને હાથમાં ગાંડીવધનુષ્ય લઇને પર્વતની પેઠે અડગ ઉભો રહ્યો.[૪૧] તે સમયે અર્જુનને પૃથ્વીપર ઉભેલો જોઇ "આ સમયજ અર્જુનને મારી નાખવાનો છે" આમ સમજીને વિજયની ઇચ્છાવાળા ક્ષત્રિયો મોટો કોલાહલ કરીને તેની સામા દોડી આવ્યા;[૪૨] અને મોટા રથસૈન્યથી તે એકલા અર્જુનને ઘેરી વળ્યા તથા ધનુષ્યો ખેંચી ખેંચીને બાણો છોડવા લાગ્યા. મેઘો જેમ સૂર્યને છાઇ દે, તેમ બાણોથી અર્જુનને છાઇ દેતા તે ક્ષત્રિયો, ક્રોધાયમાન થઇને તે સમયે તરેહ તરેહનાં શસ્ત્રોનો ઉપયોગ કરી દેખાડવા લાગ્યા.[૪૪] મદોન્મત્ત હાથીઓ જેમ સિંહસામા ધસી જાય, તેમ મોટા મોટા મહારથીઓ ક્ષત્રિયશ્રેષ્ઠ પુરુષસિંહ અર્જુન સામા વેગપૂર્વક ધસી આવ્યા.[૪૫] એ વેળા અર્જુનના બાહુઓનું મહાન બળ જોવામાં આવ્યું હતું; કારણ કે પોતે એકલોજ ક્રોધાતુર થઇને ચોતરફથી સર્વ સેનાઓને વારી રહ્યો હતો.[૪૬] સમર્થ અર્જુન, સર્વ તરફથી શત્રુઓનાં અસ્ત્રોને અસ્ત્રોથી વારતો હતો; એટલુંજ નહિ પણ સત્વર અનેક બાણો મૂકીને તેઓ સર્વને ઢાંકી દેતો હતો.[૪૭] હે રાજન્! એ વખતે આકાશમાં સામસામાં અથડાતાં ગાઢ બાણો એકબીજા સાથે ઘસાતાં હતાં, જેથી મોટા મોટા ભડકાઓવાળો અગ્નિ પ્રજ્વલિત થયો હતો. શ્વાસોચ્છ્વાસ લેતા અને લોહીથી છંટાયેલા મોટા મોટા ધનુર્ધરો, ઘોડાઓ, મદોન્મત્ત હાથીઓ તથા યુદ્ધમાં વિજયની ઇચ્છા રાખનારા શત્રુસંહારક વીર યોદ્ધાઓ, ક્રોધાયમાન થઇને બધા એકજ સ્થળે આવી ભરાયા હતા; તેથી તે પ્રદેશમાં ગરમી ગરમી થઇ રહી હતી.[૪૯,૫૦] તે સમયે અર્જુન, અક્ષુભ્ય એવા રણરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસાગરને કિનારારૂપ થઇને બાણોવડે આગળ વધતો અટકાવી રહ્યો હતો. તે મહાસાગરમાં બાણોરૂપી તરંગો હતા, ધ્વજાઓરૂપ ચકરીઓ હતી, હાથીઓરૂપ મગરમચ્છો હતા; વળી તે રણસાગર ઉતર્યો ઉતરાય નહિ તેવો હતો, પાળાઓરૂપ માછલાંથી વ્યાપ્ત હતો, શંખ અને દુંદુભિઓના શબ્દોથી ગાજી રહ્યો હતો, અસંખ્ય અને અપાર હતો, રથોરૂપ છોળોવાળો હતો, પાયદળીઓરૂપ કાચબાવાળો હતો તથા છત્રો અને પતાકાઓરૂપ ફીણની હારો તેમાં બંધાઇ રહી હતી. ૫૧,૫૩

ધૃતરાષ્ટ્રે પૂછયું:–અર્જુન જે સમયે પૃથ્વીપર ઉભો હતો અને શ્રીકૃષ્ણ હાથમાં ઘોડાઓ પકડીને ઉભા હતા, તે સમયનો લાભ લઇ મારા પક્ષના યોદ્ધાઓએ અર્જુનને કેમ મારી ન નાખ્યો ? ૫૪

સંજયે કહ્યું:–હે રાજા ! પૃથ્વીપર ઉભા રહેલા અર્જુને રથમાં બેઠેલા સર્વ રાજાઓને વેદવિરુદ્ધ વાક્યની પેઠે એકદમ રોકી રાખ્યા હતા.૫૫ અર્જુન પૃથ્વીપર ઉભો હતો અને બીજા સર્વ રાજાઓ રથપર બેઠા હતા; છતાં તેણે એકલાએ, લોભ જેમ સર્વ ગુણોને અટકાવી દે, તેમ તેઓને અટકાવી દીધા હતા.૫૬

તે પછી મહાબાહુ અને ધીર જનાર્દન શ્રીકૃષ્ણ, પુરુષોમાં શ્રેષ્ઠ એવા પોતાના પ્રિયમિત્ર અર્જુનને આ પ્રમાણેનું વાક્ય કહેવા લાગ્યા:–૫૭ "હે અર્જુન ! ઘોડાઓને પાણી પીવાની ઇચ્છા થઇ છે, પણ આ રણમાં તેવું કોઇ જળાશય નથી. આ સમયે ઘોડાઓને જળપાનનીજ જરૂર છે, પણ તેઓને પખાળવાની જરૂર નથી. "૫૮

તે સાંભળી અર્જુને "આ રહ્યું જળાશય" એમ કહીને અસ્ત્રથી પૃથ્વીમાં પ્રહાર કર્યો અને તુરત ઘોડાઓને જળપાન કરવામાટે સુંદર સરોવર બનાવી આપ્યું.૫૯ ક્ષણવારમાં તૈયાર કરેલું એ સરોવર હંસો અને બતકોથી વ્યાપ્ત હતું, ચક્રવાક પક્ષીઓથી સુશોભિત હતું, અતિ વિસ્તીર્ણ હતું, નિર્મળ જળથી ભરપૂર હતું, સુંદર કમળો તેમાં ખીલ્યાં હતાં, કાચબા, માછલાં આદિ જળચરોથી તે ભરેલું હતું, અગાધ હતું અને ઋષિજનોથી સેવાતું હતું. તે સરોવરનાં દર્શનાર્થે નારદમુનિ પણ ત્યાં આવી પહોંચ્યા હતા.૬૦,૬૧ પછી વિશ્વકર્માની પેઠે અદ્‌ભુત કર્મ કરનારા અર્જુને, ઘોડાઓને આરામ લેવામાટે બાણોનાજ આડસરવાળું, બાણોનાજ થાંભલાવાળું તથા બાણોનાજ છાપરાંવાળું એક અદ્‌ભુત બાણગૃહ કરી આપ્યું.૬૨ મહાત્મા અર્જુને તૈયાર કરેલું તે બાણગૃહ જોઇ ગોવિંદે હસીને કહ્યું:–" ધન્ય ! ધન્ય ! અર્જુન ! તેં બહુજ સારૂં કર્યું."૬૩

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'વિંદ અને અનુવિંદનો વધ' એ વિષયનો અધ્યાય ૯૯ મો સમાપ્ત

અધ્યાય ૧૦૦ મો
આશ્ચર્યચકિત સૈન્યો

॥ संजय उवाच ॥

सलिले जनिते तस्मिन् कौंतेयेन महात्मना ।
निस्तारिते द्विषत्सैन्ये कृते च शरवेश्मनि ॥१॥

સંજયે કહ્યું:–મહાત્મા અર્જુને જ્યારે તે જળ ઉત્પન્ન કર્યું, શત્રુઓના સૈન્યને ખાળી રાખ્યું અને બાણગૃહ તૈયાર કર્યું; ત્યારે મહાતેજસ્વી વાસુદેવ રથપરથી તત્કાળ ઉતરીને ઘોડાઓને છોડવા લાગ્યા તથા તેઓનાં શરીરમાંથી કંકપક્ષીનાં પીછાંવાળાં બાણો ખેંચી કાઢવા લાગ્યા.૧,૨ પૂર્વે કદી નહિ જોયેલું તે અદ્‌ભુત કર્મ જોઇને સર્વ સિદ્ધો તથા ચારણોના ટોળામાં અને સૈનિકોમાં સર્વ સ્થળે 'ધન્ય, ધન્ય' ના મહાન શબ્દો થઇ રહ્યા.૩ અર્જુન, પગપાળો થઇને સર્વની સાથે યુદ્ધ કરતો હતો; છતાં મહારથીઓ તેને વારી શક્યા નહિ, એ ઘણું નવાઇ જેવું જણાતું હતું.૪ તે સમયે પોતાની સામા સંખ્યાબંધ રથો, હાથીઓ અને ઘોડાઓ ધસી આવતા હતા; તોપણ અર્જુન લગારે ગભરાયો ન હતો. સર્વ પુરુષોના કરતાં એનામાં તેજ અતિશય હતું.૫ શત્રુપક્ષના રાજાઓ, અર્જુનપ્રત્યે બાણોના ઢગેઢગ છોડી રહ્યા હતા; છતાં શત્રુવીરોનો સંહાર કરનાર ધર્માત્મા ઇંદ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્ર વ્યથા પામ્યો ન હતો.[૬] સેંકડો બાણોના જથાઓ, ગદાઓ અને ભાલાંઓ પોતાનાપર આવી પડતાં હતાં; તોપણ વીર્યવાન અર્જુન, સમુદ્ર જેમ નદીઓને ગળી જાય તેમ નિવારી દેતો હતો.[૭] અર્જુન પોતાના મહાન બાહુબળથી તથા અસ્ત્રવેગથી મોટા મોટા સર્વ રાજાઓનાં ઉત્તમ ઉત્તમ બાણોનો નાશ કરતો હતો. હે મહારાજ! અર્જુન તથા વાસુદેવ બન્નેનાં તે મહાઅદ્ભુત પરાક્રમનાં કૌરવો પણ વખાણ કર્યા વિના રહ્યા નહિ.[૮] તેઓ માંહોમાંહે કહેતા હતા કેઃ—"આનાથી અધિક આશ્ચર્ય લોકમાં બીજું કયું થશે કે થયું છે? કારણ કે રણમાં આપણા બધાના દેખતાં કૃષ્ણ અને અર્જુને પોતાના ઘોડાઓને છૂટા કર્યા છે;[૧૦] એટલું જ નહિ પણ તેઓ બન્ને ઉત્તમ નરોએ આપણામાં ઘણો ભય ફેલાવી દીધો છે; તથા રણની મધ્યમાં નિડર થઇને પોતાનું તેજ દેખાડયું છે."[૧૧] આમ તેઓ પરસ્પર બોલતા હતા તેવામાં હે ભારત! જાણે આસપાસ ઉભેલી બધી સ્ત્રીઓની મધ્યમાં હોય તેમ સમજી મંદ મંદ હસતા કમલનયન શ્રીકૃષ્ણ, રણમાં અર્જુને તૈયાર કરેલા તે બાણગૃહમાં તમારાં સૈન્યો જોઇ રહ્યાં હતાં; છતાં નિર્ભય થઇને તે ઘોડાઓને લઇ ગયા.[૧૨,૧૩] ત્યાં લઈ જઇને તેઓના થાકને, નિર્બળતાને, ક્ષીણને, કંપને તથા વ્રણોને દૂર કર્યાં; કારણકે શ્રીકૃષ્ણ ઘોડાઓને તાજામાજા રાખવાના કાર્યમાં કુશળ હતા.[૧૩] પોતાના બે હાથવડે ઘોડાઓના શરીરમાં ખુંચેલાં બાણોને દૂર કરી યથાયોગ્ય પખાળી, પંપાળી, સાફસુફ કરી શ્રીકૃષ્ણે તે ઘોડાઓને પાણી પાયું.[૧૫] એ રીતે પાણી પીને નહાઇ તથા ચારો ખાઇને થાકરહિત થયેલા તે ઘોડાઓને શ્રીકૃષ્ણે પુનઃ હર્ષભેર પોતાના ઉત્તમ રથમાં જોડયા;[૧૬] અને સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ મહાતેજસ્વી વાસુદેવ પોતે પણ તે રથપર ચઢી જઇને અર્જુનસહિત સત્વર આગળ વધ્યા.[૧૭] આ સમયે અર્જુનના રથને પાણી પાયેલા ઘોડાઓથી પુનઃ સજ્જ કરેલો જોઈ, કુરુસૈન્યના સારા સારા યોદ્ધાઓ પાછા ઉદાસમનના થઇ ગયા.[૧૮] હે રાજન્! ભાંગી ગયેલી દાઢોવાળા સર્પોની પેઠે તેઓ નિઃશ્વાસ નાખવા લાગ્યા અને જૂદા જૂદા બોલી ઉઠ્યા કેઃ—'અહો! ધિક્કાર છે આપણને! અર્જુન અને કૃષ્ણ આપણા બધાની વચ્ચેથી પસાર થઈ ગયા.' જેને રોમાંચ થઇ ગયાં હતાં તેવા અદ્ભુત સૈન્યને જોઇને કેટલાએક બૂમાબૂમ કરતા હતા કે, હવે ઉતાવળ કરો, ઉતાવળ કરો. અહીં ઉભા રહેવામાં હવે કંઇ સાર નથી.[૨૦] બાળક જેમ રમકડાંનો તિરસ્કાર કરે, તેમ આપણા બળનો તિરસ્કાર કરી, રે! સર્વ ક્ષત્રિયોના દેખતાં કવચધારી તેઓ બંને જણા, એક રથની સહાયથીજ અહીંથી ચાલ્યા ગયા છે. આપણે બધા પ્રયત્ન કરતા રહ્યા તથા બરાડા પાડતા રહ્યા અને તેઓ કોઈની પરવા કર્યાવિના સર્વ રાજાઓની આગળ પોતાનું વીર્ય દર્શાવીને આગળ વધી ગયા છે.[૨૧,૨૨] એ રીતે શ્રીકૃષ્ણ તથા અર્જુન આગળ ચાલ્યા ગયા એટલે કેટલાએક બીજા સૈનિકો બોલી ઉઠ્યા કેઃ—"હે કૌરવો! બધા એકત્ર થઇને શ્રીકૃષ્ણ તથા અર્જુનનો વધ કરવામાટે ત્વરા કરો, ત્વરા કરો.[૨૩] પેલો કૃષ્ણ રણમાં આપણ બધાનો તિરસ્કાર કરી સર્વ ધનુર્ધરોના દેખતાં પોતાનો રથ જોડીને જયદ્રથનો વધ કરવા ચાલ્યો જાય છે."[૨૪] હે રાજન્! તેમાં કેટલાએક રાજાઓ પૂર્વે કદી નહિ જોયેલું તે મહા આશ્ચર્ય જોઇને રણમાં માંહોમાંહે આ પ્રમાણે વાતો કરતા હતાઃ—[૨૫]" નિઃશંક, દુર્યોધનના અપરાધથી સર્વ સન્યો, રાજા ધૃતરાષ્ટ્ર, સમગ્રક્ષત્રિયો અથવા આખીપૃથ્વીનો નાશ થવા બેઠો છે.[૨૬] અરે! એમાંના ઘણાખરા તો નાશ પામી ગયા છે; છતાં હજી રાજા સમજતો નથી." હે ભારત! એ રીતે સર્વ ક્ષત્રિયો તથા બીજા કેટલાએક યોદ્ધાઓ અંદર અંદર કહી રહ્યા હતા;[૨૭] અને વળી પણ તેઓ બોલતા હતા કેઃ—" ઉપાયને નહિ સમજનારો મૂર્ખ દુર્યોધન, સિંધુરાજના મરણ પછી જે કાર્ય કરવાનું હોય તે આ સમયેજ કરે."[૨૮] આમ તેઓ કહેતા હતા તેવામાં અર્જુન, સત્વર પાણી પીને તાજા થયેલા ઘોડાઓથી જયદ્રથસામે ચાલ્યો ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમયે સૂર્ય પણ નમ્યો હતો.[૨૯] સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ મહાબાહુ અર્જુન, ક્રોધાયમાન કાળની પેઠે જયદ્રથ તરફ ધસી જતો હતો; પણ યોદ્ધાઓ તેને અટકાવી શક્યા નહિ.[૩૦] શત્રુતાપન અર્જુન જયદ્રથને પહોંચી વળવામાટે સૈન્યને હાંકી કાઢી, સિંહ જેમ મૃગોનાં ટોળાંને છિન્નભિન્ન કરી નાખે, તેમ સર્વ સૈનિકોને છિન્નભિન્ન કરવા લાગ્યો.[૩૧] શ્રીકૃષ્ણ પણ સૈન્યોમાં દાખલ થઇને ઘોડાઓને ઝડપથી હાંકતા હતા અને બગલાસમાન શ્વેત એવા પોતાના પાંચજન્ય શંખને વગાડતા હતા.[૩૨] વાયુસમાન વેગવાળા અર્જુનના ઘોડાઓ એટલાબધા વેગથી દોડી જતા હતા, કે અર્જુને શત્રુઓપર આગળથી છોડેલાં બાણો રથના ચાલ્યા ગયા પછી પાછળથી તેઓનાપર પડતાં હતાં.[૩૩] તે પછી એકદમ કોપાયમાન થયેલા રાજાઓ તથા બીજા અનેક ક્ષત્રિયો, જયદ્રથનો વધ કરવા ઇચ્છતા અર્જુનની આસપાસ વિંટાઇ વળ્યા.[૩૪] એ રીતે યુદ્ધમાં ઉભેલા પુરુષશ્રેષ્ઠ અર્જુન તરફ સૈન્યો જ્યારે ધસી ગયાં હતાં, ત્યારે દુર્યોધન પણ ઉતાવળો ઉતાવળો રણમાં અર્જુનની પાછળ પડયો.[૩૫] એ વેળા વાયુથી ફરકતી ધ્વજાવાળા તથા મેઘસમાન ઘોષવાળા અર્જુનના રથને જોઇને તથા તેમાં બેઠેલા ભયંકર સ્વરૂપવાળા અર્જુનને જોઇને રથીયોદ્ધાઓ ખિન્ન થઇ ગયા હતા.[૩૬] ચોતરફથી ઉડતી ધૂળથી સૂર્ય અત્યંત ઢંકાઇ ગયો હતો; છતાં પણ બાણોથી પીડાયેલા યોદ્ધાઓ એ રણમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનને જોવા સમર્થ થતા ન હતા.[૩૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'સૈન્યનું વિસ્મય' એ વિષયનો
અધ્યાય ૧૦૦ મો સમાપ્ત

અધ્યાય ૧૦૧ મો
દુર્યોધન યુદ્ધ કરવા આવી પહોંચ્યો.

॥ संजय उवाच ॥

संसंत इव मज्जानस्तावकानां भयान्नृप ॥
तौ दृष्ट्वा समतिक्रान्तौ वासुदेवधनंजयौ ॥१॥

સંજયે કહ્યું:–હે રાજા! શ્રીકૃષ્ણ અને અર્જુનને સૈન્યનું ઉલ્લંઘન કરી આવેલા જોઈ, તમારા પુત્રોની મજ્જાઓ ભયને લીધે નરમ પડી ગઇ હોય તેમ દેખાવા લાગી;[૧] પરંતુ તે બધા મહાત્માઓ લજ્જા અને ધૈર્યને લીધે સ્થિર થઈ ઉભા રહ્યા અને કોપાયમાન થઇ અર્જુનસામા જવા લાગ્યા;[૨] પણ જેઓ ક્રોધ અને અમર્ષથી યુક્ત થઇ અર્જુનસામા યુદ્ધ કરવા ગયા હતા તેઓ, નદીઓ જેમ સાગર પાસેથી પાછી ન ફરે, તેમ હજીસુધી પણ પાછા ફર્યા નથી;[૩] અને જેઓ દુષ્ટ હોઇને અર્જુનસામેના રણમાંથી પાછા હઠયા હતા તેઓ વેદોથી નિવૃત્ત થયેલા નાસ્તિકોની પેઠે નરકને પામ્યા છે તથા પાપી થયા છે.[૪] પુરુષશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અને અર્જુન તો રથીઓનાં સૈન્યને ઉલ્લંઘી જઇને, રાહુથી મુક્ત થયેલા બે સૂર્યોની પેઠે રણમાં દેખાતા હતા.[૫] જેમ મોટી જાળ ફાડી નાખીને બહાર નીકળી આવેલા બે મત્સ્યો હોય, તેમ તે સેનારૂપ જાળને ફાડી નાખીને બહાર નીકળી આવેલા તથા શ્રમરહિત થયેલા અર્જુન અને શ્રીકૃષ્ણ રણમાં સ્પષ્ટ દેખાતા હતા.[૬] શસ્ત્રોથી કષ્ટદાયક એવા અજિત દ્રોણાચાર્યના સૈન્યમાંથી મુક્ત થયેલા તેઓ બન્ને મહાત્માઓ, પ્રલયકાળે ઉદય પામેલા બે સૂર્યસરખા રણમાં દેખાતા હતા.[૭] અસ્ત્રોના તથા શસ્ત્રોના સંકટમાંથી મુક્ત થયેલા તે બન્ને મહાત્માઓ, ઉલટા શત્રુઓને સંકટ કરનારા દેખાતા હતા.[૮] અગ્નિસમાન તીક્ષ્ણ મગરના મુખમાંથી મુક્ત થયેલા બે મત્સ્યોની પેઠે તેઓ બન્ને જણા, દ્રોણાચાર્યરૂપ મગરમચ્છના મુખમાંથી મુક્ત થયા હતા; અને બે મગરમચ્છો જેમ સમુદ્રને ખળભળાવી નાખે, તેમ તેઓ બન્ને જણા કૌરવોની સેનાને ખળભળાવી નાખતા હતા.[૯] જે સમયે તેઓ બન્ને જણા દ્રોણાચાર્યના સૈન્યમાં હતા, તે વખતે તમારા પક્ષના યોદ્ધાઓ અને તમારા પુત્રો નિશ્ચય માની બેઠા હતા કે,"આ બન્ને જણા કદી પણ દ્રોણનું ઉલ્લંઘન કરી આવશે નહિ."[૧૦] પણ જ્યારે મહાતેજસ્વી એવા તે અર્જુન તથા શ્રીકૃષ્ણ દ્રોણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના સૈન્યને ઉલ્લંઘી આગળ આવ્યા, ત્યારે હે મહારાજ! તેઓએ સિંધુરાજાના જીવિતની આશા રાખી નહિ.[૧૧] હે રાજન્! "દ્રોણ તથા કૃતવર્માના હાથમાંથી આ બન્ને જણા મુક્ત થશેજ નહિ" આવી માન્યતાને લીધે કૌરવોનાં સર્વ સૈન્યોને સિંધુરાજાના જીવિતવિષે મહાબળવાન આશા હતી;[૧૨] પણ હે મહારાજ! શત્રુઓને તપાવનારા તેઓ બન્ને જણા, તેઓની સર્વ આશા નિષ્ફળ કરીને દ્રોણના તથા કૃતવર્માના દુસ્તર સૈન્યને તરી ગયા હતા.[૧૩] પ્રજ્વલિત અગ્નિની પેઠે તેઓ બન્નેને સૈન્યનું ઉલ્લંઘન કરી આવેલા જોઇ તમારા પુત્રો નિરાશ થઇને સિંધુરાજાના જીવિતની આશા રાખતા ન હતા.[૧૪] એ વેળા નિર્ભય થયેલા શ્રીકૃષ્ણ તથા અર્જુન, શત્રુઓને ભય વધારતા જયદ્રથનો વધ કરવા બાબતની પરસ્પર આ પ્રમાણે વાતો કરતા હતા.[૧૫]

અર્જુને કહ્યું:–'કૌરવોના છ મહારથીઓની મધ્યમાં રહેલો જયદ્રથ પણ હવે મારી નજરે આવી ચઢયો છે, તેથી તે કદી પણ છટવાનો નથી.[૧૬] અરે! દેવગણોને સાથે લઇ સાક્ષાત્ ઇંદ્રદેવ પણ જો કદાચ યુદ્ધમાં એનું રક્ષણ કરશે, તોપણ આપણે એને મારી નાખીશું.' આ પ્રમાણે તેઓ બન્ને જણા પરસ્પર વાતો કરતા હતા.[૧૭] સિંધુરાજસામે દૃષ્ટિ કરીને તેઓ બન્ને જણા એ રીતે વાર્તાલાપ કરતા હતા, તે સમયે તમારા પુત્રો મોટો કોલાહલ કરવા લાગ્યા.[૧૮] જેમ કોઇ તરસ્યા થયેલા બે હાથીઓ નિર્જળ પ્રદેશ(મારવાડ)નું ઉલ્લંઘન કરી જળયુક્ત પ્રદેશમાં આવીને તથા જળપાન કરીને શાંત થાય, તેમ શત્રુઓનું દમન કરનારા તેઓ બન્ને વીરો શાંત થયા હતા;[૧૯] અને વ્યાઘ્ર તથા સિંહોથી વ્યાપ્ત થયેલા પર્વતોનું ઉલ્લંઘન કરી જઈ મૃત્યુ અને વૃદ્ધાવસ્થાથી રહિત થયેલા બે વૈશ્યોસરખા નિર્ભય દેખાતા હતા.[૨૦] એ સમયનો તેઓના મુખનો વર્ણ એવો હતો કે જેથી કૌરવો પણ તેઓને નિર્ભય માનવા લાગ્યા; એટલુંજ નહિ પણ તેઓને સૈન્યમાંથી છૂટા થયેલા જોઇ તમારા યોદ્ધાઓ બૂમાબૂમ કરવા લાગ્યા.[૨૧] સર્પસમાન આકારવાળાં, પ્રજ્વલિત અગ્નિસમાન તથા સાગરતુલ્ય એવા દ્રોણાચાર્યના સૈન્યમાંથી તથા બીજા રાજાઓના હાથમાંથી મુક્ત થયેલા તેઓ બન્ને શત્રુદમન વીરો, પ્રકાશમાન સૂર્યસરખા દેખાતા હતા અને હર્ષયુક્ત થઇને જાણે સમુદ્રને તરી ગયા હોય તેવા જણાતા હતા.[૨૨] વળી મહાન અસ્ત્રોના સમૂહવાળા તથા દ્રોણ અને કૃતવર્માના રક્ષણતળે રહેલા સૈન્યમાંથી છૂટા થયેલા તેઓ બન્ને જણા, રણમાં ઇંદ્ર અને અગ્નિસરખા પ્રકાશમાન લાગતા હતા.[૨૪] દ્રોણાચાર્યનાં તીક્ષ્ણ બાણોથી વ્યાપ્ત થયેલા અને તેથીજ બહાર પ્રકટ દેખાતા લોહીવાળા અર્જુન તથા શ્રીકૃષ્ણ, ગુલાબી કરેણનાં વૃક્ષોથી વ્યાપ્ત થયેલા બે પર્વતોસમાન પ્રકાશતા હતા;[૬૫] તેમજ તે બન્ને વીરો શક્તિઓરૂપ સર્પોથી સંકટકારક, લોખંડી બાણોરૂપ મગરમચ્છવાળા, મોટા મોટા ક્ષત્રિયોરૂપ જળથી ભરેલા તથા દ્રોણાચાર્યરૂપ ઝૂડવાળા મોટા ધરારૂપ સૈન્યમાંથી બહાર નીકળી દીપતા હતા;[૨૬] તથા ધનુષ્યની પણછના ઘોષરૂપ ગર્જનાવાળા, ગદાઓ અને તરવારોરૂપ વિજળીના ચમકારાવાળા, દ્રોણાચાર્યનાં અસ્ત્રોરૂપ મહામેઘથી છૂટા થયેલા તેઓ બન્ને, અંધકારથી મુક્ત થયેલા સૂર્યચંદ્રની પેઠે રણમાં પ્રકાશતા હતા;[૨૭] અને વળી મોટા મોટા યોદ્ધાઓરૂપ ઝૂડોવાળી અને જળથી સંપૂર્ણ ભરેલી સિંધુ, શતદ્રુ, વિપાશા, ઈરાવતી, ચંદ્રભાગા અને વિતસ્તા નામની સમુદ્રગામિની મહાનદીઓસમાન એવી કૌરવોની સેનાઓને તે મહાધનુર્ધર, લોકમાં વખણાઇને પ્રસિદ્ધ થયેલા શ્રીકૃષ્ણ અને અર્જુન, પોતાના બે બાહુઓથી તરી ગયા હોય, તેમ સર્વ ભૂતો માનવા લાગ્યાં; કારણ કે દ્રોણાચાર્યનાં અસ્ત્રબળનું તેઓએ અતિશય બાહુબળથીજ વારણ કર્યું હતું.[૨૮,૨૯] એ રીતે તેઓ બન્ને જણા લગભગ સમીપમાં રહેલા જયદ્રથને મારી નાખવાની ઇચ્છાથી જોઈ રહ્યા હતા અને જેમ જલાશયે આવી ઉભેલા રૂરૂજાતિના મૃગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મારી નાખવા ઇચ્છતા બે વાઘો હોય, તેમ તેઓ બન્ને ત્યાં ઉભા રહ્યા હતા.[૩૦] હે મહારાજ ! તે સમયની તેઓ બન્નેના મુખની કાંતિ એટલી બધી ઉગ્ર દેખાતી હતી, કે જેથી તમારા પક્ષના યોદ્ધાઓ જયદ્રથને મરી ગયેલોજ માનવા લાગ્યા.[૩૧] લાલચોળ નેત્રવાળા તથા મોટી મોટી ભુજાવાળા શ્રીકૃષ્ણ અને અર્જુન સિંધુરાજને પોતાની સામે જોઇને હર્ષમાં આવી જઇને વારંવાર એકીસાથે ગર્જનાઓ કરવા લાગ્યા.[૩૨] હે રાજન્ ! હાથમાં ઘોડાઓની લગામ પકડીને ઉભેલા શ્રીકૃષ્ણ તથા હાથમાં ધનુષ્યને ધારણ કરી રહેલા અર્જુનની તે સમયની કાંતિ, સૂર્ય અને અગ્નિસરખી થઈ રહી હતી.[૩૩] દ્રોણાચાર્યના સૈન્યથી મુક્ત થયેલા તેઓ બન્નેને, સમીપમાં સિંધુરાજને જોઇને, માંસને જોતાં જેમ બાજપક્ષીને હર્ષ ઉપજે તેમ હર્ષજ ઉપજ્યો હતો.[૩૪] પોતાની તદ્દન સમીપમાંજ રહેલા સિંધુરાજને જોઇને અત્યંત ક્રોધાયમાન થયેલા તેઓ બન્ને જણા, માંસને જોઇને બે બાજપક્ષીઓ જેમ એકાએક ઝડપ નાખે તેમ એકાએક તેના ઉપર ધસી ગયા. એ રીતે શ્રીકૃષ્ણ તથા અર્જુનને જયદ્રથ તરફ ધસી ગયેલા જોઇ તમારો પુત્ર દુર્યોધન સિંધુરાજનું રક્ષણ કરવા માટે ચઢી આવ્યો. હે રાજન્ ! દ્રોણાચાર્યે કવચ ધારણ કરાવેલો રાજા દુર્યોધન પોતે એકલોજ–સારથિની પણ મદદ લીધાવિના યુદ્ધ કરવા ચઢી આવ્યો હતો; કારણકે તે પોતેજ ઘોડાઓને ચલાવવાની ક્રિયાને સંસ્કારપુરઃસર જાણતો હતો.[૩૭] હે રાજા ! તમારો પુત્ર, મહાધનુર્ધર એવા તે શ્રીકૃષ્ણ અને અર્જુનને ઉલ્લંઘી જઈ લગભગ શ્રીકૃષ્ણના મુખસામેજ આવી પહોંચ્યો હતો.[૩૮] જ્યારે તમારો પુત્ર દુર્યોધન, અર્જુનસામે યુદ્ધ કરવા ચઢી ગયો, ત્યારે તમારાં સર્વ સૈન્યોમાં હર્ષનાં વાદિત્રો વાગવા લાગ્યાં;[૩૯] અને વળી દુર્યોધનને શ્રીકૃષ્ણ તથા અર્જુનની આગળ આવી ઉભેલો જોઇ શંખનાદોથી મિશ્ર એવા સિંહનાદો થવા લાગ્યા.[૪૦] એ વેળા અગ્નિસમાન તેજસ્વી એવા સિંધુરાજના રક્ષકો, તમારા પુત્રને રણમાં આવેલો જોઈ અત્યંત હર્ષમાં આવી ગયા હતા.[૪૧] તે સમયે પોતાના અનુચરોસહિત યુદ્ધ કરવા ચઢી આવેલા દુર્યોધનને જોઇને શ્રીકૃષ્ણ, અર્જુનપ્રત્યે સમયને અનુસરતું આવું વચન બોલ્યા.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દુર્યોધનનું આગમન' એ વિષયનો અધ્યાય ૧૦૧ મો સમાપ્ત

અધ્યાય ૧૦૨ મો

શ્રીકૃષ્ણ અને અર્જુનની વાતચીત

॥ वासुदेव उवाच ॥

दुर्योधनमतिक्रांतमेनं पश्य धनंजय ।
अत्यद्भुतमिमं मन्ये नास्त्यस्य सदृशो रथः॥

વાસુદેવે કહ્યું:–"હે અર્જુન! જો તો ખરો, આ દુર્યોધન સર્વને ઉલ્લંઘીને અહીં આવી પહોંચ્યો છે; હું આને અદ્ભુત માનું છું. મને લાગે છે કે, આના સરખો બીજો કોઇ મહારથી નથી.[૧] ધૃતરાષ્ટ્રનો આ મહાબળવાન પુત્ર, દૂરસુધી બાણો ફેંકનારો છે, મહાધનુર્ધર છે, અસ્ત્રકુશળ છે, યુદ્ધમાં મદોન્મત્ત છે, દૃઢ અસ્ત્રોવાળો છે અને તરેહ તરેહનાં યુદ્ધ કરી જાણનારો છે.[૨] હે પાર્થ ! આ મહારથી પ્રથમથીજ અત્યંત સુખમાં ઉછરી મોટો થયો છે, સર્વ વાતે કુશળ છે અને નિત્ય પોતાના બાંધવોનો દ્વેષ કરે છે;[૩] માટે હે નિર્દોષ રાજા ! આ સમયે તારૂં તથા એનું યુદ્ધ સમયને યોગ્ય છે. આ સમયનું તમારૂં આ યુદ્ધરૂપી દ્યૂત, તમારા બન્નેના વિજયને માટે અથવા પરાજયને માટે આગળ આવી ખડું થયું છે. હે પાર્થ ! આ વેળા તું ચિરકાળથી એકઠા કરેલા ક્રોધરૂપ ઝેરને છોડી નાખ. આ મહારથીજ પાંડવોના સર્વ અનર્થોનું મૂળ છે.[૫] તું આજે તારા આત્માની સફળતાજ માનજે; કારણકે આ દુર્યોધન, આજે તારાં બાણોનો વિષય થયો છે, નહિ તો રાજ્યલોભી આ રાજા તારીસાથે યુદ્ધ કરવા કેમ આવે ?[૬] આજે આ દુર્યોધન તારાં બાણોના લક્ષ્યમાં આવી ઉભો છે, તે બહુ સારૂં થયું. હે ધનં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય! તે (દુર્યોધન) આજે જીંદગીનો ત્યાગ કરે તેવું તું કરજે.[૭] હે પુરુષશ્રેષ્ઠ! ઐશ્વર્યના મદમાં મૂઢ થયેલો આ રાજા, જરાપણ કદી દુઃખ પામ્યો નથી અને યુદ્ધમાં તારા વીર્યને પણ જાણતો નથી.[૮] હે પાર્થ! દેવો, અસુરો અને મનુષ્યોસહિત આ ત્રણેય લોકો તને રણમાં જીતવાનો ઉત્સાહ કોઇ કરી શકે તેમ નથી, તો આ દુર્યોધન વળી કોણમાત્ર છે?[૯] હે પાર્થ! આજે ઘણું રૂડું થયું છે કે, આ દુર્યોધન તારા રથ પાસે આવી પહોંચ્યો છે. હે મહાબાહુ! પૂર્વે ઇન્દ્રે વૃત્રાસુરનો નાશ કર્યો હતો, તેમ તું આને હણી નાખ.[૧૦] હે નિર્દોષ અર્જુન! આ હમેશાં તારો અનર્થ કરવામાંજ તત્પર રહેલો છે તથા કેટલીએક ખટપટ કરીને એણે ધર્મરાજાને જુગારમાં છેતર્યા છે.[૧૧] હે માન આપનારા અર્જુન! પાપબુદ્ધિના આ દુર્યોધને સદા નિષ્પાપ એવા તમારાપર ઘણાં ઘાતકી કૃત્યો કર્યાં છે;[૧૨] માટે હે પાર્થ! યુદ્ધમાં આર્યબુદ્ધિ ધારણ કરીને તું, સદા ક્રોધાયમાન થઇ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારા આ અનાર્ય પુરુષનો કંઇ પણ વિચાર કર્યાવિના વધ કરી નાખ. હે પાંડવ! આ દુર્યોધને કપટથી તમારા રાજ્યને છીનવી લીધું છે, તમને વનવાસ આપ્યો છે તથા દ્રૌપદીને હેરાન કરી છે. એ બધાંનો મનમાં વિચાર કરીને તું આ સમયે પરાક્રમ કર.[૧૪] આજે આ તારાં બાણોની નજીકમાં આવી ઉભો છે તે બહુજ સારૂં થયું છે; અને જયદ્રથનો વધ કરવારૂપ આપણા કાર્યનો નાશ કરવામાટે આગળ આવીને તે જે પ્રયત્ન કરે છે, તે પણ તારૂં એક સુદૈવજ છે.[૧૫] વળી એ દુર્યોધન, પોતાના મનમાં આવું સમજે છે કે, "મારે અર્જુનસામે યુદ્ધ કરવાનું છે." આ પણ એક ભાગ્યનીજ વાત છે. હે પાર્થ! બહુજ ઠીક થયું છે કે, તારા સર્વ અભિલાષો આજે આપોઆપ સફળ થશે.[૧૬] જેમ પૂર્વે દેવાસુરયુદ્ધમાં ઇન્દ્રે જંભાસુરનો વધ કર્યો હતો, તેમ હે અર્જુન! આજે તું પણ આ કુલાધમ દુર્યોધનનો રણમાં વધ કર.[૧૭] તું જ્યારે આનો વધ કરીશ, ત્યારે અનાથ થયેલું આ સૈન્ય આપોઆપ છિન્નભિન્ન થઇ જશે; માટે તારા પૂર્વના વૈરનું આજે અવભૃથસ્નાન (છેલ્લી ક્રિયા) કરી નાખ અને દુરાત્માઓના મૂળરૂપ એવા આ દુર્યોધનને છેદી નાખ-કાપી નાખ."[૧૮]

સંજયે કહ્યું:-શ્રીકૃષ્ણનાં એ વચન સાંભળી અર્જુન બોલી ઉઠયો કે:-"તથાસ્તુ. જો મારે એ અવશ્ય કરવા યોગ્ય છે, તો આ સમયે બધાં કાર્ય પડતાં મૂકીને જ્યાં દુર્યોધન ઉભો છે ત્યાં ચાલો.[૧૯] એણે આજે ઘણા દિવસસુધી અમારૂં નિષ્કંટક રાજ્ય ભોગવ્યું છે; માટે આજના યુદ્ધમાં પરાક્રમ કરીને હું તેના મસ્તકને કાપી નાખીશ.[૨૦] હે માધવ! દુઃખ ભોગવવાને માટે તદ્દન અયોગ્ય એવી દ્રૌપદીના કેશનું જેણે ભરીસભામાં અપમાન કર્યું છે, તેના સામે યોગ્ય પગલાં લેવાને હું શક્તિમાન થઇશ શું?" આમ પરસ્પર વાતો કરતા તેઓ બન્ને જણાએ હર્ષપૂર્વક પોતાના શ્વેત ઘોડાઓને તે રાજાને પહોંચી વળવામાટે યુદ્ધમાં આગળ હાંક્યા. હે ભરતશ્રેષ્ઠ રાજા! તે સમયે તમારો પુત્ર દુર્યોધન, લગભગ તેઓ બન્નેની સમીપમાં પહોંચી ગયો હતો. પોતાને મહાન ભય પ્રાપ્ત થયું છે એ જાણ્યા છતાં પણ તે નિર્ભયજ રહ્યો હતો.[૨૩] તેના એ પરાક્રમને જોઇ સર્વ ક્ષત્રિયો તેનાં વખાણ કરવા લાગ્યા; કારણકે તેણે પોતાની સામે ધસી આવેલા અર્જુનને તથા શ્રીકૃષ્ણને અટકાવી રાખ્યા હતા.[૨૪] હે રાજન્! રણમાં આવી ઉભેલા રાજા દુર્યોધનને જોઇને તમારાં સર્વ સૈન્યોમાં મોટા મોટા હર્ષના શબ્દો થવા લાગ્યા.[૨૫] એ રીતે જ્યારે મનુષ્યોના ભયંકર શબ્દો થવા લાગ્યા; ત્યારે તમારા પુત્રે શત્રુઓને નહિ જેવા તુચ્છ ગણીને અટકાવી રાખ્યા હતા.[૨૬] તમારા ધનુર્ધર પુત્રે અર્જુનને જ્યારે એ પ્રમાણે અટકાવી રાખ્યો; ત્યારે શત્રુતાપન અર્જુન, તેનાપર અત્યંત ક્રોધાયમાન થઇ ગયો.[૨૭] સામસામા કોપેલા તે દુર્યોધન તથા અર્જુનને જોઇને સર્વ રાજાઓ પણ ભયંકર સ્વરૂપ ધારણ કરી ચારે બાજુ જોઇ રહ્યા.[૨૮] હે રાજા! અર્જુન તથા વાસુદેવને કોપેલા જોઇને પણ મંદ મંદ હસતો દુર્યોધન, યુદ્ધ કરવાની ઇચ્છાથી તેઓનું આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ્વાન કરવા લાગ્યો; ત્યારે હર્ષમાં આવી ગયેલા શ્રીકૃષ્ણ અને અર્જુન મોટા શબ્દથી સિંહનાદો કરવા લાગ્યા અને પોતાના શંખો વગાડવા લાગ્યા.[૩૦] એ રીતે તેઓ બન્નેને આનંદી જોઇને કૌરવપક્ષના સર્વ યોદ્ધાઓ તમારા પુત્રના જીવિતના સંબંધમાં નિરાશ થઇ ગયા;[૩૧] એટલુંજ નહિ પણ બીજા કેટલાએક કૌરવો તો એ બાબતનો શોક કરવા લાગ્યા તથા તમારા પુત્રને અગ્નિના મુખમાં હોમાયલો માનવા લાગ્યા.[૩૨] વળી કેટલાએક યોદ્ધાઓ તો અર્જુનને તથા શ્રીકૃષ્ણને હર્ષ પામેલા જોઇ ભયભીત થઇ બોલી ઉઠયા કેઃ–"રાજા મુઓ, રાજા મુઓ."

યોદ્ધાઓએ કરેલો કોલાહલ સાંભળીને દુર્યોધને કહ્યું કેઃ–"હે યોદ્ધાઓ! તમારો ભય દૂર થાઓ. હમણાંજ હું અર્જુનને તથા કૃષ્ણને મૃત્યુપાસે વિદાય કરી દઉં છું." [૩૪] સર્વ સૈનિકોને એ પ્રમાણે કહીને જયની ઇચ્છાવાળા રાજા દુર્યોધને, અર્જુનને સંબોધીને ક્રોધપૂર્ણ આ વચન કહ્યુંઃ–[૩૫] "હે પાર્થ! તારો જો પાંડુરાજાથી જન્મ થયો હોય, તો તું જે કોઈ દિવ્ય અથવા પાર્થિવ અસ્ત્ર શીખ્યો હોય તેનો સત્વર મારાપર પ્રયોગ કરી દેખાડ;[૩૬] અને તારામાં તથા કેશવમાં જેટલું બળ તથા વીર્ય રહેલું હોય તેનો એકસામટો મારાપર સત્વર ઉપયોગ કરી દેખાડ, કે જેથી અમે તારા પરાક્રમને જોઇએ તો ખરા![૩૭] તેં અમારા પરોક્ષમાં "આ વીર પુરુષોમાં મુખ્ય છે" આવા પ્રકારના બીજાઓના સત્કારથી યોગ્યતાને પામેલાં ઘણાં પરાક્રમો કર્યાં છે, એમ લોકો કહેછે. તે પરાક્રમોને અહીં મારીપાસે તું દેખાડ."

અધ્યાય ૧૦૨ મો સમાપ્ત

અધ્યાય ૧૦૩ મો

દુર્યોધનની હાર

॥ संजय उवाच ॥

एवमुक्त्वार्जुनं राजा त्रिभिर्मर्मातिगैः शरैः ।
अभ्यविध्यन्महावेगैश्चतुर्भिश्चतुरो हयान् ॥१॥

સંજયે કહ્યુંઃ–એમ કહીને રાજા દુર્યોધને મર્મને ભેદી નાખે તેવાં ત્રણ બાણોથી અર્જુનને વિંધી નાખ્યો. મહાવેગવાળાં બીજાં ચાર બાણોથી તેના ચાર ઘોડાઓને વિંધી નાખ્યા તથા દશ બાણો મૂકી વાસુદેવને છાતીમાં વિંધી નાખ્યા. ઉપરાંત એક ભલ્લબાણથી શ્રીકૃષ્ણના હાથમાં રહેલી ચાબૂકને કાપી નાખી અને પૃથ્વીપર પાડી દીધી.[૧,૨] ત્યારે અર્જુને પણ અવ્યગ્ર થઇને અદ્ભુત પુંખવાળાં તથા શિલાપર ઘસી તીક્ષ્ણ કરેલાં ચૌદ બાણોનો તેને સત્વર પ્રહાર કર્યો; પણ તે બાણો દુર્યોધનના કવચમાં નિષ્ફળ થયાં. એ પ્રમાણેતે બાણોને નિષ્ફળ થયેલાં જોઇને અર્જુને પુનઃ તીક્ષ્ણ ચૌદ બાણોનો પ્રહાર કર્યો; પરંતુ તે બાણો પણ કવચમાં નિષ્ફળ થઇ પડયાં. એ રીતે અર્જુનનાં અઠ્ઠાવીસ બાણોને નિષ્ફળ થયેલાં જોઇ શત્રુવીરોનો સંહાર કરનાર શ્રીકૃષ્ણે આ વચન કહ્યુંઃ–[૫] "હે પાર્થ! પૂર્વે કદી નહિ જોયેલું આજે હું જોઉં છું; ફેંકેલા પથ્થરો જેમ અથડાઈને પાછા પડે, તેમ તેં છોડેલાં બાણો પણ આજે વ્યર્થ પડે છે,[૬] જેથી હું તને પ્રશ્ન કરૂં છું કે, હે ભરતશ્રેષ્ઠ! તારા ગાંડીવમાં, તારી મૂઠમાં તથા તારા બાહુઓમાં પ્રથમના જેવુંજ સામર્થ્ય તો છે ને?[૭] અથવા તારો તથા આ તારા શત્રુનો આ છેલ્લો સમય આજે તો નથી આવી પહોંચ્યો ને? બોલ, બોલ. આ વિષયમાં તેવું શું કારણ છે?[૮] હે પાર્થ! આ યુદ્ધમાં તારાં બાણોને દુર્યોધનના રથસામે પાછાં પડેલાં જોઇ મને મહાન વિસ્મય થાય છે.[૯] અરે, ઓ અર્જુન! વજ્ર અને વિજળીના અગ્નિ સમાન ઘોર તથા શત્રુઓનાં શરીરને ચીરી નાખનારાં તારાં બાણો આજે વ્યર્થ જાય છે! આ તે તારી શી ફજેતી!" [૧૦]

(તે સાંભળી) અર્જુને કહ્યુંઃ–"દ્રોણાચાર્યેજ આજે આવો વિચાર દુર્યોધનના હિત માટે કર્યો છે. હે કૃષ્ણ! તે આચાર્યે કરાવેલું આ કવચધારણજ મારાં અસ્ત્રોને અભેદ્ય થઇ પડયું છે.[૧૧] હે કૃષ્ણ! આ કવચમાં ત્રણેય લોકની શક્તિ સમાયેલી છે. એક દ્રોણાચાર્યજ એ કવચધારણને જાણે છે અને સર્વશ્રેષ્ઠ એવા તે દ્રોણ પાસેથી હું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણું છું.[૧૨] આ કવચને બાણોવડે કોઇ પણ ભેદી શકેજ નહિ. હે ગોવિંદ! ઇન્દ્ર જાતે પણ પોતાના વજ્રપ્રહારથી આ કવચને યુદ્ધમાં ભેદી શકે તેમ નથી, તો હું કોણ માત્ર? હે કૃષ્ણ! આ વાતને તમે પણ જાણો છો, છતાં મને મોહિત કેમ કરો છો? હે કેશવ! ત્રણેય લોકની અંદર જે કંઇ બનેલું છે, બને છે અથવા બનશે, તે બધું તમારા જાણવામાંજ છે. હે મધુસૂદન! તમે આ જગતમાં જે કંઇ જાણો છો, તે બીજું કોઈ પણ જાણતું નથી. હે કૃષ્ણ! આ દુર્યોધન, દ્રોણાચાર્યે સજાવેલા આ કવચને ધારણ કરીને યુદ્ધમાં નિર્ભયની પેઠે ઉભો છે;[૧૬] પણ હે માધવ! આ યુદ્ધમાં પોતાનાં કર્તવ્યકર્મને એ જરા પણ જાણતો નથી અને બીજાએ મંત્રીને સજાવેલા કવચને કેવળ એક સ્ત્રીની પેઠેજ એ પહેરી ઉભો રહ્યો છે.[૧૭] હે જનાર્દન! હવે તમે મારા બાહુઓના તથા ધનુષ્યના વીર્યને જોજો. આ દુર્યોધન કવચથી રક્ષિત છે; છતાં હું તેનો પરાજય કરીશ.[૧૮] દેવોના ઈશ્વર બ્રહ્મદેવે આ ઝળહળતા કવચને પ્રથમ અંગિરાઋષિને આપ્યું હતું, અંગિરા પાસેથી બૃહસ્પતિને તે મળ્યું અને બૃહસ્પતિ પાસેથી ઇંદ્રને મળ્યું.[૧૯] પછીથી ઇંદ્રે મને તે કવચ ઉપદેશસહિત આપ્યું છે. એણે ધારણ કરેલું આ કવચ ભલે દેવોએ અનાવ્યું હશે. અરે, ભલેને બ્રહ્માએ પોતે તે બનાવેલું હશે; તોપણ મારાં બાણોથી હણાયેલા આ દુર્બુદ્ધિનું આજે કોઇ રક્ષણ કરશે નહિ."

સંજયે કહ્યું:—માન આપવાયોગ્ય એવા અર્જુને તીક્ષ્ણ કવચને પણ તોડી નાખનાર એવાં માનવાસ્ત્રથી બાણો મંત્રીને ખેંચવા માંડયાં;પણ એ અર્જુન, ધનુષ્યના મધ્યમાં રહેલાં બાણોને જેમ જેમ ખેંચવા લાગ્યો, તેમ તેમ અશ્વત્થામા સર્વ અસ્ત્રનો ઘાત કરનારાં અસ્ત્રથી તે બાણોને કાપવા મંડયો. વેદવાદી અશ્વત્થામાએ દૂરથી કાપેલાં તે બાણોને જોઇને વિસ્મય પામેલો શ્વેતવાહન અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો:—" હે જનાર્દન! આ માનવાસ્ત્રનો મારાથી બે વાર પ્રયોગ કરી શકાશે નહિ; છતાં પણ જો હું એનો બીજી વખત પ્રયોગ કરૂં, તો તે અસ્ત્ર મારો પોતાનોજ અને મારા બળનો પણ નાશકરે." હે રાજન્! તેઓ બન્ને જણા એ રીતે અંદર અંદર વાતો કરતા હતા, તેવામાં દુર્યોધને સર્પસમાન ઝેરી એવાં નવ નવ બાણોથી તેઓ બન્નેને વિંધી નાખ્યા; અને ફરી પણ મોટી બાણવૃષ્ટિ કૃષ્ણ તથા અર્જુનપર તે કરવા લાગ્યો. તે જોઇ તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ, ખુશ ખુશ થઇ ગયા અને વાદિત્રોના તથા સિંહનાદોના શબ્દો કરવા લાગ્યા.[૨૦-૨૭] તે પછી અર્જુન અત્યંત ક્રોધાયમાન થઈ ગયો અને ગલોફાં ચાટતો ચાટતો દુર્યોધનના શરીર તરફ જોવા લાગ્યો; પણ તેણે તેના એક પણ અંગને કવચથી રક્ષિત ન હોય તેવું જોયું નહિ.[૨૮] એટલે સાક્ષાત્ કાળસરખાં તીક્ષ્ણ બાણો છોડીને અર્જુને તેના ઘોડાઓને તથા બન્ને પૃષ્ઠરક્ષકોને મારી નાખ્યા.[૨૯] તે ઉપરાંત વીર્યવાન અર્જુને તેના ધનુષ્યના તથા હાથે પહેરવાનાં મોજાંઓના ટુકડેટુકડા કરી નાખ્યા; અને છેવટે તેના રથના પણ ટુકડા કરવાનો અર્જુને આરંભ કર્યો. જોતજોતામાં બે તીક્ષ્ણ બાણો મૂકીને અર્જુને રથવિનાના થયેલા દુર્યોધનની બે હથેળીઓને વિંધી નાખી; એટલુંજ નહિ પણ પ્રયત્નને જાણનારા કુંતાપુત્રે તેની આંગળીઓના નખ અને માંસની વચ્ચેના ભાગમાં પણ બાણો મારીને તેને વિંધી નાખ્યો; એટલે વેદનાથી વિહ્વળ થયેલો તે દુર્યોધન ત્યાંથી પલાયન કરવા તત્પર થયો.[૩૧,૩૨] અર્જુનનાં બાણોથી પીડાયેલા દુર્યોધનને અતિ કષ્ટકારક આપત્તિમાં આવી પડેલો જોઈ,મોટા મોટા ધનુર્ધરો તેનું રક્ષણ કરવા માટે દોડી આવ્યા;[૩૩] અને ઘોડાઓ જોડીને સજ્જ કરેલા અનેક હજારો રથો, હાથીઓ તથા સંખ્યાબંધ કોપાયમાન થયેલાં પાયદળોને સાથે લઇ અર્જુનને ઘેરી વળ્યા.[૩૪] એ સમયે અર્જુન, ગોવિંદ કે તેમનો રથ એમાંનું ત્યાં કંઇ પણ દેખાતું ન હતું.મહાન અસ્ત્રવૃષ્ટિથી તથા સંખ્યાબંધ યોદ્ધાઓથી તેઓ બન્ને જણા તદ્દન ઢંકાઈ ગયા હતા.[૩૫] તે પછી અર્જુન પોતાના અસ્ત્રવીર્યથી તે સેનાનો સંહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા લાગ્યો, જેથી સેંકડો રથો અને હાથીઓ ત્યાં રણભૂમિપર છિન્નભિન્ન થઇ પડવા લાગ્યાં.[૩૬] કૌરવોના સૈનિકો પણ કેટલાએક માર્યા ગયા હતા અને કેટલાએક મરણ પામતા હતા;છતાં મરણીયા થઈને અર્જુનના ઉત્તમ રથને અટકાવી રહ્યા હતા. એ સમયે અર્જુનનો રથ સિંધુરાજાથી એક કોશ જેટલો દૂર ચોતરફથી થંભી ઉભો રહ્યો હતો.[૩૭]

પછી યાદવવીર શ્રીકૃષ્ણ, સત્વર અર્જુનપ્રત્યે કહેવા લાગ્યાઃ-"હે અર્જુન ! તું તારા ધનુષ્યનો ટંકાર કર અને હું પણ મારા શંખને અત્યંત જોસથી વગાડું છું." [૩૮] તે સાંભળી અર્જુને પોતાના બળવાન ગાંડીવ ધનુષ્યનો ટંકારવ કરીને હથેળીના શબ્દપૂર્વક મોટી બાણવૃષ્ટિ કરીને શત્રુઓને પીડવા માંડયા;[૩૯] અને બળવાન કેશવ પણ મોટેથી શંખનાદ કરવા લાગ્યા. એ વેળા શ્રીકૃષ્ણનાં નેત્રની પાંપણો રજથી તદ્દન ઢંકાઈ ગઇ હતી અને તેમનું મુખ પણ પરસેવાનાં બિંદુઓથી અત્યંત વ્યાપ્ત થઇ ગયું હતું.[૪૦] શ્રીકૃષ્ણના શંખનાદથી તથા અર્જુનના ધનુષ્યના ટંકારવથી યોદ્ધાઓ નિઃસત્ત્વ થઇને રણભૂમિપર પડવા લાગ્યા;[૪૧] એટલે તેઓના ઘેરાથી મુક્ત થયેલો અર્જુનનો રથ વાયુથી પ્રેરાયેલા મેઘસરખો શોભવા લાગ્યો; અને તેને આ પ્રમાણે સ્પષ્ટ થયેલો જોઈને જયદ્રથના રક્ષક યોદ્ધાઓ પોતાના અનુયાયીઓ સહિત એકદમ ખળભળી ઉઠયા.[૪૨] પણ પાછા એકાએક અર્જુનને જોઇને જયદ્રથના મહાધનુર્ધર રક્ષકો સિંહનાદો કરવા લાગ્યા તથા પૃથ્વીને કંપાવા લાગ્યા;[૪૩] એટલુંજ નહિ પણ શંખનાદોથી મિશ્ર એવા ઉગ્ર બાણોના શબ્દો કરીને તે શૂરવીરો સિંહધ્વનિઓ પ્રકટ કરવા લાગ્યા.[૪૪] તમારા સૈનિકોમાં ઉત્પન્ન થયેલા તે ઘોર શબ્દને સાંભળીને શ્રીકૃષ્ણ અને અર્જુન પણ પોતાના ઉત્તમ શંખોને વગાડવા લાગ્યા.[૪૫] તેઓના મહાન શંખધ્વનિથી આખી પૃથ્વી તે શબ્દથી વ્યાપ્ત થઇ ગઇ. હે રાજા ! પર્વતો, સમુદ્રો, દ્વીપો અને પાતાળ પણ ગાજી ઉઠયાં.[૪૬] હે ભરતવંશી શ્રેષ્ઠ રાજા ! તે શબ્દ દશે દિશાઓમાં વ્યાપ્ત થઇને પુનઃ તે કૌરવપાંડવના સૈન્યમાંજ પ્રતિધ્વનિરૂપે અથડાયો.[૪૭] તમારા પક્ષના રથી યોદ્ધાઓ, શ્રીકૃષ્ણ અને અર્જુનને ત્યાં જોઇને અતિ ગભરાટમાં પડયા, અને તે મહારથીઓ હાવરા બાવરા થઈ ગયા.[૪૮] વળી મહાભાગ્યશાળી એવા તેઓ બન્નેને કવચધારી જોઇને ક્રોધાયમાન થયેલા તેઓ સર્વ યોદ્ધાઓ એકદમ ધસી ગયા, તે ઘણું આશ્ચર્યજનક દેખાતું હતું.[૪૯]

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'દુર્યોધનનો પરાજય' એ વિષયનો
અધ્યાય ૧૦૩ મો સમાપ્ત

અધ્યાય ૧૦૪ મો

કૌરવોનો ઘેરો !

॥ संजय उवाच ॥

तावका हि समीक्ष्यैव वृष्ण्यन्धककुरूत्तमौ ॥
प्रागत्वरञ्जिघांसंतस्तथैव विजयः परान् ॥१॥

સંજયે કહ્યું:-તમારા પક્ષના યોદ્ધાઓ એ પ્રમાણે શ્રીકૃષ્ણ તથા અર્જુનને ત્યાં આગળ જોઇને તેઓને મારી નાખવાની ઇચ્છાથી એકદમ ત્વરા કરવા લાગ્યા; અને અર્જુન પણ પોતાના શત્રુઓને મારી નાખવા ઇચ્છીને ઉતાવળ કરવા લાગ્યો.[૧] સુવર્ણથી શણગારેલા તેના મોટા મોટા રથો ગડગડાટ કરતા ચાલતા હતા અને પ્રજ્વલિત અગ્નિની પેઠે સર્વ દિશાઓને પ્રકાશિત કરતા હતા.[૨] હે રાજા ! તેઓએ સુવર્ણના મુખવાળાં તથા જોયાં ન જોવાય તેવાં પ્રચંડ ધનુષ્યો ધારણ કર્યાં હતાં અને કોપાયમાન સર્પોની પેઠે તેઓ અતુલ નાદો કરતા હતા.[૩] ભૂરિશ્રવા, શલ, કર્ણ, વૃષસેન, જયદ્રથ, કૃપાચાર્ય, મદ્રરાજ શલ્ય અને રથીઓમાં શ્રેષ્ઠ દ્રોણપુત્ર અશ્વત્થામા, આ આઠ મહારથીઓ આકાશને જાણે પી જતા હોય,તેમ જોસભેર અર્જુનપર ચઢી આવ્યા હતા. તેઓ સુવર્ણનાં ટપકાંવાળાં વ્યાઘ્રચર્મોને ધારણ કરનારા પોતાના ઘોડાઓથી દશેય દિશાઓને શોભાવી રહ્યા હતા.[૪,૫] મેઘમંડળસમાન ગર્જનાવાળા રથોપર બેસીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધસી આવેલા તથા અત્યંત કોપાયમાન થયેલા તે દંશીલા મહારથીઓએ તીક્ષ્ણ બાણો મૂકીને અર્જુનની દશેય દિશાઓને ઢાંકી દીધી હતી.[૬] એ મહારથીઓને રણમાં લાવનારા અને શીઘ્ર ગતિના રંગબેરંગી ઉત્કૃષ્ટ ઘોડાઓએ દશે દિશાઓને દીપાવી દીધી હતી અને તે પોતે પણ ઘણા સરસ શોભતા હતા.[૭] હે રાજન્! સર્વ ઘોડાઓમાં શ્રેષ્ઠ, મહાન વેગવાળા, અનેક દેશમાં ઉત્પન્ન થયેલા, પર્વતપ્રદેશમાં જન્મેલા, નદીપ્રદેશમાં જન્મેલા અને સિંધુદેશમાં જન્મેલા ઉત્તમ ઘોડાઓને સાથે લઈ કૌરવપક્ષના મહાન યોદ્ધાઓ તમારા પુત્રનું રક્ષણ કરવામાટે શીઘ્ર અર્જુનના રથની ચારેબાજુ ધસી આવ્યા.[૮,૯] પછી તે મહાપુરુષો પોતપોતાના શંખો લઇને વગાડવા લાગ્યા અને આકાશ તથા સમુદ્રસહિત પૃથ્વીને ગજાવી મૂકવા લાગ્યા.[૧૦] તે જોઈ સર્વ દેવોમાં શ્રેષ્ઠ વાસુદેવ તથા અર્જુન પણ સર્વ શંખોમાં શ્રેષ્ઠ એવા પોતાના શંખો વગાડવા લાગ્યા.[૧૧] અર્જુન પોતાના દેવદત્ત નામના શંખને વગાડતો હતો અને શ્રીકૃષ્ણ પાંચજન્ય નામના શંખને વગાડતા હતા; તેમાં અર્જુને વગાડેલા દેવદત્તના શબ્દે આકાશ, પૃથ્વી અને સર્વ દિશાઓને વ્યાપ્ત કરી દીધી હતી; તેમજ વાસુદેવે વગાડેલા પાંચજન્યશંખે પણ સર્વ શબ્દોને દબાવી દઇ દ્યાવાપૃથ્વીને ભરી દીધી હતી. ભીરુઓને ત્રાસ ઉપજાવનાર તથા શૂરાઓનો હર્ષ વધારનાર તે દારુણ શંખનાદો જ્યારે થઇ રહ્યા હતા, ત્યારે ભેરીઓ, ઝાલરો, નગારાં, નરઘાં વગેરે અનેક વાદિત્રો પણ વાગી રહ્યાં હતાં. એ વેળા દુર્યોધનના હિતેચ્છુ કે જેઓને એ યુદ્ધપ્રસંગે બોલાવ્યા હતા તે પરમ ધનુર્ધર મહારથીઓ એ શબ્દને સહન કરી શક્યા નહિ; જેથી અત્યંત ક્રોધાયમાન થઈ પોતપોતાના સૈન્યનું રક્ષણ કરતા તે અનેક દેશના મહારથી વીરરાજાઓ, અમર્ષપૂર્વક પોતાના મહાન શંખોને વગાડવા લાગ્યા; અને કેશવ તથા અર્જુને કરેલા વૈરનો બદલો લેવા સજ્જ થયા.[૧૨-૧૮] શંખોના ધ્વનિથી ગાજી ઉઠેલાં તમારાં સૈન્યોમાં રથીઓ, ઘોડાઓ અને હાથીઓ ઉદ્વિગ્ન થઇ ગયા અને સર્વ અસ્વસ્થ થઇ રહ્યું.[૧૯] શૂરાઓના શંખધ્વનિથી ગાજી ઉઠેલું આકાશ જાણે તૂટી પડયું હોય અને મોટા કડાકાઓથી ચારે બાજુ ઘોષિત થઇ અત્યંત ઉદ્વિગ્ન સરખું જણાતું હતું.[૨૦] હે રાજન્! તે અતિ મહાન શબ્દે સર્વ દિશાઓને ગજાવી મૂકી હતી અને જાણે પ્રલયકાળ આવી પહોંચ્યો હોય, તેમ તે સૈન્યને ભયભીત કરી મૂકયું હતું.[૨૧] તે પછી રાજા દુર્યોધન તથા બીજા આઠ મહારથીઓએ, જયદ્રથનું રક્ષણ કરવામાટે અર્જુનને ઘેરી લીધો.[૨૨] તેમાંથી અશ્વત્થામાએ વાસુદેવને તોંતેર બાણોથી, અર્જુનને ત્રણ બાણોથી તથા તેના ઘોડા અને ધ્વજને પાંચ બાણોથી પ્રહાર કર્યો.[૨૩] જનાર્દનને વિંધાયેલા જોઇ અત્યંત ક્રોધાયમાન થયેલા અર્જુને અશ્વત્થામાને છસો બાણોનો પ્રહાર કર્યો.[૨૪] વળી કર્ણને દશ બાણોથી તથા વૃષસેનને ત્રણ બાણોથી વિંધી નાખી વીર્યવાન અર્જુને શલ્યનાં બાણસહિત ધનુષ્યના મૂઠમાંથી ટુકડા કરી નાખ્યા;[૨૫] ત્યારે શલ્યે બીજું ધનુષ્ય લઇને અર્જુનને વિંધી નાખ્યો તથા ભૂરિશ્રવાએ શિલાપર ઘસી તીક્ષ્ણ કરેલાં અને સુવર્ણના મુખવાળાં ત્રણ બાણોથી, કર્ણે બત્રીસ બાણોથી, વૃષસેને સાત બાણોથી, જયદ્રથે તોંતેર બાણોથી, કૃપાચાર્યે દશ બાણોથી અને મદ્રરાજાએ બીજાં દશ બાણોથી અર્જુનને રણમાં વિંધી નાખ્યો. વળી અશ્વત્થામાએ સાઠ બાણોથી અર્જુનને તથા વીસ બાણોથી વાસુદેવને પ્રહાર કર્યો; અને પુનઃ પાંચ બાણો અર્જુનને માર્યાં; એટલે પુરુષોમાં વ્યાઘ્રસરખો શ્વેત ઘોડાવાળો કૃષ્ણસારથિ (અર્જુન), મંદમંદ હસ્યો અને પોતાના હાથની ચાલાકી દર્શાવીને તે સર્વને સામા વિંધી નાખવા લાગ્યો. તેણે કર્ણને બાર બાણો માર્યાં; અને વૃષસેનને ત્રણ બાણોથી વિંધી નાખી શલ્યના બાણસહિત ધનુષ્યને મૂઠમાંથી કાપી નાખ્યું. ઉપરાંત વળી ભૂરિશ્રવાને ત્રણ બાણોથી વિંધી નાખી શલ્યને દશ બાણોનો પ્રહાર કર્યો; તથા અશ્વિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખાસમાન આકારનાં આઠ બાણોથી અશ્વત્થામાને, પચીસ બાણોથી કૃપાચાર્યને અને સો બાણોથી જયદ્રથરાજાને વિંધી નાખ્યા. વળી પણ અશ્વત્થામાને સિત્તેર બાણોનો તેણે પ્રહાર કર્યો. પછી ભૂરિશ્રવા એકદમ ક્રોધાયમાન થઇ ગયો અને તેણે હરિના હાથમાં રહેલી ચાબૂકને કાપી નાખી તથા અર્જુનને તોંતેર બાણોનો પ્રહાર કર્યો; ત્યારે શ્વેતવાહન અર્જુન સેંકડો તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને ક્રોધપૂર્વક તે શત્રુઓને આગળ વધતા અટકાવવા લાગ્યો. તે જાણે મહાન વાયુ મેઘોને અટકાવી રહ્યો હોય, તેવું ભાસતું હતું.[૨૬–૩૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં "સંકુલયુદ્ધ" એ વિષયનો અધ્યાય ૧૦૪ મો સમાપ્ત

અધ્યાય ૧૦૫ મો

મહારથીઓની ધ્વજાઓનું વર્ણન

॥ धृतराष्ट्र उवाच ॥

ध्वजान् बहुविधाकारान् भ्राजमानानतिश्रिया
पार्थानां मामकानां च तान्ममाचक्ष्व संजय॥१

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સંજય ! પાંડવોની તથા મારા યોદ્ધાઓની અનેક પ્રકારના આકારવાળી તથા અતિશય શોભાથી ઝળહળતી ધ્વજાઓનું તું મારી પાસે કથન કર.[૧]

સંજયે કહ્યું:–તે મહાત્માઓની અનેક જાતના આકારની ધ્વજાઓ હતી. તેઓના આકારનું, રંગનું તથા નામનું હું તમારી પાસે કથન કરૂં છું, માટે સાંભળો.[૨] હે રાજેન્દ્ર ! તે મહારથીઓના રથોપર જૂદી જૂદી જાતની ધ્વજાઓ પ્રજ્વલિત અગ્નિસરખી દેખાતી હતી.[૩] તેઓ બધી લગભગ સુવર્ણનીજ હતી અને સુવર્ણના તોરાવાળી હોઇને સુવર્ણની માળાઓથી શણગારેલી હતી, જેથી મેરુપર્વતનાં સુવર્ણમય શિખરો હોય તેવી દેખાતી હતી.[૪] અનેક જાતના રંગોવાળી તે પરમ સુંદર ધ્વજાઓ, રંગબેરંગી પતાકાઓથી વ્યાપ્ત હોય તેવી શોભતી હતી. વાયુથી જ્યારે તે પતાકાઓ ફરકતી હતી, ત્યારે રંગમંડપમાં નૃત્ય કરતી વિલાસિની સ્ત્રીઓસમાન દેખાતી હતી. હે ભરતશ્રેષ્ઠ રાજા! તે પતાકાઓનો રંગ ઇંદ્રધનુષ્યના રંગ સરખોજ લગભગ હતો. તેઓ જ્યારે વાયુને લીધે ફરકતી હતી,ત્યારે મહારથીઓને શોભા આપતી હતી. એ સંગ્રામમાં અર્જુનની ધ્વજા, સિંહસમાન પૂછડાંવાળા તથા ઉગ્ર મુખવાળા વાનરના ચિહ્નવાળી હતી અને તે ભયંકર દેખાતી હતી. શ્રેષ્ઠ વાનરના ચિહ્નવાળો તથા પતાકાઓથી શોભતો ગાંડીવધનુર્ધારીનો ધ્વજ, કૌરવોના સૈન્યને ત્રાસ પમાડતો હતો. હે ભરતવંશના રાજા ! દ્રોણપુત્ર અશ્વત્થામાનો ઉત્તમ ધ્વજ, સિંહના પૂંછડાંના ચિહ્નવાળો અને બાલસૂર્યસમાન પ્રભાવાળો તથા તદ્દન સુવર્ણનો હતો. ઇંદ્રના ધ્વજસમાન કાંતિવાળો અને ઉત્તમ ચિહ્નવાળો તે ધ્વજ, પવનમાં જ્યારે ફરકતો હતો, ત્યારે કૌરવોને આનંદ ઉપજાવતો હતો. હે મહારાજ ! કર્ણના રથપર રહેલા ધ્વજમાં હાથીની કેડે બાંધવાના સોનેરી પટ્ટાનું ચિહ્ન હતું અને રણમાં આકાશને પૂર્ણ કરી દેતો હોય, તેવો તે દેખાતો હતો. એ કર્ણના ધ્વજમાં માળા બાંધેલી સુવર્ણની પતાકા વાયુમાં ઉડી રહી હતી. તે જાણે રથની બેઠકપર નૃત્ય કરતી હોય, તેમ જણાતી હતી. પાંડવોના આચાર્ય, બ્રાહ્મણજાતિના અને ગૌતમગોત્રના તપસ્વી કૃપાચાર્યના રથપર બળદના ચિહ્નવાળી સુશોભિત ધ્વજા ઉડતી હતી. હે રાજન્ ! કૃપાચાર્યનો મહાન રથ, ઉપર રહેલા બળદના ચિહ્નથી, વૃષભથી વિરાજમાન શ્રીશંકરના રથસરખો શોભતો હતો. વૃષસેનના રથપર મણિ અને રત્નજડિત મયૂરના ચિહ્નવાળો ધ્વજ ફરકતો હતો અને સેનાના અગ્રભાગને શોભાવતો હતો. તેની અંદર રહેલો મયૂર, જાણે હમણાંજ કંઇ બોલશે તેવો પ્રત્યક્ષ જેવો દેખાતો હતો.[૫–૧૬] હે રાજેન્દ્ર ! તે મહાત્માનો રથ, મયૂરના ચિહ્નથી, મયૂરથી વિરાજતા કાર્તિકસ્વામીના રથસરખો ભાસતો હતો. મદ્રરાજ શલ્યના ધ્વજમાં અગ્નિની શિખાસમાન સુંદર અને અપ્રતિમ તદ્દન સુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ણની ક્ષેત્રરેખા અમારા જોવામાં આવતી હતી. હે રાજા ! તેના રથપર રહેલી તે ક્ષેત્ર-રેખા, સર્વ બીજે જેમાં ઉગી નીકળેલાં છે તેવી શોભાયમાન પ્રત્યક્ષ ક્ષેત્રરેખા હોય તેવી ઝળકતી હતી. સિંધુરાજાના ધ્વજપર રૂપેરી રંગનો વરાહ વિરાજતો હતો, તેની કાંતિ સ્વ-ચ્છ સ્ફાટિકમણિસમાન હતી અને સુવર્ણનાં આભૂષણોથી તેને શણગારવામાં આવ્યો હતો. તે ધ્વજથી જયદ્રથરાજા, પૂર્વે દેવાસુરયુદ્ધમાં જેવો ઇંદ્રદેવ શોભતો હતો તેવોજ શોભાયમાન દેખાતો હતો. યજ્ઞ કરવાનોજ જેનો સ્વભાવ હતો તે બુદ્ધિમાન ભૂરિશ્રવાના ધ્વજમાં, યજ્ઞીય પશુબંધનના સ્થંભનું ચિહ્ન હતું. તે ધ્વજ સાક્ષાત્ સૂર્યસરખો શોભતો હતો; એમાં એક બાજુ ચંદ્ર પણ દેખાતો હતો. હે રાજન્ ! ભૂ-રિશ્રવાના ધ્વજમાં રહેલો સુવર્ણમય યજ્ઞસ્થંભ, રાજસૂય મહાયજ્ઞમાં ઉંચા કરેલા મોટા યજ્ઞ-સ્થંભસરખો દેખાતો હતો. હે મહારાજ ! રાજા શલના મહાધ્વજમાં રૂપાનો મહાન હાથી શોભતો હતો. તે હાથીની આસપાસ સુવર્ણથી વિચિત્ર અંગવાળા મયૂરો શોભતા હતા. હે ભ-રતશ્રેષ્ઠ રાજા ! જેમ ઉજ્જવળ વર્ણનો મહાન ઐરાવત હાથી, દેવરાજ ઇંદ્રની સેનાને શોભાવે, તેમ તે હાથીના ચિહ્નવાળો શલરાજાનો ધ્વજ, તમારા સૈન્યને શોભાવી રહ્યો હતો. રાજા દુ-ર્યોધનના ધ્વજમાં મણિજડિત અને સુવર્ણમય એવો હાથી પ્રકાશતો હતો. તેના રથમાં આસ-પાસ લટકાવેલી સેંકડો ઘુઘરીઓનો શબ્દ સં-ભળાતો હતો. હે રાજન્ ! કૌરવોનો રાજા-તમા-રો પુત્ર, રથપર રહેલા તે મહાન ધ્વજથી તે સમયે અત્યંત શોભતો હતો. હે રાજા ! તમારી સેનામાં એ નવ મહાધ્વજો ઘણા ઉંચા હોઈને પ્રલયકાળના સૂર્યની પેઠે તમારી સેનાને દી-પાવી રહ્યા હતા; તેમાં દશમો એક અર્જુનનોજ વાનરચિહ્નવાળો ધ્વજ ફરકતો હતો, કે જે ધ્વજથી, પરાશરે સ્થાપિત કરેલા અગ્નિથી જેમ હિમાલય પર્વત શોભે, તેમ અર્જુન શો-ભતો હતો.[૧૬-૨૯]

તે પછી શત્રુઓને તપાવનારા તે મહારથી-ઓએ અર્જુનનો વધ કરવામાટે અતિ મોટાં તરેહ તરેહનાં પ્રકાશમાન ધનુષ્યો ઉઠાવ્યાં. હે રાજન્ ! તેજ પ્રમાણે રણમાં દિવ્ય કર્મ કરનારા શત્રુવિનાશન અર્જુને પોતાનું ગાંડીવ નામનું ધનુષ્ય હાથમાં લીધું. હે રાજા ધૃતરાષ્ટ્ર ! તમારા દુષ્ટ વિચારોના પરિણામેજ આ ધાંધલ ઉભું થયું છે; તમારા અપરાધથીજ આ યુદ્ધમાં બિચારા અનેક નિર્દોષ રાજાઓ માર્યા ગયા છે, કે જેઓને ઘોડા, રથ અને હાથીઓસહિત આ યુદ્ધપ્રસંગમાં જૂદી જૂદી દિશાઓમાંથી બો-લાવ્યા હતા. અસ્તુ. એ વેળા અન્યોન્ય સામા ગર્જના કરતા દુર્યોધન આદિ આઠ મહારથી-ઓનો તથા પાંડવશ્રેષ્ઠ અર્જુનનો અન્યોન્ય સામેનો મારો શરૂ થયો. કૃષ્ણ જેના સારથિ છે એવા કુંતાપુત્ર અર્જુને તે વખતે પરમ અ-દ્ભુત કર્મ કરવા માંડયું; કારણ કે પોતે એકલોજ નિર્ભયની પેઠે અનેક મહારથો સાથે ભેટયો હતો. પોતાના ગાંડીવધનુષ્યને ખેંચતો તથા તેઓ સર્વનાપર વિજય મેળવી જયદ્રથને મારી નાખવા ઇચ્છતો મહાબાહુ અ-ર્જુન તે વખતે ઘણો શોભતો હતો. પુરુષોમાં વ્યાઘ્રસરખા શત્રુતાપન અર્જુને હજારો બાણો મૂકીને તમારા પક્ષના યોદ્ધાઓને અદૃશ્ય કરી દીધા હતા; તેમજ તે સર્વ મહારથીઓએ પણ ચારેબાજુથી અસંખ્ય બાણો મૂકીને અ-ર્જુનને રણમાં અદૃશ્ય કરી દીધો હતો. કુરુશ્રેષ્ઠ અર્જુનને તે પુરુષસિંહોએ જ્યારે રણમાં ઢાંકી દીધો, ત્યારે તમારા સૈન્યમાં મહાન હર્ષ-નાદ થઈ રહ્યો હતો.[૨૯-૩૮]

અધ્યાય ૧૦૫ મો સમાપ્ત

અધ્યાય ૧૦૬ મો

દ્રોણનો પાંડવોપર ધસારો અને યુધિષ્ઠિરનું પાછા હઠવું

॥ धृतराष्ट्र उवाच ॥

अर्जुने सैंधवं प्राप्ते भारद्वाजेन संवृताः ।
पांचालाः कुरूभिः सार्धं किमकुर्वत संजय॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:-હે સંજય ! જે સમયે અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુંન સિંધુરાજની લગભગ આવી પહોંચ્યો હતો, તે સમયે દ્રોણાચાર્યથી ઘેરાયેલા પાંચાલો-એ કૌરવોસાથે કેવું યુદ્ધ કર્યું હતું? તે મને કહે.[૧]

સંજયે કહ્યું:–હે મહારાજ ! દિવસના પાછલા ભાગમાં રૂવાં ઉભાં થઈ જાય તેવા કૌરવપાંચાલના સંગ્રામમાં દ્રોણાચાર્યમાટેનો યુદ્ધજુગાર આરંભાયો.[૨] દ્રોણાચાર્યને મારી નાખવા માટે પાંચાલો મનમાં હર્ષિત થઇને ગર્જના કરતા કરતા બાણોની વૃષ્ટિ કરતા હતા.[૩] તે વેળા કૌરવો અને પાંચાલોવચ્ચે દેવો અને અસુરોસમાન ઘોર અને તુમુલ સંગ્રામ શરૂ થયો.[૪] પાંડવોસહિત સર્વે પાંચાલરાજાઓ દ્રોણના રથ સમીપ જઈ તેની સેનાની હરોળને તોડી નાખવામાટે, મોટાં મોટાં અસ્ત્રોનો પ્રયોગ કરવા લાગ્યા.[૫] રથપર બેઠેલા પાંચાલના રથીઓ પૃથ્વીને કંપાવતા સાધારણ વેગથી દ્રોણના રથસુધી આવી પહોંચ્યા. કેકયોનો મહારથી બૃહત્ક્ષત્ર, ઇંદ્રના વજ્રસરખાં તીક્ષ્ણ બાણો છોડતો છોડતો દ્રોણાચાર્યપર ચઢી ગયો હતો.[૭] ત્યારે તેની સામે મહાન યશવાળો ક્ષેમધૂર્તિ સેંકડો અને હજારો તીક્ષ્ણ બાણો મૂકતો મૂકતો શીઘ્ર ધસી ગયો.[૮] વળી અત્યંત બળથી ઉદય પામેલો ચેદિરાજ ધૃષ્ટકેતુ, ઇંદ્ર જેમ શંબરાસુર સામે ધસી જાય, તેમ દ્રોણસામે સત્વર ધસી ગયો હતો.[૯]માં પહોળું કરી આવતા કાળની પેઠે એકાએક તેને ધસી આવતો જોઇ, મહાધનુર્ધર વીરધન્વા વેગથી તેની સામે ચઢી ગયો. તે પછી વીર્યવાન દ્રોણાચાર્ય વિજયની ઇચ્છાથી આવી ઉભેલા મહારાજા યુધિષ્ઠિરને સૈન્યસહિત અટકાવવા લાગ્યા.[૧૧] હે પ્રભુ ! યુદ્ધમાં કુશળ પરાક્રમી નકુલને ચઢી આવેલો જોઇ તમારો પરાક્રમી પુત્ર વિકર્ણ તેની સામે ચઢી ગયો.[૧૨] યુદ્ધ કરવા ધસી આવતા સહદેવને શત્રુસંહારક દુર્મુખે અનેક હજારો બાણોથી છાઇ દીધો. વ્યાઘ્રદત્તે, વારંવાર અતિ તીક્ષ્ણ બાણો મૂકીને પુરુષવ્યાઘ્ર સાત્યકિને કંપાવી દઇ અટકાવી રાખ્યો;[૧૪] તથા સૌમદત્તિએ ઉત્તમ બાણોને છોડી રહેલા, પુરુષોમાં વ્યાઘ્રસરખા અને અત્યંત કોપાયમાન થયેલા દ્રૌપદીના મહારથી પુત્રોને અટકાવ્યા. વળી તે સમયે ક્રોધ કરીને ધસી આવતા ભીમસેનને ભયંકર સ્વરૂપવાળો અને તેથીજ બિહામણો મહારથી અલંબુષ રોકવા લાગ્યો.[૧૬] હે રાજા ! એ મનુષ્ય (ભીમસેન) અને રાક્ષસ-(અલંબુષ)નું તે સમયનું યુદ્ધ, પૂર્વે જેવું રામરાવણનું યુદ્ધ થયું હતું તેવુંજ થઈ રહ્યું હતું.[૧૭]

હે ભારત ! તે પછી ભરતશ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિરે નમેલાં પુંખવાળાં નેવું બાણોનો દ્રોણાચાર્યને સર્વ મર્મસ્થાનોમાં પ્રહાર કર્યો.[૧૮] યશસ્વી યુધિષ્ઠિરે કોપાવેલા આચાર્યે પણ તેને પચીસ બાણોનો છાતીમાં પ્રહાર કર્યો.[૧૯] વળી પણ બીજાં વીસ બાણો મૂકીને દ્રોણાચાર્યે સર્વ ધનુર્ધરોના દેખતાં યુધિષ્ઠિરરાજાને ઘોડા, સારથિ અને ધ્વજસહિત પ્રહાર કર્યો;[૨૦] પણ ધર્માત્મા યુધિષ્ઠિરે, દ્રોણાચાર્યે મૂકેલાં તે બધાં બાણોનો પોતાના હાથની ચાલાકી દર્શાવતાં બાણવૃષ્ટિવડે નાશ કર્યો.[૨૧] તે જોઈ આચાર્ય કોપ્યા અને મહાધનુર્ધર એવા તેણે, મહાત્મા ધર્મરાજાના ધનુષ્યના રણમાં ટુકડા કરી નાખ્યા. તે પછી કપાઇ ગયેલા ધનુષ્યવાળા તે રાજાને મહારથી આચાર્યે, ચારે બાજુથી અનેક હજારો બાણો મૂકીને સત્વર છાઇ દીધા.[૨૩] તે સમયે દ્રોણાચાર્યનાં બાણોથી યુધિષ્ઠિરરાજાને અદૃશ્ય થયેલા જોઇને સર્વ ભૂતો, તેમને મરણ પામેલાજ માનવા લાગ્યા. હે રાજેંદ્ર! વળી કેટલાએક માનવા લાગ્યા કેઃ–"મહાત્મા બ્રાહ્મણે, રાજા યુધિષ્ઠિરને વિમુખ કરી નાખીને મારી નાખ્યા છે." એ રીતે પરમ સંકટમાં આવી પડેલા ધર્મરાજા યુધિષ્ઠિરે દ્રોણાચાર્યે કાપી નાખેલું ધનુષ્ય છોડી દઇને બીજું અતિશય વેગવાળું અને ઝળકતું દિવ્ય ધનુષ્ય લીધું તથા દ્રોણાચાર્યે છોડેલાં હજારો બાણોને એ વીરે તત્કાળ છેદી નાખ્યાં, તે ઘણું આશ્ચર્યકારક જણાતું હતું.[૨૬,૨૭] હે રાજન! તે બાણોનો નાશ કરીને ક્રોધથી લાલચોળ નેત્રવાળા તે યુધિષ્ઠિરે મોટા મોટા પર્વતોનો પણ નાશ કરી નાખે તેવી ઘોર શક્તિ હાથમાં લીધી. એ શક્તિનો દાંડો સુવર્ણનો હતો તથા તેને આઠ ઘંટડીઓ લટકતી બાંધેલી હતી. બળવાન યુધિષ્ઠિરે મહાઘોર અને અતિ ભયંકર એવી તે શક્તિને જોસથી ફેંકી અને પોતે હર્ષમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જઇ સર્વ ભૂતોને ત્રાસ પમાડતા હોય તેમ મોટા શબ્દથી ગર્જના કરવા લાગ્યા.[૨૮-૩૦] ધર્મરાજાએ ફેંકેલી તે શક્તિ જોઇને યુદ્ધમાં રહેલાં સર્વ ભૂતો એકાએક બોલી ઉઠયાં કેઃ "દ્રોણનું કલ્યાણ થજો, કલ્યાણ થજો."[૩૧] રાજાના હાથમાંથી છૂટેલી, કાંચળીવિનાના સર્પસમાન પ્રકાશતી તથા આકાશ, દિશા અને વિદિશાને પ્રજ્વલિત કરતી તે શક્તિ, બળબળતા મુખવાળી નાગણની પેઠે દ્રોણની પાસે આવી; ત્યારે હે રાજા! તે શક્તિને આવતી જોઇ અસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્યે તત્કાળ બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું; એટલે તે અસ્ત્ર, ઘોર દેખાવની તે શક્તિને ભસ્મ કરી નાખીને સત્વર યશસ્વી યુધિષ્ઠિરરાજાના રથ તરફ ગયું. હે રાજા! મહાબુદ્ધિમાન રાજા યુધિષ્ઠિરે પણ પોતાની સામે ધસી આવતા તે બ્રહ્માસ્ત્રને બ્રહ્માસ્ત્રથીજ શાંત કર્યું; એટલુંજ નહિ પણ દૃઢ ગાંઠવાળાં પાંચ બાણો મૂકીને તેણે દ્રોણને રણમાં વિંધી નાખ્યા તથા અતિ તીક્ષ્ણ એવા એક ક્ષુરપ્ર બાણોથી એના મહાન ધનુષ્યના પણ ટુકડા કરી નાખ્યા; ત્યારે ક્ષત્રિયોનો સંહાર કરનારા દ્રોણાચાર્યે તે કપાયેલા ધનુષ્યને ફેંકી દઇ ધર્મપુત્ર યુધિષ્ઠિરસામે એકદમ ગદા ફેંકી. પોતાની સામે એકદમ જોસથી આવતી તે ગદાને જોઇ યુધિષ્ઠિરરાજાએ પણ હાથમાં ગદા લીધી અને તે દ્રોણ સામે ફેંકી. એકાએક છૂટેલી તે બન્ને ગદાઓ પરસ્પર અથડાવાથી તેના સંઘર્ષણમાંથી અગ્નિ ઝરવા લાગ્યો અને છેવટે તે બન્ને નિષ્ફળ થઇને પૃથ્વીપર આવી પડી. તે પછી દ્રોણાચાર્યને ઘણોજ ક્રોધ ચઢયો, જેથી તેમણે ચાર તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરી ધર્મરાજાના ઘોડાઓને મારી નાખ્યા; અને એક ભલ્લજાતના બાણથી ઇંદ્ર ધ્વજસમાન એવા તેના ધનુષ્યને પણ કાપી નાખ્યું.[૩૨-૪૧] ઉપરાંત વળી એક બીજું બાણ મારી તેના ધ્વજને પણ કાપી નાખ્યો તથા બીજાં ત્રણ બાણોથી યુધિષ્ઠિરને પણ પીડી નાખ્યા; એટલે હે ભરતશ્રેષ્ઠ રાજા! માર્યા ગયેલા ઘોડાવાળા રથપરથી નીચે કૂદી પડી રાજા યુધિષ્ઠિર, હાથિયારવિના હાથ ઉંચા કરીને ત્યાં ઉભા રહ્યા. એ રીતે રથવિનાના તથા વિશેષે કરી હથિયારવિનાના યુધિષ્ઠિરરાજાને જોઇને દ્રોણાચાર્ય, શત્રુઓનાં સર્વ સૈન્યોને ગભરાવવા લાગ્યા. દૃઢ વ્રતવાળા તે આચાર્ય, પોતાના ચાલાક હાથે સંખ્યાબંધ તીક્ષ્ણ બાણો છોડતા છોડતા, જેમ કોઇ એક ભયંકર સિંહ મૃગસામે દોડી જાય, તેમ રાજા યુધિષ્ઠિર સામા દોડી ગયા. શત્રુઓનો સંહાર કરનારા દ્રોણાચાર્યને એ પ્રમાણે રાજા સામે ધસેલા જોઇ, પાંડવોના સર્વ સૈન્યમાં "હા! હા! દ્રોણે રાજાને મારી નાખ્યા! મારી નાખ્યા!" આવો કોલાહલ થઈ રહ્યો. તે વેળા કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિર, સત્વર સહદેવના રથપર ચઢી જઇને ઘોડાઓ દોડાવતા દોડાવતા યુદ્ધમાંથી પાછા હઠી ગયા.[૪૨-૪૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'યુધિષ્ઠિરનું પાછા હઠવું' એ વિષયનો અધ્યાય ૧૦૬ મો સમાપ્ત

અધ્યાય ૧૦૭મો

ક્ષેમધૂર્તિ, વીરધન્વા, નિરમિત્ર અને વ્યાઘ્રદત્તનું પતન

॥ संजय उवाच ॥

बृहत्क्षत्रमथायांतं कैकयं दृढविक्रमम् ।
क्षेमधूर्तिर्महाराज विव्याधोरसि मार्गणैः॥१॥

સંજયે કહ્યું:-હે મહારાજ! દૃઢ પરાક્રમવાળા કૈકયવંશના બૃહત્ક્ષત્રને રણમાં ધસી આવતો જોઇ ક્ષેમધૂર્તિએ બાણોવડે તેને છાતીમાં વિંધી નાખ્યો.[૧] હે રાજન્! તે સમયે રાજા બૃહત્ક્ષત્રે દ્રોણાચાર્યના સૈન્યને તોડી નાખવાની ઇચ્છાથી નમેલા પુંખવાળાં નેવું બાણોનો તેને સત્વર પ્રહારકર્યો; ત્યારે ક્ષેમધૂર્તિએ અત્યંત ક્રોધ કરી મહાત્મા બૃહત્ક્ષત્રના ધનુષ્યને પાણીદાર અને તીક્ષ્ણ એવા એક ભલ્લબાણથી કાપીનાખ્યું;[૩] અને વળી સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ એવા તે બૃહત્ક્ષત્રને તેનું ધનુષ્ય કપાઈ ગયું હતું છતાં મજબૂત ગાંઠવાળા એક બાણથી તત્કાળ વિંધી નાખ્યો. તે પછી બૃહત્ક્ષત્રે જાણે હસતો હોય તેવો દેખાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી બીજું એક ધનુષ્ય હાથમાં લીધું અને એક ક્ષણવારમાં મહારથી ક્ષેમધૂર્તિને ઘોડા, સારથિ અને રથવિનાનો કરી નાખ્યો.[૫] ઉપરાંત એક બીજા પાણીદાર તીક્ષ્ણ બાણથી રાજા ક્ષેમધૂતના દેદીપ્યમાન કુંડળવાળા મસ્તકને ધડથી જૂદું પાડયું.[૬] એ રીતે એકાએક કપાઇ પડેલું તથા વાંકડીઆ કેશવાળું તે રાજાનું મસ્તક, મુકુટસહિત પૃથ્વીપર આવી પડયું; તે આકાશમાંથી ખરી પડેલા જ્યોતિસમાન શોભતું હતું.[૭] એ પ્રમાણે ક્ષેમધૂર્તિનો રણમાં નાશ કરીને મહારથી બૃહત્ક્ષત્ર હર્ષમાં આવી ગયો અને એકદમ પાંડવોને માટે તમારા સૈન્ય સામે ચઢી ગયો.[૮] દ્રોણાચાર્યને માટે તે પ્રમાણે ધસી આવતા ધૃષ્ટકેતુ(બૃહત્ક્ષત્ર)ને જોઇને હે ભારત ! મહાધનુર્ધર પરાક્રમી વીરધન્વાએ તેને અટકાવ્યો.[૯] બાણરૂપી દાઢવાળા તથા અતિબળવાન એવા તે બન્ને પુરુષવ્યાઘ્રો સામસામા ભેટીને અનેક હજારો બાણોથી અન્યોન્યને પ્રહાર કરવા લાગ્યા. જેમ કોઈ મહાવનમાં તીવ્ર મદવાળા યૂથપતિ બે હાથીઓ લડે, તેમ તેઓ બન્ને પરસ્પર લડતા હતા.[૧૦,૧૧] જેમ કોઇ પર્વતની ગુફામાં આવીને ક્રોધાયમાન થયેલા બે વાઘો યુદ્ધ કરે, તેમ મહાન વીર્યવાળા તેઓ બન્ને વીરો એકબીજાનો નાશ કરવાની ઇચ્છાથી યુદ્ધ કરતા હતા.[૧૨] હે રાજા ! તે તુમુલ યુદ્ધ, ઘણું જોવાલાયક હતું. સિદ્ધો અને ચારણોના સમુદાયોને પણ અદ્‌ભુત દેખાવનું તે લાગતું હતું.[૧૩] હે ભારત ! તે પછી વીરધન્વા ક્રોધ્યો અને તેણે એક ભલ્લ બાણનો હસતાં હસતાં પ્રહાર કરી ધૃષ્ટકેતુના ધનુષ્યના બે ટુકડા કરી નાખ્યા.[૧૪] મહારથી ચેદિરાજાએ (ધૃષ્ટકેતુએ) કપાયેલા તે ધનુષ્યને ફેંકી દઇને તદ્દન લોખંડની તથા સુવર્ણના દાંડાવાળી મહાન શક્તિ ગ્રહણ કરી. હે ભારત ! મહાન વીર્યવાળી તે શક્તિને પોતાના બે હાથવડે ઉઠાવીને બરાબર સાવધાનીપૂર્વક તેણે વીરધન્વાના રથસામે એકાએક ફેંકી.[૧૬] વીરોનો નાશ કરનારી તે શક્તિના અત્યંત જોસપૂર્ણ પ્રહારથી વીરધન્વાનું હૃદય ચીરાઇ ગયું અને સત્વર તે પોતાના રથપરથી ધરણીપર ઢળી પડયા.[૧૭] હે રાજા ! ત્રિગર્તોનો મહારથી એ વીરધન્વા જ્યારે રણમાં માર્યો ગયો, ત્યારે પાંડવપક્ષના યોદ્ધાઓ ચારેબાજુથી તમારા સૈન્યમાં ભંગાણ પાડવા લાગ્યા. એ સમયે દુર્મુખે સહદેવના પર સાઠ બાણો ફેંક્યાં અને પાંડુપુત્ર સહદેવને બીક બતાવવા માટે તે મોટી ગર્જના કરવા લાગ્યો.[૧૯] આથી માદ્રીનો પુત્ર કોપાયમાન થઇ ગયો અને હસતો હોય તેવો દેખાવ કરી યુદ્ધ કરવા આવેલા પોતાના ભાઈ દુર્મુખને તેણે તીક્ષ્ણ બાણોથી વિંધી નાખ્યો.[૨૦] રણમાં મહાબળવાન સહદેવને એ રીતે ઝપાટો મારતો જોઇ, દુર્મુખે નવ બાણોનો તેને પ્રહાર કર્યો.[૨૧] એટલે મહાબળવાન સહદેવે એક ભલ્લબાણનો પ્રહાર કરી દુર્મુખની ધ્વજાને તોડી પાડી તથા બીજાં ચાર તીક્ષ્ણ બાણો મારીને તેના ઘોડાઓને પણ મારી નાખ્યા.[૨૨] વળી પણ બીજું એક પાણીદાર તીક્ષ્ણ ભલ્લબાણ મારીને તેના સારથિના દેદીપ્યમાન કુંડળોવાળા મસ્તકને ધડથી જૂદું કર્યું;[૨૩] એટલુંજ નહિ પણ વળી એક તીક્ષ્ણ ક્ષુરપ્રબાણથી કુરુપુત્ર દુર્મુખના મહાન ધનુષ્યને કાપી નાખીને બીજાં પાંચ બાણોવડે તેને પણ સહદેવે વિંધી નાખ્યો. તે સમયે ઉદાસ મનવાળો તે દુર્મુખ, મરણ પામેલા ઘોડાઓવાળા પોતાના રથનો ત્યાગ કરી નિરમિત્રના રથમાં ચઢી ગયો;[૨૫] એટલે શત્રુવીરોનો સંહાર કરનારા સહદેવે,કોપાયમાન થઇ સેનાના મધ્યમાં રહેલા નિરમિત્રને પણ એક ભલ્લબાણનો પ્રહાર કર્યો; તેનાથી મરણ પામી તુરત ત્રિગર્તરાજનો પુત્ર નિરમિત્ર, તમારી સેનાને વ્યથા પમાડતો રથની બેઠકપરથી પૃથ્વીપર ગબડી પડયો.[૨૭] એ રીતે તેનો વધ કરી મહાબાહુ સહદેવ, પૂર્વે મહાબળવાન ખરદૈત્યનો નાશ કરી દશરથપુત્ર રામચંદ્ર જેમ શોભતા હતા, તેમ શોભવા લાગ્યો. હે રાજા ! મહારથી રાજપુત્ર નિરમિત્રને મરણ પામેલો જોઇ, ત્રિગર્તયોદ્ધાઓમાં મહાન હાહાકાર થઈ રહ્યો.[૨૯] હે રાજન્ ! એ અરસામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશાળ નેત્રવાળા તમારા પુત્ર વિકર્ણને નકુલે એક મુહૂર્ત જેટલા કાળમાં જીતી લીધો, તે લોકમાં અતિ નવાઇ જેવું બન્યું હતું.[૩૦] તેવામાં વળી વ્યાઘ્રદત્તે નમેલાં પર્વવાળાં બાણો મૂકી મૂકીને સાત્યકિને ઘોડા, સારથિ અને ધ્વજાસહિત સેનાના મધ્યમાં અદૃશ્ય કરી દીધો હતો; પણ શૂરવીર સાત્યકિએ ચાલાક હાથવાળાની પેઠે તે બાણોનું વારણ કરીને વ્યાઘ્રદત્તને ઘોડા, સારથિ અને ધ્વજસહિત રણમાં ઢોળી પાડયો.[૩૨] હે રાજા! મગધરાજાનો કુમાર તે વ્યાઘ્રદત્ત જ્યારે રણમાં માર્યો ગયો, ત્યારે યુદ્ધ કરવા સજ્જ થયેલા માગધ યોદ્ધાઓ ચારે તરફથી સાત્યકિ સામે ધસી આવ્યા.[૩૩] તેઓ હજારો બાણો, તોમરો, ભિંદિપાલો, ભાલાંઓ, મુદ્ગરો અને મુસલોને પણ ફેંકવા લાગ્યા.[૩૪] રણમાં શૂરા એવા તે માગધ યોદ્ધાઓ યુદ્ધદુર્મદ સાત્યકિસામા એકીસાથે લડવા લાગ્યા; પણ બળવાન પુરુષશ્રેષ્ઠ સાત્યકિએ તેઓ બધાને હસતાં હસતાં સહેજમાં જીતી લીધા. તે વેળા મરતાં મરતાં બાકી રહેલા માગધ યોદ્ધાઓ, ચારેબાજુ નાસભાગ કરવા લાગ્યા. તે જોઇ સાત્યકિનાં બાણોથી વિહ્વળ થયેલા સૈન્યમાં એકદમ ભંગાણ પડયું. એ રીતે રણમાં તમારા સૈન્યનો નાશ કરી મહાયશસ્વી યાદવોત્તમ સાત્યકિ, પોતાના ધનુષ્યને ધૂણાવતો ત્યાં ઉભો રહ્યો. હે રાજન્! મહાત્મા સાત્યકિએ સૈન્યમાં એટલું બધું ભંગાણ પાડયું હતું, કે જેથી તે સૈન્ય યુદ્ધ કરવા માટે સામું થતું ન હતું; કારણકે મહાબાહુ સાત્યકિએ તેમાં અત્યંત ત્રાસ વર્તાવ્યો હતો, તે જોઇ દ્રોણાચાર્ય અત્યંત કોપાયમાન થઇ ગયા અને પોતે જાતેજ સત્યકર્મી સાત્યકિ સામે ડોળા ફાડીને એકદમ ધસી આવ્યા.[૩૫-૩૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સંકુલયુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૦૭ મો સમાપ્ત

અધ્યાય ૧૦૮ મો

રાક્ષસ અલંબુષની હાર!

॥ संजय उवाच ॥

द्रौपदेयान् महेष्वासान् सौमदत्तिर्महायशाः।
एकैकं पंचभिर्विद्ध्वा पुनर्विव्याध सप्तभिः॥१॥

સંજ્યે કહ્યું:-મહાયશસ્વી સૌમદત્તિએ મહાધનુર્ધર એવા દ્રૌપદીના દરેક પુત્રને પાંચ પાંચ બાણોથી વિંધી નાખીને પુનઃ સાત બાણોથી વિંધી નાખ્યા.[૧] હે રાજા! રૌદ્ર સ્વરૂપવાળા તે સૌમદત્તિએ તેઓને એટલા બધા પીડી નાખ્યા કે જેથી તેઓ મૂઢ જેવા થઇ ગયા અને યુદ્ધમાં કર્તવ્યને પણ જાણી શક્યા નહિ; પરંતુ નકુલના પુત્ર શતાનીકે પુરુષશ્રેષ્ઠ સૌમદત્તિને બે બાણોથી વિંધી નાખીને હર્ષપૂર્વક ગર્જના કરી મૂકી[૩] તથા બીજા ભાઇઓએ પણ રણમાં સાવધ થઈ સીધાં જનારાં ત્રણ ત્રણ બાણોથી ક્રોધી સૌમદત્તિને સત્વર વિંધી નાખ્યો.[૪] હે મહારાજ! ત્યારે મહાયશસ્વી સૌમદત્તિએ પણ તેઓ પાંચે ભાઇઓ સામે પાંચ બાણો ફેંક્યાં અને એકેકને એકેક બાણથી છાતીમાં પ્રહાર કર્યો;[૫] એટલે જ્યારે તે વીરનાં બાણોથી એ પાંચે ભાઇઓ વિંધાઈ ગયા, ત્યારે તેઓએ વીર સૌમદત્તિને ચોતરફથી ઘેરી લીધો અને બાણોથી અત્યંત વિંધવા માંડયો.[૬] ક્રોધાયમાન થયેલા અર્જુનપુત્ર શતાનીકે તીક્ષ્ણ એવાં ચાર બાણો મારીને તેના ઘોડાઓને યમરાજાને ઘેર મોકલી દીધા.[૭] ભીમસેનના પુત્રે મહાત્મા સૌમદત્તિના ધનુષ્યને કાપી નાખ્યું; તથા કેટલાંએક તીક્ષ્ણ બાણોથી વિંધી નાખી મોટી ગર્જના કરી મૂકી.[૮] યુધિષ્ઠિરના પુત્રે તેના ધ્વજને કાપી નાખી પૃથ્વીપર પાડી દીધો અને નકુલના પુત્રે તેના સારથિને રથપરથી ઢોળી પાડયો.[૯] એ રીતે સૌમદત્તિને પોતાના ભાઇઓએ હરાવેલો જાણીને સહદેવના પુત્રે એક ક્ષુરપ્રબાણથી તે મહાત્માના મસ્તકને કાપી નાખ્યું;[૧૦] એટલે સુવર્ણનાં આભૂષણોથી શોભતું તથા બાલસૂર્ય-સમાન પ્રભાવાળું સૌમદત્તિનું મસ્તક, રણપ્રદેશને પ્રકાશમાન કરતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વીપર પડયું.[૧૧] મહાત્મા સૌમદત્તિના મસ્તકને એ રીતે કપાયેલું જોઇને તમારા પક્ષના યોદ્ધાઓ ત્રાસ પામીને સર્વ દિશાઓમાં નાસભાગ કરવા લાગ્યા.[૧૨]

એ વેળા રાક્ષસ અલંબુષ, ક્રોધાયમાન થઇને મહાબળવાન ભીમસેન સામે યુદ્ધ કરતો હતો. તેઓ બન્નેનું યુદ્ધ લક્ષ્મણ અને રાવણના પુત્ર ઇન્દ્રજિતસરખું જણાતું હતું. રણમાં યુદ્ધ કરતા તે બન્ને નર અને રાક્ષસને જોઇને સર્વ ભૂતોને વિસ્મય અને આનંદ થતો હતો.[૧૪] તે સમયે ભીમસેને નવ તીક્ષ્ણ બાણો છોડીને ક્રોધવશ થયેલા રાક્ષસેન્દ્ર અલંબુષને હસતાં હસતાં વિંધી નાખ્યો.[૧૫] એ રીતે જ્યારે તે રાક્ષસ રણમાં વિંધાઈ ગયો, ત્યારે તે ભયંકર ગર્જના કરીને ભીમસેન તથા તેના પાયદલના યોદ્ધાઓસામે એકદમ ધસી ગયો.[૧૬] તુરત તેણે નમેલાં પર્વવાળાં પાંચ બાણોથી ભીમસેનને વિંધી નાખ્યો તથા ભીમસેનના રક્ષક ત્રણસો યોદ્ધાઓનો નાશ કરી નાખ્યો.[૧૭] વળી પણ બીજા ચારસોને મારી નાખીને ભીમસેનને એક બાણથી અત્યંત વિંધી નાખ્યો. તે પ્રમાણે રાક્ષસથી ગાઢ વિંધાયલો મહાબળવાન ભીમસેન, મૂર્છાવશ થઇને રથની બેઠકપર પડી ગયો. થોડાએક સમયમાં પુનઃ ભાનમાં આવીને ક્રોધપૂર્ણ થયેલા વાયુપુત્ર ભીમસેને રણમાં ઉત્તમ સાધનભૂત એવું પોતાનું ઘોર ધનુષ્ય ખેંચીને સડસડાટ છોડેલાં તીક્ષ્ણ બાણોથી રાક્ષસ અલંબુષને ચોતરફથી સારી રીતે પીડી નાખ્યો. તે વખતે અનેક બાણોથી વિંધાયેલો તથા કાજળના ઢગસમાન કાંતિવાળો તે રાક્ષસ, ખીલેલાં રાતાં પુષ્પવાળા ખાખરાના વૃક્ષસરખો શોભતો હતો.[૨૧] એ રીતે ભીમસેનના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે તે જ્યારે ઘણો ઘાયલ થયો, ત્યારે મહાત્મા ભીમસેને મારી નાખેલા પોતાના ભાઈ બકાસુરનું તેને સ્મરણ થયું;[૨૨] તેથી પછી ભયંકર સ્વરૂપ ધારણ કરીને ભીમસેનપ્રત્યે તે કહેવા લાગ્યોઃ–"ઓ અતિ દુષ્ટ બુદ્ધિના પૃથાપુત્ર! આજે તું ખરો શૂરવીર થઇને રણમાં ખડો રહેજે અને મારૂં પરાક્રમ જોજે. રાક્ષસોમાં ઉત્તમ અને બળવાન મારા ભાઇ બકાસુરને તેં મારી નાખ્યો છે. અફસોસ! એ કાર્ય તેં મારી ગેરહાજરીમાં કર્યું છે; નહિતર તે દિવસેજ તને હું પૂરો કરી દેત." [૨૩,૨૪] એ પ્રમાણે કહીને તે રાક્ષસ ત્યાંથી અંતર્ધાન થઇ ગયો અને મોટી બાણવૃષ્ટિ કરીને ભીમસેનને અત્યંત છાઇ દેવા લાગ્યો.[૨૫] હે રાજન! રાક્ષસને અદૃશ્ય થયેલો જોઈ ભીમસેને પણ નમેલાં પર્વવાળાં બાણો મૂકીને આકાશને ભરી દીધું;[૨૬] એટલે એક નિમેષકાળમાં તો તે રાક્ષસ પુનઃ પોતાના રથમાં આવી બેઠો, કારણકે આકાશમાં પણ તેને ભીમનાં બાણો સારીપેઠે લાગ્યાં હતાં. વળી પાછો તે રાક્ષસ પૃથ્વીપર આવી સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરી એકાએક આકાશમાં ચાલ્યો ગયો.[૨૭] તેણે નાનાંમોટાં અનેક રૂપો ધારણ કરવા માંડયાં. થોડીવારમાં નાનો, થોડીવારમાં મોટો અને થોડીવારે સ્થૂલ સ્વરૂપમાં દેખાવા લાગ્યો તથા મેઘની પેઠે ગર્જનાઓ કરવા લાગ્યો; એટલુંજ નહિ પણ ચોતરફથી અનેક જાતની કટુ વાણીઓ બોલવા લાગ્યો. જોતજોતામાં આકાશમાંથી હજારો બાણોની ધારાઓ, શક્તિઓ, બંદુકો, ભાલાંઓ, ત્રિશૂળો, પટ્ટિશો, તોમરો, તોપો, પરિઘો, ભિંદિપાલો, ફરસીઓ, પથરાઓ, તરવારો, ગોળીઓ, બન્ને તરફ ધારવાળી તરવારો અને વજ્રો વગેરે અસ્ત્રશસ્ત્રો પડવા લાગ્યાં. તે રાક્ષસે એટલી બધી અતિ દારુણ શસ્ત્રવૃષ્ટિ કરી મૂકી કે જેથી પાંડુપુત્રના ઘણા સૈનિકો રણમાં માર્યા ગયા. એ યુદ્ધમાં તેણે પાંડવસૈન્યોના ઘણા હાથીઓ, ઘોડાઓ તથા પાળાઓનો ઘાણ કાઢી નાખ્યો. હે રાજન્! તેનાં બાણોના પ્રહારથી રથીયોદ્ધાઓ રથોપરથી ગબડવા લાગ્યા.[૨૯–૩૩] થોડા સમયમાં તો અનેક રાક્ષસોના ગણોથી વ્યાપ્ત એવી ઘોર નદી તે રણભૂમિપર તે રાક્ષસે ચાલુ કરી દીધી. તે નદીમાં લોહીરૂપ જળ હતું, રથોની ઘુમરીઓ આવી રહી હતી, હાથીઓરૂપ ઝૂડોથી તે નદી ભરપૂર હતી, છત્રોરૂપ તેમાં હંસો હતા, પ્રાણીઓની ધાતુઓરૂપ કાદવ હતો, બાહુઓરૂપ સર્પોથી તે નદી વ્યાપ્ત હતી અને ચેદી, પાંચાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા સૃંજય યોદ્ધાઓને તે નદી ખેંચી જતી હતી.[૩૪,૩૫] હે રાજન્! એ રીતે નિર્ભય થઇને સંગ્રામમાં ઘૂમી રહેલા તે રાક્ષસને જોઇને પાંડવ યોદ્ધાઓ અત્યંત ખિન્ન થઇ ગયા અને ફાટી આંખે તેનું પરાક્રમ જોઇ રહ્યા;[૩૬] પણ તમારા સૈન્યમાં તો મોટો હર્ષ થઇ રહ્યો હતો અને સાંભળતાં રૂવાં ખડાં કરી નાખે તેવો અતિ મહાન ઉગ્ર વાદિત્રોનો નાદ પણ થઇ રહ્યો હતો.[૩૭] તે સમયે તમારા સૈન્યમાં થઇ રહેલા ઘોર શબ્દને સાંભળીને હાથી જેમ હથેળીના શબ્દને સહન કરે નહિ, તેમ પાંડવ ભીમસેનની પણ સહનશક્તિ રહી નહિ.[૩૮] ક્રોધથી લાલચોળ નેત્રવાળા થઇને પ્રજ્વલિત અગ્નિની પેઠે તેણે સાક્ષાત્ વિશ્વકર્માની પેઠે વિશ્વકર્માનું અસ્ત્ર સાંધ્યું.[૩૯] તત્કાલ ચારે બાજુ હજારો બાણો પ્રકટ થયાં, જેથી તમારા સૈન્યમાં મોટી નાસભાગ થઇ રહી.[૪૦] એ યુદ્ધમાં ભીમસેને પ્રકટ કરેલા તે અસ્ત્રે, રાક્ષસની મહાન માયાનો નાશ કરી નાખ્યો તથા રાક્ષસને ઘણો ગભરાવી નાખ્યો.[૪૧] આ પ્રમાણે ભીમસેને તે રાક્ષસને ઘણોજ પીડવા માંડયો, ત્યારે તે ભીમનો ત્યાગ કરીને દ્રોણાચાર્યના સૈન્ય તરફ નાસી ગયો.[૪૨] હે રાજન્! મહાત્મા ભીમસેને એ રીતે જ્યારે રાક્ષસરાજાનો પરાજય કર્યો, ત્યારે પાંડવોએ સિંહનાદો કરીને સર્વ દિશાઓને ગજાવી મૂકી;[૪૩] અને પૂર્વકાળના દેવદાનવના યુદ્ધમાં પ્રહ્લાદને જીતીને દેવોએ ઇંદ્રનું સન્માન કર્યું હતું, તેમ તેઓ બધાએ હર્ષમાં આવી જઇને મહાબળવાન ભીમસેનનું સન્માન કર્યું.[૪૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'અલંબુષનો પરાજય' એ વિષયનો અધ્યાય ૧૦૮ મો સમાપ્ત

અધ્યાય ૧૦૯ મો

રાક્ષસ અલંબુષનો વધ

॥ संजय उवाच ॥

अलंबुषं तथा युद्धे विचरंतमभीतवत् ।
हैडिम्बिः प्रययौ तूर्णं विव्याध निशितैः शरैः॥

સંજયે કહ્યું:—પુનઃ પાછો ફરીને રાક્ષસ અલંબુષ, તે રીતેજ નિર્ભયની પેઠે યુદ્ધમાં ઘૂમવા લાગ્યો; ત્યારે હિડિંબાનો પુત્ર ઘટોત્કચ તેનીસામે ધસી ગયો અને તીક્ષ્ણ બાણોથી તેને વિંધવા લાગ્યો.[૧] તે સમયે તે બન્ને રાક્ષસસિંહોનું, ઇન્દ્ર અને શંબરાસુરના જેવું ભયંકર યુદ્ધ ચાલી રહ્યું હતું. તેઓ બન્ને જણાએ યુદ્ધમાં જાતજાતની માયાઓ કરતા હતા.[૨] પછી અલંબુષે અત્યંત ક્રોધાયમાન થઇને ઘટોત્કચને પ્રહાર કર્યો. હે રાજા! એટલે તો તે બન્ને રાક્ષસરાજાઓનું પૂર્વે જેવું રામ અને રાવણનું યુદ્ધ થયું હતું તેવુંજ યુદ્ધ થવા લાગ્યું. ઘટોત્કચે વીસ નારાચબાણોથી અલંબુષને વિંધી નાખીને સિંહની પેઠે વારંવાર ગર્જનાઓ કરવા માંડી; તેજ પ્રમાણે હે રાજન્! અલંબુષ પણ યુદ્ધદુર્મદ ઘટોત્કચને વિંધીને હર્ષપૂર્વક ગાજવા લાગ્યો તથા ચોતરફથી આકાશને ભરી દેવા લાગ્યો. એ રીતે અત્યંત ક્રોધવશ થયેલા મહાબળવાન તે બન્ને રાક્ષસો અન્યોન્યસામે માયા રચીને લગભગ સરખી રીતેજ યુદ્ધ કરતા હતા. સેંકડો માયાઓ ઉત્પન્ન કરી કરીને પરસ્પરને મોહ ઉપજાવતા તેઓ બન્ને જણા માયાયુદ્ધમાં ઘણા કુશળ હોઇને માયાયુદ્ધજ કરતા હતા. હે રાજા! ઘટોત્કચ જે જે માયા ઉત્પન્ન કરતો તેને અલંબુષ, પોતાની માયાથીજ નાશ પમાડતો. માયાઓનાં યુદ્ધ કરવામાં કુશળ એવા રાક્ષસરાજ અલંબુષને તે રીતે યુદ્ધ કરતો જોઇ ભીમસેન આદિ સારા સારા પાંડવયોદ્ધાઓ અત્યંત કોપાયમાન થઇ ગયા અને તેઓ બધા રથો લઇ લઇને એ રાક્ષસને ગોળાકારે ઘેરી વળ્યા; તથા હાથીપર જેમ અંગારાઓની વૃષ્ટિ કરે, તેમ તેનાપર ચોતરફથી બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. પણ તેઓના તે અસ્ત્રવેગનો પોતાની અસ્ત્રમાયાથી નાશ કરી દઇ રાક્ષસ અલંબુષ, વનના દાહમાંથી જેમ હાથી મુક્ત થઇ જાય, તેમ તે રથોના ઘેરામાંથી મુક્ત થઇ ગયો; અને ઇન્દ્રના વજ્રસમાન ઘોર શબ્દવાળા પોતાના ધનુષ્યનો ટંકાર કરીને તેણે, ભીમસેનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચીસ બાણોથી, ઘટોત્કચને પાંચ બાણોથી, યુધિષ્ઠિરને ત્રણ બાણોથી, સહદેવને સાત બાણોથી, નકુલને તોંતેર બાણોથી તથા દ્રૌપદીના પુત્રોને પાંચ પાંચ બાણોથી વિંધી નાખીને ઘોર ગર્જના કરી. ૩–૧૫ ત્યારે ભીમસેને નવ બાણોથી, સહદેવે પાંચ બાણોથી, યુધિષ્ઠિરે સો બાણોથી, નકુલે ચોસઠ બાણોથી તથા દ્રૌપદીના પુત્રોએ ત્રણ ત્રણ બાણોથી રાક્ષસને સામો વિંધી નાખ્યો. મહાબળવાન હિડિંબાપુત્ર ઘટોત્કચે પચાસ બાણોના પ્રહારથી રાક્ષસને વિંધી નાખી પુનઃ સિત્તેર બાણોનો પ્રહાર કર્યો અને પોતે ગાજવા લાગ્યો. હે રાજન્! તેના મહાન શબ્દથી પર્વતો, વનો, વૃક્ષો અને જળાશયોસહિત આ સઘળી પૃથ્વી કંપી ગઇ હતી. મહાધનુર્ધર એવા તે સર્વ મહારથીઓએ પોતાને જ્યારે અત્યંત વિંધી નાખ્યો, ત્યારે તેણે પણ પાંચ પાંચ બાણોથી તે સર્વને વિંધી નાખ્યા. હે ભરતશ્રેષ્ઠ રાજા! એ રીતે ક્રોધાયમાન થયેલા રાક્ષસ અલંબુષસામે રાક્ષસ ઘટોત્કચ પણ ક્રોધે ભરાયો; અને તેણે સાત બાણોથી અલંબુષને વિંધી નાખ્યો. બળવાન રાક્ષસ ઘટોત્કચના બાણપ્રહારથી અત્યંત વિંધાયેલા રાક્ષસ અલંબુષે એ સમયે સુવર્ણના પુંખવાળાં તથા પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં ઘણાં નતપર્વ બાણો છોડવા માંડયાં, કે જે બાણો ક્રોધવશ થયેલા મહાબળવાન સર્પો જેમ પર્વતના શિખરમાં પેસી જાય, તેમ રાક્ષસ ઘટોત્કચના શરીરમાં પેસી ગયાં હતાં. હે રાજન્! તે પછી અત્યંત ઉદ્વિગ્ન થયેલા પાંડવો અને હિડિંબાપુત્ર ઘટોત્કચ વગેરે બધા પાંડવયોદ્ધાઓ એકીસાથે ચોતરફથી તીક્ષ્ણ બાણો છોડવા મંડયા. વિજયની ઇચ્છાવાળા પાંડવોએ જ્યારે એ પ્રમાણે તે રાક્ષસપર જોસભેર મારો ચલાવી મૂક્યો, ત્યારે તે લગભગ મરણતુલ્ય થઇ ગયો અને હવે શું કરવું તેની તેને ગમ પડી નહિ. એ દશામાં તેને આવી પડેલો જોઇ, યુદ્ધકુશળ મહાબળવાન ઘટોત્કચે એનો વધ કરવામાટે મનમાં વિચાર કર્યો અને તે રાક્ષસરાજાના રથસામે પોતે મહાવેગથી ધસી ગયો. ૧૬–૨૬ લગભગ પાસે જઇને પોતાના રથપરથી તેના રથપર કૂદી જઇને ક્રોધાયમાન થયેલા ઘટોત્કચે, બળી ગયેલા પર્વતના શિખરસમાન તથા વીખરાઇ પડેલા કાજળના ઢગસમાન એ રાક્ષસને બરાબર પોતાના હાથમાં પકડયો;[૨૭] અને ગરુડ જેમ સર્પને બહાર ખેંચી કાઢે તેમ તેને રથમાંથી બહાર ખેંચી કાઢયો. પછી પોતાના બે હાથવડે ઉંચો ઉછાળી વારંવાર ગોળચક્કર ફેરવીને ભરેલા ઘડાની પેઠે પૃથ્વીપર પથ્થરમાં પછાડયો અને ટુકડે ટુકડા કરી નાખ્યા. બળ અને શીઘ્રતાયુક્ત તથા પરાક્રમસંપન્ન એવા તે ઘટોત્કચે, રણમાં ક્રુદ્ધ થઇ સર્વ સૈન્યોને ભયભીત કરી મૂક્યાં. વીર ઘટોત્કચે, કંટકયુક્ત સાલવૃક્ષની પેઠે ભાંગી ભુક્કા કરેલાં રાક્ષસ અલંબુષનાં સર્વ અંગો જૂદાં જૂદાં છિન્નભિન્ન થઇ ગયાં હતાં, હાડકાંઓનો તદ્દન ચૂરો થઇ ગયો હતો અને તેથીજ તે ભયંકર દેખાતો હતો. એ રીતે તે રાક્ષસનું મરણ થતાં પાંડવોનાં મન પ્રફુલ્લિત થઇ ગયાં અને તેઓ સિંહનાદો કરવા લાગ્યા તથા ઉંચે હવામાં વસ્ત્રો ઉડાડવા લાગ્યા; પણ તમારા પક્ષના શૂરવીર યોદ્ધાઓ, પર્વતની પેઠે વીખરાઈ પડેલા મહાબળવાન રાક્ષસરાજ અલંબુષને મરણ પામેલો જોઇ હાહાકાર કરવા લાગ્યા. હે ભરતશ્રેષ્ઠ રાજા! જેમ દૈવેચ્છાએ પૃથ્વીપર ખરી પડેલા મંગળના તારાને સર્વ લોકો કુતૂહલથી જુએ, તેમ સૈન્યનાં સર્વ મનુષ્યો એકાએક ગબડી પડેલા તે રાક્ષસને કુતૂહલથી જોવા લાગ્યાં. બળવાનોમાં શ્રેષ્ઠ એવા તે રાક્ષસને મારી નાખીને ઘટોત્કચ, બલ નામના દૈત્યનો નાશ કરીને ઇંદ્રે જેમ મોટી ગર્જનાઓથી હર્ષનાદો કર્યાહતા તેમ હર્ષનાદ કરવા લાગ્યો.[૨૮–૩૫] ઘટોત્કચે જ્યારે તે દુષ્કર કર્મ કર્યું, ત્યારે બાંધવોસહિત તેના પિતાઓ તેની પ્રશંસા કરવા લાગ્યા; અને પરિપક્વ થયેલા દૂધીના ફળની પેઠે રાક્ષસ અલંબુષના ભુક્કા કરી નાખીને ઘટોત્કચ આનંદમાં આવી ગયો.[૩૬] તે પછી શંખ અને અનેક પ્રકારનાં બાણોના ઘોષવાળો અતિમહાન શબ્દ થઇ રહ્યો. તે સાંભળી પાંડવપક્ષના સર્વ યોદ્ધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ તે શબ્દસામા સિંહનાદો કરવા લાગ્યા, કે જેનો ધ્વનિ છેક સ્વર્ગમાં અથડાયો.[૩૭]

ઇતિ શ્રીમહા દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'અલંબુષનો વધ' એ વિષયનો અધ્યાય ૧૦૯ મો સમાપ્ત

અધ્યાય ૧૧૦ મો

યુધિષ્ઠિરનો ગભરાટ

॥ धृतराष्ट्र उवाच ॥

भारद्वाजं कथं युद्धे युयुधानो न्यवारयत् ।
संजयाचक्ष्व तत्त्वेन परं कौतूहलं हि मे ॥ १ ॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–હે સંજય! એ યુદ્ધમાં સાત્યકિએ દ્રોણાચાર્યને કેવી રીતે અટકાવ્યા હતા, તે મને તું યથાર્થ કહે. એ સાંભળવાનું મને ઘણું કુતૂહલ છે.[૧]

સંજયે કહ્યું:–હે મહાબુદ્ધિમાન ધૃતરાષ્ટ્ર-રાજા! દ્રોણાચાર્યનો સાત્યકિ આદિ પાંડવયોદ્ધાઓસાથે રુવાં ખડાં થઇ જાય તેવો મહાન સંગ્રામ થયો હતો.[૨] હે રાજા! જે સમયે સાત્યકિ, પોતાના સન્યનો સંહાર કરી રહ્યો હતો તે સમયે દ્રોણાચાર્ય પોતે સત્ય પરાક્રમવાળા સાત્યકિસામા ધસી ગયા હતા.[૩] મહારથી દ્રોણાચાર્યને એકાએક ધસી આવતા જોઇને સાત્યકિએ નાનાં નાનાં પચીસ બાણોનો તેને પ્રહાર કર્યો.[૪] ત્યારે પરાક્રમી દ્રોણાચાર્યે પણ બરાબર સાવધ થઇને સુવર્ણના પુંખવાળાં પાંચ તીક્ષ્ણ બાણોવડે સાત્યકિને સત્વર વિંધી નાખ્યો.[૫] શત્રુઓના માંસનું ભોજન કરનારાં તે બાણો, સાત્યકિના કવચને ભેદી નાખીને ફુંફાડા મારતા સર્પોની પેઠે પૃથ્વીમાં પેસી ગયાં.[૬] અંકુશથી મારેલા હાથીની પેઠે દ્રોણાચાર્યના બાણપ્રહારથી મોટી ભુજાઓવાળો સાત્યકિ ઘણો કોપાયમાન થઈ ગયો; અને તેણે અગ્નિસમાન ઝળકતાં પચાસ નારાચબાણોનો દ્રોણને પ્રહાર કર્યો.[૭] એ રીતે જ્યારે દ્રોણાચાર્યને સાત્યકિએ સપાટાબંધ વિંધી નાખ્યા, ત્યારે તેમણે પોતાનીસામે પ્રયત્ન કરી રહેલા સાત્યકિને અનેક બાણોથી વિંધવા માંડયો[૮] અને ક્રોધપૂર્વક છોડેલાં નમેલાં પર્વવાળાં એક બાણવડે ફરીથી પણ મહાબળવાન તથા મહાધનુર્ધર દ્રોણાચાર્યે સાત્યકિને વિંધી નાખ્યો.[૯] એ યુદ્ધમાં દ્રોણાચાર્ય, સાત્યકિપર એટલા બધા પ્રહાર કરતા હતા, કે જેથી સાત્યકિને "હવે શું કરવું?" તેની સૂઝ પડી નહિ.[૧૦] હે રાજા! તે સમયે રણમાં તીક્ષ્ણ બાણોને છોડી રહેલા દ્રોણાચાર્યને જોઇને સાત્યકિનું મુખ ખિન્ન થઇ ગયું હતું.[૧૧] હે રાજા! એ સ્થિતિમાં આવી પડેલા સાત્યકિને જોઇને તમારા પુત્રો તથા સૈનિકોના મનમાં ઘણો હર્ષ થયો અને તેઓ વારંવાર સિંહની પેઠે ગર્જનાઓ કરવા લાગ્યા.[૧૨] હે ભરતવંશી રાજા! તે ઘોર કોલાહલ સાંભળીને તથા સાત્યકિને સંકટમાં આવી પડેલો જોઇને રાજા યુધિષ્ઠિર, સર્વ સૈન્યોપ્રત્યે કહેવા લાગ્યા:–"અરે, હે યોદ્ધાઓ! રાહુ જેમ સૂર્યને ગળી જાય તેમ આ વીર દ્રોણાચાર્ય, સત્યપરાક્રમી યાદવવીર સાત્યકિને ગળી જાય છે;[૧૪] માટે તમે બધા જે સ્થળે સાત્યકિ લડી રહ્યો છે, તે સ્થળે ધસી જાઓ."

રાજા યુધિષ્ઠિર વળી પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્નને આ રીતે કહેવા લાગ્યા:–"અરે! ઓ ધૃષ્ટદ્યુમ્ન! તું શું જોઇને ઉભો છે? જલદી દ્રોણાચાર્યસામે ધસી જા. શું તું નથી જોતો કે, દ્રોણાચાર્યને લીધે આપણાપર ભયંકર આફત આવી પડી છે[૧૫] જરા જો તો ખરો! જેમ કોઈ બાળક દોરીમાં બાંધેલાં પક્ષી જોડે ખેલ ખેલે, તેમ આ મહાધનુર્ધર દ્રોણાચાર્ય, સાત્યકિ જોડે યુદ્ધખેલ ખેલી રહ્યા છે;[૧૭] માટે તું અને ભીમસેન આદિ સર્વ યોદ્ધાઓ જ્યાં સાત્યકિનો રથ ઉભો છે, ત્યાંજ દોડી જાઓ.[૧૮] હું પણ કેટલાએક સૈનિકોને સાથે લઇ તમારી પાછળજ આવું છું; માટે જા, તુરત જા, યમરાજાની દાઢમાં સપડાયેલા સાત્યકિને તું શીઘ્ર છોડાવ."[૧૯]

હે ભારત! એમ કહીને યુધિષ્ઠિરરાજા સર્વ સૈન્યોને સાથે લઇ સાત્યકિનું રક્ષણ કરવામાટે એકદમ દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા ધસી ગયા.[૨૦] તે સમયે એકલા દ્રોણાચાર્યસામે યુદ્ધ કરી રહેલા પાંડવોનો તથા સૃંજયોનો મહાન કોલાહલ ત્યાં મચી રહ્યો હતો.[૨૧] તે સ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘળા પુરુષવ્યાઘ્રો મહારથી દ્રોણાચાર્ય સામા જઇને કંકપક્ષીનાં તથા મયૂરપક્ષીનાં પીછાંવાળાં તીક્ષ્ણ બાણોની વૃષ્ટિ કરી રહ્યા હતા;[૨૨] પણ દ્રોણાચાર્યે હસતાં હસતાં તે સર્વ વીરોનો સારી રીતે સ્વીકાર કર્યો હતો. જેમ કોઇ ગૃહસ્થ પોતાને ત્યાં આવેલા અતિથિઓનો જળ અને આસન આપીને યોગ્ય સત્કાર કરે, તેમ દ્રોણાચાર્ય બાણો મૂકી મૂકીને તે યોદ્ધાઓનો સત્કાર કરતા હતા.[૨૩] હે રાજા! જેમ કોઇ ગૃહસ્થને ઘેર આવીને અતિથિઓ સારી રીતે તૃપ્ત થાય, તેમ તે યોદ્ધાઓ ધનુર્ધર દ્રોણાચાર્યપાસે આવીને તેમનાં બાણોથી તૃપ્ત થતા હતા–સારી રીતે પીડાતા હતા.[૨૪] હે રાજા! બરાબર મધ્યાહ્નકાળે આવેલા પ્રખર સૂર્યને જોવાને લોકો જેમ સમર્થ થતા નથી, તેમ તે સર્વ યોદ્ધાઓ દ્રોણાચાર્યને જોવાને શક્તિમાન થયા નહિ.[૨૫] શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય, સૂર્ય જેમ કિરણોવડે જગતને તપાવી મૂકે છે, તેમ સંખ્યાબંધ બાણો મૂકી મૂકીને તે સર્વ ધનુર્ધરોને તપાવી રહ્યા હતા.[૨૬] હે મહારાજ! પાંડવો અને સૃંજયયોદ્ધાઓને દ્રોણાચાર્યે એવા તો પીડવા માંડ્યા, કે જેથી કાદવમાં ખૂંચી ગયેલા હાથીઓની પેઠે તેઓને કોઇ રક્ષક મળ્યો નહિ.[૨૭] જેમ ચોતરફથી તપી રહેલાં સૂર્યનાં કિરણો આસપાસ સર્વ પ્રદેશમાં ફેલાયેલાં દેખાય છે, તેમ તે રણપ્રદેશમાં પણ સર્વ બાજુ ફેલાયેલાં દ્રોણાચાર્યનાં મોટાં મોટાં બાણોજ દેખાતાં હતાં.[૨૮] તે રણમાં દ્રોણાચાર્યે, ધૃષ્ટદ્યુમ્નના માનીતા પચીસ પાંચાલ મહારથીઓને મારી નાખ્યા હતા.[૨૯] પાંડવોનાં તથા પાંચાલોનાં સર્વ સૈન્યોમાં સારા સારા યોદ્ધાઓનો સંહાર કરતા શૂરવીર દ્રોણાચાર્યનેજ સર્વે જોઇ રહ્યા હતા.[૩૦] હે મહારાજ! એક સો કેકય યોદ્ધાઓનો સંહાર કરી અને બીજાઓને હાંકી કાઢીને દ્રોણાચાર્ય, મોં પાહોળું કરી ઉભેલા કાળની પેઠે રણમાં ઉભા રહ્યા હતા.[૩૧] હે રાજા! મહાબાહુ દ્રોણાચાર્યે સેંકડો અને હજારો પાંચાલો, સૃંજયો, મત્સ્યો અને કેકયયોદ્ધાઓનો પરાજય કર્યો હતો.[૩૨] તે સમયે દ્રોણાચાર્યનાં બાણોથી વિંધાયેલા યોદ્ધાઓનો, જંગલમાં અગ્નિથી વિંટાયેલા વનવાસીઓના જેવો કરુણ શબ્દ થઇ રહ્યો હતો.[૩૩] ત્યાં યુદ્ધ જોવામાટે આવેલા દેવો, ગંધર્વો અને પિતરો પણ માંહોમાંહે કહી રહ્યા હતા કેઃ–'જુઓ તો ખરા, આ પાંચાલો અને પાંડવો સૈનિકોસહિત કેવા નાસભાગ કરે છે?' તે યુદ્ધમાં એ રીતે દ્રોણાચાર્ય, સોમકયોદ્ધાઓનો સંહાર કરી રહ્યા હતા; છતાંય કોઇ પણ બીજા યોદ્ધાઓ તેમની સામા જતા ન હતા.[૩૫] મોટા મોટા વીરોનો સંહાર કરનારો તે રૌદ્ર સંગ્રામ એ રીતે જ્યારે ચાલી રહ્યો હતો, ત્યારે યુધિષ્ઠિરરાજાએ એકાએક પાંચજન્યનો શંખ સાંભળ્યો.[૩૬] જે સ્થળે જયદ્રથરાજાના રક્ષક યોદ્ધાઓ યુદ્ધ કરી રહ્યા હતા તે સ્થળે શ્રીકૃષ્ણે અત્યંત જોરથી તે શંખ વગાડયો હતો.[૩૭] જોતજોતામાં અર્જુનના રથપ્રત્યે કૌરવોના નાદો સંભળાવા લાગ્યા અને ગાંડીવનો ઘોષ સંભળાતો તદ્દન બંધ થયો. તે વેળા રાજા યુધિષ્ઠિર શોકગ્રસ્ત થઇને વિચારવા લાગ્યા કેઃ–"અવશ્ય આ સમયે અર્જુન કુશળક્ષેમ નથી; કારણકે પાંચજન્યનો ઘોષ સંભળાય છે અને હર્ષમાં આવી ગયેલા કૌરવો વારંવાર ગર્જનાઓ કરે છે." એ પ્રમાણે વિચારકરી કુંતાપુત્ર યુધિષ્ઠિરરાજા વ્યાકુળચિત્તે સાત્યકિપ્રત્યે કહેવા લાગ્યા. તે સમયે અંદરની વારંવારની મુંઝવણથી તેમની છાતીમાં ડૂમો ભરાઇ આવવાથી તેમની વાણીઅસ્પષ્ટ સંભળાતી હતી. જયદ્રથના વધરૂપ કાર્યમાં નિર્વિઘ્નતાની ઇચ્છા રાખીને તેમણે સાત્યકિપ્રત્યે કહ્યું કેઃ–"હે સાત્યકિ! પ્રાચીન સત્પુરુષોએ, આપત્તિકાળે મિત્રને સહાય કરવા સંબંધનો જે મૈત્રીધર્મ દર્શાવ્યો છે, તેનો આ સમય આવી પહોંચ્યો છે.[૪૨] હે શિનિશ્રેષ્ઠ સાત્યકિ! આ સર્વ યોદ્ધાઓને જોઇને જ્યારે હું વિચાર કરૂં છું, ત્યારે તારાથી ઉત્તમ ને નિકટનો સુહૃદ્ મને કોઇપણ જણાતો નથી;[૪૩] અને મારો ખાસ એવોજ નિશ્ચય છે, કે જે આપણા તરફ હમેશાં પ્રસન્ન મનવાળો હોય અને નિત્ય આપણને અનુસરનારો હોય તેનેજ આપત્તિકાળે આવી પડેલાં કાર્યમાં યોજવો.[૪૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે યાદવવંશના સાત્યકિ ! જેમ શ્રીકૃષ્ણ, પાંડવોનું હિત કરવામાં નિત્ય તત્પર રહે છે, તેમ કૃષ્ણતુલ્ય પરાક્રમવાળો તું પણ પાંડવોનું હિત કરવામાં નિત્ય તત્પર રહે છે;[૪૫] માટે આ સમયે હું તારાપર જે ભાર મૂકવા ધારૂં છું તેને ઉઠાવી લેવાને તું યોગ્ય છે. મારા અભિપ્રાયને વૃથા કરવો તે તને મુદ્દલે યોગ્ય નથી.[૪૬] હે પુરુષશ્રેષ્ઠ ! તારો મિત્ર, ભાઈ અથવા ગુરુ એવા અર્જુનને આ સંકટસમયે રણમાં તું સહાય કર. હે વીર ! તું સત્યવ્રતવાળો, શૂરવીર તથા મિત્રોને અભય આપનારો છે; તેથી જગતમાં તારી સત્યવચની તરીકે પ્રસિદ્ધિ થયેલી છે. હે શિનિપુત્ર! શાસ્ત્ર કહે છે કે, જે પુરુષ પોતાના મિત્રને માટે યુદ્ધ કરી પોતાના શરીરનો ત્યાગ કરે છે, તે પુરુષને બ્રાહ્મણોને પૃથ્વીનું દાન કરનાર પુરુષ જેટલુંજ ફળ પ્રાપ્ત થાય છે; અને વળી આપણે સાંભળીએ છીએ કે, ઘણા રાજાઓ બ્રાહ્મણોને વિધિપુરઃસર સઘળી પૃથ્વીનું દાન કરીને સ્વર્ગે સિધાવ્યા છે;[૫૦] માટે હે ધર્માત્મા ! હું પણ તારી પાસે આ સમયે હાથ જોડીને યાચના કરૂં છું કે, તું તારા મિત્રને સહાય કર. હે સમર્થ સાત્યકિ ! એમ કરવાથી તને પૃથ્વીનું દાન કર્યા જેટલું અથવા તેથી પણ અધિક ફળ પ્રાપ્ત થશે.[૫૧] હે સાત્યકિ ! એકલા શ્રીકૃષ્ણજ પોતાના મિત્રોને અભય આપનારા છે તથા પોતાના મિત્રોમાટે પ્રાણોને પણ રણમાં ઝંપલાવે છે, તેમના જેવો બીજો તું છે.[૫૨] વળી યુદ્ધમાં યશની ઇચ્છા રાખનાર પરાક્રમી વીર પુરુષને તારા જેવો શૂરો મિત્રજ સહાય કરનાર થઇ પડે છે, પણ કોઈ સાધારણ મનુષ્ય સહાય કરી શકે નહિ; તેથી હે મધુવંશી સાત્યકિ ! આવી ભયંકર ધમાધમીમાં ઘૂમી રહેલા અર્જુનનું રક્ષણ કરનાર તારા સિવાય બીજો કોઇપણ અપણા સૈન્યમાં નથી. અર્જુન પણ તારાં સેંકડો કર્મોનાં વખાણ કરીને મને હર્ષ ઉપજાવતો તથા વારંવાર તારાં તે પરાક્રમોનું કીર્તન કર્યા કરતો;[૫૫] અને વળી હજી પણ ઘણી વખત કહ્યા કરે છે કે, સાત્યકિ ફોરા હાથવાળો, તરેહ તરેહનાં યુદ્ધ કરનારો તથા મોટો પરાક્રમી છે તે બુદ્ધિમાન સર્વ અસ્ત્રોને જાણનારો, શૂરવીર અને રણમાં ન મુંઝાય તેવો છે. મોટી ખાંધવાળો, વિશાળ છાતીવાળો, મોટી ભુજાઓવાળો, મોટી હડપચીવાળો, મહાબળવાન, મહાન વીર્યવાળો અને મહારથી મહાત્મા સાત્યકિ મારો શિષ્ય છે અને મિત્ર પણ છે. એને હું પ્રિય છું તથા તે મને પ્રિય છે. આ રણમાં મને સહાય થઇને તે કૌરવોનો નાશ કરશે.[૫૬-૫૮] હે રાજેન્દ્ર ! જો કે આપણા માટે કેશવ, બલરામ, અનિરુદ્ધ, મહારથી પ્રદ્યુમ્ન, ગદ, સારણ અને સાંબ પણ સર્વ યાદવોસાથે આ મહાન સંગ્રામમાં સહાય કરવા માટે સજ્જ થાય તેમ છે; તોપણ હું સત્ય પરાક્રમી પુરુષવ્યાઘ્ર સાત્યકિને સહાય કરવા માટે યોજીશ, કારણકે તેના સરખો બીજો કોઇ પણ વીર મને દેખાતો નથી."[૫૯-૬૧]

હે તાત ! એ રીતે દ્યૂતવનમાં અર્જુન, મને કહ્યા કરતો અને હજી પણ પરોક્ષમાં તારા સત્ય ગુણોને સારા સારા માણસોના સમુદાયમાં કહ્યા કરે છે;[૬૨] માટે હે યાદવવંશી ! તે અર્જુનના, મારા, ભીમસેનના, નકુલના તથા સહદેવના એ રીતના સંકલ્પને તું વૃથા કરવાયોગ્ય નથી. હું જ્યારે તીર્થોમાં ફરતો ફરતો દ્વારકામાં આવ્યો હતો, ત્યારે પણ મેં તારી અર્જુન પ્રત્યેની ભક્તિ જોઇ છે.[૬૪] વળી સંકટમાં રહેલા અમને તું જે પ્રમાણે સહાય કરે છે, તે પ્રમાણેની સહૃદયતાથી સહાય કરનાર બીજા કોઇને મેં જોયો નથી;[૬૫] માટે હે મહાધનુર્ધર સાત્યકિ! તું તારા કુળ, ભક્તિ, મિત્રતા, ગુરુભાવ, સુહૃદ્ભાવ, વીર્ય, કુલીનપણું, સત્ય, તથા દયા-એ બધાને યોગ્ય એવું કર્મ કરવા આ સમયે યોગ્ય છે.[૬૬,૬૭] જો તો ખરો! આ વખતે દુર્યોધન, દ્રોણાચાર્યે બાંધેલું કવચ ધારણ કરીને એકાએક અર્જુનસામે ચઢી ગયો છે; અને એ સિવાયના બીજા કેટલાએક કૌરવોના મહારથીઓ પણ એની પાછળ પાછળ ચઢી ગયા છે.[૬૮] વળી અર્જુનના રથસામે અતિમહાન નાદ સંભળાય છે, માટે હે માન આપનાર શિનિપુત્ર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું શીઘ્ર અર્જુનપાસે જવાને યોગ્ય છે.[૬૯] સૈન્યમાં દાખલ થતાં જો કદાચ દ્રોણાચાર્ય તારીસામે ધસી આવશે તો ભીમસેન તથા અમે બધા, સૈનિકોસાથે સજ્જ થઇ તેમને અટકાવીશું.[૭૦] હે શિનિકુમાર ! અર્જુન જ્યાં યુદ્ધ કરી રહ્યો છે, ત્યાં સૈન્યો કેવાં આમતેમ નાસભાગ કરે છે; અને વળી સાંભળ તો ખરો ! પૃથ્વીને ફાડી નાખે તેવો મહાન શબ્દ એ રણમાં સંભળાય છે.[૭૧] હે તાત ! જો, જો, પૂર્ણિમા આદિ પર્વોને દિવસે વાયુના મહાન વેગથી જેમ સમુદ્ર ખળભળી ઉઠે, તેમ અર્જુને કૌરવોના સૈન્યને એકદમ ખળભળાવી દીધું છે.[૭૨] ત્યાં રથો, મનુષ્યો અને ઘોડાઓ આમતેમ દોડી રહ્યા છે. સેનામાંથી રજના ગોટેગોટ ઉછળે છે અને તે સર્વ પ્રદેશને વ્યાપ્ત કરે છે.[૭૩] ખરેખર ! આ સમયે અત્યંત વૃદ્ધિને પામેલા તથા નખરો અને ભાલાંઓથી યુદ્ધ કરનારા શૂરા સિંધુયોદ્ધાઓ તથા સૌવીરયોદ્ધાઓ શત્રુવીરોનો સંહાર કરનાર અર્જુનને ઘેરી વળ્યા છે.[૭૪] અવશ્ય, આ સૈન્યનું કદી વારણ થઇ શકે તેમ નથી અને તેથીજ જયદ્રથને પણ જીતી શકાય તેમ નથી; કારણ કે આ સર્વ યોદ્ધાઓ જયદ્રથને માટે પોતાના પ્રાણ પાથરી રહેલા છે.[૭૫] અરે, તું દૃષ્ટિ તો કર ! બાણો, શક્તિઓ, ધ્વજાઓ, ઘોડા અને હાથીઓથી વ્યાપ્ત એવું આ કૌરવોનું સૈન્ય, કેવું અતિ દુર્જય છે.[૭૬] જો, જો, સાંભળ–ત્યાં દુંદુભિઓ ગડગડી રહ્યાં છે, શંખોના ધ્વનિઓ થઇ રહ્યા છે, પુષ્કળ સિંહનાદો સંભળાય છે તથા રથોની નેમિઓના ગડગડાટો પણ કાન ફાડી નાખે છે. વળી હજારો હાથીઓ, પાળાઓ અને ઘોડેસ્વારો આમતેમ દોડાદોડ કરી પૃથ્વીને કંપાવી દે છે. તેઓનો શબ્દ પણ તું સાંભળ.[૭૮] હે પુરુષવ્યાઘ્ર ! આ આગળ રહેલું સિંધુરાજાનું તથા પાછળ રહેલું દ્રોણાચાર્યનું સૈન્ય એટલું બધું છે કે જેને જોઇને એક વખત દેવોનો રાજા ઇંદ્ર પણ પીડા પામી જાય ! છેડાવિનાના આ સૈન્યમાં દાખલ થયેલો અર્જુન જીવિતનો પણ કદાચ ત્યાગ કરે. અરે, હાય ! જો કદાચ તે આ રણમાં માર્યો જાય તો મારા જેવો કેમ જીવી શકે ?[૮૦] અરેરે ! તું જીવે છે છતાં હું આ મહાન સંકટમાં આવી પડયો છું. હે તાત! શ્યામ, સુંદર, યુવાન, દેખાવડો, ઝડપથી અસ્ત્રો મૂકનારો તથા જાત જાતનાં યુદ્ધ કરનારો મહાબાહુ અર્જુન સૂર્યોદય થતાંજ ભારતીસેનામાં પેઠો છે, અને આ દિવસ પણ નમવાની તૈયારીમાં છે; છતાં હજી તેનો કંઇ પત્તો નથી.[૮૧,૮૨] હે યાદવવંશી સાત્યકિ ! તેથી હવે મને ખબર પડતી નથી કે અર્જુન જીવે છે કે મરણ પામ્યો છે. હે તાત ! આ કારવોનું સૈન્ય પણ સમુદ્રસરખું મહાન છે; અને અર્જુન એકલોજ દેવોનાથી પણ અસહ્ય એવી આ ભારતી સેનામાં યુદ્ધ કરવા દાખલ થયો છે,[૮૩,૮૪] એ બધો વિચાર કરતાં આજે મને યુદ્ધ કરવાની જરાએ વૃત્તિ થતી નથી. આ તરફ યુદ્ધમાં દ્રોણાચાર્ય પણ ઉતાવળા ઉતાવળા મારા સૈન્યને પીડી રહ્યા છે.[૮૫] હે મહાબાહો ! આ બ્રાહ્મણ (દ્રોણ) જે રીતે યુદ્ધમાં ઘૂમી રહ્યા છે, તે પણ તું નજરેજ જુએ છે; માટે આ સમયે એકીસાથે આવી પડેલાં અનેક કાર્યોમાં પહેલું કયું કરવું અને પછીથી કયું કરવું, તેનો વિચાર કરવામાં તું ઘણો કુશળ છે.[૮૬] જેથી હે માનદ ! મોટા અર્થવાળું તત્કાળ કરવાયોગ્ય જે કાર્ય હોય તે કરવાને તું યોગ્ય છે. હું તો તે સર્વ કાર્યોમાં અર્જુનના રક્ષણરૂપ કાર્યનેજ મોટું માનું છું. મને શ્રીકૃષ્ણનો શોક થતો નથી; કારણકે તે તો સર્વના રક્ષક છે અને જગતના પતિ છે. હે તાત ! તે પુરુષવ્યાઘ્ર, એકીસાથે આવેલા ત્રણેય લોકોને પણ જીતવાને સમર્થ છે. આ હું તને સત્ય કહું છું;[૮૭–૮૯] તો પછી અતિ દુર્બળ એવા આ કૌરવસૈન્યનો પરાજય કરે; તેમાં શું આશ્ચર્ય ? પણ હે યદુવંશી રાજા ! અનેક યોદ્ધાઓ એકત્ર થઇને જો એ અર્જુનને પીડી નાખે, તો કદાચ તે પ્રાણોનો ત્યાગ કરે; માટેજ હું તેનો શોક કરૂં છું. તારા જેવા મિત્રો જેમ પોતાના મિત્રની સહાય કરવામાટે જાય, તેમ તું પણ આ સમયે મારી પ્રેરણાથી એ અર્જુન જેવા મિત્રની સહાય કરવા માટે જા. યાદવવીરોમાં યુદ્ધની અંદર અતિરથી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે ગણાયેલા બે પુરુષો છે; એક તો મહાબાહુ પ્રદ્યુમ્ન અને બીજો યાદવોમાં પ્રખ્યાત એવો તું. ખરેખર ! તું અસ્ત્રો મૂકવામાં શ્રીકૃષ્ણ સરખો છે, બળમાં બળરામસરખો છે અને વીરતામાં પુરુષવ્યાઘ્ર અર્જુનસરખો છે. વળી સત્પુરુષો ભીષ્મ અને દ્રોણને છોડીને તને-પુરુષવ્યાઘ્રનેજ લોકની અંદર સર્વ યુદ્ધોમાં કુશળ કહે છે. હે માધવ ! વળી તેઓ કહે છે કે, સાત્યકિને આ લોકમાં કંઈ પણ અશક્ય નથી; માટે હે મહાબળવાન સાત્યકિ ! હું તને જે પ્રમાણે કહું છું, તે પ્રમાણે તું કર. આ સર્વ લોકને તથા અર્જુનને અને મને બન્નેને તારાં જ્ઞાન, કુળ, શીલ અને શાસ્ત્રવિષયમાં આસ્તિક્ય બુદ્ધિ રહેલી છે; માટે હે મહાબાહો ! તે બુદ્ધિને આ સમયે તું અન્યથા કરવાને યોગ્ય નથી, તેથી પોતાના પ્રિય પ્રાણોનો પણ ત્યાગ કરીને નિર્ભયની પેઠે તું રણમાં ઘૂમ.[૯૦-૯૭] હે શિનિપુત્ર ! યાદવો રણમાં કદીપણ પોતાના જીવિતની રક્ષા કરતા નથી. યુદ્ધ નહિ કરવું, રણમાં ઉભા નહિ રહેવું તથા રણમાંથી પલાયન કરવું-આ ભીરુ પુરુષોના દુષ્ટ માર્ગને યાદવો કદી સેવતા નથી. હે શિનિશ્રેષ્ઠ ! ધર્માત્મા અર્જુન તારો ગુરુ છે; તેમજ શ્રીકૃષ્ણ તારા તથા બુદ્ધિમાન અર્જુનના પણ ગુરુ છે. આ બન્ને કારણો તરફ લક્ષ્ય કરીનેજ હું તને આ બાબતમાં કહી રહ્યો છું.[૧૦૦] તારે મારાં આ વચનની અવગણના કરવી નહિ જોઇએ; કારણકે હું તારા ગુરુનો પણ ગુરુ છું. વળી જે હું તને કહી રહ્યો છું, તે વાસુદેવ તથા અર્જુનને પણ માન્ય છે. એ બધું મેં તને સત્યજ કહ્યું છે, માટે જ્યાં અર્જુન છે ત્યાં તું જા.

હે સત્યપરાક્રમી સાત્યકિ ! આ મારાં વચનને લક્ષ્યમાં લઇ તું આ દુષ્ટબુદ્ધિ દુર્યોધનના સૈન્યમાં પ્રવેશ કર અને તેમાં દાખલ થઇ મોટા મહારથીઓસામે ધસી જઇ, ન્યાય તથા યોગ્યતાપુરઃસર રણમાં પોતાનું પરાક્રમ કરી દેખાડ.”[૧૦૧-૧૦૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં ‘યુધિષ્ઠિરનું વાક્ય’ એ વિષયનો અધ્યાય ૧૧૦ મો સમાપ્ત

અધ્યાય ૧૧૧ મો

સાત્યકિનાં વચનો

॥ संजय उवाच ॥

प्रीतियुक्तं च हृद्यं च मधुराक्षरमेव च ।
कालयुक्तं च चित्रं च न्याय्यं यच्चापि भाषितम्॥

સંજયે કહ્યું:-હે ભરતશ્રેષ્ઠ ! એ રીતે પ્રેમયુક્ત, સુંદર, મધુર અક્ષરોવાળું, સમયને યોગ્ય, અદ્ભુત તથા કહેવાને માટે તદ્દન ન્યાયયુક્ત એવું ધર્મરાજાનું વાક્ય સાંભળીને શિનિશ્રેષ્ઠ સાત્યકિએ, યુધિષ્ઠિરપ્રત્યે આ પ્રમાણે કહ્યું:-[૧,૨] “હે અસ્ખલિત બુદ્ધિવાળા મહારાજા ! અર્જુનને માટે તમે જે ન્યાયયુક્ત, અદ્ભુત અને યશસ્કર વાક્ય કહ્યું, તે સર્વ મેં બરાબર સાંભળ્યું છે.[૩] આવા કટોકટીના સમયમાં મારા જેવાને પોતાના અનુરાગી સુહૃદતરીકે જોઇને હે રાજેન્દ્ર ! તમે જે રીતે અર્જુનને કહો તે રીતેજ મને કહેવાને પણ યોગ્ય છો. મારે અર્જુનને માટે કદી પણ પ્રાણોનું રક્ષણ કરવાનું નથી; અને વળી જ્યારે તમારી પ્રેરણા થઈ ત્યારે તો હું આ મહારણમાં શું ન કરૂં ? રે ! તમારી પ્રેરણા થતાં હું દેવો, અસુરો અને મનુષ્યોસહિત એવાં ત્રિભુવનસાથે જો યુદ્ધ કરૂં; તો પછી અતિ દુર્બળ એવા આ દુર્યોધનના સૈન્યસામે હું યુદ્ધ કરૂં એમાં શું આશ્ચર્ય ? હે રાજન્ ! હું યુદ્ધ કરીશ એટલુંજ માત્ર નહિ, પણ હું તમારી પાસે આ સત્ય કહું છું કે, હું આ રણમાં વિજય પણ મેળવીશ.[૪-૭] હે રાજન્ ! જયદ્રથ રાજાનું મરણ થતાં તુરત કુશળક્ષેમ રહેલા અર્જુનને સાથે લઇને કુશળક્ષેમ રહેલો હું તમારી પાસે પુનઃ આવી પહોંચીશ.[૮] પણ હે રાજા ! વાસુદેવે અને બુદ્ધિમાન અર્જુને જે કંઇ મને કહેલું છે, તે બધું મારે અવશ્ય તમને જણાવવું જ જોઇએ.[૯] સર્વ સૈન્યોના મધ્યમાં અને ભગવાન વાસુદેવના સાંભળતાં અર્જુને વારંવાર મને ઘણીજ ભલામણ કરી છે[૧૦] કે:-“ હે મધુવંશી સાત્યકિ ! યુદ્ધમાં આર્યબુદ્ધિ કરીને જ્યાંસુધી હું જયદ્રથનો વધ કરૂં, ત્યાંસુધીમાં તું બરાબર સાવધાન રહીને રાજા યુધિષ્ઠિરનું રક્ષણ કરજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મહાબાહો! તારા અથવા મહારથી પ્રદ્યુમ્નના રક્ષણતળે રાજાને મૂકીને હું નિશ્ચિંત થઇને જયદ્રથસામે જઇ શકું તેમ છું.[૧૧,૧૨] આ રણમાં કૌરવોમાં અતિશય શ્રેષ્ઠ મનાયેલા દ્રોણાચાર્યને તો તું જાણેજ છે. તેમણે આ રીતનો બધો માલો જોઇને યુધિષ્ઠિરને પકડવાની પ્રતિજ્ઞા કરી છે.[૧૩] ધર્મરાજાને પકડવામાટે દ્રોણાચાર્ય તલપી રહ્યા છે; અને વળી તેઓ યુધિષ્ઠિરરાજાને પકડવા સમર્થ પણ છે.[૧૪] આમ હોવાથી તારા રક્ષણતળે નરોત્તમ ધર્મરાજાને મૂકીને આજે હું જયદ્રથનો વધ કરવા જાઉં છું.[૧૫] હે સાત્યકિ! જયદ્રથનો વધ કરીને હું સત્વર આવીશ; પણ ત્યાંસુધીમાં દ્રોણાચાર્ય બળ કરીને પણ યુધિષ્ઠિરરાજાને જે કોઇ ઉપાયે ન પકડે તેવો ઉપાય તું કરજે;[૧૬] પણ હે સાત્યકિ! એટલું ધ્યાનમાં રાખજે કે, દ્રોણાચાર્ય જો રાજાને પકડી જશે તો જયદ્રથનો વધ પણ નહિ થાય તથા મારી તારાપર અપ્રીતિ થશે;[૧૭] એટલુંજ નહિ પણ સત્યવાદી પાંડવ યુધિષ્ઠિરરાજા જો પકડાશે, તો અવશ્ય અમારે પુનઃ વનમાંજ જવું પડશે.[૧૮] વળી રણમાં ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્ય જો યુધિષ્ઠિરરાજાને કેદ કરશે તો નિઃશંકમેં કરેલો આ વિજય પણ વ્યર્થ થઇ પડશે;[૧૯] માટે હે મહાબાહુ સાત્યકિ! તું આજે મારૂં પ્રિય કરવામાટે, મને વિજય અપાવવામાટે તથા મને યશ અપાવા માટે રાજા યુધિષ્ઠિરનું રણમાં રક્ષણ કરજે."[૨૦] આ પ્રમાણે હે યુધિષ્ઠિર રાજા! દ્રોણાચાર્યથી હમેશાં તમારા સંબંધે ડરીને ચાલતા અર્જુને તમને એક થાપણતરીકે મને સોંપેલા છે.[૨૧] હે મહાબાહુ! તે દ્રોણાચાર્યસામે યુદ્ધ કરી શકે તેવો એક પણ યોદ્ધો મને અહીં જોવામાં આવતો નથી. એક માત્ર રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન તેનીસામે લડી શકે તેવો છે, પણ તે તો અહીં હાજર નથી.[૨૨] અર્જુન બુદ્ધિમાન આચાર્યસામે યુદ્ધમાં ઉભો રહી શકે તેવો મને પણ માને છે, તો એ પ્રમાણેની મારા તરફથી અર્જુનની આસ્તિક્ય બુદ્ધિને તથા તે મારા ગુરુનાં વચનને લક્ષ્યમાં નહિ લેવા હું ઉત્સાહ કરતો નથી; અને તેથીજ હે રાજા! હું તમારો ત્યાગ કરી શકું તેમ નથી. વળી તમે વિચાર કરો કે, આચાર્યનો હાથ ઝડપદાર છે અને તે પોતે પણ અભેદ્ય કવચથી ઢંકાયેલા છે;[૨૩,૨૪] અને હું જો અહીંથી ચાલ્યો જઇશ તો તે આચાર્ય, રણમાં તમને ભેટીને, બાળક જેમ રમકડાંના પક્ષી જોડે ક્રીડા કરે, તેમ તમારી સાથે ક્રીડા કરશે. જો કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન હાથમાં ધનુષ્ય લઇને અહીં રણમાં હાજર હોત, તો હું તેને તમારી સોંપણી કરત; કારણકે અર્જુનની પેઠેજ તે તમારૂં રક્ષણ કરી શકે તેવો છે. જો હું અહીંથી અર્જુનતરફ જાઉં, તો તમે પોતેજ જો તમારૂં રક્ષણ કરો તો બને તેમ છે. બાકી તો તેવો કયો યોદ્ધો છે કે જે હું જ્યારે અર્જુનપાસે જાઉં ત્યારે દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા જાય? બીજું વળી હે રાજા! આજે તમે અર્જુનવિષે ભય ન રાખો; કારણ કે તે મહાબાહુ ગમે તેટલો ભાર ઉપાડવા છતાં કદી થાકે તેમ નથી. સૌવીરકો, સૈંધવો, પૌરવો, ઉત્તર તરફના યોદ્ધાઓ, દક્ષિણ તરફના યોદ્ધાઓ અને બીજા રથીયોદ્ધાઓ તથા કર્ણ આદિ જે મહારથીઓ છે, તેઓ બધા પણ કોપાયમાન થયેલા અર્જુનની સોળમી કળાને પણ પહોંચી વળે તેમ નથી. રે! વધારે તો શું; પણ દેવો, અસુરો, મનુષ્યો, રાક્ષસો, કિન્નરો તથા મોટા મોટા સર્પોસહિત આખી પૃથ્વી અને સ્થાવર કે જંગમ સર્વ પ્રાણીઓ પણ જો કદાચ અર્જુન સામે યુદ્ધ કરવા સજ્જ થાય, તોપણ તેઓ અર્જુનને પહોંચી શકે તેમ નથી. આમ સમજીને પણ તમે અર્જુનવિષેના ભયને દૂર કરો. વળી જે સ્થળે સત્ય પરાક્રમવાળા અને મહાધનુર્ધર એવા અર્જુન તથા શ્રીકૃષ્ણ છે, તે સ્થળે કાર્યમાં કોઇ રીતે પણ વિપત્તિ આવતી નથી; તેમજ તમે તમારા ભાઈનાં દૈવીપણાનો, અસ્ત્રકુશળપણાનો, અમર્ષનો, કૃતજ્ઞતાનો તથા દયાનો લગાર વિચાર તો કરો! હે રાજા! હું અહીંથી જેવો ખસ્યો અને અર્જુન તરફ ગયો કે તુરત દ્રોણાચાર્ય તરેહ તરેહનાં અસ્ત્રોનો યુદ્ધમાં ઉપયોગ કરશે, તેનો પણ તમે વિચાર કરો. હે રાજા! આચાર્ય તમને પકડવામાટે અત્યંત તલસી રહ્યા છે; અને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞાની રક્ષા કરવામાટે તથા તે સત્ય કરવા માટે ઘણા આતુર છે, જેથી આજે તમે પોતેજ તમારૂં રક્ષણ કરો તો બની શકે તેમ છે;બાકી તો મારા ગયા પછી તમારૂં રક્ષણ કરે તેવો કયો યોદ્ધો છે ? કે જેના વિશ્વાસે હું અર્જુનના પ્રત્યે જઇ શકું; માટે હે મહારાજ ! આ મહારણમાં હું તમને કોઇને સોંપ્યાવિના કદી પણ જઇશ નહિ. એ હું તમને સત્ય કહું છું. હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ રાજા ! આ મારા કથનનો બુદ્ધિસાથે ખૂબ વિચાર કરીને તથા પોતાનું પરમ શ્રેય જોઇને પછીથીજ મને તમે આજ્ઞા કરો."[૨૫-૩૯]

તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું:-"હે મહાબાહો સાત્યકિ ! તું જે કહે છે તે તેમજ છે, પણ મારૂં મન અર્જુનની ચિંતામાંથી મુક્ત થતું નથી. મને તેના કુશળક્ષેમસંબંધી સંશય રહે છે. હું મારૂં રક્ષણ કરવાનો પરમ યત્ન કરીશ; માટે મારી આજ્ઞા પ્રમાણે તું તો જે સ્થળે અર્જુન ગયો છે, ત્યાંજ જા.[૪૧] મારૂં પોતાનું સંરક્ષણ અને અર્જુનપ્રત્યે તારૂં ગમન, આ બન્ને કાર્યોનો બુદ્ધિસાથે વિચાર કરીને મેં પોતે અર્જુનપ્રત્યે તારૂં ગમનજ પસંદ કર્યું છે;[૪૨] માટે તું જે સ્થળે અર્જુન ગયો છે તે સ્થળે પ્રયાણ કરવામાટે તૈયાર થા. અહીં મહાબળવાન ભીમસેન મારૂં રક્ષણ કરશે.[૪૩] વળી પોતાના ભાઇઓસહિત પૃષતપુત્ર ધૃષ્ટદ્યુમ્ન, બીજા કેટલાએક મહાબળવાન રાજાઓ અને દ્રૌપદીના પુત્રો મારૂં રક્ષણ કરશે, એમાં કિંચિત્ પણ સંશય નથી;[૪૪] તેમજ પાંચ કેકયભાઇઓ, રાક્ષસ ઘટોત્કચ, વિરાટ, દ્રુપદ, મહારથી શિખંડી, બળવાન ધૃષ્ટકેતુ, મામા કુંતિભોજ, નકુલ, સહદેવ, પાંચાલો તથા સૃંજયો-આ બધા યોદ્ધાઓ એકત્ર થઇને મારૂં રક્ષણ કરશે, એમાં સંશય નથી. આ રણમાં સૈન્યસહિત દ્રોણાચાર્ય તથા કૃતવર્મા મારીસામા ધસારો કરી શકશે નહિ તેમ મને પકડી શકશે પણ નહિ; કારણ કે કિનારો જેમ સમુદ્રને ખાળી રાખે, તેમ આ શત્રુતાપન ધૃષ્ટદ્યુમ્ન, ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્યને યુદ્ધમાં આગળ વધતા અટકાવી રાખશે. શત્રુવીરોનો સંહાર કરનાર ધૃષ્ટદ્યુમ્ન જે સ્થળે ઉભો રહેશે, તે સ્થળે દ્રોણાચાર્ય કે તેનું બળવાન સૈન્ય કોઇ રીતે પણ આગળ વધી શકે તેમ નથી. આ ધૃષ્ટદ્યુમ્ન ખાસ દ્રોણનો નાશ કરવામાટેજ કવચ, બાણ, તરવાર, ધનુષ્ય અને ઉત્તમ આભૂષણો સાથે અગ્નિમાંથી ઉત્પન્ન થયો છે; માટે હે શિનિકુમાર ! તું મારી ચિંતા ન કર અને નિરાંતે અર્જુન તરફ જા. આ ધૃષ્ટદ્યુમ્ન કોપેલા દ્રોણને આગળ વધતા અટકાવીરાખશે."

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'યુધિષ્ઠિર અને સાત્યકિનું વાક્ય' એ વિષયનો અધ્યાય ૧૧૧ મો સમાપ્ત

અધ્યાય ૧૧૨ મો

સાત્યકિનો કૌરવસેનામાં પ્રવેશ

॥ संजय उवाच ॥

धर्मराजस्य तद्वाक्यं निशम्य शिनिपुंगवः ।
स पार्थाद्भयमाशंसन् परित्यागान्महीपतेः ॥

સંજયે કહ્યું:-ધર્મરાજાનું તે વાક્ય સાંભળ્યા પછી શિનિશ્રેષ્ઠ સાત્યકિને યુધિષ્ઠિર રાજાનો ત્યાગ કરવાથી અર્જુન તરફના ભયની તથા વિશેષે કરીને લોકો તરફના "સાત્યકિ ડરી ગયો" એ રીતના અપવાદની વિચારણા થવા લાગી; અને તેથી તે મનમાં ને મનમાં બોલ્યો કે, "મને લોકો કહેશે કે, તું અર્જુન તરફ જતાં કૌરવસેનાથી ભયભીત થઈ ગયો છે."[૧,૨] આ પ્રમાણે કેટલોએક વિચાર કર્યા પછી મનમાં દૃઢ નિશ્ચય કરી યુદ્ધદુર્મદ અને પુરુષશ્રેષ્ઠ તે સાત્યકિએ ધર્મરાજાપ્રત્યે આ પ્રમાણે કહ્યું:-"હે રાજા ! તમે તમારૂં રક્ષણ કરાયેલું માનતા હો તો હવે તમારૂં કલ્યાણ થાઓ. હું અર્જુન તરફ જવા તૈયાર છું અને તમારૂં વચન સંપૂર્ણ પાળીશ.[૩,૪] હે રાજન્ ! આ ત્રણેય લોકમાં અર્જુનના કરતાં અતિશય પ્રિય મને કોઇ નથી, એ હું તમને સત્ય કહું છું. હે માન આપનારા રાજા ! તમારી આજ્ઞા પ્રમાણે હું અર્જુનના માર્ગે જાઉં છું. તમારેમાટે મને કંઈ પણ અકર્તવ્ય છેજ નહિ.[૫,૬] હે મનુષ્યોમાં શ્રેષ્ઠ રાજા ! જે પ્રમાણે મારા ગુરુનું વાક્ય મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્ય છે, તે પ્રમાણેજ તમારૂં વચન પણ મને અતિ માન્ય છે.[૭] હે ઉત્તમ રાજા! તમારા ભાઈ શ્રીકૃષ્ણ અને અર્જુન હમેશાં તમારૂં પ્રિય કરવામાંજ પ્રવર્તે છે; અને હું પણ સદા તેઓનું પ્રિય કરવાનોજ યત્ન કરી રહેલો છું, એમ તમારે જાણવું.[૮] હે પ્રભો! તમારી આજ્ઞાને મસ્તકપર ચઢાવી હું અર્જુનપ્રત્યે જાઉં છું અને આ દુર્ભેદ્ય સૈન્યને હરોળમાંથી તોડી નાખું છું. હે રાજન્! કોપેલો મહામત્સ્ય જેમ સમુદ્રમાં પ્રવેશ કરે, તેમ હું દ્રોણાચાર્યના સૈન્યમાં આ ઘગલે પ્રવેશ કરૂં છું; અને જે સ્થળે રાજા જયદ્રથ છે, તે સ્થળે ચાલ્યો જાઉં છું.[૯,૧૦] અશ્વત્થામા, કર્ણ, કૃપાચાર્ય આદિ મહારથીઓના રક્ષણતળે રહેલો જયદ્રથરાજા પાંડવોથી ભયભીત થઇને મોટી સેનાસહિત જે સ્થળે ઉભો છે, તે સ્થળ અહીંથી લગભગ ત્રણ યોજન દૂર છે,એમ હું માનું છું; અને હે રાજા! જયદ્રથનો વધ કરવા સજ્જ થયેલો અર્જુન જે સ્થળે ઉભો છે, તે સ્થળ પણ અહીંથી ત્રણ યોજન જેટલુંજ દૂર છે; ત્યાં હું મારા અંતરાત્માને દૃઢ કરીને સિંધુરાજાનો વધ થયા પહેલાંજ જઇ પહોંચીશ.[૧૧-૧૩] કયો મનુષ્ય ગુરુની આજ્ઞાવિના યુદ્ધ કરે? અને ગુરુની આજ્ઞા થતાં મારા જેવો કયો પુરુષ યુદ્ધ ન કરે?[૧૪] હે રાજા! જે પ્રદેશમાં હું જવા ધારૂં છું, તે પ્રદેશ મારા બરાબર જાણવામાં છે. હળ, શક્તિ, ગદા, ભાલાં, ઢાલ, તરવાર, ઋષ્ટિ, તોમરો અને ઉત્તમોત્તમ ધનુષ્યોથી ભરપૂર એવો સૈન્યસાગર ત્યાં ઉછળી રહ્યો છે; પણ જરૂર હું તેને ખળભળાવી દઇશ. વળી જે આ હજારો હાથીઓનું સૈન્ય તમારા જોવામાં આવે છે, તે અંજનક કુલતરીકે પ્રસિદ્ધ છે. હે રાજન્! તે સર્વ હાથીઓપર યુદ્ધ કરવામાં કુશળ અને સચોટ પ્રહારમાં પ્રવીણ એવા ઘણા મ્લેચ્છ યોદ્ધાઓ બેઠા છે. વળી તે હાથીઓ નિરંતર મદને ઝરતા હોવાથી કાળા મેઘોસરખા દેખાય છે. તેઓના માવતોની જ્યારે પ્રેરણા થાય છે, ત્યારે તેઓ કદી પાછા ફરતા નથી. હે રાજન્! તેઓના હાથીઓનો નાશ કર્યાવિના જય કરવો મુશ્કેલ છે. હે રાજન્! વળી જે આ એકહજાર રથી યોદ્ધાઓને તમે જુઓ છો, તેઓ બધા સુવર્ણના રથવાળા મહારથી રાજપુત્રો છે. તેઓ બધા અસ્ત્રવિદ્યામાં કુશળ છે અને હાથીઓ તથા રથોપર સારી રીતે સ્વારી કરી જાણે છે; એટલુંજ નહિ પણ તેઓ ધનુર્વેદમાં પારંગત છે, મુષ્ટિયુદ્ધમાં નિપુણ છે, જાત જાતનાં ગદાયુદ્ધોને જાણનારા તથા યુદ્ધકુશળ પણ છે. વળી તેઓ તરવારોના પ્રહાર કરવામાં તથા હાથમાં ઢાલતરવાર લઇને પટ્ટા ખેલવામાં પણ ઘણા પ્રવીણ છે. શૂરવીર, વિદ્યાસંપન્ન એવા તે કુમારો, નિત્ય અન્યોન્યની સ્પર્ધા કરનારા તથા યુદ્ધમાં મનુષ્યોપર વિજય મેળવવાની ઇચ્છા રાખનારા છે. હે રાજન્! કર્ણે તેઓને સારી રીતે તૈયાર કરેલા છે અને તેઓ હમેશાં દુઃશાસનને અનુસરનારા છે. વાસુદેવ પણ આ રાજપુત્રોની મહારથીઓતરીકે પ્રશંસા કરે છે. કર્ણનું નિરંતર પ્રિય કરવાની ઇચ્છાવાળા તેઓ, તેના તાબામાં રહેલા છે. હે રાજા! કર્ણનાં વચનપરથીજ તેઓ અર્જુનપાસે ન જતાં પાછા ફર્યા છે, માટે તેઓ યુદ્ધ કરતાં લગારે ગ્લાનિ પામ્યા નથી તેમ થાક્યા પણ નથી. તેઓનાં કવચો તથા ધનુષ્યો ઘણાં દૃઢ છે. અવશ્ય દુર્યોધનની આજ્ઞા પ્રમાણે તેઓ મારે માટેજ સામા ઉભા છે. હે કુરુવંશી રાજા! તમારૂં પ્રિય કરવામાટે સંગ્રામમાં એઓનો સંહાર કર્યા પછી હું અર્જુનના માર્ગ તરફ પ્રયાણ કરીશ. વળી હે રાજન્! બીજા આ સાતસોની સંખ્યા જેટલા જે હાથીઓ તમારા જોવામાં આવે છે, તેઓ બધા પણ કવચને ધારણ કરનારા છે અને તેઓનાપર ભીલો સ્વાર થઇને બેઠેલા છે. પૂર્વે ભીલરાજા જ્યારે અર્જુનના સપાટામાં આવ્યો હતો, ત્યારે તેણે પોતાના જીવિતની ઇચ્છા કરીને અર્જુનને સારી રીતે શણગારેલા કેટલાએક હાથીઓ તથા અનુચરો આપ્યા હતા. હે રાજન્! આ બધા પ્રથમ તમારૂંજ દૃઢ કાર્ય કરનારા દાસ હતા. તેના તેજ આજે તમારીસામા યુદ્ધ કરવા ઇચ્છે છે; માટે તમે જુઓ તો ખરા, કે સમયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલો બધો ફેરફાર થઇ ગયો છે! આ હાથીઓના માવતો બધા ભીલજાતિના છે, તેઓ યુદ્ધમાં ઘણા મદોન્મત્ત છે, હસ્તિશિક્ષાને જાણનારા છે તથા સર્વે અગ્નિમાં ઉત્પન્ન થયા છે. આ બધાને અર્જુને સંગ્રામમાં જીતી લીધા હતા; પણ આ સમયે દુર્યોધનની આજ્ઞાને વશ થઇને તમારીસામે યુદ્ધ કરવા સજ્જ થયા છે. હે રાજા! આ બધા યુદ્ધદુર્મદ ભીલોને બાણોથી મારી નાખીને હું જયદ્રથનો વધ કરવા સજ્જ થયેલા અર્જુન તરફ ચાલ્યો જઇશ.[૧૫-૩૩]

વળી આ તરફ જરા દૃષ્ટિ કરો. આ જે મોટા મોટા હાથીઓ દેખાય છે તેઓ બધા *અંજનવંશમાં ઉત્પન્ન થયા છે, સારી રીતે શિક્ષિત થયેલા છે, તેઓના મુખપર ગંડસ્થળમાંથી ઝરતી મદધારાઓ વહી રહી છે, સર્વને તદ્દન સુવર્ણનાં કવચો પહેરાવીને સારી રીતે શણગારવામાં આવ્યા છે. હે રાજન્! રણમાં તેઓ લક્ષ્ય તરફ બરાબર ધસનારા છે અને યુદ્ધમાં ઇંદ્રના ઐરાવત હાથીસરખું કામ કરી દેખાડનારા છે. તેઓનાપર ઉત્તર તરફના હિમાચલ પર્વતમાંથી આવેલા, લૂંટારા અને યુદ્ધમાં અતિતીક્ષ્ણ એવા યોદ્ધાઓ બેઠા છે. તેઓ શરીરે કઠોર, લોખંડી કવચો ધારણ કરનારા તથા યુદ્ધમાં અતિકુશળ છે. તેઓમાં કેટલાએક વસિષ્ઠઋષિની કામધેનુમાંથી ઉત્પન્ન થયા છે, કેટલાએક વાનરજાતિમાંથી ઉત્પન્ન થયા છે, કેટલાએક મનુષ્યોમાંથી ઉત્પન્ન થયા છે તથા બીજા કેટલાએક તો જૂદીજૂદી અનેક જાતોમાંથા ઉત્પન્ન થયા છે. હિમાલયના દુર્ગપ્રદેશમાં વસનારા આ પાપકર્મી મ્લેચ્છોનું એકત્ર થયેલું સૈન્ય ધૂમાડાસમાન રંગનું દૂરથી દેખાય છે. દુર્યોધન, આ સમગ્ર રાજમંડળને મેળવી લઇને કૃપાચાર્ય, ભૂરિશ્રવા, રથીશ્રેષ્ઠ દ્રોણાચાર્ય, સિંધુરાજ જયદ્રથ તથા કર્ણનો આશ્રય કરીને પાંડવોનું અપમાન કરી રહ્યો છે અને કાળથી પ્રેરાઇને પોતાને કૃતાર્થ માની રહ્યો છે; પણ હે કુંતાપુત્ર! તેઓ બધા આજે મારાં બાણોના ઝપાટામાં આવી પડીને છૂટવાના નથી. ભલે પછી તેઓ મનસમાન વેગવાળા કદાચ હોય! બીજાઓના વીર્યપર જીવી રહેલા દુર્યોધને આ બધાને માનવંતા કર્યા છે; પરંતુ તેઓ આજે મારાં અનેક બાણોથી પીડાઇને વિનાશ પામશે.

હે રાજન્! આ તરફ જેઓ સુવર્ણના ધ્વજવાળા રથીઓ જોવામાં આવે છે, તેઓ બધા જો તમારા સાંભળવામાં આવ્યા હોય તો દુર્વારણ નામના કાંબોજ યોદ્ધાઓ છે. તેઓ શૂરા, વિદ્યાસંપન્ન અને ધનુર્વેદમાં નિષ્ણાત છે. તેઓ એકત્ર થઇને અન્યોન્યનું અત્યંત હિત ઇચ્છનારા છે. હે ભરતવંશી રાજા! કૌરવોના વીરયોદ્ધાઓના રક્ષણતળે રહેલી દુર્યોધનની અક્ષૌહિણી સેનાઓ ક્રોધ કરીને મારેમાટે સજ્જ થઇ ઉભી છે; અને હે મહારાજ! પ્રમાદ રાખ્યાવિના તેઓ મારી સામેજ આવી ચઢી છે.[૩૩-૪૫] પણ અગ્નિ જેમ ઘાસને બાળી ભસ્મ કરી નાખે, તેમ હું તેઓ સર્વનો નાશ કરી નાખીશ; માટે હે રાજા! શાસ્ત્રોક્ત વિધિએ રથને સજ્જ કરનારા અનુચરો મારા રથમાં સર્વ ભાથાંઓને તથા સર્વ લડાયક સાધનોને મૂકે તેમ કરો. અવશ્ય આ લડાઇમાં દરેકે દરેક જાતનાં શસ્ત્રો સાથે લેવાં જોઇએ; કારણકે યુદ્ધકુશળ આચાર્યોએ ઉપદેશ કરેલો છે કે, રથને પાંચગણી સામગ્રીવાળો કરવો જોઇએ. હું અહીંથી નીકળી પ્રથમ સર્પસમાન તીક્ષ્ણ ઝેરવાળા કાંબોજ યોદ્ધાઓ સાથે ભેટો કરીશ. તેઓ બધા અનેક જાતનાં શસ્ત્રોના સમુદાયવાળા હોઇને વિવિધ આયુધોથી યુદ્ધ કરનારા છે. ત્યારપછી વિષસમાન સચોટ પ્રહાર કરનારા તથા દુર્યોધનનું હિત ઇચ્છનારા ભીલોની સામે ભેટો કરીશ. તેઓ બધાને રાજા દુર્યોધને નિરંતર ઘણા લડાવેલા છે.

* અંજનવંશમાં જન્મેલા હાથીઓના સંબંધમાં નીલકંઠ લખે છે:-

स्निग्धनीलांबुदप्रख्या बलिनो विपुलैः करैः ।
सुविभक्तमहाशीर्षाः करिणोऽजनवंशजाः ॥

અંજનવંશમાં જન્મેલા હાથીઓનાં શરીરો લીસાં હોય છે, રંગે તેઓ શ્યામ મેઘસરખા હોય છે. તેઓ શરીરે બળવાન, મોટી સૂંઢોવાળા તથા સ્પષ્ટ રીતે જૂદાં દેખાતાં મોટાં મોટાં મસ્તકોવાળા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી ઇંદ્રતુલ્ય પરાક્રમવાળા શક યોદ્ધાઓને મારે મળવું પડશે. તેઓ બધા અગ્નિસમાન પ્રદીપ્ત અને દુરાધર્ષ છે. ઉપરાંત વળી હે રાજા! કાળસમાન અજિત એવા અનેક બીજા યુદ્ધદુર્મદ યોદ્ધાઓ સામે રણમાં હું જોડાઇશ; માટે પ્રસિદ્ધ અને શુભ લક્ષણવાળા ઉત્તમ ઘોડાઓને પૃથ્વીપર વારંવાર આળોટાવીને તથા પાણી પાઇને મારા રથમાં જોડાવો."

સંજયે કહ્યું:-સાત્યકિએ જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે રાજા યુધિષ્ઠિરે તેના રથમાં સર્વ ભાથાંઓને, લડાયક સાધનોને તથા અનેક જાતનાં શસ્ત્રોને મૂકાવ્યાં. તે પછી સર્વ પ્રકારે યોગ્ય એવા સુંદર ચાર ઘોડાઓને સેવકોએ પૃથ્વીપર આળોટાવીને મદની વૃદ્ધિ કરનારૂં સ્વાદિષ્ટ પીણું પાયું અને નવરાવી, ચંદી ખવડાવીને સારી રીતે શણગાર્યા તથા શરીરમાંથી બાણો ખેંચી કાઢીને સુવર્ણની માળાઓ તેઓને પહેરાવી. આ પછી સુવર્ણસમાન કાંતિવાળા, સારી રીતે કેળવાયલા, શીઘ્ર ગતિથી ચાલનારા, હર્ષિત મનવાળા અને અવ્યગ્ર એવા તે ઘોડાઓને વિધિ પ્રમાણે રથમાં જોડાવ્યા. સાત્યકિનો રથ સુવર્ણમય કેશવાળીવાળા સિંહના ચિહ્નવાળા મહાધ્વજથી શોભતો હતો. તેની આસપાસ મણિ અને પરવાળાંઓથી અદ્‌ભુત એવા સુવર્ણના સળીયાઓ જડેલા હતા. વાદળસમાન શ્વેત રંગની પતાકાઓથી તે રથ દીપતો હતો. અંદર સુવર્ણના દાંડાવાળું શ્રેષ્ઠ છત્ર ધરવામાં આવ્યું હતું તથા અનેક શસ્ત્રોનો સમૂહ તેમાં ગોઠવ્યો હતો. દારુકના નાના ભાઇ તથા સાત્યકિના પ્રિય મિત્ર અને સારથિએ સુવર્ણના અલંકારોથી શોભતા તે ઘોડાઓને વિધિ પ્રમાણે રથમાં જોડયા; અને પછી માતલિ જેમ ઇંદ્રની પાસે રથ રજુ કરે, તેમ તે સારથિએ જોડેલા રથને સાત્યકિ પાસે રજુ કર્યો.[૪૬-૬૦] તે વેળા સાત્યકિએ સ્નાન કરી, પવિત્ર થઇ કૌતુકમંગલ ધારણ કર્યાં અને એક હજાર સ્નાતક બ્રાહ્મણોને સોનામહોરોનું દાન દીધું; એટલે તે બ્રાહ્મણોએ શ્રીમાનોમાં શ્રેષ્ઠ એવા તે સાત્યકિને કેટલાએક આશીર્વાદો આપ્યા. પછી મધુપર્કને યોગ્ય એવા તેણે કૈલાતક જાતની મદિરાનું પાન કર્યું, તેથી મદથી વિહ્વલ નેત્રવાળો તથા લાલચોળ દૃષ્ટિવાળો તે સાત્યકિ રણભૂમિપર દેદીપ્યમાન દેખાવા લાગ્યો. તે પછી મોટા હર્ષમાં આવી જઈ, વીર કાંસાના પાત્રનો સ્પર્શ કરી રથીઓમાં શ્રેષ્ઠ એવા તે સાત્યકિએ બાણસહિત ધનુષ્યને ખોળામાં લીધું. એ વેળા એના તેજમાં બમણો વધારો થયો હતો તથા અગ્નિસમાન તે પ્રજ્વલિત દેખાતો હતો. પછી તેણે બ્રાહ્મણોદ્વારા સ્વસ્તિવાચન કર્યું, કવચ પહેર્યું તથા અલંકારો ધારણ કર્યાં. કન્યાઓએ ડાંગર, ચંદન તથા પુષ્પોની માળાઓ હાથમાં લઇને તેને અભિનંદન આપ્યું.[૬૧-૬૫] એ રીતનાં બધાં માંગલિક કૃત્યો કરી લીધા પછી સાત્યકિએ હાથ જોડીને યુધિષ્ઠિરનાં ચરણોમાં વંદન કર્યું; એટલે રાજા યુધિષ્ઠિરે પણ તેનું મસ્તક સુંઘ્યું અને પછીથી તે પોતાના મોટા રથપર બેઠો,[૬૬] કે તુરત વાયુસમાન વેગવાળા અને હૃષ્ટપુષ્ટ એવા તેના અજિત ઘોડાઓ, જયશીલ એ સાત્યકિને રણમાં વહી જવા લાગ્યા. તે સમયે ભીમસેન પણ ધર્મરાજા યુધિષ્ઠિરને વંદન કરી સાત્યકિસામે જવા લાગ્યો.[૬૭,૬૮]

શત્રુઓનું દમન કરનારા તે બન્ને વીરોને પોતાની સેનામાં પ્રવેશ કરવાની ઇચ્છાથી આવતા જોઇ દ્રોણાચાર્ય આદિ તમારા પક્ષના યોદ્ધાઓ બરાબર સજ્જ થઇને ઉભા રહ્યા;[૬૯] પણ આ બાજુથી યુદ્ધ કરવા તૈયાર થઈ પાછળ આવતા ભીમસેનને જોઇને વીર સાત્યકિ, તેને અભિનંદન આપી હર્ષકારક વચન કહેવા લાગ્યો:- "હે ભીમસેન! તમે ધર્મરાજાનું રક્ષણ કરો. આજને માટે તમારૂં એ મહાન કાર્ય છે. મારે વાસ્તે તમારે અંદર આવવાની અગત્ય નથી; કારણ કે કાળનેલીધે પરિપક્વ દશાએ આવી પહોંચેલા આ કૌરવસૈન્યને હરોળમાંથી તોડી નાખીને હું સહેજમાં અંદર દાખલ થઈ જઇશ. ધર્મરાજાનું રક્ષણ કરવું તેજ વર્તમાનસમયે તથા પરિણામે શ્રેયસ્કર છે. હે શત્રુદમન વીર! તમે મારૂં પરાક્રમ તો જાણો છો અને હું તમારૂં પરાક્રમ જાણું છું;[૭૨] માટે હે ભીમસેન! તમે જો મારૂં પ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા ઇચ્છતા હો તો અહીંથી પાછા ફરો." સાત્યકિએ જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે ભીમસેન તેનાપ્રત્યે બોલ્યોઃ-"બહુ સારૂં, તમે તમારૂં કાર્ય સિદ્ધ કરવા જાઓ. હે પુરુષશ્રેષ્ઠ! હું રાજાનું રક્ષણ કરીશ."

ભીમસેનનાં સંતોષજનક વચન સાંભળી સાત્યકિએ પુનઃ તેનાપ્રત્યે કહ્યુંઃ—"હે પાર્થ! તમે જાઓ, જલદી જાઓ. અવશ્ય આજે મારો ચોક્કસ વિજય થશે; કારણ કે ગુણોમાં અનુરક્ત એવા તમે આજે મારાં કથનને અનુસર્યા છો એજ નિમિત્તો મને વિજયસૂચક લાગે છે. મહાત્મા અર્જુન,સિંધુરાજાનો વધ કરશે કે તુરત અહીં આવીને હું ધર્માત્મા રાજા યુધિષ્ઠિરને ભેટીશ."૭૧-૭૭ એટલું કહીને મહાયશસ્વી સાત્યકિ, ભીમસેનથી છૂટો પડયો અને વ્યાઘ્ર જેમ મૃગોનાં ટોળાંઓ સામે જુએ, તેમ તમારા સૈન્યને જોવા લાગ્યો.૭૮ હે રાજન્! એ રીતે અંદર પ્રવેશ કરવા ઇચ્છતા તે સાત્યકિને જોઇને તમારૂં સૈન્ય મૂઢ થઇને અત્યંત કંપવા લાગ્યું;૭૯પણ હે રાજા! તે સાત્યકિ તો ધર્મરાજાની આજ્ઞા પ્રમાણે અર્જુનને મળવામાટે એકદમ તમારા સૈન્યસામે પ્રયાણ કરી ગયો.૮૦

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સાત્યકિનો યુદ્ધમાં પ્રવેશ' એ વિષયનો અધ્યાય ૧૧૨ મો સમાપ્ત

અધ્યાય ૧૧૩ મો

સાત્યકિને કૃતવર્માનો ભેટો

॥ संजय उवाच ॥

प्रयाते तव सैन्यं तु युयुधाने युयुत्सया ।
धर्मराजो महाराज सेनानीकेन संवृतः ॥१॥

સંજયે કહ્યુંઃ-હે મહારાજ! સાત્યકિ, યુદ્ધ કરવાની ઇચ્છાથી તમારા સૈન્યસામે જ્યારે પ્રયાણ કરી ગયો; ત્યારે ધર્મરાજા સાત્યકિની પાછળ પડેલા દ્રોણાચાર્યના રથને પહોંચી વળવા પોતાના સૈન્યથી વિંટાઇને ચાલી નીકળ્યા હતા. તે વેળા યુદ્ધમાં મદોન્મત્ત એવો પાંચાલરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તથા રાજા વસુદાન પાંડવોના સૈન્યમાં મોટો ઘાંટો પાડીને કહેવા લાગ્યાઃ-"હે વીર યોદ્ધાઓ! આવો, જલદી દોડી આવો અને શત્રુઓપર પ્રહાર કરો, જેથી યુદ્ધદુર્મદ સાત્યકિ, સુખેથી શત્રુસેનામાં દાખલ થઈ જાય. જુઓ, પેલા શત્રુપક્ષના મહારથીઓ આ સાત્યકિનો પરાજય કરવા મથી રહ્યા છે." આમ બોલતા તે સર્વ મહારથીઓ વેગપૂર્વક શત્રુઓસામે ધસી ગયા. અમે બધા પણ વિજય મેળવવાની ઇચ્છાથી તેઓસામે ધસી ગયા. તે સમયે સાત્યકિના રથસામે મહાન શબ્દ થઇ રહ્યો હતો. હે મહારાજ! તમારા પુત્રની સેનાને સાત્યકિએ સેંકડો સ્થળેથી તોડી નાખી; જેથી તે વીખરાઈ જઇને આમતેમ દોડવા લાગી. એ રીતે જ્યારે તે સેનામાં ભંગાણ પડયું, ત્યારે મહારથી સાત્યકિએ સૈન્યના મોખરામાંજ સાત મહાધનુર્ધર વીરોને પટકી પાડયા. હે રાજેન્દ્ર! એ સિવાયના બીજા કેટલાએક વીર રાજાઓને પણ તેણે અગ્નિસમાન પ્રજ્વલિત બાણો મારી મારીને યમલોકમાં મોકલી દીધા. સાત્યકિ એક બાણથી સોને તથા સો બાણથી એકને એમ વિંધીજ નાખતો હતો. રુદ્રદેવ જેમ પશુઓને મારે તેમ તેણે હાથીસ્વારોને,હાથીઓને, ઘોડેસ્વારોને, ઘોડાઓને તથા ઘોડા અને સારથિઓસહિત રથીઓને મારવાજ માંડયા. એ રીતે અદ્ભુત કર્મ કરીને બાણોની ધારાને વરસાવતા સાત્યકિ સામે તમારા સૈનિકોમાંથી કોઇ પણ યુદ્ધ કરવા દોડતો ન હતો.૧-૧૧મહાબાહુ સાત્યકિએ તેઓને એટલા બધા ફેંદી નાખ્યા, એટલા બધા છિન્નભિન્ન કરી નાખ્યા તથા એટલા બધા ભયભીત કરી મૂક્યા,કે જેથી તે વીર યોદ્ધાઓ અતિ અભિમાની તે સાત્યકિને જોઇનેજ રણમાંથી પલાયન કરી ગયા.૧૨ તે સાત્યકિના તેજથી મોહિત થયેલા યોદ્ધાઓ તેને એકલાને પણ અનેક જેવો જોતા હતા. હે રાજન્! જોતજોતામાં તો ભાંગી પડેલા માળાવાળા છિન્ન ભિન્ન થયેલા રથોથી, વીખરાઇ પડેલાં પૈડાંઓથી, પાડી નાખેલાં છત્રો તથા ધ્વજોથી રથના નીચેના ભાગનાં લાકડાંઓથી, પતાકાઓથી, સુવર્ણથી મઢેલા માથે પહેરવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોપોથી, ચંદનથી ખરડાયેલા બાજુબંધવાળા બાહુઓથી તથા હાથીની સૂંઢસમાન આકારના અને સર્પનાં શરીરસમાન દેખાવના મનુષ્યોના ઉરૂઓથી તે રણભૂમિ છવાઇ ગઇ. બળદસમાન વિશાળ નેત્રોવાળા યોદ્ધાઓનાં ચંદ્રસમાન કાંતિવાળાં તથા સુંદર કુંડળોને ધારણ કરનારાં કપાઈ પડેલાં મુખોથી તે ભૂમિ ઘણી શોભતી હતી. કપાઇ ગયેલા અનેક હાથીઓ ત્યાં મોટા પર્વતોની પેઠે પડયા હતા; જેથી રણભૂમિ વિખરાઈ પડેલા મોટા પર્વતોવાળી હોય તેવી દેખાતી હતી. મહાબાહુ સાત્યકિએ મારી નાખેલા સત્ત્વહીન ઘોડાઓ, સુવર્ણમય ચોકડાંઓથી તથા મોતીઓથી સુશોભિત જણાતાં જાત જાતનાં છાતીપરનાં કવચોથી રણભૂમિપર શોભતા હતા.[૧૩–૧૯]

એ રીતે અનેક પ્રકારનાં સૈન્યોનો સંહાર કરી તથા તમારી મુખ્ય સેનાને અત્યંત ગભરાવી મૂકી, સાત્યકિ સૈન્યમાં દાખલ થઇ ગયો. પછી જે માર્ગે અર્જુન અંદર દાખલ થયો હતો, તે માર્ગેજ અંદર પ્રવેશ કરવામાટે સાત્યકિએ ઈચ્છા કરી. તેવામાં તો દ્રોણાચાર્યે તેને અટકાવ્યો.[૨૦,૨૧] જેનું બીજું નામ યુયુધાન છે એવો સાત્યકિ, ક્રોધપૂર્વક દ્રોણાચાર્યસામે આવવા છતાં પણ પાછો હઠયો નહિ; પણ ઉલટો જળાશયનું પાણી જેમ કિનારે અથડાય, તેમ તેની સામે અથડાવા લાગ્યો–લડવા લાગ્યો.[૨૨] ત્યારે દ્રોણાચાર્યે મહારથી યુયુધાનને રણમાં આગળ વધતો અટકાવીને મર્મને ભેદીનાખનારાં પાંચ તીક્ષ્ણ બાણોથી તેને વિંધી નાખ્યો.[૨૩] હે રાજન્! તે જોઇ સાત્યકિએ પણ, સુવર્ણનાં પુંખવાળાં, પથ્થરપર ઘસેલાં તથા કંકપક્ષીનાં અને મયૂરનાં પીછાંવાળાં સાત બાણોનો દ્રોણાચાર્યને પ્રહાર કર્યો;[૨૪] એટલે દ્રોણાચાર્યે છ બાણો મૂકીને ઘોડા અને સારથિસહિત તે સાત્યકિને પીડી નાખ્યો; પરંતુ મહારથી સાત્યકિથી તે સહન થયું નહિ. તેણે મોટો સિંહનાદ કરી દશ બાણોવડે આચાર્યને વિંધી નાખ્યા તથા પુનઃ ચૌદ બાણોનો તેમને પ્રહાર કર્યો. વળી પણ સાત્યકિએ બીજાં દશ બાણો મારી દ્રોણને વિંધી નાખ્યા; એટલુંજ નહિ પણ એક બાણથી તેમના સારથિને, ચાર બાણોથી તેમના ચારેય ઘોડાઓને તથા એક બાણથી તેમની ધ્વજાને વિંધી નાખી. એ વેળા દ્રોણાચાર્યે પણ સંખ્ત ઝપાટો માર્યો હતો. તીડોનાં ટોળાંની પેઠે અનેક બાણો છોડીને તેમણે સાત્યકિને ઘોડા, રથ, સારથિ અને ધ્વજાસહિત રણમાં છાઇ દીધો; તેમજ સાત્યકિએ પણ લગારે ગભરાયાવિના ઘણાં બાણો મૂકીને દ્રોણાચાર્યને ઢાંકી દીધા. તે જોઇ દ્રોણાચાર્ય તેનાપ્રત્યે બોલ્યાઃ–"અલ્યા ઓ સાત્યકિ! તારો આચાર્ય અર્જુન, કાયર પુરુષની પેઠે રણનો ત્યાગ કરી ગયો છે અને યુદ્ધ કરતાં મને છોડીને મારી જમણી બાંજુએથી ગયો છે, માટે તું પણ મારી સામે યુદ્ધ કરતાં આજે જીવતો જઇશ નહિ. તારા ગુરુની પેઠે તું પણ સત્વર મારો ત્યાગ કરી ચાલ્યો જઇશ તોજ બચીશ."[૨૫–૩૨]

આ સાંભળી સાત્યકિ બોલ્યોઃ–"ધર્મરાજાની આજ્ઞાથી હું અર્જુનને પગલે જાઉં છું. હે બ્રહ્મન્! તમારૂં કલ્યાણ થાઓ. મારે સમય ગાળવાની જરૂર નથી અને ધાર્મિક દૃષ્ટિએ જોતાં પણ આચાર્યોએ અનુસરેલા માર્ગનું શિષ્યો સદા સેવન કરે છે; માટેજ મારો ગુરુ જે માર્ગે ગયો છે તે માર્ગે હું પણ સત્વર જાઉં છું."[૩૩]

સંજયે કહ્યુંઃ–આટલું કહીને સાત્યકિ, આચાર્યનો ત્યાગ કરી એકદમ આગળ ચાલ્યો અને જતાં જતાં પોતાના સારથિને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ–"હે સૂત! દ્રોણાચાર્ય, સર્વથા મારૂં વારણ કરવામાટે પ્રયત્ન કરશે; માટે બરાબર સાવધ થઇને તું રથને આગળ ચલાવ અને આ એક મારૂં બીજું વચન પણ સાંભળ કે, આ મહાતેજસ્વી સૈન્ય જે દેખાય છે તે અવંતિના યોદ્ધાઓનું છે;તથા એના પછી જે મહાન સૈન્ય દેખાય છે તે દક્ષિણદેશના યોદ્ધાઓનું છે; અને એના પછી બાહ્લિક યોદ્ધાઓનું મહાન દલ રહેલું છે. તેજ પ્રમાણે બાહ્લિકોની પાસે કર્ણનું મોટું સૈન્ય ગોઠવાઇ ઉભું છે. હે સારથિ! આ બધાં સૈન્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકબીજાંથી જૂદાં પડીને પણ પરસ્પર એકબીજાનો આશ્રય કરી ઉભાં છે. તે સૈન્યો સમરાંગણને કદી પણ છોડશે નહિ; માટે તું હર્ષપૂર્વક ઘોડાઓને તેઓની મધ્યમાંથી આગળ હાંક. જે સ્થળે અનેક હથિયારો ઉંચાં કરીને બાહ્લિક યોદ્ધાઓ ઉભેલા દેખાય છે, જે બાજુ કર્ણની આગેવાની હેઠળ દક્ષિણદેશના અનેક યોદ્ધાઓ ઉભા છે તથા જ્યાં હાથી, ઘોડા અને રથોથી વ્યાપ્ત એવું તથા અનેક દેશમાં ઉત્પન્ન થયેલા પાળાઓથી ભરપૂર એવું કૌરવોનું સૈન્ય દેખાય છે, ત્યાં મધ્યમ વેગે રથને હાંકીને તું મને લઇ જા. વળી કર્ણનું મહાન સૈન્ય જ્યાં ઉભું છે, ત્યાં મધ્યમાં થઇને તું ચાલ." આ પ્રમાણે સારથિને કહીને તેણે બ્રાહ્મણ દ્રોણાચાર્યના રથનો ત્યાગ કર્યો. તે જોઇ ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્ય બાણો ફેંકતા ફેંકતા, જરા પણ પાછળ ન હઠતાં આગળ વધ્યે જતા મહાભાગ સાત્યકિની પાછળ પડયા. તીક્ષ્ણ બાણોના પ્રહારથી અતિ મહાન એવા કર્ણના સૈન્યને વિંધીને સાત્યકિ, છેડાવિનાની (વિશાળ) એવી ભારતીસેનામાં પેઠો. એ રીતે જ્યારે સાત્યકિ, ભારતીસેનામાં દાખલ થયો અને સૈનિકો આમતેમ નાસભાગ કરવા લાગ્યા; ત્યારે ક્રોધાયમાન થયેલા કૃતવર્માએ સાત્યકિને ઘેરી લીધો. એટલે તુરત છ બાણોનો કૃતવર્માને પ્રહાર કરી વીર્યવાન સાત્યકિએ બીજાં ચાર બાણોથી તેના ચારેય ઘોડાઓને વિંધી નાખ્યા; એટલુંજ નહિ પણ નમેલાં પુંખવાળાં બીજાં સોળ બાણોથી તેણે કૃતવર્માને છાતીમાં વિંધી નાખ્યો. હે મહારાજ ! એ રીતે તીક્ષ્ણ અને તેજદાર એવાં ઘણાં બાણોથી પ્રહાર પામતો કૃતવર્મા તેને સહન કરી શક્યો નહિ; હે રાજન્ ! તેણે વાછરડાના દાંતસરખું તથા બળબળતા અગ્નિસરખું એક સીધું જનારૂં બાણ સાંધી, ધનુષ્યને કાનસુધી ખેંચીને, જોરથી સાત્યકિની છાતીમાં માર્યું. એટલે તે બાણ તેના કવચને તથા શરીરને ભેદી નાખી પુંખ અને પીછાંસહિત લોહીલોહાણ થઇને પૃથ્વીમાં પેસી ગયું. વળી ફરી પણ પરમ અસ્ત્રને જાણનાર કૃતવર્માએ, સંખ્યાબંધ બાણો છોડીને સાત્યકિનાં બાણો કાપી નાખ્યાં તથા ધનુષ્ય પણ ભાંગી નાખ્યું; એટલુંજ નહિ પણ પુનઃ ક્રોધ કરીને તેણે તીક્ષ્ણ એવાં દશ બાણો મૂકીને, સત્ય પરાક્રમવાળા સાત્યકિને છાતીમાં વિંધી નાખ્યો, ત્યારે શક્તિમાનોમાં શ્રેષ્ઠ એવા સાત્યકિએ પોતાના કપાયેલા ધનુષ્યને ફેંકી દઇ હાથમાં શક્તિ લઈ કૃતવર્માના જમણા બાહુમાં પ્રહાર કર્યો.[૩૯-૫૪] તેપછી ઘણું મજબૂત એવું બીજું ધનુષ્ય હાથમાં લઇને તથા કાનસુધી સંપૂર્ણ ખેંચીને સાત્યકિએ સેંકડો અને હજારો બાણો ઝટપટ છોડવા માંડયાં અને કૃતવર્માને ચારેબાજુથી રથસહિત ઢાંકી દીધો. હે રાજન્ ! એ પ્રમાણે કૃતવર્માને રણમાં છાઇ દઇ, ભલ્લજાતિનું એક બીજું બાણ મૂકીને તેના સારથિનું મસ્તક પણ તેણે કાપી નાખ્યું.[૫૭] એટલે મરણ પામેલો તે સારથિ કૃતવર્માના મહાન રથપરથી નીચે ગબડી પડયો, કે તુરત સારથિવિનાના થઇ પડેલા કૃતવર્માના ઘોડાઓ અત્યંત વેગથી નાસભાગ કરવા લાગ્યા. એ સમયે વીર કૃતવર્મા પણ લગાર ગભરાઇ ગયો, પણ પોતેજ ઘોડાઓને વશમાં રાખી હાથમાં ધનુષ્ય લઇ રણમાં ઉભો રહ્યો. એ પ્રમાણેનું તેનું પરાક્રમ જોઇ સર્વ સૈન્યો તેનાં વખાણ કરવા લાગ્યાં. એક મુહૂર્તકાળમાં પોતાના ઉત્તમ ઘોડાઓને શાંત કરી પોતેજ હાંકવા લાગ્યો અને નિર્ભય થઇને ઉલટો શત્રુઓને ભયકર્તા થઈ પડયો; પણ સાત્યકિ એ અરસામાં તો ત્યાંથી આગળ વધી ગયો હતો, એટલે તે કૃતવર્મા ભીમસામે ધસી ગયો.[૬૦] હે રાજેન્દ્ર ! એ રીતે કૃતવર્માના સૈન્યમાંથી નીકળી જઇ સાત્યકિ, એકદમ ઉતાવળો ઉતાવળો કાંબોજયોદ્ધાઓની મહાસેના તરફ પ્રયાણ કરી ગયો. ત્યાં ગયો કે તુરત અનેક શૂરા મહારથીઓએ તેને એટલો બધો ઘેરી લીધો, કે જેથી હે રાજન ! સત્ય પરાક્રમવાળો સાત્યકિ પણ, ત્યાંથી લગારે આગળ વધી શક્યો નહિ. આ તરફથી દ્રોણાચાર્ય પોતાની ભાંગી પડેલી સેનાની હરોળને સાંધીને તથા તેના રક્ષણના ભારને કૃતવર્માપર મૂકીને સાત્યકિસામે યુદ્ધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની ઇચ્છાથી સજ્જ થઇને દોડી આવ્યા. એ પ્રમાણે સાત્યકિની પાછળ દોડી ગયેલા દ્રોણાચાર્યને જોઇને પાંડુસૈન્યના મોટા મોટા વીર યોદ્ધાઓ તેમને અટકાવવાને માટે હર્ષભેર દોડી ગયા; પણ તેઓ બધા–ભીમ આદિ યોદ્ધાઓ, રથીઓમાં શ્રેષ્ઠ એવા કૃતવર્માની આગળ આવી ઉત્સાહરહિત થઈ ગયા; કારણ કે વીર કૃતવર્માએ પરાક્રમ કરીને તેઓ બધાને અટકાવી રાખ્યા હતા.[૬૧–૬૫] સૈન્યમાં દાખલ થવાનો પ્રયત્ન કરતા તેઓ સર્વ યોદ્ધાઓને કૃતવર્માએ સામેથી અસંખ્ય બાણો છોડીને લગાર બેભાન જેવા કરી નાખ્યા અને તેઓનાં વાહનો પણ શ્રમિત થઇ ગયાં.[૬૬] એ રીતે રાજા ભોજે તેઓને રણમાં આગળ વધતા અટકાવી દીધા; છતાં તેઓ બધા કુળવાન હોવાથી મહાન યશની ઇચ્છા રાખી, કૃતવર્માના સૈન્યમાં દાખલ થવાની ઇચ્છાથી રણમાં ઉભા રહ્યા હતા.[૬૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'સાત્યકિનો પ્રવેશ' એ વિષયનો
અધ્યાય ૧૧૩ મો સમાપ્ત

અધ્યાય ૧૧૪ મો
ધૃતરાષ્ટ્રના શોકોદ્‌ગારો અને કૃતવર્માનું પરાક્રમ

॥ धृतराष्ट्र उवाच ॥

एवं बहुगुणं सैन्यं एवं प्रविचितं बलम् ।
व्यूढमेवं यथान्यायं एवं बहु च संजय ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:– હે સંજય! આપણું સૈન્ય એ પ્રમાણે ઘણા ગુણોવાળું, યોદ્ધાઓની ઘણી ભરતીવાળું, ન્યાય પ્રમાણે વ્યૂહાકારે ગોઠવેલું તથા સંખ્યામાં મોટું હતું.[૧] આપણે તેનું નિત્ય સારી રીતે સન્માન પણ કરતા હતા, જેથી તે સદા આપણી ઇચ્છાને અનુસરનારૂં રહેતું. તે એટલું બધું પ્રૌઢ અને અતિ અદ્‌ભુત આકારવાળું હતું, કે જેથી પ્રથમથીજ તેનું પરાક્રમ દેખાઇ આવતું. આપણા સૈન્યમાં કોઈ વૃદ્ધ ન હતો, તેમ કોઇ બાળક પણ ન હતો. કોઇ અત્યંત કૃશ ન હતો તથા કોઇ અતિપુષ્ટ પણ ન હતો; પરંતુ અતિ ચપલ, સદાચારી અને લગભગ બધા ઉંચાઇમાં પણ સરખા હતા. તેઓનાં અવયવો અતિ ગાઢ તથા બળવાન હતાં અને તેઓ સર્વે નિરોગી હતા.[૨,૩] સર્વ સૈનિકોનાં શરીરો કવચોથી ઢંકાયેલાં હતાં, સર્વની પાસે અનેક શસ્ત્રોની સામગ્રી તૈયાર હતી. તેઓ બધા શસ્ત્રો કેવી રીતે ધારણ કરવાં તે વિદ્યામાં પ્રવીણ હતા.[૪] વાહનોપર ચઢવામાં, ઉતરવામાં, દોડાવવામાં, વચમાં વચમાં કૂદી પડવામાં, સારી રીતે પ્રહાર કરવામાં તથા અકસ્માત્ કોઇ સમયે ખસી જવામાં તેઓ અતિકુશળ હતા.[૫] હાથીઓપરની સ્વારીમાં, અનેક જાતનાં અસ્ત્રોમાં તથા રથોમાં તેઓ સર્વની સારી રીતે પરીક્ષા કરી હતી; અને પરીક્ષા કર્યા પછીજ બધાને યોગ્ય પગારો આપવામાં આવતા હતા.[૬] વળી મારા સૈન્યમાં કોઇ યોદ્ધાને માત્ર તેની સાથેની વાતચીત કરીનેજ દાખલ કરવામાં નહોતો આવતો; પરંતુ પ્રથમ કરેલા ઉપકાર તરફ લક્ષ્ય રાખીને, સંબંધના કારણથી, બોલાવ્યાવિના કેવળ દૈવેચ્છાથી આવી મળેલા અથવા કોઇ પગારવિનાના યોદ્ધાને સૈન્યમાં રાખવામાં આવતો ન હતો;[૭] અરે! તે મારા સૈન્યમાં સારા સારા કુળવાન માણસો હતા. તેઓ નિત્ય પ્રસન્ન, તુષ્ટ અને ઉદ્ધતાઇવિનાના હતા; તેમજ યશસ્વી, મનસ્વી તથા માનસત્કાર પામેલા હતા. હે તાત! પુણ્યકર્મો કરવાવાળા તથા લોકપાલો સરખા તેજસ્વી એવા બીજા અનેક મુખ્ય પ્રધાનો તથા બીજા કેટલાએક મહાન પુરુષોના રક્ષણતળે તે સૈન્ય રહેલું હતું.[૯] વળી એ સિવાયના બીજા કેટલાએક રાજાઓ કે જેઓ નિત્ય આપણું પ્રિય કરવા ઇચ્છતા હતા, સ્વેચ્છાએજ આપણને આવી મળ્યા હતા તથા પોતાના પાયદળ અનુચરોસહિત મોટાં મોટાં સૈન્યોને સાથે લાવ્યા હતા, તેવા રાજાઓના રક્ષણતળે મારૂં સૈન્ય રહ્યું હતું.[૧૦] ચોતરફથી આવી મળેલી નદીઓથી પૂર્ણ થયેલા મહાસાગરના સરખું તે મહાસૈન્ય હતું. પાંખો ન હતી છતાં પક્ષીસમાન ગતિ કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા રથો અને ઘોડાઓથી તે સૈન્ય વ્યાપ્ત હતું; વળી ગંડસ્થળમાંથી મદ ઝરતા મદોન્મત્ત હાથીઓથી તે મહાસૈન્ય ચારેબાજુ વિંટાયલું હતું; આવું મારૂં સૈન્ય હતું છતાં તે જો માર્યું ગયું તો તેમાં ભાગ્યવિના બીજું શું સમજવું ? અરે! મારો સૈન્યરૂપ મહાસાગર, યોદ્ધાઓરૂપ અક્ષય જળથી ભરપૂર હતો; ભયંકર વાહનોરૂપી તરંગમાળાઓવાળો હતો; યંત્રો, તરવારો, ગદાઓ, શક્તિઓ, બાણો અને ભાલાંઓરૂપ માછલાંઓથી તે ભરચક હતો; ધ્વજાઓ અને અલંકારોથી વ્યાપ્ત હોઇને રત્નોરૂપી પથ્થરોથી છવાયલો હતો; આમતેમ દોડંદોડા કરતાં વાહનોને લીધે નીકળેલા વાયુના વેગથી કંપાયમાન હતો; દ્રોણાચાર્યરૂપ ગંભીર પાતાળવાળો, કૃતવર્મારૂપ મોટા ધરાવાળો, જલસંઘરૂપ મોટા ઝૂડવાળો તથા કર્ણરૂપ ચંદ્રના ઉદયથી તૈયાર થયેલો તે સૈન્યમહાસાગર પણ જો પાંડવશ્રેષ્ઠ અર્જુનના બળથી છિન્નભિન્ન થઈ ગયો; તથા સાત્યકિ એક રથની મદદ લઇનેજ જો તેમાંથી પસાર થઈ ગયો તો હે સંજય ! હવે મને લાગે છે કે, મારા સૈન્યનો એક પણ યોદ્ધો બાકી રહેશે નહિ; કારણકે અર્જુન જેવો અતિરથી તથા સાત્યકિ જેવો મહારથી તેમાં દાખલ થયેલ છે.[૧૧-૧૭] અતિબળવાન એવા તેઓ બન્નેને સૈન્ય ઉલ્લંઘી આવેલા જોઇને તથા સિંધુરાજાને ગાંડીવધનુષ્યના બાણનું લક્ષ્ય થયેલો જોઈ, કાળથી પ્રેરાયેલા કૌરવોએ તે સમયને યોગ્ય એવું કયું કૃત્ય કર્યું હતું તથા અતિ ભયંકર એવા તે અકાળ સમયે તેઓએ કયો ઉપાય સ્વીકાર્યો હતો ?[૧૮,૧૯] હે તાત ! હું માનું છું કે, કૌરવો બધા મૃત્યુના ગ્રાસજ થયા હશે; કારણ કે તેઓમાંના કોઈમાં પણ તેવું પરાક્રમ દેખાતું નથી.[૨૦] હે સંજય ! આપણા એ સૈન્યમાં શ્રીકૃષ્ણ અને અર્જુન પોતે તદ્દન અક્ષત રહીને પેસી ગયા; તેથી જણાયજ છે કે, તેઓને અટકાવનારો એક પણ વીર તે સૈન્યમાં ન હતો. વળી મારા સૈન્યમાં અનેક યોદ્ધાઓને પરીક્ષા કરીનેજ દાખલ કરેલા હતા. યથાયોગ્ય પગાર આપીને તથા પ્રિયવચનો કહી કહીને તેઓનો સારી રીતે સત્કાર કર્યો હતો.[૨૨] હે તાત ! મારા સૈન્યમાં જેનો સત્કાર કરવામાં ન આવ્યો હોય તથા જેને કર્મ પ્રમાણે યોગ્ય પગાર આપવામાં ન આવતો હોય, તેવો એક પણ યોદ્ધો ન હતો. વળી તેવો એકપણ યોદ્ધો ન હતો કે જેને અલ્પ દાન આપવામાં આવ્યું હોય, અલ્પ પગાર આપવામાં આવ્યો હોય અથવા તદ્દન પગારજ ન આપ્યો હોય ![૨૩,૨૪] સર્વ યોદ્ધાઓનો યથાશક્તિ-દાન, માન તથા આસન આદિવડે મેં પોતેજ સત્કાર કરેલો છે. અરે ! મેં એકલાએજ તેઓનો સારો સત્કાર કર્યો છે તેમ નથી; પણ મારા પુત્રોએ, જ્ઞાતિજનોએ તથા બાંધવોએ પણ તેઓનો યોગ્ય સત્કાર કર્યો છે.[૨૫] આવા મારા યોદ્ધાઓનો જો અર્જુને આવતાંવેંતજ પરાજય કર્યો તથા સાત્યકિએ પણ તેઓને વિખેરી નાખ્યા, તો તેમાં ભાગ્યવિના બીજું કયું કારણ હોઇ શકે ?[૨૬] હે સંજય ! જેનું સંગ્રામમાં રક્ષણ કરવાનું હોય છે તથા જેઓ તેનું રક્ષણ કરનાર હોય છે, તેઓ બન્નેની ગતિ એકજ હોય છે. એ યુદ્ધમાં સિંધુરાજાની આગળ આવીને ઉભેલા અર્જુનને જોઇને મૂઢ થયેલા મારા પુત્રોએ તે સમયે કયું કર્તવ્ય કર્મ સ્વીકાર્યું હતું ?[૨૮] નિર્ભયની પેઠે રણમાં પ્રવેશ કરતા સાત્યકિને જોઇને દુર્યોધને સમયોચિત કયું કૃત્ય માન્યું હતું ?[૨૯] સર્વ શસ્ત્રોનું ઉલ્લંઘન કરનારા રથીશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ તથા અર્જુનને સૈન્યમાં દાખલ થયેલા જોઇ મારા પુત્રોએ કઈ ધારણાનો સ્વીકાર કર્યો હતો ?[૩૦] હું તો માનું છું કે, અર્જુનના કાર્યમાટે રણમાં આવી ઉભેલા યાદવવંશી શ્રીકૃષ્ણને તથા શિનિશ્રેષ્ઠ સાત્યકિને જોઇને મારા પુત્રો શોક કરતા હશે.[૩૧] સાત્યકિએ તથા અર્જુને સેનાનું ઉલ્લંઘન કરેલું જોઈ તથા કૌરવોને નાસી જવામાં તત્પર થયેલા જોઇ, હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે.[૩૨] શત્રુઓને જીતવામાં નિરૂત્સાહ બનેલા અને પલાયન કરવામાં ઉત્સાહવાળા પોતાના રથીયોદ્ધાઓને નાસભાગ કરતા જોઇ હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે.[૩૩] સાત્યકિ તથા અર્જુને શૂન્ય કરી નાખેલી રથોની બેઠકોને જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ઘણા યોદ્ધાઓને મારી નાખેલા જોઇને મારા પુત્રો શોકજ કરતા હશે, એમ હું માનું છું. તે રણમાં ઘોડા, હાથી અને રથવિનાના થઈ રહેલા હજારો યોદ્ધાઓને આમતેમ દોડાદોડ કરતા જોઇ હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે! અર્જુનનાં બાણોથી ઘવાઇને નાસભાગ કરતા હાથીઓને ત્યાં પડતા તથા પડેલા જોઇ, હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે![૩૬] તે રણમાં સાત્યકિ અને અર્જુને સ્વારવિનાના કરાયલા ઘોડાઓને તથા રથવિનાના કરેલા રથીઓને જોઇને હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે![૩૭] આમતેમ નાસભાગ કરતા સંખ્યાબંધ ઘોડાઓને સાત્યકિ તથા અર્જુને રણમાં મારી નાખેલા જોઇ હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે![૩૮] એ રણમાં સર્વ તરફ નાસભાગ કરતાં પાયદળોનાં ટોળાંઓને જોઇને વિજયમાં નિરાશ થયેલા મારા પુત્રો શોક કરતા હશે, એમ હું માનું છું.[૩૯] કોઈનાથી જીત્યા જીતાય નહિ તેવા વીર અર્જુન તથા સાત્યકિને એક ક્ષણવારમાં દ્રોણાચાર્યના સૈન્યનું ઉલ્લંઘન કરી આવેલા જોઈ, હું માનું છું કે, મારા પુત્રો શોક કરતા હશે![૪૦] હે તાત! શ્રીકૃષ્ણ અને અર્જુન સાત્યકિની સાથે મારા સૈન્યમાં પેઠા છે એમ સાંભળતાંજ હું મૂઢ બની ગયો છું.[૪૧] શિનિશ્રેષ્ઠ મહારથી સાત્યકિ, કૃતવર્માના સૈન્યનું ઉલ્લંઘન કરી જ્યારે સૈન્યમાં દાખલ થયો, ત્યારે કૌરવોએ શું કર્યું?[૪૨] તેમજ પેલી તરફથી દ્રોણાચાર્યે પાંડવોને આગળ વધતા જ્યારે અટકાવ્યા હતા, ત્યારે ત્યાં કેવું યુદ્ધ થયું હતું, તે તું મને કહે. હે સંજય! દ્રોણાચાર્ય સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ છે, બળવાન છે, અસ્ત્રકુશળ છે અને યુદ્ધદુર્મદ છે; છતાં એ મહાધનુર્ધરને પાંચાલોએ રણમાં કેવી રીતે વિંધી નાખ્યા હતા, તે પણ તું મને કહે. અર્જુનના વિજયની ઇચ્છા રાખી દ્રોણાચાર્યપર વૈર બાંધનારા પાંચાલોએ તથા તેઓનાપર દૃઢ વૈરવાળા મહારથી દ્રોણાચાર્યે તે સમયે શું કર્યું હતું?[૪૫] અને અર્જુને પણ સિંધુરાજાનો વધ કરવામાટે જે કંઇ પરાક્રમ કર્યું હોય, તે બધું તું મને કહે. હે સંજય! તું કથા કહેવામાં ઘણો કુશળ છે.[૪૬]

સંજયે કહ્યું:–હે ભરતશ્રેષ્ઠ વીર રાજા! તમારા પોતાના અપરાધથીજ આ સંકટ પ્રાપ્ત થયું છે, તો પછી એ સંકટને પામીને આ સમયે એક સામાન્ય મનુષ્યની પેઠે શોક કરવો તે તમને યોગ્ય નથી.[૪૭] વિદુર આદિ મહાબુદ્ધિમાન સુહૃદોએ તમને પહેલાંજ કહ્યું હતું કે:–"હે રાજા! તમે પાંડવોનો ત્યાગ ન કરો;" છતાં તમે તે સાંભળ્યુંજ ન હતું.[૪૮] જે પુરુષ પોતાનું હિત ઇચ્છનારા સુહૃદોનાં વચનને સાંભળતો નથી, તે મહાન દુઃખ પામીને શોક કરે છે, તેનું દૃષ્ટાંત તમે પોતેજ છો.[૪૯] હે રાજા! પૂર્વે શ્રીકૃષ્ણે પાંડવ કૌરવો વચ્ચે સલાહ કરવામાટે તમારી પાસે ઘણી ઘણી માગણી કરી હતી; પણ અંતે મહાયશસ્વી કૃષ્ણની મનઃકામના નજ પૂર્ણ થઇ.[૫૦] પછીથી તમારી ગુણહીનતા પોતાના પુત્રોપર પક્ષપાત, ધર્મસંબંધી દ્વિધાભાવ, પાંડવોપર મત્સર તથા તમારો પોતાનો પાંડવોપ્રતિનો કુટિલ અભિપ્રાયને જાણી જઈને અને બિચારા પાંડવોના દુઃખના પ્રલાપો સાંભળીને સર્વ લોકનાં તત્ત્વને જાણનાર, સર્વ લોકના ઇશ્વર ભગવાન વાસુદેવે, કૌરવોનું આ મહાન યુદ્ધ ઉભું કર્યું છે. હે માનદ! તમારા પોતાના અપરાધથીજ આ મહાન નાશને તમે વહોરી લીધો છે, માટે દુર્યોધનનો દોષ કાઢવો તે તમને યોગ્ય નથી.[૫૪] હે ભારત! આદિ, મધ્ય કે અંતમાં તમારૂં કંઈ પણ પુણ્ય હોય તેમ મને દેખાતું નથી; કારણકે આપણા પરાજયનું મૂળ તમેજ છો,[૫૫] માટે હવે તો સ્વસ્થ થઇને તથા લોકના નિયત સ્વભાવને જાણીને દેવો તથા અસુરોના સરખું જે આ ઘોર યુદ્ધ થયું હતું, તે તમે સાંભળો.[૫૬]

સત્યપરાક્રમી સાત્યકિ જ્યારે તમારા સૈન્યમાં દાખલ થયો, ત્યારે ભીમસેન આદિ પાંડવો તમારી સેનાપ્રત્યે ધસી ગયા.[૫૭] ક્રોધાયમાન થઇને એકાએક ધસી આવતા અનુચરોસહિત તે પાંડવોનેમહારથી કૃતવર્માએએકલાએજ રણમાં આગળ જતા અટકાવ્યા.[૫૮] જેમ ઉછળી રહેલા સમુદ્રને કિનારો અટકાવી રાખે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કૃતવર્માએ પાંડવોના સૈન્યને યુદ્ધમાં અટકાવી રાખ્યું. તે વેળા કૃતવર્માનું પરાક્રમ અમને આશ્ચર્યકારક જણાતું હતું; કારણ એકત્ર થયેલા પાંડવો પણ તેને એકલાને ઉલ્લંઘી શકયા નહિ. તે પછી મહાબાહુ ભીમસેને, ત્રણ બાણોથી કૃતવર્માને વિંધી નાખીને પોતાનો શંખ વગાડી સર્વ પાંડવોને હર્ષ ઉપજાવ્યો.[૬૧] વળી સહદેવે વીસ બાણોથી, ધર્મરાજાએ પાંચ બાણોથી તથા નકુલે સો બાણોથી કૃતવર્માને વિંધી નાખ્યો.[૬૨] દ્રૌપદીના પુત્રોએ તોંતેર બાણોથી, ઘટોત્કચે સાત બાણોથી તથા ધૃષ્ટદ્યુમ્ને ત્રણ બાણોથી કૃતવર્માને પ્રહાર કર્યો.[૬૩] વિરાટ, દ્રુપદ અને શિખંડીએ પાંચ પાંચ બાણોનો કૃતવર્માને પ્રહાર કર્યો હતો; તેમાં વળી શિખંડીએ પ્રથમ પાંચ બાણોથી વિંધી નાખી, પુનઃ હસતો હોય, તેમ વીસ બાણોનો કૃતવર્માને પ્રહાર કર્યો. હે રાજન્! તે પછી કૃતવર્માએ તે સર્વ મહારથીઓને પ્રત્યેકને પાંચ પાંચ બાણોથી વિંધી નાખી, ભીમસેનને સાત બાણોનો પ્રહાર કર્યો; એટલુંજ નહિ પણ તેના ધનુષ્યને તથા ધ્વજને રથપરથી નીચે ઉડાડી પાડયાં.[૬૬] પછી કપાયેલા ધનુષ્યવાળા તે ભીમસેનને મહારથી કૃતવર્માએ સપાટાબંધ તીક્ષ્ણ સિત્તેર બાણોવડે ક્રોધપૂર્વક છાતીમાં વિંધી નાખ્યો.[૬૭] એ રીતે કૃતવર્માનાં તીક્ષ્ણ બાણોથી ગાઢ વિંધાયલો બળવાન ભીમસેન, પૃથ્વીકંપસમયે જેમ પર્વત ડગમગી જાય, તેમ રથના મધ્યમાં ડગમગી ગયો.[૬૮] એ સ્થિતિમાં આવી પડેલા ભીમસેનને જોઇને ધર્મરાજા આદિ યોદ્ધાઓ પુષ્કળ બાણો છોડીને કૃતવર્માને પ્રહાર કરવા લાગ્યા.[૬૯] યુદ્ધમાં ભીમસેનનું રક્ષણ કરવામાટે તેઓ બધાએ મોટા રથસમુદાયથી કૃતવર્માને કોઠાના આકારે ગોળચક્કર ઘેરી લઈને હર્ષભેર બાણો મૂકી મૂકીને વિંધવાજ માંડયો.[૭૦] તે પછી મહાબળવાન ભીમસેન સાવધ થયો અને તેણે સુવર્ણના દાંડાવાળી તદ્દન લોખંડની એક શક્તિ હાથમાં લઈ તુરત કૃતવર્માના રથસામે ફેંકી.[૭૧] સડસડાટ કરતી ભીમસેનના હાથમાંથી છૂટેલી તથા કાંચળીવિનાના સર્પસમાન દેખાતી તે અતિદારુણ શક્તિ કૃતવર્માની સામે જતી પ્રકાશવા લાગી. પ્રલયકાળના અગ્નિની પેઠે એકાએક ધસી આવતી તે શક્તિને કૃતવર્માએ બે બાણોના પ્રહારથી બે વિભાગમાં તોડી નાખી; એટલે છિન્નભિન્ન થયેલી તે શક્તિ, સુવર્ણના ભૂષણવાળી હોઇને આકાશમાંથી પડેલી બળબળતી ઉલ્કાની પેઠે દિશાઓને પ્રકાશિત કરતી પૃથ્વીપર આવી પડી. એ રીતે પોતાની શક્તિને તોડી પાડેલી જોઇ ભીમસેનને ઘણોજ ક્રોધ ચઢયો;[૭૨-૭૫] અને તેણે મહાન શબ્દ કરનારૂં તથા તીવ્ર વેગવાળું એક બીજું ધનુષ્ય ઉઠાવ્યું તથા ક્રોધ કરી કૃતવર્માને રણમાં ઘેરી લીધો. હે રાજન્! તમારા દુષ્ટવિચારોના પરિણામે ભયંકર બળવાળા ભીમસેને કૃતવર્માની છાતીમાં પાંચ બાણોનો સખ્ત પ્રહાર કર્યો.[૭૭] ભીમસેનના તે પ્રહારથી ભોજરાજાનાં સર્વ અંગો ઘવાઇ ગયાં; જેથી રણભૂમિના આંગણામાં પ્રફુલ્લિત થયેલું લાલ અશોકવૃક્ષ હોય, તેમ તે શોભવા લાગ્યો.[૭૮] તે પછી ક્રોધવશ થયેલા તેણે હસતાં હસતાં ભીમસેનને ત્રણ બાણોનો પ્રહાર કર્યો અનેસર્વપાંડવોને યુદ્ધમાં ત્રણત્રણ બાણોમારી વિંધી નાખ્યા.એટલે તેઓએપણ સાત સાત બાણો મારી કૃતવર્માને વિંધી નાખ્યો. તે પછી યાદવવંશનામહારથી કૃતવર્માએ ક્રોધપૂર્વક એકક્ષુરપ્ર બાણ મારી હસતાં હસતાં શિખંડીના ધનુષ્યના ટુકડા કરી નાખ્યા.[૮૧] ધનુષ્ય કપાઈ જતાં શિખંડી કોપ્યો. સત્વર તેણે સો ટપકાંવાળી પ્રકાશમાન ઢાલ તથા તરવાર હાથમાં લીધી.[૮૨] સુવર્ણથી શોભતી એવી તે ઢાલને ભમાવીને તેણે કૃતવર્માના રથસામે તરવારનો ઝટકો માર્યો,[૮૩] કે તુરત તેના બાણસહિત ટુકડા કરીને તે મહાન તરવાર, આકાશમાંથી ખરેલા તારાની પેઠે પૃથ્વીપર આવી પડી.[૮૪] એજ અરસામાં સર્વ મહારથીઓ બીજું ધનુષ્ય લેવા ઉતાવળ કરતા કૃતવર્માને બાણો મૂકીમૂકીને અત્યંત વિંધવા લાગ્યા.[૮૫] હે ભરતશ્રેષ્ઠ રાજા! આ પછી શત્રુવીરોનો સંહાર કરનાર કૃતવર્માએ ભાગેલા ધનુષ્યને ફેંકી દઈ બીજું મહાન ધનુષ્ય હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધું;[૮૬] તથા સીધાં જનારાં ત્રણ ત્રણ બાણોવડે પાંડવોને યુદ્ધમાં વિંધી નાખ્યા; ઉપરાંત શિખંડીને આઠ બાણો મારી વિંધી નાખ્યો.[૮૭] મહાયશસ્વી શિંખડીએ પણ બીજું ધનુષ્ય લઈને કાચબાના નખસમાન આકારવાળાં બાણો છોડી કૃતવર્માને નિવારી રાખ્યો.[૮૮] તે વેળા હે રાજન્! ક્રોધાયમાન થયેલો હૃદિકનો પુત્ર વેગપૂર્વક મહારથી શિખંડીસામે દોડયો, કે જે શિખંડી યુદ્ધમાં મહાત્મા ભીષ્મના મૃત્યુનું કારણ બન્યો હતો. વાઘ જેમ હાથીસામે ધસે, તેમ તે શિખંડીસામે ધસી જઇને શૂરવીર કૃતવર્માએ પોતાનું બળ દેખાડવા માંડયું.[૮૯,૯૦] પછી શત્રુઓનું દમન કરનારા તેઓ બન્ને જણા દિશાઓના બે હાથીઓની પેઠે તથા બળબળતા બે અગ્નિની પેઠે અન્યોન્ય સામે ચઢી ગયા.[૯૧] પોતાના ઉત્તમ ધનુષ્યને ધૂણાવી ધૂણાવી તેમાં બાણોનું સંધાન કરીને ઉદય પામેલા બે સૂર્યો જેમ કિરણો છોડે, તેમ સેંકડો બાણોને છોડતા તથા તીક્ષ્ણ બાણોથી અન્યોન્યને તપાવી રહેલા તેઓ બન્ને વીર મહારથીઓ, પ્રલયકાળના સૂર્યસરખા રણમાં શોભતા હતા.[૯૨,૯૩] એ સમયે કૃતવર્માએ મહારથી શિખંડીને પ્રથમ તોંતેર બાણોથી વિંધી નાખીને પુનઃ સાત બાણોથી ઘાયલ કર્યો.[૯૪] એ બાણપ્રહારથી ગાઢ વિંધાયલો શિખંડી વિહ્વળ થઇને રથની બેઠકપર બેસી ગયો, તેના હાથમાંથી ધનુષ્યબાણ છૂટી પડયાં અને તે પોતે મૂર્છાવશ થઇ ગયો.[૯૫] હે પુરુષશ્રેષ્ઠ રાજા! એ રીતે શિખંડીને રણમાં બેભાન થયેલો જોઇ, તમારા પક્ષના યોદ્ધાઓ કૃતવર્માની પ્રશંસા કરવા લાગ્યા તથા ઉંચે હવામાં વસ્ત્રો ઉડાડવા લાગ્યા.[૯૬] પછી શિખંડીને કૃતવર્માનાં બાણોથી પીડાયલો જાણીને તેનો સારથિ ઉતાવળો ઉતાવળો એ મહારથીને રણમાંથી દૂર લઈ ગયો.[૯૭] પાંડવયોદ્ધાઓ, શિખંડીને રથની બેઠકપર વિહ્વળ થયેલો જોઇ સત્વર રથો લઈને કૃતવર્માને રણમાં ઘેરી વળ્યા. મહારથી કૃતવર્માએ તે સમયે અતિ અદ્ભુત પરાક્રમ કર્યું હતું; કારણકે તેણે એકલાએ પાંડવોને સૈન્યસહિત આગળ વધતા અટકાવી રાખ્યા હતા;[૯૯] એટલુંજ નહિ પણ મહારથી કૃતવર્માએ પાંડવોને જીતી લઇને ચેદીઓ, પાંચાલો, સૃંજયો અને મહાવીર્યવાન કેકયોને પણ એ રણમાં જીતી લીધા હતા.[૧૦૦] કૃતવર્માએ એ યુદ્ધમાં પાંડવ યોદ્ધાઓને એવા તો મારવા માંડયા, કે જેથી આમતેમ દોડતા તેઓની જરાએ ધીરજ રહી નહિ.[૧૦૧] એ રીતે યુદ્ધમાં ભીમસેન આદિ પાંડવોને જીતી લઇને કૃતવર્મા, ધૂમાડાવિનાના અગ્નિની પેઠે રણમાં ઉભો રહ્યો હતો.[૧૦૨] કૃતવર્માએ પાંડવપક્ષના મહારથીઓને બાણોની વૃષ્ટિથી ગભરાવી મૂકીને એવા તો હાંકી કાઢયા, કે જેથી તેઓ રણમાંથી તદ્દન વિમુખજ થઇ ગયા.[૧૦૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સાત્યકિનોપ્રવેશ અને કૃતવર્માનું પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૧૧૪ મો સમાપ્ત

અધ્યાય ૧૧૫ મો

જલસંધનો વધ

॥ संजय उवाच ॥

शृणुष्वैकमना राजन् यन्मां त्वं परिपृच्छसि ।
द्राव्यमाणे बले तस्मिन् हार्दिक्येन महात्मना॥

સંજયે કહ્યું:– હે રાજન્! તમે મને જે સંબંધમાં પ્રશ્ન કર્યો છે, તે તમે એકચિત્ત થઇને સાંભળો. મહાત્મા કૃતવર્માએ તે સૈન્યને જ્યારે હાંકી કાઢયું, ત્યારે તે લજ્જાથી નમ્ર મુખવાળું થઇ ગયું હતું તથા તમારા પક્ષના યોદ્ધાઓ હર્ષમાં આવી ગયા હતા. તે સમયે પાંડવયોદ્ધાઓ અગાધ સંકટમાં પડી ગયા હતા અને તેમાંથી પોતાનો ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખતા હતા. હે રાજન્! કૃતવર્મારૂપ સમુદ્રમાં ડબી ગયેલા તેઓનો જે બેટસમાન ઉદ્ધાર કરતો તે સાત્યકિ, તમારા પક્ષના યોદ્ધાઓની ભયંકર કીકિયારીઓ સાંભળીને કૃતવર્માસામે ચઢી ગયો; અને ક્રોધ તથા અમર્ષથી યુક્ત થઇને પોતાના સારથિપ્રત્યે કહેવા લાગ્યો:– "હે સારથિ! મારા રથને તું કૃતવર્મા સામે લઇ ચાલ. જો તો ખરો! ક્રોધા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમાન થઇને તે પાંડવોના સૈન્યમાં કેવો સંહાર કરી રહ્યો છે ? હે સારથિ ! એનો પરાજય કર્યાપછી હું અર્જુનપ્રત્યે જઇશ. " સાત્યકિનું એ વચન સાંભળીને તેનો સારથિ આંખના એક પલકારા જેટલા સમયમાં રથને કૃતવર્મા સામે લઇ ગયો.[૧-૬] ત્યારે સાત્યકિને પોતાની સામે આવેલો જોઈ અત્યંત ક્રોધાયમાન થયેલા કૃતવર્માએ તીક્ષ્ણ બાણોથી તેને વધાવ્યો, એટલે સાત્યકિ પણ કોપ્યો;[૭] અને એકદમ ભલ્લજાતિનું બાણ તથા એ સિવાયનાં બીજાં ચાર બાણો કૃતવર્માસામે તેણે છોડયાં. તેમાંથી ભલ્લબાણે તેનું ધનુષ્ય કાપી નાખ્યું તથા બીજાં ચાર બાણોએ તેના ચારેય ઘોડાઓને મારી નાખ્યા. વળી પણ સાત્યકિએ કેટલાંએક તીક્ષ્ણ બાણો મૂકીને કૃતવર્માના પૃષ્ઠરક્ષકને તથા સારથિને પણ વિંધી નાખ્યા. તે પછી કૃતવર્માને રથરહિત કરી નાખીને સત્ય પરાક્રમી સાત્યકિએ, નમેલાં પર્વવાળાં બાણોનો પ્રહાર કરી એની સેનાને પણ પીડિત કરી નાખી.[૧૦] સાત્યકિનાં બાણોથી પીડાયલી તે સેનામાં ભંગાણ પડયું અને સત્ય પરાક્રમી સાત્યકિ સત્વર આગળ વધ્યો.[૧૧] હે મહારાજ ! દ્રોણાચાર્યના સૈન્યરૂપ મહાસાગરને એ રીતે ઉલ્લંઘી જઇ, વીર્યવાન સાત્યકિએ તમારાં સૈન્યોમાં જે પરાક્રમ કર્યું હતું, તે તમે સાંભળો.[૧૨] તે યુદ્ધમાં કૃતવર્માનો પરાજય કરી હર્ષમાં આવી ગયેલા શૂરા સાત્યકિએ ધીમે રહીને પોતાના સારથિપ્રત્યે કહ્યું:- " હવે તું નિર્ભય થઇને આગળ ચાલ. "[૧૩]

વળી આગળ જતાં તમારા સૈન્યને રથ, ઘોડા અને હાથીઓથી વ્યાપ્ત જોઇને તથા પાયદળોથી ભરપૂર જોઇને પુનઃ સારથિપ્રત્યે તે કહેવા લાગ્યો:-[૧૪] " હે સૂત ! દ્રોણાચાર્યની જમણી બાજુ મેઘસમાન શ્યામવર્ણનું જે હાથીસૈન્ય દેખાય છે અને જેના મોખરામાં રુક્મરથ ઉભો છે, તેઓ સર્વે યોદ્ધાઓ રણમાં દુર્જય છે. દુર્યોધનની આજ્ઞાથી મારી સામે યુદ્ધ કરવામાટેજ પોતાના પ્રાણોનો ત્યાગ કરી તેઓ ઉભા છે. તેઓ સર્વે ત્રિગર્તોના મહાધનુર્ધર અને મહારથી રાજપુત્રો, પરાક્રમથી યુદ્ધ કરનારા તથા સુવર્ણની બનાવેલી ધ્વજાઓવાળા છે. એ વીરો મારી સામે યુદ્ધ કરવાની ઇચ્છાથીજ ગોઠવાઇને ઉભા છે; માટે હે સારથિ ! આપણા ઘોડાઓને હાંક અને તું જલદી મને ત્યાં પહોંચાડી દે.[૧૫-૧૮] આજે દ્રોણાચાર્યના દેખતાં હું ત્રિગર્તયોદ્ધાઓ જોડે યુદ્ધ કરીશ." એ રીતના સાત્યકિના વિચારને અનુસરીને સારથિએ સૂર્યસમાન પ્રભાવવાળો તથા ફરકતી પતાકાવાળો તેનો રથ ધીમે ધીમે આગળ હાંક્યો. સારથિને તાબે રહેનારા, વાયુસમાન વેગવાળા, મોગરાનું પુષ્પ, ચંદ્ર અને રૂપાસમાન પ્રભાવાળા અને સુંદર રવાલવાળા ઉત્તમ ઘોડાઓ તેના રથને રણમાં લઈ જતા હતા. એ રીતે યુદ્ધ કરવા ધસી આવતા તેને જોઇને શંખસમાન વર્ણવાળા ઉત્તમ ઘોડાઓપર બેસી બેસીને કેટલાએક શૂરા યોદ્ધાઓ તેને ઘેરી વળ્યા; તથા ઝડપથી વિંધી નાખનારા કેટલાએક યોદ્ધાઓ, અનેક જાતનાં તીક્ષ્ણ બાણો છોડતા છોડતા હાથીઓનું સૈન્ય લઇને ચારેબાજુથી તેને ઘેરી વળ્યા.[૧૯-૨૨] પછી સાત્યકિ, વર્ષાઋતુનો મહામેઘ જેમ પર્વતોપર વૃષ્ટિ કરે, તેમ તીક્ષ્ણ બાણોવડે હાથીઓનાં સૈન્ય સામે યુદ્ધ કરવા લાગ્યો.[૨૩] જોતજોતામાં તો વીર સાત્યકિએ છોડેલાં વજ્રસમાન તીક્ષ્ણ સ્પર્શવાળાં બાણોથી વધ કરાતા હાથીઓ, રણનો ત્યાગ કરીને નાસભાગ કરવા લાગ્યા.[૨૪] ભાંગી ગયેલા દંતૂશળવાળા, લોહીલોહાણ થયેલા, છિન્ન ભિન્ન થયેલાં મસ્તકો અને ગંડસ્થળોવાળા, તૂટી ગયેલા કાનવાળા, ફાટી ગયેલાં મુખવાળા, કપાઇ ગયેલી સૂંઢોવાળા, માવત અને પતાકાઓથી રહિત થયેલા, મર્મસ્થાનોમાં વિંધાયેલા, ભાંગી ગયેલા ઘંટોવાળા, કપાઇ ગયેલા ધ્વજવાળા, માર્યા ગયેલા સ્વારોવાળા તથા પડી ગયેલી ઝૂલોવાળા હાથીઓ સર્વ દિશાઓમાં નાસાનાસ કરવા લાગ્યા.[૨૬] નારાચ, વત્સદંત, ભલ્લ, અંજલિક, ક્ષુરપ્ર તથા અર્ધચંદ્રાકાર બાણોથી સાત્યકિએ ચીરી નાખેલા હાથીઓ, મેઘસમાન મોટી ગર્જનાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી કરીને અનેક જાતના શબ્દોની કીકિયારીઓ કરવા લાગ્યા; તથા લોહી, વિષ્ઠા અને મૂત્રને ઝરતા ઝરતા નાસભાગ કરવા લાગ્યા.[૨૮] કેટલાએક હાથીઓ ત્યાં ભમતા હતા, કેટલાએક ઠેસો ખાતા હતા; ત્યારે વળી બીજા કેટલાએક પૃથ્વીપર પછડાતા હતા અને કેટલાએક મ્લાન થઇ ગયા હતા. એ પ્રમાણે સાત્યકિએ અગ્નિ અને સૂર્યસમાન ચળકતાં બાણોવડે હાથીસૈન્યને એટલું બધું પીડી નાખ્યું, કે જેથી ચારે બાજુ તે પલાયન કરી ગયું. હાથીઓના સૈન્યનો એ પ્રમાણે જ્યારે સંહાર થયો, ત્યારે મહાબળવાન શૂરો રાજા જલસંધ, પોતાના હાથીને સાત્યકિના રથસામે લઈ પહોંચ્યો. તે જલસંધે સુવર્ણસમાન પ્રકાશતું કવચ પહેર્યું હતું, સુવર્ણના બાજુબંધોથી તે ઉજ્જવળ દેખાતો હતો, કુંડળ, મુકુટ અને તરવાર તેણે ધારણ કર્યાં હતાં, તેના આખે શરીરે રક્તચંદન ચર્ચેલું હતું, મસ્તકપર સુવર્ણનીજ બનાવેલી સુવર્ણમય માળા પહેરી હતી, વક્ષઃસ્થળપર સુવર્ણમય પદક તથા ઝળહળતો હાર તેણે પહેર્યો હતો; અને તે રાજા, હાથીપર રહીને સુવર્ણથી મઢેલું પોતાનું ધનુષ્ય ધૂણાવતો હતો. હે મહારાજ! એ વેળા તે રાજા, વિજળીવાળા મેઘસરખો શોભતો હતો. એકાએક ધસી આવતા મગધરાજાના તે ઉત્તમ હાથીને, કિનારો જેમ સમુદ્રને અટકાવી રાખે, તેમ સાત્યકિએ અટકાવી રાખ્યો. હે રાજન્! સાત્યકિનાં બાણોથી પોતાના હાથીને અટકી ઉભેલો જોઈ, મહાબળવાન રાજા જલસંધ ક્રોધે ભરાઇ ગયો. તે પછી હે મહારાજ! ક્રોધાયમાન થયેલા તે રાજાએ રણના ભારને સહી શકે તેવાં બાણો છોડીને શિનિના પુત્ર સાત્યકિના વક્ષઃસ્થળને વિંધી નાખ્યું; તથા બીજા પાણીદાર અને તીક્ષ્ણ એક ભલ્લબાણથી, બાણોને ફેંકી રહેલા સાત્યકિના ધનુષ્યને કાપી નાખ્યું; એટલુંજ નહિ પણ હે ભારત! વીર માગધરાજાએ હસતો હોય તેમ મુખ મલકાવીને કપાયેલા ધનુષ્યવાળા સાત્યકિને તીક્ષ્ણ પાંચ બાણો માર્યાં. એ રીતે મહાબાહુ વીર્યવાન સાત્યકિને જલસંધે ઘણાં બાણોથી વિંધી નાખ્યો હતો; છતાં તે લગારે કંપ્યો નહિ, તે આશ્ચર્યસરખું હતું. બળવાન સાત્યકિએ તેનાં એટલાં બધાં બાણોની જરાપણ દરકાર નહિ કરીને તથા લગારે ગભરાયાવિના બીજું ધનુષ્ય ઉઠાવ્યું અને "ઉભો રહેજે, ઉભો રહેજે" એમ કહેવા લાગ્યો. પછી મંદ મંદ હસીને તેણે સાઠ બાણોવડે જલસંધની વિશાળ છાતી અત્યંત વિંધી નાખી; ઉપરાંત એક તીક્ષ્ણ ક્ષુરપ્રબાણવડે જલસંધના મહાન ધનુષ્યને મુષ્ટિ પ્રદેશમાંથી કાપી નાખી બીજાં ત્રણ બાણોથી તેને પોતાને પણ વિંધી નાખ્યો; એટલે જલસંધે ભાંગેલા તે ધનુષ્યને બાણસહિત ફેંકી દીધું અને સત્વર સાત્યકિપ્રત્યે એક તોમર ફેંક્યું. તે તોમર સાત્યકિના જમણા હાથને ઘાયલ કરી, ફુંફાડા મારતા ઘોર મહાસર્પની પેઠે પૃથ્વીમાં પેસી ગયું. એ રીતે જ્યારે પોતાનો જમણો હાથ ઘાયલ થયો, ત્યારે સાત્યકિએ તીક્ષ્ણ એવાં ત્રીસ બાણોનો જલસંધને પ્રહાર કર્યો. તે વેળા મહાબળવાન જલસંધે સુવર્ણનાં સો ટપકાંવાળી એવી બળદના ચામડાથી મઢેલી મોટી ઢાલ તથા તરવાર હાથમાં લઇ, ખૂબ જોસભેર તરવાર ફેરવીને સાત્યકિસામે ફેંકી.[૩૦–૪૭] તે તરવાર સાત્યકિના ધનુષ્યને કાપી નાખીને પૃથ્વીપર આવી પડી અને પ્રત્યક્ષ ઉંબાડિયાંની પેઠે ત્યાં શોભી રહી.[૪૮] તે પછી સાત્યકિએ, સર્વ શરીરને ચીરી નાખે તેવું સાલવૃક્ષની મોટી શાખાસરખું તથા ઇંદ્રના ધનુષ્યસમાન શબ્દવાળું એક મોટું ધનુષ્ય હાથમાં લીધું; અને ક્રોધપૂર્વક તેનો ટંકાર કરી એક બાણનો જલસંધને પ્રહાર કર્યો; અને થોડા સમયમાં તો બીજાં બે ક્ષુર (અસ્ત્રાના જેવાં) બાણો છોડીને સાત્યકિએ જલસંધના અલંકારોસહિત બન્ને બાહુઓને હસતાં હસતાં એકદમ કાપી નાખ્યા; એટલે મોટા પરિઘસમાન એવા તેના બન્ને હાથો પાંચ મસ્તકોવાળા બે સર્પોની પેઠે તે મહાન હાથીપરથી પૃથ્વીપર પડી ગયા. વળી પાછા સાત્યકિએ એક ત્રીજું ક્ષુર જાતિનું બાણ મૂકીને સુંદર દાઢોવાળા તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર કુંડળોથી સુશોભિત એવા જલસંધના મસ્તકને કાપી નાખ્યું. કાપી નાખેલા મસ્તક અને બાહુઓવાળું અને તેથીજ ભયંકર દેખાવનું જલસંધનું ધડ, તે સમયે એટલું બધું લોહીલોહાણ થઇ ગયું હતું, કે જેથી તેણે જલસંધના હાથીઓને લોહીથી ન્હવરાવી દીધા હતા. એ રીતે જલસંધનો રણમાં નાશ કરીને હે રાજન્ ! સાત્યકિએ સત્વર તેના હાથીપરની અંબાડીને પણ હાથીની પીઠપરથી ખસેડી પાડી, એટલે લોહીથી ખરડાયેલા શરીરવાળો, શરીરપર લટકી રહેલી અંબાડીને ખેંચી જતો તથા સાત્યકિનાં બાણોથી પીડાયલો જલસંધનો હાથી, પોતાની સેનાને ખુંદતો ખુંદતો ઘોર ચીસ પાડીને રણમાંથી નાઠો. હે રાજા! એ સમયે તમારા સૈન્યમાં મહાન હાહાકાર થઈ રહ્યો હતો.[૪૯,૫૭] યાદવોમાં શ્રેષ્ઠ એવા તે સાત્યકિએ જલસંધને મારી નાખેલો જોઇ તમારા પક્ષના યોદ્ધાઓ રણમાંથી વિમુખ થઈ ચારે બાજુ નાસભાગ કરવા લાગ્યા.[૫૮] તેઓ બધા પલાયન કરવામાંજ ઉત્સાહવાળા થયા હતા, પણ શત્રુઓનો પરાજય કરવામાં તદ્દન નિરૂત્સાહ થઇ ગયા હતા. હે રાજન્ ! એ અરસામાં સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય, પોતાના વેગવાળા ઘોડાઓને દોડાવીને મહારથી સાત્યકિસામે ચઢી આવ્યા;[૫૯,૬૦] અને બીજા કેટલાએક મહારથીઓ પણ રણમાં તે રીતે અભ્યુદય પામતા સાત્યકિને જોઇને ક્રોધપૂર્વક તે દ્રોણાચાર્ય સાથેજ સાત્યકિસામા ચઢી આવ્યા. હે રાજન્ ! તે પછી કૌરવો તથા દ્રોણાચાર્ય અને સાત્યકિનું દેવો અને અસુરોસમાન ઘોર યુદ્ધ ચાલુ થયું.[૬૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'જલસંધનો વધ' એ વિષયનો
અધ્યાય ૧૧૫ મો સમાપ્ત

અધ્યાય ૧૧૬ મો

દુર્યોધનનો તથા કૃતવર્માનો પરાજય

॥ संजय उवाच ॥

ते किरंतः शरव्रातान् सर्वे यत्ताः प्रहारिणः ।
त्वरमाणा महाराज युयुधानमयोधयन् ॥१॥

સંજયે કહ્યું:–હે મહારાજ ! અનેક બાણોને છોડી રહેલા તે સર્વ યોદ્ધાઓ બરાબર સજ્જ થઇને ઉતાવળા ઉતાવળા સાત્યકિસામા યુદ્ધ કરવા લાગ્યા.[૧] તે સાત્યકિને દ્રોણાચાર્યે સિત્તોતેર તીક્ષ્ણ બાણોથી, દુર્મર્ષણે બાર બાણોથી, દુઃસહે દશ બાણોથી તથા વિકર્ણે કંકપક્ષીનાં પીછાંવાળાં તીક્ષ્ણ ત્રીસ બાણોથી જમણા પડખામાં તથા છાતીમાં વિંધી નાખ્યો. હે રાજા ! દુર્મુખે દશ બાણોથી, દુઃશાસને આઠ બાણોથી તથા ચિત્રસેને બે બાણોથી સાત્યકિને વિંધી નાખ્યો.[૪] હે રાજન્ ! રાજા દુર્યોધને પણ મોટી બાણવૃષ્ટિ કરીને સાત્યકિને રણમાં સારી રીતે પીડયો હતો અને બીજા મહારથીઓ પણ તેનાપર પ્રહાર કરવા લાગી પડયા હતા.[૫] એ રીતે જ્યારે તમારા મહારથી પુત્રો ચારે બાજુથી તેને વિંધવા મંડી પડયા, ત્યારે સાત્યકિએ પણ સીધાં જનારાં બાણો મૂકીને તેઓ સર્વને જૂદા જૂદા વિંધી નાખ્યા.[૬] તેણે દ્રોણાચાર્યને ત્રણ બાણોથી, દુઃસહને નવ બાણોથી, વિકર્ણને પચીસ બાણોથી, ચિત્રસેનને સાત બાણોથી, દુર્મર્ષણને બાર બાણોથી, વિવિંશતિને આઠ બાણોથી, સત્યવ્રતને નવ બાણોથી તથા વિજયને દશ બાણોથી વિંધી નાખ્યા.[૭,૮] તે પછી સોનાની જડેલી કુંડલીઓવાળા ધનુષ્યને ધૂણાવતો મહારથી સાત્યકિ, સત્વર તમારા મહારથી પુત્ર દુર્યોધનસામે ચઢી ગયો;[૯] અને તુરત સર્વ લોકના રાજા તથા સર્વ લોકના મહારથી દુર્યોધનને તેણે બાણોવતી તીવ્ર પ્રહાર કર્યો, એટલે તેઓ બન્નેનું યુદ્ધ શરૂ થયું.[૧૦] તીક્ષ્ણ બાણોનું સંધાન કરી અન્યોન્ય સામે છોડી રહેલા તે બન્ને મહારથીઓએ એકબીજાને રણમાં અદૃશ્ય કરી દીધા.[૧૧] કૌરવોના રાજાએ સાત્યકિને ઘણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિંધી નાખ્યો હતો, તેથી ચંદનવૃક્ષ જેમ પોતાનામાંથી રસને ઝરે તેમ સાત્યકિ પોતાના શરીરમાંથી લોહીને ઝરતો હતો, તેથી ઘણો શોભતો હતો;[૧૨] તેમજ સાત્યકિનાં સંખ્યાબંધ બાણોથી વિંધાઇ ગયેલો તમારો પુત્ર પણ સુવર્ણમય મુકુટવાળો હોઇને ઉંચા કરેલા મોટા સ્થંભસરખો શોભતો હતો.[૧૩] હે રાજન્! સાત્યકિએ ક્ષુરપ્રબાણ મૂકીને ધનુર્ધર કુરુરાજના ધનુષ્યને હસતાં હસતાં રણમાં કાપી નાખ્યું.[૧૪] પછી તેણે કપાયેલા ધનુષ્યવાળા એ દુર્યોધનરાજાને અનેક બાણોવડે રણમાં ઢાંકી દીધો. એ રીતે શીઘ્ર કર્મ કરનાર પોતાના શત્રુનાં બાણોથી ઘવાયેલો રાજા દુર્યોધન, શત્રુના એ વિજયને સહન કરી શક્યો નહિ; એટલે તુરત તેણે સોનાની પીઠવાળું બીજું અસહ્ય ધનુષ્ય હાથમાં લઇને સત્વર સો બાણોનું સંધાન કરી સાત્યકિને વિંધી નાખ્યો. તમારા મહાધનુર્ધર અને બળવાન પુત્રે જ્યારે સાત્યકિને અત્યંત વિંધી નાખ્યો, ત્યારે તે ક્રોધવશ થઇ ગયો અને તમારા પુત્રને ખૂબ પીડવા લાગ્યો. એ રીતે રાજાને પીડાયેલો જોઈ તમારા મહારથી પુત્રો ત્યાં દોડી આવ્યા અને બળપૂર્વક બાણવૃષ્ટિ કરીને સાત્યકિને છાઇ દેવા લાગ્યા; ત્યારે તમારા પુત્રોની બાણવૃષ્ટિથી ઢંકાયેલા સાત્યકિએ પણ તેઓ દરેકને પાંચ પાંચ બાણોથી વિંધી નાખીને બીજાં સાત સાત બાણોનો પ્રહાર કર્યો તથા દુર્યોધનને એકદમ આઠ બાણો મારીને વિંધી નાખ્યો.[૧૫–૨૦] વળી હસતાં હસતાં, શત્રુઓને ભય ઉપજાવનારા એના ધનુષ્યના પણ ટુકડા કરી નાખ્યા તથા મણિમય હાથીના ચિહ્નવાળી તેની ધ્વજાને પણ બાણોવડે કાપી નાખી;[૨૧] એટલુંજ નહિ પણ ચાર તીક્ષ્ણ બાણોથી તેના ચારેય ઘોડાઓને મારી નાખી મહાયશસ્વી સાત્યકિએ એક ક્ષુરપ્રબાણથી તેના સારથિને પણ ઢોળી પાડયો;[૨૨] તેમજ એજ અરસામાં હર્ષમાં આવેલા તે સાત્યકિએ મહારથી કુરુરાજને મર્મને ભેદી નાખનારાં ઘણાં બાણોવડે સારી રીતે વધાવ્યો.[૨૩] હે રાજન્! એ રીતે રણમાં સાત્યકિનાં ઉત્તમ બાણોથી વધ કરાતો તમારો પુત્ર દુર્યોધન એકાએક ત્યાંથી નાઠો અને ધનુર્ધર ચિત્રસેનના રથપર એકદમ કૂદી બેઠો. એ સમયે રાહુ જેમ ચંદ્રનો ગ્રાસ કરે, તેમ સાત્યકિના ગ્રાસરૂપ થયેલા રાજા દુર્યોધનને જોઇને ત્યાં લોકમાં હાહાકાર થઈ રહ્યો. તે હાહાકારના શબ્દને સાંભળીને મહારથી કૃતવર્મા, જે સ્થળે સમર્થ સાત્યકિ ઉભો હતો તે સ્થળે એકાએક ધસી આવ્યો. પોતાના ઉત્તમ ધનુષ્યને ધૂણાવતો, ઘોડાઓને હાંક મારતો તથા "આગળ ચાલ, આગળ ચાલ," એમ પોતાના સારથિને તર્જનકરતો કૃતવર્મા સત્વર ત્યાં આવી પહોંચ્યો. હે મહારાજ! વિકાસેલા મુખવાળા કાળની પેઠે ધસી આવતા કૃતવર્માને જોઇને સાત્યકિ, પોતાના સારથિને આ પ્રમાણે કહેવા લાગ્યો:–"બાણાવળી એવો આ કૃતવર્મા પોતાના રથને લઇને આ તરફ ધસી આવે છે, માટે તું પણ સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ એ કૃતવર્મા સામે આપણા રથને લઈ ચાલ." સાત્યકિનાં એ વચન સાંભળીનેજ સારથિએ રથને આગળ લીધો અને વેગવાળા ઘોડાઓથી જીતેલા તથા શાસ્ત્રોક્ત વિધિએ તૈયાર કરેલા એ રથથી સાત્યકિ, તત્કાળ ધનુર્ધરોના પ્રતિબિંબરૂપ ભોજરાજા કૃતવર્માસામે રણમાં આવી પહોંચ્યો. તે પછી બળબળતા અગ્નિની પેઠે પરમ ક્રોધાયમાન થયેલા એ બન્ને પુરુષવ્યાઘ્રો અતિ બળવાન એવા બે વ્યાઘ્રોની પેઠે એકબીજા સામે ધસ્યા. તુરત કૃતવર્માએ છવીસ બાણોથી સાત્યકિને પ્રહાર કર્યો અને વળી બીજાં તીક્ષ્ણ બાણોવડે તેના સારથિને પણ માર માર્યો; એટલુંજ નહિ પણ સાત્યકિના ઘોડાઓ કે જેઓ સારી રીતે કેળવાયલા તથા સિંધુદેશમાં જન્મેલા હતા, તેઓને પરમ તીક્ષ્ણ ચાર બાણોનો તેણે પ્રહાર કર્યો. વળી પણ સુવર્ણના ધ્વજદંડવાળા, સુવર્ણના બાજુબંધવાળા તથા સુવર્ણસમાન પ્રકાશિત કવચવાળા તે કૃતવર્માએ સુવર્ણથી મઢેલી પીઠવાળા પોતાના મહાન ધનુષ્યનો ટંકાર કરી સુવર્ણના પુંખવાળાં ઘણાં બાણો છોડી સાત્યકિને અટકાવી રાખ્યો. તે પછી અર્જુનને મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળવા ઇચ્છતા સાત્યકિએ પણ કૃતવર્મા સામે એંશી બાણો એકદમ છોડયાં. એ બાણોના પ્રહારથી શત્રુતાપન કૃતવર્મા અત્યંત વિંધાઇ ગયો; જેથી પૃથ્વીકંપસમયે જેમ પર્વત કંપી જાય, તેમ તે કંપી ગયો. વળી પણ સત્ય પરાક્રમી સાત્યકિએ તીક્ષ્ણ એવાં ત્રેસઠ બાણોથી તેના ચારેય ઘોડાઓને તથા સાત બાણોથી તેના સારથિને વિંધી નાખ્યો. તે ઉપરાંત વળી સુવર્ણના પુંખવાળા એક બાણને ધનુષ્યમાં સાંધીને સાત્યકિએ ક્રોધની મોટી જ્વાળાઓને છોડતા સર્પની પેઠે તેની સામે ફેંક્યું. સાક્ષાત્ કાળદંડસમાન ભયંકર એવાં તે બાણો કૃતવર્માના સુવર્ણસમાન ઝળહળતા કવચને તોડી નાખીને તેને પોતાને પણ ઘણો ઘાયલ કર્યો. પછી લોહીલોહાણ થઇ તે ઉગ્ર બાણ પૃથ્વીમાં પેસી ગયું.[૪૦] એ રીતે સાત્યકિનાં બાણોથી વ્યાકુળ થયેલો તથા લોહીની ધારાઓને વહેતો તે કૃતવર્મા, હાથમાંથી ધનુષ્યબાણ છોડી દઇને પોતાના ઉત્તમ રથમાં મૂર્છાની સ્થિતિમાં આવી પડયો. *સિંહસમાન દાઢોવાળો તે પુરુષશ્રેષ્ઠ, અમિત પરાક્રમવાળો હતો; છતાં સાત્યકિનાં બાણોથી વિહ્વળ થઇ બે ઢીંચણભર પૃથ્વીપર પડયો હતો.[૪૧,૪૨] અક્ષુભ્ય સાગરસમાન તથા સાક્ષાત્ સહસ્રાર્જુનસમાન એવા તે કૃતવર્માને એ રીતે રણમાં હઠાવી દઇને સાત્યકિ આગળ વધ્યો.[૪૩] પૂર્વે ઇંદ્ર જેમ આસુરી સેનાને ઉલ્લંઘી ગયો હતો, તેમ સાત્યકિ પણ સર્વ સૈન્યોના દેખતાં કૌરવોની સેનાના મધ્યમાંથી પસાર થઇ ગયો હતો. તે સેના કંઇ સાધારણ ન હતી; પણ તરવારો, શક્તિઓ અને ધનુષ્યોથી વ્યાપ્ત હતી; હાથીઓ, રથો અને ઘોડાઓથી ભરચક હતી, તથા સેંકડો મોટા મોટા ક્ષત્રિયોએ તે સેનામાં ઉગ્ર લોહીધારા ચલાવી દીધી હતી.[૪૪,૪૫] તે પછી બળવાન કૃતવર્મા મૂર્છામાંથી સાવધ થઇ હાથમાં બીજું મોટું ધનુષ્ય લઈ યુદ્ધમાં પાંડવોને અટકાવતો ઉભો રહ્યો.[૪૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દુર્યોધન અને કૃતવર્માનો પરાજય' એ વિષયના અધ્યાય ૧૧૬ મો સમાપ્ત

અધ્યાય ૧૧૭ મો

સાત્યકિનું પરાક્રમ

॥ संजय उवाच ॥

काल्यमानेषु सैन्येषु शैनेयेन ततस्ततः ।
भारद्वाजः शरव्रातैर्महद्भिः समवाकिरत् ॥१॥

સંજયે કહ્યું:–એ પ્રમાણે સાત્યકિએ કૌરવોનાં સૈન્યોને ચારેબાજુ હાંકી કાઢવા માંડયાં; ત્યારે દ્રોણાચાર્ય મોટાં મોટાં અનેક બાણો મૂકીને તેને ઢાંકી દેવા લાગ્યા.[૧] તે વેળા સર્વ સૈન્યોના દેખતાં દ્રોણાચાર્ય તથા સાત્યકિનું, બલિ તથા ઇંદ્રના જેવું તુમુલ યુદ્ધ થઈ રહ્યું હતું.[૨] એવામાં દ્રોણાચાર્યે સર્પસમાન આકારનાં અદ્ભુત ત્રણ લોખંડી બાણોનો સાત્યકિના લલાટમાં પ્રહાર કર્યો.[૩] હે મહારાજ ! સીધી ગતિનાં તે બાણો સાત્યકિના લલાટમાં આવીને ખુંચી ગયાં, જેથી ત્રણ શિખરવાળો એક પર્વત હોય તેમ તે શોભવા લાગ્યો.[૪] વળી પણ સમયસૂચક દ્રોણાચાર્યે ઇંદ્રના વજ્રસમાન શબ્દવાળાં બીજાં કેટલાંએક બાણો સાત્યકિ સામે છોડવા માંડયાં.[૫] સાત્યકિ પણ કંઈ ગાંજયો જાય તેવો ન હતો; કારણકે તે પણ પરમ અસ્ત્રને જાણનારો એક વીર યોદ્ધો હતો, જેથી દ્રોણના ધનુષ્યમાંથી છૂટતાં તે સર્વ બાણોને સુંદર પુંખવાળાં માત્ર બબ્બે બાણોવડેજ તેણે કાપી નાખ્યાં. હે રાજા ! સાત્યકિની એ ચાલાકી જોઇને દ્રોણાચાર્ય હસ્યા અને પછી એકાએક ત્રીસ બાણોથી સાત્યકિને તેમણે વિંધી નાખ્યો.[૬,૭] વળી સાત્યકિની ચાલાકી કરતાં પણ પોતાની અધિક ચાલાકી દર્શાવતા તે આચાર્યે, સત્વર બીજાં પચાસ તીક્ષ્ણ બાણોનો

---

* સિંહસમાન દાઢોવાળા–સિંહદંષ્ટ્ર પુરુષનું લક્ષણ નીલકંઠે લખ્યું છે કેઃ—

"दंष्ट्राश्चतस्रो यस्य स्युर्दशनेभ्यः समुच्छ्रिताः ।
सिंहदंष्ट्राः सगादितश्चतुर्दंष्ट्राश्च सूरिभिः ॥ "

જે પુરુષની આગળની ચાર દાઢો બીજા સર્વ દાંતોના કરતાં ઉંચી હોય, તેને વિદ્વાનો સિંહદંષ્ટ્ર અથવા ચતુર્દંષ્ટ્ર કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત્યકિને પ્રહાર કર્યો.[૮] હે રાજા ! રાફડામાંથી જેમ ક્રોધાયમાન થયેલા સર્પો બહાર નીકળી આવે, તેમ દ્રોણાચાર્યના રથમાંથી શરીરને વિંધી નાખે તેવાં બાણો સડસડાટ કરતાં બહાર નીકળતાં હતાં;[૯] તેમજ સાત્યકિએ પણ સેંકડો અને હજારો બાણો છોડવા માંડયાં હતાં. રુધિરનું ભોજન કરનારાં તે બાણો પણ દ્રોણના રથને ઢાંકી દેતાં હતાં.[૧૦] હે રાજા ! બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્યની ચપળતામાં તથા સાત્યકિની ચપળતામાં તે સમયે અમને કંઇપણ વિશેષતા જણાતી ન હતી. તેઓ બન્ને પુરુષશ્રેષ્ઠો લગભગ સમાનજ દેખાતા હતા.[૧૧] તે પછી અત્યંત ક્રોધાયમાન થયેલા સાત્યકિએ નમેલા પર્વવાળાં નવ તીક્ષ્ણબાણોનો દ્રોણાચાર્યને પ્રહાર કર્યો;[૧૨] તથા બીજાં સો બાણો મૂકીને દ્રોણાચાર્યના દેખતાં તેના સારથિને વિંધી નાખ્યો. સાત્યકિની એ ઝડપ જોઇને મહારથી દ્રોણાચાર્યે સિત્તેર બાણોથી તેના સારથિને તથા ત્રણ ત્રણ બાણોથી તેના ઘોડાઓને વિંધી નાખીને એક બાણથી તેના રથપર રહેલી ધ્વજાને કાપી નાખી,[૧૩–૧૪] એટલુંજ નહિ પણ બીજા એક સુવર્ણના પુંખવાળા ભલ્લબાણથી મહાત્મા સાત્યકિના ધનુષ્યને પણ કાપી નાખ્યું.[૧૫] તે જોઇ ક્રોધાયમાન થયેલા મહારથી સાત્યકિએ પોતાના કપાયેલા ધનુષ્યને ફેંકી દઇ હાથમાં એક મોટી ગદા લીધી અને દ્રોણસામે ફેંકી. પટ્ટા બાંધેલી તે લોખંડી ગદાને એકાએક પોતાની તરફ ધસી આવતી જોઇ દ્રોણાચાર્યે અનેક જાતનાં ઘણાં બાણો છોડી મૂકયાં તથા વચમાંથીજ તે ગદાને અટકાવી પાડી.[૧૭] એ રીતે પોતાની ગદાને નિષ્ફળ થયેલી જોઇ સત્યપરાક્રમી સાત્યકિએ તત્કાળ બીજું ધનુષ્ય ઉઠાવ્યું અને પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં ઘણાં બાણોવડે દ્રોણાચાર્યને વિંધી નાખ્યા.[૧૮] એ પ્રમાણે આચાર્યને યુદ્ધમાં વિંધી નાખીને સાત્યકિ મોટા મોટા સિંહનાદો કરવા લાગ્યો; પણ સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય તે સહન કરી શકયા નહિ.[૧૯] તેમણે તદ્દન લોખંડની બનાવેલી સુવર્ણમય દાંડાવાળી એક મહાન શક્તિ ઉઠાવીને જોસભેર સાત્યકિના રથસામે ફેંકી;[૨૦] પણ દૈવયોગે કાળસમાન એવી તે શક્તિ સાત્યકિ તરફ ન જતાં તેના રથમાં અથડાઇને દારુણ શબ્દ કરતી પૃથ્વીપર આવી પડી.[૨૧] હે રાજન્ ! પછી આચાર્યના જમણા હાથમાં પીડા કરવાના ઉદ્દેશથી શિનિપુત્ર સાત્યકિએ એક બાણનો તેમને પ્રહાર કર્યો.[૨૨] ત્યારે દ્રોણાચાર્યે પણ એક અર્ધ ચંદ્રાકાર બાણ મૂકીને સાત્યકિના મહાન ધનુષ્યના ટુકડા કરી નાખ્યા અને એક રથશક્તિથી તેના સારથિને ઘાયલ કર્યો.[૨૩] રથશક્તિનો પ્રહાર થતાંજ સારથિ મૂર્ચ્છાવશ થઇ ગયો અને રથના ઉપસ્થભાગનો ટેકો લઇ થોડીવાર બેસી રહ્યો;[૨૪] છતાં હે રાજન્ ! સાત્યકિ ગભરાયો નહિ. મનુષ્યોથી ન બને તેવું કર્મ તેણે કરવા માંડયું. પોતે સારથિનું કામ કરતો ગયો, દ્રોણસામે યુદ્ધ કરતો ગયો તથા ઘોડાઓની લગામ પણ હાથમાં પકડી રહ્યો.- તે પછી મહારથી સાત્યકિએ હર્ષસૂચક ભયંકર સ્વરૂપ ધારણ કરી સો બાણોવડે બ્રાહ્મણ દ્રોણાચાર્યને યુદ્ધમાં વિંધી નાખ્યા.[૨૫,૨૬]

હે ભરતવંશી રાજા ! દ્રોણાચાર્યે પણ તેને પાંચ બાણોનો પ્રહાર કર્યો, જેથી તેનું કવચ તૂટી ગયું અને તે બાણો પણ લોહીલોહાણ થઈ ગયાં. એ રીતનાં તે ઘોર બાણોથી જ્યારે સાત્યકિ વિંધાઈ ગયો, ત્યારે તેને ઘણો ક્રોધ ચઢયો. એકદમ દ્રોણાચાર્યના રથસામે તેણે ઘણાં બાણો છોડી મૂકયાં;[૨૮] તેમાંથી એક બાણથી તેના સારથિને પૃથ્વીપર પાડી નાખીને મરણ પામેલા સારથિવાળા તેમના ઘોડાઓને આમતેમ ચારે બાજુ હાંકી કાઢયા.[૨૯] ઘોડાઓ ભડકયા, જેથી દ્રોણાચાર્યનો રૂપેરી રથ રણમાં હજારો મંડળોને કરવા લાગ્યો અને સૂર્યની પેઠે પ્રકાશવા લાગ્યો. એ સમયે તમારા સૈન્યમાં "ધસી જાઓ, દ્રોણાચાર્યના ઘોડાઓને પકડો, દોડો, દોડો," એ પ્રમાણે સર્વ રાજાઓ તથા રાજપુત્રો બૂમાબૂમ કરી રહ્યા હતા.[૩૧] હે રાજન્ ! તે સર્વ મહારથીઓ, એ સમયે સાત્યકિસામેનું યુદ્ધ પડતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકીને જે તરફ દ્રોણાચાર્ય ઘસડાઇ જતા હતા તે તરફ એકાએક ધસી ગયા હતા.[૩૨] એ યુદ્ધમાં સાત્યકિનાં બાણોથી પીડાઇને નાસભાગ કરતા તે સર્વ મહારથીઓને જોઇને તમારૂં સૈન્ય ખળભળી ઉઠયું અને પુનઃ તેમાં ભંગાણ પડયું. વાયુસમાન વેગવાળા તથા સાત્યકિનાં બાણોથી પીડાયેલા દ્રોણાચાર્યના ઘોડાઓ, લગભગ વ્યૂહના મુખસુધી આચાર્યને ઘસડી ગયા હતા, જેથી તે આચાર્ય પણ વ્યૂહના દ્વારમાં જઇનેજ ઉભા રહ્યા હતા.[૩૪] એ સમયે પાંડવો તથા પાંચાલોએ વ્યૂહને તોડી નાખ્યો હતો; માટે વીર્યવાન દ્રોણાચાર્ય વ્યૂહનુંજ રક્ષણ કરવા લાગ્યા, પણ સાત્યકિમાટે તેમણે યત્ન કર્યો નહિ.[૩૫] પછી પાંડવો અને પાંચાલોને યુદ્ધમાં આગળ વધતા અટકાવી દઇને ક્રોધરૂપ કાષ્ઠથી પ્રદીપ્ત થયેલો દ્રોણાચાર્યરૂપ અગ્નિ, પ્રલયકાળે ઉદય પામેલા સૂર્યની પેઠે જગતને બાળી નાખતો હોય, તેમ રણમાં ઉભો રહ્યો હતો.[૩૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં "સાત્યકિનું પરાક્રમ" એ વિષયનો અધ્યાય ૧૧૭ મો સમાપ્ત

અધ્યાય ૧૧૮ મો

સુદર્શનનો વધ

॥ संजय उवाच ॥

द्रोणं स जित्वा पुरुषप्रवीरस्तथैव हार्दिक्यमुखाँस्त्वदीयान् । प्रहस्य सूतं वचनं बभाषे शिनिप्रवीरः कुरुपुंगवाग्र्य ॥ १ ॥

સંજયે કહ્યું:– હે કુરુશ્રેષ્ઠ રાજા! પુરુષોમાં વીર એવા તે સાત્યકિએ દ્રોણાચાર્યનો તથા કૃતવર્મા આદિ તમારા યોદ્ધાઓનો પરાજય કરી હસતાં હસતાં સારથિપ્રત્યે આ પ્રમાણે કહ્યું:– "હે સારથિ! કેશવ તથા અર્જુને શત્રુઓનો નાશ કરી નાખ્યો છે; આપણે જે આ નાશ કરી રહ્યા છીએ તે તો કેવળ નિમિત્તજ છે. પુરુષશ્રેષ્ઠ ઇંદ્રપુત્રે (અર્જુને) મારી નાખેલાઓનેજ આપણે મારીએ છીએ." એ પ્રમાણે તે પોતાના સારથિને કહીને ધનુર્ધરોનો અગ્રેસર, શત્રુઓનો સંહાર કરનાર અને અતિ બળવાન એવો તે સાત્યકિ, બાજપક્ષી જેમ માંસપર તરાપ મારે, તેમ બાણોને છોડતો છોડતો રણમાં આગળ વધ્યો.[૩] ચંદ્રઅને શંખસમાન ઉજ્જવલવર્ણના ઘોડાઓદ્વારા સૈન્યમાં પ્રવેશ કરી, આગળ જતા તે પુરુષ વીરને અટકાવવા માટે કોઇ યોદ્ધાઓ સમર્થ થયા નહિ. રે! સૂર્યનાં કિરણોસમાન પ્રકાશતા તેના રથને પણ કોઈ અટકાવી શક્યો નહિ. હે ભરતવંશી રાજા! અસહ્ય પરાક્રમવાળા, અદીન ધૈર્યવાળા તથા ઇંદ્રસમાન પ્રભાવવાળા તે સાત્યકિને તમારા પક્ષની સર્વ ટુકડીઓ, વર્ષાકાળ પછી આકાશમાં ઝળકાટ કરતા સૂર્યને જેમ ન જોઈ શકાય તેમ જોઇ શકી નહિ.[૫] એવામાં ક્રોધપૂર્ણ થયેલા, અતિ વિચિત્ર જાતનાં યુદ્ધ કરનારા તથા સુવર્ણના કવચને ધારણ કરનારા ધનુર્ધર રાજા સુદર્શને રણમાં ધસી આવતા સાત્યકિને બળાત્કારે અટકાવ્યો.[૬] હે ભરતવંશી રાજા! તેઓ બન્નેની વચ્ચે એટલો બધો અતિદારુણ સંગ્રામ મચ્યો કે જેને જોઇને, પૂર્વે જેમ વૃત્રાસુર તથા ઇંદ્રના યુદ્ધની દેવગણોએ પ્રશંસા કરી હતી, તેમ તમારા પક્ષના સોમકયોદ્ધાઓ પણ તેની પ્રશંસા કર્યાવિના રહ્યા નહિ. એ રણમાં સુદર્શને સેંકડો તીક્ષ્ણ બાણો મારીને યાદવશ્રેષ્ઠ સાત્યકિને વિંધી નાખ્યો, ત્યારે હે રાજન્! સાત્યકિ પણ તેનાં બાણોને પોતાની પાસે આવ્યા પહેલાં વચમાંથીજ કાપી નાખતો હતો;[૮] તેજ પ્રમાણે ઇંદ્રસમાન પરાક્રમવાળા સાત્યકિએ પણ સુદર્શનરાજાનાપર જે જે બાણો મૂક્યાં હતાં તેના શ્રેષ્ઠ રથપર બેઠેલા તે સુદર્શને પણ બબ્બે ત્રણ ત્રણ ટુકડા કરી નાખ્યા હતા.[૯] પછી સાત્યકિનાં બાણોના વેગથી પોતાનાં સર્વ બાણોને કપાઇ પડેલાં જોઇ સુદર્શન, ક્રોધને લીધે જાણે બાળી નાખતો હોય તેમ તીક્ષ્ણ તેજવાળો થઇ ગયો અને સુવર્ણથી અદ્ભુત એવાં બીજાં કેટલાંએક બાણોને છોડવા લાગ્યો.[૧૦] વળી પણ ધનુષ્યને કાનસુધી ખેંચીને છોડેલાં અગ્નિસમાન વર્ણનાં સુંદર પુંખવાળાં ત્રણ બાણો, સુદર્શને માર્યાં તે બાણો, સાત્યકિના કવચને તોડી નાખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના શરીરમાં પેસી ગયાં.[૧૧] તે ઉપરાંત રાજપુત્ર સુદર્શને, બીજાં બળબળતાં અગ્નિસરખાં બાણોનું સંધાન કરીને સાત્યકિના રૂપેરી રંગના ઘોડાઓને ઘણા જોસથી માર્યાં. એ રીતે સુદર્શને જ્યારે ઉપરાઉપરી બાણોનો મારો ચલાવ્યો; ત્યારે ઇન્દ્રસમાન વીર્યવાળા બળવાન સાત્યકિએ, અતિ તીક્ષ્ણ એવાં સંખ્યાબંધ બાણો છોડીને એકદમ ગર્જના કરી મૂકી.[૧૩] વળી પણ ઇન્દ્રના વજ્રસમાન એવા એક ભલ્લજાતિના બાણથી સુદર્શનના સારથિનું મસ્તક કાપી નાખીને, પ્રલયકાળના અગ્નિસમાન ઝળહળતાં બીજાં અસ્ત્રાના આકારનાં બાણોથી પૂર્ણચંદ્રસમાન પ્રકાશિત મુખવાળા સુદર્શનના કુંડળસહિત મસ્તકને પણ તેના શરીરપરથી જૂદું પાડી નાખ્યું. હે રાજન્ ! પૂર્વે દેવાસુરયુદ્ધપ્રસંગે વજ્રધર ઇન્દ્રે અતિ બળવાન એવા બળદૈત્યનો જેમ નાશ કર્યો હતો, તેમ યાદવશ્રેષ્ઠ બળવાન સાત્યકિએ પણ રાજપુત્ર અને રાજપૌત્ર એવા તે સુદર્શનનો નાશ કર્યો હતો; જેથી તે મહાત્મા પરમ હર્ષયુક્ત થઇને સાક્ષાત્ ઇન્દ્રસરખો શોભવા લાગ્યો.[૧૪–૧૬] પછી હે રાજન્ ! અસંખ્ય બાણોના પ્રહારથી તમારા સૈન્યને રોકી રાખીને લોકને વિસ્મય પમાડતો પુરુષવીર સાત્યકિ, ઉત્તમ ઘોડાઓ જોડેલા પોતાના રથમાં બેસીને જે તરફ અર્જુન હતો તે તરફ ચાલ્યો ગયો.[૧૭] એ સમયે ત્યાં રણભૂમિપર એકઠા મળેલા સર્વ યોદ્ધાઓ, આશ્ચર્ય પામવાયોગ્ય એવા સાત્યકિના તે પરાક્રમનીજ પ્રશંસા કરી રહ્યા હતા; કારણ કે પ્રજ્વલિત થયેલા અગ્નિની પેઠે તે સાત્યકિ, પોતાનાં બાણોના સપાટામાં આવેલા શત્રુઓને બાણોવડે બાળી ભસ્મજ કરી નાખતો હતો.[૧૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સુદર્શનનો વધ' એ વિષયનો અધ્યાય ૧૧૮ મો સમાપ્ત

અધ્યાય ૧૧૯ મો

મ્લેચ્છોનો પરાજય

॥ संजय उवाच ॥

ततः स सात्यकिर्धीमान् महात्मा वृष्णिपुंगवः
सुदर्शनं निहत्याजौ यंतारं पुनरब्रवीत् ॥१॥

સંજયે કહ્યું:–તે પછી યાદવશ્રેષ્ઠ બુદ્ધિમાન મહાત્મા સાત્યકિએ, રણમાં સુદર્શનનો એ રીતે નાશ કરી પોતાના સારથિપ્રત્યે આ પ્રમાણે કહ્યું:–[૧] "મારા પ્રિય સારથિ ! જાણે રાક્ષસોથી વિંટાયલો હોય, તેમ રાજા જલસંધના સૈન્યથી વિંટાયલા દ્રોણાચાર્યના સૈન્યરૂપ દુસ્તર મહાસાગરને આપણે તરી ગયા છીએ. તે મહાસાગર રથો, હાથીઓ અને ઘોડાઓથી ભરપૂર હતો; બાણો અને શક્તિઓરૂપ તરંગમાળાઓ તેમાં ઉછળી રહી હતી; તરવારોરૂપી તેમાં માછલાં હતાં; ગદાઓરૂપ મોટા ઝુડો હતા; શૂરા પુરુષોનાં હથિયારોનો તેમાં મહાન કોલાહલ થઈ રહ્યો હતો. તે મહાસાગર પ્રાણોને હરણ કરનારો તેમજ રૌદ્ર પણ હતો; વાદિત્રો તથા સિંહનાદોથી તે ગાજી રહ્યો હતો; યોદ્ધાઓને તેનો સંમાગમ પણ દુઃખકર થઇ પડે તેવો તે હતો અને વિજયની ઇચ્છા નહિ રાખનારા પુરુષોને તો તે ઘણો દુરાધર્ષ હતો.[૨–૪] હવે એ સિવાયની બીજી જે સેના બાકી રહેલી છે તેને તો હું થોડા જળવાળી એક નાની નદીની પેઠે સહેલાઇથી તરી શકાય તેવી માનું છું; માટે નિર્ભય થઈને તું ઘોડાઓને આગળ ચલાવ.[૫] આ મહારણમાં અનુયાયીઓસહિત એવા દુર્ધર દ્રોણાચાર્યનો પરાજય કરીને હવે અર્જુનને પકડી પાડવો તેને હું સહેલું માનું છું; તેમજ એક મહાન યોદ્ધાતરીકે ગણાતા કૃતવર્માને પણ જીતીને હવે અર્જુન મારી પાસેજ હોય તેમ લાગે છે. વનમાં સૂકા ઘાસમાં પ્રદીપ્ત થયેલા અગ્નિને જેમ કોઇનો ત્રાસ હોતો નથી, તેમ આ અનેક સૈન્યોને દેખીને મને ત્રાસ થતો નથી. જો તો ખરો ! પાંડવોમાં મુખ્ય અર્જુન, આ રણભૂમિમાં જ્યાંથી પસાર થયો છે, ત્યાં ત્યાં મરણ પામી પડેલા પાળાઓ, ઘોડાઓ, રથો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હાથીઓથી તે ભૂમિ કેવી ઉંચી નીચી થઇ ગઈ છે! વળી જો, જો, પેલી તરફ તે મહાત્મા અર્જુને સૈન્યમાં મોટું ભંગાણ પાડયું છે; જેથી તે સૈન્ય આમતેમ નાસભાગ કરી રહ્યું છે. હે સારથિ! રથો, હાથીઓ તથા ઘોડાઓની દોડધમાલથી લાલ રંગની રેશમી વસ્ત્રસમાન આ ધૂળ ઉડી રહેલી છે; માટે હું માનું છું કે, ધોળા ઘોડાઓવાળો કૃષ્ણસારથિ અર્જુન, હવે નજીકમાંજ હોવો જોઇએ; કારણકે અમાપ તેજવાળા તેના ગાંડીવધનુષ્યનો ટંકાર અહીં-સુધી સંભળાય છે;[૫-૧૧] અને મારી આગળ જે રીતનાં દશ્યો પ્રકટ રીતે દેખાય છે, તે પરથી હું ચોક્કસ રીતે ધારૂં છું કે, અર્જુન સૂર્યાસ્ત થયા પહેલાં સિંધુરાજાનો વધ કરશે.[૧૨] માટે હવે થોડો સમય અહીં ઘોડાઓને વિસામો આપી જ્યાં આપણા શત્રુઓની સેના ઉભી રહી છે, ત્યાં તું ચાલ. જે સ્થળે હાથમાં પહેરવાન મોજાંએ ધારણ કરીને દુર્યોધન આદિ કવચધારીઓ, ક્રૂર કર્મ કરવાવાળા તથા યુદ્ધદુર્મદ એવા આ કાંબોજ યોદ્ધાઓ ઉભા છે; તથા જે સ્થળે ધનુષ્યબાણને ધારણ કરનારા અને તાકી તાકીને પ્રહાર કરનારા આ મ્લેચ્છો, શકો, કિરાતો, દરદો, બર્બરો, તામ્રલિપ્તકો તથા બીજા કેટલાએક મ્લેચ્છયોદ્ધાઓ, અનેક જાતનાં આયુધો હાથમાં લઇને હથેળીમાં પહેરવાનાં કવચો ધારણ કરીને તથા દુર્યોધનને આગળ કરીને મારીસામા યુદ્ધ કરવાની ઇચ્છાથી ઉભા છે, તે સ્થળે તું આપણા રથને હાંક.[૧૬] રથ, હાથી, ઘોડા અને પાળાઓસહિત એવા આ યોદ્ધાઓનો નાશ કરી નાખીને બીજાં મહાઘોર એવા આ સૈન્યને તો આપણે તરીજ ગયા છીએ એમ તું નિશ્ચય સમજજે."

સાત્યકિનાં ઉપર્યુક્ત વચન સાંભળી તેનો સારથિ બોલી ઉઠયોઃ-"હે સત્ય પરાક્રમી યદુવીર! આ તે બધા શું છે? પણ જો કદાચ પરશુરામ જાતે તમારી આગળ આવીને ઉભા રહે તોપણ મને લગારે ગભરાટ થાય નહિ;[૧૮] એટલુંજ નહિ પણ હે મોટી ભુજાવાળા પ્રભો! રથીઓમાં શ્રેષ્ઠ ગણાતા દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને મદ્રરાજ શલ્ય પણ અહીં સામા આવી ઉભા રહે; છતાં તમારા આશ્રયને લીધે મને ગભરાટ નહિ થાય. હે શત્રુઓનો સંહાર કરનારા વીર! તમે પૂર્વે પણ યુદ્ધમાં અનેક ક્રૂર કર્મો કરવાવાળા, કવચધારી અને યુદ્ધદુર્મદ કાંબોજયોદ્ધાઓનો, ધનુષ્યબાણને ધારણ કરનારા તથા તીક્ષ્ણ પ્રહાર કરનારા યવનોનો, શકોનો, કિરાતોનો, દરદોનો, બર્બરોનો, તામ્રલિપ્તકોનો તથા બીજા કેટલાએક અનેક જાતનાં હથિયારોને ધારણ કરનારા મ્લેચ્છોનો પરાજય કર્યો છે; તે સમયે પણ મને કોઈ જાતનો ગભરાટ થયો નથી,[૨૦-૨૨] તો પછી હે ધીર! ગાયના પગલા જેટલા ક્ષુદ્ર એવા આ યુદ્ધમાં આવીને મને શાનો ગભરાટ થાય? માટે બોલો, હવે કયા માર્ગે હું તમને અર્જુનપાસે પહોંચાડું?[૨૩] હે યાદવવંશી! તમે આજે કોનાપર ક્રોધાયમાન થયા છો? અરે! આજે કોનું મૃત્યુ ઉપસ્થિત થયું છે? અને કોનું મન યમરાજાની રાજધાનીપ્રત્યે જવાને ઉત્કંઠિત બન્યું છે?[૨૪] હવે પછીના આજના યુદ્ધમાં પ્રલયકાળના યમરાજસમાન, યુદ્ધમાં પરાક્રમ કરી રહેલા તથા પરાક્રમસંપન્ન એવા આપને જોઇને કયા યોદ્ધાઓ નાસભાગ કરી મૂકશે? હે મહાબાહો! આજે યમરાજા કોનું સ્મરણ કરી રહ્યો છે? બોલો, બોલો."

સાત્યકિએ કહ્યુંઃ-"ઇંદ્ર જેમ દાનવોનો સંહાર કરે, તેમ આજે હું આ મ્લેચ્છોનો સંહાર કરીશ તથા પ્રથમ કાંબોજયોદ્ધાઓનો સંહાર કરી મારી પ્રતિજ્ઞાને સંપૂર્ણ કરીશ; માટે તું મને ત્યાં લઈ જા. આજે આ સર્વનો યુદ્ધમાં સંહાર કરી હું મારા પ્રિય અર્જુનપાસે જઇશ.[૨૬,૨૭] હે સારથિ! આ મ્લેચ્છોનાં સૈન્યોનો સંહાર થતાં આજે દુર્યોધનસહિત બધા કૌરવો મારૂં વીર્ય જોશે. રે! આજે હું સર્વ સૈન્યોમાં વારંવાર ઘૂમીને ત્રાસ વર્તાવી દઇશ.[૨૮] આજના યુદ્ધમાં મારે હાથે છિન્નભિન્ન થતાં કૌરવોનાં સૈન્યોની બૂમો સાંભળીને દુર્યોધન ઘણો સંતાપ કરશે.[૨૯] વળી આજે મારા ગુરુ શ્વેતવાહન, એવા મહાત્મા અર્જુનની પાસે અભ્યાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલી અસ્ત્રશિક્ષાને આચાર્ય દ્રોણ આગળ વ્યક્ત કરીશ.[૩૦] અવશ્ય આજે મારાં બાણોથી નાશ પામેલા હજારો મુખ્ય મુખ્ય યોદ્ધાઓને જોઇને રાજા દુર્યોધન પશ્ચાત્તાપ પામશે;[૩૧] તેમજ હું આજે મારા ચાલાક હાથે ઉત્તમોત્તમ બાણોને જ્યારે છોડવા માંડીશ, ત્યારે કૌરવો ઉંબાડિયાંની પેઠે ગોળાકાર ફરતાં મારા ધનુષ્યને જોઇ રહેશે.[૩૨] ખરેખર, આજે મારાં બાણોથી વ્યાપ્ત શરીરોવાળા અને વારંવાર લોહીને ઝરતા પોતાના સૈનિકોના નાશને જોઇને દુર્યોધન પશ્ચાત્તાપ કરશે.[૩૩] હું જ્યારે ક્રોધાયમાન થઇને આજે સારા સારા યોદ્ધાઓને મારવા માંડીશ, ત્યારે દુર્યોધન આ જગતને બે અર્જુનોવાળુંજ માની બેસશે.[૩૪] આજના આ મહાન રણમાં મેં મારી નાખેલા હજારો રાજાઓને જોઇને રાજા દુર્યોધન સંતાપ કરશે.[૩૫] હું આજે હજારો રાજાઓને મારી નાખીને આ સર્વ રાજાઓને દેખાડી દઈશ કે, મહાત્મા પાંડવોપર મારી ભક્તિ અને સ્નેહ કેવો છે.[૩૬] ખરેખર, આજે આ બધા કૌરવો મારા બળને, વીર્યને તથા કૃતજ્ઞતાને જાણશે."

સંજયે કહ્યું:–સાત્યકિનાં એ વચનો સાંભળી તેના સારથિએ સારી રીતે કેળવાયલા, સુંદર ચાલે ચાલનારા તથા ચંદ્રસમાન વર્ણવાળા તેના ઘોડાઓને શીઘ્ર આગળ હાંક્યા. જાણે આકાશને પી જતા હોય, તેમ પવનસમાન વેગવાળા તે ઉત્તમ ઘોડાઓ, તત્કાળ સાત્યકિને યવનયોદ્ધાઓ પાસે લઈ ગયા; એટલે સેનાઓમાંથી કદી પાછો નહિ હઠનાર એવા તે સાત્યકિને પોતાની સામે આવેલો જોઇ, ઝડપદાર હાથવાળા તે અનેક યવનયોદ્ધાઓ બાણોની વૃષ્ટિ કરીને સાત્યકિને વધાવવા લાગ્યા; પણ હે રાજા! સાત્યકિ કંઇ ઓછો ન હતો. તેણે ઘણો વેગ કરી નમેલાં પર્વવાળાં અનેક બાણો છોડવા માંડયાં; જેથી તેઓનાં બાણો તથા અસ્ત્રો વચમાંથીજ કપાઇ ગયાં, પણ તેની પોતાની પાસે પહોંચી શકયાં નહિ. વળી પણ સાત્યકિએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી યવનયોદ્ધાઓનાં મસ્તકોને તથા ભુજાઓને કચાકચ કાપવા માંડયાં. તે સમયે તેનાં બાણો એટલાં બધાં જોસથી છૂટતાં હતાં કે જેથી શત્રુઓનાં લાલલોખંડનાં બનાવેલાં તથા કાંસાનાં બનાવેલાં કવચોને તોડી નાખી શરીરમાં સોંસરાં નીકળી જઇ પૃથ્વીમાં ખૂંચી જતાં હતાં. એ રણમાં સાત્યકિએ મ્લેચ્છોને એવા તો મારવા માંડયા, કે જેથી તેઓ સેંકડોની સંખ્યામાં પ્રાણરહિત થઈને રણભૂમિપર પડવા લાગ્યા. ધનુષ્યને છેક કાનસુધી ખેંચીને અવિચ્છિન્ન રીતે સાંધેલાં સંખ્યાબંધ બાણોથી પાંચ, છ, સાત કે આઠ યવનોને તે એકસાથે વિંધી નાખતો હતો. હે રાજા! મરણ પામીને પડેલા હજારો કાંબોજો, શકો, શબરો, કિરાતો, ભીલો, તથા બર્બરોથી તે રણભૂમિનું સ્વરૂપ માંસ અને લોહીના કાદવથી મનને ન ગમે તેવું થઇ ગયું હતું. એ રીતે તમારા સૈન્યનો સંહાર કરી નાખીને સાત્યકિએ રણભૂમિને તદ્દન અગમ્ય કરી નાખી. જ્યાં ત્યાં મસ્તકે ટોપને ધારણ કરનારાં, કપાયલા કેશોવાળાં તથા લાંબી લાંબી દાઢીઓવાળાં યવનોનાં મસ્તકો, પીછાંવિનાનાં પક્ષીઓની પેઠે રઝળતાં હતાં. તેઓ બધાં સર્વાંગે લોહીથી ભરેલાં હતાં; જેથી તે રણભૂમિ શોભતી હતી.[૩૭–૪૮] લાલ રંગનાં વાદળાંથી વ્યાપ્ત થયેલા આકાશની પેઠે સમરાંગણનો સર્વ પ્રદેશ, લોહીથી ખરડાયેલાં ધડોથી વ્યાપ્ત થઇ ગયો હતો. જ્યાં ત્યાં વજ્રસમાન તીક્ષ્ણ સ્પર્શવાળાં તથા મજબૂત ગાંઠાવાળાં સીધી ગતિનાં બાણોજ દૃષ્ટિગોચર થતાં હતાં. ખરેખર, સાત્યકિના હાથે મરણ પામેલા તે યવનોએ ભૂમિને તદ્દન ઢાંકીજ દીધી હતી. જે કોઇ થોડા ઘણા બાકી રહ્યા હતા, તેઓ પણ લગભગ બેભાન જેવા થઈ જઇ પ્રાણસંકટમાંજ આવી પડયા હતા અને યુદ્ધ કરવાના ઉત્સાહથી ભગ્ન થયા હતા. હે મહારાજ! એ પ્રમાણે જ્યારે તે સર્વ કવચધારી મ્લેચ્છોને સાત્યકિએ રણમાં જીતી લીધા, ત્યારે બાકીના બીજા બધા પગની પાનીઓથી તથા ચાબૂકોથી ઘોડાઓને દોડાવીને ભયને લીધે ચારેબાજુ વેગપૂર્વક નાસી ગયા. હે ભરતવંશી રાજા! યુદ્ધમાં દુર્જય એવા તે કાંબોજસૈન્યને, યવનોના સૈન્યને તથા શક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોના સૈન્યને એ પ્રમાણે નસાડી મૂકીને પુરુષોમાં વ્યાઘ્રસરખો સત્યપરાક્રમી સાત્યકિ,તમારા યોદ્ધાઓના સૈન્યના મધ્યભાગમાં પ્રવેશ કરીને કેટલાએક યોદ્ધાઓનો પરાજય કરી "હવે આગળ ચાલ" એ પ્રમાણે પોતાના સારથિપ્રત્યે કહેવા લાગ્યો. એ પ્રમાણે પૂર્વે કોઇએ નહિ કરેલા તે સાત્યકિના અદ્ભુત પરાક્રમને રણમાં જોઇને ચારણો તથા ગંધર્વો તેનાં ઘણાં વખાણ કરતા હતા. હે રાજા! અર્જુનના પૃષ્ઠરક્ષકતરીકે આગળ વધતા તે સાત્યકિને જોઇને તે સમયે હર્ષિત થયેલા ચારણો તથા તમારા પક્ષના યોદ્ધાઓ પણ તેની પ્રશંસા કરતા હતા.[૪૯-૫૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'યવનોનો પરાજય' એ વિષયનો અધ્યાય ૧૧૯ મો સમાપ્ત

અધ્યાય ૧૨૦ મો

દુર્યોધન નાઠો !

॥ संजय उवाच ॥

जित्वा यवनकांबोजान् युयुधानस्ततोऽर्जुनम्।
जगाम तव सैन्यस्य मध्येन रथिनां वरः॥१॥

સંજયે કહ્યું:-યવનોનો તથા કાંબોજોનો એ રીતે પરાજય કરી રથીશ્રેષ્ઠ સાત્યકિ, તમારા સૈન્યની મધ્યમાં થઇને અર્જુન પાસે જવા લાગ્યો.[૧] જેમ કોઈ એક વાઘ મૃગને ત્રાસ પમાડે, તેમ સુંદર દાઢોવાળો તથા અદ્ભુત કવચ અને ધ્વજાવાળો પુરુષવ્યાઘ્ર સાત્યકિ, તમારા સૈન્યને ત્રાસ પમાડતો હતો.[૨] રથવડે અનેક માર્ગોમાં ઘૂમતો તે સાત્યકિ, સુવર્ણની પીઠવાળું તથા સુવર્ણની ટીપકીઓથી ભરેલું મહાવેગવાન પોતાનું ધનુષ્ય ઘણા જોસથી ફેરવતો હતો.[૩] સુવર્ણના બાજુબંધવાળો, સુવર્ણના ટોપને મસ્તકે ધારણ કરનારો, સુવર્ણનાં કવચથી ઢંકાયલો તથા સુવર્ણનાં ધનુષ્ય--ધ્વજવાળો તે શૂરો સાત્યકિ, મેરુપર્વતના શિખરસરખો રણમાં શોભતો હતો. ધનુષ્યનાં મંડલવાળો તથા તેજરૂપ સૂર્યકિરણવાળો તે પુરુષસૂર્ય સાત્યકિ, શરદ્ઋતુમાં ઉદય પામેલા સૂર્યની પેઠે યુદ્ધમાં શોભતો હતો.[૫] વળી સાંઢસમાન ખાંધ અને પરાક્રમવાળો તથા તેનાજ જેવી આંખોવાળો પુરુષશ્રેષ્ઠ તે સાત્યકિ, ગાયોના ટોળામાં જેમ કોઈ એક આખલો શોભે, તેમ તમારા સૈનિકોના મધ્યમાં શોભતો હતો.[૬] એ સાત્યકિ જ્યારે તમારા સૈન્યમાં ઉભો હતો, ત્યારે હાથીઓના ટોળામાં ઉભેલા મદ ઝરતા એક મહાન યૂથપતિસરખો તે દેખાતો હતો; કારણકે તેની ચાલ પણ એક મદમત્ત હાથીસરખી હતી. દ્રોણના સૈન્યને તે ઉલ્લંઘી આવ્યો હતો, દુસ્તર કૃતવર્માના સૈન્યને પણ તે તરી ગયો હતો, જલસંધરૂપ સમુદ્રમાંથી સોંસરવો તે પસાર થયો હતો, કાંબોજયોદ્ધાઓની સેનાનું પણ ઉલ્લંઘન કરી કૃતવર્મારૂપ મગરમચ્છથી તે છૂટી આવ્યો હતો અને છેવટે કૌરવોના સૈન્યસાગરના મધ્યપ્રદેશમાં તે આવી પહોંચ્યો હતો. એ સમયે વાઘો જેમ કોઇ હાથીને મારવા ઇચ્છે, તેમ તમારા પુત્રો, સાત્યકિને મારી નાખવાની ઇચ્છાથી આગળ ધસી આવ્યા; અને ક્રોધાયમાન થઇ સાત્યકિના રથની આસપાસ વિંટાઇ ગયા. દુર્યોધન, ચિત્રસેન, દુઃશાસન, વિવિંશતિ, શકુનિ, દુઃસહ, યુવાન દુર્ધર્ષણ, કથ અને બીજા ઘણા શસ્ત્રધારી અજિત શૂરાઓ અર્જુનની પાછળ જતા સાત્યકિસામે ક્રોધપૂર્વક દોડી આવ્યા. હે રાજા! તે સમયે તમારા સૈન્યમાં, પર્વને દિવસે વાયુના ઝપાટાથી ઉછળી રહેલા મહાસાગરની પેઠે મહાન શબ્દ થઇ રહ્યો હતો. એ પ્રમાણે પોતાની સામા ધસી આવતા તે સર્વ યોદ્ધાઓને જોઇને શિનિપુંગવ સાત્યકિ, પોતાના સારથિપ્રત્યે "રથને ધીમે ચલાવ" એમ હસતાં હસતાં કહીને ફરીથી બોલ્યો:-"આ દુર્યોધનનું સૈન્ય હાથી, ઘોડા, રથ અને પાળાઓવાળું હોઇને મારીસામેજ સત્વર ચઢી આવે છે. હે સારથિ! જો તો ખરો! તે સૈન્યના સર્વ મહારથિઓ પોતાના રથોની ગર્જનાઓથી દિશાઓને ગજાવી મૂકે છે. પૃથ્વી, આકાશ અને સમુદ્રોને પણ કંપાવી મૂકે છે; છતાં હે સારથિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સૈન્યરૂપ મહાસાગરને હું રણમાં આગળ વધતો અટકાવીશ.[૧૬-૧૬] કિનારો, પૂર્ણિમાને દિવસે ઉછળી રહેલા મહાસાગરને જેમ ખાળી રાખે છે, તેમ હું આ સૈન્યને ખાળી રાખીશ. હે સારથિ ! આ મહારણમાં ઇંદ્રના સરખું મારૂં પરાક્રમ તું જોજે. આ સમયે હમણાંજ શત્રુઓનાં સૈન્યોને હું તીક્ષ્ણ બાણો મારીને વિંધી નાખું છું; તથા પાળા, ઘોડા, રથ અને હાથીઓને પ્રાણરહિત કરૂં છું, તે પણ તું જોઇ લેજે. અગ્નિસમાન પ્રદીપ્ત એવાં મારાં બાણોથી આજે હજારોનાં શરીરો વિંધાઇ જશે."

એ પ્રમાણે સાત્યકિ પોતાના સારથિ-પ્રત્યે કહેતો હતો તેવામાં તો તે બધા કૌરવ-સૈનિકો યુદ્ધ કરવાની ઇચ્છાથી સત્વર ત્યાં આવી પહોંચ્યા. "મારો, મારો, દોડો, દોડો, અલ્યા ઉભો રહેજે, જો આ રહ્યો તે," આમ બૂમાબૂમ કરતા તે વીરોને સાત્યકિએ તીક્ષ્ણ બાણોથી પીડવા માંડયા. જોતજોતામાં તો ત્રણસો ઘોડાઓને તથા ચારસો હાથીઓને તેણે મારી નાખ્યા; અને સાત્યકિ તથા સર્વ ધનુર્ધરો વચ્ચે દેવો તથા અસુરોના રણ-સરખો તુમુલ પ્રહાર ચાલુ થયો, જેમાં મનુષ્યોનો ઘોર સંહાર થઇ રહ્યો હતો. હે રાજા ! મેઘોની ઘટાસમાન એવા તમારા પુત્રના સૈન્યસામે સાત્યકિ, સર્પસમાન તીક્ષ્ણ બાણો મૂકીને બરાબર ટક્કર ઝીલી રહ્યો હતો.[૧૯-૨૩] જો કે વીર્યવાન એવો તે સાત્યકિ, શત્રુઓનાં અનેક બાણોથી યુદ્ધમાં તદ્દન ઢંકાઈ ગયો હતો; છતાં હે મહારાજ ! જરાપણ ગભરાયાવિના તમારા ઘણા યોદ્ધાઓનો તે સંહાર કરી રહ્યો હતો.[૨૪] હે રાજેન્દ્ર ! તે સમયે હું અતિ મહાન આશ્ચર્ય તો એજ જોઇ રહ્યો હતો, કે સાત્યકિનું એક પણ બાણ નિષ્ફળ જતું ન હતું.[૨૫] રથ, હાથી અને ઘોડાઓથી ભરપૂર તથા પાળાઓરૂપ તરંગમાળાઓથી વ્યાપ્ત એવો તે સૈન્યમહાસાગર, સાત્યકિરૂપ કિનારા પાસે આવીને થંભી ગયો હતો.[૨૬] સાત્યકિએ તે સૈન્યમાં ચોતરફથી એટલો બધો બાણોનો મારો ચલાવી મૂક્યો કે જેથી તેમાંના યોદ્ધાઓ, ઘોડાઓ તથા હાથીઓ આકુળવ્યાકુળ થઇ રહ્યા.[૨૭] ટાઢથી પીડાયેલી ગાયોની પેઠે સર્વ સૈનિકો જ્યાં ત્યાં ભમવા લાગ્યા. કોઇ પાળો, રથ, હાથી, ઘોડેસ્વાર કે ઘોડો સાત્યકિના બાણોથી ન વિંધાયો હોય તેવો મારા જોવામાં આવતો ન હતો. ખરેખર ! અર્જુને પણ તે સૈન્યમાં તેવો સંહાર કર્યો ન હતો, કે જેવો સાત્યકિએ કર્યો હતો ! પુરુષશ્રેષ્ઠ સાત્યકિ, અર્જુન કરતાં પણ વિશેષતાથી યુદ્ધ કરતો હતો. બસ, કેવળ નિર્ભય થઇને ઘણી ચાલાકીપૂર્વક તે પોતાની યુદ્ધકુશળતાને દર્શાવતો હતો. તેવામાં રાજા દુર્યોધને સાત્યકિને તથા તેના સારથિને ત્રણ બાણોનો પ્રહાર કર્યો અને બીજાં ચાર તીક્ષ્ણ બાણોથી તેના ચારેય ઘોડાઓને વિંધી નાખ્યા. વળી પણ તેણે સાત્યકિને ત્રણ બાણો મારીને પુનઃ આઠ બાણો તેને માર્યાં. પછી દુઃશાસને સોળ બાણોથી સાત્યકિને વિંધી નાખ્યો. શકુનિએ પચીસ બાણોથી, ચિત્રસેને પાંચ બાણોથી તથા દુઃસહે પંદર બાણોથી સાત્યકિને છાતીમાં પ્રહાર કર્યો. એટલાં બધાં બાણોનો પ્રહાર થયો હતો છતાં સાત્યકિએ મંદ મંદ હાસ્ય કરીને તેઓ સર્વ શત્રુઓને અતિ તીક્ષ્ણ એવાં ત્રણ ત્રણ બાણોથી અત્યંત વિંધી નાખીને પોતે બાજપક્ષીની પેઠે રણમાં ઘૂમવા લાગ્યો. વળી પણ ઝડપદાર પરાક્રમવાળા તેણે, શકુનિના ધનુષ્યને તથા હાથે પહેરવાનાં મોજાંને કાપી નાખ્યાં. પછી દુર્યોધનને ત્રણ બાણોથી છાતીમાં વિંધી નાખ્યો; ચિત્રસેનને સો બાણોથી, દુઃસહને દશ બાણોથી તથા દુઃશાસનને વીસ બાણોથી સાત્યકિએ વિંધી નાખ્યા. હે રાજા ! તમારા સાળા શકુનિએ ત્યારપછી બીજું એક ધનુષ્ય લઇને સાત્યકિને આઠ બાણોનો પ્રથમ પ્રહાર કર્યો અને પાછાં બીજાં પાંચ બાણોથી સાત્યકિને તેણે વિંધી નાખ્યો. હે રાજન્ ! તેવામાં વળી દુઃશાસને દશ બાણોનો, દુઃસહે ત્રણ બાણોનો અને દુર્મુખે બાર બાણોનો સાત્યકિને પ્રહાર કર્યો. હે ભરતવંશના રાજા ! દુર્યોધને તોંતેર બાણોનો સાત્યકિને માર મારીને બીજાં તીક્ષ્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ બાણોથી તેના સારથિને પણ વિંધી નાખ્યો; પણ સાત્યકિએ, એકઠા થઇને પ્રયત્ન કરતા તે સર્વ શૂરા મહારથીઓને પાંચ પાંચ બાણોથી વિંધી નાખ્યા; એટલુંજ નહિ પણ રથીઓમાં શ્રેષ્ઠ એવા તે સાત્યકિએ એક ભલ્લ નામનું બાણ મૂકીને તમારા પુત્રના સારથિને રથપરથી નીચે ઢોળી પાડયો. હે રાજન્! એ રીતે જ્યારે સારથિ મરાયો કે તુરતજ વાયુસમાનવેગવાળા ઘોડાઓએ તમારા પુત્રના રથને રણમાંથી દૂર કર્યો; એટલે પછી તમારા બધા પુત્રો તથા બીજા સૈનિકો રાજા દુર્યોધનના રથને રણમાંથી નાસી જતો જોઈ સેંકડોની સંખ્યામાં ત્યાંથી પલાયન કરી ગયા. હે ભારત! તે સૈન્યને એ પ્રમાણે નાસતું જોઈ સાત્યકિ, પથ્થરપર ઘસેલાં અને તીક્ષ્ણ એવાં સુવર્ણનાં પુંખવાળાં બાણો છોડવા લાગ્યો તથા તમારાં હજારો સૈન્યોને નસાડી મૂકી પોતે અર્જુનના રથ તરફ ચાલ્યો ગયો. બાણોને ગ્રહણ કરતા, સારથિનું તથા પોતાનું રક્ષણ કરતા તે સાત્યકિનાં તમારા પક્ષના યોદ્ધાઓ પણ તે સમયે વખાણ કરતા હતા.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દુર્યોધનનું પલાયન' એ વિષયનો અધ્યાય ૧૨૦ મો સમાપ્ત

અધ્યાય ૧૨૧ મો

સૈન્યની મધ્યમાં સાત્યકિ

॥ धृतराष्ट्र उवाच ॥

संप्रमृद्य महत्सैन्यं यांतं शैनेयमर्जुनम् ।
निर्ह्रीका मम ते पुत्राः किमकुर्वत संजय ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:—હે સંજય! એ મહાસૈન્યનો સંહાર કરીને અર્જુન પાસે જતા શિનિકુમાર સાત્યકિસામે મારા બેશરમ પુત્રોએ પછીથી શું કર્યું હતું?[૧] સાત્યકિનું અર્જુનસરખું ચરિત્ર જોઇને, મરણ પામવાની ઇચ્છાવાળા એ મારા પુત્રોનું તે સમયે યુદ્ધમાં ધૈર્ય કેવી રીતે રહ્યું હતું?[૨] ત્યાં સૈન્યમાં ઉભેલા ક્ષત્રિયોએ તે વખતે શું કર્યું હતું? અને સૈન્યના મધ્યમાં પરાજય પામેલા તેઓ બધાએ પણ શું કર્યું હતું? મહાયશસ્વી સાત્યકિ યુદ્ધમાં એટલો બધો આગળ કેમ વધી આવ્યો હતો?[૩] અરે! મારા પુત્રો જીવતા હતા છતાં શિનિકુમાર સાત્યકિ કેવી રીતે પસાર થઈ ગયો? તે તું મને કહે.[૪] હે તાત! એકલો સાત્યકિ તે અનેક મહારથીઓ જોડે લડયો તે અતિ આશ્ચર્યકારક વાત તારી પાસેથી હું સાંભળું છું;[૫] અથવા મારા મંદભાગી પુત્રનુંજ હવે વિપરીત થવા બેઠું છે, એમ હું માનું છું; કારણકે એકલા સાત્યકિએ એ યુદ્ધમાં ઘણા મહારથીઓને મારી નાખ્યા હતા.[૬] હે સંજય! ક્રોધાયમાન થયેલા એકલા સાત્યકિનેજ જે સૈન્ય આખું પૂરૂં પડયું નહિ, ત્યારે સર્વ પાંડવોને તો તે ક્યાંથીજ પહોંચી વળવાનું છે?[૭] જાત જાતનાં યુદ્ધો કરનાર યુદ્ધકુશળ દ્રોણાચાર્યને પણ રણમાં જીતીને, સિંહ જેમ પશુઓનો સંહાર કરે, તેમ તે મારા પુત્રોને મારી નાખશે.[૮] રણમાં સાવધ રહેલા કૃતવર્મા આદિ અનેક શૂરા યોદ્ધાઓ પણ પુરુષશ્રેષ્ઠ સાત્યકિને જ્યારે મારી શક્યા નહિ, ત્યારે તેમાં દુર્દૈવસિવાય બીજું શું સમજવું?[૯] ખરેખર, આવું યુદ્ધ તો આ રણભૂમિપર અર્જુને પણ કર્યું નથી કે જેવું મહાયશસ્વી શિનિકુમાર સાત્યકિએ કર્યું હતું.[૧૦]

સંજયે કહ્યું:— હે રાજન્! તમારા દુષ્ટ વિચારોના પરિણામે તથા દુર્યોધને કરેલાં કર્મનાં ફળતરીકે જે આ યુદ્ધ ઉપસ્થિત થયું છે, તે હવે તમે સાવધાન થઇને સાંભળો, હું તમને તે બધું કહીશ.[૧૧]

તે બધા સંશપ્તકયોદ્ધાઓ પણ તમારા પુત્રની આજ્ઞા થતાં યુદ્ધ કરવામાટે માંહોમાંહે પરમ ક્રૂર નિશ્ચય કરીને ત્યાં પુનઃ પાછા ફર્યા હતા.[૧૨] જેમ પતંગિયાં અગ્નિસામે ધસી જાય, તેમ દુર્યોધનની આગેવાની હેઠળ ત્રણ હજાર ઘોડેસ્વારો, શક, કાંબોજ, બાહ્લિક, યવન, પારદ, કુલિંદ, તંગણ, અંબષ્ઠ, પૈશાચ, બર્બર તથા પર્વતપ્રદેશમાં રહેનારા ભીલજાતિના યોદ્ધાઓ, પથ્થરો હાથમાં લઇ લઇને ક્રોધપૂર્વક ધસી ગયા. હે રાજન્! હાથમાં પથ્થરો લઈ લઇને યુદ્ધ કરનારા પર્વતવાસી પચાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચાસ યોદ્ધાઓ ટોળે વળીને સાત્યકિ-સામા દોડી ગયા. વળી એકહજાર રથો, સો મહારથીઓ, એકહજાર હાથીઓ તથા બે હજાર ઘોડાઓને સાથે લઇ ઘણા મહારથીઓ તથા અસંખ્ય પાળાઓ અનેક પ્રકારની બાણવૃષ્ટિ છોડતા છોડતા સાત્યકિસામા ધસી ગયા. હે ભારત! તમારો પુત્ર દુઃશાસન પણ "આ સાત્યકિને મારી નાખો, મારી નાખો," એ પ્રમાણે તેઓ સર્વને પ્રેરણા કરતો કરતો સાત્યકિને ઘેરી વળ્યો હતો. તે સમયે સાત્યકિનું મહાઅદ્ભુત ચરિત્ર અમારા જોવામાં આવ્યું હતું; કારણકે તે એકલોજ શત્રુપક્ષના ઘણા યોદ્ધાઓ જોડે નિર્ભય થઇને યુદ્ધ કરતો હતો. તેણે રથીઓનાં સૈન્યોને, હાથીઓનાં સૈન્યોને તથા સર્વ લૂંટારૂ ટોળીઓને ચારે બાજુથી મારવા માંડયાં હતાં. જોતજોતામાં ભાંગી પડેલાં પૈડાંઓથી, છિન્ન ભિન્ન થયેલાં ઉત્તમ આયુધોથી, ભાંગી પડેલાં ધુંસરાંઓથી, મોટી મોટી ઈશોના દાંડાઓથી, મરણ પામેલા હાથીઓથી, પાડી નાખેલા ધ્વજોથી, તૂટી ફૂટી ગયેલાં કવચોથી, પાળાઓથી, આભૂષણોથી, વસ્ત્રોથી તથા રથના નીચેના ભાગનાં લાકડાંઓથી રણભૂમિ છવાઇ ગઈ; અને તેથીજ હે રાજા! ગ્રહોથી વ્યાપ્ત થયેલા આકાશની પેઠે તે રણભૂમિ શોભતી હતી. મોટા પર્વતોસમાન સ્વરૂપવાળા જ્યાં ત્યાં પડેલા મહાન હાથીઓ કે જેઓ હે રાજન્! અંજન, વામન, સુપ્રતીક, મહાપદ્મ તથા અરાવતના કુળમાં તેમજ બીજાં કેટલાંએક સારાં કુળમાં જન્મેલા હતા, તેઓ બધા મરણ પામીને રણભૂમિપર શયન કરી ગયા હતા.[૧૩–૨૬] હે રાજન્! તે યુદ્ધમાં સાત્યકિએ વનાયુ, કાંબોજ, તથા બાહ્લિક આદિ પ્રદેશોમાં જન્મેલા સારા સારા ઘોડાઓને મારી નાખ્યા હતા;[૨૭] એટલુંજ નહિ પણ અનેક દેશોમાં જન્મેલા તથા અનેક જાતિના સેંકડો અને હજારો હાથીઓને પણ તેણે મારી નાખ્યા હતા.[૨૮] એ રીતે તે સર્વ લૂંટારૂ યોદ્ધાઓને સાત્યકિએ જ્યારે હાંકી કાઢવા માંડયા, ત્યારે દુઃશાસન નાસભાગ કરતા તેઓપ્રત્યે કહેવા લાગ્યો:–"હે અધર્મનેજ સમજનારા યોદ્ધાઓ! પાછા ફરો, પાછા ફરો અને યુદ્ધ કરો. આમ નાસભાગ કરીને તમે શું કરવાના છો?" એ પ્રમાણે કહ્યા છતાં અતિશય નાસાનાસ કરતા તેઓને જોઇને તમારા પુત્ર દુઃશાસને પથ્થરોથી યુદ્ધ કરનારા પર્વતવાસી શૂરવીરોને આ પ્રમાણે આજ્ઞા કરી:–"હે વીરપુરુષો! તમે બધા પાષાણયુદ્ધમાં ઘણા કુશળ છો અને સાત્યકિ તે યુદ્ધને જાણતો નથી; છતાં યુદ્ધ કરવાની ઇચ્છાવાળા એ સાત્યકિને તમે બધા ભેગા થઈને મારી નાખો. જેમ સાત્યકિ પાષાણયુદ્ધમાં કુશળ નથી તેમ સર્વ કૌરવો પણ તે યુદ્ધમાં કુશળ નથી; માટે ધસી જાઓ, ડરશો નહિ. સાત્યકિ તમને પહોંચી શકશે નહિ."

દુઃશાસનની આજ્ઞા થતાં પાષાણોથી યુદ્ધ કરનારા તે સર્વ પર્વતવાસી રાજાઓ, મંત્રીઓ જેમ રાજાસામે ચઢી જાય તેમ સાત્યકિસામા ચઢી ગયા;[૩૩] અને હાથીનાં મસ્તકોસમાન મોટા મોટા પથ્થરોને હાથમાં ઉંચા કરી તે પર્વતવાસીઓ, સાત્યકિની આગળ યુદ્ધ કરવા આવી ઉભા.[૩૪] વળી તમારા પુત્રની પ્રેરણા થતાં બીજા કેટલાએક ભીલો પણ સાત્યકિનો વધ કરવાની ઇચ્છાથી હાથમાં ગોફણો લઇ લઇને સર્વ દિશાઓને રૂંધી વળ્યા.[૩૫] શિલાયુદ્ધ કરવાની ઇચ્છાથી હજી તેઓ ધસી આવતા હતા, તેવામાં તો સાત્યકિએ તાકી તાકીને તીક્ષ્ણ બાણો છોડવા માંડયાં;[૩૬] અને સર્પસમાન તીક્ષ્ણ એવાં બીજાં નારાચબાણો મૂકી મૂકીને સાત્યકિ, પર્વતવાસીઓએ કરેલી તુમુલ શિલાવૃષ્ટિને કાપવા લાગ્યો.[૩૭] હે રાજા! પતંગિયાંનાં ટોળાંની પેઠે પ્રકાશતા પથ્થરોના ટુકડાઓથી ત્યાં ઘણાં સૈન્યોનો સંહાર વળી ગયો અને સર્વ સૈન્યોમાં હાહાકાર થઇ રહ્યો.[૩૮] તે પછી હે રાજન્! ઉંચી કરેલી મોટી શિલાઓવાળા પાંચસો શૂરાઓના બાહુઓને સાત્યકિએ કાપી નાખ્યા, જેથી તેઓ પૃથ્વીપર પડયા.[૩૯] વળી બીજા પણ એકલાખ અને એકહજાર પર્વતવાસી યોદ્ધાઓ, સાત્યકિને પહોંચ્યાવિનાજ પથ્થરસહિત કપાયેલા હાથે રણમાં પડયા.[૪૦] એ સિવાય અનેક હજારો પાષાણયુદ્ધ કરનારા શૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાઓ કે જેઓ ઘણો પ્રયત્ન કરીને પણ રણને મોખરે ઉભા રહ્યા હતા તેઓ બધાને તેણે મારી નાખ્યા, તે ઘણું આશ્ચર્ય જેવું ભાસતું હતું. વળી પણ અનેક જાતના મ્લેચ્છો તથા લોઢાના ગોળાઓને અને ત્રિશૂળોને હાથમાં ધારણ કરનારા દરદો, તંખણો, ખસો, લંપાકો અને કુલિંદો, વારંવાર ચારેબાજુથી પાષાણવૃષ્ટિ કરી રહ્યા હતા; પણ તેઓ બધાને સામેથી ઉપાય કરવામાં કુશળ એવા સાત્યકિએ નારાચ બાણો મૂકી મૂકીને કાપી નાખ્યા હતા. એ સમયે તીક્ષ્ણ બાણોથી આકાશમાં ફાટી પડતા મોટા મોટા પથ્થરોના શબ્દોથી રથો, ઘોડાઓ, હાથીઓ તથા પાળાઓ રણમાં નાસાનાસ કરતા હતા.[૪૪] મનુષ્યો, હાથીઓ તથા ઘોડાઓપર તે સમયે એટલા બધા પથ્થરો પડતા હતા, કે જેથી ભમરાઓ જાણે ડંખ મારતા હોય તેમ વેદનાથી વિહ્વળ થઇ તેઓ ત્યાં ઉભા રહી શકતા ન હતા.[૪૫] મરતાં મરતાં બચેલા, લોહીથી ખરડાયેલા તથા તૂટી ગયેલાં ગંડસ્થળોવાળા હાથીઓએ સાત્યકિના રથનો તે સમયે ત્યાગ કર્યો હતો.[૪૬] તે પછી તો પર્વને દિવસે મહાસાગરનો જેવો ઘૂઘવાટ થાય, તેવોજ સાત્યકિથી પીડા પામતાં તમારાં સૈન્યોનો તીવ્ર શબ્દ થવા લાગ્યો.[૪૭] તે તુમુલ શબ્દને સાંભળીને દ્રોણાચાર્ય પોતાના સારથિપ્રત્યે કહેવા લાગ્યાઃ—"હે સારથિ ! યાદવોનો મહારથી આ સાત્યકિ, કાળની પેઠે ક્રોધાયમાન થઇને આપણા સૈન્યનો બહુધા નાશ કરતો રણમાં ઘૂમી રહ્યો છે; માટે જે સ્થળે આ તુમુલ શબ્દ સંભળાય છે તે સ્થળે તું મારા રથને લઈ જા. અવશ્ય આ સમયે સાત્યકિ, પાષાણોથી યુદ્ધ કરનારા યોદ્ધાઓની સાથે ભેટ્યો છે; કારણ કે આ બધા રથીયોદ્ધાઓને, નાસભાગ કરતા ઘોડાઓ રણમાંથી દૂર ખેંચી જાય છે અને શસ્ત્રો તથા કવચોવિનાના થયેલા આ ઘવાયેલા યોદ્ધાઓ જ્યાં ત્યાં ટપોટપ પડે છે. ત્યાં એટલી બધી ભયંકર ઝપાઝપી થઇ રહી હશે કે જેથી આ ઘોડેસ્વારો પોતાના ઘોડાઓને વશ રાખવા પણ સમર્થ થતા નથી." ૪૮-૫૧

આચાર્યનું એ વચન સાંભળીને તેમનો સારથિ, સર્વ શસ્ત્રધરોમાં શ્રેષ્ઠ એવા તે દ્રોણપ્રત્યે કહેવા લાગ્યોઃ—[૯]"હે આયુષ્મન્! કૌરવોનું સૈન્ય ચારેબાજુ નાસાનાસ કરી રહ્યું છે. જુઓ તો ખરા ! યુદ્ધથી કાયર થયેલા આ યોદ્ધાઓ જેમ આવે તેમ દોડી રહ્યા છે.[૫૨,૫૩] વળી આ તરફથી એકઠા મળેલા આ પાંચાલયોદ્ધાઓ, પાંડવોને સાથે લઇ તમનેજ મારી નાખવાની ઇચ્છાથી ચોતરફથી ચઢી આવે છે.[૫૪] હે શત્રુદમન આચાર્ય ! આ સમયે કયું કર્તવ્ય સમયોચિત ગણાય તેનું આપ સમાધાન કરો. શું અહીં ઉભા રહેવું કે અહીંથી આગળ ચાલવું ? સાત્યકિ તો અહીંથી ઘણે દૂર ચાલ્યો ગયો છે."[૫૫] દ્રોણાચાર્યનો સારથિ એ પ્રમાણે હજી કહેતો હતો તેવામાં તો રથીયોદ્ધાઓનો સંહાર કરતો સાત્યકિ ત્યાં દેખાયો. એ યુદ્ધમાં સાત્યકિએ તમારા પક્ષના યોદ્ધાઓને એવા તો મારવા માંડયા, કે જેથી તેઓ સાત્યકિના રથને છોડી દઇ દ્રોણાચાર્યના સૈન્ય તરફ નાસી ગયા. જેઓની સાથે દુઃશાસન, પ્રથમ યુદ્ધ કરવા ચઢી આવ્યો હતો તે પણ બધાની સાથે ભયભીત થઇને દ્રોણાચાર્યના રથ તરફ દોડી ગયો હતો.[૫૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સાત્યકિનો યુદ્ધમાં પ્રવેશ' એ વિષયનો અધ્યાય ૧૨૧મો સમાપ્ત

અધ્યાય ૧૨૨ મો

દ્રોણાચાર્યનું પરાક્રમ

॥ संजय उवाच ॥

दुःशासनरथं दृष्ट्वा समीपे पर्यवस्थितम् ॥
भारद्वाजस्ततो वाक्यं दुःशासनमथाब्रवीत् ॥

સંજયે કહ્યું:—તે પછી દ્રોણાચાર્ય, દુઃશાસનના રથને પોતાની પાસે ઉભેલો જોઇ તેના પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—"અરે ઓ દુઃશાસન ! આ બધા રથો શામાટે નાસભાગ કરે છે ? રાજા દુર્યોધન તો ક્ષેમકુશળ છે ને ? અને સિંધુરાજા પણ જીવે છે ને ?[૨] તું રાજપુત્ર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજભ્રાતા અને મહારથી પણ છે. વળી યુવરાજપણાને પામ્યો છે; છતાં આમ યુદ્ધમાં નાસભાગ કેમ કરે છે? હે દુઃશાસન! "તને અમે જુગારમાં જીતી છે, માટે તું હવે અમારી દાસી થઈ છે; જેથી તું હવે સ્વેચ્છામાં આવે તેમ વર્તનારી થા અને મારા મોટાભાઇ રાજા દુર્યોધનનાં વસ્ત્રોને ઉંચકનારી થા;[૪] કારણકે તારા પતિઓ બધા હવે નથીજ એમ સમજી લે. તેઓ તો બધા નપુસંક સરખાજ છે." આ પ્રમાણે પ્રથમ દ્રૌપદીને કહીને હવે આ સમયે કેમ પલાયન કરે છે?[૫] તેં પોતેજ પ્રથમ પાંડવો અને પાંચાલો સાથે મહાન વૈર બાંધ્યું છે, તો હવે આ સમયે એકલા સાત્યકિસામે આવીને કેમ ભયભીત થઇ ગયો છે?[૬] અલ્યા ઓ! શું તું જાણતો ન હતો કે, આ જુગારમાં જે હું પાસા ઉઠાવું છું તે ભવિષ્યમાં દારુણ સર્પસરખા બાણરૂપ થઈ પડશે?[૭] પાંડવોને કહેવામાં આવેલાં અપ્રિય વચનોનું મૂળકારણ તું પોતેજ ખાસ કરીને પહેલાં થયો છે તથા દ્રૌપદીને જે કંઇ ક્લેશ આપવામાં આવ્યો છે, તેનું મૂળ પણ તુંજ થયો હતો;[૮] તો આજે તારૂં તે અભિમાન, ગર્વ, પરાક્રમ તથા ગર્જનાઓ ક્યાં સૂકાઇ ગયાં છે? ઝેરી સર્પસરખા પાંડવોને કોપાવીને હવે તું ક્યાં જઇશ? ખરેખર, આ કારવ સેના, રાજ્ય તથા રાજા દુર્યોધન પણ શોક કરવાયોગ્ય સ્થિતિએ આવી પડેલ છે; કારણકે તેનો કઠોર ભાઇ એવો તું આ સમયે પલાયન કરવા તત્પર થયો છે![૧૦] હે વીર! તારે તો ઉલટી ભયભીત થઇને નાસાનાસ કરતી આ સેનાનું પોતાના બાહુબળનો આશ્રય કરી રક્ષણ કરવું જોઇએ, તેને બદલે આમ નાસે છે કેમ?[૧૧] આજે તું આમ ભયભીત થઇ રણનો ત્યાગ કરી શત્રુઓને હર્ષ ઉપજાવે છે અને હે શત્રુનાશન! તું જરા વિચાર તો કર કે, તારા જેવો સૈન્યનો નાયક જ્યારે આમ નાસભાગ કરશે, ત્યારે બીજો કયો ભયભીત થયેલો યોદ્ધો રણમાં ઉભો રહેશે? કેમકે આશ્રયને ભય લાગતાં આશ્રિતને તો ભય લાગેજ. અરે! હજી તો આજે એકલા સાત્યકિસામેજ યુદ્ધ કરતાં પણ જો તારી બુદ્ધિ રણમાંથી પલાયન કરવામાંજ તત્પર થાય છે; ત્યારે અર્જુન, ભીમસેન, નકુલ તથા સહદેવને જ્યારે તું યુદ્ધમાં જોઇશ, ત્યારે શું કરી શકીશ? યુદ્ધમાં સૂર્ય તથા અગ્નિસમાન તેજવાળાં અર્જુનનાં બાણો સરખાં તો આ સાત્યકિનાં બાણો નથીજ; છતાં તે બાણોથી તું આ સમયે પલાયન કરે છે, માટે હે વીર! તું અહીંથી સત્વર ચાલ્યો જા અને ગાંધારીના પેટમાં જઇને પેસી જા. બાકી તો તું આખી પૃથ્વીપર દોડી જઈશ તોપણ તું જીવતો રહેશે એમ હું જોતો નથી. જો તારી બુદ્ધિ રણમાંથી પલાયન કરવામાંજ તત્પર થયેલી હોય તો પ્રથમથીજ શાંતિપૂર્વક ધર્મરાજાને પૃથ્વી આપી દે. કાંચળીવિનાના સર્પસમાન દેખાતાં અર્જુનનાં બાણો જ્યાંસુધીમાં તારા શરીરમાં ન પેસે ત્યાંસુધીમાં તું પાંડવોની સાથે સલાહસંપ કરી લે. મહાત્મા પાંડવો, તમને સોયે ભાઇઓને રણમાં મારી નાખીને તમારી પૃથ્વીને જ્યાંસુધીમાં ન ઝુંટવી લે ત્યાંસુધીમાં તું પાંડવોની સાથે સલાહ કરી લે. રે! ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર તથા યુદ્ધમાં વખણાયેલા શ્રીકૃષ્ણ, તમારાપર કોપાયમાન ન થાય ત્યાંસુધીમાં તું પાંડવોની સાથે સુલેહ કરી લે. જ્યાંસુધીમાં મહાબાહુ ભીમસેન, આપણી સેનામાં પ્રવેશ કરી તારા ભાઈઓને ન પકડી લે, ત્યાંસુધીમાં પાંડવો સાથે તું સુલેહશાંતિ કરી લે. અરે! પ્રથમજ તારા ભાઇ દુર્યોધનને ભીષ્મપિતામહે કહ્યું હતું કેઃ- "પાંડવો યુદ્ધમાં જીતાય તેવા નથી, માટે હે સૌમ્ય! તું તેઓની સાથે સલાહ કર;" પણ મંદ બુદ્ધિના તારા ભાઇ દુર્યોધને તેમનું કહ્યું કર્યું નહિ,[૧૨-૨૩] માટે હવે તો ધીરજ ધારણ કરીને યુદ્ધ કરવા સજ્જ થા અને પાંડવોસાથે યુદ્ધ કર. મારા સાંભળવામાં આવ્યું છે કેઃ- "તારા રુધિરનું પણ ભીમસેન પાન કરશે." ખરેખર! એ તેનું ધારેલું તે પ્રમાણેજ થશે; એમાં સંશય નથી. અલ્યા ઓ મૂર્ખ! તું ભીમસેનનાં પરાક્રમને જાણતો નહોતો, કે જેથી રણમાં પલાયન કરનારા તેં તેની સાથે વૈર આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંભ્યું ? માટે જા, જલદી જા, જે સ્થળે સાત્યકિ ઉભો છે તે સ્થળે એકદમ પહોંચી જા. હે ભરતવંશી કુમાર! તારાવિના આ બધું સૈન્ય રણમાંથી નાસી જશે. તારા પોતાને માટે પણ તું સત્યપરાક્રમી સાત્યકિસામે યુદ્ધ કર."[૨૪-૨૭]

દ્રોણાચાર્યે એ પ્રમાણે કહ્યું છતાં તમારો પુત્ર દુઃશાસન કંઇ બોલ્યો નહિ; પણ સાંભળ્યું ન સાંભળ્યું કરીને જ્યાં સાત્યકિ હતો ત્યાં પોતે ચાલ્યો ગયો; અને યુદ્ધમાંથી કદી પાછા ન હઠે તેવા મ્લેચ્છોનું મહાન સૈન્યસાથે લઇ તથા બરાબર સજ્જ થઇ સાત્યકિસામે યુદ્ધ કરવા મંડી પડયો.[૨૮,૨૯]

આ તરફથી રથીશ્રેષ્ઠ દ્રોણાચાર્ય પણ ક્રોધપૂર્વક મધ્યમ વેગે પાંડવો તથા પાંચાલોસામા ધસી ગયા.[૩૦] એ રણમાં દ્રોણાચાર્યે, પાંડવોની સેનામાં પ્રવેશ કરી સેંકડો અને હજારો યોદ્ધાઓને હાંકી કાઢયા;[૩૧] એટલુંજ નહિ પણ હે મહારાજ ! વારંવાર પોતાનું નામ સંભળાવીને દ્રોણાચાર્યે પાંડવો, પાંચાલો અને મત્સ્યયોદ્ધાઓનો મહાન સંહાર કરવા માંડયો.[૩૨] એ રીતે ચોતરફથી સૈન્યોને જીતી લેતા દ્રોણાચાર્યસામે પાંચાલનો તેજસ્વી પુત્ર વીરકેતુ ચઢી આવ્યો. આવતાંવેંતજ નમેલા પુંખવાળાં પાંચ બાણોથી તેને વિંધી નાખીને એક બાણથી ધ્વજને તથા બીજાં સાત બાણોથી તેમના સારથિને પણ તેણે વિંધી નાખ્યો. હે મહારાજ ! એ યુદ્ધમાં મેં આશ્ચર્ય એ જોયું કે, યુદ્ધમાં વેગપૂર્વક ધસી આવેલા તે પાંચાલપુત્ર સામે દ્રોણાચાર્ય, જરા પણ આગળ વધી શકયા નહિ. હે રાજા ! એ રીતે દ્રોણાચાર્યને રણમાં અટકી પડેલા જોઇ ધર્મપુત્રના વિજયની ઇચ્છાવાળા પાંચાલો, ચારેબાજુથી તેમને ઘેરી વળ્યા;[૩૬] અને અગ્નિસમાન ચળકતાં મહાઘન તોમરોને તથા બીજાં અનેક જાતનાં શસ્ત્રોને દ્રોણાચાર્ય એકલાપરજ છોડવા લાગ્યા;[૩૭] પણ હે રાજા ! સંખ્યાબંધ બાણો છોડીને દ્રોણાચાર્યે, તેઓનાં સર્વ શસ્ત્રોનો નાશ કરી નાખ્યો અને પોતે મોટા મોટા મેઘોને આકાશમાં છિન્નભિન્ન કરી નાખીને જેમ વાયુ શોભે તેમ રણમાં શોભવા લાગ્યા.[૩૮] તે પછી શત્રુવીરોનો સંહાર કરનારા દ્રોણાચાર્યે સૂર્ય અને અગ્નિસરખું ઝળહળતું મહાઘોર બાણ સાંધ્યું અને વીરકેતુના રથસામે ફેંક્યું.[૩૯] હે રાજન્ ! તે બાણ પાંચાલકુળના તે રાજપુત્રને ચીરી નાખીને તથા લોહીલોહાણ થઈને જાણે બળબળતું હોય, તેમ સુસવાટ કરતું સત્વર પૃથ્વીમાં પેસી ગયું; એટલે પછી વાયુના ઝપાટાથી ભાંગી પડેલું ચંપાનું વૃક્ષ જેમ પર્વતના શિખરપરથી કડકડીને પડે, તેમ તે પાંચાલકુમાર એકદમ રથપરથી પૃથ્વીપર પછડાઈ પડયો.[૪૧] મહાધનુર્ધર અને મહાબળવાન એવો તે રાજપુત્ર જ્યારે એ પ્રમાણે માર્યો ગયો, ત્યારે સર્વ પાંચાલયોદ્ધાઓ એકદમ ચારેબાજુથી દ્રોણાચાર્યને ઘેરી વળ્યા.[૪૨] હે ભારત ! ચિત્રકેતુ, સુધન્વા, ચિત્રવર્મા તથા ચિત્રરથ-એ ચાર ભાઈઓ પણ પોતાના મરણ પામેલા ભાઇના દુઃખથી કૃશ થઇને તથા એકત્ર મળીને દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવામાટે ધસી આવ્યા. ગ્રીષ્મઋતુના અંતમાં મેઘમંડળ જેમ જળવૃષ્ટિ કરી મૂકે છે, તેમ તેઓ બધા એકીસાથે બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા.[૪૩,૪૪] તે મહારથી રાજપુત્રો એ પ્રમાણે જ્યારે બહુધા પ્રહાર કરવા લાગ્યા, ત્યારે બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્યે તેઓનો નાશ કરવામાટે ક્રોધ કર્યો;[૪૫] અને તેઓનાપર બાણમય જાળ એકદમ રચી. હે મહારાજા ! ધનુષ્યને કાન સુધી ખેંચીને છોડેલાં દ્રોણનાં બાણોએ તે કુમારોને એવા તો મારવા માંડયા, કે જેથી તેઓ રણના કર્તવ્ય કર્મને પણ સમજી શકયા નહિ. એ રીતે રણમાં મૂઢ થયેલા તેઓને જોઇને કોપાયમાન થયેલા દ્રોણાચાર્યે હસતાં હસતાં તેઓને ઘોડા, સારથિ અને રણવિનાના કરી નાખ્યા. ઉપરાંત બીજાં અતિ તીક્ષ્ણ ભલ્લજાતિનાં બાણોવડે જાણે પુષ્પો વીણતા હોય, તેમ મહાયશસ્વી દ્રોણાચાર્યે તેઓનાં મસ્તકોને પાડી નાખ્યાં; એટલે હે રાજા ! સુંદર કાંતિવાળા તે રાજકુમારો મરણ પામીને રથપરથી ધરણીપર ઢળી પડયા. પૂર્વે દેવો અને અસુરોના યુદ્ધમાં જેમ દૈત્યો અને દાનવો મરણ પામી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પડયા હતા, તેમ એ રાજકુમારો રણમાં મરણ પામીને પડયા હતા. હે રાજન્! પ્રતાપી દ્રોણાચાર્ય, રણમાં તે કુમારોનો નાશ કરી સુવર્ણની પીઠવાળા પોતાના દુર્ધર્ષ ધનુષ્યને ભમાવતા હતા.

સાક્ષાત્ દેવસરખા તે પાંચાલ મહારથીઓને યુદ્ધમાં મરણ પામેલા જોઇને અત્યંત ઉદ્વિગ્ન થયેલા ધૃષ્ટદ્યુમ્નનાં નેત્રોમાંથી અશ્રુજળ વહેવા લાગ્યાં; અને તે પોતે ક્રુદ્ધ થઇને દ્રોણાચાર્યના રથસામે ધસી ગયો.[૪૬–૫૨] હે રાજા! તે સમયે ધૃષ્ટદ્યુમ્નનાં બાણોથી દ્રોણાચાર્યને રણમાં ઢંકાઇ ગયેલા જોઈ સર્વ સૈન્યોમાં એકાએક હાહાકારનો શબ્દ થઈ રહ્યો.[૫૩] મહાત્મા ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યને રણમાં છાઇદીધા હતા, છતાં તે જરા પણ વ્યથિત થયા ન હતા; પણ હસતા હસતાજ યુદ્ધ કરી રહ્યા હતા.[૫૪] હે મહારાજ! તે પછી ક્રોધપૂર્ણ થયેલા ધૃષ્ટદ્યુમ્ને, નમેલાં પર્વવાળાં નેવું બાણોનો ક્રોધપૂર્વક પ્રહાર કરી દ્રોણાચાર્યની છાતીમાં સખ્ત માર માર્યો. બળવાન ધૃષ્ટદ્યુમ્નના એ પ્રહારથી મહાયશસ્વી દ્રોણાચાર્ય ગાઢ વિંધાઇ ગયા અને રથની બેઠકપર મૂર્છાવશ થઇ બેસી ગયા.[૫૫,૫૬] તે અવસ્થામાં આવી પડેલા દ્રોણાચાર્યને જોઇને પરાક્રમી અને વીર્યવાન ધૃષ્ટદ્યુમ્ને ધનુષ્યનો ત્યાગ કરી શીઘ્ર તરવાર હાથમાં લીધી.[૫૭] તે મહારથી એકદમ રથપરથી નીચે કૂદી પડયો અને દ્રોણાચાર્યના રથપર ચઢી ગયો.[૫૮] ક્રોધથી લાલચોળ નેત્રવાળા તે ધૃષ્ટદ્યુમ્ન જેવો દ્રોણાચાર્યના મસ્તકને કાપવાને તત્પર થયો, તેવામાં તો દ્રોણાચાર્ય એકદમ ટટાર થઈ ગયા; અને પોતાને મારી નાખવાની ઇચ્છાથી સમીપમાં આવી ઉભેલા ધૃષ્ટદ્યુમ્નને જોઇને તેમણે મોટા શબ્દવાળું એક મહાન ધનુષ્ય ઉઠાવ્યું તથા નજીકમાં રહેલાને વિંધી નાખનારાં વેંત વેંતનાં બાણોથી ધૃષ્ટદ્યુમ્નને વિંધી નાખ્યો.[૫૯,૬૦] આ પછી પુનઃ પણ તેઓ મહારથી ધૃષ્ટદ્યુમ્નસામે યુદ્ધ કરવા સજ્જ થયા. તે સમયે દ્રોણાચાર્યે વૈતસ્તિક નામનાં જે બાણો છોડયાં હતાં તેઓએ ધૃષ્ટદ્યુમ્નને ઘાયલ કરી નાખ્યો હતો; જો કે તે મહાબળવાન હતો, છતાં પણ જ્યારે તે અનેક બાણોથી ખૂબ વિંધાઇ ગયો ત્યારે ભાંગી પડેલા વેગવાળો થઇને તત્કાળ દ્રોણાચાર્યના રથપરથી કૂદી પડી, પોતાના રથપર ચઢી જઇ તથા હાથમાં મહાન ધનુષ્ય ગ્રહણ કરી એ પરાક્રમી વીર ધૃષ્ટદ્યુમ્ને, દ્રોણાચાર્યને રણમાં વિંધવા માંડયા; ત્યારે હે મહારાજ! દ્રોણાચાર્ય પણ બાણો મૂકી મૂકીને ધૃષ્ટદ્યુમ્નને વિંધવા લાગ્યા.

પૂર્વે ત્રૈલોક્યના રાજ્યની ઇચ્છાવાળા ઇંદ્ર અને પ્રહ્લાદનું જેવું યુદ્ધ થયું હતું, તેવુંજ દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્નનું તે અદ્ભુત યુદ્ધ થઇ રહ્યું હતું.[૬૫] તેઓ બન્ને જણા તરેહ તરેહનાં યમક નામનાં તથા બીજી જાતનાં મંડળોમાં ઘૂમતા હતા અને બન્ને જણા યુદ્ધમાર્ગના જાણીતા હોઇને બાણોવડે અન્યોન્યને વિંધી નાખતા હતા.[૬૬] તેઓ બન્ને–દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્ન, તે રણમાં યોદ્ધાઓનાં મનને મોહ પમાડતા હતા અને વર્ષાઋતુના બે મેઘોની પેઠે બાણોની વૃષ્ટિ છોડી રહ્યા હતા;[૬૭] એટલુંજ નહિ પણ તેઓ બન્ને મહાત્માઓ બાણોવડે આકાશ, દિશાઓ તથા પૃથ્વીને છાઇ દેતા હતા. તેઓ બન્નેનાં એ અદ્ભુત યુદ્ધને સર્વ ભૂતસંઘો વખાણતા હતા.[૬૮] હે મહારાજ! ત્યાં મળેલા ક્ષત્રિયો તથા બીજા તમારા સૈનિકો પણ તેઓ બન્નેનાં યુદ્ધની પ્રશંસા કરતા હતા. પેલી તરફથી પાંચાલયોદ્ધાઓ, "આજે ધૃષ્ટદ્યુમ્ન સાથે ભેટેલા દ્રોણાચાર્ય આપણે સ્વાધીન થશે" એમ કોલાહલ કરી રહ્યા હતા; તેવામાં તો દ્રોણાચાર્યે તુરતજ ધૃષ્ટદ્યુમ્નના સારથિના મસ્તકને પાકેલા વૃક્ષનાં ફળની પેઠે ઉડાડી પાડયું, એટલે પછી હે રાજા! મહાત્મા ધૃષ્ટદ્યુમ્નના ઘોડાઓ રણમાંથી નાઠા.[૬૯–૭૧] તે ઘોડાઓ જેવા ત્યાંથી નાઠા કે પરાક્રમી દ્રોણાચાર્ય તે રણમાં પાંચાલો તથા સૃંજયો સામે લડવા લાગ્યા.[૭૨] જોતજોતામાં પાંડવો અને પાંચાળોને જીતીને શત્રુદમન પ્રતાપી દ્રોણાચાર્ય, પુનઃ પોતાના વ્યૂહપાસે આવીને ઉભા રહ્યા; પણ પાંડવો તેમને યુદ્ધમાં જીતવાનો ઉત્સાહ કરી શકયા નહિ.[૭૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૨૩ મો

દુઃશાસનનો પરાજય

॥ संजय उवाच ॥

ततो दुःशासनो राजन् शैनेयं समुपाद्रवत् ।
किरन् शरसहस्राणि पर्जन्य इव वृष्टिमान् ॥१॥

સંજયે કહ્યું:—હે રાજન્ ! તે પછી વૃષ્ટિવાળા મેઘની પેઠે હજારો બાણોને છોડતા દુઃશાસને સાત્યકિસામે ધસારો કર્યો.[૧] તેણે સાઠ તથા સોળ બાણોવડે વિંધી નાખીને પણ મૈનાકપર્વતની પેઠે રણમાં ઉભેલા સાત્યકિને કંપાવી દીધો નહિ.[૨] શૂરા દુઃશાસને વળી પણ તેને બાણોવડે અત્યંત ઢાંકી દીધો તથા અનેક દેશોમાં ઉત્પન્ન થયેલા મોટા રથસમુદાયવડે ચારેબાજુથી તેને ઘેરી લઇ હે ભરતશ્રેષ્ઠ ! અનેક બાણો તેણે છોડવા માંડયાં અને મેઘની પેઠે ગર્જના કરીને દશે દિશાઓને તેણે ગજાવી મૂકી.[૩,૪] એ રીતે પોતાની સામે યુદ્ધ કરવા ધસી આવતા તે દુઃશાસનસામે મહાબાહુ સાત્યકિ, એકદમ ધસી ગયો અને બાણોવડે છાઇ દેવા લાગ્યો.[૫] તે દુઃશાસન આદિ યોદ્ધાઓ જ્યારે સંખ્યાબંધ બાણોથી ઢંકાઈ જવા લાગ્યા; ત્યારે ભયભીત થઇને સર્વ સૈન્યોના દેખતાં નાસભાગ કરવા લાગ્યા. હે રાજેન્દ્ર ! તેઓ એ પ્રમાણે જ્યારે નાસાનાસ કરવા લાગ્યા; ત્યારે તમારો પુત્ર દુઃશાસન પોતે એકલોજ નિર્ભય થઇને રણમાં ઉભો રહ્યો તથા બાણો મૂકી મૂકીને સાત્યકિને પીડવા લાગ્યો.[૬,૭] તેણે ચાર બાણોથી સાત્યકિના ઘોડાઓને, ત્રણ બાણોથી તેના સારથિને તથા સો બાણોથી સાત્યકિને પોતાને વિંધી નાખીને મોટી ગર્જના કરી મૂકી.એટલે પછી હે મહારાજ ! સાત્યકિ કોપ્યો અને તેણે સીધીગતિથી જનારાં કેટલાંએક બાણો છોડીને દુઃશાસનના રથને, સારથિને તથા ધ્વજને રણમાં અદૃશ્ય કરી દીધો; એટલુંજ નહિ પણ બીજાં ઘણાં બાણો મૂકીને શૂરવીર દુઃશાસનને પણ કરોળીયો જેમ આવેલા મચ્છરને પોતાની જાળથી ઢાંકી દે તેમ તદ્દન ઢાંકી દીધો.[૯,૧૦] શત્રુઓને જીતનારા સાત્યકિએ જે સમયે દુઃશાસનને બાણોવડે તદ્દન ઢાંકી દીધો, તે સમયે રાજા દુર્યોધનની દૃષ્ટિ તેના તરફ પડી અને પોતાના ભાઇને સેંકડો બાણોથી વ્યાપ્ત થયેલો જોઇ તેણે ત્રિગર્તયોદ્ધાઓને સાત્યકિના રથ તરફ જવામાટે આજ્ઞા આપી એટલે ક્રૂર કર્મ કરવાવાળા તે યોદ્ધાઓ ઝટપટ સાત્યકિના રથની સમીપમાં ધસી ગયા. તે ત્રિગર્તયોદ્ધાઓમાં લગભગ ત્રણ હજારની સંખ્યામાં રથીયોદ્ધાઓ હતા અને તેઓ બધા યુદ્ધ કરવામાં ઘણા કુશળ હતા. તેઓ બધાએ મોટા રથના સમુદાયથી સાત્યકિને યુદ્ધમાં ઘેરી લીધો હતો.[૧૧-૧૩] વળી યુદ્ધ કરવામાટે માંહોમાંહે સ્થિર નિશ્ચય કરીને સંશપ્તકયોદ્ધાઓ પણ બાણવૃષ્ટિ છોડતા છોડતા સાત્યકિસામે યુદ્ધ કરવામાટે ધસી આવ્યા હતા.[૧૪] તેઓ બધાના સૈન્યના મોખરાના લગભગ પાંચસો મુખ્ય મુખ્ય યોદ્ધાઓને સાત્યકિએ રણમાં રોળી નાખ્યા. સાત્યકિનાં બાણોથી મરણ પામેલા તે યોદ્ધાઓ, મોટા વાયુના વેગથી ભાંગી પડેલાં વૃક્ષોની પેઠે રણભૂમિપર ઢળી પડયા. હે રાજા ! તે સમયે કપાઇ પડેલા અનેક હાથીઓ, ધ્વજો તથા સુવર્ણની કલગીવાળા ઘોડાઓ કે જેઓ સાત્યકિનાં બાણોથી છિન્નભિન્ન થઈ જઇને લોહીલોહાણ થઇ ગયા હતા, તેઓથી હે મહારાજ ! રણભૂમિ પુષ્પ ખીલેલા ખાખરાનાં વૃક્ષોથી જેવી શોભે તેવી શોભતી હતી. એ રણમાં સાત્યકિએ તમારા પક્ષના તે યોદ્ધાઓને એવા તો મારવા માંડયા, કે જેથી તેઓ કાદવમાં ખુંચી ગયેલા હાથીઓની પેઠે પોતાનું રક્ષણ કરનારા પુરુષને મેળવી શક્યા નહિ, જેથી પક્ષિરાજ ગરુડના ભયથી મોટા મોટા સર્પો જેમ દરમાં પેસી જાય તેમ દ્રોણાચાર્યના રથ તરફ ચાલ્યા ગયા. એ રીતે સર્પસમાન ઝેરી એવાં બાણોવડે પાંચસો યોદ્ધાઓને મારી નાખીને વીર સાત્યકિ, ધીમે ધીમે અર્જુનના રથસામે જવા લાગ્યો. તે સમયે અર્જુન તરફ પ્રયાણ કરતા પુરુષશ્રેષ્ઠ સાત્યકિને તમારા પુત્ર દુઃશાસને નમેલા પર્વવાળા નવ બાણોમારીને તત્કાળ વિંધી નાખ્યો; ત્યારે મહાધનુર્ધર સાત્યકિએ પણ પાંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીક્ષ્ણ બાણો મૂકીને દુઃશાસનને સામેથી પ્રહાર કર્યો. સાત્યકિનાં તે પાંચેય બાણો સુવર્ણના મુખવાળાં, ગીધપક્ષીનાં પીછાં બાંધેલાં તથા સીધી ગતિએ જનારાં હતાં. હે ભરતવંશી મહારાજ! મંદ મંદ હસતા દુઃશાસને પણ પ્રથમ ત્રણ બાણોથી સાત્યકિને વિંધી નાખીને પુનઃ પાંચ બાણોનો પ્રહાર કર્યો; એટલે શિનિકુમારે પણ પાંચ બાણોનો તમારા પુત્રને પ્રહાર કરી એના ધનુષ્યના ટુકડા કરી નાખ્યા; અને તેને વિસ્મય પમાડતો અર્જુન તરફ જવા લાગ્યો. તે જોઈ ક્રોધાયમાન થયેલા દુઃશાસને અર્જુન તરફ જતા સાત્યકિને મારી નાખવાની ઇચ્છાથી તદ્દન લોખંડની બનાવેલી એક શક્તિ તેના તરફ ફેંકી. તમારા પુત્રની તે ઘોર શક્તિને સાત્યકિએ કંકપક્ષીનાં પીછાં બાંધેલાં તીક્ષ્ણ બાણોવડે સેંકડો ટુકડા કરીને કાપી નાખી. એ વેળા હે રાજન્! તમારા પુત્રે એક બીજું ધનુષ્ય ઉઠાવીને બાણોવડે સાત્યકિને વિંધી નાખ્યો તથા સિંહનાદ કર્યો; ત્યારે ક્રોધાયમાન થયેલા સાત્યકિએ પણ તમારા પુત્રને મુંઝવી નાખીને અગ્નિની શિખાસમાન આકારવાળાં નમેલા પર્વવાળાં ત્રણ બાણોવડે દુઃશાસનને છાતીમાં વિંધી નાખ્યો; અને વળી તદ્દન લોખંડનાં બનાવેલાં ઝીણી ધારવાળાં આઠ બાણોવડે તેને પુનઃ પ્રહાર કર્યો. એટલે દુઃશાસને વીસ બાણોનો સામો પ્રહાર કર્યો; અને હે મહારાજ! મહાભાગ્યશાળી સાત્યકિએ પણ નમેલા પર્વવાળાં ત્રણ બાણો મારીને દુઃશાસનને છાતીમાં વિંધી નાખ્યો.[૧૫–૩૧] વળી મહારથી સાત્યકિએ બીજાં કેટલાંક તીક્ષ્ણ બાણો મારીને દુઃશાસનના ઘોડાઓને તથા તેના સારથિને મારી નાખ્યા; એટલુંજ નહિ પણ એક ભલ્લજાતિનું બાણ મૂકીને તેના ધનુષ્યને તથા પાંચ બાણોથી તેનાં હાથે પહેરવાનાં મોજાંને કાપી નાખ્યાં. વળી પરમ અસ્ત્રોને જાણનારા તે સાત્યકિએ, બીજાં બે ભલ્લજાતનાં બાણોવડે તેના ધ્વજને તથા રથશક્તિને કાપી નાખી; તથા કેટલાંએક તીક્ષ્ણ બાણોથી તેના બન્ને પૃષ્ઠરક્ષકોને પણ રણમાં રોળી નાખ્યા. એ રીતે દુઃશાસન જ્યારે ધનુષ્ય, ઘોડા, રથ અને સારથિવિનાનો જ્યારે થઇ પડયો; ત્યારે ત્રિગર્તસેનાના નાયક રાજાએ પોતાના રથમાં બેસાડીને તેને રણમાંથી દૂર કર્યો. હે ભરતવંશના રાજા! સાત્યકિ એક મુહૂર્તકાળસુધી તો દુઃશાસનસામે ધસી ગયો, પણ પછીથી તે મહાબાહુને ભીમસેનના પ્રતિજ્ઞાવચનનું સ્મરણ થયું. હે ભારત! પૂર્વે ભીમસેને સભાના મધ્યમાં તમારા સર્વ પુત્રોનો યુદ્ધમાં વધ કરવાની પ્રતિજ્ઞા કરી છે. (માટે સાત્યકિએ દુઃશાસનને માર્યો નહિ.) હે રાજા! એ રીતે દુઃશાસનનો પરાજય કરી સાત્યકિ જે તરફ અર્જુન હતો, તે તરફ ઉતાવળો ઉતાવળો ચાલ્યો ગયો.[૩૨–૩૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દુઃશાસનનો પરાજય' એ વિષયનો અધ્યાય ૧૨૩ મો સમાપ્ત

અધ્યાય ૧૨૪મો

તુમુલ યુદ્ધ !

॥ धृतराष्ट्र उवाच ॥

किं तस्यां मम सेनायां नासन्केचिन्महारथाः।
ये तथा सात्यकिं यांतं नैवाघ्नन्नाप्यवारयन्॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–શું તે મારી સેનામાં તેવા કોઈપણ મહારથીઓ ન હતા, કે જેઓ તે પ્રમાણે નિર્ભય થઇને ચાલ્યા જતા સાત્યકિને મારી શકયા નહિ કે અટકાવી પણ શકયા નહિ? સત્યપરાક્રમી સાત્યકિએ તે યુદ્ધમાં ઇન્દ્રસરખું બળ દર્શાવીને ઇન્દ્ર જેમ દાનવોમાં પરાક્રમ કરી દેખાડે, તેમજ પરાક્રમ કરી દેખાડયું હતું;[૨] અથવા તો એમજ હોવું જોઇએ કે, સાત્યકિ જે માર્ગે પસાર થયો હતો તે માર્ગે શૂન્ય જેવો હશે; અથવા ત્યાં ઘણાખરા યોદ્ધાઓ માર્યા ગયા હશે.[૩] હે સંજય! તું મને કહે છે તે પ્રમાણે યાદવવીર સાત્યકિએ રણમાં જે પરાક્રમ કર્યું હતું તે કરવાને ઇંદ્ર પણ ઉત્સાહ ન કરે.[૪] ખરેખર! યાદવોના તથા અંધકોના વીર તે સાત્યકિનું પરાક્રમ, માન્યામાં ન આવે તેવું અને વિચારવાને માટે પણ અશક્ય છે; અને તે સાંભળીને મારૂં મન ગભરાય છે.[૫] હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજય ! તારા કહેવા પ્રમાણે તો હવે મને લાગે છે કે, મારા પુત્રો આ જગતમાં નથીજ; કારણકે સત્યપરાક્રમી સાત્યકિ એકલાએ મારી ઘણી સેનાઓનો સંહાર કરી નાખ્યો છે;[૬] પણ હે સંજય ! એટલા બધા યોદ્ધાઓ ત્યાં યુદ્ધ કરતા હતા, છતાં એકલો સાત્યકિ તેઓની વચ્ચેથી કેવી રીતે પસાર થઇ ગયો ? તે તું મને કહે.[૭]

સંજયે કહ્યું:–હે રાજન્ ! રથ, ઘોડા અને પાળાવાળો તમારી સેનાનો સમુદાય એટલો બધો તુમુલ હતો, કે જેથી તેનો દેખાવ સાક્ષાત્ પ્રલયકાળના સરખોજ હતો.[૮] હે માનદ રાજા ! નારા યુદ્ધમાટે દેશોદેશમાંથી બોલાવેલા તમારા સૈન્યના સમૂહો સંખ્યાબંધ ત્યાં એકઠા થયા હતા. એવા સૈન્યસમૂહો આ લોકમાં બીજા કોઇપણ ન હતા, એવો મારો નિશ્ચય છે.[૯] અરે ! ત્યાં એકઠા મળેલા દેવો અને ચારણો પણ કહેતા હતા કે, પૃથ્વીમાં હવે પછી ભવિષ્યમાં આવા સૈન્યસમૂહો જોવામાં આવશે નહિ.[૧૦] વળી હે રાજા ! જયદ્રથના વધપ્રસંગે દ્રોણાચાર્યે જેવો વ્યૂહ રચ્યો હતો, તેવો વ્યૂહ આ જગતમાં હજીસુધી રચાયો નથી.[૧૧] તે સમયે પ્રચંડ વાયુઓથી ખળભળી ઉઠેલા સમુદ્રોનો જેવો શબ્દ થાય, તેવોજ અન્યોન્યસામે દોડી રહેલાં તે સૈન્યોનો શબ્દ ત્યાં થઇ રહ્યો હતો.[૧૨] હે પુરુષોત્તમ રાજા! તમારાં સૈન્યોમાં તથા પાંડવોનાં સૈન્યોમાં એકઠા થયેલા હજારો અને સેંકડો રાજાઓ, કે જેઓ કોપાયમાન થઇને યુદ્ધમાં દૃઢ કર્મો કરવાવાળા અને મહાવીર હતા, તેઓનો પણ સાંભળતાં રોમાંચ થઇ જાય તેવો તુમુલ શબ્દ થઈ રહ્યો હતો. તે વેળા હે રાજા ! ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ તથા પાંડવ ધર્મરાજા, પોતાનાં સન્યોપ્રત્યે મોટેથી કહેવા લાગ્યા:–[૧૫] "હે વીર યોદ્ધાઓ ! આવો, જલદી દોડી આવો, અને શત્રુઓનાપર પ્રહાર કરો; કારણકે વીર સાત્યકિ અને અર્જુન શત્રુઓની સેનામાં દાખલ થયા છે,[૧૬] માટે તેઓ બન્ને જણા જે રીતે સુખપૂર્વક જયદ્રથનો વધ કરવામાટે આગળ પ્રયાણ કરી શકે તે પ્રમાણે આપણે બધા ઉતાવળ કરો." એ પ્રમાણે તેઓ પોતાનાં સૈન્યોને પ્રેરણા કરી રહ્યા હતા. વળી પણ તેઓ પોતાના સૈનિકોપ્રત્યે કહેતા હતા કે:– "યાદ રાખો કે, જો તેઓ બન્ને(અર્જુન અને સાત્યકિ)નો યુદ્ધમાં નાશ થશે તો કૌરવો જીત્યા છે અને આપણો પરાજય થયો છે; માટે તમે બધા એકત્ર થઇને, મહાન વેગવાળા પવનો જેમ મહાસાગરને ખળભળાવી દે, તેમ આ કૌરવસૈન્યરૂપ સાગરને એકદમ ખળભળાવી દો."

હે રાજન્ ! ભીમસેન તથા ધૃષ્ટદ્યુમ્ને એ રીતે પ્રેરેલા તે યોદ્ધાઓ, પોતાના પ્રિય પ્રાણોની પરવા ન કરતાં કૌરવોસામે યુદ્ધ કરવા તૂટી પડયા. મહાતેજસ્વી એવા તે યોદ્ધાઓ યુદ્ધમાં પોતાનું મરણ થાય એમ ઇચ્છતા હતા તથા સ્વર્ગની ઇચ્છા કરીને પોતાના મિત્રના કાર્યમાં પોતાની જીંદગીને તેઓ પ્રિય ગણતા ન હતા; તેમજ તમારા પક્ષના યોદ્ધાઓ પણ મહાન યશની ઇચ્છા રાખીને તથા આર્યબુદ્ધિનો સ્વીકાર કરીને યુદ્ધ કરવામાટેજ સજ્જ થઇ ઉભા હતા. ભય ઉપજાવનારૂં એવું તે તુમુલ યુદ્ધ જ્યારે થઇ રહ્યું હતું, ત્યારે સાત્યકિ તમારાં સર્વ સૈન્યોને જીતીને અર્જુન તરફજ વધ્યો જતો હતો. તે રણમાં સૂર્યનાં કિરણોથી ઝળકતી કવચોની પ્રભાઓ, સૈનિકોની દૃષ્ટિઓને ચારેબાજુથી સ્ખલિત કરી દેતી હતી. મહાત્મા પાંડવો એ રીતે યુદ્ધમાં પ્રયત્ન કરી રહ્યા હતા, તેવામાં રાજા દુર્યોધને તેઓના મહાન સૈન્યમાં પ્રવેશ કર્યો. હે ભરતવંશી મહારાજા ! તે સમયે પાંડવો અને તે દુર્યોધનની મહાતીવ્ર ઝપાઝપી થઈ રહી હતી, કે જેમાં સર્વ ભૂતોનો મહાન નાશ શરૂ થયો હતો.[૧૫–૨૫]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–તે સૈન્યો જ્યારે એ પ્રમાણે ધસી ગયાં હતાં; ત્યારે દુર્યોધન પોતે ઘણો સંકટમાં આવી પડયો હશે ? હે સૂત ! શું તેણે રણમાંથી પલાયન કર્યું ન હતું ? કારણ કે એકલા મનુષ્યે ઘણાઓની સાથે જે યુદ્ધ કરવું તે મહાસંકટભરેલું હોય છે; તેમાં વળી રાજાને માટે તો ખાસ કરીને તે વિષમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ પડે, એમ મને લાગે છે. વળી તે દુર્યોધન તો આજ દિવસસુધી સુખમાંજ ઉછરીને મોટો થયો છે; તથા સમગ્ર રાજ્યલક્ષ્મીનો અને આ લોકનો તે રાજા પણ છે, જેથી હું તને પ્રશ્ન કરૂં છું કે, તે એકલો ઘણાઓની સામે ભેટીને શું વિમુખ થયો ન હતો ?

સંજયે કહ્યું:–હે ભરતકુળના રાજા ! તમારા પુત્રનો એકલાનો પાંડવપક્ષના અનેક યોદ્ધાઓની સાથે ઘણો આશ્ચર્યજનક સંગ્રામ થયો હતો. તે હું તમને કહું છું, માટે સાંભળો. એ રણમાં દુર્યોધને પાંડવોની સેનાને, હાથી જેમ તળાવડીને ચારેબાજુથી ડહોળી નાખે, તેમ ડહોળી નાખી હતી. હે રાજન્! એ પ્રમાણે જ્યારે તમારો પુત્ર, તે સેનાનો નાશ કરવા લાગ્યો, ત્યારે ભીમસેન આદિ પાંચાલયોદ્ધાઓ તેની સામા ધસી આવ્યાં. એટલે દુર્યોધને પાંડુપુત્ર ભીમસેનને દશ બાણોવડે વિંધી નાખ્યો અને ત્રણ બાણોથી નકુલને, ત્રણ બાણોથી સહદેવને, સાત બાણોથી ધર્મરાજાને, છ બાણોથી વિરાટ અને દ્રુપદ રાજાને, સો બાણોથી શિખંડીને, વીસ બાણોથી ધૃષ્ટદ્યુમ્નને તથા ત્રણ ત્રણ બાણોથી દ્રૌપદીના પાંચેય પુત્રોને તેણે વિંધી નાખ્યા; એટલુંજ નહિ પણ ક્રોધાયમાન થયેલો બીજો જાણે કાળ હોય, તેમ બીજા સેંકડો યોદ્ધાઓને, હાથીઓને તથા રથોને બાણો મૂકી મૂકીને તે કાપવાજ મંડયો. તે દુર્યોધન ધનુષ્યમાં બાણ ક્યારે સાંધે છે અને ક્યારે છોડે છે, તેની તો કોઇને ખબરજ પડતી ન હતી. માત્ર તેનું ધનુષ્યજ ગોળાકારે ફરતું જોવામાં આવતું હતું અને તે પોતે પોતાનાં અસ્ત્રબળથી તથા યુદ્ધશિક્ષાથી શત્રુઓનો સંહાર કરતો દેખાતો હતો. જે વેળા તે દુર્યોધન પોતાના શત્રુઓનો સંહાર કરી રહ્યો હતો, તે વેળા સુવર્ણની પીઠવાળા તેના મહાન ધનુષ્યને મનુષ્યો નિત્ય ગોળાકારે જોઇ રહ્યા હતા. હે કુરુવંશી રાજા ! તે પછી રાજા યુધિષ્ઠિરે બે ભલ્લજાતિનાં બાણો મૂકીને યુદ્ધમાં પ્રયત્ન કરી રહેલા તમારા પુત્રના ધનુષ્યને કડાક દઇને કાપી નાખ્યું તથા બરાબર તાકીને છોડેલાં ઉત્તમ દશ બાણોવડે એને વિંધી નાખ્યો. યુધિષ્ઠિરનાં એ બાણો તેના કવચને તોડી નાખીને પૃથ્વીમાં પેસી ગયાં. તે સમયે એકદમ હર્ષમાં આવી ગયેલા પાંડવો, પૂર્વે વૃત્રાસુરના વધપ્રસંગે દેવો અને મહર્ષિઓ જેમ ઇન્દ્રને વિંટાઈ વળ્યા હતા, તેમ રાજા યુધિષ્ઠિરને વિંટાઈ વળ્યા. પછી તમારા પ્રતાપી પુત્ર દુર્યોધને, બીજું ધનુષ્ય લઇને "ઉભો રહેજે, ઉભો રહેજે," એમ બોલતાં બોલતાં યુધિષ્ઠિરરાજાસામે ધસારો કર્યો. તમારા પુત્રને એ રીતે ધસારો કરતો જોઇ વિજયની ઇચ્છાવાળા પાંચાલયોદ્ધાઓ બરાબર સજ્જ થઇને તેની સામા ચઢી ગયા; ત્યારે યુધિષ્ઠિરરાજાપાસે પહોંચી વળવાની ઇચ્છાવાળા દ્રોણાચાર્ય તેઓ બધાને અટકાવવા લાગ્યા. જેમ કોઇ પર્વત, પ્રચંડ વાયુથી ચઢી આવેલા મેઘોને રોકી રાખે, તેમ દ્રોણાચાર્યે તેઓને આગળ વધતા રોકી રાખ્યા. હે રાજન્ ! તે વખતે જોતાં રુવાં ખડાં થઇ જાય તેવો મહાન સંગ્રામ થઇ રહ્યો હતો. હે મહાબાહુ રાજા ! પાંડવો તથા તમારા પક્ષના તે યોદ્ધાઓ વચ્ચે, રુદ્રદેવની ક્રીડાના સમયસરખો સર્વ પ્રાણીઓનો સંહાર ચાલુ થયો હતો.[૨૬–૪૪] એટલામાં વળી હે રાજા ! જે તરફ અર્જુન હતો તે તરફ રોમાંચ થઇ જાય તેવો, સર્વ શબ્દોને ઢાંકી દે તેવો મહાન શબ્દ સંભળાવા લાગ્યો.[૪૫] હે મોટી ભુજાવાળા રાજા ! એ મહારણમાં ભારતી સૈન્યના મધ્યભાગમાં અર્જુન તથા શ્રીકૃષ્ણની સામે તમારા સર્વ ધનુર્ધરોનો તુમુલ પ્રહાર ચાલી રહ્યો હતો; અને આ તરફથી સૈન્યના વ્યૂહના મોખરામાં દ્રોણાચાર્યનો શત્રુઓસામે પ્રહાર શરૂ થયો હતો. હે રાજા ! મહારથી અર્જુન, દ્રોણાચાર્ય અને સાત્યકિ તે સમયે જ્યારે કોપ્યા હતા; ત્યારે એ સંહાર થઇ રહ્યો હતો.[૪૫–૪૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સંકુલ યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૨૪ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૨૫ મો

દ્રોણાચાર્યનું પરાક્રમ-બૃહત્ક્ષત્ર, ધૃષ્ટકેતુ, જરાસંધનો પુત્ર તથા ક્ષત્રધર્મા પડયા !

॥ संजय उवाच ॥

अपराह्णे महाराज संग्रामः सुमहानभूत् ।
पर्जन्यसमनिर्घोषः पुनर्द्रोणस्य सोमकैः॥१॥

સંજયે કહ્યું:-હે મહારાજ ! તે દિવસે બરાબર દિવસના પાછલા ભાગમાં દ્રોણાચાર્ય અને સોમકયોદ્ધાઓ વચ્ચે મેઘસમાન ગર્જનાઓવાળો અતિમહાન સંગ્રામ થઈ રહ્યો હતો.[૧] લાલ રંગના ઘોડાઓવાળા રથમાં બેસીને બરાબર સજ્જ થયેલા નરવીર દ્રોણાચાર્ય, મધ્યમ વેગનો આશ્રય કરીને પાંડવો સામે યુદ્ધ કરવા દોડયા.[૨] હે ભારત ! તમારૂં પ્રિય અને હિત કરવામાં જોડાયલા, મહાધનુર્ધર, મહાબળવાન અને પ્રતાપી તે દ્રોણાચાર્ય, અદ્ભુત પુંખવાળાં તીક્ષ્ણ બાણો વારંવાર મૂકીને જાણે સારા સારા યોદ્ધાઓને વીણી લેતા હોય તેમ રણની અંદર ઘૂમવા લાગ્યા.[૩-૪] ત્યારે હે રાજા ! પોતાના પાંચે ભાઇઓમાં શ્રેષ્ઠ અને યુદ્ધ કરવામાં ઘણો કઠોર કેકયોનો મહારથી બૃહત્ક્ષત્ર દ્રોણાચાર્યપર ચઢી ગયો.[૫] જેમ ગંધમાદન પર્વતપર મહામેઘ વૃષ્ટિ કરી મૂકે, તેમ તેણે તીક્ષ્ણ બાણો છોડવા માંડયાં અને આચાર્યને અત્યંત પીડવા માંડયા.[૬] એટલે કોપાયમાન થયેલા આચાર્યે પણ પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં સુવર્ણના પુંખવાળાં પંદર બાણો ફેંક્યાં.[૭] ક્રોધાયમાન સર્પનાસરખાં તે બાણોને પોતાની તરફ આવતાં જોઇને આનંદમાં આવી ગયો હોય તેવો દેખાવ કરીને રાજા બૃહત્ક્ષત્રે, પાંચ પાંચ બાણો મૂકીને તે દરેકના ટુકડા કરી નાખ્યા.[૮] એ પ્રકારની તેની હાથચાલાકી જોઇને બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્ય હસ્યા અને તેમણેબીજાં નમેલાં પુંખવાળાં આઠ બાણો છોડયાં.[૯] દ્રોણના ધનુષ્યમાંથી છૂટીને એકદમ પોતાના તરફ આવતાં તે બાણોને જોઇને બૃહત્ક્ષત્રે પણ સામેથી તેટલાંજ બાણો મૂક્યાં અને તેઓને અટકાવી પાડયાં.[૧૦] હે મહારાજ ! બૃહત્ક્ષત્રનું તે અતિ દુષ્કર કર્મ જોઇને તમારા સૈન્યમાં તો સર્વને આશ્ચર્યજ થઇ રહ્યું હતું. તે પછી હે મહારાજ ! બૃહત્ક્ષત્રને એ રીતે યુદ્ધમાં વધી જતો જોઈ દ્રોણાચાર્યે અતિ દુર્જય એવું બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું;[૧૨] ત્યારે કૈકેયરાજાએ પણ દ્રોણે છોડેલા અતિ દુર્જય તે અસ્ત્રનો પોતે છોડેલા બ્રહ્માસ્ત્રથીજ નાશ કર્યો.[૧૩] હે ભરતવંશી રાજા ! એ રીતે બ્રહ્માસ્ત્રનો નાશ કરીને બૃહત્ક્ષત્રે બ્રાહ્મણ દ્રોણાચાર્યને પથ્થરપર ઘસેલાં અને સુવર્ણનાં પુંખવાળાં સાઠ બાણોથી વિંધી નાખ્યા;[૧૪] ત્યારે મનુષ્યશ્રેષ્ઠ દ્રોણાચાર્યે એક નારાચબાણનો તેને પ્રહાર કર્યો. હે રાજશ્રેષ્ઠ ! છટો થયેલો કાળો સર્પ જેમ રાફડામાં પેસી જાય, તેમ દ્રોણાચાર્ય પાસેથી છૂટેલું તે બાણ બૃહત્ક્ષત્રના કવચને તોડી નાખીને પૃથ્વીમાં પેસી ગયું. દ્રોણનું બાણ પૃથ્વીમાં પેસી ગયું હતું, પણ તેણે બૃહત્ક્ષત્રને સારી રીતે ઘાયલ કર્યો હતો; અને પછીથીજ તે નીચે પડી ગયું હતું.[૧૫,૧૬] હે મહારાજ ! રાજા કૈકેય દ્રોણાચાર્યનાં બાણોથી જ્યારે અત્યંત વિંધાઇ ગયો, ત્યારે તે અત્યંત ક્રોધે ભરાઇ ગયો અને તેણે પોતાનાં સુંદર નેત્રો ફાડીને ક્રોધપૂર્વક સુવર્ણના પુંખવાળાં પથ્થરપર ઘસેલાં સિત્તોતેર બાણો મારી દ્રોણાચાર્યને વિંધી નાખ્યા. વળી બીજા એક બાણથી તેના સારથિને પણ મર્મસ્થાનોમાં સખ્ત પ્રહાર કર્યો.[૧૭,૧૮] હે રાજા ! એ પ્રમાણે બૃહત્ક્ષત્રે ઘણાં બાણોથી વિંધી નાખેલા દ્રોણાચાર્ય, કૈકેયરાજાના રથસામે તીક્ષ્ણ બાણો છોડવા લાગ્યા; અને જોતજોતામાં તો મહારથી બૃહત્ક્ષત્રને તેમણે આકુળ વ્યાકુળ કરી નાખ્યો. પછી બીજાં ચાર બાણો મારી તેના ચારેય ઘોડાઓને મારી નાખ્યા.[૨૦] વળી એક બાણથી તેના સારથિને રથના માળામાંથી નીચે ઢોળી પાડયો તથા બે બાણોવડે તેના ધ્વજને અને છત્રને પણ કાપી નાખીને પૃથ્વીપર પાડી નાખ્યા;[૨૧] એટલુંજ નહિ પણ બરાબર તાકીને છોડેલા બીજા એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારાચબાણથી બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્યે, બૃહત્ક્ષત્રને હૃદયમાં વિંધી નાખ્યો; જેથી તેનું હૃદય ચીરાઈ ગયું અને તે પૃથ્વીપર પડયો.[૨૨]

હે રાજન્! કેકયોનો મહારથી બૃહત્ક્ષત્ર, એ પ્રમાણે જ્યારે મરણ પામ્યો, ત્યારે અત્યંત કોપાતુર થયેલા શિશુપાલના પુત્રે, પોતાના સારથિપ્રત્યે આ પ્રમાણે કહ્યું:-[૨૩] "હે સારથિ! ચાલ, આગળ ચાલ, જે સ્થળે આ ક્રોધી દ્રોણાચાર્ય કેકયોનો તથા પાંચાલોની સર્વ સેનાનો નાશ કરી રહ્યા છે, તે સ્થળે આપણા રથને તું ચલાવ."[૨૪] તેનું એ વચન સાંભળીને તેનો સારથિ, કાંબોજ દેશમાં જન્મેલા વેગવાળા ઘોડાઓને દોડાવીને રથીઓમાં શ્રેષ્ઠ એવા તે રાજાને દ્રોણપાસે લઇ ગયો.[૨૫] એટલે અતિશયબળવાન ચેદિદેશનોમહારાજા ધૃષ્ટકેતુ, પતંગીયું જેમ અગ્નિ સામે ધસે, તેમ દ્રોણ સામે ધસી ગયો;[૨૬] અને તુરત તેણે સાઠ બાણો છોડીને દ્રોણને, તેમના ઘોડાઓને, રથને તથા ધ્વજાઓને વિંધી નાખ્યાં; એટલુંજ નહિ પણ જેમ કોઈ સૂતેલા વાઘને અકસ્માત્ ખીજવેતેમ બીજાં કેટલાંક તીક્ષ્ણ બાણો મારીને દ્રોણાચાર્યને તેણે ખીજાવી મૂકયા;એટલે દ્રોણાચાર્યે યુદ્ધમાં પ્રયત્ન કરી રહેલા બલાઢય ધૃષ્ટકેતુના ધનુષ્યને, ગીધપક્ષીનાં પીછાં બાંધેલા તીક્ષ્ણ ક્ષુરપ્રબાણથી મધ્યપ્રદેશમાંથી કાપી નાખ્યું. એટલે શિશુપાલના મહારથી પુત્રે બીજું એક ધનુષ્ય લઈને કંકપક્ષીનાં પીછાંવાળાં બાણોવડે દ્રોણાચાર્યને વિંધી નાખ્યા; ત્યારે દ્રોણાચાર્યે પણ ચારબાણો છોડીને તેના ચારેય ઘોડાઓને મારી નાખ્યા અને હસતાં હસતાં તેના સારથિના મસ્તકને પણ શરીરથી જાદું પાડી દીધું; એટલુંજ નહિ પણ બીજાં પચીસ બાણોનો એને પ્રહાર પણ કર્યો. તે સમયે ચેદીરાજા હાથમાં ગદા લઇને ઉતાવળો ઉતાવળો રથપરથી નીચે કૂદી પડયો અને કોપેલી નાગણના જેવી તે ગદાને તેણે દ્રોણસામે ફેંકી. ઉદય પામેલી કાળરાત્રિસમાન દેખાતી, સુવર્ણના અટાપટાથી શોભતી તથા કેવળ લોખંડની બનાવેલી એવી તે ભારે ગદાને પોતાની સામે ધસી આવતી જોઇ દ્રોણાચાર્યે, અનેક હજારો તીક્ષ્ણ બાણો તેની સામે ફેંકવા માંડયાં અને જોતજોતામાં તે ગદાને કાપી નાખી. હે કુરુશ્રેષ્ઠ! એ રીતે દ્રોણાચાર્યે અનેક બાણોવડે છિન્નભિન્ન કરી નાખેલી તે ગદા, પૃથ્વીતલને ગજાવી મૂકતી નીચે આવી પડી. પોતાની ગદાને નષ્ટ થયેલી જોઇ ક્રોધાયમાન થયેલા વીર ધૃષ્ટકેતુએ એક તોમર તથા સુવર્ણસમાન ઉજ્જવલ એવી એક શક્તિ દ્રોણાચાર્ય સામે ફેંકી;[૩૫] પણ આચાર્યે પાંચ બાણોથી તોમરના ટુકડા કરી નાખ્યા તથા બીજાં પાંચ બાણોથી શક્તિને પણ તોડી નાખી; જેથી તે બન્ને હથિયારો ગરુડે કાપી નાખેલા બે સર્પોની પેઠે પૃથ્વીપર પડયાં. તેપછી પોતાનો વધ કરવા ઇચ્છતા એ ધૃષ્ટકેતુનો નાશ કરવામાટે પ્રતાપી દ્રોણાચાર્યે એક તીક્ષ્ણ બાણ છોડયું,[૩૭] કે જે બાણ હંસ જેમ કમળવનમાં પેસી જાય, તેમ અમાપતેજવાળા તે ધૃષ્ટકેતુના કવચને તથા હૃદયને તોડી નાખી પૃથ્વીમાં પેસી ગયું.[૩૮] ભૂખ્યો થયેલો ચાસપક્ષી જેમ ક્ષુદ્ર પક્ષીને ગળી જાય, તેમ શૂરવીર દ્રોણાચાર્ય એ મહારણમાં ધૃષ્ટકેતુને ગળી ગયા હતા.[૩૯] ચેદિરાજ ધૃષ્ટકેતુ એ પ્રમાણે જ્યારે માર્યો ગયો, ત્યારે પરમ દિવ્ય અસ્ત્રોને જાણનારો તેનો પુત્ર પોતાના પિતાના સૈન્યની ટુકડીનો અધિપતિ થયો અને પોતાના પિતાના વધનેલીધે તે ક્રોધવશ થઇ ગયો; પરંતુ ઘોર જંગલમાં કોઈએક બળવાન મહાવ્યાઘ્ર, મૃગનાબચ્ચાને જેમ મારીનાખે તેમ દ્રોણાચાર્યે તેને પણ કેટલાંએક બાણો મારીને હસતાં હસતાં યમરાજાને ઘેર મોકલી દીધો. હે ભરતવંશી રાજા! એ પ્રમાણે જ્યારે પાંડવપક્ષના યોદ્ધાઓનો સંહાર થવા લાગ્યો, ત્યારે જરાસંધનો વીરપુત્ર પોતે દ્રોણાચાર્યસામે ધસ્યો. જેમ મેઘરાજા સૂર્યમંડળને અદૃશ્ય કરી દે છે, તેમ તે મહાબાહુએ, બાણોની ધારાઓવડે દ્રોણાચાર્યને રણમાં સત્વર અદૃશ્ય કરી દીધા. તેનો તે ઝપાટો જોઇ ક્ષત્રિયસંહારક દ્રોણે પણ સેંકડો અને હજારો બાણો તત્કાળ છોડવા માંડયાં. જોતજોતામાં તો રથમાં બેઠેલા તે રથીશ્રેષ્ઠને દ્રોણાચાર્યે રણમાં છાઈ દીધો અને સર્વ ધનુર્ધરોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખતાં તે જરાસંધના પુત્રને એકદમ મારી નાખ્યો.[૪૦-૪૫] સમય પૂર્ણ થતાં કાળ જેમ સર્વ પ્રાણીઓનો નાશ કરી નાખે છે, તેમ દ્રોણાચાર્ય પણ કાળસ્વરૂપ ધારણ કરીને, જે જે યોદ્ધો પોતાની પાસે આવતો હતો તેનો નાશ કરી નાખતા હતા.[૪૬] તે પછી હે મહારાજ! દ્રોણાચાર્ય, યુદ્ધમાં પોતાનું નામ વારંવાર સંભળાવીને અનેક હજારો બાણો મૂકીને પાંડવયોદ્ધાઓને છાઈ દેવા લાગ્યા.[૪૭] દ્રોણાચાર્યે નામવાળાં તથા ઘસેલાં બાણો છોડી રણમાં સેંકડો યોદ્ધાઓનો, હાથીઓનો તથા ઘોડાઓનો ઘાણ વાળી નાખતાં હતાં.[૪૮] ઇંદ્ર જેમ મહાસુરોનો વધ કરે, તેમ દ્રોણાચાર્યથી વધ કરાતા પાંચાલયોદ્ધાઓ ટાઢથી પીડાતી ગાયોની પેઠે થરથર કાંપતા હતા. હે ભરતશ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર રાજા! દ્રોણાચાર્યે એ પ્રમાણે જ્યારે સંહાર કરવા માંડયો, ત્યારે પાંડવોનાં સૈન્યોમાં દુઃખજનક ઘોર શબ્દો થવા લાગ્યા.[૫૦] એક તરફથી સૂર્યનો પ્રખર તાપ તપતો હતો અને બીજી તરફથી દ્રોણાચાર્યનાં બાણોનો સખ્ત મારો ચાલુ થયો હતો; જેથી તે સમયે પાંચાલો સંત્રસ્ત મનવાળા થઈ ગયા હતા. વળી પાંચાલોના તે મહારથીઓને દ્રોણાચાર્યે બાણજાળથી એટલા બધા મોહિત કર્યા હતા, કે જેથી તેઓ બધાની સાથળો રણમાં જકડાઇ ગઈ હતી.[૫૨]

તે પછી હે મહારાજ! ચેદીઓ, સૃંજયો, કાશી અને કોસલયોદ્ધાઓ, હર્ષમાં આવી જઇને દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવાની ઇચ્છાથી ધસી આવ્યા.[૫૩] "દ્રોણને મારો, દ્રોણને મારો," એમ અન્યોન્યને કહેતા ચેદિ, પાંચાલ અને સૃંજયયોદ્ધાઓ દ્રોણસામે ચઢી આવ્યા.[૫૪] રણમાં મહાતેજસ્વી દ્રોણાચાર્યને, યમરાજને ઘેર મોકલી દેવાની ઇચ્છાથી તે સર્વ પુરુષવ્યાઘ્રો પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરીને પ્રયત્ન કરી રહ્યા હતા;[૫૫] પરંતુ દ્રોણાચાર્યેજ બાણો મૂકી મૂકીને પોતાની સામે પ્રયત્ન કરી રહેલા એ વીરોને યમપાસે મોકલવા માંડયા. તેમાં ચેદિદેશના મુખ્ય મુખ્ય યોદ્ધાઓને તો વિશેષે કરીને યમપાસે મોકલવા માંડયા. એ રીતે જ્યારે ચેદી યોદ્ધાઓમાં મુખ્ય મુખ્યનો નાશ થવા લાગ્યો, ત્યારે દ્રોણાચાર્યનાં બાણોથી પીડાયેલા પાંચાલયોદ્ધાઓ કંપવા લાગ્યા.[૫૭] હે ભારત! દ્રોણાચાર્યનાં તે પ્રકારનાં કર્મો જોઇને તેઓ ભીમસેનને તથા ધૃષ્ટદ્યુમ્નને બોલાવી રહ્યા હતા.[૫૮] વળી તેઓ માંહોમાંહે કહેતા હતા કે:- "અવશ્ય આ બ્રાહ્મણે મહાદુશ્ચરતપ તપેલું છે; કારણકે ક્રોધાયમાન થઇને તે યુદ્ધમાં સારા સારા ક્ષત્રિયોને બાળી ભસ્મ કરી નાખે છે.[૫૯] યુદ્ધ કરવું તે ક્ષત્રિયનો ધર્મ છે અને ઉત્કૃષ્ટ તપ તપવું તે બ્રાહ્મણનો ધર્મ છે. તેમાંએ વળી તપસ્વી અને વિદ્યાવાન બ્રાહ્મણ માત્ર દૃષ્ટિ કરીને પણ બાળી ભસ્મ કરી નાખે.[૬૦] હે ભારતો! ઘણા મોટા મોટા ક્ષત્રિયો, અસ્ત્રોથી તીવ્ર સ્પર્શવાળા દ્રોણરૂપી દુસ્તર અને ઘોર અગ્નિમાં પ્રવેશ કરીને બળી મુઆ છે.[૬૧] વળી મહાતેજસ્વી દ્રોણાચાર્ય પોતાનાં બળ, ઉત્સાહ અને ધૈર્ય પ્રમાણે સર્વ ભૂતોને મોહ પમાડી દઇને આપણા સૈન્યનો નાશ કરી નાખે છે." તેઓનાં એ વચનને સાંભળીને મહાબળવાન ક્ષત્રધર્મા દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા ઉભો રહ્યો; અને તેણે એક અર્ધચંદ્રાકાર બાણવડે ક્રોધથી ઉદ્વિગ્ન મનવાળા દ્રોણાચાર્યના ધનુષ્યના બાણસહિત ટુકડા કરી નાખ્યા; એટલે પછી તો ક્ષત્રિયમર્દન દ્રોણાચાર્ય અત્યંત ક્રોધ્યા. અતિશય વેગવાળું દેદીપ્યમાન ધનુષ્ય હાથમાં લઇ તેમાં શત્રુઓના સૈન્યનો નાશ કરી નાખે તેવું તીક્ષ્ણ બાણ તેમણે સાંધ્યું. પછી તે બળવાન આચાર્યે, ધનુષ્યને કાનસુધી ખેંચીને તે બાણ છોડયું કે જે ક્ષત્રધર્માનો નાશ કરી પૃથ્વીમાં પેસી ગયું.[૬૩,૬૬] હૃદય ચીરાઈ જવાથી ક્ષત્રધર્મા પૃથ્વીપર પછડાઇ પડયો એટલે તે ધૃષ્ટદ્યુમ્નના પુત્રનું મરણ થવાથી સૈન્યો કંપી ઉઠયાં.[૬૭] તે પછી મહાબળવાન ચેકિતાન દ્રોણાચાર્યસામે ચઢી આવ્યો. આવતાંવેંતજ તેણે આચાર્યને દશ બાણોનો પ્રહાર કરી છાતીમાં વિંધી નાખ્યા.[૬૮] વળી બીજાં ચાર બાણોથી એમના સારથિને તથા ચાર બાણોથી એમના ચારેય ઘોડાઓને પણ વિંધી નાખ્યા, ત્યારે દ્રોણાચાર્યે ત્રણ બાણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકીને તેના બે બાહુઓમાં તથા છાતીમાં પ્રહાર કર્યો;[૬૯] તેમજ પુનઃ સાત બાણોવડે તેની ધ્વજાને કાપી નાખીને ત્રણ બાણોવડે સારથિને પણ હણી નાખ્યો. હે રાજા! એ રીતે જ્યારે સારથિ મરણ પામ્યો, ત્યારે દ્રોણનાં બાણોથી ઢંકાઇ ગયેલા ચેકિતાનના ઘોડાઓ, ત્યાંથી પલાયન કરી ગયા. એ સમયે માર્યા ગયેલા સારથિવાળા અને નાસભાગ કરતા ઘોડાઓવાળા ચેકિતાનના રથને જોઈને ચેદિ, પાંચાલ તથા સૃંજયયોદ્ધાઓ રણમાં શૂરા થઇને ત્યાં એકત્ર થઇ ગયા; પણ હે રાજા! દ્રોણાચાર્યે તેઓ બધાને હાંકી કાઢયા અને પોતે એકલાજ તે રણભૂમિપર અત્યંત શોભાયમાન દેખાવા લાગ્યા.[૭૦–૭૨] કાનસુધી આવેલાં પળિયાંવાળા, શ્યામ વર્ણના તથા પંચાશી વર્ષની વયના તે વૃદ્ધ દ્રોણાચાર્ય, સોળ વર્ષની વયના તરુણ પુરુષની પેઠે રણમાં ચારેબાજુ ઘૂમતા હતા.[૭૩] હે મહારાજ! એ રીતે નિર્ભયની પેઠે ઘૂમી રહેલા શત્રુનાશન દ્રોણાચાર્યને, શત્રુઓ સાક્ષાત્ ઇંદ્રસમાનજ માનવા લાગ્યા.[૭૪] તે સમયે મોટી ભુજાવાળો બુદ્ધિમાન દ્રુપદરાજા કહેવા લાગ્યો કેઃ–"વાઘ જેમ ક્ષુદ્ર મૃગોને મારી નાખે તેમ આ દ્રોણાચાર્ય ક્ષત્રિયોને મારી નાખે છે. ખરેખર! દુષ્ટ બુદ્ધિનો રાજા દુર્યોધન, કષ્ટદાયી નરક આદિ લોકને પામશે; કારણ કે જેના રાજ્યલોભથી આ રણમાં મોટા મોટા ક્ષત્રિયો માર્યા ગયા છે. અરે! સેંકડો કાપી નાખેલા આખલાઓની પેઠે આ રણભૂમિપર શયન કરી કરી રહ્યા છે અને લોહીલુહાણ શરીરોવાળા કેટલાએક ક્ષત્રિયો તો કૂતરાં તથા શિયાળવાંના ભક્ષ્યરૂપ થઈ પડયા છે."[૭૫–૭૭] હે મહારાજ! એ પ્રમાણે કહીને એક અક્ષૌહિણી સેનાનો નાયક રાજા દ્રુપદ, પાંડવયોદ્ધાઓને આગળ કરીને સત્વર દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા ધસી ગયો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં "દ્રોણાચાર્યનું પરાક્રમ" એ વિષયનો અધ્યાય ૧૨૫ મો સમાપ્ત

અધ્યાય ૧૨૬ મો

યુધિષ્ઠિરની ચિંતા

॥ संजय उवाच ॥

व्यूहेष्वालोड्यमानेषु पांडवानां ततस्ततः ।
सुदूरमन्वयुः पार्थाः पांचालाः सोमकैःसह॥१॥

સંજયે કહ્યું:–જે સમયે પાંડવોના વ્યૂહોને આમતેમ ચારેબાજુથી દ્રોણાચાર્યે મથવા માંડયા, તે સમયે પાંડવો, પાંચાલો અને સોમકો રણમાં અત્યંત દૂર નીકળી ગયા.[૧] હે ભરતવંશી રાજા! તે સમયે રોમાંચ કરી દે તેવો રૌદ્ર સંગ્રામ ચાલી રહ્યો હતો. જાણે પ્રલયકાળે જગતનો ઘોર સંહાર ચાલુ થયો હોય તેમ જણાતું હતું.[૨] યુદ્ધમાં પરાક્રમ કરી રહેલા દ્રોણાચાર્ય, વારંવાર ગર્જનાઓ કરી રહ્યા હતા અને પાંચાલો તથા પાંડવયોદ્ધાઓનો સંહાર થતો હોવાથી તેઓની સંખ્યા ક્ષીણ થઇ જતી હતી. હે રાજેન્દ્ર! આ રીતનો યુદ્ધપ્રસંગ જોઇ રાજા યુધિષ્ઠિરને ચિંતા થવા લાગી કે, "આનું હવે શું થશે?" ખરેખર, તે વખતે ધર્મરાજાને કંઈપણ શરણ દેખાતું ન હતું.[૪] અર્જુનને જોવાની ઇચ્છાથી તેમણે સર્વ દિશાઓમાં નજર નાખી; પણ અફસોસ! યુધિષ્ઠિરને અર્જુન કે સાત્યકિમાંનો એક પણ દેખાયો નહિ.[૫] શ્રેષ્ઠ વાનરના ચિહ્નવાળા અર્જુનને નહિ જોઇને તથા તેના ગાંડીવધનુષ્યના ટંકારને ક્યાંય નહિ સાંભળીને તેમની ઇન્દ્રિયો આકુળવ્યાકુળ થઇ ગઇ.[૬] વળી અધુરામાં પૂરૂં યાદવોના મહારથી સાત્યકિને જ્યારે તેમણે ન જોયો, ત્યારે તો ધર્મરાજા યુધિષ્ઠિરના અંગેઅંગમાં ચિંતા વ્યાપ્ત થઇ ગઇ.[૭] તે સમયે એ બન્ને ઉત્તમ નરોને નહિ જોતાં તેમને લગારે શાંતિ વળી નહિ; કારણકે મોટા મનવાળા તે ધર્મરાજા, લોકાપવાદથી હમેશાં ડરતા હતા. મહાબાહુ ધર્મરાજા, સાત્યકિના સંબંધમાં વિચારવા લાગ્યા કેઃ–"મિત્રોને અભય આપનારા તથા દૃઢ પ્રતિજ્ઞાવાળા સાત્યકિને મેં પોતે આ મહારણમાં અર્જુનના રથસામેના માર્ગમાં મોકલ્યો છે; જેથી પ્રથમ અર્જુનના વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકજ ચિંતા મને હતી અને હવે તો તે ચિંતા બે પ્રકારે થઇ પડી છે.[૯,૧૦] એ સાત્યકિની તપાસ કરવાની રહી તથા ધનંજય અર્જુનની પણ શોધ કરવી બાકી રહી. આ યુદ્ધમાં અર્જુનને પગલે સાત્યકિને મોકલીને હવે સાત્યકિને પગલે બીજા કોને હું મોકલીશ ? વળી જો હું મારા ભાઇ અર્જુનનીજ ખોળ કરાવીશ અને સાત્યકિની શોધ નહિ કરાવું તો લોકો મારી નિંદા કરશે અને કહેશે કે, " જગતમાં ધર્મપુત્રતરીકે કહેવાતા રાજા યુધિષ્ઠિરે પોતાના ભાઇની શોધ કરાવી; પણ સત્યપરાક્રમી યદુવંશી સાત્યકિનો પરિત્યાગ કર્યો. " આ રીતના લોકાપવાદના ભયથી ડરીને હું પૃથાપુત્ર ભીમસેનને મહાત્મા સાત્યકિને પગલે મોકલું તો સારૂં. શત્રુસંહારક અર્જુનનાપર જેવી મને પ્રીતિ છે તેવીજ યુદ્ધદુર્મદ યાદવવીર સાત્યકિપર પણ મને પ્રીતિ છે. શિનિકુમાર સાત્યકિને મેં એક મહાન કાર્યમાં જોડયો છે અને મહાબળવાન એવો તે સાત્યકિ પણ મિત્રકાર્યને અનુસરીને તથા મારૂં માન રાખીને મગરમચ્છ જેમ સમુદ્રમાં પ્રવેશ કરે તેમ ભારતી સેનામાં પેઠો છે. આ તરફ યુદ્ધમાં પાછા નહિ હઠનારા શૂરાઓનો માંહોમાંહે શબ્દ સંભળાય છે. અવશ્ય તેઓ બધા બુદ્ધિમાન યદુવીર સાત્યકિ સામે યુદ્ધ કરી રહ્યા છે;[૧૮] માટે મહારથી અર્જુન તથા સાત્યકિ જે સ્થળે ગયા છે, તે સ્થળે ધનુર્ધર પાંડવ ભીમસેનનું પ્રયાણ થાય એ મને રુચે છે; અને તેજ મારો અતિ દૃઢ નિશ્ચય સમયોચિત છે. વળી ભીમસેનને આખી પૃથ્વીમાં કંઇ અસહ્ય હોય તેવું છેજ નહિ તથા પૃથ્વીના સર્વ ધનુર્ધરોની સામે સાવધાન થઇને યુદ્ધ કરવામાં એ સમર્થ છે; એટલુંજ નહિ પણ પોતાના બાહુબળનો આશ્રય કરીને અનાયાસે શત્રુઓ સામે મોરચો બાંધવા તે શક્તિમાન છે.[૧૯-૨૧] વળી તે મહાત્મા ભીમસેનના બાહુબળનો આશ્રય કરી અમે વનવાસથી સુખરૂપ પાછા આવ્યા છીએ તથા કેટલાંએક યુદ્ધોમાં પરાજય પામ્યા નથી.[૨૨] પાંડુપુત્ર ભીમસેન સાત્યકિસામે જેવો અહીંથી જશે કે તુરત અર્જુન તથા સાત્યકિ સનાથ થશે.[૨૩] જો કે અર્જુન તથા સાત્યકિના સબંધમાં શોક કરવાનું જરા પણ કારણ નથી; કારણ કે શ્રીકૃષ્ણ તેઓ બંનેની રક્ષા કરે છે, તેમ તેઓ પોતે પણ શસ્ત્રકુશળ છે; તો મારે મારા પોતાના શોકનો વિનાશ અવશ્ય કરવો જોઇએ અને તે માટેજ ભીમસેનને હું સાત્યકિને પગલે મોકલીશ.[૨૫] વળી તેમ કરવાથીજ સાત્યકિમાટે યોગ્ય ઉપાય થયેલો હું માનીશ."

ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરે મનમાં આવો નિશ્ચય કરીને પોતાના સારથિપ્રત્યે કહ્યું કેઃ-"મને તું ભીમસેનપ્રત્યે લઈ ચાલ." એ પ્રમાણેનું ધર્મરાજાનું વચન સાંભળીને અશ્વકળામાં કુશળ એવો તેનો સારથિ, સુવર્ણથી મઢેલા ધર્મરાજાના રથને ભીમસેન પાસે લઇ ગયો. તે સમયે સમયોચિત કાર્યનું ચિંતન કરતા રાજા યુધિષ્ઠિર, ભીમસેન પાસે આવીને ઘણા દુઃખમાં નિમગ્ન થયા; તોપણ તેને આજ્ઞા કરવા લાગ્યા. દુઃખના આવેશવાળા તે રાજાએ ભીમસેનને હાંક મારીને બોલાવ્યો તથા આ પ્રમાણે વચન કહ્યું:- " હે ભીમસેન! જે તારા નાના ભાઇએ એક રથનીજ સહાય લઇને દેવો, ગંધર્વો તથા દૈત્યોને જીત્યા છે, તેનુંજ આજે નામનિશાન મારા જોવામાં આવતું નથી." એ પ્રમાણે દુઃખી સ્થિતિમાં આવેલા તે ધર્મરાજાનું વચન સાંભળીને ભીમસેન બોલી ઉઠયોઃ-"હે રાજેન્દ્ર! તમને આવું દુઃખ કદી થયું હોય તેવું મારા જોવામાં આવ્યું નથી કે કદી મેં સાંભળ્યું પણ નથી. અરે, પૂર્વે જ્યારે અમે બધા દુઃખથી ગભરાઇ ગયા હતા, ત્યારે તમે એકજ અમારા આધારતરીકે રહ્યા હતા;[૩૨] માટે ધીરા થાઓ, ધીરા થઓ અને આજ્ઞા કરો. હું તમારૂં કયું કામ કરૂં ? હે માનદ રાજા! આ જગતમાં મને કંઇ અસાધ્ય કે અકાર્ય નથી, માટે હે કુરુશ્રેષ્ઠ રાજા! મને આજ્ઞા કરો, તમારા મનને શોકમાં ન નાખો"

ભીમસેનનાં એ વાક્ય સાંભળ્યા પછી કાળા નાગની પેઠે ફુંફાડા મારતા તથા કરમાઇ ગયેલા મુખવાળા રાજા યુધિષ્ઠિર, અશ્રુપૂર્ણ કંઠે ભીમસેન પ્રત્યે આવું વાક્ય બોલ્યાઃ-"ઓ ભીમસેન!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળ,સાંભળ.કોપાયમાનથયેલા યશસ્વી વાસુદેવે વગાડેલા આ પાંચજન્ય શંખનો શબ્દ જેવો સંભળાય છે, તેવો અર્જુનના શંખનો શબ્દ સંભળાતો નથી; માટે નિઃશંક મને લાગે છે કે, તારો ભાઇ અર્જુન, આજે મરણ પામીને રણમાં શયન કરી ગયો છે અને તે માર્યો ગયો છે; તેથીજ એ શ્રીકૃષ્ણ યુદ્ધ કરી રહ્યા છે. સત્ત્વવાન એવા જે અર્જુનના પરાક્રમને લીધે પાંડવો જીવી રહ્યા છે તથા ભયપ્રસંગે દેવો પણ ઇંદ્રના સરખા જે અર્જુનને શરણે જાય છે, તે શૂરો અર્જુન જયદ્રથને પહોંચી વળવામાટે ભારતી સેનામાં ગયો છે.[૩૩-૩૮] હે ભીમસેન! તે સેનામાં ગયો છે એટલુંજ આપણે બધા જાણીએ છીએ; પણ તેના પાછા ફર્યાની આપણને ખબર નથી. શ્યામ વર્ણવાળો મહારથી અર્જુન, યુવાન, દેખાવડો, વિશાળ છાતીવાળો, મહાબાહુ, મદોન્મત્ત, હાથીસમાન પરાક્રમી, ચકોર નેત્રવાળો, લાલ મુખવાળો તથા શત્રુઓને ભય વધારનારો છે (તોપણ આપણે તેની શોધ કરવી જોઇએ). હે શત્રુદમન ભીમસેન! તારૂં કલ્યાણ થાઓ. મારૂં શોકનું સ્થાન તે આજ છે. હે મહાબાહુ! હવ્ય પદાર્થ હોમવાથી પ્રદીપ્ત થયેલો અગ્નિ જેમ પુનઃ પુનઃ વૃદ્ધિ પામે છે, તેમ મારો શોક પણ સાત્યકિ અને અર્જુનના કારણે વધે છે. તેનો ધ્વજ પણ મારા જોવામાં આવતો નથી તેથી મને શોક થાય છે.[૩૯-૪૨] વળી પુરુષવ્યાઘ્ર મહારથી સાત્યકિના સંબંધમાં પણ તું જાણે કે, તે પણ તારા મહારથી ભાઇની પાછળ પાછળ ગયો છે. એ મહાબાહુને નહિ જોતાં મને કષ્ટ થાય છે. મને તો એમજ લાગે છે કે, અર્જુન મરણ પામ્યો છે; અને તે સાત્યકિ સેનાનો નાયક થઇને યુદ્ધ કરી રહ્યો છે. એનો કોઇ સહાયક પણ નથી. એવો વિચાર આવતાં મને ઘણું દુઃખ થાય છે. ખરેખર! અર્જુનનું મરણ થયેલું છે અને તેથીજ યુદ્ધકુશળ શ્રીકૃષ્ણ આ સમયે યુદ્ધ કરી રહ્યા છે.[૪૩-૪૫] હે શત્રુતાપન ભીમસેન! તેઓ બન્નેના સંબંધમાં મારૂં અંતઃકરણ શુદ્ધ રહેતું નથી, માટે હે કુંતાપુત્ર! જે સ્થળે તે અર્જુન ગયો છે તથા મહાવીર્યવાન તે સાત્યકિ જે સ્થળે ગયો છે, તે સ્થળે તું પણ જો મારા વચનને તારૂં કર્તવ્ય માનતો હોય તો જા. હું તને આજ્ઞા કરૂં છું. હે ધર્મને સમજનારા ભાઇ! તારે મારૂં વચન પાળવુંજ જોઇએ; કારણ કે હું તારો મોટો ભાઇ છું.[૪૬,૪૭] સાત્યકિને તારે જેવો પ્રિય જાણવો જોઇએ તેવો અર્જુનને નહિ જાણવો જોઇએ-અર્થાત્ સાત્યકિને અર્જુન કરતાં પણ વિશેષ પ્રિય માનવો જોઇએ;કારણ કે તે સાત્યકિ, મારૂં પ્રિય કરવાની ઇચ્છાથી અર્જુનને પગલે પગલે અકુશળાત્મા પુરુષોને અગમ્ય એવી આ ઘોર ભારતી સેનામાં દાખલ થયો છે; માટે હે પાંડવ! તું પણ ત્યાં જા અને શ્રીકૃષ્ણ અર્જુન તથા સાત્યકિને કુશળ જોઇને સિંહનાદદ્વારા મને જણાવ."[૪૮,૪૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં "યુધિષ્ઠિરની ચિંતા" એ વિષયનો અધ્યાય ૧૨૬ મો સમાપ્ત

અધ્યાય ૧૨૭ મો

ભીમસેનનો કૌરવસેનામાં પ્રવેશ

॥ भीमसेन उवाच ॥

ब्रह्मेशानेन्द्रवरुणानवहद्यः पुरा रथः ।
तमास्थाय गतौ कृष्णौ न तयोर्विद्यते भयम्॥१

ભીમસેને કહ્યું:- "હે મહારાજ! પૂર્વે બ્રહ્મા,શંકર,ઇંદ્ર અને વરુણ યુદ્ધસમયે જે રથમાં બેસતા તે રથમાં બેસીને અર્જુન તથા શ્રીકૃષ્ણ યુદ્ધ કરવા ગયા છે; માટે હું ધારૂં છું કે, તેઓ બન્નેને કોઈ જાતનો ભય નથી,[૧] તોપણ આપની આજ્ઞાને મસ્તકે ચઢાવીને હું આ ચાલ્યો. તમે શોક મા કરો. તે પુરુષવ્યાઘ્રોને મળીને હું આપને કુશળસંદેશ આપીશ."[૨]

સંજયે કહ્યું:-એ પ્રમાણે કહીને બળવાન ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન તથા બીજા કેટલાએક મિત્રોને યુધિષ્ઠિરરાજાનું રક્ષાકર્મ સોંપીને શત્રુઓ સામે પ્રયાણ કરી ગયો.[૩] જતાં જતાં મહાબળવાન ભીમસેને ધૃષ્ટદ્યુમ્નપ્રત્યે આ પ્રમાણેનું વચન કહ્યું:-"હે મહાબાહુ! તમારા જાણવામાંજ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, મહારથી દ્રોણાચાર્ય ધર્મરાજાને પકડવામાટે સર્વ ઉપાયે મથે છે. હે પાર્ષત ! અર્જુન પાસે જવામાં મારે તેવું કંઈ મોટું પ્રયોજન નથી,[૪,૫] કે જેવું રાજા યુધિષ્ઠિરનું રક્ષણ કરવામાં મારૂં આવશ્યક કર્મ રહેલું છે; છતાં યુધિષ્ઠિરરાજાની આજ્ઞા થતાં હું તેમને પ્રતિવચન કહેવા ઉત્સાહ ધરી શકતો નથી; જેથી તેમની આજ્ઞા પ્રમાણે હું તો ત્યાંજ જઇશ કે જ્યાં મરણ પામવાની ઇચ્છાવાળો સિંધુરાજા ઉભો છે. કોઇ જાતની શંકા કર્યાવિના મારે ધર્મરાજાનું કહેવું માનવું જોઇએ; માટે મારા ભાઇ અર્જુન તથા બુદ્ધિમાન સાત્યકિને પગલે હું જાઉં છું. તમને માત્ર એટલુંજ કહેવાનું કે, આજના રણમાં બરાબર સાવધ થઇને તમે રાજા યુધિષ્ઠિરનું રક્ષણ કરજો. આ યુદ્ધમાં સર્વ કાર્યોમાંનું પરમ કર્તવ્યકાર્ય એજ છે."

હે મહારાજ! તે સાંભળી ધૃષ્ટદ્યુમ્ને ભીમસેનપ્રત્યે કહ્યું:-"હે પૃથાપુત્ર ભીમસેન! કોઇ જાતનો વિચાર કર્યાવિના હું તમારૂં ઇચ્છિત પૂર્ણ કરીશ, માટે તમે સુખેથી જાઓ. યાદ રાખજો કે, આજના યુદ્ધમાં દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નને માર્યાવિના ધર્મરાજાને કેદ પકડી શકશે નહિ." તે પછી ભીમસેન યુધિષ્ઠિરરાજાને ધૃષ્ટદ્યુમ્નના રક્ષણતળે મૂકીને તથા પોતાના મોટાભાઇને પ્રણામ કરીને જે માર્ગે અર્જુન ગયો હતો તે માર્ગે પ્રયાણ કરી ગયો. હે ભારત ! તે સમયે ધર્મરાજાએ ભીમસેનને ભેટીને તથા તેનું મસ્તક સુંઘીને શુભ આશીર્વાદો આપ્યા હતા. ભીમસેને પણ બ્રાહ્મણોનું પૂજન તથા પ્રદક્ષિણા કરીને તેઓ સર્વનાં મનને સંતુષ્ટ કર્યાં.[૬-૧૩] પછી આઠ મંગલ* પદાર્થોનો સ્પર્શ કરીને તથા કૈરાતક મધનું પાન કરીને દ્વિગુણ ઉત્સાહને ધારણ કરનારો વીર ભીમસેન, મદથી લાલચોળ કટાક્ષયુક્ત નેત્રવાળો દેખાવા લાગ્યો.[૧૪] બ્રાહ્મણોએ જેને માટે સ્વસ્તિવાચન કરેલું છે તથા પોતાના વિજયની ઉત્પત્તિ જેને આગળથીજ સૂચિત થઇ છે, એવો તે ભીમસેન પોતાની બુદ્ધિને વિજયના આનંદથી ભરપૂર જોવા લાગ્યો.[૧૫] અનુકૂળ વાયુથી શીઘ્ર દેખાતા જયોદયવાળો મહાબાહુ ભીમસેન કવચ, સુંદર કુંડળો, બાજુબંધ તથા હાથનાં મોજાંઓને ધારણ કરી પોતાના રથમાં બેઠો. તે સમયે કેવળ લોખંડનું બનાવેલું તથા સુવર્ણસમાન ચળકતું મહાઋદ્ધિમાન કવચ તેણે આખા શરીરે ધારણ કર્યું હતું; જેથી વિજળીઓના ઝબકારાવાળા મેઘસરખો તે શોભતો હતો. તેણે પીળાં, લાલ, કાળાં તથા શ્વેત વર્ણનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં તથા કંઠત્રાણ ધારણ કર્યું હતું, તેથી ઇંદ્રધનુષ્યવાળા મેઘસરખો તે શોભતો હતો. હે રાજન્ ! જે સમયે ભીમસેને યુદ્ધ કરવાની ઇચ્છાથી તમારા સૈન્ય તરફ પ્રયાણ કર્યું, તે સમયે પાંચજન્ય શંખનો ઘોર શબ્દ પુનઃ થવા લાગ્યો. ત્રણેય લોકને ત્રાસ પમાડનાર તે મહાઘોર નિનાદને સાંભળીને ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા મહાબાહુ ભીમસેનને પુનઃ કહેવા લાગ્યા:-" ઓ ભીમ ! જો, સાંભળ. યાદવવીર શ્રીકૃષ્ણે ઘણા જોસથી આ શંખરાજ વગાડયો છે, જેથી તેમણે પૃથ્વી અને આકાશને ગજાવી મૂકયાં છે. અવશ્ય અર્જુન, અતિમહાન સંકટમાં આવી પડયો છે અને તેથીજ ચક્રગદાધારી શ્રીકૃષ્ણ સર્વ કૌરવોસાથે યુદ્ધ કરી રહ્યા છે. પૂજ્ય માતા કુંતાએ તથા બંધુઓની સાથે સુભદ્રા અને દ્રૌપદીએ પ્રથમથીજ કહ્યું હતું કે, આજનાં નિમિત્ત ઘણાં ભયંકર છે; માટે હે ભીમસેન ! તું સત્વર અહીંથી જા અને જ્યાં અર્જુન છે ત્યાં પહોંચ. આજે અર્જુનને જોવાની ઇચ્છાથી તથા સાત્યકિનાં કારણથી સર્વ દિશાઓ અને વિદિશાઓ જાણે મોહવડે ઢંકાઇ જતી હોય તેમ મને લાગે છે.[૧૬-૨૫] માટે જા, જલદી જા."

મોટાભાઇની આ પ્રમાણે આજ્ઞા થતાં પ્રતાપી ભીમસેન એકાએક શત્રુઓ સામે ધસી ગયો. એ સમયે તેણે ચંદનઘોના ચામડાનું

---

* अनलो गोहिरण्यं च दूर्वा गोरोचनामृतम्।
अक्षतं दधिचेत्यष्टौ मंगलानि प्रचक्षते॥
અગ્નિ, ગાય, સોનું, દૂર્વા (ધરો), ગોરોચન, અમૃત, ચોખા અને દહીં-આ આઠ પદાર્થોને શાસ્ત્રકારો માંગલિક કહે છે. (નીલકંઠ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવેલું હાથકવચ પહેર્યું હતું અને હાથમાં ધનુષ્ય ધારણ કર્યું હતું. મોટાભાઇની પ્રેરણાથી પોતાના ભાઇ અર્જુનનું પ્રિય કરનાર તે ભીમસેને દુંદુભિ વગાડીને શંખનાદ કરી મૂક્યો અને તે સિંહસમાન ગર્જના કરીને ધનુષ્યની પણછને પુનઃ પુનઃ ખેંચવા લાગ્યો. તે શબ્દથી વીરપુરુષોના મનનું ધૈર્ય ખૂટી ગયું. આ વખતે ભીમસેને પોતાનું ઘોર સ્વરૂપ ધારણ કરી યુદ્ધમાં પ્રયાણ કર્યું હતું. મન અને વાયુસમાન વેગવાળા, મોટો હણહણાટ શબ્દ કરતા તેના ઉત્તમ ઘોડાઓ અશોક નામના તેના સારથિની પ્રેરણાથી ભીમસેનને યુદ્ધમાં આગળ વહેતા હતા.[૩૦] કાપાકાપ કરતા, બાણો મૂકી વિંધી નાખતા, ધનુષ્યની દોરીને વારંવાર ખેંચતા તથા હાથવડે સારી રીતે ટંકારવ કરીને બાણોને ફેંકી રહેલા તે ભીમસેને જોતજોતામાં સેનાના અગ્રભાગને તોડી નાખ્યો. જે વેળા ભીમસેને પ્રયાણ કર્યું, તે વેળા એ શૂરા પાંચાલો અને સોમકો પણ દેવો જેમ ઇંદ્રની પાછળ જાય, તેમ એ મહાબાહુની પાછળ પાછળ જતા હતા.[૩૨] હે મહારાજ ! તમારા પુત્રો પણ તે સમયે એકત્ર થઇને ભીમસેનને ઘેરી વળ્યા હતા. દુઃશલ, ચિત્રસેન, કુંડભેદી, વિવિંશતિ, દુર્મુખ, દુઃસહ, વિકર્ણ, શલ, વિંદ, અનુવિંદ, દીર્ઘબાહુ, સુદર્શન, વૃદારક, સુહસ્ત, દીર્ઘલોચન, સુષેણ, અભય, રૌદ્રકર્મા, સુવર્મા તથા દુર્વિમોચન વગેરે રથીશ્રેષ્ઠ યોદ્ધાઓ, પગપાળા પોતાનાં સૈન્યો તથા અનુચરોને સાથે લઇ બરાબર સાવધાનીપૂર્વક ભીમસામે યુદ્ધ કરવા ધસી આવ્યા. મહારથી ભીમસેન તે શૂરાઓથી ચારેબાજુ યુદ્ધમાં ઘેરાઈ વળ્યો હતો. પછી પરાક્રમી કુંતાપુત્ર ભીમસેન તેઓને જોઈને સિંહ જેમ ક્ષુદ્ર મૃગોપર ચઢી જાય તેમ વેગપૂર્વક ચઢી ગયો; એટલે તે વીરો પણ પોતાનાં દિવ્ય મહાસ્ત્રોને ત્યાં દેખાડવા લાગ્યા અને મેઘો જેમ ઉદય પામેલા સૂર્યને છાઇ દે તેમ બાણોવડે ભીમસેનને છાઇ દેવા લાગ્યા,[૩૮] પણ તેઓ બધાને ભીમસેને વેગપૂર્વક હઠાવી દીધા અને પોતે દ્રોણાચાર્યના સૈન્યતરફ ધસી ગયો તથા આગળ ઉભેલા હસ્તિસૈન્યને બાણોનો વરસાદ વરસાવી છાઇ દેવા લાગ્યો.[૩૯] થોડા સમયમાં તો પવનપુત્ર ભીમસેને બાણો મૂકી મૂકીને તે હસ્તિસૈન્યને સર્વ દિશાઓમાં વીખેરી નાખ્યું.[૪૦] જેમ શરભની ગર્જનાથી ત્રાસ પામેલા મૃગો નાસી જાય, તેમ ભીમસેને ત્રાસ પમાડેલા હાથીઓ, ભયંકર શબ્દો કરતા કરતા રણમાંથી નાસી ગયા.[૪૧] પછી ઘણો વેગ કરીને ભીમસેને દ્રોણાચાર્યના સૈન્યસામે ધસારો કર્યો; એટલે તુરત ઉછળતા સમુદ્રને જેમ કિનારો અટકાવી રાખે, તેમ દ્રોણાચાર્યે ભીમને અટકાવી રાખ્યો; એટલુંજ નહિ પણ તેમણે હસતાં હસતાં એક નારાચબાણવડે ભીમસેનને લલાટમાં પ્રહાર પણ કર્યો, જેથી કરીને પાંડવ ભીમસેન, ઉંચા કિરણવાળા સૂર્યસમાન ત્યાં શોભવા લાગ્યો.[૪૩] દ્રોણાચાર્ય એમ માનતા હતા કે, "અર્જુને જે રીતે,મારી પૂજા–સત્કાર કર્યાં હતાં. તે રીતે આ ભીમસેન પણ કરશે." આમ ધારીને તેમણે ભીમસેનને કહ્યું:–"હે મહાબળવાન ભીમસેન ! આજે શત્રુતરીકે સામા ઉભેલા મને યુદ્ધમાં જીત્યાવિના તારાથી શત્રુસેનામાં પ્રવેશ થઇ શકે તેમ નથી. તારો નાનો ભાઈ અર્જુન પણ મારી સંમતિથીજ સેનામાં દાખલ થઈ શકયો છે, માટે તું મને જીત્યાવિના મારા સૈન્યમાં પ્રવેશ કરી શકીશ નહિ." એ રીતનાં ગુરુવાક્યને સાંભળીને પણ નિર્ભય રહેલો તે ભીમસેન, એકદમ ક્રોધાયમાન થઇ ગયો અને લાલચોળ આંખો કરીને તેણે દ્રોણને ઝટપટ ઉત્તર આપ્યો:- "ઓ નીચ બ્રાહ્મણ ! અર્જુન તારી સંમતિથી રણાંગણમાં પેઠો છે એમ નથી, પણ તે દુરાધર્ષ અર્જુન ઇંદ્રના સૈન્યમાં પણ પ્રવેશ કરી જાય તેવો બળવાન છે.[૪૮] તેણે તારી પરમ પૂજા કરીને તારૂં માન જાળવ્યું છે; પણ યાદ રાખજે કે, હું તેવો દયાળુ અર્જુન નથી પણ તારો શત્રુ ભીમસેન છું.[૪૯] આજ દિવસસુધી તું અમારો પિતા, ગુરુ તથા બંધુ હતો અને અમે તારા પુત્રો હતા અને એ રીતેજ અમે માનતા હતા, જેથી તને નમતા–ભજતા રહેતા હતા;[૫૦] પણ આજે આમ પોતાને શત્રુતરીકે કહી સં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભળાવતા તારામાં અમારા તરફનું વિરુદ્ધ વર્તન સ્પષ્ટ દેખાય છે. જો, તું તારા આત્માને અમારા શત્રુતરીકે માને છે, તો ભલે, અહીં તે પ્રમાણેજ હો.[૫૧] આ હું ભીમસેન પણ એક શત્રુને યોગ્ય એવું કર્મ કરી દેખાડું છું." એ પ્રમાણે કહીને ભીમસેને, કાળ જેમ કાળદંડને ફેરવે તેમ ગદાને ફેરવીને દ્રોણસામે ફેંકી. તે સમયે હે રાજન્! દ્રોણાચાર્ય રથપરથી એકદમ કૂદી પડયા અને જોતજોતામાં તો તે ગદાએ ઘોડા, સારથિ તથા ધ્વજસહિત દ્રોણાચાર્યના રથના ભુક્કા કરી નાખ્યા;[૫૨,૫૩] એટલુંજ નહિ પણ વાયુ જેમ બળથી વૃક્ષોને ભાંગી નાખે, તેમ તે ગદાએ અનેક યોદ્ધાઓનો ઘાણ વાળી નાખ્યો. તે પછી તમારા પુત્રો એ મહારથીની આસપાસ પુનઃ વિંટાઇ વળ્યા.[૫૪] એ અરસામાં પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય પણ બીજા રથપર બેસીને વ્યૂહના મોખરામાં આવી પહોંચ્યા અને યુદ્ધકરવા સજ્જ થઇ રહ્યા.[૫૫] હે મહારાજ! તે વેળા પરાક્રમી ભીમસેન ઘણો ખીજવાઇ ગયો હતો. તેણે પોતાની આગળ ઉભેલા રથસૈન્યને બાણોનો વરસાદ વરસાવી છાઇ દીધું.[૫૬] તમારા મહારથી પુત્રો એ રીતે યુદ્ધમાં માર ખાતા હતા; છતાં પણ વિજયની ઇચ્છા રાખીને તથા ભયંકર બળ કરીને ભીમસામે યુદ્ધ કરી રહ્યા હતા.[૫૭] એ ઝપાઝપીમાં દુઃશાસન એકદમ ક્રોધાયમાન થઇ ગયો. ભીમસેનને મારી નાખવાની ઇચ્છાથી તેણે તદ્દન લોખંડની બનાવેલી તીક્ષ્ણ રથશક્તિ તેનાપર ફેંકી.[૫૮] એ રીતે તમારા પુત્રે છોડેલી તે મહાશક્તિને પોતાની સામે ધસી આવતી જોઇ, ભીમસેને તેના બેટુકડા કરી નાખ્યા; તે ઘણું આશ્ચર્યજનક દેખાતું હતું.[૫૯] આ પછી કોપાયમાન થયેલા બળવાન ભીમસેને ત્રણ તીક્ષ્ણ બાણો મૂકીને કુંડભેદી, સુષેણ અને દીર્ઘનેત્રને મારી નાખ્યા;[૬૦] એટલુંજ નહિ પણ યુદ્ધ કરતા તમારા વીરપુત્રોની સમક્ષ કૌરવોની કીર્તિમાં વધારો કરનારા વીર વૃંદારકને પણ હણી નાખ્યો.[૬૧] વળી અભય, રૌદ્રકર્મા અને દુર્વિમોચન નામના તમારા બીજા ત્રણ પુત્રોને પણ ભીમસેને ત્રણ બાણોવડેજ મારી નાખ્યા. હે મહારાજ! બળવાન ભીમસેને, એ રીતે જ્યારે તમારા પુત્રોને એક પછી એક મારવા માંડયા, ત્યારે તેઓએ ચારેબાજુથી ભીમસેન સામે હલ્લો કર્યો.[૬૩] ગ્રીષ્મઋતુની આખરમાં ચારેબાજુથી ચઢી આવેલા મેઘો જેમ ધારાઓથી પર્વતપર વૃષ્ટિ કરી મૂકે, તેમ તેઓ બધા યુદ્ધમાં ભયંકર કર્મ કરવાવાળા પાંડુપુત્ર ભીમસેનપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા;[૬૪] પણ પથ્થરોની વૃષ્ટિને ગ્રહણ કરતો કોઈએક પર્વત જેમ ડગમગે નહિ, તેમ તેઓની બાણમય વૃષ્ટિને ગ્રહણ કરતો શત્રુસંહારક ભીમસેન પણ જરાએ ચલિત થયો નહિ;[૬૫] અને વિંદ, અનુવિંદ તથા સુવર્મા નામના તમારા પુત્રોને હસતાં હસતાંજ તેણે યમલોકમાં મોકલી દીધા.[૬૬] વળી હે ભરતશ્રેષ્ઠ રાજા! તેણે તમારા વીરપુત્ર સુદર્શનને યુદ્ધમાં એકદમ વિંધી નાખ્યો, જેથી તે રણમાં પડયો અને મરણ પામ્યો. થોડા સમયમાં તો તે રથસૈન્યને સર્વ દિશાઓમાં જોઇને તથા બાણો છોડીને ભીમસેને તેને તદ્દન વિંખીજ નાખ્યું.[૬૮] તે પછી તો સિંહની ગર્જના સાંભળીને જેમ મૃગોના ટોળામાં ભંગાણ પડે, તેમ ભીમસેનના રથઘોષને સાંભળીને હે રાજા! તમારા પુત્રોના ટોળામાં પણ મોટું ભંગાણ પડયું.[૬૯] ભીમસેનના ભયથી વિહ્વળ થઇને તેઓ બધા એકાએક રણમાંથી નાસવાજ લાગ્યા; પણ કુંતાનો પુત્ર ભીમસેન તેઓના મહાન સૈન્યની પાછળ પડયો[૭૦] અને ચારેબાજુથી કૌરવોને વિંધવાજ લાગ્યો.

હે મહારાજ! એ પ્રમાણે ભીમસેનથી વધ કરાતા તમારાપુત્રો તેને ત્યાંજ પડતો મૂકીને પોતાના ઘોડાઓને દોડાવતા દોડાવતા રણમાંથી પલાયન કરી ગયા. મહાબળવાન ભીમસેન પણ એ રીતે તેઓને જીતીને સિંહનાદ તથા બાહુઓનો અવાજ કરવા લાગ્યો. વળી તેણે તાળીઓના અતિ મહાન શબ્દ કરીને રથસૈન્યને ત્રાસ પમાડયો; અને સારા સારા યોદ્ધાઓનો સંહાર કરીને તથા કેટલાએક રથી યોદ્ધાઓને ઉલ્લંઘી જઇને દ્રોણના સૈન્ય તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ધસી ગયો.[૭૧-૭૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભીમસેનનો પ્રવેશ તથા તેનું પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૧૨૭ મો સમાપ્ત

અધ્યાય ૧૨૮ મો

ભીમસેનનો કૌરવ સૈન્યમાં પ્રવેશ અને યુધિષ્ઠિરનો હર્ષ

॥ संजय उवाच ॥

समुत्तीर्ण रथानीकं पांडवं विहसन् रणे ।
विवारयिषुराचार्यः शरवर्षैरवाकिरत् ॥१॥

સંજયે કહ્યું:-એ પ્રમાણે રથસૈન્યને વટાવી જઇને આગળ વધતા પાંડુપુત્ર ભીમસેનને અટકાવવાની ઇચ્છાથી આચાર્ય દ્રોણાચાર્ય, હસતાં હસતાં બાણોની વૃષ્ટિ કરી તેને રણમાં ઢાંકી દેવા લાગ્યા;[૧] પણ પોતાના બળની માયાથી કૌરવ ભાઇઓને મોહ પમાડતો તે ભીમસેન દ્રોણાચાર્યના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોને જાણે પી જતો હોય, તેમ ઝીલતો ઝીલતો ધસ્યો જતો હતો. તે સમયે તમારા પુત્રોની આજ્ઞા થતાં કેટલાએક પરમ ધનુર્ધર રાજાઓ રણમાં ઘણો વેગ કરીને ચારે બાજુથી તેને ઘેરી વળ્યા.[૩]

હે ભરતવંશી રાજા! જ્યારે તે રાજાઓથી ભીમસેન ઘેરાઇ ગયો, ત્યારે તેણે મંદ હાસ્ય કરી સિંહની પેઠે ગર્જના કરીને તેઓનેમાટે ઘોર ગદા ઉંચી કરી;[૪] અને શત્રુપક્ષનો વિનાશ કરનારી તે ગદાને વેગપૂર્વક ફેંકી. સર્વ શક્તિને એકત્ર કરીને ઇન્દ્રે ફેંકેલું વજ્ર હોય તેવી જણાતી તે ગદાએ હે મહારાજ! તમારા ઘણા સૈનિકોને રણમાં છુંદીજ નાખ્યા.[૫] હે રાજન્! મહાન ઘોષથી પૃથ્વીને ગજાવી મૂકતી તથા તેજથી ઝળહળતી એવી તે ભયંકર ગદાએ તમારા પુત્રોને ત્રાસ પમાડી દીધો.[૬] મહાવેગથી પડતી અને તેજથી ચળકાટ કરતી તે ગદાને જોઇને તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ, ભયંકર શબ્દો કરતા કરતા રણમાંથી નાસાનાસ કરવા લાગ્યા.[૭] હે રાજા! તે ગદાના અસહ્ય શબ્દને માત્ર સાંભળીનેજ કેટલાએક તો ધરણીપર ઢળી પડયા અને કેટલાએક રથીયોદ્ધાઓ, રથપરથી નીચે ગબડી પડયા.[૮] તે સમયે હાથમાં ગદા લઇને ભીમસેન, જ્યારે તમારા યોદ્ધાઓનો સંહાર કરવા લાગ્યો, ત્યારે તેઓ બધા વાઘની ગંધ આવતાં ભયભીત થયેલા મૃગોની પેઠે ત્યાંથી પલાયન કરવા લાગ્યા.[૯] એ રીતે કુંતાપુત્ર ભીમસેન, પોતાના દુરાસદ શત્રુઓને રણમાંથી નસાડી મૂકીને પક્ષીરાજ ગરુડની પેઠે વેગપૂર્વક સેનાનું ઉલ્લંઘન કરી ગયો.[૧૦]

હે મહારાજ! રથસૈન્યના સેનાપતિનો પણ સેનાપતિ તે ભીમસેન જ્યારે એ પ્રમાણે સૈનિકોનો નાશ કરી રહ્યો હતો, ત્યારે દ્રોણાચાર્ય તેની સામા ચઢી આવ્યા;[૧૧] અને બાણોરૂપી તરંગથી ભીમસેનને આગળ વધતો અટકાવી દઇને તેમણે પાંડવોને ભય ઉપજાવનાર તુમુલ સિંહનાદ એકાએક કરી મૂક્યો.[૧૨] હે મહારાજ! એ વખતે દ્રોણાચાર્યનું અને મહાત્મા ભીમસેનનું દેવ અને અસુરસમાન અતિ મહાન ઘોરયુદ્ધ થઈ રહ્યું હતું.[૧૩] પછી જ્યારે દ્રોણાચાર્યના ધનુષ્યમાંથી છૂટેલાં તીક્ષ્ણ બાણોવડે સેંકડો અને હજારો વીર પુરુષોનો રણમાં સંહાર થવા લાગ્યો,[૧૪] ત્યારે ભીમસેન વેગપૂર્વક રથપરથી નીચે કૂદી પડયો અને આંખો મીંચીને પગપાળો બનીને દ્રોણાચાર્યસામે જવા લાગ્યો.[૧૫] એ વેળા ભીમસેને પોતાના મસ્તકને ખભાપર ટેક્યું હતું તથા બન્ને હાથોને વક્ષઃસ્થળપર સ્થિર કર્યા હતા. પછી મન, વાયુ અને ગરુડસમાન વેગ કરીને તે બળવાન ભીમસેન દ્રોણાચાર્યસામે આગળ વધ્યે જતો હતો.[૧૬] જેમ કોઇ માતેલો આખલો વરસાદનાં ઝાપટાંને રમતમાત્રમાં ઝીલે છે, તેમ પુરુષવ્યાઘ્ર ભીમસેન પણ, દ્રોણાચાર્યની બાણવૃષ્ટિને ગ્રહણ કર્યે જતો હતો.[૧૭] હે રાજા! એ પ્રમાણે માર પડતો હતો છતાં તે મહાબળવાન ભીમસેન, રણમાં દ્રોણાચાર્યના રથપાસે પહોંચી ગયો અને તુરત તેમના રથને હાથવડે ઇશના ભાગમાં પકડીને પૃથ્વીપર ઝીંકવા લાગ્યો.[૧૮] હે રાજન્! એ રીતે ભીમસેને રણમાં ઉછાળી નાખેલા દ્રોણાચાર્ય સત્વર બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથમાં બેસીને પુનઃ વ્યૂહના મોખરામાં આવી પહોંચ્યા.[૧૯] ભાંગી ગયેલા ઉત્સાહવાળા પોતાના ગુરુને વળી પણ સામા આવતા જોઈને વેગપૂર્વક ભીમસેન તેની પાસે જઇ પહોંચ્યો અને અત્યંત ક્રોધ કરી તે રથને પણ ધુંસરીના ભાગમાંથી પકડીને તેમણે પૃથ્વીપર પટકી નાખ્યો. સાથે સાથે અતિરથી દ્રોણાચાર્યને પણ ભીમસેન ઉછાળી નાખતો હતો. એ પ્રમાણે રમતમાત્રમાં ભીમસેને દ્રોણાચાર્યના આઠ રથોને રણમાં ઉછાળી નાખ્યા હતા.[૨૧] આશ્ચર્ય જેવું તો એજ હતું કે, એક નિમેષ જેટલા કાળમાં તો તે પોતે પાછો પોતાના રથમાં બેઠેલો દેખાતોજ હતો અને તમારા પક્ષના યોદ્ધાઓ તો આશ્ચર્યથી પ્રફુલ્લિત નેત્રે તે બધું જોયાજ કરતા હતા.[૨૨] હે કુરુવંશી રાજા! તે ક્ષણે ભીમસેનનો સારથિ પણ ઘોડાઓને એકદમ હંકારતો હતો, તે પણ અતિ અદ્ભુત જેવું લાગતું હતું.[૨૩] આ પછી મહાબળવાન ભીમસેને પોતાના રથમાં બેસીને તમારા પુત્રની સેના તરફ વેગપૂર્વક ધસારો કર્યો.[૨૪] માર્ગમાં જે જે ક્ષત્રિયો આવતા હતા તેનો તોફાની વાયુ જેમ વૃક્ષોનો નાશ કરે, તેમ તે નાશ કર્યે જતો હતો અને નદીનો વેગ જેમ વૃક્ષોને વિદારી નાખે છે, તેમ પોતાની સામે આવતી સેનાને તે વિદારવા લાગ્યો. આ પ્રમાણે સર્વનું વારણ કરતો કરતો તે આગળ જવા લાગ્યો.[૨૫] જોતજોતામાં તે વીર ભીમસેન, કૃતવર્માના રક્ષણતળે રહેલા ભોજસૈન્યની પાસે આવી પહોંચ્યો અને તે સૈન્યનું પણ બળપૂર્વક મંથન કરી નાખીને તે આગળ વધ્યો.[૨૬] માત્ર હથેળીના શબ્દથી સૈન્યોને ત્રાસ પમાડતા પાંડુપુત્ર ભીમસેને, વ્યાઘ્ર જેમ ગાયો અને બળદોનો પરાજય કરે તેમ સર્વ સૈન્યોનો પરાજય કરી નાખ્યો.[૨૭] એ પ્રમાણે ભોજરાજાના સૈન્યને ઉલ્લંઘીને તેણે દરદોની સેનાનો તથા બીજી કેટલીએક યુદ્ધકુશળ મ્લેચ્છ ટુકડીઓનો પણ પરાજય કર્યો.[૨૮] પછી જેવો તે આગળ ગયો કે તુરત ત્યાં યુદ્ધ કરતો મહારથી સાત્યકિ તેની દૃષ્ટિએ પડયો; એટલે પછી હે મહારાજ! અર્જુનને જોવાની ઇચ્છાવાળો ભીમસેન, બરાબર સાવધ થઈ વેગપૂર્વક રથને દોડાવી ત્યાંથી પણ આગળ વધ્યો. રણમાં વચમાં ઉભેલા તમારા યોદ્ધાઓને વટાવી જતા પાંડુપુત્ર ભીમસેને, સિંધુરાજાનો વધ કરવામાટે પરાક્રમ કરતા મહારથી અર્જુનને ત્યાં યુદ્ધ કરતો જોયો.[૨૯-૩૧] તેને જોતાંજ પુરુષવ્યાઘ્ર ભીમસેન, વર્ષાકાળે ગર્જના કરતા મેઘની પેઠે મોટી ગર્જના કરીને ગાજવા લાગ્યો.[૩૨] એ રીતે ગર્જના કરતા તે ભીમસેનના નિનાદને સાંભળીને અર્જુન તથા શ્રીકૃષ્ણ પણ ભીમસેનને જોવાની ઇચ્છાથી વારંવાર સામી ગર્જનાઓ કરવા લાગ્યા.[૩૨-૩૪] તે પછી હે મહારાજ! ગર્જનાઓ કરતા બે સાંઢની પેઠે વારંવાર સિંહનાદ કરતા અર્જુન તથા શ્રીકૃષ્ણ ભીમસેન પાસે આવી પહોંચ્યા.[૩૫] હે મહારાજ! ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર ભીમસેનના તથા ધનુર્ધર અર્જુનના શબ્દને સાંભળીને ઘણા પ્રસન્ન થયા તથા સમર્થ એવા તે રાજા તેઓ બન્નેની ગર્જનાઓના શબ્દો સાંભળીને શોકરહિત થયા અને યુદ્ધમાં અર્જુનના વિજયની આશા બાંધવા લાગ્યા.[૩૬,૩૭] મદોત્કટ ભીમસેન જ્યારે તે પ્રમાણે ગાજી રહ્યો હતો, તે સમયે મહાબાહુ ધર્મપુત્ર યુધિષ્ઠિર, મંદ હાસ્ય કરીને મનમાં ને મનમાં વિચારવા લાગ્યાઃ- "હે ભીમ! તેં મને શુભ સંદેશ આપ્યો છે તથા વડીલનું વચન પણ પાળ્યું છે.[૩૯] હે પાંડુપુત્ર! તું જેઓનો શત્રુ છે, તેઓનો યુદ્ધમાં કદી પણ જય થતો નથી. આ સંગ્રામમાં અર્જુન હજી જીવે છે, તે એક સુદૈવજ છે; તેમજ સત્યપરાક્રમી વીર સાત્યકિ કુશળ છે, તે પણ એક સુદૈવજ છે. વળી વાસુદેવ તથા અર્જુનને ગર્જનાઓ કરતા જે હું સાંભળું છું, તે પણ એક સુદૈવજ છે.[૪૦,૪૧] જેણે રણમાં ઇંદ્રને જીતીને અગ્નિને તૃપ્ત કર્યો છે, તે શત્રુસંહારક અર્જુન યુદ્ધમાં હજી જીવતો છે, તે એક સુદૈવજ છે.[૪૨] જેના બાહુબળનો આશ્રય કરી અમે જીવ્યા છીએ, તે શત્રુસૈન્યોનો નાશ કરનાર અર્જુન જીવે છે, તે અમારૂં સુદૈવજ છે.[૪૩] દૈવોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અતિ દુર્જય એવા નિવાત–કવચ દાનવોને જેણે માત્ર એક ધનુષ્યની સહાયથીજ જીત્યા છે તે અર્જુન જીવે છે, તે એક સુદૈવજ છે.[૪૪] પૂર્વે વિરાટનગરમાં ગાયોને પકડવામાટે એકત્ર થઇને આવેલા સર્વ કૌરવોને જેણે જીત્યા છે એવો તે અર્જુન જીવે છે, તે એક સુદૈવજ છે.[૪૫] જે અર્જુને પોતાનાં બાહુવીર્યથી ચૌદહજાર કાલકેયરાક્ષસોનો મહારણમાં સંહાર કર્યો છે તે અર્જુન જીવે છે, તે એક સુદૈવજ છે.[૪૬] જેણે પૂર્વે દુર્યોધનમાટે ગંધર્વોના રાજાને અસ્ત્રોના વીર્યથી જીત્યો છે તે અર્જુન જીવે છે, તે એક સુદૈવજ છે.[૪૭] કિરીટમાલી, બળવાન, શ્વેત ઘોડાઓવાળો અને કૃષ્ણસારથિ એવો મારો પ્રિય અર્જુન જીવે છે, તે એક સુદૈવજ છે. પુત્રના શોકથી સંતપ્ત થઇને દુષ્કર કર્મ કરવાની ઇચ્છાથી જયદ્રથના વધસંબંધની જેણે મહાન પ્રતિજ્ઞા કરી છે,[૪૯] તે અર્જુન આજના યુદ્ધમાં જયદ્રથનો વધ કરશે કે શું ? અને પ્રતિજ્ઞાને તરી ગયેલા તથા વાસુદેવના રક્ષણતળે રહેલા અર્જુનને સૂર્યાસ્તસમયે હું મળીશ કે શું ? દુર્યોધનનું હિત કરવામાં આસક્ત રહેનારો જયદ્રથરાજા અર્જુનને હાથે મરણ પામીને પોતાના શત્રુઓને આનંદ પમાડશે કે શું ? યુદ્ધમાં અર્જુનને મારી નાખેલા સિંધુરાજને જોઇને રાજા દુર્યોધન અમારી સાથે સંધિ કરશે કે શું? આજના યુદ્ધમાં ભીમસેને મારી નાખેલા પોતાના ભાઇઓને જોઇને મંદ બુદ્ધિનો દુર્યોધન અમારી સાથે સલાહસંપ કરશે કે શું ?[૫૦–૫૩] વળી બીજા કેટલાએક મહાન યોદ્ધાઓને ધરણીપર ઢોળી પાડેલા જોઇ, મંદ બુદ્ધિનો દુર્યોધન અમારી પાસે પશ્ચાત્તાપ કરશે કે શું ?[૫૪] એક ભીષ્મના નાશથીજ અમારૂં વૈર શાંત થશે કે શું? અને બાકી રહેલાઓનું રક્ષણ કરવામાટે દુર્યોધન અમારી સાથે સંધિ કરશે કે શું ?"[૫૫] આ પ્રમાણે દયાથી વ્યાપ્ત થયેલા રાજા યુધિષ્ઠિર, જે સમયે વિચાર કરી રહ્યા હતા તે સમયે ઘોર યુદ્ધ મચી રહ્યું હતું.[૫૬]

અધ્યાય ૧૨૮ મો સમાપ્ત

અધ્યાય ૧૨૯ મો

ભીમસેનનો કૌરવસૈન્યમાં પ્રવેશ અને કર્ણનો પરાજય

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

तथा तु नर्दमानं तं भीमसेनं महाबलम् ।
मेघस्तनितनिर्घोषं के वीराः पर्यवारयन् ॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–એ રીતે મેઘની ગર્જનાસમાન ઘોષથી ગાજી રહેલા મહાબળવાન ભીમસેનને આપણા પક્ષના કયા વીરોએ આગળ વધતો અટકાવ્યો હતો ?[૧] ક્રોધાયમાન થયેલા ભીમસેનની આગળ રણમાં ઉભો રહે તેવો એક પણ પુરુષ મને ત્રણેય લોકમાં દેખાતો નથી.[૨] હે સંજય! ગદા લઇને યુદ્ધ કરવા ઇચ્છતા કાળસમાન ભીમસેન આગળ ઉભો રહે તેવો એક પણ પુરુષ મારા જોવામાં આવતો નથી.[૩] જે ભીમસેન રથનો રથથીજ નાશ કરે છે તથા હાથીનો હાથીવડેજ નાશ કરે છે, તે ભીમસેનસામે યુદ્ધમાં કયો પુરુષ, કે જે સાક્ષાત્ ઇંદ્ર હોય તોપણ ઉભો રહી શકે ? અર્થાત્ કોઇ ઉભો ન રહે.[૪] મારા પુત્રોને મારી નાખવાની ઇચ્છાથી ક્રોધાયમાન થયેલા ભીમસેન આગળ તે સમયે દુર્યોધનના હિતેચ્છુ કયા યોદ્ધાઓ ઉભા રહ્યા હતા ?[૫] તૃણસમાન ઉપમાવાળા મારા પુત્રોને બાળી નાખવા ઇચ્છતા ભીમસેનરૂપ દાવાનળસામે રણમાં કયા પુરુષો ઉભા રહ્યા હતા ?[૬] કાળ જેમ સર્વ પ્રજાઓને હાંકી કાઢે, તેમ ભીમસેને હાંકી કાઢેલા મારા પુત્રોને જોઇને કયા વીર પુરુષોએ તેને ઘેરી લીધો હતો ?[૭] ખરેખર ! મને અર્જુન, શ્રીકૃષ્ણ, સાત્યકિ અથવા ધૃષ્ટદ્યુમ્નથી તેવો ભય નથી થતો કે જેવો ભીમસેનથી થાય છે![૮] હે સંજય ! મારા પુત્રોને બાળી નાખવાની ઇચ્છાથી પ્રદીપ્ત થયેલા ભીમસેનરૂપ અગ્નિની આસપાસ કયા શૂરાઓ વિંટાઇ વળ્યા હતા ? તે મને તું કહે.[૯]

સંજયે કહ્યું:–મહાબળવાન ભીમસેન તે પ્રમાણે જ્યારે ગર્જના કરી રહ્યો હતો, ત્યારે બળવાન કર્ણ પણ સામેથી તેવીજ તુમુલ ગર્જના કરીને ભીમસેનસામે ચઢી આવ્યો.[૧૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના અતિમહાન ધનુષ્યને અત્યંત ખેંચતો તથા ઘણોજ ક્રોધાયમાન થયેલો તે કર્ણ, રણસંગ્રામમાં પોતાનું બળ દર્શાવવા ઈચ્છતો હતો અને ભીમસામે યુદ્ધ કરવાની આકાંક્ષા રાખતો હતો.[૧૧] તેણે એકદમ વાયુના માર્ગને રોકનાર વૃક્ષની પેઠે ભીમસેનના માર્ગને રોકી રાખ્યો; ત્યારે ભીમસેન પણ સત્વર પોતાની આગળ આવીને ઉભેલા કર્ણને જોઇને અત્યંત કોપાયમાન થઇ ગયો; અને તે વીર, પથ્થરપર ઘસીને તીક્ષ્ણ કરેલાં કેટલાંએક બાણો એ કર્ણના પર ફેંકવા લાગ્યો. એટલે કર્ણે પણ તેનાં બાણો પ્રથમ ઝીલ્યાં અને સામેથી પોતાનાં બાણો તેનાપર ફેંકયાં.[૧૨,૧૩] એ સમયે જ્યારે કર્ણ અને ભીમસેનનો સમાગમ થયો, ત્યારે પ્રયત્નપૂર્વક જોઈ રહેલા બીજા સર્વ યોદ્ધાઓનાં ગાત્રો જાણે થરથર ધ્રૂજતાં હોય તેમ જણાતું હતું. તેઓ બન્નેની તાળીઓના અવાજને સાંભળીને રથીયોદ્ધાઓનાં તથા ઘોડેસ્વારોનાં ગાત્રો પણ લગભગ શિથિલ થઈ ગયાં હતાં. એ રણાંગણમાં ભીમસેનની ઘોર ગર્જનાને સાંભળીને કેટલાએક સારા સારા ક્ષત્રિયો પણ આકાશ તથા પૃથ્વીને એક થયેલી માનવા લાગ્યા. વળી મહાત્મા ભીમસેનના ઘોર નિનાદથી નબળા હૃદયના કેટલાએક યોદ્ધાઓના હાથમાંથી ધનુષ્યો પૃથ્વીપર પડી ગયાં. એ સિવાયના બીજા કેટલાએક યોદ્ધાઓના હાથમાંથી શસ્ત્રો પણ પડી ગયાં અને કેટલાએકના તો પ્રાણો પણ નીકળી ગયા હતા;[૧૫-૧૭] તેમજ તે ગર્જનાથી ત્રાસ પામેલા હાથી, ઘોડા આદિ વાહનો મળમૂત્ર કરવા લાગ્યાં,એટલુંજનહિ પણ તેઓ બધાનાં મન તદ્દન ઉદાસ થઈ ગયાં[૧૮] અને અનેક ઘોર નિમિત્તો ત્યાં પ્રકટ થવા લાગ્યાં. જોતજોતામાં ગીધ, કંક અને કાગડા આદિ માંસાહારી પક્ષીઓથી આકાશ ઢંકાઇ ગયું.[૧૯]

હે રાજન્! તે કર્ણ અને ભીમના અતિ તુમુલ સમાગમસમયે કર્ણે વીસ બાણોનો ભીમસેનને પ્રહાર કર્યો. ઉપરાંત વળી બીજાં પાંચ બાણોવડે તત્કાળ તેના સારથિને પણ તેણે વિંધી નાખ્યો; એટલે ભીમસેન પણ મંદ મંદ હસીને કર્ણસામે યુદ્ધ કરવા ધસ્યો. યુદ્ધમાં ઝપાટાબંધ કર્મ કરનાર અને મહાયશસ્વી ભીમસેને ચોસઠ બાણોનો કર્ણને માર માર્યો. ત્યારે મહાધનુર્ધર કર્ણે સામેથી ચાર બાણો ફેંકયાં;[૨૨] પણ ભીમસેને તે બાણોને પોતાની પાસે આવતાં પહેલાંજ નમેલાં પર્વવાળાં કેટલાંએક બાણો મૂકીને તથા પોતાના હાથની ચાલાકી દર્શાવીને વચમાંથીજ કાપી નાખ્યાં.[૨૩] તે જોઇ કર્ણે અનેક બાણોની વૃષ્ટિથી ભીમસેનને છાઇ દીધો. એ રીતે જ્યારે કર્ણે પાંડુપુત્રને છાઇ દીધો, ત્યારે તે મહારથીએ કર્ણના ધનુષ્યને મુષ્ટિપ્રદેશમાંથી કાપી નાખ્યું તથા નમેલાં પર્વવાળાં અનેક બાણોથી એને વિંધી નાખ્યો. પછી સૂતપુત્રે એક બીજું ધનુષ્ય હાથમાં લીધું અને તેનું સંધાન કરીને ભયંકર કર્મ કરનારા તે મહારથીએ ભીમસેનને વિંધી નાખ્યો;[૨૬] એટલે પછી તો ભીમસેન અત્યંત કોપ્યો. તેણે એકદમ વેગથી નમેલા પર્વવાળાં ત્રણ બાણો સૂતપુત્રની છાતીમાં ઘોંચી દીધાં.[૨૭] હે ભરતશ્રેષ્ઠ રાજા! તે સમયે વક્ષઃસ્થળના મધ્યમાં રહેલાં તે ત્રણ બાણોથી કર્ણ, ત્રણ શિખરોવાળો ઉંચો પર્વત હોય તેવો શોભતો હતો;[૩૮] અને ધાતુના ઝરણને ઝરતા કોઇએક પર્વતમાંથી, ગેરુથી મિશ્ર થયેલી ધાતુઓ જેમ ઝરે, તેમ પરમ તીક્ષ્ણ બાણોથી વિંધાઇ ગયેલા એ કર્ણનાં શરીરમાંથી રુધિર ઝરવા લાગ્યું.[૨૯] જો કે કર્ણ, તે અતિ સખ્ત પ્રહારથી પીડાઈને કંઈક લગાર ડગમગી ગયો હતો; છતાં તેણે કાનસુધી સંપૂર્ણ ધનુષ્યને ખેંચીને છોડેલાં કેટલાંએક બાણોથી ભીમસેનને પ્રહાર કર્યો.[૩૦] ઉપરાંત વળી સેંકડો અને હજારો બાણો તેણે છોડવા માંડયાં. એ પ્રમાણે મજબૂત ધનુષ્યવાળા કર્ણે બાણો મૂકી મૂકીને ભીમસેનને જ્યારે પીડવા માંડયો, ત્યારે ભીમસેને પણ એક અસ્ત્રાના આકારનું બાણ છોડીને કર્ણના ધનુષ્યની દોરીને સત્વર કાપી નાખી;[૩૧] એટલુંજ નહિ પણ બીજા એક ભલ્લજાતના બાણવડે એના સારથિને પણ રથની બેઠકપરથી નીચે પાડી દીધો; તથા એ મહારથીએ, તેના ચારેય ઘોડાઓને પણ પ્રાણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહિત કરી નાખ્યા.[૩૨] હે રાજા ! તે પછી કર્ણ, તે માર્યા ગયેલા ઘોડાવાળા રથપરથી નીચે કૂદી પડીને ભયને લીધે સત્વર વૃષસેનના રથપર ચઢી ગયો.[૩૩] એ પ્રમાણે કર્ણનો રણમાં પરાજય કરીને પ્રતાપી ભીમસેન, મેઘની ગર્જનાસમાન મોટેથી ગાજવા લાગ્યો;[૩૪] ત્યારે તેના તે શબ્દને સાંભળીને રાજા યુધિષ્ઠિર પણ અત્યંત આનંદિત થયા તથા પાંડવપક્ષની સઘળી સેના પણ "ભીમસેનને હાથે કર્ણનો રણમાં પરાજય થયો છે" એમ માનીને ચારેબાજુથી શંખોના ધ્વનિઓ કરવા લાગી.એ પ્રમાણેનો શત્રુસેનાનો ધ્વનિ સાંભળીને તમારા પક્ષના યોદ્ધાઓ પણ મોટી મોટી ગર્જનાઓ કરવા લાગ્યા.[૩૬] એ સમયે રાજા યુધિષ્ઠિરે પણ હર્ષને લીધે ફુંકેલા શંખોના ધ્વનિઓથી, બાણોના ટંકારવોથી તથા હર્ષના કોલાહલોથી પોતાની સેનાને વ્યાપ્ત કરી મૂકી.[૩૭] આ તરફથી અર્જુન, પોતાના ગાંડીવ ધનુષ્યનો ટંકાર કરવા લાગ્યો અને શ્રીકૃષ્ણ પોતાના પાંચજન્ય શંખને વગાડવા લાગ્યા; પરંતુ તે બધા શબ્દને ઢાંકી દઇને ગર્જના કરતા ભીમસેનનો ધ્વનિજ સર્વ સૈન્યોમાં ઘણો દારુણ સંભળાતો હતો.[૩૮] તે પછી તેઓ બન્ને જણા જૂદાં જૂદાં સીધી ગતિનાં અસ્ત્રોથી એકબીજાને પ્રહાર કરવા મંડયા; તેમાં પ્રથમ કર્ણે સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું અને પાંડુપુત્ર ભીમસેને પ્રથમથીજ ક્રૂર સ્વરૂપ ધારણ કર્યું હતું.[૩૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'ભીમસેનનો પ્રવેશ તથા કર્ણનો પરાજય'
એ વિષયનો અધ્યાય ૧૨૯ મો સમાપ્ત

અધ્યાય ૧૩૦ મો

દુર્યોધનનું યુદ્ધ

॥ संजय उवाच ॥

तस्मिन्विलुलिते सैन्ये सैंधवायार्जुने गते ।
सात्त्वते भीमसेने च पुत्रस्ते द्रोणमभ्ययात्॥१

સંજયે કહ્યું:–હે રાજા ધૃતરાષ્ટ્ર ! તે સૈન્ય જ્યારે લગભગ વીખરાઇ ગયું; અને અર્જુન, સાત્યકિ તથા ભીમસેન જ્યારે જયદ્રથ પાસે આવી પહોંચ્યા, ત્યારે તમારો પુત્ર દુર્યોધન દ્રોણાચાર્ય પાસે જવા લાગ્યો.[૧] કેવળ એક રથનીજ સહાય લઇ તમારો પુત્ર દુર્યોધન, પોતાને કરવાનાં ઘણાં કાર્યોનો વિચાર કરતો કરતો આચાર્ય પાસે જવા લાગ્યો.[૨] જોતજોતામાં મન અને વાયુસમાન વેગવાળો દુર્યોધનનો રથ ઘણી ઝડપથી દ્રોણાચાર્ય પાસે આવી પહોંચ્યો; એટલે પ્રકોપથી લાલચોળ નેત્રવાળો તમારો પુત્ર ઘણા ગભરાટ સાથે આ પ્રમાણેનાં વાક્યો બોલ્યો:– "અરે ઓ આચાર્ય ! અર્જુન, ભીમસેન તથા અજિત સાત્યકિ–એ ત્રણેય મહારથીઓ આપણાં અતિમહાન સર્વ સૈન્યોનો પરાજય કરીને કોઇએ અટકાવ્યા ન હોય તેમ સિંધુરાજાની સમીપમાં આવી પહોંચ્યા છે;[૩–૫] અને ત્યાં પણ કોઇનાથી પરાજય નહિ પામેલા તેઓ બધા પ્રહાર કરી રહ્યા છે. આ રણમાં મહારથી અર્જુન આપને ઉલ્લંઘી આવ્યો તે તો કંઈક ઠીક કહેવાય, પણ હે માન આપનારા આચાર્ય ! સાત્યકિ અને ભીમસેન આપને કેમ ઉલ્લંઘી શકયા ? સમુદ્રના શોષણ સરખી આ હકીકત લોકમાં આશ્ચર્ય જેવી છે.[૬,૭] હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! સાત્યકિ, અર્જુન તથા ભીમસેનથી થયેલા આપના પરાજયના સંબંધમાં લોકો ઘણો સંવાદ કરી રહ્યા છે.[૮]

અરે ! માન્યામાં પણ ન આવે તેવી તમારી આ અવસ્થાના સંબંધમાં સર્વ યોદ્ધાઓ પણ આ પ્રમાણે કહી રહ્યા છે કે, "ધનુર્વેદના પારને પહોંચેલા દ્રોણાચાર્યને પાંડવોએ યુદ્ધમાં કેવી રીતે જીત્યા ?"[૯] ખરેખર ! હવે મારો મંદભાગીનો આ રણમાં નાશજ થવા આવ્યો છે; કારણ કે પુરુષોમાં વ્યાઘ્રસરખા આપને પણ એ ત્રણ મહારથો ઉલ્લંઘી આવ્યા છે.[૧૦] આ રીતના આ ભયંકર પ્રસંગે તમારે હવે જે કંઈ કહેવાનું હોય તે કહો. હે માન આપનારા આચાર્ય ! જે થયું તે થયું, પણ હવે શું કરવું તેનો તમે વિચાર કરો.[૧૧] હે બ્રાહ્મણ ! હવે પછી સિંધુરાજાને માટે સમયોચિત કાર્ય શું કરવું ઘટે છે, તેનો બરાબર વિચાર કરીને સત્વર કહો, કે જેથી તે તત્કાળ કરાય."[૧૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોણાચાર્ય બોલ્યાઃ—"હે તાત! આના સંબંધમાં અનેક પ્રકારનો વિચાર કરવો યોગ્ય છે; પણ હાલ તુરતના સમયમાં જે કંઈ કરવું ઘટે છે, તે તું સાંભળ. પાંડવોના ત્રણ મહારથીઓ આપણી સેનાને પાર કરી ગયા છે;[૧૩] જેથી પાછળથી તેઓનો જેટલો ભય છે તેટલોજ આ પાંચાલ આદિ યોદ્ધાઓનો પણ આપણને ભય રહેલો છે; પણ જે સ્થળે કૃષ્ણ તથા અર્જુન ગયા છે, તે સ્થળે અતિ ભારે ભય રહેલો છે, એમ મારૂં માનવું છે.[૧૪] આ આપણી ભારતી સેના, આગળથી અને પાછળથી શત્રુઓવડે ઘેરાઇ ચૂકી છે; માટે તેમાં પ્રથમ કર્તવ્ય તો એજ છે કે, "સિંધુરાજાનું ગમે તે ઉપાયે પણ રક્ષણ કરવું" એમ હું માનું છું.[૧૫] હે તાત! ક્રોધાયમાન થયેલા અર્જુનથી ભયભીત થયેલા સિંધુરાજાનું આપણે અવશ્ય રક્ષણ કરવું જોઇએ. મહાભયંકર એવા સાત્યકિ અને ભીમસેન પણ સિંધુરાજાની પાસે જઈ પહોંચ્યા છે. ખરેખર! પૂર્વે શકુનિની બુદ્ધિમાંથી જે દ્યૂત ઉત્પન્ન થયું હતું, તેજ આ સમયે આવી પહોંચ્યું છે. તે સમયે સભામાં કોઇનો જય થયો ન હતો કે કોઇનો પરાજય પણ થયો ન હતો.[૧૭] પરંતુ આજનાજ દ્યૂતમાં આપણ સર્વના જય કે પરાજયનો આધાર છે. તે વેળા કુરુસભામાં શકુનિ, જે પાસા ખેલી રહ્યો હતો તેઓને તે પાસા માનતો હતો; પણ ખરૂં જોતાં તે પાસા ન હતા પણ તમારાં શરીરોને ચીરી નાખનારાં તે બાણોજ હતાં. હે તાત! જેમાં આ અનેક કુરુયોદ્ધાઓ ગોઠવાઈને ઉભા છે, તે આ સેનાનેજ તારે જુગારતરીકે સમજી લેવી; અને તેની અંદર જે આ બાણો ઉછળી રહ્યાં છે, તેનેજ તારે પાસા સમજી લેવા. વળી હે રાજન્! તેની અંદર વચમાં ઉભેલા સિંધુરાજાનેજ તારે "પણ" તરીકે જાણી લેવો; માટે ત્યાંજ ખરેખરો દ્યૂતનો દાવ છે.[૧૮-૨૦] અહીં સિંધુરાજાને માટેજ શત્રુઓ જોડે મહાન દ્યૂત આવી લાગ્યું છે, માટે અહીંજ તમે બધા પોતાના જીવિતની પરવા કર્યાવિના સિંધુરાજાનું રણમાં વિધિ પ્રમાણે રક્ષણ કરવા યોગ્ય છો; કારણકે તે સ્થળેજ દ્યૂતમાં આપણ સર્વનો જય કે પરાજયનો નિશ્ચય અવશ્ય થશે.[૨૧,૨૨] આથી જે સ્થળે તે સર્વ મહાધનુર્ધરો સાવધ થઇને સિંધુરાજનું રક્ષણ કરે છે, તે સ્થળેજ તું ઝટપટ જા અને તે રક્ષકોની તું રક્ષા કર.[૨૩] હું તો હાલ અહીંજ રહીશ અને બીજાઓને ત્યાં મોકલીશ; તેમજ પાંચાલો, પાંડવો તથા સૃંજયોને આગળ વધતા અટકાવીશ."[૨૪]

તે સાંભળી દુર્યોધન આચાર્યની આજ્ઞા પ્રમાણે પોતાનું ઉગ્ર કર્મ બતાવવા માટે તૈયાર થઇને પોતાના અનુચરોસહિત શીઘ્ર ત્યાં જઇ પહોંચ્યો.[૨૫] એ અરસામાં અર્જુનના ચક્રરક્ષકો—યુધામન્યુ અને ઉત્તમૌજા બહારના ભાગમાંથી સેનામાં આવીને અર્જુન પાસે જતા હતા.[૨૬] હે મહારાજ! પ્રથમ જ્યારે અર્જુન યુદ્ધ કરવાની ઇચ્છાથી તમારા સૈન્યમાં દાખલ થયો હતો, ત્યારે તેઓ બન્ને જણા પણ અર્જુનની પાછળ પાછળ જતા હતા; પણ કૃતવર્માએ તેઓને અટકાવી રાખ્યા હતા.[૨૭] તેઓ બન્ને જણા કૌરવસેનાને એક બાજુમાંથી ભેદીને તમારી સેનામાં દાખલ થયા હતા અને સૈન્યની બાજુમાં થઇને અર્જુન પાસે આવતા હતા; પણ તેઓ બન્ને જણા કુરુરાજ દુર્યોધનના જોવામાં આવી ગયા,[૨૮] એટલે પછી તેઓ બન્નેની સાથે દુર્યોધને ઉત્તમ સંગ્રામ મચાવ્યો. બળવાન ભારતરાજ દુર્યોધન, ઉતાવળ કરતા તે બન્ને ભાઇઓસામે સત્વર ધસી ગયો, એટલે મહારથીતરીકે પ્રસિદ્ધ થયેલા તે બન્ન ક્ષત્રિયશ્રેષ્ઠો પણ ધનુષ્ય ઉંચાં કરીને યુદ્ધ કરવા સજ્જ થયા.[૨૯,૩૦] તેમાંથી યુધામન્યુએ કંકપક્ષીનાં પીછાંવાળાં ત્રીસ બાણોથી દુર્યોધનને વિંધી નાખ્યો અને બીજાં વીસ બાણોથી તેના સારથિને તથા ચાર બાણોથી તેના ઘોડાઓને પણ તેણે પ્રહાર કર્યો,[૩૧] એટલે તમારા પુત્ર દુર્યોધને એક બાણ મારીને યુધામન્યુના ધ્વજને કાપી નાખ્યો તથા બીજા એક બાણથી તેના ધનુષ્યને પણ કાપી નાખ્યું;[૩૨] ઉપરાંત વળી એક ભલ્લજાતિના બાણથી એના સારથિને પણ રથ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની બેઠકપરથી ઢોળી પાડયો તથા બીજાં ચાર તીક્ષ્ણ બાણોથી તેના ચારેય ઘોડાઓને વિંધી નાખ્યા.[૩૩] તે પછી યુધામન્યુ ઘણોજ ક્રોધાયમાન થઈ ગયો. તેણે ઘણી ઝડપથી તમારા પુત્રની છાતીમાં ત્રીસ બાણોનો પ્રહાર કર્યો; તેમજ ઉત્તમૌજાએ પણ ક્રોધાયમાન થઈને સુવર્ણથી શોભતાં કેટલાંએક બાણો છોડયાં અને દુર્યોધનના સારથિને વિંધી નાખી યમલોકમાં મોકલી દીધો,[૩૫] ત્યારે હે રાજેન્દ્ર! દુર્યોધને પણ પાંચાલવંશના તે ઉત્તમૌજાના ચારેય ઘોડાઓને મારી નાખ્યા તથા તેના બે પૃષ્ઠરક્ષકોને અને સારથિને પણ હણી નાખ્યા.[૩૬] જ્યારે ઉત્તમૌજાના ઘોડાઓ તથા સારથિ રણમાં માર્યા ગયા, ત્યારે તે એકદમ પોતાના ભાઇ યુધામન્યુના રથપર ચઢી ગયા.[૩૭] એ રીતે પોતાના ભાઇના રથમાં આવીને તેણે દુર્યોધનના ઘોડાઓને બાણોથી મારવા માંડયા; જેથી તેઓ મરણ પામીને પૃથ્વીપર પડયા.[૩૮] જ્યારે દુર્યોધનના ઘોડાઓ રણમાં પડયા, ત્યારે યુધામન્યુએ એક પરમતીક્ષ્ણ બાણ સાંધીને એના ધનુષ્યના તથા ભાથાના પણ ટુકડા કરી નાખ્યા; એટલે રાજા દુર્યોધન, મરણ પામેલા ઘોડાઓવાળા તથા માર્યા ગયેલા સારથિવાળા તે રથપરથી નીચે ઉતરી પડીને હાથમાં ગદા લઇને તે પાંચાલ ભાઇઓસામે દોડયો.[૪૦] પગપાળો થઇને પોતાની સામે ધસી આવતા દુર્યોધનને જોઇને યુધામન્યુ અને ઉત્તમૌજા પણ રથની બેઠકપરથી નીચે કૂદી પડયા.[૪૧] હે રાજા! તે પછી ક્રોધાયમાન થયેલા ગદાધારી દુર્યોધને, ગદાના પ્રહારથી,સુવર્ણથી ચળકાટકરતા તેઓના રથના ઘોડા, સારથિ અને ધ્વજસહિત ભાંગી ભુક્કા કાઢી નાખ્યા.[૪૨] એ પ્રમાણે તેઓના રથને ભાંગી નાખીને માર્યા ગયેલા ઘોડા અને સારથિવાળો શત્રુતાપન તમારો પુત્ર, સત્વર મદ્રરાજાના રથપર ચઢી ગયો;[૪૩] અને પાંચાલોના મુખ્ય તે બન્ને મહારથી રાજપુત્રો પણ બીજા રથોપર બેસીને અર્જુન તરફ જવા લાગ્યા.

અધ્યાય ૧૩૦ મો સમાપ્ત

અધ્યાય ૧૩૧ મો

કર્ણનો પરાજય

॥ संजय उवाच ॥

वर्तमाने महाराज संग्रामे लोमहर्षणे ।
व्याकुलेषु च सर्वेषु पीड्यमानेषु सर्वशः ॥१॥

સંજયે કહ્યું:–હે મહારાજ! રુવાં ઉભાં કરી નાખે તેવો તે સંગ્રામ જ્યારે થઈ રહ્યો હતો અને સર્વ યોદ્ધાઓ ચારેબાજુથી આકુળવ્યાકુળ થઇને જ્યારે પીડાતા હતા,[૧] યારે હે ભરતશ્રેષ્ઠ રાજા! જેમ કોઇ એક વનની અંદર મદોન્મત્ત હાથી બીજા મદોન્મત્ત હાથીસામે ધસી જાય, તેમ રાધાપુત્ર કર્ણ યુદ્ધ કરવામાટે ભીમસેન તરફ ધસી ગયો.[૨]

ધૃતરાષ્ટ્રે પૂછયું:–મહાબળવાન એવા જે તેઓ બન્ને કર્ણ તથા ભીમસેન, અર્જુનના રથની પાસે જ્યારે લડયા હતા; ત્યારે તે રણસંગ્રામ કેવો થયો હતો?[૩] પ્રથમના રણમાં ભીમસેને કર્ણનો પરાજય કર્યો હતો; છતાં ફરીથી મહારથી કર્ણ, ભીમસામે યુદ્ધ કરવા કેવી રીતે આવ્યો હતો?[૪] અરે, પણ પૃથ્વીમાં મહારથીતરીકે પ્રસિદ્ધ થયેલા શ્રેષ્ઠ રથીયોદ્ધા કર્ણસામે રણમાં ભીમસેન કેવી રીતે ધસી ગયો હતો? ભીષ્મ અને દ્રોણને છોડીને મહારથી કર્ણસિવાય ધર્મરાજા યુધિષ્ઠિરને કોઇના તરફથી ભય ન હતો.[૬] અરે, વધારે શું કહેવું? પણ મહાત્મા રાધાપુત્ર કર્ણના પરાક્રમનું નિત્ય નિત્ય ચિંતન કરતા રાજા યુધિષ્ઠિરને તેના ભયથી ઘણાં વર્ષ થયાં ઉંઘ પણ આવતી નથી![૭] વળી બ્રાહ્મણોપર નિત્ય પ્રેમ રાખનારા, વીર્યસંપન્ન તથા યુદ્ધમાં પાછો નહિ હઠનારા સૂતપુત્ર કર્ણ સામે ભીમસેન કેવી રીતે લડયો હતો?[૮] જે બન્ને વીર કર્ણ તથા ભીમસેન, અર્જુનના રથની પાસે ભેટયા હતા તે બન્ને મહાબળવાન પરાક્રમવાળા યોદ્ધાઓ, ત્યાં કેવી રીતે લડયા હતા?[૯] કર્ણને જણાયું હતું કે, "હું પાંડવોનો ભાઇ છું." વળી તે સૂતપુત્ર દયાળુ પણ હતો તથા "ચાર ભાઇઓને હું નહિ મારૂં," એ પ્રમાણેનું કુંતાને આપેલું વચન પોતે સ્મરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો હતો; છતાં કર્ણે ભીમસેન સાથે શામાટે યુદ્ધ કર્યું?[૧૦] તેમજ સૂતપુત્ર સાથેના પોતાના પૂર્વવૈરને ભૂલી ગયો ન હતો એવો શૂરો ભીમસેન, તેની સાથે કેમ લડયો?[૧૧] હે સૂત! મારો પુત્ર દુર્યોધન, "સંગ્રામમાં કર્ણ સમગ્ર પાંડવોને જીતશે" આ પ્રમાણેની સદા આશા રાખી બેઠો છે.[૧૨] મારા મંદભાગી પુત્રની એ રીતની રણમાં વિજયાશા જેનાપર બંધાઈ રહી છે, તે કર્ણ ભીમકર્મા ભીમસેનસામે કેવી રીતે લડયો હતો?[૧૩] જેનો આશ્રય કરીને મારા પુત્રોએ મોટા મહારથીઓ સાથે વૈર કર્યું છે, તે સૂતપુત્ર કર્ણની સાથે હે તાત! ભીમસેને કેવી રીતનું યુદ્ધ કર્યું હતું?[૧૪] કર્ણથી ઉત્પન્ન થયેલા અનેક અપકારોનું પોતાને સ્મરણ હતું એવો ભીમસેન તેની સાથે કેમ લડયો?[૧૫] જે વીર્યવાન કર્ણે એક રથનીજ સહાય લઈ સમગ્ર પૃથ્વીને જીતી છે, તે સૂતપુત્ર કર્ણસામે ભીમસેન કેવી રીતે યુદ્ધ કરી શકયો?[૧૬] જે કર્ણ કવચકુંડળોસાથેજ જન્મ્યો હતો, તે સૂતપુત્રની સામે લડાઈમાં ભીમસેન કેવી રીતે લડયો?[૧૭] હે સંજય! તેઓ બન્નેનું જે પ્રમાણે યુદ્ધ થયું હતું અને તેઓમાંથી જે વિજયી થયો હોય, તે બધું તું મને જેવું હોય તેવું સત્ય કહે. ખરેખર, તું કથા કહેવામાં ઘણો કુશળ છે.

સંજયે કહ્યું:-ભીમસેનને તો રથીશ્રેષ્ઠ કર્ણનો ત્યાગ કરીને જ્યાં વીર શ્રીકૃષ્ણ અને અર્જુન હતા ત્યાં જવાનીજ ઇચ્છા હતી;[૧૯] પણ હે મહારાજ! તેને જતો જોઇ રાધાપુત્ર કર્ણ, તેની તરફ ધસી ગયો અને મેઘ જેમ પર્વતપર વૃષ્ટિ કરે, તેમ તેણે કંકપક્ષીનાં પીછાં બાંધેલાં બાણોની ભીમસેનપર વૃષ્ટિ કરી મૂકી.[૨૦] તે સમયે પ્રફુલ્લ કમળસમાન મુખથી હાસ્ય કરતા બળવાન અધિરથપુત્રે, અર્જુનપાસે જતા ભીમસેનને રણસંગ્રામ કરવામાટે બોલાવ્યો.[૨૧]

કર્ણે કહ્યું:-"અરે ઓ ભીમસેન! "તું શત્રુઓ સાથે યુદ્ધ કરે છે" એમ મને સ્વપ્નમાંએ ખ્યાલ ન હતો; તો પછી આ સમયે અર્જુનને જોવાની ઈચ્છાથી પૂંઠ કેમ દેખાડે છે?[૨૧] હે પાંડવનંદન! કુંતીના પુત્રને આમ કરવું ઘટતું નથી, માટે મારી સામે ઉભો રહીને મારાપર બાણોનો વરસાદ વરસાવ."[૨૩]

ભીમસેન, તે યુદ્ધમાટેનું આહ્વાન સહન કરી શકયો નહિ. અર્ધમંડળાકારે પાછો ફરીને તેણે કર્ણસામે યુદ્ધ કરવાનો આરંભ કર્યો. મહાયશસ્વી ભીમસેન કવચ ધારણ કરીને દ્વંદ્વયુદ્ધ કરવા સજ્જ થયેલા સર્વશસ્ત્રકુશળ એવા કર્ણપર સીધાં જનારાં બાણોનો વરસાદ વરસાવવા માંડયો.[૨૫] ચાલુ લડાઇનો અંત લાવવાની ઇચ્છાથી તથા કર્ણને મારી નાખવાની ઇચ્છાથી મહાબળવાન ભીમસેને, તેના અનુચરોને પ્રથમ મારી નાખીને પછી તેને મારવાની ઇચ્છા કરી;[૨૬] અને તેથીજ શત્રુતાપન ભીમસેન ક્રોધાયમાન થઇને અનેક જાતની ઉગ્ર બાણવૃષ્ટિઓ તે કર્ણનાપર કરવા લાગ્યો.[૨૭] પરંતુ પરમ અસ્ત્રોને જાણનારો કર્ણ, મદમત્ત હાથીસમાન ગમન કરનારા તે ભીમસેનની તે સર્વ બાણવૃષ્ટિઓને જાત જાતની અસ્ત્રમાયાઓથી ગળી જવા લાગ્યો;[૨૮] એટલુંજ નહિ પણ વિદ્યાથી પૂજાયલો અને બળવાન મહાબાહુ કર્ણ પોતે મહાધનુર્ધર હોઈને આચાર્યની પેઠે બરાબર રણમાં ઘૂમવા લાગ્યો.[૨૯] હે રાજન્! કોપથી યુદ્ધ કરી રહેલા ભીમસેનની જાણે હાંસી કરતો હોય તેવો દેખાવ કરીને કર્ણ, ભીમસેનસામે યુદ્ધ કરતો હતો; પણ કુંતાપુત્ર ભીમસેન ચારે બાજુ યુદ્ધ કરતા વીરોના દેખતાં કર્ણે કરેલી પોતાની હાંસીને સહન કરી શકયો નહિ.[૩૧] એથી તેણે પોતાની સામે આવેલા તે કર્ણને અંકુશથી જેમ મહાન હાથીને વિંધી નાખે, તેમ વત્સદંત બાણોથી ક્રોધપૂર્વક છાતીમાં વિંધી નાખ્યો;[૩૨] એટલુંજ નહિ પણ વળી પથ્થરપર ઘસેલાં, સુવર્ણનાં મોઢિયાંવાળાં તથા બરાબર તાકીને છોડેલાં બીજાં એકવીસ બાણોથી વિચિત્ર કવચવાળા તે કર્ણને ભેદી નાખ્યો.[૩૩] એટલે પછી કર્ણે સોનેરી સામાનથી ઢંકાયેલા અને વાયુસમાન વેગવાળા ભીમસેનના ઘોડાઓને પાંચ પાંચ બાણો મારીને વિંધી નાખ્યા.[૩૪] વળી હે રાજન્! એક અર્ધનિમેષ જેટલા સમયમાંતો કર્ણે ભીમસેનના રથપ્રત્યે કરેલી બાણમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળ સર્વના જોવામાં આવી.[૩૫] તે સમયે હે મહારાજ ! કર્ણના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે પાંડુપુત્ર ભીમસેન રથ, ધ્વજા અને સારથિસહિત ઢંકાઇ ગયો હતો.[૩૬] વળી પણ ક્રોધાયમાન થયેલા કર્ણે ચોસઠ બાણો મારીને ભીમસેનના મજબૂત કવચને તોડી નાખ્યું તથા મર્મને ભેદી નાખનારાં કેટલાંએક નારાચબાણોનો તેણે પ્રહાર પણ કર્યો;[૩૭] ત્યારે કર્ણના ધનુષ્યમાંથી નીકળતાં બાણોની પરવા નહિ કરીને નિડર મહાબાહુ ભીમસેન, કર્ણની લગભગ જઇ પહોંચ્યો.[૩૮] હે મહારાજ ! તે સમયે કર્ણના ધનુષ્યમાંથી છટતાં ઝેરી સર્પસરખાં બાણોને ધારણ કરતો ભીમસેન, રણમાં જરાએ ગભરાયો ન હતો;[૩૯] પણ તે પ્રતાપી ભીમસેને પાણીદાર અને તીક્ષ્ણ એવાં ભલ્લજાતિનાં બાણો મારીને કર્ણને યુદ્ધમાં વિંધીજ નાખ્યો.[૪૦] એટલે કર્ણે પણ જયદ્રથનો વધ કરવા ઇચ્છતા મહાબાહુ ભીમસેનને રમતમાત્રમાં ઘણાં બાણોથી ઢાંકી દીધો.[૪૧] એ યુદ્ધમાં કર્ણ પ્રથમથીજ સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને લડતો હતો અને પૂર્વના વૈરનું સ્મરણ કરતો ભીમસેન પ્રથમથીજ ક્રૂર સ્વરૂપ ધારણ કરીને લડતો હતો. ક્રોધી અને શત્રુઓનો સંહાર કરનાર ભીમસેન, પોતાના તે અપમાનને સહન કરી શક્યો નહિ. તેણે સત્વર કર્ણના પર બાણવૃષ્ટિ કરવા માંડી.[૪૩] એ રણમાં ભીમસેને છોડેલાં તે બાણો શબ્દ કરતા પક્ષીઓની પેઠે ચારેબાજુથી વીર કર્ણપર પડવા લાગ્યાં.[૪૪] ભીમસેનના ધનુષ્યમાંથી છૂટેલાં તે બાણોના અગ્રભાગો ઘણા ચકચકિત હતા તથા તેઓનાં મોઢિયાં તદ્દન સુવર્ણનાં હતાં. જેમ પતંગિયાં અગ્નિને ઢાંકી દે, તેમ તેઓએ રાધાપુત્ર કર્ણને તદ્દન ઢાંકી દીધો હતો. હે ભરતવંશી રાજા ! રથીઓમાં શ્રેષ્ઠ એવો તે કર્ણ જ્યારે બાણોથી ચોમેદ ઢંકાઈ ગયો ત્યારે તેણે પણ બાણોના ઉગ્ર વરસાદો વરસાવવા માંડયા;[૪૬] પણ ભીમસેન રણને શોભાવનાર તે કર્ણનાં વજ્રસમાન બાણોને પોતે છોડેલાં અનેક જાતનાં બાણોથી વચમાંજ કાપી નાખતો હતો;[૪૭] ત્યારે વળી હે ભારત ! સૂર્યના પુત્ર શત્રુદમન કર્ણે, બાણોનો વરસાદ વરસાવી ભીમસેનને રણમાં છાઇ દીધો.[૪૮] તે વેળા હે ભરતવંશી રાજા ! શાહુડી જેમ પીછાંઓથી વ્યાપ્ત હોય છે, તેમ ભીમસેનના શરીરને બાણોથી વ્યાપ્ત થયેલું અમે જોઇ રહ્યા હતા.[૪૯] સૂર્ય જેમ પોતાનાં કિરણોને ધારણ કરે છે, તેમ વીર ભીમસેન કર્ણના ધનુષ્યમાંથી છૂટેલાં, પથ્થરપર ઘસી સાફ કરેલાં તથા સુવર્ણના પુંખવાળાં બાણોને ધારણ કરી રહ્યો હતો.[૫૦] તેનું શરીર સર્વ પ્રદેશમાં લોહીથી ખરડાઈ ગયું હતું, જેથી તે વસંતઋતુમાં ખીલેલાં પુષ્પોના મુકુટવાળા અશોકવૃક્ષની પેઠે રણમાં શોભતો હતો;[૫૧] પરંતુ મહાબાહુ ભીમસેન એ રણમાં મહાબાહુ કર્ણના તે કૌશલ્યને સહન કરી શક્યો નહિ. તેનાં નેત્ર ક્રોધથી ફાટી ગયાં[૫૨] અને ઝેરથી ઉગ્ર એવા સર્પોથી જેમ કૈલાસપર્વતને ઢાંકી દે, તેમ તેણે પચીસ નારાચબાણોવડે કર્ણને ઢાંકી દીધો.[૫૩] વળી પણ દેવસમાન પરાક્રમી એવા તે ભીમે, રણમાં શરીરની પરવા નહિ કરનાર તે કર્ણને પ્રથમ છ અને પાછાં આઠ બાણો મારીને મર્મસ્થાનોમ વિંધી નાખ્યો;[૫૪] તેમજ બીજા એક બાણથી પ્રતાપી ભીમે કર્ણના ધનુષ્યને હસતાં હસતાં તત્કાળ કાપી નાખ્યું,[૫૫] એટલુંજ નહિ પણ ઝપાટાબંધ બીજાં કેટલાંએક બાણો મૂકીને તેના ચારેય ઘોડાઓને તથા સારથિને પણ તેણે હણી નાખ્યા અને ઉપરાંત સૂર્યનાં કિરણસમાન ચળકતાં નારાચબાણોથી કર્ણને છાતીમાં ઘાયલ કર્યો.[૫૬] જેમ મેઘમંડળને સોંસરૂં ભેદીને સૂર્યનાં કિરણો બહાર નીકળી આવે છે, તેમ ભીમનાં તે બાણો પણ કર્ણને ભેદીને તત્કાળ સોંસરાં બહાર નીકળીને પૃથ્વીમાં પેસી ગયાં;[૫૭] એટલે પછી કપાયેલા ધનુષ્યવાળો તથા બાણોથી ઘાયલ થયેલો તે પુરુષાભિમાની કર્ણ, મહાન દુઃખ પામીને બીજા રથસામે દોડી ગયો.[૫૮]

અધ્યાય ૧૩૧ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૩૨ મો

ભીમ અને કર્ણનું યુદ્ધ

॥ धृतराष्ट्र उवाच ॥

स्वयं शिष्यो महेशस्य भृगूत्तम धनुर्धरः ।
शिष्यत्वं प्राप्तवान् कर्णस्तस्यतुल्योऽस्त्रविद्यया।

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:– જે પોતે મહેશ્વરના શિષ્ય છે તથા ભૃગુઓના ઉત્તમ ધનુર્ધર છે, તેજ પરશુરામનો શિષ્ય કર્ણ, અસ્ત્રવિદ્યામાં લગભગ તેના સરખોજ છે. અરે, તેમનાથી પણ કંઇક અધિકતાવાળો તે કર્ણ, પરશુરામનો પટ્ટશિષ્ય હોઇને શિષ્યોના ગુણથી યુક્ત પણ છે; છતાં કુંતીપુત્ર ભીમસેને તેને લીલામાત્રમાં કેમ જીતી લીધો ?[૧,૨] હે સંજય ! જે કર્ણનાપર મારા પુત્રોની મહાન વિજયાશા અવલંબી રહી છે, તે કર્ણને ભીમથી પરાજય પામેલો જોઈ દુર્યોધન શું બોલ્યો હતો ?[૩] વીર્યને વખાણનારો મહાબળવાન ભીમસેન કેવી રીતે લડયો હતો ? અને તે પછી કર્ણે રણમાં બળતા અગ્નિસમાન એવા ભીમસેનને જોઈને શું કર્યું હતું, તે મને કહે.[૪]

સંજયે કહ્યું:–તે પછી શાસ્ત્રોક્ત વિધિએ સજજ કરેલા રથપર બેસીને કર્ણ, વાયુથી ઉછળતા સમુદ્રની પેઠે ભીમસેન સામે પુનઃ ચઢી આવ્યો.[૫] હે રાજા ! તે સમયે કર્ણને ક્રોધાયમાન થયેલો જોઇને તમારા પુત્રો ભીમસેનને અગ્નિના મુખમાં હોમાયેલો માનવા લાગ્યા.[૬] પછી રાધાપુત્ર કર્ણ, ભયંકર ધનુષ્યનો ટંકાર કરીને તથા તાળીઓનો અવાજ કરીને ભીમસેનના રથપ્રત્યે ધસ્યો.[૭] હે રાજન્ ! એ રીતે શૂરા સૂર્યપુત્રનો તથા મહાત્મા કર્ણનો પુનઃ ઘોર સમાગમ થયો.[૮] અન્યોન્ય કોપાયમાન થયેલા તથા પરસ્પરનો વધ કરવા ઇચ્છતા તેઓ બન્ને જણા નેત્રોથી અન્યોન્યને બાળી નાખતા હોય તેમ સામસામે જોવા લાગ્યા.[૯] તેઓ બન્નેનાં નેત્રો ક્રોધથી લાલચોળ થઈ ગયાં. બે સર્પની પેઠે તેઓ બન્ને જણા તીવ્ર નિઃશ્વાસ નાખતા હતા અને બન્ને શત્રુદમન વીરો અન્યોન્ય સામે આવી જઇને વિંધવા લાગ્યા. જાણે કોપાયમાન થયેલા બે વાઘો હોય અથવા શીઘ્રગામી બે શકરા હોય તથા ક્રોધાયમાન થયેલા બે શરભ હોય તેવા દેખાતા તેઓ બંને જણા પરસ્પર યુદ્ધ કરી રહ્યા હતા.[૧૧] તે વેળા શત્રુદમન ભીમસેન અક્ષદ્યૂતમાં, વનમાં તથા વિરાટનગરમાં પોતાને જે જે ક્લેશો તથા દુઃખો પ્રાપ્ત થયાં હતાં, તેનું સ્મરણ કરવા લાગ્યો. જેવાંકેઃ– "રત્નોની સમૃદ્ધિવાળા તેઓના દેશોનું તમારા પુત્રોએ જે હરણ કર્યું છે, પુત્ર સહિત એવા તમોએ નિરંતર તેમને જે જે ક્લેશો આપ્યા છે તે, નિરપરાધિની એવી કુંતીને પુત્રોસહિત બાળી નાખવાને તમે ઇચ્છા કરી હતી તે,તેમજ હે ભારત! દુષ્ટાત્મા તમારા પુત્રોએ દ્રૌપદીને સભાની મધ્યમાંજ જે દુઃખ આપ્યું છે તથા દુઃશાસને તેનો ચોટલો પકડીને જે અપમાન કર્યું છે અને કર્ણે તેને આવાં કઠોર વાકયો કહ્યાં છે; જેમકેઃ–"હે દ્રૌપદિ ! હવે તું બીજા પતિને સ્વીકારી લે. તારા પૂર્વના પતિઓ હવે નથીજ એમ તું માની લે. તેલવિનાના તલસરખા નપુંસક પાંડવો નરકમાંજ પડયા છે." ઇત્યાદિ. વળી હે કુરુવંશજ રાજા ! તમારી સમક્ષમાં તે સમયે સર્વ કૌરવો પણ જે દુષ્ટ વચનો બોલ્યા હતા અને તમારા પુત્રો દાસીભાવે દ્રૌપદીને ભોગવવાની ઇચ્છા રાખતા હતા તથા સભામાં તમારી સમક્ષ કર્ણે કાળા મૃગચર્મને ધારણ કરનારા તથા વનમાં ચાલ્યા જતા પાંડવોને જે ક્રૂર વચનો કહ્યાં છે અને સુખી સ્થિતિમાં રહેલો ક્રોધી તથા ભાન વિનાનો તમારો પુત્ર દુર્યોધન, તે સમયે સંકટમાં આવી પડેલા તે પાંડવોને તૃણતુલ્ય લેખીને તેઓના તરફ જેમ આવે તેમ વર્ત્યો છે તે બધાં દુઃખોનો તથા બાલ્યાવસ્થાથી આરંભીને પોતાને જે કંઇ દુઃખો થયાં હતાં તે બધાંનો શત્રુસંહારક ભીમસેન વિચાર કરવા લાગ્યો અને તે ધર્માત્મા પોતાના જીવિતથી તે સમયે વિરક્ત થયો.[૧૩–૨૦]

તે પછી સુવર્ણની પીઠવાળા દુરાસદ અને અતિમહાન એવા ધનુષ્યનો ટંકાર કરીને ભરતવંશમાં સિંહસમાન શ્રેષ્ઠ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમસેન, પોતાના જીવની પણ પરવા કર્યા વગર કર્ણસામે ગયો. તે ભીમસેને કર્ણના રથપ્રત્યે સરાણપર ઘસેલાં અને તેથીજ ચકચકિત કિરણોવાળાં બાણોની જાળ પાથરી દઇને સૂર્યની પ્રભાને ઢાંકી દીધી.[૨૨] ત્યારે અધિરથના પુત્ર કર્ણે પણ મોટું અટ્ટહાસ્ય કરીને શિલાઓપર તીક્ષ્ણ કરેલાં કેટલાંએક બાણો છોડયાં અને તે ભીમસેનની બાણ-જાળને વીખેરી નાખી. તે ઉપરાંત મહાબળવાન મહારથ કર્ણે, મોટાં અને તીક્ષ્ણ એવાં નવ બાણોવડે ભીમસેનને વિંધી નાખ્યો.[૨૪] અંકુશો મારીને જેમ હાથીને અટકાવવામાં આવે, તેમ તે બાણોવડે ભીમસેનને કર્ણે અટકાવ્યો; છતાં નિર્ભય થઇને તે સૂતપુત્ર સામે દોડયો.[૨૫] એ રીતે વેગથી ઉતાવળા ઉતાવળા પોતાની સામે ધસી આવતા પાંડવશ્રેષ્ઠ ભીમસેનને જોઇને કર્ણે પણ મદોન્મત્ત હાથી જેમ બીજા મદોન્મત્ત હાથીસામે ધસારો કરે, તેમ યુદ્ધમાટે ધસારો કર્યો.[૨૬] તે પછી એકસો ભેરીઓસમાન શબ્દ કરતા પોતાના શંખને હર્ષપૂર્વક વગાડીને કર્ણે, ઉછળી રહેલા સમુદ્રની પેઠે ભીમસેનના સૈન્યને ખળભળાવી દીધું.[૨૭] હાથી, ઘોડા, રથ અને પાળાઓવાળા પોતાના સૈન્યને ખળભળી ઉઠેલું જોઇને ભીમસેન, કર્ણ પાસે આવીને બાણોવડે તેને છાઇ દેવા લાગ્યો. એ રણમાં બાણો મૂકીને ભીમસેનને છાઇ દેતા કર્ણે, હંસસમાન વર્ણવાળા પોતાના ઉત્તમ ઘોડાઓની સામે રીંછસમાન વર્ણના ભીમસેનના ઘોડાઓને ભેટાડી દીધા હતા.[૨૯] એ પ્રમાણે વાયુસમાન વેગવાળા રીંછવર્ણા ઘોડાઓને શ્વેતવર્ણના ઘોડાઓસામે ભેટમભેટા થયેલી જોઇ તમારા પુત્રોના સૈન્યમાં મોટો હાહાકાર થઇ રહ્યો.[૩૦] હે મહારાજ ! આકાશમાં એકઠા મળેલા કાળા-ધોળા મેઘોસરખા તે પવનવેગી ઘોડાઓ તે વેળા એકબીજાસામે અથડાઇને એકઠા થઈ ગયા હતા, જેથી બહુ શોભતા હતા.[૩૧] વળી યુદ્ધ કરવા સજ્જ થયેલા તથા ક્રોધથી લાલચોળ નેત્રોવાળા કર્ણ અને ભીમસેનને જોઇને તમારા પુત્રોના પક્ષના મહારથીઓ ભયભીત થઇને કંપી ઉઠયા. હે ભરતશ્રેષ્ઠ રાજા ! તેઓ બન્નેનું તે યુદ્ધ યમરાજસરખું ઘોર થઇ રહ્યું હતું અને પ્રેતરાજાના નગરસમાન દુષ્ટ દેખાવનું જણાતું હતું. જાણે મોટો સમાજ એકઠો મળ્યો હોય, તેમ સર્વ મહારથીઓ પ્રેક્ષકતરીકે એ અદ્ભુત યુદ્ધને જોઇ રહ્યા હતા; પણ એ મહારણમાં " અમુક એકનો જય થશે, બીજાનો નહિ થાય, " એ પ્રમાણેનો કોઇપણ નિશ્ચય કરી શકયા નહિ. હે રાજન્ ! પુત્રસહિત એવા તમારા દુષ્ટ વિચારોના પરિણામે નિપજેલું તેઓ બન્નેનું (મોટાં મોટાં અસ્ત્રોવાળા કર્ણ અને ભીમસેનનું) તદ્દન નજદીકમાં થતું હાથોહાથનું યુદ્ધ સર્વ પ્રેક્ષકો જોઈ રહ્યા હતા. શત્રુઓનો સંહાર કરનારા તેઓ બન્ને જણા તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને અન્યોન્યને ઢાંકી દેતા હતા અને પરસ્પર અદ્ભુત પરાક્રમ કરીને આકાશને બાણજાળથી છાઈ દેતા હતા.[૩૬] તેઓ બન્ને મહારથીઓ, તીક્ષ્ણ બાણો છોડી છોડીને અન્યોન્યને મારી નાખવા ઇચ્છિતા હતા અને વૃષ્ટિવાળા બે મેઘોની પેઠે અત્યંત દર્શનીય થઇ પડયા હતા.[૩૭] હે રાજા ! સુવર્ણભૂષિત બાણોને છોડી રહેલા તેઓ બન્ને શત્રુદમન વીરો, મોટી ઉલ્કાઓની માફક આકાશને દેદીપ્યમાન કરી રહ્યા હતા.[૩૮] હે રાજન્ ! તે વેળા તેઓ બન્નેએ છોડેલાં ગીધપક્ષીનાં પીંછાંવાળાં બાણો શરદ્ઋતુમાં મદમત્ત થયેલાં સારસ પક્ષીઓની આકાશમાં બંધાયેલી શ્રેણીઓની પેઠે શોભતાં હતાં.[૩૯]

એ સમયે સૂતપુત્ર કર્ણની સાથે યુદ્ધ કરવા તત્પર થયેલા શત્રુદમન ભીમસેનને જોઇને શ્રીકૃષ્ણ અને અર્જુન, ભીમસેનપર અતિશય ભાર આવી પડેલો માનવા લાગ્યા.[૪૦] તે યુદ્ધમાં કર્ણ અને ભીમસેને છોડેલાં બાણોવડે સખ્ત હણાયલા ઘોડાઓ, મનુષ્યો તથા હાથીઓ, બાણોને પડવાના સ્થળને ઓળંગી જઇ પડવા લાગ્યા. અનેક પડતા, પડેલા તથા બીજા મરણ પામેલા અશ્વાદિકથી હે મહારાજ ! તમારા પુત્રોના માણસોનો સંહાર વળી ગયો; અને જોતજોતામાં હે ભરતશ્રેષ્ઠ રાજા ! નિર્જીવ થયેલાં મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નુષ્ય, હાથી અને ઘોડાઓનાં શરીરોથી આખી રણભૂમિ છવાઇ ગઇ.[૪૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભીમ અને કર્ણનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૩૨ મો સમાપ્ત

અધ્યાય ૧૩૩ મો

ભીમ અને કર્ણનું યુદ્ધ (ચાલુ)

॥ धृतराष्ट्र उवाच ॥

अत्यद्भुतमहं मन्ये भीमसेनस्य विक्रमम् ।
यत्कर्णं योधयामास समरे लघुविक्रमम् ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-ભીમસેનનાં પરાક્રમને મારે અતિ અદ્ભુત માનવું પડે છે; કારણકે યુદ્ધમાં શીઘ્ર પરાક્રમ કરનાર કર્ણની સામે તેણે અતિમહાન યુદ્ધ કર્યું હતું.[૧] અરે! યક્ષો, અસુરો અને મનુષ્યોસહિત સર્વ શસ્ત્રોને ધારણ કરી સામા આવેલા દેવોને પણ કર્ણ, રણમાં અટકાવી રાખે તેવો છે.[૨] હે સંજય! તે કર્ણ, યુદ્ધમાં વિજયલક્ષ્મીથી જાણે પ્રકાશતો હોય તેવા ભીમસેનને યુદ્ધમાં કેમ તરી ગયો નહિ? તે મને કહે.[૩] તેઓ બન્નેના પ્રાણદ્યૂતમાં કેવી રીતનું યુદ્ધ થયું હતું? હું માનું છું કે, આ યુદ્ધમાંજ જય અથવા પરાજયનો મુખ્ય આધાર રહેલો છે.[૪] મારો પુત્ર દુર્યોધન, કર્ણને પોતાના પક્ષમાં લઇને ગોવિંદ અને સાત્યકિસહિત પાંડવોને રણમાં જીતવાનો ઉત્સાહ ધરાવે છે;[૫] પણ ભીમકર્મા ભીમસેને વારંવાર યુદ્ધમાં કર્ણનો પરાજય કરેલો સાંભળીને મને તો મુંઝવણ થાય છે.[૬] અરેરે! મારા પુત્ર દુર્યોધનની દુષ્ટ નીતિને પરિણામે કૌરવોનો વિનાશજ થઇ રહ્યો છે, એમ હું માનું છું. હે સંજય! કર્ણ, મહાધનુર્ધર પાંડવોને કદી જીતી શકશે નહિ.[૭] કર્ણે પાંડવોની સાથે રણાંગણમાં જે જે યુદ્ધો કર્યાં છે, તે તે સર્વમાં પાંડવોએ કર્ણને જીત્યો છે.[૮] હે તાત! ઇંદ્રસહિત દેવો પણ પાંડવોને કદી જીતી શકે તેમ નથી; પણ મારો મંદ પુત્ર દુર્યોધન, એ વાતને સમજતોજ નથી. કુબેરના ધનહરણનીજેમ રાજા યુધિષ્ઠિરનુંધન હરી લઇને મારો મૂર્ખ પુત્ર સમજ્યો નહિ કે, મધ મેળવવાની ઇચ્છા રાખનારાની પેઠે મારો વિનાશ થશે.[૧૦] કપટબુદ્ધિનો દુર્યોધન, મહાત્મા પાંડવોના રાજ્યને કપટથી છીનવી લઇને માની બેઠો છે કે, "હું હવે જીત્યો છું." આમ માનીનેજ તે પાંડવોની અવગણના કરે છે.[૧૧] અરેરે! પુત્રના સ્નેહમાં પાયમાલ થયેલા અકુશલાત્મા મેં પણ ધર્મમાં રહેલા મહાત્મા પાંડવોના ઘણા ઘણા અપરાધો કર્યા છે.[૧૨] દીર્ઘ દૃષ્ટિના રાજા યુધિષ્ઠિરને તથા તેમના ભાઇઓને તો સલાહસંપ કરવાનીજ ઇચ્છા હતી; પણ મારા પુત્રોએ તેને અશક્ત માનીને અપમાન કર્યું છે.[૧૩] ખરેખર! તે બધાં દુઃખોને તથા પૂર્વે કરેલા અમારા અપરાધોને મનમાં રાખીને મહાબાહુ ભીમસેન, સૂતપુત્ર સાથે લડયો હોય એમ મને લાગે છે;[૧૪] માટે હે સંજય! યુદ્ધ કરવામાં શ્રેષ્ઠ અને પરસ્પરનો વધ કરવા ઇચ્છતા તેઓ બન્ને-કર્ણ અને ભીમસેન, જે રીતે રણમાં લડયા હોય, તે બધું તું મને કહે.[૧૫]

સંજયે કહ્યું:-હે રાજન્! પરસ્પર વધ કરવાની ઇચ્છાવાળા વનના બે હાથીસમાન તે કર્ણ અને ભીમસેનનો સંગ્રામ જે પ્રમાણે થયો હતો, તે પ્રમાણે હું તમને કહું છું માટે સાંભળો.[૧૬]

હે રાજન્! ક્રોધાયમાન થયેલા સૂર્યપુત્ર કર્ણે ક્રોધાયમાન થયેલા શત્રુદમન પરાક્રમી ભીમસેનસામે પરાક્રમ કરીને ત્રીસ બાણોનો પ્રથમ પ્રહાર કર્યો છે.[૧૭] વળી પણ તેણે મહાવેગવાળાં, પ્રકાશિત અગ્રભાગવાળાં તથા સુવર્ણથી સુશોભિત એવાં બીજાં કેટલાંએક બાણોનો ભીમસેનને પ્રહાર કર્યો. એ રીતે બાણોને ફેંકી રહેલા તે કર્ણના ધનુષ્યને ભીમસેને તીક્ષ્ણ ત્રણ બાણો મૂકીને કાપી નાખ્યું તથા બીજું એક ભલ્લ બાણ છોડીને તેના સારથિને પણ રથની બેઠકપરથી નીચે ઢોળી પાડયો;[૧૯] એટલે સૂતપુત્ર કર્ણે, ભીમસેનનો તદ્દન નાશ કરવાનીજ ઇચ્છા કરી અને તેણે સુવર્ણ તથા વૈડૂર્યમણિથી ચિત્રવિચિત્ર દાંડાવાળી એક શક્તિ ગ્રહણ કરી.[૨૦] સાક્ષાત્ બીજી કાળશક્તિ હોય તેવી તે મહાશક્તિને હાથમાં ઉંચી કરીને બરાબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંધીને મહાબળવાન રાધાપુત્ર કર્ણે ભીમસેનસામે ફેંકી. ઇંદ્ર જેમ વજ્ર ફેંકે, તેમ જીવિતનો નાશ કરનારી તે શક્તિને ફેંકીને રાધાપુત્ર સૂતનંદન કર્ણ મોટા શબ્દથી ગર્જના કરવા લાગ્યો. તે સમયે તે ગર્જના સાંભળીને તમારા પુત્રો હર્ષમાં આવી ગયા.[૨૩] પછી કર્ણના હાથમાંથી છૂટેલી તથા સૂર્ય અને અગ્નિસમાન પ્રભાવાળી તે શક્તિને ભીમસેને સાત બાણો છોડીને આકાશમાંજ કાપી નાખી. એ રીતે કાંચળીવિનાના સર્પસમાન દેખાતી તે શક્તિને કાપી નાખીને ભીમસેન જાણે સૂતપુત્રના પ્રાણોને ખોળતો હોય, તેમ કોપાયમાન થઇને હે રાજા! મોરનાં પીછાં બાંધેલાં, સુવર્ણના પુંખવાળાં, સરાણપર ઘસેલાં તથા સાક્ષાત્ કાળદંડ સમાન તીક્ષ્ણ બાણોને યુદ્ધમાં કર્ણસામે છોડવા મંડયો.[૨૫,૨૬] કર્ણે પણ તે સમયે સુવર્ણની પીઠવાળું બીજું દુરાસદ ધનુષ્ય ઉઠાવીને તથા તે મહાન ધનુષ્યને ખેંચીને ઘણાં બાણો છોડવા માંડયાં;[૨૭] પણ તે બધાં બાણોને પાંડુપુત્ર ભીમસેને નમેલાં પર્વવાળાં નવ બાણોવડે કાપી નાખ્યાં. હે રાજન્! એ પ્રમાણે કર્ણે છોડેલાં બાણોને કાપી નાખીને ભીમસેન સિંહની પેઠે ગર્જના કરવા લાગ્યો. એ રીતે તેઓ બન્ને જણા ગાયોના મધ્યમાં ગર્જના કરતા બળવાન બે આખલાઓની પેઠે તથા માંસને માટે અન્યોન્ય સામે ગર્જનાઓ કરતા બે વ્યાઘ્રોની પેઠે ગાજી રહ્યા હતા અને અન્યોન્યને પ્રહાર કરીને એકબીજાનો દાવ વાળવા ઇચ્છતા હતા.[૨૮–૩૦] વાડામાં રહેલા બે સાંઢોની પેઠે કતરાઇ કતરાઇને એકબીજાની સામે તેઓ જોતા હતા અને પરસ્પર સામસામા દંતૂશળો ભરાવીને યુદ્ધ કરતા બે મોટા હાથીઓસમાન તેઓ દેખાતા હતા. હે મહારાજ! ધનુષ્યને કાન સુધી સંપૂર્ણ ખેંચીને છોડેલાં બાણોવડે તેઓ બન્ને જણા એકબીજાસામે પ્રહાર કરી રહ્યા હતા અને શસ્ત્રવૃષ્ટિથી પરસ્પરને બાળી નાખતા હતાં.[૩૨] ક્રોધથી ડોળાઓ ફાડી ફાડીને તેઓ બન્ને જણા એકબીજાસામે જોતા હતા તથા અન્યોન્ય સામે હસી હસીને વારંવાર એકબીજાની સામે તર્જના કરતા હતા. વળી સમયે સમયે શંખોનો શબ્દ કરતા કરતા તેઓ બન્ને જણા એ રીતે પરસ્પર યુદ્ધ કરી રહ્યા હતા. હે રાજા! તે પછી ભીમસેને કર્ણના ધનુષ્યને પુનઃ મુષ્ટિપ્રદેશમાંથી કાપી નાખ્યું, શંખવર્ણા તેના ઘોડાઓને પણ મારીને યમલોકમાં મોકલી, દીધા એના સારથિને પણ રથના માળામાંથી નીચે પાડી નાખ્યો; એટલે પછી સૂર્યપુત્ર કર્ણ અતિ ગહન ચિંતામાં પડી ગયો, તેના ઘોડાઓ માર્યા ગયા હતા, સારથિ મરણ પામ્યો હતો અને પોતે પણ રણમાં બાણોથી તદ્દન ઢંકાઇ ગયો હતો.[૩૬] બાણજાળથી તે એટલો બધો ગભરાઇ ગયો, કે જેથી હવે શું કરવું તેની પણ તેને ખબર પડી નહિ. એ રીતે સંકટમાં આવી પડેલા કર્ણને જોઇને રાજા દુર્યોધન ક્રોધથી જાણે ધ્રૂજતો હોય, તેમ પોતાના ભાઈ દુર્જયને આજ્ઞા કરવા લાગ્યો:– "અરે ઓ દુર્જય! જા, જલદી જા. પાંડુપુત્ર ભીમસેન અહીં આગળ રાધાપુત્ર કર્ણને ગળી જાય છે, માટે કર્ણની શક્તિને બળ આપી તું તે નપુંસક ભીમસેનનો શીઘ્ર નાશ કરી નાખ." એ પ્રમાણે દુર્યોધનની આજ્ઞા થતાં "બહુ સારૂં" એમ તેને કહીને તમારો પુત્ર દુર્જય, કર્ણસામે યુદ્ધ કરી રહેલા ભીમસેનસામે ધસ્યો અને બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. તેણે નવ બાણોથી ભીમને, આઠ બાણોથી તેના ઘોડાઓને, છબાણોથી તેના સારથિને તથા ત્રણ બાણોથી તેના ધ્વજને પ્રહાર કરી પુનઃ સાત બાણો ભીમસેનને માર્યાં. તે જોઈ ભીમસેન કોપ્યો. ઉપરાઉપરી બાણો મૂકીને તેણે દુર્જયના ઘોડાઓને તથા સારથિને મારી નાખ્યા અને તેનાં સર્વ મર્મસ્થાનોમાં ગાઢ પ્રહાર કરી તેને પોતાને પણ યમલોકમાં વિદાય કરી દીધો. તે સમયે સારી રીતે શણગારેલા અને સર્પની પેઠે પૃથ્વીપર વારંવાર તરફડતા તે દુર્જયને જોઈ દુઃખી થયેલો દયાળુ કર્ણ રડી પડયો અને તેણે તમારા તે પુત્રની પ્રદક્ષિણા કરી.[૩૬–૪૩]

આ તરફ ભીમસેન તો પોતાના કટ્ટા શત્રુ કર્ણને રથવિનાનો કરીને ઘણો ગર્વમાં આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો અને સંખ્યાબંધ બાણોથી, બંદુકોથી તથા લોખંડી શંકુઓથી તેને છાઇ દેવાજ લાગ્યો. આ રીતનું પોતાનાપર સંકટ આવી પડયું હતું અને પોતે અનેક બાણોથી તે સમયે ભેદાતો હતો; છતાં શત્રુતાપન અતિરથી કર્ણે, ક્રોધાયમાન સ્વરૂપવાળા તે ભીમસેનનો રણમાં ત્યાગ કર્યો ન હતો.[૪૪,૪૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભીમ અને કર્ણનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૩૩ મો સમાપ્ત

અધ્યાય ૧૩૪ મો

કર્ણનું પલાયન

॥ संजय उवाच ॥

सर्वथा विरथः कर्णः पुनर्भीमेन निर्जितः ।
रथमन्यं समास्थाय पुनर्विव्याध पांडवम् ॥१॥

સંજયે કહ્યું:—સર્વથા રથરહિત થયેલો અને ભીમસેનથી પરાજય પામેલો કર્ણ, બીજા રથમાં બેસીને પુનઃ યુદ્ધ કરવા આવ્યો અને બાણોવડે ભીમસેનને વિંધવા લાગ્યો.[૧] જેમ બે મોટા હાથીઓ સામસામા આવી જઇને દંતૂશળોથી એકબીજાને પ્રહાર કરે, તેમ તેઓ બન્ને જણા સંપૂર્ણ કાનસુધી ખેંચેલા ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે અન્યોન્યને પ્રહાર કરવા લાગ્યા.[૨] તે પછી કર્ણે ભીમસેનને સંખ્યાબંધ બાણો માર્યાં અને મોટી ગર્જના કરી પુનઃ છાતીમાં તેને વિંધી નાખ્યો;[૩] ત્યારે ભીમસેને સીધાં જનારાં દશ બાણો મૂકીને તેને સામેથી વિંધી નાખ્યો તથા નમેલાં પર્વવાળાં સિત્તેર બાણોનો પુનઃ પ્રહાર કર્યો.[૪] વળી પણ ભીમસેને કર્ણને નવ બાણોવડે છાતીમાં વિંધી નાખીને બીજા એક તીક્ષ્ણ બાણથી તેના ધ્વજને પણ વિંધી નાખ્યો;[૫] એટલુંજ નહિ પણ અંકુશોથી જેમ મોટા હાથીને પ્રહાર કરવામાં આવે અને ચાબૂકોથી જેમ કોઈ એક ઘોડાને માર મારે, તેમ ત્રેસઠ બાણોનો કર્ણને માર માર્યો. હે મહારાજ! યશસ્વી ભીમસેને કર્ણને જ્યારે અત્યંત વિંધી નાખ્યો, ત્યારે તે વીર, જીભવડે પોતાનાં ગલોફાં ચાટવા લાગ્યો અને તેના નેત્રના ખૂણા ક્રોધથી લાલચોળ થઇ ગયા.[૬] પછી તેણે હે મહારાજ! ઇંદ્રે બલદૈત્યસામે જેમ વજ્ર છોડયું હતું, તેમ આખા શરીરને ચીરી નાખે તેવું બાણ ભીમસેનસામે છોડયું. કર્ણના ધનુષ્યમાંથી છૂટીને તે બાણ, ભીમસેનને વિંધી નાખી પૃથ્વીમાં પેસી ગયું.[૯] તે બાણપ્રહારથી મહાબાહુ ભીમસેનનાં નેત્રો પણ ક્રોધથી લાલ બની ગયાં; અને તેણે સાક્ષાત્ વજ્ર સરખી, ચાર હાથના માપની, સુવર્ણની કલ્લીઓવાળી તથા છ આરાઓવાળી એક ભારે ગદા વિચાર કર્યા વિના કર્ણના તરફ ફેંકી. ક્રોધપૂર્વક ફેંકેલી તે ગદાથી ભરતવંશી ભીમસેને વજ્રથી ઇન્દ્ર જેમ અસુરોને મારી નાખે તેમ સુંદર ગતિના કર્ણના ઉત્તમ ઘોડાઓને મારી નાખ્યા. વળી હે ભરતશ્રેષ્ઠ રાજા! મહાબાહુ ભીમસેને બે ક્ષુર જાતિનાં બાણોવડે કર્ણના ધ્વજને કાપી નાખીને બીજાં કેટલાંએક બાણોવડે તેના સારથિને પણ મારી નાખ્યો; એટલે પછી હે ભારત! કર્ણ, માર્યા ગયેલા ઘોડા અને સારથિવાળા તથા પડી ગયેલી ધ્વજાવાળા તે રથનો ત્યાગ કરી ઉદાસ મને પોતાના ધનુષ્યનો ટંકાર કરતો પૃથ્વીપર ઉભો રહ્યો. તે વેળા રાધાપુત્ર કર્ણનું અદ્ભુત પરાક્રમ અમારા જોવામાં આવ્યું,[૧૦-૧૪] કારણ કે તે રથીશ્રેષ્ઠ પોતે રથવિનાનો થઈ ગયો હતો, છતાં પોતાના શત્રુને અટકાવી રહ્યો હતો.

એ રણમાં રથરહિત થઇને ઉભેલા પુરુષશ્રેષ્ઠ કર્ણને જોઇને હે રાજન્! તમારાપુત્ર દુર્યોધને દુર્મુખને કહ્યું:—"અરે ઓ દુર્મુખ! જો, આ કર્ણને ભીમસેને રથવિનાનો કરી નાખ્યો છે; માટે તે પુરુષશ્રેષ્ઠ મહારથીને તું એક રથ આપી આવ." એ રીતનું દુર્યોધનનું વચન સાંભળીને દુર્મુખ સત્વર કર્ણની પાસે ગયો અને બાણોવડે ભીમસેનને અટકાવવા લાગ્યો. તે વખતે સંગ્રામમાં કર્ણને પગલે આવેલા દુર્મુખને જોઇને વાયુપુત્ર ભીમસેન અત્યંત હર્ષમાં આવી ગયો અને ગલોફાં ચાટવા લાગ્યો. હે મહારાજ! તેણે બાણો મૂકીને કર્ણને અટકાવી રાખ્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્કાળ દુર્મુખના તરફ રથને હંકારાવ્યો. તેજ ક્ષણે નમેલા પર્વવાળાં નવ બાણો મારીને ભીમે દુર્મુખને યમલોકમાં મોકલી દીધો. એ રીતે જ્યારે દુર્મુખ મરણ પામ્યો, ત્યારે અધિરથ-પુત્ર કર્ણ તેના રથપરજ ચઢી બેઠો અને પ્રદીપ્ત સૂર્યસરખો શોભવા લાગ્યો. દુર્મુખ તો રણ-ભૂમિપર શયન કરી ગયો હતો, તેનાં મર્મ-સ્થાનો છિન્નભિન્ન થઇ ગયાં હતાં અને તેનું આખું શરીર લોહીથી ખરડાઇ ગયું હતું. એ સ્થિતિએ પડેલા તે દુર્મુખને જોઇને કર્ણનાં નેત્રો અશ્રુઓથી ભરાઈ આવ્યાં. એક મુહૂર્ત-કાળસુધી તો તે સ્તબ્ધ થઈનેજ ઉભો રહ્યો. પછી પ્રાણરહિત થયેલા તે દુર્મુખનું અતિ-ક્રમણ કરી કર્ણે તેની પ્રદક્ષિણા કરી. લાંબો ઉષ્ણ નિઃશ્વાસ નાખી, એ વીર ક્ષણવાર વિચા-રવા લાગ્યો કે, "હવે મારે શું કરવું?" આમ ઘણો વિચાર કર્યા છતાં તેને કર્તવ્ય કર્મનું ભાન આવ્યું નહિ. હે રાજન્! એ સમયનો લાભ લઇ ભીમસેને, ગીધનાંપીછાં બાંધેલાં ચૌદ નારાચ બાણોનો કર્ણને પ્રહાર કર્યો. હે મહારાજ! સુવ-ર્ણના પુંખવાળાં તે બાણોએ મહાતેજસ્વી કર્ણના કવચને તોડી નાખીને દશે દિશાઓને સુશોભિત કરી મૂકી. વધારામાં રુધિરનું ભોજન કરનારાં તે બાણોએ સૂતપુત્રના રુધિરનું પાન પણ કર્યું. હે મહારાજ! કાળે પ્રેરેલા ક્રોધી સર્પોની પેઠે પૃથ્વીપર પથરાયેલાં તે બાણો ઘણાંજ દેદીપ્ય-માન જણાતાં હતાં; અને તેઓ પૃથ્વીમાં સીધાં પેસી ગયાં હતાં, જેથી દરમાં અર્ધા પેઠેલા મહાન સર્પોની પેઠે તે જણાતાં હતાં.[૧૫–૨૬] તે પછી રાધાપુત્ર કર્ણે સુવર્ણથી વિભૂષિત એવાં અતિ ઉગ્ર ચૌદ નારાચબાણોવડે કોઇ જાતનો વિચાર કર્યાવિના સામો પ્રહાર કર્યો. કર્ણનાં તે બાણોએ ભીમસેનના ડાબા હાથને વિંધી નાખ્યો; અને પક્ષીઓ જેમ ક્રૌંચપર્વતમાં પ્ર-વેશ કરે, તેમ તે ભયંકર બાણો પૃથ્વીમાં પેસી ગયાં. તે વેળા પૃથ્વીમાં પ્રવેશ કરતાં તે નારાચબાણો સૂર્યાસ્તસમયે દેદીપ્યમાન જણાતાં કિરણોસમાન શોભતાં હતાં. એ રણમાં મર્મને વિંધી નાખનારાં કર્ણનાં બાણોથી ભીમસેન ચીરાઈ ગયો હતો; જેથી પર્વત જેમ પાણીનાં ઝરણને ઝરે, તેમ તે રુધિરને ઝરતો હતો. પછી ભીમસેને બરા-બર સાવધ થઇ મૂકેલાં ત્રણ બાણોવડે સૂતપુ-ત્રને વિંધી નાખ્યો તથા ગરુડસમાન વેગવાળાં બીજાં સાત બાણો મારીને એના સારથિને પણ ઘાયલ કર્યો. હે મહારાજ! તે પછી ભીમસે-નના બાણપ્રહારથી વિહ્વળ થયેલો તે કર્ણ, વેગવાળા ઘોડાઓવડે મહાભયથી રણનો ત્યાગ કરીને નાસી ગયો; પણ અતિરથી ભીમસેન તો પોતાના ધનુષ્યનો ટંકારવ કરી બળબળતા અગ્નિની પેઠે રણમાં ઉભોજ હતો.[૨૭–૩૫]

ઇતિ **શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'કર્ણનું પલાયન' એ વિષયનો અધ્યાય ૧૩૪ મો સમાપ્ત**

અધ્યાય ૧૩૫ મો

ધૃતરાષ્ટ્રના બળાપા !

॥ धृतराष्ट्र उवाच ॥

दैवमेव परं मन्ये धिक् पौरुषमनर्थकम् ।
यत्राधिरथिरायत्तो नातरत् पांडवं रणे ॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–દૈવનેજ મારે સર્વોત્કૃષ્ટ મા-નવું પડે છે. પુરુષાર્થ તો નિષ્ફળ છે અને ધિ-ક્કારવા યોગ્ય છે; કારણકે તે રણમાં બરાબર સાવધ રહેલો અધિરથનો પુત્ર કર્ણ, પાંડુપુત્ર ભીમસેનને તરી શક્યો નહિ.[૧] "આ રણસં-ગ્રામમાં કર્ણ ગોવિંદસહિત પાંડવોને જીત-વાનો ઉત્સાહ ધરાવે છે. કર્ણસમાન બીજો કોઇ યોદ્ધો મારા જોવામાં આવતો નથી." આ પ્ર-માણે દુર્યોધનને મેં વારંવાર બોલતો સાંભળ્યો છે. હે સૂત! મંદબુદ્ધિનો દુર્યોધન પ્રથમ મને કહેતો કે, "કર્ણ બળવાન, શૂરવીર, દૃઢ-ધનુષ્યધારી અને યુદ્ધના શ્રમને જીતનારો છે. આ યુદ્ધમાં વસુષેણ(કર્ણ)ની મને સહાય છે; જેથી દેવો પણ મને જીતવા સમર્થ નથી, તો પછી હે રાજન્! સત્વરહિત અને હૈયાફીટા પાં-ડવો તે કોણ માત્ર છે?" આ પ્રમાણે કહેનારો દુર્યોધન, ઝેરવિનાના સર્પની પેઠે પરાજય પા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેલા તથા યુદ્ધમાંથી પલાયન કરી ગયેલા કર્ણને જોઇને કશું બોલ્યો હતો કે નહિ? અરેરે! રાજ્યમૂઢ થયેલા તે દુર્યોધને, યુદ્ધોમાં અકુશળ એવા મારા પુત્ર દુર્મુખ એકલાને પતંગિયાની પેઠે અગ્નિમાં હોમી દીધો છે. હે સંજય! ખરેખર, મને તો લાગે છે કે, અશ્વત્થામા, મદ્રરાજા, કૃપાચાર્ય અને કર્ણ એ બધા એકઠા કળીને ભીમસેનની સામે ઉભા રહેવાને શક્તિમાન નથી. તેઓ બધા આ ભીમસેનના દશહજાર હાથી જેટલા મહાઘોર બળને તથા વાયુસમાન તેજવાળા એ ભીમસેનના ક્રૂર વ્યવસાયને જાણે છે, જેથી તેઓ યુગાન્ત વખતના કાળની ઉપમાને યોગ્ય એવા ક્રૂરકર્મા તે ભીમસેનને રણમાં શામાટે કોપાવે? તેનાં બળ, કોપ અને વીર્યને બરાબર સમજાય એવા હેતુથીજ મહાબાહુ કર્ણ એકલાએ પોતાના બાહુબળથી ગર્વિષ્ઠ થયેલા ભીમસેનનો અનાદર કરીને તેની સામે રણમાં યુદ્ધ કર્યું હશે! પણ દૈવયોગે ઇન્દ્ર જેમ અસુરને જીતે તેમ તેણે કર્ણને જીત્યો છે.[૨-૧૧] તે પાંડુપુત્ર ભીમસેનને રણમાં કોઈ જીતી શકે તેમ નથી; કારણકે તે એકલો દ્રોણને પણ મથી નાખીને મારી સેનામાં દાખલ થયો છે અને અર્જુનની શોધ કરી રહ્યો છે. તે ભીમસેનની સામે જીવવાની ઇચ્છાવાળો કયો પુરુષ જઈ શકે? રે સંજય! તે ભીમની આગળ ઉભા રહેવાનો પણ કોણ ઉત્સાહ કરી શકે? જેમ હાથમાં વજ્ર ઉંચું કરીને ઉભેલા ઇન્દ્રની સામે ઉભા રહેવાનો કોઇ રાક્ષસ ઉત્સાહ કરી શકતો નથી, તેમ નિઃશંક, મનુષ્ય પ્રેતરાજના નગરમાં પહોંચી જઇ પાછો ત્યાંથી અહીં આવી શકે પણ ભીમસેનની આગળ જઇને કદી પાછો ફરેજ નહિ. આ યુદ્ધમાં જે પુરુષો મોહિત થઇને ક્રોધાયમાન ભીમસેન પાછળ દોડયા છે, તેઓ અલ્પ ચેતનવાળા પુરુષો, પતંગિયાની પેઠે અગ્નિમાંજ પેઠા છે. તે સમયે સભામાં સર્વ કૌરવોના સાંભળતાં ભીમસેને ક્રોધથી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી મારા સર્વ પુત્રોના વધના સંબંધમાં જે પ્રતિજ્ઞાવચન કહ્યું છે, તેનો વિચાર કરીને તથા કર્ણને ભીમે પરાજય પમાડેલો જોઇને ભયભીત થયેલો દુઃશાસન, પોતાના મોટાભાઈ-સહિત ભીમસામે યુદ્ધ કરતાં જરૂર અટકી પડયો છે! હે સંજય! દુષ્ટ બુદ્ધિના મારા પુત્ર દુર્યોધને અગાઉ સભામાં વારંવાર કહ્યું હતું કે, "કર્ણ, દુઃશાસન અને હું યુદ્ધમાં પાંડવોને જીતીશું." તે મારો પુત્ર દુર્યોધન, ભીમે રથરહિત કરી પરાજય પમાડેલા કર્ણને જોઇને તથા સંધિ કરાવવામાટે આવેલા શ્રીકૃષ્ણના કરેલા અપમાનથી આ વેળા ઘણોજ પશ્ચાત્તાપ કરતો હશે! પોતાના કવચધારી ભાઇઓને યુદ્ધમાં ભીમસેને મારી નાખેલા જોઈ, ખરેખર, પોતાના અતિમહાન અપરાધના સંબંધમાં મારો પુત્ર સંતાપ કરતો હશે! અરે! કયો જીંદગીની ઇચ્છાવાળો પુરુષ, ક્રોધાયમાન થઇને સાક્ષાત્ કાળની પેઠે ઉભેલા ભયંકર આયુધધારી પાંડુપુત્ર ભીમસેનની વિરુદ્ધમાં ગમન કરે? વડવાગ્નિના મુખની મધ્યમાં આવેલો મનુષ્ય પણ કદાચ મુક્ત થઇ શકે, પણ ભીમસેનના ઝપાટામાં આવનાર કદી મુક્ત થાય નહિ, એવો મારો નિશ્ચય છે. આ યુદ્ધમાં પાંડવો, પાંચાલો, કેશવ અને સાત્યકિ એટલા બધા કોપ્યા છે, કે તેઓ પોતાના જીવિતનું રક્ષણ કરવા વિષે પણ દરકાર રાખતા નથી અને જીંદગીની પરવા કર્યાવિના યુદ્ધ કરી રહ્યા છે; માટે હે સારથિ! મારા પુત્રોનાં જીવિત હવે નષ્ટજ થયાં છે.[૧૨-૨૪]

સંજયે કહ્યું:-હે કુરુવંશી રાજા! આ મહાભયંકર પ્રસંગ આ સમયે જ્યારે ઉપસ્થિત થયો, ત્યારે તમે જે શોક કરો છો તે કેવળ વ્યર્થ છે. ખરૂં જોતાં આ જગતના વિનાશનું મૂળ તમે પોતેજ છો એમાં જરાએ સંશય નથી.[૨૫] પ્રથમ પુત્રોનાં વચનપર આધાર રાખીને તમે પોતેજ આ મહાન વૈર ઉભું કર્યું છે. તે સમયે તમને ઘણું ઘણું કહેનારાઓએ કહ્યું હતું; છતાં મરવા પડેલો માણસ જેમ પોતાને હિતકારક ઔષધનો અનાદર કરે, તેમ તમે તે વચનોનો અનાદર કર્યો હતો.[૨૬] હે પુરુષોત્તમ રાજા! તમે પોતેજ પ્રથમ અતિ દુર્જર (પચાવવાને અશક્ય) કાલકૂટ વિષનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન કર્યું છે; જેથી હવે તેનાં સંપૂર્ણ ફળને તમે પામો.[૨૭] આ સમયે યથાશક્તિ યુદ્ધ કરનારા મહાબળવાન યોદ્ધાઓની તમે નિંદા કરો છો; પરંતુ તે યુદ્ધ જે પ્રમાણે થયું હતું, તે હું તમને કહું છું, સાંભળો.[૨૮]

હે ભારત! ભીમસેનથી પરાજય પામેલા કર્ણને જોઇને તમારા પુત્રોમાંના પાંચ મહાધનુર્ધર ભાઈઓ તે સહન કરી શક્યા નહિ.[૨૯] દુર્મર્ષણ, દુઃસહ, દુર્મદ, દુર્ધર અને જય નામના તે પાંચેય ભાઇઓ તરેહ તરેહનાં કવચો ધારણ કરીને પોતાના શત્રુ ભીમસેનસામે ધસી ગયા.[૩૦] તેઓએ મહાબાહુ ભીમસેનને ચારેબાજુથી ઘેરી લીધો અને પતંગોના સમૂહોની પેઠે બાણોથી ભીમસેનની સર્વ દિશાઓને ઢાંકી દીધી.[૩૧] દેવસમાન સ્વરૂપવાળા તે કુમારોને એકાએક પોતાની સામા આવતા જોઇને ભીમસેને હસતાં હસતાં તેઓનો સ્વીકાર કર્યો.[૩૨]

એવામાં વળી રાધાપુત્ર કર્ણ, ભીમસેનની સામા ગયેલા તમારા પુત્રોને જોઇને મહાબળવાન ભીમસેનસામે યુદ્ધ કરવા પાછો ફર્યો;[૩૩] અને સુવર્ણનાં પુંખવાળાં તથા પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં કેટલાંએક બાણો છોડવા મંડયો. તે જોઇ ભીમસેન, તમારા પુત્રોના અટકાવ્યા છતાં સત્વર તેનીસામે ધસી ગયો.[૩૪] તે સમયે કૌરવો ચારેબાજુથી કર્ણને વિંટાઇ વળીને ભીમસેનના પર સંખ્યાબંધ નમેલાંપર્વવાળાં બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા;[૩૫] પણ હે રાજન્! ભીમસેને ભયંકર ધનુષ્યવાળા તે સર્વ પુરુષશ્રેષ્ઠોને ઘોડા અને સારથિઓસહિત માત્ર પચીસ બાણોવડેજ યમલોકમાં મોકલી દીધા, એટલે વાયુએ ભાંગી નાખેલાં વિચિત્ર પુષ્પોને ધારણ કરનારાં મોટાં વૃક્ષોની પેઠે તેઓ પ્રાણરહિત થઇને પોતાના સારથિઓસહિત રથપરથી નીચે ગબડી પડયા.[૩૭] તે વેળા ભીમસેનનું અદ્ભુત પરાક્રમ અમારા જોવામાં આવ્યું; કારણકે તેણે કર્ણને બાણોવડે અટકાવી રાખીને તમારા પુત્રોને મારી નાખ્યા હતા.[૩૮] તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને ભીમસેન જ્યારે ચારે બાજુથી પોતાને અટકાવવા લાગ્યો; ત્યારે હે મહારાજ! સૂતપુત્ર કર્ણ, ભીમસેનના તરફ એકીટસે જોઈ રહ્યો હતો.[૩૯] અને ભીમસેન પણ નેત્રોને પોતાનાં ક્રોધથી લાલચોળ કરીને તથા પોતાના મહાન ધનુષ્યનો ટંકારવ કરીને વારંવાર કર્ણની સામે જોવા લાગ્યો.[૪૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભીમસેનનું પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૧૩૫ મો સમાપ્ત

અધ્યાય ૧૩૬ મો

ભીમસેનનું યુદ્ધ

॥ संजय उवाच ॥

तवात्मजांस्तु पतितान्दृष्ट्वा कर्णः प्रतापवान्।
क्रोधेन महताविष्टो निर्विण्णोऽभूत्स जीवितान्

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા! તમારા પુત્રોને એ રીતે રણમાં પડેલા જોઈ પ્રતાપી કર્ણ મહાન ક્રોધાવેશમાં આવી ગયો અને પોતાના જીવિતથી લગભગ વિરક્ત–બેપરવા થયો.[૧] તે સમયે કર્ણ પોતાના આત્માને એક અપરાધીતરીકે માનવા લાગ્યો; કારણ કે પોતાની સમક્ષ ભીમસેને તમારા પુત્રોને રણમાં મારી નાખ્યા હતા.[૨] તે પછી ક્રોધાયમાન થયેલા ભીમસેને કર્ણસાથેના પોતાના પૂર્વના વૈરને યાદ કરીને અને તેથીજ ઘણો ક્ષુબ્ધ થઈને કર્ણનાપર તીક્ષ્ણ બાણો છોડવા માંડયાં,[૩] એટલે રાધાપુત્ર કર્ણે પણ હસતો હોય તેવો દેખાવ કરીને પ્રથમ પાંચ બાણોવડે ભીમસેનને વિંધી નાખીને પુનઃ પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં સુવર્ણપુંખી સિત્તેર બાણોનો તેને પ્રહાર કર્યો;[૪] પરંતુ ભીમસેને કર્ણે ફેંકેલાં તે બાણોને ગણકાર્યાં નહિ, પણ સામેથી પોતે નમેલાં પર્વવાળાં સો બાણો મૂકીને રાધાપુત્રને રણમાં માર માર્યો.[૫] વળી પણ હે રાજા! તીક્ષ્ણ પાંચ બાણોવડે તેનાં મર્મસ્થાનોમાં પ્રહાર કરીને બીજા એક ભલ્લ જાતના બાણથી સૂતપુત્રના ધનુષ્યને તેણે કાપી નાખ્યું. હે ભરતવંશી રાજા! પોતાનું ધનુષ્ય કપાઈ જતાં કર્ણનું મન ઘણું ઉદાસ થઈ ગયું. શત્રુતાપન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા તેણે તુરત બીજું ધનુષ્ય લઇને કેટલાંએક બાણોવડે ભીમસેનને છાઇ દીધો;[૭] એટલે ભીમસેને કર્ણના ઘોડાઓને તથા સારથિને મારી નાખી પોતે બરાબર બદલો વાળીને મોટેથી ખડખડાટ હસવા માંડ્યું.[૮] વળી પુરુષશ્રેષ્ઠ ભીમસેને એના ધનુષ્યને પણ કાપી નાખ્યું, જેથી હે મહારાજ! સોનાની પીઠવાળું તથા મોટો અવાજ કરનારૂં તેનું ધનુષ્ય રણભૂમિપર આવી પડ્યું. તે પછી મહારથી કર્ણ, પોતાના રથપરથી નીચે કૂદી પડ્યો અને હાથમાં ગદા લઇને ક્રોધપૂર્વક ભીમસામે તેણે ઘા કર્યો.[૧૦] હે રાજા! એ મહા ગદાને પોતાની તરફ આવતી જોઇને ભીમસેને સર્વ સૈન્યના દેખતાં બાણોવડે તેનું વારણ કર્યું. પછી કર્ણનો વધ કરવાની મનમાં ઇચ્છા કરીને પરાક્રમી ભીમસેને સત્વર હજારો બાણો ફેંકવા માંડ્યાં;[૧૨] પણ એ મહારણમાં ભીમસેને છોડેલાં તે બાણોનું પોતાનાં બાણોથી વારણ કરીને બીજાં કેટલાંએક બાણોથી કર્ણે, ભીમસેનના કવચને ચીરી નાખ્યું.[૧૩] વળી પણ સર્વ સૈન્યોના દેખતાં કર્ણે એને પચીસ બાણોનો પ્રહાર કર્યો.[૧૫] એ પછી હે રાજા! ભીમસેન કોપાયમાન થયો અને તેણે નમેલાં પર્વવાળાં નવ બાણોએ કર્ણના કવચને તથા જમણા બાહુને ચીરી નાખી તીક્ષ્ણ સર્પો જેમ રાફડામાં પ્રવેશ કરે તેમ પૃથ્વીમાં પ્રવેશ કર્યો.[૧૬] જોતજોતામાં તો કર્ણ ભીમસેનના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે તદ્દન દટાઇ ગયો અને પુનઃ તે ભીમસેનપાસેથી યુદ્ધ કરતાં કરતાં પાછો હઠ્યો.[૧૭] એ રીતે રણમાં પાછા હઠતા તથા પગપાળા થયેલા સૂતપુત્રને ભીમસેનનાં બાણોથી દટાઇ ગયેલો જોઇ રાજા દુર્યોધને યોદ્ધાઓને કહ્યું:-"અરે ઓ વીરપુરુષો! ઉતાવળ કરો, ઉતાવળ કરો. બરાબર સજ્જ થઇને તમે બધા કર્ણના રથસામે દોડી જાઓ."

હે રાજન્! પોતાના ભાઇનાં તે વચનને સાંભળીને રણમાં તરેહ તરેહનાં યુદ્ધ કરનારા ચિત્ર, ઉપચિત્ર, ચિત્રાક્ષ, ચારુચિત્ર, શરાસન, ચિત્રાયુધ અને ચિત્રવર્મા નામના કૌરવભાઇઓ એકદમ ભીમસેનસામા યુદ્ધ કરવા દોડી ગયા અને જતાંવેંતજ બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા; પણ મહારથી ભીમસેને પોતાની સામા ધસી આવતા તે બધા તમારા પુત્રોને માત્ર એકેક બાણથીજ રણમાં પાડવા માંડ્યા, એટલે મોટા વાયુએ ભાંગી નાખેલાં વૃક્ષોની પેઠે તેઓ બધા મરણ પામીને ધરણીપર ઢળી પડ્યા.[૧૮-૨૨] હે રાજન્! તમારા મહારથી પુત્રોને એ રીતે મરણ પામેલા જોઇ કર્ણનું મુખ અશ્રુઓથી ભરાઇ ગયું અને તે સમયે તેને વિદુરનાં વચનોનું સ્મરણ થયું.[૨૩] પછી શાસ્ત્રોક્ત વિધિએ તૈયાર કરેલા બીજા રથપર પુનઃ બેસીને પરાક્રમી કર્ણ, ઉતાવળો ઉતાવળો ભીમસેનસામે યુદ્ધ કરવા ધસ્યો.[૨૪] એ વેળા તેઓ બન્ને જણા સરાણપર ઘસેલાં સુવર્ણનાં પુંખવાળાં બાણોવડે અન્યોન્યને ભેદી નાખીને સૂર્યનાં કિરણોથી મિશ્ર થયેલા બે મેઘોની પેઠે રણમાં શોભતા હતા.[૨૬] પછી કોપેલા પાંડવ ભીમસેને પાણીદાર અને તીક્ષ્ણ એવાં છત્રીસ ભલ્લજાતનાં બાણોથી સૂતપુત્રના કવચને છિન્નભિન્ન કરી નાખ્યું;[૨૭] એટલે સૂતપુત્રે પણ નમેલાં પર્વવાળાં પચાસ બાણોથી ભરતશ્રેષ્ઠ કુંતાપુત્રને વિંધી નાખ્યો.[૨૭] એ સમયે તેઓ બન્ને-કર્ણ અને ભીમસેન-નાં શરીરો, લોહીરૂપી રક્તચંદનથી ચર્ચાઇ ગયાં હતાં. તેઓનાં બધાં શરીરમાં બાણોના મોટા ઘાવ પડી ગયા હતા અને આખે શરીરે તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા; જેથી ઉદય પામેલા ચંદ્ર-સૂર્યસમાન તેઓ શોભતા હતા. વળી લોહીથી છંટાયેલાં ગાત્રોથી યુક્ત એવા તથા બાણોથી જેઓનાં કવચો તદ્દન ઢંકાઇ ગયાં હતાં એવા તેઓ બન્ને જણા કાંચળીવિનાના બે સર્પોની પેઠે રણમાં શોભતા હતા;[૨૯] તથા એ બન્ને પુરુષવ્યાઘ્રો, બે વાઘો જેમ દાઢોથી અન્યોન્યને પ્રહાર કરે, તેમ બાણોની ધારાઓ છોડી છોડીને અન્યોન્યને પ્રહાર કરતા હતા અને બે મેઘોની પેઠે રણમાં વરસી રહ્યા હતા. જેમ બે હાથીઓ સામસામે દંતૂશળો ભરાવીને એકબીજાના અવયવોને છિન્ન ભિન્ન કરી નાખે, તેમ તે શત્રુદમન વીરો પણ બાણો મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકીને પોતાનાં ગાત્રોને છિન્ન ભિન્ન કરી નાખતા હતા.[૩૧] રથસ્વારોમાં ઉત્તમ એવા તેઓ બન્નેજણા હર્ષપૂર્વક સામસામી ગર્જનાઓ કરીને તથા રથોવડે રણમાં તરેહ તરેહનાં મંડળો રચી રચીને પરસ્પર ક્રીડા કરી રહ્યા હતા.[૩૨] ગાયોની વચમાં ગર્જના કરતા બળવાન બે આખલાઓની પેઠે મહાબળવાન એવા તે પુરુષસિંહો બે સિંહોની પેઠે પરાક્રમ કરી રહ્યા હતા. ક્રોધથી રાતાંચોળ નેત્રો કરીને પરસ્પરને જોતા અને મહાન વીર્યવાળા તેઓ બન્નેજણા ઇન્દ્ર અને બલિરાજાની પેઠે ત્યાં યુદ્ધ કરી રહ્યા હતા. પછી મહાબાહુ ભીમસેને બે હાથવડે પોતાના ધનુષ્યને ઘૂમાવ્યું, જેથી હે રાજા! વિજળીવાળા મેઘની પેઠે રણમાં તે શોભવા લાગ્યો.[૩૫] રથની નેમિના ઘોષરૂપ ગર્જનાવાળા તથા ધનુષ્યરૂપ વીજળીના ઝબકારાવાળા તે ભીમસેનરૂપ મહામેઘે બાણોરૂપ જળધારાથી કર્ણરૂપી પર્વતને ઢાંકી દીધો હતો.[૩૧] તે પછી હે ભારત! ભયંકર પરાક્રમ કરનાર પાંડવ ભીમસેન, સારી રીતે તાકી તાકીને છોડેલાં હજારો બાણો મૂકીને કર્ણના પર વૃષ્ટિ કરવા લાગ્યો.[૩૭] તે સમયે તમારા પુત્રો ભીમસેનના પરાક્રમને નિહાળી રહ્યા હતા; કારણ કે તેણે સુંદર પુંખવાળાં તથા કંક પક્ષીનાં પીછાં બાંધેલાં બાણોવડે કર્ણને તદ્દન દાટી દીધો હતો.[૩૮] ભીમસેન કર્ણસામે યુદ્ધ કરતો હતો અને તે રણમાં અર્જુનને, યશસ્વી કેશવને, સાત્યકિને તથા અર્જુનના ચક્રરક્ષકો-યુધામન્યુ તથા ઉત્તમૌજાને આનંદ ઉપજાવતો હતો.[૩૯] હે મહારાજ! તે આત્મવેત્તા ભીમસેનના પરાક્રમને, બન્ને બાહુઓનાં વીર્યને તથા ધૈર્યને નિહાળીને તમારા પુત્રોનાં મન ઘણાં ઉદાસ થઈ ગયાં.[૪૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'ભીમનું યુદ્ધ' એ વિષયનો
અધ્યાય ૧૩૬ મો સમાપ્ત

અધ્યાય ૧૩૭ મો

ભીમસેનનું યુદ્ધ (ચાલુ)

॥ संजय उवाच ॥

भीमसेनस्य राधेयः श्रुत्वा ज्यातलनिःस्वनम्।
नामृष्यत यथा मत्तो गजः प्रतिगजस्वनम्॥१

સંજયે કહ્યું:-હે રાજા ધૃતરાષ્ટ્ર! જેમ કોઇએક મદોન્મત્ત હાથી સામેથી બીજા હાથીની ગર્જનાને સહન કરી શકે નહિ, તેમ રાધાપુત્ર કર્ણ ભીમસેનના ધનુષ્યની દોરીના ટંકારવને સહન કરી શકયો નહિ.[૧] તે એક મુહૂર્ત જેટલા સમયસુધી ભીમસેનનાં બાણોને પડવાના સ્થાનથી દૂર ખસી ગયો હતો; પણ તેવામાં ભીમે રણમાં પાડી નાખેલા તમારા પુત્રોને તેણે જોયા.[૨] હે પુરુષશ્રેષ્ઠ રાજા! તેઓને જોઇને કર્ણને ઘણું દુઃખ થયું. તેનું મન તદ્દન ઉદાસ થઈ ગયું અને લાંબો ઉષ્ણ નિઃશ્વાસ નાખીને તે પુનઃ ભીમસેનસામે ગયો.[૩] એ સમયે તેનાં નેત્રો ક્રોધથી લાલ બની ગયાં હતાં, મોટા સર્પની પેઠે તે નિઃશ્વાસ મૂકતો હતો અને સૂર્ય જેમ કિરણોને ફેંકે તેમ બાણોને ફેંકી રહેલો તે કર્ણ દેદીપ્યમાન દેખાતો હતો; હે ભરતશ્રેષ્ઠ રાજા! સૂર્યનાં કિરણોથી જેમ પર્વત છવાઇ જાય, તેમ કર્ણના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોથી ભીમસેન છવાઇ ગયો હતો;[૫] અને સાયંકાળે નિવાસમાટે ચારેબાજુથી આવેલાં પક્ષીઓ જેમ કોઇએક વૃક્ષમાં પ્રવેશ કરે, તેમ કર્ણના ધનુષ્યમાંથી નીકળતાં મોરના પીંછવાળાં તે બાણો ભીમસેનપર પડતાં હતાં.[૬] કર્ણના ધનુષ્યમાંથી નીકળીને એક પછી એક ભીમસેનપર પડતાં તે સુવર્ણપુંખી બાણો હારબંધ હંસોની પેઠે શોભતાં હતાં.[૭] હે રાજા! ધનુષ્ય, ધ્વજ, ઉપસ્કરો, છત્ર, રથની ઇસનો અગ્રભાગ અને ધુંસરી આદિ સર્વ જગ્યાઓમાંથી જાણે નીકળતાં હોય, તેમ કર્ણનાં બાણો દેખાવા લાગ્યાં.[૮] આકાશને તદ્દન પૂર્ણ કરી દેતો તે કર્ણ, મહાવેગવાળાં, ગીધ પક્ષીનાં પીછાં બાંધેલાં તથા સુવર્ણથી સુશોભિત એવાં તરેહ તરેહનાં આકાશગામી બાણો છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો હતો.[૯] એ પ્રમાણે પોતાના પ્રાણોની પણ દરકાર નહિ કરીને કર્ણ સાક્ષાત્ કાળની પેઠે પ્રયાસ કરીને સામા ધસી આવતા ભીમસેનનું ઉલ્લંઘન કરી જઇને તીક્ષ્ણ બાણોવડે તેને વિંધવા લાગ્યો.[૧૦] પછી વીર્યવાન પાંડવ ભીમસેને તે કર્ણના અસહ્ય વેગને જોઇને તેના મોટા બાણોના ઢગોને અટકાવી દીધા. એ રીતે અધિરથપુત્ર કર્ણની બાણજાળોનો નાશ કરી નાખીને ભીમસેને કર્ણને વીસ બાણોથી વિંધી નાખ્યો; તથા બીજાં સરાણપર ચઢાવેલાં કેટલાંએક તીક્ષ્ણ બાણોથી જે પ્રમાણે પોતાને કર્ણે બાણોથી છાઇ દીધો હતો, તે પ્રમાણેજ તેણે કર્ણને રણમાં છાઇ દીધો. હે ભરતવંશી રાજા! એ રીતનું ભીમસેનનું યુદ્ધમાં પરાક્રમ જોઇને હર્ષ પામેલા ચારણો તથા તમારા પક્ષના યોદ્ધાઓ તેનાં વખાણ કર્યાવિના રહ્યા નહિ.[૧૪] ભૂરિશ્રવા, કૃપાચાર્ય, અશ્વત્થામા, મદ્રરાજ, જયદ્રથ, ઉત્તમૌજા, યુધામન્યુ, સાત્યકિ, કેશવ અને અર્જુન, એ દશ કૌરવ-પાંડવના ઉત્તમ મહારથો "વાહ, વાહ, ધન્ય, ધન્ય," એ પ્રમાણે કહીને વેગપૂર્વક સિંહનાદો કરવા લાગ્યા.[૧૫,૧૬] સાંભળતાં રોમાંચ થઇ જાય તેવો તે તુમુલ શબ્દ જ્યારે થઇ રહ્યો; ત્યારે હે રાજન્! તમારો પુત્ર દુર્યોધન સર્વ રાજાઓને, રાજપુત્રોને તથા ખાસ કરીને પોતાના ભાઇઓને ઉતાવળો ઉતાવળો આ પ્રમાણે કહેવા લાગ્યો:-"હે મહાધનુર્ધર યોદ્ધાઓ! જાઓ, તમે કર્ણ પાસે જાઓ અને ભીમસેનથી તેનું રક્ષણ કરો. તમારૂં કલ્યાણ થાઓ. ભીમસેનના ધનુષ્યમાંથી છૂટેલાં બાણો રાધાપુત્રનો નાશ કરે તે પહેલાં તમે સૂતપુત્રનું રક્ષણ કરવા પ્રયત્ન કરો."[૧૭-૧૯]

હે ભારત! એ પ્રમાણે દુર્યોધનની આજ્ઞા થતાં તેના સાત નાના ભાઈઓ ક્રોધપૂર્વક ભીમસેનસામે ધસી જઇને તેને ઘેરી વળ્યા.[૨૦] વર્ષાકાળે મેઘો પાણીની ધારાઓથી જેમ પર્વતને ઢાંકી દે તેમ તેઓ કુંતાપુત્ર પાસે આવીને બાણની વૃષ્ટિઓથી તેને ઢાંકી દેવા લાગ્યા.[૨૧] હે રાજન્! પ્રજાઓના સંહારકાળે એકત્ર થયેલા સાત ગ્રહો જેમ ચંદ્રમાને પીડે, તેમ તે સાતેય મહારથીઓ ક્રોધાયમાન થઇને ભીમસેનને પીડવા લાગ્યા.[૨૨] તે પછી પોતાનાં સુશોભિત ધનુષ્યોને પોતાની દૃઢ મુઠ્ઠીથી વેગપૂર્વક પકડીને તથા મનુષ્યોનો નાશ કરનારી તે બાણોની યોગ્યતા સમજીને સમર્થ ભીમસેને તમારા પુત્રોનાં શરીરોમાંથી પ્રાણોને દૂર ફેંકી દેવા ધારતો હોય, તેમ પૂર્વના વૈરનું સ્મરણ કરી સૂર્યનાં કિરણસમાન તેજસ્વી એવાં સાત બાણોને તેઓને માટે યત્નપૂર્વક સંધાન કરી ફેંક્યાં.[૨૩-૨૫] હે ભરતવંશી રાજા! ભીમસેને ફેંકેલાં, સુવર્ણના મુખવાળાં તથા સરાણપર ચઢાવી તીક્ષ્ણ કરેલાં તે બાણો ભરતવંશી તે સાતેય કુમારોને ચીરી નાખીને આકાશમાં ઉડ્યાં.[૨૬] હે મહારાજ! સુવર્ણભૂષિત એવાં તે બાણો તે રાજકુમારોના ચેતનનો નાશ કરી નાખીને આકાશચારી ગરુડોની પેઠે શોભાયમાન જણાતાં હતાં.[૨૭] હે રાજેંદ્ર! તે સાતે બાણોના અગ્રભાગો તથા પીછાંઓ લોહીથી ખરડાઇ ગયાં હતાં અને સુવર્ણથી સુશોભિત તે બાણો તમારા પુત્રોના રુધિરનું પાન કરીનેજ ઉંચે ઉછળ્યાં હતાં. એ બાણોથી જેઓનાં મર્મસ્થાનો ભેદાઇ ગયાં હતાં એવા તે રાજકુમારો, હાથીએ ભાંગી નાખેલાં પર્વતપર ઉગેલાં મોટાં વૃક્ષોની પેઠે રથોપરથી નીચે પડ્યા. શત્રુંજય, શત્રુસહ, ચિત્ર, ચિત્રાયુધ, દૃઢ, ચિત્રસેન અને વિકર્ણ, આ સાત નામધારી તે ભાઈઓને ભીમસેને રણમાં મારી નાખ્યા.[૩૦] મરણ પામેલા તમારા બધા પુત્રોમાંના વિકર્ણ નામના તમારા પુત્રનો ભીમસેન અત્યંત ઘણા દુઃખથી શોક કરવા લાગ્યો; કારણકે તે વિકર્ણ ભીમસેનને ઘણો પ્રિય હતો.[૩૧] હાય! ઓ વિકર્ણ! મેં પ્રતિજ્ઞા કરી હતી કે, "યુદ્ધમાં કૌરવ ભાઇઓને મારે મારવા, એ પ્રતિજ્ઞાના કારણથીજ મેં તને માર્યો છે અને મારી પ્રતિજ્ઞાનું મેં રક્ષણ કર્યું છે.[૩૨] હે વીર! ક્ષાત્રધર્મનું સ્મરણ કરી તું મારીસામે યુદ્ધ કરવા આવ્યો, જેથી મેં તને રણમાં માર્યો છે; કારણ કે યુદ્ધધર્મ ઘણો ક્રૂર છે.[૩૩] તું વિશેષે કરીને રાજા યુધિષ્ઠિરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા અમારૂં હિત કરવામાં આસક્ત રહેનારો હતો; છતાં ન્યાયથી કે અન્યાયથી મેં તને મારી નાખ્યો છે અને મહાતેજસ્વી એવો તું આ સમયે રણભૂમિપર શયન કરી ગયો છે.[૩૪] અરે, પૃથ્વીમાં સાક્ષાત્ બૃહસ્પતિસરખા અગાધ બુદ્ધિવાળા ગંગાપુત્ર ભીષ્મના પ્રાણોને પણ આ રણમાં અમે લીધા છે; માટે ખરેખર, યુદ્ધ અતિ નિષ્ઠુર છે.[૩૫]

સંજયે કહ્યું:-એ રીતે મહાબાહુ પાંડુનંદન ભીમસેને રાધાપુત્રના દેખતાં તે સાતે ભાઇઓને મારી નાખીને ઘોર સિંહનાદ કર્યો.[૩૬] હે ભારત! તે શૂરવીર ભીમસેનની તે સિંહગર્જના ધર્મરાજાના વિજયને અને ભીમના મહાયુદ્ધને જણાવતી હોય તેવી રીતે ગાજી રહી.[૩૭] ધનુર્ધર ભીમસેનના તે મહાનાદને સાંભળીને બુદ્ધિમાન ધર્મરાજાને તે સમયે ઘણો હર્ષ થયો;[૩૮] અને તેથીજ હર્ષિત મનવાળા પાંડવ યુધિષ્ઠિરે પોતાના સૈન્યમાં વાદિત્રોના મોટા અવાજો કરાવીને પોતાના ભાઇના સિંહનાદના શબ્દને સામેથી ઝીલી લીધો.[૩૯] વળી મહાન, હર્ષયુક્ત થઇ તથા ભીમસેનના તરફ પ્રતિધ્વનિ કરીને સર્વ શસ્ત્રધરોમાં શ્રેષ્ઠ એવા તે યુધિષ્ઠિરરાજા દ્રોણાચાર્ય સામે યુદ્ધ કરવા ચઢી ગયા.[૪૦] હે મહારાજ! એ રીતે પોતાના એકત્રીસ ભાઇઓને ભીમસેને મારી નાખેલા જોઇ દુર્યોધન તે સમયે વિદુરનાં વચનનું સ્મરણ કરવા લાગ્યો કે:-[૪૧] "વિદુરનાં તે સાચાં કલ્યાણકારક વચનોનો મેં જે અનાદર કર્યો હતો તેનું આ ફળ પ્રાપ્ત થયું છે." આવો વિચાર કરીને પણ તમારા પુત્રને હવે પછીના કર્તવ્યનું ભાન આવ્યું નહિ.[૪૨] તે સમયે જુગાર ખેલતી વેળાએ દુષ્ટ અને અલ્પબુદ્ધિના તમારા પુત્રે દ્રૌપદીને સભામાં તેડી મંગાવીને કર્ણને સાથે રાખી જે વચનો કહ્યાં હતાં અને હે રાજા! તમારી તથા પાંડુપુત્રોની સમક્ષમાં ભરીસભામાં કર્ણે દ્રૌપદીને જે કઠોર વચન કહ્યાં હતાં કે, "ઓ દ્રૌપદિ! પાંડવોનો હવે વિનાશ થઇ ગયો છે અને તેઓ નરકે ગયા છે, માટે તું બીજા વરને વર;" તે આ વચનોને હે રાજેન્દ્ર! તમે અને સર્વ કૌરવોએ શાંત બેસી રહીને સાંભળ્યાં હતાં, તેનું આ ફળ આવી પહોંચ્યું છે. વળી શંઢતિલ (તેલવિનાના તેલ) આદિ કઠોર વાક્યોનું હાથે કરીને કોપ ચઢાવનારા તમારા પુત્રોએ મહાત્મા પાંડવોને જે શ્રવણ કરાવ્યું હતું; તથા તેથી પ્રદીપ્ત થયેલો જે ક્રોધરૂપ અગ્નિ તેર વર્ષસુધી એમનો એમ રહી ધુંધવાઇ રહ્યો હતો, તે અગ્નિને આ સમયે ભીમસેને બહાર કાઢયો છે અને તેથીજ પાંડવ ભીમસેન તમારા પુત્રોનો નાશ કરી રહ્યો છે.[૪૩-૪૭] અરે! બિચારા વિદુરે ઘણા ઘણા વિલાપ કરીને તમને સમજાવ્યા હતા; છતાં તમારામાં તેને શાંતિનો અંશ ન મળ્યો તે નજ મળ્યો; માટે હે ભરતશ્રેષ્ઠ! હવે પોતાના પુત્રસહિત તેના ફળોદયને ભોગવો.[૪૮] તમારા જેવા વૃદ્ધ, ધીર અને કાર્યના તત્ત્વાર્થને જોનારા પુરુષે પણ પોતાના સુહૃદોનાં વાક્યોને જો ન માન્યાં તો તેમાં દૈવનીજ તત્પરતા હશે,[૪૯] માટે હે પુરુષવ્યાઘ્ર! હવે શોક મા કરો. આમાં તમારીજ મોટી અનીતિ છે. મારૂં નિશ્ચય માનવું એજ છે કે, તમારા પુત્રોના વિનાશનું કારણ તમે પોતેજ છો.[૫૦] હે રાજેન્દ્ર! વિકર્ણ માર્યો ગયો, વીર્યવાન ચિત્રસેન માર્યો ગયો અને એ સિવાયના તમારા સારા સારા પુત્રો તથા બીજા કેટલાએક મહારથીઓ પણ માર્યા ગયા અને એ સિવાયના બીજા જેઓ પોતાની દૃષ્ટિમાં આવ્યા તે તમારા પુત્રોને પણ હે મહારાજ! ભીમસેને સત્વર મારી નાખ્યા-આ બધાનું મૂળકારણ તમે પોતેજ છો. અરે! કેવળ તમારેમાટેજ આખી સેનાનો, શ્રેષ્ઠ પાંડુપુત્ર ભીમસેને છોડેલાં હજારો બાણોથી સંહાર વળી ગયો, તે મેં નજરે જોયું છે.[૫૧-૫૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભીમનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૩૭ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૩૮ મો

ભીમ અને કર્ણનો પુનઃ સમાગમ

॥ धृतराष्ट्र उवाच ॥

महानपनयः सूत ममैवात्र विशेषतः ।
स इदानीमनुप्राप्तो मन्ये संजय शोचतः॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–હે સૂત! આમાં ખાસ કરીને મારો પોતાનોજ મહાન અન્યાય થયો છે અને તેજ આ સમયે શોક કરતા મારી આગળ ખડો થયો છે, એમ માનવુંજ પડે છે.[૧] હવે તો મારા મનમાં એમજ થઇ ગયું છે, કે જે થયું તે થયું ! કેમકે હે સંજય! હવે આના સંબંધમાં હું શું કર્તવ્ય કરી શકું ?[૨] માટે હે સંજય! મારી અનીતિના મૂળકારણે આ વીર પુરુષોનો જે સંહાર થયો છે, તે મને તું કહે. તે સાંભળવાને હવે હું તત્પર થયો છું.[૩]

સંજયે કહ્યું:–હે મહારાજ! પરાક્રમી અને મહાબળવાન તે કર્ણ તથા ભીમસેન, વૃષ્ટિવાળા બે મેઘોની પેઠે બાણોના વરસાદ વરસાવી રહ્યા હતા.[૪] સુવર્ણના પુંખવાળાં તથા સરાણપર ઘસી તીક્ષ્ણ કરેલાં ભીમસેનનાં નામાંકિત બાણો જાણે જીવિતનો નાશ કરી નાખતાં હોય, તેમ કર્ણ પાસે આવીને ઘચાઘચ ખુંચી જતાં હતાં;[૫] તેમજ કર્ણે છોડેલાં મોરપીંછ બાંધેલાં સેંકડો અને હજારો બાણો વીર ભીમસેનને રણમાં દાટી દેતાં હતાં.[૬] હે મહારાજ! ચારેબાજુ પડતાં તેઓ બન્નેનાં બાણોથી ત્યાં રહેલાં સૈન્યોમાં અતિમહાન ખળભળાટ થઇ રહ્યો હતો.[૭] હે શત્રુદમન રાજા! ભીમસેનના ધનુષ્યમાંથી છૂટેલાં ઘોર સર્પસમાન દેખાવનાં બાણોવડે તમારૂં સૈન્ય સંહાર પામી જતું હતું.

હે રાજન્! જોત જોતામાં તો વાયુએ ભાંગી નાખેલાં મોટાં વૃક્ષોની પેઠે હાથી, ઘોડા અને મનુષ્યો ત્યાં પડવા લાગ્યાં અને આખી રણભૂમિ તેથી છવાયેલી દેખાવા માંડી.[૯] એ રણમાં ભીમસેનના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે માર મરાતા તમારા પક્ષના યોદ્ધાઓ "આ શું, આ શું," એમ બોલતા હતા અને ત્યાંથી નાસાનાસ કરતા હતા.[૧૦] મહાવેગવાળાં કર્ણ અને પાંડવનાં બાણોથી સિંધુ, સૌવીર અને કૌરવસૈન્ય માર ખાઇને દૂર ખસી ગયું હતું.[૧૧] લગભગ માર્યા ગયેલા તે સૈન્યના શૂરાઓ નાશ પામેલા ઘોડા, રથ અને હાથીઓવાળા થઇને ભીમસેન અને કર્ણને ત્યજી દઈ સર્વ દિશાઓમાં નાસાનાસ કરી રહ્યા હતા.[૧૨] તેઓ માંહોમાંહે કહેતા હતા કે, "નિશ્ચય, અર્જુનને માટેજ દેવો આપણને મોહિત કરે છે; કારણ કે કર્ણ અને ભીમસેનનાં બાણોથી આપણા સૈન્યનો પણ નાશ થઇ રહ્યો છે." આ પ્રમાણે બોલતા તે તમારા યોદ્ધાઓ ભયથી પીડિત થઇને બાણોને પડવાના સ્થાનનો ત્યાગ કરી યુદ્ધ જોતા દૂર ઉભા રહ્યા.[૧૪] તેવામાં તો ત્યાં રણાંગણમાં ભયંકર સ્વરૂપવાળી રુધિરની નદી ચાલુ થઇ. તે નદી શૂરાઓને હર્ષ ઉપજાવતી હતી અને કાયર પુરુષોના ભયને વધારતી હતી.[૧૫] હાથી, ઘોડા અને મનુષ્યોના રુધિરપ્રવાહમાંથી તે નદી ઉત્પન્ન થઇ હતી. નિર્જીવ થયેલા મનુષ્યો, હાથીઓ અને ઘોડાઓથી તે નદી ભરપૂર હતી.[૧૬] અનુકર્ષસહિત પતાકાઓથી, હાથી, ઘોડા અને રથના આભૂષણોથી, ભાંગી–તૂટી ગયેલા રથોથી, ભાંગી પડેલાં ચક્રો, ધુસરાં અને ઉંટડાઓથી, સુવર્ણથી સુશોભિત દેખાવનાં અતિમહાન શબ્દોવાળાં ધનુષ્યોથી, સુવર્ણનાં પુંખવાળાં બાણોથી, હજારો નારાચોથી, જાણે કાંચળીવિનાના સર્પો હોય તેવાં કર્ણ અને ભીમસેને છોડેલાં બાણોથી, ભાલાં અને તોમરોના સાથે પડવાથી તરવારોથી, ફરસીઓથી, સુવર્ણભૂષિત ગદાઓ, મુસલો અને પટ્ટિશોથી, અનેક જૂદા જૂદા આકારના ધ્વજોથી, શક્તિઓ, પરિઘો અને તરેહ તરેહની શતઘ્નીઓથી આખી પૃથ્વી છવાયેલી દીસવા લાગી; તેમજ વળી જ્યાં ત્યાં પડેલા સુવર્ણના બાજુબંધો, હારો, કુંડળો, મુકુટો, કડાંઓ, ભાંગી તૂટી ગયેલી વિંટીઓ, ચૂડામણિઓ, પાઘડીઓ, સુવર્ણના કંદોરાઓ, હાથનાં મોજાંસહિત કવચો, હારો, કંઠીઓ, વસ્ત્રો, છત્રો, છિન્નભિન્ન થયેલાં ચામરો, પંખાઓ, ઘાયલ થયેલા હાથીઓ, ઘોડાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા મનુષ્યો અને લોહીલુહાણ થયેલાં બાણો રણભૂમિપર છિન્નભિન્ન થઇને પડયાં હતાં; જેથી ઉદય પામેલા ગ્રહોથી આકાશ જેમ શોભે તેમ તે ભૂમિ શોભતી હતી. તે સમયે મનુષ્યોથી ન બની શકે તેવું અદ્‌ભુત અને અચિંત્ય કર્ણ તથા ભીમસેનનું કૌશલ્ય જોઇને ચારણો અને સિદ્ધોને પરમ આશ્ચર્ય થઇ ગયું. વાયુની સહાયતાવાળા અગ્નિની ઘાસની ગંજીમાં જે રીતની ગતિ હોય છે, તે રીતનીજ એ યુદ્ધમાં ભીમસેનની સહાયતાવાળા અધિરથપુત્ર કર્ણની ગતિ જોવામાં આવતી હતી. તેણે આસપાસ ઘૂમીને અનેક ધ્વજો અને રથોને પટકી પાડયા હતા; તથા અનેક હાથી, ઘોડા અને મનુષ્યોનો સંહાર કરી નાખ્યો હતો.[૧૭-૨૭] હે રાજા! સામસામા ઝપાઝપી કરતા બે હાથીઓથી નલ ઘાસના વનની જે દશા થાય તેજ દશા મેઘજાળસરખા તમારા સૈન્યની થઇ હતી. એ રણમાં કર્ણ અને ભીમસેનને લીધે મોટો દાટ વળી ગયો હતો.[૨૮,૨૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભીમ અને કર્ણનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૩૮ મો સમાપ્ત

અધ્યાય ૧૩૯ મો

ભીમસેન અને કર્ણની ભયંકર ઝપાઝપી

॥ संजय उवाच ॥

ततः कर्णो महाराज भीमं विद्धा त्रिभिःशरैः।
मुमोच शरवर्षाणि विचित्राणि बहूनि च ॥ १॥

સંજયે કહ્યું:-તે પછી હે મહારાજ! કર્ણે ભીમસેનને ત્રણ બાણોથી વિંધી નાખીને અનેક વિચિત્ર બાણોની વૃષ્ટિ છોડવા માંડી;[૧] પરંતુ મહાબાહુ ભીમસેન કર્ણના હાથનો આટલો બધો માર ખાવા છતાં પણ ભેદાતા પર્વતની પેઠે જરાએ વ્યથા પામ્યો નહિ. પછી હે રાજા! ભીમસેને તેલ પાયેલા પાણીદાર એક તીક્ષ્ણ કર્ણાકાર બાણવડે કર્ણના કાનપર અતિ સખ્ત પ્રહાર કર્યો;[૩] જેથી તે બાણે હે મહારાજ! કર્ણના સુવર્ણમય સુંદર કુંડળને આકાશમાંથી ખરતા પ્રજ્વલિત નક્ષત્રની પેઠે પૃથ્વીપર પાડી દીધું.[૪] વળી પણ અત્યંત ક્રોધાયમાન થયેલા ભીમસેને મંદ હાસ્ય કરીને છોડેલા બીજા એક ભલ્લબાણથી કર્ણને છાતીમાં સખ્ત પ્રહાર કર્યો.[૫] તેમજ હે ભરતવંશી રાજા! તેણે સખ્ત દશ નારાચ બાણોનો તેને પ્રહાર કર્યો, કે જે બાણો કાંચળીવિનાના સર્પસમાન દેખાવનાં હતાં.[૬] ભીમે છોડેલાં તે બાણો સર્પો જેમ રાફડામાં પેસી જાય, તેમ કર્ણના લલાટને ચીરી નાખી અંદર પેસી ગયાં.[૭] લલાટમાં રહેલાં તે બાણોથી સૂતપુત્ર પૂર્વે કાળાં કમળની માળાને ધારણ કરીને જેવો શોભતો હતો, તેવોજ શોભવા લાગ્યો.[૮] એ રીતે બળવાન પાંડુપુત્ર ભીમસેને કર્ણને જ્યારે અત્યંત વિંધી નાખ્યો, ત્યારે તે રથનો ઉંટડો પકડીને મૂર્છાવશ થઇ ગયો.[૯] એક મુહૂર્તકાળ પછી પુનઃ તેને ભાન આવ્યું. આખે શરીરે લોહીલુહાણ થયેલા શત્રુતાપન કર્ણને તે વેળા ઘણોજ ક્રોધ ચઢયો હતો;[૧૦] કારણકે દૃઢ ધનુર્ધારી ભીમસેને તેને રણમાં ઘણોજ પીડયો હતો. પછી મહાવેગવાળા તેણે ભીમસેનના રથસામે ક્રોધપૂર્વક મોટો વેગ શરૂ કર્યો.[૧૧] હે ભરતવંશી રાજન્! તુરત બળવાન અને અમર્ષી એવા તે કર્ણે ગીધપક્ષીનાં પીછાં બાંધેલાં સો બાણો ભીમસેનના પર છોડયાં;[૧૨] પણ પાંડુપુત્ર ભીમસેને રણમાં તેનો અનાદર કરી તેના વીર્યને ધ્યાનમાંજ લીધું નહિ અને ઉગ્ર બાણવૃષ્ટિઓ કરવા માંડી.[૧૨] હે શત્રુતાપન રાજા! ત્યારે કર્ણે ક્રોધ કરીને ક્રુદ્ધસ્વરૂપી ભીમસેનને નવ બાણોનો છાતીમાં પ્રહાર કર્યો.[૧૪] આમ યુદ્ધ કરી રહેલા તે બન્ને પુરુષવ્યાઘ્રો દાઢોવાળા બે વાઘોની પેઠે ક્રૂર દેખાતા હતા તથા બે મેઘોની પેઠે અન્યોન્યપર બાણોનો વરસાદ વરસાવી રહ્યા હતા.[૧૫] હસ્તતલના શબ્દથી તેઓ પરસ્પર ત્રાસ પમાડતા હતા તથા તરેહતરેહનાં બાણજાળોથી યુદ્ધમાં સર્વને ભયભીત કરી નાખતા હતા;[૧૬] અને ક્રોધ કરીને અન્યોન્યનો બદલો વાળવા ઇચ્છતા હતા. પછી હે ભારત! શત્રુવીરોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંહાર કરનાર મહાબાહુ ભીમસેને એક ક્ષુરપ્ર બાણથી સૂતપુત્ર કર્ણના ધનુષ્યને કાપી નાખીને ગર્જના કરી મૂકી; એટલે કપાયેલા ધનુષ્યને ફેંકી દઇ સૂતપુત્ર મહારથી કર્ણે યુદ્ધના ભારનો નાશ કરનારૂં તથા અતિશય વેગવાળું બીજું એક ધનુષ્ય ઉઠાવ્યું; પણ ભીમસેને એક અર્ધા નિમેષ જેટલા સમયમાં તેના પણ ટુકડા કરી નાખ્યા.[૧૭-૧૯] એ પ્રમાણે ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું, દશમું, અગીઆરમું, બારમું, તેરમું, ચૌદમું, પંદરમું, સોળમું, સત્તરમું તથા અઢારમું-એમ ઘણાં ધનુષ્યોના ભીમસેને ટુકડા કરી નાખ્યા; પણ અર્ધા નિમેષ જેટલા સમયમાં તો કર્ણ, હાથમાં ધનુષ્ય લઇનેજ ઉભો રહેતો હતો. પછી કુરુ, સૌવીર અને સિંધુદેશના વીરોના સૈન્યનો સંહાર થયેલો જોઇ; પડેલાં કવચો, ધ્વજાઓ અને શસ્ત્રોથી ઢંકાઇ ગયેલી પૃથ્વીને જોઈ તથા સર્વ સ્થળે મરણ પામીને પડેલાં હાથીઓ, ઘોડાઓ અને મનુષ્યોનાં શરીરોને જોઈ સૂતપુત્ર કર્ણનું શરીર ક્રોધથી બળી ઉઠયું. તેણે સુવર્ણભૂષિત પોતાના ધનુષ્યનો ટંકાર કરી ઘોર ચક્ષુથી પોતાની સામા ઉભેલા ભયંકર સ્વરૂપધારી ભીમને એકી ટસે જોયો. પછી ક્રોધાયમાન થઇ બાણોને ફેંકી રહેલો તે કર્ણ, શરદ્ઋતુમાં દિવસના મધ્યભાગે આરૂઢ થયેલા પ્રચંડ કિરણોવાળા સૂર્યના સરખો શોભવા લાગ્યો. હે રાજન્! એ વેળા સેંકડો બાણોથી વ્યાપ્ત થયેલું કર્ણનું શરીર કિરણોથી વિકસિત થયેલા સૂર્યના મંડળસરખું ઘોર થઇ રહ્યું હતું. બે હાથવડે બાણોને ગ્રહણ કરતો, પુનઃ બાણોનું સંધાન કરતો તથા ધનુષ્ય ખેંચીને બાણોને છોડતો તે કર્ણ, એ બધું ક્યારે કરે છે તે જોવામાં આવતું ન હતું. હે મહીપાલ! ડાબી અને જમણી બન્ને તરફ બાણોને ફેંકી રહેલા તે કર્ણનું ઘોર ધનુષ્ય અગ્નિચક્રસમાન કેવળ મંડળાકારે જણાતું હતું. હે મહારાજ! કર્ણના ધનુષ્યમાંથી છૂટેલાં સુવર્ણનાં પુંખવાળાં અતિ તીક્ષ્ણ બાણોએ સર્વ દિશાઓને તથા સૂર્યની પ્રભાને તદ્દન ઢાંકી દીધી હતી. જ્યાં જોઇએ ત્યાં ધનુષ્યમાંથી છૂટેલાં, નમેલાં પર્વવાળાં અને સોનેરી મોઢીઆંવાળાં બાણોજ આકાશમાં બહુધા દૃષ્ટિએ પડતાં હતાં. હે રાજન્! અધિરથપુત્ર કર્ણના ધનુષ્યમાંથી તે સમયે એટલાં બધાં બાણો નીકળી રહ્યાં હતાં, જેથી આકાશમાં હારબંધ ક્રૌંચ પક્ષીઓની પેઠે તે બાણો શોભતાં હતાં. કર્ણ ગીધપક્ષીનાં પીછાં બાંધેલાં, પથ્થરપર ઘસેલાં, સુવર્ણથી શોભતાં અને મહાવેગવાળાં પ્રદીપ્ત બાણો ફેંકતો હતો. ધનુષ્યના બળ પ્રમાણે ઉછળેલાં તથા સુવર્ણથી પ્રકાશતાં તે બાણો ભીમસેનના રથપ્રત્યે ધારાબંધ પડતાં હતાં. કર્ણે છોડેલાં તે બાણો સુવર્ણના વિકારવાળાં હોઇને આકાશમાં હજારો તીડોનાં ટોળાંની પેઠે વિકસતાં હતાં. વળી કર્ણના ધનુષ્યમાંથી પડતાં તે બાણો, આકાશમાં અત્યંત લાંબુ થઇને રહેલું જાણે એકજ બાણ હોય તેમ શોભતાં હતાં. મેઘ જેમ જળધારાઓથી પર્વતને છાઇ દે, તેમ ક્રોધાયમાન થયેલા તે કર્ણે બાણોની વૃષ્ટિ કરીને ભીમને રણમાં છાઈ દીધો હતો. હે ભારત! તે સમયે સેનિકોસહિત તમારા પુત્રો, ભીમસેનના બળને, વીર્યને, પરાક્રમને તથા વ્યવસાયને નિહાળીજ રહ્યા હતા;[૨૦-૩૮] કારણ કે સમુદ્રની પેઠે પોતાની સામે ઉછળી રહેલી તે બાણવૃષ્ટિનો વિચાર નહિ કરીને ભીમસેન ક્રોધપૂર્વક કર્ણસામે ધસ્યો.[૩૯] હે રાજા! તે સમયે સુવર્ણની પીઠવાળું ભીમસેનનું મહાન ધનુષ્ય, આકર્ષણથી ગોળ મંડળાકારે થઈ રહ્યું હતું; અને તેથી બીજા ઇંદ્રધનુષ્યના સરખું દેખાતું હતું.[૪૦] જાણે આકાશને ભરી દેતાં હોય, તેમ તે ધનુષ્યમાંથી બાણો પ્રકટ થવા લાગ્યાં.[૪૧] જોતજોતામાં તો ભીમસેને સુવર્ણના પુંખવાળાં નમેલાં પર્વવાળાં બાણોની સોનેરી માળા આકાશમાં રચી દીધી, કે જે તે સમયે ઘણી પ્રકાશતી હતી. પછી આકાશમાં, વિભાગપૂર્વક વ્યાપ્ત થયેલી કર્ણની બાણજાળો ભીમસેનનાં બાણોસાથે અથડાઇને વીખરાઈ ગઇ.[૪૩] કર્ણ અને ભીમસેન બન્નેના સંખ્યાબંધ બાણજાળો કે જેઓનો સ્પર્શ અગ્નિના તણખાસરખો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જેઓની ગતિ સરળ હતી, તે સુવર્ણપુંખી બાણોના ઢગોથી આકાશ ઢંકાઈ ગયું હતું. તે સમયે સૂર્ય પ્રકાશતો ન હતો, વાયુ પણ વાતો ન હતો; આખું આકાશ બાણજાળોથી ઢંકાઈ ગયું હતું; જેથી કંઈ જણાતું ન હતું. એ વેળા મહાત્મા ભીમસેનના શૌર્યનો અનાદર કરી, કર્ણ અનેક જાતનાં બાણોથી ભીમસેનને ઢાંકતો ઢાંકતો લગભગ પાસે પાસે આવ્યો. હે રાજા! પછી તેઓ બન્નેએ બાણજાળો છોડવા માંડી, કે જેઓ એકમેકની સામે અથડાઇને વાયુસ્વરૂપજ દેખાતી હતી. હે ભરતશ્રેષ્ઠ! તેઓ બન્ને મનુષ્યસિંહોનાં બાણોની અન્યોન્ય સાથેની અથડામણથી આકાશમાં તે સમયે અગ્નિ ઉત્પન્ન થયો હતો. કોપેલા કર્ણે અર્જુનનો વધ કરવાની ઇચ્છાથી સરાણપર ઘસી સાફ કરેલાં તીક્ષ્ણ સુવર્ણજડિત બાણો છોડવા માંડયાં હતાં, પણ તે બધાં બાણોનો સૂતપુત્રનાથી પોતાની અધિકતા દર્શાવતા ભીમસેને આકાશમાંજ ત્રણ ત્રણ ટુકડા કરી નાશ કરી નાખ્યો હતો; અને "ઉભો રહેજે, ઉભો રહેજે," એમ પોકારીને પુનઃ પાંડવ ભીમસેને બાણોના ઉગ્ર વરસાદો વરસાવવા માંડયા.[૪૪–૫૧] એ સમયે કોપેલો બળવાન ભીમસેન બાળી નાખવા ઇચ્છતા અગ્નિની પેઠે અમર્ષી થઇ ગયો હતો. તે વેળા તેઓ બન્નેએ હાથમાં પહેરેલાં ચંદનઘોના ચામડાનાં બનાવેલાં મોજાંઓમાં ધનુષ્યની પ્રત્યંચાના આઘાતથી કડેડાટ શબ્દ થઇ રહ્યો હતો; તે ઉપરાંત અતિમહાન હસ્ततલનો શબ્દ, ભયંકર સિંહનાદનો શબ્દ, રથની નેમિઓનો નિનાદ તથા દારુણ પણછનો શબ્દ પણ ત્યાં સંભળાતો હતો.[૫૨,૫૩] હે રાજન્! પરસ્પર વધ કરવાની ઇચ્છાવાળા તે કર્ણ અને ભીમસેનનાં પરાક્રમને જોઇ રહેલા બીજા યોદ્ધાઓ, તે સમયે યુદ્ધ કરતા અટકી પડયા હતા.[૫૪] દેવર્ષિઓ, સિદ્ધો અને ગંધર્વો "ધન્ય, ધન્ય" એમ કહીને તેઓ બન્નેની પ્રશંસા કરી રહ્યા હતા તથા વિદ્યાધરોના ગણો પુષ્પોની વૃષ્ટિ કરી રહ્યા હતા.[૫૫] તે પછી કોપેલા દૃઢ પરાક્રમી મહાબાહુ ભીમસેને, પોતાનાં અસ્ત્રોથી કર્ણનાં અસ્ત્રોનું વારણ કરીને કેટલાંએક બાણોથી સૂતપુત્રને વિંધી નાખ્યો.[૫૬] મહાબળવાન કર્ણે પણ ભીમસેનનાં બાણોનું નિવારણ કરીને સામેથી સર્પસમાન ઝેરી નવ નારાચબાણો ફેંકયાં;[૫૭] એટલે ભીમસેને પણ સામેથી તેટલાંજ બાણો મૂકીને સૂતપુત્રનાં નારાચબાણોને કાપી નાખ્યાં અને "ઉભો રહેજે, ઉભો રહેજે" એ પ્રમાણે કહ્યું.[૫૮] પછી મહાબાહુ વીર ભીમસેને કોપેલા કાળ સરખું અને સાક્ષાત્ બીજા યમદંડસરખું એક બાણ કર્ણના તરફ છોડયું.[૫૯] પોતાની સામે આવતાં તે બાણને પ્રતાપી રાધાપુત્ર કર્ણે હસતાં હસતાં ત્રણ બાણોવડે કાપી નાખ્યું;[૬૦] એટલે વળી પણ પાંડુપુત્ર ભીમસેને ઉગ્ર બાણવૃષ્ટિઓ કરવા માંડી અને કર્ણે તે સર્વ અસ્ત્રોને નિર્ભયની પેઠે ઝીલવા માંડયાં.[૬૧] એ રીતે ભીમસેન જ્યારે યુદ્ધ કરી રહ્યો હતો, ત્યારે સૂતપુત્રે મજબૂત ગાંઠાવાળાં કેટલાંએક બાણો મૂકીને તેના ભાથાને, ધનુષ્યની દોરીને, ઘોડાઓની લગામને તથા જોતરોને કાપી નાખ્યાં; એટલુંજ નહિ પણ કોપેલા તે કર્ણે ભીમસેનના ઘોડાઓને પણ મારી નાખીને બીજાં પાંચ બાણોવડે તેના સારથિને પણ વિંધી નાખ્યો, એટલે તે સારથિ ત્યાંથી ખસી જઇને એકદમ યુધામન્યુના રથ તરફ ચાલ્યો ગયો. વળી પણ પ્રલયકાળના અગ્નિસમાન કાંતિવાળા રાધાપુત્રે ક્રોધપૂર્વક હાસ્ય કરીને ભીમસેનના ધ્વજને તથા પતાકાને પણ પાડી દીધી. આ રીતે ધનુષ્યરહિત થયેલા મહાબાહુ ભીમસેને, રથશક્તિ ગ્રહણ કરી અને ક્રોધાયમાન થઈ કર્ણના રથસામે તે શક્તિને ફેંકી; પરંતુ યત્નશીલ અધિરથપુત્ર કર્ણે, બળતી ઉલ્કાની પેઠે પોતાની સામે આવતી તે સુવર્ણભૂષિત શક્તિને દશ બાણો મૂકીને કાપી નાખી, જેથી મિત્રને માટે વિચિત્ર પ્રકારે લડી રહેલા સૂતપુત્ર કર્ણનાં તીક્ષ્ણ બાણોથી તે શક્તિના દશ ટુકડા થઇ પડયા. પછી મૃત્યુ અથવા વિજય એ બન્નેમાંથી ગમે તે એક મેળવવાની ઇચ્છાવાળા તે ભીમસેને સુવર્ણથી મઢેલી ઢાલ અને તરવાર હાથમાં લીધી; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે ભરતવંશી રાજા! હસતો હોય તેવો દેખાવ કરી કર્ણે ક્રોધપૂર્વક અતિ ઉગ્ર બાણો મૂક્યાં અને એ ભીમસેનની અતિ તેજસ્વી ઢાલના ટુકડા કરી નાખ્યા.

હે મહારાજ! એ રીતે ઢાલનો નાશ થતાં પગપાળો તે ભીમસેન ક્રોધપૂર્ણ થઇ ગયો અને તેણે ઝટપટ કર્ણના રથસામે તાકીને તરવાર ફેંકી. હે રાજેન્દ્ર! એ મહાન તરવારે સૂતપુત્રના પ્રત્યંચાસહિત ધનુષ્યને કાપી નાખ્યું; અને આકાશમાંથી કોપેલો સર્પ જેમ પૃથ્વીપર પડે તેમ તે પૃથ્વીપર જઇ પડી. પછી અધિરથ પુત્ર કર્ણે, શત્રુઓનો નાશ કરી નાખે તેવું મજબૂત દોરીવાળું તથા અતિશય વેગવાળું બીજું એક ધનુષ્ય ગ્રહણ કર્યું; અને હે મહારાજ! ક્રોધપૂર્વક હસીને ભીમસેનને મારી નાખવાની ઇચ્છાથી સોનેરી મોઢિયાંવાળાં અતિ તીક્ષ્ણ હજારો બાણો તેણે છોડવા માંડયાં. બળવાન ભીમસેન, એ પ્રમાણે કર્ણના ધનુષ્યમાંથી નીકળતાં બાણોથી જ્યારે ઘવાવા લાગ્યો; ત્યારે કર્ણના મનને વ્યથા પમાડતો તે આકાશમાર્ગે કૂદ્યો. વિજયેચ્છુ ભીમસેનનું સંગ્રામમાં એ કૌશલ્ય જોઇને રાધાપુત્ર કર્ણે પોતાનાં અંગોનો સંકોચ કરી અને રથમાં છુપાઇ જઈ ભીમસેનને છેતર્યો. વ્યથિત ઇંદ્રિયોવાળા કર્ણને એ રીતે રથમાં ભરાઇ પેઠેલો જોઈ ભીમસેન એના ધ્વજની પાસે આવી પહોંચીને પૃથ્વીપર ઉભો રહ્યો. ભીમસેનના તે કર્મને સર્વ કૌરવો અને ચારણો વખાણવા લાગ્યા; કારણકે ગરુડ જેમ સર્પને બહાર ખેંચી કાઢવા ઇચ્છે છે, તેમ ભીમસેન કર્ણને રથમાંથી બહાર ખેંચી કાઢવા ઇચ્છતો હતો. એ વેળા ભીમસેન ધનુષ્ય અને રથવિનાનો થઇ ગયો હતો; છતાં તેણે ક્ષત્રિયધર્મનું બરાબર પાલન કર્યું હતું.[૬૨–૭૮] પોતાના રથની પાછળ રહીને પણ તે યુદ્ધ કરવા ઉભો રહ્યો હતો; પરંતુ ભીમસેનની તે વીરતાનો નાશ કરીને કર્ણ ક્રોધથી યુદ્ધ કરવા ઉપસ્થિત થયેલા ભીમસેનસામે ધસ્યો. હે મહારાજ! સામસામા આવીને સ્પર્ધા કરનારા મહાબળવાન તેઓ બન્ને પુરુષશ્રેષ્ઠો, ગ્રીષ્મની આખરે ગર્જના કરતા મેઘોની પેઠે ગાજવા લાગ્યા. યુદ્ધમાં અન્યોન્યને સહન નહિ કરનારા તેઓ બન્ને પુરુષસિંહોનો દેવ અને દાનવસરખો સંપ્રહાર થવા લાગ્યો. એ વખતે જ્યારે કર્ણે ભીમસેન તરફ ધસારો કર્યો હતો, ત્યારે તેની પાસે શસ્ત્રો ખૂટી પડયાં હતાં; પણ આસપાસ દૃષ્ટિ કરતાં અર્જુને મારી નાખેલા પર્વતોસરખા હાથીઓ તેના જોવામાં આવ્યા, એટલે કર્ણના રથના માર્ગનો અટકાવ કરવામાટે હથિયારવિનાનો તે ભીમસેન હાથીઓના ઢગની વચ્ચે પેસી ગયો.[૭૯–૮૩] એ રીતે હાથીઓના ઢગ પાસે આવીને તથા પોતાના રથરૂપ દુર્ગમાં પ્રવેશ કરીને જીવિતની ઇચ્છાવાળા પાંડવ ભીમસેને કર્ણસામે હલ્લો કર્યો નહિ; પણ પોતે ત્યાં બરાબર નિર્ભયતાથી ઉભો રહે માટે શત્રુનગરોને જીતનાર તે ભીમસેન, અર્જુનનાં બાણોથી મરણ પામેલા એક હાથીને ઉંચકી, મહૌષધિઓથી યુક્ત એવા પર્વતને ઉંચકી રહેલા હનુમાનની પેઠે યુદ્ધમાં ઉભો રહ્યો; પરંતુ કર્ણે બાણોવડે તે હાથીને પણ કાપી નાખ્યો.[૮૪–૮૬] એટલે પછી પાંડુપુત્રે હાથીઓનાં અંગો, રથનાં ચક્રો, મરણ પામેલા ઘોડાઓ વગેરે જે જે કંઇ પૃથ્વીપર દેખ્યું તે તે ઉપાડી ઉપાડીને ક્રોધપૂર્વક કર્ણ સામે ફેંકવા માંડયું; પણ ભીમે ફેંકેલા તે તે સર્વ પદાર્થોને કર્ણે તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને કાપી નાખ્યા.[૮૭,૮૮] પછી ભીમસેને વજ્રસરખી અતિ દારુણ મુઠી ઉગામીને સૂતપુત્રને મારી નાખવાની ઇચ્છા કરી, પણ તે સમયે અર્જુનનું તેને સ્મરણ થયું; જેથી કર્ણને મારવામાટે અર્જુને કરેલી પ્રતિજ્ઞાનું રક્ષણ કરવામાટે કર્ણને મારી નાખવાને સમર્થ એવા શક્તિમાન પાંડુપુત્ર ભીમસેને કર્ણને માર્યો નહિ;[૯૦] પણ (મારથી) આકુળવ્યાકુળ થયેલા ભીમસેનને કર્ણે ઉપરાઉપરી તીક્ષ્ણ બાણો મારીને મૂર્ચ્છિત કરી દીધો;[૯૧] પણ એને હથિયારવિનાનો જોઇને તથા કુંતીને આપેલા પોતાના વચનનું સ્મરણ કરીને તેને મારી નાખ્યો નહિ, પણ તેની પાસે જઇને ધનુષ્યના અગ્રભાગથી તેને સ્પર્શ કર્યો.[૯૨] ધનુષ્યનો સ્પર્શ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયામાત્રમાં સર્પની પેઠે ફુંફાડો મારીને ભીમ કોપી ઉઠયો; અને તેણે કર્ણના હાથમાંથી ધનુષ્ય છીનવી લઇને તેના મસ્તકપર સખ્ત પ્રહાર કર્યો.[૯૩] ભીમસેનના એ મારથી કર્ણનાં નેત્રો ક્રોધથી લાલચોળ બની ગયાં અને જાણે હસતો હોય તેમ રાધાપુત્ર આ વાક્ય બોલ્યોઃ-" અરે ઓ મૂછોવિનાના બાયલા! ઓ મૂર્ખ ખાઉધરા! તું અસ્ત્રવિદ્યામાં કુશળ નથી તેમ સંગ્રામથી કાયર પણ છે; માટે ઓ છોકરા! તું યુદ્ધ ના કર.[૯૫] ઓ દુષ્ટ બુદ્ધિના પાંડુપુત્ર! જે સ્થળે અનેક પ્રકારના ખાવાપીવાના પદાર્થો હોય તે સ્થળેજ તું યોગ્ય છે, પણ યુદ્ધમાં કદી યોગ્ય નથી.[૯૬] ઓ ભીમ! વનમાં કંદમૂળ, પુષ્પો અને ફળોનો આહાર કરી વ્રત અને નિયમો પાળીને રહેવાનેજ તું યોગ્ય છે, યુદ્ધમાટે નહિ! અલ્યા ઓ વૃકોદર! આવું યુદ્ધ ક્યાં અને મુનિભાવ ક્યાં? માટે જા, તું વનમાં ચાલ્યો જા. બાપુ, તું યુદ્ધમાટે યોગ્ય નથી; માટે વનવાસમાંજ પ્રીતિ રાખ.[૯૭,૯૮] ઓ ભીમ! તું ઘેર રહીને રસોઈઆઓ તથા નોકરચાકરોનેજ ક્રોધથી ખૂબ ધમકાવીને ભોજન લેવામાટે તેઓને માર મારવા યોગ્ય છે; નહિ કે મારા જેવા વીર યોદ્ધાઓને![૯૯] અથવા મુનિ થઈને વનમાં ચાલ્યો જા અને ત્યાં ફળમૂળ વીણ્યા કર; કારણકે હે કુંતાપુત્ર ભીમ! તું યુદ્ધ કરવામાં કુશળ નથી.[૧૦૦] અલ્યા ઓ ભીમડા! ફળમૂળોનું ભક્ષણ કરવામાં તથા અતિથિઓનું પૂજન કરવામાંજ તારી શક્તિ રહેલી છે; પણ શસ્ત્રો ઉઠાવવામાં હું તને કુશળ માનતો નથી."

હે રાજા! એ પ્રમાણે કુમારાવસ્થામાં જે જે બન્યાં હતાં તે તે કઠોર અપ્રિયોને કર્ણે ભીમને બરાબર કહી સંભળાવ્યાં.[૧૦૨] વળી પણ ત્યાં ભરાઇ પેઠેલા ભીમસેનને કર્ણે ધનુષ્યથી પુનઃ સ્પર્શ કર્યો અને હસતાં હસતાં આ પ્રમાણેનું વાક્ય કહ્યું:-"અલ્યા ઓ! તારે જો યુદ્ધ કરવું હોય તો બીજાઓની સાથે યુદ્ધ કરજે; પણ મારા જેવાઓની સાથે કદી યુદ્ધ કરીશ નહિ,[૧૦૩] કારણકે મારા જેવાઓની સાથે લડનારાઓની આ અથવા આનાથી પણ માઠી દશા થાય છે.[૧૦૪] અથવા જ્યાં તે કૃષ્ણ અને અર્જુન છે ત્યાં તું ચાલ્યો જા, કારણકે તેઓ આ રણમાં તારૂં રક્ષણ કરશે; અથવા હે કુંતાપુત્ર! ઘેરજ ચાલ્યો જાને. તારા જેવા બાળકને આ યુદ્ધ કરવાથી શું ફળ છે?"[૧૦૫] એ પ્રમાણે કર્ણનું અતિ દારુણ વચન સાંભળી ભીમસેન, સર્વના સાંભળતાં હસીને આ પ્રમાણે બોલ્યોઃ-" અરે ઓ દુષ્ટ! મેં તને વારંવાર હરાવ્યો છે, છતાં પોતાની મેળે વ્યર્થ બડાઇ શામાટે મારે છે? લોકમાં અતિપ્રાચીન ઋષિજનોએ સાક્ષાત્ મહેન્દ્રનો પણ જય-પરાજય જોયો છે; છતાં પણ જો તારી ઉત્કંઠા હોય તો હે દુષ્ટકુળમાં જન્મેલા કર્ણ! મારીસાથે મલ્લયુદ્ધ કર. આ બધા રાજાઓની સમક્ષ તને મહાબળવાન અને મહાભોગી કીચકને મેં જે રીતે માર્યો હતો તે રીતેજ હું મારી નાખીશ." બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ કર્ણ ભીમના નિશ્ચયને સમજી ગયો; અને સર્વ ધનુર્ધરોના દેખતાં તે તેની પાસેથી ખસી ગયો.

એ પ્રમાણે તે ભીમને રથવિનાનો કરી નાખીને હે રાજન્! કર્ણ યાદવસિંહ શ્રીકૃષ્ણ તથા મહાત્મા અર્જુનની સમીપમાં તેનો તિરસ્કાર કરી રહ્યો હતો, તે જોઇને શ્રીકૃષ્ણની પ્રેરણાથી વાનરધ્વજ અર્જુને સરાણપર ઘસી સાફ કરેલાં બાણો સૂતપુત્રસામે ફેંકવા માંડયાં. અર્જુનના હાથે ગાંડીવધનુષ્યમાંથી નીકળતાં તે સુવર્ણભૂષિત બાણો, હંસો જેમ ક્રૌંચપર્વત પ્રત્યે પ્રવેશ કરે, તેમ કર્ણના શરીરમાં પેસવા લાગ્યાં. એ રીતે આવેશવાળા સર્પોની પેઠે ગાંડીવધનુષ્યમાંથી નીકળેલાં બાણોવડે અર્જુને સૂતપુત્રને ભીમસેનપાસેથી દૂર કર્યો; એટલે ભીમસેને કાપી નાખેલા ધનુષ્યવાળો તથા અર્જુનનાં બાણોથી પ્રહાર પામેલો તે કર્ણ, ઝટપટ પોતાના મોટા રથમાં બેસીને ભીમસેન પાસેથી દૂર ચાલ્યો ગયો, અને પુરુષશ્રેષ્ઠ ભીમસેન પણ સાત્યકિના રથપર બેસીને પોતાના ભાઇ અર્જુનની પાછળ ગયો; તે વેળા કર્ણને ઉદ્દેશીને યુદ્ધમાટે ઉતાવળા થયેલા અર્જુને, ક્રોધથી નેત્રોને લાલચોળ કરીને યમરાજ જેમ મૃત્યુને મોકલે તેમ નારાચ નામનું બાણ કર્ણસામે મૂક્યું. જેમ કોઇ મહાન સ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્પને પકડવાની ઇચ્છાવાળો ગરુડ આકાશમાં ઉડી જાય તેમ ગાંડીવધનુષ્યમાંથી છૂટેલું તે નારાચબાણ તત્કાળ કર્ણના તરફ ઉડયું. એ સમયે અર્જુનના ભયમાંથી મહારથી અશ્વત્થામાએ કર્ણનો ઉદ્ધાર કર્યો હતો; કારણ કે તેણે અર્જુનના નારાચબાણને આકાશમાંજ બાણવડે કાપી નાખ્યું. તે જોઇ કોપેલા અર્જુને, ચોસઠ બાણોથી અશ્વત્થામાને વિંધી નાખ્યો; અને વધારામાં " ઉભો રહેજે, ત્યાંથી જઇશ નહિ "એ પ્રમાણે તેણે અશ્વત્થામાને કહ્યું; પરંતુ તે અશ્વત્થામા તો અર્જુનનાં બાણોથી વિહ્વલજ થઈ ગયો હતો, જેથી મદોન્મત્ત હાથીઓથી ભરેલા અને રથોથી વ્યાપ્ત એવા સૈન્યમાં તે એકદમ ઘૂસી ગયો. એ સમયે રણમાં ટંકાર કરી રહેલાં સુવર્ણપૃષ્ઠ ધનુષ્યોના શબ્દને બળવાન કુંતાપુત્ર અર્જુન, પોતાના ગાંડીવના ઘોષથી દાબી દેવા લાગ્યો. એ અરસામાં અશ્વત્થામા, અર્જુનની પાછળથી આવીને યુદ્ધ કરવા ચઢી આવ્યો; એટલે તદ્દન સમીપનાજ માર્ગમાં રહીને અર્જુને તેની સામે હુમલો કર્યો. જોતજોતામાં બાણો મૂકી મૂકીને અર્જુને અશ્વત્થામાના સૈન્યમાં ત્રાસ વર્તાવી દીધો અને મોરના પીછાંવાળાં નારાચ બાણોથી મનુષ્યો, હાથીઓ અને ઘોડાઓનાં શરીરોને ચીરી નાખીને અર્જુને સૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું. હે ભરતશ્રેષ્ઠ રાજા ! અર્જુને બરાબર સાવધ થઇને ઘોડા, હાથી તથા મનુષ્યોસહિત એવાં તે સૈન્યોનો સંહાર વાળી નાખ્યો હતો.[૧૦૭-૧૨૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં ' ભીમ અને કર્ણનું યુદ્ધ ' એ વિષયનો અધ્યાય ૧૩૯ મો સમાપ્ત

અધ્યાય ૧૪૦ મો

અલંબુષનો વધ

॥ धृतराष्ट्र उवाच ॥

अहन्यहनि मे दीप्तं यशः पतति संजय ।
हता मे बहवा योधा मन्ये कालस्य पर्ययम् ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય ! દિવસે દિવસે મારો ઉજ્જવળયશ નષ્ટ થતો જાય છે અને મારા ઘણા યોદ્ધાઓ માર્યા ગયા છે, જેથી હું માનું છું કે, મારો કાળ પલટાયો છે;[૧] અને તેથીજ અશ્વત્થામા તથા કર્ણના રક્ષણતળે રહેલા અને દેવોએ પણ પ્રવેશ કરવાને અશક્ય એવા મારા સૈન્યમાં, અત્યંત ક્રોધાયમાન થયેલો અર્જુન પેસી ગયો છે.[૨] મહાઉત્કૃષ્ટ વીર્યવાળા શ્રીકૃષ્ણ, ભીમસેન અને સાત્યકિની સહાયથી અર્જુનનું પરાક્રમ જ્યારથી વૃદ્ધિ પામતું હું સાંભળું છું; ત્યારથી આરંભીને અગ્નિ જેમ કાષ્ઠને બાળી નાખે તેમ શોકાગ્નિ મને બાળી રહ્યો છે; અને જયદ્રથસહિત સર્વ રાજાઓને કાળે ગ્રસેલાજ હું જોઉં છું.[૩,૪] અર્જુનનું અતિમહાન અપ્રિય કરીને તેની નજરે ચઢેલો સિંધુરાજા હવે કેમ જીવશે ?[૫] હું હવે અનુમાનથીજ જોઉં છું કે, સિંધુરાજા હવે આ જગતમાં નથી; છતાં તે યુદ્ધ જે પ્રમાણે થયું હોય તે પ્રમાણે તું મને યથાર્થ કહી સંભળાવ.[૬] વળી હાથી જેમ તળાવડીને ડહોળી નાખે તેમ કૌરવોની મહાન સેનાને વારંવાર ડહોળી નાખીને ક્રોધાયમાન થયેલો જે યાદવવીર સાત્યકિ એકલો અંદર દાખલ થયો છે, તેનું અર્જુનને માટે જેવું યુદ્ધ થયું હોય તેવું તું મને કહે. ખરેખર, હે સંજય ! તું ઘણો કુશળ છે.[૭]

સંજયે કહ્યું:-તે પ્રમાણે સૂર્યપુત્ર કર્ણથી પીડાઇને પુરુષવીર ભીમસેન જ્યારે પ્રયાણ કરી જતો હતો, ત્યારે નરવીરોના મધ્યમાં રહેલા તેને જોઇને શિનિવીર સાત્યકિ રથમાં બેસીને તેની પાછળ પાછળ જવા લાગ્યો.[૯] ગ્રીષ્મઋતુની આખરના મેઘની પેઠે ગર્જના કરતો તથા વર્ષાઋતુની આખરના સૂર્યની પેઠે પ્રકાશતો તે સાત્યકિ, પોતાના દૃઢ ધનુષ્યથી શત્રુઓનો સંહાર કરી તમારા પુત્રની સેનાને કંપાવવા લાગ્યો.[૧૦] હે ભરતવંશી રાજા ! મધુવંશમાં ઉત્તમ એવો મહાવીર તે સાત્યકિ, પોતાના રૂપેરી રંગના ઘોડાઓને દોડાવતો દોડાવતો ગર્જનાપૂર્વક આગળ ધસ્યો જતો હતો, પણ તમારા પક્ષના સર્વ રથીયોદ્ધાઓ તેને અટકાવી શક્યા નહિ;[૧૧] પરંતુ તેને જોઇ ક્રોધિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલો રાજેન્દ્ર અલંબુષ કે જે યુદ્ધમાં કદી પાછો નહિ હઠીને લડનારો હતો, તે ધનુષ્ય તથા સુવર્ણસમાન પ્રકાશતા કવચને ધારણ કરી માધવશ્રેષ્ઠ સાત્યકિસામે આવીને તેને આગળજતો અટકાવવા લાગ્યો.[૧૨] તે સમયે હે ભારત! પૂર્વે કદી નહિ થયેલો તેઓ બન્નેનો સંપ્રહાર ચાલુ થયો. આ વખતે તમારા પક્ષના તથા શત્રુપક્ષના સર્વ યોદ્ધાઓ, રણને શોભાવનારા તેઓ બન્નેના યુદ્ધને પ્રેક્ષકતરીકે જોઈ રહ્યા હતા.[૧૩] પછી રાજશ્રેષ્ઠ અલંબુષે, દશ બાણોનો સાત્યકિને પ્રહાર કર્યો; પણ શિનિશ્રેષ્ઠ સાત્યકિએ તેનાં બાણો પોતાની પાસે આવ્યાં ન હતાં તેટલામાં તો તેને મધ્યમાંથીજ કાપી નાખ્યાં.[૪૪] વળી પણ અલંબુષે, ધનુષ્યને કાનસુધી સંપૂર્ણ ખેંચીને કેટલાંએક બાણો છોડયાં,; કે જે અગ્નિસરખાં તીક્ષ્ણ પુંખવાળાં બાણોએ સાત્યકિના કવચને વિંધી નાખીને તેના શરીરમાં પ્રવેશ કર્યો.[૧૫] અગ્નિસમાન પ્રભાવવાળાં બળબળતાં તે તીક્ષ્ણ બાણોથી સાત્યકિના શરીરને વિંધી નાખી રાજા અલંબુષે, બીજાં ચાર બાણોવડે રૂપેરી રંગના તેના ઘોડાઓને પણ સખ્ત પ્રહાર કર્યો.[૧૬] એ રીતે અલંબુષે જ્યારે પોતાને પ્રહાર કર્યો; ત્યારે શ્રીકૃષ્ણના સમાન પ્રભાવવાળા બળવાન શિનિકુમારે ઉત્તમ વેગવાળાં ચાર બાણોવડે અલંબુષના ઘોડાઓને મારી નાખ્યા.[૧૭] વળી પણ પ્રલયકાળના અગ્નિસમાન એવા એક ભલ્લજાતિના બાણથી એના સારાથના મસ્તકને પણ તેણે કાપી નાખ્યું; તેમજ પૂર્ણચંદ્રસમાન પ્રકાશવાળા, અતિતેજસ્વી મુખવાળા તથા કુંડળોસહિત એવા તે અલંબુષના મુખને પણ તેના શરીરથી જૂદું પાડયું.[૧૮] હે રાજન્! એ પ્રમાણે રાજપુત્ર અને રાજપૌત્ર એ અલંબુષનો યુદ્ધમાં વધ કરીને યદુશ્રેષ્ઠ વીર સાત્યકિ, તમારાં સૈન્યોનું વારણ કરીને મથન કરતો અર્જુનની પાછળજ જવા લાગ્યો.[૧૯] શત્રુઓના મધ્યમાં ઘૂમી ઘૂમીને વાયુ જેમ વાદળોના સમૂહનો નાશ કરે, તેમ બાણોવડે કૌરવોના સૈન્યનો નાશ કરતા યાદવવીર સાત્યકિને પોતાની પાછળ આવેલો જોઈ અર્જુનને આનંદ થયો.[૨૦] સારી રીતે કેળવાયલા, ગાયનું દૂધ, ડોલર, ચંદ્ર અને બરફસમાન ઉજ્જવળ રંગના, સુવર્ણના સામાનથી ઢંકાયેલા તથા સિંધુદેશમાં જન્મેલા સાત્યકિના ઉત્તમ ઘોડાઓ, પુરુષસિંહ સાત્યકિ જ્યાં જ્યાં જવા ઈચ્છતો હતો ત્યાં ત્યાં લઈ જતા હતા.[૨૧] એ વેળા હે ભારત! તમારા બધા પુત્રો અને બીજા તમારા પક્ષના યોદ્ધાઓ, યોદ્ધાઓમાં મુખ્ય એવા તમારા પુત્ર દુઃશાસનને આગળ કરી સાત્યકિસામા ચઢી આવ્યા.[૨૨] સૈન્યના મારાને સહન કરનારા તે યોદ્ધાઓ, શિનિકુમાર સાત્યકિને ચારેબાજુથી રણમાં ઘેરી લઈને પ્રહાર કરવા મંડી પડયા; અને સાત્વતશ્રેષ્ઠ વીર સાત્યકિ પણ બાણોની જાળ કરી દઈને તેઓને અટકાવવા લાગ્યો.[૨૩] અગ્નિસરખાં તીક્ષ્ણ બાણોથી તેઓને સત્વર અટકાવી દઈને શત્રુઘાતી સાત્યકિએ, ધનુષ્ય ઉંચું કરી દુઃશાસનના ઘોડાઓને મારી નાખ્યા.[૨૪] તે પછી પુરુષવીર સાત્યકિને ત્યાં આવેલો જોઈ અર્જુન તથા શ્રીકૃષ્ણ બહુ હર્ષ પામ્યા.[૨૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'અલંબુષનો વધ' એ વિષયનો
અધ્યાય ૧૪૦ મો સમાપ્ત

અધ્યાય ૧૪૧ મો

સાત્યકિને અર્જુનનાં દર્શન

॥ संजय उवाच ॥

तमुद्यतं महाबाहुं दुःशासनरथं प्रति ।
त्वरितं त्वरणीयेषु धनंजयजयैषिणम् ॥ १ ॥

સંજયે કહ્યું:—હે ધૃતરાષ્ટ્રરાજા! દુઃશાસનના રથપ્રત્યે સજ્જ થયેલા, ઝડપથી કરવાયોગ્ય કાર્યોમાં ત્વરાવાળા અને અર્જુનના વિજયની ઈચ્છા રાખીને અનંત સેનાસમુદ્રમાં દાખલ થયેલા મહાબાહુ સાત્યકિને જોઈને સુવર્ણભૂષિત ધ્વજાઓવાળા મહાધનુર્ધર ત્રિગર્ત યોદ્ધાઓ તેને ઘેરી વળ્યા.[૧,૨] મોટા રથસમુદાયથી તેને ચારેબાજુથી ઘેરી લઈ તે પરમધનુર્ધર યોદ્ધાઓ, ક્રોધપૂર્વક સંખ્યાબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા;[૩] પણ સત્યપરાક્રમી સાત્યકિ એકલાએ, એ મહારણમાં પ્રકાશતા-પોતાના શત્રુ પચાસ રાજકુમારોને જીતી લીધા હતા;[૪] અને તાળીઓના અવાજથી ગાજી રહેલા, તરવારો, શક્તિઓ અને ગદાઓથી ભરેલા ભારતી સેનાના મધ્યભાગમાં તરવાના સાધનરહિત જળમાં જેમ મનુષ્ય પ્રવેશ કરે તેમ તેણે પ્રવેશ કર્યો.[૫]એ રણમાં શિનિપુત્ર સાત્યકિનું અદ્ભુત રણકૌશલ્ય અમારા જોવામાં આવ્યું હતું; કારણ કે તે થોડીવારે પશ્ચિમ દિશામાં દેખાતો તો થોડીવારે ઘણી ઝડપથી પૂર્વમાં પણ ઘૂમી રહેલો દેખાતો હતો; તેમજ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને સર્વ વિદિશાઓમાં પણ જાણે નૃત્ય કરતો હોય, તેમ તે શૂરો સાત્યકિ,સો રથોને લઇને જાણે ઘૂમતો હોય તેમ ઘૂમી રહ્યો હતો.[૭] સિંહસમાન પરાક્રમી ગતિવાળા તે સાત્યકિની યુદ્ધકુશળતા જોઇને ત્રિગર્તયોદ્ધાઓ સંતપ્ત થઇને પોતાના સ્વજનોપ્રત્યે પાછા ફર્યા; એટલે શૂરસેનદેશના બીજા શૂરા યોદ્ધાઓ, અંકુશોથી જેમ મદમત્ત હાથીને અટકાવે, તેમ અનેક બાણો મૂકી મૂકીને તે સાત્યકિને અટકાવવા લાગ્યા.[૯]ઉદારાત્મા સાત્યકિએ એક મુહૂર્તમાંજ તેઓનો પરાજય કર્યો અને પછીથી અચિંત્યબળ પરાક્રમવાળો તે સાત્યકિ કલિંગોની સાથે યુદ્ધ કરવા લાગ્યો.[૧૦] થોડા વખતમાં તરી ન તરાય તેવી કલિંગોની સેનાને પણ વટાવી જઇને મહાબાહુ સાત્યકિ પૃથાપુત્ર અર્જુનપાસે જઇ પહોંચ્યો.[૧૧] જેમ જળની અંદર તરીને થાકેલો કોઇ પુરુષ સ્થળપ્રદેશમાં આવીને શાંતથાય તેમ સાત્યકિ, પુરુષવ્યાઘ્ર અર્જુનનાં દર્શન કરીને શાંત થયો.[૧૨] એ વેળા તેને આવતો જોઇ કેશવ અર્જુનને કહેવા લાગ્યા:-" અરે ઓ પાર્થ! આ શિનિકુમાર સાત્યકિ, તારે પગલે પગલે અહીં આવે છે.[૧૩] સત્યપરાક્રમી એ તારા શિષ્ય અને મિત્રે, સર્વ યોદ્ધાઓને તૃણતુલ્ય ગણીને જીતી લીધા છે.[૧૪] હે કિરીટિ ! કૌરવ યોદ્ધાઓને ઘોર ઉપદ્રવ કરીને તને પ્રાણથી પણ અધિક પ્રિય એવો આ સાત્યકિ તારી પાસે આવે છે.[૧૫] હે ફાલ્ગુન ! દ્રોણાચાર્ય તથા ભોજ-કૃતવર્માનાં પણ બાણોનો તિરસ્કાર કરીને સાત્યકિ અહીં આવે છે.[૧૬] ધર્મરાજાનું હંમેશાં પ્રિય કરનારો તથા અસ્ત્રકુશળ એવો આ શૂરો સાત્યકિ સારા સારા યોદ્ધાઓનો નાશ કરી નાખીને આ તરફ ચાલ્યો આવે છે.[૧૭] હે પાંડુપુત્ર! સૈન્યોના મધ્યમાં ઘણું દુષ્કર કર્મ કરીને તારા દર્શનની ઇચ્છાવાળો આ મહાબળવાન સાત્યકિ આપણી તરફજ આવે છે.[૧૮]

હે પાર્થ ! કેવળ એક રથનીજ સહાય લઇને આચાર્ય આદિ અનેક મહારથોસામે યુદ્ધ કરીને આ સાત્યકિ અહીંજ પ્રયાણ કરી આવે છે.[૧૯] ખરેખર ! આ સાત્યકિને ધર્મરાજાએજ મોકલ્યો હશે અને તેથીજ પોતાના બાહુબળના આશ્રયથી આખી સેનાને ચીરી નાખી આપણી સામે આવે છે.[૨૦] કૌરવોમાં જેના સમાન એક પણ યોદ્ધો નથી તે આ યુદ્ધદુર્મદ સાત્યકિ, અહીં તારી પાસે આવે છે.[૨૧] હે પાર્થ! ગાયોના ટોળામાંથી મુક્ત થયેલો સિંહ હોય, તેમ કુરુસૈન્યમાંથી મુક્ત થયેલો આ સાત્યકિ, ઘણી સેનાઓનો સંહાર કરી નાખીને આપણી પાસે આવે છે.[૨૨] હે પાર્થ! હજારો રાજાઓનાં કમળસરખાં મુખોથી આખી પૃથ્વીને ઢાંકી દઇને સાત્યકિ શીઘ્ર અહીં આવે છે.[૨૩] આ રણમાં દુર્યોધનનો તથા તેના ભાઇઓનો પરાજય કરીને અને જલસંધનો વધ કરીને સાત્યકિ ઉતાવળો ઉતાવળો આ તરફ આવે છે.[૨૪] વળી આ રણભૂમિપર રુધિરના પ્રવાહવાળી તથા શોણિતના કાદવવાળી નદી ચલાવી મૂકીને તથા કૌરવયોદ્ધાઓનો તૃણની પેઠે પરાજય કરીને આ સાત્યકિ ઝટપટ અહીં આવે છે. "[૨૫]

શ્રીકૃષ્ણનાં એ વચન સાંભળીને હર્ષ પામેલા અર્જુને કેશવપ્રત્યે આ વાક્ય કહ્યું:-" હે મહાબાહુ કેશવ ! આ સમયે સાત્યકિ મારી પાસે આવે છે, તે મને લગારે પ્રિય નથી; કારણકે ધર્મરાજાનું ત્યાં શું થયું હશે તે હું જાણતો નથી. સાત્યકિવિનાના થઇને તે જીવતા હશે કે મરણ પામ્યા હશે ?[૨૬,૨૭] હે મહાબાહુ કૃષ્ણ! આ સાત્યકિએ ધર્મરાજાનું રક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું જોઇએ; છતાં તેમનો ત્યાગ કરી અહીં મારી પાછળ તે શામાટે આવ્યો હશે ? ૨૮ રાજા યુધિષ્ઠિરને દ્રોણપાસે એકલા મૂક્યા છે, સિંધુરાજાને હજી માર્યો નથી અને આ તરફથી ચેલો ભૂરિશ્રવા, સાત્યકિસામે યુદ્ધ કરવા ધસ્યો આવે છે.૨૯ આ અતિશય મોટો ભાર સિંધુરાજાને માટે મેં ઉઠાવ્યો છે, તેવામાં તો વળી મારે રાજા યુધિષ્ઠિરનું વૃત્તાંત જાણવાનું રહ્યું અને સાત્યકિનું રક્ષણ કરવાનું પણ આવી પડ્યું.૩૦ જયદ્રથને હજી મારવાનો છે અને આ સૂર્ય અસ્ત થવાની તૈયારીપર છે. આ તરફ જોતાં આ મહાબાહુ સાત્યકિ થાકેલો અને અલ્પ ચેતનવાળો જણાય છે. હે માધવ ! તેના ઘોડાઓ અને સારથિ પણ થાકી ગયા છે; અને હે કેશવ ! આ ભૂરિશ્રવા સહાયસંપન્ન હોવાથી થાકેલો નથી.૩૧,૩૨ આ ભૂરિશ્રવાની સાથેના સમાગમમાં સાત્યકિ ક્ષેમકુશળ રહેશે ? સત્યપરાક્રમી સાત્યકિ મોટો સમુદ્ર તરી આવ્યો છે; અને હવે ગાયના પગલા જેટલા ખાબોચીયામાં મહાતેજસ્વી આ સાત્યકિ ડૂબી મરશે કે શું ? કૌરવોના મુખ્ય અસ્ત્રકુશળ મહાત્મા ભૂરિશ્રવાસામે ભેટીને સાત્યકિ ક્ષેમકુશળ રહેશે ? હે કેશવ ! હું માનું છું કે, સાત્યકિને અહીં મોકલીને તથા આચાર્યના ભયનો ત્યાગ કરીને ધર્મરાજાએ મોટી ભૂલ કરી છે; કારણકે બાજપક્ષી જેમ માંસને માટે ટાંપી રહે છે, તેમ દ્રોણાચાર્ય ધર્મરાજાને કેદ પકડવામાટે નિત્ય ટાંપી રહ્યા છે; તેથી રાજા કુશળક્ષેમ હશે કે નહિ તેનો મને સંશય રહે છે."

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સાત્યકિને અર્જુનનાં દર્શન' એ વિષયનો અધ્યાય ૧૪૧ મો સમાપ્ત

અધ્યાય ૧૪૨ મો

અર્જુને કરેલો ભૂરિશ્રવાનો બાહુચ્છેદ

॥ संजय उवाच ॥

तमापततं संप्रेक्ष्य सात्त्वतं युद्धदुर्मदम् ।
क्रोधाद्भूरिश्रवा राजन् सहसा समुपाद्रवत् ॥

સંજયે કહ્યું:–હે રાજન્ ! તે પછી યુદ્ધદુર્મદ સાત્યકિને ધસી આવતો જોઇ ભૂરિશ્રવા, ક્રોધપૂર્વક તેની સામે એકાએક ધસી ગયો.૧ હે મહારાજ ! કુરુવંશી ભૂરિશ્રવા તે સમયે શિનિપુંગવ સાત્યકિને આ પ્રમાણે કહેવા લાગ્યો:–"આજે તું મારી નજરે આવી ચઢયો છે, તે બહુ સારૂં થયું. આજના રણમાં હું લાંબા વખતથી ઇચ્છેલા મારા અભિલાષને સંપૂર્ણ કરીશ. આજે તું રણસંગ્રામનો જો ત્યાગ નહિ કરે તો મારી પાસેથી જીવતો છૂટવાનો નથી.૨,૩ અરે, ઓ યદુવંશી સાત્યકિ ! નિત્ય પોતાને શૂરાતરીકે માનનારા તને આજના યુદ્ધમાં હણી નાખીને હું કુરુરાજ દુર્યોધનને પ્રસન્ન કરીશ.૪ આજે મારાં બાણોથી દગ્ધ થઇને ધરણીપર ઢળી પડેલા તને, રણમાં વીર ગણાતા કેશવ અને અર્જુન બન્ને જણા જોશે.૫ જે રાજા ધર્મપુત્રે તને આ કૌરવસૈન્યમાં અર્જુનની ખબર લેવા મોકલ્યો છે તે યુધિષ્ઠિર, તને મારા હાથે મરણ પામેલા સાંભળીને તુરત શરમિંદો પડી જશે.૬ લોહીથી છંટાયેલો તું મરણ પામીને આજે જ્યારે ભૂમિપર શયન કરીશ, ત્યારે કુંતાપુત્ર અર્જુન મારાં પરાક્રમ જાણશે.૭ પૂર્વે દેવાસુરોના યુદ્ધપ્રસંગે ઇંદ્રને બલિરાજા સાથે ભેટો કરવાની જેમ લાંબા સમયથી ઇચ્છા હતી, તેમ મને પણ તારો સમાગમ કરવાની ચિરકાળની ઇચ્છા હતી, તે આજે પૂર્ણ થઇ છે.૮ હે સાત્વત ! આજે હું તારી સામે મહાઘોર યુદ્ધ કરીશ, કે જેથી તને મારાં વીર્ય, બળ અને પુરુષાર્થનું યથાર્થ જ્ઞાન થશે. જેમ પૂર્વે રામના નાનાભાઇ લક્ષ્મણે રણમાં મારી નાખેલો રાવણપુત્ર ઇંદ્રજિત, યમપુરીમાં ગયો હતો, તેમ આજના રણમાં મારે હાથે મરણ પામી તું યમપુરીમાં જઇશ.૧૦ હે માધવ! આજે તારૂં મરણ થતાં નિરૂત્સાહ થયેલા કૃષ્ણ, અર્જુન અને ધર્મરાજા નિઃસંશય રણનો ત્યાગ કરશે.૧૧ અલ્યા ઓ મધુવંશી ! તીક્ષ્ણ બાણોથી આજે હું તારૂં પૂજન કરીશ અને તેં જેઓને રણમાં મારી નાખ્યા છે તેઓની સ્ત્રીઓને ખુશ કરીશ.૧૨ જેમ સિંહની નજરે ચઢેલો ક્ષુદ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃગ છૂટવા ન પામે તેવો મારી નજરે ચઢેલો તું પણ આજે છૂટવા પામીશ નહિ."[૧૩]

ભૂરિશ્રવાનાં એ વાક્યો સાંભળી હસતો હોય તેવો દેખાવ કરી સાત્યકિ તેનાપ્રત્યે કહેવા લાગ્યો:-" ઓ કુરુવંશી ભૂરિશ્રવા ! મને રણસંગ્રામમાં કોઇના તરફથી ત્રાસ છેજ નહિ. મને કેવળ વાણીના બકવાદમાત્રથી કોઇ ડરાવી શકે તેમ નથી. જે પુરુષ સંગ્રામમાં મને હાથ-યારવિનાનો કરે છે, તે પુરુષ મને મારી શકે છે; પણ રણમાં મને મારતાં મારતાં પુરુષે પોતાના આયુષ્યના સઘળા સમયનો ભોગ આપવો પડે તેમ છે, તો વ્યર્થ ઘણો બકવાદ કરવાથી શું વળવાનું છે ? માટે જે તું કહે છે, તે બધું કર્મથી કરી બતાવ.[૧૪,૧૬] શરદ્ ઋતુના મેઘની ગર્જનાની પેઠે તારી ગર્જના પણ નિષ્ફળ છે. હે વીર ! તારાં વ્યર્થ બણગાંની ગર્જના સાંભળીને મને હસવું આવે છે;[૧૭]માટે હે કુરુવંશમાં જન્મેલા ! લોકમાં ઘણા સમયથી ઇચ્છેલા યુદ્ધને આજે થવા દે. હે તાત ! તારીસામે યુદ્ધ કરવાની ઇચ્છાવાળી મારી બુદ્ધિ ઉતાવળ કરી રહી છે.[૧૮] ઓ પુરુષાધમ ! આજે તને માર્યાવિના હું નિવૃત્ત થઇશ નહિ."

એ રીતે વાણીથી અન્યોન્યને પ્રહાર કરતા તેઓ બંને પુરુષશ્રેષ્ઠો એકબીજાને મારી નાખવાની ઇચ્છાથી પરમ ક્રોધાયમાન થઈ યુદ્ધમાં સામસામા પ્રહાર કરવા લાગ્યા. મહાધનુર્ધર, બલાઢ્ય અને રણમાં પરસ્પરની સ્પર્ધા કરનારા તેઓ બંને જણા, હાથણીને માટે સામસામા ભેટેલા મદમત્ત કોપેલા બે હાથીઓની પેઠે સામસામા ભેટયા હતા. શત્રુદમન ભૂરિશ્રવા અને સાત્યકિ ચઢી આવેલા બે મેઘોની પેઠે પરસ્પર ઘોર બાણવૃષ્ટિ વરસાવી રહ્યા હતા. એ સમયે ભૂરિશ્રવાએ બાણોથી સાત્યકિને ઢાંકી દઇ તેને મારી નાખવાની ઇચ્છાથી તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરવા માંડયો. વળી દશ બાણોથી સાત્યકિને વિંધી નાખીને ભૂરિશ્રવાએ બીજાં તીક્ષ્ણ બાણો તેને હણી નાખવાની ઇચ્છાથી છોડયાં પણ હે રાજા ! ભૂરિશ્રવાનાં તે બાણોને સાત્યકિ પોતાની પાસે નહિ પહોંચવા દેતાં આકાશમાંજ અસ્ત્રમાયાથી ગળી જતો હતો. કુરુ અને યાદવકુળની કીર્તિમાં વધારો કરનારા તેઓ બંને ઉત્તમ કુળના વીરપુરુષો, જાતજાતનાં શસ્ત્રોની વૃષ્ટિ કરી પરસ્પર વરસી રહ્યા હતા. જેમ બે વાઘો સામસામે નખો ભરાવીને અન્યોન્યને ઘાયલ કરે તથા જેમ બે મહાગજો સામસામે દંતૂશળો ભરાવીને પરસ્પર પ્રહાર કરે, તેમ તેઓ બંને જણા રથશક્તિ અને બાણોવડે અન્યોન્યને ઘાયલ કરતા હતા. બન્નેએ એકબીજાનાં ગાત્રો તોડી નાખ્યાં હતાં, જેથી તેમાંથી લોહી વહેતું હતું.[૧૯-૨૭]પોતાના પ્રાણોનું બલિદાન આપવાનું પણ લઇ યુદ્ધરૂપ દ્યૂતને ખેલી રહેલા તેઓ બંનેજણા અન્યોન્યને સ્તબ્ધ કરી દેતા હતા. એ પ્રમાણે ઉત્તમ કર્મ કરી રહેલા કુરુ અને યાદવવંશની કીર્તિને વિસ્તારતા તેઓ બંને જણા યૂથપતિ બે હાથીઓની પેઠે પરસ્પર યુદ્ધ કરતા હતા. બ્રહ્મલોકમાં પણ શ્રેષ્ઠ મનાયેલા તેઓ બંને જણા તત્કાળ સ્વર્ગલોકમાં જવાની ઇચ્છા કરતા અન્યોન્ય સામે ગર્જના કરતા હતા. તે વેળા હર્ષપૂર્વક જોઇ રહેલા સર્વ કૌરવોની સમક્ષ સાત્યકિ અને ભૂરિશ્રવા પરસ્પર બાણોનો વરસાદ વરસાવી રહ્યા હતા. જેમ કોઈ એક હાથણીને માટે યુદ્ધ કરી રહેલા યૂથપતિ બે હાથીઓ હોય, તેમ પરસ્પર લડી રહેલા તે મહાયોદ્ધાઓને યોદ્ધાઓ જોઇ રહ્યા હતા. જોતજોતામાં બન્નેએ એકબીજાના ઘોડાઓને મારી નાખ્યા અને ધનુષ્યો કાપીનાખ્યાં;જેથી તેઓ રથરહિત થઇ તરવારનું યુદ્ધ કરવામાટે સામસામા આવી ગયા. બળદનાં ચામડાની બનાવેલી તરેહ તરેહની સુંદર અને મોટી બે ઢાલો હાથમાં લઇને તથા તરવારોને મ્યાનમાંથી ખેંચી કાઢીને તેઓ રણમાં ઘૂમવા લાગ્યા. અનેક પ્રકારના યુદ્ધમાર્ગોમાં તથા મંડળોમાં વિભાગપૂર્વક ફરી રહેલા તે બન્ને શત્રુદમન યોદ્ધાઓ, ક્રોધાયમાન થઇને વારંવાર અન્યોન્યને પ્રહાર કરતા હતા. ચિત્રવિચિત્ર કવચ, હાર અને બાજુબંધથી શોભતા ખડ્ગધારી એ બંને યશસ્વીઓ ભ્રાંત, ઉદ્ભ્રાંત, આવિદ્ધ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્લુત, વિપ્લુત, સૃત, સંપાત અને સમુદીર્ણ નામના કેટલાએક યુદ્ધના પ્રકારો દર્શાવી દર્શાવીને રણમાં ઘૂમતા હતા. શત્રુદમન તેઓ બન્ને વીરો એકબીજાનાં છિદ્રો શોધી શોધીને પરસ્પર પ્રહાર કરતા હતા અને અદ્ભુત રીતિએ યુદ્ધમાં ખેલી રહ્યા હતા.[૩૮]એ બન્ને જણા યુદ્ધમાં પોતાની શિક્ષા, લઘુતા અને કુશળતાને દર્શાવી એકમેકનું આકર્ષણ કરી રહ્યા હતા. હે રાજેન્દ્ર! એક મુહૂર્તકાળસુધી એ રીતે પરસ્પર પ્રહાર કરીને તેઓ બન્ને વીરો સર્વ સૈન્યોના દેખતાં પુનઃ વિશ્રાંતિ લેવા લાગ્યા.[૩૯]હે રાજા! પછી તરવારોના પ્રહારથી સેંકડો કુદ-ડીઓવાળી બન્ને ઢાલો જ્યારે કપાઈ પડી, ત્યારે તે પુરુષવ્યાઘ્રોએ બાહુયુદ્ધ કરવા માંડયું.[૪૦] વિશાળ વક્ષઃસ્થળ અને દીર્ઘબાહુ વાળા તે બન્ને યુદ્ધનિપુણ યોદ્ધાઓ લોખંડી ભોગળ જેવા મજબુત બાહુઓથી લડતા હતા. યુદ્ધશિક્ષાના બળથી ઉત્પન્ન થયેલી તેઓની બાહુસ્ફોટ હસ્તધારણ તથા ગળામાં હાથ નાખવો આદિ ક્રિયાઓને જોઇને સર્વ યોદ્ધાઓ ખુશખુશ થઇ જતા હતા.[૪૨] હે રાજન્! યુદ્ધમાં લડી રહેલા તેઓ બન્ને પુરુષવીરોનો વજ્રની સાથે અથડાતા બે પર્વતોના સરખો મહાભયંકર શબ્દ તે વેળા થઇ રહ્યો હતો.[૪૩] સામસામે દંતૂશળોના અગ્રભાગો ભરાવીને જેમ બે હાથીઓ યુદ્ધ કરે અને શીંગડાં ભરાવીને જેમ બે મોટા સાંઢો યુદ્ધ કરે, તેમ તેઓ બન્ને કુરુશ્રેષ્ઠ અને યાદવશ્રેષ્ઠ શૂરવીરો બાહુઓરૂપ પાશોને વિંટાળીને, મસ્તકો ભરાવીને, પગ ખેંચીને, પગમાં આંટીઓ નાખીને, સામસામે અથડાઇને, એકબીજાને ગોથાં ખવડાવી દઇને, સામસામા ઉછળીને, પગ અને ઉદરને એકમેક કરી દઇને, પૃથ્વીપર ઉદ્ભ્રમણ કરી કરીને, ગમન, પ્રત્યાગમન, ક્ષેપન, પાતન, ઉત્પાતન તથા મોટી છલંગો ભરી ભરીને યુદ્ધ કરતા હતા.[૪૪–૪૬] હે ભરતવંશી રાજા! બત્રીસ પ્રકારનાં જે મલ્લયુદ્ધો હોય છે,તે સર્વ મલ્લયુદ્ધોને મહાબળવાન એવા તેઓ બન્ને જણાએ લડી બતાવ્યાં હતાં.

તે પછી આયુધો જેનાં ખૂટી પડયાં હતાં એવો તે સાત્યકિ જ્યારે ત્યાં યુદ્ધ કરી રહ્યો હતો, ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનપ્રત્યે બોલ્યાઃ– "હે અર્જુન! તું આ તરફ દૃષ્ટિ કર. સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ આ સાત્યકિ રથવિનાનો થઇને પણ યુદ્ધ કરી રહ્યો છે. હે ભારત! ભારતી સેનાને ભેદી નાખીને તેણે તારી પાછળ પ્રવેશ કર્યો છે અને વળી તેણે મહાન વીર્યવાળા સર્વ ભારત યોદ્ધાઓસાથે યુદ્ધ કર્યું છે. યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ એવો તે સાત્યકિ, લગભગ થાકી ગયો હતો, તેવામાં વળી ઘણી દક્ષિણા આપનારો આ ભૂરિશ્રવા તેનીસામે યુદ્ધ કરવાની ઈચ્છાથી આવી પહોંચ્યો છે; પણ તે બરાબર નથી."[૪૮–૫૦] શ્રીકૃષ્ણ અર્જુનપ્રત્યે એ પ્રમાણે કહી રહ્યા હતા એ અરસામાં ક્રોધાયમાન થયેલા યુદ્ધદુર્મદ ભૂરિશ્રવાએ મદોન્મત્ત હાથી જેમ બીજા મદમત્ત હાથીને પ્રહાર કરે તેમ સાત્યકિને ઉંચકીને પૃથ્વીપર પછાડયો.[૫૧] હે રાજન્! તે વેળા રથમાં બેઠેલા યોદ્ધાઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અને અર્જુન પણ ભૂરિશ્રવાના તે કર્મને ક્રોધપૂર્વક જોઇ રહ્યા હતા.[૫૨]પછી મહાબાહુ શ્રીકૃષ્ણે અર્જુનપ્રત્યે કહ્યું:–"ઓ અર્જુન! યાદવ અને અંધકકુળમાં વ્યાઘ્રસમાન આ સાત્યકિને તો તું જો. આ સમયે તે ભૂરિશ્રવાને વશ થઇ ગયો છે. અતિદુષ્કર કર્મ કરીને તે થાકી ગયો છે અને તેથીજ પૃથ્વીપર પછડાઇ પડયો છે, માટે તારા શિષ્ય એ વીર સાત્યકિનું તું રક્ષણ કર.[૫૩,૫૪] હે પુરુષવ્યાઘ્ર! હે સમર્થ અર્જુન! કેવળ તારેમાટે અહીંસુધી આવેલો આ શ્રેષ્ઠ પુરુષ, યજ્ઞો કરવાના સ્વભાવવાળા ભૂરિશ્રવાને વશ ન થઇ જાય તેટલામાં તું કોઈ ઉપાય શીઘ્ર કર."[૫૫] શ્રીકૃષ્ણનાં એ વચનો સાંભળ્યા પછી હર્ષ પામેલા મનવાળો અર્જુન વાસુદેવને કહેવા લાગ્યોઃ– "હે કૃષ્ણ! તમે જુઓ તો ખરા! જેમ વનમાં મદોન્મત્ત મહાગજસાથે યૂથપતિ સિંહ ક્રીડા કરી રહ્યો હોય તેમ યાદવવીર સાત્યકિસાથે કુરુપુંગવ ભૂરિશ્રવા કેવો ક્રીડા રહ્યો છે?"

સંજયે કહ્યું:–પાંડુપુત્ર અર્જુન એ પ્રમાણે કહેતો હતો તેવામાં હે ભરતશ્રેષ્ઠ રાજા! સૈન્યોમાં મહાન હાહાકાર થઇ રહ્યો; કારણ કે પુષ્કળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણા આપનારો મહાબાહુ ભૂરિશ્રવા, સાત્યકિને પૃથ્વીપર પટકી પાડીને સિંહ જેમ હાથીને ઘસડે તેમ ઘસડી રહેલો યુદ્ધમાં શોભતો હતો. તે પછી ભૂરિશ્રવાએ મ્યાનમાંથી તરવાર ખેંચી કાઢીને સાત્યકિની ચોટલી પકડી અને પગથી છાતીમાં પ્રહાર પણ કર્યો. ૬૦ વળી જેવામાં કુંડળસહિત તેના મસ્તકને ધડથી જૂદું કરવાનો આરંભ કર્યો તેવામાં સાત્યકિ પણ પોતાના મસ્તકને ધૂણાવવા લાગ્યો.૬૧ હે ભરતવંશી રાજા! કુંભાર જેમ દાંડાસહિત ચાકરાને જોસથી ઘુમાવે, તેમ સાત્યકિ પોતાના કેશને પકડનાર ભૂરિશ્રવાના બાહુસહિત મસ્તકને ઘૂમાવી રહ્યો હતો.૬૨ એ રીતે રણમાં પોતાના મસ્તકને ખેંચી રહેલા સાત્યકિને જોઇને હે રાજન્! શ્રીકૃષ્ણે ફરી પણ અર્જુનને કહ્યું:-૬૩ "હે મહાબાહુ ભારત! યાદવ અને અંધકકુળમાં વ્યાઘ્રસમાન અને ધનુર્વિદ્યામાં તારાથી નહિ ઉતરતો આ સાત્યકિ, લગભગ ભૂરિશ્રવાના તાબામાં આવી ગયો છે, તે તું જો તો ખરો.૬૪ હે પાર્થ! જ્યાં રણમાં આ ભૂરિશ્રવા સત્યપરાક્રમી યાદવ સાત્યકિના કરતાં અધિકતા દર્શાવી રહ્યો છે, ત્યાં આપણામાં જે પરાક્રમ છે તે અસત્ય ઠરે છે."૬૫ શ્રીકૃષ્ણે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે મહાબાહુ અર્જુન પોતાના મનમાં ભૂરિશ્રવાનાં વખાણ કરવા લાગ્યો કેઃ-" જાણે યુદ્ધમાં ક્રીડા કરતો હોય તેમ યાદવશ્રેષ્ઠ સાત્યકિને ઘસડી રહેલો, કૌરવોની કીર્તિને વધારનારો આ ભૂરિશ્રવા મને ઘણો હર્ષ ઉપજાવે છે. યાદવવીર સાત્યકિને જો કે એ મારી શકે તેમ નથીજ; તોપણ અરણ્યમાં સિંહ જેમ મહાન હાથીને ઘસડે, તેમ તે સાત્યકિને ઘસડી રહ્યો છે."૬૮ એ પ્રમાણે મનમાં કૌરવ ભૂરિશ્રવાનાં વખાણ કરીને હે રાજા! મહાબાહુ અર્જુન વાસુદેવપ્રત્યે બોલ્યોઃ-"હે કૃષ્ણ! મારી દૃષ્ટિ સિંધુરાજા તરફ આસક્ત છે; જેથી હું સાત્યકિને જોઈ શકતો નથી, છતાં સાત્યકિને માટે હું કોઈનાથી ન બને તેવું પરાક્રમ કરી બતાવું છું."૭૦ એમ કહીને વાસુદેવના વચનને માન્ય કરતા અર્જુને અસ્ત્રાની ધાર જેવું એક તીક્ષ્ણ બાણ ગાંડીવધનુષ્યમાં સાંધીને છોડયું. ૬૧ આકાશમાંથી ખરતી મોટી ઉલ્કાની પેઠે અર્જુનના હાથમાંથી છૂટેલા તે બાણે, યજ્ઞો કરવાના સ્વભાવવાળા ભૂરિશ્રવાના તરવાર અને બાજુબંધસહિત બાહુને કચ દઇને કાપી નાખ્યો.૭૨

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભૂરિશ્રવાનો બાહુચ્છેદ' એ વિષયનો અધ્યાય ૧૪૨ મો સમાપ્ત

અધ્યાય ૧૪૩ મો

ભૂરિશ્રવાનો વધ

॥ संजय उवाच ॥

स बाहुर्न्यपतद्भूमौ सखड्ग सशुभांगदः ।
आदधज्जीवलोकस्य दुःखमद्भुतमुत्तमः ॥१॥

સંજયે કહ્યું:- હે ધૃતરાષ્ટ્રરાજા! ભૂરિશ્રવાનો તે ઉત્તમ હાથ તરવાર અને સુંદર બાજુબંધસહિત પૃથ્વીપર પડયો. તે જોઇ પ્રાણી માત્ર અત્યંત ખિન્ન થઈ ગયાં.૧ સાત્યકિને પ્રહાર કરવા ઈચ્છતા તે હાથને અર્જુને અદૃશ્ય રહીને કાપી નાખ્યો હતો, તેથી પાંચ મુખવાળા સર્પની પેઠે વેગપૂર્વક તે પૃથ્વીપર પડયો.૨ એ પ્રમાણે પોતાના શરીરને જગતનાં કામોમાં અર્જુને નકામું કરી નાખેલું જોઈ ભૂરિશ્રવા, સાત્યકિનો ત્યાગ કરી ક્રોધથી પાંડુપુત્ર અર્જુનની નિંદા કરવા લાગ્યો.૩

ભૂરિશ્રવાએ કહ્યું:-"હે કુંતાપુત્ર! ઘણી ખેદની વાત છે કે, તેં આ એક ક્રૂર કર્મ કર્યું છે; કારણ કે મારી નજર ન હતી અને હું બીજા કાર્યમાં જ્યારે આસક્ત હતો, ત્યારે તેં મારા બાહુને કાપી નાખ્યો છે.૪ ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરને તું શું કહીશ? શું તું એમ કહીશ કે, ભૂરિશ્રવા બીજા કાર્યમાં આસક્ત હતો અને મેં તેને દગો કરીને રણમાં મારી નાખ્યો છે.૫ આ પ્રમાણે અસ્ત્રનો પ્રયોગ કરવાનો ઉપદેશ તને પ્રત્યક્ષ મહાત્મા ઇંદ્રે આપ્યો છે કે રુદ્ર અથવા દ્રોણાચાર્યે?૬ અરે, પણ તું તો અસ્ત્રોના ધર્મને જાણનારો તથા લોકમાં બીજાઓથી અધિક ગણાય છે; છતાં તારીસામે યુદ્ધ નહિ કરનારા મને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણમાં કેમ પ્રહાર કર્યો ? ૭ મનસ્વી પુરુષો પ્રમાદીને, ભયભીત થયેલાને, રથવિનાના થઈ પડેલાને, શરણની યાચના કરનારાને તથા સંકટમાં આવી પડેલાને કદી મારતા નથી.૮ આવું કર્મ તો નીચ પુરુષોજ આચરે છે અને દુષ્ટ પુરુષોજ સેવે છે; પણ હે પાર્થ ! તેં આવું અતિ દુષ્કર પાપકર્મ કેમ આચર્યું ?૯ હે ધનંજય ! આર્યપુરુષોના હાથે આર્યકર્મ સહજમાં થાય છે; પણ પૃથ્વી ઉપર આર્યોના હાથે અનાર્ય કર્મ અતિ દુષ્કર છે, એમ મહાત્માઓ કહે છે. હે પુરુષવ્યાઘ્ર ! જગતમાં કહેવાય છે કે, મનુષ્ય જ્યાં જ્યાં શુભ અશુભ કર્મોમાં અથવા સુજન દુર્જન મનુષ્યોમાં વસવાટ રાખે છે, ત્યાં ત્યાં તે તત્કાળ તેના સ્વભાવને પામે છે; તે આ કહેવત તારામાં પ્રત્યક્ષ દેખાય છે.૧૧ જો એમ ન હોય તો તું રાજવંશી થઇને અને ખાસ કરી કુરુકુળમાં ઉત્પન્ન થઇને તેમજ શ્રેષ્ઠ વર્તનવાળો સદાચારી થઇને ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ કેમ થાય ?૧૨ સાત્યકિને માટે તેં આજે અતિ ક્ષુદ્ર કર્મ કર્યું છે, તેમાં અવશ્ય વાસુદેવનોજ મત હોવો જોઇએ; કારણકે તારામાં આવું નીચકર્મ ઘટતું નથી.૧૩ જે કૃષ્ણનો મિત્ર ન હોય તેવો કયો પુરુષ, પ્રમાદી શત્રુ જોડે લડે અને તેને આવું કષ્ટ આપે ?૧૪ હે પાર્થ! યાદવ અને અંધક કુળના રાજાઓ સદા સંસ્કારહીન, દુષ્ટ કર્મો કરનારા અને સ્વભાવથીજ નિંદાયલા છે, તો તેવાઓને તેં પ્રમાણ કેમ માન્યા છે ?" ૧૫ ભૂરિશ્રવાએ રણમાં એ પ્રમાણે કહ્યું ત્યારે અર્જુને તેને આ પ્રમાણે જવાબ આપ્યો:– ખરેખર ! મરણ પામતા પુરુષની બુદ્ધિનો પણ નાશ થઈ જાય છે. હે રાજા! આ સમયે તેં જે કંઇ કહ્યું છે, તે બધું અનર્થક–અઘટિત છે. તું સંગ્રામોના ધર્મને જાણે છે અને સર્વ શાસ્ત્રોના અર્થોમાં પારંગત થયો છે. વળી મને–પાંડવને અને શ્રીકૃષ્ણને બરાબર જાણે છે; છતાં કેમ નિંદે છે ? "હું અર્જુન કદી અધર્મ કરૂં નહિ" એ વાતને જાણે છે; છતાં તું કેમ મોહવશ થાય છે ? શું તારા જાણવામાં નથી; કે પોતાના બાહુબળનો આશ્રય કરનારા ક્ષત્રિય પુરુષો પોતપોતાના ભાઇઓ, પિતાઓ, પુત્રો, સંબંધીઓ, બાંધવો, વયસ્યો અને મિત્રોથી વિંટાઇને શત્રુઓસામે યુદ્ધ કરે છે; તો તેજ ક્ષત્રિય હું, મારો શિષ્ય, સુખદાયી સંબંધી, અમારે માટે પોતાના પ્રિય પ્રાણોની પરવાવગર યુદ્ધ કરનાર, રણમાં મારા જમણા બાહુસમાન, યુદ્ધદુર્મદ સાત્યકિની રક્ષા કેમ ન કરૂં ? ૧૬–૨૧ હે રાજન્ ! એવો કંઈ નિયમ નથી કે, રણમાં રહેલા પુરુષે કેવળ પોતાના આત્માનુંજ રક્ષણ કરવું અને બીજા પોતાના અનુયાયીનું રક્ષણ કરવું નહિ; પણ જે રાજાનાં કાર્યોમાં જે પુરુષો સહાયકતરીકે જોડાયો હોય, તે રાજાએ તેનું પણ રક્ષણ કરવું જોઇએ; તેમજ રક્ષણ કરાતા તે સહાયકોએ મહારણમાં પોતાના રક્ષકરાજાનું પણ રક્ષણ કરવું જોઇએ. આ મહારણમાં હું સાત્યકિને મારી નજર આગળ મરણ પામતો જોઉં અને તેની રક્ષા ન કરૂં તો તેના વિયોગથી મને વ્યર્થ પાપજ લાગે. આવા કારણથી મેં સાત્યકિની રક્ષા કરી છે, તેમાં તું મારાપર શામાટે ક્રોધ કરે છે ?૨૨,૨૪ વળી હે રાજન્ ! તું મારી નિંદા કરીને કહે છે કે, "હું જ્યારે બીજાની સાથે યુદ્ધમાં જોડાયો હતો ત્યારે તેં મને છેતરીને માર્યો છે." આમ કહેવામાં પણ તારી બુદ્ધિની ભ્રાંતિ સ્પષ્ટ દેખાય છે; કારણકે કવચને ધૂણાવતા, રથપર ચઢતા તથા ધનુષ્યની દોરીનેખેંચીને શત્રુઓજોડે લડતા તને રથો, ઘોડાઓ, હાથીઓ તથા પાળાઓથી ભરપૂર અને સિંહનાદોથી ઉદ્ધત શબ્દવાળા આ ગંભીર સૈન્યસાગરમાં મેં પ્રહાર કર્યો છે. તો પોતાના તથા પારકા યોદ્ધાઓની સમક્ષ સાત્યકિસાથેના ભેટામાં તારો એકલાનોજ એકલા સાત્યકિની સાથે સંગ્રામ થયો છે, એ વાત કેમ સંભવે ?૨૫–૨૮ વળી સાત્યકિ અનેક યોદ્ધાઓની સામે ભેટીને તથા કેટલાએક મહારથોને જીતીને થાકી ગયો હતો, તેના ઘોડાઓ પણ થાકી ગયા હતા અને શસ્ત્રોથી પણ તે ઘણો પીડાયો હતો; જેથી તેનું મન પણ ઉદાસ થઈ ગયું હતું. આવી સ્થિતિમાં આવી પડેલા મહારથી સાત્યકિને રણમાં જી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીને તથા તેને પોતાના વીર્યના વશમાં આવેલો જોઇને શું તું તારી અધિકતા સમજતો હતો? વળી વધારામાં તરવારથી તેનો શિરચ્છેદ કરવાની પણ તેં ઇચ્છા કરી હતી. આવી રીતે સંકટમાં આવી પડેલા સાત્યકિને જોઇને તેના મિત્રપક્ષનો કયો પુરુષ સહન કરે?[૨૯-૩૧] આ બાબતમાં તું તારી પોતાનીજ નિંદા કર; કારણ કે તું તારૂં પોતાનું રક્ષણ કરી શક્યો નથી. હે વીર! હું તને પૂછું છું કે, જ્યારે તું તારૂં પોતાનું રક્ષણ કરી શક્યો નહિ; ત્યારે જે મનુષ્ય તારો આશ્રય કરે, તેનું તો તું કેવી રીતે રક્ષણ કરી શકે?"[૩૨]

સંજયે કહ્યું:-અર્જુને એ પ્રમાણે કહ્યા પછી યજ્ઞસ્થંભના ચિહ્નવાળી ધ્વજાવાળો મહાયશસ્વી મહાબાહુ ભૂરિશ્રવા, સાત્યકિનો ત્યાગ કરી રણમાં મરણસુધીનું અનશનવ્રત સ્વીકારી બેઠો.[૩૩] પવિત્ર લક્ષણવાળા તે રાજાએ ડાબા હાથવડે દર્ભો પાથરીને તેનાપર બેસીને બ્રહ્મલોકમાં પ્રયાણ કરવાની ઇચ્છા કરી. તેણે પોતાના પ્રાણોને વાયુઓમાં હોમ્યા. ચક્ષુઇન્દ્રિયને સૂર્યમાં એકાગ્ર કરી અને નિષ્પાપ મનને જળની અંદર હોમી દઈ. મહાઉપનિષદ્‌માં કહેલા જ્ઞાનનું ચિંતન કરતો તે ભૂરિશ્રવા યોગયુક્ત થઇ મુનિવ્રત સ્વીકારી બેઠો.[૩૪,૩૫] તે વેળા સર્વ સેનામાં મનુષ્યો, શ્રીકૃષ્ણ અને અર્જુનની નિંદા કરવા લાગ્યા અને તે પુરુષશ્રેષ્ઠની પ્રશંસા કરવા લાગ્યા.[૩૬] શ્રીકૃષ્ણ તથા અર્જુનની એ પ્રમાણે નિંદા થતી હતી, છતાં તેઓ લગારે અપ્રિય બોલ્યા નહિ; તેમજ યજ્ઞસ્થંભના ચિહ્નવાળી ધ્વજાવાળો તે ભૂરિશ્રવા પોતાની પ્રશંસા થયા છતાં લગારે હર્ષ પામ્યો નહિ;[૩૭] પણ હે રાજન્! તમારા પુત્રો જ્યારે એ રીતે નિંદાવચનો કહેવા લાગ્યા, ત્યારે તેઓનાં તથા ભૂરિશ્રવાનાં વાક્યોને મનમાં સહન નહિ કરીને અર્જુન, તેઓની વાણીનું સ્મરણ કરતો હોય તેમ શાંતિચિત્તે પણ આક્ષેપપૂર્વક બોલ્યો:-"સર્વ રાજાઓ મારા મહાન વ્રતને જાણેજ છે કે, જે કોઈ મારો માણસ, મારા બાણના અનુસંધાનમાં હોય છે તેને મારવાને કોઇ શક્તિમાન નથી.[૩૮-૪૦] હે યૂપકેતુ ભૂરિશ્રવા! એના સંબંધમાં પણ વિચાર કરીને તારે મારી નિંદા કરવી યોગ્ય નથી; તેમજ વળી પોતે ધર્મ સમજ્યાવિના બીજાની ધર્મસંબંધી નિંદા કરવી તે પણ તને ઘટે નહિ. હાથમાં હથિયાર લઇને તું યાદવવીરને મારી નાખવા ઇચ્છતો હતો. તે સમયે મેં જે તારો હાથ કાપી નાખ્યો, તે નિંદ્ય ધર્મ નથી.[૪૧,૪૨] હે તાત! શસ્ત્રહીન થયેલા, રથરહિત થયેલા તથા કવચવિનાના થયેલા બાળક અભિમન્યુના વધને કયો ધાર્મિક પુરુષ ધર્મકૃત્ય માનીને પૂજે તેમ છે?"[૪૩] અર્જુનનાં એ વાક્યોને સાંભળીને ભૂરિશ્રવાએ મસ્તકવડે પૃથ્વીને સ્પર્શ કર્યો તથા પોતાના કપાયેલા જમણા હાથને ડાબા હાથવડે એ અર્જુનની સમીપમાં ફેંક્યો;[૪૪] અને અર્જુનનાં એ પૂર્વોક્ત વચન સાંભળ્યા પછી હે મહારાજ! મહાતેજસ્વી યૂપકેતુ ભૂરિશ્રવા, નીચું મુખ કરીને શાંત થઇ ગયો.[૪૫]

તે પછી પુનઃ અર્જુને કહ્યું:-"હે શલના મોટાભાઇ! મને ધર્મરાજાપર, બળવાનોમાં શ્રેષ્ઠ ભીમસેનપર, નકુલપર તથા સહદેવપર જે પ્રીતિ છે, તેજ પ્રીતિ તારાપર પણ છે;[૪૬] માટે હું અને મહાત્મા શ્રીકૃષ્ણ તને અનુજ્ઞા આપીએ છીએ કે, ઉશીનરપુત્ર શિબિરાજા જે પ્રમાણે પુણ્યવાનોના લોકમાં ગયો છે, તે પ્રમાણે તું પણ તે પુણ્યવંતોના લોકોમાં જા."[૪૭]

વાસુદેવે પણ કહ્યું:-"નિરંતર અગ્નિહોત્ર લઇને યજન કરનારા હે રાજા! પ્રકાશવાળા જે મારા નિર્મળ લોકોની બ્રહ્મા આદિ દેવવરો પણ નિત્ય ઇચ્છા રાખે છે, તે લોકોમાં તું શીઘ્ર જા અને મારી પેઠે ગરુડની પીઠપર બેસીને તું ત્યાં વિચર."[૪૮]

સંજયે કહ્યું:-તેવામાં ભૂરિશ્રવાએ છોડી દીધેલો શિનિકુમાર સાત્યકિ એકદમ ઉભો થયો અને હાથમાં તરવાર લઇને એ મહાત્માના મસ્તકને કાપી નાખવાની તેણે ઇચ્છા કરી.[૪૯] અર્જુને લગભગ મારી નાખેલા, પુષ્કળ દક્ષિણાઓ આપનારા શલના નિષ્પાપ મોટાભાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂરિશ્રવાને મુનિવ્રતરૂપ અન્ય કાર્યમાં આસક્ત થયેલો જોઇને પણ સાત્યકિ મારવા તૈયાર થયો હતો.[૫૦] સૂંઢ કપાયેલા હાથીની પેઠે કપાયલી ભુજાવાળા, રણમાં અનશનવ્રતે બેઠેલા ભૂરિશ્રવાને મારી નાખવા ઇચ્છતા સાત્યકિની, સર્વ સૈન્યો મોટેથી નિંદા કરવા લાગ્યાં.[૫૧] વળી એ સાત્યકિને કૃષ્ણે, મહાત્મા અર્જુને, ભીમસેને, યુધામન્યુએ, ઉત્તમૌજાએ, અશ્વત્થામાએ, કૃપાચાર્યે, કર્ણે, વૃષસેને તથા જયદ્રથે પણ ઘણો ઘણો વાર્યો; છતાં સાત્યકિએ સવ સૈન્યોના કોલાહલને લક્ષ્યમાં ન લેતાં અનશવન વ્રત લઇને બેઠેલા તે ભૂરિશ્રવાને મારી નાખ્યો.[૫૨,૫૩] રણમાં અનશનવ્રતનો સ્વીકાર કરીને બેઠેલા તથા અર્જુને કાપી નાખેલી ભુજાવાળા કુરુવંશીય ભૂરિશ્રવાના મસ્તકને સાત્યકિએ તરવારવડે કાપી નાખ્યું.[૫૪] સાત્યકિના તે કર્મને સૈન્યોએ અભિનંદન આપ્યું ન હતું, પણ વખોડી કાઢયું હતું; કારણકે પ્રથમથીજ અર્જુને લગભગ મારી નાખેલા ભૂરિશ્રવાનો તેણે વધ કર્યો હતો.[૫૫] એ વેળા સિદ્ધો, ચારણો અને મનુષ્યો યુદ્ધમાં અનશનવ્રતનો સ્વીકાર કરીને બેઠેલા ઇંદ્રસરખા ભૂરિશ્રવાને મરણ પામેલો જોઇ તેનાં કર્મોથી વિસ્મય પામી તેની પ્રશંસા કરી રહ્યા હતા. અને તમારા સૈનિકો અનેક જાતના પક્ષવાદો બોલી રહ્યા હતા. તેઓ કહેતા હતા કેઃ-" આમાં સાત્યકિનો અપરાધ નથી; કારણકે તે પ્રમાણેનું બનવાનું હશે અને તે બન્યું છે, માટે તમારે કોઇએ ક્રોધ ન કરવો જોઇએ. ક્રોધ મનુષ્યોને અતિશય દુઃખ આપનારો છે.[૫૬-૫૮] વીરપુરુષે, પોતાના શત્રુને હણીજ નાખવો જોઇએ; એમાં વિચાર કરવાની જરૂરજ નથી. વળી વિધાતાએ આ ભૂરિશ્રવાના મૃત્યુતરીકે સાત્યકિનેજ ઉત્પન્ન કર્યો હશે."[૫૯]

તે પછી સાત્યકિ બોલી ઉઠયોઃ-" ધર્મની કાંચળી ધારણ કરનારા હે અધર્મિષ્ઠ કૌરવો ! ધર્મના વાદવિવાદો ચલાવી ચલાવીને તમે મને આ સમયે કહી રહ્યા છો કે, 'ભૂરિશ્રવાનો વધ નહિ કરવો જોઇએ, નહિ કરવો જોઇએ.'[૬૦] પણ હું તમને બધાને પ્રશ્ન કરૂં છું કે, જે સમયે શસ્ત્રહીન કરેલા સુભદ્રાના બાળકપુત્ર અભિમન્યુને તમે બધાએ એકઠા મળીને મારી નાખ્યો, તે સમયે તમારો ધર્મ ક્યાં ગયો હતો ?[૬૧] અને મારી તો એ પ્રતિજ્ઞા છે કે,જે કોઇ મારો તિરસ્કાર કરીને રણમાં મને જીવતો દબાવી દઇને ક્રોધપૂર્વક પગની લાત મારે, તે મારા શત્રુને મારે મારવોજ. ભલે પછી તે મુનિવ્રતને સ્વીકારી બેઠો હોય! વળી બીજું, તમે બધા ભૂરિશ્રવાને પ્રહાર કરવામાટે હાથ હલાવી હલાવીને પ્રયત્ન કરી રહેલા મને છતી આંખે મરણ પામેલો જે માની બેઠા હતા તે એક તમારી બુદ્ધિની લઘુતાજ છે; માટે હે કુરુશ્રેષ્ઠો ! મેં આને જે સામો પ્રહાર કરી મારી નાખ્યો છે, તે યોગ્યજ છે.[૬૨-૬૪] મને સંકટમાં આવી પડેલા જોઇને પોતાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરતા અર્જુને આ ભૂરિશ્રવાના તરવારસહિત બાહુને જે કાપી નાખ્યો છે, એથી ખરૂં જોતાં એણે મને ઠગ્યોજ છે.[૬૫] હશે! જે ભાવિ બનાવ બનવાનો હોય છે,તે બનેજ છે. અરે ! દૈવજ તે કૃત્યમાં પ્રેરણા કરે છે. એજ કારણથી આ લડાઇમાં ભૂરિશ્રવા માર્યો ગયો છે, તો એમાં અધર્મ કૃત્ય શું છે ?[૬૬] આના સંબંધમાં ઋષિ વાલ્મીકિએ પણ પૃથ્વીપર પૂર્વે આ શ્લોકનું ગાન કર્યું છેઃ-

न हन्तव्याः स्त्रिय इति यद्ब्रवीषि प्लवंगम ।
सर्वकालं मनुष्येण व्यवसायवता सदा
पीडाकरममित्राणां यत्स्यात्कर्तव्यमेव तत् ॥

હે વાનર ! સ્ત્રીઓ અવધ્ય છે એ પ્રમાણે તું કહે છે; પરંતુ ઉદ્યોગી મનુષ્યોએ જે કાર્યથી પોતાના શત્રુને સર્વકાળ પીડા થયા કરે તે કાર્ય અવશ્ય કરવુંજ."[૬૮]

સંજયે કહ્યુંઃ-હે મહારાજ ! સાત્યકિના એ કથનપર સારા સારા કૌરવો કંઇપણ બોલ્યા નહિ, પણ મનમાં તેની પ્રશંસા કરવા લાગ્યા;[૬૯] તોપણ વૈદિક મંત્રોથી પવિત્ર થયેલા તથા મહાયજ્ઞોમાં પુષ્કળ દક્ષિણાઓ દેનારા તે યશસ્વી ભૂરિશ્રવાના વધને અરણ્યમાં રહેલા મુનિના વધની પેઠે કોઇપણ અભિનંદન આપતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતો.[૭૦] યાચકોના ઇચ્છિત વરોને આપનારા તે શૂરા ભૂરિશ્રવાનું સુંદર કાળા કેશવાળું તથા પારેવાંસમાન લાલ નેત્રોવાળું મસ્તક, યજ્ઞશાળાની વેદિકાપર સ્થાપેલા યજ્ઞીય અશ્વના મસ્તકસરખું રણમાં શોભતું હતું.[૭૧] શસ્ત્રકૃત તેજથી પવિત્ર થયેલો, યાચકોના પ્રાર્થિત વરને આપનારો અને તેથીજ પોતે વર મેળવવાને યોગ્ય એવો તે ભૂરિશ્રવા, ઉત્કૃષ્ટ ધર્મથી દ્યાવાભૂમિને વ્યાપ્ત કર્યા પછીજ એ મહારણમાં દેહત્યાગ કરી ઊર્ધ્વલોકમાં પ્રયાણ કરી ગયો હતો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'ભૂરિશ્રવાનો વધ' એ વિષયનો અધ્યાય ૧૪૩ મો સમાપ્ત

અધ્યાય ૧૪૪ મો

ભૂરિશ્રવાની ઉત્પત્તિ અને સાત્યકિની પ્રશંસા

॥ धृतराष्ट्र उवाच ॥

अजितो द्रोणराधेय विकर्णकृतवर्मभिः ।
तीर्णः सैन्यार्णवं वीरः प्रतिश्रुत्य युधिष्ठिरे॥१॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:–જે વીર સાત્યકિને દ્રોણ, કર્ણ, વિકર્ણ અને કૃતવર્મા સુદ્ધાં કોઇ જીતી શક્યા ન હતા અને યુધિષ્ઠિર આગળ પ્રતિજ્ઞા કરીને જે સૈન્યરૂપ મહાસાગરને તરી ગયો હતો એવા યુદ્ધમાં પાછી પાની નહિ કરનાર તે સાત્યકિને કુરુવંશી ભૂરિશ્રવાએ પોતાને તાબે કરી બળાત્કારે પૃથ્વીપર કેમ પાડી દીધો હતો?[૧,૨]

સંજયે કહ્યું:–હે રાજા! શિનિકુમાર સાત્યકિની તથા ભૂરિશ્રવાની ઉત્પત્તિ તમે પ્રથમ સાંભળો; જેથી હે રાજન્! તમારો સંશય દૂર થશે.[૩] પૂર્વે સોમ નામનો અત્રિનો પુત્ર હતો. તે સોમને બુધ નામનો પુત્ર થયો અને તે બુધને સાક્ષાત્ મહેન્દ્રસરખો પુરુરવા નામનો એક પુત્ર થયો હતો.[૪] પુરુરવાને આયુ, આયુને નહુષ અને નહુષને દેવર્ષિઓને પણ માન્ય એવો રાજા યયાતિ નામનો પુત્ર થયો હતો. એ યયાતિની દેવયાની નામની પુત્રીમાં સૌથી મોટો યદુ નામનો પુત્ર થયો. એ યદુના વંશમાં દેવમીઢ નામનો એક રાજા થઇ ગયો છે. તેનો યાદવવંશી શૂર નામનો પુત્ર ત્રણેય લોકમાં માનીતો ગણાતો હતો અને તે શૂરને ત્યાં મહાયશસ્વી પુરુષશ્રેષ્ઠ વસુદેવ નામનો પુત્ર જન્મ્યો.[૬,૭] વસુદેવ ધનુર્વિદ્યામાં એકકો છે અને યુદ્ધમાં કાર્તવીર્યસરખો શૂરવીર છે. હે રાજન્! તેજ યાદવવંશમાં એ વસુદેવસમાન વીર્યવાળો શિનિ નામનો યાદવવીર જન્મ્યો.[૮] હે રાજા! એક સમયે મહાત્મા દેવકરાજાની પુત્રીના સ્વયંવરમાં સર્વ ક્ષત્રિયોનો મેળાવડો થયો હતો.[૯] તે મેળાવડામાં વસુદેવ અને શિનિ પણ ગયા હતા. ત્યાં શિનિએ સર્વ રાજાઓનો પરાજય કરી વસુદેવને માટે રાજકન્યા દેવકીનું હરણ કરી પોતાના રથમાં બેસાડી દીધી.[૧૦] હે પુરુષશ્રેષ્ઠ! શિનિના રથમાં બેઠેલી દેવકીને જોઇને મહાતેજસ્વી શૂરવીર સોમદત્ત તે સહન કરી શક્યો નહિ.[૧૧] પછી હે રાજા! તેઓ બન્નેનું અર્ધા દિવસસુધી આશ્ચર્યકારક યુદ્ધ ચાલુ થયું. તેઓ બન્ને અતિબળવાન હતા અને તેઓ બન્નેનું તે વેળા બાહુયુદ્ધ થઇ રહ્યું હતું. તેમાં શિનિએ પુરુષશ્રેષ્ઠ સોમદત્તને બળાત્કારે પૃથ્વીપર પટકી પાડ્યો. પ્રેક્ષકતરીકે જોઇ રહેલા હજારો રાજાઓની મધ્યમાં ચોટલી પકડીને, પગની લાત મારીને તથા મ્યાનમાંથી તરવાર ખેંચી કાઢીને તેનો શિરચ્છેદ કરવાનો શિનિએ વિચાર કર્યો; પરંતુ દયાને લીધે "જા હું તને જીવતો છોડું છું" એમ કહીને તેણે સોમદત્તને છોડી મૂક્યો.[૧૪] રાજાઓના ભરમેળાવડામાં પોતાની તે અવસ્થા થઇ, જેથી ક્રોધાધીન થયેલા સોમદત્તે તપ કરીને મહાદેવને પ્રસન્ન કર્યા.[૧૫] વર આપનારા પ્રભુ મહાદેવ તેનાપર પ્રસન્ન થઇને તેને વર માગવામાટે કહેવા લાગ્યા. એટલે રાજા સોમદત્તે આ પ્રમાણે વર માગ્યો:–[૧૬] "હે ભગવન્! મને એવા પુત્રની ઇચ્છા છે, કે જે શિનિના પુત્રને હજારો રાજાના મધ્યમાં પૃથ્વીપર પાડી નાખીને પગની લાત મારે." હે રાજા! સોમદત્તનું એ પ્રાર્થનાવચન સાંભળીને "તથાસ્તુ" એમ કહીને મહાદેવ અંતર્ધાન થઇ ગયા.[૧૭,૧૮]

મહાદેવના વરદાનથી પુષ્કળ દક્ષિણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેનારો ભૂરિશ્રવા નામનો પુત્ર સોમદત્તને મળ્યો અને તેણે આ રણમાં શિનિપુત્ર સાત્યકિને સર્વ સૈન્યોની સમક્ષ પૃથ્વીપર પાડયો હતો અને પગની લાત મારી હતી. હે રાજા! જેના સંબંધમાં તમે મને પ્રશ્ન કર્યો હતો, તે મેં તમને કહ્યું.[૧૯,૨૦] એજ કારણથી સાત્યકિને રણમાં ભૂરિશ્રવા જીતી ગયો હતો. બાકી, જગતના ઉત્તમ નરવીરો પણ સાત્યકિને રણમાં જીતી શકે તેમ નથી; કારણકે યાદવો નિશાન પાડવામાં એક્કા હોય છે; સંગ્રામમાં અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર યુદ્ધ કરનારા હોય છે; જરાપણ વિસ્મય પામ્યાવિના દેવો, દાનવો કે ગંધર્વોને પણ યુદ્ધમાં જીતનારા હોય છે તથા પોતાના વીર્યથીજ વિજયમાં યુક્ત થનારા હોય છે. આવા તે યાદવો કદીપણ શત્રુને આધીન થતા નથી.[૨૧,૨૨] હે ભરતશ્રેષ્ઠ રાજા! આ જગતમાં ભૂત, ભવિષ્ય કે વર્તમાન કોઇપણ પ્રાણી બળમાં યાદવોની તુલના કરી શકે તેવું જોવામાં આવતું નથી.[૨૩] તેઓ જ્ઞાતિનું કદી અપમાન કરતા નથી; વૃદ્ધોની આજ્ઞામાં આસક્ત રહે છે; દેવો, અસુરો, ગંધર્વો, યક્ષો, સર્પો કે રાક્ષસો પણ યાદવવીરોને જીતી શકે તેમ નથી; તો મનુષ્યો તે કોણમાત્ર? બ્રહ્મદ્રવ્ય, ગુરુદ્રવ્ય અને જ્ઞાતિદ્રવ્યનું તેઓ કદી ભક્ષણ કરતા નથી. વળી તેઓ કોઇપણ આપત્તિના પ્રસંગમાં જેઓ પોતાનું રક્ષણ કરનારા છે તેઓની કદી પણ હિંસા કરતા નથી. ધનવાન છે, છતાં તેઓ ગર્વિષ્ઠ નથી. બ્રાહ્મણોના ભક્ત છે, સત્ય બોલનારા છે, સમર્થ પુરુષોનું માન જાળવનારા છે, દીનોનો ઉદ્ધાર કરનારા છે, નિત્ય દેવકાર્યોમાં તત્પર રહેનારા છે, ઇંદ્રિયોને જીતનારા છે, સર્વનું રક્ષણ કરનારા છે, તોપણ તેઓ આત્મશ્લાઘી નથી. આવાં કારણોથી યાદવવીરોનો પ્રતાપ કદી નષ્ટ થતો નથી. કદાચ કોઇ સમર્થ વીર, મેરુપર્વતને ઉંચકી જાય અથવા સમુદ્રને પણ તરી જાય; તથાપિ હે રાજા! યાદવવીરોની સામે જઇને તેના અંતને પામી શકે નહિ. હે પુરુષશ્રેષ્ઠ કુરુરાજા! તમને જે બાબતમાં સંશય હતો તે બધું મેં તમને કહ્યું. બાકી, ખરૂં જોતાં તમારોજ મહાન અન્યાય છે.[૨૩–૨૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સાત્યકિની પ્રશંસા' એ વિષયનો અધ્યાય ૧૪૪ મો સમાપ્ત

અધ્યાય ૧૪૫ મો

સંકુલ યુદ્ધ

॥ धृतराष्ट्र उवाच ॥

तदवस्थे हते तस्मिन् भूरिश्रवसि कौरवे ।
यथा भूयोऽभवद्युद्धं तन्ममाचक्ष्व संजय ॥ १ ॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–હે સંજય! તે કુરુવંશી ભૂરિશ્રવા, એ અવસ્થામાં જ્યારે મરણ પામ્યો; ત્યારે પુનઃ જે પ્રમાણે ત્યાં યુદ્ધ થયું હોય, તે તું મને કહે.[૧]

સંજયે કહ્યું:–હે ભરતવંશી રાજા! એ રીતે જ્યારે ભૂરિશ્રવા પરલોકે પ્રયાણ કરી ગયો, ત્યારે મહાબાહુ અર્જુને વાસુદેવને કહ્યું:–[૨] "હે કૃષ્ણ! જે તરફ રાજા જયદ્રથ છે, તે તરફ આપણા ઘોડાઓને એકદમ હંકારો. હે પુંડરીકાક્ષ! જયદ્રથરાજા આ સમયે ત્રણ ધર્મોમાં આવી પડેલો સંભળાય છે; તેમાં જો મારીસામે યુદ્ધ કરતાં કરતાં જો તે મરણ પામશે તો સત્વર તેને સ્વર્ગપ્રાપ્તિ થશે. યુદ્ધમાંથી પલાયન કરતાં જો માર્યો જશે, તો તેને નરકની પ્રાપ્તિ થશે અને મારા ભયથી પોતાના દેશપ્રત્યે ચાલ્યો જશે, તો તેના યશરૂપી શરીરનો નાશ થતાં વાસ્તવિક નાશ થશે. આ રીતે ત્રણ ધર્મોમાં તે રહેલો છે. હે નિર્દોષ કૃષ્ણ! જેમ બને તેમ મારી પ્રતિજ્ઞા સફળ કરવાને તમે યોગ્ય છો; કારણકે હે મહાબાહુ! સૂર્ય અસ્ત થવાની તૈયારીપર છે.[૩,૪] હે પુરુષવ્યાઘ્ર! આજે જયદ્રથનો વધ કરવારૂપ મહાન કાર્ય મેં ઉઠાવ્યું છે અને એ જયદ્રથરાજાનું કુરુરાજાના મહારથીઓ બરાબર રક્ષણ કરી રહ્યા છે;[૫] માટે હે કૃષ્ણ! સૂર્યનો અસ્ત થયા પહેલાં જે રીતે હું મારૂં વચન સત્ય કરૂં અને જયદ્રથનોજે રીતે વધ કરૂં તે રીતે તમે એકદમ ઘોડાઓને આગળ ચલાવો."[૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાંભળી અશ્વોના હૃદયને જાણનારા મહાબાહુ શ્રીકૃષ્ણે જયદ્રથવધને લક્ષ્યમાં રાખી શ્વેતવર્ણના અર્જુનના અશ્વોને આગળ હાંક્યા.[૭] અર્જુનને વાયુવેગી ઘોડાવડે પ્રયાણ કરતો જોઈ તમારી સેનાના મુખ્ય મુખ્ય યોદ્ધાઓ, હે મહારાજા ! ઉતાવળા ઉતાવળા અર્જુન તરફ ધસી ગયા.[૮] દુર્યોધન, કર્ણ, વૃષસેન, મદ્રરાજા, અશ્વત્થામા, કૃપાચાર્ય અને સિંધુરાજા પોતે અર્જુન સામા થયા હતા.[૯] એ વેળા પાસે ઉપસ્થિત થયેલા સિંધુરાજાને જોઇને અર્જુન ક્રોધપૂર્ણ નેત્રોથી જાણે બાળી નાખતો હોય તેમ તેને જોવા લાગ્યો. તે પછી રાજા દુર્યોધન,અર્જુનને જયદ્રથનો વધ કરવામાટે પ્રયાણ કરતો જોઇ એકદમ કર્ણપ્રત્યે કહેવા લાગ્યો:—"હે સૂર્યપુત્ર ! આ સમય તારે યુદ્ધ કરવામાટે ખરેખરો ઉપસ્થિત થયો છે; માટે હે મહાત્મન્ ! પોતાના બળને આ વેળા દર્શાવ. હે કર્ણ ! અર્જુન જયદ્રથનો જે રીતે વધ ન કરે તે પ્રમાણે તું કર.[૧૨] હે પુરુષવીર ! દિવસ થોડોજ અવશેષ રહ્યો છે, માટે બાણોના ઢગ છોડીને શત્રુને આજે મારી નાખ. આમ કરતાં કરતાં જો સૂર્યાસ્ત થઈ જશે, તો અવશ્ય આપણો વિજયજ થશે. સૂર્યાસ્ત થઇ જાય ત્યાંસુધી જો જયદ્રથનું રક્ષણ કરવામાંઆવશે, તો જરૂર પોતાની પ્રતિજ્ઞા મિથ્યા થતાં અર્જુન અગ્નિમાં પ્રવેશ કરશે;[૧૪] અને હે માન આપનારા કર્ણ ! પૃથ્વી અર્જુનવિનાની થશે કે તુરતજ એના સર્વ ભાઇઓ પોતાના અનુયાયીઓસહિત એક મુહૂર્તકાળ પણ જીવવાનો ઉત્સાહ ધરાવશે નહિ. એ રીતે પાંડવોનો વિનાશ થતાં પર્વતો, વનો અને અરણ્યોસહિત આ સમગ્ર નિષ્કંટક પૃથ્વીને આપણે ભોગવીશું.[૧૬] હે માન આપનારા કર્ણ ! દૈવે મોહિત કરેલા અર્જુનની પ્રકૃતિમાં વિપરીત ભાવ દાખલ થયો છે, એમ મને લાગે છે; કારણ કે કાર્યાકાર્યનો વિચાર કર્યાવિના આજના રણમાં આવી ઘોર પ્રતિજ્ઞા તે લઇ બેઠો છે.[૧૭] હે કર્ણ ! મને તો નિઃશંક લાગે છે કે, પાંડવ અર્જુને પોતાનો વિનાશ કરવામાટેજ જયદ્રથનો વધ કરવાની દુસ્તર પ્રતિજ્ઞા કરી છે;[૧૮] કારણકે હે રાધાપુત્ર ! દુરાધર્ષ તું જ્યાંસુધી જીવતો છે, ત્યાંસુધી અર્જુન સૂર્યાસ્ત પહેલાં જયદ્રથરાજાનો વધ કેવી રીતે કરી શકશે ?[૧૯] વળી મદ્રરાજ શલ્ય અને મહાત્મા કૃપાચાર્યના રક્ષણતળે રહેલા જયદ્રથને અર્જુન રણમાં કેવી રીતે મારી શકશે ?[૨૦] તેમજ અશ્વત્થામા, હું અને દુઃશાસન જયદ્રથનું બરાબર રક્ષણ કરીશું; જેથી કાળની પ્રેરણાને પામેલો અર્જુન તેને કયી રીતે પહોંચી વળશે ?[૨૧] અનેક શૂરાઓ યુદ્ધ કરી રહ્યા છે અને સૂર્ય નમી ગયો છે; જેથી મને તો શંકાજ છે કે, અર્જુન જયદ્રથને પહોંચી વળશે નહિજ; માટે હે કર્ણ ! તું મારી, અશ્વત્થામાની, મદ્રરાજાની, કૃપાચાર્યની તથા બીજા શૂરા મહારથીઓની જોડમાં રહી પરમ યત્નપૂર્વક અર્જુનસામે યુદ્ધ કર."[૪૭]

હે રાજા ! તમારા પુત્ર દુર્યોધને એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે તેણે કુરૂત્તમ દુર્યોધનપ્રત્યે આ વાક્ય કહ્યું:—" હે માન આપનારા દુર્યોધનરાજા ! દૃઢ પ્રહાર કરનારા ધનુર્ધર વીર ભીમસેને, અનેક બાણજાળોથી યુદ્ધમાં મારા શરીરને આજે સખ્ત ઘાયલ કર્યું છે. રણમાં મારા જેવાએ ખાસ કરીને ઉભા રહેવું જોઇએ, એમ સમજીનેજ હાલમાં હું અહીં ઉભો છું. મોટાં મોટાં બાણોના પ્રહારથી મારૂં અંગ એટલું બધું તપે છે, કે જેથી તે જરાએ કાર્ય કરી શકતું નથી; છતાં મારૂં જીવિત કેવળ તમારેમાટેજ છે. એનો વિચાર કરીને યથાશક્તિ હું યુદ્ધ કરીશકે, આજે યુદ્ધ કરતાં કરતાં હું એવાં તીક્ષ્ણ બાણો ફેંકીશ, કે જેથી પાંડવશ્રેષ્ઠ એ અર્જુન સિંધુરાજાનો વધ કરી શકશે નહિ. અરે ! વધ કરી શકશે નહિ; એટલુંજ નહિ પણ સવ્યસાચી વીર અર્જુન, જયદ્રથ રાજાને પહોંચી શકશે પણ નહિ. હે કુરુવંશી રાજા ! ભક્તિમાન અને નિરંતર હિતેચ્છુ એવા મનુષ્યે જે કરી બતાવવું જોઇએ, તે હું આજે કરી દેખાડીશ; તોપણ વિજય તો દૈવાધીન છે. હે મહારાજા ! તમારૂં પ્રિય કરવામાટે આજના રણમાં જયદ્રથના રક્ષણના સંબંધમાં હું ઘણો પ્રયત્ન કરીશ, તોપણ વિજય તો દૈવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીન છે. હે પુરુષવ્યાઘ્ર! પોતાના પુરુષાર્થનો આશ્રય કરી તમારેમાટે હું અર્જુનસામે આજે યુદ્ધ કરીશ, તોપણ વિજય તો દૈવાધીન છે. હે કુરુશ્રેષ્ઠ! મારાં અને અર્જુનનાં, રોમાંચ થઇ જાય તેવા દારુણ યુદ્ધને આજે સર્વ સૈન્યો ભલે જોઇ રહે."

કર્ણ અને કુરુરાજા એ પ્રમાણે જે વેળા વાતચીત કરી રહ્યા હતા, તે વેળા અર્જુન તીક્ષ્ણ બાણોવડે તમારી સેનાનો સંહાર વાળી રહ્યો હતો. મહાબાહુ તે અર્જુને યુદ્ધમાં પાછા નહિ હઠનારા અનેક શૂરાઓના પરિઘસરખા બાહુઓને,હાથીની સુંઢસરખા ઉરુઓને તથા મસ્તકોને તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને છેદી નાખ્યાં હતાં.[૨૩–૩૫] વળી હાથીની સુંઢોને, ઘોડાઓની ડોકોને તથા લોહીથી ખરડાયેલા અને ભાલાં તથા તોમરોને હાથમાં પકડી પકડી સામા દોડી આવેલા ઘોડેસ્વારોને પણ તેણે કાપવા માંડયા હતા.[૩૬] ક્ષુર જાતનાં બાણો મૂકી મૂકીને, તેઓ પ્રત્યેકના બબ્બે અને ત્રણ ત્રણ ટુકડાઓ તે કરી નાખતો હતો. એ વેળા ચારેબાજુ મરણ પામેલા ઘોડાઓ, મોટા મોટા હાથીઓ,ધ્વજો, છત્રો, ધનુષ્યો, ચામરો અને મસ્તકો રણભૂમિપર ટપોટપ પડવા લાગ્યાં. પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ ઘાસને બાળી નાખે, તેમ અર્જુન તમારી સેનાને બાળી રહ્યો હતો. જોતજોતામાં અર્જુને રણભૂમિને લોહીથી ભરી દીધી.[૩૭,૩૮]

એ રીતે સત્યપરાક્રમી અને બળવાન દુરાધર્ષ અર્જુન, તમારા સૈન્યના યોદ્ધાઓનો લગભગ સંહાર કરીને ભીમસેન તથા સાત્યકિના રક્ષણતળે રહી સિંધુરાજાપાસે આવી પહોંચ્યો. હે ભરતશ્રેષ્ઠ! એ વેળા તે બળતા અગ્નિસરખો પ્રકાશતો હતો. વીર્યસંપત્તિથી ઝળહળી રહેલા તે અર્જુનને ત્યાં આવી ઉભેલો જોઇ તમારા પક્ષના મહાધનુર્ધર પુરુષશ્રેષ્ઠો, તેને સહન કરી શક્યા નહિ. પછી દુર્યોધન, કર્ણ, વૃષસેન, મદ્રરાજા, અશ્વત્થામા, કૃપાચાર્ય અને સિંધુરાજા પોતે બરાબર સજ્જ થઇને અર્જુનને ઘેરી વળ્યા. ધનુષ્ય અને પણછનો ટંકાર કરીને રથના માર્ગોમાં નૃત્ય કરી રહેલા યુદ્ધનિપુણ તે અર્જુનની આસપાસ યુદ્ધકુશળ તે સર્વ યોદ્ધાઓ, વિકાસેલા મુખવાળો કાળ જેમ વિંટાઈ વળે તેમ વિંટાઇ વળ્યા હતા. એ વેળા સૂર્ય રક્તવર્ણો થતો હતો, એટલે તેઓ બધા સૂર્યાસ્ત થવાની ઉત્કંઠા રાખી શ્રીકૃષ્ણ અને અર્જુનને મારી નાખવા ઇચ્છતા હતા. સર્પના શરીરસમાન પુષ્ટ ભુજાઓવાળા તે વીરોએ પોતાનાં ધનુષ્યોને નમાવીને સૂર્યનાં કિરણોસમાન ચળકતાં સેંકડો બાણો અર્જુનનાપ્રત્યે છોડવા માંડયાં; એટલે પોતાની સામે ફેંકાતાં તે બાણોને યુદ્ધદુર્મદ અર્જુને, પ્રત્યેકના બે, ત્રણ અને આઠ ટુકડાઓ કરી નાખીને વચમાંથીજ કાપી નાખ્યાં અને તે મહારથીઓને વિંધી પણ નાખ્યા. એ સમયે સિંહના પૂછડાના ચિહ્નવાળી ધ્વજાવાળા કૃપાચાર્યે પોતાનું પરાક્રમ દર્શાવવા માંડયું હતું. હે રાજન્! તેમણે અર્જુનને અટકાવ્યો હતો અને દશ બાણોથી અર્જુનને તથા સાત બાણોથી વાસુદેવને વિંધી નાખીને સિંધુરાજાનું રક્ષણ કરતા કરતા રથના માર્ગોમાં આવીને તે ઉભા રહ્યા હતા. એ જોઈ કૌરવપક્ષના સર્વશ્રેષ્ઠ મહારથીઓ, પોતાના ધનુષ્યનો ટંકાર કરતા તથા બાણોને ફેંકતા મોટો રથસમુદાય સાથે રાખી એ કૃપાચાર્યની આસપાસ વિંટળાઇ વળ્યા;[૩૯–૫૧] અને તમારા પુત્રની આજ્ઞા પ્રમાણે સિંધુરાજાનું રક્ષણ કરવા લાગ્યા.તે સમયે શૂરા અર્જુનના બાહુઓનું બળ,બાણોનું અક્ષયપણું તથા ગાંડીવધનુષ્યનું સામર્થ્ય ખરેખરૂં દેખાયું હતું. અશ્વત્થામા તથા કૃપાચાર્યનાં અસ્ત્રોનું સામેથી અસ્ત્રો મૂકીને નિવારણ કરી અર્જુને તેઓપ્રત્યેકને દશ દશ બાણોનો પ્રહાર કર્યો; એટલે અશ્વત્થામાએ પચીસ બાણોથી, વૃષસેને સાત બાણોથી, દુર્યોધને વીસ બાણોથી, કર્ણે ત્રણ બાણોથી અને શલ્યે પણ ત્રણ બાણોથી તે અર્જુનને વિંધી નાખ્યો. એ રીતે વારંવાર તેને વિંધી નાખીને ગર્જનાઓ કરતા તથા ધનુષ્યોને ધૂણાવતા તે કૌરવયોદ્ધાઓ ચારેબાજુથી અર્જુનને ઘેરી વળ્યા હતા. ચારેબાજુથી રથમંડળને અર્જુનની આસપાસ એકઠું કરી દીધું અને સૂર્યાસ્તની ઇચ્છા રાખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તા એ મહારથીઓ ઉતાવળ કરી રહ્યા હતા. મેઘો જેમ પર્વતપર જળધારાની વૃષ્ટિ કરે, તેમ તેઓ ગર્જનાઓ કરી કરીને તથા ધનુષ્યોને ધૂણાવી ધૂણાવીને તીક્ષ્ણ બાણોથી અર્જુનને વિંધવા લાગ્યા; એટલુંજ નહિ પણ હે રાજન્ ! પરિઘ-સમાન બાહુઓવાળા તે શૂરાઓ, અર્જુનનાં ગાત્રોપર દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ પણ કરી દેખાડતા હતા. પછી બળવાન, દુરાધર્ષ અને સત્ય-પરાક્રમી અર્જુન જ્યારે સૈન્યોના યોદ્ધાઓનો લગભગ સંહાર કરીને જયદ્રથપર ચઢી આવ્યો ત્યારે કર્ણે, બાણોવડે ભીમસેન અને સાત્યકિના દેખતાં તેને આગળ વધતો અટકાવ્યો. એટલે મહાબાહુ અર્જુને સર્વસૈન્યોના દેખતાં દશ બાણોવડે કર્ણને વિંધી નાખ્યો અને સાત્યકિએ ત્રણ બાણોથી કર્ણને વિંધી નાખ્યો તથા ભીમસેને પણ ત્રણ બાણોવતી કર્ણને માર માર્યો; તેમજ અર્જુને પુનઃ સાત બાણોનો કર્ણને પ્રહાર કર્યો, પણ મહારથી કર્ણે તેઓ બધાને સાઠ સાઠ બાણોથી સામા વિંધી નાખ્યા.[૫૨-૬૩] હે રાજન્! કર્ણનું એકલાનું ઘણા જોડે તે યુદ્ધ થઇ રહ્યું હતું, પણ તે સમયનું સૂતપુત્રનું પરાક્રમ અમને અદ્ભુત દેખાયું; કારણ કે તેણે એકલાએ ક્રોધાયમાન થઇ ત્રણમહારથીઓને રણમાં વધતા અટકાવ્યા હતા. પછી મહાબાહુ ફાલ્ગુને સૂર્ય-પુત્ર કર્ણને એ રણમાં સો બાણોથી સર્વ મર્મ-સ્થાનોમાં પ્રહાર કર્યો; એટલે રુધિરથી જેનું સર્વ અંગ ખરડાઈ ગયું હતું એવા તે પ્રતાપી વીર સૂતપુત્રે, પચાસ બાણોવડે અર્જુનને સામો વિંધી નાખ્યો; પણ રણમાં એ રીતની તે કર્ણની ચતુરાઇને અર્જુન સહન કરી શક્યો નહિ,[૬૪-૬૭] તેથી એકદમ નવ બાણો મૂકી વીર અર્જુને તેના ધનુષ્યને કાપી નાખ્યું અને વધારામાં એને છાતીમાં પણ વિંધી નાખ્યો.[૬૮] ત્યારે પ્રતાપી સૂતપુત્રે, એક બીજું ધનુષ્ય લઇને આઠ હજાર બાણો મૂકયાં અને પાંડુપુત્ર અર્જુનને રણમાં છાઈ દીધો.[૬૯] કર્ણના ધનુષ્ય-માંથી નીકળેલી તે અતુલ બાણવૃષ્ટિનો, વાયુ જેમ વૃક્ષોની શાખાઓનો નાશ કરે, તેમ અર્જુને કેટલાંએક બાણોવડે નાશ કરી નાખ્યો તથા સર્વ યોદ્ધાઓની સમક્ષ પોતાનું હસ્તકૌશ-લ્ય દર્શાવીને સંખ્યાબંધ બાણો છોડી કર્ણને રણમાં દાટીજ દીધો.[૭૦,૭૧] વળી એ શીઘ્રતાના સમયે એકદમ ઝડપથી યુદ્ધમાં એ કર્ણનો વધ કરવામાટે સૂર્યસમાન પ્રભાવાળું એક બાણ તેણે ફેંક્યું.[૭૨] સડસડાટ આવતા તે બાણને દ્રોણપુત્ર અશ્વત્થામાએ તીક્ષ્ણ અર્ધચંદ્રાકાર બાણવડે વચમાંથીજ કાપી નાખ્યું, જેથી છિન્ન-ભિન્ન થઇને તે પૃથ્વીપર પડયું.[૭૩] તે પછી શત્રુઓને હણનારા કર્ણે પણ તેનો બદલો વાળવાની ઈચ્છાથી અનેક હજારો બાણોથી ફાલ્ગુનને તદ્દન છાઈ દીધો.[૭૪] પછી પુરુષોમાં સિંહસરખા તે બન્ને મહારથો, મોટા બે આખલાઓની પેઠે ગાજવા લાગ્યા અને સરળ-ગામી સંખ્યાબંધ બાણોવડે આકાશને ઢાંકી દેવા લાગ્યા.[૭૫] બાણોના ઢગોથી અદૃશ્ય થયેલા તથા અન્યોન્યને પ્રહાર કરતા તેઓ બન્ને જણા એકબીજાને કહી રહ્યા હતા કેઃ-" હે કર્ણ ! ઉભો રહે, આ હું અર્જુન છું " અને " હે અર્જુન ! ઉભો રહે, આ હું કર્ણ છું " ઈત્યાદિ તર્જના કરતા અને વાગ્બાણોથી અન્યોન્યને વ્યથા પમાડતા એ બન્ને વીરો તરેહ તરેહનું, સુંદર અને શીઘ્રતાભરેલું યુદ્ધ ત્યાં કરી રહ્યા હતા;[૭૭] અને તેઓ બન્નેજ સર્વ યોદ્ધાઓ-ના સમાગમ વખતે વાસ્તવિક જોવા યોગ્ય થઈ પડયા હતા. સિદ્ધો, ચારણો અને પન્નગો પણ યુદ્ધમાં તેઓની પ્રશંસા કરી રહ્યા હતા.[૭૮] હે મહારાજા ! એ રીતે પરસ્પરનો વધ કરવાની ઈચ્છાથી તેઓ બન્ને જ્યારે યુદ્ધ કરી રહ્યા હતા, ત્યારે દુર્યોધને તમારા પક્ષના સર્વ યોદ્ધા-ઓપ્રત્યે કહ્યું:-" હે યોદ્ધાઓ ! રાધાપુત્ર કર્ણનું તમે યત્નપૂર્વક રક્ષણ કરજો. " આજના રણમાં અર્જુનને માર્યાવિના રાધાપુત્ર પાછો ફરશે નહિ" એમ એ મહાન પુરુષે મને કહ્યું છે. " દુર્યોધન એ પ્રમાણે કહી રહ્યો હતો તે અરસામાં કર્ણના પરાક્રમને જોઇને શ્વેતવાહન અર્જુને બાણો મૂકીમૂકીને તેના ઘોડાઓને પ્રે-તલોકમાં મોકલી દીધા અને સારથિને પણ એક ભલ્લબાણવડે રથના માળામાંથી નીચે ઢાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડયો.[૭૯–૮૨] તથા તે કર્ણને પણ તમારા પુત્રના દેખતાં બાણોથી છાઈ દીધો. માર્યા ગયેલા ઘોડા અને સારથિવાળા કર્ણને અર્જુને રણમાં એવો દાટી દીધો અને બાણજાળથી એવો તો ગભરાવી દીધો, કે જેથી "હવે શું કરવું?" તેની તેને સૂઝ પડી નહિ. તે સમયે કર્ણને રથરહિત થયેલો જોઈ અશ્વત્થામાએ તેને રથમાં બેસાડી દીધો અને ફરી પણ અર્જુનસામે યુદ્ધ કરવા સજ્જ કર્યો. પછી મદ્રરાજાએ ત્રીસ બાણોથી કુંતાપુત્ર અર્જુનને વિંધી નાખ્યો, કૃપાચાર્યે વીસ બાણોથી વાસુદેવને પ્રહાર કર્યો તથા બાર બાણોથી અર્જુનને પ્રહાર કર્યો; તેમજ સિંધુરાજાએ ચાર બાણોથી તથા વૃષસેને સાત બાણોથી અર્જુનને વિંધી નાખ્યો. હે મહારાજા! એ રીતે તેઓ બધા પૃથક્ પૃથક્ અર્જુનને તથા શ્રીકૃષ્ણને વિંધવા લાગ્યા.[૮૩–૮૭] ત્યારે કુંતાપુત્ર અર્જુને પણ તેજ પ્રમાણે તેઓ બધાને સામા વિંધી નાખ્યા હતા. તેણે દ્રોણપુત્રને ચોસઠ બાણોથી, મદ્રરાજાને સો બાણોથી, સિંધુરાજાને દશ બાણોથી, વૃષસેનને ત્રણ બાણોથી તથા કૃપાચાર્યને વીસ બાણોથી વિંધી નાખીને ગર્જના કરી મૂકી.[૮૮,૮૯] તમારા પક્ષના યોદ્ધાઓ, અર્જુનની પ્રતિજ્ઞાનો વિઘાત કરવાનીજ ઇચ્છા ધરાવતા હતા; જેથી તેઓ બધા એકત્ર થઇને અર્જુનનાપર સત્વર તૂટીજ પડયા.[૯૦] તે જોઈ અર્જુને કૌરવોને ત્રાસ પમાડવામાટે સર્વ તરફ વારુણાસ્ત્ર પ્રકટ કર્યું; પણ કુરુપક્ષના યોદ્ધાઓ મહામૂલ્યવાન રથોમાં બેસી બેસીને અર્જુનસામા ધસી આવતા હતા અને બાણોના વરસાદો વરસાવતા હતા.[૯૧] હે ભરતવંશી રાજા! આ તુમુલ અને અતિદારુણ પ્રકટેલો સંગ્રામ સર્વને મોહ ઉપજાવે તેવોજ હતો; છતાં તેમાં આવીને રાજપુત્ર અર્જુન મોહ પામ્યો ન હતો, પણ બાણોના સમૂહોને છોડીજ રહ્યો હતો.[૯૨] વળી રાજ્ય મેળવવાની મનમાં ઇચ્છા રાખી તથા કૌરવોના સંબંધથી બાર વર્ષસુધી થયેલા ક્લેશોનું સ્મરણ કરી, અપ્રમેય મહાત્મા અર્જુન, ગાંડીવમાંથી છૂટેલાં બાણોવડે સર્વ દિશાઓને ઢાંકી દેવા લાગ્યો.[૯૩] તે સમયે આકાશ સગળતાં ઉંબાડિયાંવાળું થઈ ગયું હતું, રણમાં નિર્જીવ થઇને પડેલાં કલેવરોપર માંસાહારી પક્ષીઓ ઝડપ મારી પડતાં હતાં અને કોપેલો અર્જુન પિંગળી પણછવાળા ગાંડીવ ધનુષ્યવડે સંહાર કરી રહ્યો હતો. મહાયશસ્વી અને શત્રુસેનાઓને જીતનારો કિરીટી અર્જુન, પોતાના પ્રચંડ ધનુષ્યવડે ચારેબાજુ બાણો ફેંકી ફેંકીને મોટા મોટા ઘોડાઓ તથા ઉત્તમોત્તમ હાથીઓપર આરૂઢ થયેલા કુરુવીરોને ટપોટપ રણમાં પાડવા લાગ્યો;[૯૫] એટલે ભયંકર દેખાવના કેટલાએક રાજાઓ મોટી ભારે ગદાઓ, નર્યા લોખંડના પરિઘો, તરવારો, શક્તિઓ અને બીજાં મોટાં મોટાં શસ્ત્રોને હાથમાં લઇ લઇને એકાએક અર્જુનસામા ધસી આવ્યા.[૯૬] તે જોઈ તેને ઘણુંજ હસવું આવ્યું અને તમારા યોદ્ધાઓને રોકી રાખીને યમરાજાના રાજ્યમાં વધારો કરનારો તે અર્જુન, પ્રલયકાળના મેઘમંડળસમાન શબ્દ કરતા મહેન્દ્રના ધનુષ્યસરખા પોતાના મહાન ગાંડીવ ધનુષ્યને બે હાથવતી ખેંચીને, તેઓ સામે આગળ વધવા લાગ્યો;[૯૭] અને જોતજોતામાં તો મહાધનુર્ધર વીર અર્જુને રથ અને હાથીઓપર બેસીને આવેલા તે ઉદ્ધત રાજાઓને તથા સંખ્યાબંધ પગપાળા યોદ્ધાઓને રણમાં વિનાશ પામેલાં સર્વ આયુધો તથા જીવતરવાળા કરી નાખીને યમરાજાના રાજ્યમાં વધારો કરનારા કરી મૂક્યા.[૯૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'સંકુલ યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૪૫ મો સમાપ્ત

અધ્યાય ૧૪૬ મો

જયદ્રથનો વધ

॥ संजय उवाच ॥

श्रुत्वा निनादं धनुषश्च तस्य ।
विस्पष्टमुत्क्रुष्टमिवान्तकस्य ॥
शक्राशनिस्फोटसमं सुघोरं ।
विकृष्यमाणस्य धनंजयेन ॥१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજયે કહ્યું:- હે ધૃતરાષ્ટ્રરાજા! અર્જુને જ્યારે પોતાના ધનુષ્યને ખેંચ્યું હતું, ત્યારે તેનો ટંકારવ કાળની સ્પષ્ટ ગર્જનાસરખો તથા ઇન્દ્રના વજ્રના સ્ફોટસરખો અતિઘોર સંભળાયો હતો.[૧] તે સાંભળીને હે રાજા! તમારૂં સૈન્ય ત્રાસથી ઉદ્વિગ્ન તથા ઉદ્ભ્રાંત થઇ ગયું હતું. પ્રલયકાળે વાયુથી ખળભળી ઉઠેલા, ઉછળતાં મોજાંઓથી તરંગિત થયેલા અને અંદર લીન થયેલાં માછલાં તથા મગરમચ્છવાળા સમુદ્રના સરખો તે સૈન્યનો દેખાવ જણાતો હતો. એ સમયે સર્વ દિશાઓમાં એકીસાથે સર્વ અસ્ત્રોનો પ્રયોગ કરી દેખાડતો અર્જુન, આસપાસ નિહાળતો નિહાળતો રણમાં ઘૂમતો હતો. હે મહારાજ! અર્જુન બાણોને લઇને સાંધે છે ક્યારે, ખેંચે છે ક્યારે અને છોડે છે ક્યારે, તે અમારા જોવામાં આવતું ન હતું-એટલી બધી તેની ચપળતા હતી. પછી મહાબાહુ અર્જુન એકદમ ક્રોધે ભરાયો અને સર્વ ભારત યોદ્ધાઓને ત્રાસ પમાડવામાટે તેણે દુરાસદ ઐન્દ્રાસ્ત્ર પ્રકટ કર્યું; એટલે તુરત દિવ્ય અસ્ત્રોથી મંત્રેલાં સેંકડો અને હજારો પ્રદીપ્ત બાણો ત્યાં પ્રકટ થવા લાગ્યાં. અર્જુને ધનુષ્યને કાનસુધી ખેંચીને અગ્નિ તથા સૂર્યનાં કિરણોસરખાં એટલાં બધાં બાણો છોડી મૂક્યાં, કે જેથી જાણે ચોતરફ ઉંબાડિયાંથી ઢંકાઇ ગયું હોય, તેમ આકાશ દુષ્પ્રેક્ષ્ય થઇ પડ્યું. સામેથી કૌરવોએ પણ શસ્ત્રો મૂકી મૂકીને એટલો બધો અંધકાર પ્રકટ કર્યો હતો, કે જે બીજાઓને મનથી પણ સહન કરવો અશક્ય હતો; પણ ત્યાં ઘૂમી રહેલા અર્જુને દિવ્ય અસ્ત્રોથી મંત્રેલાં બાણોવડે પરાક્રમ કરીને તે અંધકારનો નાશ કરી નાખ્યો હતો. વળી પ્રાતઃકાળમાં રાત્રિસંબંધી અંધકારનો કિરણોદ્વારા નાશ કરીને જેમ સૂર્ય પ્રકાશે, તેમ સત્વર અર્જુન પ્રકાશતો દેખાવા લાગ્યો. ગ્રીષ્મઋતુના સૂર્યભગવાન ખાબોચિયાના જળપર જેમ પોતાનાં કિરણો ફેંકે, તેમ અર્જુન તમારા સૈન્યપર પોતાનાં બાણોરૂપ પ્રદીપ્ત કિરણોને તે સમયે ફેંકી રહ્યો હતો. તે બાણોનાં કિરણો, દિવ્ય અસ્ત્રોને જાણનારા તે અર્જુન પાસેથી છૂટીને, સૂર્યનાં કિરણો જેમ જગતને તરબોળ કરી દે છે, તેમ સૈન્યોને તરબોળ કરી દેતાં હતાં. વળી અર્જુને બીજાં ઘણાં તીક્ષ્ણ બાણો છોડયાં હતાં, કે જેઓ વહાલા બંધુની પેઠે શત્રુવીરોના હૃદયમાં પેસી જતાં હતાં. પોતાના શૂરવીરપણાના અભિમાનને ધરાવનારા જે યોદ્ધાઓ એ અર્જુન સામે આવતા હતા, તેઓ સર્વે બળબળતા અગ્નિસામે આવીને પતંગિયાં જેમ નાશ પામે છે, તેમ નાશ પામતા હતા. એ રીતે શત્રુઓનાં જીવિતને તથા યશને ખુંદી નાખતો તે અર્જુન, સાક્ષાત્ મૃત્યુની પેઠે સંગ્રામમાં ઘૂમતો હતો. તેણે બાણો મારીમારીને કેટલાએકનાં મુકુટસહિત મસ્તકોને, બાજુબંધસહિત મોટા બાહુઓને તથા કુંડળોસહિત કાનોને કાપી નાખ્યા હતા; તેમજ હાથીપર બેઠેલાઓના તોમરસહિત, ઘોડેસ્વારોના ભાલાઓસહિત, પાળાઓના ઢાલોસહિત, રથી યોદ્ધાઓના ધનુષ્યસહિત તથા સારથિઓના ચાબૂકસહિત બાહુઓને પણ તેણે છેદી નાખ્યા હતા. એ મહારણમાં અર્જુન બળબળતા અગ્નિસરખો શોભતો હતો. પ્રદીપ્ત ઉગ્ર બાણોરૂપ તેને જ્વાળાઓ હતી અને અસ્ત્રોરૂપ તણખાઓવાળી તેની અગ્ર શિખાઓ હતી.[૨-૧૮] સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અને સાક્ષાત્ ઇંદ્રસરખો પુરુષશ્રેષ્ઠ અર્જુન, એકીસાથે સર્વ દિશાઓમાં રથમાં બેઠેલો ત્યાં દેખાતો હતો.[૧૯] જે વેળા તે અર્જુન મહાસ્ત્રોને ફેંકતો હતો, તે વેળા તેનું સ્વરૂપ દર્શનીય જણાતું હતું; અને ધનુષ્યની પ્રત્યંચાનો શબ્દ કરી રથના સર્વ માર્ગોમાં તે નૃત્ય કરી રહ્યો હતો.[૨૦] મધ્યાહ્નકાળે આકાશમાં પ્રખર તપતા સૂર્યને જેમ મનુષ્યો જોઈ શકતા નથી, તેમ જોવાને ઘણો ઘણો પ્રયત્ન કર્યા છતાંપણ રાજાઓ તેને જોઇ શકતા ન હતા.[૨૧] પ્રદીપ્ત અને ઉગ્ર બાણોથી ભરપૂર એવો મુકુટધારી અર્જુન, વર્ષાકાળે જળથી ભરેલા ઇંદ્રધનુષ્યયુક્ત મહામેઘસરખો રણમાં વિરાજતો હતો.[૨૧] એ વેળા સંગ્રામમાં અર્જુને ચાલુ કરેલા મહાસ્ત્રોના અતિ દુસ્તર અને મહાઘોર પ્રવાહમાં મોટા મોટા યોદ્ધાઓ ડૂબી મરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા.[૨૩] મૃત્યુની સંહારભૂમિ જેવું જણાતું અર્જુનનું એ મહાન સમરાંગણ કપાયેલા મુખવાળાં કલેવરોથી, છેદાયેલા બાહુઓવાળાં શરીરોથી, હાથવિનાની થઇ પડેલી ભુજાઓથી, આંગળીઓરહિત થયેલા હાથોથી, જેઓની સુંઢોનો અગ્રભાગ કપાઈ ગયો છે તેવા હાથીઓથી, કપાઇ ગયેલા દંતૂશળોવાળા મદોત્કટ મહાગજોથી, ગ્રીવારહિત થયેલા ઘોડાઓથી, ભાંગીને ભુક્કો થઇ ગયેલા રથોથી, નીકળી પડેલાં આંતરડાંઓથી, કપાઇ પડેલા પગોથી તથા બીજા નિશ્ચેષ્ટ થયેલા અને કેટલાએક તરફડતા સેંકડો તથા હજારો અવયવોથી બીકણ પુરુષોને ભય વધારનાર થઇ રહ્યું હતું. હે મહીપાલ! તે રણભૂમિ, પૂર્વે પશુઓનો સંહાર કરનારા રુદ્રદેવનું ક્રીડાક્ષેત્ર હોય તેવી જણાતી હતી. ક્ષુર નામનાં બાણોથી કપાઇ પડેલી હાથીઓની સુંઢોથી તે ભૂમિ,સર્વ સ્થળે સર્પોથી વ્યાપ્ત થઇ હોય તેવી દેખાતી હતી; અને કોઇ કોઈ સ્થળે મનુષ્યોનાં મુખકમળોથી વ્યાપ્ત થયેલી તે રણભૂમિ, પુષ્પમાળાઓને ધારણ કરી રહી હોય તેવી શોભતી હતી. તરેહતરેહની પાઘડીઓ, મુકુટો, કેયૂરો, બાજુબંધો, કુંડળો, સુવર્ણનાં અદ્ભુત કવચો, હાથીઘોડાઓના અલંકારો તથા સેંકડો કિરીટો તે રણક્ષેત્રમાં જ્યાં ત્યાં રખડતા દૃષ્ટિગોચર થતા હતા; જેથી અદ્ભુત દેખાવની તે રણભૂમિ, જાણે નવી પરણેતર વધૂ હોય તેવી વિરાજતી હતી. જોતજોતામાં તો અર્જુને એ યુદ્ધક્ષેત્રમાં ભીરુ પુરુષોના ભયમાં વધારો કરનારી ઘોર નદી વહેવડાવી મૂકી. તે નદીમાં મજ્જા અને મેદનો કાદવ જામ્યો હતો, લોહીના ઓઘના તરંગો ઉછળી રહ્યા હતા, પ્રાણીઓનાં આંતરડાં અને હાડકાંઓથી તે ઘણી અગાધ હતી, કેશરૂપ શેવાળથી લીલી દેખાતી હતી, મસ્તકો અને બાહુરૂપ પથ્થરો તે નદીને તટે પડયા હતા, કપાયેલા ઘોડાઓનાં વક્ષઃસ્થળનાં હાડકાંઓથી તે નદી ઘણી દુર્ગમ થઇ પડી હતી, જાત જાતની ધ્વજાઓ અને પતાકાઓથી તે વ્યાપ્ત હતી, છત્રો અને ધનુષ્યોરૂપ તરંગમાળાઓ તેમાં ઉછળતી હતી, નિર્જીવ થયેલાં શબો તેમાં રડવડતાં હતાં, હાથીઓનાં કલેવરોથી તે ભરપૂર હતી, રથોરૂપ સેંકડો મછવાઓ તેમાં દેખાતા હતા, મરણ પામેલા ઘોડાઓના ઢગોથી તેના કિનારા બંધાયા હતા, રથોનાં ચક્રો, ધુંસરાં, ઇસો અને ઉંટડાઓથી તે નદી અતિ દુર્ગમ થઈ ગઇ હતી; ભાલાં, તરવારો, શક્તિઓ, ફરશીઓ અને બાણોરૂપ સર્પોથી તે ઘણી દુરાસદ હતી; કાગડા અને કંકપક્ષીઓરૂપ તેમાં મોટાં માછલાં હતાં, શિયાળવાંરૂપ મગરોથી તે ઘણી ઉત્કટ હતી, ગીધડાંરૂપ તેમાં મોટા ઝૂંડો હતા અને રુદન કરતી શિયાળોના શબ્દથી તે અતિ ભયંકર દીસતી હતી. નૃત્ય કરતા હજારો પ્રેતો, પિશાચો અને ભૂતોથી તે નદી વ્યાપ્ત હતી; મરણ પામેલા યોદ્ધાઓનાં સેંકડો નિશ્ચેષ્ટ શરીરોને તે નદી તાણી જતી હતી તથા પ્રેતલોકની વૈતરણી નદીની પેઠે તે મહાભયંકર, રૌદ્ર અને ઘોરસ્વરૂપા જણાતી હતી. એ પ્રમાણે મૂર્તિમાન કાળની પેઠે ઘૂમી રહેલા અર્જુનના પરાક્રમને જોઇને, કૌરવો પૂર્વે કદી નહિ જોયેલા મોટા ભયમાં આવી પડયા. પછી ભયંકર કર્મ કરવા તત્પર થયેલા અર્જુને પોતાનાં અસ્ત્રોવડે બીજા વીરપુરુષોનાં અસ્ત્રોને ઝીલી લઇને પોતાનું રૌદ્રસ્વરૂપ તેઓની સામે પ્રગટ કર્યું. હે રાજન્! અર્જુન મોટા મોટા મહારથીઓને વટાવી જઇને જ્યારે આગળ વધ્યે જતો હતો, ત્યારે મધ્યાહ્નકાળે આકાશમાં પ્રખર તપતા સૂર્યને જેમ સર્વ ભૂતો જોઈ શકતાં નથી, તેમ સર્વ સૈનિકો તેને જોઇ શકતા ન હતા. એ મહાત્માના ગાંડીવ ધનુષ્યમાંથી નીકળેલાં હજારો બાણો આકાશમાં હારદોર ઉડતી હંસોની પંક્તિના જેવાં સંગ્રામમાં અમને દેખાતાં હતાં. ઉગ્ર કર્મ કરવા સજ્જ થયેલા અર્જુને પોતાના સ્વરૂપને એ વેળા ઉગ્ર દર્શાવ્યું હતું; કારણકે તે પોતાનાં અસ્ત્રોવડે શત્રુવીરોનાં અસ્ત્રોનું ચારેય તરફથી વારણ કરી રહ્યો હતો અને નારાચ નામનાં બાણો મૂકી મૂકીને સર્વને મોહ ઉપજાવતો હોય, તેમ જયદ્રથનો વધ કરવાની ઇચ્છાથી સર્વ મહારથીઓનું ઉલ્લંઘન કરી આગળ વધ્યે જતો હતો તથા શ્રીકૃષ્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેના સારથિ છે એવો તે અર્જુન, તે વેળા સર્વ દિશાઓમાં દેખાતો હતો.[૨૪-૪૪] સુંદર દેખાવવાળો તે અર્જુન, રથસહિત અત્યંત ઘૂમી રહ્યો હતો. શૂરવીર મહાત્મા અર્જુનના સેંકડો અને હજારો બાણસમૂહો, આકાશમાં રહીનેજ જાણે ભમ્યા કરતા હોય તેમ દેખાતા હતા. મહાધનુર્ધર કુંતાપુત્ર અર્જુન, તે સમયે બાણ ક્યારે લેતો હતો, ક્યારે સાંધતો હતો અને ક્યારે છોડતો હતો, તે અમે જોઇ શકતા ન હતા. હે રાજન્! એ રણમાં સર્વ દિશાઓમાં ઉભેલા સર્વ મહારથીઓને કદંબનાં પુષ્પોસરખા ગણીને, અર્જુન જયદ્રથ તરફ ધસ્યો અને નમેલાં પર્વવાળાં ચોસઠ બાણોથી તેને વિંધી નાખ્યો.[૪૫-૪૮] એ રીતે જયદ્રથસન્મુખ ગયેલા પાંડુપુત્ર અર્જુનને જોઇ, યોદ્ધાઓ તેના જીવિતના માટે નિરાશ થઇ ગયા અને રણમાંથી નિવૃત્ત થઇ પાછા ફર્યા.[૪૯] હે રાજા! એ રણમાં જે જે તમારા પક્ષનો યોદ્ધો અર્જુન સામે યુદ્ધ કરવા જતો હતો, તેના તેના શરીરપર પ્રાણઘાતક બાણો પડતાં હતાં.[૫૦] વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ મહારથી અર્જુને અગ્નિના તણખાસરખાં બાણો મૂકી મૂકીને તમારા સૈન્યને કબંધો(મસ્તકવિનાનાં શરીરો)થી વ્યાપ્ત કરી દીધું.[૫૧] હે રાજેન્દ્ર! એ પ્રમાણે તમારા ચતુરંગી સૈન્યને વ્યાકુળ કરી દઇને, અર્જુન જયદ્રથની સામે ધસી ગયો.[૫૨] અને તુરત અશ્વત્થામાને પચાસ બાણોથી અને વૃષસેનને ત્રણ બાણોથી વિંધી નાખ્યા; તેમજ દયાળુ સ્વભાવના અર્જુને, કૃપાચાર્યને નવ બાણોનો પ્રહાર કર્યો.[૫૩] વળી શલ્યને સોળ બાણોથી, કર્ણને બત્રીસ બાણોથી તથા સિંધુરાજાને ચોસઠ બાણોથી વિંધી નાખીને તેણે સિંહની પેઠે ગર્જના કરી.[૫૪] ગાંડીવ ધનુર્ધારી અર્જુને એ પ્રમાણે જ્યારે સિંધુરાજાને વિંધી નાખ્યો, ત્યારે તે અત્યંત ક્રોધાયમાન થઇ ગયો અને અંકુશથી પ્રહાર કરેલા હાથીની પેઠે અર્જુનના તે બાણપ્રહારને સહન કરી શક્યો નહિ.[૫૫] વરાહના ચિહ્નવાળી ધ્વજાવાળા એ રાજાએ ગીધપક્ષીનાં પીછાં બાંધેલાં, કોપેલા સર્પસરખાં ઝેરી અને સરાણપર ઘસીને સાફ કરેલાં સીધી ગતિનાં બાણો અર્જુનના રથસામે ધનુષ્યને કાનસુધી ખેંચી ખેંચીને ફેંકવા માંડયાં. તેણે ત્રણ બાણોથી ગોવિંદને વિંધી નાખીને બીજાં છ નારાચ નામનાં બાણોનો અર્જુનને પ્રહાર કર્યો. વળી વધારામાં આઠ બાણોવડે તેના ઘોડાઓને વિંધી નાખીને એક બાણથી તેના ધ્વજમાં પણ પ્રહાર કર્યો; પણ અર્જુને તત્કાળ સિંધુરાજાએ છોડેલાં બાણોને કાપી નાખીને એકીસાથે બે બાણો છોડયાં અને તેમાંથી એક બાણથી સિંધુરાજાના સારથિના મસ્તકને શરીરપરથી છેદી નાખ્યું અને બીજા બાણથી સુશોભિત એવા તેના ધ્વજને પણ કાપી નાખ્યો.[૫૬,૫૯] ધનંજયના બાણનો પ્રહાર થતાંની સાથે સિંધુરાજાનો વરાહના ચિહ્નવાળો અગ્નિની શિખાસરખો મહાન ધ્વજ, દાંડાપરથી કપાઇને પૃથ્વીપર આવી પડયો.[૬૦] આજ સમયે સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો, તે જોઇ હે રાજન્! જનાર્દન શ્રીકૃષ્ણ એકદમ ત્વરાથી પાંડુપુત્ર અર્જુનપ્રત્યે કહેવા લાગ્યા:-"હે પાર્થ! જીવિતની ઇચ્છાવાળા આ સિંધુરાજાને કૌરવોના છ વીર મહારથીઓએ પોતાની વચમાં રાખ્યો છે અને તે પણ ભયભીત થઇને મધ્યમાંજ ઉભો છે.[૬૧,૬૨] હે પુરુષશ્રેષ્ઠ અર્જુન! આ છયે મહારથીઓનો રણમાં પરાજય કર્યા વિના નિષ્કપટ રીતે સિંધુરાજાનો વધ થઈ શકશે નહિ;[૬૩] માટે હું અહીં સૂર્યનું આવરણ કરવામાટે-આચ્છાદાન કરવામાટે યોગનું વિધાન કરીશ, જેથી એકલો તે સિંધુરાજા સ્પષ્ટરીતે સૂર્યને અસ્ત પામેલો જોશે;[૬૪] અને હર્ષપૂર્વક પોતાના જીવિતની ઇચ્છા રાખી તારો વિનાશ કરવામાટે તૈયાર થઈ આવશે તથા તે દુરાચારી કોઇ રીતે પણ પોતાનું રક્ષણ કરવા યત્ન કરશે નહિ. એ તકનો લાભ લઇ હે કુરુશ્રેષ્ઠ! તારે એનાપર પ્રહાર કરવો; પણ યાદ રાખજે કે, સૂર્ય અસ્ત થયો છે એમ માનીને તારે બેદરકાર રહેવું નહિ."[૬૫,૬૬]

કૃષ્ણનાં તે વચનો સાંભળી અર્જુને 'બહુ સારૂં એમ થવા દો' એ પ્રમાણે કેશવને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે શ્રીકૃષ્ણે સૂર્યને ઢાંકી દેવામાટે અંધકાર પ્રકટ કર્યો.[૬૭] યોગીઓના ઈશ્વર અને યોગયુક્ત તે હરિએ એ વેળા યોગનો વિસ્તાર કર્યો. કૃષ્ણે જે સમયે તે અંધકાર ઉત્પન્ન કર્યો, ત્યારે સૂર્યને અસ્ત પામેલો માની હે રાજા! તમારા પક્ષના યોદ્ધાઓ "હવે અર્જુનનો વિનાશ થશે" એમ માનીને હર્ષમાં આવી ગયા. હે રાજન્! તે સમયે હર્ષ પામેલા તે સૈનિકો સૂર્યને જોઇ શકતા ન હતા, જેથી તેઓ બધા પોતાનાં મુખોને ઉંચાં કરી આકાશભણી જોઇ રહ્યા હતા; અને રાજા જયદ્રથ પણ ઉંચું મુખ કરીને સૂર્યને નિહાળી રહ્યો હતો. એ રીતે સિંધુરાજા જ્યારે સૂર્યને નિહાળતો હતો, ત્યારે શ્રીકૃષ્ણે પુનઃ અર્જુનને આ વચન કહ્યું:– "હે ભરતશ્રેષ્ઠ અર્જુન! જો, જો. પેલો વીર સિંધુરાજા, તારા ભયનો ત્યાગ કરીને સૂર્યસામે જોઇ રહ્યો છે. હે મહાબાહુ! એ દુષ્ટાત્માનો વધ કરવામાટે ખરેખરો આજ સમય છે; માટે એના મસ્તકને શીઘ્ર કાપી નાખ અને તારી પ્રતિજ્ઞાને તું સફળ કર."

કેશવનાં એ વચન સાંભળી પ્રતાપી પાંડુપુત્ર અર્જુન, સૂર્ય અને અગ્નિસરખાં બાણોવડે તમારા સૈન્યનો નાશ કરવા લાગ્યો. તેણે કૃપાચાર્યને વીસ બાણોનો, કર્ણને પચાસ બાણોનો, શલ્ય અને દુર્યોધનને છ છ બાણોનો, વૃષસેનને આઠ બાણોનો તથા સિંધુરાજાને સાઠ બાણોનો પ્રહાર કર્યો;[૬૮–૭૫] તેમજ મહાબાહુ એ પાંડુનંદને તમારા બીજા કેટલાએક યોદ્ધાઓને પણ બાણોવડે ગાઢ વિંધી નાખીને જયદ્રથસામે ધસારો કર્યો, ત્યારે ભડભડાટ બળતા અગ્નિસરખા તે અર્જુનને સમીપમાં આવી પહોંચેલો જોઇ જયદ્રથના રક્ષકયોદ્ધાઓ પરમ સંશયમાં આવી પડયા.[૭૭] તે પછી હે મહારાજા! વિજયની ઇચ્છાવાળા તમારા સર્વ યોદ્ધાઓ બાણોની ધારાઓવડે ઇન્દ્રપુત્રને વિંધવા લાગ્યા. આ વખતે અનેક બાણજાળોથી તે દટાઇ ગયો; તેથી તે મહાબાહુ અજિત કુરુનંદનને ઘણો ક્રોધ ચઢયો. તમારાં સૈન્યોને હણી નાખવાની ઇચ્છાથી તે પુરુષવ્યાઘ્ર ઇન્દ્રપુત્રે, બાણોની તુમુલ જાળ છોડવા માંડી.[૭૮–૮૦] હે રાજન્! એ વીરે જ્યારે તમારા સૈનિકોને એ પ્રમાણે મારવા માંડયા, ત્યારે તેઓ ભયભીત થઇને સિંધુરાજાને રણમાં ત્યજી ગયા. એ વેળા તેઓ બે સાથે મળીને દોડતા ન હતા, પણ ભયના માર્યા એકેક છૂટા થઇનેજ પલાયન કરતા હતા.[૮૧] ખરેખર! તે સમયે કુંતીપુત્રનું પરાક્રમ અમને અદ્‌ભુત જણાયું હતું. મહાયશસ્વી અર્જુને તે વખતે જેવો સંગ્રામ મચાવ્યો હતો, તેવો હજી સુધી ક્યાંઇ થયો નથી અને થશે પણ નહિ. રુદ્ર જેમ પશુસંહાર કરે, તેમ હાથીઓનો, હાથીસ્વારોનો, ઘોડાઓનો, ઘોડેસ્વારોનો તથા રથીયોદ્ધાઓનો તે અર્જુને સંહાર કરી નાખ્યો હતો.[૮૩] હે રાજા! તે રણમાં તેવો કોઇ હાથી, ઘોડો અથવા પુરુષ મારા જોવામાં આવતો ન હતો, કે જે અર્જુનનાં બાણોથી ઘવાયો ન હોય![૮૪] ધૂળ અને અંધકારથી સર્વ યોદ્ધાઓનાં ચક્ષુઓ ઢંકાઇ ગયાં હતાં; જેથી તેઓ ઘોર દુઃખમાં ગરકાવ થઇ ગયા અને પરસ્પર એકબીજાને ઓળખતા પણ ન હતા.[૮૫] હે ભરતવંશી રાજા! અર્જુનનાં બાણોથી સૈનિકોનાં મર્મસ્થાનો ભેદાઇ ગયાં હતાં; જેથી તેઓ આમતેમ ભમતા હતા, ઠોકરો ખાતા હતા, પડતા હતા, પીડાતા હતા અને મ્લાન થઇ જતા હતા.[૮૬] પ્રજાઓનો સંહારકાળ જાણે ઉપસ્થિત થયો હોય, તેમ અતિભયાનક, દુષ્પાર અને અતિદારુણ તે મહાન રણસંગ્રામ જ્યારે થઇ રહ્યો હતો, ત્યારે વાયુ શીઘ્ર ગતિમાં વાતો હતો અને સર્વ પ્રદેશમાં લોહીનો છંટકાવ થઇ ગયો હતો, જેથી લોહીલુહાણ થયેલી તે રણભૂમિપર ઉડતી રજ શાંત થઇ ગઇ હતી.[૮૭,૮૮] ત્યાં એટલો બધો રક્તપ્રવાહ વહેતો હતો, કે જેથી રથોનાં પૈડાં નાયડી(મધ્યભાગ)સુધી તેમાં ડૂબી જતાં હતાં. હે રાજન્! રણશૂરવીર એ અર્જુને ચીરી નાખેલા તમારા હજારો હાથીઓ, મરણ પામેલા માવતોવાળા થઇને ભયંકર દુઃખના શબ્દો કરતા કરતા પોતાનાંજ સૈન્યોને ખુંદી નાખીને રણમાંથી નાસભાગ કરતા હતા;[૮૯,૯૦] તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુનનાં બાણોથી પ્રહાર પામેલા અને માર્યા ગયેલા સ્વારોવાળા ઘોડાઓ તથા પાળાઓ પણ હે રાજન્! ભયથી નાસભાગ કરતા હતા;[૯૧] અને કેટલાએક યોદ્ધાઓ કવચરહિત થઇને ઘાવમાંથી લોહીને ઝરતા છૂટા કેશે ત્રાસપૂર્વક રણાંગણને છોડી નાઠા હતા.[૯૨] કેટલાએક તો એ રણમાં પોતાની સાથળો જકડાઇ ગઇ હોય તેમ થંભીજ ગયા હતા, ત્યારે બીજા કેટલાએક તો મરણ પામેલા હાથીઓના મધ્યમાં જઇને છુપાઈ જતા હતા.[૯૩] હે રાજન્! એ પ્રમાણે તમારા સૈન્યને હાંકી કાઢીને અર્જુને ઘોર બાણોવડે સિંધુરાજાના રક્ષકોને મારી નાખ્યા;[૯૪] અને અશ્વત્થામા, કૃપાચાર્ય, કર્ણ, શલ્ય, વૃષસેન તથા દુર્યોધનને બાણોની તીવ્ર જાળથી ઢાંકી દીધા.[૯૫] અર્જુન એટલો બધો શીઘ્રતાથી અસ્ત્રોછોડનારો હતો, કે જેથી તે ક્યારે બાણને લે છે, ક્યારે ધનુષ્યમાં ચઢાવી ખેંચે છે, ક્યારે સાંધે છે અને ક્યારે છોડે છે, તે કંઇપણ દેખાતું ન હતું. કેવળ ગોળ મંડળાકારે વળેલું તેનું ધનુષ્ય દેખાતું હતું. તે અવિચ્છિન્ન રીતે બાણોને છોડતો દેખાતો હતો અને ચારેબાજુ નીકળતાં તેનાં બાણો દૃષ્ટિએ પડતાં હતાં.[૯૭] તેણે કર્ણના તથા વૃષસેનના ધનુષ્યને કાપી નાખ્યું અને શલ્યના સારથિને રથના માળમાંથી નીચે ગબડાવી પાડયો.[૯૮] પછી પોતાના ભાણેજને તથા મામાને ગાઢ વિંધી નાખીને વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ તે અર્જુને, કૃપાચાર્ય અને અશ્વત્થામાને પણ રણમાં બાણોવડે પ્રહાર કર્યો. એ રીતે તમારા પક્ષના સર્વ મહારથોને વ્યાકુળ કરી દઇને પાંડુપુત્ર અર્જુને, પોતાના ભાથામાંથી અગ્નિસરખું એક ઘોર બાણ ખેંચી કાઢયું.[૧૦૦] તે બાણ ઇન્દ્રના વજ્રસરખું તીક્ષ્ણ હતું, દિવ્ય અસ્ત્રોથી મંત્રેલું હતું, યુદ્ધના સર્વ ભારને સહન કરે તેવું મહાન હતું તથા નિરંતર ગંધ અને સુગંધીથી પૂજાયેલું હતું. કુરુપુત્ર અર્જુને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તે બાણને વજ્રાસ્ત્રથી સંયોજીને સત્વર પોતાના ગાંડીવ ધનુષ્યમાં સાંધવા માંડયું.[૧૦૨] હે રાજન્! અગ્નિસરખું તેજસ્વી એવું તે બાણ જ્યારે ધનુષ્યમાં સાંધવામાં આવતું હતું, ત્યારે અંતરિક્ષમાં રહેલાં પ્રાણીઓનો મહાન નિનાદ થવા લાગ્યો.[૧૦૩] એ વેળા જનાર્દન શ્રીકૃષ્ણ, અર્જુનપ્રત્યે પુનઃ એકદમ કહેવા લાગ્યાઃ—"હે ધનંજય! હવે આ દુરાત્મા સિંધુરાજાના મસ્તકને તું એકદમ કાપી નાખ, કારણ કે સૂર્ય અસ્તાચળ પર્વત તરફ જવા ઇચ્છે છે; પણ જયદ્રથનો વધ કરવાના સંબંધમાં તું મારૂં આ એક વાકય સાંભળી લે. આ સિંધુરાજાનો વૃદ્ધક્ષત્ર નામનો પિતા જગતમાં ઘણો પ્રસિદ્ધ છે. તેને ઘણો સમય જતાં આ જયદ્રથ નામનો પુત્ર મળ્યો હતો. શત્રુઓનો સંહાર કરનારો આ જયદ્રથ જે વેળા જન્મ્યો હતો, તે વેળા મેઘની ગર્જનાસમાન ઘોષવાળાં દુંદુભિ નગારાં વાગ્યાં હતાં અને તે પછી અંતર્હિત આકાશવાણીએ આના પિતાપ્રત્યે આ પ્રમાણે કહ્યું હતું:—"હેરાજા! તારો આ પુત્ર કુળ, શીલ અને દમ આદિ ગુણોથી બન્ને વંશમાં ઘણો યોગ્ય થશે. જગતના સર્વ ક્ષત્રિયોમાં તે ઉત્તમ થશે અને શૂરવીર પુરુષો નિત્ય તેનું સન્માન કરશે; પરંતુ એક સમયે સંગ્રામમાં જ્યારે તે યુદ્ધ કરતો હશે, ત્યારે તેનો શત્રુ એક મહાન ક્ષત્રિય ક્રોધાયમાન થઈ અકસ્માત્ તેનો શિરચ્છેદ કરશે." એ રીતની આકાશવાણી સાંભળ્યા પછી શત્રુદમન સિંધુરાજા વૃદ્ધક્ષત્ર, ઘણો વિચારમાં પડી ગયો અને પછીથી પોતાના પુત્રના સ્નેહથી પ્રેરાઇને તેણે પોતાના સર્વ જ્ઞાતિજનોની સમક્ષ આ પ્રમાણેનું વચન કહ્યું:—"સંગ્રામની મહાન ધુરાને ધારણ કરી યુદ્ધ કરનાર આ મારા પુત્રના મસ્તકને જે પુરુષ પૃથ્વીપર પાડશે, તેના મસ્તકના પણ સો ટુકડા થઈ જશે; એમાં લગારે સંશય નથી." આમ કહીને તેણે પોતાના પુત્ર જયદ્રથને રાજ્યગાદીપર બેસાડયો અને તે પોતે વૃદ્ધક્ષત્ર, વનમાં જઇને ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યો. હે વાનરધ્વજ અર્જુન! તેજસ્વી એવો તે વૃદ્ધક્ષત્ર, હાલમાં અહીં સમંતપંચકના બહારના પ્રદેશમાં દુશ્ચર ઘોર તપ તપી રહ્યો છે; માટે આ મહારણમાં જયદ્રથના મસ્તકને કાપી નાખીને અદ્ભુત કર્મ કરનાર ઘોર દિવ્યાસ્ત્રથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મસ્તકને એમનું એમ અદ્ધર ઉંચકીને ત્યાં તપશ્ચર્યા કરતા સિંધુરાજ વૃદ્ધક્ષત્રના ખોળામાં તું પાડી દે. યાદ રાખજે કે, જો તું અમારા કથનને નહિ અનુસરે તો આ સિંધુરાજાના મસ્તકને જેવું તું પૃથ્વીપર પાડીશ કે તુરત તારા મસ્તકના પણ સો ટુકડા થઈ જશે, એમાં સંશય નથી; માટે હે કુરુશ્રેષ્ઠ! દિવ્ય અસ્ત્રનો આશ્રય કરી તું એ પ્રમાણે આ કાર્ય કરી બતાવ કે જેથી તપમાં બેઠેલા એ વૃદ્ધક્ષત્રને આ વાતની જાણ થાય નહિ. હે ઇંદ્રપુત્ર! આ સમસ્ત ત્રણેય લોકમાં તેવું કોઇપણ કાર્ય નથી કે જે તને અસાધ્ય હોય."[૧૦૪-૧૧૯]

શ્રીકૃષ્ણનાં એ વચન સાંભળ્યા પછી ક્રોધને લીધે ગલોફાં ચાટતા અર્જુને ઇંદ્રના વજ્રસમાન સ્પર્શવાળું, દિવ્ય મંત્રોથી મંત્રેલું, યુદ્ધના સર્વ ભારને સહન કરનારૂં, નિરંતર ગંધ અને માલ્યથી પૂજાયેલું તથા જયદ્રથનો વધ કરવા સાંધેલું તે બાણ સણસણાટ કરતું છોડયું.[૧૨૦] ગાંડીવમાંથી છૂટેલું તે બાણ, સિંધુરાજાના મસ્તકને કાપી નાખીને બાજપક્ષીની પેઠે તેના મસ્તકને સાથે લઇનેજ આકાશમાં ઉડયું.[૧૨૨] અર્જુનના શત્રુઓને ખેદ ઉપજાવવામાટે તથા મિત્રોને આનંદ ઉપજાવવામાટે તે બાણ સિંધુરાજાના મસ્તકને આકાશમાં લઇને ચાલવા લાગ્યું. તે સમયે પાંડવ અર્જુન, કદંબનાં પુષ્પોસમાન નિર્માલ્ય ગણીને જયદ્રથના છએ રક્ષક મહારથીઓસામે યુદ્ધ કરી રહ્યો હતો.[૧૨૪] હે ભારત! તે પછી ત્યાં અતિ મહાન આશ્ચર્ય અમારા જોવામાં આવ્યું. તે એજ કે, અર્જુનનું તે બાણ, જયદ્રથના મસ્તકને સમંતપંચકની બહાર જ્યાં વૃદ્ધક્ષત્ર તપશ્ચર્યા કરતો હતો ત્યાં લઇ ગયું.[૧૨૫] એજ સમયે હે રાજા! તમારો સંબંધી તેજસ્વી રાજા વૃદ્ધક્ષત્ર, સાયંકાલીય સંધ્યાનું ઉપાસન કરતો બેઠો હતો.[૧૨૬] અર્જુનના બાણે કાળા કેશવાળું, કુંડળસહિત સિંધુરાજાનું મસ્તક સંધ્યોપાન કરતા વૃદ્ધક્ષત્રના ખોળામાં ધીમે રહીને પાડયું.[૧૨૭] હે શત્રુદમન રાજા! એ સમયે પોતાના ખોળામાં સુંદર કુંડળવાળું પુત્રનું મસ્તક આવી પડયું છે, એ વાતની રાજા વૃદ્ધક્ષત્રને જરાએ ખબર પડી નહિ; પણ જપ જપીને જેવો તે ઉભો થયો કે તુરત એકાએક તે મસ્તક પૃથ્વીપર આવી પડયું.[૧૨૯] હે શત્રુદમન રાજા! પોતાના પુત્રનું મસ્તક એ રીતે જ્યારે પૃથ્વીપર પડયું, ત્યારે તે રાજાના મસ્તકના પણ સો ટુકડા થઇ ગયા.[૧૩૦] તે વેળા સર્વ સૈન્યો પરમ વિસ્મય પામ્યાં અને વાસુદેવ શ્રીકૃષ્ણનાં તથા મહાત્મા અર્જુનનાં વખાણ કરવા લાગ્યાં.[૧૩૧] હે ભરતશ્રેષ્ઠ રાજા! એ પ્રમાણે કિરીટીએ સિંધુરાજાનો જ્યારે વધ કર્યો, ત્યારે વાસુદેવે પોતાના યોગબળથી સર્વત્ર ફેલાવેલા અંધકારનો નાશ કર્યો.[૧૩૨] હે મહીપાલ! તે પછીજ તમારા પુત્રોના જાણવામાં આવ્યું કે, સૂર્યનો વાસ્તવિક અસ્ત થયો ન હતો; પણ આ શ્રીકૃષ્ણે રચેલી માયાજ હતી.

હે રાજન્! અમાપ તેજવાળા અર્જુને આઠ અક્ષૌહિણી સેનાઓનો સંહાર કર્યા પછીજ તમારા જમાઈ સિંધુરાજાને એ રીતે મારી નાખ્યો હતો.[૧૩૪] જયદ્રથને મરણ પામેલો જોઇ તમારા પુત્રો દુઃખનાં અશ્રુઓ વરસાવવા લાગ્યા અને વિજય મેળવવામાં તદ્દન નિરાશ થઇગયા.[૧૩૫] હે રાજન્! અર્જુને જયદ્રથને એ રીતે જ્યારે મારી નાખ્યો, ત્યારે મહાબાહુ કેશવે અને શત્રુતાપન અર્જુને પોતપોતાના દિવ્ય શંખો વગાડયા.[૧૩૬] વળી ભીમસેને, યાદવસિંહ સાત્યકિએ, યુધામન્યુએ તથા રાક્રમી ઉત્તમાજાએ પણ પૃથક્ પૃથક્ શંખો વગાડવા માંડયા.[૧૩૭] તે તે મહાન શબ્દને સાંભળીને ધર્મરાજા યુધિષ્ઠિરે, "મહાત્મા અર્જુને સિંધુરાજાને માર્યો છે" એમ માની લીધું;[૧૪૮] અને તેણે પણ વાદિત્રો વગડાવીને પોતાના યોદ્ધાઓને હર્ષ ઉપજાવ્યો તથા દ્રોણસામે સંગ્રામ કરવાની ઇચ્છાથી તેના ઉપર ચઢાઇ કરી.[૧૩૯] હે રાજન્! સૂર્ય અસ્તાચળપ્રત્યે જવા બરાબર તૈયાર થયો હતો, તે સમયે દ્રોણાચાર્ય અને સોમક યોદ્ધાઓનો રુવાં ઉભાં કરી નાખે તેવો ઘોર સંગ્રામ મચી રહ્યો.[૧૪૦] દ્રોણાચાર્યને મારી નાખવાની ઇચ્છાથી તે સર્વ સોમક મહારથીઓ જે વખતે સિંધુરાજા મરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામ્યો, તે વખતે બરાબર યુદ્ધ કરી રહ્યા હતા.[૧૪૧] પાંડવો પણ રણમાં વિજય મેળવીને તથા જયદ્રથનો વધ કરીને મદોન્મત્ત બની દ્રોણસામે લડતા હતા. [૧૪૨] મહાબાહુ અર્જુન પણ સિંધુરાજાનો વધ કર્યા પછી તમારા પક્ષના સારા સારા મહારથી યોદ્ધાઓ જોડે લડી રહ્યો હતો.[૧૪૩] પોતાની પ્રથમની પ્રતિજ્ઞાને સમાપ્ત કરી વીર અર્જુન, ઉદય પામેલો સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તથા દેવોનો રાજા ઇન્દ્ર જેમ પોતાના રાક્ષસશત્રુઓનો સંહાર કરે, તેમ ચોતરફથી શત્રુઓનો સંહાર વાળી રહ્યો હતો.[૧૪૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'જયદ્રથનો વધ' એ વિષયનો અધ્યાય ૧૪૬ મો સમાપ્ત

અધ્યાય ૧૪૭ મો

કર્ણ અને સાત્યકિનું યુદ્ધ

॥ धृतराष्ट्र उवाच ॥

तस्मिन् विनिहते वीरे सैंधवे सव्यसाचिना।
मामका यदकुर्वन्त तन्ममाचक्ष्व संजय॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:-હે સંજય! સવ્યસાચી અર્જુને વીર સિંધુરાજાને જ્યારે મારી નાખ્યો, ત્યારે મારા પુત્રોએ જે કર્યું હોય તે મને તું કહે.[૧]

સંજયે કહ્યું:-હે ભરતવંશી રાજા! સિંધુરાજાને અર્જુને રણમાં મારી નાખેલો જોઈ શારદ્વત કૃપાચાર્ય ક્રોધવશ થઇ ગયા; તેમણે પાંડવ અર્જુનપર મોટી બાણવૃષ્ટિ કરી મૂકી. વળી દ્રોણપુત્ર અશ્વત્થામા પણ રથપર બેસીને અર્જુનસામે ધસી આવ્યો હતો.[૨,૩] રથીશ્રેષ્ઠ તેઓ બન્ને મહારથીઓ રથસ્વાર થઇને બન્ને તરફથી તીક્ષ્ણ બાણો મૂકી અર્જુનનાપર વરસાવવા લાગ્યા; ત્યારે મોટી ભુજાવાળો મહારથી અર્જુન, બન્ને તરફની અતિમહાન બાણવૃષ્ટિથી પીડાઇને આ સમયે પરમ દુઃખને પામ્યો;[૫] છતાંપણ પોતાના ગુરુને તથા ગુરુના પુત્રને મારી નાખવાની તેણે ઇચ્છા કરી નહિ, પણ ઉલટું કુંતીપુત્ર અર્જુને આ યુદ્ધમાં ગુરુનું સન્માનજ કર્યું.[૬] માત્ર પોતાનાં અસ્ત્રોવડે કૃપાચાર્ય અને અશ્વત્થામાનાં અસ્ત્રોનું વારણ કરી, તેઓ બન્નેનો નાશ ન થાય એવી મનમાં ઇચ્છા રાખી, મંદ વેગવાળાં બાણોનેજ તેઓના તરફ તે ફેંકતો હતો;[૭] તોપણ અર્જુનનાં બાણોએ તેઓને ઘણા ઘાયલ કરી નાખ્યા હતા અને તેવાં ઘણાં બાણોના પ્રહારથી તેઓ બન્નેને ઘણું દુઃખ થયું.[૮] હે રાજન્! એ રીતે અર્જુનનાં બાણોથી પીડાઇને શારદ્વત કૃપાચાર્યને તો તે સમયે મૂર્છા આવી ગઇ, જેથી રથની બેસણીપર તેઓ બેસી ગયા.[૯] પોતાના સ્વામીને એ પ્રમાણે બાણોથી પીડાઇને વિહ્વળ થઇ ગયેલા જોઈ કૃપાચાર્યનો સારથિ, "આનું મરણજ થયું છે" એમ સમજી જઇને તેમને રણમાંથી દૂર લઇ ગયો.[૧૦] હે મહારાજા! એ રીતે શારદ્વત કૃપાચાર્ય જ્યારે યુદ્ધમાં ભગ્ન (મૂર્ચ્છિત) થયા, ત્યારે અશ્વત્થામા પણ અર્જુનપાસેથી દૂર ખસી જઇ બીજા રથીઓ પાસે ચાલ્યો ગયો.[૧૧] પછી પોતાનાં બાણોથી મૂર્ચ્છિત થયેલા કૃપાચાર્યને જોઇને મહાધનુર્ધર અર્જુન, પોતાના રથમાંજ કરુણ વિલાપ કરવા લાગ્યો; અને અશ્રુપૂર્ણ મુખે દીનતાપૂર્વક આવું વચન બોલ્યો:-"મહાબુદ્ધિમાન વિદુરે પ્રથમથીજ આવું ભાવિફળ જોઇને રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે, "આ પાપી દુર્યોધન કુરુકુળનો સંહાર કરનારો થશે, માટે હજી માત્ર તેનો જન્મ થયો છે તેટલામાંજ એ કુલાંગારને પરલોકમાં મોકલી દો તોજ સારૂં છે; કારણકે આ દુર્યોધનના સંબંધથી કુરુવંશના મુખ્ય મુખ્ય પુરુષોને મહાન ભય ઉપસ્થિત થશે." સત્યવાદી વિદુરનું તે વચનજ આ સમયે સત્ય થયું છે.[૧૨-૧૫] ખરેખર! કેવળ દુર્યોધનને માટેજ આજે હું મારા ગુરુને બાણશય્યાપર પડેલા જોઉં છું. આ પરથી ક્ષત્રિયોના આચારને, બળને તથા પુરુષાર્થને ધિક્કાર હો; કારણકે મારાસરખો બીજો કયો પુરુષ બ્રાહ્મણજાતિના પોતાના આચાર્યનોજ દ્રોહ કરે? આ કૃપાચાર્ય ઋષિપુત્ર છે, મારા આચાર્ય છે અને દ્રોણગુરુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના પરમ મિત્ર છે; તેજ આ સમયે મારાં બાણોથી પીડાઇને રથની બેસણીપર શયન કરી ગયા છે. મારી ઇચ્છા ન હતી, છતાં મેં તેમને બાણોવડે ઘણાજ પીડયા છે.[૧૬–૧૮] રથની બેઠકપર તેઓ દુઃખ પામે છે અને મારા પ્રાણોને આકુળવ્યાકુળ કરી નાખે છે. અરેરે! પુત્રના શોકથી સંતપ્ત થઇને મેં તેમને ઘણાં બાણોથી વારંવાર પ્રહાર કર્યો છે; પણ આ વેળા તેમને આવી દુરવસ્થામાં આવી પડેલા જોઇ મને મારા પુત્રના વધ કરતાં પણ અધિક શોક થાય છે.[૧૯,૨૦] અરે ઓ કૃષ્ણ! જુઓ તો ખરા, આ કૃપાચાર્ય પોતાના રથમાં કેવા દીન થઇને મૂર્ચ્છિત અવસ્થામાં પડયા છે. અહા! કેટલાએક ઉત્તમ નરો આચાર્યો પાસેથી વિદ્યાઓનું અધ્યયન કરીને તેઓની ઇષ્ટ કામનાઓને પરિપૂર્ણ કરે છે અને મરણ પામ્યા પછી પોતે દેવભાવને પામે છે; પણ મારા જેવા જે અધમ પુરુષો ગુરુઓપાસેથી વિદ્યાઓનું પઠનકરીને તેઓનોજ સંહાર કરે છે, તે દુરાચારી પુરુષો મુઆ પછી નરકે જાય છે. મેં પણ આજે કેવળ નરકમાં જવામાટેજ આ દુષ્ટ કૃત્ય કર્યું છે; કારણકે મેં મારા આચાર્ય આ કૃપાચાર્યને રથમાં મૂર્ચ્છિત કરી નાખી દુઃખ પમાડયું છે. જે વેળા પૂર્વે કૃપાચાર્ય મને અસ્ત્રોનું અધ્યાપન કરાવતા હતા, તે વેળા તેઓ મને કહેતા કે, "હે કુરુવંશી અર્જુન! પોતાના ગુરુનાપર તારે કદીપણ પ્રહાર કરવો નહિ." તેજ આ મારા પૂજ્ય આચાર્ય મહાત્મા કૃપાચાર્યના વચનને મેં માન આપ્યું નથી; અને તેમને પોતાનેજ મેં બાણોનો વરસાદ વરસાવી દુઃખી કર્યા છે. યુદ્ધમાં કદી પલાયન નહિ કરનારા મારા અતિ પૂજ્ય તે ગૌતમ ગોત્રના કૃપાચાર્યને મારા ઘણા નમસ્કાર હો.[૨૬] હે યાદવવંશી શ્રીકૃષ્ણ! મને ધિક્કાર હજો, કે આજે હું આ મારા આચાર્યની ઉપર પણ પ્રહાર કરી રહ્યો છું."

અર્જુન એ પ્રમાણે જ્યારે વિલાપ કરી રહ્યો હતો, ત્યારે સિંધુરાજાને મરણ પામેલો જોઇ રાધાપુત્ર કર્ણ તેનીસામે ધસી આવ્યો. અર્જુનના રથસામે ધસી આવતા તે કર્ણને જોઇને પાંચાલવંશના યુધામન્યુ તથા ઉત્તમૌજા સાત્યકિને આગળ કરી એકાએક તેની સામા ધસ્યા. તે સમયે પોતાની સામે આવતા રાધાપુત્ર કર્ણને જોઇ મહારથી અર્જુન, હસતાં હસતાં દેવકીપુત્રને આ વચન કહેવા લાગ્યોઃ– "હે જનાર્દન! અધિરથપુત્ર આ કર્ણ, સાત્યકિના રથસામે ધસી જાય છે. અવશ્ય, ભૂરિશ્રવા રણમાં માર્યો ગયો છે, તેને એ સહન કરી શકતો નથી; માટે એ કર્ણ જે તરફ જવા ધારે છે, તે તરફ આપણા ઘોડાઓને તમે હંકારો; જેથી કરીને તે મહાન પુરુષ, સાત્યકિને ભૂરિશ્રવાની દશાએ ન પહોંચાડે."

અર્જુનનાં એ વચન સાંભળી મહાતેજસ્વી મહાબાહુ કેશવ, સમયાનુસાર આ પ્રમાણેનું વચન બોલ્યાઃ–"હે પાંડુપુત્ર! મહાબાહુ આ સાત્યકિ એકલો પણ કર્ણને પૂરો પડે તેમ છે, તો પછી દ્રુપદકુમાર યુધામન્યુ અને ઉત્તમૌજાની સહાયથી કર્ણને હંફાવે તેમાં કંઈ શંકા જેવું નથી. હે પાર્થ! આ સમયે કર્ણની સાથે તારે સંગ્રામ કરવો તે યોગ્ય નથી; કારણકે તેની પાસે ઇંદ્રે આપેલી બળતી ઉલ્કાસરખી એક શક્તિ છે. એની નિરંતર પૂજા કરીને તારે માટેજ તેણે રાખી મૂકી છે; માટે શત્રુવીરોનો સંહાર કરનારા હે અર્જુન! આ સમયે કર્ણને સાત્યકિ તરફજ તું જવા દે. એ દુરાત્માના કાળને હું તને જણાવી આપીશ, એટલે તે સમયે તીક્ષ્ણ બાણો મારીને તું એને પૃથ્વીપર પાડી દઈ શકીશ."[૨૭–૩૬]

ધૃતરાષ્ટ્રે પૂછયુંઃ–હે સંજય! જયદ્રથ જ્યારે માર્યો ગયો, ત્યારે યાદવવીર સાત્યકિનો કર્ણની સાથે સમાગમ થયો એમ તું કહે છે; પણ એ બાબતમાં હું તને પ્રશ્ન કરૂં છું કે, સાત્યકિ તો ભૂરિશ્રવાની સાથે યુદ્ધ કરતાં રથવિનાનો થઈ ગયો હતો. તે કર્ણસામે યુદ્ધ કરતી વેળા કયા રથમાં આરૂઢ થયો હતો અને ચક્રરક્ષક પાંચાલપુત્રો પણ કયા રથમાં બેઠા હતા? તે તું મને કહે.[૩૮]

સંજયે કહ્યુંઃ–એ મહારણમાં જે રીતનું વૃત્તાંત બન્યું હતું, તે સઘળું હું તમારી પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી ખુશીથી કહીશ; માટે હે રાજા ! હવે તમે સ્થિર થઇને તમારા દુષ્ટ આચરણના પરિણામરૂપ યુદ્ધને સાંભળો.

હે પ્રભો ! " વીર સાત્યકિનો ભૂરિશ્રવા રણમાં પરાજય કરશે" એ વાત શ્રીકૃષ્ણને પ્રથમથીજ મનમાં આવી ગઇ હતી;[૪૦] કારણ કે જનાદર્ન ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની ઘટનાઓને જાણે છે; જેથી તેમણે પોતાના દારુકસારથિને બોલાવીને આજ્ઞા કરી હતી કે, " પ્રાતઃકાળમાં આપણા રથને તું સજ્જ કરી રાખજે. " હે રાજા ! દેવો, ગંધર્વો, યક્ષો, સર્પો, રાક્ષસો કે મનુષ્યો શ્રીકૃષ્ણ અને અર્જુનને કદી જીતી શકે તેમ નથી. બ્રહ્મા આદિ દેવો અને સિદ્ધો તે શ્રીકૃષ્ણને યથાર્થ રીતે જાણે છે; માટે તેઓ બન્નેના અતુલ પ્રભાવને તથા તે યુદ્ધને તમે બરાબર સાંભળો. જે સમયે કર્ણ રણમાં સજ્જ થઇને ચઢી આવ્યો, ત્યારે સાત્યકિને રથવિનાનો જોઇ શ્રીકૃષ્ણે મહાન શબ્દ કરનારા પોતાના શંખને ઋષભસ્વરે વગાડયો. તે શંખનો નાદ સાંભળીને સારથિ દારુક, શ્રીકૃષ્ણના સંદેશાને સમજી ગયો અને તુરત ગરુડના ઉંચા નિશાનવાળી ધ્વજાવાળા રથને તેણે શ્રીકૃષ્ણ પાસે લાવી મૂક્યો; એટલે બળતા અગ્નિસમાન કાંતિવાળા અને દારુકે સજ્જ કરેલા તે રથપર શ્રીકૃષ્ણની સંમતિ મેળવીને શિનિપૌત્ર સાત્યકિ ચઢી ગયો. શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ઉત્તમ ઘોડાઓ, કે જેઓ મહાવેગવાળા અને ઇચ્છામાં આવે ત્યાં ગતિ કરી શકે તેવા હતા, તેઓને સુવર્ણના અલંકારોથી વિભૂષિત કરી એ રથમાં જોડવામાં આવ્યા હતા. સાક્ષાત્ વિમાનસરખા તે રથમાં બેસીને સાત્યકિ, અનેક જાતનાં બાણો ફેંકતો ફેંકતો કર્ણસામે ધસી ગયો; અને તેની પાછળ ચક્રરક્ષકતરીકે રહીને યુધામન્યુ તથા ઉત્તમૌજા પણ અર્જુનના રથને છોડી જઇ કર્ણસામે દોડી ગયા. હે મહારાજા ! તે સમયે રાધાપુત્ર કર્ણ પણ અતિ ક્રોધે ભરાઇને બાણોનો વરસાદ વરસાવતો વરસાવતો અસ્ખલિત પરાક્રમવાળા શિનિકુમારસામે દોડી ગયો. પછી તેઓ બન્નેનું એવું યુદ્ધ મચ્યું કે, તેવું સ્વર્ગમાં કે આ પૃથ્વીમાં દેવોનું, ગંધર્વોનું, અસુરોનું કે રાક્ષસોનું કોઇનું પણ પૂર્વે થયું નથી. હે મહારાજ ! રથો, ઘોડા, મનુષ્યો અને હાથીઓસહિત તે સઘળું સૈન્ય એ વેળા યુદ્ધ કરતું અટકી પડયું હતું. તેઓ બન્નેનાં કૌશલ્યને જોઇને સર્વ સૈનિકોનાં મન કેવળ મૂઢ બની ગયાં હતાં; અને તેઓ બધા પુરુષશ્રેષ્ઠ એવા એ બન્નેના અમાનુષ યુદ્ધને તથા દારુકના સારથિકર્મને એકીટસે જોઇ રહ્યા હતા. રથમાં બેઠેલા કાશ્યપગોત્રના સારથિ દારુકે કરેલાં ગમન, પ્રત્યાગમન, આવર્તન અને સંનિવર્તન આદિ રથનાં મંડળોને જોઇને આકાશમાં રહેલા દેવો, ગંધર્વો અને દાનવો પણ પરમ વિસ્મિત થયા; તથા કર્ણ અને સાત્યકિના યુદ્ધને જોવામાટે તેઓ અત્યંત સાવધાન થઈ રહ્યા. દેવસરખા તે કર્ણ અને સાત્યકિ, રણમાં પરસ્પરની સ્પર્ધા કરીને પોતપોતાના મિત્રોમાટે પરાક્રમ કરી રહ્યા હતા; અને હે મહારાજા ! અન્યોન્યપર બાણોનો વરસાદ વરસાવી રહ્યા હતા.[૪૦-૫૭] કુરુવંશી ભૂરિશ્રવા અને જલસંધના વધને સહન નહિ કરનારા કર્ણે બાણોની વૃષ્ટિ કરીને શિનિપુત્રને પ્રહાર કરવા માંડયો હતો.[૫૮] તે કર્ણ એ વેળા જયદ્રથ આદિ મહારથીઓના શોકથી આવિષ્ટ થઇ મહાન સર્પની પેઠે ફુંફાડા મારતો હતો અને ક્રોધાયમાન થઇ નેત્રોવડે જાણે બાળી નાખતો હોય તેમ શિનિકુમારસામે જોઇને વારંવાર વેગપૂર્વક તેની સામે દોડી જતો હતો. હે શત્રુદમન રાજા ! એ રીતે તેને ક્રોધે ભરાયેલો જોઈ સાત્યકિ પણ એક હાથી જેમ બીજા હાથીસામે લડે, તેમ બાણોની વૃષ્ટિ કરતો લડી રહ્યો હતો. મહાબળવાન બે વ્યાઘ્રોની પેઠે તે બન્ને પુરુષવ્યાઘ્રો સામસામા ભેટયા હતા;[૫૮-૬૧] અને અનુપમ પરાક્રમ બતાવીને અન્યોન્યને રણમાં વિંધી નાખતા હતા. હે શત્રુદમન રાજા ! તે પછી શિનિપુત્રે તદ્દન લોખંડનાં બનાવેલાં બાણોવડે વારંવાર કર્ણનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ ગાત્રોને ચીરી નાખવા માંડયાં; એટલુંજ નહિ પણ બીજા એક ભલ્લજાતના બાણથી એના સારથિને રથના માળમાંથી નીચે ગબડાવી પાડયો તથા શ્વેતવર્ણના તેના ચારે ઘોડાઓને તીક્ષ્ણ બાણોવડે મારી નાખ્યા; તેમજ વધારામાં તેના ધ્વજના તથા રથના પણ સેંકડો ટુકડા કરી નાખ્યા.[૬૨-૬૪] એ પ્રમાણે તમારા પુત્રના દેખતાં સાત્યકિએ કર્ણને રથવિનાનો કરી નાખ્યો; તેથી હે રાજન્! તમારા પક્ષના સર્વ મહારથીઓનાં મન ઉદાસ થઇ ગયાં અને કર્ણપુત્ર વૃષસેન, મદ્રરાજ શલ્ય અને દ્રોણપુત્ર અશ્વત્થામા, એ ત્રણે મહારથીઓએ સર્વ તરફથી સાત્યકિને ઘેરી લીધો.[૬૫,૬૬] જોતજોતામાં ત્યાં ઉભેલું સર્વ સૈન્ય આકુળવ્યાકુળ થઇ ગયું.

વીર સૂતપુત્રને સાત્યકિએ એ પ્રમાણે જ્યારે રથવિનાનો કરી નાખ્યો, ત્યારે હે રાજન્! સર્વ સૈન્યોમાં મહાન હાહાકાર થઇ રહ્યો હતો. તે સમયે સાત્યકિનાં બાણોથી રથવિનાનો થયેલો કર્ણ પણ નિઃશ્વાસ નાખીને સત્વર દુર્યોધનના રથપર ચઢી ગયો, કે જે બાલ્યાવસ્થાથી તમારા પુત્ર સાથે થયેલી મૈત્રીને હૃદયપૂર્વક ઘણું માન આપતો હતો તથા તેને રાજ્ય અપાવવાની પ્રતિજ્ઞાનું પાલન કરવા ઇચ્છતો હતો. જીતેન્દ્રિય સાત્યકિએ તે સમયે રથરહિત થયેલા કર્ણને તથા દુઃશાસન આદિ તમારા વીરપુત્રોને ખાસ જાણી જોઇનેજ માર્યા ન હતા; કારણ કે ભીમસેને તથા અર્જુને તેઓ બધાને મારવામાટે કરેલી પ્રતિજ્ઞાનું તેણે પાલન કર્યું હતું.[૬૭-૭૧] સાત્યકિએ તેઓ બધાને રથરહિત કરી નાખી વિહ્વળ કરી મૂકયા હતા પણ પ્રાણરહિત કર્યા ન હતા; કારણ કે ભીમસેને તમારા પુત્રોનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી હતી તથા અર્જુને ફરી જુગાર ખેલતી વખતે કર્ણનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. જો કે કર્ણઆદિ મહારથીઓ તે સાત્યકિનો વધ કરવામાટે ઘણો ઘણો પ્રયત્ન કરતા હતા, તોપણ તેઓ સાત્યકિને હણી શકયા નહિ. સાત્યકિએ કેવળ ધનુષ્યનીજ સહાય લઇને અશ્વત્થામા, કૃતવર્મા તથા બીજા કેટલાએક મોટા મોટા સેંકડો મહારથી ક્ષત્રિયોનો તે રણમાં પરાજય કર્યો હતો. સાત્યકિને ધર્મરાજાનું પ્રિય કરવાની તથા પુણ્યવંતોને મળતા દિવ્ય પરલોકની ઉત્કટ ઇચ્છા હતી. વળી શત્રુતાપન સાત્યકિ, વીર્યમાં અર્જુન તથા શ્રીકૃષ્ણની તુલના કરી શકે તેવો હતો; અને તેથીજ તેણે હસતાં હસતાં તમારાં સર્વ સૈન્યોને જીતી લીધાં હતાં.[૭૨-૭૬] હે પુરુષવ્યાઘ્ર રાજા! આ જગતમાં શ્રીકૃષ્ણ, અર્જુન અને શિનિકુમાર સાત્યકિ, એ ત્રણજ ખરા ધનુર્ધરો છે ચોથો એક પણ નથી.[૭૭]

ધૃતરાષ્ટ્રે કહ્યું:-હે સંજય! યુદ્ધમાં શ્રીકૃષ્ણસમાન પરાક્રમી તે સાત્યકિએ શ્રીકૃષ્ણના અજિત રથમાં આરૂઢ થઇ કર્ણને રથવિનાનો કરી નાખ્યો, એ વૃત્તાંતને તો મેં સાંભળ્યું; પણ દારુક સારથિથી યુક્ત થયેલો તથા પોતાનાં બાહુબળથી ગર્વિષ્ઠ થયેલો શત્રુતાપન તે સાત્યકિ પાછળથી બીજા કોઇ રથમાં બેઠો હતો કે નહિ તે સાંભળવાની મને ઇચ્છા છે. ખરેખર! તે સાત્યકિને યુદ્ધમાં હું અતિ અસહ્ય માનું છું, માટે તે વૃત્તાંતને તું મને કહે. કથા કહેવામાં તું ઘણો કુશળ છે.[૭૮-૮૦]

સંજયે કહ્યું:-હે રાજન્! એ વૃત્તાંત જે પ્રમાણે બન્યું હતું, તે પ્રમાણેજ હું તમને કહું છું માટે સાંભળો.

મહાબુદ્ધિમાન દારુકના નાનાભાઇએ શાસ્ત્રોક્ત કલ્પનાવિધિથી સજ્જ કરેલો એક બીજો રથ સાત્યકિને માટે ત્યાં આણ્યો હતો. એ રથના ઉંટડાને લોખંડના તથા સુવર્ણના પાટાઓ જડયા હતા, હજારો ફુદડીઓ તે રથમાં જડેલી હતી, સિંહના ચિહ્નવાળી ધ્વજા અને પતાકા તેનાપર ફરકતી હતી, વાયુસમાન વેગવાળા, સુવર્ણના અલંકારોથી શણગારેલા, ચંદ્રસમાન ઉજ્જવલ વર્ણના, ચિત્રવિચિત્ર કવચો પહેરાવીને સજ્જ કરેલા તથા સિંધુદેશમાં જન્મેલા ઉત્તમ, દૃઢ અને સર્વ શબ્દોનું ઉલ્લંઘન કરનારા ઘોડાઓ તે રથમાં જોડયા હતા. સેંકડો લટકતી ઘંટડીઓના શબ્દથી તે રથ ગર્જના કરતો હતો, શક્તિઓ અને તોમરોરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં વિજળી ઝળકતી હતી, અનેક જાતનાં લડાયક શસ્ત્રો તથા દ્રવ્યોથી તે ભરપૂર હતો તથા તે મેઘસરખો ગંભીર શબ્દ કરતો હતો.[૮૫] પોતાને માટે આણેલા તે રથપર બેસીને શિનિપુત્ર સાત્યકિએ તમારાં સૈન્યસામે ધસારો કર્યો અને શ્રીકૃષ્ણનો સારથિ દારુક પણ પછી પોતાનો રથ પોતાની ઇચ્છા પ્રમાણે શ્રીકૃષ્ણ પાસે લઈ ગયો.

હે રાજન્! પેલી તરફથી કર્ણને પણ શંખ અને ગાયના દૂધસરખા શ્વેતવર્ણના તથા ચિત્રવિચિત્ર સોનેરી કવચોવાળા અતિશય વેગવાળા ઉત્તમ ઘોડાઓથી જોડેલો એક રથ આપણા યોદ્ધાઓએ આણી આપ્યો હતો. એ રથપર સોનેરી પટાવાળી ધ્વજા ઉડતી હતી, ગોઠવેલા યંત્રપર પતાકા ફરકતી હતી, અતિકુશળ સારથિ તે મહાન રથને હંકારતો હતો તથા અનેક શસ્ત્રો અને બીજા પરિચ્છેદો તેમાં ગોઠવ્યા હતા.[૮૭,૮૮] તે રથમાં બેસીને કર્ણે પણ શત્રુઓસામે ધસારો કર્યો હતો. તમે મને જે પ્રશ્ન પૂછયો હતો તે આ સર્વ મેં તમને કહી સંભળાવ્યો અને વળી પણ તમારી અનીતિને પરિણામે થયેલા તે ઘોર સંહારને તમે મારી પાસેથી સાંભળો. નિરંતર તરેહ તરેહનાં યુદ્ધ કરનાર દુર્મુખ આદિ તમારા એકત્રીસ પુત્રોને ભીમસેને મારી નાખ્યા હતા; ઉપરાંત વળી સાત્યકિએ તથા અર્જુને પણ તમારા સેંકડો શૂરા યોદ્ધાઓનો સંહાર કરી નાખ્યો હતો,[૯૧] કે જેમાં ભીષ્મ અને ભગદત્ત મુખ્ય હતા. હે ભરતવંશી રાજા! એ પ્રમાણે તમારા દુષ્ટ વિચારોના પરિણામે આ ઘોર સંહાર થયો હતો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'કર્ણ અને સાત્યકિનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૪૭ મો સમાપ્ત

અધ્યાય ૧૪૮મો

શ્રીકૃષ્ણે કરેલી અર્જુનની પ્રશંસા

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

तथा गतेषु शूरेषु तेषां मम च संजय।
किं वै भीमस्तदाऽकार्षीत्तन्ममाचक्ष्व संजय ॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:-હે સંજય! તે પાંડવપક્ષના તથા મારા પક્ષના શૂરાઓ જ્યારે તે રીતે જય પરાજયના વાતાવરણમાં આવી પહોંચ્યા હતા, ત્યારે ભીમસેને શું કર્યું હતું? તે મને કહે.[૧]

સંજયે કહ્યું:-તે સમયે રથરહિત થયેલો ભીમસેન કર્ણની વાણીરૂપ શલ્યથી પીડાઇને ક્રોધવશ થઈ ગયો હતો અને તેણે અર્જુનને આ પ્રમાણે કહ્યું:-[૨] "હે ધનંજય! તારી સમક્ષ કર્ણે, "હે દાઢીમૂછવિનાના હીજડા! હે મૂઢ! હે ખાઉધરા! હે અસ્ત્રોમાં અકુશળ! હે બાળક! તું સંગ્રામમાં કાયર છે, માટે યુદ્ધ કરવું રહેવા દે" ઇત્યાદિ વચનો મને કહ્યાં છે. હે ભારત! આમ બોલનારને મારે મારીજ નાખવો, એમ મેં પ્રથમજ કહ્યું છે. હે મહાબાહુ! તેં જ્યારે એ પ્રમાણેનું વ્રત લીધું હતું, ત્યારે મેં પણ તારી સાથે એ વ્રત લીધું છે. હે કૌન્તેય! તારી જેવી વ્રતનિષ્ઠા છે, તેવીજ મારી પણ છે એમાં સંશય નથી; માટે હે પુરુષશ્રેષ્ઠ! એ કર્ણનો વધ કરવામાટે તું મારાં એ વચનોનું સ્મરણ કર અને તે જે રીતે સત્ય થાય તે રીતે કરી દેખાડ."[૩-૬]

ભીમસેનનાં એ વચન સાંભળીને અમાપ પરાક્રમવાળા અર્જુને કર્ણની સામે રણમાં આગળ જઇને આ પ્રમાણે તેનાપ્રત્યે કહ્યું:-"ઓ મિથ્યાદૃષ્ટિ કર્ણ! હે આત્મશ્લાઘી સૂતપુત્ર! ઓ અધર્મ બુદ્ધિવાળા! આ સમયે હું તને જે કહું છું તે સાંભળી લે.[૭,૮] શૂરા પુરુષોના યુદ્ધમાં બે કર્મ હોય છે; જય અથવા પરાજય. હે રાધાપુત્ર! યુદ્ધ કરનારા ઇંદ્રના પણ તે જય પરાજય અનિત્ય હોય છે, તોપછી આપણ મનુષ્યોના તે અનિત્ય હોય તેમાં શું આશ્ચર્ય?[૯] તને જ્યારે સાત્યકિએ રથવિનાનો કરી નાખ્યો, ત્યારે તું લગભગ મરણશરણ અને વિકળ ઇંદ્રિયોવાળો થઇ ગયો હતો; છતાં તારો વધ કરવાનો મેં નિશ્ચય કર્યો છે, એમ જાણીને સાત્યકિએ તારો વધ નહિ કરતાં કેવળ પરાજય કરીનેજ તને જીવતો છોડયો છે.[૧૦] એના એજ તેં પોતાની સામે યુદ્ધ કરતા મહાબળવાન ભીમસેનને કોઇ દૈવેચ્છાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડ માંડ રથરહિત કરી નાખીને કેટલાંએક કડવાં વચનો કહ્યાં છે.[૧૧] આ ઘણો મોટો અધર્મ છે; અને તે એક અનાર્યપુરુષના જેવું કર્મ છે, કારણકે શૂરા સત્પુરુષો પોતાના શત્રુનો પરાજય કરીને આત્મશ્લાઘા કરતા નથી, દુષ્ટ વચન બોલતા નથી તથા કોઇની નિંદા પણ કરતા નથી. હે સૂતપુત્ર! પ્રાકૃત મનુષ્યસમાન જ્ઞાનને ધરાવનારા તેં, ભીમસેનપ્રત્યે જે કંઇ કહ્યું છે તે ઘણુંજ અસંબદ્ધ છે, કાનથી ન સંભળાય તેવું છે અને ચપળભાવને અંગે કેવળ અપરીક્ષિત છે; કારણકે આર્યવ્રતમાં આસક્ત થઈ પરાક્રમપૂર્વક યુદ્ધ કરનારા શૂરા ભીમસેનને તેં જે અપ્રિય વચનો કહ્યાં છે, તે તદ્દન અસત્ય છે. વળી તે અપ્રિય વચનો એક ભીમસેનજ સાંભળે તેમ તેં કહ્યાં નથી; પણ શ્રીકેશવ અને મારી સમક્ષમાં સર્વ સૈન્યોના દેખતાં અને સાંભળતાં તું તે બોલ્યો છે;[૧૨–૧૫] પણ અલ્યા એ! ભીમસેને તો તને ઘણીવાર રથરહિત કરી નાખ્યો છે; છતાં તે પાંડુનંદને તને લગારે કઠોર વચન કહી સંભળાવ્યું નથી; અને તેં તો ભીમસેનને અનેક કડવાં વચનો કહી સંભળાવ્યાં છે! વળી મારી ગેરહાજરીમાં તમે બધાએ એકઠા મળીને મારા પુત્ર અભિમન્યુને મારી નાખ્યો છે.[૧૭] તે આ તારા ગર્વનું ફળ તને હવે તત્કાળ મળશે. એ દુષ્ટ બુદ્ધિના કર્ણ! તેં તારો પોતાનોજ વિનાશ કરવામાટે અભિમન્યુના ધનુષ્યને કાપી નાખ્યું છે; માટે હે મૂઢ! પુત્રો, બાંધવો અને અનુચરોસહિત હું તને હણી નાખીશ; જેથી તારે કરવાનાં કૃત્યો હવે તું સત્વર કરી લેજે. તારાપર મોટો ભય આવી પડયો છે. આ રણમાં તારા દેખતાં તારા પુત્ર વૃષસેનને હું મારી નાખીશ અને બુદ્ધિના મોહથી જે રાજાઓ તે સમયે વૃષસેનનું રક્ષણ કરવા આવશે, તેઓ સર્વનો હું વિનાશ કરીશ. આ બધું હું મારા ધનુષ્યને હાથમાં લઈ સત્યજ કહું છું. હે મૂઢ! બુદ્ધિની અકુશળતા હોવાછતાં અતિ અભિમાન ધરાવનારા તને મેં રણમાં પાડી નાખેલો જોઇ મંદબુદ્ધિનો દુર્યોધન ઘણોજ સંતાપ પામશે."

એ રીતે કર્ણના પુત્રનો વધ કરવાની અર્જુને જ્યારે પ્રતિજ્ઞા કરી, ત્યારે સર્વ રથીયોદ્ધાઓમાં અતિ મહાન તુમુલ શબ્દ થઇ રહ્યો. પછી મહાભયંકર આકુલ સંગ્રામ ચાલુ થયો અને જોતજોતામાં સૂર્ય મંદ કિરણોવાળો થઇને અસ્તાચળ પર્વતપાસે જતો રહ્યો. હે રાજન્! એ વેળા પોતાની પ્રતિજ્ઞાને પહોંચી વળેલા સંગ્રામના મોખરામાં ઉભેલા અર્જુનને ભેટી પડીને શ્રીકૃષ્ણ તેને કહેવા લાગ્યા:–" હે જીષ્ણુ! તારી મહાન પ્રતિજ્ઞાને તેં સંપૂર્ણ કરી તે ઘણું સારૂં થયું; અને પાપી વૃદ્ધક્ષત્રને તેના પુત્રસહિત તેં મારી નાખ્યો તે પણ બહુ ઠીક થયું. હે ભરતવંશી અર્જુન! આ કૌરવ સૈન્યની સામે આવીને દેવોની સેનાના પણ એક વખત હાંજા ગગડી જાય, તેવું એ બળવાન છે; તેમાં જરાએ શક જેવું નથી. હે પુરુષવ્યાઘ્ર! હું ઘણો ઘણો વિચાર કરૂં છું, છતાં આ લોકમાં તારાવિના બીજા એક પણ પુરુષને ક્યાંય જોતો નથી, કે જે આ સૈન્યસામે લડી શકે! આ સૈન્યમાં દુર્યોધનને માટે ઘણા રાજાઓ એકઠા થયા છે, કે જેઓ મહાન પ્રભાવવાળા અને તારી તુલના કરનારા અથવા તારાથી પણ અધિક છે; પણ તેઓ બધા કવચ પહેરીને તથા ક્રોધપૂર્વક રણમાં તારીસામે આવીને પણ વિજય મેળવી શક્યા નથી.[૧૮–૨૯] ખરેખર! તારૂં પરાક્રમ અને બળ રુદ્ર, ઇંદ્ર અને કાળસરખું છે; કારણકે તારા સિવાય બીજો કયો પુરુષ રણમાં આવું પરાક્રમ કરવા શક્તિમાન થાય?[૩૦] તેં એકલાએ શત્રુઓને તપાવીને આજે જેવું કર્મ કર્યું છે અને આજે હું તને જે રીતે વધાવી રહ્યો છું, તે પ્રમાણે દુષ્ટાત્મા કર્ણનો તેના પરિવારસાથે જ્યારે તું વધ કરીશ, ત્યારે ફરી પણ શત્રુઓનો પરાજય કરનાર શત્રુહંતા તને હું વધાવી લઇશ."

શ્રીકૃષ્ણનાં એ વચનો સાંભળી અર્જુન બોલી ઉઠયો:–" હે માધવ! આ મારી પ્રતિજ્ઞા કે જે દેવોને પણ દુસ્તર હતી, છતાં મારી પ્રતિજ્ઞાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણ કરી શકયો તેમાં આપનોજ પ્રસાદ હેતુરૂપ છે. હે કેશવ ! તમે જેઓના નાથ છો તેઓનોજ વિજય થાય તેમાં કંઇ આશ્ચર્ય નથી. તમારા પ્રસાદથીજ યુધિષ્ઠિરરાજાને આ સઘળી પૃથ્વી પ્રાપ્ત થશે; માટે હે યદુવંશી ! આમાં તમારોજ પ્રભાવ છે અને ખરૂં જોતાં તમારોજ વિજય છે. ૩૪ હે મધુસૂદન ! અમે સદૈવ તમારા ઉત્તેજનને પાત્ર છીએ." અર્જુને એ વિનયવચનો કહ્યા પછી શ્રીકૃષ્ણે ધીમે ધીમે ઘોડાઓને છાવણી તરફ હાંકવા માંડયા અને તેને તે મહાન ક્રૂર રણક્ષેત્ર દેખાડવા લાગ્યા.૩૫

શ્રીકૃષ્ણે કહ્યું:-"હે અર્જુન! તું જો તો ખરો, આ યુદ્ધમાં વિજયની ઇચ્છા રાખનારા તથા જગપ્રસિદ્ધ મહાન યશની આશા કરનારા આ શૂરા રાજાઓ તારાં બાણોથી મરણ પામીને પૃથ્વીપર શયન કરી રહ્યા છે.૩૬ તેઓનાં શસ્ત્રો તથા આભરણો જ્યાં ત્યાં વિખરાઇ પડયાં છે, ઘોડાઓ, રથો અને હાથીઓનો વિનાશ થઇ ગયો છે, તેમનાં સર્વ મર્મસ્થાનો છિન્નભિન્ન થઇ ગયાં છે; અને તેથીજ પરમ વૈકલ્યને તેઓ પામ્યા છે.૩૭ આ બધા રાજાઓ એટલા બધા તેજસ્વી છે, કે જેથી તેઓ સત્વહીન થઇ ગયા છે; છતાં જાણે સત્વવાળા હોય તેવા દેખાય છે. તેઓ નિર્જીવ થઇને પડયા છે, છતાં જીવવાળા હોય તેવા જણાય છે.૩૮ જો, જો. તેઓનાં સુવર્ણપુંખી બાણોથી,જાતજાતનાં તીક્ષ્ણ શસ્ત્રોથી અને વાહનો તથા આયુધોથી આખી પૃથ્વી સંપૂર્ણ ભરાઈ ગઇ છે.૩૯

હે ભરતવંશી અર્જુન ! કવચો, ઢાલો, હારો, કુંડળવાળાં મસ્તકો, પાઘડીઓ, મુકુટો, માળાઓ, ચૂડામણિઓ, વસ્ત્રો, કંઠસૂત્રો, બાજુબંધો, ચળકતી કંઠીઓ તથા બીજાં અદ્ભુત આભરણોથી આ રણભૂમિ શોભે છે. વળી રથના નીચેના ભાગનાં કાષ્ટોથી, ભાથાઓથી, પતાકાઓથી,ધ્વજાઓથી, હાથીઓથી, ઘોડાઓના સામાનોથી, રથોનાં ચક્રોથી, ઇસોના દાંડાઓથી, છિન્નભિન્ન થયેલાં પૈડાંઓથી, પૈડાંઓની વચ્ચેનાં ઢીમચાંઓથી, ધુંસરાંઓથી,ચોકડાંઓથી,અલંકારોથી, ધનુષ્યોથી, બાણોથી, ઝુલોથી, હાથીઓને માથે ઓઢાડવાનાં આચ્છાદનોથી, લોખંડી લાકડીઓથી, અંકુશોથી, શક્તિઓથી, ભિંદીપાલોથી, ત્રિશૂળોથી, ફરસીઓથી, ભાલાંઓથી, તોમરોથી, લાકડીઓથી, તોપોથી, ભુશુંડીઓથી, તરવારોથી, પરશુઓથી, મુસલોથી, મુદ્ગરોથી, ગદાઓથી, મુડદાંઓથી, સુવર્ણથી મઢેલી ચાબૂકોથી, હાથીઓની ઘંટડીઓથી, અનેક જાતનાં આભરણોથી, માળાઓથી, અલંકારોથી અને છિન્નભિન્ન થયેલાં કિંમતી વસ્ત્રોથી રણભૂમિ ઉદય પામેલા ગ્રહમંડળથી શરદ્ઋતુનું આકાશ જેમ શોભે તેમ શોભી રહી છે, તે તું જો. આ બધા રાજાઓ પૃથ્વીનેમાટે મરણ પામીને નિદ્રામાં પોતાની પ્રિય સ્ત્રીનું આલિંગન કરીને સૂતા હોય તેમ પૃથ્વીનું પોતાનાં ગાત્રોથી આલિંગન કરીને સૂતા છે ! વળી આ પર્વતસરખા મોટા હાથીઓ ઇંદ્રના ઐરાવતહાથીની ઉપમાને યોગ્ય છે. તેઓ બધા પણ શસ્ત્રોના ઘાવરૂપ ગુફાઓના મુખમાંથી પુષ્કળ લોહીને વહેવડાવે છે. તે હાથીઓ ગુફાઓમાંથી ગેરુથી મિશ્ર એવા જળપ્રવાહોને ઝરતા મોટા પર્વતો હોય તેવા જણાય છે. હે વીર ! જો, જો, બાણોના પ્રહારોથી તેઓ પૃથ્વીપર તરફડે છે; તેમજ સુવર્ણના અલંકારોથી શોભતા આ ઘોડાઓ પણ મરણ પામીને પડયાછે. વળી ગંધર્વનગરસરખા આકારના આ રથોને પણ તું જો. તેઓના સ્વામીઓ મરણ પામ્યા છે, તે રથોની ધ્વજાઓ,પતાકાઓ તથા પૈડાંના ભાગો છિન્નભિન્ન થઇ પડયા છે; તેમાં કેટલાએક તો પૈડાંરહિત થઈને પડયા છે, તેઓના સારથિઓ માર્યા ગયા છે. તેમના ઉંટડાઓ, ધુંસરાંઓ તથા ઇસો ભાંગી પડેલ છે. હે પાર્થ ! પૃથ્વીપર વિમાનસરખા દેખાવના આ ઘોડાઓ તથા સેંકડો અને હજારો માર્યા ગયેલા આ પાળાઓને પણ તું જો. હે મહાબાહુ! આ તરફ પણ તું દૃષ્ટિ કર. તારાં બાણોથી કપાઇ ગયેલાં શરીરોવાળા,ધૂળથી ભુખરા થયેલા કેશોવાળા તથા લોહીલુહાણ શરીરોવાળા આ યોદ્ધાઓ હાથમાં ધનુષ્યને તથા ઢાલને ગ્રહણ કરીને સર્વાંગે પૃથ્વીનું આલિંગન કરીને રણમાં શયન કરી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે નરવર ! જો, જો; આ યુદ્ધભૂમિ જોવી પણ ન ગમે તેવી ભયંકર થઈ પડી છે. પતન પામેલા હાથીઓ, રથો અને ઘોડાઓથી તે વ્યાપ્ત થઇ ગઇ છે. લોહી, વસા અને માંસનો ગાઢ કીચડ એમાં જામ્યો છે; અને રાક્ષસો, કુતરાંઓ, વરુઓ તથા પિશાચોને તે આનંદ ઉપજાવનારી થઇ પડી છે ![૫૬] હે સમર્થ અર્જુન ! રણાંગણમાં યશની વૃદ્ધિ કરનારૂં આવું મહાન કર્મ તારામાંજ બનવું શકય છે; અથવા મહારણમાં દૈત્યોનો તથા દાનવોનો સંહાર કરનારા દેવશ્રેષ્ઠ ઇન્દ્રને વિષેજ સંભવી શકે છે, તે સિવાય બીજો કોઇપુરુષ આવું વીરકર્મ કરવા શક્તિમાન નથી."

સંજયે કહ્યું:–એ પ્રમાણે વર્ણન કરી કરીને અર્જુનને રણભૂમિ દેખાડતા શ્રીકૃષ્ણે એકત્ર થયેલા પોતાના સ્વજનો સાથે મળીને પોતાના પાંચજન્ય શંખને વગાડયો.[૫૮] શત્રુસંહર્તા શ્રીકૃષ્ણ, અર્જુનને તે યુદ્ધભૂમિ દેખાડતા દેખાડતા રાજા યુધિષ્ઠિર પાસે આવી પહોંચ્યા; અને અર્જુને કરેલા જયદ્રથના વધનો વૃત્તાંત તેમને જણાવવા લાગ્યા.[૫૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'શ્રીકૃષ્ણે કરેલી અર્જુનની પ્રશંસા' એ વિષયનો અધ્યાય ૧૪૮ મો સમાપ્ત

અધ્યાય ૧૪૯ મો
યુધિષ્ઠિરનો આનંદ !

॥ संजय उवाच ॥

ततो राजानमभ्येत्य धर्मपुत्रं युधिष्ठिरम् ।
ववंदे स प्रहृष्टात्मा हते पार्थेन सैंधवे ॥१॥

સંજયે કહ્યું:–અર્જુને સિંધુરાજાનો વધ કર્યા પછી ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિરપાસે આવીને હર્ષિત મનવાળા તે શ્રીકૃષ્ણે તેમને વંદન કર્યું[૧] અને કહ્યું કે:–" હે રાજેન્દ્ર ! આપણા સુદૈવની હું તમને વધામણી આપુ છું કે, આપણો શત્રુ રાજા જયદ્રથ આજે મરાયો છે;અને તમારો નાનોભાઈ અર્જુન પોતાની પ્રતિજ્ઞાને તરી ગયો છે. આ પણ આપણું અહોભાગ્ય છે."[૨]

શ્રીકૃષ્ણે જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે હર્ષમાં આવી ગયેલા શત્રુનગરોના જેતા રાજા યુધિષ્ઠિર રથપરથી એકદમ નીચે કૂદી પડયા; અને હે ભારત ! આનંદનાં અશ્રુઓથી રેબઝેબ થઇ શ્રીકૃષ્ણ તથા અર્જુનને ભેટી પડયા. પછી શ્વેતકમળસમાન ઉજ્જવલ એવા પોતાના મુખને લૂછી નાખીને વાસુદેવ શ્રીકૃષ્ણને તથા પાંડવ ધનંજયને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા:–" હે કમળનયન શ્રીકૃષ્ણ ! તમારી પાસેથી આ પ્રિય વધામણી સાંભળીને મને એટલો બધો હર્ષ થાય છે, કે જેથી સમુદ્રને તરવાની ઇચ્છાવાળો પુરુષ જેમ તેના પારને પામી શકતો નથી, તેમ હું પણ તે હર્ષના પારને પામી શકતો નથી. હે કૃષ્ણ ! બુદ્ધિમાન અર્જુને આ અતિ અદ્ભુત કર્મ કર્યું છે. તમે બન્ને મહારથીઓને આ સંગ્રામના મોટા ભારને ઉંચકી આવેલા જોઉં છું તે બહુ સારૂં થયું. પાપી પુરુષાધમ સિંધુરાજા મરણ પામ્યો તે પણ ઠીકજ થયું છે. હે કૃષ્ણ ! તમારા રક્ષણતળે રહી અર્જુને જયદ્રથનો વધ કરી મારી મહાન પ્રીતિ સંપાદન કરી છે, તે પણ એક સુદૈવજ છે, પરંતુ આમાં કંઈ અતિ આશ્ચર્ય જેવું નથી; કારણ કે જેઓના તમે નાથ છો તે પુરુષોને આ ત્રણેય લોકમાં કંઈ દુઃસાધ્ય નથી. અમને વાસ્તવિક તમારોજ આશ્રય છે અને હે ગોવિંદ ! તમારી કૃપાથી હજીપણ અમે અમારા શત્રુઓને જીતીશું. તમે સર્વ પ્રકારે અમારૂં પ્રિય અને હિત કરવામાં નિત્ય તત્પર રહો છો અને તમારા આશ્રયથીજ અમે શત્રુઓ સામે શસ્ત્રો ઉગામ્યાં છે.[૩–૧૧] હે ઉપેન્દ્ર ! અસુરોનો વધ કરવામાં દેવોને જેમ ઇંદ્રનો આધાર હોય છે, તેમ અમને આ શત્રુઓનો સંહાર કરવામાં તમારોજ મુખ્ય આધાર છે. હે જનાર્દન ! દેવોએ પણ કરવાને અસંભવિત એવું આ કર્મ અર્જુને જે કર્યું તેમાં તમારાજ બુદ્ધિબળના વીર્યનો પ્રભાવ છે. હે કૃષ્ણ ! બાલ્યાવસ્થાથી આરંભીનેજ તમારાં અમાનુષ દિવ્ય મહાકર્મોનું મેં અનેકધા શ્રવણ કર્યું છે અને તે સમયેજ મેં મારા શત્રુઓને મુએલા માની લીધા છે તથા સઘળી પૃથ્વીને મારે ત્યાં આવેલી મેં જાણી લીધી છે. હે શત્રુસૂદન શ્રી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણ ! ઇન્દ્ર પણ તમારી કૃપાથી પ્રાપ્ત થયેલા પરાક્રમવડે હજારો દૈત્યોનો સંહાર કરી દેવરાજપણાને પામ્યો છે.[૧૨-૧૫] હે હૃષીકેશ ! તમારા પ્રસાદથી સ્થાવરજંગમ આ સર્વ જગત પોતાના માર્ગમાં રહી જપ, હોમ આદિ કર્તવ્ય કાર્યો કર્યા કરે છે.[૧૬] હે મહાબાહુ પુરુષોત્તમ ! પૂર્વે આ સર્વ દૃશ્યમાન પ્રપંચ કેવળ એક સમુદ્રમય અને અંધકારમયજ હતો; પણ પછીથી આપની કૃપાથી જગતસ્વરૂપે સર્વની દૃષ્ટિએ પડયો છે.[૧૭] જે પુરુષો તમને-હૃષીકેશને સર્વ લોકોના સ્રષ્ટાતરીકે તથા અવિનાશી પરમાત્માતરીકે જુએ છે-જાણે છે, તેઓ કદી મોહ પામતા નથી. વળી જેઓ આપને પરમ સનાતન, પુરાણ પુરુષ અને દેવોના પણ ગુરુ માનીને શરણે આવે છે, તેઓ કદી મોહ પામતા નથી.[૧૯] હે હૃષીકેશ ! જે ભક્તપુરુષો, આદિ તથા અંતરહિત, લોકના ઉત્પન્નકર્તા એવા આપને અવિનાશી દેવતરીકે ભજે છે, તેઓ સર્વ કષ્ટોને તરી જાય છે.[૨૦] વળી હિરણ્યગર્ભ આદિ પરમ દેવોનાથી પણ પર તથા બુદ્ધિને અગોચર એવા સર્વોત્કૃષ્ટ પુરાણપુરુષ-આપને શરણે આવનાર પુરુષને મહાન ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે-અર્થાત્ "ऐषास्य परमासंपत्-તત્ત્વજ્ઞાની પુરુષની એજ પરમ સંપત્તિ છે" એ શ્રુતિપ્રસિદ્ધ સ્વસંવેદ્ય પરમાનંદ તેને પ્રત્યક્ષ થાય છે.[૨૧] જેનું ચારે વેદો ગાન કર્યા કરે છે અને વેદોમાં જે નિત્ય ગવાય છે, તે મહાત્માને શરણે જઇને હું સર્વોત્તમ સમૃદ્ધિનો ઉપભોગ કરૂં છું.[૨૨] હે પરમેશ ! આપ પરેશ છો-અર્થાત્ સકળ ભોગ્ય સ્વરૂપ છો, છતાં અવિનાશી સ્વભાવના છો અને માયાના મિશ્રભાવને પામ્યા છો તોપણ વિકારરહિત છો. તમે સર્વ તિર્યંચોના નિયંતા છો અને સર્વ નરોના ઇશ્વર છો. હે સર્વ ઇશ્વરોના પણ ઇશ્વર ! હે સર્વ નિયંતાઓના પણ નિયંતા ! હે પુરુષોત્તમ ! આપને મારા નમસ્કાર હો.[૨૩] હે રુદ્ર આદિ ઇશ્વરોના પણ આરાધ્ય ! તમે ધર્મના પ્રભુ છો. હે પ્રભુ ! હે માધવ ! તમે નિત્ય વૃદ્ધિ પામો. હે સર્વના ઉત્પત્તિ અને વિનાશના ક્ષેત્ર ! હે વિશાળનેત્ર ! તમે સર્વના આત્મા છો.[૨૪] જે ભગવાન અર્જુનના મિત્ર છે, જે હમેશાં અર્જુનનું હિત કરનારા છે તથા જે નિત્ય અર્જુનના રક્ષક છે, તે શ્રીકૃષ્ણ પ્રભુને શરણે જનાર પુરુષને સુખ પ્રાપ્ત થાય છે. હે નિર્દોષ કૃષ્ણ ! તમારાં ચરિત્રોને જાણનારા પુરાણઋષિ માર્કંડેયમુનિએ તમારા માહાત્મ્યનું તથા પ્રભાવનું કીર્તન કર્યું છે.[૨૬] અસિત, દેવલ, મહાતપસ્વી નારદ તથા મારા પિતામહ વ્યાસભગવાને આપને સર્વોત્તમ વિધાતાતરીકે વર્ણવ્યા છે. તમે તેજસ્વરૂપ છો, પરબ્રહ્મ છો, સત્યસ્વરૂપ છો, મહાન તપસ્વરૂપ છો, કલ્યાણસ્વરૂપ છો તથા જગતનું મુખ્ય કારણ છો. આ સ્થાવરજંગમ સર્વ જગતને આપેજ સરજ્યું છે અને પ્રલયકાળ પ્રાપ્ત થતાં પુનઃ આપનામાંજ તે પ્રવેશ કરી જાય છે. હે જગતના પતિ ! વેદોનું જ્ઞાન ધરાવનારા મનુષ્યો, આપને આદિઅંતરહિત, સર્વના વિધાતા, ઇંદ્રિયોથી અતીત તથા વિશ્વના નિયંતા દેવતરીકે કહે છે. સર્વ ભૂતોના આત્મા, મહાત્મા, અનંત, સર્વમુખ, ગુહ્ય, આદ્ય, જગતના પતિ, સર્વના ઇશ્વર તથા પરમાત્મા નારાયણસ્વરૂપ આપને-પરમ દેવને દેવો પણ જાણી શકતા નથી. જ્ઞાનના કારણભૂત હરિ, સર્વવ્યાપક, મુમુક્ષુપુરુષોના પરમ પ્રાપ્ય સ્થાનરૂપ તથા પુરાણના પણ પુરાણરૂપ જે સ્વરૂપ તે પરબ્રહ્મ આપ પોતેજ છો. આ પ્રમાણેના ગુણો તથા તમારાં કર્મો કે જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળમાં અવિચ્છિન્ન રહે છે, તેની સ્વર્ગમાં અથવા આ પૃથ્વીમાં સંખ્યાજ નથી. સર્વગુણસંપન્ન એવા આપને અમે અમારા સુહૃદ્તરીકે સ્વીકાર્યા છે તે આપ, ઇંદ્ર જેમ દેવોનું રક્ષણ કરે છે, તેમ અમારૂં પણ સર્વ તરફથી રક્ષણ કરજો."

એ રીતે ધર્મરાજાએ જ્યારે કહ્યું, ત્યારે મહાયશસ્વી શ્રીજનાર્દન સમયોચિતઆ પ્રમાણે બોલ્યાઃ-[૩૬] "હે ધર્મપુત્ર ! તમારાં તપોબળથી, સર્વોત્કૃષ્ટ પરમધર્મથી, સૌજન્યથી તથા સરળતાથી પાપી જયદ્રથરાજા મરણ પામ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે.[૩૬] હે પુરુષવ્યાઘ્ર ! તમારી કલ્યાણચિંતનાથી રક્ષાયેલા આ અર્જુને હજારો યોદ્ધાઓનો સંહાર કરીને જયદ્રથને મારી નાખ્યો છે. કુશળતામાં, બાહુબળમાં, ધૈર્યમાં, શીઘ્રતામાં તથા અમોઘ બુદ્ધિપણામાં અર્જુનસરખો પુરુષ કોઇ સ્થળે નથી;[૩૮] તેજ કારણથી હે ભરતશ્રેષ્ઠ! તમારા ભાઈ અર્જુને આજના રણમાં સૈન્યોનો ક્ષય કરી નાખીને સિંધુરાજાના મસ્તકને ઉડાવી દીધું છે." [૩૯]

શ્રીકૃષ્ણનાં એ વાક્ય સાંભળ્યા પછી સમર્થ રાજા ધર્મપુત્રે અર્જુનને આલિંગન કર્યું તથા તેનું મુખ લૂછી નાખી આશ્વાસન કરતાં બોલ્યાઃ- "હે અર્જુન! તેં અતિમહાન કર્મ કર્યું છે, કે જે ઇંદ્રસહિત દેવોને પણ અસહ્ય અને કરવામાં અશક્ય હતું.[૪૧] હે શત્રુહંતા અર્જુન! તું યુદ્ધના ભારથી મુક્ત થયો છે, તે બહુ સારૂં થયું; અને શત્રુઓનો સંહાર થઈ તથા જયદ્રથનો વધ થઇ તારી પ્રતિજ્ઞા સત્ય થઇ તે પણ ઘણું ઠીક થયું." [૪૨]

એ પ્રમાણે અર્જુનને કહીને મહાયશસ્વી ધર્મરાજા, પવિત્ર સુગંધવાળા પોતાના હાથવડે અર્જુનની પીઠને પંપાળવા લાગ્યા. [૪૩] યુધિષ્ઠિરરાજાનાં એ રીતનાં વચન સાંભળ્યા પછી બન્ને મહાત્મા શ્રીકેશવ અને અર્જુન પૃથ્વીપતિ રાજા ધર્મપુત્રને કહેવા લાગ્યા કેઃ- "હે ભરતવંશી રાજા ! પાપી જયદ્રથરાજા તમારા કોપરૂપ અગ્નિથીજ બળી ગયો છે; અને આ રણમાં કૌરવોના અતિમહાન સૈન્યને પણ જે અમે ઉલ્લંઘી ગયા તેમાં પણ આપની કૃપાજ મુખ્ય કારણભૂત છે. [૪૫] હે શત્રુસૂદન મહારાજા ! તમારા ક્રોધને લીધેજ આ કૌરવો માર્યા ગયા છે, મરણ પામે છે અને હજી પણ મરણ પામશે.[૪૬] માત્ર દૃષ્ટિથીજ સંહાર કરી નાખનારા તમારાસરખા વીરને કોપાવીને દુર્મતિ દુર્યોધન, આ યુદ્ધમાં પોતાના મિત્રો અને બાંધવોસહિત પ્રાણોનો ત્યાગ કરશે.[૪૭] અરે ! જે પ્રથમ દેવોને પણ અતિ દુર્જય હતા; તેજ કુરુપિતામહ ભીષ્મ તમારા ક્રોધથી દગ્ધ થઇને બાણશય્યાપર સૂતા છે.[૪૮] હે પાંડવ ! જેઓનાપર તમે કોપ્યા છો; તેઓને સંગ્રામમાં વિજય મળવો દુર્લભ છે. ભલે પછી તેઓ શત્રુઓનો સંહાર કરી નાખે તેવા બળવાન હોય, તોપણ તેઓ અવશ્ય મૃત્યુને વશ થશે. હે માન આપનારા રાજા ! જેઓનાપર તમે ક્રોધ કર્યો છે, તેઓનાં રાજ્ય, પ્રાણ, લક્ષ્મી, પુત્રો અને વિવિધ પ્રકારનાં સુખોનો તત્કાળ વિનાશ થાય છે.[૫૦] હે શત્રુતાપન ! રાજધર્મપરાયણ એવા તમે જ્યારે કૌરવોપર ક્રોધે ભરાયા હતા, ત્યારેજ મેં પુત્રો, બાંધવો અને પશુઓસહિત કૌરવોને નાશ પામેલા માની લીધા છે."[૫૧]

અર્જુન એ રીતે ધર્મરાજાને કહી રહ્યો હતો, તેવામાં બાણોના પ્રહારોથી ઘવાયેલા શરીરવાળા મહાબાહુ ભીમસેન તથા મહારથી સાત્યકિ, પોતાના ગુરુ જેવા વડીલ યુધિષ્ઠિરને વંદન કરી પાંચાલોથી વિંટાઇને પૃથ્વીપર બેઠા. પોતાની આગળ હાથ જોડીને બેઠેલા તથા આનંદપૂર્ણ દેખાતા વીર ભીમસેન અને સાત્યકિને જોઇને કુંતાપુત્ર યુધિષ્ઠિર તેઓ બન્નેને અભિનંદન આપવા લાગ્યાઃ-" તમે બન્ને શૂરાઓને કૌરવોના સૈન્યરૂપ સાગરમાંથી મુક્ત થયેલા હું જોઉં છું, તે બહુ રૂડું થયું છે; કારણ કે તે સૈન્યસાગર દ્રોણાચાર્યરૂપ ઝૂડથી દુરાધર્ષ હતો અને કૃતવર્મારૂપ મગરમચ્છથી મહાભયંકર હતો. તમે આ યુદ્ધમાં પૃથ્વીના સર્વ રાજાઓનો પરાજય કર્યો, તે બહુ સારૂં કર્યું.[૫૫] તમને આ રણમાં વિજયી થયેલા જોઇને મને ઘણો આનંદ થાય છે અને દ્રાણાચાર્યને તથા મહાબળવાન કૃતવર્માને તમે જીત્યા તે પણ ઘણા હર્ષની વાત છે.[૫૬] હે પુરુષશ્રેષ્ઠ ! તમે બન્નેએ રણમાં બાણોવડે કર્ણનો પરાજય કર્યો તથા શલ્યને પણ પાછો હઠાવ્યો, તે બહુ સારૂં થયું.[૫૭] વળી રથીઓમાં શ્રેષ્ઠ તથા યુદ્ધ કરવામાં ઘણા કુશળ એવા તમો બન્નેને સંગ્રામમાંથી કુશળક્ષેમ પાછા આવેલા જોઇ મને ઘણો આનંદ થાય છે.[૫૮] મારી આજ્ઞા પ્રમાણે વર્તનારા તથા મારૂં ગૌરવ વધારવામાં તત્પર થયેલા તમો બન્ને વીરોને કૌરવસૈન્યસાગરને તરી આવેલા જોઇ હું ઘણો પ્રસન્ન થાઉં છું.[૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધમાં વખણાયેલા તથા કદી પરાજય નહિ પામનારા તમો બન્ને વીરોને જોઇને મને પરમ હર્ષ થાય છે." [૬૦]

હે રાજન્! એ પ્રમાણે કહીને પાંડુપુત્ર ધર્મરાજા, પુરુષવ્યાઘ્ર ભીમસેન અને સાત્યકિને ભેટી પડયા અને હર્ષનાં અશ્રુઓ વરસાવવા લાગ્યા.[૩૧] હે રાજા! તે સમયે પાંડવોના સર્વ સૈન્યમાં હર્ષ થઈ રહ્યો હતો અને વળી તે સૈન્યે હર્ષપૂર્વક યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો હતો.[૬૨]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'યુધિષ્ઠિરનો હર્ષ' એ વિષયનો અધ્યાય ૧૪૯ મો સમાપ્ત

અધ્યાય ૧૫૦ મો
દુર્યોધનનો પશ્ચાત્તાપ

॥ संजय उवाच ॥

सैंधवे निहते राजन् पुत्रस्तव सुयोधनः ।
अश्रुपूर्णमुखो दीनो निरुत्साहो द्विषज्जये॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્! સિંધુરાજાનું મરણ થતાં તમારો પુત્ર દુર્યોધન અશ્રુપૂર્ણ મુખવાળો, દીન અને શત્રુઓનો પરાજય કરવામાં તદ્દન નિરૂત્સાહ બની ગયો હતો. [૧] અતિ ઉદાસ મનવાળો તથા ભાંગી પડેલી દાઢવાળા સર્પની પેઠે નિઃશ્વાસ મૂકતો તમારો પુત્ર, સર્વ લોકોનો અપરાધી થઇને પરમ દુઃખમાં આવી પડયો હતો.[૨] અર્જુન, ભીમસેન તથા સાત્યકિએ કરેલા પોતાના સૈન્યના મહાઘોર સંહારને જોઈ તેના શરીરનો વર્ણ ફિકો પડી ગયો હતો, તે શરીરે કૃશ થઈ ગયો હતો અને દીનતાને લીધે તેનાં નેત્રો અશ્રુઓથી ભરાઈ ગયાં હતાં તથા આખરે તેને માનવું પડયું હતું કે, "આ પૃથ્વીપર અર્જુનના સરખો બીજો કોઇ યોદ્ધો નથી. કોપેલા અર્જુનની સામે યુદ્ધમાં ટકવાને દ્રોણાચાર્ય, કર્ણ, અશ્વત્થામા કે કૃપાચાર્ય પણ સમર્થ નથી" આવો તેનો નિશ્ચય થઈ ગયો હતો. [૩–૫] તે મનમાં કહેવા લાગ્યો કેઃ–"આજના યુદ્ધમાં આખરે અર્જુને સિંધુરાજાને મારી નાખ્યો છે. મારો કોઈ યોદ્ધો તેને અટકાવી શક્યો નથી. ખરેખર! કૌરવોનું આ મહાન સૈન્ય સર્વથા માર્યું જ ગયું છે. સાક્ષાત્ ઇંદ્ર પણ એનું રક્ષણ કરી શકે તેમ નથીજ.[૬,૭] અરેરે! જેનો આશ્રય કરીને મેં આ સંગ્રામમાં શત્રુઓસામે શસ્ત્રો ઉંચક્યાં, તે કર્ણનો પણ અર્જુને પરાજય કર્યો અને યુદ્ધમાં જયદ્રથને મારી નાખ્યો. [૮] હાય! અફસોસ! જેના પરાક્રમપર આધાર રાખી સંધિ કરવાની માગણી કરતા શ્રીકૃષ્ણને મેં એક તૃણસરખા ગણી તેમનું અપમાન કર્યું હતું, તે કર્ણનો પણ યુદ્ધમાં અર્જુને પરાજય કર્યો છે."[૯]

હે ભરતશ્રેષ્ઠ રાજા! એ રીતે ઉદાસ મનવાળો તથા સર્વ લોકનો અપરાધી તમારો પુત્ર, દ્રોણાચાર્યને મળવામાટે તેમની પાસે ગયો.[૧૦] ત્યાં જઈને તેણે સર્વ કૌરવોના મહાન સંહારને, શત્રુઓના વિજયને તથા પોતાના પરાજયને કહેવા માંડયો.[૧૧]

દુર્યોધને કહ્યું:–"અરે ઓ આચાર્ય! જુઓ, જુઓ. મારા શૂરા પિતામહ ભીષ્મ આદિ મૂર્ધાભિષિક્ત રાજાઓનો મોટો સંહાર થઇ ગયો છે.[૧૨] તે ભીષ્મને મારી નાખીને મનમાં સંપૂર્ણ રીતે સંતુષ્ટ થયેલો ઘાતકી શિખંડી સર્વ પાંચાલયોદ્ધાઓની સાથે સેનાના મોખરામાં ઉભો રહેલ છે.[૧૩] વળી બીજા તમારા દુરાધર્ષ શિષ્ય અર્જુને, મારી સાત અક્ષૌહિણી સેનાનો સંહાર કરી નાખી રાજા જયદ્રથને મારી નાખ્યો છે.[૧૪] અરેરે! મારો વિજય ઈચ્છનારા મારા ઉપકારી સુહૃદો કે જેઓ યમસદનમાં પહોંચી ગયા છે, તેઓના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઇશ? [૧૫] જે ભૂપતિઓ મારેમાટે પૃથ્વીની ઇચ્છા કરતા હતા, તેઓજ પૃથ્વીના ઐશ્વર્યનો ત્યાગ કરી દઈને પૃથ્વીપર શયન કરી ગયા છે.[૧૬] અહા! મિત્રોના આવા સંહારને લીધે મારા જેવો દુષ્ટ પુરુષ એક હજાર અશ્વમેધયજ્ઞો કરે તોપણ પોતાના આત્માને પવિત્ર કરવા ઉત્સાહ ધરી શકે તેમ નથી.[૧૭] લોભી, પાપી તથા ધર્મવિઘાતક એવા મારામાટે યુદ્ધ કરી વિજયની ઇચ્છાવાળા આ રાજાઓ યમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાસમાં પહોંચી ગયા છે.[૧૮] રે! આચાર-વિચારથી ભ્રષ્ટ થયેલા તથા પૃથ્વીનો અને સુહૃદોનો દ્રોહ કરનારા એવા મને તે સમયે રાજસભામાં પૃથ્વી માર્ગ કેમ ન આપી શકી ? [૧૯] કારણકે હું, રાજાઓના મધ્યમાં લોહીલુહાણ અંગોવાળા થઇને રણમાં મરણ પામેલા, શરશય્યામાં સૂતેલા પિતામહ ભીષ્મનું રક્ષણ કરી શક્યો નથી.[૨૦] ખરેખર ! હું મિત્રોનો દ્રોહ કરનારો અધાર્મિક અનાર્ય પુરુષ છું. દિવ્ય પરલોકને જીતનારા દુરાધર્ષ તે ભીષ્મપિતામહ, પરલોકમાં મને મળીને શું કહેશે ? [૨૧] ઓ આચાર્ય ! સાત્યકિએ મારી નાખેલા મહાધનુર્ધર જલસંધના તરફ તમે દૃષ્ટિ કરો. એ શૂરો મહારથી, પોતાના પ્રાણોની પરવા નહિ કરીને મારેમાટે યુદ્ધ કરવા સજ્જ થયો હતો.[૨૨] અફસોસ ! કાંબોજરાજાને, અલંબુષને તથા બીજા અનેક સુહૃદોને મુએલા જોઇ હવે મારે જીવીને શું કરવું છે ? [૨૩] યુદ્ધમાં પાછા નહિ હઠીને જે શૂરાઓ મારેમાટે લડતા હતા તથા મારા શત્રુઓને જીતવામાટે યથાશક્તિ પરમ યત્ન કરતા હતા, તેઓ બધા માર્યા ગયા છે.[૨૪] હે શત્રુતાપન આચાર્ય ! હવે યમુનાનદીને તટે જઈ જળવડે તેઓને હું તૃપ્ત કરીશ; અને મારી શક્તિ પ્રમાણે તેઓના ઋણમાંથી મુક્ત થઈશ.[૨૫] હે સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ આચાર્ય ! આ તમારી આગળ સત્ય પ્રતિજ્ઞા કરૂં છું; અને ઇષ્ટાપૂર્ત, મારાં પરાક્રમ તથા પુત્રોના સોગંદ ખાઇને કહું છું કે, તે સર્વ પાંચાલો અને પાંડવોનો રણમાં નાશ કરીનેજ હું જંપીશ; તથા મારેમાટે અર્જુન સાથે યુદ્ધ કરી જે પુરુષશ્રેષ્ઠો મરણ પામ્યા છે, તેઓના લોકમાં પણ જઇશ.[૨૬–૨૮] હે મોટી ભુજાવાળા આચાર્ય ! મારા સહાયક યોદ્ધાઓ પણ હાલના સમયમાં તેઓનો ઉપકાર (સત્કાર) નહિ થતો હોવાથી અમારૂં રક્ષણ કરવા ઇચ્છતા નથી. તેઓ પાંડવોને જેવા કલ્યાણકારક માને છે, તેવા આપણને માનતા નથી.[૨૯] સત્ય પ્રતિજ્ઞાવાળા ભીષ્મપિતામહે, રણમાં પોતાની મેળેજ પોતાનું મૃત્યુ કર્યું છે અને તમે પોતાના પટ્ટશિષ્યતરીકે માનીને અર્જુનની ઉપેક્ષા કરો છો.[૩૦] આ કારણથીજ આપણો વિજય ઇચ્છનારા સર્વ યોદ્ધાઓ માર્યા ગયા છે. હાલના સમયમાં અમારા વિજયને ઇચ્છનારો એક કર્ણજ મને દેખાય છે. જે મંદબુદ્ધિ પુરુષ, પોતાના મિત્રને યથાર્થ રીતે નહિ ઓળખીને મિત્રકાર્યમાં તેને યોજે છે, એ પુરુષનું તે કાર્ય નાશ પામે છે.[૩૨] મોહથી લુબ્ધ થઈને ધનની ઇચ્છા રાખનારા, કુટિલ અને પાપી એવા મારા પોતાના કાર્યને અતિશય સુહૃદ્ ગણાતા (તમારા જેવા) પુરુષોએજ બગાડયું છે.[૩૩] જયદ્રથરાજા માર્યો ગયો, વીર્યવાન ભૂરિશ્રવાની પણ એજ દશા થઇ; અને તે ઉપરાંત અભીષાહો, શૂરસેનો, શિબિઓ અને વસાતિયોદ્ધાઓ પણ મરણધર્મને પામી ગયા ![૩૪] અર્જુનસાથે યુદ્ધ કરી તેઓ બધાઓ કેવળ મારેમાટેજ સંગ્રામમાં હણાયા છે; માટે હું પણ તે પુરુષશ્રેષ્ઠો જ્યાં ગયા છે ત્યાં હવે ચાલ્યો જઇશ.[૩૫] તે મહાન પુરુષોસિવાય હવે મારે જીવવાનું કંઇ પ્રયોજન નથી; જેથી હે પાંડવોના આચાર્ય ! આપ મને આજ્ઞા આપો. "[૩૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'દુર્યોધનનો અનુતાપ' એ વિષયનો
અધ્યાય ૧૫૦ મો સમાપ્ત

અધ્યાય ૧૫૧ મો

દ્રોણાચાર્યનાં વચનો

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

सिंधुराजे हते तात समरे सव्यसाचिना ।
तथैव भूरिश्रवसि किमासीद् वो मनस्तदा ॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:–હે તાત સંજય ! એ રણમાં અર્જુને જ્યારે સિંધુરાજાને મારી નાખ્યો ત્યારે; તથા ભૂરિશ્રવાનું જ્યારે મરણ થયું ત્યારે તારા મનમાં શું શું થયું હતું ?[૧] તેમજ કુરુસભામાં દુર્યોધને દ્રોણાચાર્યને એ રીતે કહ્યું, ત્યારે તેમણે દુર્યોધનને શું કહ્યું હતું? તે મને કહે.

સંજયે કહ્યું:–હે ભરતવંશી ધૃતરાષ્ટ્રરાજા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધુરાજાને તથા ભૂરિશ્રવાને મરણ પામેલા જાણી તમારાં સૈન્યોમાં મહાન ગભરાટનો કોલાહલ થઈ રહ્યો હતો.[૩] તે સર્વ સૈનિકો તમારા પુત્રના વિચારોની અવગણના કરવા લાગ્યા; કારણ કે તેના ભ્રષ્ટ વિચારના પરિણામેજ મોટા મોટા સેંકડો ક્ષત્રિયોનો સંહાર વળી ગયો હતો. વળી તમારા પુત્રનાં તે વચનો સાંભળીને દ્રોણાચાર્યનું મન ઘણુંજ દુભાયું હતું અને તેઓ ઘણીજ વ્યથા પામ્યા હતા; છતાં એક મુહૂર્તજેટલા કાળસુધી વિચાર કરીને દ્રોણાચાર્ય બોલ્યા:-[૫] "અરે ઓ દુર્યોધન! આ રીતનાં વાગ્બાણોથી વળી તું મને શામાટે વિંધી નાખે છે? હું તને નિરંતર કહ્યા કરૂં છું કે, અર્જુન કદી જીતાય તેમ નથી.[૬] અરે ઓ કુરુરાજ! જેના રક્ષણતળે રહીને શિખંડીએ ભીષ્મપિતામહનો વધ કર્યો, તે ઉપરથીજ તું કિરીટિ અર્જુનને જાણી લે તોપણ પૂરતું છે.[૭] અરે! દેવો અને દાનવો પણ જેમનો રણમાં વધ કરવા સમર્થ ન હતા, તેજ ભીષ્મને રણમાં મરણ પામેલા જોઈ હું તેજ સમયે જાણી ગયો હતો કે, આ સઘળી ભારતીસેના હવે નથીજ.અરે! ત્રણેય લોકમાં જેમને આપણે પુરુષોમાં સર્વ કરતાં શ્રેષ્ઠ ને શૂરવીર માનતા હતા તેઓ જ્યારે રણમાં માર્યા ગયા ત્યારે બાકીનાઓની તો શી આશા રાખવી? હે તાત! તે સમયે કુરુસભામાં શકુનિ જે પાસા નાખી રહ્યો હતો તે ખરૂં જોતાં પાસા ન હતા, પણ શત્રુઓને તપાવનારાં તીક્ષ્ણ બાણો હતાં.[૧૦] તેજ અર્જુને પ્રેરેલાં બાણો આ સમયે આપણો નાશ કરી રહ્યાં છે. હે તાત! વિદુરે તે સમયેજ તને કહ્યું હતું પણ તું સમજ્યોજ નહિ.[૧૧] જે સમયે જુગારમાં તું જીત્યો, તે સમયે મહાત્મા ધીર વિદુરે, તારા કલ્યાણને માટે તને ઘણાં ઘણાં વચનો કહ્યાં હતાં; પણ તેં તે સાંભળ્યાંજ નહિ. હે દુર્યોધન! કેવળ તારા હિતમાટેજ કહેવાયેલાં તે વિદુરનાં વાક્યોનું અપમાન કરવાથી આપણો આ ઘોર સંહાર થઇ રહ્યો છે.[૧૩] જે મૂઢ પુરુષ પોતાનું હિત કરનારા સુહૃદોનાં હિતવચનોનો અનાદર કરીને પોતાનુંજ ધાર્યું કરે છે, તે પુરુષ કટ્ટ સમયમાં શોચનીય દશામાં આવી પડે છે.[૧૪] વળી બીજું, અમારા બધાના દેખતાં ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી, સર્વ ધર્મોનું આચરણ કરનારી તથા સભામાં લાવવાને માટે તદ્દન અયોગ્ય એવી દ્રૌપદીને તેં સભામાં ઘસડી મંગાવી હતી.[૧૫] હે ગાંધારીના પુત્ર! તે અધર્મનું આ મહાન ફળ પ્રાપ્ત થયું છે. જો તને આટલું ફળ આ લોકમાંજ ન મળ્યું હોત તો આનાથી પણ અધિક ફળ તને પરલોકમાં મળત;[૧૬] તેમજ કેવળ કપટ કરીને પાંડવોને જુગારમાં જીતીને તેં તેઓને રુરુમૃગના ચામડાનાં વસ્ત્રો પહેરાવીને તે સમયે જંગલમાં હાંકી કાઢયા હતા, તેનું આ ભયંકર પરિણામ ઉપસ્થિત થયું છે.[૧૭] અરે! મને પુત્રોસમાન પ્રિય તથા નિત્ય ધર્મનું આચરણ કરનારા તે પાંડવોનો આ લોકમાં મારાસિવાય બીજો કયો દુષ્ટ બ્રાહ્મણ દ્રોહ કરે?[૧૮] તેં કુરુસભામાં ધૃતરાષ્ટ્રરાજાની સંમતિ પ્રમાણે શકુનિને સાથે રાખી પાંડવોના આ કોપને તારાપર આકર્ષી લીધો છે;[૧૯] અને પાછો દુઃશાસનથી વ્યાપ્ત થઇ કર્ણે તે કોપને વધાર્યો છે. વળી તેં વિદુરનાં વાક્યોનો અનાદર કરીને કોપાનલને વારંવાર પ્રજ્વલિત કર્યો છે.[૨૦] અરે! પણ તને હું પૂછું છું કે, તમે બધા એકત્ર થઇને અર્જુનને ઘેરી વળ્યા હતા અને સિંધુરાજાનો આશ્રય કરીને ઉભા હતા; છતાં અર્જુને તમારો પરાજય કેવી રીતે કર્યો? અને તમારા મધ્યમાં રહેલા તે જયદ્રથને કેવી રીતે મારી નાખ્યો?[૨૧] રે! તું, કર્ણ, કૃપાચાર્ય, શલ્ય અને અશ્વત્થામા જીવતા હતા, છતાં સિંધુરાજા કેમ માર્યો ગયો?[૨૨] સર્વ રાજાઓ સિંધુરાજાનું રક્ષણ કરવામાટે તીક્ષ્ણ તેજનો આશ્રય કરી લડતા હતા; છતાં તમારી વચમાંથી અર્જુન તેને કેવી રીતે મારી ગયો?[૨૩] હે દુર્યોધન! તે જયદ્રથરાજા, ખાસ કરીને મારાપર તથા તારાપરજ અર્જુનથી પોતાના રક્ષણની આશા રાખતો હતો; છતાંપણ તેને અર્જુનથી પોતાનો બચાવ મળ્યો નહિ, એટલે હવે મને આપણા જીવિતની સલામતીમાટે કોઇ પણ સ્થાન દેખાતું નથી.[૨૫] વળી શિખંડીસહિત સર્વ પાંચાલયોદ્ધાઓ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને માર્યાવિનાજ મારા આત્માને ધૃષ્ટદ્યુમ્નના પાપમાં જાણે ડૂબી જતો હોય તેવો હું દેખું છું;[૨૬] માટે હે ભારત! સિંધુરાજાનું રક્ષણ કરવામાટે અશક્ત થયેલા અને તપી રહેલા એવા તું મને વાણીરૂપ બાણોથી શામાટે પીડે છે? આ યુદ્ધમાં સત્ય પ્રતિજ્ઞાવાળા તથા અક્લિષ્ટકર્મા ભીષ્મપિતામહના સુવર્ણભૂષિત ધ્વજને નહિ દેખવાછતાં તું હવે વિજયની આશા કેમ રાખે છે?[૨૮] મોટા મોટા મહારથોના મધ્યમાં જ્યાં સિંધુરાજા અને ભૂરિશ્રવા માર્યા ગયા, ત્યાં બાકી રહે એવું તું શું જુએ છે?[૨૯] હે રાજા! દુરાધર્ષ કૃપાચાર્ય હજી જીવતા છે અને તે હજી સિંધુરાજાને માર્ગે ગયા નથી; તેથી હું તેમની પ્રશંસા કરૂં છું.[૩૦] હે કુરુરાજ! તારા નાના ભાઇ દુઃશાસનની સમક્ષ દુષ્કર કર્મ કરનારા ભીષ્મ કે જેઓ સંગ્રામમાં ઇંદ્રસહિત દેવોને પણ લગભગ અવધ્ય હતા, તેઓને જ્યારે મેં મરણ પામેલા જોયા ત્યારેજ મેં માની લીધું હતું કે, હવે આ પૃથ્વી તારી નથી. હે ભારત! જો, આ તરફ દૃષ્ટિ કર. પાંડવોનાં તથા સૃંજયોનાં બધાં સૈન્યો એકત્ર થઇને મારીસામે ધસી આવે છે; પણ હે ધૃતરાષ્ટ્રના પુત્ર! આજના રણમાં હું તારૂં યોગ્ય હિત કરીશ અને સર્વ પાંચાલોનો નાશ કર્યાવિના હું મારૂં કવચ ઉતારીશ નહિ.[૩૪] હે રાજન્! આજના સંગ્રામમાં મારા પુત્ર અશ્વત્થામાને તું કહેજે કે, "તારા પોતાના જીવિતનું રક્ષણ કરીને તારે સોમકયોદ્ધાઓને છોડવા નહિ. તને તારા પિતાએ જે શિક્ષાવચનો કહ્યાં છે તે તું બરાબર પાળજે. ક્રૂર થઇશ નહિ, ઇંદ્રિયનિગ્રહ કરજે અને સરળતામાં તથા સત્યમાં સ્થિર રહેજે. વળી ધર્મ તથા અર્થને બાધ ન આવે, તેમ ધર્મ, અર્થ અને કામનું સેવન કરવામાં કુશળ થજે તથા મુખ્ય ધર્મકાર્યોજ વારંવાર તું કર્યા કરજે. ચક્ષુ અને મનથી બ્રાહ્મણોને સંતોષ આપજે અને શક્તિ પ્રમાણે તેઓનું પૂજન કરજે, પણ તેઓનું કદી અપ્રિય કરીશ નહિ; કારણકે તેઓ અગ્નિની બળબળતી શિખાસમાન છે."[૩૮] હે રાજન્! તારાં વાગ્બાણોથી હું ઘણોજ પીડાયો છું; જેથી મહાન રણસંગ્રામ કરવામાટે આ સૈન્યોમાં હું આ પગલે પ્રવેશ કરૂં છું. હે દુર્યોધન! તારામાં જો શક્તિ હોય તો તું આપણા સૈન્યનું આજે પાલન કરજે; કારણકે કોપાવેશમાં આવી ગયેલા કૌરવો અને સૃંજયો આજે રાત્રિમાં પણ યુદ્ધ કરશે."[૪૦] આમ કહીને દ્રોણાચાર્ય, નક્ષત્રોના તેજને હરણ કરતા સૂર્યની પેઠે ક્ષત્રિયોના તેજને હરણ કરતા પાંડવ અને સૃંજયયોદ્ધાઓ સામે ધસી ગયા.

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં 'દ્રોણનું વાક્ય' એ વિષયનો અધ્યાય ૧૫૧ મો સમાપ્ત

અધ્યાય ૧૫૨ મો

પુનઃ યુદ્ધારંભ

॥ संजय उवाच ॥

ततो दुर्योधनो राजा द्रोणेनैवं प्रचोदितः ।
अमर्षवशमापन्नो युद्धायैव मनो दधे ॥१॥

સંજયે કહ્યું:–દ્રોણની આ પ્રમાણે આજ્ઞા થતાં રાજા દુર્યોધને ક્રોધવશ થઇને યુદ્ધ કરવાનુંજ મન કર્યું;[૧] અને તે સમયે તમારા પુત્રે કર્ણને આ પ્રમાણે કહ્યું:–"અરે ઓ કર્ણ! જરા જો તો ખરો, કૃષ્ણની સહાયતાવાળા મુકુટધારી અર્જુને, દેવોએ પણ ભેદવાને અશક્ય એવા આચાર્ય દ્રોણે રચેલા વ્યૂહને તોડી નાખીને, તું અને મહાત્મા દ્રોણ યુદ્ધ કરતા હતા છતાં સર્વ યોદ્ધાઓના દેખતાં સિંધુરાજાને મારી નાખ્યો છે! હે રાધાપુત્ર! જો, આ તરફ નજર કર. સિંહ જેમ ઇતર મૃગોનો સંહાર કરી નાખે, તેમ એકલા અર્જુને મારી નાખેલા મોટા મોટા રાજાઓ આ યુદ્ધભૂમિપર પડયા છે. હું અને મહાત્મા દ્રોણ લડી રહ્યા હતા; છતાં ઇંદ્રના પુત્રે મારા સૈન્યને થોડુંકજ બાકી રહેવા દીધું છે. અરે! પણ દ્રોણાચાર્ય બરાબર લક્ષ્ય દઇને જો યુદ્ધ કરેતો અર્જુન યત્ન કરવા છતાંપણ દુર્ભેદ્ય એવા તે વ્યૂહને કેમ તોડી શકે? પણ આચાર્યની બેદારકારીને પરિણામે અર્જુન સિંધુરાજાનો વધ કરીને પોતાની પ્રતિજ્ઞાના પારને પામી ગયો છે. હે રાધાપુત્ર! પૃથ્વીપર પાડી નાખવામાં આવેલા આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક રાજાઓ તરફ તું દૃષ્ટિ કર. મહેન્દ્રસમાન પરાક્રમવાળા તેઓ બધાને અર્જુને યુદ્ધમાં હણી નાખ્યા છે.[૯] હે વીર! આ યુદ્ધમાં જો દ્રોણાચાર્યની ઇચ્છાજ હોય તો પાંડુપુત્ર અર્જુન, પ્રયત્ન કરનારા તે બળવાન આચાર્યના દુર્ભેદ્ય વ્યૂહને કેમ તોડી પાડે?[૯] પણ મહાત્મા દ્રોણાચાર્યને અર્જુન નિત્ય પ્રિય છે; અને તેથીજ તેમણે અર્જુનસામે યુદ્ધ કર્યાવિના વ્યૂહમાં પેસવાનો માર્ગ કરી આપ્યો હતો.[૧૦] અરે! મારૂં દુર્ભાગ્ય તો તું જો. શત્રુતાપન તે દ્રોણે સિંધુરાજાને અભય આપ્યું હતું, છતાં અર્જુનને વ્યૂહમાં દ્વાર કરી આપ્યું;[૧૧] પરંતુ આમાં મારીજ મૂર્ખાઇ છે. જે વેળા સિંધુરાજા પોતાને ઘેર જવા તૈયાર થયો હતો, તે વેળા જો મેં તેને જવાની રજા આપી હોત, તો આટલા બલા મનુષ્યોનો સંહાર થાત નહિ;[૧૨] પણ હે મિત્ર! મેં અનાર્યે દ્રોણપાસેથી અભય મેળવીને જીવિતની ઇચ્છાવાળા જયદ્રથને ઘેર જતાં અટકાવ્યો હતો.[૧૩] હાય અફસોસ! આપણે દુષ્ટાત્માઓ જોઇ રહ્યા હતા, છતાં ચિત્રસેન આદિ મારા ભાઇઓ ભીમસેનસામે જઇને આજના યુદ્ધમાં માર્યા ગયા છે."[૧૪]

આ સર્વ સાંભળી કર્ણે કહ્યું:–"તું દ્રોણાચાર્યની નિંદા ન કર; કારણકે એ બ્રાહ્મણ પોતાની શક્તિ પ્રમાણે યુદ્ધ કર્યા કરે છે, તેમાં તેઓ પોતાના જીવિતની પણ પરવા રાખતા નથી અને પોતાના ઉત્સાહ તથા બળ પ્રમાણે લડ્યા કરે છે;[૧૫] છતાંપણ શ્વેતવાહન અર્જુન, આચાર્યને ઉલ્લંઘી જઇ સૈન્યમાં દાખલ થઈ ગયો, એમાં એમનો જરાયે દોષ નથી. અર્જુન ઘણો કુશળ છે, ચતુર છે, યુવાન છે, અસ્ત્રકુશળ છે, શીઘ્ર પરાક્રમ કરનારો છે, વીર્યવાન છે અને પોતાના બાહુઓરૂપ સંપત્તિથી ગર્વિષ્ઠ છે; જેથી દિવ્ય અસ્ત્રોથી ભરેલા, વાનરના ચિહ્નવાળા અને કૃષ્ણે પકડેલી ઘોડાઓની લગામવાળા રથમાં બેસીને તથા અભેદ્ય કવચ પહેરીને અને અવિનાશી દિવ્ય ગાંડીવ ધનુષ્યને હાથમાં લઇ તીક્ષ્ણ બાણોને ફેંકતો ફેંકતો દ્રોણાચાર્ય પાસેથી તે આગળ વધી આવ્યો, એ અર્જુનને માટે યોગ્યજ છે.[૧૬–૧૯] હે રાજન્! દ્રોણાચાર્ય હવે વૃદ્ધ થયા છે, ઝડપથી જવામાં તેઓ હવે અસમર્થ છે અને બાહુઓને ઝટપટ શ્રમ આપવામાં પણ તેઓ અશક્ત છે;[૨૦] તેથીજ શ્વેત ઘોડાઓવાળો કૃષ્ણસારથિ અર્જુન, તેમને ઉલ્લંઘી આવ્યો છે. આવા કારણથી દ્રોણાચાર્યનો દોષ મને દેખાતો નથી;[૨૧] તેમજ હું માનું છું કે, દ્રોણાચાર્ય અસ્ત્રોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે, તોપણ યુદ્ધમાં પાંડવોને જીતી શકે તેમ નથી; અને તેથીજ શ્વેતવાહન અર્જુન તેમને ઉલ્લંઘી ગયો હતો.[૨૨] વળી આજના યુદ્ધમાં આપણો જે પરાજય થયો છે, તે તો દૈવના આદેશથીજ થયો છે, નહિ કે દ્રોણાચાર્યના અપરાધથી તે થયો છે; અને જો એમ ન હોય તો હે દુર્યોધન! આપણે બધા પરમ શક્તિપૂર્વક યુદ્ધ કરતા હતા, છતાં યુદ્ધમાં સિંધુરાજા કેમ માર્યો જાય? માટે આ બાબતમાં દૈવનેજ સર્વોત્કૃષ્ટ કહેવું પડે; કારણકે રણાંગણમાં અમે બધા તારી સાથે રહીને પરમ યત્ન કરતા હતા છતાં અર્જુને સિંધુરાજાને મારી નાખ્યો. વળી આપણે કપટથી અને પરાક્રમથી નિરંતર પ્રયત્ન કરી રહ્યા છીએ, છતાં દૈવ આપણા પુરુષાર્થનો નાશ કરી નાખે છે અને આપણને તે પાછા પાડે છે. દુર્દૈવથી ગ્રસ્ત થયેલો પુરુષ જેકોઇ સ્થળે જે કંઈ કર્મ કરે છે, તે કર્મનો નાશ તેનું દુર્દૈવ કરે છે. ઉદ્યોગી મનુષ્યે પોતાનું જે કર્તવ્ય કર્મ હોય તેને નિઃશંક થઇને કર્યાજ કરવું. કર્મની સિદ્ધિ અથવા અસિદ્ધિ તો દૈવાધીન છે. હે ભારત! આપણે પાંડવોને કપટ કરીને છેતર્યા હતા, વિષપ્રયોગોથી મારી નાખવા ધાર્યા હતા, લાક્ષાગૃહમાં બાળી મૂક્યા હતા, જુગારમાં હરાવ્યા હતા અને રાજનીતિનો આશ્રય કરી જંગલમાં પણ હાંકી કાઢયા હતા; છતાં યત્નપૂર્વક કરવામાં આવેલાં આપણાં તે તે કાર્યોનો દૈવે નાશ કર્યો છે,[૨૮,૨૯] માટે હવે તો દૈવની અવગણના કરીને તથા પ્રયત્ન ઉપરજ આધાર રાખીને તું યુદ્ધ કર. તું અથવા શત્રુઓ બન્નેમાંથી જે કોઇ અતિ દૃઢ યત્ન કરશે, તેના તે દૃઢ ઉદ્યમને લીધે દૈવ પણ અનુકૂળ માર્ગે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ આવી જશે.[૩૦] હે કુરૂદ્રહ! તે પાંડવોએ ખાસ બુદ્ધિપૂર્વક કરેલું પુણ્ય મને કોઇ સ્થળે દેખાતું નથી; તેમજ બુદ્ધિનો ત્યાગ કરી કરવામાં આવેલું તારૂંપાપ પણ મને ક્યાંય જોવામાં આવતું નથી. સર્વ મનુષ્યને પુણ્ય અથવા પાપમાં દૈવજ પ્રમાણભૂત છે. અરે! ગાઢ ઉંઘમાં પડેલા પુરુષોનું દૈવ પણ હમેશાં જાગ્રતજ રહે છે–અર્થાત્ બીજાઓએ નહિ કરેલું જે કર્મ તેજ દૈવ એવા નામથી ઓળખાય છે. દૈવ એ કોઇ જૂદો પદાર્થ નથી; પરંતુ પોતે પ્રથમ કરેલું જે કર્મ તેજ દૈવ છે. જેમ ગઇ કાલે કરવામાં આવેલા દોષને આજે કરેલા કોઇ ગુણયુક્ત કાર્યથી દૂર કરી શકાય છે, તેમ દૈવને પણ અતિ યત્ન કરવાથી રોકી શકાય છે.[૩૨] જે વેળા આ યુદ્ધનો આરંભ થયો તે વેળા તમારાં સૈન્યો અને તમારા યોદ્ધાઓ જેટલા અધિક પ્રમાણમાં હતા તેટલા પાંડવોના ન હતા; છતાં અલ્પ પ્રમાણના તે પાંડવોએ સચોટ પ્રહાર કરનારા આપણા ઘણાઓનો ક્ષય કરી નાખ્યો છે; તે ઉપરથી મને તો એજ શંકા રહે છે કે, આપણા દુર્દૈવનુંજ તે કર્મ છે, કે જેણે આપણા પુરુષાર્થનો નાશ કર્યો છે." ૩૩,૩૪

સંજયે કહ્યું:–હે રાજા! એ પ્રમાણે તેઓ–કર્ણ, દુર્યોધન આદિ કૌરવો, માંહોમાંહે અનેક જાતની વાતો કરતા હતા; તેવામાં પાંડવોનાં સૈન્યો રણમાં દેખાયાં.[૩૫] પછી હે રાજન્! તમારા દુષ્ટ વિચારોના પરિણામે તમારા અને શત્રુયોદ્ધાઓવચ્ચે રથો અને હાથીઓની સામસામેની અથડામણવાળું ઘોર યુદ્ધ ચાલુ થયું.[૩૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ જયદ્રથવધ પર્વમાં
'પુનઃ યુદ્ધારંભ' એ વિષયનો
અધ્યાય ૧૫૨ મો સમાપ્ત

જયદ્રથવધ પર્વ સમાપ્ત

घटोत्कचवध पर्व

અધ્યાય ૧૫૩ મો

ચૌદમો દિવસ–યુધિષ્ઠિરથી દુર્યોધનનો પરાજય

॥ संजय उवाच ॥

तदुदीर्णं गजानीकं बलं तव जनाधिप ।
पांडुसेनामतिक्रम्य योधयामास सर्वतः ॥१॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા! તે સમયે પ્રથમ હાથીઓનું સૈન્ય એકદમ ચઢી આવ્યું અને પાંડવસેનાનું ઉલ્લંઘન કરી જઇ ચોતરફથી યુદ્ધ કરવા મંડી પડયું.[૧] પાંચાલો અને કુરુઓ યમરાજાના રાજ્યમાં મોટો વધારો કરવામાટે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા અને પરલોકમાં પ્રયાણ કરવામાટે દીક્ષા લઇ બેઠા.[૨] શૂરાઓ શૂરાઓસામે ભેટીને બાણ, તોમર અને શક્તિઓથી અન્યોન્યને વિંધવા લાગ્યા અને એકબીજાને યમનિવાસમાં મોકલી દેવા લાગ્યા.[૩] પરસ્પરને પ્રહાર કરનારા રથીયોદ્ધાઓનું સામા રથીયોદ્ધાઓ જોડે મહાન યુદ્ધ થઈ રહ્યું, કે જેમાં દારુણ રુધિરસ્રાવ થતો હતો.[૪] હે મહારાજ! મદોત્કટ હાથીઓ પરસ્પર ભેટીને તથા અત્યંત ક્રોધપૂર્વક દંતૂશળો ભરાવીને અન્યોન્યને ચીરી નાખવા લાગ્યા.[૫] એ તુમુલ યુદ્ધમાં મહાન યશની ઇચ્છા રાખનારા ઘોડેસ્વારો ભાલાં, શક્તિઓ અને ફરસીઓના પ્રહારોથી શત્રુપક્ષના ઘોડેસ્વારોને ઘાયલ કરી નાખતા હતા.[૬] હે મહાબાહુ! પરાક્રમ કરવામાટે નિત્ય સજ્જ રહેનારા સેંકડો પગપાળા યોદ્ધાઓ હાથમાં શસ્ત્રો લઇ લઇને અન્યોન્યને પીડવા લાગ્યા.[૭] હે રાજા! ગોત્ર, નામ અને કુળનું શ્રવણ કરવાથીજ અમે કૌરવોની સાથે ભેટેલા પાંચાલોને જાણી શકતા હતા.[૮] એ રણમાં દશેય દિશાઓમાં નિર્ભયની પેઠે ઘૂમતા યોદ્ધાઓ બાણો, શક્તિઓ અને ફરસીઓના પ્રહાર કરી કરીને અન્યોન્યને પર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકમાં વિદાય કરી દેતા હતા.[૯] હે રાજન્! તે યોદ્ધાઓનાં દશેય દિશાઓમાં છૂટેલાં હજારો બાણો, તે સમયે સૂર્યનો અસ્ત થયો હોવાથી બરાબર પ્રકાશતાં ન હતાં.[૧૦] હે મહારાજ! પાંડવપક્ષના યોદ્ધાઓ એ રીતે જ્યારે યુદ્ધ કરી રહ્યા હતા, ત્યારે દુર્યોધન તે સૈન્યમાં દાખલ થયો.[૧૧] સિંધુરાજાનો વધ થવાથી તે ઘણોજ દુઃખયુક્ત થયો હતો અને "હવે તો મરવુંજ" એવો વિચાર કરીનેજ શત્રુઓના સૈન્યમાં તે પેઠો હતો.[૧૨] રથના ઘોષથી સર્વ દિશા ગજાવી મૂકતો તથા પૃથ્વીને કંપાવતો તમારો પુત્ર, પાંડવોની સેનાસામે ચઢી આવ્યો.[૧૩] હે ભારત! તે વેળા દુર્યોધન અને તે પાંડવયોદ્ધાઓની તુમુલ ઝપાઝપી થઈ રહી, કે જેમાં સર્વ સૈન્યોનો મહાન નાશ ચાલુ થયો.[૧૪] જેમ દિવસના મધ્યમાં કિરણોથી પ્રખર તપતા સૂર્યસામે લોકો જોઈ શકતા નથી, તેમ સૈન્યોના મધ્યમાં બાણોરૂપ જ્વાળાઓથી પ્રખર તપતા પોતાના પિત્રાઈભાઈ દુર્યોધનને પાંડવો યુદ્ધમાં જોઇ શકતા ન હતા. મહાત્મા દુર્યોધને, પાંચાલયોદ્ધાઓને એવા તો મારવા માંડયા, કે જેથી તેઓ રણમાંથી પલાયન કરી જવા લાગ્યા; અને શત્રુઓને જીતવામાં ઉત્સાહરહિત થઇ જઈ આમતેમ દોડવા લાગ્યા. તમારો ધનુર્ધર પુત્ર ચળકતા અગ્રભાગવાળાં બાણોવડે પ્રહાર કરીને પાંડવસૈનિકોને તત્કાળ પૃથ્વીપર પછાડવા લાગ્યો. હે રાજા! તમારા પુત્ર રાજા દુર્યોધને એ યુદ્ધમાં જેવું કર્મ કર્યું હતું, તેવું તમારા પક્ષના કોઇ યોદ્ધાએ કર્યું ન હતું. ચારેબાજુથી જેમાં કમળો પ્રફુલ્લિત થયાં હોય તેવી તળાવડીને જેમ કોઇ હાથી ચારેબાજુથી ડહોળી નાખે, તેમ તમારા પુત્રે પાંડવની સેનાને રણમાં ચોતરફથી ડહોળી નાખી હતી. વાયુ અને સૂર્યે ચૂસી લીધેલા જળવાળી તળાવડી જેમ નિસ્તેજ થઇ રહે છે, તેમ તમારા પુત્રના તેજથી પાંડવોની સેના નિસ્તેજ થઇ રહી. હે ભરતવંશી રાજા! એ પ્રમાણે તમારા પુત્રથી સંહાર કરાતી પાંડવસેનાને જોઇને ભીમસેનસહિત પાંચાલયોદ્ધાઓ તેની સામે ધસી ગયા; એટલે તે દુર્યોધને ભીમસેનને દશ બાણોથી, નકુળ-સહદેવને ત્રણ ત્રણ બાણોથી, વિરાટ અને દ્રુપદને છ બાણોથી, શિખંડીને સો બાણોથી, ધૃષ્ટદ્યુમ્નને સિત્તેર બાણોથી, ધર્મરાજાને સાત બાણોથી, કેકયકુમારો અને ચેદીઓને અનેક તીક્ષ્ણ બાણોથી, સાત્યકિને પાંચ બાણોથી, દ્રૌપદીના પુત્રોને ત્રણ ત્રણ બાણોથી તથા ઘટોત્કચને પણ કેટલાંએક બાણોથી રણમાં વિંધી નાખીને સિંહની પેઠે ગર્જના કરી; એટલુંજ નહિ પણ કોપેલો કાળ જેમ પ્રજાઓનો સંહાર કરી નાખે, તેમ તે દુર્યોધને બીજા સેંકડો યોદ્ધાઓને હાથીઓસહિત બાણો મૂકી મૂકીને એ મહારણમાં કાપી નાખ્યા હતા. હે રાજા! એ પ્રમાણે તમારા પુત્રથી બાણોવડે વધ કરાતી તે પાંવડસેના સંગ્રામમાં નાસાનાસ કરવા લાગી. પાંડુપુત્રોના સૈનિકો, એ મહારણમાં સૂર્યની પેઠે તપી રહેલા કુરુરાજ દુર્યોધનને જોવાને પણ સમર્થ થતા ન હતા. તે પછી રાજા યુધિષ્ઠિર ક્રોધ કરી તમારા પુત્રને મારી નાખવાની ઈચ્છાથી એકદમ દોડી ગયા; એટલે તેઓ બન્ને શત્રુદમન કુરુવંશના દુર્યોધન અને યુધિષ્ઠિર, પોતપોતાના સ્વાર્થના કારણથી સામસામા ભેટયા અને પરાક્રમ કરવા લાગ્યા. પછી કોપેલા દુર્યોધને મજબૂત ગાંઠાવાળાં દશ બાણોવડે યુધિષ્ઠિરને વિંધી નાખ્યા. વળી બીજા એક બાણથી તેના ધ્વજને સત્વર કાપી નાખ્યો તથા ત્રણ બાણોવડે ઇંદ્રસેન નામના યુધિષ્ઠિરના પ્રિય સારથિને લલાટમાં પ્રહાર કર્યો; તેમજ એ મહારથીએ બીજા એક બાણથી યુધિષ્ઠિરના ધનુષ્યને કાપી નાખ્યું અને ચાર બાણોથી એના ચારેય ઘોડાઓને પણ વિંધી નાખ્યા. એટલે ક્રોધે ભરાયેલા યુધિષ્ઠિરે આંખના પલકારા જેટલા સમયમાં બીજું એક ધનુષ્ય હાથમાં લીધું અને તે વડે વેગપૂર્વક કુરુરાજાને આગળ વધતો અટકાવ્યો. હે રાજન્! પાંડવોના વડા યુધિષ્ઠિરે, બે ભલ્લજાતનાં બાણોવડે પાંડવસૈન્યનો સંહાર કરતા દુર્યોધનની સોનેરી પીડવાળા ધનુષ્યના ત્રણ ટુકડા કરી નાખ્યા; ઉપરાંત બરાબર તાકીને મારેલાં તીક્ષ્ણ દશ બાણોથી એને વિંધી નાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિરનાં તે બાણો દુર્યોધનનાં મર્મસ્થાનોમાં લાગ્યાં હતાં અને બરાબર તેને ભેદી નાખીને પૃથ્વીમાં પેસી ગયાં હતાં. એ વેળા પાંડવપક્ષના યોદ્ધાઓ, વૃત્રાસુરનો વધ કરવામાટે દેવો જેમ ઇંદ્રની આસપાસ વિંટળાઈ વળ્યા હતા, તેમ રાજા યુધિષ્ઠિરની આસપાસ વિંટળાઇ વળ્યા હતા. પછી હે રાજા! યુધિષ્ઠિરે "હા, હવે તું મુઓ છે" એમ કહીને સૂર્યનાં કિરણોસરખું અતિઉગ્ર અને વાર્યું ન વળે તેવું એક બાણ રાજા દુર્યોધનસામે છોડયું. ધનુષ્યને કાન સુધી ખેંચીને છોડેલા તે બાણા વડે કુરુરાજા ઘણો વિંધાઇ ગયો અને મૂર્ચ્છિત થઈ રથની બેઠકપર બેસી ગયો. હે રાજેન્દ્ર! દુર્યોધનને એ અવસ્થામાં આવી પડેલો જોઈ પાંચાલોની સેનામાં "દુર્યોધનરાજા મુઓ, દુર્યોધનરાજા મુઓ" એ પ્રમાણેનો મહાન હર્ષકોલાહલ ચોતરફ થઇ રહ્યો; અને તે સ્થળે બાણોના ઉગ્ર શબ્દસાથે પ્રાણીઓનો શબ્દ સંભળાવા લાગ્યો. આ સમયે દ્રોણાચાર્ય રણમાં દેખાયા, તેથી દુર્યોધન પણ હર્ષમાં આવી જઇને તથા હાથમાં દૃઢ ધનુષ્ય લઇને "ઉભો રહેજે, ઉભો રહેજે" એમ બોલતો રાજા યુધિષ્ઠિરસામે ધસ્યો. તે જોઇ વિજયની ઇચ્છાવાળા પાંચાલયોદ્ધાઓ ઉતાવળા ઉતાવળા તેની સામે ધસી ગયા;[૧૫–૪૨] એટલે પ્રચંડવાયુના ઝપાટાનીસાથે ચઢી આવેલા મેઘોનો નાશ કરનાર સૂર્યની પેઠે દ્રોણાચાર્ય, કુરુરાજ દુર્યોધનનું રક્ષણ કરવામાટે તેઓને પોતાની સામે ઝડપી લેવા લાગ્યા.[૪૩] પછી હે રાજા! યુદ્ધ કરવાની ઇચ્છાથી સામસામા ભેટેલા તમારા અને શત્રુયોદ્ધાઓનો ભારે મોટી કતલવાળો મહાન સંગ્રામ થઈ રહ્યો.[૪૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં દુર્યોધનનો પરાભવ' એ વિષયનો અધ્યાય ૧૫૩ મો સમાપ્ત

અધ્યાય ૧૫૪ મો

ચૌદમો દિવસ–રાત્રિયુદ્ધની ભયંકરતા

॥ धृतराष्ट्र उवाच ॥

यत्तदा प्राविशत्पांडूनाचार्यः कुपितो बली ।
उक्त्वा दुर्योधनं मंदं मम शास्त्रातिगं सुतम्॥१

ધૃતરાષ્ટ્રે પૂછયું:–તે સમયે કોપેલા બળવાન આચાર્ય, શાસ્ત્રોનું ઉલ્લંઘન કરનારા મંદબુદ્ધિના મારા પુત્ર દુર્યોધનને કેટલાંએક હિતવચનો કહીને પાંડવસૈન્યમાં દાખલ થયા; અને રથમાં બેઠેલા, મહાધનુર્ધર તે શૂરા દ્રોણાચાર્ય, જ્યારે સૈન્યમાં ઘૂમવા લાગ્યા, ત્યારે પાંડવોએ તેમને કેવી રીતે અટકાવ્યા હતા ?[૧,૨] એ મહારણમાં અનેક શત્રુઓનો સંહાર કરનારા તે આચાર્યના રથના જમણી તરફના ચક્રનું તથા ડાબી તરફના ચક્રનું કયા યોદ્ધાઓ રક્ષણ કરતા હતા ?[૩] અને વીરતાથી યુદ્ધ કરનારા એ આચાર્યના પૃષ્ઠભાગમાં કયા વીર પુરુષો રહ્યા હતા તથા તેમની આગળના ભાગમાં કયા રથી શત્રુઓ સામા થયા હતા ?[૪] હું માનું છું કે, તે સમયે જેઓ દ્રોણાચાર્યસામે આવીને યુદ્ધ કરવા સજ્જ થયા હશે, તેઓને શિયાળાની ઋતુ નહિ હોવા છતાં અવિચ્છિન્ન ટાઢ લાગતી હશે; અને તેઓ શિશિરઋતુમાં જેમ ગાયો ધ્રૂજે, તેમ ધ્રૂજતા હશે![૫] મહાધનુર્ધર, યુદ્ધમાં અજિત, રથના માર્ગોમાં નૃત્ય કરતા, સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, સર્વ સૈન્યોને બાળી નાખનારા મહારથી દ્રોણાચાર્ય ઉદય પામેલા ધૂમકેતુની પેઠે પાંચાલોની સેનામાં ક્રોધપૂર્વક પેઠા હતા તે છતાં મૃત્યુ કેમ પામ્યા ?[૬,૭]

સંજયે કહ્યું:–સાયંકાળે સિંધુરાજાનો વધ કરી અર્જુન પ્રથમ રાજા યુધિષ્ઠિરને મળ્યો હતો અને પછીથી તે અર્જુન તથા મહાધનુર્ધર સાત્યકિ દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા ધસી ગયા હતા; તેમજ રાજા યુધિષ્ઠિર અને પાંડવ ભીમસેન પણ જૂદીજૂદી સેનાઓ સાથે સજ્જ થઇને દ્રોણાચાર્યસામેજ ચઢી ગયા હતા.[૯] વળી બુદ્ધિમાન નકુલ, અજિત સહદેવ, સૈન્યસહિત ધૃષ્ટદ્યુમ્ન અને કેકયકુમારોસહિત વિરાટરાજા પણ ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્યસામેજ ધાયા હતા;[૧૦] તેમજ મત્સ્ય યોદ્ધાઓ અને પોતપોતાની સેનાસહિત શાલ્વયોદ્ધાઓ પણ દ્રોણાચાર્યસામે યુદ્ધ કરીરહ્યા હતા. હે રાજન્! પાંચાલયોદ્ધાઓના રક્ષણતળે રહેલા ધૃષ્ટદ્યુમ્નના પિતા રાજાદ્રુપદે પણ દ્રોણાચાર્યસામેજ ધસારો કર્યો હતો અને દ્રૌપદીના મહાધનુર્ધર પુત્રો તથા રાક્ષસ ઘટોત્કચ પણ પોતાનાં સૈન્યોને સાથે રાખી મહાતેજસ્વી દ્રોણાચાર્યતરફજ પાછા ફર્યા હતા. વળી સચોટ પ્રહાર કરનારા છ હજાર પાંચાલો અને પ્રભદ્રકો પણ શિખંડીને આગળ કરી દ્રોણાચાર્યસામાજ ચઢી આવ્યા હતા તથા વ્યાઘ્રસરખા બીજા પાંડવોના મહારથીઓ પણ એકત્ર થઇને બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્ય તરફજ ચઢાઇ કરી ગયા હતા. હે ભરતશ્રેષ્ઠ રાજા! તે શૂરાઓ એ પ્રમાણે જ્યારે યુદ્ધ કરવામાટે જઇ પહોંચ્યા હતા, ત્યારે ભીરુ પુરુષોના ભયમાં વધારો કરનારી ઘોર રાત્રિ થઇ ગઇ હતી. હે રાજન્! તે રાત્રિ યોદ્ધાઓને ઘણી અમાંગલિક, રૌદ્ર અને કાળ તરફ ગમન કરાવનારી હતી. વળી તે હાથી, ઘોડા અને મનુષ્યોના પ્રાણોનો અંત લાવનારી હતી. તે ઘોર રાત્રિમાં સર્વ તરફ શિયાળવીઓ રુદન કરતી હતી અને તે રાત્રિ બળબળતી જ્વાળાઓવાળાં મુખોથી ઘોર ભયને જણાવતી હતી. ખાસ કરીને કૌરવોની સેનામાં અતિ મહાન ભયને સૂચવનારાં મોટાં ઘુવડો દૃષ્ટિએ પડતાં હતાં. હે રાજેન્દ્ર! સર્વ સૈન્યોમાં ભેરીઓના તથા મૃદંગોના મહાન શબ્દથી મિશ્ર થયેલો નિનાદ સંભળાવા લાગ્યો. હાથીઓની ગર્જનાઓથી, ઘોડાઓના હણહણાટથી તથા ઘોડાઓની ખરીઓના ખળખળાટથી સર્વ સ્થળે તુમુલ શબ્દ થવા લાગ્યો. હે મહારાજ! બરાબર સંધ્યાકાળે દ્રોણાચાર્ય અને સર્વ સૃંજયોનું અતિ દારુણ યુદ્ધ થઈ રહ્યું હતું. સઘળું જગત અંધકારથી છવાઇ ગયું હતું; જેથી કંઈ જણાતું ન હતું.[૧૧,૨૨] ચોતરફ સૈન્યે ઉડાડેલી ધૂળની સાથે મનુષ્યો, ઘોડાઓ તથા હાથીઓનું રુધિર મિશ્ર થઇ ગયું હતું.[૨૩] અમે તે સમયે મૂર્છાવશ થઇ ગયા હતા; જેથી તે પૃથ્વીની રજને જોઇ શકતા ન હતા. જેમ પર્વતમાં સળગી ઉઠેલા વાંસોના વનમાં ઘોર ચટ ચટ શબ્દ થાય, તેમ ઉપરાઉપરી પડતાં શસ્ત્રોનો ઘોર ખણખણાટ ત્યાં થઈ રહ્યો હતો. મૃદંગો, આનકો, ઝાલરો તથા ડંકાઓના અવાજોથી અને ઘોડાઓના 'કુ કુ' એવા શબ્દોથી તથા હણહણાટોથી સર્વ આકુળવ્યાકુળ થયેલું દીસતું હતું. રાત્રિનો આરંભ થતાં સર્વ પ્રદેશ અંધકારથી છવાઈ ગયો હતો, જેથી પોતાનો કોણ અને પારકો કોણ તે કંઈ જણાતું ન હતું. સર્વ ઉન્મત્તના સરખું થઈ રહ્યું હતું. હે રાજેન્દ્ર! જોતજોતામાં પૃથ્વીની ઉડેલી રજનો રુધિરે નાશ કરી નાખ્યો અને સુવર્ણભૂષિત કવચોથી તથા આભૂષણોથી અંધકાર ચાલ્યો ગયો. હે ભરતશ્રેષ્ઠ રાજા! મણિઓ અને સુવર્ણથી સુશોભિત થયેલી તે ભારતી સેના, રાત્રિમાં ઉદય પામેલાં નક્ષત્રોથી જેમ આકાશ શોભે તેમ શોભતી હતી. તે સર્વ સેના શિયાળવાંનાં ટોળાંઓથી ગાજી રહી હતી, શક્તિઓ અને ધ્વજાઓથી સમાકુળ હતી, હાથીઓના ચીત્કારોથી ઘોર જણાતી હતી તથા સિંહનાદોની ગર્જનાઓથી ધ્રૂજી રહી હતી. રોમાંચ કરી નાખે તેવો મહાતુમુલ નાદ ત્યાં સંભળાતો હતો. ઇંદ્રના વજ્રસમાન તીક્ષ્ણ એવા તે શબ્દે સર્વ દિશાઓને ગજાવી મૂકી હતી. હે મહારાજ! મધ્યરાત્રે તે ભારતી સેના બાજુબંધોથી, કુંડળોથી, કંઠીઓથી તથા શસ્ત્રોથી પ્રકાશિત દેખાતી હતી. તે સેનામાં સુવર્ણથી શણગારેલા હાથીઓ અને રથો, રાત્રિમાં વિજળીઓના ઝબકારાવાળા મેઘોસરખા દેખાતા હતા. ઋષ્ટિઓ, શક્તિઓ, ગદાઓ, બાણો, મુસલો, ભાલાંઓ તથા પટ્ટિશો ત્યાં ઉછળતાં હતાં; તેથી ભડભડાટ બળતા અગ્નિઓસમાન દેખાવ થઇ રહ્યો હતો. દુર્યોધનરૂપ પૂર્વદિશાના પવનવાળી, રથો અને હાથીઓરૂપ મેઘમંડળવાળી, વાદિત્રોના ઘોષથી ગાજી રહેલી, ધનુષ્યરૂપ વિજળીઓના ઝબકારાવાળી, દ્રોણાચાર્ય અને પાંડવોરૂપ મેઘવાળી, તરવાર, શક્તિ અને ગદાઓરૂપ વજ્રવાળી, બાણોની ધારાઓ અને અસ્ત્રોરૂપ પવનના ઝપાટાવાળી, અતિશય ટાઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગરમીથી સંકુલ થયેલી, ઘોર, વિસ્મય ઉપજાવનારી, ઉગ્ર, જીવિતનો નાશ કરનારી તથા હોડી આદિ તરવાનાં સાધનવિનાની તે અતિ ભયંકર સેનામાં યુદ્ધ કરવાની ઇચ્છાવાળા પુરુષો દાખલ થયા હતા. મહાન શબ્દથી ગાજી રહેલો તે ઘોર રાત્રિનો આરંભ, ભીરુ પુરુષોને ત્રાસ ઉપજાવતો હતો અને શૂરાઓના હર્ષમાં વધારો કરતો હતો. વળી આજ સમયે અતિ દારુણ તથા મહાઘોર એવું રાત્રિયુદ્ધ ચાલી રહ્યું હતું. વળી તેજ સમયે ક્રોધાયમાન થયેલા પાંડવયોદ્ધાઓ તથા સૃંજયયોદ્ધાઓ એકત્ર થઇને દ્રોણાચાર્યસામે ધસી ગયા હતા; પણ દ્રોણાચાર્યે જે જે મહારથીઓ પોતાની સામા ચઢી આવતા હતા તેઓ સર્વને પાછા હઠાવ્યા હતા અને તેઓમાંથી કેટલાએકને તો યમલોકમાં પણ મોકલી દીધા હતા. એ રાત્રિના આરંભમાં દ્રોણાચાર્ય એકલાએજ નારાચ બાણો મૂકી મૂકીને હજાર હાથીઓને, દશહજાર રથોને, દશ લાખ ઘોડાઓને અને એક *અબજ પાયદળોને કાપી નાખ્યા હતા.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધની ભયંકરતા' એ વિષયનો અધ્યાય ૧૫૪ મો સમાપ્ત

અધ્યાય ૧૫૫ મો

ભીમસેનનું પરાક્રમ

॥ धृतराष्ट्र उवाच ॥

तस्मिन् प्रविष्टे दुर्धर्षे सृंजयानमितौजसि ।
अमृष्यमाणे संरब्धे का वोऽभूद्वै मतिस्तदा ॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–દુરાધર્ષ અને અમાપ તેજવાળા તે દ્રોણાચાર્ય, સૃંજયોને ન ગણકારતાં ક્રોધપૂર્વક સૈન્યમાં દાખલ થયા, ત્યારે તમારો બધાનો શો નિશ્ચય થયો હતો ?[૧] મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા મારા પુત્ર દુર્યોધનને તે સમયે કેટલાંએક હિતવચનો કહીને દ્રોણાચાર્ય જ્યારે સૈન્યમાં પેઠા, ત્યારે અમેયાત્મા અર્જુને શું કરવું ધાર્યું હતું ?[૨] સિંધુરાજા જયદ્રથ અને વીર ભૂરિશ્રવાનું મરણ થયા પછી મહાતેજસ્વી અજિત દ્રોણાચાર્ય, જ્યારે પાંચાલોસામે ચઢી ગયા અને દુરાધર્ષ શત્રુતાપન તે આચાર્ય પાંડવસેનામાં જ્યારે પેઠા, ત્યારે દુર્યોધને કયું સમયોચિત કૃત્ય કરવું ધાર્યું હતું?[૩,૪] વળી વર આપનારા તે વીર ઉત્તમ બ્રાહ્મણની સહાય કરવામાટે કયા વીર પુરુષો તેમની પાછળ ગયા હતા ? અને કયા પુરુષો લગભગ તેમના પૃષ્ઠભાગમાં ચાલતા હતા ? તેમજ રણમાં શત્રુઓનો સંહાર કરનારા એ શૂરા આચાર્ય, જ્યારે યુદ્ધ કરતા હતા, ત્યારે શત્રુપક્ષના કયા યોદ્ધાઓ તેમની સામે ચઢી આવ્યા હતા ? હે સમર્થ સંજય ! હું તો માનું છું કે, તેઓ સર્વ પાંડવ યોદ્ધાઓ, દ્રોણનાં બાણોથી વિહ્વળ થઇ ગયા હશે ? અને શિશિરઋતુમાં ધ્રૂજતી ગાયોની પેઠે કૃશ થઇને ધ્રૂજતા હશે ! આવા મહાધનુર્ધર અને શત્રુમર્દન તે દ્રોણાચાર્ય પોતે પુરુષોમાં વ્યાઘ્રસરખા હતા; છતાં પાંચાલોના મધ્યમાં પ્રવેશ કરી કેમ મરણ પામ્યા ?[૫–૭] રાત્રિમાં એકઠા થયેલા તે સર્વ યોદ્ધાઓમાં મોટા મોટા રથીયોદ્ધાઓ સામસામા આવી જઇને જૂદાં જૂદાં સર્વ સૈન્યોને જ્યારે ડહોળી નાખવા લાગ્યા; ત્યારે તમારામાંના કયા પુરુષો સાવધ બુદ્ધિના હતા ?[૮] તું મારા પક્ષના રથીયોદ્ધાઓને વિરથ કરેલા, પરાજય પામેલા અને શત્રુઓ સાથે લડતાં મરણ પામેલાં કહે છે;[૯] પરંતુ પાંડવોએ હેરાન હેરાન કરી નાખેલા, બેભાન થયેલા તથા ઘોર અંધકારમાં ખુંચી ગયેલા તેઓએ તે સમયે શો નિશ્ચય કર્યો હતો ?[૧૦] તેમજ તું પાંડવોને હર્ષ પામેલા, સર્વથી ઉત્કૃષ્ટ અને સંતુષ્ટ કહે છે તથા મારા યોદ્ધાઓને શોકગ્રસ્ત અને પરાજય પામેલા જણાવે છે;[૧૧] પણ હે સંજય ! તે રાત્રિના સમયમાં યુદ્ધમાં પાછા નહિ હઠનારા તે પાંડવોનું કુરુઓમાં પ્રકટયુદ્ધ કેમ થયું હતું ?

સંજયે કહ્યું:–હે રાજન્ ! તે સમયે જ્યારે અતિદારુણ રાત્રિયુદ્ધ થઈ રહ્યું હતું, ત્યારે સર્વ

* આ સંખ્યા વાસ્તવિક લાગતી નથી, કારણકે ગણત્રીપ્રમાણે કૌરવપાંડવોનું કુલ સૈન્ય ૧૮ અક્ષૌહિણીનું એટલે આશરે ૪૦ લાખનું થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવો સોમકયોદ્ધાઓની સાથે દ્રોણાચાર્યસામે ધસ્યા હતા. એ વેળા દ્રોણાચાર્યે કેકયકુમારોને તથા ધૃષ્ટદ્યુમ્નના સર્વ પુત્રોને શીઘ્રગામી બાણોવડે પ્રેતલોકમાં મોકલી દીધા.[૧૩] હે ભરતવંશીરાજા! જે જે મહારથીઓ તેમની સામે ચઢી આવતા હતા, તેઓ સર્વને તેમણે પિતૃલોકમાં મોકલવાજ માંડયા.[૧૫] એ પ્રમાણે વીરોનો સંહાર કરી રહેલા મહારથી દ્રોણાચાર્યસામે પ્રતાપી શિબિરાજા ક્રોધ કરીને ચઢી આવ્યો. પાંડવોના મહારથી તે શિબિરાજાને પોતાની સામે ધસી આવતો જોઈ દ્રોણાચાર્યે કેવળ લોખંડનાં બનાવેલાં તીક્ષ્ણ દશ બાણોનો પ્રહાર કર્યો;[૧૭] એટલે શિબિએ પણ સામેથી ત્રીસ તીક્ષ્ણ બાણોવડે દ્રોણાચાર્યને વિંધી નાખ્યા અને જરા મંદ હસીને એક ભલ્લ બાણવડે તેમના સારથિને રથપરથી ઢોળી પાડયો;[૧૮] ત્યારે દ્રોણાચાર્યે પણ તે શૂરવીરના ઘોડાઓને તથા સારથિને મારી નાખી મસ્તકના ટોપસહિત એના મસ્તકને પણ ધડપરથી ઉડાડી નાખ્યું.[૧૯] પછી દુર્યોધને તત્કાળ એક બીજો સારથ દ્રોણાચાર્યના રથમાટે મોકલ્યો, એટલે તે સારથિએ ઘોડાઓની લગામ પકડી કે તરત દ્રોણાચાર્ય પુનઃ શત્રુઓ સામા ધસ્યા.[૨૦] બીજી તરફથી એ રણમાં કલિંગરાજાનો પુત્ર, અગાઉ પોતાના પિતાનો ભીમસેને વધ કર્યો હોવાથી ક્રોધાયમાન થઇ કલિંગ યોદ્ધાઓનાં સૈન્યસાથે તેની સામે ધસી ગયો.[૨૧] તેણે ભીમસેનને પ્રથમ પાંચ બાણોથી વિંધી નાખી પુનઃ સાત બાણો માર્યાં. વળી બીજાં ત્રણ બાણોથી તેના વિશોક નામના સારથિને પણ તેણે માર માર્યો અને એક બાણથી તેના ધ્વજમાં પ્રહાર કર્યો.[૨૨] તે પ્રહારથી ભીમસેન ક્રોધ્યો અને એકદમ પોતાના રથપરથી ઉતરી પડી તેના રથ સામે દોડી ગયો તથા મુષ્ટિના પ્રહારથી કલિંગોના તે શૂરા રાજાને મારવાલાગ્યો. અતિ બળવાન પાંડુપુત્ર ભીમસેનનો મુષ્ટિપ્રહાર થતાં તે રાજાનાં સર્વ હાડકાંઓ એકદમ શિથિલ થઇ ગયાં;[૨૪] પણ તે તેના ભાઈઓ તથા કર્ણ સહન કરી શક્યા નહિ, તેથી તેઓ બધા સર્પસમાન ઝેરી નારાચબાણોથી ભીમસેનને વિંધવા લાગ્યા.[૨૫] એટલે પછી ભીમસેન કલિંગરાજાના રથનો ત્યાગ કરી તેના ભાઇ ધ્રુવના રથ તરફ ગયો અને પોતાની સામે અવિચ્છિન્ન બાણો છોડી રહેલા એ ધ્રુવને એક મુષ્ટિના પ્રહારથી છુંદી નાખ્યો;[૨૬] જેથી તે પણ બળવાન પાંડુપુત્ર ભીમસેનને હાથે મરણ પામી ધરણીપર ઢળી પડયો. હે મહારાજ! એ રીતે તેને મારી નાખીને મહાબળવાન ભીમસેન, જયરાતના રથ પાસે આવીને સિંહની પેઠે વારંવાર ગાજવા લાગ્યો; અને ગર્જના કરતાં કરતાં ડાબા હાથવતી જયરાતને રથમાંથી ખેંચી કાઢી માત્ર એક લપડાકના પ્રહારથી તેને મારી નાખ્યો. ત્યાંથી કૂદી પડીને તે કર્ણના રથની પાસે ગયો. એ જોઇ કર્ણે સુવર્ણથી મઢેલી એક શક્તિ ભીમસેનપર ફેંકી; પણ તે પાંડુનંદને હસતાં હસતાં તે શક્તિને હાથમાં પકડી લીધી અને તેને દુરાધર્ષ ભીમસેને કર્ણસામે ફેંકી.[૨૭-૩૦] તે શક્તિને ધસી આવતી જોઇ શકુનિએ તેલ પાયેલા એક બાણને મૂકી તેના ટુકડા કરી નાખ્યા. પછી અદ્ભુત પરાક્રમી ભીમસેન, યુદ્ધમાં એ મહાન કર્મ કરીને પુનઃ પોતાના રથમાં બેસી જઇ તમારી સેના સામે દોડી ગયો. હે રાજન્! કોપેલા કાળની પેઠે સંહાર કરવાની ઇચ્છાથી દોડી આવતા મહાબાહુ તે ભીમસેનને તમારા પુત્રોએ આગળ વધતો અટકાવ્યો; અને મોટી બાણવૃષ્ટિ કરીને તે મહારથીઓ ભીમસેનને છાઇ દેવા લાગ્યા.[૩૧-૩૩]

પછી જાણે હસતો હોય તેવો દેખાવ કરીને ભીમસેને તમારા પુત્ર દુર્મદના સારથિને તથા ઘોડાઓને બાણોવડે યમરાજના નિવાસમાં મોકલી દીધા;[૩૪] એટલે દુર્મદ પોતાના ભાઇ દુષ્કર્ણના રથપર ચઢી ગયો. એ રીતે એક રથમાં આરૂઢ થયેલા શત્રુતાપન તેઓ બન્ને ભાઇઓ, રણના મોખરાના મધ્યભાગમાં ઉભેલા ભીમસેનની સામે દોડી ગયા; તે જાણે તારકાસુર દૈત્ય સામે દોડી ગયેલા મિત્રાવરુણ દેવો હોય તેવા જણાતા હતા.[૩૫,૩૬] દુર્મદ અને દુષ્કર્ણ નામના તમારા એ બન્ને પુત્રો, એકજ રથમાં બેસીને બાણોવડે ભીમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેનને વિંધવા લાગ્યા.[૩૭] તે પછી કર્ણ, અશ્વત્થામા, દુર્યોધન, કૃપાચાર્ય, સોમદત્ત અને બાહ્લિક રાજાના દેખતાં પાંડવ ભીમસેને, એક પાટુના પ્રહારથી દુર્મદના તથા વીર દુષ્કર્ણના તે રથને પૃથ્વીમાં પેસાડી દીધો;[૩૮,૩૯] અને તે બળવાન તમારા શૂરા પુત્રોને મુષ્ટિના પ્રહારથી મારી નાખી ક્રોધપૂર્વક ખુંદતાં ગર્જનાઓ કરવા લાગ્યો.[૪૦] તે સમયે સૈન્યોમાં હાહાકાર થઈ રહ્યો હતો અને સર્વ રાજાઓ ભીમસેનને જોઇને કહેવા લાગ્યા કે, "આ તો સાક્ષાત્ રુદ્રજ ભીમસેનનું સ્વરૂપ ધારણ કરી કૌરવોસામે યુદ્ધ કરે છે." એમ કહીને તે સર્વ રાજાઓ ત્યાંથી પલાયન કરવા લાગ્યા અને બેભાન જેવા થઇ જઇને પોતાના ઘોડાઓને રણમાંથી હંકારી ગયા. તેઓમાં બે જણા એક સાથે રહીને તો દોડતાજ ન હતા.[૪૧,૪૨]

એ રાત્રિના આરંભમાં ભીમસેને તમારાં સૈન્યને અત્યંત ડહોળી નાખ્યું હતું; આથી મોટા મોટા રાજાઓ તેની પ્રશંસા કરતા હતા અને કમળસમાન પ્રફુલ્લ નેત્રોવાળા તે બળવાન ભીમસેને, રાજા યુધિષ્ઠિરની પોતાનાં પરાક્રમદ્વારા યોગ્યપૂજા કરી હતી.[૪૩] ભીમસેનનાં તે પરાક્રમને જોઈ નકુલ, સહદેવ, દ્રુપદ, વિરાટ્, કેકયો અને રાજા યુધિષ્ઠિર પરમ હર્ષ પામ્યા હતા; અને અંધકાસુરના વધ સમયે દેવો જેમ શંકરની પૂજા કરતા હતા, તેમ તેઓ બધા ભીમસેનની પૂજા–સન્માન કરવા લાગ્યા.[૪૪] પછી વરુણના પુત્ર ભૃગુસમાન પરાક્રમી તમારા પુત્રો, ક્રોધાયમાન થઇ રથ, પાળા અને હાથીઓને સાથે લઇ તથા મહાત્મા ગુરુ દ્રોણાચાર્યને સાથે રાખી યુદ્ધ કરવાની ઈચ્છાથી ભીમસેનને ચારેબાજુથી ઘેરી વળ્યા;[૪૫] એટલે હે મહારાજા! અંધકારથી ગાઢ ઢંકાઇ ગયેલા તે મહાભયંકર રાત્રિના આરંભમાં તે મહાત્માઓનું અતિદારૂણ અદ્ભુત યુદ્ધ ચાલુ થયું, કે જેમાં વરૂઓ, કાગડાઓ અને ગીધોને પરમાનંદ થતો હતો.[૪૫]

અધ્યાય ૧૫૫ મો સમાપ્ત

અધ્યાય ૧૫૬ મો

મોટા મોટા મહારથીઓનું ઘમસાણ!

॥ संजय उवाच ॥

प्रायोपविष्टे तु हते पुत्रे सात्यकिना तदा ।
सोमदत्तो भृशं क्रुद्धः सात्यकिं वाक्यमब्रवीत्

સંજયે કહ્યું:–તે સમયે રણમાં અનશન વ્રતનો સ્વીકાર કરીને બેઠેલા પોતાના પુત્ર ભૂરિશ્રવાને મારી નાખ્યો હતો; તે પરથી અત્યંત ક્રોધે ભરાયલો સોમદત્ત, સાત્યકિપ્રત્યે આવું વાક્ય બોલ્યો:–[૧]

"અલ્યા ઓ સાત્યકિ! જે ક્ષાત્રધર્મનો મહાત્મા દેવોએ પણ આચાર જાળવ્યો છે, તે ઘણા પ્રાચીનકાળના ધર્મનો ત્યાગ કરી અનાર્ય પુરુષોએ આચરેલા ધર્મમાં તું કેમ આસક્ત થયો છે? ઓ સાત્યકિ! ક્ષાત્રધર્મમાં આસક્ત રહેનારો કયો બુદ્ધિમાન પુરુષ, યુદ્ધમાંથી વિમુખ થઇ શસ્ત્રોનો ત્યાગ કરનારા એક દીન પુરુષને રણમાં પ્રહાર કરે?[૩] હે સાત્વત! યાદવોમાં યુદ્ધની અંદર પ્રસિદ્ધ થયેલા બે મહારથીઓ છે. એક તો મહાબાહુ પ્રદ્યુમ્ન અને બીજો તું.[૪] આ પ્રમાણે મહારથીતરીકે પ્રસિદ્ધ થયેલા તેં અનશનવ્રતનો સ્વીકાર કરીને બેઠેલા તથા અર્જુને જેનો બાહુ કાપી નાખ્યો હતો તેવા ભૂરિશ્રવાનો વધ કરી અતિક્રૂર અને પાપભર્યું કૃત્ય કર્યું છે.[૫] ઓ દુરાચારી મૂઢ! આજના રણમાં તે કર્મનું ફળ તું પામીશ. આજે બરાબર પરાક્રમ કરીને બાણવડે તારૂં મસ્તક હું કાપી નાખીશ.[૬] હે સાત્વત! મારા પ્રિય પુત્રોના તથા ઇષ્ટપુણ્યના સોગંદ ખાઇને હું કહું છું કે, જો અર્જુન, એક વીરતરીકે પોતાનું અભિમાન ધરાવનારા તારી રક્ષા નહિ કરે તો પુત્રો અને ભાઇઓસહિત તને આ રાત્રિની સમાપ્તિ સુધીમાં હું મારી નાખીશ; છતાં જો હું તને ન મારૂં, તો હે નીચ યદુવંશી! હું ઘોર નરકમાં પડું." [૭,૮]

એમ કહીને અતિ ક્રોધે ભરાયેલા મહાબળવાન સોમદત્તે, અતિ ઉચ્ચસ્વરે શંખ વગાડી સિંહનાદ સમાન ગર્જના કરી.[૯] પછી ક્રમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળપત્રોસમાન નેત્રવાળા તથા સિંહસમાન દાઢો-વાળા દુરાસદ સાત્યકિએ ઘણા ક્રોધપૂર્વક તેને કહ્યું:–[૧૦] "હે કુરુવંશી સોમદત્ત! હું તારી સાથે અથવા બીજા કોઇ સાથે યુદ્ધ કરૂં, તોપણ મારા હૃદયમાં કોઇ જાતનો ત્રાસ થાય તેમ નથી.[૧૧] હે કુરુવંશી રાજા! સઘળા સૈન્યના રક્ષણતળે રહીને તું મારીસામે યુદ્ધ કરીશ, તોપણ મને કોઇ જાતની વ્યથા થશે નહિ.[૧૨] જેનાથી લડાઇજ થાય તેવાં આ દુર્જનોએ માન્ય કરેલાં તારાં વાક્યોથી ક્ષાત્રધર્મમાં રહેલા મને તું ડરાવી શકીશ નહિ.[૧૩] હે રાજા! તારે મારી સામે આજે યુદ્ધ કરવાની જો ઇચ્છા છે, તો નિર્દય થઇને તીક્ષ્ણ બાણોવડે તું મને પ્રહાર કર અને હું પણ તને પ્રહાર કરીશ.[૧૪] તારો મહારથી પુત્ર વીર ભૂરિશ્રવા અને પોતાના ભાઇના દુઃખથી દુઃખી થયેલો તારો પુત્ર શલ, યુદ્ધમાં માર્યા ગયા છે;[૧૪] તેમજ તને પણ હું પુત્રો અને બાંધવોસહિત આજે મારી નાખીશ. માટે સાવધાન થઇને રણભૂમિમાં હવે ખડો રહેજે. યાદ રાખજે કે, તું કુરુવંશનો મહારથી છે.[૧૬] જેનામાં દાન, દમ, શૌચ, અહિંસા, લજ્જા, ધૃતિ અને ક્ષમા નિત્ય નાશ પામ્યાવિના રહે છે; અને જેનો ધ્વજ મૃદંગના ચિહ્નવાળો છે, તે રાજા યુધિષ્ઠિરના તેજથી તું પ્રથમથીજ મુઓ પડયો છે; તોપણ આ યુદ્ધમાં કર્ણ અને શકુનિની સાથે તું વિનાશ પામીશ.[૧૭,૧૮] શ્રીકૃષ્ણ અને અર્જુનના ચરણના તથા વાવ, કૂવા, નવાણ આદિ ઇષ્ટાપૂર્તના સોગંદ ખાઇને હું કહું છું કે, આ યુદ્ધમાં ક્રોધાયમાન થઇને પાપી એવા તને પુત્રો સહિત હું મારી નાખીશ.[૧૯] જો કદાચ રણનો ત્યાગ કરીને તું નાસી જઇશ,તોજ આજે મારા હાથમાંથી છૂટી શકીશ." આમ કહ્યા પછી તેઓ બન્ને જણા ક્રોધથી લાલચોળ નેત્રોવાળા થઇ ગયા અને તે બન્ને પુરુષશ્રેષ્ઠો અન્યોન્ય સામે બાણો ફેંકવા લાગ્યા. તે પછી એક હજાર રથીયોદ્ધાઓને તથા દશ હજાર હાથીઓને સાથે રાખીને દુર્યોધનરાજા, સોમદત્તને ચારેબાજુથી વિંટી વળી ઉભો રહ્યો; તેમજ સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, ઇંદ્રસમાન પરાક્રમવાળા પુત્રો, પૌત્રો અને પોતાના ભાઇઓથી વિંટાયલો, વજ્રસમાન શરીરવાળો, મોટી ભુજાવાળો અને યુવાન એવો તમારો સાળો શકુનિ, એક લાખ ઉપરની સંખ્યાવાળા ઘોડેસ્વારોને સાથે રાખી મહાધનુર્ધર તે સોમદત્તની ચોતરફથી રક્ષા કરવા લાગ્યો.[૨૦–૨૪] એ પ્રમાણે બળવાન યોદ્ધાઓના રક્ષણતળે રહી સોમદત્ત, સાત્યકિને બાણોવડે છાઇ દેવા લાગ્યો. નમેલાં-પર્વવાળાં અનેક બાણોથી ઘવાયેલા સાત્યકિને જોઇને ધૃષ્ટદ્યુમ્ન કોપી ઉઠયો; અને મોટી સેનાને સાથે લઇ ક્રોધપૂર્વક સોમદત્તસામે ચઢી આવ્યો.હે રાજન્! એ સમયે અન્યોન્ય સામે પ્રહાર કરતા સૈન્યસમૂહોનો પ્રચંડ વાયુથી ઉછળતા સમુદ્રસરખો મહાઘુઘવાટ સંભળાતો હતો. એ અરસામાં સોમદત્તે સાત્યકિને નવ બાણોથી વિંધી નાખ્યો, એટલે સાત્યકિએ પણ સામેથી તેટલાંજ બાણોવડે તે કુરુરાજાને પ્રહાર કર્યો. બળવાન અને દૃઢ ધનુર્ધારી તે સાત્યકિના બાણપ્રહારથી સોમદત્ત ગાઢ વિંધાઇ ગયો; અને રથની બેઠકપર બેભાન થઇને મૂર્છાવશ થઇ પડયો. એ રીતે તેને વિમૂઢ થયેલો જોઇ તેનો સારથિ, એકદમ ત્વરાપૂર્વક વીર મહારથી સોમદત્તને રણમાંથી દૂર લઇ ગયો. સાત્યકિનાં બાણોથી પીડાઇને બેભાન થયેલા તે સોમદત્તને જોઇને દ્રોણાચાર્ય, યદુવીર સાત્યકિને મારી નાખવાની ઇચ્છાથી ત્યાં આગળ ધસી આવ્યા. તેમને ધસી આવતા જોઇ યુધિષ્ઠિર આદિ યોદ્ધાઓ, યદુવંશના ઉત્તમ વીર સાત્યકિનું રક્ષણ કરવાની ઇચ્છાથી તેને વિંટાઇ વળ્યા; એટલે પછી દ્રોણાચાર્યનું પાંડવોની સાથે યુદ્ધ ચાલુ થયું. પૂર્વે ત્રૈલોક્યને જીતી લેવાની ઇચ્છાથી બલિરાજાનું દેવોની સાથે જેવું યુદ્ધ થયું હતું, તેવુંજ દ્રોણાચાર્યનું પાંડવો સાથેનું યુદ્ધ જણાતું હતું. મહાતેજસ્વી દ્રોણાચાર્યે બાણોની જાળવડે પાંડવોના સૈન્યને ઢાંકી દઇ યુધિષ્ઠિરને વિંધી નાખ્યા; એટલુંજ નહિ પણ તેમણે સાત્યકિને દશ બાણોથી, ધૃષ્ટદ્યુમ્નને વીસ બાણોથી, ભીમસેનને નવ બાણોથી, નકુલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ બાણોથી, સહદેવને આઠ બાણોથી, શિખંડીને સો બાણોથી, દ્રૌપદીના પુત્રોને પાંચ પાંચ બાણોથી, મત્સ્યદેશના રાજાને આઠ બાણોથી, દ્રુપદને દશ બાણોથી, યુધામન્યુને ત્રણ બાણોથી, ઉત્તમૌજાને છ બાણોથી તથા બીજા કેટલાએક સૈનિકોને પણ બાણોવડે વિંધી નાખ્યા; અને તે પછી એ મહાબાહુ યુધિષ્ઠિરસામે ધસી ગયા. હે રાજન્! દ્રોણાચાર્યે પાંડવોના સૈનિકોને એ રીતે જ્યારે મારવા માંડયા, ત્યારે તેઓ ભયને લીધે મોટી બૂમો પાડી પાડીને દશેય દિશાઓમાં નાસવા લાગ્યા.[૩૮]

આમ પોતાના સૈન્યને દ્રોણાચાર્યે હાંકી કાઢેલું જોઈ અર્જુનને જરા ક્રોધ ચઢયો, તેથી તુરત તે પોતાના ગુરુસામે ધસ્યો. ત્યારે રણમાં આચાર્યની સામે ધસી આવતા અર્જુનને જોઇ યુધિષ્ઠિરરાજાનું નાસભાગ કરતું સૈન્ય પુનઃ પાછું ફર્યું. આ પછી ફરીથી દ્રોણાચાર્યનું પાંડવોસાથે યુદ્ધ થવા લાગ્યું. એ સમયે તમારા પુત્રો ચોતરફથી દ્રોણાચાર્યને વિંટાઇ વળ્યા હતા; અને દ્રોણાચાર્ય, અગ્નિ જેમ રૂના ઢગલાનો નાશ કરે, તેમ પાંડવોનાં સૈન્યોનો નાશ કરી રહ્યા હતા. બળતા સૂર્યની પેઠે તથા પ્રદીપ્ત થયેલા અગ્નિની પેઠે તીવ્ર કાંતિવાળા અને બાણોરૂપ જવાળાઓથી અવિચ્છિન્નપણે અત્યંત બાળી રહેલા તથા મંડળાકારે ધનુષ્ય વાળીને સૂર્યની પેઠે પ્રખર તપી રહેલા તે દ્રોણાચાર્યને શત્રુઓનો સંહાર કરતા સર્વ કોઇ જોઇ રહ્યા હતા; છતાં તેમને કોઇ અટકાવી શકયા નહિ. જે જે પુરુષ તેમની સામે આવીને ઉભો રહેતો હતો, તેના તેના મસ્તકને કાપી નાખીને દ્રોણાચાર્યનાં બાણો પૃથ્વીમાં પેસી જતાં હતાં. મહાત્મા દ્રોણગુરુએ એ પ્રમાણે જ્યારે સંહાર કરવા માંડયો, ત્યારે તે પાંડવસૈન્ય અર્જુનના દેખતાં પુનઃ નાસભાગ કરવા લાગ્યું.

હે ભારત! એ રાત્રિમાં દ્રોણાચાર્યે પોતાના સૈન્યમાં ભંગાણ પાડેલું જોઈ અર્જુન ગોવિંદપ્રત્યે કહેવા લાગ્યોઃ–"હે કૃષ્ણ! આપણા રથને દ્રોણાચાર્યના રથસામે લઇ જાઓ." અર્જુનના એ કથનપરથી શ્રીકૃષ્ણે ગાયનું દૂધ, ડોલરનાં ફૂલ અને ચંદ્રસમાન પ્રભાવાળા અર્જુનના ઘોડાઓને દ્રોણાચાર્યના રથસામે હાંકયા. તે વેળા ભીમસેને પણ દ્રોણાચાર્ય તરફ જતા પોતાના ભાઇ અર્જુનને જોઇને પોતાના સારથિને આ પ્રમાણે કહ્યું:–"હે સારથિ! મને તું દ્રોણાચાર્યના સૈન્યસામે લઈ ચાલ."

ભીમસેનનાં એ વચન સાંભળીને તેના સારથિ વિશોકે, સત્યપ્રતિજ્ઞાવાળા અર્જુનની પાછળ પાછળ ઘોડાઓને હંકાર્યા. હે મહારાજ! બરાબર સજ્જ થઇને દ્રોણાચાર્યના સૈન્યસામે ધસી જતા તે બન્ને ભાઇઓને જોઇને પાંચાલ, સૃંજય, મત્સ્ય, ચેદિ, કારૂષ અને કોસલયોદ્ધાઓ તથા મહારથી કેકયો પણ તેમની પાછળ પાછળ દ્રોણાચાર્યસામે જવા લાગ્યા.[૪૧–૫૧] તેઓ બધા દ્રોણાચાર્યસામે જઇ પહોંચ્યા કે તુરત જોનારને રોમાંચ થઇ જાય તેવો ઘોર સંગ્રામ શરૂ થયો. અર્જુન અને ભીમસેને મોટો રથસમુદાય સાથે રાખી તમારા સૈન્યની ઉત્તર તરફ તથા દક્ષિણ તરફ ઘેરો ઘાલ્યો. પુરુષવ્યાઘ્ર ભીમસેન તથા અર્જુન ત્યાં લડતા હતા, તે જોઇ હે રાજન્! ધૃષ્ટદ્યુમ્ન અને મહાબળવાન સાત્યકિ પણ તમારા સૈન્યસામા ચઢી આવ્યા. હે રાજા! તે સમયે અન્યોન્યનો સંહાર કરનારી તે સૈન્યોની ટુકડીઓમાં પ્રચંડ વાયુથી ઉછળી રહેલા સમુદ્રોના સરખો ઘુઘવાટ થઈ રહ્યો હતો. તેવામાં દ્રોણપુત્ર અશ્વત્થામા, સાત્યકિને ત્યાં યુદ્ધ કરતો જોઈ ભૂરિશ્રવાના વધનું સ્મરણ આવવાથી કોપી ઉઠયો અને તેનો વધ કરવાનો નિશ્ચય કરી ધસી આવ્યો. તે અશ્વત્થામાને સાત્યકિના રથસામે ધસી જતો જોઇ ભીમસેનનો પુત્ર ઘટોત્કચ અત્યંત ક્રોધે ભરાયો; અને તેણે પોતાના શત્રુને આગળ જતો અટકાવ્યો. એ વેળા તે ઘટોત્કચ, તદ્દન લોઢાના બનાવેલા મહા ઘોર રથમાં બેઠો હતો. એ રથને રીંછના ચામડાથી ચારેબાજુ વિંટવામાં આવ્યો હતો. *બાર

* અહીં મૂળમાં ત્રીસ નલ્વની તે રથની લંબાઇ પહોળાઇ કહી છે. ચારસો હાથના માપને સંસ્કૃતમાં એક નલ્વ કહે છે. તેવા ત્રીસ નલ્વ પ્રમાણેનું માપ બાર હજાર હાથ હોઇ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજાર હાથની તેની લંબાઇ પહોળાઇ હતી, તેનાપર યંત્રોની સામગ્રી ગોઠવી હતી, મોટા મેઘમંડળસમાન તે રથ ગાજતો હતો,નહિ હાથી તેમ નહિ ઘોડા પણ લગભગ હાથીઓની આકૃતિને મળતા પિશાચો એ રથમાં જોડયા હતા, ઉંચા દાંડાવાળા તે રથના ધ્વજપર પાંખો અને પગને વારંવાર ઉછાળતો તથા ડોળા ફાડીને શબ્દ કરતો ગીધપક્ષીઓનો રાજા (મોટું ગીધ) શોભતો હતો, તે રથપર લોહીથી ભીની થયેલી પતાકા ફરકતી હતી, આંતરડાંની માળાઓથી તે રથને શણગારવામાં આવ્યો હતો; અને વિશેષમાં તે રથને ચાર પૈડાંઓને બદલે આઠ પૈડાં હતાં. આવા વિશાળ રથમાં બેસીને ઘટોત્કચ સૈન્યસામે ધસી જતો હતો. પથ્થરો, મુદ્ગરો, પર્વતો અને વૃક્ષોરૂપ આયુધોને હાથમાં ધારણ કરનારા ઘોરસ્વરૂપી રાક્ષસોની એક અક્ષૌહિણીસેનાથી તે ઘટોત્કચ વિંટળાઇ વળ્યો હતો. પ્રલયકાળના સમયે દંડધારી કાળની પેઠે પોતાના મહાન ધનુષ્યને હાથમાં ઉંચું કરી ધસી આવેલા ઘટોત્કચને સૈન્યમાં આવી પહોંચેલો સાંભળી સર્વ રાજાઓ ગાભરા ગાભરા બની ગયા. તે પછી પર્વતના શિખરસમાન પ્રચંડ શરીરવાળા, ભયંકર સ્વરૂપને લીધે ભય ઉપજાવનારા, મોટી મોટી વિકરાળ દાઢો તથા ઉગ્ર મુખવાળા, શંકુસમાન ઉંચા કાનવાળા, મોટી હડપચીવાળા, ઉભા કેશવાળા, વિકરાળ નેત્રોવાળા, પ્રદીપ્ત મોઢાવાળા, ઘણાં ઉંડાણમાં ઉતરી ગયેલાં પેટવાળા, મોટા ખાડાસમાન ગળાના છિદ્રવાળા, મુકુટમાં ઢંકાયેલા કેશવાળા, વિકાસેલાં મુખવાળા, કાળની પેઠે સર્વ ભૂતોને ત્રાસ પમાડનારા તથા શત્રુઓને ક્ષોભ કરનારા, હાથમાં ધનુષ્ય ઉંચું કરીને ધસી આવેલા રાક્ષસોના રાજા તે ઘટોત્કચને જોઇને તમારા પુત્રોની સેના ભયથી વિહ્વળ થઇને ખળભળી ઉઠી; અને વાયુએ ખળભળાવેલી ઘુમરીઓવાળી તથા આકાશમાં ઉંચે ઉછળતા તરંગોવાળી ગંગા નદી હોય તેવી તે દેખાવા લાગી.[૬૩-૬૭] સૈન્યમાં દાખલ થતાંની સાથે ઘટોત્કચે એક મોટો સિંહનાદ કરી મૂક્યો જેથી ભયભીત થયેલા હાથીઓ મૂતરી જવા લાગ્યા અને મનુષ્યો બેબાકળા બની ગયા.[૬૮] જોતજોતામાં તો તે સૈન્યના પર ચારેબાજુથી મોટા પથ્થરોની વૃષ્ટિ થવા લાગી. આ વેળા સંધ્યાકાળનો સમય હતો તેથી અધિક બળવાન થયેલા રાક્ષસોએ એ વૃષ્ટિ કરી હતી.[૬૯] લોઢાનાં ચક્રો, ભુશુંડીઓ, ભાલાંઓ, તોમરો, ત્રિશૂળો, તોપો તથા પટ્ટિશો એકધારાં રણભૂમિપર પડવા લાગ્યાં.[૭૦] હે રાજા ! અતિ રૌદ્ર અને ઉગ્ર એવું તે યુદ્ધ જોઇને તમારા પુત્રો તથા કર્ણ બહાવરા બની જઇને જૂદી જૂદી દિશાઓમાં પલાયનજ કરી ગયા.[૭૧] માત્ર દ્રોણપુત્ર અશ્વત્થામા કે જે અસ્ત્રવિદ્યાના બળમાં વખણાયેલા તથા ખરેખરા માનનીય પુરુષ હતા, તે એકલાજ તે રણભૂમિપર જરાયે ગભરાયાવિના ઉભા રહ્યા. તેમણે પોતાનાં બાણોવડે ઘટોત્કચે રચેલી માયાનો નાશ કરી નાખ્યો.[૭૨] પોતાની માયાને એ પ્રમાણે નષ્ટ થયેલી જોઈ ક્રોધી ઘટોત્કચે ઘોર બાણો છોડવા માંડયાં, કે જે અશ્વત્થામાના શરીરમાં પેસી જતાં હતાં. ક્રોધપૂર્ણ થયેલા સર્પો જેમ વેગપૂર્વક રાફડામાં પેસી જાય, તેમ તે બાણો અશ્વત્થામાનું શરીર વિંધી નાખી લોહીલુહાણ થઇ શીઘ્ર પૃથ્વીમાં ખુંચી જતાં હતાં. તે સર્વ બાણોનાં મોઢિયાં તદ્દન સુવર્ણનાં હતાં અને સરાણપર ઘસીને તે સર્વ બાણોને તીક્ષ્ણ કરવામાં આવ્યાં હતાં. તે પછી ઝડપદાર હાથવાળા પ્રતાપી અશ્વત્થામા કોપી ઉઠયા. તેમણે પોતાની સામે કોપેલા ઘટોત્કચને દશ બાણોવડે ઘાયલ કરી નાખ્યો.અશ્વત્થામાએ ઘટોત્કચનેમર્મસ્થાનોમાં જ્યારે અત્યંત વિંધી નાખ્યો, ત્યારે તેને ઘણી વ્યથા થઇ હતી. તુરત તેણે એક લાખ આરાઓવળું ચક્ર હાથમાં લીધું. તે ચક્રની અણી અસ્ત્રાસમાન તીક્ષ્ણ હતી, બાલસૂર્યની પેઠે તે ચળકતું હતું અને મણિ તથા હીરાઓથી તેને શણગાર્યું હતું. ભીમપુત્ર ઘટોત્કચે અશ્વત્થામાનો વિનાશ કરવામાટે તે ચક્ર તેમનાપર ફેંકયું; પણ દ્રોણપુત્ર અશ્વત્થામાએ મોટા વેગથી આવતા તે ચક્રના બાણોવતી ટુકડા કરી નાખ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેથી અભાગીઆ પુરુષના સંકલ્પની પેઠે નિષ્ફળ થઇને તે ચક્ર પૃથ્વીપર પડયું. પોતાના ચક્રને એ રીતે વ્યર્થ થઇ પડેલું જોઇ ઘટોત્કચ, રાહુ જેમ સૂર્યને છાઈ દે, તેમ બાણોવડે અશ્વત્થામાને છાઇ દેવા લાગ્યો. તેવામાં વળી છિન્નભિન્ન થયેલા મોટા અંજનપર્વતસરખો રાક્ષસરાજ ઘટોત્કચનો પુત્ર અંજનપર્વા, મોટો પર્વતરાજ જેમ વાયુને રોકી રાખે, તેમ રણમાં ધસી આવતા અશ્વત્થામાને રોકી રાખવા લાગ્યો. ભીમસેનના પૌત્ર એ અંજનપર્વાએ, મેઘ જેમ ધારાઓવડે મેરુપર્વતને ઢાંકી દે તેમ અશ્વત્થામાને ઢાંકી દીધા, જેથી તે ઘણા શોભવા લાગ્યા; અને રુદ્ર, ઉપેન્દ્ર તથા ઇંદ્રસમાન પરાક્રમી તે અશ્વત્થામાએ લગારે ગભરાયાવિના એક તીક્ષ્ણ બાણથી અંજનપર્વાના ધ્વજને કાપી નાખ્યો. વળી બીજાં બે બાણોથી તેના સારથિને મારી નાખી એના ત્રિવેણુકને પણ કાપી નાખ્યો. વળી પાછું એક બાણ મૂકી તેના ધનુષ્યના ટુકડા કરી નાખ્યા. ચાર બાણોથી તેના ચારેય ઘોડાઓને મારી નાખ્યા અને રથરહિત થયેલા તે અંજનપર્વાના હાથમાં ઉગામાયેલા, સુવર્ણની ટીપકીઓવાળા ખડ્ગને પણ તીક્ષ્ણ બાણવડે બે કકડા કરી ભાંગી નાખ્યું. હે રાજન્! પછી ઘટોત્કચના પુત્રે સુવર્ણની કલ્લીઓવાળી એક ગદા ઉઠાવી અને ઘણા વેગથી ફેરવીને અશ્વત્થામા તરફ ફેંકી; પરંતુ દ્રોણાચાર્યના પુત્રે બાણો મૂકીને તે ગદાના પણ ચૂરા કરી નાખ્યા, જેથી તે ગદા પણ નિષ્ફળ થઇને પૃથ્વીપર આવી પડી. તે પછી કાળમેઘની પેઠે મોટી ગર્જના કરી અંજનપર્વા આકાશમાં ઉડયો અને ત્યાંથી વૃક્ષોની વૃષ્ટિ કરવા લાગ્યો. માયાધારી તે ઘટોત્કચના પુત્રને, સૂર્ય જેમ કિરણોવડે મેઘને વિંધી નાખે, તેમ અશ્વત્થામાએ બાણોવડે આકાશમાં પણ વિંધી નાખ્યો; એટલે વળી પાછો તે પૃથ્વીપર ઉતરી આવ્યો અને સુવર્ણથી શોભતા રથમાં બેસીને અશ્વત્થામા આગળ આવી ઉભો. તે વેળા ઘટોત્કચનો પુત્ર અંજનપર્વા પૃથ્વીપર રહેલો અતિ ઉગ્ર મોટો અંજનપર્વત હોય તેવો દેખાતો હતો. પછી દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ,મહેશ્વરે જેમ અંધકાસુરનો નાશ કર્યો હતો, તેમ લોખંડી કવચને ધારણ કરનારા તે ઘટોત્કચના પુત્રનો નાશ કરી નાખ્યો. પોતાના મહાબળવાન પુત્રને અશ્વત્થામાએ એ રીતે જ્યારે મારી નાખ્યો, ત્યારે ઘટોત્કચનાં અંગો રોષથી પ્રજ્વલિત થઇ ગયાં; અને પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ વનને બાળે, તેમ પાંડવસૈન્યને બાળતા અશ્વત્થામા સામે આવીને તે, નિર્ભય થઇને આ પ્રમાણે કહેવા લાગ્યો.

ઘટોત્કચે કહ્યું:–"ઓ દ્રોણપુત્ર! ઉભો રહેજે, ઉભો રહેજે. હવે તું અહીંથી જીવતો જઇશ નહિ. અગ્નિના પુત્રે જેમ ક્રૌંચને મારી નાખ્યો હતો,તેમ આજે હું તને મારી નાખીશ."

અશ્વત્થામાએ કહ્યું:–"હે દેવસરખા પરાક્રમી વત્સ! તું અહીંથી ચાલ્યો જા; અને બીજા કોઇ સાથે યુદ્ધ કર. હે હિડંબાના પુત્ર! પિતાને પુત્ર બાધ કરે તે યોગ્ય કહેવાય નહિ. ખરેખર! મને તારાપર જરાએ રોષ નથી, માટે તું સુખેથી ચાલ્યો જા; કારણ કે રોષયુક્ત થયેલો મનુષ્ય પોતાના આત્માનો પણ નાશ કરે છે."×

સંજયે કહ્યું:–અશ્વત્થામાનાં એ વચનને સાંભળી ઘટોત્કચનાં નેત્રો ક્રોધથી લાલચોળ થઇ ગયાં. પોતાના પુત્રના શોકથી દુઃખિત થયેલા તેણે ક્રોધપૂર્વક અશ્વત્થામાપ્રત્યે કહ્યું:–"હે દ્રોણપુત્ર! મને તું કાયર પુરુષ સમજે છે કે શું? એક સામાન્ય મનુષ્યને જેમ ડરાવવામાં આવે,તેમ તું મને માત્ર વાણીથી ડરાવવા ધારે છે; પણ તારૂં એ વાક્ચાતુર્ય તદ્દન અસ્થાને છે. હું કુરુઓના વિશાળ કુળમાં ભીમસેનથી ઉત્પન્ન થયો છું, યુદ્ધમાં કદી પાછા નહિ હઠનારા પાંડવોનો પુત્ર છું, સર્વ રાક્ષસોનો રાજા છું

× અશ્વત્થામાએ ઘટોત્કચને "હે વત્સ" એવું સંબોધન આપીને સૂચવ્યું છે કે, ભીમસેનને અને મારે અન્યોન્ય ભાઇઓ જેટલોજ સંબંધ છે; તથા અમે બન્ને મારા પિતાની પાસે એકસાથે ભણ્યા છીએ, જેથી તું મારા પુત્રસરખો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બળમાં સાક્ષાત્ રાવણની બરોબરી કરનારો છું.૭૩-૯૮હે દ્રોણપુત્ર! ઉભો રહે,ઉભો રહે. હવે તું મારી આગળથી જીવતો જઈશ નહિ. આજે હું તારી યુદ્ધમાંની શ્રદ્ધાને આ રણાંગણમાંજ દૂર કરીશ."૯૯

આમ કહીને ક્રોધથી લાલચોળ નેત્રોવાળો અતિ મહાન બળવાન રાક્ષસ ઘટોત્કચ, કોપેલો કેસરી જેમ કોઇ હાથી સામે ધસી જાય તેમ અશ્વત્થામા સામે ધસ્યો;[૧૦૦] અને તે રાક્ષસ, રથનાં પૈડાં જેવડાં બાણોની મહારથી અશ્વત્થામાપર, મેઘ જેમ ધારાઓની વૃષ્ટિ કરે, તેમ વૃષ્ટિ કરવા લાગ્યો;[૧૦૧] પરંતુ અશ્વત્થામા તે બાણવૃષ્ટિને પોતાની પાસે પહોંચતાં પહેલાંજ કાપી નાખતાં હતા, જેથી તે વેળા આકાશમાં બાણોનો જાણે બીજો સંગ્રામ મચ્યો હોય તેમ જણાતું હતું.[૧૦૨] આકાશમાં અસ્ત્રોની પરસ્પર અથડામણથી તણખા ઉડતા હતા, જેથી તે રાત્રિના આરંભમાં આકાશ, ઉડતાં પતંગિયાંઓથી ચિત્રવિચિત્રસરખું શોભતું હતું.[૧૦૩] રણમાં અભિમાન ધરાવનારા અશ્વત્થામાએ પોતાની માયાનો નાશ કરી નાખેલો જોઇ ઘટોત્કચ આકાશમાં અદૃશ્ય થઇ ગયો અને પુનઃ માયાને રચવા લાગ્યો.[૧-૪] જોતજોતામાં તો વૃક્ષોની ઝાડીઓવાળાં શિખરોથી અતિ ઉંચો દેખાતો મહાન પર્વત થઇ ગયો. એ પર્વતમાંથી ત્રિશૂળો, ભાલાંઓ, તરવારો અને મુસલોરૂપ જળનાં ઝરણાં ઝરતાં હતાં.[૧૦૫] સાક્ષાત્ અંજનગિરિસરખા તે પર્વતને જોઇને તથા તેમાંથી નીકળતાં સંખ્યાબંધ શસ્ત્રોને જોઇને પણ અશ્વત્થામાને મુંઝવણ થઈ નહિ;[૧૦૬] પરંતુ મંદ મંદ હસીને તેમણે વજ્રાસ્ત્ર પ્રકટ કર્યું, એટલે તુરત તે અસ્ત્રે એ મહાન પર્વતને ઉછાળીને ચૂરેચૂરા કરી નાખ્યા. પછી તે ઘટોત્કચ, ઇંદ્રધનુષ્યવાળો અતિઉગ્ર એવો શ્યામ મેઘ થઇને આકાશમાં દેખાયો અને પથ્થરોની વૃષ્ટિ કરી અશ્વત્થામાને રણમાં દાટી દેવા લાગ્યો;[૧૦૮] પણ અસ્ત્રોને જાણનારાઓમાં શ્રેષ્ઠ તે અશ્વત્થામાએ વાયવ્ય નામના અસ્ત્રનું સંધાન કરી પોતાની સામે ચઢી આવેલા તે શ્યામ મેઘને વીખેરી નાખ્યો.[૧૦૯] ઉપરાંત બીજાં કેટલાંએક બાણો મૂકીને મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા અશ્વત્થામાએ સર્વ દિશાઓને છાઇ દીધી અને એક લાખ રથીયોદ્ધાઓને હણી નાખ્યા;[૧૧૦] ત્યારે વળી પણ રથમાં બેસીને તથા ધનુષ્યને કાનસુધી ખેંચીને તે ઘટોત્કચ નિર્ભયપણે ત્યાં ધસી આવ્યો. અનેક રાક્ષસોથી તે વિંટાયલો હતો. સિંહ, વ્યાઘ્ર તથા મદોન્મત્ત હાથીસમાન પરાક્રમવાળા તે રાક્ષસોમાંના કોઇ હાથીપર બેઠા હતા, કોઇ રથમાં બેઠેલા હતા તો કોઈ ઘોડાઓની પીઠપર સ્વાર થયા હતા. તેઓનાં હાડકાં, મસ્તકો અને ગ્રીવાઓનું સ્વરૂપ ઘણું બેડોળ હતું. હિડિંબરાક્ષસના અનુચરતરીકે ઓળખાતા તે રાક્ષસોમાંના ઘણાખરા પુલસ્ત્યવંશમાં જન્મ્યા હતા. તેઓ તામસ પ્રકૃતિના હોઇને ઇન્દ્રસરખા પરાક્રમી હતા. અનેક શસ્ત્રો તથા જાતજાતનાં કવચો અને અલંકારોથી સજ્જ થયેલા, મહાબળવાન, ભયંકર શબ્દ કરનારા, કોપથી ફાડેલા ડોળાઓવાળા અને યુદ્ધ કરવામાં મદોન્મત્ત એવા તે રાક્ષસો ઘટોત્કચની સાથે રહી યુદ્ધ કરવા ઉપસ્થિત થયા હતા. એ રાક્ષસયોદ્ધાઓને જોઇને તમારો પુત્ર દુર્યોધન તો તદ્દન ખિન્નજ થઈ ગયો. એ વેળા અશ્વત્થામાએ કહ્યું:-" હે દુર્યોધન ! તું ઉભો રહે. તારે જરાયે ગભરાવું નહિ. આજે આ વીર ભાઇઓને, ઇંદ્રસરખા પરાક્રમી સર્વ રાજાઓને તથા બીજા સર્વ તારા શત્રુઓને હું હણી નાખીશ. તારીપાસે હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું; માટે તારો પરાજય નથી, એ તું નક્કી માન અને તું આપણી સેનાને ધીરજ આપ."[૧૧૧-૧૧૭]

દુર્યોધને કહ્યું:-"તમારૂં મન આટલું બધું મોટું છે, તેમાં હું આશ્ચર્ય માનતો નથી. હે ગૌતમીના પુત્ર ! હું જાણુંજ છું કે, તમારી અમારાપર અથાગ ભક્તિ છે."[૧૧૮]

સંજયે કહ્યું:-અશ્વત્થામાને એ પ્રમાણે કહીને, દુર્યોધન એક હજાર રથો અને રણને શોભાવે તેવા કેટલાએક ઘોડાઓથી વિંટાયેલા સુબલપુત્ર શકુનિને કહેવા લાગ્યો:-"હે મામા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાઠ હજાર રથીયોદ્ધાઓને સાથે લઇ તમે અર્જુનસામે ધસારો કરો. આ કર્ણ, વૃષસેન, કૃપાચાર્ય, નીલ, ઉત્તર તરફના યોદ્ધાઓ, કૃતવર્મા, પુરુમિત્ર, સુતાપન, દુઃશાસન, નિકુંભ, પરાક્રમી કુંડભેદી, પુરંજય, દૃઢરથ, પતાકી, હેમકંપન, શલ્ય, અરુણિ, ઇંદ્રસેન, સંજય, વિજય, જય, કમલાક્ષ, પરક્રાથી, જયવર્મા, અને સુદર્શન એ સર્વ યોદ્ધાઓ તથા સાઠ હજાર પાળાઓ યુદ્ધમાં તમને સહાય કરવામાટે તમારી પાછળ પાછળજ આવશે.[૧૧૯–૧૨૩] હે મામા! ઇંદ્ર જેમ અસુરોનો નાશ કરે, તેમ તમે ભીમસેન, નકુલ, સહદેવ અને ધર્મરાજાનો નાશ કરી નાખજો. મારા વિજયની આશા તમારાપરજ આધાર રાખી રહી છે.[૧૨૪] દ્રોણપુત્ર આ અશ્વત્થામાએ બાણોના પ્રહારો કરીને કુંતીના પુત્રોને લગભગ ઘાયલ કરી નાખ્યા છે; અને કાર્તિકસ્વામીએ અસુરોનો જેમ સંહાર કર્યો હતો, તેમ તમે હવે તેઓને સંહારી નાખજો.'[૧૨૫] તમારા પુત્રે એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે સુબલપુત્ર શકુનિ, તમારા પુત્રોને પ્રસન્ન કરવામાટે તથા પાંડવોનો સંહાર કરવામાટે ત્યાંથી ચાલી નીકળ્યો.[૧૨૬] આ તરફથી બરાબર રાત્રિ થતાં એ રણક્ષેત્રમાં અશ્વત્થામા અને ઘટોત્કચનું, ઇંદ્ર અને પ્રહ્લાદના સરખું અતિ તુમુલ યુદ્ધ ચાલ્યું હતું.[૧૨૭] તેમાં કોપાયમાન થયેલા ઘટોત્કચે, આતે દૃઢ અને ઝેરી અગ્નિસરખાં તીક્ષ્ણ દશ બાણોનો અશ્વત્થામાની છાતીમાં પ્રહાર કર્યો. ભીમસેનના પુત્રે મારેલાં તે બાણોના ગાઢ પ્રહારથી અશ્વત્થામા, વાયુએ હચમચાવેલા વૃક્ષની પેઠે રથના મધ્યમાં હચમચી ગયા.[૧૨૯] વળી પણ ઘટોત્કચે, એક અંજલિક નામનું બાણ મૂકીને અશ્વત્થામાના હાથમાં રહેલા મહાતેજસ્વી ધનુષ્યના ટુકડેટુકડા કરી નાખ્યા;[૧૩૦] એટલે પછી અશ્વત્થામાએ યુદ્ધના ભારને સહન કરે તેવું એક મહાન ધનુષ્ય ઉઠાવ્યું; અને મેઘ જેમ જળધારાની વૃષ્ટિ કરે, તેમ તીક્ષ્ણ બાણો વરસાવવા માંડયાં.[૧૩૧] હે ભરતવંશી રાજન્! એટલુંજ નહિ પણ શારદ્વતીના પુત્ર અશ્વત્થામા, બીજાં કેટલાંએક સુવર્ણનાં પુંખવાળાં તથા શત્રુઓનો નાશ કરી નાખે તેવાં સંખ્યાબંધ બાણો છોડવા માંડયાં.[૧૩૨] તે બાણોએ વિશાળ વક્ષઃસ્થળવાળા રાક્ષસોનાં ટોળાંઓને એવાં તો ગભરાવી નાખ્યાં કે જાણે સિંહોએ આકુળ કરેલા મદમત્ત હાથીઓ હોય તેમ તે શોભવા લાગ્યા.[૧૩૩] પ્રલયકાળે ભગવાન અગ્નિદેવ જેમ સર્વ ભૂતોને બાળી ભસ્મ કરે છે, તેમ અશ્વત્થામાએ ઘોડાઓ, સારથિઓ, રથો અને હાથીઓસહિત સર્વ રાક્ષસોનો સંહાર કરી નાખ્યો.[૧૩૪] હે રાજા! રાક્ષસોની એક અક્ષૌહિણી સેનાનો બાણોવડે નાશ કરી નાખી અશ્વત્થામા, પૂર્વે ત્રિપુરાસુરને બાળી નાખી મહેશ્વર દેવ જેવા શોભતા હતા તેવાજ શોભાયમાન જણાવા લાગ્યા.[૧૩૫] યુગાંતસમયે સર્વ ભૂતોને બાળી નાખી પ્રલયકાળનો અગ્નિ જેમ દીપી રહે, તેમ જય કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણપુત્ર, તમારા શત્રુઓનો સંહાર કરી દીપતા હતા.[૧૩૬] તે પછી ઘટોત્કચ કોપ્યો અને ભયંકર કર્મ કરવાવાળા રાક્ષસોની મહાન સેનાને તેણે આજ્ઞા કરી કે, "અશ્વત્થામાને મારી નાખો, મારી નાખો."[૧૩૭] ઘટોત્કચની તે આજ્ઞાનો સ્વીકાર કરીને ઉજ્જવળ દાઢોવાળા, વિશાળ મુખવાળા, ઘોર સ્વરૂપવાળા, ભયાનક દેખાવવાળા, પહોળાં કરેલાં મોઢાંવાળા, તીક્ષ્ણ જીભોવાળા અને ક્રોધથી રાતાંચોળ નેત્રોવાળા રાક્ષસો, મોટા મોટા સિંહનાદોથી પૃથ્વીને ગજાવી મૂકીને હાથમાં અનેક જાતનાં હથિયારો લઇ લઇને અશ્વત્થામાને મારી નાખવામાટે ધસી ગયા. ભયંકર કર્મ કરવાવાળા તે રાક્ષસો શક્તિઓ, શતઘ્નીઓ, પરિઘો, વજ્રો, ત્રિશૂળો, પટ્ટિશો, તરવારો, ગદાઓ, ભિંદીપાલો, મુસલો, ફરસીઓ, ભાલાંઓ, તરવારો, તોમરો, કણપો, કંપનો, જાડી ભુશુંડીઓ, પથ્થરો, ગદાઓ, થાંભલાઓ તથા રણમાં શત્રુઓને ચીરી નાખે તેવા લોખંડી મુદ્ગરોને અશ્વત્થામાના મસ્તકપર તદ્દન નિર્ભય થઇને ફેંકવા લાગ્યા. ક્રોધથી લાલ આંખોવાળા તે રાક્ષસો, સેંકડો અને હજારો હથિયારોને ફેંકી રહ્યા હતા.[૧૩૮–૧૪૩] દ્રોણપુત્રના મસ્તકપર પડતી અતિમહાન તે બાણવૃષ્ટિને જોઇને ત–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા યોદ્ધાઓ ગભરાઇ ગયા હતા;[૧૪૪] પણ પરાક્રમી દ્રોણપુત્રે અતિ ઉત્કૃષ્ટ અને ઘોર એવી તે બાણવૃષ્ટિના સરાણપર ઘસેલાં અને વજ્રસમાન તીક્ષ્ણ એવાં બાણો મૂકી મૂકીને નાશ કરી નાખ્યો.[૧૪૫] ઉદાર મનના અશ્વત્થામા સુવર્ણના પુંખવાળાં બીજાં કેટલાંએક બાણોને દિવ્ય અસ્ત્રોથી મંત્રીને રાક્ષસોને સંહારવા માંડયા.[૧૪૬] તે બાણોથી વિહ્વળ થયેલું વિશાળ છાતીવાળું રાક્ષસોનું ટોળું, સિંહોએ ગભરાવેલાં મદમત્ત હાથીઓનાં ટોળાંસરખું શોભતું હતું. પછી દ્રોણપુત્રના પ્રહારથી કોપેલા તે રાક્ષસો, અશ્વત્થામાને મારી નાખવાની ઇચ્છાથી ઘણા જોસપૂર્વક ધસી ગયા.[૧૪૮] તે સમયે અશ્વત્થામાએ એવું અદ્ભુત પરાક્રમ કરી બતાવ્યું, કે જે મનુષ્યોમાં બીજા કોઇથી બનવું અશક્ય હતું; કારણકે પોતે એકલા હતા છતાં પરમ અસ્ત્રોને જાણનારા તેમણે રાક્ષસરાજાના દેખતાં બળબળતાં બાણો મૂકીને એક ક્ષણવારમાં રાક્ષસોની સેનાને બાળી મૂકી હતી.[૧૫૦] એ રીતે રાક્ષસોના સૈન્યનો રણમાં સંહાર કરીને અશ્વત્થામા, યુગાંતે સર્વ ભૂતોને બાળી નાખી બળી રહેલા પ્રલયકાળના અગ્નિની પેઠે શોભતા હતા.[૧૫૧] હે ભરતવંશી રાજા! સર્પસરખાં ઝેરી બાણોવડે સૈન્યોને બાળી રહેલા તે અશ્વત્થામાને ત્યાં ઉભેલા પાંડવપક્ષના હજારો રાજાઓમાંથી કોઈપણ જોઈ શકતો ન હતો. માત્ર મહાબળવાન રાક્ષસરાજ વીર ઘટોત્કચ તેમની સામે જોઇ શકતો હતો.[૧૫૧-૧૫૩] હે ભરતશ્રેષ્ઠ! ક્રોધથી ચકરવકર થતાં નેત્રોવાળા તે ઘટોત્કચે, તાળીઓ પાડીને તથા દાંત પીસીને ક્રોધપૂર્વક પોતાના સારથિને કહ્યું:-" અલ્યા ઓ! તું મને અશ્વત્થામા પાસે લઈ જા. " એટલે તુરતજ તેના સારથિએ રથને હંકાર્યો અને જોતજોતામાં સુંદર પતાકાવાળા તથા ઘોર સ્વરૂપવાળા પ્રકાશિત રથમાં બેઠેલો શત્રુસૂદન ઘટોત્કચ, દ્રોણપુત્ર સાથે દ્વંદ્વયુદ્ધ કરવામાટે પુનઃ જઈ પહોંચ્યો; અને ભયંકર પરાક્રમવાળા તે રાક્ષસે, સિંહની પેઠે મહાન શબ્દ કરીને અશ્વત્થામાસામે તાકીને એક શક્તિ ફેંકી. એ શક્તિને ભગવાન શંકરે નિર્માણ કરી હતી, આસપાસ આઠ ઘંટડીઓ તેમાં લટકાવી હતી અને સંગ્રામમાં તે મહાઘોર કર્મ કરનારી હતી.[૧૫૭] પોતાની સામે ધસી આવતી તે શક્તિને જોઇને અશ્વત્થામા ધનુષ્યને રથમાં મૂકીને એકદમ નીચે ઉતરી પડયા અને શંકરે બનાવેલી તે શક્તિને કૂદકો મારીને હાથમાંજ પકડી લીધી. આ પછી તે શક્તિનેજ તેમણે ઘટોત્કચના રથસામે ફેંકી. મહાતેજસ્વી અને અતિ દારુણ તે શક્તિ ઘોડા, સારથિ અને ધ્વજસહિત ઘટોત્કચના રથને ભસ્મ કરી નાખી પૃથ્વી ફાડીને અંદર પેસી ગઈ. (પણ ઘટોત્કચ તે શક્તિ આવે તે પહેલાં રથપરથી નીચે ઉતરી પડયો હતો અને તેથીજ તે બચી ગયો હતો.) એ વેળા અશ્વત્થામાના અદ્ભુત કૌશલ્યની સર્વ મનુષ્યો પ્રશંસા કરતાં હતાં; કારણ કે તેમણે રથપરથી કૂદી પડીને શંકરે બનાવેલી તે ઘોર શક્તિને હાથમાં પકડી લીધી હતી અને તેજ પાછી ફેંકી હતી.

તે પછી ભીમસેનનો પુત્ર, ધૃષ્ટદ્યુમ્નના રથમાં બેસી ગયો; અને ઇંદ્રના ધનુષ્યસરખું મહાઘોર ધનુષ્ય હાથમાં લઇ અશ્વત્થામાની વિશાળ છાતીમાં તીક્ષ્ણ બાણો છોડવા લાગ્યો.[૧૬૧] ધૃષ્ટદ્યુમ્ન પણ નિર્ભય થઇને સર્પસરખાં ઝેરી અને સુવર્ણનાં પુંખવાળાં બાણોને દ્રોણપુત્રની છાતીમાં ફેંકવા લાગ્યો.[૧૬૨] એટલે સામેથી અશ્વત્થામાએ હજારો નારાચબાણો છોડયાં, ત્યારે તેઓ બંને જણા પણ અગ્નિની શિખાસરખાં બાણોવડે તેમનાં બાણોને કાપી નાખતા હતા.[૧૬૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! તેઓ બંને પુરુષસિંહોનું તથા દ્રોણપુત્ર અશ્વત્થામાનું અતિ તીવ્ર મહાયુદ્ધ મચ્યું હતું; જે જોઇ સર્વ યોદ્ધાઓ પ્રસન્ન થતા હતા.[૧૬૪] એજ અરસામાં એકહજાર રથીયોદ્ધાઓ, ત્રણસો હાથીઓ તથા હજાર ઘોડેસ્વારોને સાથે લઇ ભીમસેન તે પ્રદેશપર આવી પહોંચ્યો.[૧૬૫] તે વેળા અકિલષ્ટ પરાક્રમી ધર્માત્મા અશ્વત્થામા ભીમસેનના પુત્ર રાક્ષસ ઘટોત્કચસામે તથા અનુયાયીઓસહિત સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નસામે યુદ્ધ કરતા હતા.[૧૬૬] અશ્વત્થામાએ અતિશય અદ્ભુત પરાક્રમ કરી દેખાડયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું, જે સર્વ પ્રાણીઓમાં બીજાથી બનવું ઘણું અશક્ય હતું. હે ભારત! એક નિમેષ જેટલા સમયમાં તો ઘોડાઓ, સારથિઓ, રથો અને હાથીઓથી ભરપૂર એવી રાક્ષસોની અક્ષૌહિણી સેનાનો તીક્ષ્ણ બાણો મૂકી મૂકીને તેમણે નાશ કરી નાખ્યો હતો, કે જે નાશને ભીમસેન, ઘટોત્કચ, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ, ધર્મરાજા, અર્જુન તથા શ્રીકૃષ્ણ જોઇ રહ્યા હતા.[૧૬૭–૧૬૯] વળી સીધાં જનારાં નારાચબાણો મૂકીને તેમણે વિંધી નાખેલા હાથીઓ શિખરવાળા પર્વતોની પેઠે પૃથ્વીપર પડતા હતા.[૧૭૦] કાપી નાખેલી હાથીઆની સૂંઢો આમતેમ તરફડતી હતી; જેથી રણભૂમિ ઉછળી રહેલા સર્પોથી છવાઇ ગઇ હોય તેવી શોભતી હતી.[૧૭૧] જ્યાં ત્યાં ઉડાડી નાખવામાં આવેલાં સુવર્ણના દાંડાવાળાં રાજાઓનાં છત્રોથી રણભૂમિ, પ્રલયકાળે સૂર્ય અને ચંદ્રનો જેમાં ઉદય થયો છે તથા સમગ્ર ગ્રહો જેમાં ઉગી નીકળ્યા છે તેવા આકાશની પેઠે શોભતી હતી.[૧૭૨] એ રણસંગ્રામમાં અશ્વત્થામાએ લોહીના પ્રવાહથી મહાઘોર જણાતી રુધિરની નદી ચલાવી મૂકી હતી. એ નદીમાં ધ્વજાઓરૂપી દેડકાં વધી પડયા હતાં, ભેરીઓરૂપ મોટા કાચબાઓ પહોળા થઈ થઈને પડયા હતા, છત્રોરૂપ હંસોની પંક્તિ એ નદીનું સેવન કરતી હતી, ચામરોરૂપ ફીણના ગોટેગોટા તેમાં આવી રહ્યા હતા, કંક અને ગીધ પક્ષીઓરૂપ મોટાં ઝુંડો તેમાં ઘૂમી રહ્યાં હતાં, અનેક જાતનાં આયુધોરૂપ માછલાં તે નદીમાં ફરકતાં હતાં, મોટા મોટા હાથીઓરૂપ પથ્થરો તેમાં પડયા હતા, મરણ પામેલા ઘોડાઓરૂપ મગરમચ્છોથી તે નદી ભરપૂર હતી, ભાંગી નાખેલા રથોરૂપ મોટા ખડકો તેમાં દેખાતા હતા, પતાકાઓરૂપ સુંદર વૃક્ષો તેને કાંઠે ઉગ્યાં હતાં, બાણોરૂપી નાનાં માછલાં તેમાં નજરે પડતાં હતાં, તે નદીનું સ્વરૂપ દેખાવમાં મહારૌદ્ર હતું, ભાલાં, શક્તિઓ અને ઋષ્ટિઓરૂપ જળસર્પો તેમાં ઉછળતા હતા, મજ્જા અને માંસનો મોટો કાદવ તેમાં જામ્યો હતો, મસ્તકવિનાનાં ધડોરૂપ મછવાઓથી તે નદી વ્યાપ્ત હતી, પ્રાણીઓના કેશોરૂપ શેવાળથી તે નદી વિચિત્ર વર્ણની દેખાતી હતી, તે નદી જોવાથી બીકણ મનુષ્યોને દુઃખ ઉત્પન્ન થતું હતું, મોટા મોટા હાથીઓ, ઘોડાઓ અને યોદ્ધાઓનાં કલેવરોમાંથી તે નદી નીકળી હતી, યોદ્ધાઓના દુઃખી શબ્દોથી તે ગર્જના કરતી હતી તથા લોહીના તરંગો તેમાં ઉછળી રહ્યા હતા; તેમજ વળી શિકારી પશુઓનાં ટોળાંઓથી તેનું સ્વરૂપ મહાઘોર દેખાતું હતું અને જાણે યમરાજાના રાજ્યનો મહાસાગર હોય, તેમ તે નદી જોનારના મનમાં લાગી આવતું હતું. આવી મહાભયંકર નદી અશ્વત્થામાએ ત્યાં વહેવડાવી મૂકી હતી.[૧૭૩]

એ રીતે બાણોવડે રાક્ષસોનો સંહાર કરીને અશ્વત્થામા હિડિંબાના પુત્રને ગભરાવવા લાગ્યા; અને વળી અત્યંત ક્રોધાયમાન થઇ ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન આદિ પાંડવયોદ્ધાઓને વિંધી નાખી મહાબળવાન અને સમર્થ એવા દ્રોણપુત્રે દ્રુપદરાજાના સુરથ નામના પુત્રને મારી નાખ્યો; એટલુંજ નહિ પણ શત્રુંજય, બલાનીક, જયાનીક અને જયાશ્વ, નામના દ્રુપદરાજાના પુત્રોને પણ તેમણે મારી નાખ્યા. વળી વધારામાં તેમણે રાજા શ્રુતાયુધને પણ યમનિવાસમાં મોકલી દીધો; અને બીજાં તીક્ષ્ણ ત્રણ બાણોવડે હેમમાલીને, પૃષધ્રને તથા ચંદ્રસેનને પણ હણી નાખ્યા. કુંતીભોજના દશે પુત્રોને દશ બાણો મૂકીને અશ્વત્થામાએ રોળી નાખ્યા. આ પછી તેમણે અત્યંત ક્રોધ કરી સીધું જંનારૂં ઉગ્ર બાણ ધનુષ્યમાં સાંધ્યું. કાળના દંડસમાન ઘોર એવા તે ઉત્તમ બાણને ધનુષ્યને કાનસુધી સંપૂર્ણપણે ખેંચી ઘટોત્કચને ઉદ્દેશી ફેંક્યું. હે રાજન્! એ મહાન બાણ, રાક્ષસના હૃદયને ચીરી નાખી શીઘ્ર પુંખસહિત પૃથ્વીમાં પેસી ગયું. આથી ઘટોત્કચ રથમાં ઢળી પડયો. મહારથી ધૃષ્ટદ્યુમ્ન, એને મરણને શરણ થઇ પડેલો જાણી, પોતાના ઉત્તમ રથને અશ્વત્થામા પાસેથી દૂર લઇ ગયો. હે રાજા! ધૃષ્ટદ્યુમ્ન જેવો ત્યાંથી દૂર થયો કે તુરત સર્વ રાજાઓ પણ રણમાંથી પાછા હઠયા. એ પ્રમાણે યુધિષ્ઠિરરાજાના સૈન્યનો રણમાં પરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય કરી વીર દ્રોણપુત્ર ગર્જના કરવા લાગ્યા. યુદ્ધમાં રહેલાં સર્વ પ્રાણીઓ તથા તમારા પુત્રો તેમની પ્રશંસા કરવા લાગ્યા.[૧૭૯-૧૮૮]

એ સમયે અશ્વત્થામાનાં બાણોથી છિન્ન-ભિન્ન થયેલા શરીરોવાળા, મરણ પામીને પડેલા રાક્ષસોથી રણભૂમિ ચારેબાજુ પડેલા પર્વતોનાં શિખરો હોય તેવી અતિરાદ્ર અને મહાદુઃખવડે ગતિ કરી શકાય તેવી થઈ રહી હતી.[૧૮૯] સિદ્ધો, ગંધર્વો, પિશાચો, સર્પો, ગરુડો, પિતરો, પક્ષીગણો, રાક્ષસો, ભૂતગણો, અપ્સરાઓ અને દેવો પણ તે અશ્વત્થામાની પ્રશંસા કરતા હતા.[૧૯૦]

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધની ભયંકરતા' એ વિષયનો અધ્યાય ૧૫૬ મો સમાપ્ત

અધ્યાય ૧૫૭ મો

સોમદત્ત, બાહ્લિક, નાગદત્ત આદિ કુરુઓનો વધ

॥ संजय उवाच ॥

द्रुपदस्यात्मजान् दृष्ट्वा कुंतिभोजसुतांस्तथा ।
द्रोणपुत्रेण निहतान् राक्षसांश्च सहस्रशः ॥१॥

સંજયે કહ્યું:-દ્રુપદરાજાના પુત્રોને, કુંતિભોજના પુત્રોને તથા હજારો રાક્ષસોને અશ્વત્થામાએ મારી નાખેલા જોઇ, યુધિષ્ઠિર, ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ આદિ યોદ્ધાઓ સાવધાન થઇને યુદ્ધ કરવામાટેજ મનમાં નિશ્ચયવાળા થયા.[૧,૨] એ યુદ્ધમાં ઘૂમી રહેલા સાત્યકિને જોઇને સોમદત્ત ફરીથી ક્રોધાયમાન થઇ ગયો અને હે ભારત! મોટી બાણવૃષ્ટિ કરીને તેને રણમાં છાઇ દેવા લાગ્યો.[૩] તે સમયે વિજયની ઇચ્છાવાળા તમારા અને શત્રુયોદ્ધાઓનું અતિ ભયંકર ઘોર યુદ્ધ થઇ રહ્યું હતું.[૪] પછી સોમદત્તને સામે ધસી આવતો જોઇ ભીમસેન, સાત્યકિને સહાય કરવામાટે સુવર્ણના પુંખવાળાં અને સરાણપર સજેલાં દશ બાણોવડે તેને વિંધવા લાગ્યો;[૫] એટલે સોમદત્તે પણ તે વીરને સો બાણોનો સામો પ્રહાર કર્યો. તે જોઇ સાત્યકિ ક્રોધ્યો. પુત્રોના દુઃખથી પીડાયેલા તથા નહુષરાજાના પુત્ર યયાતિની પેઠે મોટા મોટા ગુણોથી યુક્ત એવા વૃદ્ધ સોમદત્તને તેણે વજ્રના ઘા સરખાં તીક્ષ્ણ દશ બાણોવડે વિંધી નાખ્યા.[૬-૭] વળી એક શક્તિના પ્રહારથી તેને ઘાયલ કરી નાખી બીજાં સાત બાણોનો પુનઃ પ્રહાર કર્યો. બીજી તરફથી ભીમસેને પણ સાત્યકિને મદદ કરવામાટે સોમદત્તના મસ્તકપર મજબૂત, નવું અને ઘોર એવું પરિઘ માર્યું; અને વળી સાત્યકિએ પણ અગ્નિસરખું તેજસ્વી તથા સુંદર પીછાંવાળું મોટું તીક્ષ્ણ બાણ ક્રોધે ભરાઇને સોમદત્તને છાતીમાં માર્યું. હે વીર રાજા! ભીમસેનનું ઘોર પરિઘ તથા સાત્યકિનું ઘોર બાણ, એ બન્ને સોમદત્તના શરીરપર એકીસાથે પડયાં; જેથી તે મહારથી ધરણીપર ઢળી પડયો. પોતાનો પુત્ર જ્યારે બેભાન થયો, ત્યારે બાહ્લિક રાજા તે સાત્યકિસામે ધસ્યો અને પ્રલયકાળે વરસતા મેઘની પેઠે બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. તે જોઇ ભીમસેન, સાત્યકિને સહાય કરવામાટે નવ બાણો મૂકીને એ મહાત્માને રણના મોખરામાં વિંધી નાખવા લાગ્યો. એ વેળા પ્રાતિપેય બાહ્લિકને ઘણોજ ક્રોધ ચઢયો અને ઇન્દ્ર જેમ વજ્રનો પ્રહાર કરે, તેમ તે મહાબાહુએ ભીમસેનની છાતીમાં શક્તિનો સખ્ત પ્રહાર કર્યો. એ પ્રહારથી ભીમસેન કંપાયમાન થઇ મૂર્ચ્છિત થઇ ગયો;[૮-૧૪] પણ તેજ ક્ષણે ફરી ભાનમાં આવીને ભીમસેને બાહ્લિકના પર ગદાનો ઝૂટો ઘા કર્યો. તુરતજ તે ગદાએ બાહ્લિક રાજાનું મસ્તક ભાગી નાખ્યું; જેથી વજ્રથી ભાંગી પડેલો મોટો પર્વત પડે, તેમ તે મરણ પામીને પૃથ્વીપર પછડાયો. હે પુરુષશ્રેષ્ઠ રાજા! એ પ્રમાણે વીર બાહ્લિક રાજા જ્યારે મરણ પામ્યો, ત્યારે સાક્ષાત્ રામચંદ્રસરખા તમારા દશ પુત્રો ભીમસેનસામે ચઢી આવ્યા. નાગદત્ત, દૃઢરથ, મહાબાહુ, અયોભુજ, દૃઢ, સુહસ્ત, વિરજા, પ્રમાથી, ઉગ્ર અને અનુયાયી, આ દશેય ભાઇઓ ભીમસેનને બાણો મારવા લાગ્યા; પણ તત્કાળ ભીમસેને તેઓને બાણો મારીને વિંધી નાખ્યા, જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચંડ વાયુએ ભાંગી નાખેલાં વૃક્ષો જેમ પર્વતના શિખરપરથી પડે, તેમ તે સર્વ ભાઇઓ પ્રાણ અને તેજથી રહિત થઇને રથપરથી પૃથ્વીપર ગબડી પડયા. એ પ્રમાણે તમારા દશેય પુત્રોને દશ નારાચબાણોથી મારી નાખી ભીમસેન, કર્ણના પ્રિયપુત્ર વૃષસેનના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. તે જોઇ કર્ણનો પ્રસિદ્ધ ભાઇ વૃકરથ, કેટલાંએક નારાચ બાણોવડે ભીમસેનને પ્રહાર કરવા લાગ્યો; એટલે બળવાન ભીમસેન તેના તરફ પણ ધસ્યો. હે ભરતવંશી રાજા! વીર ભીમસેને તમારા સાત મહારથી સાળાઓને રણમાં રોળી નાખી કેટલાંએક નારાચબાણોવડે શતચંદ્રને પણ મારી નાખ્યો; ત્યારે શકુનિના વીર ભાઈઓ–ગવાક્ષ, શરભ, વિભુ, સુભગ અને ભાનુદત્ત–આ પાંચ મહારથો, મહારથી શતચંદ્રને મરણ પામેલો સાંખી શકયા નહિ.[૧૫–૨૪] તેઓ ભીમસેનસામે ધસી ગયા અને તીક્ષ્ણ બાણોથી પ્રહાર કરવા મચી પડયા. પર્વતપર જેમ અવિચ્છિન્ન વૃષ્ટિ કરવામાં આવે, તેમ ભીમસેનપર નારાચ બાણોનો જ્યારે સખ્ત મારો ચલાવવામાં આવ્યો, ત્યારે તે બળવાન ભીમસેને માત્ર પાંચ બાણો મૂકીને તે પાંચેય અતિરથીઓને મારી નાખ્યા. એ રીતે તે વીરોને માર્યા ગયેલા જોઇ કૌરવપક્ષના મોટા મોટા રાજાઓ ખળભળી ઉઠયા.[૨૫,૨૬] તે પછી રાજા યુધિષ્ઠિરને ક્રોધ ચઢયો અને તેમણે દ્રોણાચાર્ય અને તમારા પુત્રોના દેખતાં તમારા સૈન્યનો સંહાર કરવા માંડયો.[૨૭] એ યુદ્ધમાં કોપેલા યુધિષ્ઠિરે અંબષ્ઠો, માલવો, શૂરા ત્રિગર્તો અને શિબિઓને પણ મૃત્યુલોકમાં મોકલી દીધા.[૨૮] વળી અભીષાહો, શૂરસેનો બાહ્લિકો તથા વસાતિઓને પણ કાપી નાખીને રાજા યુધિષ્ઠિરે રણભૂમિપર લોહીનો કાદવ જમાવી દીધો.[૨૯] હે રાજન્! યુધિષ્ઠિરે બાણોનો માર મારી યુદ્ધકુશળ માલવોને તથા શૂરવીર મદ્રકયોદ્ધાઓની ટુકડીઓને યમલોકમાં વિદાય કરી દીધી.[૩૦] એ સમયે યુધિષ્ઠિરના રથસામે "મારો, ખેંચો, પકડો, વિંધી નાખો, કાપી નાખો" એ પ્રમાણેનો તુમુલ શબ્દ થઇ રહ્યો હતો.[૩૧] આ રીતે સૈન્યોને રણમાંથી હાંકી કાઢતા રાજા યુધિષ્ઠિરને જોઇને તમારા પુત્રે દ્રોણાચાર્યને પ્રેરણા કરી એટલે તુરત તેમણે બાણોની વૃષ્ટિ કરવા માંડી; અને પરમ ક્રોધાયમાન થયેલા દ્રોણાચાર્યે, વાયવ્યાસ્ત્રથી યુધિષ્ઠિરરાજાને વિંધી નાખ્યા; ત્યારે તેમણે પણ સામો અસ્ત્રપ્રયોગ કરી તે દિવ્ય અસ્ત્રનો નાશ કર્યો.[૩૩] પોતાનું તે અસ્ત્ર જ્યારે નાશ પામ્યું, ત્યારે પરમ ક્રોધાયમાન થયેલા આચાર્યે પાંડુનંદન યુધિષ્ઠિરને મારી નાખવાની ઇચ્છાથી અનુક્રમે વારુણ, યામ્ય, આગ્નેય, ત્વાષ્ટ્ર અને સાવિત્ર નામનાં દિવ્ય અસ્ત્રો ફેંકવા માંડયા; પણ મહાબાહુ ધર્મપુત્રે તે સર્વ ફેંકેલાં તથા ફેંકાતાં અસ્ત્રોનો લગારે ત્રાસ પામ્યાવિના નાશ કરી નાખ્યો. પછી પોતાની પ્રતિજ્ઞાને સત્ય કરવાની ઇચ્છાથી અને તમારા પુત્રનું હિત કરવામાં આસક્ત થઇ ધર્મપુત્રને મારી નાખવાની ઇચ્છાથી, કળશમાં જેની ઉત્પત્તિ થઇ હતી એવા તે આચાર્યે, ઇંદ્રાસ્ત્ર અને પ્રાજાપત્યાસ્ત્ર પ્રકટ કર્યું.[૩૪–૩૭] એટલે હાથી અને સિંહસમાન ગતિ કરનારા, વિશાળ વક્ષઃસ્થળવાળા, મોટી મોટી લાલચોળ આંખોવાળા અને મહાતેજસ્વી કુરુપતિ યુધિષ્ઠિરે માહેન્દ્ર નામનું એક બીજું અસ્ત્ર પ્રકટ કર્યું અને તે અસ્ત્રથી દ્રોણાચાર્યના ઇન્દ્રાસ્ત્રનો નાશ કર્યો.[૩૮] આમ જ્યારે પોતાનાં સર્વ અસ્ત્રો નાશ પામવા માંડયાં, ત્યારે દ્રોણાચાર્ય ઘણા ખીજવાઇ ગયા. તેમણે યુધિષ્ઠિરરાજાનો વધ કરવામાટે બ્રહ્માસ્ત્ર પ્રગટ કર્યું.[૩૯] તે અસ્ત્રના પ્રગટ થવાના સમયે બધી રણભૂમિ ઘોર અંધકારથી છવાઈ ગઈ હતી, જેથી મારા જોવામાં કંઇપણ આવી શકયું નહિ; પણ હે રાજા! સર્વ ભૂતો તે વખતે મોટા ભયમાં આવી પડયાં હતાં.[૪૦] પછી એ બ્રહ્માસ્ત્રને પોતાની સામે ઉદય પામેલું જોઇ, કુંતીપુત્ર યુધિષ્ઠિરે પણ બ્રહ્માસ્ત્રજ પ્રગટ કર્યું અને દ્રોણાચાર્યના બ્રહ્માસ્ત્રને અટકાવી દીધું.[૪૧] તે વેળા સૈન્યના મુખ્ય મુખ્ય યોદ્ધાઓ, પુરુષશ્રેષ્ઠ દ્રોણ અને યુધિષ્ઠરનાં એકેઅવાજે વખાણ કરવા લાગ્યા કે, "ખરેખર બન્ને જણા મહાધનુર્ધરો છે અને સર્વ જાતનાં યુદ્ધો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં કુશળ છે."[૪૨] તે પછી હે ભારત! દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને છોડીને દ્રુપદરાજાની સેના તરફ ધસી ગયા; અને ક્રોધથી લાલ નેત્રો કરી વાયવ્યાસ્ત્રવડે તે સેનાનો નાશ કરવા લાગ્યા. દ્રોણાચાર્યના પ્રહારથી વધ કરતા પાંચાલયોદ્ધાઓ ભયભીત થઈને ભીમસેન અને અર્જુનના દેખતાં રણમાંથી નાસભાગ કરવા લાગ્યા. તે જોઇ અર્જુન તથા ભીમસેનમોટીરથીયોદ્ધાઓની ટુકડીઓને સાથે લઇ કૌરવસૈન્યને ઘેરી વળ્યા; અને દ્રોણાચાર્યની જમણી બાજુમાં તથા ડાબી બાજુમાં આવીને સંખ્યાબંધ બાણોની મોટી વૃષ્ટિ કરવા લાગ્યા.[૪૫,૪૬] વળી કેકયો, સૃંજયો, મહાતેજસ્વી પાંચાલો, મત્સ્યો અને યાદવો પણ ભીમ તથા અર્જુનની પાછળ પાછળ દ્રોણાચાર્યપર ચઢી આવ્યા હતા.[૪૭]

એ રીતે અર્જુને, તે ભારતી સેનાનો સંહાર કરવા માંડયો; ત્યારે અંધકાર અને નિદ્રાના આવેશને લીધે ફરી તેમાં ભંગાણ પડયું. હે મહારાજા! દ્રોણાચાર્યે તથા તમારા પુત્રે તમારા યોદ્ધાઓને યુદ્ધમાટે ઘણા ઘણા વાર્યા, પણ આખરે તેઓને વારી શકાયાજ નહિ.[૪૯]

ઇતિશ્રી મહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં દ્રોણાચાર્ય અને યુધિષ્ઠિરનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૫૭ મો સમાપ્ત

અધ્યાય ૧૫૮ મો

કર્ણ અને કૃપાચાર્યનો વચનકલહ

॥ संजय उवाच ॥

उदीर्यमाणं तद्दृष्ट्वा पांडवानां महद्बलम् ।
अविषह्यं च मन्वानः कर्णं दुर्योधनोऽब्रवीत् ॥

સંજયે કહ્યું:-પાંડવોના મહાન સૈન્યને આગળ વધતું જોઇ તથા તેને સહન કરવું અશક્ય માની દુર્યોધને કર્ણને આ પ્રમાણે કહ્યું:-[૧]" હે મિત્રપ્રિય કર્ણ! મિત્રોને સહાય કરવાનો આ ખરો સમય આવી પહોંચ્યો છે. આ યુદ્ધમાં આપણા સર્વ મહારથી યોદ્ધાઓનું હવે તું રક્ષણ કર.[૨] જો, જો. પાંચાલો, મત્સ્યો, કેકયો અને મહારથી પાંડવો, છંછેડાયલા સર્પોની પેઠે ફુંફાડા મારીને આપણા યોદ્ધાઓને ચોતરફથી ઘેરી વળ્યા છે.[૩] વળી આ પાંડવો રણમાં વિજયી બનીને હર્ષની ગર્જનાઓ કરે છે તથા ઇંદ્રસરખા બળીઆ પાંચાલોના અનેક મહારથીઓ સિંહનાદો કરી રહ્યા છે."[૪]

તે સાંભળી કર્ણે કહ્યું:-" આ રણમાં સાક્ષાત્ ઇંદ્રદેવ જો કદાચ અર્જુનનું રક્ષણ કરવા આવશે તોપણ હું તેનો પરાજય કરીશ અને અર્જુનને શીઘ્ર હણી નાખીશ.[૫] હે ભરતવંશી રાજા! તું શાંત થા. આ તારી પાસે હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે, મારીસામે આવેલા પાંડુના પુત્રોને તથા સર્વ પાંચાલોને હું જરૂર મારીશ; અને કાર્તિકસ્વામીએ ઇંદ્રને જેમ વિજય અપાવ્યો હતો, તેમ હું તને વિજય અપાવીશ. હે રાજન્! મારે તારૂં પ્રિય કરવું છે, આવા કારણથીજ હું જીવી રહ્યો છું.[૭] પાંચેય પાંડવોમાં અર્જુન બધા કરતાં અધિક બળવાન છે, માટે તેની સામે ઇંદ્રે નિર્માણ કરેલી મારી આ અમોઘ શક્તિ ફેંકીશ.[૮] હે માનનીય રાજા! મહાધનુર્ધર તે અર્જુન મારી શક્તિના પ્રહારથી જ્યારે માર્યો જશે, ત્યારે તેના બીજા ભાઇઓ તારે વશ થશે અથવા ફરીથી વનમાં ચાલ્યા જશે;[૯] માટે હે કુરુરાજ! હું જ્યાંસુધી જીવતો છું, ત્યાંસુધી તારે જરાપણ ખેદ કરવો નહિ. એકત્ર થયેલા સર્વ પાંડવોને હું આ યુદ્ધમાં જીતીશ[૧૦] અને વળી મારી સામે આવેલા પાંચાલો, કેકયો અને સર્વ યાદવોને પણ બાણસમૂહોથી કાપી નાખી આ ભૂમિ તને સોંપીશ, માટે તું ગભરા નહિ."[૧૧]

સંજયે કહ્યું:-કર્ણે એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે શારદ્વત મહાબાહુ કૃપાચાર્યે, મશ્કરી કરીને હસતાં હસતાં કર્ણને કહ્યું:-" વાહ, વાહ, અલ્યા કર્ણ! તેં બહુ ઠીક કહ્યું હોં! આ બિચારો કુરુરાજ તારાવડેજ ઘણીયાતો છે; પણ ઓ રાધાપુત્ર! તારા જેવા ઘણીને આગળ કરી જો બોલવામાત્રથીજ કામ થઇ જતું હોય તો તો શું જોઇએ![૧૨,૧૩] હે કર્ણ! તું આ કુરુરાજાની પાસે બડાઇઓ તો ઘણી મોટી મોટી હાંકે છે; પરંતુ તારૂં એવું કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરાક્રમ અથવા ફળ તો ક્યાંયે દેખાતું નથી. અમે પાંડુના પુત્રોની સાથે તારો અનેકવાર સમાગમ જોયો છે, પણ તે સર્વ સમાગમોમાં પાંડવોએ તને હરાવ્યોજ છે.[૧૫] વળી ઓ કર્ણ! જે સમયે ગંધર્વો આ દુર્યોધનરાજાને જ્યારે બાંધી જકડીને ઉઠાવી જતા હતા, ત્યારે બિચારાં સર્વ સૈન્યોએ યુદ્ધ કર્યું હતું; પણ તું તો સૌની આગળ થઇને એકલોજ પલાયન કરી ગયો હતો. (તે શું?)[૧૬] તેમજ વિરાટનગરમાં પણ સર્વ એકઠા મળેલા કૌરવોને અર્જુને જીતી લીધા હતા અને તારો પોતાનો પણ તારા ભાઇસહિત યુદ્ધમાં પરાજય કર્યો હતો. (તે વેળા તારૂં પરાક્રમ ક્યાં ગયું હતું?) અરે! અર્જુન એકલાની આગળ પણ રણાંગણમાં ઉભો રહેવાને તું સમર્થ નથી, તો કૃષ્ણસહિત સર્વ પાંડવોને જીતવાનો તું કેમ ઉત્સાહ કરે છે? માટે હે કર્ણ! કંઇ બોલ્યાવિના ચૂપચાપ યુદ્ધ કર્યા કર. વ્યર્થ નકામા બહુ બકવાદ શામાટે કરે છે? બહુ બોલ્યાવિના જે પરાક્રમ કરી દેખાડવું તેજ ખરેખરૂં સત્પુરુષોનું વ્રત છે.[૧૯] હે સૂતપુત્ર! શરદ્ઋતુના મેઘની પેઠે નિષ્ફળ ગાજીને તું તદ્દન નકામોજ દેખાય છે; છતાં રાજા દુર્યોધન કંઇ સમજતો નથી.[૨૦] હે કર્ણ! જ્યાંસુધી તને અર્જુનનાં દર્શન થયાં નથી, ત્યાંસુધી ગાજવું હોય તેટલું ગાજી લે; પણ અર્જુનને સમીપમાં જોઇને તારૂં ગાજવું દુર્લભ થઇ પડશે.[૨૧] જ્યાંસુધી તને અર્જુનનાં બાણોનો ભેટો થયો નથી, ત્યાંસુધી તું ગાજ્યા કર! પણ જ્યારે અર્જુનનાં બાણોથી તું વિંધાઇ જઇશ, ત્યારે તારૂં ગાજવું અશકય થઇ પડશે.[૨૨] ખરેખર! ક્ષત્રિયો બાહુઓથી શૂરા કહેવાય છે, બ્રાહ્મણો વાણીથી શૂરા કહેવાય છે, અર્જુન ધનુષ્યથી શૂરો કહેવાય છે અને ઓ કર્ણ! તું તો માત્ર મનોરથોથીજ શૂરો છે.[૨૩] અરે, જરા તો વિચાર કર, કે જેણે સાક્ષાત્ રુદ્રદેવને પણ યુદ્ધ આપી પ્રસન્ન કર્યા છે, તે અર્જુનને કોણ મારી શકે તેમ છે?"

એ રીતે કૃપાચાર્યે વાક્પ્રહારથી કર્ણને જ્યારે કોપાવ્યો, ત્યારે, યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવો તે કર્ણ કૃપાચાર્યપ્રત્યે બોલી ઉઠયોઃ–"વર્ષાઋતુમાં મેઘો જેવી ગર્જનાઓ કરે છે, તેવી શૂરા પુરુષો પણ નિત્ય ગર્જનાઓ કરે છે; અને તે ઋતુમાં વાવેલું બીજ જેમ તત્કાળ ફળ આપે છે, તેમ શૂરાઓ પણ શીઘ્ર ફળ આપે છે. રણના મોખરામાં ઉભા રહી યુદ્ધના મહાન ભારને જો ઉઠાવતા હોય અને તેમાં જો તેઓ આત્મશ્લાઘા કરતા હોય, તો એ શૂરાઓ જરા પણ દોષપાત્ર નથી એમ મને લાગે છે. પુરુષ જે ભારને ઉઠાવવા માટે મનમાં નિશ્ચય કરે છે, તેમાં તેને દૈવ અવશ્ય સહાય કરે છે. વળી હું તો ઉદ્યોગને સાથે રાખી આ ભારને ઉઠાવવા ધારૂં છું અને યુદ્ધમાં સાત્યકિ તથા કૃષ્ણસહિત પાંડવોનો નાશ કરી જો ગર્જના કરૂં તો હે બ્રાહ્મણ! તેમાં તમને શું નુકશાન થાય છે? જે પુરુષો શૂરા અને પંડિત છે, તેઓ શરદ્ઋતુના મેઘોની પેઠે વૃથા ગર્જના કરતા નથી; પણ પોતાનું સામર્થ્ય જાણ્યા પછીજ ગાજે છે. હે ગૌતમવંશી બ્રાહ્મણ! હું રણમાં સજ્જ થયેલા કૃષ્ણને તથા અર્જુનને જીતવાનો મનમાં ઉત્સાહ ધરાવું છું અને પછીજ આ પ્રમાણે ગાજું છું.[૩૧] હે બ્રાહ્મણ! મારી આ ગર્જનાનું ફળ તું જોજે. આ રણમાં કૃષ્ણ, સાત્યકિ અને બીજા કેટલાએક અનુચરોસહિત પાંડવોનો નાશ કરી હું તદ્દન નિષ્કંટક થયેલી આ પૃથ્વીને દુર્યોધનરાજાને સમર્પણ કરીશ."

આ સાંભળી કૃપાચાર્યે કહ્યુંઃ–"હે સૂતપુત્ર! આ તારા મનોરથના બકવાદો મારા માન્યામાં આવતા નથી. તું આ રીતે અર્જુન, શ્રીકૃષ્ણ અને પાંડુપુત્ર ધર્મરાજાનો સદા આક્ષેપ કર્યાજ કરે છે; પણ સમજતો નથી કે, યુદ્ધકુશળ અર્જુન તથા શ્રીકૃષ્ણ જે સ્થળે હોય છે, તે સ્થળે વિજય અવશ્ય હોય છે.[૩૨–૩૪] શ્રીકૃષ્ણ અને અર્જુનને દેવો, ગંધર્વો, યક્ષો, મનુષ્યો, સર્પો અને રાક્ષસો રણમાં કવચધારી થઇને આવ્યા હોય તોપણ જીતી શકે તેમ નથી;[૩૫] અને વળી ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા બ્રાહ્મણભક્ત, સત્યવચની, જિતેન્દ્રિય, ગુરુદેવનો પૂજક, નિત્ય ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં આસક્ત, વિશેષે કરી અસ્ત્રકુશળ, ધૈર્યવાન અને કૃતજ્ઞ છે; તથા તેના ભાઇઓ પણ બળવાન અને સર્વ અસ્ત્રોમાં પરિશ્રમ કરી ચૂકેલા છે;[૩૬,૩૭] એટલુંજ નહિ પણ તેઓ ગુરુસેવામાં તત્પર, બુદ્ધિમાન, નિત્ય ધર્માચરણી, યશસ્વી, અનેક સંબંધોવાળા, ઇન્દ્રસરખા પરાક્રમી, અતિ પ્રેમ ધરાવનારા અને યુદ્ધમાં સારી રીતે પ્રહાર કરનારા છે.[૩૮] વળી ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, દૌર્મુખિ, જનમેજય, ચંદ્રસેન, રુદ્રસેન, કીર્તિધર્મા, ધ્રુવ, અધર, વસુચંદ્ર, દામચંદ્ર, સિંહચંદ્ર અને સુતેજન આદિ દ્રુપદના પુત્રો તથા મોટાં મોટાં અસ્ત્રોને જાણનારો દ્રુપદરાજા પોતે પણ જે પાંડવોમાટે યુદ્ધ કરવા સજ્જ થયો છે; તેમજ પુત્રોસહિત મત્સ્યરાજા (વિરાટ), શતાનીક, સૂર્યદત્ત, શ્રુતાનીક, શ્રુતધ્વજ, બલાનીક, જયાનીક, જયાશ્વ, રથવાહન, ચંદ્રોદય તથા સમરથ નામના વિરાટરાજાના સુંદર ભાઇઓ અને નકુળ, સહદેવ, દ્રૌપદીના પુત્રો તથા રાક્ષસ ઘટોત્કચ જેઓને માટે યુદ્ધ કરે છે તેઓનો કદી નાશ થવાનો નથી.[૩૮-૪૩] વળી આ સિવાયના બીજા ઘણા યોદ્ધાઓ યુધિષ્ઠિરરાજાની સહાયમાં છે. અરે! એકલા ભીમસેન અને અર્જુનજ જો ધારે તો દેવો, અસુરો, મનુષ્યો, યક્ષો, રાક્ષસો, ભૂતગણો, સર્પો અને હાથીઓસહિત આ સર્વ જગતનો પોતાનાં અસ્ત્રોનાપરાક્રમથી સંહાર કરી શકે તેમ છે.[૪૪,૪૫] વળી એકલા યુધિષ્ઠિરરાજા પણ પોતાની ઘોર દૃષ્ટિથી આ સમગ્ર પૃથ્વીને બાળી શકે તેમ છે તથા અમાપ બળવાળા શ્રીકૃષ્ણ જેઓને માટે કવચધારી થયા છે તેવા તારા શત્રુઓનો હે કર્ણ! રણમાં પરાજય કરવામાટે તું કેમ ઉત્સાહ ધરે છે? ઓ સૂતપુત્ર! તું આ રણમાં શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કરવા ઉત્સાહ રાખે છે, એ અવશ્ય તારી એક મોટી મૂર્ખતા-ભૂલજ છે."

સંજયે કહ્યું:-હે ભરતશ્રેષ્ઠ રાજા! કૃપાચાર્યના એ કથનપર રાધાપુત્ર કર્ણ ખડખડાટ હસ્યો અને શારદ્વત ગુરુ કૃપાચાર્યપ્રત્યે તે આ પ્રમાણે બોલ્યો:-" હે બ્રહ્મન્! પાંડવોને ઉદ્દેશીને તમે જે વચન કહ્યું તે સત્ય છે. ખરેખર! પાંડવોમાં તમારા કહેવા પ્રમાણેના ગુણો અને તેથી પણ અધિક ગુણો છે. વળી હું જાણું છું કે, ઇંદ્રસહિત દેવો, દૈત્યો, યક્ષો, ગંધર્વો, પિશાચો, સર્પો કે રાક્ષસો પણ પાંડવોને યુદ્ધમાં જીતી શકે તેમ નથી; તોપણ હું માનું છું કે, ઇન્દ્રે આપેલી શક્તિથી હું પાંડવોને જીતીશ. હે બ્રાહ્મણ! આ અમોઘ શક્તિને મને ઇન્દ્રે આપેલી છે. આ શક્તિથી હું અર્જુનનો વધ કરીશ. અર્જુન જ્યારે માર્યો જશે, ત્યારે એના બીજા ભાઇઓ અર્જુનવિનાના થઇને પૃથ્વીને ભોગવવા કદી સમર્થ થશે નહિ.[૪૬-૫૩] હે ગૌતમવંશી! પછી તેઓ સર્વનો વિનાશ થતાં સમુદ્રપર્યંતની આ સઘળી પૃથ્વી વિનાપ્રયાસે કૌરવરાજાને સ્વાધીન થઇ રહેશે;[૫૪] અને એટલું તો ચોક્કસ છે કે, ઉત્તમ ઉપાયો યોજવાથી આ જગતમાં સર્વ અર્થો સિદ્ધ કરી શકાય છે, એમાં સંશય નથી. હે ગૌતમ! આ અર્થને બરાબર સમજીનેજ હું ગર્જના કરૂં છું.[૫૫] વળી તમે બ્રાહ્મણ છો, હવે તો વૃદ્ધ થયા છો અને તેથીજ યુદ્ધ કરવામાં અશક્ત પણ છો. પાંડવોપરના સ્નેહની લાગણીથી કેવળ મોહવશ થઇનેજ મારૂં અપમાન કરો છો;[૫૬] પણ યાદ રાખજે ઓ દુષ્ટબુદ્ધિના બ્રાહ્મણ! હવે ફરીથી આવું અપ્રિય વચન જો તું મને કહીશ, તો આ તરવારને ઉંચકીને તારી જીભ કાપી લઇશ.[૫૭] ઓ દુર્મતિ વિપ્ર! આ રણમાં તું પાંડવોની સ્તુતિ કરવા ઇચ્છે છે અને કૌરવોનાં સર્વ સૈન્યોને ભયભીત કરી નાખે છે;[૫૮] પણ આ બાબતમાં પણ તને હું યથાર્થ વાકય કહું છું, તે સાંભળ:- "હે દ્વિજ! દુર્યોધન, દ્રોણાચાર્ય, શકુનિ, દુર્મુખ, જય, દુઃશાસન, વૃષસેન, મદ્રરાજા, તું, સોમદત્ત, ભૂરિ, અશ્વત્થામા અને વિવિંશતિ- આ સર્વ યુદ્ધકુશળ યોદ્ધાઓ કવચો ધારણ કરીને જ્યાં સજ્જ થઇ ઉભા રહે ત્યાં ઇન્દ્રસરખો બળવાન એવો કયો નરશત્રુ વિજય મેળવી શકે?[૫૯-૬૧] મેં ગણાવેલા સર્વ યોદ્ધાઓ, શૂરા છે, અસ્ત્રકુશળ છે, બળવાન છે, સ્વર્ગને મેળવવા ઇચ્છે છે, ધર્મને સમજે છે તથા યુદ્ધ કરવામાં પણ ઘણા નિપુણ છે. અરે! તેઓ જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ ધારે તો દેવોને પણ યુદ્ધમાં હણી શકે તેવા છે.[૬૨] આ સર્વ યોદ્ધાઓ, પાંડવોનો વધ કરવાની ઇચ્છાથી તથા કુરુરાજાના વિજયની આકાંક્ષા રાખી કવચો પહેરી પહેરીને સંગ્રામમાં ઉભા રહેશે;[૬૩] છતાંએ હું માનું છું કે, અતિબળવાન પુરુષોનો પણ યુદ્ધમાં જય થવો તે તો દૈવાધીન છે, કારણકે જ્યાં મહાબાહુ ભીષ્મ જેવા પણ સેંકડો બાણોથી વિંધાઇ જઈને રણમાં સૂતા છે; તેમજ વળી વિકર્ણ, ચિત્રસેન, બાહ્લિકરાજા, જયદ્રથ, ભૂરિશ્રવા, જય, જલસંધ, સુદક્ષિણ, રથીઓમાં શ્રેષ્ઠ શલ અને વીર્યવાન ભગદત્ત–આ બધા રાજાઓ; તથા એ સિવાયના બીજા દેવોએ પણ જીતવા અશક્ય મહારાજાઓ કે જેઓ યુદ્ધમાં શૂરા હતા અને પાંડવો કરતાં પણ અતિશય બળવાન હતા તેઓને પણ પાંડવોએ જો મારી નાખ્યા, તો તેમાં ઓ અધમ પુરુષ! દૈવયોગ સિવાય બીજું તું શું માને છે?"[૬૫–૬૭] અને વળી અલ્યા ઓ બ્રાહ્મણ! દુર્યોધનના જે શત્રુઓની તું સતત સ્તુતિ કર્યા કરે છે,તેઓના પણ સેંકડો અને હજારો શૂરાઓ આ રણમાં હણાયા છે;[૬૮] તેમજ વર્તમાનકાળમાં પણ કુરુઓનાં તથા પાંડવોનાં સર્વ સૈન્યોનો સાથેજ ક્ષય થાય છે, તો તેમાં પાંડવોનો કોઇ જાતનો પ્રભાવ હોય એમ મને જરાએ દેખાતું નથી;[૬૯] છતાં ઓ નીચ બ્રાહ્મણ! તું જેઓને નિત્ય બળવાન માને છે, તેઓની સાથેજ રણમાં યુદ્ધ કરવામાટે હું યથાશક્તિ યત્ન કરીશ; અને દુર્યોધનના હિતને માટેજ મારાથી બનતી કોશીશ કરવા મથીશ, તોપણ જય તો દૈવાધીનજ છે."

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં કૃપાચાર્ય અને કર્ણના વાક્ય' એ વિષયનો અધ્યાય ૧૫૮ મો સમાપ્ત

અધ્યાય ૧૫૯ મો

કર્ણને પોતાના અભિમાનનું મળેલું ફળ

॥ संजय उवाच ॥

तथाऽपरुषितं दृष्ट्वा सूतपुत्रेण मातुलम् ।
खड्गमुद्यम्य वेगेन द्रौणिरभ्यपतद् द्रुतम्॥१॥

સંજયે કહ્યું:–સૂતપુત્ર કર્ણે એ પ્રમાણેનાં કઠોર વચનો કહી પોતાના મામાનો તિરસ્કાર કર્યો, તે જોઇ અશ્વત્થામા, હાથમાં તરવાર ઉંચી કરીને વેગપૂર્વક કર્ણસામે ધસ્યા.[૧] જેમ કોઇએક સિંહ મદમત્ત હાથીસામે ચઢી જાય, તેમ પરમ કોપેલા અશ્વત્થામા, કુરુરાજાના દેખતાં કર્ણસામે ચઢી ગયા.[૨]

અશ્વત્થામાએ કહ્યું:– "ઓ અતિ દુષ્ટ બુદ્ધિના નરાધમ! અર્જુનના સત્ય ગુણોનું કથન કરતાં મારા શૂરા મામાનો દ્વેષને લીધે તું તિરસ્કાર કરે છે;[૩] અને સર્વ લોકમાં એક ધનુર્ધર-તરીકે પોતાના શૌર્યથીજ પંકાયેલા કોઇ પુરુષને તું ગણકારતો નથી; તથા મહાન ગર્વને વશ થઈ કેવળ પોતાનીજ બડાઈ મારે છે;[૪] પણ હું તને પૂછું છું કે, આજનાજ યુદ્ધમાં તારો પરાજય કરી અર્જુને તારી સમક્ષ જયદ્રથરાજાને જ્યારે મારી નાખ્યો, ત્યારે તારૂં પરાક્રમ અને અસ્ત્રો ક્યાં ઉંધી ગયાં હતાં?[૫] ઓ અધમ સૂતપુત્ર! જેણે પૂર્વે સાક્ષાત્ મહાદેવની સાથે યુદ્ધ કર્યું છે, તે અર્જુનને કેવળ વૃથા મનોરથમાત્રથી તું જીતવા ઇચ્છે છે, પણ તે તદ્દન અશક્ય છે.[૩] શ્રીકૃષ્ણની સાથે રહેલા અને સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ તે અર્જુનને ઇંદ્રસહિત દેવો કે અસુરો પણ જીતવા સમર્થ નથી;[૭] તો પછી હે દુષ્ટબુદ્ધિ કર્ણ! લોકમાં એકજ વીર ગણાતા તે અજિત અર્જુનને આ સર્વ માયકાંગલા રાજાઓને સાથે રાખીને પણ તું ક્યાંથી જીતવાનો છે?[૮] ઓ દુષ્ટબુદ્ધિ નરાધમ! હવે તું ઉભો રહેજે અને જોજે. હું પોતેજ આજે તારા મસ્તકને આ પગલેજ ધડપરથી જૂદું પાડું છું."

સંજયે કહ્યું:–એમ કહીને અશ્વત્થામા તો તરવાર ઉગામીને કર્ણસામા ધાયાજ; એટલે રાજા દુર્યોધને પોતે તથા મનુષ્યોમાં શ્રેષ્ઠ મહાતેજસ્વી કૃપાચાર્યે તેમને અટકાવ્યા.[૧૦]

પછી કર્ણે કહ્યું:–"આ નીચ બ્રાહ્મણ શૂરો છે અને રણમાં વખણાયો છે, તોપણ દુષ્ટબુદ્ધિનો છે. હે કુરુરાજા! તમે એને છૂટો મૂકી દો. ભલે, તે પણ આજે મારા બળનો સ્વાદ ચાખે."

તે સાંભળી અશ્વત્થામાએ કહ્યું:–"અરે ઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચબુદ્ધિના સૂતપુત્ર! અમે તો તને ક્ષમા આપીએ છીએ; પણ તારા આ વૃદ્ધિ પામેલા ગર્વનો અર્જુન નાશ કરશે."[૧૨]

આમ અશ્વત્થામા અને કર્ણવચ્ચે ટપાટપી થતી હતી, ત્યાં વચમાંજ દુર્યોધને કહ્યું:-" હે આનદ અશ્વત્થામા! પ્રસન્ન થાઓ,પ્રસન્ન થાઓ. તમારે તો હમેશાં ક્ષમા કરવીજ યોગ્ય છે; પણ સૂતપુત્રના પ્રત્યે કોઇ રીતે કોપ નજ કરવો જોઇએ.[૧૩] હે ઉત્તમ બ્રાહ્મણ! તમારા, કર્ણના, કૃપાચાર્યના, દ્રોણાચાર્યના, મદ્રરાજાના તથા શકુનિનાપર આ યુદ્ધરૂપ મહાન કાર્યનો આધાર રહેલો છે, માટે પ્રસન્ન થાઓ.[૧૪]જુઓ, હે બ્રહ્મન્! આ તરફ દૃષ્ટિ કરો. રાધાપુત્રની સામે યુદ્ધ કરવાની ઇચ્છાથી ચોતરફથી આહ્વાન કરતા આ સર્વ પાંડવયોદ્ધાઓ આપણી સામા ધસી આવે છે."[૧૫]

સંજયે કહ્યું:-હે મહારાજ! રાજા દુર્યોધને એ રીતે જ્યારે અશ્વત્થામાને પ્રસન્ન કર્યા, ત્યારે ઉદાર મનના તેઓ ક્રોધિત હતા; છતાં પણ શાંત થયા.[૧૬]અતિ મોટા મનના કૃપાચાર્ય પણ પોતાના શાંતસ્વભાવને લીધે સત્વર ઠંડા પડ્યા અને તેમણે આ પ્રમાણે કહ્યું.

કૃપાચાર્યે કહ્યું:-"ઓ દુષ્ટબુદ્ધિ સૂતપુત્ર! અમે તો તને ક્ષમાજ આપીએ છીએ; પણ તારા આ વૃદ્ધિ પામેલા ગર્વનો અર્જુન નાશ કરશે."

સંજયે કહ્યું:-હે રાજન્! તેવામાં તો પાંડવપક્ષના યોદ્ધાઓ તથા યશસ્વી પાંચાલો ચારેબાજુથી કર્ણની તર્જના કરતા કરતા એકઠા મળી ત્યાં આવી પહોંચ્યા.[૧૯] રથીઓમાં શ્રેષ્ઠ એવો વીર્યવાન કર્ણ પણ પોતાના ધનુષ્યને ઉંચું કરી તથા કૌરવોના મુખ્ય મુખ્ય યોદ્ધાઓથી, દેવગણોથી વિંટાયેલા ઇંદ્રની પેઠે વિંટાઇને પોતાના બાહુબળના આશ્રયથી તેજસ્વી જણાતો ઉભો રહ્યો. પછી કર્ણનું પાંડવોસાથે યુદ્ધ ચાલુ થયું. તે યુદ્ધ મહાભયંકર હતું; અને તેમાં સિંહનાદો જેવી ગર્જનાઓ વારે વારે થયા કરતી હતી. હે રાજન્! તે વેળા પાંડવપક્ષના યોદ્ધાઓ તથા યશસ્વી પાંચાલો મહાબાહુ કર્ણને જોઇને ઉચ્ચ સ્વરે ગર્જનાઓ કરવા લાગ્યા:-" અરે પેલો કર્ણ ક્યાં છે? આ રહ્યો કર્ણ! અલ્યા કર્ણ! હવે આ મહારણમાં તું ઉભો રહેજે અને ઓ દુરાત્મા પુરુષાધમ! અમારી સાથે યુદ્ધ કરવા સજ્જ થજે." આ પ્રમાણે તેઓ કહેવા લાગ્યા. વળી બીજા કેટલાએક શત્રુરાજાઓ તો ક્રોધથી લાલચોળ નેત્રોથી કર્ણને જોઇ બોલી ઉઠયા:-" હે સિંહસમા રાજાઓ! અલ્પ ચેતનાવાળા આ ગર્વિષ્ઠ સૂતપુત્રને તમે મારી નાખો; આને જીવતો રાખવાનું કંઇ પ્રયોજન નથી. આ પાપી પુરુષ પાંડવોનો અત્યંત વેરી છે, નિરંતર સર્વ અનર્થો કરવામાં કારણભૂત છે અને સર્વદા દુર્યોધનના મતમાં રહેનારો છે; માટે એનેજ મારી નાખો." આમ બોલતા તે મહારથી ક્ષત્રિયો કર્ણસામા ધસી ગયા અને બાણોની મોટી વૃષ્ટિ કરી તેને છાઇ દેવા લાગ્યા. તેઓ સર્વને કર્ણનો વધ કરવા માટે યુધિષ્ઠિરે આજ્ઞા કરી હતી. તે રીતે પોતાની સામે દોડી આવતા તે સર્વ મહારથોને જોઇને સૂતપુત્ર કર્ણ જરાયે ગભરાયો ન હતો તેમ ત્રાસ પણ પામ્યો ન હતો; પણ હે ભરતશ્રેષ્ઠ રાજા! સંગ્રામોમાં કદી પરાજય નહિ પામેલો, યુદ્ધમાં ઝડપથી કામ કરનારો અને મહાબળવાન તે કર્ણ તમારા પુત્રોને પ્રસન્ન કરવાની ઇચ્છાથી સંખ્યાબંધ બાણો છોડવા લાગ્યો; અને પ્રલયકાળના સમુદ્રની પેઠે ઉછાળા મારતા તે સૈન્યસાગરને ચોતરફથી અટકાવી રહ્યો. પછી શત્રુપક્ષના રાજાઓ પણ બાણોની વૃષ્ટિ કરીને કર્ણને ખાળવા લાગ્યા;[૨૦-૩૧] અને દૈત્યગણો જેમ ઇંદ્રસામે યુદ્ધ કરે, તેમ પોતાનાં ધનુષ્યોને ધૂણાવતા તે સેંકડો અને હજારો રાજાઓ રાધાપુત્રની સામે યુદ્ધ કરવા મચી પડયા. હે સ્વામિન્! તે રાજાઓએ પ્રકટ કરેલી બાણવૃષ્ટિને કર્ણે સામેથી તેવોજ બાણોનો મારો ચલાવીને ચારે તરફથી વીખી નાખી હતી.[૩૩] પૂર્વે દેવાસુરયુદ્ધમાં ઇંદ્રનું દાનવો સાથે જેવું યુદ્ધ થયું હતું, તેવુંજ સામસામા બદલો વાળવા ઇચ્છતા તે યોદ્ધાઓનું યુદ્ધ થઇ રહ્યું હતું. તે સમયે સૂતપુત્ર કર્ણના હાથની ચાલાકી અમને અદ્ભુત જોવામાં આવી હતી; કારણકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ તરફથી સાવધાન રહેલા શત્રુયોદ્ધાઓ યુદ્ધમાં એને પહોંચી વળ્યા ન હતા.[૩૫] એ મહારથીએ રાજાઓનાં સંખ્યાબંધ બાણોને અટકાવી દીધાં હતાં અને તેઓના રથોની ધુંસરીઓમાં, ઇસોમાં, છત્રોમાં, ધ્વજાઓમાં તથા ઘોડાઓમાં પોતાના નામના ચિહ્નવાળાં બાણોને તેણે ઘોંચવા માડયાં હતાં. જોતજોતામાં તે સર્વ રાજાઓ કર્ણનાં બાણોથી પીડાઈને હાવરા બાવરા બની ગયા અને ટાઢથી ધ્રૂજતી ગાયોની પેઠે ત્યાં રણમાંજ આમતેમ ભમવા લાગ્યા. વળી કર્ણે મારી નાખેલા તથા મારી નખાતા જથ્થાબંધ ઘોડાઓ,હાથીઓ તથા રથીયોદ્ધાઓ જ્યાં ત્યાં અમારી દૃષ્ટિએ પડતા હતા. આખી રણભૂમિ યુદ્ધમાં પાછા નહિ હઠનારા શૂરાઓનાં રડવડતાં મસ્તકોથી અને બાહુઓથી ચારે આજુ છવાઇ ગઇ હતી; મરણ પામેલા, મરણ પામતા અને આમતેમ નાસભાગ કરતા યોદ્ધાઓથી આખું રણક્ષેત્ર, યમરાજાના નગરસરખું રૌદ્ર દેખાવનું થઇ રહ્યું હતું. આ પ્રમાણે કર્ણનું પરાક્રમ જોઇને રાજા દુર્યોધન, અશ્વત્થામા પાસે આવીને આવું વાકય બોલ્યોઃ– "આ દંશીલો કર્ણ સર્વ રાજાઓની સાથે રણમાં યુદ્ધ કરી રહ્યો છે. જરા જુઓ તો ખરા! કર્ણનાં બાણોથી વિહ્વળ થઈને આ પાંડવી સેના કેવી નાસભાગ કરી રહી છે? ખરેખર! કાર્તિકસ્વામીથી સંહાર કરાતી દાનવોની સેનાસરખીજ આ સેના દેખાય છે.[૩૬–૪૩] પણ જુઓ! પેલો અર્જુન પોતાની સેનાનો બુદ્ધિમાન કર્ણે પરાજય કરેલો જોઈ સૂતપુત્રનો વધ કરવાની ઇચ્છાથી સન્મુખજ ધસ્યો આવે છે;[૪૪] માટે આપણા બધાના દેખતાં મહારથી કર્ણને તે અર્જુન, યુદ્ધમાં મારી ન જાય તેવી યુક્તિ કરવી જોઇએ."[૪૫]

દુર્યોધને એ રીતે કહ્યા પછી અશ્વત્થામા, કૃપાચાર્ય, શલ્ય અને મહારથી હાર્દિકય, સૂતપુત્રનું રક્ષણ કરવાની ઇચ્છાથી અર્જુન સામે ધસી ગયા. દૈત્યોની સેનાસામે ચઢી આવતા ઇંદ્રની પેઠે કૌરવસેના સામે ચઢી આવતા અર્જુનને જોઇને તે યોદ્ધાઓ યુદ્ધ કરવા દોડયા હતા. હે રાજેંદ્ર! અર્જુન પણ પાંચાલ રાજાઓથી વિંટાઇને ઇંદ્ર જેમ વૃત્રાસુરસામે ધસી ગયો હતો તેમ કર્ણસામે ધસી ગયો.[૪૫–૪૭]

ધૃતરાષ્ટ્રે પૂછ્યુંઃ–હે સંજય! પ્રલયકાળના યમરાજની પેઠે કોપેલા અર્જુનને જોઇને સૂર્યપુત્ર કર્ણે શો ઉપાય લીધો હતો? જે મહારથી કર્ણ અર્જુનની સાથે નિત્ય સ્પર્ધા કરે છે અને યુદ્ધમાં અતિ દારુણ અર્જુનને જીતવાની જે આશા રાખે છે, તે કર્ણે પોતાની સામે એકાએક ધસી આવેલા પોતાના નિત્યના અત્યંત વૈરી અર્જુનસામે કયાં યોગ્ય પગલાં લીધાં હતાં? તે મને કહે.[૪૮–૫૦]

સંજયે કહ્યુંઃ–હે ધૃતરાષ્ટ્રરાજા! હાથીસામે જેમ કોઇ હાથી ધસી આવે, તેમ પોતાની સામે ધસી આવેલા અર્જુનને જોઈને કર્ણ જરા પણ ગભરાયાવિના યુદ્ધ કરવા ધસી ગયો હતો. પોતાની સામે વેગથી ધસી આવતા કર્ણને અર્જુને સીધાં જનારાં બાણો મૂકી મૂકીને રણમાં છાઈ દીધો, ત્યારે કર્ણે પણ અર્જુનને તેવાં બાણોવડે ઢાંકી દીધો; એટલે વળી પણ અર્જુને બાણોના સમૂહથી કર્ણને દાટી દીધો.[૫૧–૫૩] તે પછી અત્યંત કોપેલા કર્ણે ત્રણ બાણો મારી અર્જુનને વિંધી નાખ્યો; પણ મહાબળવાન અર્જુન કર્ણની તે ઝડપને સહન કરી શકયો નહિ[૫૪] અને તેનાપર સરાણપર ઘસી તીક્ષ્ણ કરેલાં, ચળકતા અગ્રભાગવાળાં અને સીધાં જનારાં ત્રણસો બાણો શત્રુતાપન અર્જુને છોડયાં;[૫૫] તેમજ વળી વધારામાં વીર્યવાન અને બળવાન તે અર્જુને હસતો હોય તેવો ડોળ કરી ક્રોધપૂર્વક એક બાણ માર્યું અને કર્ણના ડાબા હાથના અગ્રભાગને વિંધી નાખ્યો.[૫૬] એ રીતે વિંધાઇ જતાં કર્ણના હાથમાંથી ધનુષ્ય છટકી પડયું,તોપણ એક અર્ધા નિમેષ જેટલા સમયમાં તે મહાબળવાન કર્ણે એક બીજું ધનુષ્ય ગ્રહણ કર્યું; અને એક ચાલાક હાથવાળાની પેઠે સંખ્યાબંધ બાણો છોડી અર્જુનને છાઈ દીધો. હે ભરતવંશી રાજા! કર્ણે છોડેલી તે બાણવૃષ્ટિનો અર્જુને,બાણોનો વરસાદ વરસાવી હસતાં હસતાંજ નાશ કરી નાખ્યો હતો. હે રાજા! મહાધનુર્ધર એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ બન્ને જણા, સામસામે બદલો લેવાની ઇચ્છાથી પરસ્પર ચઢી આવીને આ પ્રમાણે બાણોની વૃષ્ટિ કરતા અન્યોન્યને રણમાં છાઇ દેવા લાગ્યા.જેમ કોઇએક હાથણીમાટે કોપેલા વનના બે હાથીઓનું મહાઅદ્ભુત યુદ્ધ થઇ રહે છે, તેમ તે કર્ણ અને અર્જુનનું પણ મહાઅદ્ભુત યુદ્ધ થઇ રહ્યું હતું. પછી મહાધનુર્ધર અર્જુન કર્ણનું તે પરાક્રમ જોઇને યુદ્ધ કરવામાં અતિ ઝડપથી બાણો ફેંકવા લાગ્યો અને જોતજોતામાં કર્ણના ધનુષ્યને તેણે મુષ્ટિપ્રદેશમાંથી કાપી નાખ્યું; એટલુંજ નહિ પણ તેના ચારેય ઘોડાને પણ ભલ્લજાતનાં બાણોવડે યમસદનમાં પહોંચાડી દીધા.[૫૮-૬૨] વળી તે શત્રુતાપને કર્ણના સારથિના મસ્તકને પણ ધડથી જૂદું પાડયું તથા બીજાં ચાર બાણોવડે કપાયેલા ધનુષ્યવાળા, માર્યા ગયેલા ઘોડાઓવાળા તથા રોળાયેલા સારથિવાળા તે કર્ણને ઘાયલ ઘાયલ કરી નાખ્યો, એટલે તે પુરુષશ્રેષ્ઠ માર્યા ગયેલા ઘોડાઓવાળા રથમાંથી એકદમ કૂદી પડયો અને સત્વર કૃપાચાર્યના રથપર ચઢી ગયો; કારણ કે તે અર્જુનનાં બાણોથી ઘણોજ પીડાયો હતો અને શાહુડી જેમ પીછાંઓથી ઢંકાયેલી હોય છે, તેમ અનેક બાણોથી તેનું શરીર તદ્દન ઢંકાઇ ગયું હતું અને તેથીજ પોતાના જીવિતના રક્ષણમાટે તે કૃપાચાર્યના રથપર ચઢી ગયો હતો. હે ભરતશ્રેષ્ઠ રાજા! રાધાપુત્ર કર્ણને એ પ્રમાણે પરાજય પામેલો જોઇ તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ, અર્જુનનાં બાણોથી કાયર થઇ દશે દિશાઓમાં નાસભાગ કરી રહ્યા. હે રાજન્! પોતાના સૈનિકોને એ પ્રમાણે નાસભાગ કરતા જોઇ રાજા દુર્યોધન, તેઓને પાછા વાળવા લાગ્યો અને તે સમયે આ પ્રમાણે બોલ્યોઃ-"હે શૂરા ક્ષત્રિયો! તમે નાસો નહિ, નાસો નહિ. ઉભા રહો. અર્જુનનો વધ કરવામાટે હું પોતેજ આ પગલે તેનીસામે યુદ્ધ કરવા જાઉં છું. હુંજ પાંડવોનો, પાંચાલોનો તથા સર્વ સોમકયોદ્ધાઓનો નાશ કરીશ. આજે હું ગાંડીવધનુર્ધર અર્જુન સાથે યુદ્ધ કરીશ; જેથી પ્રલયસમયના કાળની પેઠે મારા પરાક્રમને પાંડવો જોઇ રહેશે. આજે મારાં હજારો છૂટેલાં બાણજાળોને પતંગોની પંક્તિની પેઠે યોદ્ધાઓ રણમાં નિહાળશે. ગ્રીષ્મઋતુની આખરમાં મેઘરાજા જેમ જળમય વૃષ્ટિ કરે છે, તેમ આજે હાથમાં ધનુષ્ય ધારણ કરી હું બાણમય વૃષ્ટિ યુદ્ધમાં વરસાવીશ, તે સર્વ સૈનિકો જોશે.[૭૨] નમેલાં પર્વવાળાં અનેક બાણોવડે હું અર્જુનને આજે જીતીશ; માટે હે શૂરાઓ! ઉભા રહો, ઉભા રહો અને અર્જુનના ભયનો ત્યાગ કરો.[૭૩] મગરમચ્છોનો નિવાસ ગણાતો મહાસાગર કાંઠાસામે આવીને જેમ અટકી રહે છે,તેમ અર્જુન આજે મારા પરાક્રમને સહન કરી શકશે નહિ."[૭૪]

આમ કહીને દુરાધર્ષ રાજા દુર્યોધન, મોટા સૈન્યને સાથે લઇ અર્જુનસામે ચઢી ગયો. તે સમયે તેનાં નેત્રો ક્રોધથી લાલચોળ દેખાતાં હતાં.[૭૫] મહાબાહુ દુર્યોધન, અર્જુનસામે યુદ્ધ કરવા પ્રયાણ કરી ગયો, તે જોઈ કૃપાચાર્ય, અશ્વત્થામાપાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-"ઓ અશ્વત્થામા! મોટી ભુજાવાળો આ દુર્યોધનરાજા આ સમયે ઘણો ક્રોધિત થયો છે અને ક્રોધથી બેભાન જેવો બની ગયો છે. તે કેવળ પતંગિયાની વૃત્તિનો આશ્રય કરી (પતંગની પેઠે મરણ પામવાનો વિચાર કરી) અર્જુનસામે યુદ્ધ કરવા ઇચ્છે છે;[૭૬,૭૭] પણ એ પુરુષવ્યાઘ્ર અર્જુન સામે ભેટો કરીને આપણ સર્વના દેખતાં પોતાના પ્રાણનો ત્યાગ ન કરે તેટલામાં તું તેને અર્જુન સામે જતો અટકાવ.[૭૮] હે માન આપનારા અશ્વત્થામા! કુરુવંશનો આ વીર રાજા, આજે આ અર્જુનનાં બાણોના સપાટામાં જ્યાંસુધીમાં ન આવી પડે, ત્યાંસુધીમાં તું એને રણમાં જતો અટકાવ.[૭૯] આ આપણો રાજા, જેટલામાં કાંચળીવિનાના સર્પસરખાં અર્જુનનાં ઘોર બાણોથી ભસ્મ ન થઈ જાય, તેટલામાં તું એને યુદ્ધમાંથી અટકાવ.[૮૦] હે માન આપનારા! જ્યાંસુધી આપણે જીવતા ઉભા છીએ ત્યાંસુધી સહાયવિનાનો રાજા દુર્યોધન, જાતે યુદ્ધ કરવામાટે જાય તે મને અયોગ્યસરખું જણાય છે.[૮૧] હું માનું છું કે, સિંહ સાથે યુદ્ધ કરનારા હાથીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતર જેમ દુર્લભ થઈ પડે છે, તેમ મુકુટધારી અર્જુનસાથે યુદ્ધ કરનારા આ કુરુરાજાનું જીવતર પણ આજે દુર્લભ થઈ પડશે.”૮૨

પોતાના મામાનાં એ વચનોને સાંભળી શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા તે અશ્વત્થામા, ઉતાવળા ઉતાવળા દુર્યોધનપ્રત્યે આવું વાક્ય બોલ્યા:–“ઓ ગાંધારીના પુત્ર! હું જ્યાંસુધી જીવતો છું, ત્યાંસુધી તમારે યુદ્ધ કરવા જવું તે યોગ્ય નથી. ઓ કુરુરાજ! તમારૂં નિત્ય હિત ઇચ્છનારા મારો અનાદર કરી તમારે તેવી ભ્રાંતિમાં નહિ પડવું જોઇએ કે, “આ યુદ્ધમાં અર્જુનનો વિજય થશે અને મારો પરાજય થશે.” હે દુર્યોધન! હું એકલોજ અર્જુનને આગળ વધતો અટકાવીશ. તમે અહીં ઉભા રહો.”૮૩–૮૫

તે સાંભળી દુર્યોધને કહ્યું:–“હે ઉત્તમ બ્રાહ્મણ! તમારા પિતા દ્રોણાચાર્ય, પુત્રોની પેઠે પાંડવોની રક્ષા કરે છે અને તમે પોતે પણ નિત્ય તેઓની ઉપેક્ષા કરો છો–તેઓના તરફ મિત્રાઇને લીધે બેદરકાર રહો છો.૮૬ આ યુદ્ધમાં તમારૂં પરાક્રમ મંદ દેખાય છે, તેમાં મારા ભાગ્યની મંદતાજ કારણભૂત છે; અથવા ધર્મરાજાનું પ્રિય કરવામાટે કે દ્રૌપદીને રૂડું મનાવવામાટે તમારૂં પરાક્રમ મંદ પડી ગયું છે કે શું? તે કંઇ અમે સમજી શકતા નથી.૮૭ અરેરે! મને રાજ્યલોભીને ધિક્કાર હજો! મારામાટે મારા આ સર્વ બાંધવો, કે જેઓ હજુ કેવળ સુખચેનમાંજ દહાડા કાઢવાને યોગ્ય છે, તેઓ આજે રણમાં અજિત રહીને પણ પરમ દુઃખને પામી રહ્યા છે.૮૮ સર્વ શસ્ત્રોને જાણનારાઓમાં શ્રેષ્ઠ તથા યુદ્ધમાં સાક્ષાત્ મહેશ્વરસરખો તેવો બીજો કયો પુરુષ, માત્ર ગૌતમીના પુત્રસિવાય, પોતે સમર્થ હોય છતાં પોતાના શત્રુઓનો સંહાર ન કરે?૮૯ ઓ અશ્વત્થામા! તમે મારાપર હવે પ્રસન્ન થાઓ અને મારા આ શત્રુઓનો નાશ કરી નાખો. અરે! તમે જો બરાબર યુદ્ધ કરો, તો તમારા અસ્ત્રોના માર્ગમાં માત્ર ઉભા રહેવાને પણ દેવો કે દાનવો સમર્થ નથી.૯૦ તમે મારા મુખ્ય મુખ્ય શત્રુઓ–પાંચાલો અને સોમકોનો તેઓના અનુચરોસહિત નાશ કરી નાખો. તે સિવાયના બાકી રહેલાઓનો તો અમે બધાજ આપના રક્ષણતળે રહી સંહાર કરીશું.૯૧ હે બ્રાહ્મણ! જુઓ, આ તરફ દૃષ્ટિ કરો. આ સોમકો તથા યશસ્વી પાંચાલો, ક્રોધાયમાન થઇને મારાં સૈન્યોમાં, વનમાં પ્રસરેલા દાવાનળની પેઠે આમતેમ ઘૂમી રહ્યા છે.૯૨ હે મહાબાહુ નરોત્તમ! અર્જુનના રક્ષણતળે રહેલા આ કેકયયોદ્ધાઓ મારા સૈન્યને તદ્દન મારી ન નાખે તે પહેલાં તમે તેઓને અટકાવો–મારી નાખો.૯૩ ઓ શત્રુદમન અશ્વત્થામા! તમે હવે ઉતાવળ કરો અને શીઘ્ર ત્યાં જાઓ. હે મહારાજ! તમારેજ પહેલાં કે પછી આ કાર્ય કરવાનું છે. ૯૪ હે મહાબાહુ! સર્વ પાંચાલોનો નાશ કરવામાટેજ તમે ઉત્પન્ન થયા છો. તમે જો બરાબર સજ્જ થશો તો જરૂર આ સર્વ જગતને પાંચાલોવિનાનું કરશોજ. સિદ્ધોએ પણ પૂર્વે આ પ્રમાણેજ કહ્યું છે અને તે પ્રમાણેજ અવશ્ય થશે; માટે હે પુરુષવ્યાઘ્ર! અનુચરોસહિત તે સર્વ પાંચાલોનો નાશ કરી નાખો.૯૫,૯૬ દેવો કે દાનવો પણ તમારાં અસ્ત્રોના પ્રહારસામે ટકવાને જો સમર્થ નથી તો પાંડવો અને પાંચાલો તે કોણ માત્ર? આ તમને હું સત્ય કહું છું.૯૭ હે વીર! આ પાંડવો અથવા સોમક યોદ્ધાઓ, તમારી સામે બળથી યુદ્ધ કરવા સમર્થ નથી. આ તમને હું સત્ય કહું છું;૯૮ માટે જાઓ, જાઓ, હે મહાબાહુ! આપણે સમય ગાળવો યોગ્ય નથી. જુઓને, અર્જુનનાં બાણોથી ગભરાયેલી આપણી સેના નાસભાગ કરી રહી છે. હે માન દેનારા અશ્વત્થામા! તમે તમારા દિવ્ય તેજથી પાંડવો તથા પાંચાલોને શિક્ષા કરવા સમર્થ છો.”૯૯,૧૦૦

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં ‘રાત્રિયુદ્ધમાં દુર્યોધનનું વાક્ય’ એ વિષયનો અધ્યાય ૧૫૯ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૬૦ મો

અશ્વત્થામાનું પરાક્રમ

॥ संजय उवाच ॥

दुर्योधनेनैवमुक्तो द्रौणिराहवदुर्मदः ।
चकारारिवधेयत्नमिन्द्रो दैत्यवधे यथा ॥१॥

સંજયે કહ્યું:-દુર્યોધને જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે યુદ્ધદુર્મદ અશ્વત્થામાએ, ઇંદ્રે જેમ દૈત્યોનો વધ કરવા યત્ન કર્યો હતો તેમ શત્રુઓનો વધ કરવામાટે યત્ન કરવા માંડયો; પણ તે પહેલાં એ મહાબાહુએ દુર્યોધનને ઉદ્દેશીને આવાં વાકયો કહ્યાં:-[૧] "હે કુરુરાજા! તું કહે છે તે સત્ય છે. મને તથા મારા પિતાને પાંડવો નિત્ય પ્રિય છે; તેમજ હે કુરુદ્વહ! અમે બન્ને, તે પાંડવોને પણ તેવાજ પ્રિય છીએ; તથાપિ યુદ્ધ કરતી વેળા અમે પરસ્પરની પ્રીતિ જાળવતા નથી. હે તાત! અમે અમારી શક્તિ અનુસાર પ્રાણોની પરવા રાખ્યાવિના નિર્ભયની પેઠે યુદ્ધ કરીએ છીએ.[૨,૩] હે મહારાજા! હું, કર્ણ, શલ્ય, કૃપાચાર્ય અને હાર્દિક્ય પાંડવોની સેનાને આંખના એક પલકારા જેટલા સમયમાંજ નાશ કરી નાખીએ તેમ છીએ;[૪] તથા તે પાંડવો પણ જો અમે આ યુદ્ધમાં ન હોઇએ તો આપણી સેનાને એક અર્ધનિમેષ જેટલા સમયમાંજ સંહાર કરી નાખે તેમ છે. વળી પાંડવો તથા અમે અમારી શક્તિ પ્રમાણે યુદ્ધ કર્યા કરીએ છીએ અને તેથીજ તેજ સામે તેજ આવીને શાંત થઇ જાય છે.[૫,૬] આ વાત માટે હું તને સત્યજ કહું છું કે, જ્યાંસુધી પાંડવો જીવતા છે ત્યાંસુધી પાંડવી સેનાનો અતિબળથી પણ પરાજય કરી શકાય તેમ નથી. સમર્થ એવા તે પાંડુપુત્રો, કેવળ પોતાને માટેજ યુદ્ધ કરી રહ્યા છે, જેથી તારાં સૈન્યોનો સંહાર કેમ નહિ કરે?[૭] હે રાજન્! તું અતિશય લોભી અને કેવળ કપટનેજ જાણનારો છે; એટલુંજ નહિ પણ સર્વના તરફ શંકા રાખનારો તથા અભિમાની પણ છે, માટેજ આ રીતે તું અમારાપ્રત્યે શંકા કરી રહ્યો છે.[૮,૯] હે રાજન્! વળી હું માનું છું કે, તું અતિનિંદ્ય, પાપાત્મા અને પાપી છે; અને તેથીજ ઓ ક્ષુદ્ર રાજા! તું પોતે પાપની વાસનાઓથી ભરેલો હોઇ બીજાઓને પણ તારા જેવા પાપી માની હમેશાં શંકા રાખ્યા કરે છે; છતાં હું મારો બનતો પ્રયત્ન કરી તારામાટે મારા જીવિતનો પણ ત્યાગ કરવા તત્પર થઇશ. હે કુરુનંદન! તારામાટે હું યુદ્ધ કરવા આ ચાલ્યો.[૧૦,૧૧] અહીંથી જઇને હું શત્રુઓ સાથે બરાબર યુદ્ધ કરીશ અને તેઓના મુખ્ય મુખ્ય યોદ્ધાઓનો પરાજય કરીશ. હે શત્રુદમન રાજા! આ સંગ્રામમાં તારૂં પ્રિય કરવામાટે હું પાંચાલો, સોમકો, કેકયો તથા બીજા પાંડવયોદ્ધાઓ સાથે સારી રીતે યુદ્ધ કરીશ. આજના યુદ્ધમાં મારાં બાણોથી દગ્ધ થયેલા પાંચાલો તથા સોમકો, સિંહે ગભરાવી મૂકેલી ગાયોની પેઠે સર્વ દિશાઓમાં પલાયન કરી જશે. આજના યુદ્ધમાં મારા પરાક્રમને જોઇને ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા તથા સર્વ સોમકો આ લોકને અશ્વત્થામામય બનેલો જોશે; અને યુદ્ધમાં સર્વ પાંચાલોને તથા સોમકોને મેં મારી નાખેલા જોઇ ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા ખિન્ન ખિન્ન થઈ જશે. હે ભરતવંશી રાજા! આ યુદ્ધમાં જેઓ મારી સામા યુદ્ધ કરશે, તેઓને હું હણીજ નાખીશ; અને હે વીર! હું તને સત્ય કહું છું કે, મારા હાથના ઝપાટામાં આવેલા તેઓ કદી છૂટવાના નથી."

એ પ્રમાણે તમારા પુત્ર દુર્યોધનને કહીને મહાબાહુ અશ્વત્થામા, સર્વ ધનુર્ધરોને ત્રાસ પમાડતા યુદ્ધ કરવા ચઢી ગયા; કારણકે સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ તે અશ્વત્થામાને તમારા પુત્રોનું પ્રિય કરવાની ઉત્કટ ઇચ્છા હતી.[૧૨-૧૮] આ પછી રણના મોખરામાં જઇ ગૌતમીના પુત્ર અશ્વત્થામાએ પાંચાલો અને કેકયોને ઉદ્દેશીને આ પ્રમાણે કહ્યું:-" હે મહારથો! તમે બધા મારા શરીર ઉપર પ્રહાર કરવા મંડી પડો અને બરાબર સ્થિર થઈ અસ્ત્રો ફેંકવાના ચાતુર્યને દર્શાવવાસાથે મારીસામે યુદ્ધ કરો."

અશ્વત્થામાનાં એ વચનો સાંભળતાંવેંતજ તે સર્વ યોદ્ધાઓ તેમનાપર શસ્ત્રોની વૃષ્ટિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા લાગ્યા;[૧૯,૨૦] અને હે મહારાજ ! મેઘો જેમ જળધારાઓ છોડી મૂકે, તેમ તે યોદ્ધાઓ બાણોની ધારાઓ છોડવા લાગ્યા; પણ દ્રોણાચાર્યના પુત્રે, તે બાણોનો નાશ કરી નાખી પાંડવો તથા ધૃષ્ટદ્યુમ્નની સમક્ષજ તેઓમાંના દશ વીરોનો નાશ કરી નાખ્યો. એ રણમાં અશ્વત્થામાએ સોમકોનો તથા પાંચાલોનો જ્યારે સંહાર કરવા માંડ્યો, ત્યારે તેઓ અશ્વત્થામાને યુદ્ધમાં ત્યજી દઇને દશેય દિશાઓમાં પલાયન કરી જવા લાગ્યા. હે મહારાજા ! એ રીતે શૂરા પાંચાલો તથા સોમકોને રણમાંથી નાસભાગ કરતા જોઈ ધૃષ્ટદ્યુમ્ન અશ્વત્થામાસામે યુદ્ધ કરવા ધસ્યો. એ વેળા તે, રણમાંથી કદી પાછા નહિ હઠનારા એકસો રથીયોદ્ધાઓથી વિંટાયેલો હતો, કે જેઓના રથો સુવર્ણથી અદ્ભુત શોભતા હતા; તથા તે જળવાળા મેઘસમાન ગર્જના કરી રહ્યા હતા. પછી પોતાના યોદ્ધાઓને રણમાં પાડી નાખવામાં આવેલા જોઈ પાંચાલરાજાનો મહારથી પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, અશ્વત્થામાપ્રત્યે આવું વાક્ય બોલ્યો:-" ઓ દુષ્ટબુદ્ધિના દ્રોણપુત્ર ! બીજા સામાન્ય યોદ્ધાઓને મારી નાખવાથી તને શો લાભ થવાનો છે ? પણ જો તું રણમાં શૂરો કહેવાતો હોય તો આવ,મારી સામે યુદ્ધ કરવા તૈયાર થા. તું મારી આગળ આવીને ઉભો રહે. હમણાંજ હું તારો વધ કરીશ. "[૨૧-૨૭] આમ કહી હે ભરતશ્રેષ્ઠ ! પ્રતાપી ધૃષ્ટદ્યુમ્ને, મર્મને ભેદી નાખનારાં તીક્ષ્ણ બાણોથી આચાર્યના પુત્રને પ્રહાર કર્યો.[૨૮] સુવર્ણના પુંખવાળાં, ચળકતા અગ્રભાગવાળાં તથા સર્વ શરીરને ચીરી નાખનારાં તે બાણો, મધની ઇચ્છાવાળા ઉદ્દામ ભમરાઓ જેમ પુષ્પભરેલા વૃક્ષમાં પેસી જાય, તેમ એક પછી એક અશ્વત્થામાના શરીરમાં પેસી ગયાં; એટલે એ બાણપ્રહારથી અત્યંત વિંધાઇ ગયેલા અભિમાની અશ્વત્થામા જરા પણ ગભરાયા ન હતા, તોપણ પગતળે કચરાયેલા સર્પની પેઠે એકદમ છંછેડાયા. તેઓ હાથમાં બાણો લઇ આ પ્રમાણે બોલ્યા:-" ઓ ધૃષ્ટદ્યુમ્ન ! એક મુહૂર્તકાળ સ્થિર થઇને તું રાહ જોઇ લે; તેટલામાં તો તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરી હું તને યમનિવાસમાં મોકલી દઉં છું." આમ કહીને શત્રુવીરોનો સંહારકરનારા અશ્વત્થામાએ, ઝડપદાર હાથવાળા યોદ્ધાની પેઠે સંખ્યાબંધ બાણો મૂકીને ચારે બાજુથી ધૃષ્ટદ્યુમ્નને છાઇ દીધો; તથા યુદ્ધદુર્મદ તે ધૃષ્ટદ્યુમ્ને રણમાં પીડવા માંડ્યો. પછી તે પાંચાલપુત્રે અશ્વત્થામાને તિરસ્કારી કહ્યું કે:-" હે બ્રાહ્મણ ! તું મારી પ્રતિજ્ઞાને તથા ઉત્પત્તિને હજી જાણતો નથી. ઓ અતિશય દુષ્ટબુદ્ધિના વિપ્ર ! પ્રથમ તારા પિતા દ્રોણાચાર્યને મારી નાખી પાછળથી તને પણ હું મારી નાખીશ. આ રણમાં હજી દ્રોણાચાર્ય જીવતા છે, માટે હું તને આજે મારતો નથી; પણ હે દુર્મતિ ! આ રાત્રિમાંજ પ્રભાત થયા પહેલાં, હું તારા પિતાને મારી નાખીશ અને પછીથી તને પણ પ્રેતલોકમાં મોકલી દઇશ; માટે તારા મનમાં પાંડવો તરફ જે દ્વેષ છે તથા કૌરવો તરફ જે ભક્તિ છે,તેને સ્થિર થઇને તું દેખાડી દે; કારણ કે હવે તું જીવતો છૂટવાનો નથી. વળી હે પુરુષાધમ ! જે કોઇ બ્રાહ્મણ પોતાના બ્રાહ્મણધર્મનો ત્યાગ કરી ક્ષાત્રધર્મમાં આસક્ત થાય છે, તે સર્વ કોઇથી વધ કરવા યોગ્ય છે."

ધૃષ્ટદ્યુમ્ને, એ રીતનાં કઠોર વાક્યોની જ્યારે ટકોર કરી, ત્યારે બ્રાહ્મણોમાં ઉત્તમ એવા અશ્વત્થામાંને અતિશય ક્રોધ પ્રકટ્યો; અને " ઉભો રહેજે, ઉભો રહેજે " એમ કહીને નેત્રોથી જાણે બાળી નાખતા હોય તેમ તે ધૃષ્ટદ્યુમ્ન સામે જોવા લાગ્યા[૨૯-૪૦] અને સર્પની પેઠે નિઃશ્વાસ નાખી બાણોવડે તેને છાઇ દેવા લાગ્યા. હે મહારાજા ! પાંચાલસેનાઓથી વિંટાયેલો તથા મોટી ભુજાવાળો મહારથી ધૃષ્ટદ્યુમ્ન, અશ્વત્થામાનાં બાણોથી તદ્દન છવાઇ ગયો હતો; છતાં તે પોતાના પરાક્રમનો આશ્રય કરીને અચળ ઉભો રહ્યો[૪૧,૪૨] અને તેણે અનેક જાતનાં બાણો અશ્વત્થામાપર ફેંકવા માંડ્યાં. એ રીતે તેઓ બન્ને જણ, પોતાના પ્રાણોનું પણ લઈ યુદ્ધરૂપ દ્યૂત રમી રહ્યા. પરસ્પર અમર્ષમાં આવી જઇ અનેક બાણોવડે એકમેકને ગભરાવતા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને મહાધનુર્ધરો ચોતરફ બાણવૃષ્ટિ કરી રહ્યા હતા.[૪૩,૪૪] એ વેળા ત્યાં એકઠા મળેલા સિદ્ધો, ચારણો અને વાયુગામી દેવતાઓ, અશ્વત્થામા તથા ધૃષ્ટદ્યુમ્નના ઘોર સ્વરૂપવાળા તે ભયાનક યુદ્ધને જોઇને તેઓની પ્રશંસા કરવા લાગ્યા.[૪૫] બાણોના ઢગોથી તેઓએ આકાશ તથા દિશાઓને ભરી દીધી હતી; અને બાણોવડે મોટો અંધકાર કરી દઇને રણમાં કોઇનાથી ન જોઈ શકાય તેમ તેઓ લડવા લાગ્યા.[૪૬] ગોળ મંડળાકારે ધનુષ્યને વાળી દઇને જાણે રણભૂમિપર નૃત્ય કરતા હોય તેમ જણાતા તથા અન્યોન્યનો વધ કરવા સજ્જ થયેલા તેઓ બન્ને શૂરવીરો અતિ ભયંકર દેખાતા હતા.[૪૭] વળી મોટી ભુજાઓવાળા તેઓ બન્ને તરેહ તરેહનું ઝડપદાર તથા સુંદર યુદ્ધ કરતા હતા; જેથી હજારો મુખ્ય મુખ્ય યોદ્ધાઓ તેઓનાં વખાણ કરતા હતા.[૪૮] વનમાં સામસામે સાવધ થઇને યુદ્ધ કરતા બે વનગજોની પેઠે રણમાં બરાબર સાવધ રહીને લડી રહેલા તેઓ બન્નેને જોઇને બન્ને પક્ષની સેનાઓમાં તુમુલ હર્ષ થઇ રહ્યો હતો;[૪૯] એટલુંજ નહિ પણ તેઓની સેનાઓમાં સિંહનાદો થવા લાગ્યા, સર્વ સૈનિકો શંખનાદો કરવા લાગ્યા તથા સેંકડો અને હજારો વાદિત્રો વગાડવા લાગ્યા.[૪૯,૫૦] એક મુહૂર્તકાળસુધી તો ભીરુ પુરુષોને ભય વધારનારૂં તે તુમુલ યુદ્ધ, લગભગ એકધારૂંજ થઇ રહ્યું હતું.[૫૧] પછી હે મહારાજ! અશ્વત્થામાએ મહાત્મા ધૃષ્ટદ્યુમ્નના ધ્વજને, ધનુષ્યને, છત્રને, બન્ને પૃષ્ઠરક્ષકોને, સારથિને તથા ચારેય ઘોડાઓને રણમાં રોળી નાખ્યા અને તેની સામે જોસભેર ધસારો કર્યો; તથા તે અમેયાત્માએ સેંકડો અને હજારો નમેલાં પર્વવાળાં બાણો મૂકી મૂકીને સર્વ પાંચાલયોદ્ધાઓને રણમાંથી નસાડીજ મૂકયા. હે ભરતશ્રેષ્ઠ! એ વેળા પાંડવોની સેના ગભરાટમાં આવી પડી હતી. એ રણમાં અશ્વત્થામાનું ઇંદ્રના સરખું મહાન પરાક્રમ જોઇને પાંચાલોના મહારથી ધૃષ્ટદ્યુમ્ને, સો બાણોવડે અશ્વત્થામાના સો અનુયાયીઓને મારી નાખ્યા તથા બીજાં તીક્ષ્ણ ત્રણ બાણોથી મોટા મોટા ત્રણ મહારથોનો પણ નાશ કરી નાખ્યો; એટલે અશ્વત્થામાએ પણ પોતાની સામે ગોઠવાઇને ઉભેલા સર્વ પાંચાલ યોદ્ધાઓનો નાશ કરી નાખ્યો. એ રીતે જ્યારે અશ્વત્થામાએ સંહાર કરવા માંડયો, ત્યારે પાંચાલો અને સૃંજયો અશ્વત્થામાને યુદ્ધમાંજ પડતા મૂકી નાઠા અને તેઓના રથો તથા ધ્વજો છિન્નભિન્ન થઈ ગયા.

શત્રુઓનો રણમાં એ રીતે પરાજય કરી દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા, વર્ષાકાળના મેઘની પેઠે મોટા શબ્દથી ગર્જના કરવા લાગ્યા. તેમણે ઘણા શૂરાઓનો તે સમયે સંહાર કરી નાખ્યો હતો; જેથી યુગાંતસમયે સર્વ ભૂતોને ભસ્મ કરી નાખી કાળાગ્નિ જેમ પ્રકાશી રહે છે, તેમ તે સંગ્રામમાં પ્રકાશવા લાગ્યા.[૫૨-૫૯] એ યુદ્ધમાં હજારો શત્રુઓની ટુકડીઓનો પરાજય કરી કૌરવોનું સન્માન પામેલા પ્રતાપી અશ્વત્થામા, શત્રુગણોનો વિનાશ કરી દેવેન્દ્ર જેમ શોભે તેમ શોભવા લાગ્યા.[૬૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં અશ્વત્થામાનું પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૧૬૦ મો સમાપ્ત

અધ્યાય ૧૬૧ મો

કાપાકાપી

॥ संजय उवाच ॥

ततो युधिष्ठिरश्चैव भीमसेनश्च पांडवः ।
द्रोणपुत्रं महाराज समंतात् पर्यवारयन् ॥१॥

સંજયે કહ્યું:—હે મહારાજા! તે પછી યુધિષ્ઠિર અને પાંડવ ભીમસેન, દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાની ચારેબાજુ ઘેરાઇ વળ્યા.[૧] આ તરફથી દુર્યોધનરાજા પણ દ્રોણાચાર્યથી વિંટાઇને પાંડવોસામે ચઢી આવ્યો અને પછી તેઓનું યુદ્ધ શરૂ થયું.[૨] હે મહારાજ! તે યુદ્ધ, ભીરુપુરુષોના ભયમાં વધારો કરનારૂં તથા ઘોર સ્વરૂપવાળું હતું. તેમાં કોપેલા ભીમસેને, અંબષ્ઠો, માલવો, વંગો, ત્રિગર્તો, શિબિઓ અને બીજા કેટલાએક યોદ્ધાઓની ટુકડી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓને મૃત્યુલોકમાં મોકલી દીધી હતી. વળી તેણે અભીષાહો, શૂરસેનો તથા બીજા અનેક યુદ્ધદુર્મદ ક્ષત્રિયોને કાપી નાખી પૃથ્વીમાં લોહીનો કીચડ મચાવી દીધો હતો; તેમજ અર્જુને પણ ડુંગરાળ પ્રદેશમાં જન્મેલા ભીલયોદ્ધાઓને, મદ્રકોને તથા માલવોને પણ તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરી પ્રેતલોકભણી વિદાય કરી દીધા હતા તથા સરળગામી નારાચબાણોનો પ્રહાર કરી હાથીઓને પણ પીડવા માંડયા હતા, જેથી એ શિખરોવાળા પર્વતોની પેઠે તેઓ રણભૂમિપર પછડાતા હતા. કપાયેલી હાથીઓની સૂંઢો જ્યાં ત્યાં તરફડતી હતી જેથી તે રણભૂમિ, ચારે બાજુ સર્પો ફરતા હોય તેમ શોભતી હતી. સુવર્ણભૂષિત કાંતિવાળાં રાજાઓનાં છત્રો તે યુદ્ધમાં ઉછાળી નાખવામાં આવ્યાં હતાં તેથી પ્રલયકાળે સૂર્ય, ચંદ્ર અને સર્વ ગ્રહમંડળના એકીસાથે ઉદયવાળું આકાશ હોય, તેમ તે દીપતી હતી. એ વેળા દ્રોણાચાર્યના રથની આસપાસ " મારો, મારો, નિર્ભય થઇને વિંધી નાખો, કાપી નાખો, " એ પ્રમાણેનો મોટો ઘોંઘાટ મચી રહ્યો હતો. તે જોઇ દ્રોણાચાર્યને ઘણોજ ક્રોધ ચઢયો અને વાયવ્યાસ્ત્રનું સંધાન કરી, પ્રચંડ વાયુ જેમ મેઘમંડળનો નાશ કરી નાખે તેમ તેમણે ઘણા યોદ્ધાઓનો નાશ કરી નાખ્યો. દ્રોણાચાર્યનો સખ્ત મારો ચાલુ થતાં સર્વ પાંચાલયોદ્ધાઓ, ભીમસેન અને મહાત્મા અર્જુનના દેખતાં ભયને લીધે રણમાંથી નાસવા લાગ્યા. તે જોઇ મુકુટધારી અર્જુન તથા ભીમસેન એકાએક ચઢી આવ્યા. મોટા રથીયોદ્ધાઓની ટુકડીઓને સાથે લઈ તેઓ બન્નેએ તમારા સૈન્યને મોટો ઘેરો ઘાલ્યો અને દક્ષિણબાજુમાં અર્જુને તથા ઉત્તરબાજુમાં ભીમસેને ઉભા રહીને સંખ્યાબંધ મોટાં મોટાં બાણોની દ્રોણાચાર્યના પર વૃષ્ટિ કરવા માંડી. હે મહારાજ ! તેઓ બન્નેને એ રીતે યુદ્ધ કરતા જોઈ સૃંજયો, મહાતેજસ્વી પાંચાલો, મત્સ્યો અને સોમકયોદ્ધાઓ પણ તેઓની પાછળ પાછળ યુદ્ધ કરવામાટે જવા લાગ્યા. આ તરફથી તમારા પુત્રના મહારથીયોદ્ધાઓ પણ મોટી સેનાને સાથે લઇ દ્રોણાચાર્યના રથ તરફ (તેમની મદદે) જવા લાગ્યા; પણ અર્જુન તો તે ભારતી સેનાને સંહારીજ રહ્યોહતો,જેથી અંધકાર અને નિદ્રાના આવેશને લીધે તત્કાળ પુનઃ તે સેનામાં ભંગાણ પડયું. હે મહારાજ ! દ્રોણાચાર્ય તથા તમારો પુત્ર, નાસભાગ કરતા પોતાના યોદ્ધાઓને પાછા વારવામાટે ઘણો ઘણો પ્રયાસ કરતા હતા; છતાં તેઓને આખરે નજ વારી શક્યા. જે વેળા સર્વ લોક અંધકારથી ઢંકાઈ ગયો હતો, તે વેળા અર્જુનનાં બાણોથી છિન્નભિન્ન થયેલી તે મહાસેના, સર્વ દિશાઓમાં નાસી રહી હતી. હે મહારાજા ! તે સેનાના કેટલાએક રાજાઓ પણ પોતાના સેંકડો ઘોડાઓને ત્યાંને ત્યાં પડતા મૂકી,ભયાવેશને લીધે ચોતરફ પલાયનજ કરી જતા હતા.[૧૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં સંકુલ યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૬૧ મો સમાપ્ત

અધ્યાય ૧૬૨મો

સાત્યકિનો ધસારો

॥ संजय उवाच ॥

सोमदत्तं तु संप्रेक्ष्य विधुन्वानं महद्धनुः ।
सात्यकिः प्राह यंतारं सोमदत्ताय मां वह॥१॥

સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્રરાજા ! એ સમયે સોમદત્ત, પોતાના મહાન ધનુષ્યને રણમાં ધૂણાવી રહ્યો હતો. તે જોઇ સાત્યકિ પોતાના સારથિને કહેવા લાગ્યો:–[૧] " હે સારથિ ! તું મને પેલા સોમદત્ત પાસે લઈ જા; આજે મારા મહાબળવાન શત્રુ સોમદત્તને રણમાં માર્યા વિના હું પાછો ફરીશ નહિ, એ મારો નિશ્ચય છે. "[૨] સાત્યકિનાં એ વચન સાંભળી સારથિએ ઘોડાઓને આગળ હાંકયા. તે ઘોડાઓ સિંધુદેશમાં જન્મ્યા હતા, મનસરખા વેગવાળા હતા, શંખસરખા શ્વેત વર્ણવાળા હતા તથા રણમાંના સર્વ શબ્દોનું ઉલ્લંઘન કરી શકે તેવા હતા.[૩] હે રાજન્ ! પૂર્વે દૈત્યોનો વધ કરવા તત્પર થયેલા ઇંદ્રને જેમ તેના ઘોડાઓ રણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહી જતા હતા, તેમ સોમદત્તનો વધ કરવા તૈયાર થયેલા સાત્યકિને મન અને વાયુસમાન વેગવાળા તેના ઘોડાઓ રણમાં વહી રહ્યા હતા.[૪] એ રણમાં પોતાની સામે ધસી આવતા સાત્યકિને જોઇને મહાબાહુ સોમદત્ત પણ ગભરાયાવિના સત્વર સાત્યકિસામે ચઢી આવ્યો;[૫] અને વૃષ્ટિવાળા મેઘની પેઠે બાણોની વૃષ્ટિ કરીને મેઘ જેમ સૂર્યને ઢાંકી દે, તેમ સાત્યકિને ઢાંકી દેવા લાગ્યો.[૬] હે ભરતશ્રેષ્ઠ રાજા! સામેથી સાત્યકિએ પણ સંભ્રમમાં પડયાવિના અનેક બાણો મૂકીને કુરુશ્રેષ્ઠ સોમદત્તને ચારે તરફથી છાઈ દીધો;[૭] એટલે સોમદત્તે, સાત્યકિની છાતીમાં સાઠ બાણોનો પ્રહાર કરી વિંધી નાખ્યો, ત્યારે સાત્યકિએ પણ તીક્ષ્ણ બાણોથી તેને ઘાયલ કર્યો.[૮] એ પ્રમાણે તે બન્ને પુરુષશ્રેષ્ઠો બાણોથી અન્યોન્યને ઘાયલ કરી, વસંતઋતુમાં રાતાં પુષ્પોથી ખીલેલાં બે ખાખરાનાં વૃક્ષોની પેઠે રણમાં શોભવા લાગ્યા.[૯] તેઓનાં સર્વ અંગો લોહીલુહાણ થઇ ગયાં હતાં અને કુરુ તથા યદુવંશની કીર્તિ વધારનારા તેઓ બન્ને જણા, નેત્રોથી એકબીજાને બાળી નાખતા હોય તેમ પરસ્પર જોવા લાગ્યા.[૧૦] શત્રુદમન એ બન્ને વીરો રથોના જૂદા જૂદા મંડળમાર્ગોમાં ઘૂમતા હતા તથા વૃષ્ટિવાળા બે મેઘોની પેઠે ઘોરસ્વરૂપે થઈ રહ્યા હતા.[૧૧] હે રાજેન્દ્ર! બાણોથી છિન્નભિન્ન થયેલાં ગાત્રોવાળા તે બન્ને જણા સર્વ અંગોમાં ચીરાઇ ગયા હતા અને બાણોના પ્રહારોથી ઘાયલ થઇ ગયા હતા, જેથી બે શાહુડીઓના જેવા તે રણમાં દેખાવા લાગ્યા.[૧૨] હે રાજન્! તેઓનાં અંગોમાં સર્વ સ્થળે સુવર્ણપુંખી બાણો ખુંચી ગયાં હતાં તેથી વર્ષાઋતુમાં પતંગિયાંથી વ્યાપ્ત થયેલાં બે વૃક્ષોની પેઠે તેઓ શોભતા હતા.[૧૩] તે બન્ને મહારથીઓનાં સર્વ અંગો બાણોવડે પ્રદીપ્ત થઇ ગયાં હતાં, જેથી ઉંબાડિયાંઓથી ઘેરાયલા બે હાથીઓની પેઠે તેઓ રણમાં શોભવા લાગ્યા.

તે પછી હે મહારાજ! મહારથી સોમદત્તે, એક અર્ધચંદ્રાકાર બાણવડે સાત્યકિના મોટા ધનુષ્યને કડાક દઇને કાપી નાખ્યું.[૧૫] વળી વધારામાં એને પચીસ બાણોનો પ્રહાર કરી પુનઃ સત્વર દશ બાણોનો તેને માર માર્યો; એટલે સાત્યકિએ અતિશય વેગવાળું બીજું એક ધનુષ્ય હાથમાં લીધું અને પાંચ બાણો છોડીને સત્વર સોમદત્તને વિંધી નાખ્યો.[૧૭] આ પછી બીજા એક ભલ્લબાણથી સાત્યકિએ મંદ મંદ હસીને બાહ્લિકરાજાના સુવર્ણથી મઢેલા ધ્વજને રણમાં કાપી નાખ્યો,[૧૮] છતાં સોમદત્ત ગભરાયો નહિ. પોતાના ધ્વજને પાડી નાખેલો જોઇ તેણે પચીસ બાણોનો સાત્યકિને પ્રહાર કર્યો. એ પ્રહાર થતાં સાત્યકિ પણ કોપી ઉઠયો. તેણે એક ક્ષુરપ્ર જાતિનું તીક્ષ્ણ ભલ્લબાણ મારી ધનુર્ધર સોમદત્તરાજાનું ધનુષ્ય કાપી નાખ્યું; અને પછી હે રાજન્! ભાંગેલી દાઢોવાળા હાથીને જેમ મારવામાં આવે, તેમ સુવર્ણના પુંખવાળાં અને નમેલાં પર્વવાળાં સો બાણોનો એને પ્રહાર કર્યો,[૨૧] એટલે તુરત મહાબળવાન મહારથી સોમદત્તે એક બીજું ધનુષ્ય ઉઠાવીને બાણોની વૃષ્ટિ કરવા માંડી સાત્યકિને ઢાંકી દીધો;[૨૨] ત્યારે સાત્યકિએ પણ ક્રોધપૂર્વક સોમદત્તને વિંધી નાખ્યો. તે જોઇ સોમદત્તે બાણોની જાળ પાથરીને સાત્યકિને ગભરાવી નાખ્યો.[૨૩] એ ઝપાઝપીમાં વળી ભીમસેન અકસ્માત્ આવી ચઢયો અને તેણે સાત્યકિને સહાય કરવામાટે સોમદત્તના પુત્રને રણમાં ઠાર માર્યો; તેથી સોમદત્ત જરાએ ગભરાયો નહિ, પણ ઉલટો તેણે તીક્ષ્ણ બાણોનો ભીમસેનને માર માર્યો. તે માર પડતાંજ ભીમસેને એક નવું મજબૂત પરિઘ હાથમાં લીધું અને સાત્યકિને મદદ કરવામાટે એ ઘોર પરિઘ સોમદત્તની છાતીસામે ફેંક્યું.[૨૪,૨૫] ઘોર દેખાવના તે પરિઘને પોતાની સામે વેગપૂર્વક ધસી આવતું જોઈ, કુરુવંશી સોમદત્તે હસતાં હસતાં તેના બે ટુકડા કરી નાખ્યા.[૨૬] વજ્રથી તોડી પાડેલું પર્વતનું શિખર જેમ ગડગડાટ કરતું પૃથ્વીપર પડે, તેમ એ મહાન લોખંડી પરિઘ પણ બે ટુકડા થઇને પૃથ્વીપર પડયું.[૨૭] હે રાજન્! તે પછી સાત્યકિએ એક ભલ્લબાણનો પ્રહાર કરી સોમદત્તનું ધનુષ્ય કાપી નાખ્યું; તથા બીજાં પાંચ બાણો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે તેના હાથે પહેરવાનાં મોજાંને પણ ચીરી નાખ્યાં.[૨૮] હે ભારત ! વળી પણ ચાર બાણો છોડીને તેના ઉત્તમ ઘોડાઓને પ્રેતરાજાની પાસે વિદાય કરી દીધા;[૩૯] એટલુંજ નહિ પણ નમેલા પર્વવાળા એક ભલ્લબાણથી પુરુષવ્યાઘ્ર શિનિકુમાર તેના સારથિના મસ્તકને પણ હસતાં હસતાં ધડથી જૂદું પાડયું.[૩૦] તે પછી બળબળતા અગ્નિસરખા મહાઘોર બાણનું સંધાન કરી સાત્યકિએ તે બાણ સોમદત્તસામે ફેંક્યું. હે રાજન્ ! તે બાણ સુવર્ણના મોઢિયાવાળું તથા સરાણપર ઘસી તીક્ષ્ણ કરેલું હતું.[૩૧] બળવાન શિનિકુમાર પાસેથી છૂટતાંની સાથેજ એ ઘોર બાણ તત્કાળ સોમદત્તની છાતીમાં ચોંટયું.[૩૨] તેજ વખતે હે મહારાજા ! એ બાણના પ્રહારથી અત્યંત ઘાયલ થઇ મહારથી સોમદત્ત રણભૂમિપર પડયો અને મરણને શરણ થયો.[૩૩] એ રીતે સોમદત્તને મરણ પામેલો જોઇ આપણા પક્ષના સર્વ મહારથીઓ, મોટી બાણવૃષ્ટિ કરતા કરતા સાત્યકિસામે ધસ્યા અને બાણો મૂકી મૂકીને તેને છાઇ દેવા લાગ્યા. હે મહારાજા ! તેઓનાં બાણોથી સાત્યકિને છવાઈ ગયેલો જોઈ રાજા યુધિષ્ઠિર તથા બીજા કેટલાએક પાંડવયોદ્ધાઓ, પ્રભદ્રકોની મોટી સેનાને સાથે લઈ દ્રોણાચાર્યના સૈન્ય તરફ ધસ્યા.[૩૫] કોપેલા રાજા યુધિષ્ઠિરે જતાંવેંતજ તમારા પુત્રોના મહાસૈન્યને દ્રોણાચાર્યના દેખતાં નસાડી મૂકયું.[૩૬] પોતાનાં સૈન્યોને નસાડી મૂકતા યુધિષ્ઠિરને જોઇને દ્રોણાચાર્ય વેગપૂર્વક તેમની સામે દોડી ગયા; અને ક્રોધથી નેત્રોને લાલ કરી, તીક્ષ્ણ સાત બાણો મૂકી યુધિષ્ઠિરને વિંધી નાખ્યા. કોપેલા યુધિષ્ઠિરે પણ પાંચ બાણોનો સામો પ્રહાર કરી, દ્રોણાચાર્યને વિંધી નાખ્યા.[૩૭,૩૮] મહાબાહુ દ્રોણાચાર્યને યુધિષ્ઠિરે જ્યારે અત્યંત વિંધી નાખ્યા, ત્યારે તેમણે પોતાનાં ગલોફાં ચાટતાં ચાટતાં યુધિષ્ઠિરના ધનુષ્યને તથા ધ્વજને કાપી નાખ્યો.[૩૯] પોતાનું ધનુષ્ય કપાઇ જતાં રાજા યુધિષ્ઠિરે એકદમ એક બીજું ધનુષ્ય ગ્રહણ કર્યું; અને હજારો બાણો છોડીને દ્રોણાચાર્યને વિંધવા માંડયા. તેમના ઘોડાઓને, ધ્વજાને તથા સારથિને પણ રાજા વિંધ્યાવિના રહ્યા ન હતા, એ ઘણું આશ્ચર્યજનક હતું.[૪૦] હે ભરતશ્રેષ્ઠ રાજા ! એ સમયે યુધિષ્ઠિરનાં બાણોથી દ્રોણાચાર્યને એટલી બધી વ્યથા થઇ હતી, કે એથી એક મુહૂર્ત જેટલા સમયસુધી તો રથની બેઠકપર તેમને બેસીજ રહેવું પડયું. એક મુહૂર્તકાળ પછી તેમને ભાન આવ્યું અને અતિ ક્રોધાવેશમાં આવી જઇ એ ઉત્તમ બ્રાહ્મણે, યુધિષ્ઠિરસામે વાયવ્યાસ્ત્ર છોડયું;[૪૨-૪૩] છતાં વીર્યવાન યુધિષ્ઠિરને જરા પણ ગભરાટ થયો નહિ. આ પછી હે ભારત ! પોતાના ધનુષ્યપર ચઢાવી સામું તેજ અસ્ત્ર તેમણે પ્રકટ કર્યું અને આચાર્યના વાયવ્યાસ્ત્રને અટકાવી દીધું;[૪૪] તેમજ વળી પાંડુપુત્ર યુધિષ્ઠિરે એ બ્રાહ્મણના લાંબા ધનુષ્યના ટુકડે ટુકડા કરી નાખ્યા. પોતાના ધનુષ્યનો નાશ થતાં ક્ષત્રિયમર્દન ગુરુ દ્રોણાચાર્યે બીજું ધનુષ્ય હાથમાં લઇ બાણો મૂકવાની તૈયારી કરી;[૪૫] પણ તેવામાં કુરુશ્રેષ્ઠ તે રાજાએ તીક્ષ્ણ ભલ્લબાણો છોડી દ્રોણાચાર્યના તે ધનુષ્યના પણ ટુકડા કરી નાખ્યા. એ પ્રમાણે તેઓ બન્ને વચ્ચે ઝપાઝપી ચાલતી હતી; તેવામાં વાસુદેવ શ્રીકૃષ્ણે કુંતીપુત્ર યુધિષ્ઠિરને કહ્યું કે:-[૪૬] "હે મહાબાહુ યુધિષ્ઠિરરાજા ! હું તમને જે કહું છું તે સાંભળો. હે ભરતશ્રેષ્ઠ ! મારા મત પ્રમાણે તમે દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવું રહેવા દો;[૪૭] કારણકે દ્રોણાચાર્ય તમને કેદ પકડવામાટે આ યુદ્ધમાં હમેશાં યત્ન કર્યા કરે છે, તેથીજ હું માનું છું કે, તમારે તેમની સામે યુદ્ધ કરવું યોગ્ય નથી. એમનો વિનાશ કરવામાટે જેને ઉત્પન્ન કરવામાં આવ્યો છે તેજ એમનો વધ કરશે; માટે તમે દ્રોણગુરુનો ત્યાગ કરી જ્યાં દુર્યોધન છે ત્યાં યુદ્ધમાટે જાઓ.[૪૮-૪૯] ખરૂં જોતાં રાજાએ રાજાસાથેજ યુદ્ધ કરવું જોઇએ, પણ બીજાઓની સાથે યુદ્ધ નહિ કરવું જોઇએ; માટે હે કુંતાપુત્ર ! હાથીઓ, ઘોડાઓ અને રથોને સાથે લઈ તમે ત્યાંજ જાઓ.[૫૦] જેટલામાં મારી સહાયતા લઈ અર્જુન તથા રથીશ્રેષ્ઠ ભીમસેન કૌરવોસાથે અહીં યુદ્ધ કરી રહ્યા છે, તેટલામાં તમે દુર્યોધનસામે ધસારો કરો."[૫૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસુદેવનાં એ વચન સાંભળીને ધર્મરાજા યુધિષ્ઠિર એક મુહૂર્તકાળસુધી વિચાર કરીને દારુણ રણસંગ્રામમાં શત્રુસંહારક ભીમસેન જ્યાં ઉભો હતો, ત્યાં એકદમ પ્રયાણ કરી ગયા; અને પહોળું કરેલા મુખવાળા કાળની પેઠે તમારા યોદ્ધાઓનો સંહાર કરતા તથા વર્ષાકાળનો મેઘ જેમ દશેય દિશાઓને ગજાવી મૂકે છે, તેમ રથના મહાન ઘોષથી પૃથ્વીને ગજાવી મૂકતા રાજા યુધિષ્ઠિર, શત્રુઓનો સંહાર કરી રહેલા ભીમસેનની બાજુમાં જઇ પહોંચ્યા અને દ્રોણાચાર્ય પણ તે રાત્રિના આરંભમાં પાંડવો તથા પાંચાલયોદ્ધાઓનો વિનાશ કરવા લાગ્યા.[૫૨-૫૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં સાત્યકિનો ધસારો' એ વિષયનો અધ્યાય ૧૬૨ મો સમાપ્ત

અધ્યાય ૧૬૩ મો

રાત્રિયુદ્ધ ચાલુ-દીવા પ્રકટાવ્યા !

॥ संजय उवाच ॥

वर्तमाने तथा युद्धे घोररूपे भयावहे ।
तमसा संवृते लोके रजसा च महीपते ॥१॥

સંજયે કહ્યું:-ભય ઉપજાવે તેવું ઘોરસ્વરૂપ એ યુદ્ધ જ્યારે ચાલી રહ્યું હતું, ત્યારે હે રાજા ! આ સર્વ લોક, અંધકાર અને રજથી ઢંકાઇ ગયો હતો.[૧] રણમાં પરસ્પર ગોઠવાયેલા યોદ્ધાઓ એકમેકને જોઇ શકતા ન હતા, કેવળ અનુમાન અને નામોચ્ચારણ આદિ સંજ્ઞાઓને આધારેજ રોમાંચ કરનારૂં તે મહાન યુદ્ધ વૃદ્ધિ પામ્યે જતું હતું. અનેક મનુષ્યો, હાથીઓ અને ઘોડાઓનો તેમાં કચ્ચરઘાણ વળી ગયો હતો. હે મહારાજા ! આ તરફથી દ્રોણાચાર્ય, કર્ણ અને કૃપાચાર્ય તથા પેલી તરફથી ભીમ, ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ-આ વીર યોદ્ધાઓ અન્યોન્યનાં સૈન્યોને ખળભળાવી રહ્યા હતા. તે મહારથીઓ ચોતરફથી સૈન્યોનો વિનાશ કરી રહ્યા હતા; જેથી તે અંધારા પ્રદેશમાં સૈનિકો નાસભાગ કરવા લાગ્યા. સર્વ તરફ પલાયન કરતા તે યોદ્ધાઓ, અંધકારને લીધે લગભગ બેભાન જેવા થઇ ગયા અને નાસતા નાસતા પણ માર્યા જતા હતા. હે મહારાજા ! તમારા પુત્રના દુષ્ટ વિચારોના પરિણામે તે ઘોર અંધકારમાં મૂઢ થયેલા હજારો મહારથીઓ, અન્યોન્યનો સંહાર કરી રહ્યા હતા. હે ભરતવંશી રાજા ! પછી જોતજોતામાં તે સર્વ રણપ્રદેશ, ઘોર અંધકારથી છવાઇ ગયો અને સર્વ સૈન્યો તથા સેનાપતિઓ મોટા ગભરાટમાં આવી પડયા.

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:-હે સંજય ! તે આપણા સૈનિકોને જ્યારે પાંડવોએ નિસ્તેજ કરી નાખ્યા તથા ચારેબાજુથી ડગમગાવી નાખ્યા; ત્યારે તે અંધકારમાં બેભાન થયેલા તમારા બધાનું મન કયી સ્થિતિમાં હતું ? શું તદ્દન કાયર થઇ ગયું હતું કે ઉલટું ક્રૂર બન્યું હતું ? વળી જ્યારે સઘળું જગત અંધકારથી છવાઈ ગયું, ત્યારે તે પાંડવો અને મારા સૈન્યને અન્યોન્ય પ્રકાશ કેવી રીતે મળ્યો હતો ? તે તું મને કહે.[૮,૯]

સંજયે કહ્યું:-એ રીતે જ્યારે અંધકારનું સામ્રાજ્ય સર્વ સ્થળે ચાલુ થયું, ત્યારે દ્રોણાચાર્યે મરણ પામતાં બાકી રહેલાં સર્વ સૈન્યો તથા સૈન્યરક્ષકોને બરાબર ગોઠવાઈ જવાની આજ્ઞા કરી અને પુનઃ સૈન્યોની વ્યૂહરચના ગોઠવી. એ વ્યૂહમાં દ્રોણાચાર્ય સૌથી આગળ ઉભા હતા અને મધ્યભાગમાં શલ્ય, અશ્વત્થામા, કૃતવર્મા તથા શકુનિ ઉભા હતા. રાજા દુર્યોધન પોતે બધાં સૈન્યોનું રાત્રિમાં રક્ષણ કરતો ચારેબાજુ ફરી રહ્યો હતો.[૧૧] પછી દુર્યોધને સર્વ રાજાઓને શાંત થવાની સૂચના કરીને સર્વ પાયદળ યોદ્ધાઓને આજ્ઞા કરી કે, "તમે બધા તમારાં આયુધોને હાલ છોડી દો અને હાથમાં પ્રજ્વલિત દીવા ગ્રહણ કરો." પોતાના મહારાજાની એ પ્રમાણે આજ્ઞા થતાં તે યોદ્ધાઓ હર્ષમાં આવી ગયા અને હાથમાં દીવા લઇ સજ્જ થયા. એ રીતે જ્યારે પદાતિઓએ તે યુદ્ધમાં દીવા હાથમાં લીધા, ત્યારે આકાશમાં રહી તે યુદ્ધોત્સવને જોનારા દેવો, ઋષિઓ, ગંધર્વો, દેવર્ષિઓ, વિદ્યાધરો, અપ્સરાઓ, સર્પો, યક્ષો, ઉરગો, કિન્નરો અને તે સિવાયના અંતરિક્ષમાં રહીને ત્યાં આવેલા દેવોએ પણ સુગંધી તેલથી સળગાવેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવાઓ આનંદથી ગ્રહણ કર્યા. તેઓ સર્વ દેવોને વિશેષે કરી નારદ અને પર્વતમુનિએ કુરુપાંડવોનો યુદ્ધોત્સવ જોવા બોલાવ્યા હતા. એ રાત્રિમાં સર્વ સ્થળે પ્રકટ થયેલી અગ્નિની કાંતિથી તે કૌરવી સેનાવિભાગપુરઃસર પ્રકાશી રહી હતી, સ્થળે સ્થળે મહાકિંમતી આભરણો તથા ઉછળતાં દિવ્ય શસ્ત્રો ઝળહળી રહ્યાં હતાં, તે સેનામાં પ્રત્યેક રથે પાંચ પાંચ દીવાઓ મૂકવામાં આવ્યા હતા, પ્રત્યેક હાથી પાસે ત્રણ ત્રણ દીવાઓ ગોઠવ્યા હતા અને પ્રત્યેક ઘોડા આગળ એક એક મોટો દીવો કર્યો હતો. એક ક્ષણવારમાં તે સર્વ સ્થળે દીવાઓ પ્રકટાઈ ગયા, જેથી તમારી સેનાને તે દીવાઓ દીપાવી રહ્યા હતા. સર્વ સેનાઓમાં અગ્નિ અને તેલને હાથમાં લઇ પદાતિઓ ઘૂમી રહ્યા હતા. જેમ આકાશમાં ઝબકતી વિજળીઓ મેઘોને પ્રકાશિત કરે છે,તેમ એ રાત્રિમાં સર્વ સ્થળે પ્રકટેલા દીવાઓ સર્વ યોદ્ધાઓને પ્રકાશમાન કરી રહ્યા હતા.[૧૬–૧૮] એ રીતે ઝળહળાટ કરતી તે સેનામાં ગુરુ દ્રોણાચાર્ય સાક્ષાત્ અગ્નિની પેઠે ચોતરફથી તપી રહેલા હતા; અને હે રાજેન્દ્ર ! તેમણે સુવર્ણજડિત કવચ પહેર્યું હતું, જેથી તેઓ અંશુમાલી સૂર્યની પેઠે શોભતા હતા. તે સમયે જ્યાં ત્યાં સુવર્ણનાં આભરણોમાં, મણિજડિત હારોમાં, તેજસ્વી ધનુષ્યોમાં તથા પાણીદાર શસ્ત્રોમાં અગ્નિની પ્રતિપ્રભાઓ (પ્રતિબિંબો) ઝળકતી હતી.[૨૦] હે અજમીઢકુળમાં ઉત્પન્ન થયેલા ધૃતરાષ્ટ્ર રાજા! રથોમાંના શિંકાઓપર રહેલી ગદાઓમાં, પરિઘોમાં અને ઉજ્જ્વલ શક્તિઓમાં પડેલી અગ્નિની પ્રતિપ્રભાઓનાં કિરણો,સર્વ સ્થળે વ્યાપ્ત થઈ પુનઃ પુનઃ અનેક દીવાઓનું ભાન કરાવતાં હતાં.[૨૧]તે સમયે રણમાં ઘૂમી રહેલા રાજાઓનાં છત્રો, ચામરો, મોટાં ઉંબાડિયાંસમાન ઝળકતી તરવારો તથા હાલકડોલક થતી સુવર્ણમાળાઓ વગેરે દીવાના પ્રકાશમાં ઝળહળતાં હતાં.[૨૨] હે રાજા ! દીવાઓની પ્રભાને લીધે ચળકતાં શસ્ત્રોની કાંતિથી વિરાજતું તથા અલંકારોના ઝગઝગાટથી પ્રકાશતું તે સૈન્ય, એ વેળા અતિશય પ્રકાશમાન થઇ રહ્યું હતું.[૨૩]વળી વર્ષાઋતુમાં આકાશમાં ઝબકતી વિજળીઓની પેઠે વીરોએ ઉછાળેલાં લોહીલુહાણ પાણીદાર શસ્ત્રો તથા યોદ્ધાઓએ ધારણ કરેલાં ચળકતાં કવચો, તે સેનામાં પ્રદીપ્ત પ્રભાને ઉત્પન્ન કરી રહ્યાં હતાં; અને તે રણાંગણમાં વેગપૂર્વક ધસી આવીને અન્યોન્યનો સંહાર કરતા તથા અન્યોન્યના આઘાતના વેગથી કંપાયમાન થયેલા યોદ્ધાઓનાં મુખો વાયુએ ડોલાવેલાં મોટાં કમળોસરખાં શોભતાં હતાં.[૨૫] પુષ્કળ લાકડાંઓથી ભરેલું કોઇએક જંગલ જ્યારે સળગી ઉઠે છે, ત્યારે તેની ઝળહળતી પ્રભા જેમ સૂર્યની પ્રભાને પણ ઝાંખી પાડી દે છે, તેમ હે ભરતવંશી રાજા ! દીવાઓની પ્રભાથી પ્રદીપ્ત થયેલી આપણી સેના પણ મહાભયંકર અને બિહામણા સ્વરૂપવાળી થઇ રહી હતી.[૨૬] આપણા સૈન્યને એ પ્રમાણે પ્રકાશિત થયેલું જોઈ પાંડવોએ પણ પોતાના પદાતિઓને સર્વ સૈન્યોમાં દીવા પ્રકટાવવામાટે સત્વર આજ્ઞા આપી દીધી; એટલે તેઓએ પણ દીવા પ્રકટ કર્યા.[૨૭] તેઓની સેનામાં દરેક હાથીપાસે સાત સાત દીવાઓ ગોઠવ્યા હતા, દરેક રથે દશ દશ દીવાઓ ગોઠવ્યા હતા, ઘોડાઓની પીઠપર બબ્બે તથા ઉપર, પડખે, ધ્વજાઓપર અને પાછળના ભાગમાં પણ કેટલાએક દીવાઓ ગોઠવી દીધા હતા.[૨૮] વળી સર્વ સેનાઓના પડખાના ભાગમાં, પાછળના ભાગમાં, આગળના ભાગમાં તથા મધ્યભાગમાં એમ ચારેબાજુ પ્રજ્વલિત મસાલોને હાથમાં લઈ ઘૂમી રહેલા પદાતિઓએ પાંડુપુત્ર યુધિષ્ઠિરરાજાની સેનાને ઝગઝગાટ કરી મૂકી.[૨૯] બીજા કેટલાએક પગપાળા પુરુષો, બળબળતી મસાલો હાથમાં લઈ બન્ને સેનાઓની વચમાં પણ ફરતા હતા. આમ સર્વ સૈન્યોમાં પદાતિઓનાં ટોળેટોળાં હાથી, ઘોડા અને રથોના સમુદાયોમાં સેળભેળ થઇ ગયાં હતાં.[૩૦] તે પ્રકટ કરવામાં આવેલા દીવાઓએ જેવી રીતે તમારી સેનાને દીપાવી દીધી હતી, તેજ પ્રમાણે પાંડવોના સૈન્યને પણ તેમણે પ્રકાશમાન કરી દીધું હતું; અને જ્યારે પાંડવોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈન્ય એ પ્રમાણે પ્રકાશિત થઇ રહ્યું, ત્યારે સાયંકાળે કિરણોના ઉત્પત્તિસ્થાનરૂપ સૂર્યના તેજના સંબંધથી જેમ અગ્નિ વિશેષ ઉજ્જવલ થઈ રહે છે, તેમ તમારૂં સૈન્ય પણ પ્રકાશના સંબંધથી અતિશય પ્રદીપ્ત થઇ રહ્યું હતું; અને આ બન્ને સૈન્યોની એકત્ર થયેલી પ્રભાઓ, પૃથ્વી તથા આકાશનું ઉલ્લંઘન કરીજઇ સર્વ દિશાઓમાં ફેલાઇ ગઇ હતી.[૩૧,૩૨] હે રાજન્! સર્વ સ્થળે ઝળહળતા પ્રકાશથી પાંડવોનું તથા કૌરવોનું સૈન્ય અતિશય પ્રકાશવાળું થઇ રહ્યું હતું. તે સેનાઓનો પ્રકાશ એટલો બધો વધી ગયો કે જેથી તે ઠેઠ સ્વર્ગસુધી પહોંચ્યો અને ત્યાં સર્વ દેવગણોને પણ તેણે આ યુદ્ધના સમાચાર જણાવી દીધા; અને આથીજ ગંધર્વો, યક્ષો, અસુરો, સિદ્ધો તથા સર્વ અપ્સરાઓનાં ટોળેટોળાં ત્યાં આવી પહોંચ્યાં હતાં. એકઠા મળેલા દેવો, ગંધર્વો, યક્ષો અસુરો, તથા અપ્સરાઓનાં ટોળાંઓથી ભરપૂર બનેલું તે રણક્ષેત્ર, લગભગ દિવ્ય બની ગયું હતું અને તેમાં મરણ પામેલા શૂરાઓ પ્રત્યક્ષ રીતે સ્વર્ગમાં આરોહણ કરી રહ્યા હતા. રથો, ઘોડાઓ તથા હાથીઓની ગોઠવણીવાળું તે કૌરવપાંડવ સૈન્ય, સાક્ષાત્ દેવ અને અસુરોના વ્યૂહસરખુંજ તે વેળા જણાતું હતું. રથો, ઘોડાઓ તથા હાથીઓનાં ટોળાંઓમાં મિશ્ર થયેલા દીવાઓથી તે સૈન્ય દીપતું હતું, સ્થળે સ્થળે ક્રોધે ભરાયેલા યોદ્ધાઓ ઘૂમતા હતા અને સંખ્યાબંધ ઘોડાઓ તેમાં મરણ પામ્યા હતા તથા નાસભાગ કરતા હતા. વળી શક્તિઓના સમુદાયોરૂપ પ્રચંડ વાયુથી તે આકુળ હતું, મોટા મોટા રથોરૂપ વાદળાં તેમાં દૃષ્ટિએ પડતાં હતાં, હાથીઓની ચીસો તથા ઘોડાઓના હણહણાટોનો તીવ્ર ઘોષ ત્યાં કાને પડતો હતો, જથાબંધ બાણોની વૃષ્ટિ તેમાં પડતી હતી અને રુધિરરૂપ જળધારાનો ત્યાં છટકાવ થઇ રહ્યો હતો. ખરેખર! તે સૈન્યમાં રાત્રિના સમયે પણ રથોના મોટા સમુદાયને લીધે દુર્દિનનો દેખાવ થઇ રહ્યો હતો. હે નરેન્દ્ર! વર્ષાઋતુની આખરમાં કિરણોના મધ્યમાં રહેલો સૂર્ય જેમ સર્વ જગતને તપાવે છે, તેમ તે સૈન્યોની મધ્યમાં રહેલા બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્ય, પ્રજ્વલિત થયેલા મહાન અગ્નિની પેઠે પાંડવોને તપાવી રહ્યા હતા.[૩૩-૩૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં દીપપ્રજ્વાલન' એ વિષયનો અધ્યાય ૧૬૩ મો સમાપ્ત

અધ્યાય ૧૬૪ મો

સંકુલ યુદ્ધ

॥ संजय उवाच ॥

प्रकाशिते तदालोके रजसा तमसा वृते ।
समाजग्मुरथो वीराः परस्परवधैषिणः ॥१॥

સંજયે કહ્યું:-સર્વ સ્થળે દીવા પ્રકટાયા, એટલે તુરત અંધકાર અને રજથી છવાઇ ગયેલા આ લોકમાં પ્રકાશ પ્રકાશ થઇ રહ્યો. પછી પરસ્પર વધ કરવા ઇચ્છતા સર્વ યોદ્ધાઓ, યુદ્ધમાટે સામસામા ભેટયા.[૧] હે રાજન્! ભાલાંઓ, તરવારો વગેરે શસ્ત્રો લઈ લઇને તેઓ યુદ્ધમાં એકમેકની સામા આવ્યા હતા તથા પરસ્પરનો અપરાધ કરી અન્યોન્યને નિહાળતા હતા.[૨] હે ભરતવંશી રાજન્! હજારો દીવાઓ ચારેબાજુ દીપી રહ્યા હતા. રત્નોથી જડેલી અને સુવર્ણના દાંડાઓવાળી મસાલોમાં સુગંધી તેલ પૂરીને દેવો અને ગંધર્વોએ પણ પોતાના દીવા દીપાવ્યા હતા. તે બધા દીવાઓની એકત્ર થયેલી અધિક ઉજ્જવળ પ્રભાઓવડે રણભૂમિ ઉદય પામેલા ગ્રહમંડળથી જેમ આકાશ શોભે તેમ શોભતી હતી. સેંકડો ઉંબાડિયાં જાણે બળી રહ્યાં હોય, તેમ બળતા દીવાઓથી એ રણભૂમિ શોભતી હતી; અને લોકોના વિનાશસમયે બળી રહેલી પૃથ્વીના જેવી તે જણાતી હતી.[૫] વર્ષાઋતુની રાત્રિમાં પતંગિયાંથી વ્યાપ્ત થયેલાં વૃક્ષો જેમ શોભે છે, તેમ ચારે બાજુ ઝળહળી રહેલા દીવાઓથી સર્વ દિશાઓ દેદીપ્યમાન થઈને શોભતી હતી.[૬] તે પછી એ ઘોર રાત્રિના આરંભમાં તમારા પુત્રની આજ્ઞાથી વીર યોદ્ધાઓ, સામે ઉભેલા વીર યોદ્ધાઓ સામે જૂદા જૂદા યુદ્ધ કરવા મચી પડયા. હાથી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વારો હાથીસ્વારોની સાથે ભેટયા, ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સાથે આવી ગયા અને હર્ષમાં આવેલા રથીયોદ્ધાઓ રથીયોદ્ધાઓની સાથે લડવા લાગ્યા.[૭,૮] જોતજોતામાં ચતુરંગી સૈન્યનો મહાન સંહાર થવા લાગ્યો. એ સમયે હે મહારાજ ! સર્વ રાજાઓનો સંહાર કરતો વેગવાન અર્જુન, કૌરવોની સેનાને છિન્નભિન્ન કરવા મંડી પડયો.

ધૃતરાષ્ટ્રે પૂછયું:–હે સંજય ! આપણી વ્યૂહરચનાને સહન નહિ કરીને કોપાયમાન થયેલો દુરાધર્ષ તે અર્જુન,જયારે મારા પુત્રની સેનામાં દાખલ થયો, ત્યારે તમારા મનમાં શું થતું હતું? કાયર થયું હતું કે તેનીસામે થવા ઉત્સુક થયું હતું ? શત્રુઓને પીડા કરનારો તે અર્જુન જયારે અંદર પેઠો, ત્યારે આપણાં સૈન્યોએ શું કર્યું હતું ? અને દુર્યોધને તે સમયે યોગ્ય કર્તવ્ય શું માન્યું હતું? વળી આપણા પક્ષના કયા શત્રુદમન યોદ્ધાઓ એ વીર અર્જુનસામે યુદ્ધ કરવા ધસ્યા હતા ? તેમજ શ્વેત ઘોડાઓવાળો અર્જુન ત્યાં દાખલ થયો ત્યારે કયા વીરપુરુષો દ્રોણાચાર્યની રક્ષા કરતા હતા ? કયા વીરો તેમના રથના જમણા ચક્રનું તથા ડાબા ચક્રનું રક્ષણ કરતા હતા અને કયા વીરયોદ્ધાઓ શત્રુઓનો સંહાર કરનારા તે દ્રોણાચાર્યની પાછળ ચાલતા હતા તથા કયા વીરો આગળ જતા હતા ?[૯–૧૪] અનેક યુદ્ધોમાં અજિત રહેલા અને જાણે નૃત્ય કરતા હોય તેમ રથના માર્ગોમાં ઘૂમી રહેલા વીર્યવાન મહાધનુર્ધર જે દ્રોણાચાય પાંચાલોના મધ્યમાં પેઠા હતા તથા જે દ્રોણાચાર્યે કોપેલા ધૂમકેતુની પેઠે બાણો મૂકીમૂકીને પાંચાલોના અનેક મહારથોને બાળી ભસ્મ કરી નાખ્યા હતા, તે દ્રોણાચાર્યનું મૃત્યુ શી રીતે થયું ? હે સૂત ! તું મારા શત્રુઓને નિરંતર અવ્યગ્ર, અજિત, હર્ષ પામેલા તથા સંગ્રામમાં આગળ વધેલા કહે છે; પણ મારા પુત્રોને અથવા યોદ્ધાઓને તેવા કહેતો નથી અને ઉલટા મરણ પામેલા, ઘાયલ થયેલા, નાસી જતા તથા યુદ્ધોમાં રથવાળાઓને રથવિનાના કરાયેલા કહે છે; માટે તેમાં સત્ય શું? તે મને કહે.[૧૭,૧૮]

સંજયે કહ્યું:–એ રાત્રિમાં યુદ્ધ કરવાની ઇચ્છાવાળા દ્રોણાચાર્યનો મત મેળવીને હે મહારાજ ! તમારા પુત્ર દુર્યોધને, પોતાના આજ્ઞાંકિત ભાઇઓને તથા કર્ણ, વૃષસેન, મદ્રરાજા તથા તેઓને પગલે ચાલનારા બીજા કેટલાએક તેમના અનુયાયીઓને આ પ્રમાણે કહ્યું:–" હે વીર યોદ્ધાઓ ! તમે બધા બરાબર સાવધાન થઇ પરાક્રમ કરીને દ્રોણાચાર્યના પૃષ્ઠભાગમાં રક્ષા કરતા ઉભા રહો. હાર્દિક્યરાજા તેમના રથના દક્ષિણચક્રની રક્ષા કરે તથા શલ્યરાજા તેમના રથના ઉત્તરચક્રની રક્ષા કરે. વળી મરણ પામતાં બાકી રહેલા જે ત્રિગર્ત મહારથો છે, તેઓ બધા દ્રોણાચાર્યના આગળના ભાગમાં રહી તેમનું રક્ષણ કરે. " આ રીતે તમારા પુત્રે તેઓ સર્વને આજ્ઞા આપી દીધી. વળી પણ તે બોલ્યો:–" દ્રોણાચાર્ય આજે બરાબર યુદ્ધ કરવા સજ્જ થયા છે, તેમજ સામેથી પાંડવો પણ તેવાજ તૈયાર છે; માટે આચાર્ય રણમાં જે વેળા શત્રુઓનો સંહાર કરવા લાગી પડે, તે વેળા તમે બધા બરાબર સાવધાન થઇને તેમની રક્ષા કરજો.[૧૯–૨૩] દ્રોણાચાર્ય બળવાન છે,યુદ્ધમાં ઝડપદાર હાથવાળા છે અને પ્રતાપી પણ છે. તે જો ધારે તો દેવોનો પણ પરાજય કરી શકે તેમ છે, તો પછી પાંડવો અને સોમકો તે કોણ માત્ર છે? માટે તમે સર્વ મહારથીઓએ એકત્રથઇનેઘણીજ સાવધાની રાખી દ્રોણાચાર્યની રક્ષા કરવી અને તેમાં પણ પાંચાલવંશના મહારથી ધૃષ્ટદ્યુમ્નથી તેમનું ખાસ રક્ષણ કરવું.[૨૫] પાંડવોનાં સૈન્યોમાં ધૃષ્ટદ્યુમ્નસિવાય તેવો બીજો એક પણ રાજા મને દેખાતો નથી કે જે રણમાં ઉભો રહીને દ્રોણગુરુ સામે યુદ્ધ કરે? વળી હું માનું છું કે,આપણે સર્વ પ્રકારે દ્રોણાચાર્યનુંજ રક્ષણ કરવું ઘટે છે; કારણકે તેમની જો બરાબર રક્ષા કરવામાં આવશે તો જરૂર તે એકલાજ પાંડવોનો, સૃંજયોનો તથા સોમકોનો નાશ કરીનાખશે;[૨૭] અને જયારે સૈન્યના મોખરામાં રહેનારા સર્વ સૃંજયોનો નાશ થશે, એટલે દ્રોણપુત્ર અશ્વત્થામા, ધૃષ્ટદ્યુમ્નનો વધ કરશે એમાં સંશય નથી.[૨૮] મહારથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણ અર્જુનને મારી નાખશે અને આ યુદ્ધમાં દીક્ષા લઇ બેઠેલો હું પોતે ભીમસેનનો પરાજય કરીશ-નાશ કરીશ.[૨૯] પછી બાકી રહેલા તેજહીન પાંડવોનો તો માત્ર આપણા યોદ્ધાઓજ ઝપાટાબંધ નાશ કરી નાખશે. આ સ્થિતિએ જોતાં મારોજ વિજય સ્પષ્ટ દેખાય છે અને તે ચિરકાળસુધી ટકી રહેશે;[૩૦] માટે જેમ બને તેમ તમે બધા મહારથી દ્રોણાચાર્યનીજ સંગ્રામમાં રક્ષા કરો." આમ કહીને હે ભરતશ્રેષ્ઠ રાજા! તમારા પુત્ર દુર્યોધનેં તે દારુણ અંધકારમાં સૈન્યને યુદ્ધ કરવાની આજ્ઞા કરી; એટલે તુરત તે રાત્રિયુદ્ધ ચાલુ થયું. તેઓ બન્ને સેનાઓને પરસ્પર વિજય મેળવવાની તીવ્ર ઇચ્છા હતી, જેથી તે યુદ્ધ ઘણું ઘોર થયું હતું. અર્જુન જાત જાતનાં શસ્ત્રોથી કૌરવોનાં સૈન્યને પીડવા લાગ્યો; તેમજ કૌરવો અનેક શસ્ત્રોથી અર્જુનને પીડવા લાગ્યા. એ યુદ્ધમાં અશ્વત્થામા, પાંચાલરાજાને તથા દ્રોણાચાર્ય સંજયોને નમેલાં પર્વવાળાં બાણો મૂકીમૂકીને છાઇ દેતા હતા. અન્યોન્યમાં જ્યારે સખ્ત મારો ચાલુ થયો, ત્યારે પાંડવો, પાંચાલો અને કૌરવોનાં સૈન્યોમાં દુઃખજનક ઘોર કીકિયારીઓ સંભળાતી હતી. એ યુદ્ધ જેવું રૌદ્ર અને જેવું ભયાનક હતું તેવું પૂર્વે કદી અમે જોયું નથી કે સાંભળ્યું પણ નથી.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં સંકુલયુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૬૪ મો સમાપ્ત

અધ્યાય ૧૬૫ મો

યુધિષ્ઠિરનું પલાયન

॥ संजय उवाच ॥

वर्तमाने तदा रौद्रे रात्रियुद्धे विशांपते ।
सर्वभूतक्षयकरे धर्मपुत्रो युधिष्ठिरः ॥१॥

સંજયે કહ્યું:-હે રાજા! સર્વ ભૂતોનો ક્ષય કરનારૂં તે રાત્રિયુદ્ધ તે સમયે જ્યારે ચાલુ થયું, ત્યારે ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા સર્વ પાંડવો, પાંચાલો અને સોમકયોદ્ધાઓને કહેવા લાગ્યા:- "તમે બધા દ્રોણાચાર્યનેજ મારી નાખવામાટે જોસભેર ધસારો કરો." યુધિષ્ઠિરરાજાનાં એ વચન સાંભળી હે રાજન્! તે સર્વ પાંચાલો તથા સૃંજયો ભયંકર શબ્દોથી ગર્જનાઓ કરતા કરતા દ્રોણાચાર્યસામાજ ધસારો લઇ ગયા.[૨,૩] એટલે પછી આપણા યોદ્ધાઓ પણ તેઓની સામા ગર્જના કરતા શક્તિ, ઉત્સાહ અને ધૈર્ય પ્રમાણે ધસ્યા અને દ્રોણાચાર્યનું રક્ષણ કરતા ઉભા રહ્યા.[૪] મદમત્ત હાથી જેમ બીજા મદમત્ત હાથીસામે ધસી આવે, તેમ યુધિષ્ઠિરરાજા દ્રોણાચાર્યસામે ધસી આવતા હતા. તે જોઇ હાર્દિક્ય કૃતવર્મા તેમની સામે યુદ્ધ કરવા દોડયો.[૫] ચારેબાજુ બાણોની વૃષ્ટિને વર્ષાવી રહેલા શિનિપુત્ર સાત્યકિસામે સંગ્રામના મોખરામાં કુરુવંશી ભૂરિ જઇ પહોંચ્યો.[૬] દ્રોણાચાર્યને પહોંચવામાટે ધસી આવતા મહારથી સહદેવને સૂર્યપુત્ર કર્ણે આગળ જતો અટકાવ્યો.[૭] વિકાસેલા મુખવાળા કાળની પેઠે ચઢી આવતા પોતાના મૃત્યુસરખા શત્રુ ભીમસેનસામે રાજા દુર્યોધન પોતે યુદ્ધમાટે ગયો હતો. સર્વ જાતનાં યુદ્ધોમાં કુશળ તથા યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ એવા નકુળને સુબલપુત્ર શકુનિએ સત્વર અટકાવ્યો.[૯]

હે રાજન્! રથીઓમાં શ્રેષ્ઠ શિખંડી, રથમાં બેસીને યુદ્ધ કરવા ચઢી આવ્યો; પણ શારદ્વત કૃપાચાર્યે તેને અટકાવ્યો.[૧૦] હે મહારાજા! મયૂરસમાન વર્ણના ઘોડાઓ જોડીને તથા બરાબર સજ્જ થઇને પ્રતિવિંધ્ય ધસ્યો આવતો હતો; પરંતુ અહીંથી સજ્જથઇને ઉભેલા દુઃશાસને તેને આગળ જતો વાર્યો. તેવામાં સેંકડો માયાઓ રચવામાં કુશળ ભીમસેનપુત્ર રાક્ષસ ઘટોત્કચને આવતો જોઇ અશ્વત્થામાએ તેને અટકાવ્યો. એ રણમાં દ્રોણાચાર્યસાથે ભેટો કરવાની ઇચ્છાથી પોતાના સૈન્ય તથા અનુયાયીઓ સાથે દોડી આવતા મહારથી દ્રુપદરાજાને વૃષસેને ખાળી રાખ્યા.[૧૩] હે ભારત! બીજી તરફથી દ્રોણાચાર્યનો વિનાશ કરવામાટે વિરાટરાજા એકદમ ચઢી આવ્યો; પણ અત્યંત કોપેલા મદ્રરાજાએ તેને અટકાવ્યો.[૧૪] એવામાં ઘણી ઝડપથી ધસી આવતા નકુળના પુત્ર શ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાનીકને ચિત્રસેન, દ્રોણાચાર્યનું રક્ષણ કરવાની ઇચ્છાથી સત્વર બાણો મૂકી મૂકીને રોકવા લાગ્યો.[૧૫] યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ મહારથી અર્જુનને ધસી આવતો જોઇ, હે મહારાજ! રાક્ષસરાજા અલંબુષે તેને અટકાવ્યો.[૧૬] આ તરફથી હાથમાં મોટું ધનુષ્ય લઇને રણમાં શત્રુઓનો સંહાર કરતા તથા હર્ષિત સ્વરૂપવાળા દ્રોણાચાર્યને પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્ને અટકાવ્યા;[૧૭] તેમજ હે રાજા! બીજા કેટલાએક પાંડવપક્ષના ચઢી આવતા મહારથીઓને તમારા પક્ષના રથીયોદ્ધાઓ બળપૂર્વક અટકાવવા લાગ્યા.

એ મહાયુદ્ધમાં હાથીસ્વારો હાથીસ્વારો સામે ભેટંભેટા કરીને સેંકડો અને હજારોને છુંદી નાખતા લડી રહ્યા હતા.[૧૯] હે રાજન્! બરાબર મધ્યરાત્રિ થતાં પાંખોવાળા પર્વતોસરખા ઘોડાઓ ઘણા વેગમાં આવી ગયેલા દેખાવા લાગ્યા અને એકબીજાને રણમાંથી નસાડી મૂકવા લાગ્યા.[૨૦] ભાલાં, શક્તિઓ તથા બન્ને તરફ ધારવાળી તરવારોને હાથમાં લઇ જૂદી જૂદી ગર્જનાઓ કરતા ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સામે આવી ગયા હતા.[૨૧] તે રણમાં અનેક પદાતિ યોદ્ધાઓ ગદાઓ, મુસલો તથા બીજાં અનેક જાતનાં શસ્ત્રો લઇ પરસ્પર પ્રહાર કરતા હતા.[૨૨] તે પછી હાર્દિક્ય કૃતવર્માએ, કિનારો જેમ છલકાતા સમુદ્રને ખાળી રાખે તેમ ધર્મપુત્ર યુધિષ્ઠિરને ક્રોધપૂર્વક ખાળી રાખ્યા.[૨૩] તે જોઇ યુધિષ્ઠિરે પાંચ બાણો મારી હાર્દિક્યને વિંધી નાખ્યો અને બીજાં વીસ બાણોનો પ્રહાર કરી "ઉભો રહે, ઉભો રહે" એ પ્રમાણે કહ્યું;[૨૪] એટલે કૃતવર્માને ક્રોધ ચઢયો અને તેણે એક ભલ્લબાણનો પ્રહાર કરી ધર્મરાજાના ધનુષ્યના કકડે કકડા કરી નાખ્યા તથા વધારામાં સાત બાણોનો પ્રહાર કર્યો;[૨૫] ત્યારે મહારથી ધર્મપુત્રે બીજું એક ધનુષ્ય લઇને દશ બાણો છોડયાં અને હાર્દિક્યની ભુજાઓમાં તથા છાતીમાં માર્યાં.[૨૬] હે રાજા! એ યુદ્ધમાં ધર્મપુત્રે કૃતવર્માને જ્યારે વિંધી નાખ્યો, ત્યારે તે કોપને લીધે થરથર ધ્રૂજવા લાગ્યો; પણ પાછળથી તેણે સાત બાણોવડે ધર્મરાજાને માર માર્યો હતો.[૨૭] તેવામાં તો મહારથી યુધિષ્ઠિરે તેના ધનુષ્યના તથા હાથે પહેરવાનાં મોજાંઓના ટુકડેટુકડા કરી નાખ્યા અને સરાણપર ઘસેલાં પાંચ તીક્ષ્ણ બાણો તેનાપર ફેંકયાં.[૩૮] એ બાણોએ કૃતવર્માના સુવર્ણજડિત મૂલ્યવાન કવચને ચીરી નાખ્યું અને પછીથી સર્પો જેમ રાફડામાં પેસી જાય તેમ પૃથ્વીમાં પેસી ગયાં. આંખના પલકારા જેટલા સમયમાં તો કૃતવર્માએ બીજું ધનુષ્ય લીધું અને સાઠ બાણોથી યુધિષ્ઠિરને તથા નવ બાણોથી તેના સારથિને વિંધી નાખ્યા.[૩૦] પછી હે ભરતશ્રેષ્ઠ! અમેયાત્મા પાંડુપુત્રે પોતાના ધનુષ્યને રથમાં મૂકીને સર્પસમાન તીક્ષ્ણ એવી એક શક્તિ તે કૃતવર્માપર ફેંકી.[૩૧] સુવર્ણથી ચળકતી તે મહાન શક્તિ, યુધિષ્ઠિરના હાથમાંથી છૂટીને કૃતવર્માના જમણા હાથપર પડી અને તેને ચીરી નાખી પૃથ્વીમાં પેસી ગઇ.[૩૨] એ અરસામાં પોતાના ધનુષ્યને પાછું ઉઠાવીને યુધિષ્ઠિરે નમેલાં પર્વવાળાં અનેક બાણો મૂકીને કૃતવર્માને છાઇ દીધો;[૩૩] પરંતુ રણશૂરો યાદવવીર કૃતવર્મા ગાંજયો જાય તેવો કયાં હતો? તેણે પણ એક અર્ધા નિમેષમાં તો યુધિષ્ઠિરને ઘોડા, સારથ અને રથરહિત કરી નાખ્યા.[૩૪] આ સ્થિતિમાં આવી ગયા પછી પાંડવોના વડા રાજા યુધિષ્ઠિરે ઢાલ–તરવાર હાથમાં લીધી કે તુરત કૃતવર્માએ તીક્ષ્ણ બાણો મારીને તે ઢાલતરવારના ટુકડે ટુકડા કરી નાખ્યા.[૩૫] એટલે યુધિષ્ઠિરે સુવર્ણના દાંડાવાળું દુરાસદ તોમર હાથમાં લીધું અને તત્કાળ કૃતવર્માસામે ફેંકયું.[૩૬] ધર્મરાજાના હાથમાંથી છૂટીને એકાએક ધસી આવતા તે તોમરના ચાલાક હાથવાળા કૃતવર્માએ, હસતાં હસતાંજ બે કકડા કરી નાખ્યા અને સેંકડો બાણો મૂકીને તેણે ધર્મરાજાને રણમાં છાઇ દીધા; એટલુંજ નહિ પણ એકદમ ક્રોધપૂર્વક તીક્ષ્ણ બાણો મૂકીને તેમના કવચને પણ ચીરી નાખ્યું.[૩૮] હે રાજન્! કૃતવર્માનાં બાણો, જેવાં તે કિંમતી કવચપર પડયાં કે તુરત આકાશમાંથી જેમ તારા ખરી પડે, તેમ તે કવચ પણ ધર્મરાજાના શરીરપરથી વીખરાઇ ગયું. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે ધનુષ્ય કપાઇ ગયું, રથ ભાંગી પડયો અને કવચ પણ તૂટી ગયું, ત્યારે ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજા સત્વર રણમાંથી પલાયન કરી ગયા. આ રીતે ધર્માત્મા રાજા યુધિષ્ઠિરનો પરાજય કરી કૃતવર્મા ફરી પાછો મહાત્મા દ્રોણાચાર્યના રથચક્રનીજ રક્ષા કરવા લાગ્યો.[૪૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં યુધિષ્ઠિરનું પલાયન' એ વિષયનો અધ્યાય ૧૬૫ મો સમાપ્ત

અધ્યાય ૧૬૬ મો
ભીમ અને દુર્યોધનનું યુદ્ધ— દુર્યોધન નાઠો !

॥ संजय उवाच ॥

भूरिस्तु समरे राजन् शैनेयं रथिनां वरम् ।
आपतंतमपासेधत् प्रयाणादिव कुंजरम् ॥१॥

સંજયે કહ્યું:—હે રાજન્! એ યુદ્ધમાં ધસી આવેલા મહારથી સાત્યકિને કૌરવ ભૂરિએ ઢાળવાળી જમીનપરથી દોડી આવતા હાથીને જેમ અટકાવામાં આવે તેમ અટકાવ્યો હતો. તે વેળા ક્રોધે ભરાયેલા સાત્યકિએ પાંચ તીક્ષ્ણ બાણો મારી તેને હૃદયમાં વિંધી નાખ્યો, જેથી એ ભૂરિના હૃદયમાંથી લોહી વહેવા લાગ્યું;[૨] એટલે સામેથી કુરુવંશી ભૂરિએ પણ તીક્ષ્ણ દશ બાણો મૂકી યુદ્ધદુર્મદ સાત્યકિને છાતીમાં ઘાયલ કર્યો.[૩] હે મહારાજ ! તેઓ બન્નેજણા સંખ્યાબંધ બાણો મૂકીમૂકીને અન્યોન્યને ઘાયલ કરતા હતા અને ક્રોધથી નેત્રોને લાલચોળ કરી ધનુષ્યોનો ટંકાર કરતા બાણો ફેંકી રહ્યા હતા.[૪] કોપાયમાન થયેલા તેઓ બન્ને એ રીતે જ્યારે બાણો મૂકતા હતા, ત્યારે તેઓ સાક્ષાત્ યમ અને અંતકસરખાજ ભાસતા હતા; તેમજ તેઓની શસ્ત્રવૃષ્ટિ પણ અતિદારુણ થઇ રહી હતી.[૫] હે રાજન્! બાણોવડે અન્યોન્યને ઢાંકી દઇને તેઓ રણમાં ઉભા હતા, તેથી એક મુહૂર્ત જેટલા વખતસુધી તે યુદ્ધ, એકધારૂંજ થઇ રહ્યું હતું.[૬] પછી શિનિકુમાર સાત્યકિ કોપ્યો. તેણે હસતાં હસતાં કૌરવવીર ભૂરિના ધનુષ્યના એક ભલ્લબાણવડે ટુકડા કરી નાખ્યા;[૭] તેમજ કપાયેલા ધનુષ્યવાળા તે ભૂરિને તીક્ષ્ણ નવ બાણોનો પ્રહાર કરી હૃદયમાં વિંધી નાખ્યો અને ઉપરથી વળી કહ્યું કે:—"હવે રણમાં ઉભો રહેજે, જોજે, નાસતો નહિ." શત્રુતાપન ભૂરિ પોતાના બળવાન શત્રુના બાણપ્રહારથી અત્યંત વિંધાઇ ગયો હતો; છતાંપણ તુરત બીજું ધનુષ્ય લઇ તેણે સાત્યકિને સામો પ્રહાર કર્યો. હે રાજા ! માત્ર ત્રણ બાણોવડેજ તેણે સાત્યકિને વિંધી નાખ્યો અને વધારામાં એક તીક્ષ્ણ ભલ્લબાણ છોડી હસતે મુખડે તેના ધનુષ્યને પણ કાપી નાખ્યું.[૧૦] હે મહારાજ ! પોતાના ધનુષ્યનો છેદ થતાં સાત્યકિને અત્યંત ક્રોધ ચઢયો, જેથી તેણે મહાન વેગવાળી એક શક્તિનો ભૂરિની છાતીમાં પ્રહાર કર્યો.[૧૧] તે શક્તિનો પ્રહાર થતાં તુરતજ ભૂરિનાં અંગો છિન્નભિન્ન થઇ ગયાં અને દૈવેચ્છાએ આકાશમાંથી ખરી પડેલો પ્રદીપ્ત કિરણોવાળો મંગળનો તારો જેમ તૂટી પડે, તેમ તે ભૂરિ પણ પોતાના મહાન રથપરથી રણભૂમિપર તૂટીજ પડયો.[૧૨] એ શૂરા કૌરવને મરણ પામેલો જોઇ મહારથી અશ્વત્થામા વેગપૂર્વક સાત્યકિસામા યુદ્ધ કરવા ધસી ગયા.[૧૩] "અલ્યા ઓ સાત્યકિ ! ઉભો રહેજે, હવે નાસીશ નહિ" આમ કહીને અશ્વત્થામા, મેઘરાજા મેરુપર્વતપર જેમ જળની વૃષ્ટિ કરે, તેમ તે સાત્યકિપર અસંખ્ય બાણો વર્ષાવવા લાગ્યા.[૧૪] સાત્યકિના રથસામે એ રીતે ધસી આવતા ક્રોધે ભરાયેલા અશ્વત્થામાને જોઈ મહારથી ઘટોત્કચ, મોટો સિંહનાદ કરીને કહેવા લાગ્યો:—"અલ્યા ઓ દ્રોણાચાર્યના પુત્ર ! ક્યાં જાય છે? ઉભો રહે, ઉભો રહે. હવે તું મારી પાસેથી જીવતો જઇ શકીશ નહિ. પૂર્વે કાર્તિકસ્વામીએ મહિષાસુરને જેમ માર્યો હતો, તેમ હું તને આ પગલે મારી નાખું છું; માટે જઇશ નહિ.[૧૬] આજે આ સમરાંગણમાં તારી યુદ્ધશ્રદ્ધાને હું દૂર કરીશ." આમ કહીને ક્રોધથી લાલચોળ આંખોવાળો શત્રુસંહારક રાક્ષસ ઘટોત્કચ કેસરી સિંહ જેમ કોઇ મોટા હાથી સામે ધસી જાય, તેમ અશ્વત્થામાસામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધસી ગયો; અને તે ઘટોત્કચ, રથની ધરી જેવડાં મોટાં બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. મેઘ જેમ જળધારાની વૃષ્ટિ કરે, તેમ તેણે રથીશ્રેષ્ઠ અશ્વત્થામાપર બાણવૃષ્ટિ કરી મૂકી; પણ ખડખડાટ હસતા અશ્વત્થામાએ પોતાની સામે આવતી તે બાણવૃષ્ટિનો સર્પસમાન તીક્ષ્ણ બાણો મૂકીને બળપૂર્વક ઝડપથી નાશ કરી નાખ્યો તથા મર્મને ભેદી નાખનારાં સો તીક્ષ્ણ બાણોવડે શત્રુદમન રાક્ષસરાજ ઘટોત્કચને ઢાંકી દીધો. અશ્વત્થામાએ રણના મોખરામાં ઉભા રહી તે રાક્ષસને બાણોવડે એટલોબધો ઢાંકી દીધો, કે જેથી હે મહારાજ ! તે રાક્ષસ પીછાંઓથી વ્યાપ્ત થયેલી શાહુડીના જેવો શોભતો હતો. એ રીતે પોતાનાપર બાણોનો મારો થતાં પ્રતાપી ભીમપુત્ર ક્રોધાવેશમાં આવી ગયો; અને ઇંદ્રના વજ્રસમાન કાંતિવાળાં ઉગ્ર ક્ષુરપ્ર બાણોથી અશ્વત્થામાને ઘાયલ કરી અર્ધચંદ્રાકાર બાણોની, નારાચ બાણોની, વરાહના કાન જેવા આકારનાં બાણોની, નળીના આકારનાં બાણોની તથા વિકર્ણ નામનાં બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. વજ્ર અને અશનિસમાન શબ્દ કરતી તે અતુલ શસ્ત્રવૃષ્ટિને પોતાનાપર પડતી જોઇને પણ અશ્વત્થામાની ઇંદ્રિયો વ્યથા પામી ન હતી; પરંતુ દિવ્ય અસ્ત્રોથી મંત્રેલાં ઘોર બાણો મૂકીને વાયુ જેમ મેઘમંડળનો નાશ કરે, તેમ તે દુઃસહ શસ્ત્રવૃષ્ટિનો તેમણે નાશ કરી નાખ્યો. હે મહારાજ ! તે સમયે આકાશમાં બાણોનો બીજો સંગ્રામજ જાણે મચ્યો હોય, તેમ લાગતું હતું. તેનું સ્વરૂપ જોકે ઘણું ઘોર હતું, છતાં યોદ્ધાઓને તો તે યુદ્ધ હર્ષવર્ધક થઇ પડયું હતું. આકાશમાં અસ્ત્રોની સામસામી ઘસાઘસીને લીધે ચારેબાજુ તણખાઓ ઉછળતા હતા; જેથી એ રાત્રિના સમયમાં આકાશ, જાણે પતંગિયાંઓથી ભરાઇ ગયું હોય તેવું દીપતું હતું. અશ્વત્થામાએ જથ્થાબંધ બાણો મૂકી મૂકીને દિશાઓને સર્વ તરફથી છાઇ દીધી અને પછી તમારા પુત્રોનું પ્રિય કરવામાટે રાક્ષસને પણ બાણોવડે ઢાંકી દીધો. પૂર્વે જેવું ઇન્દ્ર અને પ્રહ્લાદનું યુદ્ધ થયું હતું તેવુંજ એ રણભૂમિપર મધ્યરાત્રિના સમયે અશ્વત્થામા અને ઘટોત્કચનું યુદ્ધ ચાલતું હતું. તે પછી એ મહારણમાં ક્રોધે ભરાયેલા ઘટોત્કચે, કાળ અને અગ્નિસરખાં દશ બાણોવડે અશ્વત્થામાની છાતીમાં સખ્ત પ્રહાર કર્યો. મહાબળવાન અશ્વત્થામાને રાક્ષસે બાણોવડે અતિશય ઘાયલ કર્યા હતા, જેથી વાયુના ઝપાટાથી હચમચી ગયેલા વૃક્ષની પેઠે દ્રોણપુત્ર અશ્વત્થામા પણ રણમાં હચમચી ગયા; અને મૂર્છાવશ થઇને ધ્વજાના દાંડાનો ટેકો લઇ બેસી ગયા. હે રાજન્ ! તે વેળા તમારા સૈન્યમાં મોટો હાહાકાર થઈ રહ્યો હતો અને તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ અશ્વત્થામાને મરણ પામેલાજ માની બેઠા હતા. ૧૭–૩૩ પેલી તરફથી પાંચાલો અને સૃંજયયોદ્ધાઓ તો અશ્વત્થામાની રણમાં તેવી અવસ્થા જોઇને સિંહનાદો કરી રહ્યા હતા;[૩૪] તેવામાં તો મહાબળવાન અશ્વત્થામાને ભાન આવ્યું. શત્રુઓનો સંહાર કરનારા તે અશ્વત્થામાએ, પોતાના ડાબા હાથવડે ધનુષ્યને મજબૂત પકડીને તથા કાનસુધી સંપૂર્ણ ખેંચીને કાળના દંડસરખું ઘોર એક ઉત્તમ બાણ ઘટોત્કચને ઉદ્દેશીને શીઘ્ર છોડયું.[૩૫,૩૬] હે પૃથ્વીપતિ ! અતિ ઉત્તમ અને ઉગ્ર એવું તે બાણ, ઘટોત્કચના હૃદયને ચીરી નાખી પુંખસહિત પૃથ્વીમાં પેસી ગયું. હે મહારાજા ! રણને શોભાવનારા અશ્વત્થામાએ, અતિબળવાન એ રાક્ષસરાજાને ત બાણવડે અત્યંત વિંધી નાખ્યો હતો; જેથી તેને રથની બેસણીપર બેસી જવું પડયું–અર્થાત તેને પણ મૂર્છા આવી ગઇ.[૩૮] હિડિંબાના પુત્રને એ પ્રમાણે મૂર્ચ્છિત થયેલો જોઇ તેનો સારથિ, અશ્વત્થામાથી ગભરાઈ જઇને સત્વર તેને રણાંગણમાંથી દૂર લઇ ગયો.[૩૯] એ રણમાં રાક્ષસરાજ ઘટોત્કચને તે રીતે વિંધી નાખી મહારથી દ્રોણપુત્ર ઘણા મોટા શબ્દથી ગર્જના કરવા લાગ્યા.[૪૦] હે ભારત ! તમારા પુત્રો તથા સર્વ યોદ્ધાઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા અને મધ્યાહ્નકાળના સૂર્યની પેઠે તેમનું શરીર અત્યંત તેજસ્વી દેખાવા લાગ્યું. તે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોણના રથસામે લડી રહેલા ભીમસેનને રાજા દુર્યોધને પોતે, તીક્ષ્ણ બાણો છોડી છોડીને વિંધવા માંડયો. ૪૨

હે રાજા! ભીમસેને દુર્યોધનને દશ બાણોથી વિંધી નાખ્યો; એટલે દુર્યોધને પણ વીસ બાણોથી તેને સામો વિંધી નાખ્યો. આકાશમાં મેઘમંડળથી ઢંકાયેલા ચંદ્રસૂર્યની પેઠે તેઓ બન્નેજણા બાણોવડે ઢંકાયેલા રણાંગણમાં દેખાતા હતા.૪૪ પછી હે ભરતશ્રેષ્ઠ રાજા! દુર્યોધને પાંચ બાણો મારીને ભીમસેનને વિંધી નાખ્યો અને "ઉભો રહેજે, ઉભો રહેજે" એ પ્રમાણે વચન માર્યું;૪૫ એટલે સામેથી ભીમસેને દશ બાણો મૂકી તેના ધનુષ્યને તથા ધ્વજને કાપી નાખ્યો અને ઉપરાંત વળી નેવું નમેલાં પર્વવાળાં બાણો મૂકી કૌરવશ્રેષ્ઠ દુર્યોધનને વિંધી નાખ્યો.૪૬ પછી દુર્યોધન કોપ્યો. તેણે અતિશય મોટું બીજું એક ધનુષ્ય ઉઠાવ્યું અને તીક્ષ્ણ બાણો મૂકી સર્વ ધનુર્ધરોના દેખતાં ભીમસેનને પીડવા માંડયા;૪૭ પણ ભીમસેને દુર્યોધનના ધનુષ્યમાંથી છૂટેલાં તે સર્વ બાણોનો વિનાશ કરી નાખી પચીસ ક્ષુરપ્ર બાણોનો કુરુરાજાને પ્રહાર કર્યો.૪૮ તે વેળા હે રાજા! ક્રોધાયમાન થયેલા દુર્યોધને અસ્ત્રાના આકારનું એક બાણ મૂકીને ભીમસેનના ધનુષ્યને કાપી નાખ્યું અને બીજાં દશ બાણોનો પ્રહાર પણ કર્યો.૪૯ મહાબળવાન ભીમસેને તુરત બીજું ધનુષ્ય હાથમાં લીધું અને સત્વર સાત તીક્ષ્ણ બાણો રાજાને માર્યાં.૫૦ પછી ઝડપદાર હાથવાળાની પેઠે ઘણી ઝડપ કરીને દુર્યોધનરાજાએ ભીમસેનના તે ધનુષ્યના પણ કકડા કરી નાખ્યા; એટલુંજ નહિ પણ બીજું, ત્રીજું, ચોથું તથા પાંચમું—એમ જે જે ધનુષ્ય ભીમે હાથમાં લીધું તેના તેના વિજયી અને મદોત્કટ એવા તમારા પુત્રે કકડા કરી નાખ્યા. એ રીતે જ્યારે પોતાનાં ધનુષ્યો વારંવાર કપાવા માંડયાં, ત્યારે તે ભીમસેને તદ્દન લોખંડની બનાવેલી, સાક્ષાત્ મૃત્યુની બહેનસરખી, અગ્નિની શિખાસમાન બળબળતી, કાંતિમાં પણ અગ્નિની તુલના કરનારી તથા આકાશમાં જાણે સેંથો પાડતી હોય તેમ જણાતી એક સુંદર શક્તિ દુર્યોધનસામે ફેંકી.૫૩,૫૪ તે શક્તિ, હજી પોતાની પાસે આવી ન હતી તેટલામાં તો કુરુવંશી દુર્યોધને, સર્વ લોક તથા મહાત્મા ભીમસેનના દેખતાં તેના ત્રણ ટુકડા કરી કાપી નાખી.૫૫ પછી હે મહારાજા! ભીમસેને મહાતેજસ્વી અને અતિશય ભારે એવી એક ગદાને વેગપૂર્વક ફેરવીને દુર્યોધનના રથસામે ફેંકી.૫૬ એ ગદાએ તમારા પુત્રના ઘોડાઓને, સારથિને તથા રથને તદ્દન કચરીજ નાખ્યા.૫૭ એ વેળા હે રાજેન્દ્ર! તમારો પુત્ર તો ભીમસેનથી ભયભીત થઈ ગુપચૂપ નાઠો હતો અને મહાત્મા નંદકના રથપર ચઢી ગયો હતો;૫૮ પરંતુ ભીમસેન તો માનીજ બેઠો કે, "દુર્યોધનરાજા આ ગદાના પ્રહારથી છુંદાઇજ ગયો છે." આવી માન્યતાપરથી તમારો મહારથી પુત્ર મરણ પામ્યો છે તેમ માની ભીમસેન મોટો સિંહનાદ કરી સર્વ કૌરવોનો તિરસ્કાર કરવા લાગ્યો.૫૯ તમારા સૈનિકો પણ પોતાના રાજાને મરણ પામેલા માનવા લાગ્યા અને સર્વ તરફ હાહાકારની કીકિયારીઓ કરવા લાગ્યા.૬૦ ત્રાસ પામેલા તે સર્વ યોદ્ધાઓની બૂમાબૂમ સાંભળીને તથા મહાત્મા ભીમસેનના સિંહનાદને સાંભળીને રાજા યુધિષ્ઠિર પણ દુર્યોધનને મુએલો માનવા લાગ્યા અને ભીમસેન જ્યાં ઉભો હતો ત્યાં તેઓ વેગપૂર્વક દોડી ગયા.૬૨ આ વખતે પાંચાલો, કેકયો, મત્સ્યો અને સૃંજયો ત્વરાથી પ્રયત્ન કરીને દ્રોણાચાર્ય સામે યુદ્ધ કરવાની ઇચ્છાથી ધસી ગયા.૬૩ તે સમયે દ્રોણાચાર્યનું તથા તેમના શત્રુઓનું અતિમહાન યુદ્ધ થઇ રહ્યું હતું. તેઓ બધા ઘોર અંધકારમાં મગ્ન થયા હતા અને અન્યોન્યનો સંહાર કરતા હતા.૬૪

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં દુર્યોધનનું અપમાન' એ વિષયનો અધ્યાય ૧૬૬ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૬૭ મો

પાંડુપુત્ર સહદેવ તથા કૌરવપક્ષી રાક્ષસ અલંબુષ નાઠા

॥ संजय उवाच ॥

सहदेवमथायांतं द्रोणप्रेप्सुं विशांपते ।
कर्णो वैकर्तनो युद्धे वारयामास भारत ॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્! દ્રોણાચાર્યને પહોંચી વળવામાટે સહદેવ ધસ્યો જતો હતો, પણ સૂર્યપુત્ર કર્ણે તેને અટકાવ્યો;[૧] એટલે સહદેવે નવ બાણોથી રાધાપુત્રને વિંધી નાખી બીજાં નમેલાં પર્વવાળાં દશ બાણોવડે પુનઃ તેને પ્રહાર કર્યો.[૨] તે જોઇ કર્ણે નમેલાં પર્વવાળાં સો બાણોનો તેને સામો પ્રહાર કર્યો તથા હસ્તલાઘવ બતાવીને શીઘ્ર એના પણછવાળા ધનુષ્યને પણ કાપી નાખ્યું.[૩] પછી માદ્રીના પ્રતાપી પુત્રે એક બીજું ધનુષ્ય લઇ વીસ બાણોનો કર્ણને માર માર્યો, તે આશ્ચર્યકારક થયું હતું;[૪] પણ કર્ણે મજબૂત ગાંઠાવાળાં બાણો મૂકીને સહદેવના ઘોડાઓને મારી નાખ્યા, એટલુંજ નહિ પણ બીજા એક ભલ્લબાણથી એના સારથિને પણ તુરત યમલોકમાં વિદાય કરી દીધો.[૫] એ રીતે રથરહિત થયેલા સહદેવે, ઢાલ–તરવાર હાથમાં લીધી. કર્ણે તે ઢાલ–તરવારનો પણ બાણોવડે હસતાં હસતાંજ નાશ કરી નાખ્યો. પછી સહદેવે ક્રોધાયમાન થઇ સુવર્ણથી ચળકતી મહાઘોર એક ભારે ગદા લઇને સૂર્યપુત્રના રથ સામે ફેંકી;[૬,૭] પરંતુ કર્ણે સહદેવના હાથમાંથી છૂટીને એકાએક ધસી આવતી તે ગદાને બાણોવડે થંભાવી પૃથ્વીપર પાડી દીધી.[૮] ગદાને નિષ્ફળ થયેલી જોઇ સહદેવે ત્વરાથી કર્ણસામે એક શક્તિ ફેંકી; પણ કર્ણે બાણોવડે તે શક્તિને કાપી નાખી. હે મહારાજા! સહદેવ પોતાના મહાન રથપરથી એકદમ સંભ્રમપૂર્વક નીચે કૂદી પડયો અને પોતાની સામે ઉભેલા કર્ણને જોઇને હાથમાં રથનું પૈડું લઇ કર્ણની સામે ફેંક્યું. ઉદય પામેલા કાળચક્રની પેઠે એકાએક આવી પડતા તે પૈડાના હજારો બાણોવડે સૂતપુત્રે ટુકડા કરી નાખ્યા. એ રીતે જ્યારે પૈડાને પણ કર્ણે કાપી નાખ્યું, ત્યારે સહદેવ દાંડાઓ, જોતરો, જાતજાતનાં ધુંસરાંઓ, હાથીનાં અંગો, મરેલા ઘોડા તથા મરણ પામેલા યોદ્ધાઓને ઉપાડી ઉપાડીને કર્ણસામે ફેંકવા મંડયો. તેઓનો પણ કર્ણ બાણોવડે નાશજ કર્યે ગયો. પછી પોતાને હથિયારરહિત થયેલો સમજી તથા કર્ણનાં બાણોથી પોતાનું આગળ વધવું અટકી પડેલું જાણી, માદ્રીપુત્ર સહદેવે રણસંગ્રામનો ત્યાગ કર્યો–ત્યાંથી નાસવા માંડયું! હે ભરતશ્રેષ્ઠ રાજા! રાધાપુત્ર કર્ણ એક મુહૂર્તકાળમાં તેની સામે ધસી ગયો; અને મોટું અટ્ટહાસ્ય કરી સહદેવને કહેવા લાગ્યો:–"અલ્યા ઓ અધીર! પોતાનાથી અધિક બળીયા રથીયોદ્ધાઓ સાથે તું કદી લડીશ નહિ. ઓ માદ્રીપુત્ર! પોતાના જેવા બળવાળા યોદ્ધાઓની સાથેજ હવે પછી તું યુદ્ધ કરજે. મારા વચનપર તું જરાપણ શંકા રાખીશ નહિ. (હું તને સત્યજ કહું છું.)" આમ કહીને ધનુષ્યના અગ્રભાગને તેના શરીરમાં ઘોંચી દઇ ફરીથી કર્ણ બોલ્યો:–"અલ્યા ઓ માદ્રીપુત્ર! જો, આ તરફ નજર કર. તારો ભાઈ અર્જુન આ રણમાં કૌરવોસાથે પેલી તરફ લડી રહ્યો છે; માટે તું તેની પાસે જલદી દોડી જા અથવા મરજીમાં આવે તો ઘેર ચાલ્યો જા." સહદેવને આમ કહીને રથીશ્રેષ્ઠ કર્ણ પોતાના રથમાં બેસીને પાંચાલ અને પાંડવોનાં સૈન્યોને જાણે બાળી નાખવા ઇચ્છતો હોય, તેમ તે તરફ પ્રયાણ કરી ગયો.[૯–૧૯] હે રાજન્! શત્રુસંહારક કર્ણે પોતાના હાથમાં આવેલા સહદેવને મારવા ધાર્યો હોત, તો તે વેળાજ માર્યો હોત; પણ કુંતીને આપેલા વચનનું સ્મરણ કરી તેણે સહદેવને માર્યો ન હતો, કારણ કે મહાયશસ્વી એવો તે કર્ણ પોતાની પ્રતિજ્ઞાને સત્ય કરનારો હતો.

હે રાજા! સહદેવ કર્ણનાં બાણોના પ્રહારથી તે વેળા ઘણો પીડાયો હતો. તેનું મન ઉદાસ થઈ ગયું હતું અને કર્ણનાં વાગ્બાણોથી તેને એટલોબધો સંતાપ થયો હતો કે જેથી તેને જીંદગી ઉપર પણ કંટાળો આવી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી મહારથી કર્ણ એકદમ ઉતાવળો ઉતાવળો મહાત્મા પાંચાલવંશી જનમેજયના રથપર ચઢી ગયો.[૨૦,૨૧] આ તરફ વિરાટરાજા સૈન્યસાથે મોટું ધનુષ્ય હાથમાં લઇને એકદમ દ્રોણાચાર્ય પાસે ચઢી આવતો હતો; પણ મદ્રરાજાએ અનેક બાણો મૂકીને તેને છાઇ દીધો.[૨૩] હે રાજા! પૂર્વકાળમાં જંભાસુર અને ઇંદ્રનું જેવું યુદ્ધ થયું હતું, તેવુંજ રણમાં મજબૂત ધનુષ્યને ધારણ કરનારા એ બન્નેનું યુદ્ધ થવા લાગ્યું. હે મહારાજા! મદ્રરાજાએ સેનાપતિ વિરાટરાજાને ઝપાટાબંધ નમેલાં પર્વવાળાં સો બાણોનો પ્રહાર કર્યો,[૨૫] એટલે વિરાટરાજાએ પણ તીક્ષ્ણ નવ બાણો મારીને મદ્રરાજાને સામો વિંધી નાખ્યો અને વળી વધારામાં પ્રથમ તોંતેર બાણોનો પ્રહાર કરી પુનઃ સો બાણોનો તેને માર માર્યો.[૨૬] ત્યારે મદ્રરાજાએ તેના ચારેય ઘોડાઓને મારી નાખ્યા તથા બીજાં બે બાણો મૂકી એના સારથિને તથા ધ્વજને પણ રણમાં ઢોળી પાડયા.[૨૭] પોતાના ઘોડાઓ માર્યા જતાં મહારથી વિરાટરાજા સત્વર રથપરથી કૂદી પડયો; અને ધનુષ્યનો ટંકાર કરી તીક્ષ્ણ બાણોને છોડતો ભૂમિપર ઉભો રહ્યો.[૨૮] એવામાં તેના ભાઇ શતાનીકે ઘોડાઓરહિત થઇને પગપાળા થયેલા પોતાના ભાઇને રણમાં જોયો, કે તુરત સર્વ લોકના દેખતાં શતાનીક ઉતાવળો ઉતાવળો રથ લઇને ત્યાં ચઢી આવ્યો.[૨૯] શતાનીકને મહારણમાં ધસી આવતો જોઇ મદ્રરાજાએ અનેક બાણો મૂકી તેને વિંધી નાખ્યો અને યમલોકમાં મોકલી પણ દીધો.[૩૦] પોતાનો ભાઇ જ્યારે મરણ પામ્યો, ત્યારે મહારથી વીર વિરાટરાજા તત્કાળ તેજ ફરકતી ધ્વજાવાળા રથમાં બેસી ગયો;[૩૧] અને પછી ડોળા ફાડીને ક્રોધને લીધે બમણું પરાક્રમ કરવાસાથે જથ્થાબંધ બાણો મૂકી એકદમ મદ્રરાજાને રણમાં દાટી દીધો.[૩૨] ત્યારે મદ્રરાજા પણ કોપ્યો અને મજબૂત ગાંઠાવાળું બાણ મૂકીને તેણે સેનાપતિ વિરાટરાજાને વક્ષઃસ્થળમાં દૃઢ પ્રહાર કર્યો.[૩૩] હે મહારાજા! તે બાણપ્રહારથી વિરાટરાજા અત્યંત વિંધાઇ ગયો અને બેભાન થઇને રથના કઠેરાપર બેસી ગયો તથા તીવ્ર મૂર્છા પામ્યો. હે ભરતશ્રેષ્ઠ રાજા! રણમાં બાણોથી ઘાયલ થયેલા એ વિરાટરાજાને તેનો સારથિ એકદમ ત્યાંથી દૂર લઈ ગયો, એટલે તેની મોટી સેના પણ તે રાત્રિયુદ્ધમાં પલાયન કરવા લાગી; કારણ કે રણને શોભાવનારો શલ્યરાજા, સેંકડો બાણોથી તેનો સંહાર કરવા મચી પડયો હતો. હે રાજેન્દ્ર! એ પ્રમાણે વિરાટરાજાની સેનાને પલાયન કરતી જોઇ શ્રીકૃષ્ણ અને અર્જુન, જે સ્થળે શલ્યરાજા ઉભો હતો તે સ્થળે યુદ્ધમાટે ધસી ગયા. તેઓ બન્નેને ત્યાં ધસી આવેલા જોઇ, રાક્ષસોનો રાજા અલંબુષ, આઠ પૈડાંવાળા રથમાં બેસીને તેઓને રોકવા લાગ્યો. હે રાજા! રાક્ષસરાજ અલંબુષના રથમાં ઘોડાસમાન મુખવાળા તથા ઘોર દેખાવના પિશાચો જોડવામાં આવ્યા હતા, તે રથપર લોહીથી રેબઝેબ થયેલી પતાકા ફરકતી હતી, લાલ પુષ્પોની માળાઓથી તે રથને શણગાર્યો હતો, કેવળ લોખંડથીજ તે રથને બનાવવામાં આવ્યો હતો, આસપાસ રીંછના ચામડાના માફાથી તે રથને વિંટયો હતો, તેના ઉંચા ધ્વજદંડપર દેખાવમાં બિહામણું, ચિત્રવિચિત્ર પીછાંવાળું, ફાડેલી આંખોવાળું મોટું ગીધપક્ષી શબ્દ કરતું શોભી રહ્યું હતું. હે રાજા! તે રાક્ષસ તૂટી પડેલા કાળના પર્વતસરખો દેખાતો હતો. જેમ કોઇ એક પર્વત પવનને રોકી રાખે, તેમ તેણે અર્જુનને આવતો રોકી રાખ્યો અને સેંકડો બાણોનો અર્જુનપર વરસાદ વરસાવવા માંડયો. તે સમયનું મનુષ્ય અને રાક્ષસનું અતિ તીવ્ર મહાયુદ્ધ, જોનારા સર્વ ભૂતોને પ્રીતિજનક થઇ પડયું હતું. ગીધ, કાગડા, બલ, ઘુવડ, કંક અને શિયાળવાં વગેરે માંસાહારી પ્રાણીઓને તે યુદ્ધ હર્ષજનક થઇ પડયું હતું.[૩૪-૪૩] એ યુદ્ધમાં અર્જુને સો બાણોનો તે રાક્ષસને પ્રહાર કર્યો અને બીજાં નવ બાણો મારી તેની ધ્વજાને પણ કાપી નાખી;[૪૪] એટલુંજ નહિ પણ ત્રણ બાણોથી તેના સારથિને મારી નાખ્યો, ત્રણ બાણોથી તેના રથના ત્રિવેણુકને કાપી નાખ્યો તથા એક બાણથી તેનું ધનુષ્ય કાપી નાખી બીજાં ચાર બાણો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે તેના ચારે ઘોડાઓનો પણ નાશ કરી નાખ્યો.[૪૫] પુનઃ પ્રત્યંચા ચઢાવેલા તેરાક્ષસના બીજા ધનુષ્યના પણ બે કકડા તેણે કરી નાખ્યા. પછી રથરહિત થયેલા તે રાક્ષસની ઉગામેલી તરવારના પણ એક બાણવડે બે ટુકડા તેણે કરી નાખ્યા. હે ભરતશ્રેષ્ઠ રાજા! તે અર્જુને તીક્ષ્ણ એવાં ચાર બાણોવડે રાક્ષસરાજાને વિંધી નાખ્યો. ત્યારે ગાઢ વિંધાયેલો તે રાક્ષસ, અર્જુનના ભયથી રણ છોડી નાસી ગયો.[૪૬,૪૭] રાક્ષસનો એ રીતે પરાજય કરી અર્જુન, એકદમ દ્રોણાચાર્યસામે ચાલ્યો ગયો અને માર્ગમાં મનુષ્યો, હાથીઓ અને ઘોડાઓપર બાણોના ઢગેઢગ છોડતો ગયો.[૪૮] હે મહારાજા! યશસ્વી પાંડવ અર્જુન, તમારા સૈનિકોપર બાણોનો મારો જ્યારે ચલાવવા લાગ્યો, ત્યારે પવનના સપાટાથી ભાંગી પડેલાં વૃક્ષોની પેઠે તેઓ પૃથ્વીપર પછડાવા લાગ્યા.[૪૯] હે રાજન્! મહાત્મા અર્જુન, સૈનિકોનો જ્યારે સંહાર કરવા લાગ્યો, ત્યારે તમારા પુત્રોનું સર્વ સૈન્ય, નાસભાગ કરવા લાગ્યું.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં અલંબુષનો પરાભવ' એ વિષયનો અધ્યાય ૧૬૭ મો સમાપ્ત

અધ્યાય ૧૬૮ મો

નકુલપુત્ર શતાનીક વગેરે યોદ્ધાઓનું યુદ્ધ

॥ संजय उवाच ॥

शतानीकं शरैस्तूर्णं निर्दहंतं चमूं तव ।
चित्रसेनस्तव सुतो वारयामास भारत ॥१॥

સંજયે કહ્યું:–હે ભારત! નકુલનો પુત્ર શતાનીક બાણો મૂકીમૂકીને તમારી સેનાને સંહારી રહ્યો હતો, તે જોઈ તમારા પુત્ર ચિત્રસેને સત્વર તેને અટકાવ્યો.[૧] તે વેળા નકુલના પુત્રે પાંચ બાણો મારી ચિત્રસેનને વિંધી નાખ્યો; એટલે ચિત્રસેને તીક્ષ્ણ દશ બાણો મૂકી તેને સામો વિંધી નાખ્યો.[૨] હે મહારાજ! વળી પણ એ યુદ્ધમાં ચિત્રસેને તીક્ષ્ણ નવ બાણોનો શતાનીકની છાતીમાં પ્રહાર કર્યો.[૩] પછી નકુલના પુત્રે મજબૂત ગાંઠાવાળાં કેટલાંએક બાણો છોડયાં અને ચિત્રસેનના કવચને તેનાં અંગોપરથી રણમાં પાડી દીધું. આ કર્મ સર્વને આશ્ચર્યજનક લાગ્યું હતું.[૪] હે રાજા! ઉતરી ગયેલા કવચવાળો તમારો પુત્ર, તે સમયે કાંચળી ઉતારીને ખુલ્લા થયેલા સર્પસરખો શોભતો હતો.[૫] વળી પણ નકુલપુત્ર શતાનીકે, તીક્ષ્ણ બાણો મૂકીને ચિત્રસેનના ધ્વજને કાપી નાખ્યો; અને યુદ્ધમાં યત્ન કરતા તે ચિત્રસેનના ધનુષ્યના પણ ટુકડા કરી નાખ્યા.[૬] હે મહારાજ! ધનુષ્ય કપાઇ ગયું અને કવચ પણ તૂટી પડયું; એટલે તેણે શત્રુઓને ચીરી નાખે તેવું એક બીજું ધનુષ્ય ગ્રહણ કર્યું અને ક્રોધમાં આવી જઈને કૌરવોના મહારથી તે ચિત્રસેને નવ બાણો છોડી શતાનીકને રણમાં વિંધી નાખ્યો.[૭,૮] પુરુષોમાં ઉત્તમ એવા શતાનીકને પણ તે પરથી ક્રોધ ચઢયો; અને તેણે પણ ચિત્રસેનના ઘોડાઓને તથા સારથિને મારી નાખ્યા.[૯] ઘોડાઓ અને સારથનું મરણ થતાં મહારથી ચિત્રસેન, તે રથપરથી કૂદી પડયો અને નીચેજ ઉભા રહી બળપૂર્વક પચીસ બાણોનો શતાનીકને પ્રહાર કર્યો.[૧૦] પછી નકુલના પુત્રે, રણમાં એ રીતે પરાક્રમ કરી રહેલા તે ચિત્રસેનના રત્નસુશોભિત ધનુષ્યના અર્ધચંદ્રાકાર બાણવડે કકડા કરી નાખ્યા.[૧૧] એ પ્રમાણે ધનુષ્ય કપાઈ જતાં તથા ઘોડાઓ અને સારથિનું મરણ થતાં રથરહિત થયેલો તે ચિત્રસેન, મહાત્મા કૃતવર્માના રથપર તત્કાળ ચઢી ગયો.[૧૨]

મહારથી દ્રુપદરાજા સૈન્યને સાથે લઈ દ્રોણાચાર્યસામે જતા હતા; તેવામાં સેંકડો બાણોને છોડતો કર્ણપુત્ર વૃષસેન તેમની સામે ચઢી આવ્યો.[૧૩] હે નિર્દોષ રાજા! પોતાની સામે ચઢી આવેલા મહારથી કર્ણપુત્રને યજ્ઞસેને–દ્રુપદરાજાએ સાઠ બાણોવડે બે બાહુઓમાં તથા છાતીમાં પ્રહાર કર્યો.[૧૪] તે પ્રહાર થતાંજ વૃષસેન ક્રોધી ઉઠયો. તેણે રથમાં બેઠેલા યજ્ઞસેનને અનેક તીક્ષ્ણ બાણોવડે છાતીમાં માર માર્યો.[૧૫] હે મહારાજ! એ સમયે તેઓ બન્નેનાં અંગો બાણોથી રંગાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં હતાં; અને તેઓનાં શરીરોમાં બાણોરૂપ કાંટા ભોંકાયા હતા, જેથી પીછાંઓવાળી બે શાહુડીઓના સરખા તેઓ શોભતા હતા.[૧૬] સુવર્ણનાં પુંખોવાળાં તથા ચળકતાં ફળાંવાળાં બાણોથી તેઓનાં કવચો ઢંકાઇ ગયાં હતાં અને લોહીની ધારાઓથી રેબઝેબ થઇને તે મહારણમાં તેઓ બન્ને પ્રકાશતા હતા.[૧૭] સુવર્ણ સરખાં બે અદ્ભુત કલ્પવૃક્ષો હોય તથા રાતાં પુષ્પોથી પ્રફુલ્લિત થયેલાં ખાખરાનાં બે વૃક્ષો હોય, તેમ તેઓ રણાંગણમાં શોભતા હતા.[૧૮]પછી હે રાજન્! વૃષસેને નવ બાણોથી યજ્ઞસેનને વિંધી નાખ્યો અને પાછાં સિત્તેર બાણોનો પ્રહાર કરી પુનઃ બીજાં છ બાણોનો તેણે પ્રહાર કર્યો.[૧૯] હે મહારાજ ! તે સમયે ઉપરાઉપરી હજારો બાણોને છોડી રહેલો કર્ણનો પુત્ર વરસતા મેઘસરખો દેખાતો હતો.[૨૦] આમ ઉપરાઉપરી બાણોનો પ્રહાર થતાં દ્રુપદરાજાને ઘણોજ ક્રોધ ચઢયો. તેણે પાણીદાર અને તીક્ષ્ણ એવું ભલ્લ નામનું એક બાણ મૂકી વૃષસેનના ધનુષ્યના બે ટુકડા કરી નાખ્યા.[૨૧] એટલે વૃષસેને, સુવર્ણથી મઢેલું અને મજબૂત બીજું નવું ધનુષ્ય હાથમાં લીધું અને પોતાના ભાથામાંથી ચળકતું, પાણીદાર, તીક્ષ્ણ તથા દૃઢ એવું એક ભલ્લબાણ ખેંચી કાઢી તેને બરાબર સાંધીને દ્રુપદરાજાસામે તાકીને જોસભેર માર્યું. તે વેળા સર્વ સોમકયોદ્ધાઓને ત્રાસ ત્રાસ થઇ રહ્યો હતો. છૂટતાંની સાથેજ તે બાણ દ્રુપદરાજાના હૃદયને ચીરી નાખી પૃથ્વીમાં પેસી ગયું; અને તે વૃષસેનના બાણથી ઘાયલ થઇ મૂર્છાવશ થયો. રાજાને મૂર્છિત થયેલો જોઇ સારથિના કર્તવ્યને સમજનારો તેનો સારથિ, રથને રણમાંથી દૂર લઇ ગયો. હે રાજેન્દ્ર! એ પ્રમાણે પાંચાલોનો મહારથી તે દ્રુપદરાજા રણસંગ્રામમાં જ્યારે ઘાયલ થયો, ત્યારે બાણોના પ્રહારોથી છિન્નભિન્ન કવચોવાળું દ્રુપદરાજાનું સૈન્ય, તે ભયંકર મધ્યરાત્રિના સમયે રણમાંથી નાઠું.[૨૨-૨૬] હે રાજન્! એ વેળા જ્યાં ત્યાં ફેંકી દેવામાં આવેલા દીવાઓ ભડભડાટ બળી રહ્યા હતા; જેથી તે રણભૂમિ વાદળાંરહિત થયેલું આકાશ જેમ ગ્રહોથી શોભે તેમ શોભતી હતી;[૨૭] તેમજ હે મહારાજ ! ઠેકઠેકાણે બાજુબંધો પડયાં હતાં, જેથી વર્ષાકાળે વિજળીઓથી જેવો મેઘ શોભે, તેવી તે રણભૂમિ શોભતી હતી.[૨૮] પૂર્વે તારકાસુરસાથેના સંગ્રામસમયે ઇંદ્રના ભયથી ત્રાસ પામેલા દાનવોની પેઠે સોમકયોદ્ધાઓ પણ કર્ણના પુત્રથી ત્રાસ પામીને નાસભાગ કરી રહ્યા હતા.[૨૯] હે મહારાજા ! કર્ણના પુત્રે હેરાન હેરાન કરેલા તે સોમકયોદ્ધાઓ જે વેળા નાસી જતા હતા, તે વેળા દીવાઓના પ્રકાશમાં તેઓ વિશેષ શોભતા હતા.[૩૦] એ પ્રમાણે સોમકયોદ્ધાઓનો રણમાં પરાજય કરી વૃષસેન, દિવસના મધ્યમાં આરૂઢ થયેલા સૂર્યની પેઠે રણમાં પ્રકાશી રહ્યો હતો.[૩૧] તમારા તથા શત્રુપક્ષના હજારો રાજાઓમાં, પ્રતાપી એકલો વૃષસેનજ અતિશય પ્રકાશિત જણાતો ત્યાં ઉભો રહ્યો હતો.[૩૨] એ રણમાં શૂરા સોમક મહારથીઓને જીતીને વૃષસેન, ઉતાવળો ઉતાવળો યુધિષ્ઠિરરાજા જ્યાં યુદ્ધ કરતા હતા ત્યાં જઈ પહોંચ્યો.[૩૩]

એજ અરસામાં ક્રોધાયમાન થયેલો પ્રતિવિંધ્ય, એ રણમાં શત્રુઓનો સંહાર કરી રહ્યો હતો; એટલે તમારો પુત્ર મહારથી દુઃશાસન તેની સામે યુદ્ધ કરવા ગયો.[૩૪] હે રાજન્ ! મેઘરહિત થયેલા આકાશમાં બુધ અને સૂર્યનો જેવો સમાગમ થાય, તેવોજ તેઓ બન્નેનો એ રણમાં અદ્ભુત સ્વરૂપનો સમાગમ થયો હતો.[૩૫] પ્રતિવિંધ્ય રણમાં અતિ દુષ્કર કર્મ કરી રહ્યો હતો. તે જોઇ દુઃશાસને ત્રણ બાણોવડે તેને લલાટપ્રદેશમાં વિંધી નાખ્યો. તમારા બળવાન અને મહાધનુર્ધર પુત્રે, અત્યંત વિંધી નાખેલો તે મહાબાહુ શિખરોવાળા પર્વતસરખો યુદ્ધમાં શોભી રહ્યો હતો.[૩૭] મહારથી પ્રતિવિંધ્યે, નવ બાણોવડે દુઃશાસનને વિંધી નાખી પુનઃ સાત બાણોવડે તેને વિંધી નાખ્યો. હે ભારત ! તમારા પુત્રે એ રણમાં ઘણું દુષ્કર કર્મ કર્યું હતું; તે એજ કે, તેણે ઉગ્ર બાણો મૂકીને પ્રતિવિંધ્યના ઘોડાઓને રોળી નાખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળા એક ભલ્લબાણથી તેના સારથિને ઢોળી પાડી તેના ધ્વજને પણ ઉડાડી પાડયો અને હે રાજન્! ધનુર્ધર તે પ્રતિવિંધ્યના રથના પણ તેણે તલતલ જેવડા ટુકડા કરી નાખ્યા. ક્રોધેલા દુઃશાસને અનેક નમેલાં પર્વવાળાં બાણો મૂકીને પ્રતિવિંધ્યના રથની પતાકાઓના, તેના ભાથાના, ઘોડાઓની રાશોના અને જોતરો-સુદ્ધાંના પણ તલતલ જેવડા કટકા કરી નાખ્યા. ધર્માત્મા પ્રતિવિંધ્ય રથવિનાનો થઈ પડયો હતો; છતાં હાથમાં ધનુષ્ય લઈ તમારા પુત્ર સામે લડતોજ હતો અને સેંકડો બાણો ફેંકયે જતો હતો.[૪૨] એવામાં વળી તમારા પુત્રે તેના ધનુષ્યને પણ કાપી નાખ્યું અને વધારામાં કપાયેલા ધનુષ્યવાળા તેને દશ બાણોનો પ્રહાર પણ કર્યો.[૪૩] પ્રતિવિંધ્યને એ પ્રમાણે રથરહિત થયેલો જોઇ એના મહારથી ભાઇઓ મોટી સેનાને સાથે લઈ વેગપૂર્વક ત્યાં ધસી આવ્યા;[૪૪] એટલે તુરત તે પ્રતિવિંધ્ય, સુતસોમના રથપર ચઢી ગયો અને હાથમાં ધનુષ્ય લઇ તમારા પુત્રને વિંધી નાખવા લાગ્યો.[૪૫] તે જોઈ તમારા પક્ષના યોદ્ધાઓ પણ દુઃશાસનની વહારે ચઢી આવ્યા. તેઓ બધાએ તમારા પુત્રને વિંટી દીધો અને મોટી સેનાથી વિંટાઈને યુદ્ધમાટે ચઢાઇ કરી.[૪૬] પછી હે ભારત! બરાબર મધ્યરાત્રિના દારુણસમયે તમારા યોદ્ધાઓનું તથા તે શત્રુયોદ્ધાઓનું યમરાજાના રાજ્યમાં વધારો કરનારૂં યુદ્ધ ચાલુ થયું.[૪૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં શતાનીક આદિનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૬૮ મો સમાપ્ત

અધ્યાય ૧૬૯ મો

રાત્રિયુદ્ધનું રૌદ્ર સ્વરૂપ

॥ संजय उवाच ॥

नकुलं रभसं युद्धे निघ्नंतं वाहिनीं तव ।
अभ्ययात् सौबलः क्रुद्धस्तिष्ठ तिष्ठेति चाब्रवीत्

સંજયે કહ્યું:–એ યુદ્ધમાં વેગપૂર્વક તમારી સેનાનો સંહાર કરી રહેલા નકુલસામે સુબલપુત્ર શકુનિ ક્રોધે ભરાઇને ધસ્યો અને "ઉભો રહેજે, ઉભો રહેજે" એમ કહેવા લાગ્યો; એટલે તુરત તેઓ બન્ને વીરો, અન્યોન્ય સામે પ્રથમથીજ વૈર કરીને આ સમયે અન્યોન્યનો વધ કરવાની ઇચ્છાથી, ધનુષ્યને કાનસુધી સંપૂર્ણ ખેંચીને છોડેલાં બાણોવડે એકબીજાને પ્રહાર કરવા મંડી પડયા.[૧,૨] હે રાજન્! જે પ્રમાણે નકુલ બાણોનો વરસાદ વરસાવતો હતો, તે પ્રમાણેજ પોતાની યુદ્ધશિક્ષાને દેખાડતો શકુનિ પણ બાણોનો વરસાદ વરસાવતો હતો.[૩] હે મહારાજા! રણશૂરા એ બન્ને વીરો, તે સમયે બાણોરૂપ કાંટાઓથી ખૂબ ભોંકાયા હતા; જેથી પીંછાંઓવાળી બે શાહુડીઓની પેઠે રણમાં શોભતા હતા.[૪] સુવર્ણનાં પુંખડાંવાળાં તથા સીધી અણીવાળાં બાણોથી તેઓનાં કવચો છિન્નભિન્ન થઈ ગયાં હતાં અને લોહીની ધારાઓથી રેબઝેબ થયેલા તેઓ બન્ને જણા એ મહારણમાં અતિશય દીપતા હતા.[૫] સુવર્ણસમાન પ્રકાશતાં અને અદ્ભુત એવાં બે કલ્પવૃક્ષો હોય તેમ તથા પુષ્પોથી પ્રફુલ્લ થયેલા બે ખાખરાઓ હોય તેમ તેઓ બંને જણા રણાંગણમાં પ્રકાશતા હતા.[૬] રણશૂરા એ બન્ને યોદ્ધાઓ બાણોવડે સર્વ શરીરોમાં કંટકિત થઇ પડયા હતા, તેથી હે મહારાજ! રણાંગણમાં ઉગેલાં કાંટાવાળાં બે શીમળાનાં વૃક્ષો હોય, તેમ તેઓ શોભતા હતા.[૭] હે રાજન્! ક્રોધથી લાલચોળ નેત્રોવાળા તેઓ બન્ને, ડોળા ફાડી ફાડીને એકબીજાસામે તીણી નજરથી જોતા હતા, તે જાણે પરસ્પરને બાળી નાખતા હોય તેમ લાગતું હતું.[૮]

પછી તમારો સાળો શકુનિ કોપી ઉઠયો. જાણે હસતો હોય તેવો ડોળ કરી તેણે એક કર્ણાકાર બાણવડે માદ્રીના પુત્રનું હૃદય વિંધી નાખ્યું.[૯] એ પ્રહાર થતાંજ નકુલ સખ્ત વિંધાઈ ગયો અને રથની અગાસીમાં અઢેળીને બેસી ગયો–મોટી મૂર્છાને વશ થયો.[૧૦] પોતાના કટ્ટા શત્રુ નકુલને એ સ્થિતિમાં આવી પડેલો જોઈ, શકુનિ વર્ષાઋતુના મેઘની પેઠે ગર્જના કરવા લાગ્યો.[૧૧] થોડીવારે પાંડુપુત્ર નકુલને ભાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું અને વિકાસેલા મુખવાળા કાળની પેઠે ફરી પણ તે શકુનિસામે ધસ્યો.[૧૨] હે ભરતશ્રેષ્ઠ! ક્રોધાયમાન થઇને તેણે શકુનિને સાઠ બાણો માર્યાં. વળી પણ સો નારાચ બાણોનો તેની છાતીમાં માર માર્યો;[૧૩] એટલુંજ નહિ પણ વધારામાં તેના બાણસહિત ધનુષ્યને પણ મુષ્ટિપ્રદેશમાંથી કાપી નાખ્યું તથા તેની ફરકતી ધ્વજાના પણ ટુકડા કરી નાખી રથપરથી પૃથ્વીપર પાડી નાખી.[૧૪] તે ઉપરાંત વળી પાંડુપુત્ર નકુલે પાણી પાયેલા તીક્ષ્ણ બાણથી શકુનિની સાથળોને ઘાયલ કરી[૧૫] અને આકાશમાં બન્ને પાંખોવડે ડાબી જમણી બાજુમાં ઉડી રહેલા બાજપક્ષીને જે રીતે પાડવામાં આવે, તે રીતે એક બાણ મારી શકુનિને ઉંધમુંધ નાખી દીધો.[૧૬] હે મહારાજ! નકુલના બાણપ્રહારથી શકુનિ ઘણોજ ઘાયલ થઇ ગયો અને કામી પુરુષ જેમ સ્ત્રીનું આલિંગન કરી બેસી રહે, તેમ ધ્વજાના દાંડાને પકડીને તે રથની બેઠકપર બેસી ગયો. હે નિર્દોષ રાજા! એ રીતે તમારા સાળાને બેભાન પડેલો જોઈ તેનો સારથિ તેને સૈન્યના મોખરામાંથી દૂર લઇ ગયો. આ રીતે શકુનિને રણમાંથી પલાયન કરી જતો જોઇ પાંડવો તથા તેમના અનુયાયી યોદ્ધાઓ હર્ષના કોલાહલો કરવા લાગ્યા;[૧૭,૧૮] અને શત્રુતાપન નકુલ, એ રણમાં પોતાના શત્રુને જીતીને ક્રોધપૂર્વક સારથિને કહેવા લાગ્યો:-"અલ્યા ઓ! ચાલ, તું મને દ્રોણાચાર્યના સૈન્યસામે લઈ જા." માદ્રીપુત્રના એ વચનને સાંભળી તેનો સારથિ દ્રોણાચાર્ય જ્યાં ઉભા હતા, ત્યાં તેને લઈ ગયો.[૧૯,૨૦]

હે રાજા! દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા માટે એક તરફથી શિખંડી પસાર થઇ જતો હતો તેવામાં બરાબર સજ્જ થઇને ઉભેલા કૃપાચાર્યે વેગપૂર્વક તેની સામે ધસારો કર્યો. શત્રુદમન કૃપાચાર્યને દ્રોણાચાર્યના સૈન્યમાંથી એકાએક ધસી આવતા જોઇ શિખંડી ખડખડાટ હસ્યો અને નવ ભલ્લ બાણો મૂકી તેને વિંધી નાખ્યો.[૨૨] ત્યારે તમારા પુત્રનું પ્રિય કરનારા કૃપાચાર્યે પાંચ બાણો મારી શિખંડીને વિંધી નાખ્યો તથા પુનઃ વીસ બાણોનો તેને પ્રહાર કર્યો.[૨૩] પૂર્વે દેવાસુરયુદ્ધપ્રસંગે શંબરાસુર અને ઇંદ્રનું જેવું ભયાનક યુદ્ધ થયું હતું, તેવુંજ તેઓ બન્નેનું મહાઘોર સ્વરૂપનું ભયાનક યુદ્ધ થઇ રહ્યું.[૨૪] ગ્રીષ્મઋતુની આખરમાં ચઢી આવેલા મેઘો સર્વ ભૂપ્રદેશને જેમ જળમય કરી દે છે,તેમ યુદ્ધદુર્મદ તેઓ બન્ને વીર મહારથીઓએ આકાશને બાણોની જાળોથી ઢાંકી દીધું-બાણમય કરી દીધું.[૨૫] તે સમયનું યુદ્ધ મૂળેજ ઘોર સ્વરૂપ તો હતું, તેમાં વળી આ બન્ને વીરોનો ભેટો થતાં અતિશય ઘોર સ્વરૂપનું થઇ ગયું. હે ભરતશ્રેષ્ઠ રાજા! તે દિવસની ભયાનક રાત્રિ યુદ્ધશાળી સર્વ યોદ્ધાઓને સાક્ષાત્ કાળરાત્રિસરખી ઘોરસ્વરૂપા જણાતી હતી. એ ઝપાઝપીમાં શિખંડીએ અર્ધચંદ્રકાર બાણ મૂકીને કૃપાચાર્યના મહાન ધનુષ્યને પણછ અને અંદર સાંધેલા બાણસહિત કાપી નાખ્યું. પછી કૃપાચાર્ય ક્રોધ્યા. તેમણે એક દારુણ શક્તિ ફેંકી. હે રાજા! તે શક્તિનો દાંડો તદ્દન સુવર્ણનો હતો, તેની અણી અતિ તીક્ષ્ણ હતી અને શસ્ત્રો બનાવનારા કારીગરે તે શક્તિને બરાબર સજીને સાફ કરી હતી. પોતાની સામે સણસણાટી કરતી આવી પડતી તે શક્તિના શિખંડીએ ઘણાં બાણો મારીને ટુકડે ટુકડા કર્યા; એટલે તુરત પૃથ્વીને પ્રકાશમાન કરતી મહાતેજસ્વી તે શક્તિ રણભૂમિપર વીખરાઈ પડી. પછી હે મહારાજા! રથીશ્રેષ્ઠ કૃપાચાર્યે બીજું એક ધનુષ્ય હાથમાં લીધું અને તીક્ષ્ણ બાણો છોડી શિખંડીને રણમાં દાટીજ દીધો. યશસ્વી તે કૃપાચાર્યે શિખંડીને એ રીતે જ્યારે છાઇ દીધો, ત્યારે મહારથી શિખંડીને મૂર્છા આવી ગઈ અને તે રથની બેસણીપર બેસી ગયો. શિખંડી એ પ્રમાણે યુદ્ધમાં વિહ્વળ થઈ ગયો હતો;છતાં કૃપાચાર્યે તો તેને મારીજ નાખવાની ઈચ્છાથી અનેક બાણોથી તેને મારવાજ માંડ્યો; પણ તે વેળા આસપાસ ઉભેલા પાંચાલો અને સોમક યોદ્ધાઓ, યજ્ઞસેનના મહારથી પુત્ર શિખંડીને રણમાં બેભાન પડેલો જોઇ તેની આસપાસ વિંટાઇ વળ્યા અને આ તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા પુત્રો પણ કૃપાચાર્યનું રક્ષણ કરવામાટે તેમની આજુબાજુ ઘેરાઇ વળ્યા.[૨૬–૩૪]

હે રાજન્! તે વખતે પરસ્પર મળેલી મોટી સેનાઓનું યુદ્ધ ચાલુ થયું. અન્યોન્ય સામે દોડી રહેલા રથોનો ગર્જના કરતો મેઘોના સરખો તુમુલ ગડગડાટ ત્યાં સભંળાવા લાગ્યો. હે રાજા! એ રણમાં ઘોડેસ્વારો તથા હાથીસ્વારો અન્યોન્યસામે જોસભેર ધસારો કરતા હતા; તેથી તે રણક્ષેત્ર અતિ ક્રૂર દેખાતું હતું. સામસામા દોડમદોડ કરતા પદાતિઓના પાદાઘાતથી રણભૂમિ ત્રાસ પામેલી સ્ત્રીની પેઠે ધણધણાટ કરતી ધ્રૂજતી હતી. કેટલાએક રથીયોદ્ધાઓ પોતાના રથોમાં બેસીને અતિશય વેગપૂર્વક ધસી જતા હતા અને કાગડાઓ જેમ પતંગિયાંઓને પકડે, તેમ અનેક યોદ્ધાઓને પકડી પાડતા હતા; તેમજ હે ભરતવંશી રાજા! મોટા મોટા મદોન્મત્ત હાથીઓ, સામેથી મદ ઝરતા બીજા હાથીઓને તે પગલેજ સાવધાનીપૂર્વક શિક્ષા કરતા હતા. કોપેલો ઘોડેસ્વાર કોપેલા ઘોડેસ્વારસામે અને ક્રોધે ભરાયેલા પાળાઓ ક્રોધે ભરાયેલા પાળાઓસામે આવી ગયા હતા. આમ અન્યોન્યને ભેટીને તેઓ એકમેકને ઉલ્લંઘી જઇ શકતા નહોતા. તે રણાંગણમાં આમતેમ દોડમદોડ કરતાં, સામસામે ધસારો કરતાં તથા પુનઃ પાછાં ફરતાં સૈન્યોનો અતિ મહાન નાદ તે મધ્યરાત્રિના સમયે થઇ રહ્યો હતો. હે મહારાજ! રથો, હાથીઓ અને ઘોડાઓપર ભડભડાટ બળી રહેલા દીવાઓ આકાશમાંથી ખરેલાં મોટાં ઉબાંડિયાંસરખા દેખાતા હતા. હે ભરતશ્રેષ્ઠ! તે દિવસની રાત્રિ દીવાઓથી એટલી બધી પ્રકાશિત થઇ રહી હતી, કે જેથી તે રણાંગણમાં જોનારાઓને દિવસસરખીજ ભાસતી હતી. લોકની અંદર સૂર્યનો પ્રકાશ થતાં જેમ અંધકારનો નાશ થાય છે, તેમ આમતેમ ચારેબાજુ બળી રહેલા દીવાઓને લીધે ત્યાં રહેલા ઘોર અંધકારનો નાશ થઇ ગયો હતો. આકાશ, પૃથ્વી, દિશાઓ તથા વિદિશાઓ–કે જે પ્રથમ ઉડતી ધૂળ અને અંધકારથી વ્યાપ્ત થયેલ હતી, તેજ પુનઃ પ્રભાને લીધે પ્રકાશમાન દીસતી હતી. રણમાં ઉછળતાં અસ્ત્રો, કવચો તથા મણિઓ, કે જેને મહાત્મા વીરપુરુષોએ ધારણ કર્યાં હતાં તે સર્વની કાંતિઓ, તે દીવાઓના પ્રકાશમાં છુપાઈ ગઇ હતી. હે ભારત! તે રાત્રિના આરંભમાં અતિમહાન કોલાહલવાળું તે યુદ્ધ જ્યારે મચી રહ્યું હતું, ત્યારે સર્વ કોઇ ભાનરહિત થઇ ગયા હતા; અને તેથી તે યુદ્ધમાં પિતા પુત્રને મારી નાખતો હતો, પુત્ર પિતાને મારી નાખતો હતો અને મોહને લીધે મિત્ર મિત્રને સંહારતો હતો, મામો ભાણેજને રોળી નાખતો હતો તથા ભાણેજ મામાને કાપી નાખતો હતો.[૩૫–૪૯] અરે! પોતાના પક્ષના યોદ્ધાઓ પોતાના પક્ષનોજ સંહાર કરતા હતા. આમ અન્યોન્ય મર્યાદાવિનાનું તે યુદ્ધ રાત્રિના સમયે થયું હતું અને તે ભીરુ પુરુષોના ભયને વધારનારૂં થઇ પડ્યું હતું.[૫૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં
"સંકુલ યુદ્ધ" એ વિષયનો
અધ્યાય ૧૬૯ મો સમાપ્ત

અધ્યાય ૧૭૦ મો

ધૃષ્ટદ્યુમ્નની દ્રોણાચાર્યપર ચઢાઇ

॥ संजय उवाच ॥

तस्मिन् सुतुमुले युद्धे वर्तमाने भयावहे ।
धृष्टद्युम्नो महाराज द्रोणमेवाभ्यवर्तत ॥१॥

સંજયે કહ્યું:– હે મહારાજા! તે મહાભયંકર તુમુલ યુદ્ધ એ પ્રમાણે જ્યારે થઇ રહ્યું હતું, ત્યારે ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યસામેજ ધસારો કર્યો હતો.[૧] પોતાના શ્રેષ્ઠ ધનુષ્યનું સંધાન કરતો તથા ધનુષ્યની દોરીને વારંવાર ખેંચતો તે ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણાચાર્યના સુવર્ણભૂષિત રથસામે ધસ્યો હતો.[૨] એ રીતે દ્રોણાચાર્યનો નાશ કરવાની ઇચ્છાથી ધસી જતા ધૃષ્ટદ્યુમ્નની આસપાસ પાંચાલો અને પાંડવયોદ્ધાઓ ચારેબાજુ વિંટાઇ વળ્યા હતા.[૩] આચાર્યશ્રેષ્ઠ દ્રોણને શત્રુઓથી ઘેરાયેલા જોઇ, તમારા પુત્રો પણ બરાબર સાવધ થયા અને એ રણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોણગુરુની રક્ષા કરવા લાગ્યા.[૪] જોતજોતામાં તે બન્ને તરફનાં સૈન્યો, વાયુથી ઉછળી રહેલા તથા ખળભળી ઉઠેલા જળજંતુઓવાળા બે ભયંકર મહાસાગરોની પેઠે તે રાત્રિમાં સામસામે ભેટયાં.[૫] તેપછી હે મહારાજ! પાંચાલવંશના ધૃષ્ટદ્યુમ્ને, પાંચ બાણો મારી દ્રોણાચાર્યને હૃદયમાં વિંધી નાખ્યા અને સિંહની પેઠે મોટી ગર્જના કરી.[૬] હે ભરતવંશી રાજા! એ રણમાં દ્રોણાચાર્યે, પચીસ બાણોથી ધૃષ્ટદ્યુમ્નને વિંધી નાખ્યો તથા બીજા એક ભલ્લબાણથી એના મોટો ટંકાર કરનારા ધનુષ્યને કાપી નાખ્યું.[૭] હે ભરતશ્રેષ્ઠ! દ્રોણાચાર્યને હાથે વિંધાઇ જતા ધૃષ્ટદ્યુમ્ને હોઠ પીસીને તે કપાયેલું ધનુષ્ય ફેંકી દીધું;[૮] અને ક્રોધાયમાન થઇને પ્રતાપી ધૃષ્ટદ્યુમ્ને, દ્રોણાચાર્યનો અંત લાવવાની ઇચ્છાથી બીજું શ્રેષ્ઠ ધનુષ્ય ગ્રહણ કર્યું.[૯] તે અદ્ભુત ધનુષ્યને કાનસુધી ખેંચીને શત્રુસંહારક ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યનો નાશ કરે તેવું ઘોર બાણ ફેંક્યું. તે મહારણમાં જાણે સૂર્યનો ઉદય થયો હોય તેમ એ ઘોર બાણે, બળવાન ધૃષ્ટદ્યુમ્નના હાથમાંથી છૂટીને તે સૈન્યને પ્રકાશિત કરી દીધું. હે રાજન્! તે ઘોર બાણને જોઇને દેવો, ગંધર્વો અને મનુષ્યો "આ રણમાં દ્રોણાચાર્યનું કલ્યાણ થાઓ" એમ કહેવા લાગ્યા. આચાર્યના રથસામે ધસી આવતા તે બાણને, કર્ણે હસ્તકૌશલ્ય દર્શાવતાં વચમાંથીજ બાર કકડા કરી કાપી નાખ્યું.[૧૦-૧૩] હે રાજન્! ધનુર્ધર સૂતપુત્રે એ બાણના જ્યારે અનેક ટુકડા કરી નાખ્યા, ત્યારે ઝેરવિનાના સર્પની પેઠે તે પૃથ્વીપર જઇ પડયું.[૧૪] પછી કર્ણે દશ બાણો મૂકી ધૃષ્ટદ્યુમ્નને વિંધી નાખ્યો, અશ્વત્થામાએ પાંચ બાણોથી, દ્રોણાચાર્યે સાત બાણોથી, શલ્યે દશ બાણોથી, દુઃશાસને ત્રણ બાણોથી, દુર્યોધને વીસ બાણોથી તથા શકુનિએ પણ પાંચ બાણોથી ધૃષ્ટદ્યુમ્નને પ્રહાર કર્યો.[૧૫,૧૬] એ રીતે સર્વ મહારથો, ઘણી ઝડપથી પાંચાલપુત્રને વિંધી રહ્યા હતા. એ મહારણમાં એકત્ર થયેલા સાત મહારથો દ્રોણાચાર્યનું રક્ષણ કરવા માટે ધૃષ્ટદ્યુમ્નના પર બાણોનો મારો ચલાવી રહ્યા હતા;[૧૭] તોપણ ધૃષ્ટદ્યુમ્ન જરાયે ગભરાયો ન હતો, પણ ઉલટો દ્રોણાચાર્યને, અશ્વત્થામાને, કર્ણને તથા તમારા પુત્રને ત્રણ ત્રણ બાણોનો તેણે સામો પ્રહાર કર્યો હતો.[૧૮] એ પ્રમાણે ધનુર્ધર ધૃષ્ટદ્યુમ્ને ઘાયલ કરેલા તે સાતેય મહારથીઓએ, અનુક્રમે પાંચ પાંચ બાણોવડે ધૃષ્ટદ્યુમ્નને ઝટપટ વિંધી નાખ્યો.[૧૯]

હે રાજન્! તે અરસામાં દ્રુમસેન નામનો એક યોદ્ધો કોપી ઉઠયો. તેણે એક બાણવડે ધૃષ્ટદ્યુમ્નને પ્રથમ પ્રહાર કર્યો અને પુનઃ ત્રણ બાણો મૂકી તેને વિંધી નાખ્યો; તેમજ "ઉભો રહેજે, ઉભો રહેજે" એમ ટોણો માર્યો;[૨૦] એટલે તે ધૃષ્ટદ્યુમ્ને, સીધાં જનારાં ત્રણ તીક્ષ્ણ બાણો કે જે સુવર્ણના પુંખવાળાં, સરાણપર ઘસીને સજેલાં તથા યુદ્ધમાં પ્રાણનો અંત કરે તેવાં હતાં. તેણે દ્રુમસેનને વિંધી નાખ્યો;[૨૧] અને વળી પણ વીર્યવાન તે ધૃષ્ટદ્યુમ્ને બીજું એક ભલ્લ બાણ મૂકી સુવર્ણનાં ઉજ્જવળ કુંડલોવાળા દ્રુમસેનના મસ્તકને ધડપરથી કાપી નાખ્યું,[૨૨] કે તુરત દંશેલા હોઠવાળું તે મસ્તક મહાપ્રચંડ વાયુએ ઉછાળી નાખેલા પરિપક્વ તાલફળની પેઠે રણભૂમિપર પડયું.[૨૩] વીર ધૃષ્ટદ્યુમ્ને કેટલાંએક બીજાં અતિ તીક્ષ્ણ બાણોવડે તમારા ઘણા યોદ્ધાઓને વિંધવા માંડયા તથા બીજાં કેટલાંએક ભલ્લબાણો મૂકીને અદ્ભુત રીતે યુદ્ધ કરી રહેલા રાધાપુત્રના ધનુષ્યને કાપી નાખ્યું;[૨૪] પણ કર્ણ જેમ કોઇ મહાન સિંહ પોતાના પૂછડાની અતિ ઉગ્ર કાપણીને સહન કરે નહિ, તેમ પોતાના ધનુષ્યની તે કાપણીને સહન કરી શકયો નહિ;[૨૫] અને ક્રોધથી લાલચોળ નેત્રો કરી હાંફતાં હાંફતાં તેણે એક બીજું ધનુષ્ય હાથમાં લીધું ને સંખ્યાબંધ બાણો છોડતો છોડતો મહાબળવાન ધૃષ્ટદ્યુમ્નસામે તે ધસી ગયો.[૨૬] કોપેલા કર્ણને તે તરફ ધસી ગયેલો જોઈ બીજા છ વીર મહારથીઓ પણ ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવાની ઇચ્છાથી તેની આસપાસ એકદમ ઘેરાઇ વળ્યા.[૨૭] એ વેળા તમારા છ મુખ્ય મહારથોના સપાટામાં આવેલા ધૃષ્ટદ્યુમ્નને અમે તો મૃત્યુના મુખમાં આવેલોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનતા હતા;[૨૮] પણ એજ અરસામાં યાદવવંશી સાત્યકિ જથ્થાબંધ બાણો ફેંકતો ફેંકતો પરાક્રમી ધૃષ્ટદ્યુમ્નની મદદે આવી પહોંચ્યો. ત્યારે મોટું ધનુષ્ય હાથમાં લઇને ધસી આવતા યુદ્ધમદ સાત્યકિને સરળગામી દશ બાણોવડે રાધાપુત્રે પ્રહાર કર્યો.[૩૦] એટલે હે મહારાજ! સાત્યકિએ પણ સામેથી દશ બાણોવડે કર્ણને વિંધી નાખ્યો અને સર્વ વીરોના દેખતાં કહ્યું કે:–"અલ્યા ઓ! જોજે, હવે જતો ના, બરાબર વીર થઇને ઉભો રહેજે."[૩૧] હે રાજા! તે વેળા બળવાન સાત્યકિનો તથા મહાત્મા કર્ણનો, પૂર્વે થયેલા બલિરાજા તથા ઇંદ્રના સરખો તીવ્ર ભેટો થયો હતો.[૩૨] પોતાના રથના ગડગડાટથી સર્વ ક્ષત્રિયોને ત્રાસ પમાડતો મહાક્ષત્રિય સાત્યકિ, કમળનેત્ર કર્ણને વિંધી રહ્યો હતો;[૩૩] તેમજ પોતાના ધનુષ્યના ટંકારવથી પૃથ્વીને જાણે કંપાવી દેતો હોય તેવો બળવાન સૂતપુત્ર કર્ણ પણ સાત્યકિસામે બરાબર યુદ્ધ કરતો હતો.[૩૪] એ યુદ્ધમાં વિપાઠ, કર્ણિ, નારાચ, વત્સદંત તથા ક્ષુર આદિ સેંકડો બાણો મૂકી કર્ણ સાત્યકિને વિંધી નાખતો હતો;[૩૫] તેમજ યુદ્ધ કરતો યાદવશ્રેષ્ઠ સાત્યકિ પણ કર્ણનાપર બાણોનો વરસાદજ વરસાવી રહ્યો હતો. આ રીતે તેઓ બન્નેનું યુદ્ધ લગભગ સરખુંજ હતું.[૩૬] તેવામાં હે મહારાજ! તમારા પુત્રો તથા કર્ણનો પુત્ર, ચારેબાજુથી તીક્ષ્ણ બાણો મૂકીમૂકીને ઘણી ઝડપથી સાત્યકિને વિંધી નાખવા લાગ્યા;[૩૭] પણ સાત્યકિ ક્યાં ઓછો હતો! પોતાનાં અસ્ત્રો વાપરી વાપરીને તેણે તે આસપાસના યોદ્ધાઓનાં તથા કર્ણનાં અસ્ત્રોને અટકાવ્યાં તથા એકદમ ક્રોધાયમાન થઇ વૃષસેનની છાતી વિંધી નાખી.[૩૮] હે રાજા! સાત્યકિના બાણપ્રહારથી વીર્યવાન વૃષસેન ઘણો ઘવાઇ ગયો અને તેથીજ બેભાન થઇને તે રથમાં ઢળી પડ્યો.[૩૯] પોતાના મહારથી પુત્ર વૃષસેનને મરણ પામેલો માની કર્ણને પુત્રના શોકથી ઘણો સંતાપ થવા લાગ્યો અને તે સંતાપમાંને સંતાપમાં તેણે સાત્યકિને ખૂબ પીડવા માંડયો. મહારથી સાત્યકિ પણ એ રીતે સખ્ત પીડાતો હતો, છતાં અનેક બાણો મૂકી મૂકીને તેણે કર્ણને વારંવાર વંધવાજ માંડ્યો.[૪૧] તેણે કર્ણને દશ બાણોથી વિંધી નાખી વૃષસેનને પુનઃ સાત બાણોનો માર માર્યો; એટલુંજ નહિ પણ તેઓ બન્નેના હાથે પહેરવાનાં મોજાંઓસહિત ધનુષ્યોના પણ સાત્યકિએ ટુકડા કરી નાખ્યા. પછી તે પુત્ર તથા પિતાએ, શત્રુઓને ભય કરનારાં બીજાં બે ધનુષ્યો સજ્જ કર્યાં અને તેઓ તીક્ષ્ણ બાણો મારી મારીને સાત્યકિને વિંધવા લાગ્યા.

મુખ્ય મુખ્ય વીર યોદ્ધાઓનો જેમાં સંહાર થઇ રહ્યો હતો, એવો તે સંગ્રામ એ પ્રમાણે જ્યારે ચાલી રહ્યો હતો, ત્યારે હે રાજન્! ગાંડીવધનુષ્યનો અતિ મહાન શબ્દ સંભળાવા લાગ્યો.[૪૪] રથના ઘોષને તથા ગાંડીવ ધનુષ્યના તે શબ્દને સાંભળીને સૂતપુત્ર કર્ણ દુર્યોધનપ્રત્યે આવું વચનબોલ્યો:–[૪૫]"ઓ દુર્યોધન! જો, આ તરફ નજર કર. આ આપણી સર્વ સેનાનો મુખ્ય મુખ્ય મહાપુરુષોનો તથા કેટલાએક પુરુવંશના યોદ્ધાઓનો સંહાર કરી અર્જુન પોતાના ઉત્તમ ધનુષ્યનો ટંકાર કરી રહ્યો છે. ખરેખર! અર્જુન ત્યાં વિજય કરી રહ્યો છે; કારણકે ગર્જના કરતા મેઘસરખો ગાંડીવધનુષ્યનો મહાન ટંકારવ તથા રથનો ગડગડાટ તે તરફથી સંભળાય છે.[૪૭] ખચિત, પાંડવ અર્જુન આ સમયે પોતાને યોગ્ય કર્મ કરી રહ્યો છે. જો, જો, પેલી આ ભારતીય સેનામાં બહુધા ભંગાણ પડી ગયું છે. સૈનિકોની હાર છિન્નભિન્ન થઇ ગઈ છે. કોઇ એક સ્થળે ઉભો પણ રહેતો નથી. વાયુએ ઉછાળેલા મેઘમંડળની પેઠે તે સન્ય, સ્થળે સ્થળેથી વિદીર્ણ થયું છે.[૪૮,૪૯] મહાસાગરમાં આવીને ભાંગી પડેલી નાવની પેઠે આ કૌરવસેના, અર્જુનનો ભેટો કરી છિન્નભિન્ન થઇ ગઈ છે. યોદ્ધાઓ જેમ આવે તેમ નાસી રહ્યા છે; અને હે રાજન્! ગાંડીવધનુષ્યમાંથી છૂટેલાં બાણોથી તેઓમાંના સેંકડો વિંધાઈ ગયા છે, કે જેઓનો આ મહાન આર્તનાદ સંભળાય છે. જો, સાંભળ, હે રાજસિંહ! આકાશમાં જેમ મેઘનો ધ્વનિ સંભળાય, તેમ આ મધ્યરાત્રિના સમયે અર્જુનના રથસામે દુંદુભિઓનો ગડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગડાટ સંભળાય છે. વળી અર્જુનના રથ સામે હાહાકારના શબ્દો, પુષ્કળ સિંહનાદો તથા બીજા અનેક જાતના કોલાહલો સંભળાય છે, તે તું સાંભળ. વળી આ તરફ આ યાદવશ્રેષ્ઠ સાત્યકિ, આપણા બધાની મધ્યમાં આવી ઉભો છે; માટે જો કોઇપણ ઉપાયે આ વખતે આ સાત્યકિનો નાશ કરવામાં આવે તો અવશ્ય બાકી રહેલા સમગ્ર શત્રુઓનો આપણે પરાજય કરી શકીશું; તેમજ પાંચાલરાજાનો પુત્ર આ ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યસામે ભેટયો છે અને ચારેબાજુથી શૂરા મહારથીઓથી ઘેરાઈ ગયો છે, તો આપણે બધા એકઠા મળી આ સાત્યકિને તથા ધૃષ્ટદ્યુમ્નને જો મારી નાખીએ તો નિઃશંક હે મહારાજ ! આપણોજ વિજય થાય; માટે એકલા અભિમન્યુને જેમ આપણે બધાએ એકઠા મળી મારી નાખ્યો હતો, તેમ આ વીર મહારથી સાત્યકિને તથા ધૃષ્ટદ્યુમ્નને પણ ચારેબાજુથી ઘેરી લઇ મારી નાખવાનો આપણે યત્ન કરીએ; પરંતુ આ કાર્યમાં એક મહાવિઘ્ન આવતું દેખાય છે. તે એ કે, આ સાત્યકિને અનેક કૌરવ મહારથીઓ જોડે ભેટેલો જાણી, પેલો અર્જુન, દ્રોણાચાર્યના સૈન્યસામે ધસ્યો આવે છે; માટે જેટલામાં અર્જુન, અનેક યોદ્ધાઓથી ઘેરાયલા આ સાત્યકિને જાણી ન જાય, તેટલામાં સારા સારા ઘણા મહારથીઓ ત્યાં અર્જુનસામા ચઢી જાય; અને અહીં આપણે બધા શૂરાઓ બાણો છોડવાની ઉતાવળ કરો, કે જેથી આ સાત્યકિ પરલોક તરફ પ્રયાણ કરી જાય. હે મહારાજ ! આ મેં બતાવેલી યુક્તિનોજ આ સમયે યોગ્ય ઉપયોગ તું કર. ”૫૦-૬૦

કર્ણના એ મતપર આધાર રાખી, જેમ પૂર્વકાળના સંગ્રામસમયે ઇંદ્રે, યશસ્વી ઉપેન્દ્ર ભગવાનને કહ્યું હતું તેમ તમારા પુત્રે શકુનિને કહ્યું:-[૬૧] “ઓ મામા શકુનિ ! યુદ્ધમાંથી કદી પાછા નહિ હઠનારા દશહજાર હાથીસ્વારોને તથા દશહજાર રથીયોદ્ધાઓને સાથે લઇ તમે અર્જુનસામા ચઢી જાઓ.[૬૧] દુઃશાસન, દુર્વિષહ, સુબાહુ અને દુઃષ્પ્રધર્ષણ આ સર્વ યોદ્ધાઓ બીજા પદાતિ યોદ્ધાઓને સાથે લઇ તમારી પાછળ પાછળ આવશે.[૬૩] હે મહાબાહુ મામા ! અહીંથી જઈને તમે કૃષ્ણ, અર્જુન, ધર્મરાજા, નકુલ, સહદેવ અને ભીમસેનને હણી નાખો.[૬૪] પૂર્વે દેવાસુર યુદ્ધપ્રસંગે દેવોને જેમ દેવેન્દ્રપર પોતાના વિજયની આશા હતી, તેમ આ યુદ્ધમાં મારા વિજયની આશા પણ તમારાપરજ અવલંબી રહી છે; માટે હે મામા ! કાર્તિકસ્વામીએ જેમ અસુરોનો સંહાર કર્યો હતો, તેમ તમે પણ કુંતાના પુત્રોનો સંહાર કરી નાખો.”[૬૫] હે રાજન્ ! તમારા પુત્રના એ કથનપરથી સુબલપુત્ર શકુનિ, મોટી સેનાને સાથે લઇ તથા તમારા બીજા પુત્રોથી રક્ષિત થઈ પાંડવોસામે પ્રયાણ કરી ગયો.[૬૬] તે શકુનિ તમારા પુત્રોનું પ્રિય કરવાને તથા પાંડુપુત્રોનો સંહાર કરવાને સજ્જ થયો હતો. એ પ્રમાણે હે રાજા ! સુબલપુત્ર શકુનિ પાંડવોની સેના તરફ જ્યારે પ્રયાણ કરી ગયો, ત્યારે તમારા પક્ષના મહારથીઓનું શત્રુઓસાથેનું યુદ્ધ ચાલુ થયું; અને આ બાજુ મહાન બળશાળી સૂતપુત્ર, અનેક સેંકડો બાણોને ફેંકતો ફેંકતો સાત્યકિસામે યુદ્ધ કરવા ધસી ગયો; તેમજ બીજા બધા રાજાઓ પણ સાત્યકિનેજ ઘેરી વળ્યા.[૬૭,૬૮] બીજી તરફથી દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નના રથસામે જઈ પહોંચ્યા; એટલે તુરત તે રાત્રિમાં દ્રોણાચાર્યનું વીર ધૃષ્ટદ્યુમ્નસાથે તથા પાંચાલયોદ્ધાઓસાથે મહાઅદ્ભુત યુદ્ધ આરંભાયું.[૭૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં ‘રાત્રિયુદ્ધમાં સંકુલ યુદ્ધ’ એ વિષયનો અધ્યાય ૧૭૦ મો સમાપ્ત

અધ્યાય ૧૭૧ મો

કચ્ચરઘાણ !

॥ संजय उवाच ॥

ततस्ते प्राद्रवन् सर्वे त्वरिता युद्धदुर्मदाः ।
अमृष्यमाणाः संरब्धा युयुधानरथं प्रति॥१॥

સંજયે કહ્યું:-તે પછી યુદ્ધદુર્મદ તે સર્વ યોદ્ધાઓ, પાંડવ યોદ્ધાઓને ન ગણકારતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધપૂર્વક સાત્યકિના રથસામે ધસી ગયા.[૧] બરાબર સજ્જ કરેલા તથા સોનારૂપાથી શોભતા રથો, ઘોડેસ્વારો તથા હાથીસ્વારોને સાથે લઇ ચારેબાજુથી તેઓએ સાત્યકિને ઘેરી લીધો. સર્વ તરફથી એ પ્રમાણે ઘેરો ઘાલીને તે મહારથો સિંહનાદો કરવા લાગ્યા અને સાત્યકિની તર્જના પણ કરવા લાગ્યા;[૨,૩] તેમજ સાત્યકિનો વધ કરવાની ઇચ્છાથી ઉતાવળા ઉતાવળા થઇ ગયેલા તે મહાવીરો, સત્યપરાક્રમી સાત્યકિપર તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા.[૪] પોતાની સામે એકદમ ધસી આવેલા તે યોદ્ધાઓને જોઇને શત્રુવીરોનો સંહારક મહાબાહુ શિનિપુત્ર, અનેક બાણોને છોડીને તેઓની સામે ટક્કર ઝીલવા લાગ્યો.[૫] મહાધનુર્ધર અને યુદ્ધદુર્મદ વીર સાત્યકિ, મજબૂત ગાંડાવાળાં ઉગ્ર બાણો મૂકી મૂકીને શત્રુઓનાં મસ્તકોને કચાકચ કાપવા લાગ્યો.[૬] વળી અસ્ત્રાના આકારનાં કેટલાંએક બાણો છોડીને તે સાત્યકિ હાથીની સૂંઢોને, ઘોડાઓની ડોકોને તથા આયુધોવાળા યોદ્ધાઓના બાહુઓને ભચાભચ ભેદવા લાગ્યો. હે રાજન્ ! જોતજોતામાં પડેલાં ચામરો તથા ઉજ્જ્વલ છત્રોથી તે રણભૂમિ, નક્ષત્રોથી જેમ આકાશ ભરાઇ જાય તેમ ભરાઇ ગઇ.[૮] હે ભરતવંશી રાજા ! એ યુદ્ધમાં સાત્યકિ સાથે યુદ્ધ કરતા યોદ્ધાઓ પ્રેતોની પેઠે બરાડા પાડતા હતા; જેથી ત્યાં તુમુલ શબ્દ થઇ રહ્યો હતો.[૯] એ તુમુલ શબ્દથી આખી પૃથ્વી ગાજી રહી હતી અને રાત્રિમાં તેણે તીવ્ર અને ભયંકર સ્વરૂપ પકડ્યું હતું.[૧૦] રુવાં ખડાં કરી નાખે તેવા એ મધ્યરાત્રિના સમયે સાત્યકિનાં બાણોના મારાથી સૈન્યમાં ભંગાણ પડેલું જોઇ તથા તે મહાવિપુલ શબ્દને સાંભળી, રથીશ્રેષ્ઠ તમારા પુત્રે પોતાના સારથિને કહ્યું:–[૧૧,૧૨] "અરે ઓ સારથિ ! જ્યાં આ તીવ્ર શબ્દ સંભળાય છે, ત્યાં આપણા ઘોડાઓને તું હાંક." આ પ્રેરણા થતાંજ દુર્યોધનના સારથિએ તેના ઉત્તમ ઘોડાઓને સાત્યકિના રથસામે હાંક્યા.[૧૩] પછી ક્રોધાયમાન થયેલો, મજબૂત ધનુષ્યવાળો, યુદ્ધના શ્રમને નહિ ગણનારો, ઝડપદાર હાથવાળો તથા તરેહ તરેહનાં યુદ્ધોને લડી જાણનારો તે દુર્યોધન સાત્યકિસામે ધસ્યો,[૧૪] એટલે સાત્યકિએ ધનુષ્યને કાનસુધી સંપૂર્ણ ખેંચીને છોડેલાં રક્તપિપાસુ બાર બાણો મારી દુર્યોધનને વિંધી નાખ્યો.[૧૫] એ પ્રમાણે સાત્યકિએ જ્યારે પ્રથમજ પ્રહાર કરી પોતાને પજવ્યો, ત્યારે દુર્યોધને પણ ક્રોધે ભરાઇને સાત્યકિને દશ બાણોનો સામો પ્રહાર કર્યો.[૧૬] આ રીતે હે ભરતશ્રેષ્ઠ રાજા ! પાંચાલયોદ્ધાઓનું તથા સર્વ ભારત યોદ્ધાઓનું અતિદારુણ તુમુલ યુદ્ધ થવા લાગ્યું. હે ભારત ! એ રણમાં સાત્યકિને ઘણો ક્રોધ ચઢ્યો હતો. તેણે એંશી બાણોનો પ્રહાર કરી તમારા પુત્રની છાતી વિંધી નાખી.[૧૮] વળી વધારામાં બીજાં કેટલાંએક બાણોનો પ્રહાર કરી તેના ઘોડાઓને પણ મારી નાખ્યા તથા એક બીજા બાણથી તેના સારથને પણ સત્વર રથપરથી ગબડાવી પાડ્યો.[૧૯] હે રાજા ! ઘોડાઓ માર્યા ગયા છતાં તે રથમાં બેસી રહેલો તમારો પુત્ર, સાત્યકિના રથસામે તીક્ષ્ણ બાણો છોડતોજ રહ્યો.[૨૦] એ રણમાં ઘણી હસ્તકુશળતાવાળા પુરુષની પેઠે ચાલાકી દર્શાવીને સાત્યકિએ, તમારા પુત્રે ફેંકેલાં પાંચસો બાણોને કાપી નાખ્યાં હતાં.[૨૧] વળી પણ બીજું એક ભલ્લ જાતિનું બાણ છોડી મધુવંશી સાત્યકિએ, તમારા પુત્રના ધનુષ્યને મુષ્ટિપ્રદેશમાંથી કડાક દઇને કાપી નાખ્યું.[૨૨] એ પ્રમાણે સર્વ લોકોનો મહારાજા તે દુર્યોધન, રથ અને ધનુષ્યવિનાનો થઇ પડ્યો અને તુરતજ કૃતવર્માના ઉજ્જ્વલ રથપર ચઢી ગયો.[૨૩] હે રાજા ! દુર્યોધન એ રીતે જ્યારે પાછો હઠ્યો, ત્યારે શિનિપુત્ર સાત્યકિ, તે મધ્યરાત્રિના સમયે બાણોનો પ્રહાર કરી કરીને તમારી સેનાને નસાડી મૂકવા લાગ્યો.[૨૪]

હે રાજન્ ! પેલી તરફથી શકુનિએ અનેક હજારો રથો, હજારો હાથીઓ તથા હજારો ઘોડાઓને સાથે લઇ અર્જુનની આસપાસ ઘેરો ઘાલ્યો હતો, અનેક જાતનાં શસ્ત્રો તેનાપર ફેંકવા માંડ્યાં હતાં અને બધી જાતનાં મોટાં અસ્ત્રોનો અર્જુનનાપર વરસાદ વરસાવવા માંડ્યો હતો, આ રીતે કાળે પ્રેરેલા તે ક્ષત્રિયો અર્જુન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામા લડી રહ્યા હતા; પણ અર્જુને તે હજારો રથો, ઘોડાઓ અને હાથીઓને પોતાની સામા આવતા અટકાવ્યા હતા અને મહાપ્રયાસ કરીને પણ તેઓનો મોટો સંહાર કર્યો હતો. તે સમયે રણશૂર સુબલપુત્ર શકુનિએ હસતો હોય તેવો દેખાવ કરીને અર્જુનને તીક્ષ્ણ બાણો મારવા માંડયાં; તેમજ બીજાં સો બાણો મારીને તેના મહાન રથને આગળ વધતો અટકાવ્યો.[૨૫-૨૯] હે ભારત ! એ યુદ્ધમાં અર્જુને વીસ બાણોનો શકુનિને પ્રહાર કર્યો; ઉપરાંત બીજા સર્વ મહાધનુર્ધરોને પણ ત્રણ ત્રણ બાણોથી વિંધી નાખ્યા.[૩૦] આમ ઉપરાઉપરી અનેક બાણો મૂકીને અર્જુને પ્રથમ શત્રુઓને આગળ વધતા અટકાવ્યા; અને પછી ઇંદ્ર જેમ અસુરોનો સંહાર કરે, તેમ તમારા યોદ્ધાઓનો સંહાર કરવા માંડયો.[૩૧] હે મહીપાલ ! થોડા સમયમાં તો એ રણમાં કપાઇ પડેલા હાથીની સુંઢોસરખા બાહુઓથી તે રણભૂમિ, પાંચ મુખવાળા સર્પોથી જાણે છવાઇ ગઈ હોય તેવી દેખાવા લાગી.[૩૨] ઠેકઠેકાણે મુકુટોને ધારણ કરનારાં, સુંદર નાસિકાવાળાં, સુંદર કુંડળોવાળાં, પીસેલા હોઠોવાળાં તથા ક્રોધથી ફાડેલા ડોળાઓવાળાં મસ્તકો ત્યાં રડવડવા લાગ્યાં.[૩૩] આખી રણભૂમિ કંઠીઓ તથા મુકુટોને ધારણ કરનારાં અને પ્રથમ પ્રિય વચનોને બોલનારાં ક્ષત્રિયોનાં મુખોથી કમળવાળા પર્વતોની પેઠે શોભતી હતી. ઉગ્ર પરાક્રમી અર્જુન તે રણમાં આવું ઉગ્ર કર્મ કરીને પણ ફરીથી નમેલાં પર્વવાળાં પાંચ બાણોથી શકુનિને વિંધવા લાગ્યો;[૩૫] તથા બીજાં ત્રણ બાણો મૂકી શકુનિના પુત્ર ઉલૂકને પણ તેણે પ્રહાર કર્યો. પોતાને એ રીતે વિંધી નાખેલો જોઈ ઉલૂક, વાસુદેવ શ્રીકૃષ્ણને માર મારવા લાગ્યો અને પૃથ્વીને જાણે ગજાવી મૂકતો હોય તેવા મોટા શબ્દે ગર્જના કરવા લાગ્યો. પછી અર્જુને કેટલાંએક બાણો મારીને શકુનિના ધનુષ્યને કાપી નાખ્યું અને તેના ઘોડાઓને પણ યમરાજાને ઘેર મોકલી દીધા. હે ભરતશ્રેષ્ઠ ! ઘોડાઓનું મરણ થતાંની સાથેજ શકુનિ, તે રથપરથી કૂદી પડયો અને પોતાના પુત્ર ઉલૂકના રથપર સત્વર ચઢી ગયો. પછી એકજ રથમાં બેઠેલા મહારથી તેઓ બન્ને પિતા-પુત્ર, મેઘો જેમ પર્વતપર જળધારા સિંચે, તેમ અર્જુનપર બાણો ફેંકવા લાગ્યા; પણ હે મહારાજા ! પાંડવવીર અર્જુને તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરી તેઓ બન્નેને વિંધી નાખ્યા; તથા બીજાં સેંકડો બાણો મૂકી તમારી સેનામાં ભંગાણ પાડયું અને તે સેનાને ચારેબાજુ નસાડી મૂકી. હે રાજા ! અતિપ્રચંડ વાયુ મેઘમંડળને જેમ ચારેબાજુથી છિન્ન ભિન્ન કરી નાખે છે, તેમ તે અર્જુને તમારાં સૈન્યોને પણ છિન્ન-ભિન્ન કરી નાખ્યાં હતાં. હે ભરતશ્રેષ્ઠ ! તે રાત્રિમાં અર્જુને તમારા સૈન્યનો એવો તો સંહાર કરવા માંડયો, કે જેથી તે સૈન્ય ભયથી વિહ્વલ થઇને વીખરાઇ ગયું. એ વેળા તે સૈન્યના કેટલાએક યોદ્ધાઓ પોતાના ઘોડાઓને રણમાં છોડીનેજ દોડી ગયા હતા, ત્યારે બીજા કેટલાએક તો ગભરાટમાં ને ગભરાટમાં તે દારુણ અંધકારમાં પોતાનાં અંગોને છુપાવી દઇ નાઠા હતા. હે ભરતશ્રેષ્ઠ રાજા ! આ રીતે તમારા યોદ્ધાઓનો રણમાં પરાજય કરી, હર્ષ પામેલા શ્રીકૃષ્ણ તથા અર્જુન શંખનાદ કરી રહ્યા હતા. હે મહારાજા ! આ તરફથી ધૃષ્ટદ્યુમ્ને ત્રણ બાણોથી દ્રોણાચાર્યને વિંધી નાખી, એક તીક્ષ્ણ બાણવડે તેમના ધનુષ્યની દોરીને પણ કાપી નાખી; એટલે ક્ષત્રિયમર્દન દ્રોણગુરુએ તે ધનુષ્યને પૃથ્વીપર મૂકી દીધું અને બીજું અતિ ઘણા બળવાળું વેગવાન ધનુષ્ય હાથમાં લઈ સાત બાણોવડે ધૃષ્ટદ્યુમ્નને વિંધી નાખ્યો; અને તે શૂરવીર દ્રોણાચાર્યે બીજાં પાંચ બાણો મારી તેના સારથિને પણ એ રણમાં માર માર્યો; પણ તુરત મહારથી ધૃષ્ટદ્યુમ્ને કેટલાંએક બાણો મૂકીને આચાર્યનાં બાણોને અટકાવી દીધાં અને પછી ઇંદ્ર જેમ આસુરી સેનાનો નાશ કરે, તેમ તે કૌરવી સેનાનો નાશ કરવા મંડી પડયો. હે રાજા ! તમારા પુત્રના સૈન્યનો એ રીતે જ્યારે નાશ થવા લાગ્યો, ત્યારે તે રણક્ષેત્રમાં લોહીના ઓઘના તરંગોવાળી; મનુષ્યો, ઘોડાઓ તથા હાથીઓને તાણી જનારી અને યમરાજાની ન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરીપ્રત્યે વહેતી સાક્ષાત્ વૈતરણીનદી સરખી મહાઘોર નંદી બન્ને સેનાઓના મધ્યમાં ચાલુ થઇ. તમારા સૈન્યને એ પ્રમાણે હાંકી કાઢી પ્રતાપી ધૃષ્ટદ્યુમ્ન, દેવગણોમાં શોભી રહેલા તેજસ્વી ઇંદ્રસરખો ત્યાં શોભતો હતો. પછી ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, નકુલ, સહદેવ, સાત્યકિ અને ભીમસેન આદિ પાંડવ મહારથીઓ તમારા હજારો રથીઓનો પરાજય કરી રણમાં વિજયવંતા થઇને તથા અતિ ઉન્મત્ત બની જઇને તમારા પુત્ર દુર્યોધન, કર્ણ, દ્રોણાચાર્ય તથા શૂરવીર અશ્વત્થામાના દેખતાં પોતપોતાના શંખો વગાડવા લાગ્યા. ૩૬-૫૪

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં સંકુલયુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૭૧ મો સમાપ્ત

અધ્યાય ૧૭૨ મો

દ્રોણાચાર્ય અને કર્ણનો પાંડવોપર હલ્લો!

॥ संजय उवाच ॥

विद्रुतं स्वबलं दृष्ट्वा वध्यमानं महात्मभिः ।
क्रोधेन महताऽऽविष्टः पुत्रस्तव विशांपते ॥१॥

સંજયે કહ્યું:-હે રાજન્! મહાત્મા પાંડવોના મારાથી નાસભાગ કરતા પોતાના સૈન્યને જોઇ તમારો પુત્ર મહાન ક્રોધાવેશમાં આવી ગયો;[૧] અને એકાએક વિજય કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય અને કર્ણની પાસે જઇને અમર્ષવશ થયેલો તથા વાક્યોને બોલી જાણનારો તે દુર્યોધન આવું વાક્ય બોલ્યો:-[૨] "આ યુદ્ધમાં અર્જુને મારી નાખેલા સિંધુરાજાને જોઇને ક્રોધાયમાન થયેલા તમે બન્નેએજ આજની રાત્રિમાં સંગ્રામ ચાલુ કર્યો છે;[૩] છતાં આ સમયે પાંડવોનું સૈન્ય જ્યારે મારી સેનાનો સંહાર કરી રહ્યું છે, ત્યારે તેઓનો વિજય કરવામાં શક્તિમાન થઇને પણ તમે બન્ને જાણે કેમ અશક્ય હો તેમ જોયા કરો છો?[૪] અરે! ઓ માન આપનારા વીરો! તમારે બન્નેએ જો આમ મારો ત્યાગજ કરવાનો હતો તો તે સમયેજ મને કહેવું હતું કે, "આ યુદ્ધમાં અમે પાંડવોનો પરાજય કરી શકીશું નહિ;" જેથી તે સમયેજ તમારૂં વચન સાંભળીને તથા તમારી સંમતિ લઇને હું પાંડવો સાથે આવું યોદ્ધાઓનો વિનાશ કરનારૂં વૈર કરત નહિ.[૪-૬] હે પરાક્રમી મહાપુરુષો! હજી પણ હું આપ બન્નેને કહું છું કે, જો તમારે મારો પરિત્યાગ ન કરવો હોય તો તમારૂં યોગ્ય પરાક્રમ દર્શાવીને બરાબર યુદ્ધ કરો."[૭]

તમારા પુત્ર દુર્યોધને એ વાણીરૂપ ચાબૂકથી મારેલા તેઓ બન્ને વીરો, પગતળે કચરાયેલા બે સર્પોની પેઠે ક્રોધપૂર્વક સંગ્રામ કરવા સજ્જ થયા.[૮] પછી મહાન ધનુર્ધર તથા રથીઓમાં શ્રેષ્ઠ એવા તેઓ બન્ને જણા, સાત્યકિ આદિ પાંડવયોદ્ધાઓસામા યુદ્ધ કરવા ધસી ગયા;[૯] તેમજ એકત્ર થયેલા પાંડવયોદ્ધાઓ પણ સર્વ સૈન્યને સાથે લઇ, વારંવાર ગર્જનાઓ કરતા તેઓ બન્ને વીરો સામે ધસી ગયા.[૧૦] સર્વ શસ્ત્રધરોમાં શ્રેષ્ઠ મહાધનુર્ધર દ્રોણાચાર્યે, ક્રોધપૂર્વક દશ બાણો મારી સાત્યકિને વિંધી નાખ્યો; તથા કર્ણે પણ દશ બાણોથી, તમારા પુત્રે સાત બાણોથી, વૃષસેને દશ બાણોથી તથા શકુનિએ પણ સાત બાણોથી સાત્યકિને માર માર્યો.[૧૧,૧૨] હે કુરુવંશી રાજા! એ યુદ્ધમાં તમારા પક્ષના સર્વ યોદ્ધાઓ સાત્યકિપર બાણો છોડવા લાગ્યા. તે જોઇ તથા રણમાં પાંડવી સેનાનો સંહાર કરતા દ્રોણાચાર્યને જોઇ સોમકયોદ્ધાઓ, ચોતરફથી બાણોની વૃષ્ટિ કરી કરીને સત્વર શત્રુઓને વિંધવા લાગ્યા. હે રાજન્! ઉદય પામેલો સૂર્ય જેમ પોતાનાં કિરણો ફેંકી સર્વ તરફ રહેલા અંધકારનો નાશ કરે છે, તેમ દ્રોણાચાર્ય પણ પોતાનાં બાણો ફેંકી ફેંકીને અનેક ક્ષત્રિયોના પ્રાણોને તે રણમાં હરી લેતા હતા. દ્રોણગુરુએ જ્યારે પાંચાલોનો સખ્ત સંહાર કરવા માંડયો, ત્યારે અન્યોન્ય સામે બરાડા પાડતા તેઓનો તુમુલ શબ્દ ત્યાં સંભળાવા લાગ્યો. કેટલાએક પોતાના પુત્રોને, કેટલાએક પોતાના પિતાઓને, કેટલાએક પોતાના ભાઇઓને, કેટલાએક પોતાના મામાઓને, કેટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાએક પોતાના ભાણેજોને, કેટલાએક પોતાના મિત્રોને તો કેટલાએક પોતાના સંબંધીઓ તથા બાંધવોને રણમાં પડતા મૂકીને પોતાના જીવિતનીજ માત્ર ઇચ્છા રાખી ઉતાવળા ઉતાવળા ત્યાંથી નાસી જતા હતા;[૧૩-૧૬] અને વળી કેટલાએક તો એટલા બધા બેભાનજેવા થઇ ગયા હતા, કે જેથી મોહને લીધે ઉલટા તે દ્રોણાચાર્ય સામાજ દોડી જતા હતા, ત્યારે બીજા કેટલાએક પાંડવ યોદ્ધાઓ તો એ રણમાં પરલોકભણીજ પ્રયાણ કરી ગયા હતા.[૧૮] આમ તે પાંડવીસેનાને મહાભાગ દ્રોણાચાર્યે એટલી બધી પીડા પામતી કરી મૂકી કે જેથી તે રાત્રિમાં હજારો દીવાઓને ત્યાં ફેંકી દઇને સર્વ સૈનિકો નાસાનાસ કરવા લાગ્યા;[૧૯] અને તે નાસભાગને ભીમસેન, અર્જુન, શ્રીકૃષ્ણ, નકુલ, સહદેવ, ધર્મરાજા તથા ધૃષ્ટદ્યુમ્ન સુદ્ધાં ટગર ટગર જોઈ રહ્યા હતા.[૨૦]તે વેળા સર્વ લોક અંધકારથી ઢંકાઇ ગયો હતો, જેથી કંઇપણ જણાતું ન હતું. માત્ર કૌરવોના પ્રકાશને લીધે નાસભાગ કરતા શત્રુઓજ દેખાતા હતા.[૨૧] હે રાજા ! મહારથી દ્રોણાચાર્ય અને કર્ણ તો નાસભાગ કરતા તે પાંડવસૈન્યની પાછળ પડીને અનેક બાણો ફેંકતા ફેંકતા તેઓને માર્યે જતા હતા.[૨૨] આમ જ્યારે પાંચાલયોદ્ધાઓમાં ભંગાણ પડયું તથા તેઓ ચોબાજુથી ખપી જવા લાગ્યા, ત્યારે શ્રીકૃષ્ણનું મન ઉદાસ થઇ ગયું અને તેમણે અર્જુનપ્રત્યે આ પ્રમાણે કહ્યું:-" [૨૩] ઓ કુંતાપુત્ર ! મહાધનુર્ધર આ દ્રોણાચાર્ય અને કર્ણ ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા સર્વ પાંચાલોને બાણોવતી સખ્ત પ્રહાર કરે છે.[૨૪] તેઓ બન્નેની બાણવૃષ્ટિથી આપણા મહારથીઓમાં ભંગાણ પડયું છે અને સઘળી સેના પણ વારી વરતી નથી. " શ્રીકૃષ્ણનાં એ વચન સાંભળ્યા પછી અર્જુન તથા શ્રીકૃષ્ણ પોતે તે પલાયન કરતી સેનાને ઉદ્દેશીને કહેવા લાગ્યા:-"અરે ઓ પાંડવ યોદ્ધાઓ ! આમ ત્રાસ પામીને તમે નાસો મા, નાસો મા. ભયનો ત્યાગ કરી ઉભા રહો. આ પગલે અમે બન્ને જણા ઉંચાં કરેલાં આયુધોવાળાં સર્વ સૈન્યોને વ્યૂહાકારે બરાબર ગોઠવી દઇ દ્રોણાચાર્ય અને કર્ણનો પરાજય કરવા પ્રયત્ન કરીએ છીએ."[૨૫-૨૭]

આમ સૈન્યપ્રત્યે કહ્યા પછી ફરીથી પણ શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્દેશીને બોલ્યા:-" હે અર્જુન ! આ બન્ને-દ્રોણાચાર્ય અને કર્ણ બળવાન છે, શૂરા છે, અસ્ત્રકુશળ છે તથા વિજયવંતા છે; માટે તું જો તેમની ઉપેક્ષા કરીશ તો આજની રાત્રિમાંજ તેઓ તારા સૈન્યનો નાશ કરી નાખશે. " [૨૮] તેઓ બન્ને જણા આમ વાર્તાલાપ કરતા હતા, તેવામાં ભયંકર કર્મ કરનારો મહાબળવાન ભીમસેન સેનાને પાછી વાળી શીઘ્ર તે તરફ ધસી આવ્યો.[૨૯] હે રાજન્ ! ભીમસેનને ત્યાં ધસી આવતો જોઇ જનાર્દન શ્રીકૃષ્ણ અર્જુનને હર્ષ પમાડતા ફરી પણ બોલ્યા:-[૩૦] " હે પાંડુનંદન ! હે રણમાં વખણાયેલા અર્જુન ! જો આ ભીમસેન, સોમકો અને પાંડવોથી વિંટાઇને વેગપૂર્વક મહારથી કર્ણ તથા દ્રોણાચાર્યસામે ચઢી જાય છે; માટે તું પણ તે ભીમસેનની તથા મહારથી પાંચાલયોદ્ધાઓની સાથમાં રહી સર્વ સૈન્યોને ધીરજ આપવામાટે યુદ્ધ કર."[૩૨]પછી તેઓ બન્ને પુરુષવ્યાઘ્ર શ્રીકૃષ્ણ અને અર્જુન દ્રોણાચાર્ય અને કર્ણ પાસે પહોંચી જઇ રણના મોખરામાં ઉભા રહ્યા.

સંજયે કહ્યું:-શ્રીકૃષ્ણ તથા અર્જુનને શત્રુઓસામે જઈ પહોંચેલા જોઇ યુધિષ્ઠિરરાજાનું તે મહાન સૈન્ય પણ પુનઃ પાછું ફર્યું; પણ દ્રોણાચાર્ય અને કર્ણ તો એ યુદ્ધમાં શત્રુઓનો ઘાણ વાળ્યાજ જતા હતા.[૩૪] હે રાજા! તે પછી ચંદ્રનો ઉદય થતાં વૃદ્ધિ પામેલા બે મહાસાગરોની પેઠે તે બન્ને સૈન્યોનો તુમુલ પ્રહાર એ રાત્રિમાં ચાલુ થયો.[૩૫] તમારી સેના પણ જાણે ઉન્મત્ત બની ગઈ હોય, તેમ હાથમાંથી દીવાઓ ફેંકી દઇને નિર્ભયતાથી પાંડવોસાથે યુદ્ધ કરવા મચી પડી હતી.[૩૬] એ વેળા સર્વ સ્થળે ધૂળ અને અંધકાર છવાઇ ગયો હતો અને અતિદારુણ યુદ્ધ થઇ રહ્યું હતું. વિજયની ઇચ્છાવાળા તે સર્વ યોદ્ધાઓ કેવળ નામ અને ગોત્રનો ઉચ્ચાર કરીનેજ લડતા હતા.[૩૭] હે મહારાજા ! સ્વયંવરમાં જેમ એકબીજાનાં નામો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોનું શ્રવણ કરાવવામાં આવે છે,તેમ એ મહારણમાં પણ એકબીજાનાં નામોનું શ્રવણ કરાવી કરાવીનેજ રાજાઓ અન્યોન્યને પ્રહાર કરતા હતા.[૩૮] વળી થોડો સમય તો ત્યાં કોઈ જાતનો શબ્દ પણ સંભળાતો ન હતો અને પુનઃ એકાએક મહાન શબ્દ સંભળાતો પણ હતો. તેઓ સર્વ યોદ્ધાઓ, બરાબર ક્રોધે ભરાઇને લડી રહ્યા હતા; તેમાં કેટલાએક પરાજય પામતા હતા તો કેટલાએક વિજયી પણ થતા હતા.[૩૯] હે કુરુશ્રેષ્ઠ રાજા! જે જે સ્થળે દીવાઓ દેખાતા હતા, તે તે સ્થળે પતંગની પેઠે શૂરાઓ પડતા હતા.[૪૦] આ રીતે કૌરવો તથા પાંડવો જ્યારે લડી રહ્યા હતા, ત્યારે તે મહારાત્રિ અતિગાઢ થઇ હતી.[૪૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં સંકુલ યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૭૨ મો સમાપ્ત

અધ્યાય ૧૭૩ મો

ઘટોત્કચનું પ્રોત્સાહન

॥ संजय उवाच ॥

ततः कर्णो रणे दृष्ट्वा पार्षतं परवीरहा ।
आजघानोरसि शरैर्दशभिर्मर्मभेदिभिः ॥१॥

સંજયે કહ્યું:–તે પછી શત્રુવીરોનો સંહાર કરનાર કર્ણ, રણમાં ઘૂમી રહેલા ધૃષ્ટદ્યુમ્નને જોઇને મર્મને ભેદી નાખે તેવાં દશ બાણો છોડી તેના વક્ષઃસ્થળમાં પ્રહાર કરવા લાગ્યો.[૧] હે રાજા! ત્યારે ધૃષ્ટદ્યુમ્ને પણ હર્ષમાં આવી જઇને સામેથી તેટલાંજ બાણો મૂકી કર્ણને વિંધી નાખ્યો; અને "હવે ઉભો રહેજે, ઉભો રહેજે" એમ કહીને વાગ્બાણ પણ માર્યું.[૨] પછી તેઓ બન્ને જણા બાણોવડે અન્યોન્યને છાઈ દઇ કાનસુધી ધનુષ્યને ખેંચી ખેંચી જોસભેર પરસ્પરને વિંધવા લાગ્યા.[૩] જોતજોતામાં કર્ણે, પાંચાલોમાં મુખ્ય ગણાતા ધૃષ્ટદ્યુમ્નના સારથિને તથા તેના ચારેય ઘોડાઓને બાણોવડે એ રણમાં વિંધી નાખ્યા;[૪] એટલુંજ નહિ પણ બીજાં તીક્ષ્ણ બાણોનો પ્રહાર કરી તેના મહાન ધનુષ્યને કાપી નાખ્યું તથા એક ભલ્લ જાતના બાણવડે સારથિને પણ રથના માળામાંથી ઢોળી પાડયો.[૫] ધૃષ્ટદ્યુમ્ન એ રીતે રથવિનાનો થઇ રહ્યો. તેના ઘોડાઓ અને સારથિ પણ મરણ પામ્યા; એટલે તેણે એક ઘોર પરિઘ હાથમાં લઇ ફેંક્યું અને કર્ણના ઘોડાઓને છુંદી નાખ્યા,[૬] પણ એ અરસામાં તો કર્ણે તેને અનેક બાણો મારી સખ્ત વિંધી નાખ્યો હતો; જેથી તે પગપાળો થઇનેજ યુધિષ્ઠિરના સૈન્યમાં જઇ પહોંચ્યો અને સહદેવના રથપર ચઢી ગયો. પછી તેણે કર્ણ સામે યુદ્ધ કરવા જવાની ઇચ્છા દર્શાવી, પરંતુ યુધિષ્ઠિરે તેને અટકાવ્યો.[૭,૮]

મહાતેજસ્વી કર્ણ તો સિંહનાદો સાથે ધનુષ્યનો ટંકાર કરવા લાગ્યો તથા પોતાના વિજયને સૂચવનાર શંખને મોટેથી વગાડવા લાગ્યો.[૯] એ યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્નને કર્ણે પરાજય પમાડેલો જોઇ, પાંચાલો અને સોમક મહારથીઓ ઘણાજ ક્રોધવશ થઇ ગયા.[૧૦] તેઓ સર્વે કર્ણનો વધ કરવામાટે શસ્ત્રો લઇ લઇને તથા "મારવું કે મરવું" એવો નિશ્ચય કરીને કર્ણસામે યુદ્ધમાટે જઈ પહોંચ્યા.[૧૧] આ તરફથી કર્ણના રથમાં પણ સારથિએ બીજા ઘોડાઓ જોડી દીધા હતા, કે જે ઘોડાઓનો રંગ શંખના સરખો ઉજ્જવલ હતો. તેઓનો વેગ પણ ઘણોજ અધિક હતો અને તેઓ સિંધુદેશમાં જન્મેલા હોઇને ગતિમાં પણ ઉત્તમ હતા.[૧૨] આવા ઉત્તમ ઘોડાઓવાળા રથમાં બેસીને રાધાપુત્ર કર્ણ, બરાબર તાકી તાકીને પ્રયત્નપૂર્વક છોડેલાં બાણોવડે, મેઘ જેમ પર્વતપર વૃષ્ટિ કરે, તેમ પાંચાલોના મહારથોપર વૃષ્ટિ કરી તેઓને પીડવા લાગ્યો.[૧૩] પાંચાલોની તે મહાસેનાને કર્ણે ઘણીજ ગભરાવી મૂકી,જેથી સિંહથી ભય પામેલી મૃગલીની પેઠે તે સેના પણ કર્ણથી ભયભીત થઇને નાસભાગ કરવા લાગી. જ્યાં જોઇએ ત્યાં કોઇ સ્થળે ઘોડાઓપરથી પડી ગયેલા, કોઇ સ્થળે હાથીઓપરથી પછડાયેલા અને કોઇ સ્થળે રથોપરથી ગબડી પડેલા યોદ્ધાઓ તે રણભૂમિપર નજરે આવતા હતા.[૧૪,૧૫] એ મહારણમાં જે કોઇ યોદ્ધો દોડી જતો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના બે બાહુઓને તથા કુંડળસહિત મસ્તકને કર્ણ, ક્ષુરપ્રબાણો મૂકી છેદી નાખતો હતો;[૧૬] તેમજ હે રાજા! હાથીપર બેઠેલા યોદ્ધાઓના બે સાથળોને તેણે કાપી નાખ્યા હતા; અને ઘોડાપર સ્વાર થયેલા યોદ્ધાઓને તો લગભગ સર્વાંગે ટુકડા કરી નાખ્યા હતા.[૧૭] રણમાં નાસભાગ કરી રહેલા ઘણા મહારથીઓ, ગભરાટમાં ને ગભરાટમાં છિન્ન ભિન્ન થયેલાં પોતાનાં અંગોને અથવા વાહનોને જાણી શકતા ન હતા—અર્થાત્ શરીરની પીડાને તથા પોતાનાં વાહનોને પણ ભૂલી જઇ પલાયનજ કરતા હતા.[૧૮] કર્ણે એ યુદ્ધમાં પાંચાલો અને સૃંજયોને મારી મારીને તેઓનામાં એટલો બધો ભયપેસારો કરી દીધો હતો કે જેથી એક તણખલાને ચાલતું સાંભળીને પણ તેઓ કર્ણનેજ પોતાની પાસે આવેલો માની બેસતા હતા.[૧૯] અરે! પોતાના પક્ષના યોદ્ધાને પણ બેભાનપણે દોડી જતો જોઇ તેઓ તો એમજ માની લેતા હતા કે, "આ કર્ણજ દોડી આવે છે." અને તે પછી ત્યાંથી તેઓ નાસી જતા હતા.[૨૦] હે ભરતવંશી રાજા! હરોળમાંથી છૂટાં પડી તે સૈન્યો એ રીતે નાસભાગ કરી રહ્યાં હતાં, તે વેળા પણ કર્ણે તેઓનો કેડો છોડયો ન હતો; પણ બાણો ફેંકતો ફેંકતો તેઓની પાછળજ પડયો હતો. મહાત્મા કર્ણે, પાંડવસૈનિકોને એવા તો હાંકી કાઢ્યા હતા કે જેથી તેઓ અન્યોન્ય સામે જોઇ જોઇને કેવળ મૂઢ દશામાં અથવા બેભાનમાંજ દોડયા જતા હતા અને જરાએ ઉભા રહેવાને સમર્થજ ન હતા.[૨૧,૨૨] મોટાં મોટાં બાણોનો માર મારી કર્ણે તથા દ્રોણાચાર્યે પાંચાલોને કાયર કાયર કરી મૂકયા હતા અને તેથીજ તેઓ સર્વ દિશાઓમાં જોતા જોતા ત્યાંથી નાસી જવા લાગ્યા.[૨૩]

આમ પોતાના સૈન્યને નાસભાગ કરતું જોઇ રાજા યુધિષ્ઠિરનું મન પણ પલાયન કરવામાંજ તત્પર થઇ ગયું; પણ ત્યાંથી નાસી જવા પહેલાં તેમણે અર્જુનને આ પ્રમાણે કહ્યું:—[૨૪] "અરે ઓ અર્જુન! જો, આ તરફ તો જો. આ મહાધનુર્ધર કર્ણ, આ દારુણ મધ્યરાત્રિના સમયે પ્રખર તપતા સૂર્યની પેઠે હાથમાં ધનુષ્ય લઇ ઉભો છે.[૨૫] આ તારા બંધુઓ કર્ણનાં બાણોથી વિંધાઇ જઇને અનાથની પેઠે બરાડા પાડી રહ્યા છે. જો, સાંભળ. તેઓનો આ આર્ત્તનાદ અહીં સંભળાય છે.[૨૬] આ કર્ણ ધનુષ્યમાં બાણોનું સંધાન ક્યારે કરે છે અને પાછાં તે છોડે છે ક્યારે? તેની મને કંઇ પણ ખબર પડતી નથી. આટલી બધી તો તેની હાથચાલાકી છે; માટે હે અર્જુન! મને તો લાગે છે કે, કર્ણ જરૂર આપણ સૌને મારી નાખશે.[૨૭] હે ધનંજય! આવી સ્થિતિ ઉપસ્થિત થયેલી છે, જેથી કર્ણનો નાશ કરવાના સંબંધમાં હવે પછી જે સમયોચિત કાર્ય તને દેખાય તે કર. (બાકી અમે બધા તો ગભરાઇ ગયા છીએ.)"[૨૮]

હે મહારાજા! યુધિષ્ઠિરરાજાનાં એ વચનો સાંભળીને અર્જુન શ્રીકૃષ્ણપ્રત્યે કહેવા લાગ્યો:—"હે શ્રીકૃષ્ણ! કર્ણે કરેલા આજના પરાક્રમથી રાજા યુધિષ્ઠિર ડરી ગયા છે, માટે આ સમયે કયું કાર્ય આપણે કરવું ઘટે છે, તેનો તમે જલદી વિચાર કરો. જુઓ, આપણી સેના પણ નાસભાગ કરી રહી છે. હે મધુસૂદન! દ્રોણાચાર્યનાં બાણોથી વિંધાઇ જઇ નિરૂત્સાહ થયેલા આપણા યોદ્ધાઓને કર્ણે એટલા બધા ત્રાસિત કરી મૂકયા છે, કે જેથી તેઓને ઉભા રહેવાનું સ્થળ પણ જણાતું નથી. (એટલા બધા તેઓ ગભરાયા છે.)[૩૧] વળી પેલો કર્ણ નિર્ભયની પેઠે રણમાં ઘૂમી રહેલો મને દેખાય છે; અને નાસભાગ કરતા મહારથીઓની પાછળ પડી તીક્ષ્ણ બાણો ફેંકી રહ્યો છે.[૩૨] હે યાદવવંશમાં સિંહસમાન શ્રીકૃષ્ણ! જેમ કોઇ સર્પ પાદપ્રહારને સહન કરી શકતો નથી, તેમ હું પણ મારી પ્રત્યક્ષ આ રીતે રણમાં ઘૂમી રહેલા કર્ણને સહન કરી શકતો નથી;[૩૩] માટે જે સ્થળે તે મહારથી કર્ણ ત્રાસ વર્તાવી રહ્યો છે, ત્યાં તમે ચાલો. હે મધુસૂદન! આજના યુદ્ધમાં હું તેને મારી નાખીશ અથવા તે મને મારી નાખશે—અર્થાત્ મારવું કે મરવું એવોજ મારો નિશ્ચય થયો છે."[૩૪]

તે સાંભળી વાસુદેવે કહ્યું:—"હે ધનંજય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મહારણમાં ઘૂમી રહેલો કર્ણ, જાણે બીજો દેવરાજા (ઇન્દ્ર) હોય તેવોજ મને દેખાય છે. ખરેખર! તેનું પરાક્રમ મનુષ્યજાતિમાં ન હોય તેવું છે–મનુષ્યોથી અધિક છે.[૩૫] હે પુરુષવ્યાઘ્ર અર્જુન! આ કર્ણની સામે જઇને સંગ્રામમાં યુદ્ધ કરે તેવો બીજો કોઇ પુરુષ નથી. માત્ર તું અથવા રાક્ષસ ઘટોત્કચ તેની સામે લડી શકે તેમ છે;[૩૬] પણ હે નિર્દોષ અર્જુન! આ સમયે તે કર્ણની સાથેનો તારો યુદ્ધસમાગમ સમયોચિત નથી, એમ હું માનું છું;[૩૭] કારણ કે હે મહાબાહુ! તેની પાસે એક મહાશક્તિ હજી મોજુદ છે. તે શક્તિ મોટાં ઉંબાડિયાંની પેઠે દેદીપ્યમાન છે, ઇન્દ્રે તેને આપેલી છે અને ખાસ તારામાટેજ તેણે પોતાની પાસે સંગ્રહી રાખી છે.[૩૮] કર્ણ તે શક્તિનું ખાસ તારામાટેજ રક્ષણ કરી રહ્યો છે અને તેથીજ તે આવું રૌદ્ર સ્વરૂપ ધારી રહ્યો છે, માટે આ સમયે તો મહાબળવાન રાક્ષસ ઘટોત્કચનેજ તેની સામે ધસી જવા દે; કારણ કે તે ઘટોત્કચ બળવાન ભીમસેનથી ઉત્પન્ન થયો છે, સાક્ષાત્ દેવસરખો પરાક્રમી છે. વળી દિવ્ય, આસુરી અને રાક્ષસી ત્રણેય જાતનાં અસ્ત્રો તેની પાસે છે.[૩૯,૪૦] નિત્ય આપણાપર પ્રેમ રાખનારો તથા આપણો હિતૈષી તે ઘટોત્કચ, કર્ણનો રણમાં પરાજય કરશે એમાં જરા પણ સંશય નથી."[૪૧]

કમળનેત્ર મહાબાહુ અર્જુનને જ્યારે શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું, ત્યારે તેણે રાક્ષસ ઘટોત્કચને બોલાવ્યો; કે તુરત તે અર્જુન આગળ આવ્યો.[૪૨] હે રાજા! કવચ, બાણ, ધનુષ્ય અને તરવારને ધારણ કરનારો તે ઘટોત્કચ, શ્રીકૃષ્ણ અને અર્જુનને પ્રણામ કરી, શ્રીકૃષ્ણપ્રત્યે કહેવા લાગ્યો:–"આ હું આપની પાસે હાજર થયો છું. બોલો, મને આજ્ઞા કરો."[૪૩] તે સાંભળીને યદુવંશી વાસુદેવ મંદ મંદ હસીને મેઘસમાન કાંતિવાળા તથા દેદીપ્યમાન કુંડળોવાળા ઘટોત્કચને કહેવા લાગ્યા:–[૪૪]"હે પુત્ર ઘટોત્કચ! હું તને કહું છું તે સાંભળ. આ સમય, તારેજ પરાક્રમ કરી દેખાડવાનો આવી પહોંચ્યો છે. બીજા કોઇનું આ વખતે કંઇ ચાલે તેમ નથી;[૪૫] માટે તું આ કૌરવસાગરમાં ડૂબી જતા બંધુઓને વહાણરૂપ થા અને તેઓને તાર. તારી પાસે અનેક જાતનાં શસ્ત્રો છે અને વધારામાં રાક્ષસી માયા પણ છે.[૪૬] હે હિડિંબાના પુત્ર! આ તરફ જો. ગોવાળ જેમ ગાયોને હાંકી કાઢે, તેમ કર્ણ પાંડવોની સેનાની હાંકી રહ્યો છે.[૪૭] મહાધનુર્ધર, બુદ્ધિમાન અને દૃઢપરાક્રમી આ કર્ણ, પાંડવોનાં સૈન્યોમાંના મોટા મોટા ક્ષત્રિયોનો સંહાર કરી રહ્યો છે.[૪૮] જો કે આપણા પક્ષના દૃઢ ધનુષ્યવાળા યોદ્ધાઓ પણ મોટી મોટી બાણવૃષ્ટિઓ વર્ષાવી રહ્યા છે; તોપણ તેઓ કર્ણનાં બાણોરૂપ જવાળાથી પીડાય છે અને તેની સામે ઉભા રહેવા શક્તિમાન નથી.[૪૯] બરાબર મધ્યરાત્રિના સમયથી કર્ણ, બાણોનો વરસાદ વરસાવી પીડી રહ્યો છે, જેથી આ પાંચાલ યોદ્ધાઓ, સિંહથી ભય પામેલા મૃગોની પેઠે રણમાંથી નાસે છે.[૫૦] હે ભયંકર પરાક્રમી ઘટોત્કચ! એ રીતે કર્ણ, આ યુદ્ધમાં એટલો બધો વધ્યે જાય છે કે માત્ર તારાસિવાય બીજો કોઈ પણ તેને અટકાવી શકનાર નથી;[૫૧] માટે હે મહાબાહુ! તને પોતાને તથા તારા મામાઓ અને કાકાઓના તેજને તથા અસ્ત્રબળને છાજે તેવું કર્મ આજના યુદ્ધમાં તું કરી દેખાડ.[૫૨] હે હિડિંબાપુત્ર! જગતમાં મનુષ્યો "અમને દુઃખમાંથી તારશે" આવી ઇચ્છા રાખીનેજ પુત્રોની વાંચ્છના કરે છે; માટે તું પણ તારા પિતાઓને આ સમયે તાર.[૫૩] હે ઘટોત્કચ! પિતાઓ પોતાના સ્વાર્થને માટેજ પુત્રોની ઇચ્છા કરે છે. તેઓના મનમાં સદા એમજ હોય છે કે, "અમારા હિતૈષી પુત્રો આ લોક અને પરલોકથી અમને તારશે."[૫૪] વળી હે ભીમસેનપુત્ર! સંગ્રામમાં નિત્ય યુદ્ધ કરનારા તારી પાસે અસ્ત્રોનું મહાભયંકર બળ છે તથા માયાઓ પણ ઘણી દુસ્તર છે;[૫૫] માટે હે શત્રુતાપન! આ રાત્રિમાં કર્ણે, બાણો મૂકી મૂકીને પાંડવોમાં ભંગાણ પાડયું છે. એથી કરીને તેઓ કૌરવોમાં ડૂબી ગયા છે. તેમને તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારરૂપ થા.[૫૬] વળી રાત્રિના સમયમાં રાક્ષસો ઘણા અમાપ પરાક્રમવાળા, બળવાન, અતિ દુરાધર્ષ, શૂરા અને પરાક્રમી ગતિવાળા થાય છે;[૫૭] તેથી આ મધ્યરાત્રિના સમયે પોતાની અનેક માયાઓ દર્શાવીને તું મહાધનુર્ધર કર્ણનો રણમાં નાશ કરી નાખ અને પછી દ્રોણાચાર્યનો વધ તો ધૃષ્ટદ્યુમ્ન આદિ પાંડવ યોદ્ધાઓ કરશે." [૫૮]

સંજયે કહ્યું:-કેશવનાં વચન સાંભળ્યા પછી અર્જુન પણ કુરુવંશના શત્રુદમન રાક્ષસ ઘટોત્કચને કહેવા લાગ્યો:-" હે ઘટોત્કચ! આપણાં આ સર્વ સૈન્યોમાં એક તું, મહાબાહુ સાત્યકિ અને પાંડુપુત્ર ભીમસેન, આ ત્રણ યોદ્ધાઓને હું માનદૃષ્ટિએ જોઉં છું;[૬૦] માટે તું આજે કર્ણસામે જઇને દ્વંદ્વયુદ્ધ કર. મહારથી સાત્યકિ તારો પૃષ્ઠરક્ષક થશે. [૬૧] પૂર્વે કાર્તિકસ્વામીની સહાય લઇ ઇન્દ્રે જેમ તારકાસુરને માર્યો હતો, તેમ તું પણ સાત્યકિની સહાય લઇ રણશૂરા કર્ણને મારી નાખ."[૬૨]

તે પછી ઘટોત્કચે કહ્યું:-" હે ભારત! કર્ણ, દ્રોણાચાર્ય અથવા બીજા સર્વ અસ્ત્રકુશળ ક્ષત્રિય શૂરવીરોને હું એકલોજ પૂરો પડું તેમ છું. [૬૩] આજની રાત્રિમાં હું કર્ણને એવો સંગ્રામ આપીશ, કે જેને આ પૃથ્વીની સ્થિરતાસુધી મનુષ્યો કહ્યા કરશે કે, ઘટોત્કચના જેવો સંગ્રામ એક પણ થશે નહિ.[૬૪] આજના યુદ્ધમાં હું કોઈ શૂરાઓને છોડવાનો નથી, ભયભીત થયેલાઓને છોડવાનો નથી કે શરણે આવેલાઓને પણ છોડવાનો નથી; પરંતુ રાક્ષસધર્મનો આશ્રય કરી સર્વનો વિનાશજ કરીશ." [૬૫]

સંજયે કહ્યું:-એમ કહી શત્રુવીરોનો સંહાર કરનાર મહાબાહુ હિડિંબાપુત્ર, તમારા સૈન્યને બીવડાવતો બીવડાવતો કર્ણસામે યુદ્ધ કરવા ધસી ગયો.[૬૬] પુરુષવ્યાઘ્ર કર્ણ પણ ક્રોધ કરી પોતાની સામે ધસી આવતા, બળબળતા મુખવાળા તથા પ્રદીપ્ત કેશવાળા ઘટોત્કચ સામે હસતાં હસતાં ટક્કર ઝીલવા લાગ્યો.[૬૭] પછી હે રાજસિંહ! અન્યોન્ય સામે ગર્જના કરતા તે કર્ણ અને રાક્ષસ ઘટોત્કચનું, ઇન્દ્ર અને પ્રહ્લાદના યુદ્ધ સરખું યુદ્ધ થવા લાગ્યું.[૬૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'ઘટોત્કચનું પ્રોત્સાહન' એ વિષયનો અધ્યાય ૧૭૩ મો સમાપ્ત

અધ્યાય ૧૭૪ મો

અલંબુષનો વધ-રાક્ષસે રાક્ષસને માર્યો.

॥ संजय उवाच ॥

दृष्ट्वा घटोत्कचं राजन् सूतपुत्ररथं प्रति ।
आयान्तं तु तथा युक्तं जिघांसुं कर्णमाहवे॥१॥

સંજયે કહ્યું:-હે રાજન્! એ રણમાં કર્ણનો વધ કરવાની ઇચ્છાથી તેના રથસામે ધસી આવતા ઘટોત્કચને જોઇને તમારા પુત્ર દુર્યોધને, દુઃશાસનપ્રત્યે આવું વચન કહ્યું:-" અરે ઓ દુઃશાસન! આ રાક્ષસ ઘટોત્કચ રણમાં કર્ણનું પરાક્રમ જોઇને ઉતાવળો ઉતાવળો ધસી આવે છે; માટે જા, એ મહારથીને તું અટકાવ. સૂર્યપુત્ર મહાબળવાન કર્ણ જ્યાં રાક્ષસસાથે યુદ્ધ કરવા ઇચ્છે છે, ત્યાં તું મોટી સેનાને સાથે લઇ જલદી જા. હે માન આપનારા દુઃશાસન! મોટા સૈન્યથી વિંટાઇને તું બરાબર સાવધાન થઇ કર્ણની રક્ષા કર; જેથી આ ઘોર રાક્ષસ પ્રમાદમાં આવીને કર્ણનો નાશ ન કરી જાય." દુર્યોધન એ પ્રમાણે દુઃશાસનને આજ્ઞા કરતો હતો, તેવામાં હે રાજા! જટાસુરનો બળવાન પુત્ર રાક્ષસ અલંબુષ દુર્યોધન પાંસે આવી પહોંચ્યો અને યોદ્ધાઓમાં શ્રેષ્ઠ એવા તેણે દુર્યોધનને કહ્યું:-" હે દુર્યોધન! જો તમારી આજ્ઞા હોય તો હું ઇચ્છું છું કે, તમારા શત્રુઓતરીકે પ્રખ્યાત થયેલા યુદ્ધદુર્મદ પાંડવોનો તેમના અનુચરોસહિત હું એકલોજ વિનાશ કરીશ; કારણ કે પૂર્વે રાક્ષસોમાં અગ્રગણ્ય મારા પિતા જટાસુરને તે ક્ષુદ્ર પાંડવોએ, રાક્ષસોનો વિનાશ કરે તેવા વૈદિક કર્મનું અનુષ્ઠાન કરી મારી નાખ્યો છે; માટે તેનો બદલો લેવાની મારી ઇચ્છા છે તથા તે મારા શત્રુઓના લોહીથી મારા મૃતપિતાની પૂજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તેમનાં માંસવડે મારા પિતાને બલિદાન આપવા હું ઇચ્છું છું, માટે હે રાજેન્દ્ર! મને અનુજ્ઞા આપવા કૃપા કરો."૧–૮

તે સાંભળી પ્રસન્ન થયેલા રાજા દુર્યોધને કહ્યું:–"જો કે હું પોતેજ દ્રોણાચાર્ય, કર્ણ આદિની સાથે રહી મારા શત્રુઓનો વધ કરવામાં સમર્થ છું; તોપણ મારી આજ્ઞાથી તું યુદ્ધ કરવા જા અને તે ઘટોત્કચનો યુદ્ધમાં નાશ કરી નાખ. એ રાક્ષસ ક્રૂર કર્મો કરનારો છે, રાક્ષસ અને મનુષ્ય બન્ને જાતિથી ઉત્પન્ન થયો છે અને પાંડવોનું નિત્ય હિત કરનારો છે. તેણે આપણા હાથી, ઘોડા અને રથોનો ઘાણ કાઢી નાખ્યો છે. વળી તે આકાશમાં ગતિ કરનારો પણ છે, માટે તેને તું યમલોકમાં મોકલીજ દે."૯–૧૧

"બહુ સારૂં" એમ કહીને પ્રચંડ શરીરવાળો જટાસુરનો પુત્ર અલંબુષ, ભીમપુત્ર ઘટોત્કચને રણમાં બોલાવીને અનેક શસ્ત્રોવડે તેને ઢાંકી દેવા લાગ્યો;૧૨ પરંતુ હિડિંબાનો પુત્ર એકલોજ મહાવાયુ જેમ મેઘોને હચમચાવી દે, તેમ અલંબુષ કર્ણ અને આખા કૌરવસૈન્યને હંફાવવા લાગ્યો.૧૩ ઘટોત્કચનું એ પ્રમાણેનું માયાબળ જોઇને રાક્ષસ અલંબુષ અનેક જાતનાં બાણોના સમુદાયોવડે તેને ઝટપટ પ્રહાર કરવા લાગ્યો.૧૪ મહાબળવાન તે અલંબુષે બાણોના ઢગ છોડીને ઘટોત્કચને વિંધી નાખ્યો તથા બીજાં સંખ્યાબંધ બાણોવડે પાંડવોની સેનાને પણ ત્યાંથી હાંકી કાઢી. હે ભરતવંશી રાજન્! વાયુનો આઘાત થતાં મેઘમંડળ જેમ વીખરાઈ જાય, તેમ તે મધ્યરાત્રિના સમયે અલંબુષે નસાડી મૂકેલાં પાંડવસૈન્યો, ચારેબાજુ વીખરાઇ ગયાં હતાં. હે રાજા! તે પ્રમાણેજ તમારી સેના પણ ઘટોત્કચનાં બાણોથી ખળભળી ઉઠી અને હજારો દીવાઓને જેમ તેમ ફેંકી દઈ રણમાંથી નાસી ગઈ. પછી ક્રોધાયમાન થયેલા અલંબુષે, અંકુશોવડે જેમ હાથીને મારે તેમ દશ બાણોવડે ઘટોત્કચને માર માર્યો.૧૮ તે જોઇ ઘટોત્કચે અતિ દારુણ ગર્જના કરી અલંબુષના રથના, સારથિના તથા સર્વ આયુધોના તલ તલ જેવડા ટુકડા કરી નાખ્યા;૧૯ અને તે ઉપરાંત મેઘ જેમ પર્વતપર વૃષ્ટિ કરે તેમ કર્ણ, અલંબુષ તથા બીજા હજારો કૌરવયોદ્ધાઓપર બાણોની વૃષ્ટિ કરી મૂકી.૨૦ એ વેળા રાક્ષસથી પીડાયેલા કૌરવસૈન્યમાં મોટો ખળભળાટ થઈ રહ્યો. આખું ચતુરંગી સૈન્ય એકમેકપર પડીને અન્યોન્યને કચરી નાખતું હતું.૨૧ હે મહારાજા! તે પછી રથ અને સારથિવિનાનો થઈ પડેલો અલંબુષ ક્રોધથી ધુંધવાઇ ગયો. તેણે ઘટોત્કચને મુષ્ટિનો દૃઢ પ્રહાર કર્યો.૨૨ તે મુષ્ટિનો પ્રહાર થતાં ઘટોત્કચ પૃથ્વીકંપસમયે આખો પર્વત જેમ વૃક્ષો, ઘાસ અને લતાઓસહિત કંપી ઉઠે છે, તેમ કંપાયમાન થઈ ગયો;૨૩ અને તેણે પણ મોટા પરિઘસરખા તથા શત્રુઓના સમુદાયનો નાશ કરનારા બાહુની મુષ્ટિથી અલંબુષને સખ્ત પ્રહાર કર્યો. ૨૪ વળી પણ કોપેલા ઘટોત્કચે ઇંદ્રધ્વજસરખા પોતાના બે હાથવડે અલંબુષને ઉથલાવીને પૃથ્વીપર પટક્યો અને સારી રીતે રગદોળ્યો;૨૫ એટલે અલંબુષે પણ ઘટોત્કચ પાસેથી પોતાને છોડાવી દઇ તથા પુનઃ વેગપૂર્વક ઉભો થઈ તેની સામે ધસારો કર્યો; ૨૬ અને રોષપૂર્વક તે ઘટોત્કચરાક્ષસને ઉછાળીને પૃથ્વીપર ફેંકી એકદમ રગડવા માંડયો. ૨૭ એ પ્રમાણે તેઓ બન્નેનું યુદ્ધ રોમાંચજનક અને તુમુલ થઇ રહ્યું હતું. તેઓ બન્નેનાં શરીરો મહાપ્રચંડ હતાં અને તેઓ બન્ને જણા સામસામા ગર્જનાઓ કરી રહ્યા હતા.૨૮ અતિ માયાવી એવા તેઓ બન્ને, પરસ્પર માયાઓ રચીને એકમેકથી અધિક થઇ જઇ ઇંદ્ર તથા બલિરાજાની પેઠે સામસામા લડી રહ્યા હતા.૨૯ તેઓ થોડીવારમાં અગ્નિ અને સમુદ્ર થઇ જતા હતા, થોડીવારમાં ગરુડ અને તક્ષક બની જતા હતા, થોડીવારમાં મેઘ અને વાયુસ્વરૂપ થઈ જતા હતા તો થોડીવારમાં વળી વજ્ર અને મહાન પર્વત બની જતા હતા.૩૦ વળી હાથી, સિંહ તથા રાહુ અને સૂર્ય થઇને સામસામા લડતા હતા. આમ અનેક માયાઓ રચી રચીને તેઓ અન્યોન્યનો વધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા ઇચ્છતા હતા.[૩૧] તે અલંબુષ અને ઘટોત્કચ ઘણું વિચિત્ર યુદ્ધ કરતા હતા. પરિઘો, ગદાઓ, ભાલાંઓ, મુદ્ગરો, પટ્ટિશો, મુસલો, પર્વતનાં શિખરો વગેરે હાથમાં લઈ લઇને અન્યોન્યને મારતા હતા. વળી મહામાયાવી તે રાક્ષસો ઘોડેસ્વાર થઇને, હાથીસ્વાર થઇને, રથસ્વાર થઇને તથા પદાતિઓ થઇને પણ લડતા હતા.

પછી હે રાજન્! ઘટોત્કચ, અલંબુષનો વધ કરવાની ઇચ્છાથી એકદમ આકાશમાં ઉડયો અને ક્રોધપૂર્વક પાછો બાજપક્ષીની પેઠે ત્યાંથી નીચે ઉતર્યો. મહાપ્રચંડ શરીરવાળા રાક્ષસરાજ અલંબુષને ઘટોત્કચે પકડીને, વિષ્ણુએ જેમ મયદાનવને પછાડયો હતો, તેમ તેને પણ પૃથ્વીપર પછાડયો; અને અદ્ભુત દેખાવની તરવારને મ્યાનમાંથી ખેંચી કાઢી. રણમાં કૂદી રહેલા તથા અતિભયંકર રીતે ગાજી રહેલા પોતાના રૌદ્ર શત્રુ અલંબુષના વિકૃત દેખાવના ભયંકર મસ્તકને તેણે ધડપરથી કાપી નાખ્યું. આ પછી અમાપ પરાક્રમવાળો તે ઘટોત્કચ, લોહીલુહાણ થયેલા તે મસ્તકને ચોટલીથી પકડીને ઉતાવળો ઉતાવળો દુર્યોધનના રથ તરફ દોડી ગયો. ત્યાં જઇને મોટી ભુજાવાળો તે રાક્ષસ ખડખડાટ હસ્યો; અને ભયંકર દેખાવના મુખવાળા તથા વીખરાયેલા કેશવાળા તે મસ્તકને દુર્યોધનના રથમાં ફેંકીને વર્ષાકાળના મેઘની પેઠે ભયંકર નાદે ગાજતો કહેવા લાગ્યો કેઃ-"હે રાજા દુર્યોધન! આ તારા બંધુને મેં મારી નાખ્યો છે, કે જેનું પરાક્રમ તેં જોયું હતું; અને વળી કર્ણનો તથા તારો પોતાનો પણ આ પ્રમાણેનોજ નાશ તારા જોવામાં આવશે. આ જગતમાં એવો એક નિયમ છે કે, "જે પુરુષને ધર્મ, અર્થ અને કામની ઇચ્છા છે તેણે રાજા, બ્રાહ્મણ અથવા સ્ત્રીનાં ખાલી હાથે દર્શન ન કરવાં." આ નિયમને અનુસરી મેં તારી પાસે આ મસ્તકરૂપ ભેટ મૂકી છે. હવે પ્રસન્ન થઈને અહીં ઉભો રહેજે; એટલામાં તો હું કર્ણનો વધ કરૂં છું." આમ કહીને હે રાજા! તે ઘટોત્કચ, તીક્ષ્ણ બાણો છોડતો છોડતો કર્ણસામે ચાલ્યો ગયો. પછી હે મહારાજ! તેઓ બન્ને નર અને રાક્ષસનું વિસ્મયજનક તથા ઘોર સ્વરૂપવાળું ભયાનક યુદ્ધ થવા લાગ્યું.[૩૨-૪૫]

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં અલંબુષનો વધ' એ વિષયનો અધ્યાય ૧૭૪ મો સમાપ્ત

અધ્યાય ૧૭૫ મો

રાક્ષસ ઘટોત્કચનું યુદ્ધ

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

यत्तद्वैकर्तनः कर्णो राक्षसश्च घटोत्कचः ॥
निशीथे समसज्जेतां तद्युद्धमभवत्कथम् ॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:- તે મધ્યરાત્રિના સમયે સૂર્યપુત્ર કર્ણ અને રાક્ષસ ઘટોત્કચ, સામસામા ભેટયા ત્યારે તેઓનું કેવું યુદ્ધ થયું હતું? વળી તે ઘોર રાક્ષસનું સ્વરૂપ કેવું હતું? તેનાં રથ, ઘોડા અને સર્વ આયુધો કેવાં હતાં?[૨] તેના ઘોડાઓનું માપ કેવડું હતું? તેના રથની ધ્વજા, ધનુષ્ય, કવચ અને મસ્તકનો ટોપ કેવો હતો? હે સંજય! હું તને આ પ્રશ્ન કરૂં છું, તેનો યથાર્થ ઉત્તર આપ. તું ઘણો કુશળ છે.

સંજયે કહ્યું:-ઘટોત્કચનાં નેત્રો લાલ રંગનાં હતાં, તેનું શરીર અતિપ્રચંડ હતું, મુખ તામ્રવર્ણું હતું, પેટ ઘણું ઉંડું હતું, તેનાં રુવાં ઉભાં હતાં, તેની દાઢી અને મૂછ પિંગળી હતી, કાન શંકુના આકારે હતા, હડપચી ઘણી મોટી હતી, તેનું મુખ છેક કાનસુધી ફાટેલું હતું, દાઢ ઘણી તીક્ષ્ણ હતી, તેના આગળના ચાર દાંતો ઉન્નત હતા, જીભ અને હોઠ ઘણાં લાંબાં તથા તામ્રવર્ણાં હતાં, તેની ભ્રમર ઘણી લાંબી હતી, નાસિકા સ્થૂળ હતી, અંગ તદ્દન શ્યામ હતું, ડોકનો ભાગ રતાશ પડતો હતો, શરીર મોટા પર્વતસરખું હતું અને દેખાવમાં તે ઘણો ભયંકર હતો;[૪-૬] તેમજ શરીરે મોટો, મોટી ભુજાઓવાળો, મહાબળીઓ, દેખાવમાં બિહામણો, કઠોર સ્પર્શવાળો તથા મસ્તકે વાળથી ભરેલો અને દૃઢ અવયવો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળો તે હતો.[૭] વળી તેના નિતંબો ઘણા સ્થૂળ હતા, નાભિનો ભાગ ઘણો ઉંડો હતો, તેના નિતંબો માંસભર્યા હોવાને લીધે શિથિલ હતા, કદમાં તે ઘણો મોટો હતો, હાથમાં તેણે અલંકારો ધારણ કર્યા હતા, મોટી મોટી માયાઓને તે રચી જાણતો હતો તથા બાહુઓમાં બાજુબંધો તેણે પહેર્યાં હતાં.[૮] જાણે અગ્નિમાળાને ધારણ કરનારો પર્વત હોય તેમ વક્ષસ્થળે સુવર્ણની સુંદર માળા તેણે ધારણ કરી હતી. તેના મસ્તકપર તદ્દન સુવર્ણનો, અદ્દભુત, અનેક સ્વરૂપી અંગોથી શોભતો, તોરણના આકારનો તથા શુભ્રવર્ણો મુકુટ શોભી રહ્યો હતો. બાલસૂર્યસમાન કાંતિવાળાં બેકુંડળો કાને પહેર્યાં હતાં[૯,૧૦] અને શરીરપર કાંસાનું બનાવેલું મહાતેજસ્વી અને વિશાળ એવું કવચ તેણે પહેર્યું હતું. તેનો મહારથ ચારસો હાથ લાંબો-પહોળો હતો, રીંછના ચામડાથી તેને આસપાસ વિંટયો હતો, લાલ રંગની ધ્વજાપતાકા તેનાપર ફરકતી હતી, સેંકડો ઘુઘરીઓનો ઝણઝણાટ તેમાં થતો હતો, સર્વ જાતનાં ઉત્તમ આયુધો તેમાં ભર્યાં હતાં, આસપાસ ધ્વજાઓ તેને બાંધી હતી, તે રથને આઠ પૈડાં હતાં અને ચાલતી વખતે તેનો મેઘના સરખો ગંભીર શબ્દ થતો હતો. આવા પ્રકારના રથમાં બેસીને ઘટોત્કચ યુદ્ધ કરવા આવ્યો હતો. વળી મદમત્ત હાથીસરખા લાલચોળ આંખોવાળા, દેખાવમાં બિહામણા, ઇચ્છાનુસાર વર્ણ અને વેગવાળા, બળવાન કેશવાળીવાળા તથા યુદ્ધના શ્રમને નહિ ગણનારા સો ઘોડાઓ, તે ઘોર રાક્ષસને રણમાં વહી રહ્યા હતા. તે ઘોડાઓ પોતાની મોટી કેશવાળી ધૂણાવીને વારંવાર હણહણાટ કરતા હતા. ઘટોત્કચનો સારથિ વિરૂપાક્ષ નામનો એક રાક્ષસ હતો, તેનું મુખ પ્રદીપ્ત હતું, તેનાં કુંડળો દેદીપ્યમાન હતાં તથા સૂર્યનાં કિરણોસમાન કાંતિવાળી લગામ હાથમાં લઇ તેણે ઘોડાઓને પકડી રાખ્યા હતા. સૂર્ય જેમ અરુણ નામના સારથિ સાથે રથમાં બેસે છે, તેમ તે ઘટોત્કચ પોતાના વિરૂપાક્ષ નામના સારથિ સાથે રથમાં બેઠો હતો,[૧૧–૧૬] જેમ કોઇ મહાન પર્વત મોટા વાદળનો સંબંધ કરી રહેલો હોય, તેમ છેક આકાશમાં અડકતી અતિમહાન પતાકા એના રથપર ફરકતી હતી.[૧૭] વળી તે ધ્વજામાં લાલ રંગના મસ્તકવાળો, માંસાહારી મોટો ભયંકર ગીધપક્ષી ચિત્રાકારે બેઠો હતો.

વળી તે ઘટોત્કચ ઇંદ્રના વજ્રસમાન ઘોષ કરનારૂં, મજબૂત પ્રત્યંચાવાળું, બરાબર એક હાથ જેટલી પહોળાઇવાળું તથા બાર અરત્નિ* જેટલી લંબાઇવાળું ધનુષ્ય હાથમાં લઇ ટંકાર કરતો હતો તથા રથની ધરી જેવડાં મોટાં મોટાં બાણો મૂકી સર્વ દિશાઓને છાઇ દેતો તે ઘટોત્કચ વીરોનો સંહાર કરનારી તે રાત્રિમાં કર્ણસામે ધસ્યો હતો. ટેકો લઇને રથમાં બેઠેલો તે રાક્ષસ જ્યારે ધનુષ્યનો ટંકારવ કરતો હતો, ત્યારે વજ્રના કડાકાસરખો તેના ધનુષ્યનો ઘોષ સંભળાતો હતો. હે ભરતવંશી રાજા! તમારાં સૈન્યોમાં તેણે એટલો બધો ત્રાસ વર્તાવ્યો હતો કે જેથી મહાસાગરના તરંગોની પેઠે તે સર્વ સૈન્યો કંપતાં હતાં. બેડોળ આંખોવાળા અને અત્યંત બિહામણા તે રાક્ષસને પોતાની સામે ધસી આવતો જોઇ, અભિમાની કર્ણ પણ ઉતાવળો ઉતાવળો તેને અટકાવવા લાગ્યો; અને જેમ કોઇ મહાન હાથી યૂથપતિ બીજા હાથીસામે ધસી જાય, તેમ તે પણ સમીપમાં રહી બાણોને ફેંકી રહેલા તે રાક્ષસસામે બાણો ફેંકતો ફેંકતો ધસી ગયો. હે રાજા! પૂર્વે ઇંદ્ર અને શંબરાસુરનો જેવો તુમુલ ધસારો થયો હતો, તેવોજ રાક્ષસ ઘટોત્કચ અને કર્ણનો સામસામે તુમુલ ધસારો થયો. પછી તેઓ બન્ને જણા મહાન વેગવાળાં તથા ભયંકર શબ્દ કરનારાં ધનુષ્યો હાથમાં લઇ મોટાં મોટાં બાણોવડે અન્યોન્યને ઘાયલ કરી છાઇ દેવા લાગ્યા. ધનુષ્યને કાનસુધી સંપૂર્ણપણે ખેંચી છોડવામાં આવેલાં નમેલાં પર્વવાળાં બાણોનો મારો ચલાવીને તથા

* કોણી નીચેનો ચોવીસ આંગળનો ભાગ મુઠી વાળેલો "રત્નિ" કહેવાય છે; અને તેનો તેજ ટચલી આંગળી લાંબી કરી દેતાં "અરત્નિ" કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકબીજાનાં કાંસ્ય (કાંસાનાં બનાવેલાં) કવચોને તોડી નાખીને અન્યોન્ય એકબીજાને આગળ વધતા અટકાવતા હતા. જેમ બે વાઘો નખોના પ્રહારથી અન્યોન્યને ઘાયલ કરે તથા જેમ બે મહાગજો દંતૂશળો ભરાવીને અન્યોન્યને ઘાયલ કરે, તેમ તેઓ બન્ને જણા રથશક્તિઓ તથા બાણોવડે પરસ્પરને ઘાયલ કરતા હતા. બાણોનું સંધાન કરી કરીને એકબીજાના અવયવોને કાપી નાખતા તથા બાણોરૂપ ઉંબાડિયાંથી પરસ્પર બાળી મૂકતા તેઓ બન્ને જણાને રણમાંનો કોઇ પણ યોદ્ધો એકીટસે જોઇ શકતો ન હતો. તેઓનાં શરીરોમાંથી રુધિરની ધારાઓ વહી રહી હતી અને તેઓનાં સર્વ અંગો ઘાયલ ઘાયલ થઇ ગયાં હતાં; જેથી ગેરુ થીમિશ્ર ઝરણોને ઝરતા બે પર્વતોસરખા તેઓ શોભતા હતા. મહાતેજસ્વી એવા તેઓ બન્ને જણા, બાણોની અણીઓથી અન્યોન્યનાં અંગોને વિંધી રહ્યા હતા તથા યત્ન કરીને પરસ્પરને ઘાયલ કરતા હતા;છતાં કોઇ કોઇને કંપાવી શક્યા ન હતા. હે રાજન્! કાં તો મારવું કે મરવું એવું પણ લઇ તે યુદ્ધરૂપ દ્યૂતને ખેલી રહેલા કર્ણ અને ઘટોત્કચનું તે યુદ્ધ લાંબા વખત સુધી તો લગભગ સરખુંજ ચાલી રહ્યું હતું; તેમાં ઘટોત્કચ અવિચ્છિન્ન રીતે તીક્ષ્ણ બાણોનું સંધાન કરતો હતો. તે વખતે તેના ધનુષ્યના ઘોષથી શત્રુપક્ષના તથા મિત્રપક્ષના સર્વ યોદ્ધાઓ ભયભીત થઈ ગયા હતા.

આ પછી હે રાજા! આમ યુદ્ધ કરતાં કરતાં પણ જ્યારે કર્ણ ઘટોત્કચને હંફાવી શક્યો નહિ, ત્યારે અસ્ત્રોનું જ્ઞાન ધરાવનારા તેણે દિવ્ય અસ્ત્ર પ્રકટ કર્યું. કર્ણે સાંધેલા તે દિવ્ય અસ્ત્રને જોઇને પાંડુપુત્ર ઘટોત્કચે પણ સામેથી રાક્ષસી મહામાયા પ્રકટ કરી. જોતજોતામાં તો ત્રિશૂળો અને મુદ્ગરોને ધારણ કરનારી તથા પર્વતો અને વૃક્ષોને હાથમાં ગ્રહણ કરનારી ઘોર સ્વરૂપવાળા રાક્ષસોની મહાન સેનાથી વિંટાયેલો તે દેખાયો. તે સમયે ઉગ્ર કાળદંડને ધારણ કરનારા ભૂતસંહારક કાળની પેઠે હાથમાં ધનુષ્ય ઉગામીને ધસી આવતા તે ઘટોત્કચને જોઇને રાજાઓ ગભરાટમાં પડી ગયા. વળી એ વેળા ઘટોત્કચે,એક મોટો સિંહનાદ કર્યો હતો, કે જેને સાંભળીને ભયભીત થયેલા હાથીઓનાં મૂત્ર છૂટી ગયાં અને સર્વ યોદ્ધાઓ તદ્દન બેભાન જેવા થઇ ગયા. પછી તે મધ્યરાત્રિમાં અધિક બળવાન થયેલા રાક્ષસોનાં સૈન્યોએ, ચોતરફ અતિ ઉગ્ર મહાન પથ્થરવૃષ્ટિ કરી મૂકી. સર્વ રણક્ષેત્રમાં લોખંડી ચક્રો, ભુશુંડિઓ, શક્તિઓ, તોમરો, ત્રિશૂળો, શતઘ્નીઓ તથા પટ્ટિશો અવિચ્છિન્ન રીતે પડવા લાગ્યાં. હે રાજા! આ રીતે અતિ રૌદ્ર અને ઉગ્ર એ યુદ્ધને જોઇને ભયભીત થયેલા તમારા પુત્રો તથા સર્વ યોદ્ધાઓ ત્યાંથી પલાયનજ કરી ગયા. માત્ર એકલો કર્ણ, અસ્ત્રોના બળથી વખણાયેલો તથા અભિમાની હોવાને લીધે ગભરાયો ન હતો.[૨૮-૪૨] તેણે અનેક બાણો મારીને ઘટોત્કચે રચેલી માયાનો નાશ કરી નાખ્યો. પોતાની માયાનો વિનાશ થયેલો જોઇ ઘટોત્કચ કોપ્યો; અને તેણે ઘોર બાણો ફેંકવા માંડયાં, કે જે બાણો કર્ણને વિંધી નાખી લોહીલુહાણ થઇ કોપેલા સર્પોની પેઠે પૃથ્વીમાં પેસી ગયાં. આથી પ્રતાપી અને હસ્તકૌશલ્યવાળા કર્ણને પણ ક્રોધ ચઢયો; અને તેણે ઘટોત્કચથી વધી જઇને દશ બાણોવડે તેને ઘાયલ કર્યો. કર્ણના તે પ્રહારથી સર્વ મર્મસ્થાનોમાં વિંધાઇ ગયેલા ઘટોત્કચને સખ્ત પીડા થવા લાગી, જેથી તેણે એક દિવ્ય ચક્ર હાથમાં લીધું. તે ચક્રને એક હજાર આરાઓ હતા, તેની ધારા અસ્ત્રોના સરખી તીક્ષ્ણ હતી, કાંતિમાં બાલસૂર્યની તે તુલના કરતું હતું તથા મણિ અને રત્નોવડે તેને વિભૂષિત કર્યું હતું.[૪૩-૪૬] કર્ણને મારી નાખવાની ઇચ્છાથી ઘટોત્કચે તે ચક્રને કર્ણના રથસામે ફેંક્યું;પણ તુરત કર્ણનાં બાણોવડે અતિ વેગપૂર્વક ઉછાળી નાખવામાં આવેલું તે ચક્ર ભાગ્યહીન પુરુષના સંકલ્પની પેઠે નિષ્ફળ થઇ પૃથ્વીપર આવી પડયું. પોતાના ચક્રને એ રીતે પાડી નાખવામાં આવેલું જોઈ ઘટોત્કચ અત્યંત કોપી ઉઠયો; અને રાહુ જેમ સૂર્યને ઢાંકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રે છે, તેમ તેણે બાણોવડે કર્ણને ઢાંકી દીધો; છતાં રુદ્ર, ઉપેન્દ્ર અને ઇંદ્રસમાન પરાક્રમી એવો તે સૂતપુત્ર ગભરાયો નહિ; પણ ઉલટો બાણોનો વરસાદ વરસાવી તત્કાળ ઘટોત્કચના રથને છાઇ દેવા લાગ્યો. પછી કોપેલા ઘટોત્કચે સુવર્ણના પટાવાળી ગદાને જોસભેર ફેરવીને કર્ણ સામે ફેંકી; પરંતુ તે ગદાનો પણ કર્ણે નાશ કરી નાખ્યો, જેથી તે પૃથ્વીપર જઇ પડી. તે જોઇ પ્રલયકાળના મેઘની પેઠે ગર્જના કરતો પ્રચંડ શરીરવાળો તે ઘટોત્કચ આકાશમાં ઉડી જઇને ત્યાં રહ્યો રહ્યો વૃક્ષોની વૃષ્ટિ કરવા લાગ્યો; ત્યારે આકાશમાં રહેલા માયાવી ભીમપુત્રને કર્ણ, સૂર્ય જેમ કિરણોવડે મેઘમંડળને વિંધી નાખેછે,તેમ બાણોવડે વિંધવા લાગ્યો; એટલુંજ નહિ પણ વૃષ્ટિવાળા મેઘની પેઠે બાણોનો વરસાદ વરસાવી કર્ણે, તેના બધા ઘોડાઓને મારી નાખ્યા તથા તેના રથના પણ સેંકડો ટુકડા કરી નાખ્યા. વળી તે સમયે ઘટોત્કચના અંગમાં બે આંગળ જેટલી જગ્યા પણ ઘાયલ ન થઇ હોય તેવી નહોતી. એક મુહૂર્તકાળમાં તો તે પીછાંથી વ્યાપ્ત થયેલી શાહુડીના સરખો દેખાવા લાગ્યો. એ રણમાં બાણોના ઢગો એટલા બધા છવાઇ ગયા હતા, કે જેથી તે ઘટોત્કચના ઘોડા, રથ, ધ્વજા કે તેને પોતાને પણ અમે જોઇ શકતા ન હતા. પછી માયાવી તે ઘટોત્કચે કર્ણના દિવ્ય અસ્ત્રનો પોતાના અસ્ત્રથી નાશ કરી નાખ્યો અને પોતે અનેક જાતની માયાઓ રચીને ચતુરાઇપૂર્વક માયાયુદ્ધવડે કર્ણસામે લડવા લાગ્યો; તેમજ કોઇના જોવામાં ન આવે તેમ તે આકાશમાંથી સંખ્યાબંધ બાણો ફેંકવા લાગ્યો. હે કુરુશ્રેષ્ઠ ભારત ! મહામાયાવી તે ભીમસેનનો પુત્ર, સર્વને જાણે મોહ પમાડતો હોય તેમ માયા રચીને પોતાનું પ્રચંડ શરીર કરી રણમાં ઘૂમવા લાગ્યો. જોવામાં બેડોળ દેખાતાં અશુભ એવાં કેટલાંએ મુખો કરીને માયાના પ્રભાવથી સૂતપુત્રનાં દિવ્ય અસ્ત્રોને તે ગળી જવા લાગ્યો અને વળી પણ મહા ઉચ્ચ શરીર ધારણ કરીને જાણે સેંકડો ટુકડા થઇને કપાઈ ગયો હોય તેવો દેખાવ કરી પ્રાણ તથા ઉત્સાહવિનાનો થઇ જઇને આકાશમાંથી પડેલો દેખાવા લાગ્યો. તે વખતે કૌરવપક્ષના સર્વ યોદ્ધાઓ તેને મરણ પામેલો માની મોટા મોટા સિંહનાદો કરવા લાગ્યા; તેવામાં તો બીજાં નવાં શરીરો ધારણ કરી સર્વ દિશાઓમાં તે દેખાવા લાગ્યો અને જાણે મૈનાક* પર્વત હોય તેવું મહાપ્રચંડ શરીર ધારણ કરી સો મસ્તકોવાળો, સો ઉદરોવાળો તથા લાંબી લાંબી ભુજાઓવાળો દેખાવા લાગ્યો. વળી માત્ર અંગુઠા જેવડા આકારનો થઇને પુનઃ રાક્ષસસ્વરૂપે પ્રકટ થયો. આ પછી પાછો સમુદ્રના તરંગની પેઠે આડો, ઉંચો ઉછળવા લાગ્યો, પૃથ્વીને ફાડીને પાણીની અંદર ગળકીયાં ખાવા લાગ્યો તથા પુનઃ તેમાંથી બહાર નીકળી બીજે સ્થળે જ્યાં ત્યાં દેખાવા લાગ્યો. આમ માયાના પ્રભાવથી પૃથ્વી,આકાશ અને સર્વ દિશાઓમાં ઘૂમી રહ્યા પછી નીચે ઉતરીને તે સુવર્ણથી શોભતા રથમાં બેસી કર્ણ પાસે જઇને કુંડળધારી મુખવાળો તે ઘટોત્કચ જરાપણ ગભરાયાવિના સૂતપુત્રપ્રત્યે આવું વાક્ય બોલ્યોઃ–"અલ્યા ઓ સૂતપુત્ર ! હવે તું બરાબર ઉભો રહેજે; કારણકે મારી પાસેથી તું જીવતો ક્યાં જવાનો છે? આજે આ રણાંગણમાં તારી યુદ્ધશ્રદ્ધાને હું દૂર કરીશ" આમ કહીને ક્રોધથી લાલચોળ આંખોવાળો, ક્રૂર પરાક્રમી તે રાક્ષસ ખડખડાટ હસવા લાગ્યો અને પછી આકાશમાં ઉડી જઇ સિંહ જેમ મોટા હાથીને માર મારે, તેમ કર્ણને તે પીડવા લાગ્યો.[૬૪–૬૯] મેઘ જેમ જળધારાનો વરસાદ વરસાવે તેમ રાક્ષસ ઘટોત્કચ, રથીશ્રેષ્ઠ કર્ણનાપર રથની ધરી જેવડાં મોટાંબાણોનો વરસાદ વરસાવવા લાગ્યો;[૭૦] પણ કર્ણે દૂરથી આવતી તે બાણવૃષ્ટિનો નાશ કરી નાખી ઘટોત્કચની સર્વ માયાનો પણ વિનાશ કરી નાખ્યો. હે ભરતશ્રેષ્ઠ રાજા ! પોતાની તે માયાનો કર્ણે વિનાશ કરેલો જોઇ ઘટોત્કચ પુનઃ અદૃશ્ય રહીને બીજી માયાનેં ઉત્પન્ન કરવા લાગ્યો. થોડા સમયમાં તો તે એક મોટો પર્વત થઈ ગયો. અત્યંત ઉંચો

* મૈનાકપર્વતને સો શિખરો છે; અને તે શિખરોને મૈનાકનાં માથાંતરીકે વર્ણવ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા વૃક્ષોથી ભરેલાં શિખરોવાળો તે મહાન પર્વત ત્રિશૂળ, ભાલાં, તરવારો અને મુસલોરૂપ જળપ્રવાહને વહેવડાવી રહ્યો હતો. કાજળના ઢગસરખા તથા ઉગ્ર આયુધોને વહેવડાવી રહેલા તે પર્વતને જોઇને કર્ણ ગભરાયો નહિ; પણ હસતો હોય તેવો દેખાવ કરી તેણે દિવ્યાસ્ત્ર પ્રકટ કર્યું. તે અસ્ત્રના પ્રભાવથી સામે દેખાતો તે માયાપર્વત છિન્નભિન્ન થઇ નષ્ટ થઇ ગયો; એટલે પછી તે ઘટોત્કચ, ઇંદ્રધનુષ્યના દેખાવવાળો કાળોમેઘ થઇને આકાશમાં દેખાયો અને પથ્થરોની વૃષ્ટિ કરીને સૂતપુત્રને છાઇ દેવા લાગ્યો; પણ અસ્ત્રો જાણનારાઓમાં શ્રેષ્ઠ સૂર્યપુત્ર કર્ણે વાયવ્યાસ્ત્રનું સંધાન કરી તે કાળમેઘને પણ વીખેરી નાખ્યો; તથા હે મહારાજા! સંખ્યાબંધ બાણોવડે સર્વ દિશાઓને ઢાંકી દઇ ઘટોત્કચે પ્રકટ કરેલા અસ્ત્રનો પણ નાશ કરી નાખ્યો. પોતાના અસ્ત્રનો નાશ થયેલો જોઇ મહાબળવાન ભીમસેનનો પુત્ર મહારથી કર્ણપ્રત્યે મહામાયા પ્રકટ કરવા લાગ્યો. રથીશ્રેષ્ઠ તે રાક્ષસ, અનેક રાક્ષસોથી વિંટાઇને પુનઃ રથમાં બેસી નિર્ભયપણે કર્ણસામે આવતો દેખાયો. તેની સાથે રહેલા સર્વ રાક્ષસો સિંહ અને વ્યાઘ્રસરખા આકારના હતા, મદમત્ત હાથીસમાન પરાક્રમી હતા, તેઓમાંના કોઇ હાથીપર બેઠા હતા, કોઇ રથમાં બેઠા હતા ત્યારે બીજા કેટલાએક ઘોડાઓની પીઠપર સ્વાર થયા હતા. વળી તેઓએ અનેક જાતનાં શસ્ત્રો ધારણ કર્યાં હતાં,જાતજાતનાં કવચો તથા આભૂષણો પહેર્યાં હતાં અને દેખાવમાં અતિભયંકર જણાતા હતા. દેવગણોથી વિંટાયેલા ઇંદ્રની પેઠે તે ક્રૂર રાક્ષસોથી વિંટાયેલા ઘટોત્કચને જોઇને મહાધનુર્ધર કર્ણ તેની સામે યુદ્ધ કરવા મચી પડ્યો.[૭૧-૮૨] તેજ અરસામાં કર્ણને પાંચબાણોથી વિંધી નાખી ઘટોત્કચે સર્વ રાજાઓને બીવડાવવા માટે ભયંકર ગર્જના કરી મૂકી.[૮૩] વળી પણ બીજા એક અંજલિક નામના બાણવડે રાક્ષસ ઘટોત્કચે કર્ણના હાથમાં રહેલા મહાન ધનુષ્યના બાણોસહિત ટુકડા કરી નાખ્યા.[૮૪] ત્યારે કર્ણે બીજું બોજને સહન કરનારૂં મોટું અને મજબૂત ધનુષ્ય હાથમાં લીધું; તથા ઉત્કૃષ્ટ ઇંદ્રાયુધસરખા તે ધનુષ્યને બળપૂર્વક ખેંચવા માંડ્યું.[૮૫] પછી હે મહારાજા! કર્ણે સુવર્ણના પુંખવાળાં તથા શત્રુઓનો નાશ કરી નાખે તેવાં કેટલાંએક બાણો આકાશચારી તે રાક્ષસોસામે ફેંકવા માંડ્યાં.[૮૫] તે બાણોના પ્રહારથી વિશાળ વક્ષસ્થળવાળા રાક્ષસોનું ટોળું હાવરૂંબાવરૂં બની ગયું અને સિંહથી ભયભીત થયેલા વનના હાથીઓની પેઠે આકુળવ્યાકુળ થઇ ગયું.[૮૭]

એ પ્રમાણે મહાસમર્થ એવા તે કર્ણે, ઘોડા, હાથીઓ અને સારથિઓસહિત તે રાક્ષસોનો બાણોવડે નાશ કરી નાખી પ્રલયકાળે ભગવાન અગ્નિદેવ જેમ સર્વ ભૂતોને બાળી નાખે છે, તેમ સર્વને બાળી મૂક્યા.[૮૮] સૂતપુત્ર કર્ણ, રાક્ષસોની સેનાનો સંહાર કર્યા પછી પૂર્વે ત્રિપુરાસુરને બાળી નાખી સ્વર્ગમાં શોભી રહેલા દેવ મહેશ્વરસરખો રણભૂમિપર શોભતો હતો.[૮૯] હે રાજા! તે રણમાં ઉભેલા હજારો પાંડવપક્ષના રાજાઓમાં તેવો કોઇ પણ રાજા ન હતો કે જે એ કર્ણસામે જોવાને પણ શક્તિમાન હોય![૯૦] માત્રઃકાળની પેઠે કોપાયમાન થયેલો મહાબળવાન રાક્ષસરાજા ઘટોત્કચ કે જે ભીમસેનના વીર્ય અને બળથી યુક્ત થઇ જન્મ્યો હતો–તેજ એ કર્ણસામે જોઇ રહ્યો હતો.

હે રાજન્! એ વેળા ક્રોધાયમાન થયેલા ઘટોત્કચનાં બન્ને નેત્રોમાંથી, બળબળતાં સાલવૃક્ષનાં ઉંબાડિયાંઓમાંથી જેમ જવાળાઓવાળા રસનાં ટીપાં ઝરે છે, તેમ અગ્નિના તણખાઓ ઝરી રહ્યા હતા.[૯૨] ઘટોત્કચ ક્રોધને લીધે બન્ને હાથની હથેળીઓને સામસામી અફાળતો હતો તથા હોઠને દાંતોવતી પીસતો હતો.પોતાની માયાથી બનાવેલા રથમાં પુનઃ આરૂઢ થઇ તેણે પોતાના સારથિપ્રત્યે કહ્યું:–"ઓ સારથિ! કદમાં હાથીસરખા તથા મુખે પિશાચસરખા આપણા ખચ્ચર ઘોડાઓથી જોડેલા આ રથને તું આગળ હાંક અને મને કર્ણ પાસે લઇ જા." આમ કહીને રથીશ્રેષ્ઠ તે ઘટોત્કચ સારથિએ દોડાવેલા ઘોરસ્વરૂપ રથમાં બેસીને પુનઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણસામે દ્વંદ્વયુદ્ધ કરવા ધસી ગયો.[૯૩–૯૫] ક્રોધે ભરાયેલા તે રાક્ષસે, ત્યાં જતાંવેંતજ ભગવાન રુદ્રદેવે બનાવેલી આઠ ચક્રોવાળી મહાઘોર અશનિ (શક્તિ) કર્ણસામે ફેંકી.[૯૬] તે લોખંડી શક્તિ લગભગ બે યોજન જેટલી ઉંચાઇમાં હતી, એક યોજન જેટલી લાંબી પહોળી હતી તથા કદંબના પુષ્પમાં રહેલાં કેસરાંઓની પેઠે તે શક્તિની ચોબાજુ તીક્ષ્ણ શૂળો જડેલી હતી.[૯૭] આવી પ્રચંડ શક્તિને કર્ણે પોતાના ધનુષ્યને રથમાં મૂકીને કૂદકો મારી પકડી લીધી અને તેની તેજ શક્તિને પાછી ઘટોત્કચના રથસામે ફેંકી. કર્ણના હાથથી છૂટીને તે શક્તિ ઘટોત્કચસામે જતી હતી તેવામાં તો તે ઘટોત્કચ પોતાના રથપરથી નીચે કૂદી પડ્યો અને પેલી મહાતેજસ્વી શક્તિ ઘોડા, સારથિ તથા ધ્વજાસહિત રથને ભસ્મ કરી નાખી પૃથ્વી ફાડીને અંદર પેસી ગઇ. એ વેળા કર્ણના અદ્ભુત પરાક્રમને જોઇ દેવોને પણ આશ્ચર્ય થયું હતું. સર્વ પ્રાણીઓ તેની પ્રશંસા કરી રહ્યાં હતાં; કારણકે તેણે દેવનિર્મિત મહાશક્તિને ઉછાળોમારીને હાથમાં પકડી લીધીહતી.[૧૦૦] હે શત્રુતાપન રાજા ! રણમાં એવું અદ્ભુત કર્મ કરીને કર્ણ પુનઃ પોતાના રથપર ચઢી ગયો અને નારાચ નામનાં બાણો છોડવા મંડ્યો.[૧૦૧] હે માન આપનારા રાજા ! એ ભયંકર દેખાવના સંગ્રામમાં કર્ણે જેવું પરાક્રમ કરી દેખાડ્યું હતું, તેવું જગતનાં સર્વ ભૂતોમાં બીજો કોઇપણ કરી દેખાડવા શક્તિમાન નથી.[૧૦૨] પર્વતનાપર જેમ ધારાઓ પડે, તેમ કર્ણ નારાચ બાણો મૂકી મૂકીને ઘટોત્કચને જ્યારે મારવા લાગ્યો, ત્યારે ગંધર્વનગરસમાન આકારવાળો તે રાક્ષસ પુનઃ અદૃશ્ય થઈ ગયો.[૧૦૩] આમ માયાઓ રચીને તથા યુદ્ધ કરવાની ઝડપ દર્શાવીને તે પ્રચંડ શરીરવાળો શત્રુસૂદન ઘટોત્કચ કર્ણનાં દિવ્ય અસ્ત્રોનો નાશ કરવા લાગ્યો. પોતાનાં સર્વ અસ્ત્રોનો તે રાક્ષસે માયાથી નાશ કરી નાખ્યો; છતાં કર્ણને ગભરામણ થઇ નહિ, પણ નિર્ભય થઈને તે રાક્ષસસામે લડવાજ મંડ્યો.[૧૦૫] હે મહારાજ ! પછી મહાબળવાન ભીમસેનનો પુત્ર કોપી ઉઠ્યો અને ત્યાં ઉભેલા સર્વ મહારથોને બીવરાવવા માટે તેણે પોતાનાં અનેક સ્વરૂપો પ્રકટ કરવા માંડ્યાં. જોતજોતામાં સર્વ દિશાઓમાંથી સિંહો, વ્યાઘ્રો, રીંછો, અગ્નિસમાન જીભવાળા સર્પો તથા લોખંડના જેવાં મુખોવાળાં પક્ષીઓ રણભૂમિમાં ધસી આવવા લાગ્યાં;[૧૦૭] અને પેલો ઘટોત્કચ તો કર્ણના ધનુષ્યમાંથી છૂટેલાં બાણોવડે છવાઇ જઇને ગરુડની પેઠે દુષ્પ્રેક્ષ્ય થઇ ત્યાં ને ત્યાંજ અંતર્હિત થઇ ગયો;[૧૦૮] પરંતુ રાક્ષસો, પિશાચો, યાતુધાનો, કુતરાઓ તથા વિકૃત મુખવાળા નહારો કર્ણને ખપાવી દેવામાટે સર્વ તરફથી ધસી આવવા લાગ્યા અને ઉગ્ર વાણી બોલી બોલીને તથા લોહીથી ખરડાયેલાં આયુધોવાળા ઘોર બાહુઓને ઉંચા કરીને કર્ણને ત્રાસ પમાડવા લાગ્યા; પરંતુ કર્ણ અનેક બાણો મૂકી મૂકીને તેઓમાંના એકેકને વિંધવા લાગ્યો તથા દિવ્ય અસ્ત્ર પ્રકટ કરી તે રાક્ષસી માયાનો નાશ કરવા લાગ્યો. વળી મજબૂત ગાંઠાવાળાં બીજાં કેટલાંએક બાણો મૂકીને ઘટોત્કચના ઘોડાઓને પણ તેણે મારી નાખ્યા; એટલે બાણોથી જેઓની પીઠ ચીરાઇ ગઈ હતી તથા સર્વ અંગો જેમનાં ઘાયલ થયાં હતાં એવા તે ઘોડાઓ, રાક્ષસના દેખતાં મરણ પામીને પૃથ્વીપર પડ્યા.[૧૧૩] પોતાની માયાનો એ રીતે વિનાશ થતાં હિડિંબાપુત્ર ઘટોત્કચ "આ પગલે હું તને મારી નાખું છું" એ પ્રમાણે કર્ણને કહી અદૃશ્ય થઈ ગયો.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'કર્ણ અને ઘટોત્કચનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૬૫મો સમાપ્ત

અધ્યાય ૧૭૬ મો

દુર્યોધન તરફથી રાક્ષસ અલાયુધનું રણે ચઢવું

॥ संजय उवाच ॥

तस्मिंस्तथा वर्तमाने कर्णराक्षसयोर्मृधे ।
अलायुधो राक्षसेन्द्रो वीर्यवानभ्यवर्तत ॥१॥

સંજયે કહ્યું:–કર્ણ અને રાક્ષસ ઘટોત્કચ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નું એ પ્રમાણે યુદ્ધ થતું હતું, તેવામાં વીર્યવાન રાક્ષસરાજ અલાયુધ મોટી સેનાને સાથે લઇ દુર્યોધન પાસે આવ્યો. એ વેળા બેડોળ આંખોવાળા તથા અનેક રૂપો ધારણ કરનારા હજારો વીર રાક્ષસો તેની આસપાસ વિંટળાયેલા હતા. પોતાના પૂર્વવૈરનું સ્મરણ કરી આ રાત્રિયુદ્ધની જાણ થતાં ભીમસેનને મારી નાખવાની ઇચ્છાથી તે યુદ્ધ કરવા આવ્યો હતો; કારણકે ભીમસેને તેની જ્ઞાતિના બકાસુર નામના રાક્ષસને પ્રથમ મારી નાખ્યો હતો, કે જે મહાપરાક્રમી અને બ્રાહ્મણોનું ભક્ષણ કરનારો હતો. વળી મહાતેજસ્વી કિર્મીર નામના રાક્ષસને તથા પોતાના મિત્ર હિડિંબાસુરને પણ ભીમે મારી નાખ્યા હતા. તે લાંબા કાળના જામેલા પૂર્વવૈરનું સ્મરણ કરી આ રાત્રિયુદ્ધમાં ભીમસેનનો વધ કરવાની તેને ઇચ્છા હતી. મદમત્ત હાથીની પેઠે તથા વિકરાળ સર્પની પેઠે કોપેલા તે રાક્ષસે, યુદ્ધ કરવાની લાલસાથી દુર્યોધનને આ પ્રમાણેનું વાક્ય કહ્યું:-"હે મહારાજ! આપને જાણવામાંજ હશે કે, ભીમસેને હિડિંબ, બક અને કિર્મીર નામના મારા બાંધવ રાક્ષસોને મારી નાખ્યા છે અને અમારા કુળની હિડિંબા નામની કન્યાને વ્યભિચારથી ભ્રષ્ટ કરી છે. અરે! આનાથી વિશેષ બીજું શું હોય? તેણે અમારા બધાનો તથા બીજા કેટલાએક રાક્ષસોનો આ રીતે પરાભવ કર્યો છે; માટે હે રાજન્! હાથી, ઘોડા, રથ અને બીજા પરિવારસહિત તે ભીમસેનનો તથા અમાત્યોસહિત હિડિંબાપુત્ર ઘટોત્કચનો નાશ કરવા હું જાતેજ અહીં આવ્યો છું. આજના યુદ્ધમાં વાસુદેવસહિત સર્વ પાંડવોનો તેમના અનુચરોની સાથે નાશ કરી નાખી હું તેઓને ખાઇ જઇશ. તમે તમારા સર્વ સૈન્યને પાછું વાળી લ્યો. અમે પોતેજ પાંડવોસામે યુદ્ધ કરીશું."

રાક્ષસ અલાયુધનું એ વચન સાંભળી દુર્યોધન તો ખુશ ખુશ થઇ ગયો. તેની એ વાતનો સ્વીકાર કરી પોતાના ભાઇઓથી વિંટાઇ વળીને તે આ પ્રમાણે કહેવા લાગ્યો:-"તારા પરિવારસહિત તને આગળ કરીને અમે શત્રુઓસામે યુદ્ધ કરીશું; કારણ કે વૈરનો અંત લાવવાના મનવાળા મારા સૈનિકો કદી બેસી રહે તેમ નથી." "બહુ સારૂં, એમ કરો" આમ દુર્યોધનરાજાને કહીને રાક્ષસશ્રેષ્ઠ અલાયુધ, મનુષ્યાહારી રાક્ષસોને સાથે લઇ ઉતાવળો ઉતાવળો ઘટોત્કચ સામે ધસી ગયો.[૧-૧૩] હે રાજેન્દ્ર! ઘટોત્કચનું શરીર જેવું પ્રદીપ્ત હતું, તેવુંજ રાક્ષસ અલાયુધનું શરીર પણ હતું તથા ઘટોત્કચનો રથ જેવો સૂર્યસમાન તેજસ્વી હતો, તેવોજ અલાયુધનો રથ પણ હતો. અલાયુધનો મહારથ પણ અતુલ ઘોષવાળો, અનેક તોરણોથી અદ્ભુત, રીંછના ચામડાથી વિંટેલો તથા ચારસો હાથ લાંબોપહોળો હતો.[૧૫] તેના રથમાં પણ ઉતાવળી ચાલના સો ઘોડાઓ જોડયા હતા કે જેઓ હાથીસમાન પ્રચંડ શરીરવાળા હતા, મહાકઠોર શબ્દ કરનારા હતા, કદમાં ઘણા મોટા હતા અને માંસ તથા લોહીનો આહાર કરનારા હતા.[૧૬] તેના રથનો ગડગડાટ પણ મેઘની ગર્જનાસમાન મહાગંભીર હતો અને તેનું મહાન ધનુષ્ય પણ દૃઢ પ્રત્યંચાવાળું હોઇ સુવર્ણસરખું ઉજ્જવલ હતું. તેનાં બાણો પણ પૈડાંની ધરી જેવડા પ્રમાણનાં, સુવર્ણનાં પુંખવાળાં અને સરાણે ઘસી તીક્ષ્ણ કરેલાં હતાં; તથા ઘટોત્કચ જેવો મહાબાહુ અને વીર હતો, તેવાજ તે અલાયુધરાક્ષસ પણ મહાબાહુ અને વીર હતો.[૧૮] તેની ધ્વજા પણ શિયાળવાંનાં ટોળાંઓથી રક્ષાયેલી હોઇને બળતા અગ્નિ તથા સૂર્યસરખી હતી. રૂપમાં પણ તે અલાયુધ ઘટોત્કચ સરખોજ અતિશય શોભાયમાન હતો; અને તેનું મુખ પણ ક્રોધાકુળ હોવા છતાં પ્રદીપ્ત હતું.[૧૯] તેણે તેજસ્વી બાજુબંધો પહેર્યાં હતાં, ચળકતી મુકુટમાળા ધારણ કરી હતી, પુષ્પમાળા પહેરી હતી, માથે પાઘડી બાંધી હતી, કેડે તરવાર લટકાવી હતી અને ગદા, ભુશુંડી, મુસલ, હલ તથા ધનુષ્યને પણ ધારણ કર્યાં હતાં; તેમજ તેનું શરીર પણ હાથીના સરખુંજ બળવાન અને મોટું હતું.[૨૦] ઘટોત્કચસામે ધસારો કરતી વેળા એ અગ્નિસમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજસ્વી એવા પોતાના રથમાં બેસીને આવ્યો તથા તેણે પાંડવોની સેનાને રણભૂમિપરથી હાંકી કાઢી; અને રણમાં ઘૂમી રહેલો તે પોતે એ સમયે આકાશમાં ઘૂમતા, વિજળીઓના ઝબકારાવાળા મેઘસરખો શોભવા લાગ્યો. ૨૧ હે રાજન્! યોદ્ધાઓમાં શ્રેષ્ઠ, મહાબળવાન તથા સર્વોત્તમ એવા પાંડવપક્ષના રાજાઓ પણ ઢાલકવચ ધારણ કરીને હર્ષભેર તેનીસામે લડવા લાગ્યા.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં અલાયુધનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૭૬ મો સમાપ્ત

અધ્યાય ૧૭૭ મો

રાક્ષસ અલાયુધનું યુદ્ધ

॥ संजय उवाच ॥

तमागतमभिप्रेक्ष्य भीमकर्माणमाहवे ।
हर्षमाहारयाञ्चक्रुः कुरवः सर्व एव ते ॥ १ ॥

સંજયે કહ્યું:-યુદ્ધમાં ભયંકર કર્મ કરનારા રાક્ષસ અલાયુધને રણમાં આવી પહોંચેલો જોઇ કૌરવપક્ષના સર્વ યોદ્ધાઓ આનંદિત થઇ ગયા; તેમજ દુર્યોધન આદિ તમારા પુત્રો તથા બીજા કેટલાએક જીતવાની ઇચ્છાવાળા મહાપુરુષો પણ જેમ કોઇને મહાસાગરમાં કંઈ તરવાનું પણ સાધન ન હોય છતાં અકસ્માત્ વહાણ આદિની પ્રાપ્તિ થાય અને તે પોતાને નવે અવતાર આવેલો માને તેમ તેઓ પોતાને નવે અવતારે આવેલા માનવા લાગ્યા અને રાક્ષસરાજ અલાયુધનું કેટલાંએક સ્વાગતવચનોથી સન્માન કરવા લાગ્યા.[૨,૩] તે રાત્રિમાં કર્ણ અને રાક્ષસ ઘટોત્કચનું મહાભયંકર અને દારુણ દેખાવનું તે અમાનુષ યુદ્ધ જ્યારે ચાલી રહ્યું હતું, ત્યારે સર્વ રાજાઓ અને પાંચાલયોદ્ધાઓ આશ્ચર્યની સાથે તે જોઇ રહ્યા હતા; તેમજ તમારા પક્ષના યોદ્ધાઓ પણ હાવરાબાવરા બની જઇને આમતેમ નિહાળી રહ્યા હતા. દ્રોણાચાર્ય, અશ્વત્થામા અને કૃપાચાર્ય આદિ વીરપુરુષો પણ દુઃખજનકશબ્દો કહેતાહતા કે:-"આજે આપણું આ સૈન્ય નથીજ;" અને વળી તેઓ રણાંગણમાં ઘટોત્કચનું કર્મ જોઇને ગભરાટમાં પણ પડી ગયા હતા.[૪-૬] હે મહારાજા! તમારૂં સર્વ સૈન્ય ખિન્નખિન્ન થઇ રહ્યું હતું, તેમાં સર્વ સ્થળે હાહાકાર થઇ રહ્યો હતો, કોઇને ભાન રહ્યું ન હતું અને સર્વને કર્ણની જીદંગીમાટે નિરાશાજ દેખાતી હતી.[૭] એ સમયે કર્ણને પરમ સંકટમાં આવી ગયેલો જોઇ દુર્યોધન, રાક્ષસરાજ અલાયુધને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યો:-"હે અલાયુધ! જો, આ તરફ દૃષ્ટિ કર. આ સૂર્યપુત્ર કર્ણ આ સમયે ઘટોત્કચસામે ભેટયો છે; અને તેને છાજે તેવું અતિ મહાન કર્મ કરી રહ્યો છે.[૯] વળી અહીં જો, આ શૂરા રાજાઓને ભીમસેનના પુત્રે મારી નાખ્યા છે. હાથી જેમ વૃક્ષોને ભાંગી નાખે, તેમ એ ઘટોત્કચે જાતજાતનાં શસ્ત્રોથી તેઓને કાપી નાખ્યા છે.[૧૦] હે વીર રાક્ષસ! તારી સંમતિ પ્રમાણે આ રણમાં તારો પણ અમુક ભાગ સર્વ રાજાઓના મધ્યમાં મેં કાઢયો છે, માટે ખરેખરૂં પરાક્રમ કરી તે ઘટોત્કચનો તું નાશ કરી નાખ.[૧૧] આ પાપી ઘટોત્કચ માયાના બળનો આશ્રય કરી પ્રથમથીજ સૂર્યપુત્ર કર્ણને હેરાન કરી રહ્યો છે, માટે હે શત્રુકર્ષણ! તું એને મારી નાખ."[૧૨]

દુર્યોધનરાજાએ એ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે ભયંકર પરાક્રમવાળો તે મહાબાહુ રાક્ષસ "બહુ સારૂં" એમ કહીને ઘટોત્કચસામે ધસી ગયો.[૧૩] હે રાજા! ઘટોત્કચ પણ પોતાની સામે ધસી આવતા તે શત્રુને જોઇને કર્ણને છોડી દઇ બાણોવડે તેનેજ પ્રહાર કરવા લાગી પડયો.[૧૪] પછી ક્રોધાયમાન થયેલા તેઓ બંને રાક્ષસરાજાઓનું, વનમાં એક હાથણીમાટે જેમ મદમત્ત બે હાથીઓનું યુદ્ધ થાય તેવું યુદ્ધ થવા લાગ્યું.[૧૫] રથીશ્રેષ્ઠ કર્ણ પણ રાક્ષસથી છૂટો થઇ સૂર્યસમાન તેજસ્વી એવા પોતાના રથને દોડાવતો દોડાવતો ભીમસેનસામે ધાઇ ગયો;[૧૬] પરંતુ વીરશ્રેષ્ઠ ભીમસેન, પોતાની સામે આવતા તે કર્ણને નહિ ગણકારીને તથા સિંહના હાથમાં સપડાયેલા આખલાની પેઠે અલાયુધના હાથમાં સપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાયલા ઘટોત્કચને જોઇ, સૂર્યસરખા તેજસ્વી પોતાના રથમાં બેસી બાણોના ઢગો છોડતો છોડતો અલાયુધના રથસામે ચાલ્યો ગયો. હે રાજા! તે સમયે પોતાની સામે દોડી આવતા ભીમસેનને જોઇને અલાયુધે પણ ઘટોત્કચને પડતો મૂક્યો અને ભીમસેનનેજ લડવામાટે બોલાવ્યો.[૧૯] રાક્ષસોનો અંત આણનારો ભીમસેન પણ એકાએક તેનીસામે ચઢી જઇને પરિવારસહિત તે રાક્ષસરાજાને બાણોનો વરસાદ વરસાવી વધાવવા લાગ્યો;[૨૦] તેમજ હે શત્રુદમન રાજા! રાક્ષસ અલાયુધ પણ સરાણપર ઘસેલાં સીધાં જનારાં તીક્ષ્ણ બાણોવડે ભીમસેનપર વારંવાર વૃષ્ટિ કરવા લાગ્યો;[૨૧] તથા બીજા સર્વ રાક્ષસો પણ તમારા પુત્રોના વિજયની ઇચ્છાથી જાતજાતનાં શસ્ત્રો હાથમાં લઇ ભીમસેનપર તૂટીજ પડયા.[૨૨] એ રીતે અનેક જણા એકઠા મળી બાણોનો સખ્ત મારો જ્યારે ચલાવવા લાગ્યા, ત્યારે મહાબળવાન ભીમસેન પણ તેઓ બધાને પાંચ પાંચ તીક્ષ્ણ બાણો મારી વિંધવા લાગ્યો;[૨૩] એટલે ભીમસેનને હાથે વિંધાયેલા તે ક્રૂર બુદ્ધિના રાક્ષસો તુમુલ શબ્દોની ગર્જનાઓ કરી દશે દિશાઓમાં નાસી જવા લાગ્યા.[૨૪] ભીમે ત્રાસ પમાડેલા રાક્ષસોના તે મહાન સૈન્યને જોઇ અલાયુધ વેગપૂર્વક ધસ્યો અને ભીમસેનને બાણોવડે ઢાંકી દેવા લાગ્યો; એટલે ભીમસેન પણ તીક્ષ્ણ અણીયારાં બાણો મૂકીને તેને પ્રહાર કરવા મંડી પડયો. એ રણમાં ભીમસેને જેટલાં જેટલાં બાણો ફેંકયાં તેમાંનાં કેટલાંએકને અલાયુધે કાપી નાખ્યાં અને કેટલાંએકને તો ત્વરાપૂર્વક પકડી લીધાં. આવું અદ્‌ભુત કર્મ કરતા તે રાક્ષસને જોઇને ભયંકર પરાક્રમી ભીમસેને વજ્રપાતસરખી એક ગદા વેગપૂર્વક તેની સામે ફેંકી. જ્વાળાઓથી વ્યાપ્ત એવી તે ગદા જોસભેર ધસી આવતી હતી, પણ અલાયુધે સામો ગદાનોજ પ્રહાર કરી તે ગદાને ભીમસેન તરફજ પાછી વાળી. પછી કુંતાપુત્ર ભીમસેન બાણોની વૃષ્ટિ કરી રાક્ષસરાજાને દાટી દેવા લાગ્યો; પરંતુ તે બાણોને પણ રાક્ષસે તીક્ષ્ણ બાણો મૂકીને વ્યર્થ કર્યાં; રાત્રિમાં ભયંકર સ્વરૂપવાળા થયેલા સર્વ રાક્ષસો પણ રાક્ષસરાજ અલાયુધની આજ્ઞા થતાં પાંડવસૈન્યના રથો અને હાથીઓનો ઘાણ કાઢવા લાગ્યા. તે રાત્રિમાં પાંચાલો, સૃંજયો તથા તેમના ઘોડાઓ અને મોટા મોટા હાથીઓને રાક્ષસોએ એટલા બધા પજવ્યા હતા, કે જેથી તેઓને જરા પણ શાંતિ મળી નહિ.

આમ મહાઘોર સ્થિતિએ આવી રહેલા એ મહારણને જોઇને શ્રીકૃષ્ણ અર્જુનપ્રત્યે કહેવા લાગ્યા:—" હે પાંડુપુત્ર અર્જુન! જો, જો, મહાબાહુ ભીમસેન, રાક્ષસરાજાના હાથમાં બરાબર સપડાયો છે. આ સમયે તું એને સહાય કરવા જા, જરાપણ વિચાર ન કર. ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, યુધામન્યુ, ઉત્તમૌજા અને દ્રૌપદીના પુત્રાદિ મહારથીઓને કર્ણ સામે ધસારો કરવા દે; તેમજ નકુલ, સહદેવ અને વીર્યવાન સાત્યકિને તું આજ્ઞા કરી દે, જેથી તેઓ બીજા સર્વ રાક્ષસોનો સંહાર કરે. હે મોટી ભુજાવાળા પુરુષવ્યાઘ્ર! તું પણ દ્રોણાચાર્યની આગેવાનીવાળી આ સેનાને આગળ વધતી અટકાવી દે. ખરેખર! આ વખતે આપણે મહાન ભયમાં આવી પડયા છીએ." શ્રીકૃષ્ણના એ કથનપરથી પૂર્વોક્ત સર્વ મહારથીઓ સૂર્યપુત્ર કર્ણ સામે અને બીજા બધા રાક્ષસોસામે યુદ્ધ કરવા દોડી ગયા.

હવે આ તરફ પ્રતાપી રાક્ષસ અલાયુધે ધનુષ્યને કાનસુધી સંપૂર્ણ ખેંચી સર્પસરખાં તીક્ષ્ણ બાણો છોડીને ભીમસેનના ધનુષ્યને કાપી નાખ્યું. વળી પણ મહાબળવાન તે રાક્ષસે, ભીમસેનના દેખતાં તીક્ષ્ણ બાણો મૂકીને એના ઘોડાઓને તથા સારથિને હણી નાખ્યા. ઘોડાઓ અને સારથિનું મરણ થતાં ભીમસેન રથપરથી ઉતરી પડયો અને મોટી ગર્જના કરી તેણે એક વજનદાર ઘોર ગદા અલાયુધસામે ફેંકી. ભયંકર ઘોષ કરનારી તે મહાગદા પોતાની સામે ધસી આવતી હતી તે જોઇ, રાક્ષસે સામો ગદાનો પ્રહાર કરીને તે ગદાનો નાશ કરી નાખ્યો. મોટી ગર્જના કરી, રાક્ષસરાજાનું તે ભયંકર અને ઘોર કર્મ જોઇ ભીમસેનનું મન હર્ષિત થયું; પણ તુરત તેણે બીજી ગદા હાથમાં લીધી, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુરતજ તેઓનું–મનુષ્ય અને રાક્ષસનું તુમુલ યુદ્ધ થવા લાગ્યું. પરસ્પર ગદાપ્રહારના ધબાકાઓથી પૃથ્વીને તેઓ અત્યંત કંપાવી દેતા હતા. પછી તે ગદાયુદ્ધથી મુક્ત થઇ અન્યોન્યસામે બાથમબાથા આવી જઇને વજ્રસમાન શબ્દ કરનારી મુક્કીઓથી અન્યોન્યને પ્રહાર કરવા મંડી પડયા. એ વેળા તેઓને એટલો બધો કોપ વ્યાપ્યો હતો, કે જેથી રથોનાં પૈડાં, ધુસરાં, ધરીઓ, રથની નીચેના ભાગનાં લાકડાંઓ વગેરે જે કંઇ પાસે પડેલું હતું તે બધું ઉઠાવી ઉઠાવીને એકમેકને મારવા લાગ્યા. આ રીતે સામસામા લડીને તેઓ બન્ને જણા લોહીલુહાણ થઈ ગયા હતા, છતાં મદમત્ત બે મહાગજોની પેઠે વારંવાર પરસ્પર ખેંચાખેંચી કરતા હતા, પરંતુ તે અણીના વખતનો મામલો શ્રીકૃષ્ણના જોવામાં આવી ગયો; કારણકે તેઓ નિરંતર પાંડવોનું હિત કરવામાં આસક્ત હતા, જેથી તેમણે ભીમસેનની રક્ષા કરવામાટે ઘટોત્કચને પ્રેરણા કરી.[૨૫–૪૮]

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં અલાયુધનું યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૯૭ મો સમાપ્ત

અધ્યાય ૧૭૮ મો

અલાયુધનો નાશ

॥ संजय उवाच ॥

संदृश्य समरे भीमं रक्षसा ग्रस्तमंतिकात् ।
वासुदेवोऽब्रवीद्राजन् घटोत्कचमिदं वचः ॥

સંજયે કહ્યું:–હે રાજન્! રાક્ષસ અલાયુધના હાથમાં સપડાયેલા ભીમસેનને જોઇને વાસુદેવ રણમાં પોતાની પાસે ઉભેલા ઘટોત્કચને આવું વચન કહેવા લાગ્યા:–"હે મોટી ભુજાવાળા ઘટોત્કચ ! હે મહાતેજસ્વી ! તું જો, આ તરફ નજર કર. સર્વ સૈન્યો અને તારા દેખતાં ભીમસેન રાક્ષસનો ગ્રાસ થઈ પડયો છે;[૨] માટે હાલ તો તું કર્ણને છોડી દઇ એકદમ અલાયુધ રાક્ષસને મારી નાખ. હે મહાબાહુ ! કર્ણને તો તું પાછળથીએ મારી શકીશ."[૫] શ્રીકૃષ્ણનાં એ વચનો સાંભળી વીર્યવાન ઘટોત્કચે કર્ણને પડતો મૂક્યો અને બકાસુરના ભાઇ રાક્ષસ અલાયુધ સાથે લડવા માંડયું.[૪] હે ભારત ! તે પછી એ રાત્રિના સમયે રાક્ષસ અલાયુધનું તથા ઘટોત્કચનું અતિ તુમુલ ઉગ્ર યુદ્ધ થવા લાગ્યું.[૫] બીજી તરફ ભયંકર દેખાવના અલાયુધના શૂરવીર રાક્ષસયોદ્ધાઓ હાથમાં ધનુષ્ય લઈ લઇને વેગથી ધસી આવતા હતા; પણ મહારથી સાત્યકિ, નકુલ અને સહદેવ હાથમાં આયુધો લઇને તથા તીક્ષ્ણ બાણો મૂકીને તેઓને કાપી નાખવા લાગ્યા.[૬,૭] હે રાજન્ ! બીજા સર્વ મોટા મોટા ક્ષત્રિયોને અર્જુન, સર્વ તરફથી બાણો ફેંકીને મારવા લાગ્યો;[૮] ત્યારે કર્ણ પણ ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી આદિ પાંચલોના મહારથી રાજાઓને રણમાંથી નસાડી મૂકતો હતો.[૮] પાંચાલોનો એ રીતે નાશ થતો જોઇ ભયંકર પરાક્રમી ભીમસેન, ત્વરાપૂર્વક બાણોની વૃષ્ટિ કરતો અર્જુનસામે ધસી ગયો;[૧૦] તેમજ નકુલ, સહદેવ અને મહારથી સાત્યકિ પણ તે રાક્ષસોનો સંહાર કરીને જે સ્થળે કર્ણ લડતો હતો ત્યાં આવી પહોંચ્યા.[૧૧] તેઓ બધા કર્ણસામે યુદ્ધ કરતા હતા અને પાંચાલયોદ્ધાઓ દ્રોણાચાર્યસામેજ લડી રહ્યા હતા. તે અરસામાં ક્રોધાયમાન થયેલા અલાયુધે, શત્રુદમન રાક્ષસ ઘટોત્કચને મહાપ્રચંડ પરિઘવડે મસ્તકમાં પ્રહાર કર્યો.[૧૨] તે પ્રહાર થતાં મહાબળવાન ભીમપુત્ર જરા મૂર્ચ્છિત થઇ ગયો, પણ પોતે વીર્યવાન હોવાથી શરીરને તેમનું તેમ ટટાર ટેકવી રહ્યો.[૧૩] પછી તેણે બળબળતા અગ્નિસરખી સો ઘંટડીઓથી શોભીતી તથા સુવર્ણથી શણગારેલી એક ગદા તે અલાયુધ સામે ફેંકી. ભયંકર કર્મ કરનારા ઘટોત્કચના હાથમાંથી છૂટીને મહાશબ્દ કરતી તે ગદા અલાયુધના રથપર પડી; અને ઘોડા,રથ તથા સારથિના ચૂરા કરી નાખ્યા. રથનાં પૈડાં, ધુંસરી,ધ્વજા અને ઉંટડા સુદ્ધાંનો ભૂકો થઇ ગયો; એટલે તુરત રાક્ષસ અલાયુધ, પોતાની રાક્ષસીમાયાનો આશ્રય કરી સડસડાટ કરતો તે રથમાંથી ઉડી ગયો; તથા માયાનો વિસ્તાર કરી ધારાબંધ લોહી વરસવા લાગ્યો. જોતજોતામાં આકાશમાં વિજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળીઓના ઝબકારા થવા લાગ્યા, સર્વ આકાશ-પ્રદેશ મોટા મોટા મેઘોથી ભરાઇ ગયું, અશનિઓ તથા મેઘોની ગર્જનાઓ સાથે વજ્રના જેવા કડાકા થવા લાગ્યા અને તે મહારણમાં મહાન ચટચટ શબ્દ થઇ રહ્યો.[૧૭,૧૮] રાક્ષસ અલાયુધની તે મહામાયાને જોઇને રાક્ષસ ઘટોત્કચ ઉંચે ઉડયો અને પોતાની બળવાન માયા પ્રકટ કરી,તે માયાનો તેણે નાશ કરી નાખ્યો.[૧૯] પોતાની માયાને નષ્ટ થયેલી જોઈ માયાવી અલાયુધ, સામી માયા રચીને ઘટોત્કચનાપર પથ્થરની અતિ તુમુલ વૃષ્ટિ કરવા લાગ્યો;[૨૦] પણ વીર્યવાન ઘટોત્કચે બાણોનો વરસાદ વરસાવીને તે ઘોર પથ્થરવૃષ્ટિનો સર્વ દિશાઓમાં વિનાશ કરી નાખ્યો, તે ઘણું આશ્ચર્યજનક જણાતું હતું. પછી તેઓ બન્ને જણા જાતજાતનાં આયુધોની પરસ્પરવૃષ્ટિ કરવા લાગ્યા. લોખંડી પરિઘો, ત્રિશૂળો, ગદાઓ, મુસળો, મુદ્ગરો, ધનુષ્યો, તરવારો, તોમરો, કંપનો, નારાચો, તીક્ષ્ણ ભાલાંઓ, બાણો, ચક્રો, ફરસીઓ, લોઢાની લાકડીઓ, ભિંદીપાલો, ગોફણો તથા ખાંડણીઓથી મૂળમાંથી ઉખેડી નાખેલાં મોટી શાખાઓવાળાં જાતજાતનાં વૃક્ષો-જેવાં કે ખીજડી, પીલુ, કદંબ, ચંપો, ઇંગોળી, બોરડી, કોવિદાર, ખીલેલાં પુષ્પવાળો ખાખરો, દુર્ગંધી ખેર, પીંપળો, વડ અને પીંપર આદિથી અને અનેક પ્રકારની ધાતુઓથી વ્યાપ્ત એવાં મોટાં મોટાં પર્વતોનાં શિખરોથી અન્યોન્યને તેઓ પ્રહાર કરવા લાગ્યા.[૨૬] તેઓએ વર્ષાવેલા તે સર્વ પદાર્થોનો સામસામે અફળાતા બે વજ્રોના સરખો મહાન શબ્દ થઇ રહ્યો હતો. હે રાજન્! પૂર્વે વાનરરાજ વાલી અને સુગ્રીવનું જેવું યુદ્ધ થયું હતું તેવુંજ તે ઘટોત્કચ અને અલાયુધનું ઘોરયુદ્ધ થઇ રહ્યું હતું.

એ પ્રમાણે જાતજાતનાં ઘોર આયુધોથી તથા બાણોથી યુદ્ધ કરી રહ્યા પછી હાથમાં તીક્ષ્ણ તરવારો લઇને અન્યોન્ય સામે તેઓ ધસ્યા અને તે તરવારયુદ્ધ કરી લીધા પછી પણ તેઓ બન્ને જણા એકબીજાસામે દોડી જઈને ચોટલીઓ પકડી પકડી લડવા લાગ્યા. વળી મહાપ્રચંડ શરીરવાળા તથા મહાબળવાન એવા તેઓ બન્ને જણા એકબીજાની ભુજાઓ પકડીને મલ્લયુદ્ધ પણ કરવા લાગ્યા.[૨૯] હે રાજા! તે સમયે તેઓનાં અંગો પરસેવાથી ભરાઇ ગયાં હતાં અને અતિવૃષ્ટિસમયના બે મેઘોની પેઠે શરીરમાંથી પરસેવો તથા લોહીને વહેવડાવતા હતા. પછી હિડિંબાપુત્ર ઘટોત્કચ વેગથી અલાયુધસામે ધસી ગયો અને તે રાક્ષસને બરાબર પકડીને જોસથી ફેરવી પૃથ્વીપર પછાડી તેના મોટા મસ્તકને તેણે કાપી નાખ્યું.[૩૧] તે રાક્ષસના કુંડળભૂષિત મસ્તકને એ પ્રમાણે કાપી નાખી મહાબળવાન તે ઘટોત્કચ અતિતુમુલ શબ્દે ગાજવા લાગ્યો.[૩૨] પાંચાલો અને પાંડવો પણ શત્રુઓનું દમન કરનારા, મહાપ્રચંડ શરીરવાળા બકાસુરના ભાઇ તે અલાયુધને મરણ પામેલો જોઇ સિંહનાદો કરવા લાગ્યા.[૩૩] તે યુદ્ધમાં રાક્ષસ અલાયુધનું મરણ થતાં પાંડવપક્ષના યોદ્ધાઓ, હજારો ભેરીઓ તથા હજારો શંખો વગાડવા લાગ્યા.[૩૪] તે દિવસની રાત્રિ પાંડવસૈનિકોને અત્યંત વિજયપ્રદ થઇ પડી હતી; અને સર્વ સ્થળે પ્રકટેલી દીપમાળાઓને લીધે ચારેબાજુથી ઝળહળી રહી હતી.[૩૫] પછી મહાબળવાન ભીમપુત્રે રાક્ષસ અલાયુધના મસ્તકને ઉછાળીને લગભગ બેભાન થયેલા દુર્યોધનની આગળ ફેંક્યું,[૩૬] કે તુરત અલાયુધને મરણ પામેલો જોઈ રાજા દુર્યોધન તથા તેનાં સર્વ સૈન્યો પરમ ઉદ્વિગ્ન થઇ ગયાં.[૩૭] જે રાક્ષસે પ્રતિજ્ઞા કરી હતી કેઃ-"હું યુદ્ધમાં ભીમસેનને મારીશ તથા મારાં પૂર્વવૈરનું વેર વાળીશ;" અને જેના વચનપર વિશ્વાસ રાખી રાજા દુર્યોધન "ભીમસેનને અલાયુધ જરૂર મારશે" એમ માની બેઠો હતો; તથા પોતાના ભાઇઓના જીવિતને પણ ચિરકાળ રહેનારૂં માનતો હતો, તે રાક્ષસ અલાયુધને ઘટોત્કચે મારી નાખેલો જોઈ દુર્યોધન, પોતાના ભાઇઓના વધસંબંધની ભીમસેનની પ્રતિજ્ઞાને પૂર્ણ થયેલીજ માનવા લાગ્યો.[૩૮-૪૦]

અધ્યાય ૧૭૮ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૭૯ મો

ઘટોત્કચનો વધ

॥ संजय उवाच ॥

निहत्यालायुधं रक्षः प्रहृष्टात्मा घटोत्कचः ।
ननाद विविधान्नादान् वाहिन्याः प्रमुखे तव ॥

સંજયે કહ્યું:–અલાયુધનો નાશ કરી રાક્ષસ ઘટોત્કચનું મન પ્રસન્ન થયું અને તે તમારી સેનાના મોખરામાં રહી વિવિધ ગર્જનાઓ કરવા લાગ્યો.[૧] હે મહારાજા! હાથીઓને પણ કંપાવી નાખનાર તેના તુમુલ શબ્દને સાંભળીને તમારા યોદ્ધાઓને અતિ દારુણ ભય થવા લાગ્યો.[૨] જે વેળા મહાબળવાન ભીમસેનનો પુત્ર, અલાયુધસામે યુદ્ધ કરવામાં આસક્ત થયો હતો, તે વેળા મહાબાહુ કર્ણ પાંચાલોસામે ધસી ગયો હતો.[૩] દશ દશ નમેલાં પર્વવાળાં બાણોનો પ્રહાર કરી તેણે ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડીને ઘાયલ કર્યા હતા;[૪] તથા મોટાં મોટાં નારાચ બાણો મૂકીને યુધામન્યુ, ઉત્તમૌજા અને મહારથી સાત્યકિને પણ તેણે કંપાવી દીધા હતા.[૫] તે વખતે હે રાજા! એ પાંડવયોદ્ધાઓ પણ ડાબી જમણી બાજુથી બાણો ફેંકી રહ્યા હતા; જેથી તેમનાં ધનુષ્યો કેવળ મંડળાકારેજ દેખાતાં હતાં.[૬] તેઓની પણછનો શબ્દ તથા રથોનાં પૈડાંનો ગડગડાટ, વર્ષાઋતુના મેઘોના સરખો તુમુલ સંભળાતો હતો.[૭] તે સંગ્રામરૂપ મેઘ ધનુષ્યની દોરીઓ તથા રથચક્રોના ઘોષરૂપ ગર્જનાઓ કરી રહ્યો હતો, ધનુષ્યોરૂપ વિજળીઓના ઝબકારાવાળો હતો, ચારે તરફ ફરકતી ધ્વજાઓરૂપ પર્વતશિખરોથી સંયુક્ત થયો હતો તથા બાણોના ઢગોરૂપ આકુળ વૃષ્ટિ વરસાવી રહ્યો હતો.[૮] ત્યાં અતિ આશ્ચર્યની વાત તો એજ હતી કે, શત્રુગણોનું મર્દન કરનારો તથા મહાન પર્વતસમાન દૃઢતાવાળો સૂર્યપુત્ર કર્ણ, કોઈ એક પર્વતની પેઠે અડગ ઉભો રહી શત્રુઓની બાણવૃષ્ટિનો યુદ્ધમાં નાશ કરી રહ્યો હતો;[૯] અને વળી તમારા પુત્રનું હિત કરવામાં ગુંથાયેલો તે મહાત્મા, વજ્રપાતસરખાં તથા સુવર્ણનાં અદ્ભુત પુંખવાળાં તીક્ષ્ણ અતુલ બાણો મૂકી શત્રુઓને હાંકી કાઢતો હતો.[૧૦] વળી તે કર્ણે કેટલાએક શત્રુઓના ધ્વજોને છિન્નભિન્ન કરી નાખ્યા, કેટલાએકનાં શરીરોને બાણોવડે ચીરી નાખ્યાં, કેટલાએકને સારથિવિનાના કરી મૂક્યા ત્યારે કેટલાએકને વળી ઘોડાઓરહિત કરી નાખ્યા હતા.[૧૧] આમ કર્ણના મારાથી તેઓને જ્યારે રણમાં શાંતિ ન મળી, ત્યારે તે પાંડવયોદ્ધાઓ યુધિષ્ઠિરરાજાના સૈન્યનું શરણ લેવા નાસી ગયા. આ રીતે પોતાના સૈનિકોને નાસભાગ કરી રહેલા તથા રણમાંથી પાછા હઠેલા જોઇ ઘટોત્કચને ઘણોજ ક્રોધ ચઢયો;[૧૨] અને સુવર્ણ તથા રત્નોથી ઝળહળતા ઉત્તમ રથમાં બેસી સિંહની પેઠે ગર્જના કરતાં તુરત કર્ણપાસે જઇને વજ્રસરખાં બાણોવડે તેને વિંધવા માંડયો.[૧૩] પછી તેઓ બન્ને જણા કર્ણિ, નારાચ, શિલીમુખ, નાલીક, દંડાસન, વત્સદંત, વરાહકર્ણ, વિપાઠ, શૃંગ તથા ક્ષુરપ્ર નામનાં બાણોની વૃષ્ટિ કરી આકાશને ગજાવી મૂકવા લાગ્યા.[૧૪] તે વેળા બાણોની ધારાઓથી છવાઈ ગયેલું આકાશ તિરછી ગતિ કરનારી, સુવર્ણનાં પુંખોથી પ્રજ્વલિત કાંતિવાળી તથા વિચિત્ર પુષ્પોને ધારણ કરનારી એક જાતની નવી પ્રજાઓથી જાણે ભરાઇ ગયું હોય તેવું શોભતું હતું.[૧૫] તેઓ બન્ને મહાવીરો બરાબર સાવધ રહીને તથા પોતપોતાનો ઉત્તમ પ્રભાવ દર્શાવીને ઉત્તમ અસ્ત્રોવડે અન્યોન્યને પ્રહાર કરતા હતા; જેથી તે રણમાંનો કોઈ યોદ્ધો તેઓ બન્નેની અધિકતાને જોઇ શકતો ન હતો.[૧૬] આકાશમાં રાહુ અને સૂર્યનું જેવું પ્રમત્ત અને ઘોર યુદ્ધ થાય છે, તેવુંજ તે સૂર્યપુત્ર અને ભીમપુત્રનું અતિ અદ્ભુત, અસાધારણ, શસ્ત્રોના પડવાથી ઘોર અને સમાકુલ યુદ્ધ થઇ રહ્યું હતું.

સંજયે કહ્યું:–હે રાજા! એ રીતે યુદ્ધ કરતાં કર્ણ જ્યારે ઘટોત્કચને દબાવી શકયો નહિ, ત્યારે પોતે અસ્ત્રો જાણનારાઓમાં ઉત્તમ હોવાથી ઉગ્ર અસ્ત્ર પ્રકટ કર્યું;[૧૮] અને તે અસ્ત્રના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળથી ઘટોત્કચના રથ, સારથિ અને ઘોડાઓનો તેણે નાશ કરી નાખ્યો, એટલે તુરતજ રથરહિત થતાં ઘટોત્કચ અંતર્હિત થઈ ગયો.[૧૯]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–હે સંજય! માયાઓ રચીને ફૂટયુદ્ધ કરનાર તે રાક્ષસ જ્યારે અંતર્હિત થઇ ગયો, ત્યારે મારા મહારથીઓએ શું કરવાનો વિચાર કર્યો હતો? તે મને કહે.[૨૦]

સંજયે કહ્યું:–એ પ્રમાણે રાક્ષસરાજાને અંતાહત થયેલો જાણી સર્વ કૌરવયોદ્ધાઓ પોકારી રહ્યા કે, " આ ફૂટયુદ્ધ કરનારો રાક્ષસ રણમાં પ્રત્યક્ષ થઇને કર્ણને કેમ મારતો નહિ હોય? "[૨૧] આમ તેઓ કહી રહ્યા હતા તેવામાં ઝપાટાબંધ તરેહ તરેહનાં અસ્ત્રયુદ્ધ કરનાર કર્ણે, બાણોની જાળ પાથરી દઇને આકાશને ઢાંકી દીધું; પણ બાણોથી અંધકારમય થઇ ગયેલા આકાશમાં કોઇ પણ પ્રાણી ત્યાં પડતું જણાયું નાહ,[૨૨] છતાં કર્ણ તો બાણો મૂકી મૂકીને સર્વ આકાશને છાઇ દેવાજ લાગ્યો. એ સમયે સૂતપુત્ર ક્યારે બાણ લે છે, ક્યારે સાંધે છે અને ક્યારે ભાથામાંથી ખેંચી કાઢે છે તે દેખાતું ન હતું.[૨૩] તે અરસામાં તો રાક્ષસે રચેલી દારુણ માયા આકાશમાં અમને દેખાઇ. તે માયા લાલ રંગના વાદળસમાન પ્રકાશતી હતી, અગ્નિની શિખાની પેઠે ઉગ્ર લાગતી હતી અને દેખાવમાં ઘણી ભયંકર તથા ઘોર હતી.[૨૪] જોતજોતામાં તેમાં વિજળીઓ ઝબકવા લાગી, બળબળતી ઉલ્કાઓ ઝળકવા લાગી અને તેનો અતિ ઘોર કડાક શબ્દ સંભળાવા લાગ્યો, હજારો દુંદુંભિઓ ત્યાં ગડગડવા લાગ્યાં તથા સુવર્ણના પુંખવાળાં સંખ્યાબંધ બાણો તેમાંથી પડવા લાગ્યાં. વળી શક્તિઓ, બેધારી તરવારો, ભાલાંઓ, મુસલો, ફરસીઓ, તેલ પાયેલી તરવારો, ચળકતાં અણીયારાં તોમરો, પટ્ટિશો, પ્રકાશિત કિરણોવાળા પરિઘો, લોખંડી પટ્ટાઓવાળી ગદાઓ, તરેહ તરેહનાં તીક્ષ્ણ ધારવાળાં ત્રિશૂળો, સોનેરી બાંધકામવાળી વજનદાર ગદાઓ તથા તોપો વગેરે આયુધો પણ તેમાંથી પડવા લાગ્યાં;[૨૫–૨૭] તેમજ વળી મોટા મોટા પથ્થરો કડાક ભડાક કરતાં હજારો વજ્રો અને અનેક તીક્ષ્ણ ધારવાળાં તથા બળબળતા અગ્નિસરખાં ચક્રો પણ ત્યાંથી પડવા લાગ્યાં.[૨૮] શક્તિ, પથ્થર, ફરસી, ભાલા, તરવાર, વજ્ર, અશનિ તથા મુદ્ગરોની તે વિશાળ અને જાજ્વલ્યમાન મહાવૃષ્ટિ અવિચ્છિન્ન રીતે પડતી હતી. તે વેળા કર્ણ, બાણોનો ઢગ છોડીને પણ તેનો નાશ કરી શક્યો નહિ.[૨૯] અનેક ઘોડાઓ બાણોથી માર્યા ગયા, અનેક હાથીઓ વજ્રોથી હણાઇ ગયા તથા અનેક મોટા મોટા રથો પથ્થરોથી ભાંગી પડયા. તેઓ જ્યારે રણમાં કચડાઇ પડતા હતા, ત્યારે મહાન કડકડાટીનો શબ્દ સંભળાતો હતો.[૩૦] અતિભયંકર જાતજાતનાં શસ્ત્રો પાડી પાડીને ઘટોત્કચે દુર્યોધનના સૈન્યનો ચોતરફથી ઘાણ કાઢી નાખ્યો હતો. તે સર્વ સૈન્યનું સ્વરૂપ હાવરૂં બાવરૂં દેખાતું હતું, તેના સર્વ સૈનિકો આમતેમ દોડમદોડ કરતા ભમતા હતા,[૩૧] સર્વ સ્થળે હાહાકાર થઇ રહ્યો હતો, તેઓ સર્વે જ્યાં ત્યાં ભમી ભમીને ભરાઇ પેસતા હતા અને તેઓનો દેખાવ પણ ખિન્ન ખિન્ન થયેલો જણાતો હતો; છતાં તે વીર પુરુષો પોતાના આર્યત્વને વળગી રહી તે સમયે રણમાંથી નાસી ગયા ન હતા.[૩૨] આ પ્રમાણેની અતિઘોર અને ભયંકર સ્વરૂપવાળી રાક્ષસી શસ્ત્રમય મહાવૃષ્ટિને પડતી જોઇને તથા સંખ્યાબંધ સૈનિકોને રણમાં રોળાતા જોઇને તમારા પુત્રોના મનમાં ભયનો મહાન પેસારો થઈ ગયો.[૩૩] અગ્નિસમાન પ્રદીપ્ત જીભોવાળી સેંકડો શિયાળવીઓ, અતિ ભયંકર નાદે ત્યાં રડતી હતી તથા રાક્ષસોનાં ટોળેટોળાં ગર્જનાઓ કરી રહ્યાં હતાં. તે સાંભળીને મોટા મોટા રાજવંશી યોદ્ધાઓ પણ ગભરાટમાં પડી ગયા. બળબળતી જીભોવાળા, અગ્નિસરખી તીક્ષ્ણ દાઢોવાળા તથા મોટા પર્વતોસમાન પ્રચંડ શરીરોવાળા તે બિહામણા રાક્ષસો, હાથમાં શક્તિઓ ધારણ કરીને તથા આકાશમાંજ રહીને મેઘોની પેઠે ઉગ્ર શસ્ત્રવૃષ્ટિ વરસાવી રહ્યા હતા.[૩૫] તેઓ બાણો, શક્તિઓ, ત્રિશૂળો, ગદાઓ, ઉગ્ર પરિઘો, દેદીપ્યમાન વજ્રો, પિનાકો, અશનિઓ, શતઘ્નીઓ તથા ચક્ર આદિ અસ્ત્રોથી કુરુયોદ્ધાઓપર પ્રહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી રહ્યા હતા;જેથી ટુકડેટુકડા થઈ તેઓ રણમાં વીખરાઇ પડતા હતા.વળી તે રાક્ષસો ત્રિશૂળો, ભુશુંડીઓ,પથ્થરના ગોળાઓ તથા લોખંડના પટ્ટાઓથી બાંધેલી મોટીમોટીતોપોને તમારાપુત્રના યુદ્ધમાં ફેંકી રહ્યા હતા, તેથી તે સૈન્યને ભયંકર મૂર્છા આવી ગઇ હતી.[૩૭] તે સમયે ઘણા શૂરાઓનાં આંતરડાં બહાર નીકળી પડયાં હતાં, ઘણાનાં માથાં કુટી ગયાં હતાં, ઘણાઓનાં અંગો છિન્નભિન્ન થઈ ગયાં હતાં અને તેઓ બધા રણમાં શયન કરી ગયા હતા. મોટી મોટી શિલાઓ પડવાથી ઘોડાઓ કપાઇ ગયા, હાથીઓ છુંદાઇ ગયા તથા રથો પણ ભાંગી ભુક્કો થઇ ગયા.[૩૮] આ રીતે ઘટોત્કચે માયાથી બનાવેલા તે ઘોરસ્વરૂપી રાક્ષસો, શસ્ત્રોની પ્રચંડ વૃષ્ટિને પૃથ્વીપર વરસાવી રહ્યા હતા અને શરણે આવેલા અથવા ભયભીત થયેલા એક પણ યોદ્ધાને પણ જીવતો છોડતા ન હતા.[૩૯] કાળે રચેલો તથા ક્ષત્રિયોનો નાશ દર્શાવનારો તે ઘોર કુરુવીરોનો સંહાર એ રીતે જ્યારે થઇ રહ્યો હતો, ત્યારે અવશેષ રહેલા સર્વ કૌરવો નિરુત્સાહ થઇને એકદમ નાસવા લાગ્યા તથા મોટી મોટી બૂમો પાડવા લાગ્યા કે, 'હે કુરુઓ! નાસો, નાસો, હવે આપણું સૈન્ય બચવાનું નથી; કારણ કે ઇંદ્રસહિત દેવતાઓજ પાંડવોમાટે આપણો સંહાર કરે છે." આમ સંકટસાગરમાં ડૂબી મરતા તે કૌરવોને સૂતપુત્ર કર્ણજ એ વેળા દ્વીપની પેઠે આશ્રયરૂપ થયો હતો.[૪૦,૪૧] તે તુમુલ સંહાર જ્યારે ચાલી રહ્યો હતો, ત્યારે કૌરવોના સૈન્યમાં ભંગાણ પડયું હતું અને તે સૈન્ય માંહોમાંહે ભરાઇ જતું હતું; જેથી સૈન્યોનો વિભાગ સ્ફુટ હતો, છતાં કૌરવો કયા અને પાંડવો કયા એની સમજણ પડતી ન હતી. હે રાજન્! મર્યાદાવિનાની તે ઘોર નાસભાગ જ્યારે થઈ રહી હતી; ત્યારે તે કુરુસૈનિકો સર્વ દિશાઓને શૂન્ય નિહાળી રહ્યા હતા. માત્ર તે શસ્ત્રવૃષ્ટિમાં છાતી કાઢીને પ્રવેશ કરતા કર્ણ એકલાનેજ તેઓ જોતા હતા.[૪૩] તે કર્ણ રાક્ષસની દિવ્ય માયાપ્રત્યે યુદ્ધ કરી રહ્યો હતો. તેણે બાણો મૂકી મૂકીને સર્વ આકાશપ્રદેશને ઢાંકી દીધો હતો; અને તે લજ્જાળુ સૂતપુત્ર દુષ્કર આર્યકર્મ કરતો રણમાં જરાપણ મુંઝાયો ન હતો. હે રાજા ! સૈંધવ અને બાહ્લિક આદિ સર્વ વીર પુરુષો પોતે ભયભીત થઇને કર્ણસામે જોઇ રહ્યા હતા અને રાક્ષસનો વિજય જોનારા તેઓ કર્ણની યુદ્ધમાંની નિર્ભયતાનાં વખાણ કરતા હતા.[૪૫] તેવામાં રાક્ષસ ઘટોત્કચે ચક્રયુક્ત એવું શતઘ્ની નામનું અસ્ત્ર ફેંક્યું અને કર્ણના ચારેય ઘોડાઓને મારી નાખ્યા. એ શતઘ્નીનો પ્રહાર થતાં તે ઘોડાઓના દાંત, આંખો અને જીભ બહાર નીકળી પડયાં તથા તેઓ પોતે પણ પ્રાણરહિત થઇને ઢીંચણભેર પૃથ્વીપર પડયા.[૪૬] ઘોડાઓ મરણ પામ્યા, એટલે કર્ણ મનમાં ખિન્ન થઈ રથપરથી ઉતરી પડયો. એ વેળા કૌરવો પલાયન કરી જતા હતા તથા પોતાના દિવ્ય અસ્ત્રનો માયાથી નાશ થતો હતો, છતાં તે કર્ણ ગભરાયો નહિ; પરંતુ સમયોચિત કૃત્યનો વિચાર કરવા લાગ્યો.[૪૭] કર્ણ વિચારમાં પડી ગયો ત્યારે માયાનું ઘોર સ્વરૂપ વધ્યે જતું હતું. તે જોઇ સર્વ કૌરવો એકે અવાજે કર્ણને કહેવા લાગ્યા:–"હે કર્ણ! આજે તારી શક્તિનો ઉપયોગ કરી આ રાક્ષસને તું જલદી મારી નાખ. અરે ! જો તો ખરો, ધૃતરાષ્ટ્રપક્ષના આ સર્વ કૌરવોનો વિનાશ થઇ રહ્યો છે.[૪૮] રે ! પેલો ભીમસેન તથા અર્જુન આપણને શું કરી નાખવાના છે? પણ આ મધ્યરાત્રિના સમયે આપણ સૌને તપાવી રહેલા આ પાપી રાક્ષસનેજ તું હણી નાખ. અરે, જરા વિચાર તો કર. આ ઘોરસ્વરૂપ સંગ્રામમાંથી આપણામાંનો જે કોઇ બચશે, તેજ સૈન્યસહિત પાંડવોસામે યુદ્ધ કરશે;[૪૯] માટે આ રૌદ્ર સ્વરૂપી રાક્ષસને ઇંદ્રે આપેલી શક્તિથી તું મારી નાખ. ઓ કર્ણ! આ રાત્રિયુદ્ધમાં ઇંદ્રસરખા પ્રતાપી સર્વ કૌરવો યોદ્ધાઓસહિત નાશ ન પામે તેવું તું કર."[૫૦] હે રાજન્ ! એ પ્રમાણે કૌરવોનો મહાન કોલાહલ સાંભળીને તથા સૈન્યને રાક્ષસે ત્રાસ પમાડેલું જોઈને તેમજ પોતાને પણ મધ્યરાત્રિના સમયે રાક્ષસ પ્રહાર કરી રહ્યો છે,એનો વિચાર કરીને,તે કર્ણે શક્તિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટી મૂકવાનો નિશ્ચય કર્યો.[૫૧] સિંહની પેઠે કોપેલો તે કર્ણ, અમર્ષમાં આવી ગયો અને રણમાં શત્રુના પ્રતિઘાતને સહન કરી શક્યો નહિ; જેથી તેનો વધ કરવા ઇચ્છીને વૈજયન્તી નામની તે સર્વોત્તમ શક્તિને તેણે હાથમાં લીધી, કે જે શક્તિ ઘણી અસહ્ય હતી.[૫૨] હે રાજન્! વળી જે શક્તિને ખાસ અર્જુનનોજ રણમાં વધ કરવામાટે વર્ષોનાં વર્ષો સુધી પૂજીને રાખી મૂકવામાં આવી હતી તથા જે ઉત્તમ શક્તિને બે કુંડળોના બદલામાં ઇંદ્રે પોતે કર્ણને આપી હતી, તે કાળની જીભસમાન લહલહાટ કરતી, પાશોથી યુક્ત તથા મૃત્યુની સાક્ષાત્ બહેનસરખી અને ઉંબાડિયાંની પેઠે બળતી તે પ્રદીપ્ત શક્તિને કર્ણે રાક્ષસસામે ફેંકી. હે રાજા! શત્રુઓની કાયાને ચીરી નાખનારી તે પ્રજ્વલિત શક્તિને કર્ણના હાથમાં રહેલી જોઇને રાક્ષસ ઘટોત્કચ ભયભીત થઇ ગયો; અને પોતાના શરીરને વિંધ્યાચળસરખું મોટું કરીને ત્યાંથી નાસવા લાગ્યો. વળી હે નરેન્દ્ર! તે શક્તિને કર્ણના હાથમાં રહેલી જોઇ અંતરિક્ષમાં રહેલાં સર્વ ભૂતો પણ ભયથી ઘૂમરાણ કરવા લાગ્યાં, મહાપ્રચંડ વાયરા વાવા લાગ્યા તથા કડકડાટ કરતી અશનિ પૃથ્વીપર પડવા લાગી.[૫૬] રાત્રિના સમયમાં દેદીપ્યમાન જણાતી તે શક્તિ રાક્ષસી માયાને ભસ્મ કરી નાખી, રાક્ષસના હૃદયને ગાઢ ચીરી નાખી ઉંચે ચાલી જઇ નક્ષત્રોના મધ્યમાં દાખલ થઇ ગઇ; અને રાક્ષસ ઘટોત્કચ કે જે અનેક અસ્ત્રોથી ઘાયલ થયો હતો તથા પૂર્વે દેવતાઓ, હાથીઓ, મનુષ્યો અને રાક્ષસોની સામે લડી લડીને ઘણોજ ઘવાઇ ગયો હતો, તેના તેજ ભયંકર શબ્દોથી ગર્જના કરતા રાક્ષસના પ્રિય પ્રાણોને ઇંદ્રની શક્તિએ હરી લીધા.[૫૮] હે રાજન્! મરતાં મરતાં પણ એ રાક્ષસે શત્રુઓનો ક્ષય કરવામાટે અદ્ભુત અને આશ્ચર્યરૂપ બીજું એક કર્મ કર્યું હતું. જ્યારે શક્તિના પ્રહારથી પોતાનાં મર્મસ્થાનો ભેદાઇ ગયાં, ત્યારે મોટા પર્વતસરખો અને મેઘસરખો તે ભાસવા લાગ્યો;[૫૯] અને પછી છિન્નભિન્ન થયેલા શરીરવાળો તે રાક્ષસરાજા, પોતાનું મહાન સ્વરૂપ કરીને પ્રાણરહિત થઇ પૃથ્વીપર પડ્યો. એ વેળા તેનું મસ્તક ઉંધું પડ્યું હતું, સર્વ ગાત્રો સ્તબ્ધ થઇ ગયાં હતાં તથા જીભ બહાર નીકળી પડી હતી.[૬૦] હે રાજા! ભયંકર કર્મો કરનારો ભીમસેનનો પુત્ર રાક્ષસ ઘટોત્કચ, તેવું ભયંકર સ્વરૂપ ધારણ કરીને પૃથ્વીપર પડ્યો અને મરતાં મરતાં પણ તેણે પોતાના શરીરવડે આપણા સૈન્યના થોડાઘણા ભાગનો કચરીને છુંદો કરી નાખ્યો.[૬૧] તે રાક્ષસે પડતાં પડતાં પોતાના શરીરને અતિ પ્રમાણમાં વધારી દીધું અને પાંડવોનું પ્રિય કરનારા તે રાક્ષસે, મરતાં મરતાં પણ તમારી એક અક્ષૌહિણી સેનાનો તત્કાળ નાશ કરી નાખ્યો હતો.[૬૨] આ રીતે રાક્ષસી માયાને ભસ્મ થયેલી જોઇ તથા તે રાક્ષસને પોતાને પણ મરણ પામેલો જોઇ કૌરવયોદ્ધાઓ હર્ષમાં આવી જઇને મોટી મોટી ગર્જનાઓ કરવા લાગ્યા; તથા સિંહનાદોની સાથે ભેરીઓ, શંખો, મુરજો અને આનકો આદિ રણવાદિત્રો વગાડવા લાગ્યા.[૬૩] પૂર્વે વૃત્રાસુરના વધપ્રસંગે સર્વ દેવોએ જેમ ઇંદ્રનું સન્માન કર્યું હતું, તેમ એ સમયે સર્વ કૌરવો પણ કર્ણનું સન્માન કરવા લાગ્યા. આ પછી તે કર્ણ પણ હર્ષપૂર્વક તમારા પુત્રના રથપર ચઢી જઇને પોતાના સૈન્યમાં દાખલ થયો હતો.[૬૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં ઘટોત્કચનો વધ' એ વિષયનો અધ્યાય ૧૭૯ મો સમાપ્ત

અધ્યાય ૧૮૦ મો

પાંડવો શોકમાં ત્યારે શ્રીકૃષ્ણ આનંદમાં!

॥ संजय उवाच ॥

हैडिंबिं निहतं दृष्ट्वा विशीर्णमिवपर्वतम् ।
बभूवुः पांडवाः सर्वे शोकबाष्पाकुलेक्षणाः ॥

સંજયે કહ્યું:—તૂટી પડેલા પર્વતની પેઠે મરણ પામેલા ઘટોત્કચને જોઇને સર્વ પાંડવો શોકાશ્રુથી આકુળ નેત્રોવાળા થઇ ગયા;[૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેજ સમયે શ્રીકૃષ્ણ તો મોટા હર્ષથી છલકાઇ જવા લાગ્યા, સિંહનાદ કરવા લાગ્યા તથા અર્જુનને ભેટી પડયા.[૨] વળી તેમણે હર્ષાવેશમાં આવી જઈ મોટા શબ્દથી ગર્જના કરી અને ઘોડાઓની લગામ હાથમાં પકડીને વાયુથી નાચતા વૃક્ષની પેઠે નાચવા માંડયું.[૩] બુદ્ધિમાન તે શ્રીકૃષ્ણ પુનઃ અર્જુનને ભેટી પડયા અને વારંવાર અર્જુનને થાબડીને રથની બેસણીપર રહ્યા રહ્યા પુનઃ ગર્જના કરવા લાગ્યા.[૪] આ રીતે હે રાજા ! વાસુદેવને હર્ષિત મનવાળા જાણીને મહાબળવાન અર્જુન અતિ ઉદાસ મનથી તેમનાપ્રત્યે કહેવા લાગ્યો[૫]:–"હે મધુસૂદન ! આજે ઘટોત્કચના મરણથી આપણે શોકને પ્રાપ્ત થયેલા છે, એ વખતે તમારે અતિ હર્ષ કરવો તે અયોગ્ય છે.[૬] ઘટોત્કચને મરણ પામેલો જોઈ આપણાં સર્વ સૈન્યો પણ રણમાંથી વિમુખ થયાં છે અને અમે પોતે પણ ઘટોત્કચના મરણથી અતિ ઉદ્વિગ્ન થયા છીએ.[૭] હે જનાર્દન! આમાં કંઇ નાનું સુનું કારણ નહિ હોય, માટે હે સત્યવાદીઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ ! હું આપને પૂછું છું, તો જે સત્ય હોય તે હમણાંજ મને કહો. હે શત્રુદમન શ્રીકૃષ્ણ! જો તે વાત છાની રાખવા જેવી ન હોય તો મને કહેવી ઘટે છે, માટે હે મધુસૂદન ! અમારા ધૈર્યનો નાશ કરનાર તે શું છે ? કહો, હમણાંજ કહો.[૯] હે જનાર્દન ! આપનું આજનું વર્તન સમુદ્રના શોષણ જેવું અને મેરુ પર્વતના ચળવા જેવું આશ્ચર્ય કારક મને લાગે છે.

વાસુદેવે કહ્યું:–"હે ધનંજય ! મને આજે અત્યંત હર્ષ થયો છે, તેનું કારણ તું સાંભળ. તે કારણ મારા મનને અતિ પ્રસન્ન કરનારૂં છે અને ઉત્તમ પણ છે.[૧૧] હે મહાતેજસ્વી અર્જુન ! ઘટોત્કચે એ શક્તિને આજે કર્ણ પાસેથી ભ્રષ્ટ કરાવીને તેને પોતાનેજ (કર્ણને) રણમાં મારી નાખ્યો છે, એમ તારે સમજવું.[૧૨] આ લોકમાં તેવો કયો પુરુષ છે કે જે કાર્તિકસ્વામીની પેઠે તે શક્તિને હાથમાં લઈ ઉભેલા કર્ણ સામે યુદ્ધમાં ઉભો રહે ?[૧૩] તે કર્ણ પાસેથી ઇંદ્રે કવચ તથા કુંડળોનું જે હરણ કર્યું છે, તે બહુ ઠીક થયું છે; અને આ સમયે તે અમોઘ શક્તિ ઘટોત્કચના પર વાપરી નખાઈ તે પણ બહુ સારૂં થયું છે.[૧૪] જો તે કર્ણ, ઇંદ્રે હરણ કરેલાં કવચ અને કુંડળોને ધારણ કરી યુદ્ધ કરવા સજ્જ થાય તો તે એકલોજ ઇંદ્રસહિત ત્રણે લોકોને રણમાં જીતે ![૧૫] અરે ! ઇંદ્ર, કુબેર અથવા જળનો રાજા વરુણદેવ અને યમ પણ એ વેળા કર્ણસામે યુદ્ધ કરવા ઉત્સાહ ન કરે. વળી તું ગાંડીવધનુષ્ય ઉગામે અને હું સુદર્શનચક્ર હાથમાં લઉં, તોપણ તે કવચકુંડળધારી પુરુષશ્રેષ્ઠ કર્ણને રણમાં જીતી શકીએ નહિ;[૧૭] માટેજ તારૂં હિત કરવામાટે ઇંદ્રે માયા કરીને શત્રુઓનાં નગરોને જીતનારા કર્ણનાં કુંડળોનું હરણ કર્યું છે તથા તેને કવચરહિત કર્યો છે.[૧૮] કર્ણે પોતાના શરીરપરથી ઉતરડીને કવચ તથા નિર્મળ કુંડળોનું ઇંદ્રને દાન કર્યું છે, માટેજ જગતમાં તે "વૈકર્તન" કહેવાયો છે. મંત્રના તેજથી કેવળ બગાસાંજ ખાતો કોપેલો સર્પ હોય અથવા જેની જ્વાળાઓ શાંત થઇ ગઇ છે તેવો અગ્નિ હોય, તેમ શક્તિહીન થયેલો આ કર્ણ આજે મને દેખાય છે.[૨૦] હે મહાબાહુ ! જ્યારથી આરંભી મહાત્મા ઇંદ્રે કર્ણને શક્તિ આપી હતી, કે જે શક્તિ આ સમયે ઘટોત્કચપર ફેંકવામાં આવી છે; તથા પૂર્વે કુંડળો તથા દિવ્ય કવચના બદલામાં કર્ણે તે મેળવી હતી, એ શક્તિને પોતાની પાસે રાખી મૂકીને ધર્મપ્રધાન કર્ણ તને રણમાં નિત્ય મુએલોજ માનતો હતો.[૨૧,૨૨] આ રીતે કર્ણ જો કે શક્તિરહિત થઇ ગયો છે; તોપણ યાદ રાખજે કે, હે પુરુષવ્યાઘ્ર! તારાવિના બીજો કોઇ પુરુષ તેને મારી શકે તેમ નથી. આ હું સત્યપૂર્વક સોગંદ ખાઇને કહું છું.[૨૩] કર્ણ બ્રાહ્મણભક્ત છે, સત્યવાદી છે, તપસ્વી છે, નિયમિત વ્રતવાળો છે અને શત્રુઓપર પણ દયાળુ છે; માટેજ તેને ધર્મપ્રધાન કહે છે.[૨૪] યુદ્ધકુશળ, મોટી ભુજાવાળો, નિત્ય ધનુષ્યને ઉંચકનારો તે કર્ણ, વનમાં ગર્જના કરતા કેસરીસિંહની પેઠે રણના મોખરામાં ગર્જના કરી, હાથી જેમ યૂથપતિ બીજા હાથીઓને મદરહિત કરે, તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા મોટા મહારથીઓને મદરહિત કરનારો છે. હે પુરુષવ્યાઘ્ર! તારા પક્ષના મુખ્ય મુખ્ય મહાન યોદ્ધાઓ પણ મધ્યાહ્નકાળના સૂર્યને જેમ ન જોઇ શકાય, તેમ કર્ણને જોવાને પણ શકિતમાન નથી; તો જીતવાની આશા તો ક્યાંથીજ હોય? શરદ્ઋતુમાં સૂર્ય જેમ હજારો કિરણોવાળો હોય છે, તેમ કર્ણ પણ બાણજાળોરૂપ હજારો કિરણોવાળો છે. વર્ષાઋતુમાં મેઘ જેમ જળધારાઓ છોડે છે, તેમ કર્ણ વારંવાર બાણોની ધારાઓને છોડી મૂકે છે અને વૃષ્ટિવાળા મેઘની પેઠે દિવ્યાસ્ત્રોનો મેઘ વરસાવે છે.[૨૫-૨૮] રે! સાક્ષાત્ દેવો પણ ચોતરફથી બાણવૃષ્ટિ કરી મૂકે અને સર્વ દૈત્યો પણ ચારેબાજુ માંસ અને રુધિરનો સ્રાવ કરી મૂકે તથાપિ એ કર્ણને કોઇ જીતી શકે નહિ.[૨૯] હે પાંડવ! કવચ અને કુંડળોથી રહિત થયેલો અને તે ઉપરાંત વળી ઇન્દ્રદત્ત શકિત રહિત થયેલો તે કર્ણ, આજે સામાન્ય મનુષ્ય થઇ ગયો છે; તોપણ એનો વધ કરવામાટે એકજ ઉપાય છે. તે એજ કે, યુદ્ધ કરતાં કરતાં તે જ્યારે બરાબર સંકટમાં આવી પડશે, ત્યારે તેના રથનું પૈડું પૃથ્વીમાં પેસી જશે અને તે પોતે પણ એવેળા પ્રમાદી થઇ જશે. એ સમયનો લાભ લઇ તું બરાબર સાવધ થજે;[૩૧] અને પ્રથમથીજ મેં કરેલા ઇશારાનો વિચાર કરી એને મારી નાખજે.[૩૧] બાકી તે સિવાય અન્ય પ્રસંગે તો યુદ્ધમાં તે અજિત છે. અરે! જે વેળા તે અસ્ત્ર ઉગામીને ઉભો હોય, તે વેળા ત્રણ લોકમાં વીર ગણાતો વજ્રધારી ઇંદ્ર પણ એને મારી શકે નહિ, તો બીજાનું શું ગજું? ખરેખર! તારૂં હિત કરવામાટે મેં પોતેજ તે તે ઉપાયોદ્વારા જરાસંધ, શિશુપાલ અને મહાબાહુ મહાત્મા એકલવ્ય નિશાદ આદિ સર્વને એકપછી એક મારી નાખ્યા છે; તેમજ બીજા મોટામોટા રાક્ષસો જેવા કે, હિડિંબ, કિર્મીર, બક, શત્રુદળનું મર્દન કરનાર અલાયુધ અને ઉગ્ર કર્મ કરનાર બલિષ્ટ ઘટોત્કચ આદિને પણ મેંજ મારી નાખ્યા છે, એમ તું સમજ."[૩૨-૩૩]

અધ્યાય ૧૮૦ મો સમાપ્ત

અધ્યાય ૧૮૧ મો

અર્જુનપ્રત્યે શ્રીકૃષ્ણનાં વચન

॥ अर्जुन उवाच ॥

कथमस्माद्धितार्थं ते कैश्च योगैर्जनार्दन।
जरासंधप्रभृतयो घातिताः पृथिवीश्वराः ॥१॥

અર્જુને પૂછ્યું:-"હે જનાર્દન! તમે કયા કયા ઉપાયોદ્વારા જરાસંધ આદિ રાજાઓને અમારૂં હિત કરવામાટે મારી નખાવ્યા છે? તે મને કહો."[૧]

વાસુદેવે કહ્યું:-"જરાસંધ, શિશુપાલ અને મહાબળવાન એકલવ્ય ભિલ્લરાજા જો પ્રથમ માર્યા ગયા ન હોત તો અવશ્ય તેઓ આ સમયે ભયંકર થઇ પડત.[૨] જરૂર, દુર્યોધન આ સમયે તે મહારથીઓને પોતાના પક્ષમાં લેત;અને આપણાપર નિત્ય દ્વેષ રાખનારા તેઓ પણ કૌરવોનો આશ્રય કરત.[૩] તે વીર પુરુષો મહાધનુર્ધર હતા, અસ્ત્રકુશળ હતા અને દૃઢ યુદ્ધ કરનારા હતા. સાક્ષાત્ દેવોની પેઠે તેઓ આ સમગ્ર કૌરવસેનાનું રક્ષણ કરત.[૪] કર્ણ, જરાસંધ, શિશુપાલ તથા એકલવ્ય ભિલ્લરાજા દુર્યોધનનો આશ્રય કરી આ સઘળી પૃથ્વીનો પણ જય કરી શકત.[૫] હે ધનંજય! તેઓને મેં જે જે ઉપાયોથી મારી નાખ્યા છે, તે ઉપાયો તું સાંભળ. ઉપાયોવિના તો દેવો પણ તેઓને રણમાં જીતી શકે તેમ ન હતા.[૬] તેઓમાંનો એક એક જૂદો રહીને પણ લોકપાલોના રક્ષણતળે રહેલી સમગ્ર દેવસેના સાથે યુદ્ધ કરી શકે, તેવા એ બળિયા હતા.[૭]

એક સમયે એવું બન્યું કે, રોહિણીપુત્ર બલરામે જરાસંધને બરાબર ઝાટકયો; જેથી ક્રોધાયમાન થઇ તેણે અમારો વિનાશ કરવા માટે સર્વનો ઘાત કરનારી એક ગદા ફેંકી.[૮] આકાશમાં જાણે સેંથો પાડતી હોય તેમ ધસી આવતી અગ્નિસમાન પ્રભાવવાળી તે ગદા ઇન્દ્રે ફેંકેલા વજ્રની પેઠે અમારાપર પડતી દેખાઇ. એકાએક આમ ધસી આવતી તે ગદાને જોઇને રોહિણીનંદન બલદેવે, તેને તોડી પાડવા માટે સ્થૂણાકર્ણ નામનું એક અસ્ત્ર ફેંક્યું.[૧૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અસ્ત્રના વેગ સામે અથડાઇને તે ગદા પૃથ્વીપર પડી. તે જાણે પૃથ્વીને ફાડી નાખતી હોય અને પર્વતોને કંપાવી દેતી હોય તેમ તીવ્ર શબ્દ કરીને ધરણીપર ઢળી પડી.[૧૧] હવે એવું બન્યું કે, જે સ્થળે તે ગદા પડી તેજ સ્થળે અતિ પરાક્રમવાળી જરા નામની ઘોર રાક્ષસી પુત્રો અને બાંધવોસહિત રહેલી હતી, કે જે રાક્ષસીએ શત્રુદમન જરાસંધરાજાને જન્મકાળે સાંધ્યો હતો. જરાસંધ બે માતાઓથી ઉત્પન્ન થયો હતો. તે જ્યારે જન્મ્યો, ત્યારે તેના શરીરના જૂદા જૂદા બે અર્ધા અર્ધા ટુકડા હતા અને તે ટુકડાઓને જરારાક્ષસીએ સાંધ્યા હતા; માટેજ તે "જરાસંધ" એવા નામથી પ્રસિદ્ધ થયો હતો. તે જરા રાક્ષસીને સ્થૂણાકર્ણ અસ્ત્રથી તૂટી પડેલી ગદાએ પુત્રો અને બાંધવોસહિત છુંદી નાખી. હે ધનંજય! આમ તે બલદેવસાથેના મહારણમાં જરાસંધ ગદા અને જરારાક્ષસી બન્નેથી રહિત થઇ પડયો. જો કદાચ તે ગદા અને પેલી રાક્ષસી હયાત હોત, તો જરાસંધનો નાશ નજ થાત; કારણ કે તે ગદાના પ્રભાવથી તેને જીતવો અશક્ય હતો અને જો કદાચ કોઇ દૈવયોગે જીતાઇ જાય, તોપણ પેલી રાક્ષસી તેને સાંધી શકે તેમ હતીજ; માટે તે ગદા અને પેલી રાક્ષસી એ બન્નેનો નાશ થયા પછીજ પાછળથી ભીમસેને તારા દેખતાં જરાસંધને માર્યો છે.[૧૫] હે પુરુષોમાં ઉત્તમ અર્જુન! પ્રતાપી જરાસંધ હાથમાં ગદા લઇને ઉભો હોય, ત્યારે ઇન્દ્રસહિત દેવો પણ યુદ્ધમાં તેનો નાશ કરવા સમર્થ ન હતા; તેમજ વળી તારૂં હિત કરવામાટે કપટ કરીને મેં દ્રોણાચાર્યને એકલવ્ય ભિલ્લના ગુરુ કર્યા હતા; (દ્રોણાચાર્યે ગુરુ થવામાટે ના પાડી એટલે તેમની મૂર્તિદ્વારા એકલવ્યને દ્રોણપ્રત્યે ગુરુભાવ મેંજ ઉત્પન્ન કર્યો હતો; અને તેજ મારૂં કપટ હતું.) અને પાછળથી દ્રોણાચાર્યને ખબર પડતાં સત્યપરાક્રમી તે ભિલ્લપુત્રને તેમણે અંગુઠાવિનાનો કર્યો હતો. (આ કાર્ય મારા કપટદ્વારાજ બન્યું હતું.)[૧૬] દૃઢ પરાક્રમી તે ભિલ્લપુત્ર અતિ અભિમાની હતો; અને હાથે ચામડાનાં મોજાં બાંધીને વનમાં ફર્યા કરતો હતો. આ વેળા બીજા પરશુરામની પેઠે તે ભાસતો હતો.[૧૮] હે પાર્થ! એકલવ્યનો અંગુઠો જો એમનો એમ રહ્યો હોત તો દેવો, દાનવો, રાક્ષસો કે સર્પો પણ તેનો યુદ્ધમાં કદી પરાજય કરી શકત નહિ;[૧૯] તો પછી એક મનુષ્યમાત્ર તેની સામે જોવાને પણ કેમ શક્તિમાન બની શકે? આવા પ્રકારવાળા, કુશળ, મજબૂત મૂઠવાળા તથા રાતદિવસ બાણો ફેંકવાના અભ્યાસી તે એકલવ્યને તારૂં હિત કરવામાટેજ મેં રણના મોખરામાં પ્રથમથીજ મારી નાખ્યો છે.

વળી પરાક્રમી શિશુપાલને તો તારી નજર આગળજ મેં મારી નાખ્યો છે. તે પણ સર્વ દેવો કે અસુરોથી સંગ્રામમાં જીતી શકાય તેવો ન હતો. તેનો તથા બીજા દેવોનો દ્વેષ કરનારા રાક્ષસોનો વધ કરવા માટેજ તને સાથે રાખી મેં જન્મ લીધો છે; અને લોકોનું હિત કરવાની ઇચ્છાથી મેં પોતેજ ભીમસેનદ્વારા હિડિંબ, બક, કિમીર આદિનો નાશ કરાવ્યો છે. તેઓ બધા રાવણસમાન બળીયા હતા અને બ્રાહ્મણો તથા યજ્ઞોનો વિનાશ કરનારા હતા. માયાવી અલાયુધને પણ ઘટોત્કચદ્વારા મેંજ મરાવ્યો છે તથા તે ઘટોત્કચને પણ કર્ણદ્વારા યુક્તિથી શક્તિનો ઉપયોગ કરાવી મેંજ હણાવ્યો છે. આ મહાયુદ્ધમાં શક્તિનો ઉપયોગ કરી કર્ણે ઘટોત્કચને ન માર્યો હોત, તો હું પોતેજ ભીમસેનના પુત્ર ઘટોત્કચને મારી નાખત; પણ તમારૂં પ્રિય કરવાની ઇચ્છાથીજ મેં તેને આજ દિવસસુધી માર્યો ન હતો, નહિ તો તેને તો પ્રથમજ માર્યો હોત. એ ઘટોત્કચ રાક્ષસ, બ્રાહ્મણોનો તથા યજ્ઞોનો દ્વેષ કરનાર હતો અને ધર્મનો લોપ કરનાર હતો, તેથીજ એ પાપાત્માને મેં મારી નખાવ્યો છે; અને હે નિર્દોષ અર્જુન! સાથે સાથે યુક્તિપૂર્વક કર્ણની ઇન્દ્રદત્ત શક્તિને પણ વાપરી નખાવી છે. હે પાંડુપુત્ર! જેઓ ધર્મનો નાશ કરનારા છે, તેઓને ધર્મનું સ્થાપન કરવામાટે મારે મારીજ નાખવા, આવી મારી શાશ્વતી પ્રતિજ્ઞા છે. તારી પાસે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યપૂર્વક સોગંદ ખાઇને કહું છું કે, જે સ્થળે બ્રહ્મચર્ય છે, સત્ય છે, ઇંદ્રિયનિગ્રહ છે, બાહ્યાભ્યંતર પવિત્રતા છે, ધર્મ છે, નમ્રતા છે, લક્ષ્મી છે, ધૈર્ય છે અને ક્ષમા છે, તે સ્થળે હું નિત્ય નિવાસ કરૂં છું. હવે સૂર્યપુત્ર કર્ણને માટે તારે જરાએ મનમાં મુઝાવું નહિ. હું તને એવો ઉપાય બતાવીશ, કે જેથી તું એનો વધ કરી શકીશ; અને હે પાંડુપુત્ર! ભીમસેન દુર્યોધનનો યુદ્ધમાં વધ કરશે. તેના નાશનો ઉપાય પણ હું તને કહીશ. તું નિશ્ચિંત રહેજે; પણ આ સમયે તો શત્રુઓની સેનાપ્રત્યે આ તુમુલ શબ્દ વધતો જાય છે, તારાં સૈન્યો દશેય દિશાઓમાં નાસી રહ્યાં છે અને આ સર્વ કૌરવ યોદ્ધાઓ બરાબર લાગ જોઇ જોઇને સેનાનો સંહાર કરી રહ્યા છે; તેમજ યોદ્ધાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય તમારાં સૈન્યોને બાળી રહ્યા છે, માટે તે તરફજ તું તૈયારી કર."[૨૦-૩૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં શ્રીકૃષ્ણનું વાક્ય' એ વિષયનો અધ્યાય ૧૮૧ મો સમાપ્ત

અધ્યાય ૧૮૨ મો

કર્ણે ઇંદ્રની શક્તિનો દુરુપયોગ કર્યો તેનું કારણ શું?

॥ धृतराष्ट्र उवाच ॥

एकवीरवधे मोघा शक्तिः सूतात्मजे यदा ।
कस्मात्सर्वान् समुत्सृज्य स तां पार्थेन मुक्तवान्

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:-કર્ણ પાસે રહેલી શક્તિ એકજ વીરનો વધ કરી નિષ્ફળ થનારી હતી, આમ જ્યારે તે કર્ણ જાણતો હતો; છતાં તેણે બીજા બધાને છોડીને માત્ર અર્જુનપરજ તે શક્તિ કેમ ન ફેંકી?[૧] કારણ કે તે અર્જુનનું મરણ થતાં સર્વ પાંડવો તથા સંજયો તો મુવાજ પડયા હતા, તો એકજ વીરનો વધ કરી કર્ણે યુદ્ધમાં વિજય કેમ ન કર્યો?[૨] હે સંજય! અર્જુનનું તો એવું મહાવ્રતજ છે કે, "મને કોઈ યુદ્ધ કરવા બોલાવે તો મારે પાછા ફરવું નહિ." આવા વ્રતવાળા અર્જુન પાસે કર્ણે પોતે યુદ્ધની માગણી કરવી હતી અને પછીથી તેને દ્વંદ્વ યુદ્ધમાં લાવીને ઇંદ્રે આપેલી શક્તિવડે અર્જુનને મારી નાખવો હતો; છતાં આમ નહિ કરીને ધર્મપ્રધાન કર્ણે અર્જુનને કેમ ન માર્યો, તે મને કહે.[૩,૪] ખરેખર! મારો પુત્રજ બુદ્ધિવગરનો છે અને સહાયવિનાનો હોઇને શત્રુઓથી છેતરાયો છે. એ પાપી દુર્યોધન શત્રુઓને કેવી રીતે જીતી શકે?[૫] અરેરે! જે શક્તિ કર્ણની પરમ શક્તિરૂપ હતી તથા વિજયનું પરમ આશ્રયસ્થાન હતી, તે શક્તિને ઘટોત્કચપર વપરાવી વાસુદેવે નિષ્ફળ કરી.[૬] જેમ કોઇ ઠુંઠા માણસના હાથમાં રહેલા ફળને બીજો બળવાન માણસ ઝુંટવી લે છે, તેમ કર્ણના હાથમાં આવેલી અમોઘ શક્તિને ઘટોત્કચનાપર વપરાવી નાખી વાસુદેવે ઝુંટાવી લીધી છે.[૭] જેમ ભુંડ અને કુતરાની લડાઇમાં તેઓ બન્નેનો આખર વિનાશ થતાં ચાંડાલને લાભ થઈ જાય છે, તેમ આ કર્ણ અને ઘટોત્કચની લડાઇમાં વાસુદેવને લાભ થયો છે, એમ હું માનું છું.[૮] વળી મને લાગે છે કે, ઘટોત્કચને તથા કર્ણને લડાવામાં શ્રીકૃષ્ણનો હાથ હશે. "જો કદાચ કર્ણને ઘટોત્કચ મારી નાખશે, તોપણ પાંડવોને ઉત્કૃષ્ટ લાભ થશે; અને કર્ણ જો કદાચ ઘટોત્કચને મારશે, તોપણ તેની શક્તિનો વિનાશ થતાં પાંડવોનું કામ થઇ જશે." આવો બુદ્ધિપૂર્વક વિચાર કરીનેજ બુદ્ધિમાન પુરુષસિંહ વાસુદેવે, પાંડવોનું પ્રિય તથા હિત કરવામાટે કર્ણદ્વારા ઘટોત્કચનો વિનાશ કરાવ્યો તથા સાથે સાથે ઇંદ્રની શક્તિનો પણ વિનાશ કરાવ્યો.[૯,૧૦]

સંજયે કહ્યું:-" ઇંદ્રે આપેલી શક્તિથી અર્જુનને મારવો છે;" આવી કર્ણની ઇચ્છાને જાણી લઇનેજ મધુસૂદને રાક્ષસરાજ ઘટોત્કચને દ્વંદ્વયુદ્ધમાં યોજ્યો હતો;[૧૧] અને તે રીતેજ અમોઘ શક્તિનો નાશ કરવામાટે મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણે મહાવીર્યવાન ઘટોત્કચને તમારા દુષ્ટ વિચારોના પરિણામે મરાવી નખાવ્યો છે.[૧૨] હે કુરુવંશી રાજા! શ્રીકૃષ્ણ મહારથી કર્ણથી અર્જુનની રક્ષા ન કરે, તો તેજ સમયે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણું કાર્ય પરિપૂર્ણ થઇ જાય.[૧૩] હે ધૃતરાષ્ટ્ર રાજા ! યોગેશ્વર જનાર્દનવિના તો અર્જુન ઘોડા, ધ્વજ અને રથસહિત યુદ્ધભૂમિપર જરૂર પડેજ. ૧૪ હે રાજા ! અનેક ઉપાયોથી શ્રીકૃષ્ણ અર્જુનની રક્ષા કર્યા કરે છે અને શ્રીકૃષ્ણના રક્ષણતળે રહીનેજ અર્જુન શત્રુઓની સન્મુખ ઉભો રહી તેઓને જીતે છે.[૧૫] તેમાં પણ કર્ણની અમોઘ શક્તિથી તો ખાસ કરીને શ્રીકૃષ્ણે અર્જુનની રક્ષા કરી છે; નહિ તો તત્કાળ વજ્ર જેમ વૃક્ષનો નાશ કરે, તેમ તે શક્તિ અર્જુનનો નાશ કરી નાખત.[૧૬]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–મારો પુત્ર બુદ્ધિહીન સલાહકારોને પાસે રાખી સર્વની સાથે વિરોધ કરી બેઠો છે; અને પોતાનામાં બુદ્ધિ નથી, છતાં પોતે બુદ્ધિમાન હોવાનો ફાંકો ધરાવે છે; કારણકે તેની બુદ્ધિહીનતાને પરિણામેજ અર્જુનનો વધ કરવામાટેનો ખરેખરો ઉપાય તેની નજર આગળથી પસાર થઇ ગયો છે.[૧૭] રે ! પણ મહાબુદ્ધિમાન તથા સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા કર્ણેજ તે અમોઘ શક્તિને અર્જુનપર કેમ ન ફેંકી ?[૧૮] અને વળી ઓ ગાવલ્ગણ સંજય ! તું પણ એ વાતને કેમ ભૂલી ગયો ? તેમજ હે મહાબુદ્ધિમાન સંજય ! તેં પોતેજ એ વાતની કર્ણને કેમ સમજ ન પાડી ? તે મને કહે.[૧૯]

સંજયે કહ્યું:–અરે ! અમે કંઈ એ ભૂલ્યા ન હતા. દુર્યોધન, શકુનિ, હું તથા દુઃશાસન દર રાત્રિએ કર્ણપાસે નિત્યનીજ પ્રાર્થના કર્યા કરતા હતા[૨૦] કે, " હે કર્ણ ! આવતી કાલે તું સર્વ સૈન્યોને પડતાં મૂકી અર્જુનનેજ મારી નાખજે; જેથી તે માર્યો જતાં પાંડવો તથા પાંચાલોનો અનુચરોની પેઠે આપણે ઉપયોગ કરીશું[૨૧] અથવા જો કદાચ અર્જુનના મરણ પછી પાંડવોમાંના કોઇએકને કૃષ્ણ મુખ્ય કરી સ્થાપશે એવી આપણને શંકા રહેતી હોય તો આ શક્તિથી તે કૃષ્ણનેજ તું મારી નાખજે; કારણકે પાંડવોનું મૂળ કહીએ તો તે કૃષ્ણજ છે. અર્જુન એક થડતરીકે ઉત્પન્ન થયો છે, બીજા પાંડવો ડાળીઓતરીકે નીપજ્યા છે અને પાંચાલો પાંદડાં તરીકે છે.[૨૨,૨૩] માટે પાંડવોને કૃષ્ણનોજ આશ્રય છે, કૃષ્ણનુંજ બળ છે, કૃષ્ણજ તેઓનો નાથ છે અને નક્ષત્રોને જેમ ચંદ્રમા પરમ આશ્રયસ્થાન હોય છે, તેમ એ પાંડવોને કૃષ્ણજ પરમ આશ્રયસ્થાન છે;[૨૪] તેથી હે કર્ણ ! પાંદડાં, શાખાઓ તથા થડનો પરિત્યાગ કરી કૃષ્ણનેજ પાંડવોના મૂળતરીકે તું સર્વદા સર્વ સ્થળે જાણ."[૨૫] આમ પ્રતિરાત્રે અમે કર્ણને કહ્યા કરતા. હે ધૃતરાષ્ટ્રરાજા ! વસ્તુતઃ તે અમે ખરૂંજ કહેતા; કારણકે જો કદાચ કર્ણ દાશાર્હવંશના યાદવનંદન શ્રીકૃષ્ણને મારી નાખે, તો આ સમગ્ર પૃથ્વી તેના તાબામાં આવી જાય, એમાં સંશય નથી.[૨૬] જો કદાચ મહાત્મા કૃષ્ણ મરણ પામીને ભૂમિપર શયન કરી જાય,તો હે નરેંદ્ર ! પર્વતો, સમુદ્રો અને વનોસહિત આ સર્વ પૃથ્વી તમારે તાબે થઈ જાય;[૨૭] અને કર્ણે પણ તે બાબતનો મનમાં દૃઢ નિશ્ચય કર્યો હતો, છતાં યુદ્ધકાળ ઉપસ્થિત થતાં દેવેશ્વર અપ્રમેય શ્રીકૃષ્ણની ત્યાં હયાતિ છતાં કર્ણને તે બાબતનું કંઇ ભાનજ રહ્યું ન હતું;[૨૮] તેમજ એ કેશવ પણ રાધાપુત્ર કર્ણથી અર્જુનની સદા રક્ષા કર્યાજ કરે છે અને તે શક્તિના કારણથીજ કર્ણસામે યુદ્ધમાં અર્જુનને ઉભો રાખવા કૃષ્ણને ઇચ્છા થતી ન હતી.[૨૯] હે રાજા ! " કર્ણની પાસે રહેલી અમોઘ શક્તિને કેવી રીતે હું નિષ્ફળ કરૂં ? " આવા વિચારોને મનમાં ઘોળી રાખીને કૃષ્ણ, મોટા મોટા બીજા મહારથીઓને કર્ણસામે યુદ્ધમાં મોકલતા હતા.[૩૦] હે રાજા ! ઉદાર મનવાળા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આ રીતે કર્ણથી અર્જુનની રક્ષા કર્યા કરે છે,તો પોતે પોતાની રક્ષા કેમ ન કરે ?[૩૧] ચક્રના આયુધવાળા શત્રુદમન શ્રીકૃષ્ણના સંબંધમાં વિચાર કરીને મને તો એમજ દેખાય છે કે, આ ત્રણેય જગતમાં તેવો એક પણ પુરુષ નથી કે જે જનાર્દનનો યુદ્ધમાં પરાજય કરે.[૩૨]

વળી પાછા સંજયે ધૃતરાષ્ટ્રરાજાપ્રત્યે કહ્યું:– હે રાજા ધૃતરાષ્ટ્ર ! ઘટોત્કચનો વધ થઈ ગયા પછી રથીયોદ્ધાઓમાં સિંહસરખા સત્યપરાક્રમી મહારથી સાત્યકિએ, મહાબાહુ શ્રીકૃષ્ણપ્રત્યે કર્ણના સંબંધમાં આવો પ્રશ્ન પૂછ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો:-[૩૩] "હે કૃષ્ણ! આ વાત નિઃશંક છે કે, કર્ણની પાસે અમાપ પરાક્રમ કરનારી અમોઘ શક્તિ હતી; છતાં તેણે અર્જુનના પર તે શક્તિને કેમ ન ફેંકી?"[૩૪]

તે સાંભળી વાસુદેવે કહ્યું:-" દુઃશાસન, કર્ણ, શકુનિ તથા જયદ્રથરાજા દુર્યોધનની આગળ બેસી નિરંતર આ વિષયની મસલત ચલાવ્યા કરતા.[૩૫] તે વેળા તેઓ બધા કર્ણપ્રત્યે કહેતા કે, "હે મોટા ધનુર્ધારી અમાપ પરાક્રમવાળા કર્ણ! હે જય કરનારાઓમાં શ્રેષ્ઠ! પાંડવો સામેના યુદ્ધપ્રસંગે બીજા કોઇનાપર તારે આ શક્તિ ફેંકવી નહિ.[૩૬] માત્ર કુંતીના મહારથી પુત્ર અર્જુનનાપરજ આ શક્તિ તારે ફેંકવી;કારણકે દેવોમાં જેમ ઇંદ્ર અતિ યશસ્વી છે, તેમ પાંડવોમાં તે અર્જુન અતિ યશસ્વી છે.[૩૭] જો કોઈ રીતે અર્જુનનુંજ યુદ્ધમાં મરણ થશે, તો અગ્નિરહિત થયેલા દેવોની પેઠે બાકી રહેલા પાંડવો તથા સૃંજયો અવશ્ય પ્રાણહીન થઇજશે." દુર્યોધન આદિનાં તે વચનો સાંભળીને કર્ણે પણ "તથાસ્તુ" એમ પ્રતિજ્ઞા કરી હતી; તેમજ હે શિનિપુંગવ સાત્યકિ! તે સમયથી આરંભી કર્ણના હૃદયમાં નિત્ય ગાંડીવ ધનુર્ધર અર્જુનનો વધ પ્રત્યક્ષ દેખાયા કરતો હતો;[૩૯]પણ હે યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ સાત્યકિ! રાધાપુત્ર કર્ણને હુંજ મોહ પમાડી દઉં છું અને તેથીજ તેણે શ્વેત ઘોડાઓવાળા અર્જુનપર શક્તિ ફેંકી ન હતી.[૪૦] હે સાત્યકિ! કર્ણ પાસે રહેલી શક્તિ અર્જુનના મૃત્યુરૂપ છે, આવો નિરંતર વિચાર કરતાં મને નિદ્રા પણ આવી નહિ તેમ કોઈ જાતનો હર્ષ પણ થતોનહિ;[૪૧] પરંતુ હે શિનિપુંગવ! આ સમયે ઘટોત્કચના પર તે શક્તિને વપરાઈ ગયેલી જોઈ આજે અર્જુનને મૃત્યુના મુખમાંથી છૂટી ગયેલો હું જોઉં છું.[૪૨] યુદ્ધના પ્રસંગોમાં અર્જુનને બચાવી લેવાની જેટલી મને કાળજી રહે છે, તેટલી પિતા, માતા, તમે, ભાઇઓ તથા મારા પ્રાણોને પણ બચાવી લેવા મને રહેતી નથી.[૪૩] હે યદુવંશી સાત્યકિ! વધારે તને શું કહું? પણ ત્રૈલોક્યના રાજ્ય કરતાંએ અતિ દુર્લભ બીજી હરકોઇ વસ્તુને કુંતાપુત્ર અર્જુનવિના હું નજ ઇચ્છું.[૪૪] હે યુયુધાન! મરણ પામીને જાણે પાછો આવ્યો હોય તેવા અર્જુનને જોઇને આજે મને અતિ મહાન હર્ષ થઇ રહ્યો છે;[૪૫] અને અર્જુનની રક્ષા કરવાના કારણથીજ મેં આજની રાત્રિમાં રાક્ષસ ઘટોત્કચને કર્ણસામે યુદ્ધ કરવા મોકલ્યો હતો. આ સિવાય તેમાં એક બીજું કારણ પણ હતું કે, કર્ણને બરાબર હંફાવવામાટે એ રાક્ષસવિના બીજો કોઇ સમર્થ ન હતો."[૪૬]

સંજયે કહ્યું:-આ પ્રમાણે તે સમયે દેવકિનંદન શ્રીકૃષ્ણ કે જે નિત્ય અર્જુનનું હિત કરવામાં યુક્ત હતા તથા તેનું પ્રિય કરવામાં સદા આસક્ત હતા તેમણે સાત્યકિને કહ્યું હતું.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં રાત્રિયુદ્ધમાં શ્રીકૃષ્ણનું વાક્ય' એ વિષયનો અધ્યાય ૧૮૨ મો સમાપ્ત

અધ્યાય ૧૮૩ મો

યુધિષ્ઠિરનો કોપ અને વ્યાસનાં સાંત્વનાવચનો

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

कर्णदुर्योधनादीनां शकुनेः सौबलस्य च ।
अपनीतं महत्तात तव चैव विशेषतः ॥ १ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું:-તે શક્તિના દુરૂપયોગના સંબંધમાં કર્ણ, દુર્યોધન, સુબલપુત્ર શકુનિ આદિ સર્વનો મહાન અપરાધ છે; તેમાં વળી તારો તો ખાસ ગણાય.[૧] તમે બધા જાણતાજ હતા કે, રણમાં ઇંદ્રસહિત દેવોથી પણ વારી ન વરે તેવી અસહ્ય તે શક્તિ માત્ર એકજ વીરનો નાશ કરનારી હતી;[૨] છતાં રણસંગ્રામની શરૂઆતમાં પ્રથમજ કર્ણે તે શક્તિને અર્જુન અથવા શ્રીકૃષ્ણપર કેમ ન ફેંકી?

સંજયે કહ્યું:-હે કુરુકુળના શ્રેષ્ઠ રાજા! પ્રતિદિન સંગ્રામમાંથી પાછા ફર્યા પછી અમારા બધાની એજ મસલત થયા કરતી કે, "હે કર્ણ! કાલે પ્રભાત થતાંજ કેશવ અથવા અર્જુનપર તારે આ શક્તિ ફેંકવી." આવો નિત્ય વિચાર કર્યાછતાં પ્રભાતસમયે કર્ણની તથા બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ યોદ્ધાઓની બુદ્ધિને દૈવો નાશ કરી નાખતા હતા;[૪–૬] માટે એ બાબતમાં હું તો દૈવનેજ સર્વોત્કૃષ્ટ કારણ માનું છું, કારણકે તેવી અતુલ પ્રભાવવાળી શક્તિ પોતાના હાથમાં હતી; છતાં કર્ણ અર્જુનને અથવા શ્રીકૃષ્ણને રણમાં મારી શક્યો નહિ.[૭] ઉદય પામેલી કાળરાત્રિસરખી તે મહાશક્તિ પોતાના હાથમાં હતી; છતાં કર્ણે, દૈવી માયાથી મોહિત થઇને અથવા દૈવે નષ્ટ કરેલી બુદ્ધિને આધીન થઇને શ્રીકૃષ્ણ અથવા અર્જુનના પર તેનો પ્રયોગ કર્યો નહિ.[૮,૯]

ધૃતરાષ્ટ્રે કહ્યું:–ખરેખર! તમને દૈવેજ મારી નાખ્યા છે અથવા કેશવની બુદ્ધિથી કે તમારી પોતાની બુદ્ધિથી તમે માર્યા ગયા છો. એક તૃણસરખા ક્ષુદ્ર ઘટોત્કચનો વિનાશ કરી તે ઐંદ્રી શક્તિ ચાલી ગઇ છે.[૧૦] ખરેખર, તેજ દુર્નીતિને પરિણામે કર્ણ, મારા પુત્રો તથા બીજા સર્વ રાજાઓ યમલોકમાં ચાલ્યા ગયા છે.[૧૧] હવે, તે સમયે ઘટોત્કચનો વધ થયા પછી કૌરવો અને પાંડવોનું ફરીથી જે પ્રમાણે યુદ્ધ થયું હતું, તેજ મને કહે. પોતપોતાનાં સૈન્યોને ગોઠવી દઇ તે સૃંજયો તથા પાંચાલયોદ્ધાઓ દ્રોણાચાર્યસામે જ્યારે ધસી ગયા હતા, ત્યારે તેઓએ કેવી રીતે રણસંગ્રામ કર્યો હતો?[૧૩] તેમજ ભૂરિશ્રવા અને જયદ્રથરાજાના વધથી થયેલા કોપને લીધે પોતાના જીવિતની પણ દરકાર કર્યાવિના બગાસાં ખાતા વાઘની પેઠે તથા વિકાસેલા મુખવાળા કાળની પેઠે સેનામાં પ્રવેશ કરીને બાણો ફેંકી રહેલા દ્રોણાચાર્યસામે પાંડવો અને સૃંજયો કેવી રીતે ધસી ગયા હતા?[૧૪,૧૫] વળી એ રણમાં અશ્વત્થામા, કર્ણ, કૃપાચાર્ય તથા દુર્યોધન આદિ જે જે યોદ્ધાઓ આચાર્યનું રક્ષણ કરતા હતા, તેઓએ શું શું પરાક્રમ કર્યું હતું?[૧૬] તેમજ હે સૃંજય! દ્રોણાચાર્યને મારી નાખવા ઇચ્છતા અર્જુન તથા ભીમસેનપર મારા યોદ્ધાઓ કેવી રીતે તૂટી પડ્યા હતા? તે મને કહે.[૧૭] સિંધુરાજાના વધથી કોપેલા કૌરવોએ તથા ઘટોત્કચના વધથી કોપેલા પાંડવોએ એ રાત્રિમાં કેવો રંગ મચાવ્યો હતો? તે મને યથાર્થ કહે.[૧૮]

સંજયે કહ્યું:–હે રાજન્! એ રાત્રિમાં કર્ણે રાક્ષસ ઘટોત્કચને જ્યારે મારી નાખ્યો, ત્યારે હર્ષમાં આવી ગયેલા તમારા યોદ્ધાઓ યુદ્ધ કરવાની ઇચ્છાથી ગર્જનાઓ કરી રહ્યા અને પછી પાંડવો જ્યારે વેગપૂર્વક ધસી આવ્યા, ત્યારે પોતાના સૈન્યનો નાશ થઇ રહ્યો. તે જોઇ એ ગાઢ રાત્રિમાં રાજા યુધિષ્ઠિર પરમ દીન થઈ ગયા અને તે મહાબાહુ ભીમસેનપ્રત્યે કહેવા લાગ્યા કે:–"હે મહાબાહુ! આ કૌરવી સેનાને હવે તુંજ અટકાવજે. ઘટોત્કચના મરણથી મને તો મહાન શોક થઇ રહ્યો છે." આમ આજ્ઞા કરીને યુધિષ્ઠિર પોતાના રથમાં બેસી રહ્યા. એ વેળા તેમનું મુખ અશ્રુઓથી ભરાઈ ગયું હતું તથા વારંવાર નિઃશ્વાસ નાખતાં કર્ણના ઘોર પરાક્રમને જોઇને ગભરાટમાં પડી ગયા હતા.[૧૯–૨૩] એ રીતે તેમને ગભરાયેલા જોઇ શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું:–"હે કુંતીપુત્ર! તમે ગભરાઓ નહિ. હે ભરતશ્રેષ્ઠ! તમારા જેવા મહાન પુરુષવિષે સામાન્ય મનુષ્યના જેવી આ વિકળતા છાજતી નથી; માટે હે સમર્થ રાજા! ઉઠો! ઉભા થાઓ, બરાબર યુદ્ધ કરો અને આ મોટી ધુરાને ઉઠાવી લ્યો. તમે પોતેજ ઉઠીને આમ જ્યારે ગભરાટમાં પડી જશો, તો જરૂર આપણા વિજયમાં સંશય આવી પડશે."

શ્રીકૃષ્ણનાં એ વચનો સાંભળી ધર્મરાજા યુધિષ્ઠિર બે હાથવતી નેત્રોને લુછી નાખી તેમનાપ્રત્યે બોલ્યા:–"હે મોટી ભુજાવાળા શ્રીકૃષ્ણ! જગતમાંના સર્વ ધર્મોની પરમ ગતિ મારા જાણવામાં છે. જે પુરુષ પોતાનાપર કરેલા ઉપકારોને સમજતો નથી, તેને બ્રહ્મહત્યા કરવા જેટલું દુષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. આ મહાત્મા ઘટોત્કચે અમે જ્યારે વનવાસમાં હતા, ત્યારે પોતે બાળક હતો છતાં અમને ઘણી ઘણી સહાય કરી છે. શ્વેતવાહન અર્જુન અસ્ત્ર મેળવવા માટે ગયો છે, આમ જાણીને તે મોટા ધનુષ્યવાળો ઘટોત્કચ, કામ્યકવનમાં મારી પાસે આવ્યો હતો અને અર્જુન આવ્યો ત્યાંસુધી અમારી સાથે રહ્યો હતો.[૨૪–૩૦] અમારી ગંધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માદન તરફની યાત્રા વેળાએ પણ તેણે અમને સંકટોમાંથી ઉગાર્યા છે; અને તે વેળા જ્યારે દ્રૌપદી થાકી ગઇ હતી, ત્યારે એ મહાત્માએ તેને પોતાની પીઠપર બેસાડી દીધી હતી.[૩૧] હે પ્રભુ ! વળી આ મહાયુદ્ધમાં આરંભમાંથીજ દરેક યુદ્ધોમાં તેણે મારે માટે દુષ્કર કર્મ કર્યું છે. હે જનાર્દન ! સહદેવના પર મને જે સ્વાભાવિક પ્રીતિ છે, તેજ પરમ પ્રીતિ રાક્ષસરાજ ઘટોત્કચ-પર મને હતી.[૩૩] એ મહાબાહુ મારો ભક્ત હતો, હું એને પરમ પ્રિય હતો અને તે મને પણ પરમ પ્રિય હતો. તે કારણથી હે યદુવંશી કૃષ્ણ ! મને શોકથી સંતાપ થાય છે તથા ગભરામણ થઇ જાય છે.[૩૪] વળી આમ જુઓને, કૌરવો મારાં સૈન્યોને કેવા નસાડી રહ્યા છે ? મહારથી દ્રોણાચાર્ય અને કર્ણ તો યુદ્ધમાં કેડ બાંધીને તૂટી પડયા છે. આ મધ્યરાત્રિના સમયે પાંડવોના સૈન્યને તેઓ બંનેનાં સૈન્યોએ કૂટીજ નાખ્યું છે. મદમત્ત બે મહાગજો જેમ નલઘાસના મોટા વનને ખુંદી નાખે, તેમ તેઓ બંને જણા મારાં સૈન્યોને ખુંદી નાખે છે;[૩૫,૩૬] અને હે માધવ ! પેલા કૌરવો પણ ભીમસેનના બન્ને બાહુઓના બળનો તથા અર્જુનનાં જાતજાતનાં અસ્ત્રોનો અનાદર કરીને કેવાં પરાક્રમ કરી રહ્યા છે![૩૭] આ દ્રોણાચાર્ય, કર્ણ તથા રાજા દુર્યોધન યુદ્ધમાં રાક્ષસને મારી નાખી હર્ષની ગર્જનાઓ કરી રહ્યા છે.[૩૮]

હે જનાર્દન ! અમે અને તમે બધા જીવતા હતા; છતાં કર્ણની સામે ભેટો કરી ઘટોત્કચ મૃત્યુને કેમ પામ્યો ?[૩૯] ખરેખર ! આપણ બધાને તુચ્છ ગણી કાઢીને અર્જુનના દેખતાં ભીમપુત્ર રાક્ષસ ઘટોત્કચ રણમાં મરાયો છે. જે વેળા દુષ્ટાત્મા કૌરવોએ અભિમન્યુને મારી નાખ્યો, તે વેળા તો મહારથી અર્જુન તે યુદ્ધમાં ન હતો;[૪૧] તેમજ અમને બધાને પણ દુષ્ટાત્મા જયદ્રથે અટકાવી દીધા હતા. તમે મને જો ખરૂં પૂછતા હો તો તે અભિમન્યુના વધરૂપ કર્મમાં પુત્રસહિત દ્રોણાચાર્યજ નિમિત્તરૂપ થયા હતા અને તેમણેજ પોતે અમારા ગુરુ થઇને પણ અભિમન્યુના વધનો ઉપાય કર્ણને બતાવ્યો હતો; જેથી તરવારવતી લડી રહેલા તે અભિમન્યુના ખડ્ગને કર્ણે બે ટુકડા કરી કાપી નાખ્યું હતું. પછી જ્યારે અભિમન્યુ સંકટમાં આવી પડયો, ત્યારે કૃતવર્માએ એક ઘાતકી મનુષ્યની પેઠે તેના ઘોડાઓને તથા બન્ને પૃષ્ઠરક્ષકો સહિત સારથિને એકાએક મારી નાખ્યા હતા; અને તે પછી બીજા મોટા ધનુર્ધરોએ એકઠા મળી અભિમન્યુને યુદ્ધમાં પાડયો હતો. હે કૃષ્ણ ! આથી ગાંડીવધનુર્ધર અર્જુને એક અલ્પ કારણમાટે સિંધુરાજાને મારી નાખ્યો, તે મને અતિ પ્રિય નથીજ. પાંડવોએ શત્રુઓનો વધ કરવો જો યોગ્યજ હોય તો કર્ણ અને દ્રોણાચાર્યનેજ રણમાં પ્રથમ મારી નાખવા જોઇએ, એવું મારૂં માનવું છે; કારણકે હે પુરુષશ્રેષ્ઠ ! અમારાપર પડેલાં સર્વ દુઃખોનું મૂળકારણ તો તેઓ બન્નેજ છે. [૪૨-૪૭] વળી તેઓ બન્નેને આ યુદ્ધમાં મેળવીનેજ દુર્યોધન નિરાંતે મહાલી રહ્યો છે. જ્યાં દ્રોણાચાર્ય અને કર્ણનેજ પરિવારસહિત મારી નાખવા જોઇએ,ત્યાં મહાબાહુ અર્જુન ! દૂર વસતા સિંધુરાજાને મારી બેઠો છે; પણ ઠીક છે, હું પોતેજ હવે કર્ણને અવશ્ય શિક્ષા કરીશ અને તે માટેજ હે વીર! હું જાતે કર્ણનો નાશ કરવાસારૂ આ પગલે જાઉંછું. મહાબાહુ ભીમસેન દ્રોણાચાર્યના સૈન્ય સાથે લડી રહ્યો છે." ૪૮-૫૦

આમ કહીને રાજા યુધિષ્ઠિર પોતાના મહાન ધનુષ્યનો ટંકારવ કરી ભયંકર શંખનાદ કરતા ઉતાવળા ઉતાવળા એકદમ ચાલ્યા ગયા. તે જોઈ એકહજાર રથો, ત્રણસો હાથીઓ,પાંચ હજાર ઘોડેસ્વારો તથા બીજા કેટલાએક પાંચાલો અને પ્રભદ્રક યોદ્ધાઓને સાથે લઇ શિખંડી, રાજા યુધિષ્ઠિરની પાછળ ઝપાટાબંધ ચાલી નીકળ્યો. તે સમયે યુધિષ્ઠિરની આગેવાની હેઠળ રહેલા પાંડવો તથા કવચધારી પાંચાલો ભેરીઓ વગાડવા લાગ્યા તથા શંખો ફુંકવા લાગ્યા. આમ એકાએક યુધિષ્ઠિરને કર્ણસામે જતા જોઇ મહાબાહુ વાસુદેવ અર્જુનને કહેવા લાગ્યાઃ-" ક્રોધાવેશમાં આવી ગયેલા આ યુધિષ્ઠિર, ઉતાવળા ઉતાવળા કર્ણનો વધ કરવામાટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધસ્યા જાય છે; માટે તેમની ઉપેક્ષા કરવી યોગ્ય નથી." આમ કહીને શ્રીકૃષ્ણે ઘોડાઓને વેગથી દોડાવ્યા અને દૂર નીકળી ગયેલા રાજા યુધિષ્ઠિરની પાછળ તે જઈ પહોંચ્યા.[૫૧-૫૬]

તે સમયે કર્ણનો નાશ કરવાની ઇચ્છાથી એકાએક ધસી જતા અને અગ્નિથી જાણે બળતા હોય,તેમ શોકથી નષ્ટ થયેલા સંકલ્પવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિરને જોઇને ભગવાન વેદવ્યાસ તેમની પાસે આવ્યા અને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ-

"હે યુધિષ્ઠિરરાજા ! આ સંગ્રામમાં કર્ણસામે ભેટો કરીને પણ અર્જુન હજી જીવે છે, તે એક સુદૈવની વાત છે; કારણ કે તે કર્ણે અર્જુનના વધની આકાંક્ષા રાખીનેજ આજ દિવસસુધી તે શક્તિને પોતાની પાસે રાખી મૂકી હતી. વળી આજની રાત્રિના મહારણમાં અર્જુન, કર્ણસામે દ્વંદ્વયુદ્ધ કરવા ન ગયો તે પણ તમારાં અહોભાગ્યજ સમજવાં; કારણ કે અન્યોન્યની નિત્ય સ્પર્ધા કરનારા તેઓ બન્ને જણા જો આજે ભેટ્યા હોત, તો અન્યોન્યસામે દિવ્ય અસ્ત્રો છોડત અને પોતાનાં સર્વ અસ્ત્રોનો નાશ થઈ જતાં સંકટમાં આવી પડેલો તે કર્ણ અર્જુનનાપર તે ઐન્દ્રી શક્તિ જરૂર ફેંકત; અને તેના પરિણામમાં હે ભરતશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! તમારાપર ઘોર સંકટ આવી પડત, માટે હે માન આપનારા રાજા! કર્ણે શક્તિનો ઉપયોગ કરી યુદ્ધમાં રાક્ષસ ઘટોત્કચને મારી નાખ્યો છે, તે ઉલટું સારૂંજ થયું છે. વળી તે ઘટોત્કચ પણ ઇંદ્રની શક્તિના કારણેજ કાળે કરી વિનાશ પામ્યો છે. હે તાત ! તમારા કારણેજ તે રાક્ષસ રણમાં માર્યો ગયો છે,માટે હે ભરતશ્રેષ્ઠ ! ક્રોધ ન કરો અને મનમાં શોક પણ ન કરો;[૫૭-૬૩] કારણકે જગતનાં સર્વ પ્રાણીઓની આખરે આજ સ્થિતિ છે, માટે પોતાના મહાત્મા ભાઈઓ તથા સર્વ રાજાઓની સાથમાં રહી કૌરવોસામે યુદ્ધ કર્યા કરો અને નિશ્ચિંત રહો. આજથી પાંચમે દિવસે આ પૃથ્વી તમારી થશે.[૬૪,૬૫] હે પુરુષવ્યાઘ્ર પાંડુપુત્ર ! તમે નિત્ય ધર્મનુંજ ચિંતન કર્યા કરો તથા પરમ પ્રસન્ન થઈ દયા, તપ, દાન, ક્ષમા અને સત્યનુંજ સેવન કરો. વળી વધારામાં યાદ રાખો કે, 'यतो धर्मस्ततो जयः- જ્યાં ધર્મ છે ત્યાં જય છે.' ભગવાન વેદવ્યાસ પાંડવ યુધિષ્ઠિરરાજાને એ પ્રમાણે કહીને ત્યાંજ અદૃશ્ય થઇ ગયા.[૬૬-૬૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ ઘટોત્કચવધ પર્વમાં 'રાત્રિયુદ્ધમાં વ્યાસનાં વચનો' એ વિષયનો અધ્યાય ૧૮૩ મો સમાપ્ત

ઘટોત્કચવધ પર્વ સમાપ્ત

द्रोणवध पर्व

અધ્યાય ૧૮૪ મો

બન્ને પક્ષનાં સૈન્યો રણમાંજ નિદ્રામાં !

॥ संजय उवाच ॥

व्यासेनैवमथोक्तस्तु धर्मराजो युधिष्ठिरः ।
स्वयं कर्णवधाद्वीरो निवृत्तो भरतर्षभ ॥ १ ॥

સંજયે કહ્યું:-હે ભરતશ્રેષ્ઠ ધૃતરાષ્ટ્રરાજા ! વ્યાસભગવાનના એ કથનપરથી વીર ધર્મરાજા યુધિષ્ઠિર, પોતે કર્ણનો વધ કરવા જતા અટકી પડ્યા;[૧] પણ ઘટોત્કચને કર્ણે મારી નાખ્યો હતો, તેથી એ રાત્રિમાં ધર્મરાજા યુધિષ્ઠિર દુઃખ તથા ક્રોધને વશ થઇ ગયા હતા;[૨] જેથી તેમણે ભીમસેનને એકલાને તમારી મોટી સેનાને અટકાવી રહેલો જોઇ ધૃષ્ટદ્યુમ્નને કહ્યું:-"ઓ ધૃષ્ટદ્યુમ્ન ! તું દ્રોણાચાર્યને અટકાવી દે, તારે કોઈ જાતનો ભય રાખવાની જરૂર નથી. ખાસ દ્રોણાચાર્યનો નાશ કરવામાટેજ તું બાણ,કવચ, તરવાર અને ધનુષ્ય ધારણ કરી શત્રુઓને તપા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતો અગ્નિમાંથી ઉત્પન્ન થયો છે; માટે હર્ષભેર દ્રોણાચાર્ય સામે રણમાં ધસી જા. જનમેજય, શિખંડી,દ્રુમુખનોપુત્ર યશોધર આદિ યોદ્ધાઓ પણ ચારેબાજુથી દ્રોણાચાર્યસામાજ હર્ષપૂર્વક ધસારો કરી જાય; તેમજ નકુલ, સહદેવ, દ્રૌપદીના પુત્રો, પ્રભદ્રકો, પુત્રો તથા ભાઇઓસહિત દ્રુપદ અને વિરાટરાજા, સાત્યકિ, કેકયો તથા પાંડવ અર્જુન સુદ્ધાં એકલા દ્રોણાચાર્યનોજ વધ કરવાની ઇચ્છાથી વેગપૂર્વક ધસી જાય; અને બીજા સર્વ રથીયોદ્ધાઓ, હાથીસ્વારો, ઘોડેસ્વારો તથા પદાતિઓ-સર્વ મહારથીઓ દ્રોણાચાર્યનેજ રણમાં પાડી નાખે તેમ કરો."આ રીતે મહાત્મા યુધિષ્ઠિરની આજ્ઞા થતાંજ તેઓ સર્વ પાંડવયોદ્ધાઓ, દ્રોણાચાર્યનો વધ કરવાની ઇચ્છાથી વેગપૂર્વક ધસી ગયા. તે પાંડવસૈનિકો સર્વોદ્યોગથી પોતાની સામા ચઢી આવતા જોઈ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યે પણ તેઓ સામે યુદ્ધ કરવાનો સ્વીકાર કરી લીધો. રાજા દુર્યોધન પણ મનમાં દ્રોણાચાર્યના જીવિતની ઇચ્છા રાખી, સર્વ યુદ્ધસામગ્રીથી સજ્જ થઈ ક્રોધપૂર્વક પાંડવોસામે ચઢી આવ્યો. પછી તુરત અન્યોન્ય સામે ગર્જનાઓ કરતા પાંડવો અને કૌરવોનું યુદ્ધ ચાલુ થયું. એ વેળા સૈન્યોમાંનાં સર્વ વાહનો તથા સૈનિકો થાકીને લોથ થઇ ગયા હતા. તેઓ બધા નિદ્રાને લીધે એટલા બધા આંધળાભીંત થઇ ગયા હતા તથા એટલા બધા થાકી ગયા હતા, કે જેથી તેઓમાંના મોટા મોટા મહારથીઓ પણ રણમાં પોતાનું કર્તવ્યકર્મ કરી શકતા ન હતા. એ ઘોર સ્વરૂપવાળી ભયાનક રાત્રિ જો કે ત્રણ પ્રહર જેટલીજ હતી, છતાં સર્વના પ્રાણ હરનારી તે રાત્રિ સર્વને એકહજાર પ્રહાર જેવડી થઇ પડી હતી. તેમાંએ જેઓ એ રણમાં કપાઈ ગયા હતા તથા ઘાયલ થઇ પડયા હતા તેઓને તો વિશેષે કરી રાત્રિ લાંબી થઈ પડી હતી. જોતજોતામાં મધ્યરાત્રિનો સમય તો થઇ ગયો હતો. સર્વ ક્ષત્રિયો નિદ્રાથી અંધ બની ગયા હતા અને તેઓ બધા યુદ્ધ કરવામાં ઉત્સાહરહિત બની ગયા હતા તથા તેઓનાં મન પણ દીન થઇ ગયાં હતાં. તમારા તથા શત્રુઓના સર્વ સૈનિકો અસ્ત્રોરહિત થઇ પડયા હતા અને બાણોથી પણ ખાલી થઇ ગયા હતા; છતાં "યુદ્ધમાંથી નાસવું તે એક શરમભર્યું કૃત્ય છે" આવી માન્યતાને લીધે પોતાના ક્ષાત્રધર્મની દૃષ્ટિએ તેઓ લડયા કરતા હતા અને પોતાની સેનાનો ત્યાગ કરતા નહોતા; તોપણ કેટલાએક યોદ્ધાઓ તો નિદ્રાથી અંધ બની જઇને અસ્ત્રોને જ્યાં ત્યાં પડતાં મૂકી સૂઇ ગયા હતા. કેટલાએક રથોપર, કેટલાએક હાથીઓપર ત્યારે કેટલાએક ઘોડાઓપર શયન કરી ગયા હતા અને તેઓ એટલા બધા નિદ્રાંધ થઈ ગયા હતા,કે જેથી પોતાનું તે સમયનું કર્તવ્ય પણ સમજી શકતા ન હતા.[૧૯] એ રીતે ઉંઘી રહેલા તે યોદ્ધાઓને શત્રુપક્ષના યોદ્ધાઓ યમલોકમાં મોકલી દેતા હતા; ત્યારે અતિ બેભાન થયેલા બીજા કેટલાએકને સ્વપ્નાવસ્થામાંજ બીજા મારી નાખતા હતા. એ રણમાં કેટલાએક તો પોતાનો પણ નાશ કરી નાખતા હતા અને વળી બીજા કેટલાએક સ્વપક્ષના તથા પરપક્ષના યોદ્ધાઓનો પણ ઘાણ કાઢી નાખતા હતા. નિદ્રાને આધીન થયેલા કેટલાએક તો એ મહાયુદ્ધમાં પડયા પડયા તરેહતરેહના બકવાદો કરી રહ્યા હતા.[૨૦,૨૧] હે મહારાજા ! આપણામાંના તથા શત્રુઓમાંના ઘણા યોદ્ધાઓની નિદ્રાથી લાલચોળ આંખો થઈ રહી હતી, છતાં "યુદ્ધજ કરવું છે" આવો નિશ્ચય કરીને ઉભા રહ્યા હતા.[૨૨] તે દારુણ અંધકારમાં કેટલાએક રણશૂરા યોદ્ધાઓ નિદ્રાથી અંધ થઈ જઇને પણ રણમાં ઘૂમતા બીજા યોદ્ધાઓનો નાશ કરી નાખતા હતા.[૨૩] તેઓ બધા નિદ્રાથી એટલા બધા મોહિત થઇ ગયા હતા, કે જેથી શત્રુઓથી વધ કરાતા પોતાના આત્માને પણ જાણી શકતા ન હતા.[૨૪]

તેઓ સર્વની એવી બેભાન સ્થિતિ જાણી જઇને પુરુષશ્રેષ્ઠ અર્જુન ઉચ્ચ સ્વરે દિશાઓને ગજાવી મૂકતો આ પ્રમાણે કહેવા લાગ્યો:- "હે યોદ્ધાઓ ! તમે બધા થાકી ગયા છો, નિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રાથી અંધ બની ગયા છો, વળી તમારાં સર્વનાં વાહનોની પણ તેજ સ્થિતિ થઇ ગઈ છે. સર્વ સ્થળે અંધકાર છવાઇ ગયો છે અને સૈન્યો પણ રજ અને અંધકારને લીધે ઢંકાઈ ગયાં છે, માટે જો તમે માનતા હો તો હવે ક્ષણભર વિરામ લ્યો અને આ રણભૂમિપરજ એક મુહૂર્ત જેટલો કાળ નિદ્રા લઇ લ્યો.[૨૬,૨૭] પછી ચંદ્રમાનો જ્યારે ઉદય થાય, ત્યારે નિદ્રા અને શ્રમથી રહિત થઇ પુનઃ તમે બન્ને પક્ષના યોદ્ધાઓ સંગ્રામ કરી શકશો." હે રાજા ! ધર્મનિષ્ઠ અર્જુનનાં તે વચનો ધર્મજ્ઞ સર્વ પુરુષોને ગમ્યાં; જેથી તેઓ સર્વ માંહોમાહે કહેવા લાગ્યાઃ–" ઓ કર્ણ ! અરે ઓ કર્ણ ! યુદ્ધમાંથી હવે વિરામ લ્યો. હે દુર્યોધન ! જુઓ, આ પાંડવોની સેના યુદ્ધ કરતી વિરમી છે." આ પ્રમાણે સર્વ કોઇના કહેવાથી તથા અર્જુનની પ્રેરણાથી તે બન્ને પક્ષની સેનાઓ યુદ્ધ કરતી અટકી પડી.[૨૯–૩૧] એ વેળા મહાત્મા અર્જુનની તે ઉદાર વાણીનાં દેવો તથા ઋષિઓ એકેઅવાજે વખાણ કરવા લાગ્યા; તેમજ આનંદિત થયેલાં સર્વ સૈન્યો પણ તેની પ્રશંસા કરવા લાગ્યાં.[૩૨] પછી હે ભરતવંશી રાજા! અર્જુનનાં તે ઉદાર વચનોની પ્રશંસા કરતાં કરતાં, તે સર્વ સૈન્યો થાકને લીધે એક મુહૂર્ત જેટલો સમય સૂઇ ગયાં.[૩૩] હે ભારત ! તમારી સેનાને અર્જુનનાં વચનપરથી વિશ્રાંતિ તથા સુખ મળ્યું; જેથી તેઓ સર્વે વીર અર્જુનનાં વખાણકરવા લાગ્યાઃ–"હે મોટી ભુજાવાળા નિર્દોષ અર્જુન ! સર્વ વેદો, અસ્ત્રો, બુદ્ધિ, પરાક્રમ, ધર્મ તથા ભૂતદયા તારામાંજ વાસો કરીને રહ્યાં છે. આ સમયે વિશ્રાંતિ લઇને અમે તને આશીર્વાદ આપીએ છીએ કે, હે પાર્થ ! તારૂં કલ્યાણ થાઓ અને હે વીર! તું તારી ઇચ્છિત વસ્તુઓને શીઘ્ર પામ."[૩૪–૩૬] આ રીતે પુરુષવ્યાઘ્ર અર્જુનની પ્રશંસા કરતા તે સર્વ મહારથીઓ નિદ્રાવશ થઈ ગયા– સર્વે શાંત થયા.[૩૭] એ વેળા કેટલાએક ઘોડાઓની પીઠપર સૂઇ રહ્યા, કેટલાએક રથોના માળામાં, કેટલાએક હાથીઓની બાંધપર અને કેટલાએક તો પૃથ્વીપરજ શયન કરી ગયા.[૩૮] જાતજાતનાં શસ્ત્રો, ગદાઓ, તરવારો, ફરસીઓ, ભાલાંઓ તથા કવચોને એમનાં એમ ધારણ કરીનેજ સર્વ યોદ્ધાઓ જૂદાજૂદા સૂઇ રહ્યા હતા.[૩૯] નિદ્રાથી અંધ બનેલા હાથીઓ પણ સર્પના શરીરસરખી વિશાળ તથા ધૂળધૂળ ભરાયેલી સૂંઢોવડે નાસિકાદ્વારા નિશ્વાસ મૂકી રણભૂમિને શીતળ કરવા લાગ્યા.[૪૦] પૃથ્વીતલપર સૂઇ રહેલા તથા મોટા મોટા નિઃશ્વાસ મૂકતા તે હાથીઓ, ફુંફાડા મારતા મોટા સર્પોવાળા છૂટાછવાયા પર્વતોની પેઠે ત્યાં શોભવા લાગ્યા;[૪૧] તથા કેશવાળીપર લટકતાં ઘુસરાંવાળા અને સોનેરી જોતરોવાળા સૈન્યના ઘોડાઓ પગની ખરીના અગ્રભાગને પછાડી પછાડી પૃથ્વીને ખાડાખડબાવાળી વિકૃત સ્વરૂપા બનાવવા લાગ્યા;[૪૨] અને હે રાજેન્દ્ર ! રથોમાં તેમના તેમ સૂતેલા તેઓ નિદ્રાવશ થઈ ગયા. એ પ્રમાણે મહાન શ્રમથી થાકી ગયેલા ઘોડાઓ, હાથીઓ તથા સર્વ યોદ્ધાઓ યુદ્ધમાંથી વિરામ પામી નિદ્રાધીન થયા હતા.[૪૩] તે સર્વ સૈન્ય ગાઢ નિદ્રામાં મગ્ન થઇ ગયું અને કેવળ બેભાન થઇ સારી પેઠે ઉંઘવા લાગ્યું; તે જાણે કુશળ ચિત્રકારોએ ચિત્રપટમાં ચિતરેલું અદ્ભુત ચિત્ર હોય તેમ તે દેખાતું. [૪૪] કુંડળોને ધારણ કરનારા યુવાન ક્ષત્રિયો પરસ્પરના બાણપ્રહારોથી ઘાયલ શરીરે હાથીઓના ગંડસ્થળોમાં ભરાઈ જઇને સૂતા હતા, આથી જાણે સ્ત્રીઓનાં સ્તનમંડળોમાં વળગી પડ્યા હોય તેવા દેખાતા હતા.[૪૫] તે પછી કેટલોએક સમય જતાં સ્ત્રીઓના ગાલસરખો ઉજ્જ્વલવર્ણો અને જોનારનાં નેત્રોને આનંદ ઉપજાવનારો ચંદ્રમા, પૂર્વદિશાને શોભાવવા લાગ્યો. [૪૬] કિરણોરૂપ કેશવાળીથી દીપતો અને પિંજરવર્ણો તથા અંધકારરૂપ હાથીઓનાં ટોળાંનો નાશ કરનાર ઉદયાચળ પર્વતનો કેસરીસિંહ ચંદ્રમા, ઈંદ્રની દિશારૂપ ગુફામાંથી નીકળીને બહાર ઉદય પામ્યો.[૪૭] શંકરના વાહનરૂપ વૃષભનાં ઉત્તમ ગાત્રોસમાન કાંતિવાળો, કામદેવના ધનુષ્યસમાન પૂર્ણ પ્રભાવવાળો તથા નવલ વધૂના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્યસમાન સુંદર અને મનહર કુમુદાકર બંધુ ચંદ્રમા, પોતાનાં કિરણોને જગતમાં ફેલાવી રહ્યો.[૪૮] એક મુહૂર્તકાળમાં તો મૃગલાંછન સમર્થ ભગવાન ચંદ્રે, નક્ષત્રોની પ્રભાને નિસ્તેજ કરી નાખી પોતાના અરુણપ્રકાશનાં જગતને દર્શન દીધાં.[૪૯] તે અરુણપ્રકાશને દેખાડયા પછી ભગવાન ચંદ્રમાએ સુવર્ણસમાન પ્રભાવાળું પોતાનું મહાન કિરણમંડળ ધીમેધીમે જગતમાં ફેલાવવા માંડયું;[૫૦] અને તે ચંદ્ર-કિરણો પોતાના પ્રભાવથી અંધકારને દૂર કરી દઇ ધીમે ધીમે સર્વ દિશાઓ, આકાશ તથા પૃથ્વીમાં પથરાઇ ગયાં.[૫૧] આ પછી એક મુહૂર્તમાં તો આખું ભુવન કેવળ જ્યોતિઃસ્વરૂપજ થઇ ગયું, કે જ્યારે અંધારૂં નામશેષ થઇ ક્યાંનું ક્યાંય અદૃશ્ય થઇ ગયું.[૫૨]

લોકમાં જ્યારે સર્વ સ્થળે પ્રકાશ થઈ રહ્યો અને ચંદ્ર લગભગ દિવસ જેવો ઉગી નીકળ્યો, ત્યારે રાત્રિમાં ફરનારા રાક્ષસો ક્યાંક ક્યાંક સંચાર કરતા હતા અને ક્યાંક ક્યાંક સંચાર નહોતા કરતા.[૫૩]

આ પછી હે રાજન્! સૂર્યનાં કિરણોનો સંબંધ થતાંજ કમળવન જેમ ખીલી નીકળે છે, તેમ ચંદ્રનાં કિરણોનો સંબંધ થતાં સૈન્ય જાગી ઉઠયું.[૫૪] જેમ ચંદ્રોદય થતાં ઉછાળા મારતો મહાસાગર ખળભળી ઉઠે છે, તેમ તે સૈન્યરૂપ મહાસાગર પણ ચંદ્રનો ઉદય થતાં ઉછાળા મારવા લાગ્યો;[૫૫] અને તુરત હે રાજા! પરલોકની ઈચ્છાવાળા તે યોદ્ધાઓનું લોકનો વિનાશ કરવામાટેનું તે યુદ્ધ પુનઃ ચાલુ થયું.[૫૬]

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમા 'રાત્રિયુદ્ધમાં સૈન્યોની નિદ્રા' એ વિષયનો અધ્યાય ૧૮૪ મો સમાપ્ત

અધ્યાય ૧૮૫ મો

દ્રોણાચાર્ય અને દુર્યોધનની વાતચીત

॥ संजय उवाच ॥

ततो दुर्योधनो द्रोणमभिगम्याब्रवीदिदम् ।
अमर्षवशमापन्नो जनयन् हर्षतेजसी ॥ १ ॥

સંજયે કહ્યું:-એ પ્રમાણે પુનઃ યુદ્ધનો આરંભ થયો, એટલે ક્રોધવશ થયેલો દુર્યોધન દ્રોણાચાર્ય પાસે જઈને તેમના હર્ષને તથા તેજને ઉત્પન્ન કરતો આ પ્રમાણે બોલ્યો:-[૩]

"હે આચાર્ય! સંગ્રામમાં વિશ્રાંતિ લેતા શત્રુઓને હવે તમારે સહન નહિ કરવા જોઈએ. તેઓ હવે થાકયા છે, તેઓનાં મન પણ હવે પડી ભાંગ્યાં છે તથા ખાસ કરીને તેઓ આ સમયે બરાબર લાગમાં આવ્યા છે.[૨] આજ દિવસસુધી અમે જે જે સહન કર્યું છે, તે તમને પ્રિય થઇ પડે તેવી ઇચ્છાથીજ; પણ હવે અમારાથી સહન નથી થતું. પાંડવો જો કે અતિશય બળવાન છે, તોપણ આ સમયે તેઓ વિશ્રાંતિ લીધા છતાં સર્વથા તેજ અને બળથી હીન થયા છે. તમે તેઓનું વારંવાર રક્ષણ કરો છો, તેથીજ તેઓ આગળ વધ્યે જાય છે.[૩,૪] શું તમે તેઓથી કોઇ વાતે ન્યૂન છો? ના, તેમ જરાપણ નથી. બ્રહ્માસ્ત્ર આદિ જે જે દિવ્ય અસ્ત્રો જગતમાં છે તેઓ સર્વે તમારામાં વિશેષતાથી રહેલાં છે; અને હું આપને સત્યજ કહું છું કે, પાંડવો, અમે અથવા લોકમાંના બીજા સર્વ ધનુર્ધરો પણ યુદ્ધમાં તમારી તુલના કરી શકે તેમ નથી.[૫,૬] હે ઉત્તમ બ્રાહ્મણ! સર્વ અસ્ત્રોને જાણનારા તમે જો ધારો તો દિવ્ય અસ્ત્રો મૂકી મૂકીને દેવો, દૈત્યો અને ગંધર્વોસહિત આ સર્વ લોકોનો સંહાર કરી શકો છો, એમાં સંશય નથી. તેના તેજ તમે વિશેષે કરી તમારાથી ભયભીત થયેલા એ પાંડવોને સહન કરી રહ્યા છો, તેમાં કારણતરીકે તો તેઓનાપ્રત્યે આપનો શિષ્યોતરીકેનો પ્રેમ અથવા તો મારી મંદભાગ્યતા હોઇ શકે!"[૭,૮]

સંજયે કહ્યું:-એ પ્રમાણે કહીને તમારા પુત્રે દ્રોણાચાર્યને હર્ષ ઉપજાવ્યો તથા કોપાવ્યા પણ ખરા. પછી ક્રોધપૂર્વક દુર્યોધનને કહ્યું:-"હે દુર્યોધન! હવે હું વૃદ્ધ થયો છું; છતાં મારી શક્તિ પ્રમાણે રણમાં ઘટતું કર્યે જાઉં છું, તોપણ હજી વિજયની લાલસા રાખી મારે એક ક્ષુદ્ર કાર્ય કરવાનું બાકી રહ્યું કે, અસ્ત્રોને નહિ જાણનારા આ સર્વ લોકોનો અસ્ત્રોને જાણનારા એવા મારે સંહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી નાખવો. રે ! શુભ અથવા અશુભ હરકોઇ કાર્યને તું મારામાટે કર્તવ્ય માને, તો તે કાર્યને પણ હું તારા વચનપરથી કરીશ; પણ અફસોસ ! હે કુરુવંશી રાજા ! અન્યથા તેવું કાર્ય હું નજ કરૂં. હે રાજન્! આજે તારી પાસે આ મારા ધનુષ્યને હાથમાં લઈ હું સત્ય કહું છું કે, યુદ્ધમાં સર્વ પાંચાલોનો સંહાર કરી પરાક્રમ કરીનેજ આ મારૂં કવચ હું ઉતારીશ.

હે મોટી ભુજાવાળા કુરુવંશી ! કુંતાપુત્ર અર્જુનને રણમાં થાકી ગયેલો તું માને છે, પણ તે તારી ભૂલ છે. તેનું વીર્ય હું યથાર્થ કહું છું તે સાંભળ. રણમાં કોપેલા અર્જુનને જીતવા માટે દેવો, દાનવો, ગંધર્વો કે યક્ષો પણ જ્યારે ઉત્સાહ કરી શકતા નથી, તો સામાન્ય મનુષ્યોની શી વિસાત ? જે અર્જુને ખાંડવવનના દાહસમયે ભગવાન દેવેન્દ્રસામે યુદ્ધ કર્યું છે; એટલુંજ નહિ પણ તે મહાત્માએ મુસલધાર વરસતા તે ઇંદ્રને બાણોવડે વાર્યો પણ હતો; વળી પુરુષોમાં ઇંદ્રસરખા તે અર્જુને બળથી ગર્વિષ્ઠ થયેલા યક્ષો, સર્પો, દૈત્યો અને તે સિવાયના બીજા કેટલાએકને મારી નાખ્યા છે, તે તારા જાણવામાંજ છે; તેમજ દૃઢ ધનુષ્યધારી અર્જુને, તે સમયે ઘોષયાત્રામાં ચિત્રસેન આદિ ગંધર્વોનો પરાજય કર્યો હતો અને તેઓથી હરણ કરાતા તમને પણ તેણે છોડાવ્યા હતા. નિવાતકવચ આદિ દેવોના શત્રુઓ કે જેઓને તે દેવો મારી શકતા ન હતા, તેઓને પણ વીર અર્જુને સંગ્રામમાં જીત્યા છે. હિરણ્યપુરમાં વસતા હજારો દાનવોનો પણ જે પુરુષવ્યાઘ્રે પરાજય કર્યો છે, તે અર્જુનને મનુષ્યો કેમ જીતી શકે ? તેમજ હે રાજા ! આ વેળા પણ આપણે બધા યુદ્ધ કરી રહ્યા હતા અને તું પણ જોઇ રહ્યો હતો; છતાં તે અર્જુને તારા આ સર્વ સૈન્યને મારી નાખ્યું છે."

સંજયે કહ્યું:–દ્રોણાચાર્ય એ પ્રમાણે અર્જુનની પ્રશંસા કરતા હતા, તે સાંભળી તમારો પુત્ર દુર્યોધન કોપથી ધુંધવાઇ ઉઠયો અને પુનઃ દ્રોણાચાર્યપ્રત્યે બોલ્યો:–" રે ! તમે જોયા કરો ને, આજના યુદ્ધમાં આ ભારતી સેનાને બે ભાગમાં વહેંચી નાખીને હું, દુઃશાસન, કર્ણ તથા મારો મામો શકુનિ ચારેય જણા એકઠા મળીને અર્જુનને મારી નાખીશું."

તેનાં વચનો સાંભળીને દ્રોણાચાર્યને હસવુંજ આવ્યું. પછી પુનઃ તેઓ પોતાના રાજાને કહેવા લાગ્યા:–" વાહ, વાહ ! ઠીક કહ્યું હો ! તારૂં કલ્યાણ થજો. અરે ! પણ તેં કંઇ વિચાર કર્યો ? તેજથી બળબળતો હોય તેવો દેખાતો ક્ષત્રિયશ્રેષ્ઠ જે ગાંડીવધનુર્ધર અર્જુન, અવિનાશી જેવો છે તેને કયો ક્ષત્રિય મારી શકે તેમ છે ? સાક્ષાત્ કુબેર, ઇંદ્ર, યમ, વરુણ, અસુરો, સર્પો કે રાક્ષસો પણ આયુધધારી તે અર્જુનને મારી શકે તેમ નથી, તો સામાન્ય મનુષ્યો તે કોણ માત્ર ? ખરેખર ! હે ભરતવંશના દુર્યોધન ! તું જે આ વચનો બોલી રહ્યો છે તે કેવળ મૂઢ મનુષ્યોનાજ બકવાદ છે.[૯–૨૬] તારે નિશ્ચય સમજવું કે, યુદ્ધમાં અર્જુનસામે ભેટીને કયો પુરુષ ક્ષેમકુશળ પાછો ઘેર જાય ? અને જો ખરૂં બોલાવે તો, તું તો સર્વના તરફ શંકા રાખનારો, ક્રૂર અને પાપી નિશ્ચયવાળો છે;[૨૭] કારણ કે જેઓ તારૂં શ્રેય અને હિત કરવામાં જોડાયા છે, તેઓને પણ તું નહિ કહેવાનાં વચનો કહેવા માગે છે. અલ્યા પણ એમજ કરને, તું પોતેજ અર્જુનસામે યુદ્ધ કરવા જા અને તારા સ્વાર્થમાટે તેને મારીનાખ. વખત શામાટે લગાડે છે ? તું પણ એક કુળવાન ક્ષત્રિય છે અને યુદ્ધ કરવાની ઇચ્છા પણ રાખે છે, તો આ નિરપરાધી સર્વ ક્ષત્રિયોનો શામાટે ઘાત કરાવે છે ? વળી તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં આ વૈરનું મૂળકારણ તુંજ છે; માટે જા, અને અર્જુન સામે પહોંચ; અથવા ઓ ગાંધારીના પુત્ર ! આ તારો મામો શકુનિ, કે જે તમારી દૃષ્ટિએ ઘણો બુદ્ધિમાન તથા ક્ષાત્રધર્મને અનુસરનારો કહેવાય છે, તેનેજ–દુષ્ટ જુગાર ખેલનારનેજ અર્જુનસામે યુદ્ધ કરવા જવા દે ને? એ તારો મામો પાસા નાખવામાં કુશળ છે, કપટી છે, જુગારી છે, ઘાતકી છે તથા શઠ પણ છે; માટે તેજ કપટકુશળ હોઇને યુદ્ધમાં જુગાર ખેલશે અને પાંડવોને જીતશે ! વળી તેં પૂર્વે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણની સાથે રહી ધૃતરાષ્ટ્રના સાંભળતાં મોહથી શૂન્ય થયો હોય તેમ વારંવાર કહ્યું છે કે, "હે તાત! હું, કર્ણ તથા મારો ભાઇ દુઃશાસન ત્રણેય એકત્ર થઈ પાંડવોને રણમાં મારી નાખીશું." આમ જ્યારે તું બડાઇ મારતો હતો, ત્યારે અમે બધા સભામાં સાંભળી રહ્યા હતા; પણ હવે તે સમય આવી પહોંચ્યો છે. તું તારી પ્રતિજ્ઞાને આચરી દેખાડ અને તે કર્ણ આદિને સાથમાં લઈ તારી વાણીને સત્ય કર. જો, આ તારો શત્રુ પાંડુપુત્ર મોખરામાંજ નિઃશંક થઇને ઉભો છે;[૨૮-૩૫] માટે જા અને ક્ષાત્રધર્મ તરફ દૃષ્ટિ કર. જોજે, જરાપણ ડરતો નહિ. યુદ્ધમાં તારો વધ થાય તે તારા વિજય કરતાં શ્લાઘ્ય છે. તેં ઘણુંએ દાન આપ્યું છે, ભોગ ભોગવ્યા છે, અધ્યયન કર્યું છે, ઇચ્છિત ઐશ્વર્ય મેળવી લીધું છે, સર્વ કૃત્યોને તું કરી ચૂકયો છે તથા સર્વનાં ઋણોથી પણ મુક્ત થઈ ચૂકયો છે. માટે જા, ડર નહિ. અર્જુનસામે યુદ્ધ કર."

આમ કહીને દ્રોણાચાર્ય જે સ્થળે પોતાના શત્રુઓ ઉભા હતા તે તરફ વળ્યા અને પોતાની સેનાને તેમણે બે વિભાગમાં વહેંચી નાખી કે તુરત યુદ્ધનો આરંભ થયો.[૩૬,૩૭]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં 'દ્રોણ અને દુર્યોધનનું સંભાષણ' એ વિષયનો અધ્યાય ૧૮૫ મો સમાપ્ત

અધ્યાય ૧૮૬ મો

પંદરમો દિવસ-દ્રોણાચાર્યનો હલ્લો-વિરાટ, દ્રુપદ વગેરેનું મરણ

॥ संजय उवाच ॥

त्रिभाग मात्रशेषायां रात्र्यां युद्धमवर्तत ।
कुरूणां पांडवानां च संहृष्टानां विशांपते ॥१॥

સંજયે કહ્યું:-હે રાજા! માત્ર ત્રણ મુહૂર્ત જેટલી રાત્રિ જ્યારે બાકી રહી, ત્યારે પુનઃ હર્ષમાં આવેલા કૌરવો તથા પાંડવોનું તે યુદ્ધ થઈ રહ્યું હતું.[૧] તે પછી કેટલોએક સમય વીત્યાબાદ સૂર્યની આગળ રહી ચંદ્રની પ્રભાને ઝાંખી પાડતો તથા આકાશને લાલવર્ણ કરતો અરુણ ઉદય પામ્યો.[૨] પૂર્વદિશામાં અરુણના પ્રકાશથી કંઇક રતાશ પડતું સૂર્યમંડળ, સુવર્ણના ચક્રની પેઠે પ્રકાશવા લાગ્યું;[૩] એટલે તુરત પોતાના રથ, ઘોડા અને પાલખીઓ આદિનો ત્યાગ કરી સર્વ કૌરવ-પાંડવ યોદ્ધાઓ, સૂર્યની સામા ઉભા રહી, હાથ જોડીને સંધ્યોપાસનપૂર્વક જપ જપવા લાગ્યા.[૪] એ પ્રાતઃકાલિક ક્રિયાની સમાપ્તિ થતાં સૈન્યને બે વિભાગમાં વહેંચી દઇ દ્રોણાચાર્ય દુર્યોધનની પાસે રહી સોમક, પાંડવ તથા પાંચાલોસામે ધસ્યા.[૫] કૌરવોને એ પ્રમાણે બે ભાગમાં વહેંચાઇ ગયેલા જોઇ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું:-"હે અર્જુન! શત્રુઓને ડાબી તરફ કરી તું આ જમણી તરફ આવી જા." શ્રીકૃષ્ણના એ વાક્યને સાંભળી "બહુ સારૂં, તેમ કરો" એમ કહીને અર્જુન, મહાધનુર્ધર કર્ણ તથા દ્રોણાચાર્યને ડાબી તરફ રાખી ઘૂમવા લાગ્યો.[૬,૭] એ વેળા શ્રીકૃષ્ણના અભિપ્રાયને સમજી જઇ શત્રુઓનાં નગરોને જીતનારો ભીમસેન, રણના મોખરામાં ગયેલા અર્જુનને આ પ્રમાણે કહેવા લાગ્યો:-[૮]

"હે અર્જુન! ઓ અર્જુન! મારૂં આ વચન તું સાંભળ. ક્ષત્રિયાણી જે માટે પુત્રને ઉત્પન્ન કરે છે, તેનો આ સમય આવી પહોંચ્યો છે.[૯] આ હાથ આવેલા સમયે જો તું કલ્યાણને નહિ પામી શકે, તો યાદ રાખજે કે, તું અપ્રતિષ્ઠિત અથવા અપમાનિત સ્થિતિએ આવી પડીશ; અને અતિક્રૂર અથવા ઘાતકી કર્મ કરનારો મનાઈશ,[૧૦] માટે યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ મનાતા હે અર્જુન! આ સમયે પરાક્રમ કરીને તું સત્ય, લક્ષ્મી, ધર્મ અને યશના ઋણમાંથી મુક્ત થા અને આ શત્રુઓના સૈન્યને ભેદી નાખી તેઓને તું ડાબી તરફ કરી નાખ."[૧૧]

સંજયે કહ્યું:-આ રીતે ભીમસેન તથા શ્રીકૃષ્ણની પ્રેરણા થતાં અર્જુન કર્ણ તથા દ્રોણાચાર્યનું ઉલ્લંઘન કરી જઇ ચારેબાજુથી તેઓને ઘેરી વળ્યો.[૧૨] રણના મોખરામાં આવી મોટા મોટા ક્ષત્રિયોનો તે સંહાર કરવા લાગ્યો અને પરાક્રમ કરી બતાવવા લાગ્યો; તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌરવપક્ષના વીર ગણાતા ક્ષત્રિયો, તેની સામે પરાક્રમ કરીને પણ,વધી જતા અગ્નિને જેમ કોઈ ન અટકાવી શકે તેમ અટકાવી શક્યા નહિ. તે પછી દુર્યોધન, કર્ણ તથા સુબલપુત્ર શકુનિ, બાણોના ઢગો છોડી છોડીને કુંતીપુત્ર અર્જુનનાપર વૃષ્ટિ કરવા લાગ્યા; પણ ઉત્તમ અસ્ત્રોને જાણનારો તે અર્જુન,તેઓ સર્વનાં અસ્ત્રોને તુચ્છ ગણી કાઢીને બાણોની વૃષ્ટિથી સૈન્યને છાઈ દેવા લાગ્યો. ચાલાક હાથવાળો તથા જિતેન્દ્રિય એવો તે અર્જુન, પોતાનાં અસ્ત્રોવડે તેઓનાં અસ્ત્રોનું વારણ કરવા લાગ્યો તથા તીક્ષ્ણ દશ દશ બાણો મૂકી તેઓને વિંધવા મંડી પડયો. જોતજોતામાં તો સર્વ સ્થળે ધૂળની વૃષ્ટિ સાથે બાણોની વૃષ્ટિ થઇ રહી. જ્યાં ત્યાં અંધકાર છવાઇ ગયો અને તે સમયે મહાન ઘોર શબ્દ પણ ત્યાં સંભળાવા લાગ્યો. તે ભયંકર ધમાચકડીમાં આકાશ,પૃથ્વી કે દિશાઓ જણાતી ન હતી. સૈન્યે ઉડાડી મૂકેલી ધૂળથી સર્વ કોઇ મોહિત થઇ ગયું તથા જાણે આંધળાભીંત હોય તેમ સર્વે જણાવા લાગ્યા.હે રાજન્! આવી એ સ્થિતિ ઉપસ્થિત થતાં અમે બધા પરસ્પરને જાણી કે ઓળખી શકતા ન હતા. સર્વ રાજાઓ, અન્યોન્યના નામોચ્ચારથી પરસ્પર લડી રહ્યા હતા. હે રાજા! રથરહિત થયેલા કેટલાએક રથીયોદ્ધાઓ સામસામા આવી જઇને ચોટલીઓ, કવચો કે ભુજાઓ પકડી પકડીને લડવા લાગ્યા. મરણ પામેલા ઘોડાઓવાળા તથા માર્યા ગયેલા સારથિઓવાળા રથી યોદ્ધાઓ બેભાન થઇ પડયા હતા; અને કેટલાએક તો મરણ શરણને પણ થઇ ગયા હતા. રણભૂમિપર પડેલા તે યોદ્ધાઓ, જાણે જીવતા હોય તથા ભયથી વિહ્વળ થયા હોય તેવા દેખાવા લાગ્યા. મરણ પામીને પડેલા મોટા પર્વત જેવડા હાથીઓને વળગી રહીને પડેલા કેટલાએક યોદ્ધાઓ તથા પોતાના સ્વારોસહિત પડેલા ઘણા ઘોડાઓ ત્યાં રણભૂમિપર સત્વહીન થયેલા દેખાવા લાગ્યા. તે પછી તે સંગ્રામમાં થઇને દ્રોણાચાર્ય ઉત્તરદિશા તરફ ધસી ગયા અને નિર્ધૂમ અગ્નિની પેઠે બળતા ત્યાં ઉભા રહ્યા.

હે રાજા! દ્રોણાચાર્યને રણના મોખરામાંથી એકલા દૂર ખસી ગયેલા જોઇ પાંડવોનાં સૈન્યોને તો ધ્રૂજ વછૂટી ગઇ. હે ભારત! તેજથી જાણે બળતા હોય તેમ શોભાથી યુક્ત તથા પ્રકાશમાન દેખાતા દ્રોણાચાર્યને જોઇને કેટલાએક યોદ્ધાઓ ત્રાસ પામી ગયા, કેટલાએક બેભાન થઇ ઘૂમવા લાગ્યા ત્યારે બીજા કેટલાએક તો તદ્દન મ્લાન થઈ ગયા. મદ ઝરતા હાથીની પેઠે શત્રુઓનાં સૈન્યોને યુદ્ધમાટે આહ્વાન કરી રહેલા દ્રોણાચાર્યને જીતવામાટે પાંડવયોદ્ધાઓ ઉત્સાહ કરી શક્યા નહિ. દાનવો જેમ ઇંદ્રને જોઇને ઉત્સાહરહિત થાય છે, તેમ કેટલાએક તો તેમને જોતાંવેંતજ ઉત્સાહરહિત થઇ ગયા. કેટલાએક શૂરાઓ ક્રોધાયમાન થઈ ગયા અને બીજા કેટલાએક તો આશ્ચર્યમાંજ ગરકાવ થઇ ગયા તથા ધીમે ધીમે અમર્ષમાં આવવા લાગ્યા. વળી બીજા કેટલાએક રાજાઓ તો હાથે હાથ ઘસવા લાગ્યા, કેટલાએક દાંતોવતી હોઠ પીસવા લાગ્યા અને ક્રોધપૂર્ણ થયેલા બીજાઓ તો દાંતકચડીયાં કરવા લાગ્યા. વળી કેટલાક યોદ્ધાઓ પોતાનાં આયુધોને ઉછાળવા લાગ્યા, કેટલાએક ભુજાઓને ઠોકવા લાગ્યા ત્યારે બીજા કેટલાએક મહાતેજસ્વી યોદ્ધાઓ પ્રાણોની દરકાર કર્યાવિનાજ દ્રોણાચાર્યસામે ધસી જવા લાગ્યા. હે રાજેન્દ્ર! તેમાં વિશેષે કરી પાંચાલયોદ્ધાઓ દ્રોણચાર્યમાં બાણોવડે આકુળ વ્યાકુળ થઈ જતા હતા.તેઓ રણમાં દ્રોણાચાર્ય સામે જ્યારે ભેટયા, ત્યારે તેઓને તેમનાં બાણો વાગવાથી અત્યંત વેદના થતી હતી. તે પછી વિરાટ તથા દ્રુપદરાજા એ દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા ધસ્યા. વળી હે રાજા! સંગ્રામમાં ઘૂમી રહેલા રણદુર્જય તે દ્રોણાચાર્ય સામા દ્રુપદરાજાના ત્રણ પૌત્રો તથા મહાધનુર્ધર ચેદી યોદ્ધાઓ પણ યુદ્ધમાટે ધસી ગયા; પણ દ્રોણાચાર્યે તીક્ષ્ણ ત્રણ બાણો મૂકી દ્રુપદરાજાના ત્રણ પૌત્રોના પ્રાણોને તો તુતરજ હરી લીધા, જેથી મરણને શરણ થઈ તેઓ પૃથ્વીપર પડયા. પછી તે દ્રોણાચાર્યે ચેદિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૈકેય,સૃંજય, મત્સ્ય આદિ સમગ્ર મહારથીઓનો તે યુદ્ધમાં પરાજય કર્યો. તે જોઇ દ્રુપદરાજા ક્રોધપૂર્વક બાણવૃષ્ટિ કરવા લાગ્યો;[૩૫] તેમજ વિરાટરાજા પણ દ્રોણાચાર્યસામે બાણવૃષ્ટિ છોડવા લાગ્યો, પરંતુ ક્ષત્રિયમર્દન દ્રોણાચાર્યે તેઓની બાણવૃષ્ટિનો નાશ કરી નાખ્યો; એટલુંજ નહિ પણ બાણસમૂહો છોડીને તેઓ બન્નેને વિરાટ તથા દ્રુપદને તદ્દન છાઈજ દીધા. રણના મોખરામાંજ એ રીતે તેઓને આચાર્યે જ્યારે છાઈ દીધા, ત્યારે તેઓ બન્ને જણા ક્રોધથી ફફડી ઉઠયા અને બાણો મૂકીને દ્રોણાચાર્યને વિંધવા લાગ્યા. હે મહારાજ! પછી દ્રોણાચાર્યને પણ ક્રોધ તથા અમર્ષ વ્યાપી ગયો. અતિ તીક્ષ્ણ બે ભલ્લ બાણો મૂકી તેઓ બન્નેનાં ધનુષ્યોને તેમણે કાપી નાખ્યાં, ત્યારે કોપાયમાન થયેલા વિરાટરાજાએ દ્રોણાચાર્યનો વધ કરવાની આકાંક્ષાથી દશ તોમરો ફેંક્યાં, તેમજ દ્રુપદ રાજાએ પણ ક્રોધાયમાન થઇ સાક્ષાત્ મોટા સર્પસરખી ઘોર તથા સુવર્ણથી ભૂષિત થયેલી લોખંડી શક્તિ દ્રોણાચાર્યના રથસામે ફેંકી; પણ શત્રુદમન દ્રોણગુરુએ, અતિ તીક્ષ્ણ ભલ્લ જાતનાં બાણો મૂકી વિરાટનાં દશેય તોમરોને કાપી નાખ્યાં. સુવર્ણ તથા વૈડૂર્યમણિથી જડેલી દ્રુપદની શક્તિના તેમણે કેટલાંએક બાણો મૂકી ટુકડા કરી નાખ્યા અને પછી સારી પેઠે પાણી પાયેલાં બે ભલ્લ બાણોવડે દ્રુપદ અને વિરાટરાજાને પણ મૃત્યુ પાસે રવાના કરી દીધા. આ રીતે વિરાટ, દ્રુપદ, કેકયો, ચેદિ, મત્સ્યો, પાંચાલો તથા દ્રુપદના ત્રણ વીર પૌત્રો જ્યારે માર્યા ગયા, ત્યારે દ્રોણાચાર્યના તે ઘાતકી કર્મને જોઇ ઉદાર મનના મહારથી ધૃષ્ટદ્યુમ્નને ઘણું દુઃખ થયું અને તેને રૂંવે રૂંવે કોપ વ્યાપી ગયો. તેણે સર્વ મહારથીઓના મધ્યમાં શપથ (સોગંદ) લીધા કેઃ-"આજના યુદ્ધમાં દ્રોણાચાર્ય જો મારા હાથમાંથી જીવતો જાય અથવા જો મારો પરાભવ કરી જાય તો મારા યાગ-હોમાદિ તથા બંધાવેલાં વાવકૂવાદિ નાશ પામજો; અને દ્રુપદરાજાના કુળમાં જન્મીને મેળવેલા મારા ક્ષાત્રભાવથી તથા બ્રાહ્મણસ્વરૂપ અગ્નિથી જન્મીને પ્રાપ્ત કરેલા મારા બ્રાહ્મણભાવથી પણ હું ભ્રષ્ટ થાઉં."[૩૬-૪૬] આ પ્રમાણે તે સર્વ ધનુર્ધરોના મધ્યમાં પ્રતિજ્ઞા કરીને શત્રુવીરોનો સંહાર કરનાર ધૃષ્ટદ્યુમ્ન, સૈન્યને સાથે લઇ દ્રોણાચાર્ય તરફ આવી પહોંચ્યો.[૪૭] તે વેળા પાંડવોની સાથે રહી પાંચાલ યોદ્ધાઓ જ્યારે એક બાજુથી દ્રોણાચાર્યને પ્રહાર કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફથી દુર્યોધન, કર્ણ, સુબલપુત્ર શકુનિ તથા મુખ્ય મુખ્ય કૌરવભાઇઓ દ્રોણાચાર્યનું રક્ષણ કરી રહ્યા હતા. તે સર્વ મહારથીઓ દ્રોણાચાર્યની એટલી બધી રક્ષા કરતા હતા, કે જેથી પાંચાલ યોદ્ધાઓ યત્ન કરી રહ્યા હતા છતાં દ્રોણાચાર્યસામે જોઇ શકતા પણ ન હતા. હે રાજા! તે સમયે પુરુષશ્રેષ્ઠ ભીમસેન, ધૃષ્ટદ્યુમ્નનાપર ક્રોધે ભરાઇ ગયો અને ઉગ્ર વાણીથી તેને વિંધવા લાગ્યો.

ભીમસેને કહ્યું:-"દ્રુપદરાજાના કુળમાં જન્મેલો તથા સર્વ જાતિનાં અસ્ત્રોમાં અતિશય કુશળ તારાસરખો બીજો કોઇ ક્ષત્રિયજાતિના માનવાળો પુરુષ, પોતાની સામે ઉભેલા શત્રુને આમ જોઇ રહે? પોતાના પિતાનો નાશ થયો, પુત્રો પણ માર્યા ગયા; છતાં તારાસરખો બીજો કયો ક્ષત્રિય પોતાના શત્રુને સહન કરે? વિશેષમાં વળી તેં તો રાજાઓની સભામાં શપથ પણ લઇ લીધા છે. તો હવે ક્યાંસુધી શત્રુને આગળ વધ્યે જવા દેવો છે? જોને, પ્રજ્વલિત અગ્નિની પેઠે પોતાના તેજથી બળી રહેલો અને બાણો તથાધનુષ્યરૂપ ઇંધણાંવાળો આ દ્રોણાચાર્ય ક્ષત્રિયોને બાળી રહ્યો છે. પાંડવોની આ સમગ્ર સેનાનો તે વિનાશ ન કરી નાખે તે પહેલાંજ તમે બધા ઉભા ઉભા મારૂં પરાક્રમજ જોયા કરો. હું હવે દ્રોણાચાર્યની સામેજ જાઉં છું."

આમ કહીને ક્રોધાયમાન થયેલો તે ભીમસેન દ્રોણાચાર્યના સૈન્યમાં દાખલ થયો. તેણે ધનુષ્યને કાનસુધી સંપૂર્ણ ખેંચીને છોડેલાં બાણોવડે તમારી સેનાને નસાડી મૂકી. પાછળથી પાંચાલવંશી ધૃષ્ટદ્યુમ્ન પણ તમારી મહાસેનામાં પ્રવેશ કરી દ્રોણાચાર્યસામે યુદ્ધ કરવા જઇ પહોંચ્યો કે તુરત મહાતુમુલ યુદ્ધ થવા લાગ્યું. તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ અમે કદી જોયું નથી કે સાંભળ્યુંએ નથી. હે રાજન્! સૂર્યોદયસમયના આકાશની પેઠે તે સર્વ રણપ્રદેશ લાલ લાલ થઇ રહ્યો હતો, જ્યાં ત્યાં રથોનાં ટોળેટોળાં અન્યોન્ય સામે ભરાયાં હતાં,મનુષ્યોનાં નિર્જીવ થયેલાં શરીરો આડાંઅવળાં રડવડતાં હતાં, યુદ્ધ કરતા કેટલાએક યોદ્ધાઓ પોતે ધારેલા કોઇ બીજે સ્થળે જતા હતા; તેવામાં રસ્તામાંજ બીજાઓ તેઓની સામે ધસી જતા હતા.[૪૮,૫૯] કેટલાએક રણમાંથી નાસી જતા હતા, ત્યારે બીજા તેમના શત્રુઓ પાછળથી તથા આજુબાજુથી તેઓને પ્રહાર કરતા હતા. આ રીતે માંહોમાંહે તે યુદ્ધ જ્યારે અતિદારુણ થઇ રહ્યું હતું, ત્યારે રાત્રિ તથા દિવસની સંધિમાં આવેલો સૂર્ય એક ક્ષણવારમાં પૂરેપૂરો ઉગી નીકળ્યો.[૬૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં
'સંકુલ યુદ્ધ' એ વિષયનો
અધ્યાય ૧૮૬ મો સમાપ્ત

અધ્યાય ૧૮૭ મો

નકુલનું યુદ્ધ

॥ संजय उवाच ॥

ते तथैव महाराज दंशिता रणमूर्धनि ।
संध्यागतं सहस्रांशुमादित्यमुपतस्थिरे ॥१॥

સંજયે કહ્યું:–હે મહારાજ ! કવચો પહેરીને રણના મોખરામાં ઉભેલા તેઓ સર્વ યોદ્ધાઓ, હજારો કિરણોને ફેલાવીને ઉદય પામેલા સૂર્યનું ઉપસ્થાન કરવા લાગ્યા;[૧] અને હજારો કિરણોવાળો તથા તપાવેલા સુવર્ણસમાન પ્રભાવાળો સૂર્ય જ્યારે સંપૂર્ણ ઉદય પામ્યો તથા લોકમાં પ્રકાશ પ્રકાશ થઇ રહ્યો, ત્યારે પુનઃ યુદ્ધનો આરંભ થયો.[૨] હે ભરતવંશી રાજા! સૂર્યોદયની પહેલાં રાત્રિના સમયે જે બબ્બે યોદ્ધાઓ સામસામા ભેટ્યા હતા, તેના તેજ યોદ્ધાઓ સૂર્યોદય થયા પછી પણ સામસામા ભેટ્યા.[૩] રથીઓની સાથે ઘોડેસ્વારો, ઘોડેસ્વારોની સાથે હાથી સ્વારો, પદાતિઓની સાથે હાથીસ્વારો, ઘોડેસ્વારોની સાથે ઘોડેસ્વારો તથા પાળાઓની સાથે પાળાઓ યુદ્ધ કરવા ભેટયા;[૪] તેમજ હે ભરતશ્રેષ્ઠ રાજા ! રથીઓની સામે રથીઓ તથા હાથીસ્વારોની સામે હાથીસ્વારો યુદ્ધ કરવા મચી પડ્યા અને કેટલાએક યોદ્ધાઓ તો અંદર અંદરથી છૂટા પડી જઇને તથા મિશ્ર થઈ જઇને રણમાં ઘૂમવા લાગ્યા.[૫] તેઓ બધાએ રાત્રિમાં સારી રીતે યુદ્ધ કર્યું હતું, જેથી દિવસે સૂર્યના તાપથી તેઓ થાકી ગયા હતા અને ક્ષુધા–તૃષાથી વ્યાપ્ત થઈ બેભાન જેવા થઇ ગયા હતા.[૬] રણના આરંભમાં શંખ, ભેરી,મૃદંગ આદિ વાદિત્રોનો, ગર્જનાઓ કરતા હાથીઓનો તથા ખેંચી ખેંચીને ટંકાર કરાતાં ધનુષ્યોનો મહાન શબ્દ થવા લાગ્યો, કે જે છેક આકાશમાં અથડાયો હતો. ઠેકઠેકાણે ઘોડાઓ હણહણવા લાગ્યા, રથો આમતેમ ઘૂમવા લાગ્યા અને હાથીઓ મોટી મોટી ગર્જનાઓ કરી બરાડા પાડવા લાગ્યા; જેથી મહાન તુમુલ ઘોંઘાટ થઇ રહ્યો.[૭–૯] તે તુમુલ શબ્દ એટલો બધો વધી ગયો, કે છેક આકાશમાં પહોંચી ગાજવા લાગ્યો. વળી અનેક જાતનાં આયુધોથી કપાઇ જઇ તરફડીયાં મારતા અનેક યોદ્ધાઓનો મહા આતુર શબ્દ રણભૂમિપર સંભળાતો હતો; જેથી તે સમયે ત્યાં અતિકરુણાજનક દેખાવ થઇ રહ્યો હતો.

પછી તે સર્વ સૈન્યો અનેક રીતે જ્યારે સેળભેળ થઈ ગયાં, ત્યારે રણમાં પડતા અને પાડવામાં આવતા પદાતિઓ, ઘોડાઓ, રથો તથા હાથીઓના મધ્યમાં ઘૂમી રહેલા કૌરવયોદ્ધાઓ પોતાનાજ પક્ષના યોદ્ધાઓને મારી નાખવા લાગ્યા. વળી પાંડવ યોદ્ધાઓ પણ પોતાનાજ પક્ષના યોદ્ધાઓનો નાશ કરવા લાગ્યા. પાંડવોના મધ્યમાં ઘૂમી રહેલા પોતાનાજ યોદ્ધાઓને કૌરવો મારવા લાગ્યા અને કૌરવોના મધ્યમાં ઘૂમી રહેલા પોતાનાજ યોદ્ધાઓને પાંડવો મારવા લાગ્યા.[૧૦–૧૨] વીરપુરુષોના બાહુઓમાં ફરી રહેલી તરવારો યોદ્ધાઓ તથા હાથીઓપર જ્યારે પડતી હતી, ત્યારે વસ્ત્રો ધોવાના ઘાટપર પડેલા વસ્ત્રોના મોટા ઢગોના જેવી દેખાતી હતી;[૧૩] અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉગામેલી તરવારો વીર પુરુષોના બાહુઓની ઘૂમાઘૂમથી સામસામી અફળાઇને જ્યારે ભાંગીતૂટી જતી હતી, ત્યારે પણ ઘોતી વખતે ઘાટપર પછાડવામાં આવેલાં વસ્ત્રોના સરખોજ શબ્દ થઇ રહ્યો હતો.[૧૪] એકધારી તરવારો, ખડ્ગો, તોમરો, ફરસીઓ આદિ શસ્ત્રો લઇ લઇને સર્વ સૈનિકો, હાથોહાથનું યુદ્ધ કરી રહ્યા હતા; જેથી અન્યોન્યની કાપાકાપીમાં મહાદારુણ દેખાવ થઇ રહ્યો હતો.[૧૫] જોતજોતામાં તે વીર પુરુષોએ પરલોક તરફ ગમન કરનારી એક ઘોર નદી ત્યાં ચાલુ કરી દીધી. એ નદી હાથીઓ, ઘોડાઓ અને મનુષ્યોનાં શરીરોમાંથી નીકળી હતી, અનેક મૃતશરીરો તેમાં વહેતાં હતાં, શસ્ત્રોરૂપ માછલાંથી તે ભરપૂર હતી, માંસ અને લોહીનો તેમાં કાદવ જામ્યો હતો, દુઃખના પોકારોરૂપ તે નદીનો ગર્જનાશબ્દ થતો હતો તથા પતાકાઓ અને શસ્ત્રોરૂપ તેમાં ફીણ આવી રહ્યાં હતાં.[૧૬,૧૭] વળી બાણો તથા શક્તિઓના પ્રહારોથી દુઃખી દુઃખી થઇ ગયેલા તથા આગલી રાત્રિમાં થયેલા ગભરાટને લીધે બેભાન જેવા થઇ ગયેલા ઘણાજ દીનમુખા હાથીઓ તથા ઘોડાઓ પોતાનાં સર્વ અંગોને સંકોચી રણમાં ઉભા હતા. સર્વ રણપ્રદેશમાં પણ જ્યાં જોઇએ ત્યાં કપાયેલા બાહુઓ, તરેહતરેહનાં કવચો, સુંદર કુંડળોને ધારણ કરી રહેલાં મસ્તકો તથા બીજાં કેટલાંએક યુદ્ધ કરવાનાં સાધનો દૃષ્ટિએ પડતાં હતાં.[૧૮,૧૯] આખું રણક્ષેત્ર માંસાહારી ભૂતગણોથી તથા મરણ પામેલા અને અર્ધમુવા થયેલા યોદ્ધાઓથી ભરાઇ ગયું હતું;જેથી રથોને ચાલવાનો માર્ગ પણ રહ્યો ન હતો.[૨૦] માંસ તથા રુધિરના જામેલા કીચડમાં રથોનાં પૈડાં ખુંચી જતાં હતાં;જેથી કુળ, સત્વ તથા બળથી યુક્ત તથા કદમાં મોટા હાથીઓસરખા એવા ઘોડાઓ, બાણોના પ્રહારથી થતી વેદનાના થરથરાટને તથા પૂર્વરાત્રિના થાકને લીધે ઘણું જોસ કરીને માંડ માંડ રથોને ખેંચી જતા હતા. હે ભરતવંશી રાજા! તે સમયે માત્ર દ્રોણાચાર્ય અને અર્જુનસિવાય સર્વ સૈન્ય વિહ્વલ, ભ્રમિત, ભયભીત તથા આતુર થઇ ગયું હતું. કેવળ તેઓ બન્ને જણાજ પોતાના દુઃખી યોદ્ધાઓના દુઃખનું તથા ભયનું વારણ કરનારા અને આશ્રયભૂત હતા; પરંતુ તેના તેજ એ બન્ને વીરોનો ભેટો કરી શત્રુપક્ષના યોદ્ધાઓ તો યમલોક ભણીજ જતા હતા. એક તરફથી કૌરવોનું સર્વ મહાસૈન્ય ત્રાસ ત્રાસ પામી ગયું હતું, ત્યારે બીજી તરફથી અંદર અંદર સેળભેળ થયેલું પાંચાલોનું સૈન્ય ગભરાટમાં આવી પડયું હતું. એ સમયે કોઇને કંઇપણ ખબર પડતી ન હતી. સર્વ પ્રદેશ કાળના ક્રીડાસ્થાનસરખો ભાસતો હતો અને તેથી તે બીકણોના ભયમાં વૃદ્ધિ કરનારો થઇ પડયો હતો.[૨૧-૨૫] એ વેળા પૃથ્વીના રાજવંશીઓનો તે મહાન ક્ષય જ્યારે ઉપસ્થિત થયો હતો, ત્યારે કર્ણને, દ્રોણાચાર્યને, યુધિષ્ઠિરને, ભીમસેનને, નકુલને, સહદેવને, ધૃષ્ટદ્યુમ્નને, સાત્યકિને, દુઃશાસનને, અશ્વત્થામાને, દુર્યોધનને, શકુનિને, કૃપાચાર્યને, મદ્રરાજ શલ્યને, કૃતવર્માને કે બીજા કોઇ યોદ્ધાઓને અમે જોઇ શકતા ન હતા. પૃથ્વી કે દિશાઓ એમાંનું કંઈ દેખાતું ન હતું. અરે! હું મને પોતાને પણ દેખી શકતો ન હતો; કારણકે સૈન્યે ઉડાડેલી રજથી સર્વ કંઇ ઢંકાઈ ગયું હતું, ભ્રાંતિ ઉપજાવે તેવો તુમુલ અને ઘોર રજરૂપ મેઘ ત્યાં ચઢી આવ્યો હતો અને જાણે બીજી રાત્રિજ થઇ હોય, તેમ સર્વ કોઇ માનવા લાગ્યા. કૌરવો, પાંચાલો કે પાંડવો દૃષ્ટિએ પડતા ન હતા; એટલુંજ નહિ પણ દિશાઓ, આકાશ, પૃથ્વી, ઉંચું, નીચું, સપાટ વગેરે કંઇ જોવામાં આવતું ન હતું. માત્ર હાથોહાથનો સ્પર્શ કરીનેજ વિજયેચ્છુ પુરુષો પોતાના અથવા પારકા યોદ્ધાઓને યુદ્ધમાં મારી રહ્યા હતા; પણ તે ધૂળ જ્યારે ખૂબ ઉંચે ઉડી ગઇ અને સર્વ સ્થળે લોહીનો છંટકાવ તથા પવનની સુસવાટી વધી પડી, ત્યારેજ તે ઉડેલી રજ શાંત પડી. પછી હાથીઓ, ઘોડાઓ, યોદ્ધાઓ, રથો તથા પાળાઓ કે જેઓ લોહીલુહાણ થઇ રહ્યા હતા, તેઓ કલ્પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃક્ષોનાં વનોની પેઠે ત્યાં શોભવા લાગ્યા.

પછી દુર્યોધન, કર્ણ, દ્રોણાચાર્ય તથા દુઃશાસન આ ચાર મહારથીઓ, પાંડવપક્ષના ચાર મહારથીઓ સામે યુદ્ધ કરવા લાગ્યા. દુર્યોધન અને દુઃશાસન, નકુલ તથા સહદેવ એ બન્ને ભાઈઓસાથે લડવા લાગ્યા. રાધાપુત્ર કર્ણ ભીમસેન સાથે લડવા લાગ્યો અને દ્રોણાચાર્ય અર્જુનસાથે લડવા લાગ્યા. તેઓનાં એ ઘોર તથા મહાઆશ્ચર્યજનક દ્વંદ્વયુદ્ધોને સર્વ યોદ્ધાઓ ચોતરફથી જોઈ રહ્યા હતા.[૩૬] રથીઓમાં શ્રેષ્ઠ તે ઉગ્ર યોદ્ધાઓના અમાનુષી યુદ્ધને ત્યાં ઉભેલા સર્વ રથીયોદ્ધાઓ જોઈ રહ્યા હતા. જાતજાતનું યુદ્ધ કરી જાણનારા તેઓ તે તે વિચિત્ર રથમાર્ગોમાં ઘૂમી રહ્યા હતા; જેથી તેમનું યુદ્ધ પણ તરેહ તરેહની રથગતિથી યુક્ત હોઈને ઘણું વિચિત્ર જણાતું હતું. પરસ્પરને જીતવાની ઇચ્છાથી પરાક્રમપૂર્વક તેઓ યત્ન કરતા હતા અને વર્ષાઋતુના મેઘોની પેઠે બાણોની વૃષ્ટિથી અન્યોન્યને ઢાંકી દેતા હતા. તે મહાપુરુષો, સૂર્યસરખા દેદીપ્યમાન રથોમાં બેઠા હતા; જેથી વિજળીઓના ઝબકારાવાળા શરદ્ઋતુના મેઘોસરખા શોભતા હતા. હે મહારાજ! ક્રોધ અને અમર્ષમાં આવી ગયેલા તે યોદ્ધાઓ, અન્યોન્યની ચડસાચડસી કરીને મોટાં ધનુષ્યો હાથમાં લઈ યત્નપૂર્વક સામસામા આવી ગયા હતા! તે જાણે મદમત્ત હાથીઓ હોય અથવા મોટા સાંઢ હોય તેવા જણાતા હતા.[૩૭-૪૧]

હે રાજન્! ખરેખર, જ્યાંસુધી કાળ ન આવ્યો હોય ત્યાંસુધી કોઈનાં શરીર પડતાં નથી. એ કારણથીજ તે સર્વ મહારથીઓ એકીસાથે કપાઈ મરતા ન હતા;[૪૨] પણ તે આખું રણક્ષેત્ર બાહુઓ, ચરણો, કપાયેલાં કુંડળધારી મસ્તકો, ધનુષ્યો, બાણો, ભાલાંઓ, ફરસીઓ, પટ્ટિશો, બંદુકો, ક્ષુરપ્રો, નારાચો, વાઘનખો, શક્તિઓ, તોમરો, બીજાં કેટલાંએક વિવિધ બાણી પાયેલાં ઉત્તમ હથિયારો, વિચિત્ર તરેહ તરેહના આકારનાં કવચો, ભાંગી પડેલા વિચિત્ર રથો, મરણ પામેલા હાથીઓ, ઘોડાઓ, જેઓના યોદ્ધાઓ તથા ધ્વજોનો નાશ થયો છે તેવા ખાલી પડેલા પર્વતસરખા રથો, ત્રાસ પામીને રથને આમતેમ ખેંચી જતા; તથા જેના હાંકનારાઓ મરણ પામ્યા છે તેવા પવનવેગી અલંકૃત ઘોડાઓ, પાડી નાખવામાં આવેલા પંખાઓ, કવચો, ધ્વજાઓ, છત્રો, અલંકારો, વસ્ત્રો, સુગંધી પુષ્પમાળાઓ, હારો, મુકુટો, પાઘડીઓ, ઘુઘરીઓ, છાતીપર ધારણ કરવાની માણમય કંઠીઓ તથા શિરપેચોથી ભરાઇ ગયું હોવાથી તારાગણોથી ભરાઇ ગયેલા આકાશની પેઠે દેખાતું હતું.[૪૨-૪૯]

તે પછી દુર્યોધન અને નકુલની ભેટંભેટા થઇ. તેઓ બન્ને યોદ્ધાઓ ક્રોધ અને અમર્ષમાં આવી ગયા હતા.[૫૦] હે મહારાજ! હર્ષમાં આવી ગયેલા માદ્રીના પુત્રે સેંકડો બાણો મૂકીને તમારા પુત્રને ડાબી તરફ લાવી મૂક્યો; એટલે ત્યાં ઉભેલાં સૈન્યોમાં મોટો કોલાહલ થઇ રહ્યો.[૫૧] કાકાના છોકરાએ પોતાને યુદ્ધમાં ડાબી તરફ કરી મૂક્યો, તે દુર્યોધનથી સહન થયું નહિ; જેથી હે મહારાજ! તમારો પુત્ર પણ ક્રોધમાં આવી જઇને તે નકુલને પણ ડાબી તરફ મૂકવાને શીઘ્ર ઉપાયો કરવા લાગ્યો; પરંતુ જાતજાતની યુદ્ધની રીતિઓને જાણનારો તેજસ્વી નકુલ, પોતાને ડાબી તરફ લઇ જવા ઉપાય કરી રહેલા તમારા પુત્રને બાણો મૂકીમૂકીને સર્વ તરફથી અટકાવવા લાગ્યો તથા પીડવા લાગ્યો. થોડો સમય જતાં તો નકુલે દુર્યોધનને રણમાંથી હાંકીજ કાઢયો. તે જોઇ સર્વ સૈન્યો નકુલનાં વખાણ કરવા લાગ્યાં. એ વેળા પોતાનાં સર્વ દુઃખોનું સ્મરણ કરી નકુલે તમારા પુત્રને કહ્યું કેઃ- "અલ્યા ઓ દુર્યોધન! ઉભો રહે, ઉભો રહે, નાસે છે ક્યાં?" હે રાજા! ખરૂં જોતાં તમારા દુષ્ટ વિચારોના પરિણામેજ આ સમય આવી પહોંચ્યો છે.[૫૨-૫૫]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં "નકુલનું યુદ્ધ" એ વિષયનો અધ્યાય ૧૮૭ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૮૮ મો

મોટા મોટા યોદ્ધાઓની ભેટ

॥ संजय उवाच ॥

ततो दुःशासनः क्रुद्धः सहदेवमुपाद्रवत् ।
रथवेगेन तीव्रेण कंपयन्निव मेदिनीम् ॥१॥

સંજયે કહ્યું:–તે પછી ક્રોધે ભરાયલો દુઃશાસન, રથના તીવ્ર વેગથી પૃથ્વીને કંપાવતો કંપાવતો સહદેવસામે ધસ્યો.[૧] કે તરતજ એક ભલ્લબાણ મૂકીને શત્રુકર્ષણ સહદેવે તેના સારથિના મસ્તકને ઉપરના ટોપની સાથે છેદી નાખ્યું.[૨] એ વેળા સહદેવે એ કાર્ય એટલી બધી ઝડપથી કર્યું હતું, કે જેથી દુઃશાસન અથવા કોઇ સૈનિકને પણ તે સારથિના શિરચ્છેદની ખબર પડી નહિ;[૩] પરંતુ જ્યારે છૂટી લગામવાળા ઘોડાઓ પોતાને ફાવે તેમ જવા લાગ્યા, ત્યારે દુઃશાસને જાણ્યું કે, સારથિ મરણ પામ્યો છે.[૪] પછી દુઃશાસને પોતેજ ઘોડાઓની લગામ હાથમાં લીધી અને અશ્વશિક્ષામાં કુશળ તે મહારથી, ઝપાટાબંધ સુંદર અને અદ્ભુત યુદ્ધ કરવા લાગ્યો.[૫] દુશાઃસનના તે કર્મનાં, સ્વપક્ષના યોદ્ધાઓ તથા શત્રુઓસુદ્ધાં વખાણ કરવા લાગ્યા; કારણ કે સારથિ મરણ પામ્યો હતો, છતાં નિર્ભયની પેઠે રથમાં બેસીને તે રણમાં ઘૂમતો હતો.[૬] પેલી તરફથી સહદેવ તો તીક્ષ્ણ બાણો મૂકીમૂકીને દુઃશાસનના ઘોડાઓને છાઇ દેતોજ હતો; એટલે બાણોથી પીડાયેલા તે ઘોડાઓ, ઉતાવળા ઉતાવળા ચોતરફ નાસવા લાગ્યા.[૭] તે જોઈ દુઃશાસને ધનુષ્યને પડતું મૂક્યું અને ઘોડાઓની લગામ હાથમાં લીધી. આમ વારંવાર ધનુષ્ય લઇને પરાક્રમ કરતો તથા પુનઃ ધનુષ્ય છોડી દઈ ઘોડાઓની લગામ હાથમાં પકડતો દુઃશાસન લડયે જતો હતો;[૮] ત્યારે એ સમયનો લાભ લઇ માદ્રીપુત્ર સહદેવ, સંખ્યાબંધ બાણો મૂકીને તેને ઢાંકી દેવા લાગ્યો હતો. તેવામાં તમારા પુત્રનું રક્ષણ કરવાની ઇચ્છાથી કર્ણ ત્યાં આવી પહોંચ્યો; એટલે પેલી તરફથી ભીમસેન પણ ત્યાં આવી પહોંચ્યો અને ધનુષ્યને કાનસુધી ખેંચીને છોડેલાં ત્રણ બાણો મૂકી તેણે, કર્ણની છાતીમાં તથા બન્ને બાહુઓમાં પ્રહાર કર્યો અને ગર્જના પણ કરી.[૯,૧૦] તે પ્રહારની સાથેજ કર્ણ માર મારેલા સર્પની પેઠે ભીમસેન તરફ ફર્યો અને તીક્ષ્ણ બાણો મૂકી તેને અટકાવવા લાગ્યો.[૧૧] પછી ભીમ તથા કર્ણનું તુમુલ યુદ્ધ થવા લાગ્યું. મોટા આખલાની પેઠે ગર્જનાઓ કરતા તેઓ બન્ને જણા ડોળા ફાડી ફાડીને એકમેકને જોવા લાગ્યા; અને મોટો વેગ કરી અન્યોન્ય સામે ક્રોધપૂર્વક ધસવા લાગ્યા. યુદ્ધકુશળ તેઓ બન્ને યોદ્ધાઓની ભેટંભેટામાં બાણોની જ્યારે ખોટ પડી, ત્યારે તેઓનું ગદાયુદ્ધ ચાલુ થયું. ભીમસેને ગદાના પ્રહારથી કર્ણના રથ, ઉંટડા વગેરેના સેંકડો ટુકડા કરી નાખ્યા, તે એક આશ્ચર્ય જેવું બન્યું હતું. વીર્યવાન રાધાપુત્રે, ભીમસેનની ગદાનો નાશ કરી નાખી સામો તેના રથપર પોતાની ગદાનો પ્રહાર કર્યો તથા ભીમસેનની ગદાને પણ ભાંગી નાખી; એટલે ભીમસેને પુનઃ વજનદાર એવી એક બીજી ગદા કર્ણ તરફ ફેંકી. તે ગદાને પણ કર્ણે અનેક સુંદર પુંખવાળાં પીછાં બાંધેલાં બાણોવડે પાછી ધકેલી દીધી, એટલે તે ગદા ભીમસેન તરફ પાછી ફરી. મંત્રોથી હણાયેલી જાણે નાગણ હોય તે પ્રમાણે કર્ણનાં બાણોથી ધકેલાયલી તે ગદા ભીમસેન તરફ ધસી. આવી રીતે તે ગદા પડવાથી ભીમસેનનો મહાન ધ્વજ કડડડ કરતો પૃથ્વીપર આવી પડયો તથા તેનો સારથિ મૂર્છાથી બેભાન થઇ ઢળી પડયો. પછી મહાબળવાન ભીમસેને ક્રોધપૂર્ણ થઇ આઠ બાણો કર્ણને માર્યાં ને વધારામાં બીજાં તીક્ષ્ણ બાણો મૂકી શત્રુવીરોનો નાશ કરનારા તે ભીમે, હસતો હોય તેવો ડોળ કરી કર્ણના ધ્વજ, ધનુષ્ય તથા ભાથાના કકડા કરી નાખ્યા; ત્યારે હે ભારત! કર્ણે પણ સોનેરી પીઠવાળું બીજું એક દુરાસદ ધનુષ્ય હાથમાં લીધું અને રથની ધરી જેવડાં મોટાં બાણો ફેંકીને ભીમસેનના રીંછવર્ણા ઘોડાઓને તથા બન્ને પૃષ્ઠરક્ષકોસાથે સારથિને ઝડપથી મારી નાખ્યા.[૧૨–૨૨] પોતાના રથનો એ રીતે વિનાશ થતાં શત્રુદમન ભીમસેન, સિંહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ પર્વતના શિખરપર ચઢી જાય, તેમ નકુલના રથપર ચઢી ગયો.[૨૩] આ બાજુ બીજી તરફ મહારથી દ્રોણાચાર્ય અને અર્જુન અદ્ભુત યુદ્ધ કરી રહ્યા હતા. હે રાજેન્દ્ર! તેઓ બન્ને આચાર્યશિષ્ય યુદ્ધમાં અન્યોન્યના પર પ્રહાર કરી રહ્યા હતા.[૨૪] ઝડપથી બાણોનું સંધાન કરી, ઉતાવળા ઉતાવળા બાણોને ફેંકી તથા રથોને અનેક માર્ગોમાં ઘૂમાવીને તેઓ બન્ને જણા મનુષ્યોનાં નેત્રોને તથા મનને મોહિત કરી નાખતા હતા.[૨૫]

હે ભરતશ્રેષ્ઠ! તે વેળા સર્વ યોદ્ધાઓ યુદ્ધ કરતા અટકી પડયા હતા અને પૂર્વે કદી નહિ જોયેલું ગુરુશિષ્યનું યુદ્ધ નિહાળવા લાગ્યા.[૨૬] તેઓ બન્ને વીરો, સેનાના મધ્યમાં જાતજાતના રથમાર્ગો પ્રકટ કરતા હતા અને એકમેકને ડાબી બાજુ લાવવા મથતા હતા.[૨૭] સર્વ યોદ્ધાઓ અત્યંત આશ્ચર્યચકિત થઇને તેઓનું યુદ્ધ જોઈ રહ્યા હતા. હે મહારાજા! જેમ કોઇએક માંસના ટુકડામાટે આકાશમાં બે બાજપક્ષીઓનું યુદ્ધ થાય, તેમ તે અર્જુન તથા દ્રોણાચાર્યનું મહાન યુદ્ધ થઇ રહ્યું હતું. અર્જુનનો પરાજય કરવામાટે દ્રોણાચાર્ય, જે જે કર્મ કરી રહ્યા હતા, તેનો તેનો પાંડુપુત્ર અર્જુન, તત્કાળ વિનાશ કરી નાખતો હતો. આમ યુદ્ધની એકજ અવસ્થામાં દ્રોણાચાર્ય, જ્યારે અર્જુનથી વધી શકયા નહિ, ત્યારે અસ્ત્રમાર્ગોમાં કુશળ એવા તે આચાર્યે દિવ્ય અસ્ત્રો પ્રકટ કરવા માંડયાં. ઐન્દ્ર, પાશુપત, ત્વાષ્ટ્ર, વાયવ્ય, વારુણ આદિ જે જે અસ્ત્ર દ્રોણાચાર્યના ધનુષ્યમાંથી છૂટતું હતું, તેનો અર્જુન નાશ કર્યે જતો હતો. આ રીતે પાંડુપુત્ર અર્જુન તેમનાં સર્વ અસ્ત્રોનો વિધિપૂર્વક અસ્ત્રો મૂકીને જ્યારે નાશ કરવા લાગ્યો, ત્યારે દ્રોણગુરુ એથી પણ અધિક પરાક્રમવાળાં પરમ દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરી અર્જુનને છાઇ દેવા લાગ્યા; પણ અર્જુન કયાં ઓછો હતો? દ્રોણાચાર્ય જય મેળવવાની ઇચ્છાથી જે જે અસ્ત્રનો અર્જુનપર પ્રયોગ કરતા હતા, તે તે અસ્ત્રનો વિઘાત કરવામાટે અર્જુન તેજ અસ્ત્રને પ્રકટ કરતો હતો. આમ પોતાનાં સર્વ દિવ્ય અસ્ત્રોનો વિધિપુરઃસર જ્યારે નાશ થવા લાગ્યો, ત્યારે આચાર્ય દ્રોણ, મનમાં ને મનમાંજ અર્જુનની પ્રશંસા કરવા લાગ્યા; અને શત્રુતાપન તે દ્રોણગુરુ સર્વ શસ્ત્રવેત્તાઓમાં અગ્રગણ્ય થયેલા તે શિષ્યથી પોતાને પૃથ્વીમાં સર્વોત્કૃષ્ટ માનવા લાગ્યા. સર્વ મહાત્મા વીરપુરુષોની વચ્ચે અર્જુન દ્રોણાચાર્યનું વારણ કરી રહ્યો હતો; છતાં પ્રયત્ન કરી રહેલા તે આચાર્ય મંદ મંદ હસીને પ્રીતિપૂર્વક અર્જુનને અટકાવવા લાગ્યા. તે વેળા હજારો દેવો, ગંધર્વો, ઋષિઓ અને ઘણા સિદ્ધોના સંઘો દ્રોણાચાર્ય અને અર્જુનના તે યુદ્ધને જોવાને આકાશમાં આવીને ઉભા રહ્યા હતા; તેમજ અપ્સરાઓ, યક્ષો તથા ગંધર્વોથીખીચોખીચ ભરાઈ ગયેલું આકાશ જાણે મેઘમંડળથી છવાઇ ગયું હોય તેવું શોભાયમાન લાગતું હતું. હે રાજા! ત્યાં આકાશમાં દ્રોણાચાર્ય તથા અર્જુનની સ્તુતિરૂપ અંતર્હિત વાણીઓ વારંવાર સંભળાઇ રહી હતી. દશેય દિશાઓને જાજવલ્યમાન કરનારાં તે દિવ્ય અસ્ત્રો સામસામાં જ્યારે છટી રહ્યાં હતાં, ત્યારે ત્યાં એકઠા મળેલા સિદ્ધો તથા ઋષિઓ એકેઅવાજે કહેવા લાગ્યા કેઃ—"ખરેખર! આ યુદ્ધને માનુષ, આસુર, રાક્ષસી, દવી કે ગાંધર્વી કહી શકાય તેમ નથી; પણ આ તો બ્રાહ્મયુદ્ધજ ગણાય. આવું વિચિત્ર તથા આશ્ચર્યજનક યુદ્ધ આપણે કદી જોયું નથી કે સાંભળ્યું નથી. જુઓને, થોડીવારમાં દ્રોણાચાર્ય અર્જુન કરતાં વધી જાય છે અને થોડીવારમાં અર્જુન દ્રોણાચાર્ય કરતાં વધી જાય છે. આપણે પોતે જ્યારે આ બન્નેમાં અંતર જોઇ શકતા નથી, તો બીજો કોઇ સામાન્ય વર્ગનો પ્રાણી તો આનું અંતર ક્યાંથી જોઇ શકે! જો કદાચ રુદ્રદેવ પોતે પોતાનાં બે સ્વરૂપો કરી આમ યુદ્ધ કરે તોજ આ યુદ્ધની ઉપમા મળી શકે તેમ છે. બાકી અન્ય સ્થળે તો આ યુદ્ધમાટે ઉપમાજ નથી. આચાર્ય દ્રોણમાં જ્યારે એકલું જ્ઞાનજ રહ્યું છે ત્યારે પાંડવ અર્જુનમાં જ્ઞાન તથા યોગ બન્ને રહ્યાં છે. વળી આચાર્યની અંદર જ્યારે એકલું શૌર્યજ રહેલું છે, ત્યારે પાંડવ અર્જુનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૌર્ય અને બળ બન્ને રહેલાં છે. આ બંને મહાધનુર્ધર યોદ્ધાઓને બીજા શત્રુઓ કદી પણ યુદ્ધમાં મારી શકે તેમ નથી; અને તેઓ-આ બન્ને જો કદાચ ધારે તો દેવોસહિત સર્વ જગતનો પણ સંહાર કરી નાખે તેમ છે."૨૮-૪૬

હે મહારાજા! એ રીતે અદૃશ્ય તથા પ્રકાશમાં રહેલાં સર્વ ભૂતો અન્યોન્ય યુદ્ધમાં ઘૂમી રહેલા તેઓ બન્નેને જોઇને કહી રહ્યાં હતાં.

તેવામાં તો મહાબુદ્ધિમાન દ્રોણાચાર્યે બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું, જેથી તે રણમાંનાં સર્વ ભૂતોને તથા આકાશમાં અંતર્હિત રહેલાં દિવ્ય ભૂતોને પણ સંતાપ સંતાપ થઇ રહ્યો. પર્વતો, વનો તથા વૃક્ષોસહિત સમગ્ર પૃથ્વી કંપાયમાન થઇ રહી, વાયુ તીક્ષ્ણ વાવા લાગ્યો, સાગરો ખળભળી ઉઠયા અને તે મહાત્માએ બ્રહ્માસ્ત્રને જ્યારે ઉગામ્યું, ત્યારે પાંડવકૌરવોની બન્ને સેનાઓમાં-સર્વ પ્રાણીઓમાં મોટો ત્રાસ વર્તાઇ રહ્યો, છતાં અર્જુન ગભરાયો નહિ; પણ હે રાજા! સામું બ્રહ્માસ્ત્રજ પ્રકટ કરીને દ્રોણાચાર્યના અસ્ત્રનો તેણે નાશ કર્યો તથા સર્વ શાંત કર્યું. આ પ્રમાણે તેઓ બન્નેના યુદ્ધનો જ્યારે કોઇ રીતે પાર આવ્યો નહિ, ત્યારે પુનઃ સંકુલ યુદ્ધનો આરંભ થયો, જેથી તે યુદ્ધ એટલું બધું વ્યાકુળ થઇ ગયું કે, ત્યાં કંઇ જોવામાં પણ ન આવ્યું. હે રાજા! દ્રોણાચાર્ય તથા અર્જુનનું તે તુમુલ યુદ્ધ ચાલુ થયું, ત્યારે આકાશ જાણે મેઘમંડળથી ઢંકાઇ ગયું હોય તેમ બાણજાળોથી ભરાઇ ગયું. તે સમયે કોઇ પણ આકાશચારી પ્રાણી ત્યાં આવ-જા કરતું ન હતું.૪૮-૫૪

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં 'સંકુલ યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૮૮ મો સમાપ્ત

અધ્યાય ૧૮૯ મો

સંકુલ યુદ્ધ

॥ संजय उवाच ॥

तस्मिंस्तथा वर्तमाने गजाश्वनरसंक्षये ।
दुःशासनो महाराज धृष्टद्युम्नमयोधयत् ॥१॥

સંજયે કહ્યું:-હે મહારાજ! હાથીઓ, ઘોડાઓ તથા મનુષ્યોનો એ રીતે ઘોર સંહાર જ્યારે ચાલી રહ્યો હતો, ત્યારે દુઃશાસન ધૃષ્ટદ્યુમ્ન સામે લડી રહ્યો હતો.[૧] સુવર્ણજડિત રથમાં બેઠેલો તે ધૃષ્ટદ્યુમ્ન પણ દુઃશાસનનાં બાણોથી અકળાઇ જઇને કોપી ઉઠયો. તેણે તમારા પુત્રના ઘોડાઓને બાણોવડે ઢાંકી દીધા;[૨] અને એક ક્ષણવારમાં તો ધૃષ્ટદ્યુમ્નનાં બાણોવડે છુંદાઇ ગયેલો દુઃશાસન રથ, ધ્વજા અને સારથિસહિત દેખાતો બંધ થયો.[૩] હે રાજેન્દ્ર! મહાત્મા ધૃષ્ટદ્યુમ્નની બાણજાળોથી દુઃશાસનને એટલી બધી પીડા થવા લાગી, કે જેથી તેની સામે ઉભા રહેવાને પણ તેનામાં શક્તિ રહી નહિ. આ પ્રમાણે દુઃશાસનને બાણો મારી મારીને રણમાંથી નસાડી મૂકી ધૃષ્ટદ્યુમ્ન, હજારો બાણો ફેંકતો ફેંકતો દ્રોણાચાર્યસામેજ યુદ્ધ કરવા ચાલ્યો ગયો.[૫] આગળ જતાં હાર્દિક્યવંશનો કૃતવર્મા તથા તેના ત્રણ ભાઇઓ તેની સામે ચઢી આવ્યા અને એ ધૃષ્ટદ્યુમ્નને આગળ જતો અટકાવવા લાગ્યા.[૬] એ વેળા પુરુષશ્રેષ્ઠ નકુલ તથા સહદેવ, બળતા અગ્નિની પેઠે પ્રદીપ્ત થઇ દ્રોણાચાર્યસામે જતા ધૃષ્ટદ્યુમ્નના પૃષ્ઠરક્ષકતરીકે પાછળ પાછળ જવા લાગ્યા. પછી તેઓ સર્વ મોટા મોટા મહારથીઓ, (કૃતવર્મા, તેના ત્રણ ભાઇઓ, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ અને સહદેવ) ધૈર્યપૂર્વક મરણને પાસે રાખી અમર્ષમાં આવી જઇને અન્યોન્યને પ્રહાર કરવા મંડી પડયા.[૮] હે રાજન્! તે સર્વનો આત્મા શુદ્ધ હતો, વર્તન પણ શુદ્ધ હતું તથા સ્વર્ગમાં જવાનું રહેવા દઇને પરસ્પર વિજયની ઇચ્છાથી તેઓ ખરેખરૂં આર્યયુદ્ધ કરી રહ્યા હતા.[૯] હે રાજા! શુદ્ધ વંશમાં જન્મેલા તથા શુદ્ધ કર્મોને કરનારા તે વીરપુરુષો, ઉત્તમ ગતિને પામવામાટે તે વેળા બરાબર ધર્મયુદ્ધથીજ લડી રહ્યા હતા.[૧૦] તે સાતે યોદ્ધાઓમાં કોઇ અધર્મિષ્ઠ ન હતો અથવા તેમનું યુદ્ધ પણ અપ્રશસ્ત ન હતું. એ યુદ્ધમાં કર્ણી, નાલીક, ઝેર ચોપડેલું બસ્તિક, સૂચી, કપીશ કે વાંદરાનાં હાડકાંમાંથી બનેલું બાણ અથવા ગાય કે હાથીનાં હાડકાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી બનાવેલું બાણ, બે અણિયાળું, મલિન અણીવાળું અથવા વક્ર ગતિનું બાણ એક પણ વપરાતું ન હતું;[૧૧,૧૨] પરંતુ ત સર્વ યોદ્ધાઓએ શુદ્ધ અને સરળગામી શસ્ત્રોજ ધારણ કર્યાં હતાં. નીતિમય તથા શુદ્ધ યુદ્ધ કરીને ઉત્કૃષ્ટ લોક તથા કીર્તિને મેળવવાની ઇચ્છાથીજ તેઓ લડી રહ્યા હતા. એ પ્રમાણે હે રાજા! તમારા પક્ષના ચાર યોદ્ધાઓનું પાંડવપક્ષના ત્રણ યોદ્ધાઓ સામેનું તે તુમુલ યુદ્ધ, સર્વ જાતના દોષોથી રહિત હતું.[૧૩,૧૪] પછી કૃતવર્મા આદિ તમારા તે ચારે મહારથીઓને નકુલ તથા સહદેવે અટકાવી દીધા. તે જોઈ ઝડપથી અસ્ત્રો મૂકનારો ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યસામે ધસી ગયો.[૧૫] સિંહ સમાન નકુલ અને સહદેવે, એ ચારેય વીરોને જ્યારે અટકાવી દીધા, ત્યારે બે પર્વતોપર જેમ વાયુઓ તૂટી પડે, તેમ તેઓ ચારેય જણા તેઓ બન્નેના પર તૂટીજ પડયા; જેથી તેઓમાંના બબ્બે મહારથીઓસામે રથીશ્રેષ્ઠ નકુલ તથા સહદેવ યુદ્ધ કરવા લાગ્યા, એટલે તુરત ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યસામે વળ્યો.

હે મહારાજા! દ્રોણાચાર્યસામે ધસી જતા યુદ્ધદુર્મદ ધૃષ્ટદ્યુમ્નને જોઇને તેમજ પોતાના ચાર મહારથીઓ નકુલ તથા સહદેવસામા લડવામાં રોકાયા છે તે બધું જોઇને દુર્યોધન, રુધિરનું પાન કરનારાં બાણો ફેંકતો ફેંકતો ધૃષ્ટદ્યુમ્નના માર્ગ વચ્ચે ધસી ગયો; એટલે તુરતજ સાત્યકિ ત્યાં ચઢી આવ્યો.[૧૮,૧૯] તેઓ બન્ને કુરુ તથા માધવવંશના પુરુષવ્યાઘ્રો, નિર્ભય થઇને પરસ્પર સમીપમાં આવી જઇને હસતા હસતા યુદ્ધમાટે ભેટયા.[૨૦] એ વેળા તેઓ બન્ને પોતાની બાલ્યાવસ્થાનાં ચરિત્રોનો વિચાર કરીને પ્રસન્ન થતા વારંવાર મુખ મલકાવતા એકબીજા સામે જોતા હતા.[૨૧] પછી દુર્યોધનરાજા પોતાના પ્રિય મિત્ર સાત્યકિને પોતાના વર્તનની નિંદા કરતો કરતો કહેવા લાગ્યો:–[૨૨] "હે મિત્ર! ક્રોધ, લોભ, મોહ, અમર્ષ, ક્ષાત્રધર્મ તથા ઔરસબળને ધિક્કાર હજો,[૨૩] કે જેને લીધે હે શિનિપુંગવ! હું મારીસામે યુદ્ધ કરવા ખડો થયો છે અને હું તારીસામે યુદ્ધ કરવા ખડો થયો છું, તોપણ તું મને મારા પ્રાણો કરતાંયે અધિક પ્રિય છે; એટલુંજ નહિ પણ મારી માલિકીના જે જે ભોગો છે તે અને હું પોતે પણ સદાને માટે તારા છીએ.[૨૪] આપણાં જે જે બાળચરિત્રો ભૂતકાળમાં થયાં છે, તે તે બધાં આ સમયે મને યાદ આવે છે; પણ અફસોસ! આ રણાંગણમાં ઉપસ્થિત થતાં આપણાં તે સર્વ બાળચરિત્રો જીર્ણ થઇ ગયાં છે.[૨૫] હે સાત્વત! ક્રોધ અને લોભથી બીજું શું ફળ આવે? તેના ફળરૂપે આજે આપણા વચ્ચે આ યુદ્ધ ઉપસ્થિત થયું છે."

રણભૂમિપર આ રીતે કહેતા દુર્યોધનપ્રત્યે પરમ અસ્ત્રોને જાણનારો સાત્યકિ તીક્ષ્ણ બાણો ઉગામીને હસતો હસતો બોલ્યો:– "હે રાજપુત્ર! આ કંઇ રાજસભા નથી અથવા આચાર્યનું ઘર નથી, કે જ્યાં એકઠા મળીને આપણે તે સમયે રમતગમત કરતા હતા, તેવું વર્તન કરી શકીએ!"

તે સાંભળી દુર્યોધને કહ્યું:–"હે શિનિપુંગવ! આપણી બાલ્યાવસ્થાની તે રમતગમત ક્યાં ચાલી ગઇ અને આ યુદ્ધ વળી ક્યાંથી ઉપસ્થિત થયું? આ બધો વિચાર કરતાં જણાય છે કે, કાળની ગતિ જાણી ન શકાય તેવી છે. અરેરે! ધન મેળવીને અથવા ધન મેળવવાની ઇચ્છા કરીને આપણે શું કૃત્ય કરવાનું છે? જેથી અહીં એકઠા મળેલા આપણે બધા કેવળ ધનના લોભથીજ લડી રહ્યા છીએ!"

સંજયે કહ્યું:–રાજા દુર્યોધન આ પ્રમાણે જ્યારે કહી રહ્યો હતો, ત્યારે સાત્યકિ પુનઃ કહેવા લાગ્યો કે:–[૨૬–૩૦] "ક્ષત્રિયોનો સદાકાળનો તેવોજ આચાર હોય છે. તેવો પ્રસંગ આવતાં ગુરુઓસામે પણ લડે છે, માટે હે રાજા! હું તને જો ખરેખરો પ્રિય હોઉં તો તું મને મારી નાખ. લે, વિલંબ ન કર, જેથી હે ભરતશ્રેષ્ઠ! તારે લીધે હું પુણ્યવંતોના દિવ્ય લોકમાં જાઉં. તારામાં જેટલી શક્તિ અને જેટલું બળ હોય, તેને તુર્ત મારાપર આજે દેખાડી દે.[૩૧,૩૨] મિત્રોનાપર આવનારા મહાન સંકટને જોવાની મારી ઇચ્છા નથી." આમ સ્પષ્ટ ઉત્તર આપીને સા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યકિ અવ્યગ્ર થઇને તત્કાળ દુર્યોધનસામે આવી ખડો થયો. તેણે પોતાનાપર જરાયે દયા કરી નહિ, ત્યારે તમારા પુત્રે પણ પોતાની સામે આવેલા તે મહાબાહુને યુદ્ધમાટે સ્વીકારી લીધો તથા હે રાજન્! બાણો મૂકીને તે સાત્યકિને વધાવી લીધો. પછી ક્રોધાયમાન થયેલા હાથી અને સિંહનું જેવું ઘોર યુદ્ધ થાય છે, તેવુંજ કુરુ તથા માધવવંશમાં સિંહસમાન તેઓ બન્નેનું ઘોર યુદ્ધ ચાલુ થયું. કોપેલા દુર્યોધને ધનુષ્યને કાનસુધી લાંબું ખેંચીને દશ બાણો છોડયાં અને યુદ્ધદુર્મદ સાત્યકિને વિંધી નાખ્યો, એટલે સાત્યકિએ પણ બાણોવડે તેને સામો વિંધી નાખી બીજાં કેટલાંએક બાણોથી છાઇ દીધો; એટલુંજ નહિ પણ પુનઃ પચાસ બાણો મારી બીજાં ચાલીસ બાણોનો દુર્યોધનને માર માર્યો. હે રાજા! સાત્યકિનો એ રીતનો રણમાં ઝપાટો જોઇ તમારો પુત્ર ખડખડાટ હસ્યો અને પછી ધનુષ્યને કાનસુધી ખેંચી છોડવામાં આવેલાં તીક્ષ્ણ ત્રીસ બાણો મારી તેને વિંધી નાખ્યો; ઉપરાંત તેણે ક્ષુરપ્રબાણ મૂકી તેના ધનુષ્યના બે કકડા કરી નાખ્યા.[૩૩-૩૯] ઝડપદાર હાથવાળા તે સાત્યકિએ તુરત બીજું દૃઢ ધનુષ્ય હાથમાં લીધું ને તમારા પુત્રપર બાણો છોડવા માંડયાં.[૪૦] પોતાનો વિનાશ કરવાની ઇચ્છાથી એકાએક પડતી તે બાણપંક્તિના રાજા દુર્યોધને કટકે કટકા કરી નાખ્યા. તે જોઇ મનુષ્યો કોલાહલ મચાવી રહ્યા.[૪૧] વળી પણ વેગપૂર્વક તોંતેર બાણો મૂકીને તેણે સાત્યકિને ખૂબ પીડવા માંડયો. દુર્યોધને છોડેલા તે સર્વ બાણો સુવર્ણના પુંખવાળાં તથા સરાણપર ઘસેલાં કાનસુધી ખેંચેલા ધનુષ્યમાંથી જોસભેર નીકળ્યાં હતાં.[૪૨] વળી પાછો પણ દુર્યોધન બાણોનું સંધાન કરતો હતો; તેવામાં તો સાત્યકિએ તેના ધનુષ્યને કાપી નાખ્યું ને વધારામાં ઝપાટબંધ બાણો મૂકી તેને વિંધી નાખ્યો.[૪૩] હે મહારાજા! સાત્યકિના તે છેલ્લા પ્રહારથી દુર્યોધન ગાઢ વિંધાઇ ગયો; જેથી તેનાં બાણોવડે વ્યથિત અને પીડિત થઇને બીજા રથીસામે દૂર ચાલ્યો ગયો;[૪૪] અને થોડી વિશ્રાંતિ લઇ પુનઃ સાત્યકિસામે ચઢી આવી તેના રથસામે જથ્થાબંધ બાણો ફેંકવા લાગ્યો;[૪૫] અને સાત્યકિ પણ દુર્યોધનના રથસામે બાણો છોડવા લાગ્યો. હે રાજન્! આ રીતે તે સંકુલ યુદ્ધ થઇ રહ્યું હતું,[૪૬] તે વેળા ફેંકવામાં આવેલાં બાણો પ્રાણીઓપર જ્યારે પડતાં હતાં, ત્યારે મોટી ઘાસની ગંજીઓમાં સળગી રહેલા અગ્નિના જેવો મહાન કડકડાટ શબ્દ થઈ રહ્યો હતો.[૪૭] તેઓ બન્ને વીર પુરુષોનાં હજારો બાણોથી પૃથ્વીતલ ઢંકાઇ ગયું હતું; તેમજ આકાશ પણ અગમ્યસ્વરૂપ થઇ પડયું હતું.[૪૮] આ પ્રમાણેના તેઓ બન્નેના યુદ્ધમાં રથીશ્રેષ્ઠ સાત્યકિને દુર્યોધનના કરતાં ચઢીઆતો જોઈ કર્ણે ઉતાવળો ઉતાવળો તમારા પુત્રની રક્ષા કરવામાટે ત્યાં ચઢી આવ્યો;[૪૯] પણ બીજી તરફ ઉભેલો મહાબળવાન ભીમસેન તેને સહન કરી શક્યો નહિ, એટલે તે પણ ઉતાવળો ઉતાવળો કર્ણસામે ધાયો અને ઘણાં બાણો ફેંકવા લાગ્યો.[૫૦] કર્ણે પણ હસતાં હસતાં તેનાં તીક્ષ્ણ બાણોનો વિનાશ કરી નાખી, તેના ધનુષ્યના તથા સાંધેલાં બાણોના કટકે કટકા કરી નાખ્યા. તે ઉપરાંત તેના સારથિને પણ મારી નાખ્યો.[૫૧] તે જોઇ પાંડુપુત્ર ભીમસેનને અત્યંત ક્રોધ ચઢી આવ્યો તેથી તેણે હાથમાં ગદા લઇ પોતાના શત્રુ કર્ણના ધ્વજ, ધનુષ્ય તથા સારથિને રણમાં રોળી નાખ્યાં.[૫૨] વળી મહાબળવાન તે ભીમસેને કર્ણના રથનું એક પૈડું પણ ભાંગી નાખ્યું. આમ પોતાના રથનું પૈડું ભાંગી પડયું છતાં કર્ણ લગારે કંપ્યો નહિ; પણ મોટા પર્વતની પેઠે અડગ ઉભો રહ્યો.[૫૩] સૂર્યના એક પૈડાવાળા રથને જેમ તેના સાતેય ઘોડાઓ ખેંચે છે, તેમ કર્ણના એક પૈડાવાળા રથને તેના ઘોડાઓ ઘણા વખતસુધી આગળ ને આગળ ખેંચી જતા હતા.[૫૪] કર્ણનાથી તે સહન થયું નહિ, જેથી તરેહ તરેહની બાણજાળો મૂકીને તથા જાતજાતનાં શસ્ત્રો વાપરીને ભીમસેનસામે તે લડવા લાગ્યો;[૫૫] ત્યારે ભીમસેન પણ ક્રોધાયમાન થઇને તેની સામે બરાબર રીતે લડી રહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રમાણે જ્યારે તેઓનું યુદ્ધ ચાલી રહ્યું હતું, ત્યારે ક્રોધાયમાન થયેલા ધર્મપુત્ર યુધિષ્ઠિરે પુરુષોમાં વ્યાઘ્રસરખા પાંચાલોપ્રત્યે તથા પુરુષોમાં શ્રેષ્ઠ મત્સ્ય યોદ્ધાઓપ્રત્યે આ પ્રમાણે કહ્યું:–"અરે ઓ યોદ્ધાઓ! જુઓ, જેઓ આપણા બહારના પ્રાણરૂપ છે અને જેઓ આપણા મસ્તકરૂપ છે, તે આ પુરુષશ્રેષ્ઠ મહારથી યોદ્ધાઓ, કૌરવ યોદ્ધાઓ-સામે લડી રહ્યા છે; તોપછી તમે બધા મૂઢ અને બેભાન જેવા થઈને અહીં શું ઉભા રહ્યા છો? જ્યાં એ આપણા મહારથીઓ લડી રહ્યા છે, ત્યાં તમે પણ ક્ષાત્રધર્મને આગળ કરી, ભય-રહિત થઈને જાઓ અને યુદ્ધ કરો. લડતાં લડતાં તમે જો માર્યા જશો તો તમે ઈષ્ટ ગતિ-ને પામશો અને જો વિજય મેળવશો તોપણ પુષ્કળ દક્ષિણાઓવાળા ઘણા યજ્ઞો–યજન કરી ઇષ્ટ ગતિને પામી શકશો.[૫૬–૬૦] અથવા કદાચ માર્યાજ જશો તોએ દેવોને સ્વરૂપે થઈ પુષ્કળ દિવ્ય લોકોને પામશો." રાજા યુધિષ્ઠિરની એ પ્રેરણા થતાં તેઓ સર્વ વીર મહારથીઓ યુદ્ધ કરવા સજ્જ થયા અને ક્ષાત્રધર્મને આગળ કરી ઉતાવળા ઉતાવળા દ્રોણાચાર્યસામે ધસી ગયા. પછી તે એકત્ર થયેલા પાંચાલયોદ્ધાઓ એક તરફથી જ્યારે દ્રોણાચાર્યપર તીક્ષ્ણ બાણોનો મારો ચલાવવા લાગ્યા, ત્યારે બીજી તરફથી ભીમસેન આદિ મહારથીઓ તેમને આસપાસથી ઘેરી વળ્યા. એ વેળા પાંડુપુત્રોમાંના ત્રણ કુટિલ યુદ્ધ કરનારા મહારથીઓ ત્યાં દ્રોણાચાર્ય સામે હતા. નકુલ, સહદેવ અને ભીમસેન, એ ત્ર-ણેય જણા મોટી બૂમો પાડી પાડીને અર્જુનને કહેવા લાગ્યા:–"અરે ઓ અર્જુન! તું જલદી આ તરફ ધસારો કર અને અહીં ઉભેલા કૌર-વોને દ્રોણાચાર્ય પાસેથી દૂર હાંકી કાઢ; જેથી રક્ષકોરહિત થયેલા દ્રોણાચાર્યને પાંચાલો નિર્વિ-ઘ્ને મારી શકે." તે સાંભળી અર્જુને એકા-એક કૌરવોસામે ધસારો કર્યો;[૬૧–૬૫] પણ હે ભરતવંશી રાજા! વીર દ્રોણાચાર્ય તો એ પંદરમે દિવસે ધૃષ્ટદ્યુમ્ન આદિ પાંચાલોનોજ બળપૂર્વક નાશ કરી રહ્યા હતા.[૬૬]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં 'સંકુલ યુદ્ધ' એ વિષયનો અધ્યાય ૧૯૯ મો સમાપ્ત

અધ્યાય ૧૯૦ મો

દ્રોણાચાર્યને અશ્વત્થામાના વધની શંકા

॥ संजय उवाच ॥

पंचालानां ततो द्रोणोऽप्यकरोत्कदनं महत्।
यथा क्रुद्धो रणे शक्रो दानवानां क्षयं पुरा ॥१॥

સંજયે કહ્યું:–જેમ પૂર્વે દેવાસુરના રણમાં ક્રોધાયમાન થયેલા ઇંદ્રે દાનવોનો મહાન ક્ષય કરી નાખ્યો હતો, તેમ ક્રોધાયમાન થયેલા દ્રો-ણાચાર્યે પણ પાંચાલોનો મહાન ક્ષય કરી ના-ખ્યો.[૧] હે મહારાજા! તે યુદ્ધમાં દ્રોણાચાર્યના અસ્ત્રથી યોદ્ધાઓનો સંહાર થઇ જતો હતો; છતાં કેટલાએક રણધીર મહારથીઓ દ્રોણાચાર્યથી ત્રાસ પામતા ન હતા;[૨] પણ તેઓ સર્વ પાંચા-લો તથા સૃંજયો, શત્રુ મહારથીઓ સામા યુદ્ધ કરતા કરતા દ્રોણાચાર્યસામેજ યુદ્ધમાટે ધસ્યા જતા હતા.[૩] તેઓ સમસ્ત પાંચાલો, બાણોની વૃષ્ટિઓથી ચારેબાજુ જ્યારે ઢંકાઇ જતા હતા અને ફૂટાઇ જતા હતા, ત્યારે તેઓનો ભયં-કર નાદ ત્યાં સંભળાતો હતો.[૪] મહાત્મા દ્રોણા-ચાર્યે પાંચાલોનો જ્યારે સંહાર કરવા માંડયો અને તેમનાં અસ્ત્રો જ્યારે સંગ્રામમાં પ્રકટ થવા લાગ્યાં, ત્યારે પાંડવોમાં પણ ભયનો પેસારો દા-ખલ થયો;[૫] અને હે મહારાજા! તે યુદ્ધમાં પો-તાના ઘોડાઓનો, હાથીઓનો તથા યોદ્ધાઓનો મોટો સંહાર જ્યારે પાંડવોના જોવામાં આવ્યો, ત્યારે તેઓની વિજયની આશા પણ નિરાશામાં બદલાઇ ગઇ.[૬] આવી ભયંકર સ્થિતિ ઉપસ્થિ-ત થતાં બુદ્ધિમાન શ્રીકૃષ્ણ મનમાં વિચાર ક-રવા લાગ્યા:–"શિશિરઋતુની આખરે પ્રદીપ્ત થયેલો અગ્નિ જેમ ઘાસની ગંજીને બાળી મૂકે, તેમ પરમ અસ્ત્રોને જાણનારા આ દ્રોણા-ચાર્ય શું અમને બધાને તો નહિ ખપાવી નાખે? આ દ્રોણાચાર્યની સામે યુદ્ધમાં એકીટસે જોવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પણ કોઈ યોદ્ધો જો સમર્થ નથી, તો તેમની સામે યુદ્ધ કરવા તો ક્યાંથીજ સમર્થ હોય? તેમ આ અર્જુન તો તેમની સામે કદી લડે તેમ નથીજ; કારણકે તે ગુરુ-શિષ્યના ધર્મને બરાબર રીતે જાણે છે."[૭,૮] આ પ્રમાણે મનમાં વિચાર કર્યા પછી દ્રોણાચાર્યનાં બાણોથી પીડિત થયેલા પાંડવોને જોઇને તેમના કલ્યાણમાં નિત્ય તત્પર રહેનારા શ્રીકૃષ્ણે અર્જુનપ્રત્યે કહ્યું:-"ધનુર્ધરોમાં શ્રેષ્ઠ આ દ્રોણાચાર્યને, તેમના હાથમાં જ્યાંસુધી ધનુષ્ય છે ત્યાંસુધી ઇંદ્રસહિત દેવો પણ સંગ્રામમાં જીતી શકે તેમ નથી; પણ જો કદાચ તેમને સંગ્રામમાં શસ્ત્રહીન કરવામાં આવે, તો મનુષ્યો પણ તેમનો નાશ કરવા શક્તિમાન થઇ શકે, માટે હે પાંડવ! આ સમયે ધર્મને પડતો મૂકી જય મેળવવાનો કોઇ ઉપાય શોધી કાઢ જેથી સુવર્ણના રથવાળા આ દ્રોણાચાર્ય આપણ સર્વનો રણમાં નાશ ન કરી નાખે. હું ધારૂં છું કે, અશ્વત્થામાનું મરણ થતાં આ દ્રોણાચાર્ય કદી યુદ્ધ નહિ કરે; માટે આપણામાંનો કોઇ માણસ 'અશ્વત્થામા રણમાં મરી ગયો' એમ તે આચાર્યને કહો." આ શ્રીકૃષ્ણની યુક્તિને અર્જુને પસંદ કરી નહિ, પણ બાકીના સર્વ યોદ્ધાઓને તો એ યુક્તિ ગમી. રાજા યુધિષ્ઠિરે પણ માંડ માંડ એ વાત સ્વીકારી. પછી હે રાજા! મહાબાહુ ભીમસેને, પોતાના સૈન્યમાં રહેલા અશ્વત્થામા નામના એક મહાન હાથીને ગદાવડે મારી નાખ્યો. તે હાથી માલવદેશના ઇંદ્રવર્મા નામના એક રાજાનો હતો અને શત્રુઓનો વિનાશ કરવામાં તે અતિ ઘોરકર્મી હતો.[૧૫] તે હાથીને મારી નાખી ભીમસેન, શરમાતો શરમાતો દ્રોણાચાર્ય પાસે રણક્ષેત્રમાં આવીને, "અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો" આમ મોટી બૂમો પાડતો કહેવા લાગ્યો.[૧૬] વાસ્તવિક રીતે તો "અશ્વત્થામા નામનો હાથીજ હણાયો છે," આવું મનમાં સમજીને પણ ભીમસેન તે સમયે અસત્ય વચન બોલ્યો હતો.[૧૭] અતિ અપ્રિય એવાં તે ભીમસેનનાં વચન સાંભળીને દ્રોણાચાર્યને મનમાં ઘણો ખેદ થયો. જળમાં પડેલી માટીની પેઠે તેમનાં ગાત્રો ઢીલાં પડી ગયાં;[૧૮] પણ તેમને પોતાના પુત્રના વીર્યની બરાબર ખબર હતી, જેથી તેમને ભીમસેનનાં વચન અસત્ય હોવાની શંકા થઈ અને માત્ર "અશ્વત્થામા હણાયો" એ વચન સાંભળવામાત્રથી તેઓ ધૈર્યરહિત થયા નહિ.[૧૯] પછી એક ક્ષણવારમાં પુનઃ ભાનમાં આવીને તેમણે ધીરજ પકડી અને પોતે મનમાં વિચાર કર્યો કે, "મારો પુત્ર શત્રુઓથી અસહ્ય છે."[૨૦] આવો વિચાર કરી બરાબર સ્વસ્થ થઇ તે દ્રોણાચાર્ય, પોતાના કાળસ્વરૂપ ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવાની ઇચ્છાથી આગળ ધસ્યા અને કંકપક્ષીનાં પીછાં બાંધેલાં તીક્ષ્ણ એકહજાર બાણોની તેમણે તેનાપર વૃષ્ટિ કરી.[૨૧] સામેથી પાંચાલોના વીસહજાર શૂરાયોદ્ધાઓ પણ સંગ્રામમાં એ રીતે ઘૂમી રહેલા દ્રોણાચાર્યપર સર્વ તરફથી બાણવૃષ્ટિ કરવા લાગ્યા.[૨૨] હે રાજા! મેઘમંડળથી ઘેરાયેલા સૂર્યને વર્ષાઋતુમાં જેમ જોઇ શકાતો નથી, તેમ બાણોના ઢગતળે દટાઇ ગયેલા મહારથી દ્રોણાચાર્યને પણ અમે જોઈ શકતા ન હતા;[૨૩] પરંતુ મહારથી શત્રુતાપન દ્રોણાચાર્યે, પાંચાલોનાં તે સર્વ બાણોનો નાશ કરી નાખ્યો અને અમર્ષમાં આવી જઈ તે શૂરા પાંચાલોનો સંહાર કરી નાખવામાટે તેમણે બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું. એ વેળા સર્વ સૈનિકોનો એ અસ્ત્રથી સંહાર કરતા તે દ્રોણાચાર્ય અતિશય તેજસ્વી દેખાવા લાગ્યા.[૨૪,૨૫] અનેક પાંચાલયોદ્ધાઓનાં મસ્તકોને એ મહારણમાં તેઓ પાડવા લાગ્યા. મોટા મોટા પરિઘસરખા અને સુવર્ણના અલંકારોથી શોભી રહેલા સંખ્યાબંધ બાહુઓને તેમણે કાપવા માંડયા.[૨૬] દ્રોણાચાર્યે મારી નાખેલા ઘણા રાજાઓ, પવનથી તૂટી પડેલાં વૃક્ષોની પેઠે રણભૂમિપર પછડાવા લાગ્યા.[૨૭] હે ભારત! ઘણા હાથીઓ તથા સંખ્યાબંધ ઘોડાઓ પણ ત્યાં ટપોટપ પડતા હતા; જેથી પૃથ્વી માંસ તથા લોહીના કાદવવાળી થઇ તથા જવા આવવાને માટે અયોગ્ય થઇ પડી.[૨૮] જોતજોતામાં પાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલોના વીસહજાર રથી યોદ્ધાઓને તેમણે મારી નાખ્યા;અને પોતે ધૂમાડાવિનાના બળતા અગ્નિની પેઠે તેજોમય જણાતા રણમાં ઉભા રહ્યા. વળી પાછા ક્રોધાયમાન થયેલા પ્રતાપી દ્રોણાચાર્યે, એક ભલ્લ જાતનું બાણ મૂકી વસુદાનના મસ્તકને ધડપરથી જૂદું પાડયું;[૩૦] તેમજ પાંચસો મત્સ્ય યોદ્ધાઓનો, છહજાર સૃંજય યોદ્ધાઓનો, દશ હજાર હાથીઓનો તથા દશ હજાર ઘોડાઓનો તેમણે ઘાણ કાઢી નાખ્યો.[૩૧] આમ ક્ષત્રિયોનો તદ્દન અભાવજ કરી નાખવામાટે તૈયાર થયેલા દ્રોણાચાર્યને જોઇને હવ્યવાહ આદિ ઋષિઓ ઉતાવળા ઉતાવળા ત્યાં આવી પહોંચ્યા.[૩૨] વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, વસિષ્ઠ, કશ્યપ, અત્રિ સિક્ત, પૃશ્નિ, ગર્ગ, વાલખિલ્ય, મરીચિપ, ભૃગુ,અંગિરા અને સૂક્ષ્મ તથા બીજા કેટલાએક મહર્ષિઓ દ્રોણાચાર્યને બ્રહ્મલોકમાં લઇ જવાની ઇચ્છાથી ત્યાં આવી પહોંચ્યા; અને તેઓ બધા રણને શોભાવનાર એ દ્રોણાચાર્યને ઉદ્દેશીને કહેવા લાગ્યાઃ–"હે દ્રોણ! તેં અધર્મથી યુદ્ધ કર્યું છે.હવે તારા મરણનો સમય સમીપજ છે, માટે આયુધનો રણમાં ત્યાગ કરી અમારી સામે જો. અમે બધા અહીં આવીને કેવળ તારામાટેજ ઉભા છીએ. હવે પુનઃ આવું ક્રૂર કર્મ કરવું તને યોગ્ય નથી. તું વેદો તથા વેદોનાં અંગોને યથાર્થ જાણે છે. વળી તું સત્યધર્મમાં આસક્ત રહેનારો છે તથા વિશેષે કરી બ્રાહ્મણ છે, માટે તને આવું ક્રૂર કર્મ ઘટતું નથી. ઓ અમોઘ બાણોવાળા દ્રોણાચાર્ય! હવે આયુધને ફેંકી દે અને શાશ્વત માર્ગમાં સ્થિત થા. આ મનુષ્યલોકમાં રહેવાને માટે તારો સમય હવે પૂર્ણ થયો છે. તેં બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી તે અસ્ત્રને નહિ જાણનારા સંખ્યાબંધ પુરુષોને રણભૂમિપર બાળી નાખ્યા છે; પણ હે બ્રાહ્મણ! તેં આવું કર્મ જે કર્યું તે ઉત્તમ નથી, માટે હવે તું આયુધને રણમાં ફેંકી દે. વિલંબ મા કર.એક બ્રાહ્મણતરીકે પુનઃ આવું અતિ પાપિષ્ઠ કર્મ તું કરીશ નહિ."[૩૩–૪૦]

એ મહર્ષિઓનાં તે વચનો સાંભળી, ભીમસેનના વચનનો વિચાર કરી અને પોતાના કાળસ્વરૂપ ધૃષ્ટદ્યુમ્નને સામે ઉભેલો જોઈ દ્રોણાચાર્યનું મન યુદ્ધમાટે ખિન્ન થઇ ગયું.[૪૧] પોતાનો પુત્ર મરણ પામ્યો હશે કે નહિ, આવો મનમાં સંદેહ થતાં તેમને ઘણી ગભરામણ થવા લાગી અને કુંતિપુત્ર યુધિષ્ઠિરને એ બાબત પૂછી જોઇ કે, "હે અશ્વત્થામા હણાયો?" દ્રોણાચાર્યને મનમાં દૃઢ નિશ્ચય હતો કે, પૃથાપુત્ર યુધિષ્ઠિર ત્રણેય લોકોના ઐશ્વર્યમાટે પણ કદી અસત્ય બોલશે નહિ." આ કારણથીજ તે ઉત્તમ બ્રાહ્મણે બીજા કોઇને પૂછ્યા સિવાય યુધિષ્ઠિરરાજાનેજ પૂછયું હતું. યુધિષ્ઠિરરાજા બાળક હતા ત્યારથીજ દ્રોણાચાર્યની તેમનાપર સત્યવાદીતરીકેની અટલ શ્રદ્ધા હતી.[૪૧–૪૪]

પછી પૃથ્વીને પાંડવોરહિત કરવાની ઇચ્છાવાળા સેનાપતિ દ્રોણાચાર્યના અભિપ્રાયને મનમાં સમજી જઇને ગોવિંદ ગભરાયા; એટલે તેમણે ધર્મરાજાને આ પ્રમાણે કહ્યુંઃ– "આ દ્રોણાચાર્ય ક્રોધાયમાન થઇને જો આજે અર્ધો દિવસજ યુદ્ધ કરશે તો નિશ્ચય માનજો કે, આ તમારી સેના વિનાશ પામશે, આ હું સત્ય કહું છું;[૪૬] માટે આ સમયે થોડું અસત્ય ભાષણ બોલીને તમે અમારી રક્ષા કરો, કારણ કે કોઇ કોઈ પ્રસંગે સત્યના કરતાં અસત્ય વચન પણ અતિ ઉત્તમ મનાય છે. પોતાના જીવિતને માટે અસત્ય બોલનાર મનુષ્યને પાપ લાગતું નથી." આ પ્રમાણે તેઓ બન્ને જણા વાતચિત કરતા હતા તે વેળા ભીમસેનવચમાંજ બોલી ઉઠયોઃ– "હે મહારાજા! મહાત્મા દ્રોણાચાર્યના વધનો ઉપાય સાંભળ્યા પછી મેં તમારી સેનામાં પ્રવેશ કરતા માલવાના રાજા ઇન્દ્રવર્માના અશ્વત્થામા નામના ઐરાવત હાથીસરખા એક હાથીને યુદ્ધમાં પરાક્રમ કરીને મારી નાખ્યો છે. એ હાથીને માર્યા પછી મેં દ્રોણાચાર્ય પાસે જઇને કહ્યું કેઃ–"હે બ્રહ્મન્! અશ્વત્થામા રણમાં હણાયો છે, માટે હવે તમે યુદ્ધમાંથી નિવૃત્ત થાઓ." પણ આ મારાં વાક્યને એ મહાપુરુષે જરાયે માન્યાં નથી; માટે હે રાજા! આપણા વિજયની ઇચ્છા રાખનારા ગોવિંદનાં વાક્યોને તમે માનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દ્રોણાચાર્યને કહો કે, "અશ્વત્થામા હણાયો છે." હે રાજા! તમે જો એ પ્રમાણે કહેશો તો તે ઉત્તમ બ્રાહ્મણ કદી યુદ્ધ નહિ કરે, કારણકે તમે એક સત્યવચનીતરીકે આ ત્રણેય લોકમાં પ્રસિદ્ધ થયા છો; જેથી તમારાં વચનોને તેઓ નિઃશંક સત્ય માનશે."[૪૮-૫૩] ભીમસેનનાં તે વચન સાંભળીને તથા શ્રીકૃષ્ણનાં વાક્યોથી પ્રેરાઇને હે મહારાજ! રાજા યુધિષ્ઠિર ભાવિ ભાવને વશ થઇ તેવું અસત્ય બોલવાને પણ તૈયાર થયા.[૫૪] તે સમયે પોતાના વિજય તરફ આસક્ત થયેલા રાજા યુધિષ્ઠિર, અસત્ય ભાષણના ભયમાં ડૂબી ગયા હતા; છતાં "અશ્વત્થામા હણાયો છે" આવું વાક્ય દ્રોણાચાર્ય સાંભળે તેમ મોટા સ્વરથી બોલ્યા અને "અશ્વત્થામા નામનો હાથી હણાયો છે" આવું વાક્ય બહુ ધીમેથી અસ્પષ્ટ બોલ્યા.[૫૫] હે રાજન્! રાજા યુધિષ્ઠિરનો રથ પ્રથમ સત્યના પ્રભાવથી પૃથ્વીથી ચાર આંગળ ઉંચો રહી ચાલતો હતો; પણ તેમણે જ્યારે તે અસત્ય વચન કહ્યું કે તરત તેમનો રથ પૃથ્વીનો સ્પર્શ કરી રહ્યો અને તેમના ઘોડાઓ પણ પૃથ્વીનો સ્પર્શ કરી રહ્યા.[૫૫]

યુધિષ્ઠિરપાસેથી પોતાના પુત્રમરણના વાક્યને સાંભળીને મહારથી દ્રોણાચાર્યને પુત્રના દુઃખને લીધે સંતાપ થવા લાગ્યો અને પોતાના જીવિતમાં પણ તેઓ નિરાશ થયા;[૫૭] તેમજ આકાશમાં ઋષિઓના વાક્યપરથી પોતે પોતાના આત્માને મહાત્મા પાંડવોના અપરાધીતરીકે માનવા લાગ્યા. વળી પુત્રને મરણ પામેલો સાંભળી તેમનું ચિત્ત ઘણું ઉદાસ થઈ ગયું તથા શત્રુઓનું દમન કરનારા તે દ્રોણાચાર્ય એટલા બધા ઉદ્વિગ્ન થઇ ગયા, કે જેથી ધૃષ્ટદ્યુમ્નને સામે ઉભેલો જોઇને પણ પ્રથમ પેઠે યુદ્ધ કરી શક્યા નહિ.[૫૭-૫૯]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં 'યુધિષ્ઠિરનું અસત્ય વચન' એ વિષયનો અધ્યાય ૧૯૦ મો સમાપ્ત

અધ્યાય ૧૯૧ મો

દ્રોણાચાર્યનું અંતિમ પરાક્રમ

॥ संजय उवाच ॥

तं दृष्ट्वा परमोद्विग्नं शोकोपहत चेतसम् ।
पंचालराजस्य सुतो धृष्टद्युम्न समाद्रवत् ॥१॥

સંજયે કહ્યું:-દ્રોણાચાર્યને પરમ ઉદ્વિગ્ન અને શોકથી ખિન્ન થયેલા મનવાળા જોઈ, પાંચાલરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તેમની સામે ધસ્યો.[૧] જે ધૃષ્ટદ્યુમ્નને રાજા દ્રુપદે મહાયજ્ઞમાં દેવોને હવિર્ભાગનું અર્પણ કરી દ્રોણાચાર્યનો વિનાશ કરવામાટે પ્રદીપ્ત અગ્નિ પાસેથી મેળવ્યો હતો.[૨] તે ધૃષ્ટદ્યુમ્ને મેઘસમાન ગંભીર શબ્દને કરનારૂં તથા મજબૂત દોરીવાળું જયશીલ ઘોર ધનુષ્ય હાથમાં લીધું અને તે ધનુષ્યમાં અગ્નિની પેઠે ચળકતું અને સર્પની પેઠે ઝેરી એવું દિવ્ય અજર બાણ સાંધ્યું. દ્રોણાચાર્યનો વધ કરવાની ઇચ્છાથીજ ધૃષ્ટદ્યુમ્ને અગ્નિસમાન મોટી જ્વાળાઓવાળું તે બાણ ધનુષ્યમાં સાંધ્યું હતું.[૩,૪] ખેંચેલા ધનુષ્યની દોરીના મંડળમાં રહેલા તે બાણનું તે સમયનું સ્વરૂપ વર્ષાઋતુની આખરમાં પવેષ (સૂર્યની આસપાસ થયેલું મંડળ)ના મધ્યમાં પ્રકાશી રહેલા સૂર્યસરખું દેખાતું હતું.[૫] ધૃષ્ટદ્યુમ્ને પોતાના બળબળતા ધનુષ્યને જ્યારે હાથમાં લીધું, ત્યારે સર્વ સૈનિકો જગતના પ્રલયકાળનેજ આવી પહોંચેલો માનવા લાગ્યા.[૬] તે ધનુષ્યમાં ધૃષ્ટદ્યુમ્ને સાંધેલા એ દિવ્ય બાણને જોઇને પ્રતાપી દ્રોણાચાર્ય પોતાના શરીરનો અંત આવેલોજ માનવા લાગ્યા,[૭] છતાં હે રાજેન્દ્ર! તેનું વારણ કરવામાટે આચાર્ય પોતાનો બનતો પ્રયત્ન કરવા લાગ્યા; પરંતુ એ મહાત્માનાં દિવ્ય અસ્ત્રો એ વેળા પ્રકટ થયાં નહિ.[૯] દ્રોણાચાર્યને લડતાં લડતાં ચાર દિવસ તથા એક રાત્રિ વીતી ગઇ હતી; પણ તે પાંચમા દિવસનો ત્રણ મુહૂર્ત જેટલો કાળ વ્યતીત થયો હતો, તેવામાં તેમનાં બાણો પણ ખૂટી પડયાં. આમ બાણોની ખોટ પડવાથી અને તરેહતરેહનાં દિવ્ય અસ્ત્રોની પણ અપ્રાપ્તિથી પુત્રશોકથી પીડાયેલા તે આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર્ય, ઋષિઓનાં વાક્યથી પ્રેરાઈને શસ્ત્રોનો ત્યાગ કરવા ઇચ્છતા હતા અને તેથીજ પ્રથમની પેઠે તેજોમય થઇ લડતા ન હતા,[૧૦,૧૧] તોપણ ફરીથી તેમણે દિવ્ય અંગિરસ ધનુષ્ય તથા સાક્ષાત્ બ્રહ્મદંડસરખાં બાણો ઉઠાવ્યાં અને ધૃષ્ટદ્યુમ્નસામે લડવા માંડયું.[૧૨] ક્રોધપૂર્વક બાણોનો મોટો વરસાદ વરસાવીને ધૃષ્ટદ્યુમ્નને તેમણે ઢાંકી દીધો તથા તેના બાણના પણ ટુકડા કરી નાખ્યા.[૧૨] વળી બીજાં કેટલાંએક તીક્ષ્ણ બાણો મૂકીને દ્રોણાચાર્યે તેનાં બાણો, ધ્વજા તથા ધનુષ્યને કાપી નાખ્યાં અને સારથિને પણ ઢાળી પાડયો.[૧૪] તે જોઇ ધૃષ્ટદ્યુમ્ન હસ્યો અને એક બીજું ધનુષ્ય હાથમાં લઇ એક તીક્ષ્ણ બાણવડે તેણે આચાર્યની છાતી વિંધી નાખી. મહાધનુર્ધર દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નના એ બાણપ્રહારથી અત્યંત વિંધાઇ ગયા; છતાં ગભરાયા ન હોય તેમ રણમાં અડગ ઉભા રહ્યા. તેમણે પાછું એક તીક્ષ્ણ ધારવાળું ભલ્લબાણ મૂકી ધૃષ્ટદ્યુમ્નના ધનુષ્યને ફરી પણ કાપી નાખ્યું.[૧૬] હે રાજા! ધૃષ્ટદ્યુમ્નની પાસે જે જે બાણો, ભાથાઓ, ધનુષ્યો આદિ હથિયારો હતાં તેઓ સર્વને દુરાધર્ષ દ્રોણાચાર્યે કાપી નાખ્યાં હતાં. માત્ર ગદા અને તરવારજ તેની પાસે બાકી રહી હતી.[૧૭] વળી શત્રુતાપન તે આચાર્યે ધૃષ્ટદ્યુમ્નના જીવિતનો અંત આણવા માટે કોપાયમાન થઇ ક્રોધપૂર્વક નવ બાણો મૂકી તેને વિંધી નાખ્યો.[૧૮] પછી મહારથી ધૃષ્ટદ્યુમ્ને તેમના ઘોડાઓને પોતાના ઘોડાઓ સામે ભરાવી દીધા અને તે અમેયાત્માએ બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું. હે ભરતશ્રેષ્ઠ રાજા! એસમયે માંહોમાંહે મિશ્ર થયેલા અને વાયુસમાન વેગવાળા ધૃષ્ટદ્યુમ્નના કબૂતરી રંગના ઘોડાઓ તથા દ્રોણાચાર્યના લાલ રંગના ઘોડાઓ ઘણાજ શોભવા લાગ્યા.[૨૦] વર્ષાઋતુ આવતાં ગર્જના કરી રહેલા વિજળીઓવાળા મેઘોની પેઠે તે ઘોડાઓ, રણમાં મિશ્ર થઇને શોભી રહ્યા હતા;[૨૧] તેવામાં અમેયાત્મા બ્રાહ્મણ દ્રોણાચાર્યે, ધૃષ્ટદ્યુમ્નના રથના ઇસના બંધને, ચક્રોના બંધને તથા તે રથના બંધને પણ કાપી નાખ્યા;[૨૨] ત્યારે વીર પાંચાલે પોતાનાં ધનુષ્ય, ધ્વજ તથા સારથિનો વિનાશ થતાં મોટા સંકટમાં આવી જઇ ગદા હાથમાં લીધી અને તે દ્રોણાચાર્યસામે ફેંકી; પણ સત્યપરાક્રમી મહારથી દ્રોણાચાર્યે, તીક્ષ્ણ બાણો છોડીને તે ફેંકેલી ગદાનો નાશ કરી નાખ્યો.[૨૪] પુરુષવ્યાઘ્ર ધૃષ્ટદ્યુમ્ને જોયું કે ગદાનો દ્રોણાચાર્યે નાશ કરી નાખ્યો છે, એટલે તેણે સો કુદડીઓવાળી એક ચળકતી તરવાર હાથમાં ગ્રહણ કરી.[૨૫]

તે તરવાર હાથમાં લઈ પાંચાલ ધૃષ્ટદ્યુમ્ન, મહાત્મા આચાર્યના વધનો નિશ્ચય આજ સમય છે એમ માનવા લાગ્યો.[૨૬] પછી પોતાના રથની ઈસપર થઈને તે સો કૂદડીઓવાળી ચળકતી તરવારને ઉગામીને રથના માળામાં બેઠેલા દ્રોણાચાર્યસામે જવા લાગ્યો.[૨૭] ખરેખર! તે સમયે ધૃષ્ટદ્યુમ્નને દુષ્કર કર્મ કરવાની ઇચ્છા હતી, તે એજ કે દ્રોણાચાર્યની છાતી ચીરી નાખવાનો તેણે મનમાં સંકલ્પ કર્યો હતો.[૨૮] એ વેળા તે ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણાચાર્યના રથની ધુંસરીના બંધપર થઇ, તેના મધ્યભાગમાં પહોંચી જઇ તેઓના ઘોડાઓની પીઠપરના અર્ધભાગપર પગ ટેકવીને ઉભો રહ્યો હતો. તે જોઇ સર્વ સૈન્યો તેની પ્રશંસા કરવા લાગ્યાં.[૫૯] ધૃષ્ટદ્યુમ્ન છેક પોતાના રથની ધુંસરીની પાળપર તથા પોતાના લાલવર્ણા ઘોડાઓની પીઠપર આવીને ઉભો રહ્યો હતો; છતાં દ્રોણાચાર્ય તેને મારવાનો લાગ જોઈ શક્યા નહિ, એ એક અદ્ભુત જેવું હતું.[૩૦] જેમ માંસની લાલસાથી સામસામા ઘૂમી રહેલા બે બાજ પક્ષીઓનો ઘસારો થાય છે, તેમ રણમાં ઘૂમી રહેલા દ્રોણાચાર્ય તથા ધૃષ્ટદ્યુમ્નનો તે સમયે ઘસારો થયો હતો.[૩૧] પછી દ્રોણાચાર્યે એક રથશક્તિ ફેંકીને ધૃષ્ટદ્યુમ્નના કબૂતરી રંગના ઘોડાઓને એક પછી એક મારી નાખ્યા ને પોતાના લાલ ઘોડાઓને યુક્તિથી બચાવી લીધા. હે રાજા! મરણ પામેલા તે ધૃષ્ટદ્યુમ્નના ઘોડાઓ રણભૂમિપર પડયા અને દ્રોણાચાર્યના લાલ ઘોડાઓ રથના બંધથી છૂટા થઇ ગયા. બ્રાહ્મણોમાં મુખ્ય એવા તે દ્રોણાચાર્યે પોતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના ઘોડાઓને મારી નાખેલા જોઇ, યોદ્ધાઓમાં શ્રેષ્ઠ મહારથી દ્રુપદપુત્ર એને સહન કરી શક્યો નહિ;[૩૪] જેથી તુરત રથપરથી ઉતરી પડી, હાથમાં તરવાર લઈ, ગરુડ જેમ સર્પસામે ધસી જાય તેમ દ્રોણાચાર્ય સામે ધસી ગયો.[૩૫] હે રાજન્ ! એ સમયે દ્રોણાચાર્યને મારી નાખવાની ઇચ્છાવાળા તે ધૃષ્ટદ્યુમ્નનું સ્વરૂપ પૂર્વે હિરણ્યકશિપુના વધપ્રસંગે નૃસિંહ અવતારને ધારણ કરનારા વિષ્ણુભગવાનસરખું જણાતું હતું.[૩૬] હે કુરુવંશી રાજા ! તે સમયે રણમાં ઘૂમી રહેલા ધૃષ્ટદ્યુમ્ને ખડ્ગયુદ્ધના સારા સારા એકવીસ પ્રકારો કરી દેખાડયા હતા.[૩૭] પોતાની યુદ્ધશિક્ષાની રીતિ પ્રમાણે હાથમાં ઢાલતરવાર ધારણ કરી *ભ્રાંત, ઉદ્ભ્રાંત, આવિદ્ધ, આપ્લુત, પ્રસૃત, સૃત, પરિવૃત્ત, નિવૃત્ત, સંપાત, સમુદીર્ણ, ભારત, કૌશિક, સાત્વત આદિ તેર પ્રકારની યુક્તિઓ કરી બતાવી ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણાચાર્યનો વધ કરવાની ઇચ્છાથી રણમાં ઘૂમવા લાગ્યો. હાથમાં ઢાલતરવાર પકડીને તે જ્યારે તરેહ તરેહના અટ્ટાપટ્ટા ખેલી રહ્યો હતો, ત્યારે રણમાં ઉભેલા સર્વ યોદ્ધાઓ તથા ત્યાં એકઠા મળેલા સર્વ દેવો વિસ્મય પામી ગયા હતા; પણ તેજ અરસામાં બ્રાહ્મણ દ્રોણાચાર્યે એક હજાર વૈતસ્તિક બાણો મૂકીને સો કુદડીઓવાળી તેની તરવારના તથા ઢાલના, ટુકડા કરી નાખ્યા. હે ભરતવંશી રાજા ! તે વૈતસ્તિક (એક વેંત લંબાઇનાં) બાણો તદ્દન પાસે આવેલા શત્રુને પ્રહાર કરવામાં ઉપયોગી હોય છે. એ બાણો બીજા કોઇની પાસે હાલમાં નથી. માત્ર દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અર્જુન, અશ્વત્થામા, કર્ણ, પ્રદ્યુમ્ન તથા સાત્યકિ અને અભિમન્યુ, આ આઠ મહારથીઓ પાસેજ છે. તે પછી પોતાના પુત્રતુલ્ય શિષ્યને મારીજ નાખવાની ઇચ્છાથી આચાર્યે પોતાને પરમ સંમત એવું એક દૃઢ બાણ ધનુષ્યમાં સાંધ્યું; પણ સાત્યકિએ તીક્ષ્ણ દશ બાણો મૂકી તે બાણને વચમાંથીજ કાપી નાખ્યું અને તમારા પુત્રના તથા મહાત્મા કર્ણના દેખતાં દ્રોણાચાર્યના હાથમાં સપડાયેલા ધૃષ્ટદ્યુમ્નને તેણે છોડાવ્યો. સત્યપરાક્રમી સાત્યકિ દ્રોણાચાર્ય, કર્ણ તથા કૃપાચાર્ય જેવા મહારથીઓની વચ્ચે રથમાર્ગોમાં ઘૂમી રહ્યો હતો તે જોઇ, મહાત્મા શ્રીકૃષ્ણ તથા અર્જુન ઘણા પ્રસન્ન થયા અને અર્જુને, શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું:-" હે કેશવ! જુઓ, આ તરફ દૃષ્ટિ કરો. શત્રુવીરોનો સંહાર કરનાર આ યદુવંશી સાત્યકિ, આચાર્ય આદિ મુખ્ય મહારથીઓના મધ્યમાં ઘૂમી રહ્યો છે. ખરેખર ! એ સાત્યકિ મને, નકુલને, સહદેવને, ભીમસેનને તથા રાજા યુધિષ્ઠિરને ઘણોજ આનંદ ઉપજાવી રહ્યો છે; કારણકે યુદ્ધશિક્ષાને

* ખડ્ગયુદ્ધના મુખ્ય તેર પ્રકારોના સંબંધમાં નીલકંઠ ઠીક લખે છે કેઃ-

मंडलाकारतः खड्गभ्रामणं भ्रांतमुच्यते ।
तदेव बाहुमुद्यम्य कृत मुद्भ्रांतमीरितम् ॥१॥
भ्रामणं स्वस्यपरितः खड्गस्या विद्धमुच्यते ।
परप्रयुक्त शस्त्रस्य वारणार्थ मिदं त्रयम् ॥२॥
शत्रोराक्रमणार्थाय गमनं त्वाप्लुतं मतम् ।
खड्गस्याग्रेण तद्देह स्पर्शनं प्रसृतं मतम् ॥३॥
वंचयित्वा रिपौ शस्त्रपातनं गदितं सृतम् ।
परिवृत्तं भवेच्छत्रोर्वामदक्षिणभागतः ॥ ४ ॥
पश्चात्पदापसरणं निवृत्तं सप्रचक्षते ।
अन्योन्यताडनं प्राहुः संपातमुभयोरपि ॥५॥
आधिक्यमात्मनो यत्तत्समुदीर्णमुदीरितम् ।
अंगप्रत्यंगदेशेषु भ्रामणं भारतं स्मृतम् ॥६॥

(૧)તરવારને મંડળાકારે ફેરવવી તે ભ્રાંત, (૨) હાથ ઉંચો કરીને ફેરવવી તે ઉદ્ભ્રાંત, (૩) પોતાની આસપાસ ફેરવવી તે આવિદ્ધ, (આ ત્રણ રીતો શત્રુએ મારેલા શસ્ત્રનો અટકાવ કરવામાટે છે.) (૪) શત્રુપર આક્રમણ કરવામાટે તરવાર લઇ કૂદી જવું તે આપ્લુત, (૫) તરવારની અણીવડે શત્રુના શરીરનો સ્પર્શ કરવો તે પ્રસૃત, (૬) શત્રુને છેતરીને તરવારનો ઘા કરવો તે સૃત, (૭) શત્રુના ડાબાજમણા ભાગમાં ફરવું તે પરિવૃત્ત, (૮) પાછે પગે ખસી જવું તે નિવૃત્ત, (૯) અન્યોન્યને વારંવાર પ્રહાર કરવો તે સંપાત, (૧૦) શત્રુ કરતાં પોતે અધિક થઇ જવું તે સમુદીર્ણ, (૧૧) અંગ તથા પ્રત્યંગમાં તરવાર ફેરવવી તે ભારત, (૧૨) વિચિત્ર રીતે તરવાર ફેરવવી તે કૌશિક (૧૩) અને છુપાઇને જે ઘા કરવો તે સાત્વત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસરવાપૂર્વક ઉદ્ધતાઇનો ત્યાગ કરી તે સાત્યકિ રણમાં ઘૂમે છે તથા યાદવોની કીર્તિમાં વધારો કરતો મોટા મોટા મહારથીઓને પણ રણમાં રમાડે છે. જુઓ, જુઓ, આકાશમાં રહેલા સિદ્ધો તથા વિસ્મય પામેલાં સૈન્યો પણ એ સાત્યકિને રણમાં અજીત જોઇને "ધન્ય, ધન્ય" એ પ્રમાણે કહીને તેને અભિનંદન આપે છે; એટલુંજ નહિ પણ આ બન્ને પક્ષના સર્વ યોદ્ધાઓ તેના કર્મની પ્રશંસા કરી રહ્યા છે."૪૭–૫૩

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં
" સંકુલ યુદ્ધ " એ વિષયનો
અધ્યાય ૧૯૧ મો સમાપ્ત

અધ્યાય ૧૯૨ મો

દ્રોણાચાર્યનો વધ

॥ संजय उवाच ॥

सात्त्वतस्य तु तत्कर्म दृष्ट्वा दुर्योधनादयः।
शैनेयं सर्वतः क्रुद्धा वारयामासुरोजसा ॥१॥

સંજયે કહ્યું:–સાત્યકિના તે કર્મને જોઈ ક્રોધે ભરાયેલા દુર્યોધન આદિ યોદ્ધાઓ, સર્વતરફથી સાત્યકિને અટકાવવા લાગ્યા.[૧] હે રાજા! કૃપાચાર્ય, કર્ણ તથા તમારા બધા પુત્રો ઉતાવળા ઉતાવળા ચઢી આવીને તીક્ષ્ણ બાણોવડે સાત્યકિને મારવા લાગ્યા;[૨] એટલે રાજા યુધિષ્ઠિર, પાંડવ નકુલ, સહદેવ તથા બળવાન ભીમસેન, સાત્યકિની આસપાસ વિંટાઇ વળ્યા.[૩] પછી મહારથી કર્ણ, કૃપાચાર્ય તથા દુર્યોધન આદિ તમારા પુત્રો બાણોનો વરસાદ વરસાવીને સાત્યકિને ઘેરી વળ્યા;[૪] પણ હે રાજા! તે મહારથીઓ સામે યુદ્ધ કરતાં કરતાં એકાએક ઉદય પામેલી તે ઘોર સ્વરૂપા બાણવૃષ્ટિને સાત્યકિએ, અટકાવી દીધી;[૫] અને તે શૂરવીરોએ પ્રયોગ કરેલાં દિવ્ય અસ્ત્રોનો પણ સામેથી વિધિવત્ દિવ્ય અસ્ત્રો મૂકીને તેણે અટકાવ કરી દીધો.[૬] તે સર્વ રાજાઓનો ત્યાં સમાગમ થતાં રણક્ષેત્ર એટલું બધું ક્રૂર થઇ ગયું હતું કે, જાણે પૂર્વે પશુઓનો સંહાર કરતી વેળા કોપાયમાન થયેલા રુદ્રદેવનું ક્રીડાક્ષેત્ર હોય તેવું જણાવા લાગ્યું.[૮] તે રણાંગણમાં જ્યાં જોઇએ ત્યાં હાથો, મસ્તકો, ધનુષ્યો, છત્રો તથા છિન્નભિન્ન થયેલાં ચામરોના મોટા મોટા ઢગો દેખાતા હતા. ભાંગી પડેલાં પૈડાંવાળા રથો, પાડી નાખવામાં આવેલા મોટા ધ્વજો તથા મરણ પામેલા શૂરા ઘોડેસ્વારોથી આખી રણભૂમિ છવાઇ ગઈ હતી. હે કુરુશ્રેષ્ઠરાજા! એ મહારણમાં બાણપ્રહારોથી કપાયેલા ઘણા યોદ્ધાઓ, વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરતા તરફડીયાં મારતા દેખાતા હતા. આ સ્થિતિનું દેવાસુરસરખું ઘોર યુદ્ધ જ્યારે ચાલી રહ્યું હતું, ત્યારે ધર્મરાજા યુધિષ્ઠિરે પોતાના ક્ષત્રિય યોદ્ધાઓને ઉદ્દેશીને આ પ્રમાણે કહ્યું:–" હે મહારથી ક્ષત્રિયો! બરાબર સુસજ્જ થઇ તમે બધા દ્રોણાચાર્યસામે ધસારો કરો; કારણકે આ વીર ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્ય સાથે યુદ્ધ કરી રહ્યો છે અને આચાર્યનો નાશ કરવા માટે યથાશક્તિ પ્રયાસ પણ કરે છે. આજના મહારણમાં એ ધૃષ્ટદ્યુમ્નનું જેવું સ્વરૂપ દેખાય છે તે જોતાં અવશ્ય ક્રોધાયમાન થયેલો તે ધૃષ્ટદ્યુમ્ન, દ્રોણાચાર્યનો રણમાં નાશ કરશેજ;[૭–૧૪] માટે તમે બધા એકત્ર થઇ દ્રોણાચાર્ય સામાજ યુદ્ધ કરો." યુધિષ્ઠિરની આવી આજ્ઞા થતાં સંજયોના તે મહારથીઓ દ્રોણાચાર્યનો વિનાશ કરવામાટે સુસજ્જ થઇ તેમની સામા ધસી ગયા. મહારથી દ્રોણાચાર્ય પણ પોતાની સામા ધસી આવતા તે સર્વ મહારથીઓ સામે " હવે તો મરવુંજ છે " એવો નિશ્ચય કરી વેગપૂર્વક ચઢી ગયા. સત્ય પ્રતિજ્ઞાવાળા તે દ્રોણાચાર્યે એ સંજયયોદ્ધાઓસામે જ્યારે ચઢાઇ કરી, ત્યારે પૃથ્વી કંપવા લાગી, સેનાને ત્રાસ ઉપજાવે તેવા કડાકા ભડાકાસાથે પવન ફૂંકાવા લાગ્યો, મોટાં મોટાં ઉંબાડિયાં ત્યાં પડવા લાગ્યાં, તે બધાં જાણે સૂર્યમાંથી નીકળીને જાણે ખરતાં હોય તેવું જણાવા લાગ્યું. વળી તે ઉંબાડિયાં બન્ને સેનાઓને પ્રકાશમાન કરી દઇ, મહાન ભયને સૂચવતાં હતાં. જ્યાં જોઇએ ત્યાં હે રાજા! દ્રોણાચાર્યનાં શસ્ત્રો પ્રકાશવા લાગ્યાં. રથોના ગડગડાટો સંભળાવા લાગ્યા. રુદન કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડાઓ અશ્રુપાત કરવા લાગ્યા અને એ સમયે મહારથી દ્રોણાચાર્ય પણ નિસ્તેજ જેવા જણાવા લાગ્યા, તેમનું ડાબું નેત્ર તથા ડાબો બાહુ ફરકવા લાગ્યો અને તે યુદ્ધમાં પોતાની આગળ આવીને ઉભેલા ધૃષ્ટદ્યુમ્નને જોઈને તેમનું મન ખિન્નખિન્ન થઇ ગયું.[૧૫-૨૧] પોતાના સ્વર્ગગમન પ્રત્યેના ઋષિઓનાં વચનોને લક્ષ્યમાં રાખી સારી પેઠે યુદ્ધ કરીનેજ પ્રાણોનો ત્યાગ કરવા તેમણે તૈયારી કરી.[૨૨]

તે પછી દ્રુપદરાજાનાં સૈન્યોથી ચારેબાજુથી ઘેરાઇ ગયેલા દ્રોણાચાર્ય રણમાં ઘૂમવા લાગ્યા અને ક્ષત્રિયોનાં ટોળેટોળાંનો સંહાર કરવા મચી પડયા.[૨૩] બરાબર વીસ હજાર ક્ષત્રિયોનો વિનાશ કરી, શત્રુદમન દ્રોણાચાર્યે, તીક્ષ્ણ બાણોવડે એક લાખ હાથીઓનો ઘાણ વાળી નાખ્યો.[૨૪] વળી ક્ષત્રિયોનો જગત્માંથી અભાવ કરી નાખવા માટે બ્રહ્માસ્ત્રનો આશ્રય કરી નિર્ધૂમ અગ્નિની પેઠે બળબળતા તે આચાર્ય રણમાં સજ્જ થઇને ઉભા રહ્યા.[૨૫]

એ અરસામાં મહાત્મા ધૃષ્ટદ્યુમ્ન, રથરહિત થઇને ખિન્નવદને રણમાં ઉભો હતો. તેનાં સર્વ આયુધોનો નાશ થઇ ગયો હતો, તે જોઈ બળવાન ભીમસેન ઉતાવળો ઉતાવળો ત્યાં દોડી આવ્યો; અને તેને પોતાના રથમાં બેસાડી દઇ શત્રુદમન ભીમસેન, દ્રોણાચાર્યને બાણો ફેંકી રહેલા જોઈને ધૃષ્ટદ્યુમ્નપ્રત્યે આ રીતે બોલ્યો:- "ઓ ધૃષ્ટદ્યુમ્ન! તારા સિવાયનો બીજો એક પણ પુરુષ દ્રોણાચાર્યસામે લડવા ઉત્સાહ કરી શકે તેમ નથી; માટે તું પ્રથમ તેનો વધ કરવા માટેજ ઉતાવળ કર; કારણકે દ્રોણાચાર્યનો વધ કરવારૂપ ભાર, માત્ર તારાપરજ સ્થાપિત થયો છે.[૨૮]

એ મહાબાહુને ભીમસેને જ્યારે એ પ્રમાણે કહ્યું, ત્યારે યુદ્ધના સર્વ ભારને સહન કરી શકે તેવું ઉત્તમ અને મજબૂત ધનુષ્ય હાથમાં લઇ ક્રોધપૂર્વક રણદુર્વાર દ્રોણાચાર્યસામે બાણો ફેંકતો તે ધૃષ્ટદ્યુમ્ન ધસ્યો; અને આચાર્યને આગળ વધતા અટકાવવામાટે બાણોની વૃષ્ટિ કરી તેમને ઢાંકી દેવા લાગ્યો.[૨૯,૩૦] પછી યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ તથા રણસંગ્રામને શોભાવનારા તેઓ બન્ને જણા બ્રહ્માસ્ત્ર આદિ અનેક દિવ્ય અસ્ત્રોને પ્રકટ કરવા લાગ્યા.[૩૧] હે મહારાજા! એ રણમાં ધૃષ્ટદ્યુમ્ને અનેક મોટાં મોટાં અસ્ત્રો મૂકીને દ્રોણાચાર્યને દાટી દીધા તથા તેમનાં સર્વ અસ્ત્રોનો તેણે નાશ કરી નાખ્યો;[૩૨] એટલુંજ નહિ પરંતુ અસ્ખલિત પરાક્રમવાળો તે ધૃષ્ટદ્યુમ્ન, સંગ્રામમાં દ્રોણાચાર્યનું રક્ષણ કરવા ઇચ્છતા વસાતિ, શિબિ, બાહ્લિક તથા કૌરવો સુદ્ધાંનો નાશ કરવા લાગ્યો.[૩૩] હે રાજન્! સૂર્ય જેમ કિરણોવડે સર્વ દિશાઓને ઢાંકી દે છે, તેમ બાણોની જાળોથી સર્વ દિશાઓને ઢાંકી દેતો તે ધૃષ્ટદ્યુમ્ન, સાક્ષાત્ સૂર્યસરખો રણમાં શોભતો હતો. પછી દ્રોણાચાર્યે ધૃષ્ટદ્યુમ્નના તે ધનુષ્યને પણ કાપી નાખ્યું અને ફરીથી તેનાં સર્વ મર્મસ્થાનોમાં તેમણે એટલો બધો સખ્ત પ્રહાર કર્યો, કે જેથી ધૃષ્ટદ્યુમ્નને અનહદ વ્યથા થવા લાગી. એ વેળા ભીમસેનને અત્યંત ક્રોધ ચઢયો, જેથી તેણે છેક દ્રોણાચાર્યના રથપાસે જઇને ધીમે ધીમે દ્રોણાચાર્યને આ પ્રમાણે કહ્યું:- "તમારા જેવા નીચ બ્રાહ્મણો સારા શિક્ષિત થયા છતાં અને પોતાનાં કર્મોથી ભ્રષ્ટ થયા છતાં પણ આ રીતે જો યુદ્ધ કરતા ન હોય તો બિચારા ક્ષત્રિયોનો સંહાર થાય નહિ.[૩૭] અરે ઓ આચાર્ય! જરા તો વિચાર કરો! સર્વ ભૂતોની અહિંસાનેજ વિદ્વાનો અતિ પ્રશસ્ત ધર્મ કહે છે. તેવા અહિંસામય ધર્મનું વાસ્તવિક મૂળ બ્રાહ્મણ છે તો આપ અતિશય વેદવેત્તા બ્રાહ્મણ થઇને એક ચાંડાલની પેઠે અસંખ્ય મ્લેચ્છોનો સંહાર કરી મૂઢની પેઠે અજ્ઞાનથી પુત્ર, સ્ત્રી તથા ધનની ઇચ્છા રાખી જૂદી જૂદી જાતનાં અનેક પ્રાણીઓનો પણ વિનાશ કરી રહ્યા છો, તે શું યોગ્ય છે?[૩૯] કેવળ એકજ પુત્રને માટે પોતાનાં કર્મોથી ભ્રષ્ટ થઇ, અધર્મવિદ્યાનો આશ્રય કરી, પોતાનાં કર્મો કરનારાં અનેક મનુષ્યોનો સંહાર કરતાં તમને શરમ કેમ નથી આવતી? અરે! જેને માટે તમે શસ્ત્રો હાથમાં લીધાં છે અને જીવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા છો, તે તમારો પુત્ર તો તમારી પાછળજ રણમાં લાંબો થઈ સૂઇ ગયો છે, એ વાત તો તમને જાણે કરવામાં આવી ન હોય તેમ લાગે છે! ધર્મરાજાએ તમને તમારા પુત્રના મરણ સંબંધનું જે વાક્ય કહ્યું છે, તે સત્ય છે; તેમાં શંકા કરવી તે યોગ્ય નથી." ભીમસેનનાં એ વાક્યો સાંભળીને દ્રોણાચાર્યે ધનુષ્યને ફેંકી દીધું અને બીજાં સર્વ અસ્ત્રોનો ત્યાગ કરવાની ઇચ્છાથી તે ધર્માત્મા પુરુષ આ પ્રમાણે બોલી ઉઠયાઃ–"અરે કર્ણ! ઓ કર્ણ! હે મોટા ધનુષ્યવાળા કૃપાચાર્ય! ઓ દુર્યોધન! હું તમને ફરી ફરીને કહું છું કે, સંગ્રામમાં બરાબર યત્ન કરજો. પાંડવો તરફથી તમારૂં કલ્યાણ થાઓ. હું હવે શસ્ત્રોનો ત્યાગ કરૂં છું." આમ કહીને તેમણે પોતાનાં સર્વ શસ્ત્રોનો ત્યાગ કર્યો; અને હે મહારાજ! અશ્વત્થામાનેજ તેઓ મોટેથી બોલાવા લાગ્યા; તથા છેવટે યોગધારણાનો આશ્રય કરી રથની બેઠકપર બેસી ગયા અને સર્વને તેમણે અભય આપ્યું.

એ સમયનો લાભ લઇ પ્રતાપી ધૃષ્ટદ્યુમ્ન બાણસહિત ધનુષ્યને રથમાં મૂકી દઇ, હાથમાં તરવાર લઈ, એકાએક દ્રોણાચાર્યની સામે દોડયો.[૪૧–૪૭] તે વેળા માનુષી, દૈવી આદિ સર્વ પ્રાણીઓ હાહાકાર કરવા લાગ્યાં. યોગનિષ્ઠ દ્રોણાચાર્યને ધૃષ્ટદ્યુમ્નના સપાટામાં આવેલા જોઇ સર્વ ભૂતોમાં શોરબકોર થઇ રહ્યો તથા તેઓ બધાં કહેવા લાગ્યાં કેઃ–"અહો આ ધૃષ્ટદ્યુમ્નને ધિક્કાર છે!" એજ સમયે દ્રોણાચાર્ય પણ શસ્ત્રોનો ત્યાગ કરી પરમ જ્ઞાનનિષ્ઠામાં સ્થિત થયા અને પોતાને બોલાવવામાટે આવેલા મહર્ષિઓપ્રત્યે "તથાસ્તુ" એમ કહીને જ્યોતિઃસ્વરૂપ થયેલા મહાતપસ્વી દ્રોણાચાર્યે યોગમાર્ગનો આશ્રય કરી મનમાં પુરાણ પુરુષોત્તમ વિષ્ણુનું શરણ લીધું.[૪૮–૫૦] મુખને લગાર ઉંચું રાખી, વક્ષઃસ્થળને આગળ હડપચીના ભાગમાં સ્થિર કરી, વિષયોના સ્મરણને હૃદયમાંથી દૂર ફેંકી દઈ, નેત્રો બંધ કરી તે આચાર્ય સત્વગુણમાં સ્થિત થયા–રજોગુણ તથા તમોગુણના મેલથી રહિત શુદ્ધ સ્ફટિકસમાન સત્ત્વગુણમાં તેઓ સ્થિર થયા. આ પ્રમાણે સત્ત્વગુણમાં સ્થિર થઈ, ૐકારસ્વરૂપ દેવના દેવ, અવિનાશી અને પરમપ્રભુ એવા પરબ્રહ્મ વાસુદેવનું સ્મરણ કરી કેવળ જ્યોતિઃસ્વરૂપ થયેલા મહાતપસ્વી દ્રોણાચાર્ય, સત્પુરુષોને પણ ઘણા દુર્લભ એવા સ્વર્ગમાં પધારી ગયા. દ્રોણાચાર્ય એ પ્રમાણે જ્યારે સ્વર્ગારોહણ કરતા હતા, ત્યારે આકાશમાં જાણે બે સૂર્ય ઉગ્યા હોય તેમ અમને લાગ્યું હતું.[૫૩] સૂર્યસમાન કાંતિવાળા દ્રોણાચાર્ય સૂર્ય, જે વેળા સ્વર્ગે જતા હતા તે વેળા આખું આકાશ કેવળ જ્યોતિઃસ્વરૂપ થયું હોય તેમ તેજ તેજથી ભરાઈ રહ્યું હતું.[૫૪] એક નિમેષ જેટલા કાળમાં તો તે જ્યોતિ ત્યાં અદૃશ્ય થઈ ગઇ ને તુરત હર્ષિત થયેલા દેવતાઓનો કિલકિલાટ શબ્દ સંભળાવા લાગ્યો.[૫૫] દ્રોણાચાર્ય બ્રહ્મલોકમાં ગયા અને ધૃષ્ટદ્યુમ્ન કેવળ મૂઢ થઇ ઉભો હતો; તે સમયે અમે પાંચજ મનુષ્યો પરમગતિએ જતા યોગયુક્ત મહાત્મા દ્રોણાચાર્યને જોઇ શક્યા હતા. હું, કુંતાપુત્ર અર્જુન, દ્રોણપુત્ર અશ્વત્થામા, યદુવંશી શ્રીકૃષ્ણ તથા ધર્મપુત્ર પાંડવ યુધિષ્ઠિર–આ અમે પાંચજ જણાઓ, યોગયુક્ત થઈ બ્રહ્મલોક ભણી જતા બુદ્ધિમાન દ્રોણાચાર્યના મહિમાને જોઇ શક્યા હતા. બાકીના બીજા સર્વ યોદ્ધાઓ તેમને જોઈ શકયા ન હતા;કારણકે બ્રહ્મલોક મહા દિવ્ય છે, દેવોમાં પણ ગુહ્ય છે તથા સર્વ લોકથી તે પર રહેલો છે. આ હેતુથીજ મહર્ષિઓની સાથે તે પરમ સ્થાનમાં જતા દ્રોણાચાર્યને બીજાં કોઇ મનુષ્યો જાણી શક્યા ન હતા તેમ જોઇ શક્યા પણ ન હતા.[૫૬–૬૦]

એ રીતે યોગનો આશ્રય કરી બ્રહ્મલોકમાં પધારી ગયેલા શત્રુદમન દ્રોણાચાર્યના શરીરને–કે જે શરીર બાણોના ઢગોથી છિન્ન ભિન્ન થઇ ગયું હતું, શસ્ત્રોનો ત્યાગ કરી રથમાં બેસી રહ્યું હતું, લોહી વહેવડાવતું હતું તથા નિર્જીવ થયું હતું સર્વ ભૂતોથી ધિક્કારાયેલા ધૃષ્ટદ્યુમ્ને પકડયું ને ચૂપચાપ બેસી રહેલા તે શરીરની ચોટલી પકડીને તેના મસ્તકને તરવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી જૂદું કર્યું, કે તુરત મસ્તકહીન થયેલું તે ધડ રણભૂમિપર ગબડી પડયું. દ્રોણાચાર્યનો આ રીતે વિનાશ કરી ધૃષ્ટદ્યુમ્ન, મોટા હર્ષમાં આવી ગયો ને રણમાં તરવાર ઘૂમાવતો ઘૂમાવતો ઉપરાઉપરી સિંહનાદો કરવા લાગ્યો.

હે રાજા! દ્રોણાચાર્યની ઉંમર પંચાશી વર્ષની હતી, કાનસુધી તેમને પળીયાં આવી ગયાં હતાં ને રંગે તેઓ શ્યામ હતા. આટલી વૃદ્ધ અવસ્થાના પણ તે આચાર્યે, તમારામાટે સોળ વર્ષના તરુણની પેઠે તે યુદ્ધમાં ઘૂમાઘૂમ કરી હતી. જે વેળા ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યનું મસ્તક કાપવા જતો હતો તે વેળા મહાબાહુ અર્જુને તેને કહ્યું હતું કેઃ-"ઓ દ્રુપદપુત્ર! તું આચાર્યને મારીશ મા; પણ તેમને જીવતાજ અહીં લાવ."

વળી સૈનિકો પણ મોટી બૂમો પાડીને ધૃષ્ટદ્યુમ્નને કહી રહ્યા હતા કે, "આચાર્યને ન મારશો, ન મારશો." એટલુંજ નહિ પણ શોકયુક્ત થયેલો અર્જુન તો બૂમો પાડતો પાડતો ધૃષ્ટદ્યુમ્નની પાછળ દોડયો પણ હતો; છતાં અર્જુન તથા બીજા સર્વ રાજાઓ બૂમો પાડતાજ રહ્યા અને ધૃષ્ટદ્યુમ્ને આ મહાપુરુષને રથશય્યામાં મારીજ નાખ્યા. લોહીથી રેબઝેબ થયેલા તે દ્રોણાચાર્ય રથપરથી જ્યારે પૃથ્વીપર પડયા, ત્યારે આકાશમાંથી ખરેલા મંગળના તારાની પેઠે અથવા સૂર્યનારાયણની પેઠે દુરાધર્ષ જણાતા હતા. સર્વ સૈનિકો એ રીતે મરણ પામેલા દ્રોણાચાર્યને ત્યાં યુદ્ધક્ષેત્રપર જોઇ રહ્યા હતા.[૬૧-૬૯]

હે રાજન્! પછી મોટા ધનુષ્યને ધારણ કરનારા ધૃષ્ટદ્યુમ્ને, દ્રોણાચાર્યના મસ્તકને પોતાના હાથમાં લીધું અને તમારા મહારથી પુત્રોસામે ફેંક્યું.[૭૦] દ્રોણાચાર્યના મસ્તકને આવી પડેલું જોઈ તમારા યોદ્ધાઓ નાસભાગ કરવામાંજ તત્પર થઈ થયા અને કેટલાએક તો સર્વ દિશાઓમાં નાસી પણ ગયા.[૭૧]

દ્રોણાચાર્ય તો સ્વર્ગમાં થઈને નક્ષત્રમાર્ગમાં દાખલ થઈ ગયા હતા. આ બધું હે રાજા! સત્યવતીના પુત્ર ભગવાન વ્યાસઋષિની કૃપાથી મેં નજરોનજર જોયું હતું. મહાતેજસ્વી તે આચાર્ય આકાશને સ્તબ્ધ કરી દઇ જ્યારે જતાહતા, ત્યારે બળબળતું ધુમાડાવિનાનું ઉંબાડિયું જાણે પૃથ્વીપરથી ઉંચે ચઢી જતું હોય તેમ અમને દેખાયું હતું. દ્રોણાચાર્યનું મરણ થતાં કૌરવો, પાંડવો અને સૃંજયો તદ્દન નિરુત્સાહ થઈ ગયા અને મોટો વેગ કરી ચારેબાજુ દોડી ગયા, જેથી સૈન્યમાં ભંગાણ પડયું. એ સંગ્રામમાં તીક્ષ્ણ બાણોથી ઘણા યોદ્ધાઓનો ઘાણ વળી ગયો હતો, ઘણા ઘાયલ થયા હતા અને દ્રોણાચાર્યનો નાશ થતાં તો તમારા પક્ષના યોદ્ધાઓ જેઓ જીવતા હતા તેઓ પણ ગત પ્રાણ જેવા થઇ ગયા હતા; કારણ કે રણમાં તેઓનો સખ્ત પરાજય થયો હતો અને પલાયન કરતાં પણ પરલોકતરફનો મહાન ભય તેઓને હતો, જેથી ઉભય ભ્રષ્ટ થયેલા તે યોદ્ધાઓ ધૈર્યનેઃધારણ કરી શકયા નહિ. દ્રોણાચાર્યના શરીરને મેળવવામાટે તે સર્વ રાજાઓએ ઘણો ઘણો પ્રયાસ કર્યો; પણ હે મહારાજ! રણક્ષેત્ર મરણ પામેલાં હજારો શરીરોથી ભરાઇ ગયું હતું, તેથી ોણાચાર્યનું શરીર તેઓને પ્રાપ્ત થયું નહિ.

પેલી તરફથી પાંડવયોદ્ધાઓ તો રણમાં વિજય તથા મહાન યશ મેળવીને બાણો અને શંખોના શબ્દો કરી તથા પુષ્કળ સિંહનાદોથી ગાજવા લાગ્યા. ભીમસેન અને ધૃષ્ટદ્યુમ્ન તો અન્યોન્યને ભેટીને સેનાના મધ્યમાં નાચવાજ મંડી પડયા હતા. પછી તે સમયે ભીમસેને શત્રુતાપન ધૃષ્ટદ્યુમ્નને આ પ્રમાણે કહ્યુંઃ-"હે ધૃષ્ટદ્યુમ્ન! આ સમયે જેવા આનંદથી હું તને ભેટી રહ્યો છું, તેવાજ આનંદથી ફરી પણ પાપી દુર્યોધન તથા કર્ણ રણમાં હણાશે તે સમયે વિજયવંતા તને હું ભેટીશ." આમ કહીને મોટા હર્ષથી યુક્ત થયેલો પાંડવ ભીમસેન, ખભાઓ ઠોકતો પૃથ્વીને કંપાવવા લાગ્યો.[૮૨] તે શબ્દને સાંભળીને યુદ્ધમાં ઉભેલા તમારા યોદ્ધાઓ ત્રાસ પામ્યા અને ક્ષાત્રધર્મનો ત્યાગ કરી પલાયન કરવા તત્પર થઇ ગયા.[૮૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે રાજન્! પાંડવયોદ્ધાઓ તો તે સંગ્રામમાં જય મેળવીને તથા શત્રુઓનો સંહાર કરીને હર્ષિત થયા અને સુખ પામ્યા.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ દ્રોણવધ પર્વમાં 'દ્રોણનો વધ' એ વિષયનો અધ્યાય ૧૯૨ મો સમાપ્ત

દ્રોણવધપર્વ સમાપ્ત

नारायणास्त्र मोक्षपर्व

અધ્યાય ૧૯૩ મો

દ્રોણાચાર્યના વધના વૃત્તાંતનું અશ્વત્થામાને નિવેદન

॥ संजय उवाच ॥

ततो द्रोणे हते राजन् कुरवः शस्त्रपीडिताः ।
हतप्रवीरा विध्वस्ता भृशं शोकपरायणाः ॥१॥

સંજયે કહ્યું:–હે રાજા ધૃતરાષ્ટ્ર! દ્રોણાચાર્યનું મરણ થતાં શસ્ત્રથી પીડાયેલા કૌરવો, અત્યંત શોકપરાયણ થઇ ગયા. તેઓના ઘણા યોદ્ધાઓનો સંહાર થઈ ગયો હતો અને તેઓ પોતે પણ ઘાયલ ઘાયલ થઈ ગયા હતા.[૧] શત્રુઓને પ્રતિદિન ચઢતીમાં આવતા જોઈ તેઓ વારંવાર કંપવા લાગ્યા, તેઓનાં નેત્રો અશ્રુઓથી ઉભરાઇ જવા લાગ્યાં અને હે રાજા! ત્રાસ ત્રાસ પામેલા તેઓ દીન થઇ ગયા.[૨] તેઓનું ભાન ચાલ્યું ગયું, ઉત્સાહ નાશ પામ્યો, શોકને લીધે તેજ હણાઇ ગયું અને મોટી દુઃખજનક બૂમો પાડીને તેઓ બધા તમારા પુત્રની આસપાસ વિંટાઈ વળ્યા.[૩] જેમ પૂર્વે હિરણ્યાક્ષનું મરણ થતાં દૈત્યોના કંઠો અશ્રુઓથી ભરાઇ ગયા હતા તેમજ દ્રોણાચાર્યનો વધ થતાં કૌરવોના કંઠો અશ્રુઓથી ગળગળા થઇ ગયા હતા. ઘૂડ ઘૂડ ભરાયેલા તથા થર થર ધ્રૂજતા તેઓ બધા દશેય દિશાઓને નિહાળી રહ્યા હતા. આ રીતે ભયભીત થયેલા કૌરવથી વિંટાયેલો રાજા દુર્યોધન, ત્રાસ પામેલાં મૃગોનાં ટોળાંથી જાણે વિંટાયેલો હોય તેવો દેખાવા લાગ્યો; અને ત્યાં ઉભો રહેવાને પણ અશક્ત થઇ નાસી જવા તત્પર થયો.[૫] હે ભરતવંશી રાજા! ભૂખ અને તૃષાથી લોથપોથ થયેલા તમારા યોદ્ધાઓ જાણે સૂર્યના તાપથી તપી ગયા હોય તેમ ખિન્ન મનવાળા થઇ ગયા.[૬] હે રાજન્! સૂર્યનું પતન, સમુદ્રનું શોષણ, મેરુ પર્વતનું ચલન તથા ઇન્દ્રનો પરાજય જેવો અસહ્ય છે, તેવોજ અસહ્ય દ્રોણાચાર્યનો વધ જોઇને કૌરવો અતિશય ભયભીત સ્વરૂપવાળા થઇ ભયથી પલાયન કરવા લાગ્યા.[૭,૮] ભયભીત થયેલો ગાંધારરાજા શકુનિ, નિત્ય સુવર્ણના રથમાં બેસનારા દ્રોણાચાર્યને હણાયેલા સાંભળી, અતિશય ત્રાસ પામેલા પોતાના રથીયોદ્ધાઓની સાથે નાસવા લાગ્યો. સૂતપુત્ર કર્ણ પણ પતાકાઓ ફરકાવતી પોતાની વેગવાળી મહાસેનાને સાથે લઈ ભયથી ભાગવા લાગ્યો.[૧૦] રથો, હાથીઓ તથા ઘોડાઓથી ભરપૂર પોતાની સેનાને આગળ કરી મદ્રરાજા શલ્ય, ભયને લીધે આસપાસ જોતો રણમાંથી નાસી જવા લાગ્યો.[૧૧] ધ્વજા–પતાકાઓને ધારણ કરનારા તથા લગભગ માર્યા ગયેલા યોદ્ધાઓને સાથે લઇ શારદ્વત કૃપાચાર્ય પણ "અહો ઘણા ખેદની વાત, ખેદની વાત," આમ બોલતા બોલતા નાસી જવા લાગ્યા.[૧૨] હે રાજન્! મરણ પામતાં બાકી રહેલા ભોજસૈન્ય અને કલિંગ, આરટ્ટ તથા બાહ્લિકયોદ્ધાઓને સાથે લઈ કૃતવર્મા પણ અતિ વેગવાળા પોતાના ઘોડાઓ દોડાવીને રણમાંથી પોબારા ગણી ગયો હતો;[૧૩] તેમજ હે રાજન્! અનેક પદાતિયોદ્ધાઓની સાથમાં રહેલો ત્રાસ પામેલો ઉલૂકરાજા પણ દ્રોણાચાર્યને રણમાં મારી નાખવામાં આવેલા જોઈ, ભયભીત થઈ ગચ્છંતિ કરી ગયો હતો.[૧૪] દેખાવડો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુવાન અને શૌર્યથી પંકાયેલો દુઃશાસન પણ અત્યંત ઉદ્વિગ્ન થઇ હાથીસૈન્ય સાથે પલાયન કરી જતો હતો.[૧૫] દશ હજાર રથીયોદ્ધાઓ તથા ત્રણ હજાર હાથીઓને આગળ કરી વૃષસેન પણ દ્રોણાચાર્યને મારી નાખેલા જોઇ ઉતાવળો ઉતાવળો દોડી જતો હતો.[૧૬] હાથીઓ, ઘોડાઓ, રથો અને પાળાઓથી વિંટાયેલો મહારથી દુર્યોધન પણ ત્યાંથી પ્રયાણ કરી જતો હતો.[૧૭] હે રાજન્! અર્જુનના મારામાંથી બચી ગયેલા સંશપ્તક યોદ્ધાઓને સાથે લઈ સુશર્મા પણ દ્રોણાચાર્યને મરણ પામેલા જોઈ નાઠો હતો.[૧૮] આ સિવાયના બીજા કેટલાએક યોદ્ધાઓ હાથીઓપર બેસીને, કેટલાએક રથપર બેસીને તથા કેટલાએક ઘોડાઓપર બેસીને સર્વ તરફથી નાસભાગ કરતા હતા.[૧૯] એ રણમાં દ્રોણાચાર્યને હણાયેલા જોઇ કેટલાએક કૌરવો પોતાના પિતાઓને ઉતાવળ કરાવતા, કેટલાએક ભાઇઓને ઉતાવળ કરાવતા, કેટલાએક મામાઓને ઉતાવળ કરાવતા, કેટલાએક પુત્રોને ઉતાવળ કરાવતા, કેટલાએક સૈન્યોને હાંકો મારતા, કેટલાએક ભાણેજોને બૂમો પાડતા, ત્યારે બીજા કેટલાએક પોતાના સંબંધીઓને ઉતાવળ કરવાને કહેતા દશે દિશાઓમાં નાસભાગ કરતા હતા.[૨૦,૨૧] તેઓ સર્વ યોદ્ધાઓના વાળ વિખરાઇ ગયા હતા અને તેઓ એટલા બધા છૂટા છૂટા પડી ગયા હતા, કે જેથી બે જણા સાથે રહીને તો દોડતાજ ન હતા. નાશ પામેલા ઉત્સાહવાળા તથા હણાયેલા ઓજસ્વાળા તે કૌરવો "હવે આપણું સૈન્ય બચવાનું નથી" એમ માની બેઠા હતા.[૨૨] હે સમર્થ રાજા! કેટલાએક તમારા યોદ્ધાઓ તો પોતાનાં કવચો ફેંકી ફેંકીને નાસી જતા હતા, ત્યારે બીજા કેટલાએક સૈનિકો માંહોમાંહે બૂમો પાડતા હતા કે, "અલ્યા ઉભો રહે, ઉભો રહે" પણ તેઓ ત્યાં ઉભા રહેતા ન હતા. કેટલાએક તો માર્યા ગયેલા સારથિવાળા રથમાંથી સુંદર અલંકારોવાળા ઘોડાઓને છોડી નાખી, તેઓનાપર સ્વાર થઇ, પગની એડીઓ મારતા જલદી ઘોડાઓને દોડાવી ગયા હતા.[૨૩,૨૪] આમ જ્યારે સૈન્ય નાસી રહ્યું હતું અને તેનો દેખાવ ભયભીત તથા નિસ્તેજ થઈ ગયો હતો; ત્યારે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા, ઝૂડ જેમ પ્રવાહ સામે જાય તેમ શત્રુઓસામે ગયા હતા;[૨૫] અને તે યુદ્ધમાંશિખંડી આદિ પાંચાળો, પ્રભદ્રકો, ચેદિઓ તથા કૈકેયોની સાથે તેમનું મહાન યુદ્ધ થયું હતું.[૨૭] પાંડવોની અનેક સેનાઓનો સંહાર કરી યુદ્ધદુર્મદ અને મદમત્ત હાથીસમાન પરાક્રમી તે અશ્વત્થામા માંડમાંડ યુદ્ધમાંથી મુક્ત થયા હતા;[૨૮] પરંતુ ત્યાંથી પાછા ફરતાં દ્રોણાચાર્યપુત્ર અશ્વત્થામાએ પલાયન કરવામાં ઉત્સાહવાળા કૌરવસૈન્યને નાસભાગ કરતું જોયું, એટલે એકદમ દુર્યોધન પાસે આવીને તેમણે આ પ્રમાણે કહેવા માંડયું:- "હે ભરતવંશી દુર્યોધનરાજા! ભયભીત દેખાવની આ સેના આજે કેમ નાસભાગ કરે છે? હે રાજેન્દ્ર! તે આમ નાસભાગ કરી રહી છે, છતાં તમે એને રણમાં સ્થિર કેમ કરતા નથી; અને હે રાજા! તમે પોતે પણ આજે પૂર્વની પેઠે મૂળ પ્રકૃતિમાં-સ્વભાવમાં કેમ દેખાતા નથી? હે રાજા! આ કર્ણ વગેરે યોદ્ધાઓ કેમ ઉભા રહેતા નથી?[૨૮-૩૦] આ સિવાયના બીજાં ઘણાં યુદ્ધોમાં આ રીતે સેનામાં નાસભાગ કદી થઇ નથી, તો હે ભારત! તમારૂં સૈન્ય કુશળક્ષેમ છેને![૩૧] હે રાજન્! તે કયો રથીસિંહ યોદ્ધો આજે મરણ પામ્યો છે? જેથી તમારૂં સૈન્ય આ અવસ્થાએ આવી પહોંચ્યું છે! આ બધાનો મને ઉત્તર આપો."[૩૨] અશ્વત્થામાનાં એ વાક્યો સાંભળી મહારાજા દુર્યોધન, દ્રોણાચાર્યના મરણરૂપ ઘોર અપ્રિય કહેવાને સમર્થ થયો નહિ;[૩૩] પણ ભાંગી પડેલી નૌકા જેમ મહામૂંઝવણ ડૂબી ગયો અને પોતાની સામે રથમાં બેઠેલા દ્રોણપુત્રને જોઇ તેનાં નેત્રોમાંથી દડદડાટ અશ્રુધારા વહેવા લાગી.[૩૪] પછી રાજા દુર્યોધને, શરમાતાં શરમાતાં કૃપાચાર્યને આ પ્રમાણે કહ્યું:-"આ સૈન્ય જે કારણથી નાસભાગ કરે છે, તે કારણ તમે પોતેજ અશ્વત્થામાને કહી સંભળાવો; તમારૂં કલ્યાણ થાઓ!" દુર્યોધનની તે પ્રેરણા થતાં વારંવાર ખિન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતા તે કૃપાચાર્ય, દ્રોણાચાર્યને જે રીતે મારી નાખવામાં આવ્યા હતા તે સર્વ વૃત્તાંત અશ્વત્થામાપ્રત્યે કહેવા લાગ્યા:-"અમે બધા આજે મહારથી દ્રોણાચાર્યને આગળ કરી કેવળ પાંચાલોની સાથેજ યુદ્ધ કરતા હતા;[૩૭] તેમાં પ્રથમજ શરૂઆતમાં કૌરવો અને સોમકો અંદર અંદર સેળભેળ થઇ ગયા ને અન્યોન્ય સામા ગર્જનાઓ કરી શસ્ત્રોવડે શરીરોને પાડવા લાગ્યા.[૩૮] એ રીતે યુદ્ધ ચાલુ થતાં કૌરવસૈનિકોનો રણમાં ઘણોજ સંહાર થવા લાગ્યો. તે જોઇ કોપી ઉઠેલા તમારા પિતાએ બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું. [૩૯] તે અસ્ત્રને પ્રકટ કરી પુરુષશ્રેષ્ઠ દ્રોણાચાર્યે, ભલ્લ બાણો છોડી છોડીને સેંકડો અને હજારો શત્રુઓનો સંહાર વાળી નાખ્યો.[૪૦] પાંડવો, કેકયો, મત્સ્યો અને વિશેષે કરી પાંચાલો કાળથી પ્રેરાઇને દ્રોણાચાર્યના રથસામે આવતા હતા ને યુદ્ધમાં નાશ પામતા હતા.[૪૧] એ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી દ્રોણાચાર્યે, સિંહસરખા એક હજાર પુરુષોને તથા બે હજાર હાથીઓને મૃત્યુ પાસે મોકલી દીધા;[૪૨] અને કાનસુધી આવેલાં પળીયાંવાળા રંગે શ્યામ તથા અવસ્થાએ પંચાશી વર્ષના તે વૃદ્ધ આચાર્ય સોળ વર્ષના એક તરુણની પેઠે રણમાં ઘૂમી રહ્યા હતા. [૪૩] આમ જ્યારે સૈન્યો દુઃખી દુઃખી થઇ ગયાં અને મોટા મોટા રાજાઓનો જ્યારે સંહાર થવા લાગ્યો, ત્યારે અમર્ષવશ થયેલા પાંચાલ યોદ્ધાઓ રણમાંથી વિમુખ થઇ ગયા. તેઓમાં થોડું થોડું ભંગાણ પડયું અને સૈનિકો નાસભાગ કરવા લાગ્યા; એટલે શત્રુજેતા દ્રોણાચાર્ય દિવ્યઅસ્ત્રને પ્રકટ કરી ઉદય પામેલા સૂર્યની પેઠે શોભવા લાગ્યા.[૪૫] પાંડવયોદ્ધાઓના મધ્યમાં જઈ બાણોરૂપી કિરણોને ફેંકી રહેલા તમારા પ્રતાપી પિતા, મધ્યાહ્ન કાળના સૂર્યની પેઠે દુષ્પ્રેક્ષ્ય થઇ પડયા હતા.[૪૬] સૂર્યની પેઠે પ્રકાશી રહેલા દ્રોણાચાર્યથી બાળી નખાતા તે શત્રુઓ તો દગ્ધવીર્ય, નિરૂત્સાહ અને બેભાન જેવાજ થઇ ગયા હતા.[૪૭] આ પ્રમાણે દ્રોણાચાર્યે તેઓને બાણોવડે જ્યારે ગભરાવી નાખ્યા; ત્યારે એ સ્થિતિતરફ લક્ષ્ય કરી પાંડવોનો વિજય ઇચ્છનારા મધુસૂદન શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું:- " હે પાંડવો! શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ તથા મોટા મોટા મહારથીઓમાં અગ્રગણ્ય આ દ્રોણાચાર્યને સાક્ષાત્ ઇન્દ્ર પણ યુદ્ધમાં જીતી શકે તેમ નથી, તો આપણે મનુષ્યો તો ક્યાંથીજ જીતવાના છીએ? માટે આ વેળા ધર્મનો ત્યાગ કરી તમે વિજયની રક્ષા કરો, જેથી સોનેરી રથવાળા આ દ્રોણાચાર્ય આ પણ બધાનો રણમાં વિનાશ ન કરી નાખે. હું ધારૂં છું કે, અશ્વત્થામાનું મૃત્યુ સાંભળી આ દ્રોણાચાર્ય કદી યુદ્ધ કરશે નહિ; માટે આપણામાંહેનો કોઇ પુરુષ " અશ્વત્થામા રણમાં મરણ પામ્યા છે, " આવું ખોટું ખોટું પણ તે દ્રોણાચાર્ય પાસે કહો." [૪૮-૫૧] શ્રીકૃષ્ણનાં આ વાક્યો કુંતાપુત્ર અર્જુનને તો ગમ્યાં નહિ; પણ તે સિવાયના બીજા સૌને એ વાત ગમી ને ધર્મરાજા યુધિષ્ઠિરે પણ માંડમાંડ તેમ કરવા સ્વીકાર્યું.[૫૨] પછી ભીમસેને તમારા પિતાની પાસે જઇને શરમાતાં શરમાતાં આ પ્રમાણે કહ્યું:-"અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો." ભીમસેનનાં આ વચનોને તમારા પિતાએ માન્યું નહિ; અને તેમાં તેમને શંકા થવાથી પુત્રપ્રેમી આચાર્યે ધર્મરાજાને પૂછી જોયું કે, " અશ્વત્થામા રણમાં હણાયો છે કે જીવતો છે? " દ્રોણાચાર્યના એ પ્રશ્નને સાંભળી, અસત્ય વચનના ભયમાં ડૂબી ગયેલા ધર્મરાજાએ વિજય મેળવવામાં આસક્ત થઇ, યુદ્ધમાં હણાયેલા અશ્વત્થામા નામના એક હાથીના મરણને મનમાં રાખી, દ્રોણાચાર્ય સાંભળે તેમ કહ્યું કે, "અશ્વત્થામા હણાયો છે." ભીમસેને પ્રથમથીજ માલવરાજા ઇન્દ્રવર્માના પર્વતસમાન શરીરવાળા અશ્વત્થામા નામના એક હાથીને મારી નાખ્યો હતો; તેથીજ યુધિષ્ઠિર એટલું પણ અસત્ય બોલવા તૈયાર થયા હતા. વળી પાછો પણ ભીમસેન, તમારા પિતા પાસે જઇને તે સમયે આ પ્રમાણે કહેવા લાગ્યો:-" જેને માટે તમે શસ્ત્રો હાથમાં લીધાં છે અને જેને જોઇને તમે જીવી રહ્યા છો, તે તમારા પુત્ર અશ્વત્થામા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને નિત્યને માટે રણમાં પાડી નાખ્યો છે; જેથી વનમાં મરણ પામેલા સિંહશિશુની પેઠે રણભૂમિપર તે મરણ પામીને સૂઇ રહ્યો છે." આમ ભીમસેને કહ્યું હતું અને વધારામાં અસત્ય ભાષણના દોષોને જાણનારા રાજા યુધિષ્ઠિરે પણ બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણાચાર્યને, "અવત્થામા હણાયો છે" એમ ઉંચ સ્વરે કહી સંભળાવ્યું તથા "અશ્વત્થામા નામનો હાથી હણાયો છે" એમ ધીમેથી અસ્પષ્ટ રીતે કહ્યું હતું.[૫૩-૫૯] ધર્મરાજાના વાકયપરથી તમને યુદ્ધમાં મરણ પામેલા સાંભળી તમારા પિતા સંતાપથી તૃપ્ત થઇ ગયા અને દિવ્યઅસ્ત્રોનો ત્યાગ કરી પૂર્વની પેઠે લડતા બંધ થયા.[૬૦]

દ્રોણાચાર્યને એ પ્રમાણે પરમ ઉદ્વિગ્ન, શોકાતુર અને બેભાન થયેલા જોઇ, ક્રૂર કર્મ કરનારો પાંચાલરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તેમની સામે ધસી ગયો.[૬૧] જગત્માં વિખ્યાત દ્રોણાચાર્ય પણ પોતાના મૃત્યુરૂપેજ ઉત્પન્ન થયેલા તે ધૃષ્ટદ્યુમ્નને જોઇ દિવ્ય અસ્ત્રોનો ત્યાગ કરી રણમાંજ અનશનવ્રત લઇને બેસી ગયા. પછી ડાબે હાથે તેમની ચોટલી પકડીને વીર પુરુષોના કોલાહલ વચ્ચેજ ધૃષ્ટદ્યુમ્ને તેમનું મસ્તક કાપી નાખ્યું.[૬૩] તે વેળા સર્વ યોદ્ધાઓ કહી રહ્યા હતા કે, "આચાર્યને ન મારશો, ન મારશો."

ધર્મજ્ઞ અર્જુન પણ રથપરથી ઉતરી પડી એ ધૃષ્ટદ્યુમ્નની પાછળ દોડયો હતો અને હાથ ઉંચો કરી ઉતાવળો ઉતાવળો કહી રહ્યો હતો કે "આચાર્યને તું જીવતાજ પકડી લાવજે; પણ મારીશ નહિ." આમ કૌરવોએ તથા અર્જુને અટકાવ્યો હતો; છતાં તે ક્રૂર ધૃષ્ટદ્યુમ્ને તમારા પિતાને મારીજ નાખ્યા. હે નિર્દોષ મહાપુરુષ ! તમારા પિતાનું એ પ્રમાણે મૃત્યુ થવાથીજ ભયાકુલ થયેલા આ સર્વ સૈનિકો નાસભાગ કરે છે અને અમે બધા પણ નિરૂત્સાહ થઇ ગયા છીએ."[૬૪-૬૭]

સંજયે કહ્યું:-પોતાના પિતાનું તે રીતનું યુદ્ધમાં થયેલું મરણ સાંભળીને અશ્વત્થામા, પગથી મરાયેલા સર્પની પેઠે તીવ્ર ક્રોધમાં આવી ગયા.[૬૮] હે રાજા ! કાષ્ઠના ઢગમાં અગ્નિ જેમ ભડભડાટ સળગી ઉઠે છે, તેમ અશ્વત્થામા પોતાના પિતાના મરણ સમાચાર સાંભળી ક્રોધને લીધે અત્યંત બળવા લાગ્યા.[૬૯] હાથે હાથ ઘસીને તથા દાંતકચકીયાં કરીને સર્પની પેઠે ફુંફાડા મારતા તે અશ્વત્થામા, તે સમયે લાલચોળ નેત્રોવાળા થઈ ગયા.[૭૦]

ઈતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્ર મોક્ષપર્વમાં 'અશ્વત્થામાનો ક્રોધ' એ વિષયનો અધ્યાય ૧૯૩ મો સમાપ્ત

અધ્યાય ૧૯૪ મો

ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન

॥ धृतराष्ट्र उवाच ॥

अधर्मेण हतं श्रुत्वा धृष्टद्युम्नेन संजय ।
ब्राह्मणं पितरं वृद्धमश्वत्थामा किमब्रवीत् ॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:-હે સંજય ! પોતાના વૃદ્ધ બ્રાહ્મણ પિતાને ધૃષ્ટદ્યુમ્ને અધર્મથી મારી નાખ્યા, તે સાંભળીને અશ્વત્થામા શું બોલ્યા હતા ?[૧] જેમની પાસે માનવ, વારુણ, આગ્નેય, ઐન્દ્ર, નારાયણ આદિ દિવ્ય અસ્ત્રો નિત્ય રહેતાં હતાં, તે પોતાના ધર્મિષ્ઠ આચાર્યને ધૃષ્ટદ્યુમ્ને અધર્મથી રણમાં મારી નાખ્યા, એ સાંભળીને અશ્વત્થામાએ શું કહ્યું હતું ?[૨] એ મહાત્માએ પરશુરામ પાસેથી સંપૂર્ણ ધનુર્વેદનો અભ્યાસ કરી પોતાના તૂલ્ય ગુણોની આકાંક્ષાથી પોતાના પુત્રને દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરતાં શિખવ્યું હતું.[૩] ખરેખર ! આ જગતમાં પુરુષો, પોતાનાથી અધિક ગુણવાન એક પોતાના પુત્રનેજ ઇચ્છે છે; પણ બીજા કોઇને ઇચ્છતા નથી.[૫] મહાત્મા આચાર્યો પાસે જે જે કંઇ રહસ્યો હોય છે, તે તે બધાંને પોતાના પુત્રને અથવા પોતાને અનુસરી ચાલનાર સુપાત્ર શિષ્યને તેઓ આપે છે. અશ્વત્થામા દ્રોણાચાર્યના પુત્ર તો છેજ; પણ એક ઉત્તમ શિષ્ય પણ છે. હે સંજય ! તે અશ્વત્થામાએ વિશેષે કરી સર્વ રહસ્ય તેમની પાસેથી સંપાદન કરેલું છે; અને તેથીજ તે શારદ્વતીપુત્ર, દ્રોણાચાર્યના પછી બીજા નંબરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૂરવીર તરીકે આવે છે.[૭] તેના પિતા દ્રોણાચાર્ય શસ્ત્રોમાં રામસરખા હતા, યુદ્ધમાં ઇંદ્રસમાન હતા, વીર્યમાં કાર્તવીર્યસમાન હતા, બુદ્ધિમાં બૃહસ્પતિસરખા હતા, સ્થૈર્યમાં પર્વતસરખા હતા, તેજમાં અગ્નિસમાન હતા, ગુવાન હતા, ગાંભીર્યમાં સમુદ્રસમાન હતા, ક્રોધમાં કાળા નાગસરખા હતા,જગત્માં પ્રથમ રથી હતા, દૃઢ ધનુર્ધારી હતા, યુદ્ધના શ્રમને જીતનારા હતા, ઝડપથી અસ્ત્રો ફેંકનારા હતા, યુદ્ધમાં વાયુની પેઠે ઘૂમનારા હતા અને જ્યારે કોપાયમાન થાય ત્યારે સાક્ષાત્ કાળમૂર્તિરૂપ હતા. જેમણે સંગ્રામમાં શસ્ત્રો ફેંકી ફેંકીને આખી પૃથ્વીને પીડિત કરેલી છે. વળી સત્યપરાક્રમી તે વીર સંગ્રામમાં કદી વ્યથા પામતા ન હતા, વેદસ્નાત, વ્રતસ્નાત, ધનુર્વેદના પારંગત તે દ્રોણાચાર્ય મહાસાગરની પેઠે અક્ષોભ્ય હતા તથા દશરથપુત્ર રામચન્દ્રના જેવા પરાક્રમી હતા. તે પોતાના ધર્મિષ્ઠ આચાર્યને ધૃષ્ટદ્યુમ્ને, અધર્મથી રણમાં મારી નાખ્યા છે એવું સાંભળીને અશ્વત્થામાએ શું કહ્યું હતું ? ૮–૧૩ યજ્ઞસેનનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, જેમ દ્રોણાચાર્યના મૃત્યુરૂપે ઉત્પન્ન થયો હતો તેમ મહાત્મા દ્રોણાચાર્યે જેને ધૃષ્ટદ્યુમ્નના મૃત્યુરૂપે ઉત્પન્ન કર્યા છે તે અશ્વત્થામા, ઘાતકી, ક્રૂર, પાપી અને દીર્ઘદર્શી ધૃષ્ટદ્યુમ્નના હાથે આચાર્યને મરણ પામેલા સાંભળી શું બોલ્યા હતા ? તે મને કહે.

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્રમોક્ષપર્વમાં 'ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન' એ વિષયનો અધ્યાય ૧૯૪ મો સમાપ્ત

અધ્યાય ૧૯૫ મો

અશ્વત્થામાનો ક્રોધ

॥ संजय उवाच ॥

छद्मना निहतं श्रुत्वा पितरं पापकर्मणा ।
बाष्पेणापूर्यत द्रोणो रोषेण च नरर्षभ ॥१॥

સંજયે કહ્યું:–હે પુરુષશ્રેષ્ઠ રાજા! પાપકર્મ કરનાર ધૃષ્ટદ્યુમ્ને પોતાના પિતાને કપટથી મારી નાખ્યા છે, એ સાંભળીને અશ્વત્થામાનાં નેત્રો અશ્રુઓથી ભરાઇ ગયાં તથા ક્રોધથી તે ધુંધવી ઉઠયા.[૧] હે રાજેન્દ્ર ! પ્રલયકાળે સર્વ ભૂતોનો સંહાર કરવા ઇચ્છતા કાળનું જેવું પ્રદીપ્ત સ્વરૂપ દેખાય છે, તેવુંજ ક્રોધાયમાન થયેલા અશ્વત્થામાનું શરીર દેદીપ્યમાન દેખાવા લાગ્યું.[૨] તે પછી અશ્રુઓથી ઉભરાઇ જતી પોતાની બન્ને આંખોને વારંવાર લૂછી નાખી, કોપથી દીર્ઘોષ્ણ નિઃશ્વાસ મૂકી, તે અશ્વત્થામા દુર્યોધનપ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા:–[૩] "મારા ક્ષુદ્ર શત્રુઓએ શસ્ત્રહીન થયેલા મારા પિતાને જે રીતે મારી નાખ્યા છે તથા ધર્મનું મોટું ઠુંઠ ગણાતા યુધિષ્ઠિરે જે પાપ કર્યું છે, તે બધું મારા જાણવામાં આવ્યું.[૪] ધર્મપુત્ર યુધિષ્ઠિરનું નીચ પુરુષને યોગ્ય ક્રૂરકર્મ પણ મારા સાંભળવામાં આવ્યું. હે રાજા! યુદ્ધ કરવા તત્પર થયેલા પુરુષોનો જય અથવા પરાજય અવશ્ય નક્કી હોય છે; પરંતુ એ બન્નેના કરતાં યુદ્ધ કરતાં જે મરણ થાય તે પ્રશંસનીય છે, પણ સંગ્રામમાં યુદ્ધ કરનાર પુરુષનો જો ન્યાયપૂર્વક વધ થાય તો તેના સંબંધીઓને દુઃખ થતું નથી,આમ વિદ્વાનો કહે છે.પુરુષોમાં વ્યાઘ્રસરખા મારા પિતા અવશ્ય વીરલોકમાં (સ્વર્ગમાં)જ સિધાવ્યા છે, એમાં સંશય નથી; અને તેજ કારણથી તેમના મરણનો મને લગારે શોક નથી, પરંતુ નિત્ય ધર્મમાં વર્તનારા તે મારા પિતાના સર્વ સૈન્યોના દેખતાં જે કેશ પકડાયા, રે ! ચોટલી પકડવામાં આવી તે મારાં મર્મસ્થાનોને કાપી નાખે છે. હાય! અફસોસ! મારા જેવો પુત્ર હજી જીવતો બેઠો છે;છતાં મારા પિતાની ભરસૈન્યમાં જ્યારે ચોટલી પકડવામાં આવી ત્યારે હવે જગતમાં પુત્રવાળા ગણાતા બીજા પિતાઓ પોતાના પુત્રો પાસેથી કઈ સ્પૃહા રાખી શકશે ? આ જગતમાં કામથી, ક્રોધથી, અજ્ઞાનથી, હર્ષથી અથવા બાલભાવથી લોકો જે કંઈ અધર્મ કૃત્યો કરે અથવા બીજાઓનું અપમાન કરે છે, તેવુંજ અધર્મ કૃત્ય આ રણમાં ધૃષ્ટદ્યુમ્ને કર્યું છે.[૫–૧૧] ખરેખર ! એ ઘાતકી દુરાત્માએ મારૂં અપમાન કર્યું છે; જેથી એ ધૃષ્ટદ્યુમ્ન, એ અધર્મ કૃત્યના અતિ દારુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામને જોશે.[૧૨] પાંડુપુત્ર ધર્મરાજાએ પણ પરમ અકાર્ય કૃત્ય કર્યું છે, કે જેણે કપટપૂર્વક અસત્ય ભાષણ કરીને તે અણીના સમયે પોતાના આચાર્યને શસ્ત્રો છોડાવ્યાં છે; માટે તે ધર્મરાજાના રુધિરનું પણ રણભૂમિ આજે પાન કરશે. એ કુરુવંશી રાજા! હું તારી પાસે સત્યના, યજ્ઞયાગાદિના તથા વાવ, કુવા, નવાણ આદિના સોગંદ ખાઇને કહું છું કે, સર્વ પાંચાલોનો સંહાર કર્યાવિના હવે હું કોઇ પણ રીતે જીવવા ઇચ્છતો નથી. સર્વ જાતના સારા નરસા ઉપાયો યોજીને પણ પાંચાલોનો વધ કરવા હું યત્ન કરીશ.[૧૨-૧૫] પાપકર્મો કરનારા ધૃષ્ટદ્યુમ્નને તો હું રણમાંજ મારી નાખીશ અને એ સિવાયના બીજા સર્વ પાંચાલોનો પણ કોમળ અથવા તીક્ષ્ણ કર્મોદ્વારા વિનાશ કરી નાખીનેજ શાંતિ મેળવીશ. હે પુરુષવ્યાઘ્ર કુરુરાજા! જગતનાં મનુષ્યો તે માટેજ પુત્રો મેળવવાની ઇચ્છા રાખે છે કે, "આ લોકમાં તથા પરલોકમાં આવી પડેલા મહાન ભયમાંથી આપણા પુત્રો આપણને બચાવશે. પણ અરેરે! મારા પિતાની તો એક વાંઝીયા મનુષ્યની જે અવસ્થા થાય તે અવસ્થા થઇ છે; અને તે પણ મોટા પર્વતસરખો એક પુત્ર અથવા શિષ્ય એવો હું જીવતો હતો છતાં! હાય અફસોસ! મારાં દિવ્ય અસ્ત્રોને ધિક્કાર છે! મારા બન્ને બાહુઓને ધિક્કાર છે! અને મારા પરાક્રમને પણ ધિક્કાર છે! કે જેઓ મને પુત્રતરીકે પામ્યા છતાં મરણ સમયે કેશ ગ્રહણ કરાઇ મરણ પામ્યા! રે! તેમની શિખાનો ક્ષુદ્ર શત્રુએ સ્પર્શ કર્યો! ઠીક છે; હજી પણ સમય ગયો નથી. હે ભરતવંશના શ્રેષ્ઠરાજા! હું હવે એવું કર્મ કરી દેખાડીશ કે જેથી મારા પિતા પરલોકમાં ચાલ્યા ગયા છે; છતાં તેમના ઋણમાંથી હું મુક્ત થઇશ. જો કે આર્યપુરુષે પોતાની સ્તુતિ કરવી તે યોગ્ય નથીજ; તોપણ આ સમયે હું મારા પિતાના વધને સહન કરી શકતો ન હોવાથી મારા પુરુષાર્થને કહી સંભળાવું છું. પ્રલયકાળની પેઠે રણમાં કર્મ કરી બતાવી સર્વ સૈન્યોનો જ્યારે હું સંહાર કરીશ, ત્યારે મારા વીર્યને કૃષ્ણની સાથે રહેલા પાંડવો જોયા કરશે. રથમાં બેસીને રણમાં આજે હું જઇશ, તે વેળા દેવો, ગંધર્વો, અસુરો, રાક્ષસો કે મોટા મોટા નરશ્રેષ્ઠો પણ મને જીતવાને સમર્થ થશે નહિ. આ સમગ્ર જગતમાં મારાસરખો કે અર્જુનના સરખો બીજો અસ્ત્રવેત્તા કયાંય છેજ નહિ.[૧૬-૨૪] કિરણોના મધ્યમાં જેમ સૂર્ય તેજસ્વી છે, તેમ તેજસ્વી પુરુષોના મધ્યમાં હું તેજસ્વી છું; તેમજ સોનાના મધ્યમાં રહી દેવનિર્મિત અસ્ત્રોનો હું પ્રયોગ કરી શકું છું. આજના મહાયુદ્ધમાં મારા ધનુષ્યમાંથી સડસડાટ કરતાં છૂટેલાં બાણો પોતાના વીર્યને દર્શાવીને પાંડવોનો સંહાર કરી નાખશે.[૨૬] હે રાજન્! જાણે જળધારાઓથી ભરાઇ ગઈ હોય તેમ મારાં તીક્ષ્ણબાણોથી ઢંકાયેલી સર્વ દિશાઓને આજે પાંડવો જોશે.[૨૭] સર્વ તરફ ભયંકર શબ્દ કરનારી બાણોની જાળો પાથરી દઇને, મહાન વાયુ જેમ વૃક્ષોને તોડી પાડે તેમ હું શત્રુઓને રણમાં પાડીશ.[૨૮] હે કુરુવંશી રાજા! મારી પાસે એક દિવ્ય નારાયણાસ્ત્ર છે, કે જેનો પ્રયોગ તથા ઉપસંહાર હું બરાબર જાણું છું. તે અસ્ત્રને અર્જુન, કૃષ્ણ, ભીમસેન, નકુલ, સહદેવ, રાજા યુધિષ્ઠિર, દુષ્ટાત્મા ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી કે સાત્યકિ કોઇ જાણતા નથી. પૂર્વે ભગવાન નારાયણને વિધિવત્ પ્રણામ કરીને મારા પિતાએ વૈદિક મંત્રોથી સ્તુતિ કરી તે સ્તુતિરૂપજ ઉપહારનું સમર્પણ કર્યું હતું; જેથી પ્રસન્ન થઇ તે નારાયણ ભગવાને પોતેજ મારા પિતાને વર માગવા કહ્યું, એટલે મારા પિતાએ નારાયણ નામનું પરમ દિવ્ય અસ્ત્ર તેમની પાસે માગ્યું. પછી હે રાજન્! દેવશ્રેષ્ઠ તે ભગવાને તે નારાયણાસ્ત્રના પ્રદાનપૂર્વક મારા પિતાને કહ્યું કે:-"યુદ્ધમાં તારી બરોબરી કરનારો બીજો કોઇ પુરુષ થશે નહિ; પણ હે બ્રહ્મન્! યાદ રાખજો કે આ અસ્ત્રનો જેમ તેમ અથવા જ્યારે ત્યારે વિચાર કર્યાવિના પ્રયોગ કર્યા કરશો નહિ, કારણ કે આ અસ્ત્ર શત્રુનો વધ કર્યાવિના કદી પાછું ફરતું નથી. હે સમર્થ બ્રાહ્મણ! આ અસ્ત્ર કોનો વધ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે, એ જાણી શકાતું નથી. અવધ્યનો પણ કદાચ વધ કરી નાખે, માટે બને ત્યાંસુધી આનો પ્રયોગજ ન કરવો. હે શત્રુતાપન! આ મહાસ્ત્રને શાંત કરવાના આટલા ઉપાયો છે–યુદ્ધમાં રથોનો તથા શસ્ત્રોનો ત્યાગ કરનારાઓને, શરણ માગનારા શત્રુઓને તથા "હે મહાસ્ત્ર! તુંજ અમારૂં શરણ છે" આમ કહેનારાઓને આ અસ્ત્ર બાધ કરતું નથી; પણ ત્યાં તે શાંત થઇ જાય છે; પરન્તુ આની સામે બીજાં શસ્ત્રોનો પ્રયોગ કરવામાં આવે અને શસ્ત્રોવડે જો આને અટકાવવામાં આવે તો સર્વથા અવધ્યોનો પણ યુદ્ધમાં તે વધ કરી નાખે છે."[૩૨–૩૭] આમ કહેતા તે નારાયણ ભગવાન પાસેથી મારા પિતાએ તે અસ્ત્ર ગ્રહણ કર્યું હતું અને તેનો મને ઉપદેશ કર્યો હતો. વળી તે સમયે જતાં જતાં પ્રભુ નારાયણે મારા પિતાને કહ્યું હતું કે, "આ અસ્ત્રના પ્રભાવથી તમે સંગ્રામમાં સર્વજાતની શસ્ત્રવૃષ્ટિઓનો નાશ કરી શકશો અને તેજથી ઝળહળી ઉઠશો."

આમ કહીને પ્રભુનારાયણ ભગવાન સ્વર્ગ તરફ ચાલ્યા ગયા હતા.[૩૮,૩૯] એ નારાયણ અસ્ત્રને મેં મારા પિતા પાસેથી મેળવ્યું છે; માટે તે અસ્ત્રનો પ્રયોગ કરી હું પાંડવો, પાંચાલો, મત્સ્યો અને કેકયોને ઇંદ્ર જેમ અસુરોને હાંકી કાઢે તેમ રણમાંથી હાંકી કાઢીશ. હે ભરતવંશી રાજા! હું જેવી જેવી ઇચ્છા કરીશ તેવા તેવા આકારનાં મારાં બાણો થઇ જશે; અને સામે પરાક્રમ કરતા શત્રુઓપર તે પડશે. મારી ઇચ્છામાં આવશે તેમ રણમાં ઉભો રહીને હું પથ્થરોની વૃષ્ટિ વરસાવીશ, લોખંડી મુખવાળાં પક્ષીઓ પ્રકટ કરી મહારથીઓને નસાડી મૂકીશ અથવા જરૂર પડશે તો તીક્ષ્ણ ફરસીઓને છોડી મૂકીશ.[૪૩] આ મહાન નારાયણાસ્ત્રનો પ્રયોગ કરી હું શત્રુઓને તપાવીશ તથા પાંડવોને તુચ્છ ગણી કાઢી તેનો સંહાર કરીશ;[૪૪] અને મિત્રોનો, બ્રાહ્મણોનો તથા ગુરુનો દ્રોહ કરનાર અતિનિંદ્ય તે નીચ ધૃષ્ટદ્યુમ્ન, આજે મારી પાસેથી જીવતો નહિ છૂટે."[૪૫]

દ્રોણ પુત્રનાં તે વચનો સાંભળીને સર્વ સેના પાછી ફરી. સર્વ મહાપુરુષો મોટા મોટા શંખનાદો કરવા લાગ્યા ને હર્ષમાં આવી જઇ હજારો ભેરીઓ તથા ડિંડિમો વગાડવા લાગ્યા. ઘોડાઓની ખરીઓના આઘાતથી તથા રથોના પૈડાંના ગડગડાટથી ઘણઘણી ઉઠેલી પૃથ્વી ગાજવા લાગી. એકત્ર થયેલા તે તુમુલ શબ્દે આકાશ, સ્વર્ગ તથા આખી પૃથ્વીને ગજાવી મૂકી. મેઘના ગડગડાટસરખા તે શબ્દને સાંભળીને રથીશ્રેષ્ઠ પાંડવો, એક સ્થળે એકઠા મળીને તે ગર્જનાના સંબંધમાં વિચાર કરવા લાગ્યા. હે ભારત! તેજ સમયે દ્રોણપુત્ર અશ્વત્થામાએ, જળવડે મંત્રાચમન કરીને તે દિવ્ય નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું.[૪૬–૫૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્રમોક્ષ પર્વમાં 'અશ્વત્થામાનો ક્રોધ' એ વિષયનો અધ્યાય ૧૯૫ મો સમાપ્ત

અધ્યાય ૧૯૬ મો

અર્જુનનાં વચનો

॥ संजय उवाच ॥

प्रादुर्भूते ततस्तस्मिन्नस्त्रे नारायणे प्रभो ।
प्रावात्सपृषतो वायुरनभ्रेस्तनयित्नुमान् ॥१॥

સંજયે કહ્યું:–હે રાજન્! તે નારાયણાસ્ત્ર જ્યારે પ્રકટ થયું, ત્યારે આકાશમાં વાદળાં ન હતાં; છતાં મેઘના જેવી ગર્જના કરતો વાયુ જળનાં કણોથી મિશ્ર થઈ વાવા લાગ્યો,[૧] પૃથ્વી કંપવા લાગી, મહાસાગર પણ ખળભળી ઉઠયો ને સમુદ્રતરફ વહેતી નદીઓ ઉલટા પ્રવાહથી વહેવા લાગી.[૨] હે ભારત! પર્વતોનાં શિખરો છિન્નભિન્ન થઈ પડવા લાગ્યાં, મૃગલાંઓ પાંડવસેનાની ડાબી બાજુ થઇને જવા લાગ્યાં,[૩] જ્યાં ત્યાં અંધકાર છવાઈ ગયો, સૂર્ય નિસ્તેજ થઇ ગયો અને માંસાહારી પ્રાણીવર્ગ હર્ષમાં આવી જઇને ઝડપિયાં નાખવા લાગ્યો.[૪] હે રાજા! દેવો, દાનવો અને ગંધર્વો સુદ્ધાં ભયભીત થઇ ગયા; અને આ મહાન ખળભળાટ જોઇને "હવે શું કરવું, હવે શું કરવું" આવો તીવ્ર કોલાહલ કરી રહ્યા.[૫] ભયંકર અને ઘોર દેખાવનું અશ્વત્થામાનું તે અસ્ત્ર જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને સર્વ રાજાઓ ગભરાટમાં પડી ગયા અને ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા લાગ્યા.[૬]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:–હે સંજય ! દ્રોણપુત્ર અશ્વત્થામાએ સર્વ સૈન્યોને જ્યારે યુદ્ધમાટે પાછાં વાળ્યાં; અને શોકથી અત્યંત તપી જઈ પોતાના પિતાના વધને તેમણે જ્યારે સહન ન કર્યો, ત્યારે સર્વ કૌરવો ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવા ધસી ગયા હતા. એ જોઇ, પાંડવોમાં ધૃષ્ટદ્યુમ્નનો બચાવ કરવા માટેનો શો વિચાર થઇ રહ્યો હતો, તે મને કહે.[૭,૮]

સંજયે કહ્યું:–રાજા યુધિષ્ઠિરે પ્રથમથીજ સર્વ કૌરવોને પલાયન કરી જતા જોયા હતા અને પાછો વળી તુમુલ શબ્દ સાંભળીને તેમણે અર્જુનપ્રત્યે કહેવા માંડયું:–"હે ધનંજય ! વજ્રધારી ઇંદ્રે જેમ વૃત્રાસુરનો નાશ કર્યો, તેમ ધૃષ્ટદ્યુમ્ને જ્યારે દ્રોણાચાર્યનો નાશ કર્યો ત્યારે કૌરવો યુદ્ધમાં વિજય મેળવવા નિરાશ થઇ ગયા હતા અને દીનચિત્ત થઇ પોતાનું રક્ષણ કરવાનોજ નિશ્ચય કરીને રણમાંથી નાસી ગયા હતા.[૧૧] તેઓ જ્યારે રણમાંથી નાસતા હતા; ત્યારે કેટલાએક રાજાઓ તો કેવળ ભાનવિનાના થઈ જઇને ઉંધમુંધ પડેલા રથોમાં બેસીને, છિન્નભિન્ન થયેલા રથોમાં બેસીને, માર્યા ગયેલા પૃષ્ઠરક્ષકોવાળા તથા મરણ પામેલા સારથિઓવાળા રથોમાં બેસીને, પતાકા, ધ્વજા અને છત્રોવિનાના થયેલા રથોમાં બેસીને, ભાંગી ગયેલા ઉંટડાવાળા, ભાંગી ગયેલા માળાવાળા તથા આકુળવ્યાકુળ થયેલા ઘોડાઓવાળા રથોમાં બેસી બેસીને રણમાંથી નાસી જતા હતા. ભયભીત થયેલા વળી કેટલાએક રાજાઓ તો પગવતી ઘોડાઓને મારતા મારતા, કેટલાએક જાતેજ રથોને દોડાવતા દોડાવતા રણમાંથી નાઠા હતા. તેઓ જ્યારે એ રીતે પલાયન કરી જતા હતા, ત્યારે ચારેબાજુ પડેલા ભાંગી પડેલાં ધુંસરાં, પૈડાં વગેરેથી યુક્ત એવા રથોમાં બેસી જઇને પણ નાસી ગયા હતા. વળી કેટલાએક તો છિન્નભિન્ન થયેલા રથોને ત્યાં પડતા મૂકીનેજ પગપ્યાદા નાઠા હતા.[૧૪] બીજા કેટલાએક તો ઘોડાઓની પીઠપર બેસીને અર્ધાં આસનો ખસી ગયાં હતાં છતાં પણ નાસતા હતા. કેટલાએક વળી આપણાં નારાચબાણોથી ચલિત આસનવાળા થઇ હાથીઓની ખાંધઉપર વળગી રહ્યા હતા અને તેઓને શસ્ત્રોથી પીડાઇને પલાયન કરતા તે હાથીઓ, દશેય દિશાઓમાં લઇ જતા હતા. કેટલાએક મહાપુરુષો, શસ્ત્રો તથા કવચોથી રહિત થઇ વાહનોપરથી પૃથ્વીપર પડી જતા હતા, અને રથોનાં પૈડાંઓતળે તથા હાથી ઘોડાઓના પગતળે કચડાઇ છૂંદાઈ જતા હતા. કેટલાએક વીરો " ઓ બાપા, ઓ પુત્ર " આવી બૂમો પાડતા ભયથી નાસી જતા હતા. તેઓ બધા દુઃખથી એટલા બધા નિસ્તેજ થઇ ગયા હતા, કે જેથી અન્યોન્યને ઓળખતા પણ ન હતા. કેટલાએક શૂરાઓ અત્યંત ઘાયલ થયેલા પોતાના પુત્રોને, પિતાઓને, મિત્રોને તથા ભાઇઓને ખાંધપર ઉંચકી ઉંચકીને રણમાંથી દૂર લઇ જતા હતા; અને તેઓનાં કવચો ઉતારી નાખી જળસિંચન કરતા હતા. દ્રોણાચાર્યનો નાશ થતાં આવી અવસ્થાને પામીને કૌરવોનું સૈન્ય નાઠું હતું; છતાં તે સૈન્યને પાછું કોણે વાર્યું, તે તું જાણતો હોય તો મને કહે. જો સાંભળ. રથોનાં પૈડાંઓના ગડગડાટ સાથે ઘોડાઓનો હણહણાટ તથા હાથીઓની ગર્જનાઓ સંભળાય છે ! કૌરવોની સેનારૂપ મહાસાગરમાં એ શબ્દો એટલા બધા તીવ્ર થાય છે, કે જેથી મારા સૈનિકો ધ્રૂજી ઉઠે છે ! રુવાં ઉભાં કરી નાખે તેવો જે આ તુમુલ શબ્દ સંભળાય છે, તે ઇંદ્રસહિત ત્રણે લોકોને ગળી જાય તેવો મને લાગે છે ! હું તો એમજ માનું છું કે આ ભયંકર શબ્દ, વજ્રધારી ઇંદ્રનોજ હોવો જોઈએ. જરૂર તે ઇંદ્રજ, દ્રોણાચાર્યનો વધ થતાં કૌરવોને માટે ચઢી આવે છે. હે ધનંજય ! આ અતિ ભયંકર મહાન શબ્દને સાંભળી આપણા સારા સારા રથીઓ પણ ઉદ્વિગ્ન થઇ ગયા છે, અને તેઓનાં રોમાંચ ખડાં થઈ ગયાં છે; તો હું તને પૂછું છું કે, દેવેશ્વર જેવો એ કયો મહારથી છે કે, જેણે પલાયન કરી જતા કૌરવોને ધીરજ આપી પુનઃ યુદ્ધમાટે પાછા વાળ્યા છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુને કહ્યું:–"જેના પરાક્રમનો આશ્રય કરી આ કૌરવો ઉગ્ર કર્મ કરવામાટે સજ્જ થયા છે અને શંખનાદો કરી રહ્યા છે; વળી હે રાજા!" શસ્ત્રહીન થયેલા દ્રોણગુરુનું મૃત્યુ થયું છે; છતાં આ કયો પુરુષ કૌરવોને શાંત પાડી ગાજી રહ્યો છે?" આવો સંશય કરી જે પુરુષને તમે જાણવા માગો છો, તે પુરુષ બીજો કોઇ નથી; પણ નમ્ર સ્વભાવનો, મોટી ભુજાવાળો, વ્યાઘ્રસરખા મુખવાળો, મદમત્ત હાથીસમાન ગતિવાળો, ઉગ્રકર્મ કરવાવાળો તથા કુરુઓને નિર્ભય કરનારો અશ્વત્થામા છે. જેના જન્મ સમયે દ્રોણાચાર્યે એક હજાર ગાયોનું મહા પવિત્ર બ્રાહ્મણોને દાન કર્યું હતું. એ અશ્વત્થામાજ આ સમયે ગાજી રહ્યો છે. જે વીર પુરુષે જન્મ ધરીને તુરતજ ઉચ્ચૈઃશ્રવા ઘોડાની પેઠે હણહણાટ કરીને સમગ્ર પૃથ્વી તથા ત્રણેય લોકોને કંપાવી દીધા હતા; અને તે સમયના તેના હણહણાટને સાંભળીને કોઇ અદૃશ્ય રહેલા પ્રાણીએ જેનું "અશ્વત્થામા" એવું નામ પાડયું છે, તેજ એ શૂરો પુરુષ આ વેળા ગાજી રહ્યો છે. હે પાંડુપુત્ર! પાર્ષત ધૃષ્ટદ્યુમ્ને ઘાતકી કર્મ કરીને કેશાકર્ષણપૂર્વક જેને અનાથની પેઠે મારી નાખ્યા છે, તે આચાર્યના નાથતરીકેનો પોતાનો હક્ક ધરાવી અશ્વત્થામા સજ્જ થયો છે. પાંચાલ ધૃષ્ટદ્યુમ્ને મારા ગુરુની ચોટલી પકડી જે ભયંકર અપમાન કર્યું છે, તેને પોતાના પુરુષાર્થને જાણનારો અશ્વત્થામા કદી સહન નહિ કરે. અરે! ધર્મને સમજનારા તમે પોતે પણ રાજ્યના લોભથી ગુરુપાસે મિથ્યા ભાષણ કર્યું છે, તે અતિ મહાન અધર્મ કર્યો છે. આ તમારી અપકીર્તિ સચરાચર ત્રણેલોકમાં ચિરકાલપર્યંત રહેશે. વાલીનો વધ કરવાથી રામની જેવી અપકીર્તિ થઇ રહી છે, તેવીજ અપકીર્તિ દ્રોણગુરુનો નાશ કરાવીને તમારી પણ થઇ રહેશે. "આ મારો યુધિષ્ઠિર શિષ્ય સર્વ ધર્મોથી સંપન્ન છે, જેથી અસત્ય ભાષણ કદી નહિ કરે." આ રીતનો તેમણે તમારાપર વિશ્વાસ રાખ્યો; છતાં સત્યના આભાસરૂપ નર્યા અસત્યમાં પ્રવેશ કરી, અશ્વત્થામા નામના હાથીના વધને મનમાં રાખી તમે આચાર્યપાસે અસત્ય ભાષણજ કર્યું છે; અને તેથીજ તે સમર્થ ગુરુ મમતા અને ચેતનથી રહિત થઇ, શસ્ત્રોનો ત્યાગ કરી અતિ વિહ્વલ થઇ ગયા હતા! જે તમે તમારી નજરે જોયું છે. હે રાજા! એ પ્રમાણે શોકાવિષ્ટ થયેલા અને યુદ્ધ કરતાં અટકી પડેલા પુત્રવત્સલ ગુરુનો તમે પોતેજ શાશ્વતધર્મનો ત્યાગ કરી શસ્ત્રદ્વારા ઘાત કરાવ્યો છે. શસ્ત્રહીન થયેલા ગુરુનો અધર્મથી ઘાત કરાવી હવે તમારામાં જો શક્તિ હોય તો મંત્રીઓને સાથમાં રાખી ધૃષ્ટદ્યુમ્નની તમે રક્ષા કરજો. જેના પિતા મરણ પામ્યા છે, એવા ક્રોધાયમાન થયેલા આચાર્યપુત્રના હાથમાં સપડાયેલા ધૃષ્ટદ્યુમ્નને અમે બધા બચાવી શકીએ તેમ નથી. જે અશ્વત્થામા સર્વ ભૂતોનાપર પ્રેમ દૃષ્ટિથી જુએ છે અને મનુષ્યોના કરતાં ઘણે દરજ્જે અધિક છે, તે અશ્વત્થામા પોતાના પિતાની ચોટલી પકડયાના ભયંકર અપમાનને સાંભળી આપણને બધાને રણમાં બાળી નાખશે.[૧૫–૪૨] અરેરે અફસોસ! આચાર્યપરના પ્રેમને લીધે હું મોટી મોટી બૂમો પાડીને તેમને જીવતા પકડી લેવા કહી રહ્યો હતો; છતાં એક શિષ્યે જાતેજ ધર્મને લાત મારી પોતાના ગુરુનો વધ કર્યો છે.[૪૩] ખરેખર! આપણું વય ઘણું ખરૂં ચાલ્યું ગયું છે અને હવે અતિશય અલ્પજ બાકી રહ્યું છે; જેથી "विनाशकाळे विपरीत बुद्धिः" એ ન્યાયને અનુસરી આપણે મહાન અધર્મ કર્યો છે.[૪૪] જે નિત્ય પિતાની પેઠે આપણાપર પ્રેમ રાખતા હતા અને ધર્મદૃષ્ટિએ જેને આપણા પિતાતુલ્ય ગણવા જોઇએ, તે આચાર્યને-ગુરુને અલ્પકાળ રહેનારા રાજ્ય જેવા એક તુચ્છ કારણને માટે આપણે મરાવી નાખ્યા છે.[૪૫] હે રાજા! ધૃતરાષ્ટ્રે ભીષ્મ અને દ્રોણાચાર્યને આજ્ઞામાં તત્પર રહેનારા પોતાના પુત્રોસહિત સમગ્ર પૃથ્વી સોંપી દીધી હતી. આટલા બધા માનને પ્રાપ્ત કર્યા છતાં અને શત્રુઓના નિરંતરના સત્કારને પામ્યા છતાં, તે દ્રોણગુરુ મને એકલાનેજ પોતાના પુત્રથી પણ અધિક ગણતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ ગુરુ યુદ્ધમાં તમારા તરફ તથા મારા તરફ દૃષ્ટિ કરતા કરતા અસ્ત્રોનો ત્યાગ કરી બેઠા હતા, છતાં તે મરાયા છે; પણ તેમણે જો શસ્ત્રોનો ત્યાગ ન કર્યો હોત અને પૂર્વની પેઠે જો લડયાજ કર્યા હોત તો ઇંદ્રપણ તેમને મારી શકે તેમ ન હતો. આવા સમર્થ, નિત્ય ઉપકાર કરનાર અને વૃદ્ધ વયના આચાર્યનો, રાજ્યમાં લુબ્ધ બુદ્ધિવાળા આપણે અનાર્યોએ મહાન દ્રોહ કર્યો છે.[૪૯] અહો! ઘણાજ ખેદની વાત છે કે, રાજ્ય અને સુખના લોભમાં તલ્લીન થઇ આપણે અતિ દારુણ કર્મ કર્યું છે, મહાન પાપ કર્યું છે, ગુરુ દ્રોણાચાર્યનો અધર્મથી ઘાત કરાવ્યો છે.[૫૦] અહા! મારા ગુરુ જાણતા હતા કે, "અર્જુન મારાપરના પ્રેમને માટે પુત્રો, ભાઇઓ, પિતાઓ, સ્ત્રીઓ અને જીવિત સુદ્ધાં સર્વનો ત્યાગ કરે તેવો છે." હાય! તેજ રાજ્યલાલચુ મેં, મારાપરની આવી દૃઢ શ્રદ્ધાવાળા ગુરુના વધની ઉપેક્ષા કરી છે; જેથી હે રાજા! હું તો નરકમાં જઇને ઉંધે માથે લટકવાનો છું.[૫૧,૫૨] બ્રાહ્મણજાતિના, વળી વૃદ્ધ વયના પોતાના આચાર્યનો-અરે શસ્ત્રહીન થયેલા અને મહાન મુનિસરખા તે ગુરુનો રાજ્યને માટે ઘાત કરાવીને આજે મરી જવું તેજ શ્રેયસ્કર છે, પણ જીવવું તો હવે વ્યર્થજ છે.[૫૩]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્ર મોક્ષ પર્વમા "અર્જુન વાક્ય" એ વિષયનો અધ્યાય ૧૯૬ મો સમાપ્ત

અધ્યાય ૧૯૭ મો

ભીમસેન અને ધૃષ્ટદ્યુમ્નનાં અર્જુન પ્રત્યે વચનો

॥ संजय उवाच ॥

अर्जुनस्य वचः श्रुत्वा नोचूस्तत्र महारथाः ।
अप्रियं वा प्रियं वाऽपि महाराज धनंजय ॥१॥

સંજયે કહ્યું:-હે મહારાજા! અર્જુનનાં એ વચનો સાંભળીને ત્યાં રહેલા સર્વ મહારથીઓ, પ્રિય અથવા અપ્રિય કંઇપણ અર્જુન સામા બોલ્યા નહિ[૧] પણ હે ભરતશ્રેષ્ઠ રાજા! મહાબાહુ ભીમસેન એ વચન સાંભળીને કોપી ઉઠયો અને કુંતાપુત્ર અર્જુનની જાણે નિંદા કરતો હોય તેમ બોલી ઉઠયો:-[૨] "હે પાર્થ! અરણ્યમાં વસનારો મુનિ જેવું ધર્મયુક્ત વચન બોલે છે; તથા દંડનો ત્યાગ કરનાર તીક્ષ્ણ વ્રતધારી બ્રાહ્મણ જેમ ધર્મનો ઉપદેશ કરે, તેમ તું આ સમયે અમને બધાને ધર્મનો ઉપદેશ કરી રહ્યો છે કેમ?[૩] પણ શું તું જાણતો નથી કે, સર્વ કોઇનું જેઓ રક્ષણ કરે છે, તે પરજ જેઓ જીવે છે, સ્ત્રીઓ તથા સત્પુરુષોને જેઓ ક્ષમા આપે છે એવા ક્ષત્રિયપુરુષો, તત્કાળ પૃથ્વી, ધર્મ, યશ અને લક્ષ્મી સંપાદન કરે છે.[૪] તું ક્ષત્રિયજાતિના સર્વ ગુણોથી યુક્ત છે; અને આપણા કુળમાં એક ધુરંધર પુરુષ છે, છતાં આમ અજ્ઞાનીની પેઠે બોલતાં આજે તું જરાપણ શોભતો નથી.[૫] હે કૌન્તેય! તારૂં પરાક્રમ પણ ઇંદ્રના સરખુંજ છે; તેમજ મહાસાગર જેમ મર્યાદા મૂકતો નથી, તેમ તું પણ ધર્મનું કદી ઉલ્લંઘન કરતો નથી.[૬] ખરેખર, આ જગતમાં કયો પુરુષ તારી પૂજા નહિ કરે? કારણકે તેર વર્ષના ક્રોધ અને દુઃખને અંતે પણ તું આજે હજી ધર્મનીજ અભિકાંક્ષા રાખે છે.[૭] હે તાત! તારૂં મન હજી સુધી પણ સ્વધર્મને અનુસરી રહ્યું છે; તથા તારી બુદ્ધિ નિરંતર ઘાતકી કૃત્યોતરફ લક્ષ્ય નહિ આપતાં ઉત્તમ કૃત્યો કરવામાંજ આસક્ત રહે છે, તે બહુસારી વાત છે-અમારાં એક સુદૈવની વાત છે;[૮] પણ તું અથવા મહારાજા યુધિષ્ઠિર નિત્ય ધર્મમાંજ વર્તનારા છો છતાં શત્રુઓએ અધર્મદ્વારા અર્ધું રાજ્ય કયા ધર્મના આધારે છીનવી લીધું છે? વળી દ્રૌપદીને સભામાં ઘસડી મંગાવી, કયા શાસ્ત્રને આધારે તેનો પરાપર્શ કરવામાં આવ્યો હતો?[૯] આટલું કરતાં પણ તેમને જ્યારે સંતોષ ન થયો, ત્યારે વલ્કલ વસ્ત્રો પહેરાવીને આપણને વનમાં હાંકી કાઢવામાં આવ્યા! ખરૂં જોતાં એ વનવાસને માટે આપણે તદ્દન અયોગ્ય હતા; છતાં તેર વર્ષ સુધી આપણે વનવાસનાં દુઃખો સહ્યાં છે. હું તને પૂછું છું કે, એ વેળા શત્રુઓએ ધર્મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં વળાવ્યો હતો ? ૧૦ હે નિર્દોષ અર્જુન ! આ બધાં અમર્ષકારણો મેં ઘણા કાળસુધી શાંતપણે સહ્યાં છે અને તે બધું ક્ષાત્રધર્મમાં આસકત રહી હું આચરી ચૂક્યો છું;૧૧ પણ હવે તે પરાકાષ્ઠાએ પહોંચેલા અધર્મનું સ્મરણ કરી તારી સહાયમાં રહેલો હું તે ક્ષુદ્ર રાજ્યલૂંટારાઓનો તેમના પરિવારસહિત સંહાર કરી નાખીશ.૧૨ અરે! તેં પોતેજ પ્રથમ કહેલું છે કે, "આપણે બધા અહીં યુદ્ધમાટે એકત્ર થયા છીએ, જેથી સૌ સૌની શક્તિ પ્રમાણે આપણે સૌયુદ્ધ માટે પ્રયત્ન કરીશું." આમ કહેનારોજ તુંજ આજે અમારી નિંદા કરે છે.૧૩ વળી ધર્મનું નિરૂપણ કરવા પણ ઇચ્છે છે; પરંતુ તારૂં પ્રથમનું વચન તો આમ કહેવામાત્રથીજ અસત્ય ઠરે છે; એટલુંજ નહિ પરંતુ અમે બધા ભયથી વિહ્વલ થયા છીએ, છતાં તીક્ષ્ણ વાણી સંભળાવીને તું અમારાં મર્મસ્થાનોને કાપી નાખે છે.૧૪ હે શત્રુસંહારક અર્જુન ! ઘાયલ થયેલા પુરુષોના ઘાવમાં જેમ ક્ષારરસ રેડવામાં આવે, તેમ તું પણ અમને દાઝયાપરજ ડામ દે છે. તારી વાણીરૂપ શલ્યથી મારૂં હૃદય ઘણું પીડાય છે, ચીરાઇ જાય છે.૧૫ અરે ! ધાર્મિક પુરુષ થઇને પણ તું આ મહાન અધર્મને સમજતો નથી; અને પ્રશંસાપાત્ર એવા પોતાના આત્માની તથા અમારા બધાની પ્રશંસા તું કરતો નથી.૧૬ ખરેખરી પ્રશંસાને યોગ્ય એવા આ વાસુદેવ પાસેજ ઉભા છે; છતાં તું દ્રોણપુત્ર અશ્વત્થામાની પ્રશંસા કરે છે, કે જે અશ્વત્થામા, તારી સોળમી કળાને પણ યોગ્ય નથી; અર્થાત્ તારા સોળમા અંશની પણ તેનામાં યોગ્યતા નથી.૧૭ ઠીક છે, પોતાની પ્રશંસા કરવી તો એક બાજુ રહી; પણ ઉલટા પોતાના દોષોનું વર્ણન કરતાં તું કેમ લાજતો નથી ? શું તું જાણતો નથી કે, હું એકલોજ ક્રોધ કરીને પૃથ્વીને ફાડી નાખું તેમ છું, પર્વતોને પણ છિન્નભિન્ન કરી નાખું તેમ છું; તથા સુવર્ણની માળાવાળી આ ભયંકર વજનદાર ગદાને જોરથી ફેરવીને મોટા પર્વતોસરખાં વૃક્ષોને પણ વાયુની પેઠે ભાંગી નાખું તેમ છું;૧૮,૧૯ એટલુંજ નહિ પણ મારી સામા આવેલા ઇંદ્રસહિત દેવોને પણ બાણોની વૃષ્ટિ કરીને રણમાંથી નસાડી મૂકું તથા રાક્ષસો, અસુરો, સર્પો કે મનુષ્યોને પણ હાંકી કાઢું.૨૦ હે અમાપ પરાક્રમી પુરુષશ્રેષ્ઠ ! આવા મહાન પરાક્રમી તારા ભાઇને તું બરાબર જાણે છે, તોપછી દ્રોણાચાર્યના પુત્રથી ભયભીત થવાને તું યોગ્ય નથી;૨૧ અથવા હે અર્જુન ! આપણા બધા ભાઇઓની સાથે તું ઉભો રહે. હું એકલોજ હાથમાં ગદા લઇને એ અશ્વત્થામાનો રણમાં પરાજય કરીશ." ૨૨

ભીમસેન એ પ્રમાણે જ્યારે બોલી રહ્યો ત્યારે પાંચાલરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન ક્રોધાયમાન થઇને ગર્જના કરતા શ્રીવિષ્ણુપ્રત્યે જેમ હિરણ્યકશિપુ બોલ્યો હતો, તેમ અર્જુન પ્રત્યે બોલ્યો:–"હે અર્જુન! યાજન (બીજાઓ પાસે યજ્ઞો કરાવવા), અધ્યાપન (બીજાઓને ભણાવવા), દાન, યજ્ઞ, પ્રતિગ્રહ અને છઠ્ઠું અધ્યયન આ છ બ્રાહ્મણોનાં પ્રસિદ્ધ કર્મો છે, એમ પ્રાચીન પંડિતો કહે છે. તે માંહેના કયા કર્મમાં દ્રોણાચાર્યની નિયત સ્થિતિ હતી ? એકમાં પણ નહિજ. હે પાર્થ ! આવા ધર્મહીન દ્રોણાચાર્યને મેં મારી નાખ્યા, તેમાં તું મારી નિંદા શામાટે કરે છે ? દ્રોણાચાર્ય પોતાના બ્રાહ્મણધર્મથી ભ્રષ્ટ થયા હતા અને ક્ષત્રિયોના ધર્મને સ્વીકારી બેઠા હતા. વળી ક્ષુદ્રકર્મ કરનારા તે આચાર્ય, દિવ્ય અસ્ત્રોવડે અમારો સંહાર કરતા હતા; આવા કપટી અને અસહ્ય તે નીચ બ્રાહ્મણને જે પુરુષ કપટ કરીનેજ મારી નાખે, તેમાં અયોગ્ય શું છે ?૨૭ મેં દ્રોણાચાર્યને ખરેખરી યોગ્યજ શિક્ષા કરી છે; છતાં તેમનો પુત્ર અશ્વત્થામા ક્રોધથી ભયંકર ગર્જના કરી રહ્યો છે, તેમાં મને શી હાનિ થવાની છે ?૨૮ હું તો માનું છું કે, આ અશ્વત્થામા કૌરવોનું રક્ષણ કરવા અશક્તજ છે; છતાં તે યુદ્ધદ્વારા તેઓનો વ્યર્થ ઘાત કરાવશે, એ કંઇ આશ્ચર્ય નથી.૨૯ વળી તું ધાર્મિક પુરુષ થઇને પણ મને ગુરુઘાતી કહે છે; પરંતુ શું તું જાણતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી કે, હું દ્રુપદરાજાનો પુત્ર ગુરુનો ઘાત કરવામાટેજ અગ્નિમાંથી ઉત્પન્ન થયો છું.[૩૦] હે ધનંજય! હું તને પૂછું છું કે, જે પુરુષને રણમાં યુદ્ધ કરતાં કાર્ય અને અકાર્ય બન્ને સરખુંજ છે, તે પુરુષને તું બ્રાહ્મણ કહીશ કે ક્ષત્રિય કહીશ? બોલ શું કહીશ?[૩૧] વળી જે પુરુષ ક્રોધથી ધુંધવાઇ જઇને બ્રહ્માસ્ત્રઆદિ દિવ્ય અસ્ત્રોને નહિ જાણનારા સામાન્ય યોદ્ધાઓપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી તેઓનો સંહાર કરે, તે મહાપુરુષને સર્વ કોઇ ઉપાયોદ્વારા કેમ ન મારી નાખવો જોઇએ?[૩૨] ધર્મના તાત્વિક અર્થના સ્વરૂપને સમજનાર હે અર્જુન! ધર્મવેત્તાઓએ કહ્યું છે કે, "વિધર્મીપુરુષ, ધર્મયુક્ત પુરુષને ઝેર સરખો છે." આમ તું સમજે છે, છતાં મને કેમ નિંદે છે?[૩૩] હે અર્જુન! તે ક્રૂર આચાર્યને બરાબર દબાવીને રથમાંજ મેં મારી નાખ્યા છે, તેથી નિંદાને માટે અયોગ્ય એવા મને ઉલટું અભિનંદન તું કેમ આપતો નથી?[૩૪] હે પાર્થ! સાક્ષાત્ પ્રલયાગ્નિસરખું, બળબળતા સૂર્ય અથવા ઝેરસરખું તે દ્રોણાચાર્યનું મસ્તક મેં કાપી નાખ્યું છે, તે માટે તું મારી પ્રશંસા કેમ કરતો નથી?[૩૫] જેણે બીજા કોઇના નહિ પણ મારાજ ઘણા બાંધવોને યુદ્ધમાં મારી નાખ્યા હતા, તે મારા શત્રુનો શિરચ્છેદ કરીને પણ હજીસુધી મારો સંતાપ દૂર થતો નથી. હજીપણ એક વાત તો મારાં મર્મસ્થાનોમાં ભોંકાયાજ કરે છે-સાલ્યાજ કરે છે કે, જયદ્રથના મસ્તકને તેં જેમ ભિલ્લલોકોના પ્રદેશમાં ફેંકી દીધું હતું, તેમ મેં પણ તે દ્રોણાચાર્યના મસ્તકને ભિલ્લલોકોના પ્રદેશમાં કેમ ફેંકી ન દીધું?[૩૭] હે અર્જુન! યુદ્ધમાં શત્રુઓનો વધ નહિ કરવો, તે ક્ષત્રિયનો અધર્મ છે; માટે ક્ષત્રિયોનો તો એજ ધર્મ છે કે, યુદ્ધમાં મરે અથવા મારે. આ પ્રમાણે શાસ્ત્રોમાં આપણે સાંભળીએ છીએ.[૩૮] હે પાંડુપુત્ર! તેં જેમ તારા પિતાના મિત્ર શૂરવીર ભગદત્તને મારી નાખ્યો છે, તેમ મેં પણ મારા શત્રુને રણમાં મારી નાખ્યો છે.[૩૯] પિતામહ ભીષ્મને રણમાં મારી નાખીને તું પોતાને જો ધાર્મિક માને છે, તો મેં તે પાપી શત્રુને મારી નાખ્યો તેમાં તું અધર્મ કેમ જુએ છે? હે પાર્થ! હાથી જે પ્રમાણે નીચે બેસી આપણા ઉપર ચઢવા માટે પોતાનાં શરીરથી પગથિયાં કરી દેય છે, તેમ અન્યોન્યના અપણા સંબંધથીજ નમ્ર થઇ રહેલા મને આવાં તીક્ષ્ણ વચનો કહેવાને તું યોગ્ય નથી![૪૧] હે અર્જુન! દ્રૌપદી અને દ્રૌપદીના પુત્રોના કારણને લીધેજ હું તારાં આ સર્વ વિરુદ્ધવચનોને સહન કરી રહ્યો છું; પણ તેમાં બીજું કંઇ કારણ નથી. (મારી નિર્બળતાથી અથવા તારા ભયથી હું આ બધું સહન કરૂં છું તેમ નથી.)[૪૨] આચાર્યની સાથે અમારા કુળનું પરંપરાનું વૈર ચાલ્યુંજ આવે છે અને તેને પ્રસિદ્ધ રીતે સર્વ લોક જાણે છે; પણ તમે પાંડવોને તેની માહીતિ નથી;[૪૩] માટે હે અર્જુન! તારા મોટાભાઇ ધર્મરાજા અસત્યભાષી નથી અને હું અધાર્મિક પણ નથી. શિષ્યોનો દ્રોહ કરનારો એ પાપી દ્રાણાચાર્ય, પોતાના પાપને લીધેજ માર્યા ગયા છે; માટે નિશ્ચિત થઈ હવે યુદ્ધ કર. અંતે વિજય તારોજ છે."[૪૪]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્ર મોક્ષપર્વમાં 'ધૃષ્ટદ્યુમ્નનાં વચનો' એ વિષયનો અધ્યાય ૧૯૭ મો સમાપ્ત

અધ્યાય ૧૯૮ મો

ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિની અન્યોન્યને ધમકી

॥ धृतराष्ट्र उवाच ॥

सांगा वेदा यथान्यायं येनाधीता महात्मना।
यस्मिन् साक्षाद्धनुर्वेदो हीनिषेवे प्रतिष्ठितः॥१॥

ધૃતરાષ્ટ્ર પૂછ્યું:-હે સંજય! જે મહાત્માએ અંગોસહિત વેદોનો યથાયોગ્ય અભ્યાસ કર્યો હતો; અને વિનયશીલ જે આચાર્યનો સાક્ષાત ધનુર્વેદે આશ્રય કર્યો હતો; વળી જેની કૃપાથી તેઓ મહારણમાં મહાન પુરુષો અને દેવોથી પણ ન બની શકે તેવાં અમાનુષ કર્મો કરી રહ્યાહતા,[૨] તેજ દ્રોણાચાર્ય, સર્વ ક્ષત્રિયોની સમક્ષમાં જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આક્રોશ (શોરબકોર) કરી રહ્યા હતા, ત્યારે તે બધું નહિ ગણકારીને પાપકર્મ કરનારા, નીચાત્મા, ઘાતકી અને ક્ષુદ્ર ધૃષ્ટદ્યુમ્ને પોતાના ગુરુનો ઘાત કર્યો છે;[૩] છતાં તે સમયે કોઇ ક્ષત્રિયે ક્રોધાયમાન થઇ તેને વાર્યો નહીં, માટે તે ક્ષત્રિયોને તથા તેઓના અમર્ષને ધિક્કાર છે! આ સમયે ધૃષ્ટદ્યુમ્નનાં વચનો સાંભળીને પાંડવો, બીજા સર્વ રાજાઓ તથા પૃથ્વીમાંના સર્વ ધનુર્ધરોએ તે ધૃષ્ટદ્યુમ્નને શું કહ્યું હતું? એ મને કહે.

સંજયે કહ્યું:–ક્રૂરકર્મી દ્રુપદરાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નની તે વાણી સાંભળીને હે રાજા! ત્યાં બેઠેલા સર્વ રાજાઓ ચૂપચાપ થઇનેજ બેસી રહ્યા હતા. અર્જુન પણ કટાક્ષપૂર્વક વક્રદૃષ્ટિ કરી ધૃષ્ટદ્યુમ્નસામે જોઇને અશ્રુ વરસાવતો લાંબો નિઃશ્વાસ નાખવા લાગ્યો; અને "ધિક્કાર! ધિક્કાર!" એટલુંજ માત્ર બોલ્યો. યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ અને બીજા બધા રાજાઓ અત્યંત શરમાઇ ગયા હતા; પણ હે રાજા! સાત્યકિ આ પ્રમાણે બોલી ઉઠયો:–"શું અહીં એવો કોઇ પુરુષ નથી, કે જે આવું અમાંગલિક બોલી રહેલા આ પાપી પુરુષ નરાધમને સત્વર મારી નાખે? એ ધૃષ્ટદ્યુમ્ન! આ સર્વ પાંડવો તારી દુષ્ટતાને જાણવાથી મનમાં તારી નિંદાજ કરી રહ્યા છે. બ્રાહ્મણો જેમ ચાંડાલની નિંદા કરે છે, તેમ તારાં એ દુષ્ટકર્મથી સર્વ સત્પુરુષોમાં તું નિંદાપાત્ર થઇ ચૂક્યો છે. તેં મહાન પાપ કર્યું છે. આવી સુંદર સભામાં બેસીને તું બોલતાંયે શરમાતો નથી? તારી જીભના સેંકડો ટુકડા કેમ થઈ જતા નથી અને તારૂં મસ્તક કેમ ફાટી જતું નથી?[૪–૧૧] ઓ ક્ષુદ્ર! ગુરુની નિંદા કરતાં અધર્મને લીધે શું તું પતિત થતો નથી? પાંડવો તથા સર્વ અંધક અને યાદવરાજાઓએ અવશ્ય તારી નિંદાજ કરવી જોઇએ.[૧૨] અરે ધિક્કાર હોજો! આવું મલિન કર્મ કરીને પણ તું જનસભામાં તારાં વખાણ કરે છે. વળી ગુરૂવધનું અકાર્ય કરીને વારંવાર પાછો તેમનાપર આક્ષેપ કરે છે![૧૩] બસ! તને તો મારીજ નાખવો જોઇએ. એક મુહુર્તજેટલા વખત સુધી પણ તને જીવતો રાખવાનું કંઇ પ્રયોજન નથી. ઓ અધમ પુરુષ! તારા સિવાયનો બીજો કયો આર્ય, આવું નીચ કર્મ કરવા તત્પર થાય?[૧૪] પોતાના ગુરુ, ધર્માત્મા અને એક સજ્જનતરીકે પંકાયેલા તે દ્રોણાચાર્યનો ચોટલી પકડીને તેં વધ કર્યો છે, જેથી તારા સાત પેઢીના પૂર્વજો તથા સાત પેઢીના ભવિષ્યના વંશજો નરકમાં ડૂબી ચૂક્યા છે;[૧૫] એટલુંજ નહિ પણ હે કુલપાંસન! તારા જેવા નીચ પુરુષનો પોતાના વંશમાં જન્મ થતાં તે સર્વ તારા પિતૃઓના યશમાં મોટી એબ લાગી છે. વાહ! વાહ! અલ્યા મહાપુરુષ! ભીષ્મપિતામહના વધ સંબંધમાં પણ તેં અર્જુનપર આક્ષેપ મૂક્યો ખરો હો! પરંતુ શું તું જાણતો નથી કે, તે મહાત્માએ પોતેજ પોતાનો નાશ હાથે કરીનેજ કર્યો છે; અને ખરૂં જો કહેવડાવતો હોય તો તે મહાત્માને પણ તારો પાપિષ્ઠ ભાઇ શિખંડીજ મારનારો છે. આ પૃથ્વીમાં પાંચાલવંશના પુત્રો સિવાય બીજો કોઇ પાપકર્મ કરનારો છેજ નહિ. તે શિખંડીને પણ તારા પિતાએ ભીષ્મના કાળતરીકે ઉત્પન્ન કર્યો હતો અને તે મહાત્માના મૃત્યુતરીકેજ શિખંડીને તારા પિતાએ રાખી મૂક્યો હતો; તેથી વાસ્તવિક રીતે તો પાંચાલવંશના સર્વ રાજાઓ ધર્મથી ભ્રષ્ટ છે, ક્ષુદ્ર છે અને મિત્રો તથા ગુરુઓનો દ્રોહ કરનારા છે;[૧૫–૧૯] અને તેમાં મુખ્ય કારણ એજ છે કે, સર્વ સત્પુરુષોએ ધિક્કારેલા તને તથા તારા ભાઇને પોતાના વંશમાં તેઓએ પ્રાપ્ત કર્યા! અલ્યા ઓ! હું તને એક સૂચના કરૂં છું, તે સાંભળી લે. હવે પછી કદીપણ જો મારી પાસે તું આવી વાણી બોલીશ તો યાદ રાખજે કે, આ વજ્રસરખી ગદાનો માર મારી તારૂં માથું હું ભાંગી નાખીશ. બ્રહ્મહત્યારૂપ તેં એક પાપ કર્યું છે, જેથી બ્રહ્મહત્યા કરનારા એવા તને જોઇને મનુષ્યો પોતાના પ્રાયશ્ચિત્તને માટે સૂર્યનાં દર્શન કરે છે. ઓ અતિ દુરાચારી પાંચાલપુત્ર! મારાજ ગુરુની આગળ મારા પોતાનાજ ગુરુના ગુરુની વારંવાર નિંદા કરતાં તું લજવાતો નથી? ઉભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે! ઉભો રહે! આ મારી ગદાના એકજ પ્રહાર ને તું સહન કરી લે અને હું પણ તારી ગદાના અનેક પ્રહારોને સહન કરીશ."

આ પ્રમાણે કઠોર વચનોથી સાત્યકિએ જ્યારે ધૃષ્ટદ્યુમ્નનો તિરસ્કાર કર્યો ત્યારે; કોપાયમાન થયા છતાં હસતો હોય તેવો દેખાવ કરીને, તેણે પોતાની સામે ઘૂરકી રહેલા સાત્યકિને કહ્યું:-"અલ્યા ઓ માધવ! સાંભળ્યું! સાંભળ્યું! બેસ, હવે બહુ થયું! તારા આ અવિનયને માટે હું ક્ષમા આપું છું. અનાર્ય પુરુષ સદા પોતે સારો થઇને સત્પુરુષનો તિરસ્કાર કરવા ઇચ્છે છે. લોકમાં ક્ષમા, એ પ્રશંસનીય ગુણ કહેવાય છે, પણ પાપી મનુષ્ય તે ક્ષમાને યોગ્ય નથી, કારણકે તે પાપાત્મા પુરુષ, ક્ષમાવાન સત્પુરુષને પોતાનાથી પરાજય પામેલો માને છે. ઓ સાત્યકિ! તું પોતેજ ક્ષુદ્ર આચારવાળો, નીચાત્મા અને પાપી નિશ્ચયવાળો છે.[૨૦-૨૭] મસ્તકના વાળથી છેક નખના અગ્રભાગસુધી તું પાપથી ભરપૂર છે, માટે વાસ્તવિક રીતે ઠપકાપાત્ર તું છે; છતાં મને ઠપકો દેવાને કેમ ઇચ્છે છે? અરે, જરા મનમાં વિચાર તો કર. તે ભૂરિશ્રવા કે જેની ભુજા કપાઇ ગઇ હતી અને જે અનશનવ્રત લેઇને બેઠો હતો તથા તને બધાએ અટકાવ્યો હતો,તોપણ તેં તેને મારી નાખ્યો છે. બોલ, તેથી અધિક પાપ કયું? ઓ ક્રૂર સાત્યકિ! દ્રોણાચાર્ય તો દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરી આપણી સેનામાં દાખલ થયા હતા અને પછીથી તેમણે જ્યારે શસ્ત્રોનો ત્યાગ કર્યો;ત્યારે મેં તેમને મારી નાખ્યા, તેમાં પાપકર્મ શું છે? હે સાત્યકિ! જે પુરુષ રણમાં યુદ્ધ નહિ કરનારા તથા અનશનવ્રત સ્વીકારીને બેસી ગયેલા એક મુનિને-કે જેના બાહુને બીજાએ કાપી નાખ્યો હતો તેને મારી નાખે, તે પાપી પુરુષ બીજાને શું જોઇને કહી શકે તેમ છે? વીર્યવાન તે ભૂરિશ્રવા, પગની લાત મારીને જ્યારે તને પૃથ્વીપર ઘસડી રહ્યો હતો ત્યારેજ મોટો મહાપુરુષ થઇને તેં એને કેમ નહોતો માર્યો? પણ જ્યારે અર્જુને, તે પ્રતાપી શૂરવીર ભૂરિશ્રવાને પ્રથમ જીતી લીધો ત્યારે તેં અનાર્ય પુરુષે તેને મારી નાખ્યો; અને હું તો દ્રોણાચાર્ય પાંડવોની સેનાને જ્યાં જ્યાં હાંકી કાઢતા હતા, ત્યાં ત્યાં હજારો બાણોને ફેંકતો ફેંકતો ચાલ્યો જતો હતો;માટે તેં પોતેજ આવું ચાંડાલના જેવું કર્મ કર્યું છે,જેથી તનેજ જે કહેવું હોય તે કહી શકાય તેમ છે; છતાં તું મને આવાં કઠોર વાક્યો કહેવાને કેમ યોગ્ય હોઇ શકે? ઓ યાદવકુળના અધમ સાત્યકિ! ભૂરિશ્રવાના વધ જેવા કર્મને તો તુંજ કરી શકે! હું તો તેવાં કર્મ કરૂં નહિ; તેથી ખરૂં જોતાં સર્વ પાપકર્મોનું નિવાસસ્થાન તુંજ છે, એટલે ફરીથી હવે બોલીશ નહિ.ચૂપ થઇને બેસી રહે. હવે પછી મને કંઇ વધારે કહેવાને તું યોગ્ય નથી.[૨૮-૩૬] તું મને કહેવાને તારી જે યોગ્યતા માની રહ્યો છે,તે ઉલટી વિરૂદ્ધ છે; માટે હવે પછી મૂર્ખાઇથી જો આવું કઠોર વચન તું બોલીશ તો હું તને આ યુદ્ધમાંજ બાણોદ્વારા યમલોકમાં મોકલી દઇશ; ઓ મૂર્ખ! કેવળ ધર્મનેજ અનુસરી સહેજમાં વિજય મેળવી શકાતો નથી. તે કૌરવોએ પણ અધર્મ કૃત્યો કર્યાં છે, તે તું સાંભળ. જેવાં કે, પ્રથમ દ્યૂત રમાડી પાંડુપુત્ર યુધિષ્ઠિરને અધર્મ વડેજ તેઓએ છેતર્યા હતા. દ્રૌપદીને અધર્મથીજ હેરાન કરી હતી અને વળી સર્વ પાંડવોને દ્રૌપદીની સાથે વનમાં હાંકી કાઢયા તે પણ અધર્મજ હતો.[૩૭-૪૦] ઓ મૂર્ખ સાત્યકિ! પાંડવોપાસેથી તેઓએ સર્વસ્વ છીનવી લીધું, તે પણ અધર્મથીજ. મદ્રરાજા શલ્ય, પ્રથમ પાંડવપક્ષમાં આવતો હતો, છતાં શત્રુઓથી પ્રેરાઇને તે કૌરવોતરફ ખેંચાયો તેમાં પણ અધર્મજ કારણ છે; તેમજ બાળક અભિમન્યુને શત્રુઓએ મારી નાખ્યો, તે પણ અધર્મથીજ. વળી સાંભળ, અહીં આપણા પક્ષવાળાઓએ પણ તેવા કેટલાએક અધર્મ કર્યા છે. જેવા કે, શત્રુઓના નગરોને જીતનારા ભીષ્મપિતામહને અધર્મથીજ મારવામાં આવ્યા છે. તેં મોટા ધર્મધુરંધરે પણ અધર્મથીજ ભૂરિશ્રવાને મારી નાખ્યો છે. આ પ્રમાણે કૌર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વોએ તથા પાંડવોએ આ યુદ્ધમાં અધર્મ આચરણ કર્યાંજ છે. હે સાત્વત! તેઓ આ સર્વ વીર પુરુષો ધર્મને સમજનારા છે, છતાં પોતાના વિજયની રક્ષા કરવામાટે તેઓએ તે તે કૃત્યો કર્યાં છે; માટે હું તો એમજ માનું છું કે:–"ધર્મ અને અધર્મનું સ્વરૂપ જાણવું અતિ કઠિન છે. અમુક એક ધર્મ અને અમુક એક અધર્મ આવો નિશ્ચય કરી લેવો, તે શક્ય નથી;" એટલે ચૂપચાપ કૌરવોસાથે યુદ્ધ કર્યા કર. વ્યર્થ યમસદનમાં ન જા."

સંજયે કહ્યું:–આ પ્રમાણે શ્રીમાન સાત્યકિને ધૃષ્ટદ્યુમ્ને ક્રૂર અને કઠોર વાક્યો જ્યારે સંભળાવ્યાં, ત્યારે તે પગથી માથા સુધી કંપી ઉઠયો. તે વાક્યો સાંભળ્યા પછી તેનાં નેત્રો ક્રોધથી લાલચોળ થઈ ગયાં. તેણે પોતાના ધનુષ્યને રથમાં મૂકી દીધું અને સર્પની પેઠે ફુંફાડો મારી ગદા હાથમાં લીધી. પછી એકદમ ધૃષ્ટદ્યુમ્નસામે ધસી જઈ આવેશમાં ને આવેશમાં તે આ પ્રમાણે બોલ્યો:–

"હવે તને હું એક પણ કઠોર વાક્ય કહીશ નહિ; પણ મારી નાખવા યોગ્ય એવા તને મારી જ નાખીશ." આમ કહી એકાએક ધસી જતા મહાબળવાન, અમર્ષણ અને સાક્ષાત્ કાળસરખા ધૃષ્ટદ્યુમ્નનાપર કાળની પેઠે કોપેલા તે સાત્યકિને જોઇને શ્રીકૃષ્ણની પ્રેરણાથી મહાબળવાન ભીમસેને રથપરથી કૂદી પડી બે બાહુઓવતી તત્કાળ તેને રોકી રાખ્યો. બળવાન ભીમસેને, ક્રોધપૂર્વક દોડી ગયેલા અને ક્રોધથી થરથરાટ ધ્રૂજતા બળવાન સાત્યકિને પકડીને જોસપૂર્વક ત્યાંથી દૂર કર્યો. ભીમસેને પૃથ્વીપર પગ ટેકવીને બરાબર છઠ્ઠે પગલે જોસપૂર્વક તે સાત્યકિને પકડી પાડયો હતો અને રથપરથી કૂદી પડી માંડમાંડ ઝાલી રાખ્યો હતો. હે રાજા! તે સમયે સહદેવે, મધુર વાણીથી સાત્યકિપ્રત્યે કહ્યું:–"હે પુરુષવ્યાઘ્ર સાત્યકિ! અમારે અંધકો, યાદવો તથા પાંચાલોથી ઉત્કૃષ્ટ એવા બીજા કોઈ પણ મિત્રો નથી; તેમજ અંધકો, યાદવો તથા શ્રીકૃષ્ણને અમારાથી બીજા વિશેષ મિત્રો નથી; અને હે યદુવંશી સાત્યકિ! ભલેને સમુદ્રસુધી પૃથ્વીમાં શોધ કરે, તોપણ પાંચાલોને પાંડવો અને યાદવોસમાન ઉત્તમ મિત્ર એકપણ મળશે નહિ; માટે તમે ધૃષ્ટદ્યુમ્નને તેવો ઉત્તમ મિત્ર માનો છો અને તે પણ તમને તેવાજ મિત્ર માને છે. તમે જેમ અમારા મિત્ર છો અને અમે જેમ તમારા મિત્ર છીએ; તેમજ તમે અને ધૃષ્ટદ્યુમ્ન પરસ્પર મિત્ર છો, માટે સર્વ ધર્મોને સમજનારા હે શિનિપુંગવ! મિત્રધર્મને લક્ષ્યમાં લઈ, ધૃષ્ટદ્યુમ્નથી ઉપજેલા ક્રોધને સમાવો તથા શાંત થાઓ. ધૃષ્ટદ્યુમ્નને તમે ક્ષમા આપો અને ધૃષ્ટદ્યુમ્ન તમને ક્ષમા આપે. અમે તમને બન્નેને ક્ષમા અપાવીએ છીએ; કારણકે ક્ષમાથી બીજું શું ઉત્તમ હોઈ શકે?"

હે ધૃતરાષ્ટ્રરાજા! સહદેવ એ પ્રમાણે જ્યારે સાત્યકિને શાંત પાડી રહ્યો હતો; ત્યારે પાંચાલરાજાનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન હસતો હસતો બોલી ઉઠયો:–"ઓ ભીમસેન! યુદ્ધના મદથી છકી ગયેલા એ સાત્યકિને તમે છોડી દો. વાયુ જેમ પર્વતસામે આવે, તેમ એ મારીસામે ભલે આવે. એટલામાં હું તીક્ષ્ણ બાણો મારીને તેના કોપને, યુદ્ધ કરવાની તેની શ્રદ્ધાને તથા તેના જીવિતને પણ આ રણમાં દૂર કરી નાખું. મેં પાંડવોનું જે આ અતિ મહાન કાર્ય માથે ઉઠાવ્યું છે, તે શું બનવું શક્ય છે? કારણ કે આ તરફથી પેલા કૌરવો ચઢી આવે છે અને અહીં પણ મારે રોકાવું પડશે; અથવા અર્જુનજ તેઓ બધાને યુદ્ધમાં અટકાવી રાખશે. તેટલામાં હું પણ આ સાત્યકિના મસ્તકને બાણોવડે પાડી નાખીશ. શું એ સાત્યકિ મને રણમાં કપાઇ ગયેલા હાથવાળો ભૂરિશ્રવા માને છે? માટે એને છોડી દો. હું એને મારીશ અથવા એ મને મારશે."

ધૃષ્ટદ્યુમ્નનાં એ વાક્યો સાંભળીને સાત્યકિ સર્પની પેઠે ફુંફાડા મારવા લાગ્યો; અને ભીમસેનના બે બાહુઓમાંથી છૂટવામાટે વારંવાર બળપૂર્વક ખેંચાખેંચ કરવા લાગ્યો. તેઓ બન્ને બળવાન વીરો બે આખલાઓની પેઠે ગર્જનાઓ કરવા લાગ્યા.[૪૮–૬૬] પછી હે રાજા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસુદેવ અને ધર્મરાજાએ એકદમ ઘણો પ્રયત્ન કરી તેઓ બન્નેને યુદ્ધ કરતા અટકાવ્યા. કોપથી લાલચોળ નેત્રોવાળા તેઓ બન્ને મહાધનુર્ધરોને યુદ્ધ કરવાની ઇચ્છાથી માંડમાંડ વારીને, સર્વ મોટા મોટા ક્ષત્રિય યોદ્ધાઓ શત્રુઓસામે યુદ્ધ કરવા ચાલી નીકળ્યા.[૬૮]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્ર મોક્ષપર્વમાં 'ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિનો ક્રોધ' એ વિષયનો અધ્યાય ૧૯૮ મો સમાપ્ત

અધ્યાય ૧૯૯ મો

નારાયણાસ્ત્રનો પ્રયોગ

॥ संजय उवाच ॥

ततः स कदनं चक्रे रिपूणां द्रोणनंदनः ।
युगां ते सर्वभूतानां कालसृष्ट इवांतकः ॥१॥

સંજયે કહ્યું:–તે પછી દ્રોણપુત્ર અશ્વત્થામા, કાળથી સરજાયેલો યમ જેમ પ્રલયકાળે સર્વ ભૂતોનો સંહાર કરે તેમ શત્રુઓનો સંહાર કરવા લાગ્યા.[૧] ભલ્લજાતિનાં બાણોવડે શત્રુઓને મારી મારીને તેમણે મરણ પામેલાં શરીરોનો એક મોટો પર્વત ત્યાં ખડો કર્યો. તે પર્વત ઘોડાઓરૂપ ગંધર્વોથી વ્યાપ્ત હતો, ધનુષ્યોરૂપ લતાઓથી છવાયેલો હતો, માંસાહારી પક્ષીઓના કલ્લોલથી ગાજી રહ્યો હતો તથા ભૂતો અને યક્ષોનાં ટોળાંથી ભરપૂર હતો.[૨,૩]

પુરુષશ્રેષ્ઠ અશ્વત્થામાએ એ રીતે ઘણું પરાક્રમ બતાવ્યા પછી મોટી ગર્જના કરી અને પોતાની પ્રતિજ્ઞાનું તમારા પુત્રને પુનઃ શ્રવણ કરાવ્યું:– "ધર્મનું બખ્તર પહેરી અંદર અસત્યથી ભરેલા યુધિષ્ઠિરે રણમાં લડી રહેલા મારા પિતા દ્રોણાચાર્યને "અશ્વત્થામા હણાયો છે, માટે તમે શસ્ત્રોનો ત્યાગ કરો" આવું અસત્ય વચન કહ્યું છે; તેથી તેની નજર આગળજ આ સર્વ સેનાને નસાડી મૂકી નીચ ધૃષ્ટદ્યુમ્નને તો હું જરૂર મારી નાખીશ; અને આ સર્વ સૈનિકો જો મારી સામે યુદ્ધ કરશે તો તેઓને પણ હું ઠાર કરી નાખીશ. આ તારી પાસે હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું. માટે આપણી સેનાને તું પાછી વાળ." [૪,૭]

આ સાંભળીને તમારા પુત્રે મોટો સિંહનાદ કરી અતિ મહાન ભયનો ત્યાગ કરી સર્વ સેનાને પાછી આણી; એટલે તુરત હે રાજન્! ભરપૂર એવા બે મહાસાગરનો સમાગમ જેમ થાય તેમ તે બન્ને કૌરવ પાંડવોની સેનાઓનો પુનઃ તીવ્ર ભેટો થયો.[૯] દ્રોણપુત્ર અશ્વત્થામાની આગેવાની હેઠળ સર્વ કૌરવો સજ્જ થઇને ઉભા રહ્યા તથા દ્રોણાચાર્યના મરણથી ઉગ્ર થયેલા પાંડવો તથા પાંચાલો પણ સ્થિર થઇને આગળ ઉભા રહ્યા. હે રાજા! પરમહર્ષમાં આવી ગયેલા અને પોતપોતાના પક્ષના વિજયને જોઈ રહેલા તેઓ સર્વ આવેશવાળા યોદ્ધાઓનો મહાન વેગ ચાલુ થયો.[૧૧] હે રાજેન્દ્ર! મોટા પર્વત સામે બીજા પર્વતનો જેવો પ્રત્યાઘાત થાય તથા મોટા સમુદ્રોની સાથે જેમ સમુદ્રોનો પ્રત્યાઘાત થાય, તેમ તે કૌરવો તથા પાંડવોનો અન્યોન્ય પ્રત્યાઘાત થઇ રહ્યો.[૧૨] પછી એકદમ ખુશખુશાલ થયેલા કૌરવ તથા પાંડવસૈનિકો, હજારો શંખો તથા હજારો ભેરીઓને વગાડવા લાગ્યા.[૧૩] મંથન કરાતા મહાસાગરનો જેવો અતિ મહાન શબ્દ થાય તેવોજ અદ્ભુત અતિ મહાન શબ્દ તમારા સૈન્યનો થઇ રહ્યો.[૧૪]

તે સમયે દ્રોણપુત્ર અશ્વત્થામાએ પાંડવો તથા પાંચાલોની સેનાસામે તાકીને નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું;[૧૫] એટલે તુરત તેમાંથી ચળકાટ કરતાં અણીયાળાં હજારો બાણો આકાશમાં પ્રકટ થયાં. તે જાણે પાંડવોને ખપાવી નાખવા ધારતા પ્રદીપ્ત મુખવાળા સર્પો હોય તેવાં દેખાવા લાગ્યાં.[૧૬] હે રાજન્! સૂર્યનાં કિરણો જેમ લોકમાં તત્કાળ ફેલાઇ જાય છે, તેમ તે બાણો પણ એક મુહૂર્તજેટલા સમયમાં દિશાઓ, આકાશ તથા એ મહારણમાં ઉભેલાં સર્વ સૈન્યોને ઢાંકી દેવા લાગ્યાં;[૧૭] અને કેટલાંએક પ્રકાશમાન બાણો તો આકાશમાં નક્ષત્રસરખાં ભાસવા લાગ્યાં. હે મહારાજા! જોતજોતામાં તો તદ્દન લોખંડના ગોળાઓ, ચતુશ્ચક્ર, દ્વિચક્ર, શતઘ્નીઓ, ગદાઓ તથા સૂર્યના મંડળસરખાં તીક્ષ્ણ છેડા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળાં ચક્રો પણ તે અસ્ત્રમાંથી પ્રકટ થયાં.[૧૮] હે પુરુષશ્રેષ્ઠ રાજા ! શસ્ત્રોના આકારનાં તેવાં અસંખ્ય બાણોથી અત્યંત ઉભરાઇ રહેલા આકાશને જોઇને પાંડવો, પાંચાલો તથા સૃંજયો ગભરામણમાં પડી ગયા.[૨૦] હે રાજા ! પાંડવોના મહારથીઓ જેમ જેમ તે અસ્ત્રસામે યુદ્ધ કરવા લાગ્યા, તેમ તેમ તે અસ્ત્ર વૃદ્ધિ પામતું ગયું;[૨૧] અને તે નારાયણાસ્ત્રે સર્વ તરફથી સૈનિકોનો એવો તો સંહાર કરવા માંડયો, કે જેથી અગ્નિથી જાણે બળતા હોય તેમ તેઓ બધા રણમાં પીડિત પીડિત થઈ ગયા. હે રાજા ! શિશિરઋતુની આખરમાં અકસ્માત્ સળગી ઉઠેલો અગ્નિ, જેમ ઘાસને બાળી ભસ્મ કરી નાખે તેમ તે નારાયણાસ્ત્ર પાંડવોની સેનાને બાળી ભસ્મ કરવા લાગ્યું.[૨૩] આ રીતે સર્વ સૈન્યમાં તે અસ્ત્ર ફેલાઇ ગયું અને સૈન્યનો જ્યારે મોટો નાશ થવા લાગ્યો, ત્યારે ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર ઘણો ત્રાસ પામ્યા.[૨૪] પોતાનું સૈન્ય નાસભાગ કરી રહ્યું હતું, છતાં અર્જુનની તટસ્થ સ્થિતિ જોઇને રાજા યુધિષ્ઠિર આ પ્રમાણે કહેવા લાગ્યા:–[૨૫] "ઓ ધૃષ્ટદ્યુમ્ન ! સર્વ પાંચાલ સેનાને સાથે લઇ તું અહીંથી નાસી જા. ઓ સાત્યકિ ! તું પણ અંધક અને યાદવ યોદ્ધાઓથી વિંટાઇને અહીંથી ચાલ્યો જા.[૨૬] ધર્માત્મા વાસુદેવ પણ પોતાની યોગ્ય વ્યવસ્થા કરી લેશે; કારણકે એ વાસુદેવ તો સર્વ જગતને કલ્યાણનો ઉપદેશ આપે છે, તો પછી પોતાનું કલ્યાણ કેમ નહિ સાધી શકે ? હું સર્વ સૈન્યોને કહું છું કે, હવે તમારે સંગ્રામ નહિ કરવો; કારણકે હું હવે મારા ભાઇઓની સાથે અગ્નિમાંજ પ્રવેશ કરીશ.[૨૮] ભીરુ પુરુષોને અતિ દુસ્તર એવા આ સંગ્રામમાં ઘણી ઘણી મુશ્કેલીઓ સહીને પણ ભીષ્મ તથા દ્રોણરૂપ સમુદ્રને તો હું તરી ગયો; પણ આખરે આ અશ્વત્થામારૂપ ગાયના પગ જેટલા પાણીના ખાબોચિયામાં મારા પરિવારસહિત હું ડૂબી મરીશ. [૨૯] આ અર્જુનની અમારાપ્રત્યેની તેવીજ ઇચ્છા છે, માટેજ સત્વર તેની એ ઇચ્છાને સંપૂર્ણ થવા દો; કારણ કે આ યુદ્ધમાં શુભ વૃત્તિવાળા દ્રોણાચાર્યને મેં મરાવી નાખ્યા છે. [૩૦] જે દ્રોણાચાર્યે દરેક જાતનાં યુદ્ધોમાં અકુશળ એવા સુભદ્રાના બાળકપુત્રનો અનેક સમર્થ ક્રૂર યોદ્ધાઓદ્વારા ઘાત કરાવ્યો છે, પણ તેનું રક્ષણ કર્યું નહિ;[૩૧] વળી જે દ્રોણાચાર્યે સભામાં આવીને તે તે સંબંધના પ્રશ્ન પૂછતી તથા દાસીભાવને પ્રાપ્ત થયેલી દ્રૌપદીની પોતાના પુત્રની સાથે રહીને ઉપેક્ષા કરી હતી;[૩૨] જે દ્રોણાચાર્યે પોતાના સર્વ યોદ્ધાઓ જ્યારે અર્જુનસામા યુદ્ધ કરી કરીને થાકી ગયા, ત્યારે અમારો નાશ કરવા ઇચ્છતા દુર્યોધનની જયદ્રથનું રક્ષણ કરવાના હેતુથી કવચબંધનથી રક્ષા કરી હતી;[૩૩] વળી જે દ્રોણાચાર્યે મારા વિજયમાટે પ્રયત્ન કરી રહેલા સત્યજીત આદિ પાંચાલયોદ્ધાઓને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને મૂળસહિત મારી નાખ્યા છે; જે દ્રોણાચાર્યે તે વેળા અધર્મથી અમને રાજ્યભ્રષ્ટ કરી જ્યારે વનમાં હાંકી કાઢવામાં આવતા હતા, ત્યારે અમારા હિતેચ્છુ વિદુર આદિ સજ્જનોએ ના પાડી હતી, છતાં વનમાં મોકલવામાટે કૌરવોને સંમતિ આપી હતી પણ ના પાડી ન હતી; અમારા પર આવી જાતની અનેક ઉત્કૃષ્ટ પ્રેમલાગણી ધરાવનાર એવા દ્રોણાચાર્ય, આ યુદ્ધમાં માર્યા ગયા છે; માટે હું પણ તેમને માટે મારા બાંધવોસહિત મરણ પામીશ."[૩૬] કુંતાપુત્ર યુધિષ્ઠિર આ પ્રમાણે મર્મવચનો જ્યારે બોલી રહ્યા હતા, ત્યારે શ્રીકૃષ્ણે, એકદમ પોતાના બન્ને બાહુઓને ઉંચા કરી સૈન્યને યુદ્ધ કરતું અટકાવી દઇને આવું કહ્યું:–[૩૭] "હે સૈનિકો ! શીઘ્ર શસ્ત્રો છોડી દો અને તમે બધા પોતપોતાનાં વાહનોપરથી સત્વર નીચે ઉતરી પડો. ભગવાન નારાયણે આ શસ્ત્રને શાંત કરવામાટેનો આજ ઉપાય કહ્યોછે. હાથીઓ,ઘોડાઓ અને રથોપરથી તમે બધા પૃથ્વીપર ઉતરી પડો; જેથી રણભૂમિપર નિરાયુદ્ધ થઇને ઉભેલા તથા તે અસ્ત્રને શરણે ગયેલા તમને આ નારાયણાસ્ત્ર મારશે નહિ.[૩૯] આપણા આ સર્વ યોદ્ધાઓ, જેમ જેમ તે અસ્ત્રસામા લડે છે તેમ તેમ આ કૌરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિશય બળવાન થતા જાય છે;[૪૦] માટે જેઓ પોતાનાં શસ્ત્રોને ફેંકી દેશે તથા પોતાનાં વાહનોપરથી ઉતરી પડશે, તેઓને આ અસ્ત્ર કદી મારશે નહિ;[૪૧] પરંતુ જેઓ તે અસ્ત્રનીસામે મનથી પણ યુદ્ધ કરશે તેઓ સર્વનો એ અસ્ત્ર સંહાર કરી નાખશે. ભલે,પછી તેઓ રસાતળમાં પેસી જાય તોપણ તેઓને છોડશે નહિ."[૪૨] હે ભારત ! વાસુદેવના તે વચનને સાંભળી, સર્વ યોદ્ધાઓએ મન તથા અંતઃકરણપૂર્વક શસ્ત્રોનો ત્યાગ કરવા ઇચ્છા કરી.[૪૩] હે રાજા ! તેઓ સર્વને એ પ્રમાણે શસ્ત્રોનો ત્યાગ કરવાની ઇચ્છાવાળા જોઇ પાંડુપુત્ર ભીમસેન, હર્ષ ઉપજાવતો આવું વચન બોલ્યોઃ-[૪૪] "અરે ઓ યોદ્ધાઓ ! તમારે કોઇએ શસ્ત્રોનો ત્યાગ કરવો નહિ. હું એકલોજ બાણોની વૃષ્ટિ કરીને અશ્વત્થામાના અસ્ત્રને અટકાવી દઇશ.[૪૫] આ વજનદાર સુવર્ણથી મઢેલી ગદાને હાથમાંલઇ હું કાળની પેઠે પ્રહાર કરીશ અને અશ્વત્થામાના અસ્ત્રનો નાશ કરીશ.[૪૬] જેમ સૂર્યની બરોબરી કરનારૂં બીજું એકપણ તેજ નથી, તેમ પરાક્રમમાં મારી બરોબરી કરનારો બીજો કોઇ પુરુષ આ જગતમાં નથી.[૪૭] જુઓ, આ મારા બન્ને બાહુઓતરફ જુઓ. ઐરાવતહાથીની સુંઢ સરખા પુષ્ટ આ બન્ને બાહુઓ હિમાલય પર્વતને પણ તોડી પાડવા સમર્થ છે.[૪૮] જેમ સ્વર્ગમાં વસતા દેવોમાં ઇંદ્ર અદ્વિતીય યોદ્ધાતરીકે પ્રસિદ્ધ છે, તેમ દશ હજાર હાથીઓનાસમાન બળવાળો હું એકલોજ આ જગતમાંહેના પુરુષોમાં સર્વત્ર પ્રસિદ્ધ છું.[૪૯] આ યુદ્ધમાં ભડભડાટ બળી રહેલા આ અશ્વત્થામાના અસ્ત્રનું વારણ કરતી વેળા મારા આ પુષ્ટ ખભાવાળા બન્ને બાહુઓના વીર્યને આજે તમે જોશો.[૫૦] જો આ જગતમાં નારાયણાસ્ત્ર સામે યુદ્ધ કરી શકે તેવો એક પણ યોદ્ધો નથી, તો હુંજ આજે સર્વ કૌરવો તથા પાંડવોના દેખતાં એ અસ્ત્રસામે યુદ્ધ કરીશ.[૫૧] હે અર્જુન ! ઓ અર્જુન ! અલ્યા ઓ બીભત્સુ ! જોજે તારા ગાંડીવધનુષ્યને તું છોડતો નહિ ! છતાંપણ તું જો શસ્ત્રનો ત્યાગ કરીશ, તો ચંદ્રનું લાંછન જેમ તેની નિર્મળતાનો નાશ કરે છે તેમ તારી નિર્મળતા-વીરતાનો પણ નાશ થશે."[૫૨]

અર્જુને કહ્યું:-"હે ભીમસેન ! મારૂં તો એ ઉત્તમ વ્રત છે કે, નારાયણાસ્ત્ર, ગાય અને બ્રાહ્મણોસામે મારે ગાંડીવધનુષ્યનો ત્યાગ કરવો."[૫૩] અર્જુને જ્યારે ભીમસેનને એ પ્રમાણે કહ્યું; ત્યારે મેઘસમાન ગર્જના કરતા સૂર્યસમાન તેજસ્વી રથમાં બેસીને તે, શત્રુદમન દ્રોણાચાર્યના પુત્ર સામે ચાલ્યો.[૫૪] એક નિમેષજેટલા વખતમાં તેની પાસે જઇ,શીઘ્ર પરાક્રમી તે કુંતાપુત્ર ઝડપથી બાણો મૂકી મૂકીને અશ્વત્થામાપર વૃષ્ટિ કરવા મંડી પડયો;[૫૫] ત્યારે અશ્વત્થામા પણ પોતાની સામે ધસી આવતા તે ભીમસેનસામે હસીને તથા કેટલીએક વાતચીત કરીને પ્રદીપ્ત મુખવાળાં મંત્રેલાં બાણોવડે તેને છાઇ દેવા લાગ્યો.[૫૬] રણમાં અગ્નિ ઝરતા પ્રદીપ્ત મુખવાળા જાણે સર્પો હોય તથા તપાવેલા સુવર્ણના જાણે તણખા હોય તેવાં એ બાણોથી ભીમસેન તદ્દન ઢંકાઇ ગયો.[૫૭] હે રાજન્ ! સાયંકાળે પતંગિયાંથી ઢંકાઇ ગયેલા કોઇ એક પર્વતનું જેવું સ્વરૂપ થઇ રહે તેવુંજ ભીમસેનનું સ્વરૂપ એ યુદ્ધમાં થઇ રહ્યું હતું.[૫૮] હે મહારાજ ! જેમ જેમ ભીમસેન, અશ્વત્થામાના અસ્ત્રસામે બાણો ફેંકવા લાગ્યો તેમ તેમ પવનથી ફુંકાયેલા અગ્નિની પેઠે તે અસ્ત્ર વધવા લાગ્યું.[૫૯] ભયંકર પરાક્રમવાળા તે અસ્ત્રને એ રીતે વધતું જોઇ માત્ર ભીમસેન સિવાય સર્વ પાંડવસૈનિકોમાં ભય પેસી ગયો; અને બધાઓએ પોતપોતાનાં શસ્ત્રો પૃથ્વીપર મૂકી દીધાં. સર્વ સૈનિકો રથ, હાથી, ઘોડા આદિ વાહનોપરથી નીચે ઉતરી પડયા.[૬૧] તેઓ બધાએ જ્યારે શસ્ત્રોનો ત્યાગ કર્યો તથા વાહનોપરથી તેઓ બધા જ્યારે ઉતરી પડયા, ત્યારે એકત્ર થયેલું તે વિશાળ અસ્ત્રવીર્ય, ભીમસેનના મસ્તકપર પડવા માંડયું; અને તે એ મંડળમાં તદ્દન અદૃશ્ય થઇ ગયો. એ વેળા સર્વ પ્રાણીઓ તથા વિશેષે કરી પાંડવો હાહાકાર કરવા લાગ્યા.[૬૨,૬૩]

અધ્યાય ૧૯૯ મો સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૦૦ મો

નારાયણાસ્ત્રની શાંતિ અને અશ્વત્થામાનું પરાક્રમ

॥ संजय उवाच ॥

भीमसेनं समाकीर्णं दृष्ट्वाऽस्त्रेण धनंजयः ।
तेजसः प्रतिघातार्थं वारुणेन समावृणोत् ॥१॥

સંજયે કહ્યું:-ભીમસેનને નારાયણાસ્ત્રથી ઢંકાઇ ગયેલો જોઇ અર્જુને તે અસ્ત્રના તેજનો વિનાશ કરવામાં તેને વારુણાસ્ત્રથી ઢાંકી દીધો;[૧] પણ અર્જુનનું તે વારુણાસ્ત્ર પેલા અસ્ત્ર કરતાં નાનું હતું તથા ભીમસેન તેજમાં તદ્દન દટાઇ ગયો હતો, જેથી રણમાંહેના કોઇ યોદ્ધાને તે ખબર પડી નહિ કે, "ભીમસેનને અર્જુને વારુણાસ્ત્રથી ઢાંકી દીધો છે."[૨] ઘોડા, સારથિ અને રથસહિત અશ્વત્થામાના અસ્ત્રમાં ભીમસેન ઢંકાઇ ગયોહતો;અને અગ્નિમાં નાખેલા અગ્નિ પેઠે તદ્દન એકાકાર તથા આસપાસની જ્વાળાઓથી તદ્દન અદૃશ્ય તે થઇ ગયો હતો.[૩] હે રાજન્! રાત્રિના અંત સમયે જેમ સર્વ જ્યોતિષો અસ્તાચલ પર્વતપ્રત્યે ધસી જાય છે, તેમ સંખ્યાબંધ બાણો ભીમસેનના રથસામે ધસ્યા જતાં હતાં.[૪]ભીમસેન, તેનો રથ, તેના ઘોડા તથા તેનો સારથિ એ બધાને અશ્વત્થામાએ ઢાંકી દીધા હતા; જેથી તેઓ અગ્નિમાં અંતર્ગત થઇ ગયા હોય તેમ જણાવા લાગ્યા. જેમ પ્રલયસમયે સચરાચર જગતનું ભક્ષણ કરી અગ્નિ, નારાયણ પ્રભુના મુખમાં પ્રવેશ કરે છે, તેમ તે નારાયણાસ્ત્ર પણ ભીમસેનને છાઇ દેવા લાગ્યું હતું. સૂર્યમાં પેઠેલો અગ્નિ જેમ એકાકાર થઇ જાય અને અગ્નિમાં પેઠેલો સૂર્ય જેમ એક સ્વરૂપ થઇ જાય તેમ ભીમસેનપ્રત્યે દાખલ થયેલું તે અસ્ત્રતેજ એક સ્વરૂપ થઈ ગયું હતું; જેથી કંઇ જાણવામાં આવતું ન હતું.[૭]આમ ભીમસેનના રથઉપર એકીસાથે તૂટી પડેલા તે અસ્ત્રને જોઇને, રણમાં જેની સામે યુદ્ધ કરી શકે તેવો એક પણ યોદ્ધો નથી તેવા અશ્વત્થામાને સર્વથી અધિક થતા જોઇને, પાંડવોના સર્વ સૈન્યને બેભાન તથા શસ્ત્રહીન જોઇને; તેમજ યુધિષ્ઠિર આદિ મહારથીઓને પણ રણમાંથી વિમુખ થયેલા જોઇને મહાતેજસ્વી વીર અર્જુન તથા વાસુદેવ એકદમ રથપરથી કૂદીપડીને ભીમસેનતરફ દોડી ગયા.[૮-૧૦] તુરત ત્યાં જઇને અતિ બળવાન એવા તેઓ બંન્નેએ, માયાદ્વારા અશ્વત્થામાના અસ્ત્રબળથી ઉત્પન્ન થયેલા તેજમાં પ્રવેશ કર્યો. તે સમયે અર્જુન તથા શ્રીકૃષ્ણ શસ્ત્રહીન હતા તથા તેઓએ વારુણાસ્ત્રનો પ્રયોગ કર્યો હતો અને તેઓ બન્ને વીર્યવાન પણ હતા, જેથી તે અસ્ત્રથી ઉત્પન્ન થયેલા અગ્નિએ તેઓને બાળ્યા નહિ.[૧૧,૧૨] અગ્નિની અંદર દાખલ થઇ તેઓ બન્નેએ નરનારાયણે બળપૂર્વક ભીમસેનને તથા તેનાં શસ્ત્રાયુધોને ખેંચવા માંડયાં;[૧૩] પણ કુંતાપુત્ર ભીમસેન તેઓ બન્ને જણા જેમ જેમ પોતાને ખેંચતા હતા, તેમ તેમ મોટા શબ્દથી ગાજવા લાગ્યો અને પેલું અતિ દુર્જય ઘોર અસ્ત્ર વધવા લાગ્યું.[૧૪] પછી વાસુદેવ તે ભીમસેનને કહેવા લાગ્યા:- "હે પાંડુનંદન! તેં આ શું:કરવા માંડયું છે? વારંવાર અટકાવીએ છીએ; છતાં તું યુદ્ધ કરતો બંધ થતો નથી. [૧૫] આ કૌરવોને આ સમયે જો યુદ્ધ કરીને જીતવાના હોત, તો અમે પણ યુદ્ધ કરવાજ મંડી પડત તથા બીજા સર્વ મહા પુરુષો પણ યુદ્ધ કરતજ.[૧૬] અમે બધા-તારા પક્ષના યોદ્ધાઓ રથોપરથી ઉતરી પડયા છીએ, માટે તું પણ સત્વર રથપરથી નીચે ઉતરી પડ."[૧૭] આમ કહીને શ્રીકૃષ્ણે તેને રથપરથી નીચે ઉતારી પાડયો. સર્પની પેઠે ફુંફાડા મારતા ને ક્રોધથી લાલચોળ નેત્રોવાળા તે ભીમસેનને જ્યારે રથપરથી ઉતારી પાડયો; અને તેનાં સર્વ આયુધો જ્યારે છોડાવી દીધાં, ત્યારે તુરત શત્રુઓને તપાવનારૂં તે નારાયણાસ્ત્ર શાંત થઈ ગયું.[૧૮,૧૯]

સંજયે કહ્યું:-આ વિધિ પ્રમાણે તે દુઃસહ તેજની શાંતિ થતાં સર્વ દિશાઓ અને વિદિશાઓ સ્વચ્છ થઈ ગઇ, કલ્યાણકારક શાંત વાયરા વાવા લાગ્યા, મૃગો તથા પક્ષીઓ શાંત જણાવા લાગ્યાં તથા સર્વ વાહનો પણ હર્ષમાં આવેલાં દેખાવા લાગ્યાં. હે ભારત! અતિ દુર્જય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્ત્રની શાંતિ થતાં તેમજ ઘોર તેજ રણમાંથી દૂર થતાં બુદ્ધિમાન ભીમસેન પ્રાતઃકાળે ઉદય પામેલા સૂર્યની પેઠે શોભવા લાગ્યો.[૨૦-૨૨] મરણ પામતાં બાકી રહેલું પાંડવોનું સૈન્ય તે અસ્ત્રની શાંતિ થતાં આનંદમાં આવી જઇ તમારા પુત્રોનો વિનાશ કરવાની ઇચ્છાથી પાછું યુદ્ધ કરવામાટે આવી ઉભું.[૨૩] હે મહારાજા ! નારાયણાસ્ત્ર વિનાશ પામ્યું અને તે સૈન્ય પાછું યુદ્ધ કરવા ગોઠવાઈ ઉભું, એટલે દુર્યોધને, અશ્વત્થામાને આ પ્રમાણે કહ્યું:-"ઓ અશ્વત્થામા ! વળી બીજીવાર પણ તે અસ્ત્રનો તમે પ્રયોગ કરો. જુઓ, વિજયની ઇચ્છાવાળા આ સર્વ પાંચાલયોદ્ધાઓ પુનઃ યુદ્ધમાટે ઉભા રહ્યા છે."[૨૪,૨૫] હે રાજન્ ! તમારા પુત્રના એ વાક્યને સાંભળી અશ્વત્થામાએ અતિ દીનતાપૂર્વક નિઃશ્વાસ નાખી પોતાના રાજાપ્રત્યે કહેવા માંડયું:-"હે રાજન્! એ અસ્ત્રનો બે વખત પ્રયોગ થઇ શકતો નથી; છતાં જો તેનો પ્રયોગ કરવામાં આવે તો, જરૂર તે અસ્ત્ર પાછું વળે અને પ્રયોગ કરનારપરજ તૂટી પડે.[૨૭] હે રાજા ! એ મારા અસ્ત્રનો વાસુદેવે નાશ કર્યો છે. એમ ન થયું હોત તો મારા અસ્ત્રે શત્રુઓનો યુદ્ધમાં વધજ કર્યો હોત.[૨૮] ઠીક છે, પણ યુદ્ધમાં થનારા પરાજય અને મૃત્યુમાં મૃત્યુ અતિ શ્રેયસ્કર છે; પરંતુ પરાજય અતિ શ્રેયસ્કર નજ ગણાય. આ શત્રુઓએ શસ્ત્રોનો ત્યાગ કર્યો છે, જેથી તેઓ પરાજય પામ્યા છે અને તેથીજ લગભગ મરી ગયેલા જેવાજ છે."

દુર્યોધન કહ્યું:-"હે આચાર્યપુત્ર ! તે નારાયણાસ્ત્રનો જો બે વખત પ્રયોગ ન થઇ શકતો હોય, તો તે સિવાયનાં બીજાં અસ્ત્રોનો પ્રયોગ કરી એ ગુરુહત્યારાઓને મારી નાખો. તમે સર્વ અસ્ત્રવેત્તા પુરુષોમાં મુખ્ય છો. સર્વ જાતનાં દિવ્ય અસ્ત્રો તમારામાં અથવા અમાપ તેજવાળા શંકરમાં નિવાસ કરીને રહ્યાં છે. તમે જો ધારો તો ક્રોધાયમાન થયેલા ઇંદ્રને પણ છોડો તેમ નથી."[૩૦,૩૧]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:-હે સંજય ! તે નારાયણાસ્ત્રનો એ રીતે જ્યારે વિનાશ થયો, દ્રોણાચાર્ય કપટથી માર્યા ગયા અને દુર્યોધને એ પ્રમાણે જ્યારે અશ્વત્થામાને કહ્યું; ત્યારે સંગ્રામમાં યુદ્ધ માટે ઉપસ્થિત થયેલા અને નારાયણાસ્ત્રથી મુક્ત થઇ સેનાના મોખરામાં ઘૂમી રહેલા પાંડવોને જોઇને, તે અશ્વત્થામાએ શું કર્યું હતું? તે મને કહે.

સંજયે કહ્યું:-સિંહના પૂંછડાનું જેમના ધ્વજમાં ચિહ્ન છે, તે અશ્વત્થામા પોતાના પિતાના મરણને લક્ષ્યમાં લઇ ક્રોધપૂર્વક ભયનો ત્યાગ કરી ધૃષ્ટદ્યુમ્નસામા ધસી ગયા.[૩૪] હે પુરુષશ્રેષ્ઠ રાજા ! તેની સામે ધસી જઇને તેમણે વીસ ક્ષુરપ્રબાણોનો પ્રથમ પ્રહાર કરી બીજાં પાંચ બાણોવડે અતિ વેગપૂર્વક તેને વિંધી નાખ્યો.[૩૫] પછી હે રાજન્ ! બળબળતા અગ્નિસરખા તે દ્રોણપુત્રને ધૃષ્ટદ્યુમ્ને ત્રેસઠ બાણોનો સામો પ્રહાર કર્યો;[૩૬] અને વધારામાં સુવર્ણનાં પુંખવાળાં તથા સરાણપર ઘસેલાં વીસ બાણો મારી તેમના સારથિને ઘાયલ કર્યો તથા બીજાં ચાર તીક્ષ્ણ બાણો મારી તેમના ચારેય ઘોડાઓને વિંધી નાખ્યા.[૩૭] આમ ઉપરાઉપરી અશ્વત્થામાને વિંધી નાખી ધૃષ્ટદ્યુમ્ન, જાણે પૃથ્વીને કંપાવી દેતો હોય તથા એ મહાયુદ્ધમાં સર્વના પ્રાણોને હરી લેતો હોય, તેમ જોરથી ગર્જના કરવા લાગ્યો.[૩૮] હે રાજન્ ! બળવાન ધૃષ્ટદ્યુમ્ન અસ્ત્રકુશળ તથા એકજ નિશ્ચયને વળગી રહેનારો હતો. તેણે મૃત્યુ થાય તો પણ પાછા ન હઠવું, આવો નિશ્ચય કરીનેજ અશ્વત્થામાસામે ધસારો કર્યો હતો.[૩૯] રથીઓમાં શ્રેષ્ઠ અમેયાત્મા પાંચાલપુત્ર, અશ્વત્થામાનાપર બાણમય વૃષ્ટિ વરસાવી રહ્યો હતો. આ પ્રમાણે રણમાં કોપાયમાન થયેલા તે ધૃષ્ટદ્યુમ્નને અશ્વત્થામાએ પણ બાણો મૂકીને છાઇ દીધો; તથા પોતાના પિતાના વધનું સ્મરણ કરી બીજાં દશ બાણોવડે તેને વિંધી નાખ્યો.[૪૧] વળી બરાબર તાકીને મારેલાં બે ક્ષુર જાતનાં બાણો મૂકી પાંચાલરાજાના ધ્વજને તથા ધનુષ્યને તેમણે કાપી નાખ્યું અને વધારામાં બીજાં કેટલાંએક બાણો મારી તેને પીડવા માંડયો.[૪૨] અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને રણમાં ઘોડા, સારથિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા રથવિનાનો કરી મૂક્યો તથા ક્રોધાયમાન થઇને તેના સર્વ અનુચરોને પણ બાણો મારી મારીને નસાડી મૂક્યા;[૪૩] તેથી હે રાજા! પાંચાલોનું સૈન્ય સંભ્રાંત સ્વરૂપવાળું તથા દુઃખી દેખાવનું થઇ ગયું અને તે પલાયન કરવા લાગ્યું. તે એટલું બધું કે તેમાંના સૈનિકો નાસભાગ કરતી વળા એકમેક સામે જોતા પણ ન હતા. આમ સર્વ યોદ્ધાઓને રણમાંથી વિમુખ થયેલા જોઇ, ધૃષ્ટદ્યુમ્નને પણ પીડિત થયેલો જોઇ, સાત્યકિએ ઝપાટાબંધ પોતાના રથને અશ્વત્થામાના રથ સામે હાંક્યો;[૪૫] અને તુરત તેમની પાસે પહોંચી જઇ તીક્ષ્ણ આઠ બાણોવડે અશ્વત્થામાને માર માર્યો. વળી પણ અમર્ષમાં આવેલા તે સાત્યકિએ વીસ બાણોવતી તેમને પુનઃ પ્રહાર કરી તેમના સારથિને તથા ચારેય ઘોડાઓને વિંધી નાખ્યા ને વધારામાં હાથની ચાલાકી બતાવતાં બરાબર સાવધાન થઇ તેમના ધનુષ્યના તથા ધ્વજના પણ ટુકડા કરી નાખ્યા;[૪૬,૪૭] એટલુંજ નહિ પણ સુવર્ણથી મઢેલા તેમના રથનો પણ ઘોડાઓની સાથે તેણે નાશ કરી નાખ્યો અને ઉપરાંત ત્રીસ બાણો મૂકીને તેમની છાતીમાં સખ્ત પ્રહાર પણ કર્યો.[૪૮] હે રાજન્! મહા બળવાન અશ્વત્થામા, સાત્યકિનાં બાણજાળોથી પીડાઇને તદ્દન ઢંકાઇ ગયા હતા. "હવે શું કરવું" તેની પણ તેમને ખબર પડતી ન હતી.[૪૮] પોતાના ગુરુના પુત્રની આવી દશા થયેલી જોઈ તમારો મહારથી પુત્ર દુર્યોધન, કૃપાચાર્ય તથા કર્ણ આદિને સાથે લઇ સાત્યકિનાપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો.[૫૦] દુર્યોધને વીસ બાણોથી, કૃપાચાર્યે ત્રણ બાણોથી, કૃતવર્માએ દશ બાણોથી, કર્ણે પચાસ બાણોથી, દુઃશાસને સો બાણોથી અને વૃષસેને સાત બાણોથી સાત્યકિને વિંધી નાખ્યો અને તે સિવાયનાં બીજાં ઘણાં તીક્ષ્ણ બાણોવડે ચોતરફથી તેઓ સાત્યકિને મારવા લાગ્યા.[૫૧,૫૨] પણ હે રાજન્! તેઓ સર્વ મહારથીઓને સાત્યકિએ એક ક્ષણવારમાંજ રથરહિત કરી નાખી રણમાંથી નસાડી મૂક્યા.[૫૩] હે ભરતશ્રેષ્ઠ રાજા! તે પછી અશ્વત્થામાને ભાન આવ્યું. દુઃખથી વિહ્વલ થઇ વારંવાર નિઃશ્વાસ નાખી તેમણે વિચાર કર્યો કેઃ–" હવે શું કરવું ?"[૫૪] આવો વિચાર કરી શત્રુતાપન તે અશ્વત્થામા, એક બીજા રથમાં બેઠા અને અનેક સેંકડો બાણોનો વરસાદ વરસાવી સાત્યકિને અટકાવવા લાગ્યા[૫૫] અને તુરત દ્રોણાચાર્યના પુત્ર પુનઃ યુદ્ધ કરવા ધસી ગયા. તે જોઇ મહારથી સાત્યકિએ, ફરી પણ તેમને રથવિનાના કરી દઇ રણવિમુખ કરી નાખ્યા.[૫૬] હે રાજન્! આવું અદ્ભુત સાત્યકિનું પરાક્રમ જોઇને સર્વ પાંડવયોદ્ધાઓ, મોટા મોટા શંખનાદો કરીને સિંહની ગર્જનાઓની પેઠે ગર્જનાઓ કરવા લાગ્યા.[૫૭] અશ્વત્થામાને એ પ્રમાણે રથવિનાના કરી નાખ્યાપછી સત્યપરાક્રમી સાત્યકિએ વૃષસેનના ત્રણ હજાર મહારથીઓને મારી નાખ્યા,[૫૮] કૃપાચાર્યના પંદરસો હાથીઓનો ઘાણ કાઢી નાખ્યો તથા શકુનિના પચાસ હજાર ઘોડાઓનો સંહાર કરી નાખ્યો. પછી હે મહારાજા! વીર્યવાન અશ્વત્થામા, બીજા રથમાં બેસીને સાત્યકિનો વધ કરવાની ઇચ્છાથી ક્રોધપૂર્વક તેની સામા ધસી ગયા.[૬૦] હે શત્રુદમન રાજા! વળી પણ પોતાની સામા યુદ્ધ કરવા આવેલા તે અશ્વત્થામાને જોઇને શિનિપુત્ર, અતિશય ક્રૂર એવાં તીક્ષ્ણ બાણોવડે તેમને ઘાયલ કરવા લાગ્યો.[૬૧] મહાધનુર્ધર દ્રોણપુત્ર જ્યારે જાતજાતનાં બાણોવડે અત્યંત વિંધાઇ જવા લાગ્યા, ત્યારે તેમણે હસતાં હસતાં સાત્યકિને કહ્યું:–[૬૨] " ઓ શિનિપુત્ર! આચાર્યનો ઘાત કરનાર તે ધૃષ્ટદ્યુમ્નનાપર તારી કેટલી બધી લાગણી છે, તે હું જાણું છું; તોપણ હું તને કહું છું કે, તું ગમે તેટલા ઉપાયો કરીશ તથાપિ મારા ગ્રાસરૂપ થયેલા તેને તથા તારા પોતાના આત્માને પણ તું બચાવી શકીશ નહિ.[૬૩] ઓ સાત્યકિ! હું સત્યના તથા તપના સોગંદ ખાઇને કહું છું કે, સર્વ પાંચાલોનો સંહાર કર્યાવિના હું કદી શાંતિ પામીશ નહિ.[૬૪] પાંડવોનું તથા યાદવોનું જે બળ હોય તે સર્વ અજમાવી નાખજો; પણ હું તે સોમકોને જરૂર મારી નાખીશ."[૬૫] આમ કહીને તે દ્રોણપુત્રે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યના કિરણોસરખું પ્રકાશિત એવું એક તીક્ષ્ણ ઉત્તમ બાણ, ઇંદ્રે વૃત્રાસુરપર જેમ વજ્ર છોડયું હતું તેમ સાત્યકિનાપર છોડયું.[૬૬] તેમણે ફેંકેલાં તે બાણે સાત્યકિના કવચને ચીરી નાખી તેના શરીરને પણ ઘાયલ કર્યું;અને પછી કુંફાડા મારતો સર્પ જેમ પોતાના દરમાં પેસી જાય, તેમ પૃથ્વીને ફાડીને અંદર પેસી ગયું.[૬૭] શૂરવીર સાત્યકિનું કવચ તૂટી ગયું, તેના શરીરમાંના ઘાવમાંથી રુધિર વહેવા લાગ્યું અને અંકુશથી પીડાયેલા હાથીની પેઠે દુઃખ પામી, બાણસહિત ધનુષ્યને મૂકી દઇ લોહીલુહાણ થયેલો તે પોતાના રથની બેસણીપર બેસી ગયો; એટલે તુરત તેનો સારથ અશ્વત્થામા પાસેથી તેને બીજી તરફ લઇ ગયો. પછી શત્રુતાપન અશ્વત્થામાએ સુંદર પુંખનાં નમેલાં પર્વવાળાં એક બીજા બાણવડે ધૃષ્ટદ્યુમ્નને બે ભ્રમર વચ્ચે પ્રહાર કર્યો.[૭૦]પ્રથમથીજ અત્યંત ઘાયલ થયેલો તે ધૃષ્ટદ્યુમ્ન, અશ્વત્થામાના તે છેલ્લા પ્રહારથી અત્યંત પીડાયો; જેથી તે પાંચાલવંશી મૂર્છાવશ થઈ ધ્વજનો ટેકો લઈ રથમાં બેસી ગયો.[૭૧] હે રાજન્! સિંહે પીડિત કરેલા હાથીસરખા તે ધૃષ્ટદ્યુમ્નને બાણપ્રહારથી વિહ્વલ થયેલો જોઇ પાંડવપક્ષના પાંચ શૂરા મહારથીઓ વેગપૂર્વક ત્યાં ધસી આવ્યા. અર્જુન, ભીમસેન, પુરુવંશનો વૃદ્ધક્ષત્ર, ચેદિદેશનો યુવરાજ તથા માળવાનો રાજા સુદર્શન આ પાંચ વીર મહારથીઓ "હા, હા, હા, હા," આવા શબ્દો કરતા કરતા હાથમાં ધનુષ્યો લઇને વીર અશ્વત્થામાની આસપાસ ઘેરાઇ વળ્યા;[૭૩,૭૪] અને વીસ પગલાં જેટલા દૂર રહેલા કોપાયમાન ગુરુપુત્રને પાંચ પાંચ બાણો મૂકી એકીસાથે સર્વતરફથી મારવા લાગ્યા;[૭૫] પરંતુ દ્રોણપુત્રે સર્પસરખાં તીક્ષ્ણ પચીસ બાણો મારીને તે મહારથીઓનાં પચીસે બાણો કાપી નાખ્યાં.[૭૬] ઉપરાંત સાત તીક્ષ્ણ બાણોથી પૌરવ ક્ષત્રને, માલવરાજા સુદર્શનને ત્રણ બાણોવડે, અર્જુનને એક બાણવડે તથા ભીમસેનને છ બાણોવડે અશ્વત્થામાએ પ્રહાર કર્યો.[૭૭] તે પછી હે રાજન્! તે સર્વ મહારથીઓ સુવર્ણના પુંખવાળાં, પથ્થરપર ઘસી તીક્ષ્ણ કરેલાં ઘણાં બાણો મૂકી એકીસાથે અને જૂદા જૂદા અશ્વત્થામાને વિંધવા લાગ્યા.[૭૮] ચેદીઓના યુવરાજે વીસ બાણોથી, અર્જુને આઠ બાણોથી તથા બીજા સર્વ યોદ્ધાઓએ ત્રણ ત્રણ બાણોથી અશ્વત્થામાને વિંધી નાખ્યા.[૭૯] પછી અશ્વત્થામાએ અર્જુનને છ બાણોવડે, શ્રીકૃષ્ણને દશ બાણોવડે, ભીમસેનને પાંચ બાણોવડે, ચેદીના યુવરાજને ચાર બાણોવડે તથા માલવ અને પૌરવરાજાને બબ્બે બાણોવડે પ્રહાર કર્યો. વળી છ બાણો મારી ભીમસેનના સારથિને વિંધી નાખી, બીજાં બે બાણોથી તેના ધનુષ્યને તથા ધ્વજને પણ વિંધી નાખ્યા; તેમજ પુનઃ બાણોની વૃષ્ટિ કરી મૂકીને અર્જુનને વિંધી નાખી દ્રોણપુત્રે ઘોર સિંહનાદની ગર્જના કરી મૂકી.[૮૧] તે અશ્વત્થામા પાણીદાર ધારાઓવાળાં તીક્ષ્ણ બાણોને આગળથી અને પાછળથી જ્યારે ફેંકવા લાગ્યા;ત્યારે પૃથ્વી,આકાશ,સ્વર્ગ, દિશાઓ અને વિદિશાઓ તે ઘોરસ્વરૂપ બાણોવડે ઢંકાઇ ગઇ હતી. વળી ઇંદ્રસમાન વીર્યવાળા તે અશ્વત્થામાએ પોતાનું તીવ્ર તેજ પ્રકટ કરી રથમાં બેઠેલા રાજા સુદર્શનના ઇંદ્રકેતુસરખા બન્ને બાહુઓને તથા તેના મસ્તકને ત્રણ બાણોવડે એકીસાથે કાપી નાખ્યાં;[૮૩] એટલુંજ નહિ પણ એક રથશક્તિનો પ્રહાર કરી પૌરવરાજાને તેમણે મારી નાખ્યો. કેટલાંએક બાણો મૂકી તેના રથના પણ તલતલ જેવડા ટુકડા કરી નાખ્યા અને સુંદર ચંદનથી ચર્ચાયેલા તેના બન્ને બાહુઓને કાપી નાખી એક ભલ્લબાણવડે તેના મસ્તકને પણ ધડપરથી કાપી નાખ્યું.[૮૪] વળી અતિશય ઝડપદાર હાથવાળા તે અશ્વત્થામાએ, કમળની માળાસમાન વર્ણવાળા ચેદીઓના તરુણ યુવરાજને પણ બળબળતા અગ્નિસરખાં બાણો મારીને ઘોડા તથા સારથિસહિત મૃત્યુદેવને સોંપી દીધો.[૮૫] આમ પોતાની સમક્ષમાં માલવ, પૌરવ તથા યુવરાજ ચેદિરાજાને દ્રોણપુત્રે મારી નાખેલા જોઇ પાંડુપુત્ર ભીમસેનને અત્યંત ક્રોધ ચઢયો;જેથી શત્રુતાપન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મહાબાહુ, સર્પસમાન તીક્ષ્ણ સેંકડો બાણો છોડીને દ્રોણપુત્રને રણમાં દાટી દેવા લાગ્યો; પરંતુ મહા તેજસ્વી તે દ્રોણપુત્રે ભીમસેનની તે બાણવૃષ્ટિનો નાશ કરી નાખ્યો તથા અમર્ષમાં આવી જઈ તીક્ષ્ણ બાણોથી ભીમસેનને વિંધી નાખ્યો. મોટી ભુજાવાળા મહાબળવાન ભીમસેને, એ યુદ્ધમાં અશ્વત્થામાના ધનુષ્યને કાપી નાખી એક ક્ષુરપ્રબાણથી તેમને પોતાને પણ વિંધી નાખ્યા. તે વેળા મોટા મનના તે દ્રોણપુત્રે કપાયેલા ધનુષ્યને ફેંકી દઇ એક બીજું ધનુષ્ય હાથમાં લીધું અને કેટલાંએક બાણો મૂકીને ભીમસેનને વિંધવા માંડયો. આ રીતે એ મહારણમાં પરાક્રમ કરી રહેલા મહાબળવાન તે અશ્વત્થામા અને ભીમસેન, વૃષ્ટિવાળા બે મેઘોની પેઠે અન્યોન્યનાપર બાણવૃષ્ટિ કરી રહ્યા હતા. મેઘમંડળ જેમ સૂર્યને ઢાંકી દે તેમ, ભીમસેનનાં નામાંકિત, સુવર્ણપુંખી તીક્ષ્ણ બાણો અશ્વત્થામાને રણમાં ઢાંકી દેતાં હતાં; તેમજ અશ્વત્થામાએ છોડેલાં નમેલાં પર્વવાળાં સેંકડો અને હજારો બાણોવડે ભીમસેન પણ તત્કાળ છવાઇ જતો હતો. હે મહારાજા! રણશાળી અશ્વત્થામાએ ભીમસેનને રણમાં તદ્દન છાંદીજ દીધો હતો; છતાં તે જરાપણ વ્યથા પામ્યો નહિ, એ એક અદ્ભુત જેવું હતું. પછી મહાબાહુ ભીમસેને, સુવર્ણથી શોભી રહેલાં દશ યમદંડસરખાં તીક્ષ્ણ નારાચ બાણો અશ્વત્થામાસામે ફેંકયાં. તે બાણો હે રાજા! અશ્વત્થામાની હાંસડીના ભાગને ફાડી નાખી, સર્પો જેમ રાફડામાં પેસી જાય તેમ એકદમ અંદર પેસી ગયાં. મહાત્મા ભીમસેને તે બાણપ્રહારથી અશ્વત્થામાને અત્યંત વિંધી નાખ્યા હતા; જેથી ધ્વજદંડને પકડી રાખી તેઓ મૂર્છિત થઇ ગયા. હે રાજા! એક મુહૂર્તજેટલા સમય પછી દ્રોણાચાર્યના પુત્રને ભાન આવ્યું, તેમનું શરીર લોહીલુહાણ થઇ ગયું અને મહાત્મા ભીમસેને પોતાને દૃઢ પ્રહાર કર્યો હતો; જેથી તેમને અતિશય ક્રોધ ચઢી ગયો. પછી મોટી ભુજાઓવાળા તે અશ્વત્થામાએ ભીમસેનના રથસામે વેગપૂર્વક ધસારો કર્યો; તથા ધનુષ્યને કાનસુધી સંપૂર્ણ ખેંચી તીક્ષ્ણ તેજવાળાં સર્પસરખાં ઝેરી સો બાણો તેની સામાં છોડી મૂકયાં હે ભારત! રણસંગ્રામમાં વખણાયલો ભીમસેન પણ તે અશ્વત્થામાના વીર્યને જોઇ ક્ષણભર વિચારમાં પડી ગયો; પરંતુ પછીથી તેણે ઉગ્ર બાણવૃષ્ટિઓ છોડવા માંડી. હે મહારાજા! તે જોઇ ક્રોધાયમાન થયેલા અશ્વત્થામાએ ઉપરાઉપરી બાણો મૂકીને ભીમસેનના ધનુષ્યને કાપી નાખ્યું; તથા તીક્ષ્ણ બાણોથી તેની છાતીમાં પ્રહાર પણ કર્યો. અમર્ષી ભીમસેને તુરત બીજું ધનુષ્ય ઉઠાવ્યું અને તીક્ષ્ણ પાંચ બાણોવડે અશ્વત્થામાને વિંધી નાખ્યા. આ પ્રમાણે વર્ષાકાળના બે મેઘોની પેઠે બાણોના ઓઘને વર્ષી વર્ષીને ક્રોધથી લાલ નેત્રોવાળા તેઓ બન્નેજણા અન્યોન્યને રણમાં છાઈ દેવા લાગ્યા. હસ્તતલના ઘોર શબ્દથી તેઓ પરસ્પરને ત્રાસ પમાડવા લાગ્યા તથા એકમેકના વૈરનો બદલો લેવાની ઇચ્છાથી આવેશમાં આવી જઈ લડવા લાગ્યા. પછી સુવર્ણથી મઢેલા પોતાના અતિમહાન ધનુષ્યનો ટંકાર કરી દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા, પોતાની સમીપમાં બાણોને છોડી રહેલા ભીમસેનસામે એકીટસે જોઇ રહ્યા. તે સમયે શરદ્ઋતુના દિવસના મધ્યાહ્નકાળે પ્રદીપ્ત કિરણોવાળા સૂર્યની પેઠે તેમનું સ્વરૂપ દુષ્પ્રેક્ષ્ય થઇ રહ્યું હતું.[૮૬–૧૦૭] અશ્વત્થામા બાણોને ક્યારે લે છે, ક્યારે ધનુષ્યમાં સાંધે છે, ધનુષ્યને ક્યારે ખેંચે છે તથા તે બાણોને ક્યારે ફેંકે છે તેમાંનું કંઈ પણ યોદ્ધાઓ જોઇ શકતા ન હતા.[૧૦૮] હે મહારાજા! તે સમયે જ્યારે તેઓ બાણોને ફેંકી રહ્યા હતા ત્યારે ગોળ ઉંબાડિયાંસરખું, મંડળાકારે વળેલું માત્ર તેમનું ધનુષ્યજ દેખાતું હતું.[૧૦૯] તેમના ધનુષ્યમાંથી છૂટેલાં સેંકડો અને હજારો બાણો આકાશમાં ઉડી રહેલી તીડોની પંક્તિસરખાં દેખાતાં હતાં. તેમણે જે જે સુવર્ણભૂષિત બાણો છોડયાં હતાં, તે બધાં અવિચ્છિન્નપણે ભીમસેનના રથસામે પડયે જતાં હતાં;[૧૧૧] પણ હે ભારત! તે વેળા ભીમસેનનું પરાક્રમ, બળ, વીર્ય, પ્રભાવ તથા વ્યવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાય અમને અદ્ભુતસરખાં દેખાતાં હતાં. વર્ષાઋતુમાં મેઘમંડળમાંથી ઉત્પન્ન થયેલી મહાઘોર જળવૃષ્ટિ હોય તેવી ચોતરફથી તે બાણવૃષ્ટિનો બરાબર વિચાર કરી દ્રોણપુત્રનો વધ કરવા ઇચ્છતો ભયંકર પરાક્રમી ભીમસેન, વર્ષાકાળના મેઘની પેઠે બાણોનો વરસાદ વરસાવી રહ્યો હતો.[૧૧૩,૧૪] એ મહારણમાં સુવર્ણની પીઠવાળું ભીમસેનનું ઘોર ધનુષ્ય જ્યારે આકર્ષાતું હતું, ત્યારે બીજા ઇંદ્રધનુષ્યનાસરખુંજ તે શોભતું હતું.[૧૧૫] તેમાંથી સેંકડો અને હજારો બાણો પ્રકટ થતાં હતાં,કે જે બાણો રણ શોભાવનાર અશ્વત્થામાને રણમાં છાઇ દેતાં હતાં.[૧૧૬] હે રાજા! તેઓ બન્નેજણા એ રીતે જ્યારે બાણજાળોને છોડી રહ્યા હતા, ત્યારે વચમાંથી વાયુનો સંચાર પણ થઇ શકતો ન હતો.[૧૧૭]હે મહારાજા! પછી ભીમસેનને મારી નાખવાની આકાંક્ષાથી અશ્વત્થામાએ તેલ પાયેલાં તથા ચળકતી અણીવાળાં સુવર્ણભૂષિત ઘણાં બાણો છોડવા માડયાં;[૧૧૮] પરંતુ તે સર્વ બાણોને પોતાની પાસે આવતા પહેલાં વચમાંથીજ આકાશમાં, બાણો મારી મારીને ભીમસેન ત્રણ ત્રણ ટુકડા કરી કાપી નાખવા લાગ્યો; અને દ્રોણપુત્રથી યુદ્ધમાં વધી જઇને તેણે "અલ્યા ઉભો રહેજે, ઉભો રહેજે," એ પ્રમાણે અશ્વત્થામાને પડકાર્યા.[૧૧૯] વળી વધારામાં કોપાયમાન થયેલા બળવાન તે પાંડુપુત્રે અશ્વત્થામાને મારી નાખવાની ઇચ્છાથી ઘોર અને ઉગ્ર બાણવૃષ્ટિ છોડવા માંડી.[૧૨૦] પછી મોટાં મોટાં અસ્ત્રોને જાણનારા તે અશ્વત્થામાએ ભીમસેનની તે બાણવૃષ્ટિને અસ્ત્રોની માચાથી અટકાવી દઇ ભીમસેનનું ધનુષ્ય કાપી નાખ્યું;[૧૨૧] અને બીજાં અનેક બાણો મારી રણમાં એને ઘાયલ કરવા માંડયો. બળવાન ભીમસેનનું ધનુષ્ય કપાઇ ગયું, જેથી તેણે અતિ દારુણ એક રથશક્તિ અશ્વત્થામાના રથસામે વેગપૂર્વક ફેંકી. મોટી ઉલ્કાની પેઠે એકાએક ધસી આવતી તે રથશક્તિના, પોતાના હસ્તલાઘવને દર્શાવતા અશ્વત્થામાએ તીક્ષ્ણ બાણોવડે ટુકડેટુકડા કરી નાખ્યા. એજ અરસામાં ભીમસેને બીજું એક મજબૂત ધનુષ્ય હાથમાં લીધું અને મંદ મંદ હસીને તેણે અશ્વત્થામાને બાણોવડે વિંધવા માંડયા. પછી હે મહારાજા! દ્રોણપુત્ર અશ્વત્થામાએ ભીમસેનના સારથિને લલાટમાં નમેલા પર્વવાળું એક બાણ મારી ઘાયલ કર્યો. બળવાન દ્રોણપુત્રના હાથે અત્યંત ઘાયલ થઇ સારથિ મૂર્છિત થઈ પડયો અને તેના હાથમાંથી ઘોડાઓની લગામ છૂટી પડી. હે રાજેન્દ્ર! આ રીતે રથ હાંકનારો સારથિ જ્યારે બેભાન થઇ ગયો, ત્યારે ભીમસેનના ઘોડા સર્વ ધનુર્ધરોના દેખતાં રણમાંથી એકદમ નાઠા. રણાંગણમાંથી નાસી જતા ઘોડાઓને લીધે ભીમસેનને દૂર ચાલ્યો ગયો જોઈ અજીત અશ્વત્થામાએ હર્ષમાં આવી જઈ પોતાનો શંખ વગાડવા માંડયો. તે વેળા સર્વ પાંચાલયોદ્ધાઓ અને પાંડુપુત્ર ભીમસેન સુદ્ધાં ભયને લીધે ધૃષ્ટદ્યુમ્નના રથને છોડી જઇ ચારે દિશાઓમાં નાસવા લાગ્યા. પાંચાલોમાં તે રીતનું ભંગાણ પડેલું જોઈ, દ્રોણપુત્ર અશ્વત્થામા તેઓની પાછળ પડીને બાણો ફેંકવા લાગ્યા; અને પાંડવસેનાને રણમાંથી હાંકી કાઢી વેગપૂર્વક તેઓની સામે ધસ્યાજ ગયા. હે રાજન્! એ યુદ્ધમાં દ્રોણપુત્ર અશ્વત્થામાએ માર મારેલા તે સર્વ રાજાઓ તેમના ભયથી સર્વ દિશાઓ ભણી ગચ્છંતી કરી ગયા હતા.[૧૩૧]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્રમોક્ષપર્વમાં 'અશ્વત્થામાનું પરાક્રમ' એ વિષયનો અધ્યાય ૨૦૦મો સમાપ્ત

અધ્યાય ૨૦૧ મો

અશ્વત્થામાનું આગ્નયાસ્ત્ર અને તેની નિષ્ફળતાના અંતમાં રણમાં વ્યાસ ભગવાન

(શતરુદ્રિય સ્તોત્રારંભ)

॥ संजय उवाच ॥

तत्प्रभग्नं बलं दृष्ट्वा कुंतीपुत्रो धनंजयः ।
न्यवारयदमेयात्मा द्रोणपुत्रजयेप्सया ॥१॥

સંજયે કહ્યું:-પોતાના સૈન્યમાં એ પ્રમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણે ભંગાણ પડેલું જોઈ કુંતીપુત્ર અર્જુન, અશ્વત્થામાનો પરાજય કરવાની ઇચ્છાથી પોતાના સૈન્યને પાછું વાળવા લાગ્યો;[૧] પરંતુ હે રાજા! વાસુદેવ તથા અર્જુન યત્ન કરતા હતા છતાં સર્વ સૈનિકો રણમાં ઉભાજ ન રહ્યા.[૨] પછી એકલો અર્જુનજ સોમકરાજાઓના માંડલિક રાજાઓ, મત્સ્ય રાજાઓ તથા બીજા કેટલાએક મુખ્ય મુખ્ય યોદ્ધાઓને સાથે લઇ કૌરવોતરફ ધસ્યો;[૩] અને જોતજોતામાં સિંહના પૂંછડાના ચિહ્નયુક્ત ધ્વજવાળા અશ્વત્થામાની પાસે શીઘ્ર પહોંચી જઇ અર્જુને તેમનાપ્રત્યે કહ્યું:–" અરે ઓ અશ્વત્થામા! તારામાં જે શક્તિ, જે વિજ્ઞાન, જે વીર્ય, જે પુરુષાર્થ અને કૌરવોતરફ જેટલો પ્રેમ તથા અમારાપર જેટલો દ્વેષ હોય, તથા તારામાં જે કંઇ અતિ બહુ તેજ હોય તે બધું આ સમયે મારી આગળ તું દેખાડી દે.તું આટલો બધો છકી ગયો છે;પણ યાદ રાખજે કે,જેણે દ્રોણાચાર્યનો વધ કર્યો છે તેજ ધૃષ્ટદ્યુમ્ન તારા ગર્વનો નાશ કરશે. તારામાં જો શક્તિ હોય તો આજે સાક્ષાત્ પ્રલયકાળના અગ્નિસરખા અને શત્રુઓને કાળસરખા તે ધૃષ્ટદ્યુમ્ન સામે, મારી સામે અથવા કેશવની સામે તું યુદ્ધ કરવા આવી જા. આજના યુદ્ધમાં તું જે અત્યંત છકી ગયો છે, તેના ગર્વનો હું નાશ કરીશ."[૫–૭]

ધૃતરાષ્ટ્રે પૂછ્યું:—હે સંજય! દ્રોણાચાર્યનો પુત્ર બળવાન છે, નિત્ય પોતાને માન આપવા યોગ્ય છે, અર્જુનનાપર તેનો પ્રેમ છે તથા મહાત્મા અર્જુનને પણ સદા તે ગુરુપુત્ર પ્રિય છે. પૂર્વે કદીપણ અર્જુને આવાં કઠોર વાક્યો અશ્વત્થામાને કહ્યાં નથી; છતાં તે સમયે કુંતાના પુત્ર અર્જુને પોતાના મિત્રને તેવાં કઠોર વાક્યો કેમ કહી સંભળાવ્યાં? તે મને કહે.

સંજયે કહ્યું:–ચેદિના યુવરાજને, પૌરવ વૃદ્ધક્ષત્રને તથા શસ્ત્ર અસ્ત્રોની વિધિથી સંપન્ન માલવરાજા સુદર્શનને અશ્વત્થામાએ મારી નાખ્યા; વળી ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા ભીમસેનનો રણમાં પરાજય કર્યો અને યુધિષ્ઠિરરાજાનાં તે વાક્યોથી મર્મસ્થાનોમાં આઘાત થતાં અર્જુનનું હૃદય વિકલિત થઇ ગયું હતું તથા પોતાના પુત્ર આદિના વધનું સ્મરણ થતાં તેને દુઃખપણ થયું હતું, જેથી હે રાજા! અર્જુનને તે સર્વ દુઃખોના કારણથી પૂર્વે કદી નહિ થયેલો કોપ થયો હતો.[૧૦–૧૨] તેજ કારણથી તેવાં રૂક્ષ વચનો કહેવામાટે અયોગ્ય અને પોતાને માન્ય એવા પણ તે આચાર્યપુત્રને, એક સામાન્ય પુરુષને જેમ કહી સંભળાવે તેમ નિંદ્ય અપ્રિય અને રૂક્ષ વચનો અર્જુને કહી સંભળાવ્યાં હતાં.[૧૩]

હે રાજા! અર્જુને સર્વ મર્મસ્થાનોને કાપી નાખે તેવી વાણીથી તે કઠોર વાક્યો જ્યારે કહી સંભળાવ્યાં; ત્યારે ધનુર્ધરોમાં અત્યુત્તમ એવા તે અશ્વત્થામા ક્રોધથી ફુંફાડા મારવા લાગ્યા. તેમને અર્જુન તથા વિશેષે કરી કૃષ્ણ ઉપર ઘણોજ ક્રોધ ચઢયો. પછી વીર્યવાન તે અશ્વત્થામા બરાબર સાવધ થઇ રથમાં બેસી ગયા અને જળવડે મંત્રાચમન કરી દેવોને પણ અતિ દુરાધર્ષ એવું આગ્નેયાસ્ત્ર ગ્રહણ કર્યું. દૃશ્ય તથા અદૃશ્ય સર્વ શત્રુગણોને ઉદ્દેશી આચાર્યપુત્રે, નિર્ધૂમ અગ્નિનાસરખા એક પ્રદીપ્ત બાણને તે અસ્ત્રના સંધાનપૂર્વક મંત્રી ક્રોધાવેશમાં આવી જઇને તે અસ્ત્રને ફેંક્યું.[૧૪–૧૭] તે અસ્ત્ર જેવું ફેંકાયું, કે તુરતજ આકાશમાં તુમુલ બાણવૃષ્ટિ થવા લાગી અને અગ્નિની જ્વાળાઓથી વ્યાપ્ત થયેલું તે અસ્ત્ર અર્જુનપર તૂટી પડયું.[૧૮] આકાશમાંથી બળબળતાં ઉંબાડિયાં પડવા લાગ્યાં, દિશાઓ મલિન થઈ ગઇ, ઘોર અંધકાર એકાએક તે સેનાપર ઉતરવા લાગ્યો, મોટાં મોટાં ટોળાંઓથી એકત્ર થયેલા રાક્ષસો અને પિશાચો ગર્જનાઓ કરવા લાગ્યા, ગરમાગરમ વાયરા વાવા લાગ્યા, સૂર્ય પણ નિસ્તેજ થઇ ગયો, સર્વ દિશાઓમાં કાગડાઓ ભયંકર શબ્દોથી આક્રંદ કરવા લાગ્યા અને આકાશમાં ચઢી આવેલા મેઘો રુધિરની વૃષ્ટિ કરતા ગાજવા લાગ્યા.[૧૮–૨૧] પક્ષીઓ,પશુઓ તથા ગાયો, મોટા મોટા બરાડા પાડવા લાગ્યાં. જીતેન્દ્રિય યોગિઓ પણ સમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધિથી ભ્રષ્ટ થઇ શાંતિ પામી શક્યા નહિ. સર્વ મહાભૂતો જાણે ભ્રમિત થઇ ગયાં હોય તથા સૂર્ય જાણે પુનરાવર્તન કરીને પાછો ફરતો હોય અને આખું વિશ્વ જાણે ભમતું હોય તેમ જણાવા લાગ્યું. ત્રણેય લોક જાણે જ્વરાવેશયુક્ત થયો હોય તેમ સર્વ તરફથી સંતપ્ત થઇ ગયો.[૨૩] અસ્ત્રના તેજથી સંતપ્ત થયેલા પૃથ્વીશાયી સર્પો પણ ઘોર ફુંફાડા મારતા પૃથ્વીમાંથી બહાર ઉછળી આવવા લાગ્યા.[૨૪] હે ભરતવંશી રાજા ! સર્વ જળાશયો પણ તપી ઉઠયાં; તેથી જલચર પ્રાણીઓ પણ બળી જવા લાગ્યાં અને તેઓ શાંતિ પામી શક્યાં નહિ.[૨૫] દિશાઓ, વિદિશાઓ, આકાશ, પૃથ્વી આદિ સર્વ પ્રદેશમાંથી ગરુડ તથા વાયુસમાન વેગવાળી નાની મોટી બાણવૃષ્ટિઓ ત્યાં થવા લાગી.[૨૬] વજ્રસમાન વેગવાળાં તે દ્રોણપુત્રનાં બાણોથી માર્યા ગયેલા શત્રુઓ, અગ્નિથી બળી ગયેલાં વૃક્ષોની પેઠે દગ્ધ થઇ પૃથ્વીપર પડવા લાગ્યા.[૨૭] વળી તે બાણોથી બળી જતા મોટા હાથીઓ પણ ચારેબાજુ પૃથ્વીપર પડવા લાગ્યા અને મેઘસમાન ભયંકર શબ્દોથી ગર્જના કરવા લાગ્યા. હે રાજા ! કેટલાએક હાથીઓ તો ભયભીત થઇને જુદીજુદી દિશાઓમાં નાસી જવા લાગ્યા. તે જાણે વનમાં દાવાનળથી ઘેરાઇ ગયા હોય તેવા જણાતા હતા.[૨૮-૨૯] હે ભારત ! વનના દાવાનળથી બળી ગયેલાં વૃક્ષોનાં શિખરો હોય તેવા ઘોડાઓ તથા રથો બળી ગયેલા જણાવા લાગ્યા.[૩૦] હજારો રથસમુદાયો કડકડાટ કરતા ત્યાં પડવા લાગ્યા. પ્રલયકાળે સંવર્તક અગ્નિ જેમ સર્વ ભૂતોને બાળી ભસ્મ કરે, તેમ અશ્વત્થામાનું તે આગ્ન્યાસ્ત્ર, ભયથીવ્યાકુળ થયેલ પાંડવોના સૈન્યને યુદ્ધમાં બાળી નાખવા લાગ્યું. હે રાજન્ ! એ પ્રમાણે પાંડવોની સેનાને મહારણમાં બળી જતી જોઇ તમારા સૈનિકો ખુશખુશી થઇ ગયા અને સિંહનાસરખી ગર્જનાઓ કરવા લાગ્યા; તેમજ હે ભારત ! વિજયી બનેલા તેઓ સર્વે, જાતજાતનાં હજારો વાદિત્રોને હર્ષપૂર્વક વગાડવા લાગ્યા. એ મહારણમાં સમગ્ર લોક તે સમયે અંધકારથી ઢંકાઇ ગયો હતો; જેથી સમગ્ર અક્ષૌહિણી સેના તથા સવ્યસાચી અર્જુન ત્યાં અદૃશ્યજ જણાતા હતા. હે રાજા ! અમર્ષવાન દ્રોણપુત્રે જેવું તે અસ્ત્ર ફેંક્યું હતું, તેવું અસ્ત્ર પૂર્વે અમે કદી જોયું નથી કે સાંભળ્યું પણ નથી. પછી હે મહારાજા ! અર્જુને બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું, કે જે બ્રહ્માસ્ત્રને સર્વ અસ્ત્રોનો વિઘાત કરવામાટે બ્રહ્મદેવે નિર્માણ કર્યું છે. તે બ્રહ્માસ્ત્ર જેવું પ્રકટ થયું એટલે એક મુહૂર્તજેટલા સમયમાં તો સર્વ અંધકાર શાંત થઇ ગયો, શીતલ વાયુ વાવા લાગ્યો, દિશાઓ નિર્મળ થયેલી દેખાવા લાગી; પણ ત્યાં નવાઇજેવું તો અમને એજ દેખાયું કે, અશ્વત્થામાના અસ્ત્રતેજથી સમગ્ર અક્ષૌહિણી સેના બળીને ભસ્મ થઈ ગઈ હતી. તેનું સ્વરૂપ સુદ્ધાં ત્યાં જણાતું ન હતું. તે પછી મહાધનુર્ધર વીર કેશવ તથા અર્જુન, એ અંધકારથી મુક્ત થઇ એકીસાથે બન્ને દૃષ્ટિગોચર થયા. આકાશમાં સૂર્ય ચંદ્ર જેમ શોભી રહે તેમ તેઓ બન્નેજણા રણમાં શોભવા લાગ્યા. ગાંડીવધનુર્ધર અર્જુન તથા કેશવ એ પ્રમાણે જ્યારે દેખાયા, ત્યારે તેઓ બન્ને તદ્દન અક્ષત હતા—તેમને શરીરે કોઇપણ જાતનો ઘાવ થયો ન હતો. અર્જુનનો રથ પણ પતાકા, ધ્વજા, ઘોડા, અનુકર્ષ તથા ઉત્તમ આયુધોસહિત તેની તેજ સ્થિતિમાં યુક્ત થયેલો રણમાં શોભી રહ્યો હતો; પણ તમારા યોદ્ધાઓને તો તે ભયંકર થઇ પડયો.[૩૧-૪૧] પછી તેજ ક્ષણે હર્ષમાં આવી ગયેલા પાંડવોમાં શંખ, ભેરી આદિ વાદિત્રોના શબ્દની સાથે હર્ષસૂચક આનંદના ઘોષો થઈ રહ્યા.[૪૨] તેઓ બન્ને પક્ષનાં સૈન્યોનો પ્રથમ એવોજ નિશ્ચય થઇ ગયો હતો, કે અર્જુન તથા શ્રીકૃષ્ણ માર્યા ગયા છે; પણ પાછળથી એકદમ દેખાવમાં આવેલા તેઓ બન્નેને ત્યાં સાથેજ ઉભેલા જોઇને પાંડવોમાં આનંદ વર્તાયો તથા કૌરવોમાં શોક વર્તાયો.[૪૩] શરીરે તદ્દન અક્ષત રહેલા તેઓ બન્ને જણા પછીથી પોતાના ઉત્તમ શંખો વગાડવા લાગ્યા. તમારા પુત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પાંડવોને એ રીતે હર્ષિત થયેલા જોઇ અત્યંત દુઃખી થઇ ગયા.[૪૪] દ્રોણપુત્ર અશ્વત્થામા પણ, તેઓ બન્ને મહાત્માઓને પોતાના અસ્ત્રમાંથી છૂટી ગયેલા જોઈ ખિન્ન ખિન્ન થઈ ગયા; અને એક મુહૂર્તભર વિચારમાંજ પડી ગયા કે, આ તે શું કહેવાય ?[૪૫]

હે રાજેન્દ્ર ! આમ કેટલોએક વિચાર કર્યાપછી તેમનું મન ધ્યાન તથા શોકતત્પર થઇ ગયું. લાંબો ઉષ્ણ નિઃશ્વાસ નાખી તે મનમાં અત્યંત ઉદાસ થઇ ગયા.[૪૬] પછી તેમણે પોતાના ધનુષ્યને હાથમાંથી ફેંકી દીધું અને વેગપૂર્વક રથપરથી ઉતરી પડી " ધિક્કાર! ધિક્કાર! આ સર્વ મિથ્યા છે." આમ કહીને રણમાંથી નાસવા માંડયું;[૪૭] એટલે તુરતજ સ્નિગ્ધ મેઘસમાન કાંતિવાળા, વેદોના નિવાસસ્થાનરૂપ, પાપરહિત, વેદોનો શાખાપ્રશાખાના ભેદથી વિભાગ કરનાર તથા સરસ્વતીના વાસસ્થળરૂપ ભગવાન વ્યાસનાં તેમને દર્શન થયાં.[૪૮] કુરુકુળના ધુરંધર એ ભગવાનને પોતાની આગળ ઉભેલા જોઇ, દ્રોણપુત્ર અશ્વત્થામા વંદન કરીને અતિદીન મનુષ્યની પેઠે ગળગળા કંઠે આવું વચન બોલ્યાઃ–[૪૯] "અરે ઓ ભગવન્ ! આ તે શું માયા છે, કે દૈવેચ્છા છે ? શું છે, તે અમે કંઇ સમજી શકતા નથી. મારૂં આ અમોઘ આગ્ન્યાસ્ત્ર નિષ્ફળ થયું, તે આ શો જુલમ–શો વિપર્યાસ ?[૫૦] આ તે શું વિપરીત થવા બેઠું છે કે લોકોનો સંહારકાળ ઉપસ્થિત થયો છે ? કારણ કે આ કૃષ્ણ તથા અર્જુન, મારા અમોઘ અસ્ત્રમાંથી પણ બચી જઇને હજી જીવી રહ્યા છે ! ખરેખર ! કાળની ગતિ અગમ્ય છે.[૫૧] અસુરો, ગંધર્વો, પિશાચો, રાક્ષસો, સર્પો,યક્ષો, પક્ષીઓ કે મનુષ્યો કોઇ રીતે મારા અસ્ત્રમાંથી બચી શકે નહિ.[૫૨] અરે ! મેં ફેંકેલા તે અસ્ત્રને નિષ્ફળ કરવા જગતમાંનો કોઇ ભૂતવર્ગ ઉત્સાહ ધરાવતો નથી. તેનું તેજ એ બળબળતું અસ્ત્ર, કેવળ એક અક્ષૌહિણી સેનાનોજ નાશ કરીને શાંત થઇ ગયું છે.[૫૩] રે ! સર્વ કોઇનો વિનાશ કરી નાખનારૂં પરમદારુણ અસ્ત્ર મેં છોડયું હતું; છતાં મનુષ્યધર્મી આ કેશવ તથા અર્જુનનો કયા કારણથી તે અસ્ત્રે નાશ ન કર્યો ?[૫૪] હે ભગવન્ ! હું આપને પ્રશ્ન કરૂં છું, માટે તેનું યથાર્થ કારણ મને કહો. હે મહામુનિ ! એ સર્વ વૃત્તાંતને ખરેખરા તત્ત્વથી સાંભળવાની મારી ઈચ્છા છે."[૫૫]

વ્યાસે કહ્યું:–"હે અશ્વત્થામા ! અસ્ત્રનિષ્ફળતાના આશ્ચર્યથી તેં મને મહાન અર્થનો પ્રશ્ન પૂછયો છે; તોપણ હું તને તે સર્વ કહી સંભળાવું છું, તે મનને એકાગ્ર કરી સાંભળ.[૫૬] જે આ શ્રીકૃષ્ણ છે, તે સાક્ષાત્ નારાયણ ભગવાન્ છે, કે જે નારાયણ પૂર્વપુરુષોના પણ પૂર્વજ છે અને જે વિશ્વકર્તાએ દેવોનું કાર્ય કરવામાટે ધર્મના પુત્રતરીકે પ્રથમ જન્મ લીધો હતો.[૫૭] એ વેળા અગ્નિ તથા સૂર્યસમાન મહાતેજસ્વી તે નારાયણે, હિમાચલપર્વતપર જઇને ઉંચા બાહુઓ રાખીને તીવ્ર તપ કરવા માંડયું.[૫૮] છાસઠહજાર વર્ષસુધી કેવળ વાયુનુંજ ભક્ષણ કરી કમળનયન તે નારાયણે, પોતાના શરીરને શુષ્ક કરી નાખ્યું.[૫૯] વળી પણ બીજીવાર તેથી ઘણું મોટું બીજું તપ તપીને તેમણે, સ્વર્ગ તથા પૃથ્વીના વિવરને કેવળ તેજોમય કરી દીધું.[૬૦] હે તાત ! એ રીતના તે તીવ્ર તપશ્ચરણથી તેઓ જ્યારે બ્રહ્મરૂપ થઇ ગયા–બ્રહ્મની પેઠે અત્યંત નિર્લેપ થઇ ગયા, ત્યારે જગતના ઇશ્વર, જગતના ઉપાદાનકારણભૂત, જગતના પાલક, સર્વ દેવોથી સ્તવાતા અને અતિ દુરાધર્ષ એવા ભગવાન શંકરનાં તેમને દર્શન થયાં, કે જે ભગવાન રુદ્રસ્વરૂપ છે, સર્વના નિયંતા છે, બ્રહ્મા આદિ નિયંતાઓમાં પણ શ્રેષ્ઠ છે, જટાજૂટવાન છે, સર્વને ચેતના આપનારા છે, સ્થાવરજંગમ જગતનું પરમ અધિષ્ઠાન છે, સર્વ સ્થળે દુર્નિષેધસ્વરૂપ છે, વિરૂપાક્ષ છે, દુષ્ટોના પર તીવ્ર કોપ કરનારા છે, સત્પુરુષોપર ઉદાર ચિત્તવાળા છે, મહાત્મા છે, સર્વસંહારક છે, દિવ્ય ધનુષ્ય તથા બે ભાથાઓને ધારણ કરનારા છે, સુવર્ણના કવચવાળા છે, અનંત વીર્યવાન છે, પિનાક,વજ્ર, દેદીપ્યમાન ત્રિશૂળ, ફરસી, ગદા તથા લાંબી તરવારને ધારણ કરનારા છે, શુભ્રવર્ણા છે, જટાધારી છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલધારી છે, ચન્દ્રશેખર છે, વ્યાઘ્રાંબરને પહેરનારા છે, પરિઘને ધારણ કરનારા છે, હાથમાં દંડધારી છે, સુંદર બાજુબંધોવાળા છે, સર્પનીજ જનોઈને પહેરનારા છે, સમગ્ર પોતાના ગણોથી તથા ભૂતોથી જે શોભાયમાન છે, સર્વ જગતમાં એકજ સ્વરૂપે વ્યાપક છે, તપશ્ચર્યાથી જેનું સમીપાવસ્થાન છે તથા વૃદ્ધ મહર્ષિઓની ઇષ્ટ વાણીથી નિત્ય સ્તુતિ કરાતા છે.[૬૧-૬૬] વળી જે ભગવાન જળ, દિશાઓ, આકાશ, પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, વાયુ, અગ્નિ, કાલ તથા સર્વ જગતસ્વરૂપ છે; દુરાચારી મનુષ્યોને જેમનું દર્શન પણ થતું નથી, બ્રાહ્મણોનો દ્વેષ કરનારાઓના જે સંહારક છે તથા મોક્ષના જે કારણભૂત છે;[૬૭] બ્રહ્મનિષ્ઠ સદાચારી પુરુષો, પાપનો ક્ષય થતાં તેમજ શોકનો નાશ થતાં જે ભગવાનનાં મનથી દર્શન કરે છે તથા તપશ્ચર્યા કરવાથી અંતઃકરણમાં જે સ્ફુરે છે, તે ધર્મસ્વરૂપ તથા વિશ્વસ્વરૂપ સ્તુત્ય શંકર ભગવાનનાં નારાયણે દર્શન કર્યાં. વાણી, મન બુદ્ધિ તથા દેહવડે એ ભગવાનનાં દર્શન કરી પ્રસન્નચિત્ત થયેલા નારાયણને ઘણોજ હર્ષ થયો; અને અક્ષમાળાને ધારણ કરનારા, તેજના પરમનિધાન તથા વિશ્વના કારણભૂત શ્રી શંકરનાં દર્શન કરી નારાયણે તેમને વંદન કર્યું.[૬૮,૬૯] વર આપનારા, વિશાળ તથા સુંદર અંગવાળાં પાર્વતીદેવીની સાથે રહેલા, સર્વના પ્રભુ, માયાદ્વારા જગતમાં ક્રીડા કરનારા, મહાત્મા, ભૂતગણોથી વિંટાયેલા, અજન્મા, સર્વના નિયંતા, અવ્યક્તસ્વરૂપ, કારણાત્મા, અચ્યુત, રુદ્ર તથા અંધકાસુરનો નાશ કરનારા તે વિરૂપાક્ષ ભગવાનને વંદન કરી કમલનયન નારાયણ ભક્તિપૂર્વક તેમની સ્તુતિ કરવા લાગ્યા.

શ્રીનારાયણે કહ્યું:-હે આદિદેવ ! આ ત્રિભુવનનું રક્ષણ કરનારા સર્વ પ્રજાપતિઓ, આપનાથીજ ઉત્પન્ન થયા છે. હે વરેણ્ય ! હે દેવ! જે પ્રજાપતિઓ આ પૃથ્વીમાં પ્રવેશ કરી આપની પુરાણી સૃષ્ટિનું રક્ષણ કરી રહ્યા છે,[૭૦-૭૨] તેમજ દેવો, અસુરો, સર્પો, રાક્ષસો, પિશાચો, મનુષ્યો, ગરુડો, ગંધર્વો, યક્ષો અને તે સિવાયના સર્વ અનેક જાતના ભૂતગણો આપનાથીજ ઉત્પન્ન થયા છે, તે અમે જાણીએ છીએ. ઇંદ્રદેવતાક, વરુણદેવતાક, કુબેરદેવતાક, પિતૃદેવતાક વિશ્વકર્માદેવતાક અને ચંદ્રદેવતાક જે જે કર્મ કરવામાં આવે છે, તે બધું કેવળ આપને માટેજ કરવામાં આવે છે-અર્થાત્ સર્વ દેવોના નામથી આપનીજ તૃપ્તિ કરવાની હોય છે.[૭૩] રૂપ, તેજ, શબ્દ, આકાશ વાયુ, સ્પર્શ, રસ, જળ, ગંધ, પૃથ્વી, કાળ, બ્રહ્મા, વેદો, યજ્ઞો, બ્રાહ્મણો અને તે સિવાયનો જે આ આપનાથી સ્થાવરજંગમ ભૂતવર્ગ છે તે બધો ઉત્પન્ન થયો છે.[૭૪] જેમ એક મોટા જળાશયમાંથી નાના નાના અનેક પ્રવાહો ઉત્પન્ન થાય છે અને આખરે પાછા તે બધા એકજ સ્થળે એકત્ર થાય છે, તેમ આ સર્વ સ્થાવરજંગમ ભૂતસમુદાય આપનાથી ઉત્પન્ન થયો છે અને અંતે આપનામાંજ વિલીન થાય છે. આવું ભૂતોસંબંધી તાત્ત્વિક જ્ઞાન ધરાવનારો પુરુષ આપના સાયુજ્યને પામે છે.[૭૫] હૃદયાકાશમાં રહેનારા શુદ્ધ, અશુદ્ધ, સત્વગુણપ્રધાન, માયા અને અવિદ્યા નામની જે મૂળપ્રકૃતિ તેમાં ચિત્પ્રતિબિંબભૂત તથા આવરણયુક્ત એવા ઇશ્વર અને જીવસંજ્ઞક બે માનસ પક્ષી-મનની અંદરજ શાસ્તા અને શાસ્ય ભાવથી સ્પષ્ટ જણાતા તથા પક્ષીની પેઠે જેઓ બન્ને ઉપાધિના સંબંધવાળા છે તે ઇશ્વર અને જીવ તથા મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રાઓરૂપ સાત પિપ્પલવૃક્ષો કે જેઓ વાણીમાત્રથીજ વિસ્તૃત થયા છે, વાસ્તવિક તો અસત્યજ છે તથા પૂર્વોક્ત ઇશ્વર અને જીવસંજ્ઞક પક્ષીઓના અધિષ્ઠેય છે તેઓ, અને દશ બીજી ઇંદ્રિયો કે જેઓ પંચભૌતિક શરીરરૂપ નગરને ધારણ કરે છે-તે આ સર્વ તત્ત્વોને આપેજ સરજ્યાં છે, પરંતુ પરમાત્માસ્વરૂપ આપ તો તેઓથી પર છો; ભિન્નજ છો.[૭૬] ભૂત, વર્તમાન તથા અતર્ક્ય ભવિષ્ય તે આપજ છો. આ સમગ્ર ભુવનો આપનાથીજ ઉત્પન્ન થયાં છે. હે પ્રભો ! હું આપનો ભક્ત છું, નિત્ય આપનું ભજન કર્યા કરૂં છું, માટે મારી ઇષ્ટ કામનાઓ પૂરી કરીને આપ મારૂં રક્ષણ કરો; પણ કામાદિ દુષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસનાઓનો મારા ચિત્તમાં પ્રવેશ કરાવી મારો નાશ કરશો નહિ.[૭૭] હે દેવવર્ય! આત્માના પણ આત્મા–ઉપાધિવાળા જીવાત્માથી પર એવા નિરુપાધિસ્વરૂપ પ્રત્યગાત્મા અને તેથીજ જેની અંદર અહંકારાદિનો લેશમાત્ર પણ બોધ થતો નથી એવા પરમાત્મસ્વરૂપ–આપનું તાત્ત્વિક જ્ઞાન ધરાવનારો પુરુષ ઉપાધિનો ત્યાગ કરી, ઉપાધિના સંબંધથી રહિત નિર્લેપ બ્રહ્મને પામે છે; પરંતુ હું તો અહંકારથી યુક્ત છું અને આપનું–શંભુનું અર્ચન કરવા ઇચ્છું છું; માટેજ સ્તુતિ કરવાયોગ્ય એવા આપને સર્વ સ્થળે શોધી રહ્યો છું; જેથી હે દેવ! મેં આપની યથાશક્તિ સ્તુતિ કરી છે. તે પર લક્ષ્ય આપી મને ઇષ્ટ વરદાનો આપો; પરંતુ વિશ્વમાં આપે જે માયાનો વિસ્તાર કર્યો છે તેનો મારાપર વિસ્તાર ન કરશો–મને તો માયાથી મુક્તજ કરજો.

વ્યાસે કહ્યું:–એ પ્રમાણે નારાયણ ઋષિએ જ્યારે સ્તુતિ કરી,ત્યારે પિનાકધારી અચિંત્યાત્મા નીલકંઠ ભગવાન, દેવોમાં મુખ્ય અને વર આપવા યોગ્ય તે નારાયણને વરદાન આપવા 'લાગ્યા. [૭૯]

શ્રીભગવાને કહ્યું:–"હે નારાયણ! મારા પ્રસાદથી તમે મનુષ્યો, દેવો તથા ગંધર્વોમાં અપ્રમેય–અમાપ બળવાળા થશો.[૮૦] દેવો, અસુરો, મોટા સર્પો, પિશાચો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો, ગરુડો, નાગો તથા જગતમાંના સિંહ, વ્યાઘ્ર આદિ ઇતર પ્રાણીઓ તમને સહન કરી શકશે નહિ. કોઇ દેવ પણ શસ્ત્ર, વજ્ર, અગ્નિ, વાયુ, આર્દ્ર, શુષ્ક, જંગમ કે સ્થાવર સાધનથી યુક્ત થઇ તમને રણમાં જીતી શકશે નહિ. મારા પ્રસાદથી કોઇ પણ ભૂતવર્ગ તમને બાધા કરી શકશે નહિ. રણમાં જઇને તમે મારાથી પણ અધિક થશો."[૮૪]

હે અશ્વત્થામા! શ્રીકૃષ્ણે પ્રથમથીજ એ વરદાનો મેળવ્યાં છે, એમ તારે સમજવું. તેજ એ નારાયણ દેવ, માયાથી જગતને મોહ ઉપજાવતાં પૃથ્વીપર ફર્યા કરે છે.[૮૫] વળી આ અર્જુન પણ તે નારાયણના તેજથીજ ઉત્પન્ન થયેલો નર નામનો મહામુનિ છે. તેને પણ એ નારાયણ દેવ સરખોજ તારે જાણવો. તેઓ આ બન્ને શ્રીકૃષ્ણ તથા અર્જુન બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર–એ કુરુદેવોના મધ્યમાં વિષ્ણુસ્વરૂપ નરનારાયણ ઋષિ છે અને પુષ્કળ તપસમૃદ્ધિથી સંપન્ન છે. લોકોનું રક્ષણ કરવાના કાર્યમાટે તેઓ બન્ને જણા યુગે યુગે અવતાર ધારણ કરે છે.[૮૭] હે મહાબુદ્ધિમાન અશ્વત્થામા! તેજ પ્રમાણે તું પણ મહાન તપ તથા કર્માનુષ્ઠાનના પ્રભાવથી તેજ અને કોપને ધારણ કરનારો રુદ્રાવતારીજ ઉત્પન્ન થયો છે.[૮૮] તું દેવના સરખો બુદ્ધિમાન છે અને તેં પણ તારા પૂર્વજન્મમાં આ જગતને શંકરસ્વરૂપ જાણીને તેમને પ્રસન્ન કરવાની ઇચ્છાથી તારા શરીરને અત્યંત કૃશ કર્યું હતું.[૮૯] હે માનદ! પ્રદીપ્ત હવ્ય તૈયાર કરીને જપ, હોમ અને ઉપહારોદ્વારા તેં એ મહાપુરુષ શંકરની મૂર્તિનું પૂર્વે પૂજન કર્યું હતું.[૯૦] એ પ્રમાણે પૂજન કરતાં પૂર્વશરીરકાળેજ તે ભગવાન તારાપર પ્રસન્ન થયા હતા; અને હે વિદ્વાન! તારા મનમાં રહેલા પુષ્કળ વરો તેમણે તને આપ્યા હતા.[૯૧] તારા તથા તે અર્જુન અને શ્રીકૃષ્ણના જન્મ, કર્મ, તપ અને યોગો પુષ્કળ છે. માત્ર ભિન્નતા એટલીજ છે કે, પ્રત્યેક યુગે તેઓ બન્નેએ શંકરની લિંગપૂજા કરી છે અને તેં પ્રતિમાપૂજા કરી છે. [૯૨] જે પુરુષ, પ્રભુ મહેશ્વરને સર્વસ્વરૂપ જાણીને લિંગની અંદર પૂજે છે, તે પુરુષની અંદર સર્વ આત્મયોગો તથા સર્વ શાસ્ત્રયોગો શાશ્વત સ્થિતિ કરે છે.[૯૩] દેવો, સિદ્ધો તથા પરમ ઋષિઓ પણ મહેશ્વરની લિંગપૂજાજ કરે છે અને લોકમાં સર્વથી પર રહેલા તે એક સ્થાણુદેવની નિત્ય પ્રાર્થના કર્યા કરે છે; કારણકે તે મહેશ્વરજ સર્વના સ્રષ્ટા છે. [૯૪] તે આ કેશવ પણ શંકરના ભક્ત છે,એટલુંજ નહિ પણ તે શંકરથીજ ઉત્પન્ન થયેલ છે; માટે તે સનાતન શ્રીકૃષ્ણનુંજ સર્વ યજ્ઞોદ્વારા યજન કરવું.[૯૫] વળી જે પુરુષ પ્રભુ મહેશ્વરના લિંગને સર્વ ભૂતોના ઉત્પત્તિક્ષેત્રરૂપ જાણીને પૂજે છે, તે પુરુષના પર વૃષભધ્વજ શંકર અધિક પ્રીતિ કરે છે."[૯૬]

સંજયે કહ્યું:–વ્યાસ ભગવાનનાં તે વચનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળીને મહારથી દ્રોણપુત્રે, શંકરને નમસ્કાર કર્યા તથા શ્રીકૃષ્ણને સર્વથી અધિક માન્યા.[૯૭] વળી વ્યાસ ભગવાનની તે અદ્ભુત વાણી સાંભળીને જિતેન્દ્રિય અશ્વત્થામાને રોમાંચ થઇ ગયાં. તેમણે મહર્ષિને વંદન કર્યું ને પછી સેનાસામે જોઇને છાવણી તરફ પાછા ફરવાની આજ્ઞા કરી.[૯૮] પછી હે રાજા! તે દિવસના યુદ્ધમાં દ્રોણાચાર્યનું મરણ થતાં દીન થઇ ગયેલા કૌરવો તથા પાંડવો છાવણી તરફ પાછા ફર્યા.[૯૯] આ રીતે હે રાજા! પાંચ દિવસ યુદ્ધ કરીને વેદપારંગત દ્રોણાચાર્ય સેનાનો સંહાર કરી નાખી બ્રહ્મલોકમાં ગયા હતા.[૧૦૦]

ઇતિ શ્રીમહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્રમોક્ષપર્વમાં 'વ્યાસનું વાક્ય' એ વિષયનો અધ્યાય ૨૦૧ મો સમાપ્ત

અધ્યાય ૨૦૨ મો

શ્રી શંકરમાહાત્મ્ય-

વ્યાસ અને અર્જુન

॥ धृतराष्ट्र उवाच ॥

तस्मिन्नतिरथे द्रोणे निहते पार्षतेन वै ।
मामकाः पांडवाश्चैव किमकुर्वन्नतःपरम्॥१॥

ધૃતરાષ્ટ્રે પૂછયું:-અતિરથી દ્રોણાચાર્યને ધૃષ્ટદ્યુમ્ને મારી નાખ્યા પછી કૌરવો અને પાંડવોએ શું કર્યું હતું?[૧]

સંજયે કહ્યું:-અતિરથી દ્રોણાચાર્યને ધૃષ્ટદ્યુમ્ને મારી નાખ્યા અને કૌરવોમાં જ્યારે ભંગાણ પડયું, ત્યારે કુંતીપુત્ર અર્જુને, પોતાનો વિજય કરનારૂં અતિમહાન આશ્ચર્ય જોઇને દૈવેચ્છાએ ત્યાં આવી ચઢેલા વ્યાસભગવાનને પૂછયું.

અર્જુને પૂછયું:-હે મહામુનિ! નિર્મળ બાણો મૂકીને હું જ્યારે સંગ્રામમાં શત્રુઓને મારી નાખતો હતો, ત્યારે મારી આગળ ચાલતા અગ્નિસરખા તેજસ્વી એવા એક પુરુષને હું જોતો હતો.[૪] બળબળતા ત્રિશૂલને હાથમાં લઇ તે પુરુષ જે દિશામાં જતા હતા ત્યાં ત્યાં મારા શત્રુઓનો સંહાર થઇ જતો હતો.[૫] આ યુદ્ધમાં ખરી રીતે તો મારા સર્વ શત્રુઓને તે પુરુષેજ મારી નાખ્યા છે; પણ અજ્ઞાનથી મનુષ્યો માને છે કે, અર્જુને આ બધાનો નાશ કર્યો છે; પરંતુ હું તો તેમની પાછળ પાછળજ ચાલું છું ને સૈન્યોનો વિનાશ તો તેમણેજ કર્યો છે;[૬] માટે હે ભગવન્! તમે મને કહો, તે મહાપુરુષ કોણ હતા? મેં તેમને ત્રિશૂળધારી જોયા હતા. તેજમાં તે સૂર્યસરખા હતા, બે પગવડે પૃથ્વીનો સ્પર્શ કરતા ન હતા પણ તે અદ્ધરજ ચાલતા હતા. ત્રિશૂળને હાથમાંથી છોડતા ન હતા અને તે મહાપુરુષના તેજને લીધે એક ત્રિશૂળમાંથી હજારો ત્રિશૂળો નીકળતાં હતા.[૭]

વ્યાસે કહ્યું:-તેં જે તેજસ્વી પુરુષને તારી આગળ ચાલતા જોયા હતા તે પ્રજાપતિઓના આદિ, સર્વના અંતર્યામી, સ્વર્ગ, પૃથ્વી ને આકાશસ્વરૂપ તથા સર્વ લોકના ઇશ્વર, પ્રભુ, વરદ અને સર્વના નિયંતા શંકરનેજ જોયા હતા; માટે ભુવનના ઇશ્વર તે વરદ દેવને તું શરણે જા. તે શ્રી શંકર મહાન દેવ છે, મહાન આત્મા છે, સર્વના નિયંતા છે, જટાધારી છે, સર્વવ્યાપક છે, ત્રિનેત્ર છે, મોટી ભુજાવાળા છે, રુદ્રસ્વરૂપ છે, શિખાધારી છે, વલ્કલવસ્ત્રને પહેરનારા છે, મહાદિવ્ય છે, સૃષ્ટિના સંહર્તા છે, અચળ સ્વભાવના છે, ઇષ્ટ વરોને આપનારા છે, ભુવનવ્યાપક છે, જગતમાં મુખ્ય છે, અજિત છે, જગતને આનંદ કરનારા છે, ઇશ્વરથી પણ અધિક છે. નિરુપાધિ ચિન્માત્રસ્વરૂપ છે, જગતના બીજરૂપ છે, જગતના માતાપિતાસ્વરૂપ છે, જયકર્તા છે, જગતના શરણરૂપ છે, વિશ્વના આત્મારૂપ છે, વિશ્વના સ્રષ્ટા છે, વિશ્વમૂર્તિ છે, યશસ્વી છે, વિશ્વના ઇશ્વર છે, વિશ્વના નેતા છે, કર્મોના નિયંતા છે, સર્વના પ્રભુ છે, કલ્યાણકારક છે, સ્વયંભૂ છે, ભૂતોના ઇશ્વર છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ઉત્પાદક છે, યોગસ્વરૂપ છે, યોગેશ્વર છે, સર્વસ્વરૂપ છે, સર્વ લોકોના ઇશ્વરના પણ ઇશ્વર છે, સર્વના કરતાં શ્રેષ્ઠ છે, જગતમાં વરિષ્ઠ છે, પરમ સ્થાનમાં રહેનારા છે, ત્રણેય લોકના વિધાતા છે, સર્વ સ્થળે એક સ્વરૂપજ છે, ત્રણેય લોકના આશ્રયરૂપ છે, શુદ્ધાત્મા છે, ઉત્પત્તિક્ષેત્ર છે, ભયંકર સ્વરૂપી છે, ચંદ્રને મુકુટમાં ધારણ કરનારા છે, સનાતન છે, પૃથ્વીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારી રાખનારા છે, દિવ્ય છે, સર્વ વાણીઓના ઈશ્વરના પણ ઈશ્વર છે, અધિકારરહિત પુરુષોથી અત્યંત દુષ્પ્રાપ્ય છે, જગતના નાથ છે, જન્મ, મૃત્યુ અને જરાને ઉલ્લંઘી ગયા છે, જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય છે, ચિન્માત્રસ્વરૂપ જ્ઞાનથીજ અતિ પ્રશસ્ય છે અને તેથીજ અતિ દુર્જ્ઞેય છે. વળી તેઓ પોતાના પરમ ભક્તોને કૃપા કરીને ઇચ્છિત વરો આપનારા છે. ૧૧–૧૮ એ પ્રભુના પાર્ષદો પણ અનેક પ્રકારનાં દિવ્ય સ્વરૂપોવાળા છે. તેઓમાં કેટલાએક વામન (ઠીંગણા), જટાધારી, મુંડ, નીચી ડોકવાળા, મોટા પેટવાળા, પ્રચંડ શરીરવાળા, મોટા ઉત્સાહવાળા અને મોટા કાનવાળા છે. હે અર્જુન! ત્યારે બીજા કેટલાએક કદ્રૂપા પગવાળા અને બેડોળ વેષવાળા પણ છે. આવા પાર્ષદો તે મહાન દેવ મહેશ્વરની પૂજા કર્યા કરે છે. હે તાત! તેજ તેજસ્વી શ્રી શંકર તારાપરની કૃપાને લીધે તારી આગળ આગળ ચાલે છે. હે પાર્થ! જોતાં રુવાં ખડાં થઇ જાય તેવા આ ઘોર સંગ્રામમાં અશ્વત્થામા, કૃપાચાર્ય, કર્ણ આદિ મહાધનુર્ધર યોદ્ધાઓના રક્ષણતળે રહેલી કૌરવી સેનાને મનથી પણ કોણ પરાભવ કરી શકે તેમ છે? માત્ર મહાધનુર્ધર દેવ મહેશ્વરજ તે સેનાનો નાશ કરી શકે; કારણ કે તે પ્રભુ જ્યારે આગળ ઉભા હોય, ત્યારે કોઈ પણ પુરુષ તેમની સામે ટકી શકે નહિ. ત્રણેય લોકના છેડાસુધીમાં તેવું કોઇ પણ પ્રાણી નથી કે જે તેમની સામે લડે. ૧૯–૨૪ સંગ્રામમાં કોપાયમાન થયેલા તે મહેશ્વરના ગંધમાત્રથીજ શત્રુઓ બેભાન થઇ, લગભગ મરણને શરણ થઈને થરથરી ઉઠે છે અને પૃથ્વીપર પછડાઇ પડે છે. ૨૫ દેવો પણ તેમને નમસ્કાર કરીનેજ સ્વર્ગમાં રહી શકે છે; તેમજ આ લોકમાં રહેલા સ્વર્ગજેતા બીજા મનુષ્યો પણ, તે દેવાધિદેવને નમન કર્યા કરે છે. ૨૬ જે ભક્તપુરુષો વરદ, રુદ્ર, પાર્વતીપતિ, સર્વના ઈશ તે શંકર દેવને અનન્ય ભાવથી સદા ઉપાસે છે, તેઓ આ લોકમાં પરમ સુખ પામીને અંતે પરમ ગતિને–મોક્ષને પામે છે; માટે હે કુંતાપુત્ર! તું એ શાંત દેવને નમસ્કાર કર. ૨૭,૨૮ રુદ્ર, નીલકંઠ, સૂક્ષ્મસ્વરૂપ, અતિશય તેજસ્વી, જટાજૂટધારી, કરાલ સ્વરૂપ, કુબેરને વર આપનાર, કાલમૂર્ત, માયાવડે વિચિત્ર પ્રકારના અવતારો ધરનારા, સદાચારી ભક્તને સુખ કરનારા, કામના કરવાયોગ્ય, નીલ નેત્રવાળા, અચલ સ્વભાવવાળા, પરમ પુરુષસ્વરૂપ, શ્યામ કેશવાળા, મુંડ–યજમાન મૂર્તિ, તપશ્ચર્યામાંજ એકનિષ્ઠાવાળા હોવાથી કૃશ થયેલા, સંસારથી તારનારા, પ્રદીપ્તસ્વરૂપ, ઉત્તમ તીર્થસ્વરૂપ, દેવોના પણ દેવ, વેગવાળા, અનેક સ્વરૂપી, સર્વ શુભાવહ વિધિઓ જેમને પ્રિય છે એવા, ચંદ્રને પ્રિય કરનારા, મસ્તકે મુકુટ ધરનારા, સુંદર મુખવાળા, હજારો નેત્રોવાળા, વૃષ્ટિ કરનારા, કૈલાસ પર્વતમાં નિવાસ કરનારા, શાંતસ્વરૂપ, સર્વના પાલક, વલ્કલ વસ્ત્રને પહેરનારા, સુવર્ણના અલંકારોથી શોભાયમાન બાહુઓવાળા, ઉગ્રસ્વરૂપ, દિશાઓના પતિ, મેઘરાજાના પતિ, સર્વ ભૂતોના પતિ, વૃક્ષોના પતિ અને સર્વ વાણીઓના પતિ તે ભગવાનને આપણા નમસ્કાર હજો. ૨૯–૩૪ હે કુંતાપુત્ર! તેમનું શરીર મુંડમાળથી ઢંકાયેલું છે, દેવોની સેનાઓના તેઓ નેતા છે, સર્વના અંતર્યામી છે, હાથમાં સ્રુવને ધારણ કરનારા અધ્વર્યુસ્વરૂપ છે, દિવ્ય સ્વરૂપ છે, ધનુર્ધર છે, પરશુરામસ્વરૂપ છે, અનેક સ્વરૂપને ધારણ કરનારા છે, જગતના પતિ છે, મુંજ નામના ઘાસનાં બનાવેલાં વસ્ત્રોને પહેરનારા છે, તે હજાર મસ્તકોવાળા છે, હજારો તેમને નેત્રો છે, હજારો બાહુઓ છે, હજારો ચરણો છે તથા તે વર આપનારા દેવ, ત્રિભુવનના ઈશ્વર છે; માટે તું એમને શરણે જા. ૩૫–૩૭ પાર્વતીના પતિ, વિરૂપ નેત્રોવાળા, દક્ષ પ્રજાપતિના યજ્ઞનો નાશ કરનારા, પ્રજાઓના પતિ, અનાકુલ, ભૂતોના પતિ, અવિકારી, જટાજૂટવાળા, બ્રહ્મા આદિક મહાન દેવોને પણ માયાવડે ભમાવી દેનાર, સર્વ લોકોના આશ્રયસ્થાનરૂપ નાભિવાળા, નંદિકેશ્વરપર બેસનારા, ત્રણેય લોકોનો સંહાર કરવામાં સમર્થ એવો જેમનો અહંકાર છે એવા, ધર્મના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંરક્ષક, ધર્મનેજ સર્વોત્કૃષ્ટ માનનારા, કર્મોનાં ફળને આપનારા ઇંદ્રાદિ દેવોમાં પણ શ્રેષ્ઠ, જેમની ધ્વજામાં પોઠીઆનું ચિહ્ન છે એવા, ધર્મથી પ્રકાશમાન થયેલા પુરુષોને અનંત ફળ આપનારા, ધર્મથીજ જેમનો સાક્ષાત્કાર થઇ શકે છે એવા, યોગધર્મથીજ પ્રાપ્ત કરવાયોગ્ય, વૃષભસમાન વિશાળ નેત્રોવાળા, મહાન ઉદરવાળા, પ્રચંડ શરીરવાળા, વ્યાઘ્રાંબરને ધારણ કરનારા, સર્વ લોકના નિયંતા, ભક્તોના ઇષ્ટ વરોને આપનારા, યજમાનમૂર્તિ, બ્રાહ્મણોના શરણરૂપ, બ્રાહ્મણોને પ્રિય, હાથમાં ત્રિશૂળને ધારણ કરનારા, વરદ, ઢાલ તરવારને ધારણ કરનારા, સર્વના પ્રભુ, પિનાક ધનુષ્યને ધારણ કરનારા, ખડ્ગને ધારણ કરનારા, લોકોના પતિ, લોકોના ઇશ્વર, વલ્કલ વસ્ત્રોને ધારણ કરનારા એવા તે શંકર દેવને હું શરણે જાઉં છું. દેવોના ઇશ્વર અને કુબેર જેમનો મિત્ર છે એવા તે મહાદેવને અમારા નમસ્કાર હજો. સુંદર વસ્ત્રોને પહેરનારા, સુંદર વ્રતવાળા તથા સુંદર ધનુષ્યને ધારણ કરનારા જેમના પાર્ષદો છે એવા તે શંકર ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. પોતે પણ ધનુર્ધર, ધનુષ્યપર પ્રીતિ રાખનારા, ધનુષ્ય જેનું પ્રેરક છે તે બાણસ્વરૂપ, ધનુષ્યના મધ્યમાં રહેનાર પણછસ્વરૂપ, ધનુષ્યસ્વરૂપ, ધનુર્વેદના ગુરુ એવા તે મહેશ્વર દેવને અમારા નમસ્કાર હો. ઉગ્ર આયુધોવાળા, દેવોમાં શ્રેષ્ઠ, અનેકસ્વરૂપ, મહાન ધનુર્ધર, નિત્ય અચલસ્વરૂપ અને સદા તપસ્વી શ્રી શંકર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. સ્વર્ગમાં રહેલાં ત્રણ નગરોનો નાશ કરનારા, ભગદેવનાં નેત્રોનો નાશ કરનારા, વનસ્પતિના પતિ, સર્વ પુરુષોના પતિ, સર્વ માતૃકાઓના પતિ, ગણોના પતિ, સર્વ વાચાઓના પતિ અને સર્વ યજ્ઞોના પતિ એવા એ શંકર ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ.[૪૭,૪૮] સર્વ જળોના પતિ, સર્વ દેવોના પતિ, પૂષાદેવના દાંતો પાડી નાખનારા, ત્રણ નેત્રોવાળા, વરદાન દેનારા, શ્યામ કંઠવાળા, પિંગટ કેશવાળા, સુવર્ણસરખા પ્રદીપ્ત કેશવાળા તે મહાન પ્રભુને અમારા નમસ્કાર હો.

હે અર્જુન! બુદ્ધિમાન તે મહાદેવનાં જે જે દિવ્ય કર્મો છે તે હું તને મારી બુદ્ધિ પ્રમાણે તથા મેં જે રીતે સાંભળ્યાં છે તે પ્રમાણે કહું છું, તે સાંભળ. તે ભગવાન જ્યારે કોપાયમાન થાય છે, ત્યારે ગુફામાં ભરાઈ પેઠેલા એવા દેવો, અસુરો, ગંધર્વો કે રાક્ષસોને પણ આ લોકમાં કોઈ સ્થળે સુખ થતું નથી. દાખલાતરીકે યજમાન દક્ષ પ્રજાપતિએ, વેદોક્ત વિધિવત્ એક યજ્ઞ પૂર્વે આરંભ્યો હતો. તેના યજ્ઞનો પણ કોપાયમાન થયેલા શંકરે નાશ કર્યો હતો. તે સમયે તેઓ ઘણા નિર્દય થઇ ગયા હતા. ધનુષ્યમાંથી બાણ છોડીને મોટા ઉંચા સ્વરથી તેમણે એવી તો ગર્જના કરી હતી, કે જેથી દેવોને પણ કોઇ સ્થળેથી શાંતિ કે સુખ મળ્યું ન હતું. મહેશ્વરનો કોપ થતાં એકાએક યજ્ઞનો નાશ થયો હતો અને તેમની (ધનુષ્યની) પણછના ટંકારવથી સર્વ લોક ખળભળી ઉઠયા હતા. હે અર્જુન! સર્વ ભૂતગણો તેમને વશ થઈ ગયા, સર્વ સુરાસુરો સ્વર્ગમાંથી પડવા લાગ્યા, સર્વ જળાશયો ખળભળી ઉઠયાં, પૃથ્વી કંપી ગઇ, પર્વતો તૂટી પડયા, દિશાઓના હાથીઓ પણ ગભરાટમાં પડી ગયા અને સર્વ સ્થળે અંધકાર છવાઈ ગયો; જેથી લોકો બરાબર પ્રકાશતા પણ ન હતા. તેમણે સૂર્યસહિત સર્વ નક્ષત્રોની કાંતિનો નાશ કરી નાખ્યો હતો. સર્વ ઋષિઓ, પોતાને તથા સર્વ ભૂતોને સુખ થાય એવી ઇચ્છાથી શાંતિ કરવા લાગ્યા; છતાં ભયભીત થઇને ક્ષુબ્ધ થઇ ગયા હતા.[૫૮] એ સમયે ભગવાન શંકર મોટું અટ્ટહાસ્ય કરીને પૂષાદેવસામે ધસી ગયા હતા અને તે, પુરોડાશનું ભક્ષણ કરતો હતો; તે જોઇ તેના દાંત ખેંચી કાઢયા હતા. તે પછી થરથર ધ્રૂજતા સર્વ દેવતાઓ ચૂપચાપ લીન થઇને તે યજ્ઞપ્રદેશમાંથી દૂર નાસી જવા લાગ્યા. એટલે તેઓનો પણ વધ કરવામાટે તેમણે તીક્ષ્ણ અને પ્રદીપ્ત બાણો સાંધવા માંડયાં. તે સર્વ બાણોમાંથી ધૂમાડા નીકળતા હતા, તણખા ઝરતા હતા અને વિજળી તથા મેઘસરખાં તે બાણો પ્રકાશિત હતાં અને ઘોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દને કરતાં હતાં. આવાં ભયંકર બાણોને છોડી રહેલા તે મહેશ્વરને સર્વ દેવો, તુરતજ નમી પડયા; એટલુંજ નહિ પણ તેઓએ સર્વ યજ્ઞોમાં રુદ્રદેવનો સર્વોત્કૃષ્ટ યજ્ઞભાગ તે દિવસથી કાઢવા માંડયો. હે રાજન્ અર્જુન ! એ પ્રમાણે ભયભીત થયેલા દેવતાઓ જ્યારે તેમને શરણે ગયા, ત્યારે તેમણે પોતેજ તે દક્ષ પ્રજાપતિના યજ્ઞને પરિપૂર્ણ કર્યો હતો. તે સમયે દેવતાઓ એટલા બધા ભયભગ્ન થઇ ગયા હતા કે જેથી હજીસુધી પણ તેઓને મહેશ્વરનો ભય રહ્યાજ કરે છે.[૫૮–૬૩]

વળી પણ તેમનું એક બીજું ચરિત્ર હું તને કહું છું,તે સાંભળ. પૂર્વકાળમાં અતિશય વીર્યવાળા અસુરોનાં, આકાશના મધ્યભાગમાં ત્રણ નગરો આવેલાં હતાં તે નગરોમાં એક તદ્દન લોખંડનું, બીજું તદ્દન રૂપાનું અને ત્રીજું તદ્દન સુવર્ણનું હતું. તેમાંથી સુવર્ણનું નગર કમલાક્ષ નામના અસુરનું હતું, રૂપાનું નગર તારકાક્ષ નામના અસુરનું હતું અને લોખંડનું નગર વિદ્યુન્માલી નામના અસુરનું હતું.[૬૫] તે નગરોને તોડી પાડવામાટે સર્વ જાતનાં આયુધો લઇને ઇંદ્ર, ખૂબ મથ્યો પણ આખરે તેઓને તોડીજ શક્યો નહિ; જેથી ગભરાટમાં પડી ગયેલા સર્વ દેવો, રુદ્રને શરણે ગયા. ત્યાં જઇને ઇંદ્રસહિત બધા દેવો, તે મહાત્માને કહેવા લાગ્યા:–" હે દેવદેવેશ ! સ્વર્ગમાં રહેલાં ત્રણ નગરોમાં વસનારા ઘોર રાક્ષસો, કે જેઓને બ્રહ્મદેવે વરદાન આપ્યાં છે, તેઓ એ વરદાનોથી ગર્વિષ્ઠ બની જઇને લોકોને ઘણું દુઃખ દઇ રહ્યા છે. હે મહાદેવ! આપનાસિવાય બીજો કોઇ દેવ,તેઓનો નાશ કરવા સમર્થ નથી; માટે આપ તેઓને મારી નાખો. હવે દેવોનો દ્વેષ કરનારા તે રાક્ષસો, સર્વ કર્મોમાં રૌદ્ર પશુરૂપ થશે, માટે હે ભુવનેશ્વર ! આપ તે અસુરોનો અવશ્ય નાશ કરશોજ." આ પ્રમાણે દેવોએ જ્યારે પ્રાર્થના કરી, ત્યારે "तथास्तु" એમ કહીને દેવોનું હિત કરવાની ઇચ્છાથી ભગવાન શંકરે, સમુદ્રો અને વનસહિત એવી આખી પૃથ્વીનેજ પોતાના રથરૂપ બનાવી. એ રથમાં ગંધમાદન તથા વિંધ્યાચળ પર્વતના બે નાના નાના પાસે ફરકતા ધ્વજ બનાવ્યા, શેષનાગને રથના ઝુંસરારૂપ બનાવ્યો, ચંદ્રસૂર્યને રથનાં પૈડાં બનાવ્યા, ઐલપત્ર તથા પુષ્પદંત નામના બે સર્પોને ધુંસરીના છેડાનાં બંધન બનાવ્યાં, મલયાચળ પર્વતને રથનો યૂપ બનાવ્યો, તક્ષકનાગને રથના ત્રિવેણુને બાંધવાની દોરી બનાવી, ચાર વેદોને મહેશ્વરે ચાર ઘોડા બનાવ્યા, ઉપવેદોને ઘોડાઓનાં ચોકડાં બનાવ્યાં, ગાયત્રી તથા સાવિત્રીને ઘોડાઓની લગામ બનાવી, ૐકારને ચાબૂક બનાવ્યો, બ્રહ્માને સારથિ બનાવ્યા, મંદરાચળપર્વતને ગાંડીવધનુષ્ય બનાવ્યો, વાસુકિનાગને ધનુષ્યની દોરી બનાવ્યો, વિષ્ણુને ઉત્તમ બાણ બનાવ્યા, અગ્નિને બાણનું ફળું બનાવ્યો, વાયુને બાણનાં પીછાં બનાવ્યો, યમરાજાને બાણનું પુંખ બનાવ્યો, વિજળીને બાણની તીક્ષ્ણ અણી બનાવી તથા મેરુપર્વતને રથ ઉપરનો મહાન ધ્વજ બનાવ્યો. આવા સર્વ દેવમય દિવ્ય રથમાં બેસીને યોદ્ધાઓમાં શ્રેષ્ઠ સ્થાણુ શંકર ભગવાન ત્રિપુરનો નાશ કરવા ચાલી નીકળ્યા હતા. અસુરોનો સંહાર કરનારા અને અતુલ પરાક્રમવાળા એ શ્રીમાન દેવની, દેવો તથા તપોધન મહર્ષિઓ, એ વેળા સ્તુતિ કરતા હતા. હે અર્જુન ! પ્રભુ મહેશ્વરે, તે સમયે માહેશ્વર નામનો અપ્રતિમ દિવ્ય વ્યૂહ રચ્યો હતો અને એકહજાર વર્ષસુધી ત્યાં અચળ ઉભા રહ્યા હતા. જ્યારે તે ત્રણેય નગરો અમુક સંયોગે આકાશમાં એકત્ર થયાં, ત્યારે ત્રણ પર્વવાળા અને ત્રણ ફળાંવાળા એકજ બાણથી તે ત્રણેય નગરોને તેમણે તોડી પાડ્યાં હતાં. ભગવાન શંકરે વિષ્ણુ તથા ચંદ્રથી યુક્ત અને સાક્ષાત્ કાળાગ્નિસંપન્ન એવું તે એકજ બાણ જ્યારે છોડયું હતું, ત્યારે રાક્ષસો તેની સામે જોવાને પણ શક્તિમાન થયા ન હતા; તો યુદ્ધ કરવાની તો વાતજ શી? જે વેળા ભગવાન શંકર, એ નગરોને બાળી રહ્યા હતા તે વેળા ઉમાદેવી, પાંચ શિખાઓવાળા એક બાળકને ખોળામાં બેસાડીને પોતે જાતેજ તે જોવાને ત્યાં પધાર્યાં હતાં. કાંઇક વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણવાની ઇચ્છાથી દેવીએ ત્યાં ઉભેલા દેવોને પ્રશ્ન કર્યો કે, આ કોણ છે?[૬૬-૮૪] તે સાંભળી શંકરપરની અસૂયાને લીધે ઇંદ્ર, હાથમાં વજ્ર લઇ પ્રહાર કરવા સજ્જ થયો; એટલે તુરત સર્વ લોકના ઇશ્વર પ્રભુ મહેશ્વરે મંદમંદ હસીને કોપાયમાન થયેલા તે ઇંદ્રના વજ્રસહિત બાહુને થંભાવી દીધો. એ રીતે ભુજા થંભીગઇ, ત્યારે દેવગણોથી વિંટાયેલો તે ઇંદ્ર, ઉતાવળો ઉતાવળો અવિનાશી પ્રભુ બ્રહ્મદેવની પાસે ગયો અને સર્વ દેવોએ મસ્તકથી પ્રણામ કરી હાથ જોડીને બ્રહ્મદેવને પૂછ્યું:-"હે બ્રહ્મન્! પાર્વતીના ખોળામાં કોઇ અદ્ભુત બાળક બેઠો હતો, કે જેને જોઇને બાલસ્વરૂપ ધારી અમે ઓળખી શક્યા નહિ; માટે આપને અમે પૂછીએ છીએ કે, જે બાળકે યુદ્ધ કર્યાવિનાજ એક રમતમાત્રમાં ઇંદ્રસહિત સર્વ દેવોનો પરાજય કર્યો છે તે બાળક કોણ છે?"[૮૫-૮૯] દેવોનું તે વચન સાંભળી બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મા, અમાપ તેજવાળા તે બાળકના સંબંધમાં ધ્યાન ધરવા લાગ્યા ને ધ્યાનદ્વારા તે બાળકનું યથાર્થ સ્વરૂપ જાણી લઇ ઇંદ્ર આદિ દેવોપ્રત્યે બોલ્યા:-

"હે દેવો! ઉમાદેવીની સાથે રહેલા અમાપ તેજસ્વી જે બાળકનાં તમને દર્શન થયાં હતાં તે આ ચરાચર જગતના પ્રભુ ભગવાન શંકર છે. એ મહેશ્વરથી અતિશય ઉત્તમ એવો કોઇપણ નથી.[૯૦-૯૨] પાર્વતીને માટેજ તેમણે પોતાનું બાળસ્વરૂપ ધારણ કર્યું છે; માટે તમે બધા મારી સાથે તેમનેજ શરણે ચાલો. એજ પ્રભુ સર્વ લોકના ઇશ્વર, દેવ અને ભગવાન છે. ભુવનના ઇશ્વર એવા તે ભગવાનને દેવો જાણી શક્યા નથી." આમ દેવોને કહીને પ્રજાપતિઓ તથા સર્વ દેવોને સાથે લઇ બ્રહ્મા, તે મહેશ્વર દેવ પાસે ગયા અને બાલસૂર્યસમાન કાંતિવાળા એ પ્રભુનાં તેમણે દર્શન કર્યાં;[૯૩-૯૫] તેમજ "આજ સર્વોત્તમ દેવ છે" એમ સમજીને પિતામહે તેમને વંદન કર્યું.

પછી બ્રહ્માએ કહ્યું:-" હે પ્રભો! તમેજ આ ત્રિભુવનના પાલક છો, યજ્ઞસ્વરૂપ છો, જગતના લયસ્થાન છો, ઉત્પત્તિકારણ છો, મહાન દેવ છો, પરમ ધામ છો તથા સર્વને પરમ પ્રાપ્ય સ્થાન છો. તમારાવડે આ સર્વ સ્થાવરજંગમ જગત વ્યાપ્ત થયું છે.[૯૬,૯૭] હે ભગવન્! હે ભૂતભવ્યના ઇશ! હે લોકના નાથ! હે જગતના પતિ! આપના ક્રોધથી દુઃખી થયેલા આ ઇંદ્રનાપર હવ કૃપા કરો."[૯૮]

વ્યાસે કહ્યું:-બ્રહ્મદેવનાં વચન સાંભળી, ભગવાન મહેશ્વર પ્રસન્ન થયા અને પ્રસાદાભિમુખ થઇ ખડખડાટ હસવા લાગ્યા.[૯૯] પછી ઇંદ્ર આદિ સર્વ દેવોએ, દેવી ઉમાસહિત ભગવાન રુદ્રને પ્રસન્ન કર્યા; જેથી ઇંદ્રનો બાહુ તેની મૂળ સ્થિતિપર આવી ગયો-છૂટો થઇ ગયો. ભગવાન વૃષધ્વજ તે દેવોના પર પ્રસન્ન થયા, કે જેમણે સર્વ દેવોમાં પોતાની ઉત્તમત્તા દર્શાવીને દક્ષ પ્રજાપતિના યજ્ઞનો વિનાશ કર્યો હતો; તે ભગવાનજ રુદ્રસ્વરૂપ છે, શિવસ્વરૂપ છે, અગ્નિસ્વરૂપ છે, સર્વસ્વરૂપ છે, સર્વવેત્તા છે, ઇંદ્રસ્વરૂપ છે, વાયુસ્વરૂપ છે, અગ્નિકુમારસ્વરૂપ છે, વિજળીસ્વરૂપ છે, ભવસ્વરૂપ છે, મેઘસ્વરૂપ છે અને તેજ સનાતન મહાદેવ ચંદ્રસ્વરૂપ છે. સર્વના નિયંતા છે, સૂર્યસ્વરૂપ છે, વરુણસ્વરૂપ છે, તેજ કાલ છે, તેજ અંતક છે, તેજ મૃત્યુ છે, તેજ યમ છે, તેજ રાત્રિ છે, તેજ દિવસ છે, તેજ માસ છે, તેજ અર્ધમાસ છે, તેજ ઋતુઓ છે, તેજ બન્ને સંધ્યાઓ છે અને તેજ સંવત્સર છે.[૧૦૦-૧૦૪] ધાતા, વિધાતા, વિશ્વાત્મા અને વિશ્વરૂપ કર્મને કરનાર એવા તેજ ભગવાન પોતે શરીરધર્મથી રહિત છે,છતાં માયાદ્વારા સર્વ દેવોનાં-રે સર્વ ભૂતોનાં શરીરો ધારણ કરે છે.[૧૦૫] સર્વ દેવો જેમની સ્તુતિ કર્યા કરે છે એવા તેજ દેવાધિદેવ એક, અનેક, સેંકડો, હજારો અને વળી લાખો સ્વરૂપી બને છે.[૧૦૬] તે મહેશ્વર દેવની બે તનુઓ છે, એમ વેદજ્ઞ બ્રાહ્મણો-બ્રહ્મનિષ્ઠ પુરુષો યથાર્થ સમજે છે. એક ઘોરા અને બીજી શિવા. વળી તે આ બે તનુઓ પણ અનેક પ્રકારની બને છે.[૧૦૭] તેમાં જે ઘોરા તનુ છે, તે રાક્ષસોની ઉપાસ્ય છે અને અગ્નિ, વિષ્ણુ તથા સૂર્યસ્વરૂપ છે; તેમજ એમની જે શિવા તનુ છે,તે જળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્ષત્રો અને ચંદ્રસ્વરૂપ છે. ૧૦૮ વેદો, વેદોનાં અંગો, ઉપનિષદો તથા આધ્યાત્મિક નિશ્ચયનું દૃઢ પ્રતિપાદન કરનારા જે કોઇ અન્ય ગ્રંથો છે અને તેઓ સર્વની અંદર જે કંઈ પરમ ગુહ્ય રહસ્ય રહેલું છે, તે સર્વ દેવ મહેશ્વરજ છે.૧૦૯ આવા સ્વરૂપના ભગવાન મહાદેવ અજન્મા છે એટલુંજ નહિ પરંતુ મેં પ્રથમ વર્ણવેલા ગુણો કરતાં એ અધિક ગુણવાન છે. તે ભગવાનના સર્વ ગુણોનું મારાથી કથન થઇ શકે તેમ નથીજ.૧૧૦ હે પાંડુનંદન ! એક હજાર વર્ષસુધી હું આ રીતે તેમના ગુણો નિરંતર ગાયા કરૂં,તથાપિ તેનો પાર નજ આવે. શરણે આવેલા ભક્તજનોપર કૃપા કરનાર તે પરમેશ્વર, જો પ્રસન્ન થાય તો પોતાના શરણાગત ભક્તો કે જેઓ સર્વ ક્રૂર ગ્રહોના પંજામાં સપડાયા હોય અને સર્વ જાતનાં પાપોથી યુક્ત હોય તોપણ તેઓને મુક્ત કરે છે, તેઓનો ઉદ્ધાર કરે છે. આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય, ધન અને બીજા સર્વ પુષ્કળ અભિલાષોને તેજ પ્રભુ મનુષ્યોને આપે છે અને તેજ જો ક્રોધાયમાન થાય તો પાછા છીનવી પણ લે છે. ઇંદ્ર આદિ દેવોની અંદર તેમનુંજ અશ્વર્ય છે, એમ કહેવાય છે. લોકમાં મનુષ્યોનાં શુભ અશુભ સર્વ કર્મોમાં તે વ્યાપ્ત થઇને રહેલા છે. તે ભગવાન પોતાના ઐશ્વર્યના પ્રભાવથી સર્વ જાતના અભિલાષોને પૂર્ણ કરી શકે છે, માટેજ તે ઇશ્વર કહેવાય છે. તે દેવ મહાન ભૂતોના ઈશ્વર છે, માટે મહેશ્વર કહેવાય છે; એટલુંજ નહિ પરંતુ અનેક સ્વરૂપોવાળાં પોતાનાં અનેક રૂપો કરીને સમગ્ર જગતમાં તે વ્યાપી રહ્યા છે. તે દેવનું જે એક મુખ સમુદ્રમાં અધિષ્ઠિત થયું છે, તેનું વડવામુખ એવું નામ પ્રસિદ્ધ છે અને જળમય હવ્યનું તે પાન કર્યા કરે છે.૧૧૧–૧૧૬ વળી એ મહાદેવ નિત્ય શ્મશાનોમાંજ વસે છે, જેથી તે વીરસ્થાનમાં, વીર પુરુષો એ મહેશ્વરની નિત્ય પૂજા કરે છે;૧૧૭ તેમજ એમનાં બીજાં અનેક ઘોર તથા અઘોર પ્રદીપ્ત સ્વરૂપો છે, કે જેઓની મનુષ્યો આ લોકમાં પૂજા કરે છે તથા નિત્ય ગુણકીર્તન કરે છે.૧૧૮ એ ભગવાનનાં ગુણકર્મો, ઘણાં મોટાં અને વ્યાપક છે,જેથી યથાર્થ વ્યુત્પત્તિથી અર્થવાળાં બનેલાં તેમનાં ઘણાં નામો, આ લોકમાં વર્ણવાય છે.૧૧૯ વેદમાં પણ એ ભગવાનની શતરુદ્રિય તથા અનંતરુદ્રિય નામની ઉપાસનાને મહાસ્તોત્રમાં ગાયેલી છે. ૧૨૦ એ દેવ સર્વ કામનાઓના પ્રભુ છે. ભલે પછી તે કામો દિવ્ય હો અથવા માનુષ હો; તેમજ એ વ્યાપક દેવ, સર્વના પ્રભુ હોઇને આ મહાન વિશ્વમાં વ્યાપી રહ્યા છે.૧૨૧ એ ભગવાન, સર્વ દેવોમાં પ્રથમ છે અને તેમના મુખમાંથી અગ્નિ ઉત્પન્ન થયો છે; માટે બ્રાહ્મણો અને મુનિઓ તેમને જ્યેષ્ઠભૂત કહે છે.૧૨૨ વળી તે પ્રભુ, આ વિશ્વના સર્વ જીવોનું પાલન કરે છે, તેઓની સાથે માયાદ્વારા ક્રીડા કરે છે તથા તેઓના પોતે અધિપતિ છે,માટે તેમને પશુપતિ કહે છે; અને વળી બ્રહ્મચર્યના પ્રભાવથી પોતે દિવ્યસ્વરૂપ તથા મૂળ સ્થિતિમાંજ રહે છે, માટે તેમને લિંગમ્ એ નામથી પણ વેદમાં વર્ણવ્યા છે; તથા સર્વ લોકોને એકદમ પોતે મોટાઈ આપી દે છે, માટે તે મહેશ્વર કહેવાય છે.૧૨૪ ઋષિઓ,દેવો, ગંધર્વો તથા અપ્સરાઓ એમના લિંગનું નિત્ય પૂજન કર્યા કરે છે; કારણ કે, તેજ જગતમાં સર્વોત્કૃષ્ટ છે. ૧૨૫ શંકરના લિંગનું પૂજન કરવાથી તે મહેશ્વર દેવ, પ્રસન્ન થાય છે.૧૨૬આ જગતમાં તેમનાં ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળમાં સ્થાવરજંગમ અનેક સ્વરૂપોછે; માટે તે બહુરૂપ કહેવાય છે.૧૨૭તેમનું એક અગ્નિમય નેત્ર ક્રોધને લીધે નિત્ય જાજ્વલ્યમાન રહે છે તથા સર્વ તરફથી તેઓ નેત્રોમય છે અને સર્વ લોકોમાં પ્રવેશ કરીને રહ્યા છે,માટે તેમને સર્વ કહે છે. ૧૨૮ તેમનું સ્વરૂપ નિત્ય ક્રોધાયમાન રહે છે, માટે તેમને ધૂર્જટિ કહે છે. વળી તેમનામાં સર્વ દેવો નિવાસ કરી ને રહ્યા છે, માટે તેઓ વિશ્વરૂપ કહેવાય છે.૧૨૯ ત્રિભુવનના ઈશ્વર તે ભગવાન, ત્રણ દેવીઓ–ત્રણ લોકો, સ્વર્ગ,પાતાળ અને પૃથ્વીનું પાલન કરે છે; માટે ત્ર્યંબક કહેવાય છે.૧૩૦ મનુષ્યોનું કલ્યાણ ઈચ્છીને, સર્વ કર્મોમાં સર્વ જાતના અર્થોની તેઓ નિત્ય વૃદ્ધિ કર્યા કરે છે,માટે શિવ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને હજારો અથવા લાખો નેત્રો છે અથવા સર્વતઃ નેત્રમય છે; તેમજ આ મહાન વિશ્વનું તેઓ પાલન કરે છે, માટે મહાદેવ કહેવાય છે. વળી તેમની મહત્તત્ત્વ પહેલાંની સ્થિતિ છે, પ્રાણોની ઉત્પત્તિ-સ્થિતિના કારણભૂત છે તથા તેમનું સ્વરૂપ સદા અવિક્રિય-અચલ રહે છે, માટે તેમને સ્થાણુ કહે છે.[૧૩૩] સૂર્ય, ચંદ્ર, અગ્નિ તથા લોકમાં જે બીજાં જ્યોતિઓ પ્રકાશી રહ્યાં છે, તેઓ સર્વનું કેશ એવું નામ પ્રસિદ્ધ છે તથા તેઓ બધાં, ત્રિનેત્ર શ્રી શંકર ભગવાનમાં નિવાસ કરી રહ્યાં છે, માટે તે ભગવાન વ્યોમકેશ કહેવાય છે.[૧૩૪] ભૂતકાળનું, ભવિષ્યકાળનું તથા વર્તમાનકાળનું સર્વ સમગ્ર જગત તેમનાથી ઉત્પન્ન થાય છે, માટે તેઓ ભવ કહેવાય છે.[૧૩૫] કપિ શબ્દ, શ્રેષ્ઠ અર્થને સૂચવે છે તથા વૃષ શબ્દ, ધર્મનો વાચક છે. દેવના દેવ તે ભગવાન, શ્રેષ્ઠ ધર્મસ્વરૂપ છે,માટે વૃષાકપિ કહેવાય છે.[૧૩૬] બ્રહ્મા, ઇંદ્ર, વરુણ, યમ અને કુબેરસુદ્ધાંને મહાપ્રલયકાળે પકડી પાડીને સંહાર કરી નાખે છે, માટે તેમને હર કહે છે.[૧૩૭] દેવ મહેશ્વરે પોતાનાં બન્ને નેત્રોને મીંચી દઇને બળાત્કારે એક ત્રીજું નેત્ર લલાટમાં ઉત્પન્ન કર્યું છે, માટે ત્ર્યક્ષ કહેવાય છે.[૧૩૮] સર્વ શરીરોમાં તેઓ દશ ઇંદ્રિયોરૂપ વિષમ સ્વરૂપમાં રહેલા છે તથા દેહાભિમાની સર્વ પ્રાણીઓને તેઓ પ્રિય હોવાથી સમ સ્વરૂપે રહેલા છે; તેમજ પુણ્યશાળી અને પાપી સર્વ શરીરોમાં પ્રાણ, અપાન આદિ વાયુસ્વરૂપે પણ રહેલા છે.[૧૩૯] જે પુરુષ, તે મહાત્માની મૂર્તિની અથવા લિંગની પૂજા કરે છે, તે લક્ષ્મીવાન થાય છે. તેમાં પણ જે પુરુષ તેમના લિંગનું પૂજન કરનારો છે, તે નિત્ય મહાન લક્ષ્મીને સંપાદન કરે છે.[૧૪૦] તેમના શરીરમાં, બન્ને ઊરુઓથી નીચેનો અર્ધભાગ તે આગ્નેય શરીર કહેવાય છે તથા તે બન્ને ઊરુઓથી ઉપરનો ભાગ તે સોમા નામની તેમની શિવા તનુ કહેવાય છે. તેમના શરીરનો નીચેનો અર્ધભાગ અગ્નિસ્વરૂપ છે તથા ઉપરનો અર્ધભાગ સોમ-ચંદ્ર સ્વરૂપ છે.[૧૪૧] એમની ઉપરની અર્ધી મહાપ્રદીપ્ત શિવા નામની તનુ દેવોને માટે છે તથા નીચેની અગ્નિસ્વરૂપ ઘોરા તનુ મનુષ્યોમાટે છે.[૧૪૨] એમની જે શિવા તનુ છે તે વડે મનુષ્ય બ્રહ્મચર્ય પાળે છે; કારણ કે તે તનુ દૈવીસંપત છે, શમદમાદિસ્વરૂપ છે અને તેમની જે ઘોરતરા તનુ છે તેથી મનુષ્ય સર્વનું ભક્ષણ કરી જાય છે-અર્થાત્ કામક્રોધાદિરૂપ શિવની મૂર્તિનો આશ્રય કરનાર પુરુષ, તેના આવેશથી યુક્ત થઇ પિતા આદિનો પણ સંહાર કરી નાખે છે. આવા સ્વરૂપના છતાં તે ઈશ્વર છે.[૧૪૩] વળી તે શંકર ભગવાન, અગ્નિની પેઠે સર્વને બાળી ભસ્મ કરી નાખે છે, શસ્ત્રની પેઠે તીક્ષ્ણ છે, યમની પેઠે ઉગ્ર છે, સૂર્યની પેઠે પ્રતાપી છે અને માંસ, રુધિર તથા મજ્જાનું ભક્ષણ કરનારા છે; માટે રુદ્ર કહેવાય છે.[૧૪૪] હે અર્જુન ! તેજ એ મહાદેવ, સંગ્રામમાં તારી આગળ આગળ ચાલતા હતા અને હાથમાં પિનાકધનુષ્ય ધારણ કરી શત્રુઓનો સંહાર કરતા તેં એમને જોયા હતા.[૧૪૫] હે નિર્દોષ અર્જુન! સિંધુરાજાનો વધ કરવામાટે તેં જ્યારે પ્રતિજ્ઞા કરી હતી, ત્યારે સ્વપ્નમાં શ્રીકૃષ્ણે કૈલાસપર્વતની ટેકરીપર જેમનાં તને દર્શન કરાવ્યાં હતાં તેજ એ ભગવાન મહેશ્વર દેવ, સંગ્રામમાં તારી આગળ આગળ ચાલે છે, જેમણે તને પૂર્વે દિવ્ય અસ્ત્રો આપ્યાં છે કે જે અસ્ત્રોવડે તેં દાનવોનો સંહાર કર્યો હતો.[૧૪૬,૧૪૭]

હે અર્જુન ! દેવના દેવ તે મહાદેવનું આ શતરુદ્રિય નામનું સ્તોત્ર મેં તને કહ્યું છે. તે સ્તોત્ર ધન,યશ અને આયુષ્યને આપનારૂં છે તથા વેદતુલ્ય પવિત્ર છે. વળી આ સ્તોત્ર સર્વ અર્થોને સિદ્ધ કરનારૂં છે, પવિત્ર છે,સર્વ પાપોનો નાશ કરનારૂં છે,સર્વ પાપોની શાંતિ કરનારૂં છે તથા સર્વ દુઃખો અને ભયનો વિનાશ કરનારૂં છે.[૧૪૯] ચાર પ્રકારના આ સ્તોત્રને જે પુરુષ સાંભળે છે, તે પુરુષ પોતાના સર્વ શત્રુઓનો પરાજય કરી અંતે રુદ્રલોકમાં પૂજાય છે.[૧૫૦] મહાત્મા શંકરનું જે આ સાંગ્રામિક (યુદ્ધસંબંધી) ચરિત્ર અહીં કહેવામાં આવ્યું છે,તે શતરુદ્રિય નામના ચરિત્રનું નિત્ય પ્રાતઃકાળે ઉઠીને પઠન તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રવણ કરનાર અને જગતના ઈશ્વર એવા તે દેવનું ભજન કરનાર ભક્ત પુરુષ, એ ત્રિનેત્ર દેવને પ્રસન્ન કરી મનુષ્યોમાં સર્વ ઈષ્ટ કામોને પ્રાપ્ત કરે છે.[૧૫૧,૧૫૨] હે કુંતાપુત્ર અર્જુન! હવે તું જા અને યુદ્ધ કર. તારો કદી પણ પરાજય નથીજ; કારણ કે જનાર્દન શ્રીકૃષ્ણ તારા મંત્રી તથા રક્ષકતરીકે પાસેજ રહે છે."

સંજયે કહ્યું:–હે ભરતશ્રેષ્ઠ શત્રુદમન ધૃતરાષ્ટ્ર રાજા! એ રણમાં અર્જુનપ્રત્યે એ પ્રમાણે કહીને પરાશરના પુત્ર વ્યાસ ભગવાન, જેમ આવ્યા હતા તેમ ગયા;[૧૫૪] અને હે રાજન્! પાંચ દિવસ મહાઘોર યુદ્ધ કરીને મહાબળવાન બ્રાહ્મણ દ્રોણાચાર્ય, મરણ પામીને બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા હતા.[૧૫૫]

વિધિવત્ વેદાધ્યયન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેજ ફળ આ પર્વના અધ્યયનથી પણ પ્રાપ્ત થાય છે. આ પર્વમાં રણશૂરા ક્ષત્રિયોનો મહાન યશ વર્ણવવામાં આવ્યો છે.[૧૫૬] જે પુરુષ નિત્ય આ પર્વનું પઠન કરે છે, તે પુરુષ મહાન પાપો તથા મહાન ઘોર કૃત્યોથી મુક્ત થાય છે.[૧૫૭] આ પર્વના પઠનથી બ્રાહ્મણને યજ્ઞફળની પ્રાપ્તિ થાય છે, ક્ષત્રિયોને ઘોર યુદ્ધમાં નિત્ય યશ મળે છે અને બાકી રહેલા બે વર્ણોને ઇષ્ટકામ, પુત્રો તથા ઇષ્ટ પૌત્રોનો લાભ થાય છે.[૧૫૮]

ઈતિશ્રી એકલક્ષ શ્લોકાત્મક વ્યાસનિર્મિત
મહા૦ દ્રોણ૦ નારાયણાસ્ત્રમોક્ષ પર્વમાં
'શ્રી શંકરમાહાત્મ્ય' એ વિષયનો
અધ્યાય ૨૦૨ મો સમાપ્ત

द्रोणपर्व समाप्त

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्रोणपर्व समाप्त

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सस्ता साहित्यना उत्तम अने सस्ता ग्रंथो

खास महत्त्वना धार्मिक ग्रंथो

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઇંચ	મૂલ્ય	પોસ્ટેજ
શ્રી વાલ્મીકિ રામાયણ-શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૧૩૪૪	૬।।।×૧૦	૬)....	૧।
તુલસીકૃત રામાયણ-ગુજરાતી ટીકા સાથે	૧૩૪૪	૬।।।×૧૦....	૬)....	૧।
મહાભારતનું શાંતિપર્વ-બીજી આવૃત્તિ	૯૨૮	,, ...	૫)	૧
શ્રી યોગવસિષ્ઠ—ભાગ ૧ લો છપાય છે		,,		
સંપૂર્ણ મહાભારત-સાત ભાગમાં	૫૦૦૦	૬।।।×૧૦	૩૬)	....૭
છોટમની વાણી-સર્વથી મોટો સંગ્રહ	૨૬૪	૫×૯	૧)	૦)ર
પ્રીતમદાસની વાણી-સર્વથી મોટો સંગ્રહ	૪૨૦....	૫×૯....	૧।।	૦।૮
અખાની વાણી-નવી આવૃત્તિ-પુષ્કળ વધારા સાથે	૫૦૦....	૫×૮....	૧।।....	૦।ર
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-નવી આવૃત્તિ	૭૦૦....	૫।।।×૯....	૨।।।	૦।।
શ્રીમદ્ ભાગવત-ઉત્તમ ભાષાંતર	૭૦૦....	૮×૧૧....	૫)....	૧)
શ્રી રામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા	૬૫૦....	૫।।×૮....	૨।।	૦।ર
શ્રી દાસબોધ-નવી આવૃત્તિ	૬૨૦....	૫।।×૮....	૨।।	૦।ર
મહાભારતનાં આદિ અને સભાપર્વ-ભાષાંતર	૬૦૦	૬।।।×૧૦	૨)....	૦।।ર
સ્વામી રામતીર્થ-ગ્રંથ ૧ થી ૪, ભાગ ૧ થી ૧૩	૨૪૦૦	૫।।×૮।	....૮।....	૧।।
સ્વામી વિવેકાનંદ-ગ્રંથ ૧ લો, ભાગ ૧-૨-૩	૫૭૫....	,,	....૨।....	૦।ર
,, ગ્રંથ ૨ જો, ભાગ ૪-૫	૬૦૦....	,,	....૨।....	૦।ર
,, ભાગ ૬-૭-૮-૯-૧૦-નોખા	૨૦૦૦....	૫×૬।।।	૭)....	૦।।।ર
ગિરધરકૃત શુદ્ધ રામાયણ-ખાસ શુદ્ધ આવૃત્તિ	૭૮૪....	૫।।।×૯	....૨।....	૦।।૮
ધર્મતત્ત્વ-બંકિમકૃત ઉત્તમ ધર્મગ્રંથ	૨૪૮....	૫।।×૮....	૦।।।....	૦)ર
યોગતત્ત્વ-રામચરકના ગ્રંથો ઉપરથી	૩૮૪....	,, ...	૧।	૦।૮
શ્રીભજનસાગર-બહોળા વધારાસાથે નવી આવૃત્તિ....	૨૨૮....	૫×૬।।।	૦।।૮	૦)ર
સ્વર્ગનું વિમાન / સ્વર્ગની કુંચી / સ્વર્ગનો ખજાનો / સ્વર્ગનો પ્રકાશ — આ પુસ્તકો સ્વ૦ અ.સુ. પઢીયાર રચિત હોઇ એમાં અનેક દાખલાદૃષ્ટાંતપૂર્વક ઉત્તમ સદ્બોધ સમાયલો છે....	૩૮૪....	૫×૯....	૧।ર	૦।૮
	૩૭૮....	,, ...	૧।ર	૦।૮
	૩૨૪....	,, ...	૧।ર	૦।૮
	૩૩૬....	,, ...	૧।ર	૦।૮
શ્રીમદ્ ભગવદ્ગીતા-હિન્દી કે મરાઠી સરળ ટીકા સાથે		,, ...	૦।ર	૦)ર

ભગવદ્ગીતા-મૂળ મૂળ .... મધ્યમ અક્ષર૦। મોટા અક્ષર૦।।

પંચરત્ન ગીતા-મૂળ મૂળ .... નાના અક્ષર ૦।, મધ્યમાક્ષર ૦।ર, મોટા અક્ષર૦।।

છબીઓ-ભગવાનની, વ્યાસગણેશની તથા સર્વ દમનની; દરેકનો .... ૦)૦।।

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આદર્શ દૃષ્ટાંતમાળા-ભાગ-૧ લો	૩૩૬....	૫।।×૮....	૧)ર....	૦।
બંકિમનિબંધમાળા-ધર્મતત્ત્વસાથે નવી આવૃત્તિ	૫૯૦....	૫।।×૮....	૧।।।....	૦।ર
ભાગ્યના સૃષ્ટાઓ (સાહું પૂહું)	૭૨૦....	૫×૬।।।	૧।	૦।
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૫૫૨....	,, ...	૧।	૦)ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુમય જીવન–અંગ્રેજીમાં લાખો પ્રત નીકળી છે....	૨૧૬....	૫×૬॥।	૦॥	૦)≋
આગળ ધસો–(નવી આવૃત્તિ)	૪૬૮....	૫×૯....	૧॥।....	૦।≈
શુભસંગ્રહ–ભાગ ૧ લો ત્રીજી આવૃત્તિ	૧૯૨....	૫×૬॥।	૦।≈	૦)≈
,, ,, ૨ જો છપાયછે....	....	૬॥।×૧૦	....	

उत्तम अने बोधदायक जीवनचरित्रो

ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં	૨૧૦૦....	૫॥।×૮।	૬)	૧।–
સ્વામી રામતીર્થની જીવનકથા–(ચોથા ગ્રંથરૂપે)	૬૪૦....	,, ...	૨)	૦।≋
સ્વામી વિવેકાનંદ–સંપૂર્ણ ચરિત્ર (ભાગ૯ મો)....	૭૪૦....	૫×૬॥।	૨॥	૦।–
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૩૫૦....	,, ...	૦॥।	૦।≋
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮....	૫॥।×૯....	૨।	૦।–
મહાન સમ્રાટ અકબર	૩૫૨....	૫॥×૮।....	૧।	૦।–
મહાત્મા ટૉલ્સ્ટૉય	૬૨૦....	,, ...	૨॥....	૦।
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૮૪૦....	,, ...	૩).....	૦॥
વીર દુર્ગાદાસ	૨૪૦....	૫×૭।	૦॥।	૦)≋
શ્રી ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત	૪૦૮....	૫×૯....	૧॥....	૦।
દાનવીર કાર્નેગી	૩૮૪....	૫॥×૮....	૧॥....	૦।–

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં	૧૫૩૦....	૬॥।×૧૦	૧૦)	૧॥≈
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૭૦૦....	,, ...	૪)....	૦॥।
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત....	૧૪૦....	૫×૬॥।	૦।–	૦)–

स्त्रीओ तथा पुरुषोमाटे बोधप्रद वार्ताओ

કુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા	૬૦૦....	૫×૯....	૨)....	૦।≋
કુંકીવાર્તાઓ–ભાગ ૫મો–૨૮ સાંસારિક વાતો	૩૦૪....	૫×૬॥।	૦॥।–	૦)≋
કુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–બોધપ્રદ ૨૭ વાતો	૩૬૦....	,, ...	૧)....	૦)≋
કુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–અનેક વાતો	૩૫૦....	,, ...	૧॥	૦)≋

बाळकोमाटे खास उपयोगी पुस्तको

સદ્ગુણી બાળકો–૬૯ બનાવોનો સંગ્રહ	૧૨૮....	૫×૭॥	૦।–	૦)–
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ....	૧૨૮....	,, ...	૦।....	૦)–
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૯૬....	૫×૬॥।	૦।....	૦)–
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો....	૯૦....	૫॥×૮....	૦।....	૦)–
સુબોધક નીતિકથા	૧૮૪....	૫॥×૭।....	૦।≈	૦)≈

મુસલમાન મહાત્માઓ, યોગવાસિષ્ઠ ભાગ ૨ જો, ભારતના સંત અને વીર પુરુષો, સંતવાણીના બીજા ભાગો–આ સર્વ ગ્રંથો બને તેમ સત્વર બહાર પડી જશે. સર્વ પુસ્તકોમાટે પોસ્ટેજ ઉપરાંત વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધી રૂ. ૦। જૂદું ચઢે છે. રૂ. ૨૫) નાં પુસ્તકો લેવાથી કમીશન પણ મળશે. મૂલ્ય પ્રથમ મોકલી દશેક રૂા. નાં સામટાં પુસ્તકો રેલરસ્તે મંગાવ્યાથી ખર્ચ ઓછો આવશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { મુંબાઈમાં–કાલબાદેવીના મંદિર સામે. અમદાવાદમાં–નદીને રસ્તે સેશનકોર્ટ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सस्ता साहित्यना उत्तम अने सस्ता ग्रंथो

ઉત્તમ ધાર્મિક ગ્રંથો

મૂલ્ય

શ્રીવાલ્મીકિ રામાયણ-શુદ્ધગુજરાતી ભાષાન્તર ૬)
તુલસીકૃત રામાયણ-ગુજરાતી ટીકાસાથે. ...૬)
છોટમની વાણી... ... ...૧)
ગિરધરકૃત શુદ્ધ રામાયણ..... ૨।
અખાની વાણી-મનહર પદસાથે.....૧॥
પ્રીતમદાસની વાણી-સચરિત્ર મોટો સંગ્રહ... ૧॥
ધર્મતત્ત્વ-બંકિમચરિત્ર સાથે.....૦॥।
યોગતત્ત્વ.....૧।
શ્રીદાસબોધ-નવી આવૃત્તિ..... ૨॥
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-નવી આવૃત્તિ ... ૨॥।
શ્રીમદ્ ભાગવત-ઉત્તમ ભાષાંતર..... ૫)
શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા..... ૨॥
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો. ભા. ૧ થી ૫... ૨)
,, ,, ગ્રંથ ૨ જો. ભા. ૬ થી ૯... ૨।
,, ,, ગ્રંથ ૩ જો. ભા. ૧૦-૧૧...૨)
,, ,, ગ્રંથ ૪ થો. ભા. ૧૨-૧૩... ૨)
સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો ભા. ૧-૨-૩... ૨।
,, ,, ગ્રંથ ૨ જો ભા. ૪-૫..... ૨।
,, ,, ભાગ ૬ થી ૮ નોખા..... ૩।
,, ,, ભાગ ૯મો-સંપૂર્ણ ચરિત્ર...૨॥
,, ,, ભાગ ૧૦મો-રાજયોગ..... ૧।
શ્રીભજનસાગર-નવી આવૃત્તિ..... ૦॥-
સ્વર્ગનું વિમાન-અ. સું. પદીયારકૃત ..... ૧।-
સ્વર્ગની કુંચી ,, ,, ,, ...૧।-
સ્વર્ગનો ખજાનો ,, ,, ,, ...૧।-
સ્વર્ગનો પ્રકાશ ,, ,, ,, ...૧।-
ભગવદ્ગીતા-મરાઠી કે હિંદી ટીકા સહિત...૦।-
ભગવદ્ગીતા-મૂલમાત્ર-મધ્યમાક્ષર ૦।, સ્થૂલાક્ષર૦॥
પંચરત્નગીતા-નાના ૦।, મધ્યમ ૦।-, સ્થૂલ ૦॥।
ભગવદ્ગીતા-ગુજરાતી ટીકાસહિત ફરી છપાશે. ૦।-
મહાભારતનું શાંતિપર્વ-બીજી આવૃત્તિ ... ૫)
શ્રીયોગવાસિષ્ઠ-બે ભાગમાં છપાય છે. ... ૧૦)
સંપૂર્ણ મહાભારત-સાત ભાગમાં ... ... ૩૬)
બીજા મહાત્માઓની સંતવાણી-હવે પછી છપાશે

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

બંકિમનિબંધમાળા-ધર્મતત્ત્વ સાથે ...મૂલ્ય ૧॥।
આદર્શ દૃષ્ટાંતમાળા ..... ૧)-
ભાગ્યના સૃષ્ટાઓ-(સાદું પૂઠું) ..... ૧।
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ.....૧।
પ્રભુમય જીવન .....૦॥
આગળ ધસો-નવી આવૃત્તિ ... ...૧॥।
શુભસંગ્રહ-ત્રીજી આવૃત્તિ.....૦।

ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ-બે મોટા ગ્રંથોમાં...૧૦)
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ.....૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત...૦।-

બોધદાયક જીવનચરિત્રો

ભારતનાં સ્ત્રીરત્નો—ત્રણે ગ્રંથ, નવી આવૃત્તિ ૬)
કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર.....૨॥
મહાન નેપોલિયન બોનાપાર્ટ.....૩)
સ્વામી રામતીર્થની જીવનકથા ..... ૨)
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર.....૨॥
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી).....૦॥।
મહાન સમ્રાટ્ અકબર.....૧।
શ્રી શિવાજી છત્રપતિ .....૨।
વીર દુર્ગાદાસ .....૦॥।
ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત.....૧॥
દાનવીર એન્ડ્રુ કાર્નેગી.....૧॥

બોધપ્રદ સામાજિક ટુંકી વાર્તાઓ

ટુંકી વાર્તાઓ-ભાગ ૧થી ૪-૬૬વાતો.....૨)
ટુંકી વાર્તાઓ-ભાગ ૫ મો-૨૮ વાતો .....૦॥।-
ટુંકી વાર્તાઓ-ભાગ ૬ ઠો-૨૭ વાતો.....૧)
ટુંકી વાર્તાઓ-ભાગ ૭ મો-અનેક વાતો.....૧॥

બાળકો માટે ખાસ પુસ્તકો

સદ્ગુણી બાળકો-૬૯ ટુંકાં બાળચરિત્ર.....૦।-
બાળસદ્બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ.....૦।
બાળકોની વાતો-રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ...૦।
દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દૃષ્ટાંતો...૦।
સુબોધક નીતિકથા-બીરબલની હમેલી .....૦।-

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { ભદ્રપાસે-અમદાવાદ / કાલબાદેવી-મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar